BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ES-233

# સાહિત્ય દ્વારા શિક્ષણ

વિભાગ

# 1

## સાહિત્ય અને શિક્ષણ

એકમ-1 સાહિત્ય અને શિક્ષણ

એકમ-2 સાહિત્ય સ્વરૂપો

એકમ-3 શિક્ષણ : સંકલ્પના

એકમ-4 સાહિત્યની ઉપાધ્યેતા

**ES-233, સાહિત્ય દ્વારા શિક્ષણ (વિભાગ-1)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-232-2**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-233 સાહિત્ય દ્વારા શિક્ષણ


**વિભાગ -1 સાહિત્ય અને શિક્ષણ**

એકમ 1. સાહિત્ય અને શિક્ષણ

એકમ 2. સાહિત્ય સ્વરૂપો

એકમ 3. શિક્ષણ : સંકલ્પના

એકમ 4. સાહિત્યની ઉપાધ્યેતા

**વિભાગ-2 સાહિત્ય અને શિક્ષણનો સંબંધ**

એકમ 5 શિક્ષણક્ષમ સાહિત્ય

એકમ 6 ભાષા કૌશલ્ય અને સાહિત્ય

એકમ 7 સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ

એકમ 8 જીવન કૌશલ્ય વિકાસ અને સાહિત્ય

**વિભાગ-3 સાહિત્ય અને જીવન અનુબંધ**

એકમ 9 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

એકમ 10 સાહિત્ય ચારિત્ર્ય નિર્માણનો પાયો

એકમ 11 સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ

એકમ 12 સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ-માનવનિર્માણ

**વિભાગ-4 સાહિત્યકાર અને શિક્ષણકાર**

એકમ 13 સાહિત્યકાર અને શિક્ષણકાર

એકમ 14 શિક્ષક સજ્જતા

એકમ 15 સાહિત્ય દ્વારા શિક્ષણ-શાળાની ભૂમિકા

એકમ 16 માતૃભાષા શિક્ષણ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 1**

# સાહિત્ય અને શિક્ષણ

## : રૂપરેખા :

**1.1 પ્રસ્તાવના**

**1.2 ગુજરાતી સાહિત્યની પૂર્વ ભૂમિકા, (A) પ્રેરક બળો અને (B) ઉદ્‌ગમ**

**1.3 સાહિત્યનો ઈતિહાસ**

**1.4 સાહિત્ય એટલે શું ? સાહિત્યનાં ઘટક તત્ત્વો**

**1.5 સાહિત્ય સ્વરૂપો**

**1.6 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ**

**1.7 સાહિત્યનું કાર્યક્ષેત્ર**

**1.8 સાહિત્યના રચનાનાં હેતુઓ**

**1.9 ભારતીય સાહિત્યનાં વિકાસનાં તબક્કાઓ**

**1.10 સાહિત્ય રચનાનાં આધારસ્તંભો**

**1.11 સારાંશ**

**1.12 એકમ સ્વાધ્યાય**

**1.13 તમારી પ્રગતિ ચકાસો**

**1.14 સૂચિત વાચન સામગ્રી**

**ઉદ્દેશો (Objectives) :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) ગુજરાતી સાહિત્યની પૂર્વભૂમિકા સમજી શકશો.

(2) સાહિત્યનો ઈતિહાસ સમજી શકશો.

(3) સાહિત્ય એટલે શું ? સાહિત્યનાં ઘટકતત્ત્વો સમજી શકશો.

(4) સાહિત્ય સ્વરૂપો સમજી શકશો.

(5) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(6) સાહિત્યનું કાર્યક્ષેત્ર સમજી શકશો.

(7) સાહિત્યના રચનાનાં હેતુઓ સમજી શકશો.

(8) ભારતીય સાહિત્યનાં વિકાસનાં તબક્કાઓ સમજી શકશો.

(9) સાહિત્ય રચનાનાં આધાર સ્તંભો સમજી શકશો.

## 1.1 પ્રસ્તાવના

જો આપણે આપણી જીવનવિકાસની પ્રક્રિયાનું નિરીક્ષણ કરીશું તો જણાઈ આવશે કે સાહિત્યરસિકતાનાં બીજ જન્માવસ્થા પછી થોડાક સમયમાં જ રોપાવાની શરૂઆત થાય છે. રડતા બાળકને છાનું રાખવા માટે માતા તાલીઓ લયબદ્ધ રીતે પાડતી જોવામાં આવશે. લયબદ્ધ તાળી તરફ બાળકનું ચિત્ત આકર્ષાય ત્યારે તેમાંથી તેને કુદરતી આનંદ મળે છે એ માતા સમજે છે. એટલે બાળકને હસાવવા પણ માતા તાળી અને જોડકણાંનો ઉપયોગ કરે છે. ખરું જોતાં આ આનંદપ્રવાહ ઉભયવાહી હોય છે કારણ કે માતા પણ બાળકના સ્મિત સાથે સ્મિત દ્વારા પ્રતિભાવ વ્યક્ત કરતી હોય છે.

સંગીતના પ્રાથમિક અંકુરો સાથે જોડકણાં દ્વારા ભાવસૃષ્ટિ નિર્માણ થતી હોય છે. સાહિત્યસૃષ્ટિ તરફ જવાની દિશા બાળક માટે ખુલ્લી થાય છે. બાહ્ય જગતથી દૂર કોઈ સુંદર રસમય ભાવસૃષ્ટિ છે એવી થોડીક ઝાંખી બાળકને થાય છે અને તેની ચેતના ગતિશીલ બને તે માટેનું વાતાવરણ તૈયાર થાય છે.

બાળકના સ્થૂળ ઉછેરની સાથે સંસ્કારપ્રેરક ભાવઉછેર પણ થતો હોય છે. તેનો દૃષ્ટ-અદૃષ્ટ ખ્યાલ માતાપિતા કે બાળઉછેર કરનાર વ્યક્તિને હોય છે. આપણે જેને જોડકણાં કહીએ તેને માટેનો અંગ્રેજી શબ્દ Nursery Rhymes (ઉછેર પદ્યપંક્તિઓ) નામ વધુ અર્થસૂચક છે. બાળકના શારીરિક અને સાંસ્કારિક ઉછેર માટેની પદ્યરીતિનું એમાં મહત્ત્વ સૂચવાયું છે :

રાધે ગોવિંદ રાધે, શીરા-પૂરી ખાધે,
શીરાને તો વાર છે, પૂરી તૈયાર છે.

આ જોડકણામાં લયબદ્ધતાને તાળીઓના સૂર સિવાય બીજું શું છે ? પણ આ જોડકણાં દ્વારા લયબદ્ધ નિયમિતતાના તાલની કેળવણી આપોઆપ મળે છે. શ્રુતિની વ્યવસ્થિત રચનાથી કાન ટેવાય છે ને સંગીતની અભિરુચિ માટેની પૂર્વતૈયારી થાય છે. ચારે બાજુના કોલાહલના કંટાળાભર્યા અવાજોથી ભિન્ન એવું શ્રુતિમાધુર્ય સૌંદર્યસૃષ્ટિ તરફ આપણું લક્ષ ખેંચે છે. હળવે હળવે સ્થૂળ શ્રુતિ તરફથી અર્થશ્રુતિની દિશામાં થોડીક ગતિ થતી રહે તેવી રીતે માતા જોડકણું રચે છે :

ભાઈલો મારો ડાહ્યો,
પાટલે બસી નાહ્યો.

આ જોડકણામાં પ્રાસશ્રુતિ સાથે અર્થશ્રુતિ જોડાય છે ને બાળક તેમાં રાચે છે, પછી બાળક મોટું થાય છે ત્યારે તે ગરબા, રાસ, પદ, ભજન વગેરેની આનંદસૃષ્ટિમાં ડોકિયું કરી શકે છે. સંગીતથી ભિન્ન ભાવાનંદની સૃષ્ટિમાં જવાનું તેને મન થાય છે. બાળવાર્તા, કથા, નાટકમાં જ્યારે તે વિહરે છે ત્યારે કલ્પનાની પાંખ ઉપર ઊડી રસાત્મક સત્યની સૃષ્ટિની સુંદરતા નિહાળે છે. આમ, નિશાળ કે એવી કોઈ વિધિસરની શિક્ષણસંસ્થામાં પ્રવેશ કર્યા વિના સાહિત્યકલાનાં બીજ બાળક કે કુમારની ચિત્તસૃષ્ટિમાં વવાય છે.

પછી જ્યારે બાળક શાળામાં દાખલ થાય છે ત્યારે યાંત્રિક પદ્ધતિએ શિક્ષણ આપતી સંસ્થામાં તેની રસાત્મક ચેતનાને પોષણ મળે તેવું વાતાવરણ રચાતું નથી. સ્મૃતિ ઉપર આધાર રાખતી પરીક્ષાને કેન્દ્રમાં રાખતી શિક્ષણપદ્ધતિ આને માટે કારણભૂત બને છે. વવાયેલાં કલારસનાં બીજ સિંચનને અભાવે કરમાણાં હોય તેવી સ્થિતિ બને છે. નિશાળમાં ગણિત, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન આદિ વિષયોની માફક સાહિત્ય પણ એક વિષય બની જાય છે. વાંચીને યાદ રાખીને પરીક્ષા વખતે લખીને ગુણો મેળવવા માટે જ શિક્ષણ હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. કેળવણી દ્વારા ચેતના ખીલે અને તેમાં બુદ્ધિપ્રકાશ તેનો વિકાસ કરે તેવી આજની શિક્ષણસંસ્થાઓ રહી નથી — અનેક કારણોને લીધે, એટલે કાવ્ય પણ ચેતના જગાડતી રસપોષક કલા છે એનું સ્મરણ શિક્ષક કે વિદ્યાર્થીમાં બહુ જ ઓછું રહે છે, પરિણામે, કવિતાની અર્થ-સમજૂતી આપી શકાય તેવી તૈયારી અભ્યાસ દ્વારા થાય તેમાં જ શિક્ષણનું સર્વસ્વ સમાઈ જાય છે તેવી સમજ બહુધા વિદ્યાર્થીઓમાં વ્યાપક બની છે. પરીક્ષાલક્ષી 'ગાઇડો' આ મનોવૃત્તિનાં જ પ્રકટ ચિહ્નો છે. વાર્તામાં રસ પડે છે, તેને પણ પરીક્ષામાં કેવા પ્રશ્નો પુછાય તેને લક્ષમાં રાખી વંચાય છે. સાહિત્યની વિશિષ્ટ શક્તિ દ્વારા વિદ્યાર્થીના ઘડતરમાં ચેતનાવિકાસ થઈ શકે છે તેવું હોવા છતાં આપણી શિક્ષણપદ્ધતિ તેમાં મદદરૂપ થવાને બદલે બાધારૂપ બને છે તે કેવી કરુણતા છે ? સાહિત્ય સિવાયના વિદ્યાવિષયો બુદ્ધિશક્તિ ખીલવવાને કેળવવા માટે છે અને સાહિત્યનું શિક્ષણ માનવી-ચિત્તને ઉદાત્ત બનાવતું, ઊર્મિતંત્રને સક્રિય, સજીવ રાખતું ચેતનાપોષક છે એનો ખ્યાલ શિક્ષણજગતમાં કામ કરતાં બહુ ઓછાં માણસોમાં છે એ હકીકત સ્વીકાર્યા વિના છૂટકો નથી.

ખરું જોતાં, આજના અભ્યાસક્રમમાં સાહિત્ય જ એવો વિષય છે કે જેના દ્વારા વ્યક્તિગત, કુટુંબગત, સમાજગત, રાષ્ટ્રગત કે માનવગત સંબંધો જોડે અનુસંધાન કરાવી શકાય અને તે વિદ્યાને

ફલવતી કે સાર્થક બનાવી શકાય. શિક્ષણચિંતકોએ આ દૃષ્ટિકોણની યોગ્ય મીમાંસા બહુ ઓછા પ્રમાણમાં કરી છે. શિક્ષણમાં સાહિત્ય આત્મતત્ત્વરૂપ બની શકે તે વિશે વધુ વિચારણા થવી ઘટે છે. આજના અભ્યાસક્રમમાં સાહિત્યનો અભ્યાસ થાય છે, વિવેચન થાય છે પણ તેના આત્મતત્ત્વનો સંસ્પર્શ ભાગ્યે જ થતો હોય છે. આપણા રાષ્ટ્રગીતને પ્રસંગે આપણે સહુ ગાઈએ છીએ, પણ તે વખતે તેમાં રહેલા ભાવનો સંસ્પર્શ થતો હોય તેવું આપણું ઊર્મિતંત્ર કેળવાયું છે ખરું ? નિશાળમાં 'જળ-કમળ છાંડી જા ને બાળા' કાવ્ય બધા વિદ્યાર્થીઓ શીખે છે, તેમાં શબ્દાર્થથી કે ચમત્કાર તત્ત્વથી દૂર જઈ તેના આત્મતત્ત્વનો સંસ્પર્શ કરતાં કોઈ શિક્ષક શીખવે છે ખરા કે કૃષ્ણ જેવા નિર્દોષ ને નીડર બાળકને જોઈને નાગણી જેવી ઝેરી સ્ત્રીમાં પણ વાત્સલ્ય જાગી ઊઠે છે ને પોતાનો પતિ ઝેરી નાગ જાગશે તો મોત થશે એમ કહી પ્રેમથી તેને ચાલ્યા જવાને વીનવે છે ? તેવી જ રીતે મીરાંબાઈના 'મેવાડ-ત્યાગ' કાવ્યમાં રાણો મીરાંબાઈને પોતાની રાજા તરીકેની પ્રતિષ્ઠા નીચી ન પડે તેથી 'સાધુની સંગત છોડી દઈ તમે વસો અમારે સાથ' સંદેશો મોકલે છે. આવાં સંસારી પ્રલોભનો મીરાંબાઈ જેવી સાધ્વીને ઝેરનો પ્યાલો લાગે છે તે પી જઈને 'ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય' એમ દ્વારકા વસે છે એવું હાર્દ કેટલા શિક્ષકો સમજે છે કે સમજાવે છે ? માત્ર શબ્દાર્થમાં જ જાણે કાવ્ય-સૌંદર્યની ઇતિશ્રી આવી જતી હોય તેવી પરિસ્થિતિ શાળા-કૉલેજોમાં પ્રવર્તે છે ને પરિણામે કાવ્યરસનો સાચો આસ્વાદ ન પામવાને લીધે માત્ર 'ગાઈડો' ઉપર આધાર રાખતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ થઈ જતાં હોય છે તે હકીકત નથી ?

તેથી જ નિશાળ-કૉલેજમાં થતી સાહિત્યની શિક્ષણ-સાધના વિશે વિચાર કરતાં મારા હૃદયમાં નરસિંહ મહેતાના પરભાતિયાના સર ગાજી ઊઠે છે કે, 'જ્યાં કાવ્યના લગી આતમાતત્ત્વ ચીત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' અહીં માત્ર ધ્વનિની વાત. હું નથી કરતો, કાવ્યકૃતિનું સાચું સૌંદર્ય તેની અભિવ્યક્તિમાં રહ્યું છે તે મારા વક્તવ્યમાં અંતર્હિત રહ્યું છે તે કહેવાની આવશ્યકતા ન હોય. સાહિત્યસૌંદર્ય જ આપણી ચેતનાને સંસ્પર્શ કરી જાગૃત કરે છે અને પછી જ જીવનતત્ત્વનું દર્શન થાય છે.

કવિતા વિશે જ આવી સ્થિતિ નથી. નવલકથા કે વાર્તા કે અન્ય કોઈ પણ સાહિત્યસ્વરૂપ વિશેનું શિક્ષણ પણ ઉપર્યુક્ત પદ્ધતિએ થાય છે. નવલકથામાં પાત્રો, વસ્તુસંકલના, પ્રસંગચિત્રણ કે તેમાંની નાટ્યસ્થિતિ અને ભાષાશૈલી વગેરેને લક્ષમાં રાખી પ્રશ્નો પરીક્ષામાં પુવાય છે એટલે શિક્ષણમાં તે વિશેની યાંત્રિક વિવેચના થતી જોવામાં આવે છે. નવલકથા, નાટક, એકાંકી, ટૂંકી વાર્તામાં સૌંદર્યાભિવ્યક્તિ કઈ રીતે થઈ હોય છે કે જેથી જીવનમર્મ પર પ્રકાશ પડે જે તેના તરફ લક્ષ સાહિત્યશિક્ષણમાં ભાગ્યે જ અપાય છે. વધુમાં વધુ અન્ય પ્રસિદ્ધ વિવેચકોના અભિપ્રાયોનાં અવતરણો ટાંકવાનું 'પરીક્ષાર્થી' ઓને સચવાય છે, પરંતુ સાહિત્યકૃતિના સ્વરૂપસર્જનમાં કલાસૌંદર્ય કઈ રીતે વ્યક્ત થયું છે તેની રસમીમાંસાની કેળવણી શાળા-કૉલેજના વર્ગોમાં મળતી હોત તો 'ગાઈડો'ની અત્યારે જે બોલબાલા જોવામાં આવે છે તે ક્યાંથી હોત ?

આ વસ્તુસ્થિતિના સંદર્ભમાં એક અર્થસૂચક પ્રસંગ સ્મરણમાં આવે છે. રામનારાયણ પાઠકની 'ખેમી' વાર્તા એક પાઠ્યપુસ્તકમાં ગુજરાત રાજ્યની પાઠ્યપુસ્તક સમિતિએ લીધી. એમાં ઢેઢવરણની સામે સવર્ણ હિંદુઓએ કાઢેલા ઉદ્‌ગારો સામે વિરોધ થયો ને રાજ્ય સરકારે એ વાર્તા કાઢી નાખવાનું સૂચન કર્યું. આ પ્રસંગે શિક્ષકોએ 'ગમે તેવી નીચી ગણાતી વર્ણમાં ઉદાત્ત પ્રેમનું આલેખન કરી તે કુદરતી ઝરણું વિદ્યાર્થીઓની તેમ જ અન્ય વાચકની ચેતના જાગૃત કરે છે અને વર્ણભેદ ભુલાવી માનવહૃદયના ભાવોનું ઐક્ય કલાત્મક રીતે તેમાં નિરૂપાયું છે' એવા મતલબનું નિવેદન કેમ ન કર્યું ? ઉદાત્ત દામ્પત્યપ્રેમ એ તો દિવ્ય બક્ષિસ છે, સર્વણોનો જ કે સુવર્ણ શિક્ષિતોનો ઇજારો નથી એવું કલાત્મક શિક્ષણજગતમાં કેમ ન જાગ્યું ? સાહિત્યના મર્મનું સૌંદર્ય એ ન સમજ્યા હોય તેમ કેમ કહેવાય ? થોડા સાહિત્યરસિકોએ વાર્તા વિરોધ સામે પોતાનો સબળ વિરોધ સકારણ પ્રગટ કર્યો, પણ એમાં શિક્ષક સંઘ કેમ નહિ એ પ્રશ્ન મનમાં ઊઠ્યા વિના રહેતો નથી. સાહિત્ય શિક્ષણ એ માત્ર પરીક્ષાર્થી વિષય છે એમ માનવાને બદલે જીવનની ઉચ્ચ સાંસ્કારિક ચેતના જાગૃત કરનાર વિદ્યા

વિષય છે અને અન્ય વિદ્યાવિષયોથી જુદા પાડી જીવન સાથે અનુસંધાન કરવાનું સામર્થ્ય ધરાવે છે એ હકીકત બરાબર સમજાણી નથી એમ અનુમાન થઈ શકે.

જો સાહિત્યસૌંદર્યની સાચી કેળવણી આપવામાં આવે તો તેની તાલીમ દ્વારા ઉચ્ચ શિષ્ટ કૃતિઓમાં સ્વાભાવિક રસ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં જાગૃત થયા વિના કેમ કહે ? 'ઑથેલો', 'હેમ્લેટ', 'મેકબેથ' જેવાં શેક્સપિયરનાં નાટકો અભ્યાસક્રમમાં નિયત થયાં હોય ત્યારે અમે પાઠ્યનાટક વાંચ્યા વિના માત્ર ગાઈડો વાંચી પાસ થયા છીએ એવા ઉદ્‌ગારો હું અનેક વિદ્યાર્થીઓને મોઢે સાંભળું છું ત્યારે શિક્ષક તરીકે કરુણાભરી વ્યથા અનુભવું છું. આવી કૃતિઓમાં રહેલું ઉચ્ચ કોટિનું સૌંદર્ય જે જીવનને સમજાવે છે ને અજવાળે છે તે ગુમાવ્યાનો શોક વિદ્યાર્થીઓને ભલે ન થતો હોય હું તો તેની ઊંડી વેદના અનુભવું છું. આવી સ્થિતિ હોય ત્યાં સાર્ત્ર કે કામુની સાહિત્યકૃતિઓ કે ઇલિયટએઝરા પાઉન્ડનાં કાવ્યોની કા વાર્તા ? ગુજરાતી સરળ નવલકથાઓ સિવાય ઉત્તમ નવલકથાઓ પણ વાંચવામાં રસ ન જાગતો હોય ત્યાં પરદેશી સાહિત્યની (ગુજરાતીમાં અનુવાદ દ્વારા લભ્ય હોય તોપણ) વાત શી કરવી ? વિદ્યાશિક્ષણ અને સાહિત્યના સંબંધ પરત્વે સાહિત્યનું સામર્થ્ય બીજા વિદ્યાવિષયોમાં તેનો ઉચિત વિનિયોગ કરીને સજીવ રસ જગાડી શકે છે. એ હકીકત શિક્ષણક્ષેત્રમાં કામ કરતી વ્યક્તિઓએ લક્ષમાં રાખવી ઘટે છે. ગિબનનું ઇતિહાસપુસ્તક 'રોમનું અધઃપતન ને તેનો વિનાશ' આ કારણે જગપ્રસિદ્ધ બન્યું છે. કોઈ પણ વિદ્યાવિષયમાં સાહિત્યની અભિવ્યક્તિનાં શક્તિ-સામર્થ્યનો ઉપયોગ થઈ શકે ત્યાં કર્યો હોય, તો તેવા વિષયો રસભર્યા બને છે ને એ વિષયોમાં ઊંડો રસ જગાડી વિદ્યાર્થીની બૌદ્ધિક પ્રતિભા તેજસ્વી બનાવી શકે છે. સાહિત્ય વિશે કોઈ વાર ગેરસમજ પ્રવર્તતી હોય છે કે એના કલ્પનાવિલાસને વાસ્તવિકતા સાથે સંબંધ નથી તેથી તે માત્ર મનોરંજન છે. વિનોબા ભાવેનું ઉદાહરણ પ્રખ્યાત છે : કાકાસાહેબે રવીન્દ્રનાથ ટાગોરની 'ગોરા' નવલકથા વાંચવાનું વિનોબાને કહ્યું, ત્યારે તેમણે માત્ર કલ્પના કથા કરતાં નક્કર ઇતિહાસમાં મને વિશેષ રસ છે એમ કહી એ વાર્તા વાંચવાની નાખુશી વ્યક્ત કરી. કાકાસાહેબે પ્રેમથી એક વાર એ વાંચવાનો પ્રયોગ કરી જવાનું કહ્યું. વિનોબાએ એ નવલકથા વાંચીને પછી મુક્ત મને નિખાલસતાથી કબૂલ કરતાં કહ્યું, 'આવી વાર્તામાં સજીવ ઇતિહાસ વાંચ્યા પછી શુષ્ક ઇતિહાસ વાંચવાથી અર્થ બહુ સરતો નથી.' સાહિત્ય જ્યાં સાધન તરીકે વપરાય ત્યાં પોતાનું શક્તિસામર્થ્ય કેવું દર્શાવી શકે છે તેનું આ અર્થસૂચક ઉદાહરણ છે.

શિક્ષણક્ષેત્રમાં સાહિત્ય પણ અન્ય વિદ્યાવિષયો જેવો વિષય બની થયો હોવાથી શિક્ષકો પણ સાહિત્યના નવપ્રવાહોના સૌંદર્યથી વંચિત રહે છે એટલું જ નહિ પણ એમાં અજ્ઞાન રહ્યું હોય છે તેનો ખ્યાલ પણ તેમને હોતો નથી. નવી કવિતા કે નવી વાર્તામાં સ્વરૂપ એટલે કે શબ્દશિલ્પ બદલાયું હોય છે તેથી તેની સાથે મેળ જામતો નથી એટલે કે શબ્દશિલ્પ બદલાયું હોય છે તેથી તેની સાથે મેળ જામતો નથી એટલે એવા શિક્ષકો નવસાહિત્યની નિંદાવ્યર્થતા વ્યક્ત કરતા હોય છે ! જમાને જમાને અભિવ્યક્તિનાં સ્વરૂપો બદલાતાં રહે છે ને સાચી કૃતિઓમાં પ્રગતિ થતી રહે છે એ સાહિત્યશિક્ષકોએ લક્ષમાં રાખવું ઘટે છે. સાહિત્રસનો આસ્વાદ કરાવવાનો હોય છે, તે વિશેના અભિપ્રાયો તેમાંથી કુદરતી રીતે ફલિત થતા હોય તો તે ઠીક છે; પણ સાહિત્યશિક્ષણ માત્ર અભિપ્રાયો વ્યક્ત કરતા માટે નથી હોતું એ મૂળભૂત સિદ્ધાંત શિક્ષકોએ હમેશાં લક્ષમાં રાખવો ઘટે છે.

વિજ્ઞાનનું શિક્ષણ વધ્યું તેથી જગતમાં સગવડો અનેક ગણી વધી છે. એના દ્વારા માનવીનો વેઠ જેવો શ્રમ બચી ગયો છે. વિજ્ઞાન દ્વારા માનવજાતને ગુપ્ત રહેલી કુદરતી શક્તિ અને બળ મળ્યાં છે ને માનવજગત માટે સમૃદ્ધિ વધારવાનાં સાધનો લભ્ય થયાં છે. માનવજગત વધારે નજીક આવ્યું છે, ભૂગોળ આદિનાં બંધનો દૂર થયાં છે. માનવજાતને જો આ એકતા સમજાય અને આપણે સહુ સહકારથી પરસ્પરનું સુખ વધારી શકીએ એવી સમજણ પાંગરે તો સંઘર્ષો, વિસંવાદો ઉતપન્ન કરતું આ જગત વધુ સંવાદી બની શકે. કરુણતા એ વાતની છે કે સ્થૂળ દૃષ્ટિએ માનવજગત નજીક આવ્યું છે, પણ હૃદયદૃષ્ટિએ માનવી એકબીજાની નજીક આવવાને બદલે વિશેષ ને વિશેષ દૂર જતા જાય છે ! તેથી જ યંત્રપ્રગતિની સાથે માનવી યંત્ર જેવો બનતો જાય છે ને તેની ચેતના ક્ષીણ બને છે. આ હકીકત હિતચિંતક વિજ્ઞાનશાસ્ત્રીઓને સમજાણી છે તેથી જ હુન્નરવિદ્યાના શિક્ષણમાં માનવવિદ્યાના વિષયોને

ફરજિયાત રીતે સાંકળવામાં આવે છે. સર્જક સાહિત્યકારો તો આ સંવેદન અનુભવ્યા વિના કેમ રહે ? તેથી અદ્યતન સાહિત્યમાં નિરાશા, નિષ્ફળતા, નિરર્થકતાનો સૂર પ્રલંબ રીતે સંભળાય છે. વ્યક્તિત્વનો લોપ .. અને અવ-માનવીકરણ ... અદ્યતન સાહિત્યસર્જકોમાં ડોકિયાં કરી જાય છે. એટલે સાહિત્યશિક્ષણ બીજા વિદ્યાવિષયો સાથે સંકળાય તો માનવીજીવન વિભિન્નતાઓરૂપે ટુકડા ટુકડા બને છે તે પ્રક્રિયા અટકે.

સાહિત્ય અને શિક્ષણનો સંવાદ સધાય તો દરેક વિદ્યાવિષય જીવનની સાથે અનુસંધાન સાધી શકે. એટલે સાહિત્યનું શિક્ષણ માત્ર પરીક્ષાર્થી માટેના એક વિદ્યાવિષય તરીકે નહિ, પણ સાચી વિદ્યાના અર્થી કે સાધક તરીકે તેની ચેતનાને જાગૃત કરે, સંસ્કારે અને કેળવે તો શિક્ષણ સાર્થક બને. વિનોબા ભાવેએ કરેલું એક અર્થસૂચક વિધાન આ સંદર્ભમાં યાદ રાખવા જેવું છે : 'વિજ્ઞાને માણસ માટે ગતિ અને બળ અપૂર્વ રીતે વધાર્યા છે પણ એનો ઉપયોગ કરવાની દિશા તે બતાવી શક્યું નથી.' ... કઈ જીવનની દિશામાં ગતિ અને બળનો વિનિયોગ થાય તો જીવન સંઘર્ષ મુક્ત બની પ્રસન્નમધુર બની શકે છે તે વસ્તુ સાહિત્યનું સાચું શિક્ષણ બતાવી શકે એમ હું માનું છું.

ક્યારેક સાહિત્યના શિક્ષણ માટે પદ્યનો ઉપયોગ પણ થયો છે. વ્યાકરણના નિયમો શીખવવા, અનુસ્વાર કે છંદ-ગણયોજના કે માત્રામેળ શીખવવા પણ કેટલીક વાર કવિતા લખાઈ છે. દરેક અક્ષરમેળ અને માત્રામેળ છંદોનાં દૃષ્ટાંતરૂપ પદ્યપંક્તિઓ વિષે તો આપણે જાણીએ જ છીએ. એટલે તેને કાવ્યના રસાસ્વાદ માટે નહિ, પણ શિક્ષણના સાધન તરીકે શીખવતા હોઈએ છીએ એ આપણે સ્વીકારવાનું રહે છે. ઘણીવાર કયા મહિનાના કેટલા દિવસ-તો એ પણ પદ્યમાં સૂત્રાત્મક રીતે આપણને યાદ રહી જાય તે રીતે સ્મૃતિસહાય (memory aid) લેખે આપવામાં આવે છે :

'ચાર છ નવ, અગિયારના તેના તો દિન ત્રીસ,
અવરે એકત્રીસ છે, બીજે અઠ્યાવીસ.'

બરાબર અંગ્રેજીમાં પણ આ રીતે જ છંદ અને પ્રાસમાં સૂત્રાત્મક રીતે કહ્યું છે :

'Thirty days hach September,
April, June and November.'

વળી, એવી જ રીતે

લાલ પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય,
બાકીના બીજા બધા, મેળવણીથી થાય.

આમ, કવિતાની, નિરતિરાય આનંદ લેખે નહિ, પણ માહિતી-જ્ઞાનના હેતુઓ માટે પદ્ય-પ્રયોજના થઈ છે. શ્રી સુંદરમનું ખૂબ રસિક કાવ્ય 'અનુસ્વાર અષ્ટક' ભાષામાં અનુસ્વારનો ઉપયોગ શિખવાડવા માટેની જાણીતી કૃતિ છે.

શ્રી ઉમાશંકર જોશીએ શિક્ષણ અને સાહિત્યના અદ્વૈતને માર્મિક રીતે પ્રગટ કર્યું છે, તેમણે કહ્યું હતું કે અમારે શિક્ષકોને મન વર્ગ એ જ સ્વર્ગ. વર્ગમાં રસાત્મક આત્મીયતાનો અમને શિક્ષકોને જે અનુભવ થાય છે તે અવર્ણનીય હોય છે, તેની રસજ્ઞ અનુભૂતિનું હું એક દૃષ્ટાંત ટાંકું છું. શ્રી સુંદરજી બેટાઈનું એક ખૂબ જાણીતું કાવ્ય છે : 'એ નિશાળ એ સવાર...' એમાં સોટીધર ફોજદાર જેવા લંગડા શિક્ષકની મશ્કરી કરતા એક ટીખળી વિદ્યાર્થી લીલાધરને જે રીતે શિક્ષક મીઠાશથી અને કારુણ્યથી સમજાવે છે એ શિક્ષણ અને સાહિત્યની એકરૂપતાના ઉત્તમ દૃષ્ટાન્તરૂપ છે.

'એમની અનન્ય ચાલે પૂંઠે પૂંઠે ચાલતા, એ,
લીલિયાને ભાળી ગઈ ?
મૂંગી વર્ગ-હસાહસ પામી ગઈ ?
અમે બધા થ.....ર.....થ.....ર

લીલિયાનું આવી બન્યું ખરેખર !
ઊપડ્યો ફેંકેલ ચાક, ચોખ્ખું થયું પાટિયું,
ને ચાલ્યો ચાક....
પોતે અણબોલ :
કાળું, પાટિયું જ બોલી રહ્યું.
શ્વેત સ્વચ્છ ચાક લખ્યું :
'લીલાધર, ઈશ્વરની લીલાને હસાય, ભાઈ લીલાધર !'
વર્ગભીંત જેવો થયો વર્ગ આખો.
ચાલ્યા ગયા સોટીદાર વર્ગ બહાર
એ નિશાળ...એ સવાર...

શ્રી બેટાઈનું આ કાવ્ય શિક્ષણ અને સાહિત્ય – બંનેના મર્મપૂર્ણ આલોકનું સારું દૃષ્ટાંત પૂરું પાડે છે. આપણા શિક્ષણ-સાહિત્યના સર્વ ઉપાસકોને આ અદ્વૈતની ઝાંખી થાય તેવી અભીપ્સા સાથે વિરમું છું.

## 1.2 ગુજરાતી સાહિત્યની પૂર્વ ભૂમિકા, (A) પ્રેરક બળો અને (B) ઉદ્‌ગમ

ગુજરાતી ભાષા તેમ સાહિત્ય પણ ભારતીય આર્ય ભાષા-સાહિત્યના અર્વાચીન તબક્કાનું સ્વરૂપ છે. ઈ.સ. પૂર્વે 3500થી ઈ.સ. પૂ. 1000 સુધીના સમયને ભારતીય આર્ય ભાષા-સાહિત્યમાં વૈદિક ભાષા-સાહિત્યનો યુગ ગણવામાં આવે છે. ઋગ્વેદ એ તમામ ભારતીય આર્ય ભાષાઓનાં સાહિત્યનો આદિગ્રંથ ગણાય છે. વૈદિક સંસ્કૃત સાહિત્ય પછી ઇ.સ. પૂ. 1080થી ઈ.સ. 1500 સુધી શિષ્ટ સંસ્કૃત સાહિત્ય સરજાય છે. ઈ.સ. પૂર્વે 500થી સંસ્કૃતોત્તર પ્રાકૃત ભાષાસાહિત્ય રચાય છે. એ પ્રાકૃતોમાંથી જ ઈ.સ. 500 પછીથી તે ઈ.સ. 1500 સુધી વિવિધ અપભ્રંશ ભાષાભેદ અને અપભ્રંશ સાહિત્ય જોવા મળે છે. વૈદિક સંસ્કૃત, સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ એ મહદ્ંશે રાષ્ટ્રવ્યાપી સાહિત્યભાષાઓ હતી અને તેમાં પ્રસ્તુત સાહિત્ય સારા પ્રમાણમાં લખાયું છે. આગળ ઉપર અપભ્રંશનો વિકાસ થતાં વિવિધ પ્રાદેશિક ભાષાઓ અને તેમનાં સાહિત્ય ઉદ્‌ભવ્યાં અને સમૃદ્ધ થયાં. પ્રાદેશિક ભેદો આમ તો પ્રાકૃતો-અપભ્રંશોમાં હતા જ, તે વિકસતાં પ્રાદેશિક ભાષા-સાહિત્યો આગળ વધ્યાં. આ ક્રમે ગુજરાતીમાં ઈ.સ. 1200થી તેનું સિદ્ધ સાહિત્ય સરજાય છે. ગુજરાતી ભાષા ઇન્ડોયુરોપિયન ભાષાકુળની ભારતીય આર્ય ભાષાની અર્વાચીન ભૂમિકા છે અને તે ભાષા તરીકે વૈદિક સંસ્કૃતમાંથી સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ દ્વારા ઉત્ક્રાન્ત થઈ આવી છે તેથી સ્વાભાવિક રીતે જ ગુજરાતી સાહિત્ય પણ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યના વારસાને સ્વીકારી વિકસ્યું છે. તેમાંય મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તો સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યના વારસાને સ્વીકારી વિકસ્યું છે, તેમાંય મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તો સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્ય પર જ આધાર રાખતું સાહિત્ય છે. પ્રાચીન ગુજરાતી સાહિત્ય એ ગૌર્જર અપભ્રંશ સાહિત્ય જ છે. મુસલમાનોના આગમન પછી અરબી-ફારસીનો ગુજરાતી ભાષા પર પ્રભાવ પડ્યો છે, પણ સાહિત્ય પર નહિવત્ પ્રભાવ છે. અને જ્યારે ગુજરાતી સાહિત્ય પર અંગ્રેજી સાહિત્યનો પ્રભાવ પડે છે ત્યારે તો ગુજરાતી સાહિત્યમાં અર્વાચીનયુગ આરંભાય છે, પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યે તો વૈદિક-સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યનાં ધાવણ જ ધાવ્યાં છે.

આપણે એ ભારતીય સાહિત્યની પરંપરા ટૂંકમાં જોઈએ.

વૈદિક સાહિત્ય (ઈ.સ. પૂર્વે 3500થી 1000) : ઋગ્વેદ એ ભારતીય ધર્મતત્ત્વજ્ઞાનનો તેમ સાહિત્યનો સર્વ પ્રથમ ગ્રંથ છે. તે પછી યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો વગેરે રચાય છે, તેમાં જીવન, જગત, ધર્મતત્ત્વ સાથે કવિતા અને કથા વણાયેલાં છે. એ બધું ધાર્મિક સાહિત્ય છે અને આપણું મધ્યકાલીન સાહિત્ય પણ ધર્મને રંગે રંગાયેલું છે. મધ્યકાળના

જ્ઞાની ભક્તકવિઓએ વૈદિક સાહિત્યના ધર્મતત્ત્વજ્ઞાનની વાત પોતાની બાનીમાં ગાઈ છે. નરસિંહનાં જ્ઞાનગર્ભ પ્રભાતિયાં 'ઉપનિષદની વાણી' છે. અખા જેવાએ પણ દર્શનની વાત કરી છે.

સંસ્કૃત સાહિત્ય (ઈ.સ. પૂ. 1000થી ઈ.સ. 1500) પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં સંસ્કૃત સાહિત્યની અનેકવિધ સમૃદ્ધિ વ્યક્ત થઈ છે. વૈદિક સંસ્કૃતમાંથી શિષ્ટ વર્ગ દ્વારા શિષ્ટ સંસ્કૃત ભાષા ઊતરી આવી અને તે જગતની મહાન સાહિત્યભાષા થઈ ચૂકી. વૈદિક કથ્ય બોલીઓમાંથી પ્રાકૃત ભાષા લોકપ્રચલિત બની હતી, ત્યારે પણ સાહિત્ય તો સંસ્કૃતમાં જ રચાયું. સંસ્કૃત સાહિત્યના આરંભમાં જ રામાયણ અને મહાભારત જેવાં આર્ષકાવ્યો મળે છે, એના પરથી ખુદ સંસ્કૃત સાહિત્યકૃતિઓ રચાઈ છે, તેમ પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી રચનાઓ થઈ છે. મધ્યકાલીન ગુજરાતી આખ્યાનસાહિત્યનો મોટો ભાગ. આ બંને મહાકાવ્યોમાંથી વસ્તુ લે છે. હિંદીમાં તુલસીદાસ 'રામચરિત માનસ' આપે છે. ગુજરાતીમાં તો ભાલણ, નોકર, વિષ્ણુદાસ, પ્રેમાનંદ, ગિરધર આ મહાકાવ્યોને ગુજરાતીમાં ઉતારવા મથે છે. એવો જ પ્રભાવ સંસ્કૃતના ભાગવતાદિ પુરાણોનો છે. મહાભારતમાંની શ્રીમદ્ ભગવદ્ગીતાને પણ અખા-પ્રમુખ કેટકેટલા કવિઓએ ગુજરાતીમાં ઉતારી છે ! વૈષ્ણવધર્મના પ્રભાવે સંસ્કૃતિના રામાયણ-મહાભારત-ભાગવત જેવા મહાગ્રંથોને ગુજરાતીમાં રમતા કરી દેવા સંખ્યાબંધ કવિઓને પ્રેર્યા છે. સંસ્કૃતનું આ પૌરાણિક કથારસનું સાહિત્ય જેટલું મધ્યકાલીન ગુજરાતીમાં ઊતર્યું, તેટલું લલિત કલ્પનાત્મક સાહિત્ય ન ઊતર્યું. સંસ્કૃતમાં કુમારસંભવ, 'રઘુવંશ', 'કિરાતાર્જુનીય', 'શિશુપાલવધ', 'નૈષધચરિત' જેવાં પ્રસિદ્ધ મહાકાવ્યો રચાયાં છે, તો 'શાકુંતલ', 'સ્વપ્નવાસદત્તા', 'મૃચ્છકટિક', 'ઉત્તરરામચરિત' જેવાં મહાન નાટકો છે; 'કાદંબરી', 'મેઘદૂત' જેવું પ્રણય-પ્રકૃતિનું સંદેશકાવ્ય છે. અમરુ અને ભર્તૃહરિનાં શતકોમાં ઊંચું મુક્તકકાવ્ય પણ રહેલું છે. સંસ્કૃતમાં કાવ્યશાસ્ત્રનું ઊંચું અને ઊંડું ચિંતન પણ પડેલું છે. જયદેવ-જગન્નાથની મધુર ઊર્મિકવિતા પણ સંસ્કૃતમાં છે, પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારોએ તો સંસ્કૃતના પૌરાણિક કથાસાહિત્ય-ધર્મતત્ત્વ-સાહિત્યનો જ ઉપયોગ કર્યો છે. 'સંદેશરાસક' માં 'મેઘદૂત'નું ભાલણની 'કાદંબરી'માં બાણ-પુલિનની 'કાદંબરી'નું, પદ્યવાર્તાઓમાં સંસ્કૃત ગદ્યકથાસાહિત્યનું — એવું અનુકરણ-અનુસરણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અપવાદરૂપે મળે છે, પણ સંસ્કૃતના લલિત કલ્પનાસાહિત્યની અમર કૃતિઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઊતરી નથી; તેમ કાવ્યશાસ્ત્ર પણ સ્પર્શાયું નથી. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં એ ભારપૂર્વક થયું છે. પંડિતયુગમાં સાહિત્યકારોએ અભિનિવેશપૂર્વક સંસ્કૃતના એ અમર વારસાને ગુજરાતીમાં ઉતારવા પ્રયત્ન કર્યો.

**પ્રાકૃત સાહિત્ય (ઈ.સ. પૂ. 500 થી ઈ.સ. 1000)**

વૈદિક કથ્યભાષા સંસ્કૃત સાહિત્ય-ભાષાના સમયમાં અત્યંત પ્રચલિત બની હતી. એને ધર્મ-ભાષા તેમ સાહિત્ય-ભાષા બનાવે છે ગૌતમ બુદ્ધ અને મહાવીર. બંનેએ જોયું કે લોકભાષા પ્રાકૃત છે, અને લોકો સંસ્કૃત તો સમજતા પણ નથી. તેમણે પ્રાકૃતમાં ઉપદેશ આપ્યો અને પ્રાકૃતને પ્રતિષ્ઠા મળી, તેમાં આ બંને ધર્મનું સાહિત્ય રચાયું છે. બૌદ્ધ ધર્મનું 'ત્રિપિટક' અને જૈન ધર્મના 'વિવાગસુયમ્' 'ઉત્તરાધ્યયન' જેવા સંખ્યાબંધ ધર્મગ્રંથો પ્રાકૃત-પાલી-અર્ધ-માગધીમાં છે. પછી પ્રાકૃત સાહિત્યભાષા બને છે અને પ્રબંધ, મુક્તક, નાટક પ્રકારનું લલિત સાહિત્ય રચાય છે. 'ઉપમ ચરિઉ' (વિમલસુરિકૃત), 'વસુદેવ-હિરડી' (સંઘદાસ ગણિ-ધર્મસેન ગણિ-કૃત), 'શાલાકા પુરુષચરિત' (શીલાચાર્યકૃત, 'મહાવીરચરિત' (શ્રીચંદ્રકૃત), 'સનત્કુમારચરિત' (શ્રીચંદ્રકૃત) જેવી ગણના-પાત્ર કૃતિઓ પ્રાકૃતના ધાર્મિક સાહિત્યે આપી છે. લલિત મહા-કાવ્યોમાં પણ પ્રવરસેનકૃત 'રાવણવધ' ('સેતુબન્ધ') અને વાક્પતિરાજનું 'ગૌડવધ' ગણનાપાત્ર છે. મુક્તક પ્રકારના રસિક કાવ્યગ્રંથોમાં 'ગાથા-સપ્તશતી' અત્યંત મહત્ત્વનો કાવ્યસંગ્રહ છે. તેમાંની શૃંગારકવિતાનો પ્રભાવ નરસિંહઆદિના ભક્તિ-શૃંગારગીતોમાં સ્પષ્ટ છે. પ્રાકૃતમાં 'કર્પૂરમંજરી' ને 'રંભામંજરી' જેવાં નાટકો લખાયાં છે, પણ તેનો મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ નથી જ. પ્રાકૃતનો નોંધપાત્ર પ્રભાવ ગુજરાતીની શુદ્ધભક્તિની પદકવિતા પર છે. પ્રાકૃતનાં જૈન કાવ્યોનો પ્રભાવ પણ અપભ્રંશ દ્વારા પ્રાચીન ગુજરાતી જૈન કાવ્યોમાં દેખાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રાગ્-નરસિંયુગના જૈન કવિઓને માટે

જૈન ધર્મનું સાહિત્ય જેમાં રચાયું છે તે પ્રાકૃતભાષા-સાહિત્યનો સંપર્ક સહજ હતો. અને નરસિંહથી શરૂ થતા જૈનેતર ભક્તકવિઓનાં જીવન-કવન સ્વાભાવિક્તયા જ હિંદુ પૌરાણિક ધર્મસાહિત્ય સાથે હતો. કારણ તે સમયે સાહિત્યિક પરંપરાનો આધાર પણ ધાર્મિક પરંપરા છે.

**અપભ્રંશ સાહિત્ય :**

(ઈ.સ. 500 થી ઈ.સ. 1500) પ્રાકૃતનો વિકાસ થતાં અપભ્રંશ ભાષાસ્વરૂપ પ્રાપ્ત થયું. આ અપભ્રંશમાંથી અર્વાચીન ભારતીય પ્રાદેશિક ભાષાઓ સીધી ઊતરી આવી છે. ગુજરાતનો અપભ્રંશ જ વિકસતાં ગુજરાતી બને છે, એટલે ગુજરાતીને સ્વાભાવિક રીતે જ અપભ્રંશ સાહિત્યનાં વિષયવસ્તુ, શૈલી અને સ્વરૂપોનો વારસો મળે છે.

અપભ્રંશમાં સહજયાની કે વજ્રયાની સંપ્રદાવના 84 સિદ્ધોનું સાહિત્ય રચાયું છે. તે સંપ્રદાય બૌદ્ધ મહાયાનમાંથી છૂટા પડેલો છે, વામમાર્ગને મળતો આવે છે. એમાંથી જ આગળ ઉપર આ સંપ્રદાયના ભોગવિલાસ પર ગોરખનાથ નિયમનોન મૂકે છે, અને 'નાથ સંપ્રદાય' સ્થાપે છે. મીરાંબાઈનાં થોડાંક પદોમાં આ નાથ સંપ્રદાયનો રહસ્યવાદ છે. અપભ્રંશમાં રચાયેલો નાથ સંપ્રદાયની ગીતરચનાઓએ આરંભમાં ગુજરાતી ગીતરચનાને માર્ગદર્શન આપ્યું છે.

સિદ્ધોની જેમ જૈન સાહિત્ય પણ અપભ્રંશમાં સારા પ્રમાણમાં છે. જૈન કવિઓએ ચરિત્રાત્મક પ્રબંધકાવ્યો સારી સંખ્યામાં આપ્યાં છે. સ્વયંભૂનું 'પઉમ ચરિઉ' (પદ્મચરિત), પુષ્પદંત-કૃત 'તિરસહી મહાપુરિસ ગુણાલંકાર', 'નાયકુમાર ચરિઉ', ને 'જસહર ચરિઉ', ધનપાલની 'ભવિસયત કહા' ('ભવિષ્યદત્ત કથા), વીર-કૃત 'જમ્બુસામિ ચરિઉ', નયનંદીકૃત 'સુદંસણ ચરિઉ', કનકામર મુનિકૃત 'કરકંડ ચરિઉ', પદ્મકીર્તિનું 'પાસ ચરિઉ' (પાર્શ્વચરિત) વગેરે ચરિત્રકાવ્યોની પરંપરામાં ગુજરાતીમાં કેટલાંક કાવ્ય જૈન કવિઓએ રચ્યાં છે. આ ચરિત્રકાવ્યોની રંગદર્શી કવિતાનો રંગ જૈનોના પ્રબંધ-રાસા-ફાગુઓમાં દેખાય છે.

જૈન કવિઓએ વૈરાગ્ય, નીતિ, ધર્મ, વ્યવહારજ્ઞાન વગેરે પરનાં દોહા શૈલીનાં મુક્તકો પણ સારા પ્રમાણમાં આપ્યાં છે. આવા કેટલાક દુહાઓ લોકસાહિત્યના પણ હતા. આ દુહાઓ હેમચંદ્ર-સંપાદિત અપભ્રંશ દુહા તરીકે જાણીતા છે. તે ગુજરાતીની સૌથી પ્રાચીન ઉપલબ્ધ કાવ્યરચનાઓ છે, જે લોકસાહિત્યમાંથી સંપાદિત છે. દસમી-અગિયારમી સદીમાં યોગીન્દુએ 'પરમાત્મ પ્રકાશ' અને 'યોગસાર', દેવસેને 'સાવયધમ્મ દોહા', 'વૈરાગ્યસાર', જયદેવ મુનિએ 'ભાવનાસંધિપ્રકરણ' જેવા મુક્તસંગ્રહો આપ્યા છે. તે સંસ્કૃતનાં વિવિધ 'શતક' જેવા લાગે છે. તેના અનુસરણમાં મધ્યકાલીન ગુજરાતી દુહા, સાખીઓ, છપ્પા રચાયા છે.

અપભ્રંશનો સેવા કરનાર આદરપાત્ર સાહિત્યકારોમાં આચાર્ય હેમચંદ્ર મુખ્ય છે, તેમણે શાસ્ત્રીય ગ્રંથોને કાવ્યો રચ્યાં સંસ્કૃતમાં, પણ તેમાં પ્રાકૃત, અપભ્રંશ અને દશ્ય શબ્દો વિષે મહત્ત્વની સામગ્રી આપી. અપભ્રંશના દુહાઓનું સંપાદન કર્યું અને વ્યાકરણ આપ્યું. હેમચંદ્ર-સંપાદિત દુહાઓની પરંપરામાં, મેરુતુંગાચાર્યનું 'પ્રબંધ ચિંતામણિ' તેમ સોમપ્રભાચાર્યનું 'કુમારપાલ પ્રતિબોધ' ગણનાપાત્ર મુક્તકકાવ્યસંગ્રહ છે.

**(A) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં પ્રેરક બળો :**

સાહિત્યના સર્જનમાં સાહિત્યિક પૂર્વપરંપરા, મૌલિક પ્રતિભા અને યુગીન પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાતી સાહિત્યના ઉદય માટે આ અને અન્ય પરિબળો કારણરૂપ છે.

**(1) ગુજરાતની અસ્મિતા :**

પાંચમી સદીમા ભારતવ્યાપી ગુપ્તસામ્રાજ્ય પર હુમલા થયા. ને છેલ્લા ગુપ્ત રાજાઓ નિર્બળ પાક્યા, પરિણામે અખિલ ભારતીય ગુપ્ત સામ્રાજ્ય તૂટવા લાગ્યું, તેમ થતાં ગુજરાતમાં મૈત્રક વંશનું વલભીનું રાજ્ય થયું. વલભીએ તેની સાંસ્કૃતિક જાહોજલાલીની નામના મેળવી, તે તૂટતાં પાટનો ચાવડાવંશ આગળ આવ્યો. આગળ જતાં, ત્યાં મૂળરાજ સોલંકીએ, દસમી સદીમાં, સોલંકીવંશનું રાજ્ય સ્થાપ્યું, તેના સિદ્ધરાજ અને કુમારપાળ જેવા પ્રતાપી રાજાઓએ

મહાગુજરાત રચ્યું અને ગુજરાતની અસ્મિતાનો જયજયકાર કર્યો. સોલંકી યુગની એ સંસ્કૃતિમાં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશનું માતબર સાહિત્ય રચાયું. પણ આ યુગે 'ગુજરાતનું રાજ્ય, એવી ભાવના સાથે ગુજરાતની ભાષા ગુજરાતીના ઉદય-વિકાસને બળ આપ્યું. સોલંકી યુગનું સાંસ્કૃતિક વાતાવરણ અને ગુજરાતની પ્રાદેશિક અસ્મિતાની ભાવના એ ગુજરાતી સાહિત્યનું પ્રથમ પ્રેરક બળ છે.

**(2) ગુજરાતી ભાષા :**

દસમી સદીથી ગુજરાતી ભાષાના ઉદયની પ્રક્રિયા વેગવતી બને છે. ગૌર્જર અપભ્રંશથી જ ગુજરાતના લોકો સંતુષ્ટ થવાનું વલણ દાખવે છે. હેમચંદ્રના સમયમાં જે દુહાઓ લોકપ્રચલિત હતા તે ગુજરાતની પ્રાદેશિક અસ્મિતા, ગુજરાતી પ્રેમશૌર્યનીતિની ભાવનાના દ્યોતક છે. એ હેમચંદ્રીય અપભ્રંશ એ તત્કાલીન ગુજરાતી ભાષા છે અને તે દુહાઓ તત્કાલીન ગુજરાતી લોકસાહિત્ય છે. આ રચના અને ભાષા દસમી સદી આસપાસનાં ગણાય. હેમચંદ્રાચાર્યે તો, સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશનો વ્યાકરણગ્રંથ આપ્યો ને સંસ્કૃતમાં જ અન્ય મહત્ત્વનું સર્જન કર્યું, પણ તેમના સમય પૂર્વે ગુજરાતી ભાષા લોકમાં પ્રયોજાતી હોવી જોઈએ. હેમચંદ્ર જૈન મુનિ હતા. તેમણે સંસ્કૃતમાં સાહિત્ય રચ્યું, પણ લોકભાષાનો જ સમાદર કરનાર અને મહાવીરની લોકવાણીમાં ઉપદેશ કરવાની પરંપરાને જાળવનાર જૈન સૂરિઓ તો તત્કાલીન ગુજરાતી લોકભાષામાં જ ધર્મકૃતિઓ રચે ને ? જૈન મુનિઓની તત્કાલીન ગુજરાતના લોકોની વ્યવહારભાષામાં સાહિત્ય રચવાની પ્રવૃત્તિ એ ગુજરાતી ભાષા અને સાહિત્યની પ્રતિષ્ઠા માટેનું મોટું પરિબળ છે.

સમગ્ર ભારતની સાહિત્યભાષા એવી સંસ્કૃત કે પશ્ચિમ હિંદની વિશાળ સાહિત્યભાષા એવી પ્રાકૃત ને અપભ્રંશ સાહિત્યભાષા થવાને કારણે જનતાથી દૂર ગઈ હતી. લોકો સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશને સમજી શકતા નહિ. લોકો સમજે એ માટે તત્કાલીન ગુજરાતની આમ જનતાની ભાષામાં લખવું હિતાવહ હતું. ગુજરાતના લોકોની પોતાની ભાષા અસ્તિત્વ લેતી હતી. આમ, ગુજરાતી ભાષાનો ઉદય થયો, ને તેની સાથે જ ગુજરાતી સાહિત્યનો ઉદય થયો.

**(3) સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્ય :**

ઉદય પામતાં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યને સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યે ભાષા અને સાહિત્ય ઉભય રીતે પ્રેરણાનું અમૃત પાયું છે. આરંભમાં અપભ્રંશની પુત્રી એવી ગુજરાતી અપભ્રંશને જ અનુસરે તો જ નવાઈ. રાસાઓ, ચરિત, લૌકિકકથા, ધવલ-મંગલ જેવાં ગીતો, ગેય પદ્યરચનાઓ, દેશીઓ, વર્ણનશૈલી, ભાષા વગેરે ગુજરાતીએ – અપભ્રંશમાંથી જ લઈ વિકસાવ્યાં છે. સંસ્કૃત-પ્રાકૃતે ગુજરાતીના પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યને મબલક વસ્તુ પૂરું પાડ્યું છે. પૌરાણિક આખ્યાનો અને પદ્યવાર્તાઓનાં મૂળ સંસ્કૃતમાં છે. સંસ્કૃત મહાકાવ્યો-પુરાણોનાં રૂપાંતરરૂપ આખ્યાનોનો ગંજ ખડકાયો છે, તો સંસ્કૃત-પ્રાકૃત લૌકિક કથાઓ મધ્યકાળના શામળ સુધીના વાર્તાકારોને ગુજરાતીમાં ઉતારવા કામ લાગી છે. પ્રેમભક્તિના કવિઓએ ભાગવતનાં તો જ્ઞાનભક્તિના કવિઓએ વેદાંત, ગીતા આદિનાં ધાવણ ધાયાં છે.

પ્રાચીન ગુજરાતી તો ગૌર્જર અપભ્રંશનો જ વીકાસ છે, ને મધ્ય-અર્વાચીન ગુજરાતી સુધી અપભ્રંશના અંશો દેખાય છે.

સાચું તો એ છે કે અપભ્રંશ ભાષા જ પોતાનું સાહિત્ય રચતાં રચતાં બારમી-તેરમી સદીમાંથી ગુજરાતી બનવા લાગી. આપણે મધ્યકાળના કવિઓની ભાષાને ગુજરાતી કહીએ છીએ; એ તો એને પ્રાકૃત-અપભ્રંશ કહેતા હતા. અપભ્રંશ ભાષાને ગુજરાતીતા લાગી ને તે ગુજરાતી થઈ.

**(4) મુસ્લિમ શાસન અને સંસ્કારનો પ્રતિકાર અને સંપર્ક :**

સોલંકી-વાઘેલાવંશનો અંત આવ્યો, અને 14મી સદીથી ગુજરાતના લોકો માથે વિદેશી અને વિધર્મી એવા મુસ્લિમ શાસકો અને તેમના ધર્મનું આક્રમણ આવી પડ્યું. એનો સામનો કરતાં હિંદુ રાજાઓ હાર્યા, અને સોમનાથનો પણ પરાજય થયો. હિંદુ પ્રજા હારી ગઈ, પણ એને પોતાનાં ધર્મ અને સંસ્કૃતિનું સંરક્ષણ તો કરવાનું જ હતું. જીવનનું ધ્યેય મોક્ષ, અને મોક્ષ માટે તો ધર્મ પાળવો જ પડે. ભારતીય ધર્મ-સંસ્કૃતિની ઉજ્જવળ પરંપરાને જાળવવા માટે જૈન ધર્મ ઉપરાંત વૈષ્ણવ ધર્મ મેદાને પડ્યો. હિંદુ ધર્મગુરુઓએ આર્ય ધર્મ-સંસ્કારોના સંરક્ષણ અને સંવર્ધન માટે રાજકર્તા મુસલમાનો સાથે સંઘર્ષમાં ન આવવું પડે તેવા માર્ગો લીધા. મંદિર, પૂજા, કથા, કીર્તન, ભજન, આખ્યાનની પ્રવૃત્તિ વધારી દીધી. પ્રજાજીવનના ધર્મ જ કેન્દ્ર હતું, અને તેને માટે સર્વસ્વ કરી છૂટવાની તમન્ના હતી. મધ્યકાળનું ધાર્મિક સાહિત્ય જેવું ધર્મઝનૂન ન દાખવવું, પણ ધર્મચક્ર ચાલુ રહે તેવી સંરક્ષક પ્રવૃત્તિઓ તો કરવી જ એવી મનોવૃત્તિ એમાં પ્રચ્છન્ન પણ ખરી. પછી નાનક-કબીરે એકતાના વિચારની કવિતા કરી તો તે પણ જ્ઞાનમાર્ગી કવિઓએ સૂક્ષ્મરૂપે ઝીલી, ને સૂકી સંતોનો પ્રભાવ દર્શાવ્યો તે હિંદુ-મુસ્લિમ સંપર્કનું પરિણામ છે.

પ્રાગ્-નરસિંહયુગમાંના દુહા, 'રણમલછંદ', ને તે પછીના 'કાન્હડદે પ્રબંધ'માં તો મુસ્લિમ-પ્રતિકાર સ્પષ્ટ દેખાય છે. ધાર્મિક ચરિતોનાં કાવ્યોમાંની પ્રચંડ ભરતીએ પ્રજા સમક્ષ આર્ય ધર્મસંસ્કૃતિનું વિશાળ સાહિત્ય ધરી દેવાના ઉત્સાહનું પરિણામ છે.

**(5) ધર્મ અને ધર્મગ્રંથો :**

ગુજરાતી ભાષા-સાહિત્યના ઉદયનો કાળ એ ધર્મના જુવાળનો કાળ હતો. શિવભક્ત સોલંકી રાજાઓમાંના કુમારપાળ પર હેમચંદ્રાચાર્યે જૈનધર્મની ભૂરકી નાંખી હતી. એ કાળે જૈનધર્મની પ્રવૃત્તિઓમાં ભરતી આવી. જૈનધર્મચરિતોનાં કાવ્યો રચાયાં. પંદરમા શતકમાં ગુજરાતમાં ભાગવત સંપ્રદાય આવ્યો, પરિણામે પ્રેમલક્ષણા ભક્તિનું સાહિત્ય નરસિંહ-મીરાંએ આપ્યું; તેમ ધાર્મિક આખ્યાનોનો પ્રવાહ પૂરવેગે ચાલ્યો. ભક્તિપ્રવાહે રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો, ગીતા વગેરેને ગુજરાતીમાં ખેંચી આણ્યાં. ધર્મલાભ અને કાવ્યાનંદ માટે કે ભજનાનંદ માટે ભક્તો આખ્યાનકારો, ભજનિકો પદો-આખ્યાનો લખતા. લોકો પણ ધર્મને ખાતર ને મનોરંજન માટે પણ એમાં ભાગ-રસ લેતા. એમ નરસિંહ, મીરાં, નાકર, પ્રેમાનંદ, દયારામ યુગનું સાહિત્ય વરસ્યું છે. ધર્મ એ જ મુખ્ય પરિબળ તેમને જીવન અને કવન માટે પ્રેરિત કરતું. જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવ, સ્વામીનારાયણ, કબીરપંથ, કૈવલજ્ઞાન સંપ્રદાય, નિરાંત સંપ્રદાય, પુષ્ટિમાર્ગ, વેદાંત વગેરે ધર્મપંથોનું સાહિત્ય્ એ જ મધ્યકાલીન સાહિત્ય, મોટે ભાગે છે.

**(6) લૌકિક કથારસને લોકસાહિત્ય :**

છેક પ્રાગ્ નરસિંહકાળથી લોકકથાની કૃતિઓ મળે છે. લોકોનો વાર્તારસ સંતોષવા સંસ્કૃત-પ્રાકૃતની એ વાર્તાઓ ગુજરાતીમાં ઉતારવામાં આવતી, 'સિદ્ધહેમ'ના દુહાઓમાં પણ લોકસાહિત્યની કથાઓના સંદર્ભ છે, અને એ દુહાઓ લોકસાહિત્ય જ છે. મધ્યકાલીન લોકસાહિત્યનાં કથાનકા, લોકગીતો વગેરેએ શામળને કથા ગૂંથવામાં, તો પ્રેમાનંદને આખ્યાનમાં લગ્નગીતો ગૂ/થવામાં, તેમ અનેકને ગેયઢાળો પૂરા પાડવામાં મદદ કરી છે. વિજયભદ્રની 'હંસરાજ-વચ્છરાજ-ચોપાઈ' કે અસાઈતની 'હંસાકલિ' જેવી વાર્તાઓ ધર્મને ખાતર નહિ પણ વાર્તારસને ખાતર રચાયેલી છે. લૌકિક કથા-પદ્યવાર્તાની પરંપરા સમૃદ્ધ છે, અને ધર્મના કૃતિઓ રચનાર જૈન કવિઓએ પણ આ 'કામની કથાઓ' લખી છે. એની પાછળ 'વાર્તા દ્વારા મનોરંજન'નું જ પ્રેરક બળ હોઈ શકે. મધ્યકાળમાં મનોરંજનનાં સાધન ટાંચાં હતાં, ત્યારે અન વાર્તારચનાનો ધોધ વહ્યો તેની પાછળ મધ્યકાલીન લોકોની વાર્તા-ભૂખ અને વાર્તાકારની એ વાર્તાભૂખને સંતોષવાની વૃતિપ્રવૃત્તિ કારણરૂપ છે.

**(7) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :**

મધ્યકાળની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રાસો, કથા, વાર્તા, આખ્યાન, ભજન, કીર્તન, ગરબી, ગરબા, રાસનો સમાવેશ થાય છે. લોકોને માટે એ જ સાંસ્કારિક પ્રવૃત્તિઓ હતી, જે દ્વારા ધર્મ સધાતો, આનંદ મળતો, સમૂહજીવન અનુભવાતું અને સંસ્કાર-પાલનને સંસ્કારપ્રદાન થતું. તીર્થ માટે સંઘો જોડાતા. આ પ્રવૃત્તિઓએ પણ તદ્વિષયક સાહિત્યસર્જનને વેગ આપ્યો છે. આમાંનું ઘણું સાહિત્ય જાહેરમાં સાંભળીને આનંદવા માટે રચાયું છે, તેમાં પ્રેમાનંદ અને શામળ જેવાને તો આજીવિકાને માટે પણ સાહિત્ય રચવું ને ગાવું પડતું. આ પ્રવૃત્તિઓ ધાર્મિક-સાંસ્કૃતિક છે, અને સાહિત્યિક પણ એટલી જ છે.

**(8) આશ્રય :**

હેમચંદ્ર જેવાને તો રાજ્યાશ્રય મળેલો, બીજા કેટલાકને પણ વસ્તુપાળ-તેજપાળનો લાભ મળેલો, પણ હિંદુ રાજ્ય જતાં સાહિત્ય-સાહિત્યકારોને રાજ્યાશ્રય મળવો બંધ થઈ જાય છે. એમને મળે છે ધર્માશ્રય અને લોકશ્રય. આ બંને આશ્રયોએ ગુજરાતી સાહિત્યને બળ પૂરું પાડ્યું છે. અસાઈતને એની નાતે ન સંઘર્યો તો પટેલોએ પાળ્યો.

જૈનમુનિઓ તો ધર્માશ્રય – લોકાશ્રયના ઉપાશ્રયની છાયામાં જ થોકબંધ સાહિત્ય રચી ગયા છે. ભક્તો, આખ્યાનકારો, વાર્તાકારોને તો લોકોનો જ આશ્રય હતો. ભક્તોની ભીડે ભગવાન કેટલાક સુખી શેઠિયાઓને પટેલોને પ્રેરતા. પ્રેમાનંદને 'દેસાઈ મહેતા શંકરદાસે' તો શામળને 'રખિયાલ રૂડા રાજવી' એ આશ્રય આપેલો. ભક્તો, સંતો તો મંદિર, ધર્મ, સમાજને આશ્રયે પ્રેમભક્તિનાં ને આત્મજ્ઞાનનાં ગાણાં ગાતા.

**(9) સમગ્ર યુગભાવના :**

ગુજરાતી સાહિત્યના આરંભનો કાળ એ ગુજરાતની ભવ્ય સંસ્કૃતિનો કાળ હતો. રાજપૂત રાજાઓનાં વતનપ્રેમ, ધર્મપાલન, વીરત્વ, સ્ત્રીદાક્ષિણ્વ, પાવિત્ર્ય અને શ્રેયનાં જીવનમૂલ્યો એ યુગની ભાવના તરીકે પ્રભાવશાળી હતાં. સિદ્ધરાજે-કુમારપાળે એ મધ્યયુગીન ક્ષાત્રતેજને પ્રજા-- તરીકે પ્રગટાવ્યું હતું. હેમચંદ્ર સંપાદિત એ દુહામાં પ્રેમ, શૌર્ય, નીતિ, દેશદાઝ, વીરત્વની ભાવના ગવાઈ છે, તેણે ઉદય પામતા ગુજરાતી સાહિત્યને જીવન-મૂલ્યો આપ્યાં છે, તેમ જ ધર્મ-એક પ્રબળ યુગભાવના હતી, તેણે પણ સાહિત્યને જીવનમૂલ્યો આપ્યાં છે. સોલંકીયુગમાં તો વિદ્યાવ્યાસંગ, કાવ્યશાસ્ત્રવિનોદ અને કલાપ્રીતિ ઊંચી સાંસ્કારિતા ગણાતાં. એ મૂલ્યોએ પણ પ્રજાના સંસ્કારસેવકોને સાહિત્ય સર્જવાને સાંસ્કારિતા વિકસાવવા પ્રેર્યા હતા. મધ્યકાલીન કવિઓએ પોતાની સંસ્કૃતિ તેમ પ્રજાની સંસ્કૃતિને માટે કાવ્યરચના કરી છે.

**(B) ગુજરાતી સાહિત્યનો ઉદ્‌ગમ :**

ઈ.સ. 1000 આસપાસ ભારતીય ભાષા-સાહિત્યના ઇતિહાસમાં એક મોટું પરિવર્તન આવ્યું. સંસ્કૃત લોકભાષા મટતાં સાહિત્યભાષા થઈ, પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યભાષાઓ થઈ છતાં સંસ્કૃત સાહિત્ય છેક હેમચંદ્રાચાર્ય સુધી પ્રશસ્ય રીતે રચાતું રહ્યું. પણ અગિયારમી સદીમાં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષા-સાહિત્ય લોકોથી એટલું દૂર ગયું હતું કે અપભ્રંશમાંથી ગુજરાતી જેવી અર્વાચીન ભારતીય આર્ય (પ્રાદેશિક) ભાષાઓ ઉદ્‌ભવતાં મહદ્‌શે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્ય રચાતું અતિમંદ થઈ ગયું. સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ મહદ્‌શે રાષ્ટ્રવ્યાપી ભાષાઓ હતી, પણ અગિયારમી સદીથી અખિલ ભારતીય ભાષાઓને બદલે પ્રાદેશિમ ભાષાઓ અસ્તિત્વમાં ને પ્રચારમાં આવી. અપભ્રંશ દેશવ્યાપી ભાષા હતી, પણ તેના પ્રાદેશિક ભેદો એવા વિકસ્યા કે અપભ્રંશમાંથી જન્મેલી ગુજરાતી જેવી પ્રાદેશિક ભાષાઓનું જુદું સ્વરૂપ સ્થપાયું. અપભ્રંશ જ્યારે રાષ્ટ્રભાષા હતી, ત્યારે પણ 'ગુર્જરોને તો પોતાના (ગૌર્જર) અપભ્રંશથી જ સંતોષ થાય છે, અન્યથી નહિ' એવું વલણ હતું. અખિલ ભારતીયતાને બદલે પ્રાદેશિકતા પ્રબળ બની, લોકો સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ જેવી સાહિત્યભાષાઓનો આસ્વાદ

કરવા સમર્થ ન રહ્યા, અને પ્રાદેશિક ભાષાને જ મહત્ત્વ આપવા લાગ્યા, રાજકીય દૃષ્ટિએ પણ આ સમયથી પ્રાદેશિક રાજ્યોનાં એકમો પ્રબળ થતાં હતાં, પ્રાદેશિક અસ્મિતા આવતી-વધતી જતી હતી, ગુજરાતના રાજ્યનો તો ભવ્ય વિકાસ ઉદય થયો હતો. આ બધાં કારણોએ પ્રાદેશિક ભાષા સાથે જ તેના સાહિત્યનો પણ ઉદય થયો, બારમી સદીના ઉત્તરાર્ધથી ગુજરાતી સાહિત્યકૃતિઓ મળતી થાય છે. ઈ.સ. 1185માં પ્રાપ્ત થતી શાલીસૂરિની કૃતિ 'ભરતેશ્વરબાહુબલિરાસ' પ્રથમ ગુજરાતી કૃતિ ગણાય છે.

ગુજરાતી ભાષાસાહિત્યના ઉદયકાળે ગુજરાતમાં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષાસાહિત્ય રચાતું હતું. ગુજરાત અને પશ્ચિમ ભારતનાં ઉજ્જવિની, વલભી, ભીલ્મમાલ, ધારા, અણહિલપાટક (પાટણ) જેવાં વિદ્યાધામોમાં વિવિધ સાહિત્યગ્રંથો રચાયા છે. ભટ્ટિ-કૃત 'રાવણવધ', હરિભદ્રસૂરિ-કૃત 'સમરાઈચ્ચકહા' અને 'ધૂર્તાખ્યાન', ઉદ્યોતનસૂરિ-કૃત 'કુવલયમાલા', 'હરિષેણે આપેલો 'બુહાત્કથાકોશ', વીરસેનકૃત 'જયધવલા' વગેરે ગ્રંથો દર્શાવે છે કે આ સમયમાં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ગુજરાતની સાહિત્યભાષા હતી. અણહિલપુર પાટણમાં હેમચંદ્રાચાર્યે તો ધારામાં ભોજે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશની નોંધપાત્ર સાહિત્યસેવા કરી. ભટ્ટ ભૂમક ('રાવણાનું 'નીય'), હલાયુધ ('કવિરહસ્ય'), વાસુદેવ ('વાસુદેવવિજય') જિનસે ('હરિવંશપુરાણ') જેવા સંસ્કૃતસાહિત્યકારો મૈત્રક યુગમાં જ થઈ ગયા છે. સિદ્ધરાજના ગુજરાતમાં જ હેમચંદ્રાચાર્ય ઉપરાંત શ્રીપાલ (વૈરાચનપરાજય) વાગ્ભટ ('વાગ્ભટાલંકાર'), જયમંગલાચાર્ય (કવિશિક્ષા), વર્ધમાનસૂરિ ('ગણરત્ન મહોદધિ') જેવા સંસ્કૃતમાં નોંધપાત્ર પ્રદાન કરી ગયા છે. હેમચંદ્રાકાર્યના શિષ્યસમુદાયે બારમી સદીમાં સંસ્કૃતસેવા જાળવી રાખી છે. હેમચંદ્રના શિષ્ય રામચંદ્રસૂરિનાં અગિયાર સંસ્કૃત નાટકો અને રામચંદ્ર-ગુણચંદ્ર-કૃત 'નાટ્યદર્પણ' તો પોતાના ક્ષેત્રમાં સુપ્રસિદ્ધ છે. દેવચંદ્રકૃત 'ચંદ્રલેખાવિજયપ્રકરણ' યશપાલકૃત 'મોહરાજ-પરાજય' પણ ગણનાપાત્ર સંસ્કૃત કૃતિઓ છે. વળી ચંદ્રમુનિનો 'કથાકોશ', જિનેશ્વરસૂરિ-કૃત 'કથાનકકોશ', ગુણચંદ્રગણિતકૃત 'કથારત્નકોશ' જેવા કથાસંગ્રહો આ કાળમાં જ મળ્યા છે. તેરમી સદીમાં સાહિત્યરસિક વસ્તુપાલના વિદ્યાવર્તુળે સંસ્કૃત સાહિત્યની સારી રચના કરી છે. સોમેશ્વર, નાનક, અમરચંદ્રસૂરિ, સુભટ, અરિસિંહ વગેરે સંસ્કૃત સાહિત્યના રચનાર અને જાણનાર હતા. પણ ધીરે ધીરે સંસ્કૃતનો પ્રવાહ અને અભ્યાસ મંદ થઈ ગયો. ભાલણથી સંસ્કૃતની દીપ્તિ ઓછી થાય છે.

સંસ્કૃત સાથે પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યની પણ રચના થતી હતી. અપભ્રંશમાં જૈનોનાં ધાર્મિક ચરિત્રો ઘણાં લખાયાં છે. આવા સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યન સર્જનપ્રવાહો અમુક શિષ્ટ વર્ગમાં વહે છે. લોકો તો અપભ્રંશથી આગળ નીકળી ગયા છે. અપભ્રંશ ગુજરાતી બની રહી છે અને ગુજરાતી સાહિત્યની સરસ્વતી પ્રવહમાન થાય છે. અપભ્રંશ સાહિત્યનાં સ્વરૂપો, છંદો, વિષયો, ગીતપ્રકારો વર્ણન, શૈલી, નિરૂપણપદ્ધતિ વગેરેનો સીધો વારસો ગુજરાતીને મળે છે. અપભ્રંશનાં સંધિબદ્ધ મહાકાવ્યનું કડવક સાથેનું સ્વરૂપ અને પૌરાણિક-ધાર્મિક વિષયો જૈન રાસાઓને તેમ આખ્યાનોને જન્મ આપે છે. અપભ્રંશના છંદો અને ધવલ-મંગલ-ઉત્સાહી-હરિયાળી જેવા ગેય ઢાળો ગુજરાતી પદો અને આખ્યાનોમાં યોજાય છે. પદ્યવાર્તામાં પ્રચલિત થયેલા ચોપાઈ, દોહા જેવા છંદો પણ અપભ્રંશમાંથી ઊતરી આવ્યા છે. અપભ્રંશનો જ જાણે નવો અવતાર ગુજરાતીરૂપે થાય છે. લોકોની જીભ પર અપભ્રંશનું વિકસિત ભાષારૂપ રમતું હતું અને મોટા ભાગના લોકો તો સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષા અને સાહિત્યને જાણતા જ ન હતા. એટલે આરંભમાં સાહિત્ય અને ધર્મના જાણકાર અગ્રણીઓએ લોકોને ધર્મલાભ આપવા માટે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશમાંનું એવું સાહિત્ય તત્કાલીન લોકભાષા (ગુજરાતી)માં ઉતારવા માંડ્યું. પછી તો સર્જક શક્તિવાળા સામાજિક-ધાર્મિક અગ્રણીઓએ મૌલિકમાં ખપે તેવું સર્જન પણ કરવા માંડ્યું. અને એમ ગુજરાતી સાહિત્ય ઉદ્ભવ્યું. સાહિત્ય સામાન્ય લોકોને સંભળાવવાનું હતું, તેથી તેમાં સરળતા, સરિકતા અને ગેયતા આવ્યા.

પ્રત્યક્ષ કથન શૈલી યોજાઈ. તત્કાલીન જીવન ધર્મપ્રધાન હતું, તો ધાર્મિક વિષયો પસંદ થયા. સુપ્રસિદ્ધ ને લોકપ્રિય પૌરાણિક કથાઓને ગુજરાતીમાં ઉતારવા માંડી. સંસ્કૃતના ધાર્મિક પૌરાણિક કથાસાહિત્યનું આકર્ષણ વિશેષ રહ્યું. પછી લોકકથાઓ રચાઈ. ભક્તિની-પ્રણયની ઊર્મિઓએ ગીતો રચાવ્યાં. મધ્યકાલીન ગુજરાતના સાહિત્યકારોએ વૈષ્ણવધર્મ, શૈવધર્મ, જૈનધર્મના સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યને ગુજરાતીમાં ઉતારી લોક સમક્ષ ધરી દેવાનો ભારે પુરુષાર્થ કર્યો છે. કેટલાક ગુજરાતી કવિઓ સંસ્કૃતના સારા જાણકાર હતા, તેમણે મૂળ સંસ્કૃત ગ્રંથોના સરળ પદ્યાનુવાદ આપ્યા. ગુજરાતી કવિઓમાં જેઓ સ્વયંસ્ફુરણાત્મક સર્જન આપી શક્યા છે તેમનાકાવ્યમાં મૌલિકતા ઝાઝી છે. બાકી તો કથિન-કથન સારા પ્રમાણમાં થાય છે. સંત કવિઓની મૌલિકતા બાદ કરતાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર સંસ્કૃતના પૌરાણિક સાહિત્યનું અનુસરણ વિશેષ છે. વિષય-વસ્તુ સંસ્કૃતનું અને ભાષાશૈલી, પદ્યરચનાને સ્વરૂપો અપભ્રંશનાં લઈ ગુજરાતી આગળ વધે છે. અપભ્રંશનાં ભાષાલઢણો, શબ્દપ્રયોગો, કહેવતો, રૂઢિપ્રયોગો પણ ગુજરાતીની સંપત્તિ બને છે. ઈ.સ.ની-અગિયારમી-બારમી ગુજરાતીના સાહિત્યચિંતકોએ લોકભાષા ગુજરાતીને સાહિત્યભાષા બનાવવાનો પ્રયત્ન કર્યો તે આ રીતે આગળ ઉપર સફળ થયો અને ગુજરાતી સાહિત્ય આરંભમાં જૈનોને હાથે અને પછી જૈનેતર ધાર્મિક સાહિત્યિક વ્યક્તિઓને હાથે રચાતું ગયું. ભક્તકવિઓ, આખ્યાનકવિઓ, જ્ઞાની કવિઓ, પદ્યવાર્તાકારોએ વિવિધ પ્રકારે મધ્યકાલીન ગુજરાતી સાહિતયને સમૃદ્ધ કર્યું. નરસિંહ જેવા ભક્તકવિએ ગુજરાતી કવિતાને પ્રતિષ્ઠિત કરી, એના અનુસંધાનમાં મીરાં, પ્રેમાનંદ, અખો, શામળ, દયારામ જેવા અગ્રણી સર્જકો-ગુજરાતીને મળ્યા અને ગુજરાતી સાહિત્ય તેજવંતું બન્યું. અર્વાચીન યુગમાં તેનો અધિક વિકાસ થતાં ભારતીય ભાષાઓનાં સાહિત્યમાં તેનું અગ્રગણ્ય માનભર્યું સ્થાન છે.

## 1.3 સાહિત્યનો ઇતિહાસ

જેમ રાષ્ટ્રનો કે પ્રજાનો ઇતિહાસ તેના ભૂતકાલીન સ્વરૂપનો ખ્યાલ આપી તેના વર્તમાનની ભૂમિકા સમજાવી ભાવિ વિકાસ પ્રત્યે અંગૂલિનિર્દેશ કરે છે, તેમ સાહિત્યનો ઇતિહાસ પણ સંબદ્ધ સાહિત્યની પરંપરા અને તેમાં થયેલા વૈયક્તિક પ્રતિભાના પ્રયોગોનો પરિચય આપી સાહિત્યવિકાસના ભવિષ્યનું સૂચન કરે છે. ઇતિહાસનો ધર્મ છે. મિત્રસમ્મિત ઉપદેશ આપવાનો. ઇતિહાસ નિર્ભેળ રીતે આપણી સમક્ષ 'ખરેખર આમ હતું' એ પ્રગટ કરે છે. આપણે એમાંથી વર્તમાનનું પૃથક્કરણ અને ભાવિનું માર્ગદર્શન મેળવીએ છીએ. કોઈ પ્રજા ભલે તેના ઇતિહાસનું દુઃખદ પુનરાવર્તન કરે, પણ ઇતિહાસમાંથી બોધ લઈ ચાલનાર જીવને વધુ આશાસ્પદ અવશ્ય કરી શકે છે. ઇતિહાસ આપણને આપણા ભવ્ય ભૂતકાળના વરસાનો ખ્યાલ આપી વર્તમાનને એના અનુસંધાનમાં ઉન્નત રાખવાનો અને ભવિષ્યમાં પણ તેને અનુરૂપ વર્તન દાખવવાનો બોધ આપે છે. ઇતિહાસ આપણને કરુણ ભૂલો ફરી કદી ન કરવાનો પાઠ ભણાવે છે. પૂર્વજોનાં પાપ આપણે ફરી ન આચરીએ એવો ઇતિહાસનો મિત્રસંમિત ઉપદેશ છે.

સાહિત્યનો ઇતિહાસ આપણને આપણા સાહિત્યના વિકાસનાં સઘળાં તીર્થોનો પરિચય કરાવી સાહિત્યની ઉજ્જવળ પરંપરાનો ખ્યાલ આપે છે. પુરોગામી સાહિત્યના પ્રવાહોને જાણ્યા વિના નવપ્રસ્થાન શક્ય નથી. વૈયક્તિક પ્રતિભાના ઉન્મેષો પણ સાહિત્ય-પરંપરાના વિકાસરૂપ છે. પ્રજાના જીવનમાં તેમ સાહિત્યમાં પણ ઉત્થાન-પતન આવ્યા કરે છે. સાહિત્યમાં સુવર્ણયુગ કેમ આવ્યો તે જાણવું આવશ્યક છે. તેમ કોઈ સાહિત્યુગ મંદયુગ કે અંધારયુગ કેમ ગણાયો તેની તપાસ કરવી આવશ્યક છે. વિવેચકોને તો સાહિત્ય ઊંચે ચડે છે કે કેમ તે જ જોવાનું હોય છે, સાહિત્યકારને પોતાને પણ સાહિત્યકારોની પરંપરામાં પોતે ક્યાં છે અને શું કરવાથી તેનું વૈશિષ્ટ્ય જળવાવાનું છે તે જાણવું અનિવાર્ય છે. પુરોગામી પ્રયોગોમાંથી જ પ્રતિભા જન્મે છે. આપણી સમક્ષ ઘૂઘવતા સાહિત્યમહેરામણની ગંગોત્રીનું દર્શન કરવાનું રોમાંચક તેમ જ ઉપયોગી થઈ પડે. આપણે જેમના ખભા પર બેઠા છીએ તે સારસ્વતોએ સાહિત્ય નામના પદાર્થને પામવા માટે કેવો પુરુષાર્થ કર્યો હતો તે આપણને સાહિત્યનો

ઇતિહાસ કહે છે. આપણે સાહિત્યના માણસ તરીકે કેવા કુળમાં જન્મ્યા છીએ તેની વહી સાહિત્યનો ઇતિહાસ છે. પ્રેમાનંદની પ્રતિભા નરસિંહ-ભાલણ-નાકર જેવાના આખ્યાન ખેડાણમાંથી કેવી રીતે પ્રકટી આવી તે આપણને સાહિત્યનો ઇતિહાસ સમજાવે છે. ગોવર્ધનરામ 'સરસ્વતીચંદ્ર'નું ઉત્તુંગ શૃંગ દર્શાવે છે તેમાં સાહિત્યનાં વિવિધ રૂપો અને સાહિત્યકારોના વિવિધ પ્રયોગોનો ફાળો કેટલો ને કેવો તે સાહિત્યના ઇતિહાસ વિના કોણ સમજાવે ? તેમ સાહિત્યની સરસ્વતીમાં અમુક કાળે કયાં કયાં રૂપો આવ્યાં અને એ રૂપોમાં કેવા પરિવર્તનો આવ્યાં તથા કયાં નવાં રૂપો પ્રકટ્યાં એ જાણવા માટે સાહિત્યની વિકાસકથા જાણવી જ રહી. પ્રજાજીવનમાં આવતાં પરિવર્તનોએ સાહિત્યમાં કેવાં પરિવર્તનો આણ્યાં તે સાહિત્યનો-સંસ્કૃતિનો ઇતિહાસ દર્શાવે છે. સાહિત્ય-સ્વરૂપોની ચડતીપડતી, શૈલીમાં પરિવર્તન, અભિગોમનાં બદલાતાં વલણો, સાહિત્યના યશસ્વી પ્રયોગો અને સાહિત્યનો સામાન્ય સૂર જાણવાથી સાહિત્યના સર્જક, વિવેચક તેમજ અભ્યાસીને સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. અખાએ શા માટે માંડણનું અનુસંધાન સાધ્યું, નરસિંહ-મીરાંની મદ-સ્વરૂપની ઊર્મિકવિતા પછી ભાણદાસથી પુનઃ કેમ આરંભાઈ, દયારામનું અનુસરણ અનુગાંધીયુગના ઊર્મિકવિઓ કેમ કરે છે, નાનાલાલની ડોલનશૈલીનું પ્રયોજન શું અને અનુગાંધીયુગની અછાંદસ કવિતા લય પર કેમ ચાલે છે એવા એવા પ્રશ્નોના ઉત્તર સાહિત્યના ઇતિહાસમાં પડેલા છે. સાહિતયની શુદ્ધ વિભાવના ગાંધીયુગ પછી કેમ પ્રકટી જેનું કારણ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ગયા વિના સમજી શકાય ? એક સમયમાં મહાકવિ કે કવીશ્વર કહેવાતા પ્રેમાનંદ, દલપતરામ, નાનાલાલ જેવાને તેમને યોગ્ય સ્થાને ગોઠવવા માટે આપણે સાહિત્યના ઇતિહાસને વારંવાર તપાસવો પડે. તો, સાહિત્યનો ઇતિહાસ આપણને એ પણ સમજાવે કે કયા સાહિત્યકારનું પ્રદાન સાહિત્યને છે, અને કેનું પ્રદાન માત્ર સાહિત્યના ઇતિહાસને છે.

સાહિત્યનો ઇતિહાસ સાહિત્યના વિકાસની સિલસિલાબંધ કથા આપે છે તેથી તેને હકીકત પર આધારિત એવું વર્ણનાત્મક અધ્યયન-નિરૂપણ કહી શકાય, પણ સાહિત્યનો ઇતિહાસ માત્ર વર્ણન કરીને અટકી જતો નથી, એ વિવેચન કરે છે. સાહિત્યનો ઇતિહાસ એ ઐતિહાસિક અને તુલનાત્મક એવું વિવેચન જ છે. એ સાહિત્ય અને સાહિત્યકારોનાં ઐતિહાસિક પ્રસ્થાનો ઉલ્લાસપૂર્વક વર્ણવે છે અને તેનું પુરોગામી સાહિત્યકૃતિ કે સાહિત્યકારની તુલનામાં વિવેચન કરે છે. માત્ર પોતાના સાહિત્યના જ નહિ, વિશ્વસાહિત્યના માનદંડોને નજર સમક્ષ રાખી તેનું મૂલ્યાંકન કરે છે. સાહિત્યનો ઇતિહાસ પ્રાપ્ત હકીકતોને એવી રીતે મૂકે કે અભ્યાસી સાહિત્યકારો અને સાહિત્યકૃતિઓનું તારતમ્ય સમજી શકે. નવલરામ પ્રેમાનંદને પોતાના સુધીની ગુજરાતી કવિતાનો સર્વોત્તમ કવિ કહે છે ત્યારે તે બીજા કવિઓ વિશેના અભિપ્રાયો આપી જ દે છે. જેણે 'સરસ્વતીચંદ્ર'ને ઉત્તમ નવલકથા કહી તેણે બીજી નવલકથાઓને પણ કોઈક સ્થાન-માન આપ્યું જ છે. સાહિત્યનો ઇતિહાસકાર સાહિત્યકારો અને કૃતિઓને તેમના યોગ્ય સ્થાને ગોઠવવાનો પ્રયત્ન કરે છે, તેના પરના પુરોગામીઓનાં ઋણ અને અનુગામીઓ પરનો તેનો પ્રભાવ દર્શાવી મૂલ્યાંકન કરે છે. એટલું જ નહિ, કૃતિને પ્રજાજીવનના ઇતિહાસના સંદર્ભમાં મૂલવવાનું, એનુંઐતિહાસિક મહત્ત્વ તારવવાનું તેમ જ સાહિત્યનાં ધોરણોને આધારે તેનું વાસ્તવિક મૂલ્ય આંકવાનું પણ ચૂકતો નથી.

'બીજમાં વૃક્ષ તું, વૃક્ષમાં બીજ તુ' એવા સાહિત્યતત્ત્વને દર્શાવવાનો દાવો સાહિત્યના ઇતિહાસનો છે.

સાહિત્યના ઇતિહાસનો મુખ્ય ધર્મ છે સાહિત્યના વિકાસની પ્રક્રિયા આલેખવાનો. આમ તો 'ઇતિહાસ' એ ભૂતકાળની હકીકતનું વર્ણન છે, પણ ઇતિહાસકારની દૃષ્ટિના રંગો એમાં ઊતરે જ, જેવી ઇતિહાસકારની દૃષ્ટિ તેવી ઇતિહાસની રચના. ઇતિહાસલેખનની પણ વિવિધ પદ્ધતિઓ હોય છે. પહેલાંના ઇતિહાસ રાજાઓનાં યુદ્ધોના ઇતિહાસ હતા, હવેના ઇતિહાસ પ્રજાજીવનના વિકાસની ગાથા છે. સાહિત્યના જૂના ઇતિહાસો પણ કવિના જીવનની દંતકથાઓ અને અમુક મુખ્ય સાહિત્યકારોનું જ વર્ણન કરતા હતા. હવે આપણે સાહિત્યના ઇતિહાસ પાસેથી સાહિત્યના રૂપાત્મક વિકાસના આલેખનની અપેક્ષા રાખીએ છીએ. ઇતિહાસકારે તટસ્થતાપૂર્વક વૈજ્ઞાનિક સંશોધનાત્મક દૃષ્ટિએ ઐતિહાસિક, તુલનાત્મક તેમ જ વાસ્તવિક વિવેચક થવાનું છે. કાળના પ્રવાહમાં વિવિધ સાહિત્યકારોને

કેવી કેવી અનુભૂતિઓ આવી અને તેની અભિવ્યક્તિ માટે કેવાકેવાં રૂપો સર્જ્યાં એ વૈજ્ઞાનિક રીતે સાહિત્યનો ઇતિહાસ દર્શાવે. આજે જેને વૈજ્ઞાનિક કે શાસ્ત્રીય ઇતિહાસ કહીએ છીએ તે વિકાસવાદના પાયા પર રચાયેલો છે. વિકાસવાદી ચિંતકો ડાર્વિન, સ્પેન્સર, માર્ક્સ, બર્ગસૉ, ટૉય-બીએ જુદાજુદા આધાર પર વિકાસવાદ દર્શાવ્યો છે, પણ એમાંથી વિકાસવાદનાં પાંચ પરિબળો તરી આવે છે : 1. નૈસર્ગિક સર્જકતા, 2. પરંપરા, 3. પરિવેશ, 4. દ્વન્દ્વ અને 5. સંતુલન. સાહિત્ય-વિકાસમાં પણ આ પરિબળો કારણભૂત છે. સાહિત્યમાં કુદરતી સર્જનશક્તિ સાહિત્ય અને સંસ્કૃતિની પરંપરાઓ અને પરિવેશ કે યુગના વાતાવરણના સંપર્ક અને સંઘર્ષમાં આવે છે અને તેમાંથી એક સમતુલા સ્થપાય છે. આ વિધિએ સાહિત્યનો વિકાસ થાય છે, તેથી સાહિત્યના ઇતિહાસે નૈસર્ગિક સર્જક પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓ, તેમને વારસામાં મળેલી સાહિત્યિક પરંપરાઓ, તેના જમાનાના રંગો, તેની પ્રતિભા સાથેના પરંપરા અને વાતાવરણના સંબંધો-સંપર્કો-સંઘર્ષો અને તેને પરિણામે જે સંતુલન સધાયું તેના ફળરૂપ સાહિત્યસેવા એ સર્વનો સૂક્ષ્મ આલેખ આપવો જોઈએ.

વળી આ સાહિત્યનો વિકાસ પણ ત્રણ રીતે જોઈ શકાય છે :

1. સ્વરૂપ અથવા સાહિત્યપ્રકારોનો વિકાસ,
2. સાહિત્યિક પ્રવૃત્તિઓનો વિકાસ, અને
3. સાહિત્યિક ગુણોનો વિકાસ.

સાહિત્યનો સ્વરૂતાત્મક કે આકૃતિમૂલક વિકાસ આલેખતાં સાહિત્યનાં વિષયવસ્તુ, ક્ષેત્ર, સ્વરૂપો, શૈલી, આદર્શોનો ખ્યાલ આપવો અનિવાર્ય છે. સાહિત્યિક પ્રવૃત્તિઓનો વિકાસ આલેખતાં આદર્શ પ્રધાન (પ્રશિષ્ટતાવાદી), રંગદર્શી અને વાસ્તવવાદી કે પ્રગતિવાદી તથા માનસિક અવસ્થા પર આધારિત અન્ય વાદોની દૃષ્ટિએ થતા વિકાસનો ચિતાર આપવામાં આવે છે. સાહિત્યનો ગુણાત્મક વિકાસ આલેખતાં સાહિત્યતત્ત્વના ગુણધર્મો — ભાવ, વિચાર, કલ્પના વગેરેની દૃષ્ટિએ વિકાસ આલેખવો પડે. ટૂંકમાં સાહિત્યકારોના ચેતનાપ્રવાહનો આલેખ દોરવો એ સાહિત્યના શાસ્ત્રીય ઇતિહાસકારનો પુરુષાર્થ હોય.

**સંસ્કૃતિ અને સાહિત્ય :**

સાહિત્ય સ્વયં એક સાંસ્કૃતિક પ્રવૃત્તિ છે. માણસ જીવનને ઉત્કૃષ્ટ સ્વરૂપમાં પામવાનો પ્રયત્ન કરે છે અને તે પ્રાકૃતિક વિજ્ઞાનો અને સામાજિક શાસ્ત્રો દ્વારા તેમ કલાત્મક માનવવિદ્યાઓ દ્વારા જીવનના સત્ય, શિવત્વ અને સૌંદર્યને પ્રકટ કરે છે. કલા માત્ર સંસ્કૃતિનું અંગ છે. સંસ્કૃતિની વિશેષતા કે મર્યાદા તેના સાહિત્યની સ્થિતિ પરથી અંકાય છે. જે પ્રજાનું સાહિત્ય ઊંચું તેની સંસ્કૃતિ ઉચ્ચ એવું સામાન્યતઃ કહી શકાય. ઊંચા પ્રકારનું સાહિત્ય સાંસ્કૃતિક ઉચ્ચતાનું પરિચાયક છે. વાલ્મીકિ, વ્યાસ, કાલિદાસ, બાણ, રવીન્દ્રનાથનું સાહિત્ય ભારતીય સંસ્કૃતિના સ્વાભાવીક ઉન્મેષ સમું છે. સાહિત્ય એ જે તે સર્જકના ભાવ-વિચાર-કલ્પનાની પારાશીશી છે. એટલું જ નહિ, તે સર્જકની સંસ્કૃતિ-તેને પ્રાપ્ત સાંસ્કૃતિક વારસા અને વૈભવનું પણ નિદર્શક છે. સાહિત્ય એ પ્રજાજીવનનું મુકુર છે, વ્યાપક જીવનની સમીક્ષા છે. સંસ્કૃતિ અને સાહિતયનો સંબંધ જનકજન્ય સમો છે. સંસ્કૃતિના એક પ્રશસ્ય અંગ તરીકે સાહિત્ય પ્રકટે છે અને એ સાહિત્ય પોતાની સંસ્કૃતિને વિશેષ સુવાસિત કરે છે. માટે, કાલિદાસ એ ભારતીય સંસ્કૃતિનું એવું પુષ્પ છે, જે ભારતીય સંસ્કૃતિને વિશેષ રૂપસુગંધ અર્પે છે.

સાહિત્યકારો સાહિત્યને ખાતર ભલે સાહિત્ય સર્જતા હોય, પણ તેનો ઉદ્દેશ નિરતિશય આનંદ છે, તેમ લોકમંગલ પણ છે. સાહિત્ય અને જીવનનો સંબંધ અવિનાભાવી છે, અન્યોન્યપૂરક છે, તેથી જીવનમાંથી સર્જાતું સાહિત્ય પાછું જીવનપાથેય બને છે. સૂક્ષ્મ રીતે પણ સાહિત્ય જીવનના પાઠ ભણાવે છે, એથી ıમનવજાતની સાંસ્કૃતિક સેવા થાય છે. મધ્યકાળના કવિઓએ તો નિજાનંદ કરતાંય લોકમંગલ અને ભક્તિશ્રેય માટે વિશેષ સર્જન કર્યું છે. જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનો ઉપદેશ સંતો-ભક્તકવિઓ-આખ્યાનકારો સારા પ્રમાણમાં આપે છે. શામળ જેવો વાર્તાકાર પણ વ્યાવહારિક શાણપણ આપવાને કારણે 'વાણિયાનો કવિ' કહેવાય છે. 'કેમ જીવવું ?' એ પ્રશ્નનોઉત્તર સાહિત્ય આનંદપ્રદ

રીતે આપે છે. કેટલાક સાહિત્યકારો તો જીવનની સમીક્ષા કરવાના પ્રયોજનથી જ રચના કરે છે. એથી સાહિત્યકાર સહજપણે સાંસ્કૃતિક ચિંતક અને વિવેચક બને છે. પ્રેમાનંદ મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિનો સમીક્ષક અનાયાસે બન્યો છે, તો ગોવર્ધનરામે સાયાસ સંસ્કૃતિચિંતન રજૂ કર્યું છે. જીવનના સત્ય, શિવત્વ અને સૌન્દર્યને પામવાનો એક માર્ગ સાહિત્ય છે તો એ સંસ્કૃતિનું વ્યાવર્તક અંગ બન્યા વિના કેમ રહે ? સંસ્કૃતિનાં અંગો છે ધર્મ, નીતિ, ઇતિહાસ, સમાજશાસ્ત્રો, તત્ત્વજ્ઞાન, પ્રાકૃતિક વિજ્ઞાન તેમ જ સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય આદિ કલાઓ. સાહિત્યનો વિષય આ સર્વ સંસ્કૃતિ-અંગો બને છે. માનવજાત પ્રકૃતિમાંથી સંસ્કૃતિનું સર્જન કરવા જે પુરુષાર્થ કરે છે તેનો આલેખ સાહિત્યમાં આવ્યા વિના રહેતો નથી. 'નિષાદ', 'વાલ્મીકિ' બને તેની વિકાસકથા સંસ્કૃતિ છે. અને 'માનવ' એ સાહિતયનો એક માત્ર વિષય છે. સાહિત્ય એ સંસ્કૃતિનો જીવંત-ચેતનવંત કલાત્મક ઇતિહાસ બની રહે છે. 'રામાયણ', 'મહાભારત' માત્ર કથાકાવ્યા નથી, સંસ્કૃતિગ્રંથો છે. હોમર ગ્રીક સંસ્કૃતિનો જ્યોતિર્ધર આ અર્થમાં જ છે. પ્રજાની સંસ્કૃતિનાં જીવનમૂલ્યોના આદર્શો અને પ્રતીકો સાહિત્ય પૂરાં પાડે છે. રામાયણે આપેલાં રામ, સીતા, હરિશ્ચંદ્ર ભારતીય સંસ્કૃતિના જીવનમૂલ્યનાં પ્રતિનિધિ છે.

સંસ્કૃત માનવમાં આપણે સત્ય, સૌન્દર્ય, સમન્વય અને વિવેકની દૃષ્ટિની અપેક્ષા રાખીએ. સાહિત્ય માણસની સૌન્દર્યદૃષ્ટિને કેળવે છે, જીવનના સત્ય અને શ્રેયનો પરિચય કરાવે છે, વિવિધ ભાવાવેગોમાં સમતુલા સ્થાપે છે અને ભાવકને વિવેકદૃષ્ટિ આપે છે. આ સાંસ્કૃતિક કાર્ય બજાવીને સાહિત્ય સંસ્કૃતિને પોષે છે. સંસ્કૃતિમાં અપેક્ષિત છે તેવાં શીલ, સદાચાર, નીતિ, ધર્મ, સામાજિકતા, વિશાલ માનવપ્રેમ, સહાનુભૂતિ, માનવીય દૃષ્ટિકોણ જેવાં તત્ત્વો ભાવકમાં એટલે કે લોકહૃદયમાં જન્માવવાનું અને પોષવાનું કામ સાહિત્ય કરે છે. સાહિત્યમાં વિવિધ પ્રજાઓની સંસ્કૃતિઓ સચવાઈ છે, એટલે સાહિત્યને સંસ્કૃતિનો સંરક્ષણકોષ કહેવામાં આવે છે. સાહિત્ય માણસના ઉત્કટ ભાવ-વિચાર-કલ્પનાને સાચવી વિશ્વવ્યાપક બનાવે છે, સર્વ સ્થળ-કાળના લોકોને સુલભ કરી આપે છે. સાહિત્ય સંસ્કાર-સંચય છે. સાહિત્ય વિનાની સંસ્કૃતિ કલ્પવી મુશ્કેલ છે. મેથ્યુ આર્નોલ્ડ જેવો જીવનલક્ષી સમીક્ષક સંસ્કૃતિ અને સાંસ્કૃતિક અરાજકતાની ચર્ચા કરતાં આધુનિક વૈજ્ઞાનિક યુગમાં સાંસ્કૃતિક વિકાસને અનિવાર્ય ગણાવે છે. માનવજીવનનું શ્રેય સંસ્કૃતિમાં રહેલું છે. તેને મન, સંસ્કૃતિ એટલે પૂર્ણતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું. માધુર્ય અને પ્રકાશ, એટલે કે જીવનનું માધુર્ય, વ્યાપક માનવપ્રેમ, સહાનુભૂતિ તથા પ્રતિભા ને પ્રજ્ઞાની તેજસ્વિતા એ સ/સકૃતિનાં લક્ષણો છે. સંસ્કૃતિ, તેનો પૂર્ણતા પ્રત્યેનો એકાન્તિક પ્રેમ દર્શાવે છે, અને બૌદ્ધિક જ્ઞાન તથા ઈશ્વરેચ્છાની સર્વોપરિતા ટકાવી રાખવા ઇચ્છે છે. માટે તે જગતના સર્વોત્તમ જ્ઞાન અને આનંદને પ્રાપ્ત કરવાનું કહે છે. આ કાર્ય તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન કરતાં કવિતા વધુ સારી રીતે કરી શકે છે. કારણ કે, તેમાં સંયોજન, ધારણ, પોષણને સંવર્ધનની શક્તિ છે. પ્રશિષ્ટ કૃતિમાં ટી.એસ. ઇલિયટે સાહિત્યકારની માનસિક પ્રૌઢતા-પરિપક્વતાની અપેક્ષા રાખી છે, તેમાં પણ પ્રશિષ્ટ સાહિત્યકૃતિ અને સાંસ્કૃતિક ચિંતનનો અવિભાજ્ય સંબંધ ઉલ્લેખાયો છે. પ્રશિષ્ટ સાહિત્યકારે મસ્તિષ્કની પરિપક્વતા માટે વિશ્વની સંસ્કૃતિઓના અભ્યાસની સંપ્રજ્ઞતાથી સાંસ્કૃતિક ચેતના કેળવવી જોઈએ. પ્રશિષ્ટ સાહિત્યકાર મહાન સંસ્કૃતિચિંતક હોય જ. સાહિત્યમાં પરંપરા અને વૈયક્તિક પ્રતિભા-પ્રયોગનો પોતાનો મત સ્થાપતાં ટી.એસ. ઇલિયટ વ્યક્તિ, વર્ગ અને સમાજની સંસ્કૃતિ એમ ત્રણ પ્રકારની સંસ્કૃતિઓ ગણાવી એમાં સામાજિક સંસ્કૃતિને ઉત્તમ ને સાચી સંસ્કૃતિ કહી તેને ઘડનારાં તત્ત્વોમાં શીલ, વિદ્યા, તત્ત્વજ્ઞાન અને કલાને મુખ્ય ગણે છે. સંસ્કૃતિને ઘડનાર તત્ત્વોમાં એક કલાપ્રકાર તરીકે સાહિત્યનું પ્રદાન વિશેષ નોંધપાત્ર છે. સંસકૃતિ એ વૈયક્તિક તેમ જ સામાજિક જીવનની પદ્ધતિ છે, અને સાહિત્ય વૈયક્તિક-સામાજિક જીવનની અભિવ્યક્તિ છે, એ સંબંધે સામાજિક્તાની ભૂમિકા પર સંસ્કૃતિ અને સાહિત્યનો સંબંધ સ્થપાય છે.

મધ્યકાલીન ભક્ત-સંત-જ્ઞાની કવિઓ તો આપણી સંસ્કૃતિના વિવેક-વણઝારા છે, તેમનું જીવન-કવન સાંસ્કૃતિક વિશેષતાથી ઝળહળે છે, તેઓ સદાય સમાજજીવનમાં સંસ્કૃતિનો પ્રકાશ પાથરતા રહ્યા છે, તેમની સત્‌ની વાણીમાં સંસ્કૃતિની સુવાસ છે, તેમના જીવનમાંથી આર્ય ધર્મ-સંસ્કૃતિના મૂર્તિમંત આદર્શ મળે છે, તેમ તેમનું કવન માનવજીવનનાં સાંસ્કૃતિક મૂલ્યોનો ઉપદેશ

આપે છે. તેઓ લોક-સંસ્કૃતિના સજગ ચોકીદાર છે. આપણી સંસ્કૃતિ આ ભક્તો-સંતોને પ્રતાપે જ, મધ્યકાળના વિદેશી અને વિધર્મી શાસકોના શાસનમાં પણ, જીવંત રહી. નરસિંહ-મીરાં-દયારામ લોકોની વચ્ચે રહી લોકોની બાનીમાં લોકહૃદયમાં ઘર કરી જાય એ રીતે સંસ્કૃતિનાં સનાતન સત્યોને રમતાં કરી દે છે. પ્રેમાનંદે તો ભારતીય અને ગુજરાતી સંસ્કારિતાની ચિત્રશાળા સરજી દીધી, ગુજરાતની નાનકડી રંગભૂમિ પર ભગવાન વેદ વ્યાસનો પાઠ ભજવી બતાવ્યો. જેસલ-તોરલ જેવાં મરમી સંતના જીવન-કવને મધ્યકાલીન ગુજરાતને ભારતીય સંસ્કૃતિની ઉચ્ચતાનો આદર્શ આપ્યો છે. આખો, પ્રીતમ, ધીરા, દાસી જીવણ, ગંગા સતી, બ્રહ્માનંદ, નિરાંત જેવા કેટકેટલા જીવનચિંતક-જ્ઞાની ભક્તકવિઓએ ગુજરાતીઓના હૃદયને ભારતીય સંસ્કૃતિના ધર્મતત્ત્વજ્ઞાનના પ્રકાશથી ઉજ્જવળ રાખ્યું છે ! રણછોડ જેવા કવિઓએ આપણા દિલમાં દીવો કર્યો છે. સૂરદાસ-તુલસીદાસે ઉત્તર ભારતને પણ વ્યાપકપણે ભારતીય સંસ્કૃતિના શ્વાસે શ્વસંત રાખ્યું છે. લોકસાહિત્યે ભારતીય લોકસંસ્કૃતિને કેવી સાહજિકતાથી વણી લીધી છે ! એટલે જ તો મધ્યકાલીન સાહિત્ય વિશેષતયા મધ્યકાલીન સંસ્કૃતિનું દ્યોતક છે અને મધ્યકાલીન સાહિત્યકારો વિશેષતયા ભારતીય સંસ્કૃતિના ઉપદેશકો અને આલેખકો છે. મધ્યકાળના રાજકીય જીવનમાં પરિસ્થિતિ એવી આવી કે ક્ષત્રિય રાજાઓનો યુગ સમાપ્ત થતાં ભારતીય સંસ્કૃતિ પર મુસલમાનોનું આક્રમણ થયું. હિંદુઓએ ત્યારે પોતાની સંસ્કૃતિને બચાવવા જે પુરુષાર્થ કર્યા તે ધર્મ અને સાહિત્યરૂપે પ્રકટ્યા છે. વૈષ્ણવધર્મનો પ્રચાર એ સંસ્કૃતિસંરક્ષણની ઝુંબેશ જ હતી. પરિણામે ભક્તિમાર્ગનું-જ્ઞાનમાર્ગનું સઘળું સાહિત્ય ભારતીય ધર્મસંસ્કૃતિનું તારસ્વરે ગાન કરે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશેષપણે ગુજરાતની અને વ્યાપકપણે ભારતની સંસ્કૃતિનો દસ્તાવેજ છે.

## 1.4 સાહિત્ય એટલે શું ? સાહિત્યનાં ઘટક તત્ત્વો

સાહિત્યનું ઉપાદાન શબ્દ છે કારણ કે સાહિત્ય ભાષાની કલા છે. સમગ્ર સૃષ્ટિનો માનવવ્યવહાર ભાષા-શબ્દથી ચાલે છે અને ભાષાનો પ્રત્યેક શબ્દ નિરર્થક નહીં, અર્થપ્રતિપાદક હોય છે. શબ્દ સાથે શબ્દ સંયોજાઈને ભાષામાં અર્થસંદર્ભ પ્રગટ કરે છે. માનવવ્યવહારમાં ભાષાની જેટલી આવશ્યકતા એટલી જ આવશ્યકતા સાહિત્યકારને પણ છે. તે શબ્દને સમજપૂર્વક-સાર્થકસ્વરૂપે પ્રયોજે છે અને તે શબ્દકોશગત અર્થથી કોઈ અલગ, અવનવીન, ચમત્કૃતિપૂર્ણ અર્થ પ્રગટ કરે છે, ત્યારે પણ શબ્દકોશનો અર્થ ચાલ્યો જતો નથી, પરંતુ વધે અર્થપૂર્ણ બની સૌંદર્ય ધારણ કરતો જોવા મળે છે. ભાષા એ વિચારની અભિવ્યક્તિનું સાધન છે. ભાષાની અભિવ્યક્તિક્ષમતા જેટલી સૂક્ષ્મ તેટલી તેની કલાત્મકતા વિશેષ. ભાષા સાહિત્યકારના મનોજગતને અભિવ્યક્ત કરે છે. સાહિત્યકાર પાસે સંવેદનશીલતા, ભાવને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં અનુભવવાની શક્તિ હોય છે અને એ અનુભૂતિને ભાષા દ્વારા જ્યારે અભિવ્યક્તિ મળે છે ત્યારે શબ્દની કળા સિદ્ધ થાય છે. એફ. આર. લેવિસ કહે છે : Literature is not merely in a language but of a language – સાહિત્ય માત્ર ભાષામાં જ રહેલું નથી, તે ભાષાનું બનેલું છે. કૉલરિજે તો ઉત્તમ શબ્દોની ઉત્તમ વ્યવસ્થા – the best words in the best order કહીને સાહિત્યની અભિવ્યક્તિકલાનું મહત્ત્વ કરેલું જ છે. સાહિત્યમાંથી પ્રગટ થતું સત્ય, સૌંદર્ય અને એમ કહેતાં આપણે ભાષાના સૌંદર્ય પર આંગળી મૂકીએ છીએ, એ ભૂલવા જેવું નથી. સાહિત્યકાર ગૂઢ અને અમૂર્ત ભાવોને પોતે પ્રયોજેલી ભાષા વડે મૂર્તિમંત-નક્કરતા અર્પતો હોય છે. સાહિત્યનો સર્જક હંમેશાં શબ્દને એક પ્રેમીની નજરે જુએ છે અને વપરાઈ ગયેલા – cliche બની ગયેલા શબ્દને પુનઃ કુંવારાપણું – virginity બક્ષે છે. આથી તો સાહિત્યકારનું સમાજમાં ગૌરવભર્યું સ્થાન રહેલું છે. ભાષા એ સાહિત્યનું અગત્યનું ઘટકતત્ત્વ છે.

અંગ્રેજીમાં 'સાહિત્ય' માટે 'Literature' શબ્દ છે, તેના મૂળમાં 'Letter' એટલે 'અક્ષર' (બારાખડી, મૂળાક્ષર, એબીસીડી) શબ્દ પડેલો છે. 'Letter' અક્ષર-શબ્દ-ભાષામાં સર્જાય તે 'Literature' પણ (Letter માં તો 'Letter' (પત્ર)પણ લખાય. અને 'illeterute' (અશિક્ષિત)ને 'Literate' (શિક્ષિત) કરવા માટેનું શિક્ષણ સાહિત્ય પણ લખાય.

'Letter' નો ઉપયોગ તો 'Man of Letter' (વિદ્વાન સાક્ષર) કરે, અને 'Medical Literature'

(દવાનું સાહિત્ય) લખનાર પણ કરે, એટલે અક્ષરમાં ખાય તે બધું કંઈ સાહિત્ય ન કહેવાય, જે કંઈ અક્ષરરૂપે છપાય તેને સાહિત્ય કહેવાય તો બધાં શાસ્ત્રો, સરકારી પરિપત્રો, જાહેરાતો, ઈતિહાસ, ભૂગોળને પણ સાહિત્ય કહેવું પડે. રોજ છ પાનાં માહિતી, સમાચાર અને અભિપ્રાયોના છાપાં કંઈ સાહિત્ નથી, કારણ કે તે સ્થાયી નથી. આજનું છાપું આવતી કાલની પસ્તી છે, જ્યારે સાહિત્ય તો ચિરંજીવ છે.

વળી, કેટલાક તો મહાન કૃતિઓને જ સાહિત્ય ગણે છે : જેમ કે, વેદ, બાઈબલ, રામાયણ, મહાભારત તો કાવ્ય-નાટય કૃતિઓને સાહિત્ય કહે છે.

**સાહિત્યની વ્યાખ્યા :**

**(1) એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા :**

સાહિત્ય શબ્દ એવો વિશાળ પાયા પર વપરાતો શબ્દ છે કે તેની કોઈ ચોક્કસ વ્યાખ્યા બાંધી શકાતી નથી, પણ 'શ્રેષ્ઠ વિચારની ઉત્તમ લિપિબદ્ધ અભિવ્યક્તિને સાહિત્ય કહી શકાય.

**(2) ચેમ્બર્સ ડિક્સનેરી :**

કલ્પના અને અનુભૂતિજન્ય વિચારોને મધુર શબ્દોમાં વ્યક્ત કરવાની કલા તે કવિતા છે.

**(3) એરિસ્ટોટલ :**

પૂર્વે સાહિત્ય સર્જનનો દિવ્ય પ્રેરણા મત હતો. સાહિત્ય દૈવી પ્રેરણાથી પ્રગટતી વાણી છે, જેમ ડેલ્ફીની દૈવદર્શિની તેમ કવિ દિવ્ય કે દૈવી પ્રેરણાથી આવેશમાં આવતાં સાહિત્ય સર્જે છે. એ અગમની વાણી ગણાતી. પ્લેટો પણ એમાં માનતો. અર્વાચીન યુગમાં શ્રી અરવિંદ કહે છે કે, સાહિત્ય સર્જન એક અગમ્ય ઘટના છે, તેમ પ્લેટોના જમાનામાં સાહિત્ય દિવ્ય પ્રેરણાની અભિવ્યક્તિ ગણાતી, દિવ્ય કૃપાથી ભાવવિભોર બનેલી વ્યક્તિ જે બોલે કે લખે તે સાહિત્ય. પણ પ્રાચીન ગ્રીસમાં તે કાળે કલાનો અનુકૃતિ સિદ્ધાંત પણ પ્રવર્તતો હતો.

**(4) એડગર એલન પો : (કાવ્ય વ્યાખ્યા)**

કવિતા લયાત્મક — છંદોબદ્ધ સર્જન છે, એ તો ઘણા કહી ગયા, પણે પો તેને 'સૌંદર્યની સૃષ્ટિ' કહે છે. સાહિત્ય 'સુંદરમ્' છે એ વિચાર આકર્ષક છે.

**(5) મેથ્યુ આર્નોલ્ડ :**

'સાહિત્ય એટલે જીવનની સમીક્ષા' એવા મતથી પ્રસિદ્ધ છે, તેનો અભિગમ સાંસ્કૃતિક, સામાજિક અને નૈતિક છે. સમાજશ્રેય કે જીવન માંગલ્ય તેનું ધ્યેય છે. સાહિત્યે 'કેમ જીવવું ?' એ પ્રશ્નનો ઉત્તર આપવાનો છે. તેથી સાહિત્યે જીવનની સમીક્ષા કરવી જ રહી. સાહિત્યકારે જીવનનું ચિત્ર એવી રીતે આપવાનું કે સોનુંને પિત્તળ રખાઈ જાય. 'કેમ જીવવું ?' એ પ્રશ્ન નૈતિક છે. નીતિનો આદર કરે તે જીવનનું સાહિત્ય. સાહિત્ય એ સાહિત્યના સત્ય અને સૌંદર્યના ધારાધોરણ અનુસાર થતી જીવનની સમીક્ષા છે.

**(6) એબરકોમ્બી :**

સાહિત્યને 'ભાષામાં અભિવ્યક્તિ સાધવાની કલા કહે છે, પણ પછી વિગતે વ્યાખ્યા આપે છે.' સાહિત્યની કલા એટલે અનુભવને અનુભવ લેખે જ મૂલ્યવાન ગણીને ભાષા દ્વારા અન્યને પહોંચાડવાની કલા. અહીં અભિવ્યક્તિને પ્રત્યાયન સુધી પહોંચાડી છે. અનુભૂતિનું મુખ્ય આંકળું છે.

**(7) હેન્રી હડસન :**

"ભાષાના માધ્યમ દ્વારા જીવનની અભિવ્યક્તિ. એબર કોમ્બીની સાદી વ્યાખ્યાને મળતી આ વ્યાખ્યા છે. સાહિત્યનું માધ્યમ ભાષા છે અને સાહિત્યનો વિષય છે જીવનની અનુભૂતિ.

સાહિત્ય એ ભાષાકીય અભિવ્યક્તિ છે. એ જીવનના સત્ય કે અનુભૂતિની કલાત્મક અભીવ્યક્તિ

કહે છે. ભાષાના માધ્યમ દ્વારા સૌંદર્યની અભિવ્યક્તિ એટલે સાહિત્ય કહેવાય, એમાં જેટલા રંગો પૂરીએ તેટલા ઓછા. વિગતે કહેવું હોય તો, સાહિત્ય એ જીવન અને જગતના તાત્વિક સત્યની સૌંદર્યાત્મક, આનંદજનક અને કલાત્મક એવી પ્રતીકાત્મક તથા પ્રત્યાયનક્ષમ ભાષાકીય અભિવ્યક્તિ છે.

**: સાહિત્યભાષા અને વ્યવહારભાષા :**

ભાષાના આ બે સ્વરૂપની ચર્ચા આપણને ભાષાને પ્રયોજવામાં ઘણી ઉપકારક નીવડશે. સાહિત્યકાર સર્જન નિમિત્તે જે ભાષા પ્રયોજે છે અને રોજિંદા વ્યવહારમાં મનુષ્ય જે ભાષાનો ઉપયોગ કરે છે તે તાત્ત્વીક રીતે તો એક જ ભાષા છે, તેમાં જે તફાવત જોવા મળે છે તે તો એની પ્રયોજવાની પદ્ધતિનો છે. સાહિત્યકાર એક જ પ્રકારનો અર્થ ધરાવતા અનેક શબ્દોમાંથી પોતાને જે અર્થ વ્યક્ત કરવાનું જરૂરી છે તે માટે સૌથી યોગ્ય શબ્દ તે પસંદ કરવાનો અને તે માટે તેનું પોતાનું શબ્દવિષયક જ્ઞાન – શબ્દનો સામાન્યતયા થતો અર્થ, તે શબ્દની એકાધિક અર્થછાયાઓ – shades of meaning વગેરેની જાણકારી આવશ્યક છે.

સાહિત્ય એ ભાષાની કળા છે અને ભાષા તો તેને ઉ5યોગમાં લેતા, પ્રયોજતા સમગ્ર સમાજની સહિયારી દેણગી છે. ભાષા સમાજગત છે. સાહિત્યકાર ભાષા મારફતે સમાજ સાથે સંવાદ સાધે છે. એટલે સાહિત્યકાર ભાવક સાથે સંવાદ સાધે છે. પોતાને થયેલી અનુભૂતિને શબ્દના માધ્યમ વડે ભાવક સુધી પહોંચાડવાનું કાર્ય સાહિત્યકાર કરતો હોય છે અને આ જે ભાવક છે તે તો રોજબરોજના વ્યવહારમાં પ્રયોજાતી ભાષાનો ઉપયોગ કરે છે; પરંતુ સાહિત્યકારની ભાષા માત્ર વ્યવહારની ભાષા નથી. ટી.એ. એલિયટ કહે છે; 'હકીકતમાં કવિતાની ભાષા આબેહૂબ તો ભાષા નથી હોતી જેમાં કવિ વાતચીત કરે છે, સાંભળે છે; પરંતુ તેની ભાષા યુગની ભાષાની એટલી નિકટ હોવી જોઈએ કે સાંભળનાર કે વાંચનાર તેની કવિતા સાંભળીને કે વાંચીને બોલી ઊઠે કે જો હું કવિતામાં વાત કરવાનું જાણતો હોત તો આમ જ બોલત.' આમ છતાં વ્યવહારભાષાની નજીક રહીને પણ ભાષાનું વૈશિષ્ટય તો તેણે જાળવી રાખવાનું છે.

શબ્દ જે ભાવ કે અર્થ વ્યક્ત કરે છે અથવા સંક્રાન્ત કરે છે તે ઘણી વખત સૂક્ષ્મ સંકુલ પણ હોય છે. વાતચીત કરતી વખતે વ્યવહારમાં જે ભાવો વ્યક્ત કરવાના હોય, અર્થ પ્રગટ કરવાના હોય તેના કરતાં તે ભિન્ન કોટિના હોય છે. સાહિત્યની ભાષા એ વ્યવહારભાષા નથી જ. જે ભાષાથી આપણો રોજિંદો વ્યવહાર સરળતાભર્યો રહે છે તે વ્યવહારભાષા છે. વ્યવહારભાષા મુખ્યત્વે શબ્દના રૂઢ, કોશગત વાચ્યાર્થથી કામ ચલાવે છે. તેનું લક્ષ્ય, તેનું પ્રયોજન શબ્દો, વાક્યોનો ચોક્કસ થયેલો અર્થ પ્રગટ કરી વિચાર, ઇચ્છા કે અનુભવનું સામી વ્યક્તિ સુધી પહોંચાડવાનું-સંકરણ કરવાનું છે. સાહિત્યભાષાનું કાર્ય તદ્દન ભિન્ન છે. સાહિત્ય એ કળા છે તેનું લક્ષ્ય વાચક કે ભાવકને સૌન્દર્ય, રસ કે આનંદનો અનુભવ કરાવવાનું છે. સર્જક શબ્દને એવી રીતે પ્રયોજે છે કે તે 'રમણીયાર્થ પ્રતિપાદક' બને છે. વ્યવહારભાષા સીધી સાદી, ચમત્કૃતિવિહોણી, સપાટી સ્તરની, કેવળ માહિતીપ્રધાન હોય છે, જ્યારે સાહિત્યભાષા મમ્મટ કહે છે તેમ 'નિયતિકૃતનિયમરહિત', 'અનન્ય પરતંત્ર', 'આહ્લાદમયી' અને 'નવરસરુચિરા' હોય છે. સામાન્ય, વાચ્ય અર્થ ધરાવતો શબ્દ કવિની સર્જકતાનો પારસસ્પર્શ થતાં નવતા ધારણ કરે છે, પુનઃ સૌન્દર્ય પ્રાપ્ત કરે છે અને ભાવકચિત્તને આલોકિત કરી મૂકે છે. તે વધુ શિષ્ટ, પરિમાર્જિત, સંસ્કારી અને ઉચ્ચ કક્ષાવાળો હોય છે.

વ્યવહારમાં અને સાહિત્યમાં ભાષા પ્રતિકાત્મક બનીને વક્તાના અર્થને શ્રોતા સુધી કે ભાવક સુધી એટલે કે વાચક સુધી પહોંચાડવાનું ને તેને સંક્રમિત કરવાનું કાર્ય કરે છે. વ્યાવહારિક માણસને રોજિંદા જીવનવ્યવહારની જ વાત કરવાની હોય છે એટલે એની ભાષા સામાન્ય સપાટીએ ચાલતી જોવા મળે છે. ઉ.ત. : 'આજે ખૂબ ગરમી છે', 'સચિને ક્રિકેટ જગતમાં રન કરવામાં વિશ્વવિક્રમ કર્યો', 'આજે ટપાલી દેખાયો નથી' વગેરે વાક્યો અભિધા નામની શબ્દશક્તિથી ચાલે છે એમાં રહેલો વાચ્યાર્થ સ્પષ્ટ છે. એ અર્થની નીચે અન્ય અર્થનું સ્તર હોતું નથી જ્યારે સાહિત્યની ભાષા વ્યંજનાસભર હોય છે. એક-બે ઉદાહરણો જોઈએ :

| | | |
|---|---|---|
| વ્યવહારની ભાષા | : | વસંત ખીલી છે અને વૃક્ષો એની ડાળીઓ, ફૂલો બધું શોભી ઊઠ્યું છે. |
| સાહિત્યની ભાષા | : | 'આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.' (મનોજ ખંડેરિયા) |
| વ્યવહારની ભાષા | : | લાવ, છેલ્લી વાર મારી ભૂમિને નમી લઉં, પછીથી કદાચ તેને મળવાનું ન થાય. |
| સાહિત્યની ભાષા | : | વતનની ધૂળથી માથું ભરી દઉં, આદિલ, અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે. (આદિલ મન્સૂરી) |

અહીં સાહિત્યની ભાષામાં રમણીયતા અને રસાત્મકતા જોવા મળે છે ત્યારે વિશ્વનાથનું કથન वाक्यं रसात्मकं काव्यम् – સાર્થક નીવડતું લાગે છે.

**: લલિત અને લલિતેતર સાહિત્ય :**

'સાહિત્ય' શબ્દ વ્યાપક અર્થ ધરાવે છે. સંસ્કૃત **'सहित'** શબ્દ પરથી **'साहित्य'** શબ્દ બનેલો છે. એમાં 'સહિત'પણાનો (જીવનના સહિતપણાનો) ભાવ રહેલો છે. सहितस्य भावः साहित्यम् । અલબત્ત, 'સાહિત્ય' શબ્દ ઘણી શિથિલ રીતે પ્રયોજાતો જોવા મળે છે. ઉ.ત. : 'સાધનસામગ્રી'ના અર્થમાં – 'પૂજાનું સાહિત્ય'; લખાણ કે દસ્તાવેજો – જેમ કે 'વીમાપોલીસીનું સાહિત્ય', 'સમગ્ર વાક્પ્રવૃત્તિ'ના અર્થમાં – નવલકથા, જીવનચરિત્ર, પ્રવાસ, ઇતિહાસ વગેરે. વળી સંસ્કૃતિમાં 'કાવ્ય'ના પર્યાયવાચક તરીકે 'સાહિત્ય' શબ્દને ગણ્યો છે. વર્સફોલ્ડ 'સાહિત્ય એ માનવીનું મગજ છે' એમ કહે છે. એબરક્રોમ્બી 'ભાષામાં અભિવ્યક્તિ સાધવાની કલા તે સાહિત્ય' એમ કહે છે. શબ્દ અને અર્થનો ઉચિત અને સુંદર વિન્યાસ તે સાહિત્ય એમ કહી શકાય. ભામહે 'કાવ્યાલંકાર'માં शब्दार्थौ सहितौ काव्यम् એમ કહ્યું છે. રવીન્દ્રનાથ ઠાકુર 'સાહિત્ય' શબ્દમાં મિલનનો ભાવ અનુભવે છે. તે કહે છે કે સાહિત્ય માનવ-માનવ વચ્ચેનો સેતુ છે. એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા 'સર્વોત્તમ વિચારની સર્વોત્તમ લિપિબદ્ધ અભિવ્યક્તિ' એવી વ્યાખ્યા કરવા પ્રયત્ન કરે છે. વિજયરાય વૈદ્ય 'સાહિત્ય એ પ્રતિભાવંત માનવ-આત્માની સિસૃક્ષાનો રસાત્મક કલાયુક્ત વાણીરૂપે આવિષ્કાર છે' એમ કહે છે. કવિ ખબરદાર કહે છે કે 'સત્યના કે સૌંદર્યના તત્ત્વનું કલ્પનાયુક્ત ઉચિત લેખન કે કથન તે સાહિત્ય.' સાહિત્યની કળા એ શબ્દ અને અર્થની વિશિષ્ટ રચનારીતિની કળા છે. કળાઓનો વિચાર કરતાં કાવ્યકળા-સાહિત્યકળાની વાત કરેલી છે. આપણે તેને શિથિલ સ્વરૂપમાં ન પ્રયોજતાં 'વાઙ્મય'ના અર્થમાં સમજીશું.

દ-ક્વિન્સી સાહિત્યનું વર્ગીકરણ આ પ્રમાણે કરે છે :

(1) Literature of Knowledge – જ્ઞાનલક્ષી, માહિતીપ્રધાન, ઉપયોગી સાહિત્ય – લલિતેતર સાહિત્ય

(2) Literature of Power – ભાવનાનું સાહિત્ય, આનંદલક્ષી સાહિત્ય, સર્જનાત્મક સાહિત્ય-લલિત સાહિત્ય.

આ વિભાગો સાહિત્યના સર્જનની શક્તિ અને તેનો હેતુ શો છે તેને ધ્યાનમાં રાખીને પાડવામાં આવ્યા છે.

**લલિત સાહિત્ય :**

એમાં ખરા અર્થમાં સર્જનનીલા અનુભવાય છે. સર્જકની અનુભૂતિની સ્વયંભૂ અભિવ્યક્તિ એમાં જોવા મળે છે, તે કલ્પના, ઊર્મિ, સૌંદર્ય, માધુર્ય જેવાં તત્ત્વોથી યુક્ત હોય છે. તે હૃદય અને મનને સ્પર્શે છે. પ્રતિભાવંત કલાકારના ભાવ, વિચાર કે કલ્પનાનું એ સૌંદર્યલક્ષી સર્જન છે, એમાં રહેલા લાલિત્યના ગુણને કારણે ભાવકને નિરતિશય આનંદનો અનુભવ થાય છે, એમાં નિરૂપિત સૌંદર્ય સહજ-આપોઆપ-અન્-આયાસ-લીલયા આવે છે. મમ્મટે કાવ્ય (વિશાળ અર્થમાં સાહિત્ય)ની

જે વ્યાખ્યા આપી છે તે અહીં તાજી થાય છે : આ સાહિત્ય નિયતિકૃત નિયમરહિત, અનન્ય પરતંત્ર (સ્વાયત્ત), નવરસરુચિર અને આહ્લાદક જગતને આલેખે છે. આ અર્થમાં સર્જક આ 'કાવ્ય' સંસારનો 'પ્રજાપતિ' છે. લલિતસાહિત્યમાં નિરૂપણ પામેલો ભાવ અને પ્રયોજાયેલી ભાષાનું માધુર્ય અને સૌંદર્ય સતત અનુભવાય છે એ અર્થમાં લલિત સાહિત્ય સર્જકપક્ષે અને ભાવકપક્ષે આનંદલોકની યાત્રા બની રહે છે. કવિતા, વાર્તા, નવલકથા, નાટક, સર્જનાત્મક નિબંધ વગેરે સાહિત્યસ્વરૂપો લલિત સાહિત્યમાં સમાવેશ પામે છે. લલિત સાહિત્યમાં કલ્પના, અલંકરણ, પ્રતીકનિયોજન, (કાવ્યમાં) છંદ-લય વગેરેનો ઉચિત માત્રામાં વિનિયોગ થયો હોય છે. એની રમણીયતા અને ભવ્યતા, ઉદાત્તતા અને દિવ્યતા, એની ભાવવ્યંજના અને ધ્વન્યાત્મકતા રસમયસૃષ્ટિ ઊભી કરે છે, જે આનંદપર્યવસાયી બને છે.

**લલિતેતર સાહિત્ય :**

આ હેતુલક્ષી અથવા પ્રાયોજિત સાહિત્ય છે. આ પ્રકારના સાહિત્યમાં લાલિત્યનો અભાવ હોતો નથી પરંતુ એનું સ્થાન ગૌણ છે. એમાં ચિંતન, માહિતી, વિચાર, બોધ ઇ. તત્ત્વોનું પ્રાધાન્ય હોય છે. એનો હેતુ કોઈ ચોક્કસ પ્રકારની માહિતી કે બોધ લોકો સુધી પહોંચાડવાનો હોય છે. આ જ્ઞાનયુક્ત સાહિત્ય માનવજાતને જીવનમાં ઘણું ઉપયોગી નીવડતું હોય છે. એનું પ્રયોજન પણ કલાત્મક અભિવ્યક્તિ દ્વારા જ્ઞાન આપવાનું મુખ્ય હોવાથી રસ તેમજ આનંદનું ગૌણ સ્થાન હોય એ સ્વામાવિક છે. એ બૌદ્ધિ વ્યાપાર છે એમાં કલ્પના, રોમાંચકતાનો અભાવ અને વાસ્તવિકતા, જીવનચિંતનનું પ્રાધાન્ય હોય છે. લલિત સાહિત્યનો સર્જક પાસે અપેક્ષિત નથી. આત્મકથા, જીવનચરિત્ર, પ્રવાસકથા, નિબંધ, પત્રલેખન, ડાયરી, રેખાચિત્ર, તત્ત્વચિંતન, વિવેચન વગેરેનો લલિતેતર સાહિત્યમાં સમાવેશ થાય છે. લલિતેતર સાહિત્ય સત્યનિર્ભર અને માહિતીયુક્ત હોય છે. હા, એમાં સત્યનું સ્વાભાવિક સૌંદર્ય પ્રગટ થતું હોય છે. ગાંધીજીન 'આત્મકથા' કે કાલેલકરનું 'હિમાલયનો પ્રવાસ' એનાં ઉદાહરણો છે. લલિતેતર સાહિત્યમાં લક્ષણા અને વ્યંજના નહીં પણ અભિધા શબ્દશક્તિનો વિનિયોગ થતો હોય છે. આ ભેદક લક્ષણો એવું માનવા નથી પ્રેરતાં કે લલિત સાહિત્ય ચડિયાતું અને લલિતેતર સાહિત્ય નિમ્ન કોટિનું. ખરેખર તો બંને પ્રકારના સાહિત્યની અભિવ્યક્તિમાં અને તેના પ્રયોજનમાં તાત્ત્વિક ભેદ છે એમ સમજવાનું છે. લલિતેતર સાહિત્યમાં સત્યકથન આવે તેનો અર્થ એવો નથી કે એ અ-કલાત્મક કે અ-લલિત અને તેથી અ-રસિક સાહિત્ય છે. ખરેખર તો સાચાર લલિતેતર સાહિત્યમાં સત્યની અનુભૂતિ અને સૌંદર્યમય અભિવ્યક્તિ હોય એ જરૂરી છે. આજે તો લલિતેતર ગણાયેલાં સાહિત્યસ્વરૂપોમાં પણ સર્જકતાના-લલિત સાહિત્યના અંશો નિરૂપણ પામેલા જોઈ શકાય છે. મુનશીની આત્મકથા અને ચરિત્રો, લીલાવતી મુનશીના પત્રો કે રેખાચિત્રોમાં સર્જકતા ભરપૂર જોવા મળે છે. માહિતીની સાથેસાથે કલાત્મકતાનો સમન્વય થવાને કારણે બંને પ્રકારના સાહિત્યની સમાજને આવશ્યકતા છે. જેને આપણે સાહિત્ય તરીકે ઓળખીએ એ તમામ સાહિત્યનું મૂલ્યાંકન સાહિત્યિકતા અને કલાત્મકતાના ધોરણે જ કરવું જોઈએ. આ અર્થમાં નવલકથાની જેટલી આવશ્યકતા છે એટલી જ આવશ્યકતા આત્મકથાની છે; કવિતાની જરૂર છે તેટલી જ પત્ર, ડાયરી કે નિબંધની જરૂર છે.

**: શબ્દનું સ્વરૂપ :**

સાહિત્યનું ઉપાદાન ભાષા-તેમાં પ્રયોજાતો શબ્દ છે અને આ શબ્દ વર્ણોનો બનેલો છે કારણ કે ભાષા એટલે ધ્વનિસંકેતો—વર્ણોની વ્યવસ્થા. જેને આપણે શબ્દ કહીએ છીએ તે વર્ણોનો સમૂહ છે. જે વર્ણસમૂહથી ચોક્કસ અર્થ પ્રગટ કરી શકીએ તેવા વર્ણસૂમહને જ શબ્દ કહેવાય. ઉત. : 'ફ, છ, ઠ' એ ત્રણ વર્ણો સમૂહરૂપે સાથે આવે તો પણ તેનો કોઈ નિશ્ચિત પ્રગટતો ન હોય તો આપણે તેને 'શબ્દ' સંજ્ઞાથી નહિ ઓળખી શકીએ. પરંતુ 'મ, ગ, ન' એ ત્રણ વર્ણો સમૂહરૂપે સાથે આવતાં તે અર્થવાળો સમૂહ બને છે માટે તેને શબ્દ કહી શકાય. આમ શબ્દ એ વર્ણોનો સમૂહ છે અને અર્થયુક્ત હોય છે. વર્ણ ભાષાનું નાનામાં નાનું એકમ ગણાય. તે લયયુક્ત પણ હોય અને અર્થયુક્ત પણ હોઈ શકે. ઉ.ત. : 'હા', 'હેં !', 'લે !' વગેરે. આમ ફક્ત એક વર્ણનો પણ શબ્દ હોઈ શકે. આવા અર્થયુક્ત શબ્દો ભેગા મળીને ચોક્કસ ક્રમમાં ગોઠવાય ત્યારે વાક્ય બને છે.

શબ્દસ્વરૂપનાં મુખ્ય ત્રણ અંગો છે : (1) વર્ણ, (2) લય અને (3) અર્થ.

**(1) વર્ણ :**

સાહિત્યનો શબ્દ વર્ણના વિશિષ્ટ સંયોજનથી, લયમધુરતાથી તેમજ અર્થની વ્યંજકતાથી સભર હોય છે. ઉ.ત. : 'કામિની કોકિલા કેલિ કૂજન કરે', 'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો.', 'મને રોકે પંછાયો એક ચોકમાં.' વગેરે ઉક્તિઓ જે વાક્યમાં ઢાળેલી છે તેના શબ્દો એવા વર્ણસમૂહો બનેલા છે જે પ્રત્યેક વર્ણની લયાત્મકતા અને અર્થની વ્યંજકતા સાથે સંબંધ ધરાવે છે. વર્ણ એ ભાષાનો નાનામાં નામો એકમ છે. 'કમળ' શબ્દમાં જે ત્રણ વર્ણો – 'ક', 'મ' અને 'ળ' સમૂહમાં ગોઠવાયા છે તેથી ક્રમાનુસાર 'કમળ' બોલતાં આપણા મનમાં 'કમળ'નું પુષ્પ આકૃતિ-ચિત્ર બનીને આવે છે અને ચોક્કસ પ્રકારનું પુષ્પ (ગુલાબ નથી, મોગરો નથી વગેરે) એવો સંકેત આપે છે. આમ વર્ણની વ્યવસ્થા મહત્ત્વની છે. શબ્દાલંકારો વર્ણની સુંદરતાથી જ રચાયેલા હોય છે.

ઉચ્ચારની દૃષ્ટિએ વર્ણના બે પ્રકાર છે : **સ્વર અને વ્યંજન.** ઉચ્ચારની બાબતમાં સ્વર સ્વતંત્ર છે. તે કશાયની મદદ વગર સ્વતંત્રપણે ઉચ્ચારી શકાય છે. વ્યંજનના ઉચ્ચારણમાં સ્વરની મદદનો આધાર લેવો પડે છે. સ્વરમાં ઉચ્ચારનું માધુર્ય જળવાયેલું છે, જે તેને વિશિષ્ટરૂપે પ્રયોજવાથી સંગીતાત્મકતાનો અનુભવ કરાવે છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ વગેરે સ્વરો છે. ક્, ખ્, ગ્, ઘ્ વગેરે વ્યંજનો છે. વ્યંજનો સ્વરની મદદ વગર ઉચ્ચારી શકાતા નથી. ક્+આ=કા, ખ્+ઉ=ખુ, ગ્+અ=ગ વગેરે. કા, ખુ, ગ એ સ્વરવ્યંજનયુક્ત વર્ણ કહેવાય. જે વ્યંજનમાં સ્વર ન ભળેલો હોય તે ખોડો એટલે કે 'હલન્ત' વ્યંજન ગણાય છે. ભાષાનું મૂળ આ વર્ણો છે. તેથી તેને મૂળાક્ષરો પણ કહેવામાં આવે છે. ગુજરાતી ભાષાના બધા મળીને બાવન અક્ષરો છે. ભાષ્ એટલે બોલવું અને ભાષા બોલાતી રહે છે તેથી તેમાં કેટલાક મૂળ અક્ષરો લુપ્ત થવા લાગ્યા છે. (ઉ.ત. : ऌ). કેટલાક ઉચ્ચારો એવા છે જેનું સંતોષકારક અક્ષર-પ્રતીક આપણી ભાષામાં નથી. (ઉ.ત. 'પાંડવો' અને 'માંડવો'ના ઉચ્ચારણમાં ફેર છે છતાં લિપિચિહ્ન અનુસ્વારનું એક જ જોવા મળે છે.) એક કે વધારે વ્યંજન સાથે સ્વર મળે ત્યારે શબ્દનો એક ઘટક થાય છે એને 'શ્રુતિ' (syllable) પણ કહે છે. એકથી વધુ શ્રુતિઓના બનેલા શબ્દોને પોતાનો ચોક્કસ લય હોય છે. આપણને કાવ્યગત લયનો ખ્યાલ તરત આવે છે. ગદ્યમાં પણ પ્રયોજાતા શબ્દોનો – ગદ્યનો પણ લય હોય છે. અલબત્ત, ગદ્યમાં રહેલો લય એકદમ સમજની પકડમાંઆવતો નથી.

**(2) લય :**

વર્ણની જેમ લય પણ શબ્દનું એક એકમ છે. લય એ સૌંદર્યયુક્ત પદાર્થોનું સારવાહી તત્ત્વ છે. શબ્દ વર્ણોનો સમૂહ છે તેમ શબ્દ લયની યોજના છે. એક કે વધુ શ્રુતિઓના બનેલા શબ્દોને પોતાનો ચોક્કસ લય હોય છે. લય (rhythm) મુખ્યત્વે પદ્યને અનુકૂળ છે અને ગીતરચનામાં લયનું સૌંદર્ય માણવા આપણે તત્પર હોઈએ છીએ. છંદ અને લયનો કવિતામાં આધાર તપાસીએ તો સમજાશે કે છંદ વગરનું કાવ્ય હોઈ શકે, લય વિનાનું કાવ્ય હરગિજ ન હોઈ શકે. પદ્યમાં અને ગદ્યમાં બંનેમાં લયતત્ત્વ રહેલું છે. ન્હાનાલાલ કવિની ડોલનશૈલીના પ્રયોગમાં જે છે તે લયાત્મક ગદ્ય-ડોલન છે. અછાંદસ કવિતા ટકે છે ગદ્યલયને લીધે.

કાવ્યશાસ્ત્ર કે સંગીતમાં લયનું વિશેષ મહત્ત્વ છે. નાદની જેમ લય એ સંગીતકાળનો શબ્દ છે પરંતુ સાહિત્યકલામાં પણ તેનો મહિમા ઓછો નથી. લયની સાદી સમજ આ રીતે આપી શકાય : 'લય એટલે ભારયુક્ત કે ભારરહિત અક્ષરોનું ક્રમિક આવર્તન.' અક્ષરો કે વર્ણોનાં નિયમિત કે અનિયમિત આવર્તનો ભાષાને ચોક્કસ પ્રકારની ગતિનો કાવ્યપાઠન વખતે અનુભવ કરાવે છે. ઉ.ત. :

**જાગીને જોઉં તો જગત દીસે નહિ**
**ઊંઘમાં અટપટા ભોગ ભાસે;**
**ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,**
**બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.**

(નરસિંહ મહેલતા)

અથવા

**સાગ ઢોલિયે પાંખ ફૂટશે**
**કમાડ પર ચોઢેલી ચકલી**
**શમણું થઈ ઘરમાં ફરફરશે**
**જૂઓ પણે પરસાળ સૂંઘતો ચાંદો....**

(રાવજી પટેલ)

અથવા

**કામધેનુને મળે ના એક સૂકું તણખલું**
**ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !**
**છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું :**
**ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !**

(કરસનદાસ માણેક)

એક ગીતરચના, એક અછાંદસ રચના અને એક ગઝલરચનાની જે પંક્તિઓ આપણે ઉપર નોંધી છે તેમાં લય નામના તત્ત્વનો જ સતત અનુભવ થાય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

લયની જેમ શબ્દમાં નાદતત્ત્વ પણ સૌંદર્યાનુભવ કરાવવાની ક્ષમતા ધરાવે છે. એક જ પ્રકારના વર્ણનું પુનરાવર્તન જેમ કે **'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની'** (રાજેન્દ્ર શાહ) પંક્તિમાં 'ખ' અને 'ડ' વર્ણનું આવર્તન ઉપરાંત 'ઈ'ની સતત આવૃત્તિ કાવ્યમાં નાદશક્તિનો મનોહારી અનુભવ કરાવે છે. છંદમાં જ રહેલો દ્રુત વિલંબિત લય ઉપરાંત 'ઈ'નું સાતત્ય દૂર દૂર સુધી જતી ગાલ્લીનું ગતિશીલ ચિત્ર જન્માવવામાં ઉપકારક નીવડે છે. એક બીજું ઉદાહરણ લઈએ :

**'....તમે ધગધગ ધૂણીના અંગાર,**
**પડે પડ પ્રજાળો વહાલા વેગથી**
**અમને આપો અગનના શણગાર.'**

(મકરંદ દવે)

પંક્તિના ઉચ્ચારણમાં જ પદાર્થ, થતી ક્રિયા, તીવ્ર સંવેદન એ સર્વ પ્રતીક સ્તરે રહીને અર્થબોધ ધરાવે છે. ચિતાને લપેટી લેતો અગ્નિ – 'અંગાઆઆર' વિસ્તાર અને પછી એ જ શબ્દ 'અગન', 'શણગાર' સાથે ઉપસ્થિત થાય છે ત્યારે ચિત્રાત્મકતા અને નાદતત્ત્વનો સુભગ સમન્વય કરી આપે છે.

**અર્થ :**

આપણે આગળ જોયું કે ભાષા વર્ણોની બનેલી છે; પરંતુ સાથે સાથે એ પણ જોયું કે અર્થ વગરનો વર્ણ ઉપયોગી નથી. જે વર્ણમાંથી કે વર્ણના સમૂહમાંથી અર્થબોધ ન થતો હોય તેને શબ્દ કહી શકાશે નહિ. 'ક, મ અને ળ' કે 'મ, ગ, ન' ચોક્કસ ક્રમમાં આવેલા વર્ણો સમૂહ રચીને 'શબ્દ' બનાવે છે કારણ કે તે અમુક અર્થબોધ કરાવે છે; પરંતુ એ જ વર્ણો 'ળ, મ, ક' કે 'ન, ગ, મ' એમ ગોઠવાયેલા

હોત તો અર્થબોધ ન કરાવતા હોવાને કારણે તેમને 'શબ્દ' એવી સંજ્ઞા આપી શકાશે નહિ. શબ્દ અને અર્થનો સંબંધ ગાઢ છે. સાહિત્યની વ્યાખ્યામાં કહેવાયું છે કે, शब्दार्थौ सहितौ काव्यम् — શબ્દ અને અર્થનું સહિતપણું-સહિતત્વ એ કાવ્ય છે. કવિ કાલિદાસે તો શબ્દ અને અર્થના યુગ્મને શિવ અને પાર્વતીના યુગલ-અલગ ન કરી શકાય તેવા યુગ્મ તરીકે ઓળખાવ્યા છે. કર્ણપટ પર શબ્દ સંભળાતાં તરત જ એનો અર્થ સમજાય છે જે કાં તો શ્રોતાના મનમાં કોઈ કલ્પનાચિત્ર કે ભાવનો અનુભવ પ્રગટ કરે છે.

આ શબ્દમાંથી અર્થ કેવી રીતે નક્કી થાય છે, અર્થબોધ થાય છે તે વિશે કાવ્યશાસ્ત્રીઓએ વિચાર કરેલો છે. શબ્દના અર્થબોધ પાછળ ઈશ્વરી પ્રેરણા કે વડીલોએ આપેલી સમજ, કોશગત જ્ઞાન કે વૈયાકરણીઓ જેને 'સ્ફોટ' કહે છે તે કારણભૂત છે, એમ જાણીતું છે. દરેક શબ્દનો એક નિશ્ચિત અર્થ હોય છે અને એ અર્થમાં આપણે સામાન્ય રીતે પ્રયોજતા હોઈએ છીએ. ઉ.ત. 'ઘોડો'. 'ઘોડો' શબ્દ બોલતાંની સાથે કોઈ ચોક્કસ પ્રાણીનો નિશ્ચિત અર્થબોધ આપણને થાય છે. પરંતુ 'મીઠું' શબ્દનો પ્રયોગ જુઓ : 'મીઠું લાવો', 'તે મીઠું બોલે છે', 'તેનામાં મીઠું જ નથી' — આ ત્રણે વાક્યમાં 'મીઠું' શબ્દનો અર્થ બદલાઈ ગયેલો જોવા મળશે. પહેલામાં એક પદાર્થ, બીજામાં મધુરતાનો કણ અને ત્રીજામાં નામર્દાઈનો અર્થબોધ થાય છે, તે સમજાશે. આ રીતે શબ્દમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના અર્થ પ્રાપ્ત થાય છે. શબ્દ સાથે 'ધ્વનિ' એટલે કે અવાજનું તત્ત્વ પણ સહજ રીતે ભળી ગયેલું સાહિત્યમાં જોવા મળશે. ઉ.ત. : 'વીંધો અમને વ્હાલા, આરંપાર' એ પંક્તિમાં 'આરંપાર' શબ્દ જુઓ. 'આરપાર' શબ્દ સમજાય છે. ફક્ત એક અનુસ્વાર ઉમેરવાથી શબ્દ ધ્વનિરૂપે — શારડીથી વીંધાવાની ક્રિયા અને તેનો ચોક્કસ ધ્વનિ 'રં' બોલતાં પ્રત્યક્ષ થાય છે. પ્રત્યેક ભાષામાં શબ્દોને તેના નિશ્ચિત અર્થો હોવા ઉપરાંત જુદા જુદા સંદર્ભમાં પ્રયોજાતા એ શબ્દોમાંથી જુદાજુદા અર્થો પ્રગટ થાય છે. આ રીતે અર્થ વ્યક્ત કરવાની શબ્દની શક્તિને 'શબ્દશક્તિ' અથવા 'વૃત્તિ' કહે છે.

**: શબ્દ શક્તિ :**

ભાષા માનવીની કેવળ સામાજિક જ નહિ, સાંસ્કૃતિક વિરાસત પણ છે. વર્ષોના પ્રયોગથી શબ્દના નિશ્ચિત, સર્વ-સામાન્ય અર્થ નક્કી થયેલા છે. જો કોઈ નિશ્ચિત અર્થ ન હોય તો બીજી વ્યક્તિ સુધી એ શબ્દવિષયક સમજ ન પહોંચે. વળી એક જ શબ્દમાંથી એકથી વધુ અર્થ પણ નીકળતા હોય છે. જુદા જુદા સંદર્ભમાં શબ્દ પ્રયોજાવાને કારણે શબ્દમાંથી જુદા જુદાઅર્થ સ્ફૂરે છે. શબ્દમાં અર્થનો બોધ કરાવનારી રહેલી શક્તિને શબ્દશક્તિ કહે છે.

જ્યારે શબ્દ નિશ્ચિત કે મુખ્ય અર્થ આપે કે પ્રગટ કરે ત્યારે એને 'વાચક' શબ્દ કહે છે. એ અર્થને **'વાચ્યાર્થ'** કહે છે અને એ અર્થ પ્રાપ્ત કરાવતી શક્તિને **'અભિધાશક્તિ'** કહે છે.

જ્યારે શબ્દનો મુખ્ય અર્થ વાક્યમાં બંધ બેસે નહિ ત્યારે વાક્યનો સંપૂર્ણ અર્થ પામવા મુખ્ય અર્થ સાથે સંકળાયેલો નજીકનો બીજો અર્થ લેવામાં આવે છે. એને 'લાક્ષણિક' શબ્દ કહે છે. તેમાંથી ઘટાવવામાં આવેલા, લેવામાં આવેલા બીજા અર્થને **'લક્ષ્યાર્થ'** કહે છે. અને એ અર્થ પ્રાપ્ત કરાવતી શક્તિને **'લક્ષણાશક્તિ'** કહે છે.

જ્યારે શબ્દનો મુખ્ય અર્થ વાક્યમાં બંધ બેસે નહિ ત્યારે વાક્યનો સંપૂર્ણ અર્થ પામવા મુખ્ય અર્થ સાથે સંકળાયેલો નજીકનો બીજો અર્થ લેવામાં આવે છે. એને 'લાક્ષણિક' શબ્દ કહે છે. તેમાંથી ઘટાવવામાં આવેલા, લેવામાં આવેલા બીજા અર્થને **'લક્ષ્યાર્થ'** કહે છે. અને એ અર્થ પ્રાપ્ત કરાવતી શક્તિને **'લક્ષણાશક્તિ'** કહે છે.

જે શબ્દમાંથી વાચ્ય કે લક્ષ્ય અર્થથી પણ ભિન્ન એવો કોઈ અર્થ સ્ફુરતો હોય તેવા શબ્દને 'વ્યંજક' શબ્દ કહેવામાં આવે છે. એ પ્રકારે સ્ફુરેલા અર્થને **'વ્યંગ્યાર્થ'** કહેવામાં આવે છે અને એ પ્રકારનો અર્થ પ્રાપ્ત કરાવતી શક્તિને **'વ્યંજનાશક્તિ'** કહે છે.

એને આપણે નીચે મુજબ લખી શકીએ :

| **શબ્દ** | **અર્થ** | **શક્તિ** |
|---|---|---|
| વાચક | વાચ્યાર્થ/મુખ્યાર્થ | અભિધા |
| લાક્ષણિક | લક્ષ્યાર્થ/વિશિષ્ટાર્થ | લક્ષણા |
| વ્યંજક | વ્યંગ્યાર્થ/સર્વથા ભિન્ન એવો વિશિષ્ટ અર્થ | વ્યંજના |

મનુષ્યનો ભાષાવ્યવહાર માત્ર શબ્દના સામાન્ય અર્થથી હમેશાં ચાલતો હોતો નથી. શબ્દમાંથી આ વિશેષ અર્થ પામવાની અપેક્ષામાં જ શબ્દની વિશિષ્ટ શક્તિનો પરિચય થાય છે. વાચ્યાર્થને કારણે જોવા મળતી શબ્દની અભિધાશક્તિ સપાટી પરની છે તે સામાન્ય સમજ માટે પ્રયોજાતી હોય છે. બે સામાન્ય માણસોની વાતચીતમાં પણ ઘણી વખત વાચ્યાર્થની આગળ અર્થ પ્રગટાવવાનું કાર્ય માણસ કરતો હોય છે. ત્યારે શબ્દની શક્તિ નવો જ અર્થ ધારણ કરે છે. સાહિત્યનું તો આ કાર્ય જ છે. જેમ શબ્દની શક્તિ સૂક્ષ્મ અર્થમાં પ્રયોજાય તેમ સાહિત્ય વિશિષ્ટ પ્રકારનું, ધ્યાન ખેંચનારું બને છે. અભિધાશક્તિથી લક્ષણાશક્તિથી જે પ્રભાવ વાચક કે શ્રોતા પર પડે છે તેના કરતાં લક્ષણાશક્તિમાં વિશેષ, નોંધપાત્ર પ્રભાવ પડે છે અને વ્યંજનાશક્તિમાં તો વિશેષાધિક ગંભીર, હૃદયસ્પર્શી પ્રભાવ પડે છે. અભિધાશક્તિમાં કથનશૈલીનું ખાસ આકર્ષણ નથી. લક્ષણાશક્તિ સ્વચ્છંદ ભાવાવેગનો અવશ્ય પ્રભાવ રહે છે જ્યારે વ્યંજનાશક્તિમાં જે પ્રભાવ છે તે બુદ્ધિની ચાતુરીથી યુક્ત, સૂક્ષ્મ અને તેથી જ 'અપીલિંગ' હોય છે.

આ ત્રણ શક્તિઓ ઉપરાંત એક ચોથી શક્તિ પણ છે જેને 'તાત્પર્યશક્તિ' કહે છે. વાક્યમાં વિવિધ શબ્દોને જોડીને વાક્યાર્થ આપવાનું કામ તાત્પર્યશક્તિ કે તાત્પર્યશક્તિ કરે છે. આચાર્ય મમ્મટ શબ્દનો ચોથો અર્થ ... એમ કહી તાત્પર્યાર્થની વાત કરે છે. હકીકતમાં વાક્યમાં **આકાંક્ષા, યોગ્યતા** અને **સંનિધિ** ને લીધે પદના અર્થોનો સમન્વય થાય ત્યારે તાત્પર્યાર્થ પ્રગટે છે. તાત્પર્ય એટલે મતલબ, વિભિન્ન અર્થોમાંથી અંતિમ પ્રતિપાદન. તાત્પર્યશક્તિ વાક્યનું સારભૂત તત્ત્વ પ્રગટ કરે છે. તાત્પર્યનો સંબંધ વાક્ય સાથે જ્યારે અન્ય અર્થોનો સંબંધ મુખ્ય છે એ ભૂલવું ન જોઈએ. જે વિદ્વાનો તાત્પર્યવૃત્તિનો સ્વીકાર કરે છે તેઓ **'અભિહિતાન્વયવાદી'** – વાચ્ય (અભિહિત)નો અર્થ બહિરન્વય થવાનું જરૂર માને છે – કહેવાય છે. તેઓ તાત્પર્યવૃત્તિનો સ્વીકાર કરતા નથી અને એમ કહે છે કે વાક્યાર્થ માટે આવી ભિન્નવૃત્તિ માનવાની જરૂર નથી તેઓ **'અન્વિતાભિધાનવાદીઓ'** – દરેક શબ્દનો અર્થ બીજા શબ્દાર્થ સાથે અન્વિતરૂપે જ ભાસે છે. તેમના મત પ્રમાણે વાચ્યાર્થ એ જ વાક્યાર્થ છે. કેટલાક વિદ્વાનો આ બંને મતોનો સમન્વય કરે છે. તેઓ કહે છે કે શબ્દાર્થજ્ઞાન માટે **અભિહિતાન્વયવાદ** અને વાક્યાર્થજ્ઞાન માટે **અન્વિતાભિધાનવાદ** યોગ્ય છે. શબ્દાર્થનું જ્ઞાન કેવળ કોશ દ્વારા કે વડીલો મારફતે જ થતું નથી એ બધાના સમન્વયથી થાય છે એમ ગણવું ઉચિત છે. આ મત જો સ્વીકારીએ તો પછી તાત્પર્યશક્તિ નામે શબ્દની એક અલગ શક્તિ સ્વીકારવાની આવશ્યકતા રહેતી નથી.

**: આકાંક્ષા, યોગ્યતા અને સંનિતિ :**

વાક્ય જુદા જુદા શબ્દોનું બનેલું હોય છે. વ્યવહારભાષામાં કે સાહિત્યભાષામાં શબ્દો વાક્યમાં ચોક્કસ રીતે ગોઠવાઈને આવતા હોય છે. કોઈપણ વાક્ય અર્થપૂર્ણ ત્યારે જ બને જ્યારે વાક્યમાંના શબ્દો આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિથી જોડાયેલા હોય. તો આપણે આ ત્રણે શબ્દોને તેના સાચા સ્વરૂપમાં સમજવાનો પ્રયત્ન કરીએ.

**(1) આકાંક્ષા :**

એટલે અપેક્ષા, જિજ્ઞાસા, ઉત્સુકતા વગેરે. જ્યારે આપણે વાક્ય બોલીએ છીએ ત્યારે વાસ્તવમાં તો એક પછી બીજો એમ શબ્દો ઉચ્ચારતા હોઈએ છીએ. એક શબ્દનો ઉચ્ચાર થતાં સ્વાભાવિક રીતે જ બીજા શબ્દની આકાંક્ષા જન્મે છે. ઉ.ત. : વસંતઋતુમાં રંગરંગનાં ફૂલો અને પતંગિયાં જોવા મળે છે.' આ વાક્યમાં 'વસંતઋતુમાં' એ શબ્દ ઉચ્ચારતાની સાથે જ આકાંક્ષા જન્મે છે

તે ત્યાર પછીના શબ્દો વડે પૂરી થાય છે. એ આકાંક્ષા પૂરી થાય છે માટે જ વાક્યાર્થ સમજાય છે. જો ફક્ત 'વસંતઋતુ', 'હોડી', 'માણસ', 'ચંદ્ર', 'વૃક્ષ', 'આકાશ' એમ શબ્દો જ મુકાયા હોત તો તે શબ્દોની વચ્ચે કોઈ આકાંક્ષા પ્રગટતી નહિ હોવાથી વાક્યનો તાત્પર્યાર્થ સ્પષ્ટ થતો નથી. માટે વાક્યમાં પ્રત્યેક શબ્દ સાકાંક્ષ-આકાંક્ષાવાળો હોવો જરૂરી છે.

**(2) યોગ્યતા :**

એનો અર્થ છે ઔચિત્ય. શબ્દોના અર્થ વચ્ચે વિરોધ ન હોય, સુમેળ હોય તે સ્થિતિને યોગ્યતા કહેવાય. અસંગત કે પરસ્પર વિરોધી અર્થવાળા શબ્દો વાક્યાર્થને બાધક નીવડે છે. ઉ.ત. : 'તે સફરજન પીએ છે.' આ વાક્યમાં શબ્દો યોગ્ય રીતે પ્રયોજાયા ન કહેવાય. સફરજન પી શકાતું નથી. 'તે સફરજન ખાય છે.' એમ કહેવું જોઈએ. અલબત્ત, એમ જરૂર કહી શકાય કે 'તે સફરજનનો રસ પીએ છે' કારણ કે 'રસ પીવાની' એ શબ્દોમાં યોગ્યતા છે એમ કહેવાય.

**(3) સંનિધિ :**

એટલે નિકટતા. અહીં સમયની નિકટતા-સાતત્યની વાત છે. વાક્યમાં જે શબ્દો બોલાતા હોય તેમાં એ શબ્દોનું ઉચ્ચારણ અવિલંબે, તરત જ થાય તો જ વાક્ય સાર્થક (અર્થવાળું) બને. 'મહેશ અમેરિકા જાય છે' એ વાક્યમાં મહેશ, અમેરિકા, જાય છે — એ સઘળા શબ્દો ઝાઝો સમય ગુમાવ્યા વગર સ્વાભાવિક સમયસીમામાં ઉચ્ચારવા જરૂરી છે. ધારો કે એ પ્રત્યેક શબ્દ એકાદ કલાકના અંતરે કે એમ અનિયમિત રીતે ઉચ્ચારાય તો વાક્યાર્થ સમજાય નહિ. એકલો 'મહેશ' શબ્દ, આકાંક્ષા જન્મ્યા પછી કશું જ તરત જ બોલાય તો અર્થહીન છે. વળી 'મહેશ અમેરિકા' એમ બોલીને અટકી જઈએ તો શું સમજવું ? — તે જાય છે કે નથી જતો ? કશું સ્પષ્ટ થતું નથી. વાક્યમાંના શબ્દોના ઉચ્ચારણ વખતે સમયનું સાતત્ય અત્યંત જરૂરી છે.

આમ, આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિથી જોડાયેલા શબ્દાર્થો જ અખંડ વાક્યાર્થ આપી શકે. તેથી ઉચિત વાક્યરચનામાં આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ એ ત્રણે મુદ્દાઓ ધ્યાનમાં રહેવા જોઈએ.

**: અભિધા, લક્ષણા અને વ્યંજના :**

આપણે આગળ જોયું કે શબ્દમાં અર્થબોધ કરાવવાની શક્તિ રહેલી છે. શબ્દની આ શક્તિના ત્રણ પ્રકાર છે. **અભિધા, લક્ષણા અને વ્યંજના.** તેમનો વિગતે પરિચય કરીએ.

**(1) અભિધા :**

આચાર્ય મમ્મટ કહે છે : साक्षात् संकेतितं योऽर्थमभिधत्ते स वाचकः । — સાક્ષાત્ સંકેતિત અર્થને વ્યક્ત કરે છે તે 'વાચક' શબ્દ કહેવાય છે. તે મુખ્ય અર્થ છે. સાક્ષાત્ સંકેતિત અર્થ એટલે જેના બોધ વખતે બીજું કોઈ નડતર આવે નહિ અને નિશ્ચિત, સીધેસીધો જ અર્થ પ્રગટ થાય છે. ઉ.ત. : 'ગુલાબ'. એ શબ્દ સાંભળતાંવેંત એ વિશિષ્ટ નામવાળા નિશ્ચિત પ્રકારના પરિચિત ફૂલનો જ આપણને બોધ થાય છે. તો 'ગુલાબ' એ વાચક શબ્દ કહેવાય. આ વાક્ય અર્થ પ્રગટ કરનારી શક્તિ કે વ્યાપાર અભિધા કહેવાય છે. મમ્મટે એ માટે કહ્યું કે स मुख्योऽर्थस्तत्र मुख्यो व्यापारोऽस्याभिधोच्यते । અહીં 'મુખ્ય' શબ્દનો અર્થ 'મનમાં જેની પ્રતીતિ સર્વપ્રથમ થાય છે' — मुख्यः प्राथमिकः न तु प्रधानभूतः । તેવો અર્થ, સ્વકીય અર્થ, સ્પષ્ટ અર્થ, પ્રચલિત અર્થ.

અભિધાશક્તિનું મહત્ત્વ એ રીતે છે કે રોજિંદા જીવનમાં માણસ જે વાણીવ્યવહાર કરે છે તે મુખ્ય (પ્રાથમિક) અર્થનો આશ્રય લઈને જ કરતો હોય છે. અન્ય શક્તિઓ લક્ષણા અને વ્યંજના પણ સર્વપ્રથમ અભિધાશક્તિ-વાચ્યાર્થના પ્રવર્તન પછી જ પ્રતીયમાન અર્થ પ્રાપ્ત થાય છે. શબ્દના પ્રાથમિક, પ્રચલિત અર્થને ઓળંગીને તો અન્ય-લક્ષ્ય કે વ્યંગ્ય અર્થ મેળવી શકાય નહિ.

પંડિત જગન્નાથ વગેરે કેટલાક આલંકારિકો અભિધાશક્તિના ત્રણ પ્રકાર ગણાવે છે : (1)

યોગ, (2) રૂઢિ અને (3) યોગરૂઢિ. યોગ એટલે વ્યુત્પત્તિ દ્વારા પ્રાપ્ત થતો અર્થ.ઉ.ત. : વાચક – 'વાચ' ક્રિયાનો કરનાર. રૂઢિ એટલે પરંપરાથી પ્રચલિત અર્થ. તેની વ્યુત્પત્તિ શક્ય નથી. ઉ.ત. : વૃક્ષ, મંડપ, ઘોડો વગેરે.

**યોગરૂઢિ** એટલે યોગ અને રૂઢિ-વ્યુત્પત્તિ અને પરંપરા બંનેની મદદથી સમજાતો અર્થ. ઉ.ત. : 'પંકજ' શબ્દ. વ્યુત્પત્તિથી તેનો અર્થ પંક-કાદવમાં ઊગનાર કોઈપણ પદાર્થ અને પરંપરાથી તેનો અર્થ 'કમળ' નિશ્ચિત થયેલો છે. આમ યોગરૂઢિ પ્રકાર બને છે. અભિધા પરંપરિત અર્થપ્રદાનનો વ્યાપાર છે.

**(2) લક્ષણા :**

આમ તો માનવીનો રોજિંદો વાણીવ્યવહાર મુખ્ય તો અભિધાશક્તિ સાથે સંકળાયેલો રહ્યો છે, પરંતુ કેટલીક વાર શબ્દનો મુખ્ય અર્થ વાક્યમાં બંધબેસતો ન થાય ત્યારે એ શબ્દને એના મુખ્ય અર્થને મળતા બીજા કોઈ અર્થથી સમજવું જરૂરી બને છે. ઉ.ત. : 'મારું ઘર રસ્તા પર જ છે.' આ વાક્યમાં જણાવ્યા મુજબ ઘર રસ્તા પર કેવી રીતે હોય, એવો પ્રશ્ન જાગૃત શ્રોતાને તરત જ થવાનો. એટલે મુખ્ય અર્થ છોડીને 'રસ્તાની બાજુમાં' એવો નિકટનો અર્થ લેવો જરૂરી બને છે. આમ જેમાંથી 'લક્ષ્ય અર્થ' લીધો તે શબ્દને લાક્ષણિક અને એવો લાક્ષણિક અર્થ આપતી શબ્દશક્તિ 'લક્ષણા' ગણાય. અલબત્ત, ગમે ત્યારે ગમે તેવો લક્ષ્યાર્થ શબ્દમાંથી કાઢી ન શકાય કે ફાવે ત્યારે લાક્ષણિક પ્રયોગો કરી ન શકાય. કારણ કે જો એવું જ થાય તો ભાષામાં અતંત્રતા-અરાજકતા-અવ્યવસ્થા જન્મે.

લક્ષણા શબ્દશક્તિના પ્રવર્તન અંગે મમ્મટ કહે છે :

मुख्यार्थबाधे तद्योगे रुढितोडथ प्रयोजनात् ।
अन्योडर्थो लक्ष्यते यत्सा लक्षणारोपिता किया ॥

શ્લોકમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે લક્ષણા 'આરોપિત ક્રિયા' છે. તે પોતાની મેળે, સીધેસીધી પ્રગટ થઈ શકતી નથી. સૌ પ્રથમ પ્રગટેલો મુખ્ય અર્થ સ્વીકારી શકાય તેમ ન હોય ત્યારે જ લક્ષ્યાર્થ લેવામાં આવે છે. હવે શ્લોક જોઈએ. તે કહે છે –

(1) મુખ્ય અર્થનો બાધ થતો હોય.

(2) મુખ્ય અર્થ સાથે લક્ષ્ય અર્થનો સંબંધ હોય.

(3) શબ્દના લાક્ષણિક પ્રયોગમાં કાં તો રૂઢિ અથવા પ્રયોજનની પ્રેરણા હોય.

**(1) મુખ્યાર્થબાધ :**

મુખ્યાર્થબાધ એ લક્ષણાની મહત્ત્વની શરત છે. મુખ્યાર્થબાધ બે પ્રકારે થાય છે.

(1) શબ્દના આવશ્યક અર્થની અસંગતિને કારણે આપણા મનમાં બાધા ઉપસ્થિત થાય છે. ઉ.ત. : 'તેણે દિલ ખોલીને વાત કરી.' 'તેના માથે આભ તૂટી પડ્યું.' આ વાક્યોમાં શબ્દનો અન્વય કરવા જતાં જે અખંડ અર્થ આપણા મનમાં જાગે છે તે તદ્દન અસંભવિત લાગે છે. માટે તેને અન્વયબોધ કહેવામાં આવે છે.

(2) કેટલીક વાર મુખ્યાર્થ વાક્યના બીજા શબ્દો સાથે અસંગત ન હોય તો પણ વાક્યના તાત્પર્યની દૃષ્ટિએ લક્ષણાનો આશ્રય લેવો જરૂરી બને છે. ઉ.ત. 'કાગડાથી દહીં સાચવો.' આ વાક્યમાં દહીંને માત્ર 'કાગડાઓ'થતી જ નહીં, અન્ય પશુપંખીઓ જેમકે કૂતરાં, સમડી વગેરેથી પણ કાળજી લેવાની વાત છે.

(3) કેટલીક વાર શબ્દના મુખ્યાર્થથી વિપરીત અર્થમાં પણ લક્ષણા પ્રયોજાતી હોય છે. ઉ.ત. : 'વાહ, તમે તો સત્યવાદી હરિશ્ચંદ્ર !' આ વાક્યમાં અસત્યવાદી માટે કટાક્ષમાં બોલાયેલો શબ્દપ્રયોગ જોવા મળે છે.

**(2) તદ્યોગ :**

તદ્યોગ એટલે મુખ્યાર્થનો લક્ષ્યાર્થ સાથે સંબંધ. લક્ષણાપ્રવર્તનની આ આવશ્યક શરત છે. શબ્દનો મુખ્ય અર્થ બાધિત હોય ત્યારે આપણે લક્ષ્યાર્થ લઈએ છીએ. પરંતુ આ લક્ષ્યાર્થ એટલે કે બીજો અર્થ – ગમે તે તો ન જ લઈ શકાય. મુખ્યાર્થ સાથે સંબંધ ન હોય એવો કોઈ અર્થ લઈ ન શકાય. ઉ.ત. : 'તેઓ ગંગામાં વાસ કરે છે' આ વાક્યને એના એ જ અર્થમાં ન લેતાં વાચ્યાર્થને મળતો, વાચ્યાર્થ પરથી જ લક્ષમાં આવતો નજીકનો અર્થ લેવાનો છે. 'ગંગામાં વાસ' એટલે 'ગંગાતટે વાસ' એમ નજીકનો અર્થ લેવાનો છે. અહીં જોઈ શકાશે કે લક્ષ્યાર્થ વાચ્યાર્થથી ભિન્ન નથી. જે ભિન્નતા છે તે તો સ્પષ્ટતાની છે. લક્ષ્યાર્થ એ અર્થમાં વાચ્યાર્થનું વિકસિત સ્વરૂપ છે. એક બીજો દાખલો લઈએ : 'વન-ડે ક્રિકેટમાં ભારતે ઈંગ્લેન્ડને પછાડ્યું.' આમાં 'ભારતે' એટલે કે 'ભારતના ખેલાડીઓએ', 'ઈંગ્લેન્ડને' એટલે કે 'ઈંગ્લેન્ડના ખેલાડીઓને' હરાવ્યું. મુખ્યાર્થને બદલે લક્ષણા સ્વીકારવા પાછળ મુખ્યાર્થની સામે લક્ષણાનો કોઈક પ્રકારનો સંબંધ અવશ્ય હોય છે.

**(3) રૂઢિ અથવા પ્રયોજન :**

લક્ષણાની ત્રીજી શરત એ છે કે શબ્દનો લાક્ષણિક પ્રયોગ કાં તો રૂઢિ અથવા કાં તો પ્રયોજનની પ્રેરણા રહેલી છે. રૂઢિગત લક્ષણાને એક દૃષ્ટાંતથી સમજીએ : 'ધોળી ટોપી આવે છે', 'ભાલાઓ પ્રવેશે છે.' આ વાક્યોમાં કોઈ પ્રયોજન નહિ પણ રૂઢિ કારણભૂત છે. ભાષાના એ પ્રકારના લોકોના વપરાશથી-પરંપરાથી-રૂઢિથી આપણે સમજી જઈએ છીએ કે 'ધોળી ટોપી' એટલે ખાદીધારી, સમાજસેવક, કોંગ્રેસી (કે પછી ભ્રષ્ટાચારી !) એવો અર્થ સર્વસ્વીકૃત બને છે. 'ભાલાઓ' એટલે 'ભાલાધારી સૈનિકો' એમ રૂઢિ લક્ષણા માટે કારણભૂત બને છે.

પ્રયોજન સામાન્યતયા મુખ્યાર્થના ધર્મો લક્ષ્યાર્થ પર આરોપવાનું હોય છે. 'મારું ઘર રસ્તા પર જ છે' એમાં 'અત્યંત નજીક છે' એવું કહેવાનું પ્રયોજન છે. 'નદી માતા છે' એ વાક્યમાં માતાની નિઃસ્વાર્થતા એનું પાલન કે પોષણ કરવાનું પ્રયોજન નદી માટે પ્રયોજાયું છે તેમ સમજવાનું છે.

રૂઢિ પરંપરાગત અર્થ વિકસાવે છે, જ્યારે પ્રયોજન નવા અર્થને તક આપે છે. કોઈપણ લાક્ષણિક પ્રયોગ શરૂઆતમાં પ્રયોજનસર જ થયેલો હોય છે, પછીથી કાળક્રમે એ પ્રયોજન રૂઢ બની જતાં રૂઢિરૂપે કાર્ય કરે છે.

**લક્ષણાના પ્રકારો :**

કેટલાક વિદ્વાનો શુદ્ધ લક્ષણા અને ગૌણી લક્ષણા એવા બે વિશાળ વિભાગો પાડે છે. જ્યારે મમ્મટ લક્ષણાના છ પ્રકાર ગણાવે છે. આ વર્ગીકરણ નીચે મુજબ છે :

**લક્ષણા**

- **શુદ્ધા લક્ષણા**
  - ઉપાદાન લક્ષણા
  - લક્ષણ લક્ષણા
  - સારોપા લક્ષણા
  - સાધ્યવસાના લક્ષણા
- **ગૌણી લક્ષણા**
  - સારોપા લક્ષણા
  - સાધ્યવસાના લક્ષણા

આ વર્ગીકરણનો આધાર વાચ્યાર્થ અને લક્ષ્યાર્થના પરસ્પરના સંબંધના વિવિધ સ્તરો છે.

**(1) શુદ્ધા લક્ષણા :**

મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે સાદૃશ્ય સિવાયનો સંબંધ હોય ત્યારે તેને શુદ્ધા લક્ષણા કહે છે.

ઉ.ત. : 'રસ્તા પર મારું ઘર છે.'

રસ્તા પર – રસ્તાની સપાટી પર એ મુખ્યાર્થ

– રસ્તાની નજીક એ લક્ષ્યાર્થ

આમ, મુખ્યાર્થત અને લક્ષ્યાર્થ વચ્ચે સાદશ્યનો સંબંધ નથી. સામીપ્યનો સંબંધ થયો.

(2) ગૌણી લક્ષણા :

મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે સાદશ્યનો સંબંધ હોય ત્યારે તેને ગૌણી લક્ષણા કહે છે.

ઉ.ત. : 'નર્મદ સિંહ હતો.'

આ વાક્યમાં 'સિંહ' ના મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે સાદશ્ય (વીરતા, પરાક્રમ)નો સંબંધ છે.

**: શુદ્ધા લક્ષણાના પેટા પ્રકારો :**

(1) ઉપાદાન લક્ષણા, (2) લક્ષણ લક્ષણા (3) સારોપા લક્ષણા અને (4) સાધ્યવસાના લક્ષણા એમ શુદ્ધાલક્ષણાના ચાર પેટાપ્રકારો છે.

**(1) ઉપાદાન લક્ષણા :**

જ્યારે લક્ષણામાં વાચ્યાર્થ પોતે લુપ્ત થયા વગર પ્રતીતિ કે સિદ્ધિ અર્થે બીજા અર્તને સ્વીકારે ત્યારે તે ઉપાદાન-લક્ષણા બને છે. ઉપાદાન લક્ષણામાં શબ્દ પોતાના મુખ્યાર્થનો પૂર્ણપણે ત્યાગ નથી કરતો અને બીજો (નવો) અર્થ ઉમેરાય છે. ઉ.ત. : 'ભાલા પ્રવેશે છે.' ભાલા પ્રવેશે છે પણ સાવ એકલા પ્રવેશી શકતા નથી. માટે ભાલાનો લક્ષ્યાર્થ 'ભાલાધારીઓ' એમ લઈએ છીએ. 'ભાલા' એ મુખ્યાર્થ છે અને 'ભાલાધારીઓ' એ લક્ષ્યાર્થ છે. પોતાના મુખ્ય અર્થને તદ્દન છોડી દેતો ન હોવાથી ઉપાદાનલક્ષણા માટે 'અજહત્સ્વાર્થા' અથવા 'અજહલ્લક્ષણા' પણ કહે છે.

**(2) લક્ષણલક્ષણા :**

જ્યારે શુદ્ધ લક્ષણામાં શબ્દ પોતાના વાચ્યાર્થને ત્યજી દઈને બીજો અર્થ-લક્ષ્યાર્થનો સ્વીકાર કરે છે ત્યારે તેને લક્ષણ-લક્ષણા કહે છે. ઉ.ત. : 'સાબરમતી પર અમદાવાદ આવેલું છે.' આ વાક્યમાં 'સાબરમતી પર' એ શબ્દો મુખ્યાર્થ-વાચ્યાર્થ ત્યજી દે છે અને 'સાબરમતીના કિનારે' એવો લક્ષ્યાર્થનો સ્વીકાર કરે છે. પોતાના મુખ્ય અર્થને છોડી દેતો હોવાથી લક્ષણ-લક્ષણાને 'જહત્સ્વાર્થા' અથવા 'જહલ્લક્ષણા' પણ કહે છે.

**(3) સારોપાલક્ષણા (શુદ્ધા) :**

જ્યારે શુદ્ધા લક્ષણામાં એક વસ્તુનો બીજી વસ્તુ પર આરોપ કરવામાં આવ્યો હોય અને બંને વસ્તુઓ જુદી બતાવવામાં આવી હોય ત્યારે તેને સારોપાલક્ષણા કહે છે. ઉ.ત. : 'ઘી એનું આયુષ્ય છે' અહીં 'ઘી' પર 'આયુષ્ય' નો આરોપ કરવામાં આવ્યો છે અને આરોપનો વિષય અને જેનું આરોપણ થયું છે તે વિષયી બન્ને અલગ બતાવવામાં આવ્યાં છે. વળી એમની વચ્ચે સાદશ્ય સિવાયનો-કાર્યકારણનો સંબંધ છે. 'ઘી' જ એનું 'આયુષ્ય'-ટકાવી રાખનારું તત્ત્વ છે. માટે અહીં સારોપા શુદ્ધાલક્ષણા થઈ એમ કહેવાય.

**(4) સાધ્યવસાના-લક્ષણા (શુદ્ધા) :**

જ્યારે શુદ્ધા લક્ષણામાં એક વસ્તુનો બીજી વસ્તુ પર આરોપ કરવામાં આવે એટલે કે વિષયી વિષયને ગળી જાય (સમાવી લે)-અલગ બતાવવામાં ન આવે ત્યારે તે સાધ્યવસાના (શુદ્ધા) લક્ષણા બને છે. ઉ.ત. : 'આ પડીકીમાં એનું મોત છે.' અહીં વિષયી 'મોત' છે. તે 'દવા' કે 'પાવડર'ને ગળી ગયેલ છે. માત્ર મૃત્યુને જ શબ્દ વડે દર્શાવવામાં આવ્યું છે. 'મોત' શબ્દના મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે કારણકાર્ય (સાદશ્યથી ઈતર) સંબંધ હોવાથી સાધ્યાવસાના (શુદ્ધા) લક્ષણાનું ઉદાહરણ બને છે.

**: ગૌણી લક્ષણાના પ્રકારો :**

ગૌણી લક્ષણાના બે પ્રકારો : (1) સારોપા લક્ષણા (ગૌણી) અને સાધ્યવસાના લક્ષણા (ગૌણી).

**(1) સારોપા લક્ષણા (ગૌણી) :**

સારોપા (શુદ્ધા)ની જેમ સારોપા (ગૌણી) લક્ષણામાં એક વસ્તુનો બીજી વસ્તુ પરનો આરોપ અને બંને વસ્તુઓનો અલગ ઉલ્લેખ તો હોય જ છે. તફાવત ફક્ત એટલો જ છે. મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે સાદૃશ્યનો સંબંધ હોય છે. ઉ.ત. : 'મોહન ગધેડો છે.' આ વાક્યમાં 'મોહન' અને 'ગધેડો' વચ્ચે દેખીતી ભિન્નતા છતાં 'કમઅક્કલ'પણાને કારણે સાદૃશ્યનો સંબંધ મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે રહેલો છે.

**(2) સાધ્યવસાના લક્ષણા (ગૌણી) :**

એક વસ્તુનો બીજી વસ્તુ પર આરોપ કરવામાં આવે ત્યારે વિષયને વિષયીની અંદર સમાવી લેવામાં આવે છે અને વિષય-વિષયી વચ્ચે સાદૃશ્યનો સંબંધ હોય છે. ઉ.ત. : 'રાક્ષસ છે.' અહીં વિષયી વિષયને ગળી જાય છે. જેના વિશે વાત કરી છે તે માણસ (વિષય)ને 'રાક્ષસ'- એ બંનેને અલગ દર્શાવવામાં આવ્યા નથી. જે સંબંધ છે તે બંને વચ્ચે ક્રૂરતાનો, ભયાનકતાનો સંબંધ છે.

**(3) વ્યંજના :**

અભિધા અને લક્ષણાથી ભિન્ન વ્યંજના નામની શબ્દશક્તિનો પણ આલંકારિકો સ્વીકાર કરે છે. 'સાહિત્યદર્પણ' ગ્રંથમાં વિશ્વનાથે વ્યંજના શબ્દશક્તિની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે :

विस्तास्वभिधाद्यासु यथार्थो बोध्यते परः ।

सा वृत्तिर्व्यज्जना नाम शब्दस्यार्थादिकस्य च ॥

(**અર્થ :** અભિધા, લક્ષણા, તાત્પર્ય વગેરે શક્તિઓ પ્રવર્તીને વિરમી જાય ત્યાર પછી પણ કેટલીક વાર શબ્દમાંથી કે કાવ્યમાંથી કોઈ વિશિષ્ટ અર્થનો બોધ થાય છે. આ વિશિષ્ટ અર્થને વ્યંગ્યાર્થ કહે છે અને એનો બોધ કરાવનાર શક્તિ તે વ્યંજના છે.)

વ્યંજનાશક્તિનું કાર્ય શબ્દમાંથી તેમજ અર્થમાંથી વિશિષ્ટ શક્તિ પ્રગટાવવાનું છે. વ્યંગ્યાર્થને પ્રતીયમાન અર્થ પણ કહે છે. વ્યંજના અન્ય શબ્દશક્તિઓ કરતાં વિશિષ્ટ અર્થનો બોધ કરાવે છે.

અભિધાશક્તિ શબ્દના મુખ્ય અર્થનો બોધ કરાવે છે.

અભિધાશક્તિ શબ્દના મુખ્ય અર્થનો બોધ આપીને અટકી જાય છે એટલે અંશે એ સ્વતંત્ર શબ્દશક્તિ છે. સંકેતને કારણે અભિધા શબ્દનો સાક્ષાત્ અર્થ આપી શકે છે.

લક્ષણા સ્વતંત્ર શબ્દશક્તિ નથી. અભિધા પ્રવૃત્ત થઈ ચૂક્યા પછી મુખ્યાર્થનો બાધ થાય ત્યારે જ એ પ્રવૃત્ત થઈ શકે છે.

વ્યંજના અભિધાની સાથે સાથે જ પ્રવૃત્ત થઈ શકે છે. તે ઉપરાંત લક્ષ્યાર્થમાંથી પણ વ્યંગ્યાર્થ સ્ફુરી શકે છે. આમ, વ્યંગ્યાર્થ એ વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી ભિન્ન છે. વ્યંગ્યાર્થને પ્રકાશિત કરવામાં શબ્દની સાથે અર્થનું સહકારીપણું માનેલું છે. આમ, છતાં વ્યંગ્યાર્થ સ્ફૂરે છે તો શબ્દને જ આધારે. વળી ગમે તે શબ્દમાંથી ગમે તે વ્યંગ્યાર્થ સ્ફુરી શકે નહીં. શબ્દના વ્યંગ્યાર્થની પાછળ સહૃદયોની રસિકતા, એમની વિવક્ષા કે એમના કાવ્યાર્થજ્ઞાનરૂપી સંકેતને કારણભૂત માની શકાય. વાચ્યાર્થ સૌ કોઈને સમજાય છે જ્યારે વ્યંગ્યાર્થ સહૃદયતાની અપેક્ષા રાખે છે.

**વ્યંજનાના પ્રકારો :**

વ્યંજના શબ્દશક્તિના મુખ્ય બે પ્રકારો પાડવામાં આવ્યા છે : (1) શાબ્દી વ્યંજના અને (2) આર્થી વ્યંજના.

**(1) શાબ્દી વ્યંજના :**

જે વ્યંજના માત્ર શબ્દ પર આધારિત હોય એટલે કે શબ્દમાંથી જ્યારે વ્યંગ્યાર્થનો બોધ થાય ત્યારે તેવી વ્યંજના શાબ્દીવ્યંજના કહેવાય છે. શબ્દ વ્યંજક બને છે માટે શાબ્દી વ્યંજના.

શાબ્દી વ્યંજનાના બે પ્રભેદો-પેટા પ્રકારો છે :

(1) અભિધામૂલ વ્યંજના અને (2) લક્ષણામૂલ વ્યંજના.

અભિધામૂલ શાબ્દી વ્યંજનાની મમ્મટે આપેલી વ્યાખ્યા આ પ્રમાણે છે :

अनेकार्थस्य शब्दस्य वाचकत्वे नियन्त्रिते ।

संयोगाद्यैरवाच्यार्थधीकृद्व्यापृतिरज्जनम् ॥

**અર્થ :**

કોઈ એક શબ્દના અનેક અર્થ થતા હોય અને સંયોગ, સંદર્ભ વગેરેને કારણે એ અનેક અર્થોમાંથી કોઈ એક જ અર્થ નિશ્ચિત થતો હોય (એટલે કે એનું વાચકત્વ એક જ અર્થમાં નિયંત્રિત થઈ જાય) અને પછી વાચ્ય નહિ એવો જે બીજો અર્થ (વ્યંગ્યાર્થ) સ્ફૂરી રહે ત્યારે તેવા વ્યાપારને અભિધામૂલ વ્યંજના કહેવામાં આવે છે.

ઉ.ત. :

રામ – દશરથપુત્ર રામ અને પરશુરામ ('બલરામ' પણ થાય)

અર્જુન – પાંડુપુત્ર અર્જુન અને કાર્તવીર્ય અર્જુન

મકરધ્વજ – કામદેવ અને મગરના ચિહ્નવાળી ધ્વજા ('સાગર' પણ થાય)

કર – હાથ, કિરણ. (સૂંઢ અને દાણ-tax પણ અર્થો છે.)

અનુરાગ – રતાશ, પ્રમ

પયોધર – વાદળ, સ્તન

આ તમામ દાખલાઓમાં અનેકાર્થ શબ્દોના વાચકત્વને એક અર્થમાં નિયંત્રિત કરનારાં ૩ણાં તત્ત્વો છે. આ રીતે વાચકત્વ નિયંત્રિત થયા પછી બીજો અર્થ સ્ફુરે છે ત્યારે તે વાચ્યાર્થ ન કહેવાતાં વ્યંગ્યાર્થ કહેવાશે અને એ રીતે એ ઉદાહરણ **અભિધામૂલ શાબ્દી વ્યંજના**નું બને છે.

**અભિધામૂલ શાબ્દી વ્યંજના**માં વાચ્યાર્થ અભિપ્રેત હોય છે પરંતુ તેમાં વાચ્યાર્થ પ્રાધાન્ય નથી હોતું પણ તે દ્વારા સૂચિત થતા વ્યંગ્યાર્થનું પ્રાધાન્ય હોય છે તેથી આ વ્યંજના **'વિવિક્ષિતાન્ય પરવાચ્ય ધ્વનિ'** તરીકે પણ ઓળખાય છે. **લક્ષણામૂલ શાબ્દીવ્યંજના**માં વાચ્યાર્થ કે મુખ્યાર્થનો બાધ થતાં આપણે લક્ષ્યાર્થ લઈએ છીએ ત્યારે તે સ્વીકારવા માટે કોઈક તો પ્રયોજન હોય છે. આ લક્ષણાનો સ-પ્રયોજન પ્રયોગ કહેવાય. આ પ્રયોજનબોધ વ્યંજનાશક્તિ દ્વારા થતો હોઈ એને **લક્ષણામૂલ શાબ્દી વ્યંજના** કહે છે. ઉ.ત. :

'ગંગામાં ઝૂંપડું' – લક્ષ્યાર્થ : 'ગંગાતટે ઝૂંપડું.

પરંતુ એનો ફલિત વ્યંગ્યાર્થ : શીતળતા, પાવનતા, ધાર્મિકતા વગેરે.

લક્ષણમૂલ શાબ્દી વ્યંજનામાં વાચ્યાર્થ અભિપ્રેત નથી હોતો તેથી આ વ્યંજના **'અવિવક્ષિત વાચ્ય ધ્વનિ'** તરીકે પણ ઓળખાય છે.

**આર્થી વ્યંજના :**

જે વ્યંજના અમુક જ શબ્દ પર આધાર ન રાખતાં અર્થ પર જ આધારિત હોય છે તે આર્થી વ્યંજના કહેવાય છે. આર્થી વ્યંજનામાં અર્થ વ્યંજક હોય છે. આર્થી વ્યંજના સંયોગાદિ કારણોને લીધે થતો વ્યંગ્યાર્થ વ્યાપાર છે.

આચાર્ય મમ્મટ કહે છે તેમ બોલનાર વ્યક્તિ, ઉદ્દિષ્ટ (સાંભળનાર-સમજનાર) વ્યક્તિ, કાકુ

(ધ્વનિવિકાર), વાક્ય, દેશ, કાળ, સંદર્ભ-બીજાની સંનિધિ, પ્રસ્તાવ (પ્રકરણ), વાચ્યાર્થનું વૈશિષ્ટ્ય વગેરેને ગણાવે છે. આર્થી વ્યંજના વખતે ઉપર્યુક્ત નવમાંથી ક્યારેક એક કરતાં વધારે સંજોગો એકસાથે કામ કરતા હોય અથવા ચેષ્ટા એટલે કે હાવભાવની વિશિષ્ટતાથી વ્યંગ્યાર્થ પ્રગટ થતો હોય છે. આમાંથી ઘણાંખરાં તત્ત્વોને આપણે 'સંદર્ભ'ની વ્યાપક સંજ્ઞા નીચે મૂકી શકીએ.

ઉ.ત. : लीलाकमलपत्राणि गणयामास पार्वती । ('કુમારસંભવ')

અહીં જે સંદર્ભ છે તે નારદ ભગવાન શંકરના લગ્ન માટે પાર્વતીના પિતા હિમાલય સમક્ષ પ્રસ્તાવ મૂકે છે ત્યારનો છે. અહીં પિતા પાસે ઊભેલી પાર્વતીની ચેષ્ટા-કમળપત્રો ગણવાની – નું સૂચન છે અને તેમાંથી રમણીય વ્યંગ્યાર્થ પ્રગટે છે. નખ કરડવાની ક્રિયા (અસ્વસ્થતા), પગના અંગૂઠા વડે ભોંય ખોતરવાની ક્રિયા (અસમંજસતા, લજ્જા), (પોતાનો અંગૂઠો મોંમાં રાખી ઘણી વખત ચૂસ્યા કરવાની ક્રિયા (અસહાયતા, લાચારી) વગેરે વ્યંગ્યાર્થ પ્રગટ કરે છે.

અહીં એક સ્પષ્ટતા જરૂરી બને છે. વ્યંજના માત્ર શબ્દને કારણે હોય છે. આર્થી વ્યંજનામાં અર્થ વ્યંજક હોય છે પરંતુ અર્થ શબ્દના પ્રમાણથી જ સમજી શકાય છે. અર્થ પોતે શબ્દ પર જ આધાર રાખે છે. આમ આર્થી વ્યંજનામાં શબ્દની સહકારિતા હોય છે. તેવી જ રીતે શાબ્દી વ્યંજના શબ્દ પર આધારિત હોવા છતાં એ શબ્દ, સૂચિત તો અર્થને જ કરે છે અર્થાત્ શાબ્દી વ્યંજનામાં અર્થ કરતાં શબ્દનું મહત્ત્વ વધારે હોય છે.

## 1.5 સાહિત્ય સ્વરૂપો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોમાં (1) ઊર્મિપ્રધાન અને (2) કથાપ્રધાન કાવ્યરૂપો મુખ્ય છે. મોટેભાગે એ પદ્ય-સ્વરૂપો છે. ગદ્યસ્વરૂપમાં 'પૃથ્વીચંદ્રચરિત્ર' જેવી ગદ્યકથા, બાલાવબોધ, ઔક્તિક જેવા વ્યાકરણબોધના ગ્રંથો છે. આગળ ઉપર 'વચનામૃત' ને પ્રશ્નોત્તરમાળા' જેવા ધર્મસિદ્ધાંત-ચર્ચાના ગ્રંથો રચાય છે. 'પૃથ્વીચંદ્રચરિત'માંનાં ગદ્યવર્ણનોનો 'વર્ણક'નામે પ્રકાર ગદ્યમાં નોંધપાત્ર ખરો. પણ એ બધું ગૌણ, ને એનું સાહિત્ય પણ થોડુંક. એટલે મધ્યકાળમાં પદ્યસ્વરૂપો જ છે. પદ્ય ગદ્યને સ્થાને વપરાય છે. પદ્યવાર્તા એ પદ્યસ્વરૂપ નથી, પણ વાર્તાસ્વરૂપ છે. એટલે ગદ્ય-પદ્યનાં સ્વરૂપ એમ ગણવાનો અર્થ નથી. જૈન કાવ્યપ્રકારો અને જૈનેતર કાવ્યપ્રકારો એવા વિભાગ પડે છે; પણ ફાગુ, રાસ, પ્રબંધ, ચરિત, બારમાસી, વિવાહલુ, માતૃકા, કક્ક, પદ્યવાર્તા, ધવલ, ચચ્ચરી એ શું માત્ર જૈન કવિઓએ જ રચ્યાં છે ? રાસનો જ દાખલો લઈએ : 'સંદેશરાસક' જ અબ્દુર રહેમાનનો છે. જૈન-જૈનેતર દૃષ્ટિએ કંઈ કાવ્યવિભાગ ન પડે.

સાહિત્યના ઊર્મિકાવ્ય, મહાકાવ્ય ને નાટક એ ત્રણ પ્રકાર પડતા. નાટક તો મધ્યકાળમાં છે જ નહિ. મહાકાવ્યનું સ્થાન આખ્યાન જેવા કથાત્મક પ્રકારો લે છે. એટલે મધ્યકાળમાં ઊર્મિ-કવિતા અને કથાપ્રધાન કૃતિઓ એમ બે જ વિભાગ પડે. પદો એ ઊર્મિકવિતા; અને આખ્યાન-પદ્યવાર્તા-ફાગુ-રાસપ્રબંધ-ચરિત-બારમાસી, વિવાહલઉ એ સૌ કથાપ્રકારો છે.

**ઊર્મિકવિતા : પદકવિતા :**

પ્રેમભક્તિની ઊર્મિકવિતાએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદપ્રકારની રચના કરાવી છે. જ્ઞાન અને વૈરાગ્યના ભાવ પણ જ્યારે ઉત્કટ બને છે ત્યારે પદો રચાય છે. પદ એ મધ્યકાલીન ગુજરાતી ઊર્મિકવિતાનો વ્યાપક પ્રકાર છે. પદ એટલે ઊર્મિકાવ્ય એમ સરળતાથી કહી શકાય. પ્રાચીન ગુજરાતી કવિતામાં સૌ પ્રથમ પ્રાપ્ત થતા હેમચંદ્ર-સંપાદિત દુહામાં ઊર્મિનો ઉત્કટ ઉદ્‌ગાર મળે છે. એમાં પ્રેમ અને શૌર્યના ભાવોની ટૂંકી ઊર્મિકવિતા છે. એટલે દુહા એ ગુજરાતીની સૌ પ્રથમ મુક્તકરૂપ ઊર્મિકવિતા છે. પણ પછી સર્જાતા જૈન રાસ-ફાગુ-ચરિત-પ્રબંધ કથાકાવ્ય બની ગયાં છે. જૈન રાસ તો ઘૂમીને ગાવાનો હતો, પણ તેમાં કથાનો ભાર એવો કે તે કથાપ્રધાન દીર્ઘ કાવ્ય બની ગયા. ફાગુઓમાં પ્રેમની ઊર્મિ અને વસંત કે વર્ષાની પ્રકૃતિનો વિલાસ હોય છે, પણ તેય કથાયુક્ત દીર્ઘ કાવ્ય બને છે. સૌ પ્રથમ પ્રેમભક્તિનાં પદો અને દાર્શનિક પ્રભાતિયાં રૂપે ગુજરાતીની નિર્ભેળ ઊર્મિકવિતા નરસિંહનાં પદોમાં મળે છે. નરસિંહે જયદેવના 'ગીતગોવિંદ' માંથી પ્રેરણા લઈ પદો રચ્યાં હોય,

તોપણ તેની પૂર્વે પદ કે ગીતકાવ્યની કોઈ લુપ્ત રચનાઓ હોવી જોઈએ અથવા લોકગીતો હોવાં જોઈએ. પ્રેમભક્તિના ઉત્કટ ઊર્મિઉવાળમાંથી અને તેના બ્રહ્મદર્શનના આધ્યાત્મિક ભાવમાંથી નરસિંહનાં પદો અને પ્રભાતિયાં જેવી ઊર્મિકવિતા સર્જાય છે. ગુજરાતી ઊર્મિકવિતા-પદકવિતાની એ શુદ્ધને સાચી ગંગોત્રી છે. નરસિંહ ઊર્મિપદો ઉપરાંત ઊર્મિપ્રધાન પણ કથાતંતુયુક્ત પદમાળાઓ પણ આપે છે. તેના 'સુદામાચરિત્ર'ની પદમાળા જેવી કૃતિઓમાંથી જ આખ્યાન જેવો કથાકાવ્યપ્રકાર વિકસે છે. તેના અનુસંધાનમાં એક તરફ ભાલણ રામકૃષ્ણનાં વાત્સલ્યપદો રચે છે, બીજી તરફ ઊર્મિયુક્ત પદરૂપ 'દશમસ્કંધ' આપે છે, અને ત્રીજી તરફ કડવાંબદ્ધ આખ્યાનો રચે છે. નરસિંહ-ભાલણની ઊર્મિ-પદ-કવિતાને મીંરાઈનાં ઉત્કૃષ્ટ પદો વિકસાવે છે. પણ ત્યાં જ પદકવિતા અટકી જાય છે. આખ્યાન-સ્વરૂપ ચડી વાગે છે. પદો આખ્યાનનાં ભાવ-પ્રધાન કડવાં રૂપે જીવે છે. અખો જ્ઞાની કવિ, જ્ઞાનોર્મિકાવ્યની રચનાઓ આપે છે. તેનાં જ્ઞાન-કટાક્ષનાં પદો છપ્પારૂપે મળે છે, પણ છપ્પો એ ઊર્મિકવિતા નથી. 'ભાઈ ભક્તિ જે હેવી પંખિણી', કે 'અભિનવો આનંદ આજ અગોચર ગોચર હતું' જેવામાં આધ્યાત્મિક ઊર્મિકવિતા મળે છે. એ પછી ભાણદાસની ગરબીમાં પદકવિતાનું દર્શન થાય છે, તે પણ ઝાંખું. પ્રેમભક્તિની ઊર્મિકવિતાનો ઉછાળ અઢારમા શતકના રણછોડ-રાજે-રત્નામાં ધ્યાન ખેંચે છે. અને ત્યારથી મીરાં પછીની પ્રેમભક્તિનાં પદોની જે પરંપરા પૂરજોશમાં ખીલે છે તે દયારામમાં પરાકાષ્ઠાએ પહોંચે છે. પ્રીતમનાં પદો, ધીરાની કાફીઓ, નિરાંતનાં પદો, બાપુ ગાયકવાડનાં પદો ને રાજિયા, ભોજાના ચાબખા ચક્તિ-જ્ઞાન-વૈરાગ્યનાં પદો છે, તેમાં રાજિયા, ભોજાના ચાબખા ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનાં પદો છે, તેમાં ઊર્મિ કરતાં ચિંતન વિશેષ છે. આખીય જ્ઞાનમાર્ગી કાવ્યધારા વિચારપ્રધાન છે. એમાં ક્યાંક ક્યાંક તત્ત્વદર્શનની કવિતાનાં સુંદર પદો આવી જાય છે. કબીરપંથી સંતો જ્ઞાન-યોગની અનુભૂતિનાં પદો આપે છે. સ્વામીનારાયણીય કવિઓમાં વૈરાગ્યને જ્ઞાનબોધ સાથે પ્રેમભક્તિનાં પદાય ઉત્કૃષ્ટ છે. દયારામ જેવો દયારામ પ્રેમભક્તિની ઉત્કૃષ્ટ ઊર્મિ કવિતારૂપ ગરબીઓ સાથે ભક્તિ-શાંતરસનાં ભજનો-પદો અને જ્ઞાનબોધની કાફીઓ રચી ગયો છે.

ભક્તિસંપ્રદાયને કારણે ઊભી થયેલી પદપરંપરામાં મુખ્યત્વે ભક્તિની ઊર્મિ છે. ભક્તિ એ પ્રભુપ્રેમરૂપા છે, એટલે તેમાં પ્રભુનાં-ખાસ કરીને શ્રીકૃષ્ણનાં વિવિધ રૂપોની પ્રેમભક્તિનું ઊર્મિ-ગાન થાય છે. શિવ-શક્તિના ભક્તો પાસેથી વલ્લભના ગરબા જેવી અલ્પ-ઊર્મિ-કવિતા મળે છે.

પણ આ પ્રેમભક્તિનાં પદોની લીલોતરીએ મધ્યકાલીન ગુજરાતીની પ્રમુખ ઊર્મિકવિતા છે. એ પછી જ્ઞાન-વૈરાગ્યને આધ્યાત્મિક અનુભૂતિનાં પદોનું સ્થાન છે.

**પદ :**

પદ એ મધ્યકાલીન ગુજરાતી કવિતામાં ઊર્મિપ્રધાન, નાજુક, નાની, સુગેય કાવ્ય માટેની વ્યાપક સંજ્ઞા છે. પદ એટલે તો પંક્તિનુંય એક ચરણુ, પણ તેનો અર્થવિસ્તાર પંક્તિ, કડી, ચતુષ્પદી (ચોપાઈ), ષટ્પદી (છપ્પો) એ ક્રમે થતાં પદ એટલે અમુક કડીઓનું કાવ્ય એવો થયો છે. લઘુસ્વરૂપ અને ઊર્મિપ્રાધાન્ય એ પદનાં મુખ્ય લક્ષણ છે. ઊર્મિકવિતાનાં ભાવોદ્રિક, અંગત અનુભૂતિની સચ્ચાઈ, સુગેયતા, નાજુક ભાવ અને ભાષા-રચના, એક જ ભાવની કેન્દ્રીયતા જેવાં લક્ષણ મોટે ભાગે પદમાં હોય છે. કોઈ વાર પદમાં 'જળકમળ છાંડી જાને બાળા' જેવો નાનો પ્રસંગ યોજાય છે, ને એમાં સંવાદ હોય છે, ત્યારે તે પદ નાટ્યોર્મિકાવ્ય બને છે. તો નરસિંહનાં 'નીરખને ગગનમાં' જેવાં દર્શનનાં પ્રભાતિયાં ચિંતનોર્મિકાવ્ય બને છે. પદમાં આપણાં અર્વાચીન ઊર્મિગીતોની જેમ અલંકાર, રૂપક, પ્રતિરૂપ, પ્રતીકની રચના થાય છે. મીરાંનું 'જૂનું તો થયું રે દેવળ' કે 'દવ લાગ્યો રે ડુંગરિયે કાના કેમ કરીએ ?'માં રૂપક-પ્રતિરૂપ-પ્રતીકાત્મક યોજના સાહજિક રીતે થયેલી છે. 'તારણા ઓથે ડુંગર રે' જેવી કાફીઓમાં અવળવાણી હોય છે. નરસિંહ-મીરાં-દયારામનાં ઉત્તમ પદો ઊર્મિકવિતાની વ્યંજકતાનાં સારાં દષ્ટાંત છે. મોટે ભાગે કવિ ગોપીભાવે પોતાના હૃદયના અંગત એવા પ્રભુપ્રેમ-ભક્તિના ભાવો ગાય છે તેથી અનુભૂતિની ઉત્કટતા અને સ્વાભાવિક અભિવ્યક્તિ હૃદયંગમ હોય છે. તેના ઢાળો અને ભાષામાં લોકગીતોને લોક-બાનીની સુવાસ હોય છે. પરંપરાનાં જોરે ને લાગણી વિના રચાયેલાં પદો નીરસ અને ભાવહીન

બની જાય છે. સારાં પદોમાં પણ કેટલીકવાર અખિલાઈનું સૌંદર્ય નથી હોતું. નરસિંહ-મીરાંનાં આત્મચરિત્રાત્મક પદોમાં અંગત વિગતો હોય છે.

આ પદના અનેક પ્રકાર જુદા જુદા આધારે પડેલા છે. જૈન કવિઓ સ્તવન, સજ્જાય, વંદન, લાવણી, આરતી પ્રકારનાં પદો રચે છે. એ સર્વમાં ઇષ્ટદેવનું ભજન-કીર્તન હોય છે. જૈનેતર, પ્રેમભક્તિના કવિઓ ભજન, કીર્તન, સ્તુતિ, પ્રાર્થના, થાળ, આરતી ધોળ, હાલરડાં, મહિના, ગરબી, ગરબો, રાસ જેવા પદ-પ્રકારો યોજે છે. જ્ઞાનમાર્ગી કવિઓનાં પદોમાં પ્રભાતિયાં, છપ્પા, કાફી, તાજણા (સાટકા) ચાબખા, રાજિયા, રવેણી જાણીતા છે. હકીકતે પ્રભાતિયાં, છપ્પા, કાફી, રવેણી એ પદપ્રકાર એમની પદ્યરચનાને આધારે ઓળખાયેલા છે. બાકી એ જ્ઞાન-બોધનાં પદો જ છે.

હવે પદના વિવિધ મુખ્ય પ્રકાર જોઈએ.

**ભજન :**

ભજન એટલે ઇષ્ટદેવને ભજવા માટેનું પદ. ભક્ત ઇષ્ટદેવ પ્રત્યેનો ભક્તિભાવ-સંપૂર્ણ પ્રપત્તિભાવ રજૂ કરવા ભજનનો આશ્રય લે છે. ભજનમંડળીને ભજનિકોની એક પરંપરા કે સંસ્થા છે. ભક્તો ઇષ્ટદેવના પ્રતીક આગળ સમૂહમાં એકઠા થઈ પ્રભુની ભક્તિ કરતાં, પ્રભુના ગુણગાન ગાઈ પોતાની દીનતા પ્રગટ કરી પ્રભુની કૃપા યાચે છે. આ માટે જે પદો યોજાયાં છે તે ભજનો છે. ભજન એ પ્રભુશ્રદ્ધા અને ભક્તદીનતાનું ભક્તિભાવનાનું પદ છે. તેમાં સંસાર પ્રત્યેની વિરતિ, ભક્તિબોધ, પ્રભુમાર્ગની દૃઢતા, પૌરાણિક ભક્તો પર પ્રભુએ કરેલી કૃપાના ઉલ્લેખો હોય છે. ઇષ્ટદેવની સ્તુતિ પણ આપોઆપ થઈ જતી હોય છે. નરસિંહ, મીરાં, પ્રીતમ, ધનો, રણછોડ જેવા પ્રભુભક્તોનાં ભજનો માર્મિક હોય છે. ભજન ભક્તને ઘાયલ કરે એવી મર્મવાણી છે. ભક્તકવિ ભજન દ્વારા પ્રભુ સાથેનું સાન્નિધ્ય માણે, ભાવસમાધિનો અનુભવ કરે. રણછોડ ભગત પ્રભુની મૂર્તિ સામે ઊભા રહી સાહજિક ભાવસ્ફુરણ કરતા તે એમના ભક્તો નોંધી લેતા એમ કહેવાય છે. આવી નિર્વ્યાજને સાહજિક ભક્તિભાવની કવિતા ભજન છે. બાકી તો ભજનમંડળીમાં ગવાય તે ભજન એવી સમજ વ્યાપક થયેલી છે, તે યથાર્થ નથી. ભજનમાં ચૈત્યવંદન, સ્નાત્રપૂજા જેવાં જૈન પદોનો સમાવેશ થાય છે. જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ, સમર્પણભાવનાં ભક્તિપદો ભજનો છે. તેમ કબીરપથી ગુરુભક્તિના જ્ઞાનયુક્ત 'પ્યાલા' તથા દુનિયાના ભાવિનું વર્ણન કરતા 'આગમ' પણ ભજનો જ છે. 'કાચબા કાચબીનું ભજન' પણ એમાંના પ્રભુકૃપા-ગાનને કારણે ભજન કહેવાય છે.

'મુખડાની માયા લાગી રે' (મીરાંબાઈ), 'હરિનો મારગ છે શૂરાનો' (પ્રીતમ), 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે' ગેમલ, 'શીલવંત સાધુને વારે વારે નમીએ,' (ગંગા સતી), 'હું તો લળી લળી લાગું પાય' (અખો), 'જેને રામ રાખે રે' (ધીરો), 'દીનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશો મા' (કેશવ) વગેરે પ્રેમભક્તિનાં જાણીતાં ભજનો છે.

**કીર્તન :**

કીર્તન એ ભજનનો જ પદપ્રકાર છે; તેમાં કીર્તન-સ્તવન-સ્તુતિનું પ્રાધાન્ય હોય છે. ઇષ્ટદેવનું ગુણકીર્તન, સ્વરૂપવર્ણન, કૃપાવર્ણન, લીલાવર્ણન વિશેષ હોય છે. જે ભજનોમાં આ પ્રભુ-પ્રશંસાનો અંશ વિશેષ તે કીર્તન કહેવાય. મંગળા-શણગાર-ભોગ-થાળ-આરતી-શય્યા-હિંડોળાનાં પદોમાં આરાધ્યદેવનું કીર્તન હોય છે; તે બધાં ય ભજન-કીર્તનમાં સમાવિષ્ટ થતાં સુગેય સમૂહગીતો છે.

**પ્રભાતિયાં :**

પ્રભાતિયાં આમ તો ભજન-કીર્તન જ છે, પણ તેની ત્રણ લાક્ષણિકતાઓને કારણે તે પ્રભાતિયાં કહેવાય છે : (1) તે પ્રભાતમાં ગાવાના પ્રભાત રાગ કે ઝુલણા છંદમાં રચાય છે; (2) તેમાં પ્રભાવે ઊઠવાનું ને જીવનજાગૃતિનું સંબોધન-ઉદ્‌બોધન હોય છે; (3) પ્રભાતમાં થતા ઇષ્ટદેવસ્તવનના ઇષ્ટદેવનું ભજન-કીર્તન હોય છે.

નરસિંહનું 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' એ જાણીતું પ્રભાતિયું તેનું ઉત્તમ દૃષ્ટાંત છે. તેમાં 'જાતને જાદવા' કહી આપણ સૌને જાગવાનું સંબોધન છે, જાદવનું કીર્તન છે, તે પ્રભાતિયાના ઝુલણા

છંદમાં છે. રણછોડ તેનાં આવાં પદોને ‘પ્રભાત સ્તવન’ કહે છે તે સુયોગ્ય છે. આ પ્રભાતિયામાં નરસિંહે પછી તો ‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ’, ‘નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો’ જેવી દાર્શનિક કવિતા આપી, અને ‘રાત રહે જ્વાહરે, પાછલી ખટ ઘડી’માં ભક્તિબોધ કર્યો ત્યારથી તે જ્ઞાનમાર્ગી કવિતા બની ગઈ. હકીકતે નરસિંહનાં ‘જાતને જાદવા’ કે રણછોડનાં ‘જાગતું જાગ તું, અંધમતિ આળસુ’ જેવાં પ્રભાતિયાં જ તેના અસલ નમૂના છે.

**થાળ :**

ઈષ્ટદેવને ભોગ-થાળ ધરાવવાના પ્રસંગે પ્રભુને એ થાળ જમવાની વિનંતિ કરતું તેમ પ્રભુની ગુણવર્ણના કરવા સાથે થાળની વાનગીઓની યાદી આપતું ભજન-કીર્તન તે થાળ છે. એમાં કોઈ વાર રણછોડ જેવા ‘જમતાં મુખ ન્યાળું રે’ જેવાં મંગલ ભાવચિત્રનાં સચન કરે છે. કેટલાક ભક્તો વાનગીની સમૃદ્ધિથી ભગવાનને લલચાવે છે, તો કેટલાક દીનતાથી. એ રીતે ય ભક્તિનો જ આશય છે. પુષ્ટિમાર્ગે આ થાળ-શણગાર-આરતીને કાવ્યમાં બહુ પ્રચાર્યાં છે.

**આરતી :**

આરતી એ તો ઈષ્ટદેવની આર્તભક્તિ, ભક્તની ભગવાન માટેની આરતનું પદ છે. તેની સાથે પ્રાતઃ-સાય દેવપૂજાની આરતીનો પ્રસંગ જોડાયો એટલે તેમાંથી આર્તવાણી ચાલી ગઈ અને ઈષ્ટદેવના જય જયકારના નાદ વધી ગયા. ભારતીય ધર્મોના સર્વ સંપ્રદાયોમાં આરતીનો ભવ્ય પ્રસંગ મંદિરની સંસ્થાનું મુખ્ય લક્ષણ બની ગયો છે. સંધ્યા-આરતીનું દશ્ય મનોહર હોય છે. આરતીએ સમૂહમાં ગાવાનું કીર્તન છે, જેમાં ઈષ્ટદેવના અવતાર, પરાક્રમ, રૂપગુણનું વર્ણન-સ્તવન કરતાં તેનો જય જયકાર ગજવવામાં આવે છે. શિવાનંદ સ્વામીની આરતીઓ જાણીતી છે.

**હાલરડાં :**

હાલરડાં એ બાળકૃષ્ણ કે બાલરામને હિંડોળે કે પારણે ઝુલાવતી વખતે ગાવાનાં વાત્સલ્યભાવનાં પદો છે. પુષ્ટિસંપ્રદાયનાં કૃષ્ણના બાલસ્વરૂપની આરાધના માટે એ જરૂરી છે. ‘માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે રે લોલ’ જેવાં હાલરડાં ભક્તિમાર્ગીય છે. લોકગીતોમાં પણ ‘તમે મારા દેવના દીધેલ છો,

તમે મારા માગીને લીધેલ છો,

આવ્યા ત્યારે અંમર થઈને રહો...’ જેવાં હાલરડાં છે. તેમાંબાલભાવનાં મધુર વાત્સલ્યચિત્રો, અને ભાવવાહી લયવાહી ગીત-રચના હોય છે.

**પ્રાર્થના :**

ભક્ત ભાવપૂર્વક પ્રભુને કશી પ્રાર્થના-યાચના કરે ત્યારે તે પદ પ્રાર્થના કહેવાય છે. પ્રાર્થના એ સ્તુતિ, ભજન-કીર્તન જેવો જ એક પ્રકાર છે, પણ તેમાં યાચનાનું તત્ત્વ વિશેષ હોય છે. પ્રબંધ-કથા-કાવ્યોના આરંભમાં મંગલાચરણરૂપે પ્રાર્થના આવે છે. તો વિવિધ ઈષ્ટદેવોને ઉદ્દેશીને પ્રાર્થના થાય છે. સંસ્કૃત સ્તોત્ર જેવી આ ગુજરાતી પ્રાર્થના છે.

**ગરબી-ગરબો-રાસ :**

ગરબી-ગરબો-રાસ એ ત્રણેય સમૂહમાં વર્તુળાકારે ઘૂમીરમીને નાચવાગાવાનાં તાલબદ્ધ સુગેય પદો છે. એમાં કવિતા, સંગીતને નૃત્યનો મધુર સમન્વય થાય છે. જીવનના ઉલ્લાસનાં એ નૃત્યગાન છે. ગરબી-ગરબો એ શક્તિભક્તિનાં ગીત છે, તો રાસ કૃષ્ણના રાસનાં ગીત છે. ગરબી અને રાસ ઊર્મિપ્રધાન છે, ગરબો કથાત્મક નિરૂપણપ્રધાન છે. ગરબી-ગરબો બંને વચમાં ગરબો મૂકીને રમાય છે, અથવા તો નવરાત્રિમાં દીવા મૂકીને શણગારેલી ગરબી કે માંડવડીની આજુબાજુ ઘૂમીને રમતાં ગવાય છે. દયારામની ગરબીઓ રાધા-કૃષ્ણ-ગોપી-વિષયક પ્રેમભક્તિની નાજુક ઊર્મિકવિતા છે. ગરબીમાં એક નાજુક ઊર્મિ રસપૂર્વક કલાઘાટ પામે છે. સુગેયતા, અભિનયક્ષમતા, રસિકતા, ઊર્મિપ્રધાનતા, ઉક્તિ કે સંવાદનો ઉપયોગ, ચાતુરી ને માધુરી, ગીતની વ્યંજકતા અને સંક્ષિપ્તતા એ ગરબીનાં મુખ્ય લક્ષણો છે. ગરબી નાની ને નાજુક છે. ગરબો મોટો ને કથાપ્રધાન છે. વલ્લભ મેવાડના

ગરબા અંબાજી, બહુચરાજી, મહાકાળીનાં રૂપગુણ-પરાક્રમનાં સવિલાસ વર્ણન કરે છે. એ શક્તિ-ભક્તિની સ્તુતિ અને કીર્તનની રચનાઓ છે. પછી એણે રચેલા કજોડાં અને કળિકાળના ગરબા બતાવે છે કે ગરબામાં સામાજિક વસ્તુની ચર્ચા આવી શકે.

સ્ત્રીઓ ગાય તે ગરબો, ને પુરુષો ગાય તે ગરબી એ ભેદ સાચો નથી. બંને સ્ત્રીપુરુષો ગાય છે. દયારામ તેની ગરબીઓ બેઠેબઠે ને તંબૂરા પર ગાતો હતો.

ગરબી એ પ્રેમભક્તિનું સુગેય સમૂહગેય નૃત્યક્ષમ નાજુક ઊર્મિગીત છે.

ગરબો શક્તિભક્તિનું સુગેય સમૂહગેય નૃત્યક્ષમ પાત્રલક્ષી લાંબું વર્ણનકાવ્ય છે.

રાસ ગરબી જેવું જ રાધાકૃષ્ણની લીલા ગાતું દાંડિયા, તાલી વગેરેથી સમૂહમાં ગવાતું રમાતું ગોપગાન છે. ભાગવતની 'રાસ-સહસ્ત્રપદી' એનું મૂળ છે.

ગરબી અને રાસ આંતર તત્ત્વે એક જ છે. દયારામની ગરબી જેવાં ઊર્મિગીતોને નાનાલાલ 'નાના નાના રાસ' કહે છે.

**રાસ-રાસડો :**

રાસ અને રાસડાનું સ્વરૂપ સમજવા ગરબી અને ગરબાનો ભેદ લક્ષમાં રાખવો જોઈએ. રાસ ઊર્મિપ્રધાન છે, રાસડા કથાત્મક વર્ણનપ્રધાન છે. જૈન રાસાઓ તેમ રાસડા પણ ઐતિહાસિક વિષયનાં સળંગ લાંબાં વર્ણનકાવ્યો છે. જસમા ઓડણ, કાદુ મકરાણી, ભાથીજી જેવાં લોકપ્રિય પાત્રોના રાસડા ગવાય છે. તેને પવાડા (પ્રશંસાનાં કાવ્યો) કહી શકાય. શામળનો 'અભરામ કુલીનો પવાડો' એ રાસડાપ્રકારનું પ્રશસ્તિકાવ્ય છે.

**બારમાસી :**

**મહિના (માસ)-તિથિ-વાર : (ઋતુકાવ્યો)**

બારમાસી એ જૈન કાવ્યપ્રકાર છે. તેમાં રાજુલ-નેમીનાથના વિરહ જેવા વિરહના બારમાસનાં પ્રકૃતિ અને પ્રણયનાં ચિત્રો અને સંવેદનો અભિવ્યક્ત થાય છે. ફાગુના જેવી આ રચના બાર કે તેર માસનો ભાવયુક્ત વર્ણનવિસ્તાર દાખવે છે, તેમાં વર્ષાનું ચિત્રણ આકર્ષક હોય છે. પતિ કે પ્રિયતમના વિરહમાં ઝૂરતી નાયિકાનાં માસે માસે ઉત્કટ બનતાં વિરહસંવેદનોનો મધુર આલેખ બારમાસી, મહિના કે માસમાં મળે છે. પ્રકૃતિની ભૂમિકામાં પ્રણયનું આલેખન થાય છે. 'નેમિનાથ ચુતુષ્પદિકા' (વિનયચંદ્ર) સ્થુલિભદ્ર-બારમાસા (હીરાણુંધ્સૂરિ), નેમિનાથ-રાજિમતી-બારમાસ (જયવંતસૂરિ) જૈન બારમાસીઓ છે.

હિંદુ માસ-મહિના રાધાવિરહના બાર માસ હોય છે, તેમાં દુષ્કાળમાં અધિક માસ જેવો વિરહનો અધિક માસ હોય છે. પણ મોટે ભાગે એ તેરમા પુરુષોત્તમ માસમાં પુરુષોત્તમ આવી મળે છે. અને નાયિકાનો વિરહ ભાંગે છે. પ્રેમભક્તિના મહિનાની આ પ્રકૃતિ છે અને તેમાં રત્નાના બારમાસ ઉત્તમ ગણાય છે. પ્રેમભક્તિના બધા કવિઓ મોટે ભાગે, માસ લખે છે.

પ્રેમના મહિના જેમ, જ્ઞાની કવિઓ જ્ઞાનના મહિના રચે છે. પ્રીતમ, સારંગદાસ વગેરેના જ્ઞાન-મહિના જીવ-પરબ્રહ્મના વિરહને આલેખી બંનેના અદ્વૈતનો માર્ગ વર્ણવે છે.

આ માસમાં કથાવસ્તુ તો નહિ જેવું જ હોય છે. મુખ્યત્વે પ્રણયને પ્રકૃતિનું જ ગીત છે.

માસની જેમ 'તિથિઓ' પણ વિરહવર્ણનની પંદર તિથિઓ છે. 'વાર' એવા થોડા દિનનું વર્ણન છે.

દયારામ 'ષડ્ઋતુ વર્ણન' લખે છે, તે કાલિદાસના 'ઋતુસંહાર' જેમ છ ઋતુમાં વિરહવર્ણન કરે છે.

આ સઘળાં વિરહકાવ્યો છે, તેમાં વિપ્રલંભશૃંગારનાં ચિત્રોને સ્થાન છે. અને એ બધામાં 'વહાલાજીના મહિના' ગવાય છે.

આ ઋતુકાવ્યો વિરહગાન છે. પ્રકૃતિકાવ્ય પણ છે. થોડા શા કથાના તાંતણે વળગેલી ઊર્મિકવિતા છે.

**ફાગુ :**

ફાગુ એ જીવનના ફાગને ગાતું પ્રાચીન જૈન કાવ્યસ્વરૂપ છે. સંસ્કૃત 'ફલ્ગુ' ઉપરથી 'ફાગુ' આવ્યો છે. એ સૂચવે છે તેમ તેમાં ફાગણવસંતનો વિલાસ ગવાય છે. આજે પણ 'ફાગ' ગવાય છે. હોળી-વસંતના પ્રકૃતિરંગો અને રોમાંચક-રંગદર્શી જીવનના ઉલ્લાસનાં મદન અને વસંતનાં ગીતો એટલે ફાગ. એ અભિનયથી સમૂહમાં ગવાય. ફાગ-ફટાણાં એની વિકૃતિ છે. જૈન કવિઓએ તો ફાગુમાં જિનચંદસૂરિ, સ્થૂલિભદ્ર, નેમિનાથ, જંબુસ્વામી જેવાં ધાર્મિક ચરિત્રોને વર્ણવ્યાં છે. તો એ કેમ ? મદન-વસંતનો એ ધાર્મિક મુનિઓ સાથે શો સંબંધ ? વસંતવિલાસ એ જૈન મુનિઓનાં શીલની કસોટી કરવા આવે છે, એમાં વસંતને બદલે વર્ષાના સૌંદર્યનું વર્ણન હોય છે, તોય તે કહેવાય છે તો ફાગુ જ. સ્થૂલિભદ્રને તપની કસોટી માટે પૂર્વાશ્રમની પ્રેમિકા વેશ્યા કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવાનું થાય; કોશાના યૌવન-સૌંદર્ય અને વર્ષાના પ્રકૃતિસૌંદર્ય વચ્ચે સ્થૂલિભદ્રનું શીલ અભંગ રહે અને કોશા પણ દીક્ષા લે. એ 'સ્થૂલિભદ્રફાગુ'નું કથાનક. 'નેમિનાથફાગુ'માં નેમિનાથ ચાલી જતાં તેમને વરી બેઠેલી રાજુલની વિરહકથા પ્રકૃતિના પરિવેશમાં અપાઈ છે, ફાગુની મધ્યમાં વસંતવિલાસ ઊછળે છે, પણ અંતે તો સંયમશ્રી જ આવે છે. એ પ્રકૃતિ અને જીવનના મદન-વસંતનો વૈભવ વર્ણવી અંતે દીક્ષા-સંયમ-કેવળ જ્ઞાનનો માર્ગ ઉપદેશતાં કાવ્યો છે.

એમાં 'વસંતવિલાસ' ફાગુ અપવાદરૂપ છે. એ જીવનની વસંતનું રંગદર્શી ઉલ્લાસગાન છે. યુવક-યુવીઓનાં પ્રેમી યુગ્મોનો વસંતવિલાસ એમાં ગવાયો છે. એ માત્ર સંભોગ શૃંગારનું કાવ્ય છે. ધર્મનો એમાં અંશ નથી; માત્ર પ્રણયનું અને પ્રકૃતિનું વિલાસી ગાન છે. કાવ્ય તરીકે તેની કક્ષા ઊંચી છે. એનું પ્રણયગાન, પ્રકૃતિસૌંદર્ય, યૌવનરાગ, સંસ્કૃત ને ગુજરાતી શ્લોક-કડીનું શિષ્ટ ભાષાસ્વરૂપને એમાં છલકાતી રંગદર્શી કવિતા 'વસંત-વિલાસ' ને શ્રેષ્ઠ ફાગુ ઠરાવે છે. અન્ધાર્મિક, અને જીવનના ઉલ્લાસની કૃતિ તરીકે તથા ચમત્કૃતિયુક્ત કાવ્યરચના તરીકે તે નોંધપાત્ર છે. પણ 'ફાગુ' કાવ્યની પરંપરામાં અપવાદરૂપ છે.

**માતૃકા : કક્કો**

માતૃકા ને કક્ક કે કક્કો એ વર્ણાક્ષરો પરનાં બોધકાવ્યો છે. માતૃકા 'અ' થી શરૂ કરીને, તો કક્કો 'ક' થી શરૂ કરીને, મોટે ભાગે એ વર્ણે એક કડીનો ધર્મ-નીતિ-બોધ આપતું ઉપદેશ કાવ્ય છે. એ સુભાષિતાવલિઓ છે. આખ્યાનકારો યથાવકાશ 'પ્રહ્‌લાદાખ્યાન' જેવામાં પ્રહ્‌લાદની નિશાળના પ્રસંગમાં કક્કો મૂકી દે છે. જ્ઞાની કવિ તો કોઈ ભાગ્યે જ એવો હોય, જેણે જ્ઞાનકક્કો ન લખ્યો હોય. અખો, ધીરો, પ્રીતમ, જીવણદાસ જ્ઞાનોપદેશના કક્કા આપે છે. નરવેદસાગરે તો 'સિદ્ધાંત બાવની' નામનો કૈવલ જ્ઞાન સંપ્રદાયનો સિદ્ધાંત-ગ્રંથ આવા મોટા પાયા પરના કક્કામાં રચ્યો છે.

કક્કો એ નૈતિક બોધકાવ્ય છે.

**વિવાહલઉ : વિવાહ**

પ્રાગ્—નરસિંહયુગમાં ને તે પછી જૈનકવિઓએ જૈનમુનિના દીક્ષાપ્રસંગનાં-મુનિ સંયમશ્રીને વરે એ વિવાહનાં જે કાવ્યો લખ્યાં તે વિવાહલઉ કહેવાય છે. એ જૈન સંપ્રદાયના દીક્ષા-વર્ણન-કાવ્ય છે. એને વિવાહનું રમ્યરૂપ આપ્યું છે એ જ. સંયમસુંદરી સાચે સાધુ પરણે તે માંગિક પ્રસંગે વિવાહલઉ શોભે.

આ પરંપરામાં જૈનેતર કવિઓએ 'શિવવિવાહ' 'રુક્મિણી-વિવાહ', 'તુલસીવિવાહ' લખ્યાં છે, તેમાં ખરેખર વિવાહનું વર્ણન હોય છે.

વિવાહલઉ એ ધાર્મિક પ્રસંગકાવ્ય છે.

**રાસ-રાસો પ્રબંધ : (ધર્મચરિતકાવ્યો)**

નાનાં ઊર્મિકાવ્ય 'રાસ' થી ભિન્ન એવાં આ રાસ-રાસઉ-રાસો એ ગુજરાતીનો જૂનાનાં જૂનો જૈન ધાર્મિક કથાકાવ્યોનો પ્રકાર છે. અબ્દુરરહેમાનનું 'સંદેશરાસક' 'રાસક' નામે ઓળખાય છે, પણ તે રાસ નથી, સંદેશકાવ્ય છે. અલબત્ત રાસ-રાસોનો મૂળ સંસ્કૃત શબ્દ 'રાસક છે. રાસ એ સમૂહમાં ખેલાતું ગવાતું સુગેય કથાકાવ્ય છે. મળે ઊર્મિપ્રધાન નાના રાસ જ આગળ જતાં કથાપ્રધાન બન્યા હશે, જેમ ઊર્મિપ્રધાન નાની ગરબી વર્ણનપ્રધાન ગરબા બની. રાસો એ જૈન ધાર્મિક કથાપ્રધાન કાવ્ય છે. અપભ્રંશ મહાકાવ્યનું એ અનુસરણ લાગે છે. પહેલાં એ સળંગ બંધની રચના હશે. પછી એ 'કડવાં' અને 'ભાષા' નામક ખંડોમાં વહેંચાઈ. 'રાસક' એક છંદનું નામ છે, માત્રામેળ, જાતિઓનું પ્રકાર છે. એટલે રાસ-રાસોમાં સુગેય છંદરચના, નૃત્ય-અભિનય-ક્ષમતા અને કથાપ્રધાનતા એ ત્રણ લક્ષણ ગણાય.

જૈન રાસામાં ધર્મકથા વર્ણવાય છે. 'ભરતેશ્વર બાહુબલિ-રાસ' માં ઋષભદાસના એ બે પુત્રોના ધર્મ-યુદ્ધની કથા છે. તો 'સપ્તક્ષેત્રિરાસ'માં તીર્થવર્ણન છે. 'રેવંતગિરિરાસ' માં ગિરનાર પરનાં જૈનતીર્થોનું કથાનક છે. 'નેમિનાથરાસ' ને 'ગૌતમસ્વામીરાસ' એ બંને ધર્મપુરુષોનાં ચરિત્ર છે. પછી જૈનકવિએ 'પંચ પાંડવચરિતરાસ' લખ્યો તે હિંદુધર્મના કથાનકનો છે.

આ રસોમાંથી જ પ્રેરણા લઈને જૈનેતર કવિઓએ ધર્મપ્રધાન આખ્યાનો રચ્યાં. રાસો એ જૈન ધર્મકથાકાવ્યો છે, આખ્યાન એ હિન્દુ ધર્મનાં કથાકાવ્યો છે : બંને સુગેય રચનાઓ છે.

જૈન ધર્મવિષયક પ્રબંધ અને ચરિત્ર એ પણ રાસો જ છે. 'કુમારપાલપ્રબંધ', 'વિમળપ્રબંધ' એ પ્રબંધ નામે છે, તો એવી જ વસ્તુરચનાના 'વસ્તુપાલ-તેજપાલ રાસ', 'સસરા રાસુ' કે 'પેથડ રાસુ' રાસ તરીકે ઓળખાય છે. એટલે તત્ત્વતઃ પ્રબંધ અને રાસમાં ભેદ નથી. એ બંનેમાં ઐતિહાસિક ધર્મપુરુષોનાં ચરિત્ર વર્ણવાયાં છે. 'પૃથ્વીચંદ્રચરિત' એ ગદ્યકથા 'ચરિત' કહેવાઈ છે. તો 'રૂપચંદકુંવરરાસ', 'માધવાનલકામકંદલારાસ' જેવી પદ્યવાર્તાઓને 'રાસ' નામે ઓળખાવી છે. પદ્યવાર્તાને રાસ કહેતાં દૃષ્ટિ રાસ જેવી લાંબી સળંગ પદ્યરચનાના બંધની હશે. એટલે રાસ એ પદ્યરચનાનો એક પ્રકાર ગણીને કોઈ પણ લાંબી સળંગ સુગેય રચના માટે વપરાયો લાગે છે.

જૈન પ્રબંધ કરતાં જુદી પ્રકૃતિનો છે પદ્મનાભકૃત 'કાન્હડદે પ્રબંધ'. એમાં ઐતિહાસિક વીરપુરુષની કથા છે. એટલે કુમારપાળ, વિમળ જેમ કાન્હડદેની ઐતિહાસિક કથાને પણ પ્રબંધ કહી છે. પ્રબંધ એટલે ઐતિહાસિક ચરિત્રકાવ્ય.

રાસ, પ્રબંધ, ચરિત, એ ત્રણે લાંબા સળંગ ધાર્મિક-ઐતિહાસિક કથાકાવ્યો છે. એમાં ધર્મમહિમા અને તત્કાલીન સમાજના વાતાવરણનું ચિત્ર તેમ જ સાચો ઇતિહાસ નહિ તો દંતકથામિશ્રિત ઇતિહાસ પણ એનું મુખ્ય લક્ષણ બને છે.

આખ્યાન પૂર્વેના એ મહત્ત્વના કથાપ્રધાન કાવ્ય-પ્રકારો છે.

'રૂપચંદકુંવરરાસ' જેવામાં રાસ શબ્દ તે પદ્યરચનાનો દ્યોતક છે. તેવી લૌકિક કથાઓને ભલે રાસ કહ્યા પણ તે પદ્યવાર્તા જ છે. ભીમનું 'સદયવત્સચરિત' એ સદેવંત સાવલિંગાની લોકકથા જ છે. ચરિત્ર કે પ્રબંધ નથી.

**આખ્યાન :**

જૈન કવિઓના ધાર્મિક ચરિત્રાત્મક રાસોના અનુસંધાનમાં હિંદુ આખ્યાનકારોનાં આખ્યાનો રચાયાં છે.

વૈષ્ણવ ધર્મના પ્રચારે જનતા સમક્ષ પૌરાણિક ભક્તિ-સાહિત્ય-ભક્તચરિત્રો રજૂ કરવાનું આવશ્યક બન્યું. ભાગવતના શ્રીકૃષ્ણનાં ચરિત્ર મહાભારત અને અન્ય પુરાણોમાં પણ છે એટલે મહાભારત અને પુરાણોમાંથી ધાર્મિક ભક્તચરિત્રાત્મક કથાઓ-ઉપાખ્યાનોને વિષય બનાવીને આખ્યાનોની રચના કરવામાં આવી. એમાં રામચરિત્રના ને રામભક્તિના આકર્ષેણ રામાયણને પણ આખ્યાનબદ્ધ કરવાની પ્રેરણા આપી. ભગવાનની કૃપાના ચમત્કારોની કથા વર્ણવવી હતી, એટલે

પહેલાં પૌરાણિક ભક્તિ-કથાઓ અને પછી નરસિંહ જેવાં ઐતિહાસિક ભક્તોનાં ચરિતો પણ આખ્યાનના વિષય બન્યા. સગાળશા-આખ્યાન જેવાના વસ્તુમાં સગાળશા એ લોકખ્યાત લોકકથાના 5ાત્રને પૌરાણિક કર્ણના અવતાર તરીકે વર્ણવી લોકકથા-પુરાણકથાના મિશ્રણમાંથી પણ આખ્યાન બનાવ્યું. નરસિંહે પોતાની આત્મચરિત્રાત્મક પદમાળા અને 'સુદામાચરિત્ર' જેવી પદમાળાઓ દ્વારા આખ્યાનનું બીજારોપણ કર્યું, એની સાથે જ આખ્યાનના કથાવસ્તુના મુખ્ય બે પ્રકાર (1) પૌરાણિક ભક્તચરિત અને (2) ઐતિહાસિક ભક્તચરિત પ્રચારમાં આવી ગયા. એ પરંપરા સાદ્યંત ચાલી. મહાભારત, રામાયણ, ભાગવતાદિપુરાણોને આખાં ને આખાં પર્વ-કાંડ-અધ્યાયવાર આખ્યાનબદ્ધ કરી લોક સમક્ષ ધરી દેવાનો ઉદ્યમ નાકર-વિષ્ણુદાસે કર્યો; પણ લોકોને એ ભારે પડ્યું, એટલે આખ્યાનકારોએ એ મહાકાવ્યોમાનાં ઉપાખ્યાનો-ભક્તચરિત્રોનાં સ્વતંત્ર આખ્યાન રચ્યાં, અને તેમાં કાવ્યત્વ અને લોકપ્રિયતાની દૃષ્ટિએ સફળતા સારી મળી. આમ, આખ્યાન એ સૌથી વધુ લોકપ્રિયને કાવ્યક્ષમ પ્રકાર નીવડ્યો.

આખ્યાન એ મધ્યકાળનો સૌથી વધુ લોક5્રિય ને કાવ્યક્ષમ ધાર્મિક કથાકાવ્યપ્રકાર છે. એથી આખ્યાનના પિતા ગણાતા ભાલણની 'કાદંબરી' આખ્યાનના ઢાંચામાં હોવા છતાં આખ્યાન નથી; તેમ અખા-નરહરિની ગીતાઓ આખ્યાનમાં બાંધી હોવા છતાં ધર્મકથા-કાવ્યના અભાવે આખ્યાન નથી. રાસની પદ્યરચના કે બાહ્ય આકૃતિ જેમ કેટલીક પદ્યવાર્તાઓને લાગવાથી એ જૈન રાસ નથી બનતી; તેમ આખ્યાનની બાહ્ય આકૃતિ 'કાદંબરી' કે ગીતાઓને હોવાથી એ આખ્યાન નથી થતી.

આખ્યાન એ મધ્યકાલનો મહાકાવ્ય પ્રકાર છે. એમ એવી સમજ સાથે કહી શકું કે મધ્યકાળમાં મહાકાવ્યની ક્ષમતાનું દ્યોતક એ એક માત્ર કાવ્ય-સ્વરૂપ છે. આખ્યાન એ સંસ્કૃત મહાકાવ્યથી ઊતરતો એવો કાવ્યપ્રકાર છે, કારણ કે એમાં જીવનનું ઉદાત્ત દર્શન અને મહાકવિતા ઊતર્યાં નથી. પણ એ મર્યાદા આખ્યાન કવિઓની છે, આખ્યાન-સ્વરૂપની નહિ, 'નળાખ્યાન'માં પ્રેમાનંદ આખ્યાનની મહાકાવ્યક્ષમતાની ઝાંખી કરાવે છે. આખ્યાનનું ઉચ્ચ ધાર્મિક કથાવસ્તુ, ઉદાત્ત ચરિત્રો, વર્ણન, અલંકાર અને રસનિરૂપણ મહાકાવ્યનાં તે અંગોના પ્રકારનાં જ છે.

આખ્યાનને મહાકાવ્ય અને ખંડકાવ્ય વચ્ચેનો પ્રકાર કહેવામાં આવ્યો છે, પણ ખંડકાવ્યનું સ્વરૂપ કોઈ રીતે આખ્યાનને મળતું નથી. આખ્યાન મહાકાવ્યને અનુસરનારો પણ મહાકાવ્યની કક્ષાએ પહોંચવામાં નિષ્ફળ ગયેલો કાવ્યપ્રકાર છે. આખ્યાનનું લોકપ્રિય કથાસ્વરૂપ, પ્રત્યક્ષ કથનશૈલી, શ્રવણગમ્ય દેશીબદ્ધ ગેયતા અને લોકોની ધર્મબુદ્ધિ તથા રસિકતાને પોષવાની વૃત્તિ તથા આખ્યાનકારોની કવિત્વશક્તિની મર્યાદાને કારણે આખ્યાન મહાકાવ્ય ન બની શક્યું. મધ્યકાળની પ્રજાકીય યુગચેતના અને કાવ્યપ્રવૃત્તિની ધર્મ પ્રચારાત્મક દૃષ્ટિની મર્યાદા પણ એમાં જવાબદાર ગણાય.

આખ્યાનનું માળખું આવું છે : આરંભ અને અંતની લાક્ષણિકતા, દેશીબદ્ધ પદ્યરચના અને મુખબંધ-ઢાળ-વલણથી સુબદ્ધ શોભતાં કડવાં એ આખ્યાનમાં બાહ્ય લક્ષણો છે. આરંભમાં આખ્યાનકાર ઇષ્ટદેવ સ્તવન, ગણેશ-શારદાને વંદન કરી પોતાના કાવ્યનું નામ પાડી આખ્યાનના કથામૂળનો નિર્દેશ કરી પોતાના કાવ્યમનોરથને વ્યક્ત કરે છે. તેમ અંતે આખ્યાનકાર કાવ્યની ફળશ્રુતિ વર્ણવી, કાવ્યની રચના સંબંધી તારીખ, કાવ્યપૂર ને રાગ જેવી વિગત આપી 'શ્રોતાજન બોલો શ્રીહરિ' જેવાં વચનો કાઢી કાવ્ય સમાપ્ત કરે છે. આખ્યાનની પદ્યરચના માત્રામેળ છંદો પરથી બનેલી ચોપાઈ, હરિગીત, સવૈયા, દોહરા જેવા છંદોની દેશીઓની બનેલી છે. કડવાના આરંભના મુખબંધ કે રાગના ભાગમાં ત્રિપદી દેશી મોટે ભાગે વપરાય છે. કડવું એ આખ્યાનનું વિશિષ્ટ અંગ છે. આખ્યાનને કડવામાં વહેંચવામાં આવે છે. મહાકાવ્યના સર્ગ, તેમ આખ્યાનનાં કડવાં કથામાં સુયોજિત રીતે ખંડો પડે કુતૂહલ જળવાઈ રહે, એક કડવામાં એક પ્રસંગ કે કથાઅંશ પૂરો થાય એ રીતે પાડવામાં આવે છે. કડવાના આરંભમાં રાગ કે મુખબંધના પ્રથમ મુખ જેવા ભાગમાં કથાઘટકની પ્રસ્તાવના થાય છે, બીજા ઢાળના ધડ જેવા ભાગમાં કથાપ્રસંગ વર્ણવાય છે અને ત્રીજા પગ જેવા વલણ કે ઉથલાના ભાગમાં કવિકડવાનો સારાંશ આપવા સાથે આગલા કડવાના કથાનું વસ્તુ સૂચવી, 'વધુ રસિક ભાગ આવતા કડવામાં' એવી આગાહી કરી, ઢાળ કરતાં જુદી દેશીમાં કડવાનો અંત લાવે છે. કડવું મોટે

ભાગે મુખબંધ (મોઢિયું, રાગ), ઢાળ અને વલણ (ઉથલો) એ ત્રણ અંગોથી સુશોભિત, શિર-ધડ-પગ જેવી માનવઆકૃતિ જેવું, હોય છે. એ ત્રણે અંગોમાં પ્રથમ ભાગના અંત્યચરણનું બીજા ભાગના પ્રથમ ચરણ તરીકે આવર્તન થાય છે. એથી વસ્તુ કે ભાવ ઘૂંટાય છે. કેટલાંક કડવામાં આ ત્રણમાંથી એક કે બે અંગ નથી હોતાં. જેમાં કથાભાર ઝાઝો છે એવાં કેટલાંક કડવાં માત્ર ઢાળનાં જ બનેલાં હોય છે. જ્યાં વસ્તુ ભાવપ્રધાન હોય છે, ત્યાં કડવું પદરૂપ બની જાય છે. પ્રેમાનંદના 'નળાખ્યાન'માં 'મોસાળ પધારો રે' એવું પદરૂપ કડવું છે.

દયારામ 'કડવાં' ને બદલે 'મીઠા' શબ્દ વાપરે છે.

મને લાગે છે કે જેને આપણે આખ્યાનમાં બાહ્ય લક્ષણો તરીકે ઓળખીએ છીએ તે આરંભઅંતની લાક્ષણિકતા, દેશીબદ્ધતા કે કડવાબદ્ધતા એ માત્ર આખ્યાનની જ લાક્ષણિકતાઓ નથી. કોઈપણ લાંબી કૃતિમાં આરંભમાં મંગળાચરણને અંતે ફળશ્રુતિ-કવિપરિચય હોય છે. મધ્યકાલીન પદો સિવાયની બધી પદ્યરચનાઓ દેશીબદ્ધ છે, માત્ર આખ્યાન જ નહીં. કડવાં પણ મહાકાવ્યના સર્ગ જેવી, કડવાબદ્ધ અપભ્રંશના મહાકાવ્યના 'કડવાં' અને રાસ કાવ્યોના 'કડવાં' તથા 'ભાષા' ને મળતી ને તેમાંથી જ ઊતરી આવેલી લાક્ષણિકતા છે. એટલે માત્ર આખ્યાનનું પોતાનું જ કહી શકાય એવું એક લક્ષણ નથી.

આખ્યાન આખ્યા છે તે તેના ધાર્મિક ભક્ત-ચરિત્રાત્મક કથાનક અને તેના મહાકાવ્ય પરંપરાનાં રસનિરૂપણ, ચરિત્રચિત્રણ, વર્ણન, અલંકાર અને જ્ઞાન-ભક્તિ-બોધની સંયુક્ત એવી આંતર સંપત્તિથી. ગુજરાતીકરણ કે સમકાલીન રંગપુરણી આખ્યાનમાં ધ્યાન ખેંચે છે, પણ તે એનું ખાસ લક્ષણ ન કહી શકાય. આખ્યાનનાં રસનિરૂપણ, ચરિત્રચિત્રણ, વર્ણન અને અલંકારરચના મહાકાવ્ય-પરંપરાની છે તે તેની વિશેષતા છે. આખ્યાનનું પ્રાણતત્ત્વ ધાર્મિક કથાનક છે. એથી આખ્યાનની કથા ભગવાનના ભક્ત પરની કૃપાના ચમત્કારોથી ભરેલી હોય છે, તેમાં ભક્તિની ઝરમર વરસતી જ હોય છે. મુખ્ય ચરિત્ર ઉદાત્ત હોય છે. મહાકાવ્યની જેમ આખ્યાનનું વસ્તુ ખ્યાત, પૌરાણિક કે ઐતિહાસિક હોય છે, વિશેષમાં ધાર્મિક હોય છે. આપણાં રામાયણ, મહાભારત, ભાગવતાદિ પુરાણો અને ઐતિહાસિક ભક્તોનાં ઉદાત્ત ચરિત્ર આખ્યાનના વિષય બને છે. 'નળાખ્યાન', 'સુદામાચરિત્ર', 'મામેરું' એનાં દૃષ્ટાંત છે. આવા કથાનકને કારણે આપોઆપ આખ્યાનનાં નાયક-નાયિકા ધીરોદાત્ત-ધીરગંભીર હોય છે. પાત્રો લોકોને હૈયે રમતાં લોકોત્તર, દૈવી, ભક્ત છે. ખલનાયક રાક્ષણ કોટિનો કે અન્ય દુષ્ટાત્મા હોયછે. સત-અસતનો સંગ્રામ ચાલે છે, સત્યનો જય થાય છે. આખ્યાન એ ધર્મના વિજય અને અધર્મના પરાજયની કથા છે. જે વસ્તુનાં મહાકાવ્ય બનતાં તેનાં જ આખ્યાન બન્યાં હતાં. આખ્યાનકાર માવજત મહાકાવ્યની આપે છે, પણ કાવ્યસ્તર મહાકાવ્ય-કોટિએ પહોંચતું નથી. આખ્યાનમાં રસનિરૂપણ બીજાં કાવ્યરૂપોના પ્રમાણમાં ઉચ્ચકક્ષાનું હોય છે. શૃંગાર, વીર, ભક્તિ, શાંત, કરુણ મુખ્યત્વે નિરૂપાય છે. હાસ્યનું પણ આકર્ષણ રહે છે. પ્રેમાનંદ જેવા રસનિષ્પત્તિ અને રસસંક્રાંતિમાં અપૂર્વ કૌશલ દાખવે છે. આખ્યાનમાં વર્ણનો મહાકાવ્યનાં વર્ણનો જેવાં, પણ ચીલાચાલુ હોય છે. અલંકારસમૃદ્ધિ પણ પ્રેમાનંદ જેવા તો 'નળાખ્યાન'માં, નળ દમયંતી-વર્ણન જેવામાં, મહાકાવ્યની જેમ દાખવે છે. વિભૂષિતને આલંકારિક ભાષા પણ આખ્યાનનું લક્ષણ છે. સારા આખ્યાનકવિ આમાં કવિત્વ દાખવે છે, નબળા તો રૂઢિગત વર્ણન-અલંકારથી ચલાવી લે છે. ગુજરાતીકરણના કીમિયાથી પ્રેમાનંદે પોતાનાં પાત્રોને જીવંત, સ્વાભાવિક ને લોક-પ્રિય બનાવ્યાં છે, પણ તેમ કરીને પૌરાણિક પાત્રોના ગૌરવને હાનિ પહોંચાડી છે અને નરસિંહવિષયક આખ્યાનોનાં પાત્રોને સજીવ બનાવ્યાં છે. વસ્તુના નિરૂપણમાં પણ આખ્યાનકવિ પોતાના સમયના સમાજજીવનના રંગો પૂરે છે. આવું ઘણાંખરાં પ્રબંધકાવ્યોમાં બને છે. પણ જ્યારે મધ્યકાલીન ગુજરાતની ભૂમિકા પર કથાચરિત્રો મંડાયેલાં હોય છે ત્યારે ગુજરાતીકરણ ઉપયોગી ને વાસ્તવિક લાગે છે, પૌરાણિક કથામાં મધ્યકાલીન સમાજજીવનના રંગો કાલવ્યતિક્રમદોષ લાવે છે, અવાસ્તવિક લાગે છે.

આખ્યાન એ ચોકમાં બેસી માણભટ્ટે માણના તાલ સાથે સામાન્ય શ્રોતાઓને ધર્મકથાલાભ સાથે શિષ્ટ મનોરંજન આપવાનો લોકમંગલલક્ષી લોકપ્રિય કથાકાવ્યપ્રકાર છે. એથી એની કથાશૈલી પ્રત્યક્ષ અને માંડીને વાત કહેવાની વ્યાખ્યાનશૈલીની હોય છે, કથા મુખ્ય હોઈ કાર્યવેગ સારો હોય છે.

પીઠિકા-પ્રસંગ, પરંપરાને પરાકાષ્ઠા અને ઉપસંહાર એ એનો ઉપક્રમ છે. એમાં ઝીણું કાંતવાનો અવકાશ નથી. સૂક્ષ્મ ભાવો ને ઉચ્ચ કલ્પનોને સામાન્ય લોકો સમજે નહિ. લોકગમ્યતા એનું નિયામક તત્ત્વ રહે છે. મણિભટ્ટ પોતાના કંઠ અને આંગળીઓના કામણ સાથે વાચિક-શારીરિક અભિનયનું આકર્ષણ વધારી આખ્યાનને લોકપ્રિય બનાવે છે. મનોરંજનને વાર્તારસ સાથે બોધ તો પદ્યવાર્તા પણ આપે, પણ તેથી ધર્મલાભ શો થાય ? આખ્યાન તો ધર્મલાભ, નીતિબોધ સાથે પવિત્ર વાર્તારસ આપે તેથી લોકોને તે બહુ ગમ્યાં. આપણને તદુપરાંત તેની ઊંચી કાવ્યસપાટી માટે ગમે. પદ્યવાર્તા એ કંઈ કાવ્ય નથી, કથામાત્ર છે.

સંસ્કૃત અપભ્રંશ મહાકાવ્યના અનુસંધાનમાં જૈન રાસ રચાયા, એવા જૈનેતરોનાં-હિંદુઓનાં એ પરંપરાનાં કથાકાવ્યો આખ્યાન થયાં.

નરસિંહની આત્મચરિત્રાત્મક ને 'સુદામાનાં પદો' ની પદ-માળામાં આખ્યાનનાં બીજ દેખાય છે. ભાલણ આખ્યાનને કડવા-બદ્ધ દેશીબદ્ધ ધાર્મિક કથાકાવ્યનું રૂપ આપે છે, 'નળાખ્યાન' – 'દશમસ્કમ' જેવા નમૂના સાથે. નાકર કડવામાં ઉથલો પૂરી તેનો ઘાટ પૂરો કરે છે, અને મહાભારતનાં પર્વો ઉતારી, મૂળ કથામાં મૌલિક ફેરફારોને સમકાલીન જીવનરંગ ઉમેરી, ઢગલાબંધ આખ્યાન આપી આખ્યાનના સ્વરૂપને સ્થિર કરી વિકસાવે છે. વિષ્ણુદાસ જેવા એમાં સૂર પુરાવી નરસિંહ-જીવનનાં આખ્યાનો આપી એને આગળ ધપાવે છે. નાકરયુગના સઘળા આખ્યાનકારોને છેલ્લે વિશ્વનાથ જાની પ્રેમાનંદનાં આખ્યાનોના મુસદ્દા તૈયાર કરી આપે છે. પ્રેમાનંદ આખ્યાનની કલાત્મક આકૃતિ અને રસપૂર્ણ અંતર સાથે ઉત્તમ આખ્યાનો આપી આખ્યાનને પરાકાટિએ પહોંચાડે છે. ત્યાર પછી આખ્યાનનો ખાસ કોઈ વિકાસ થયો નથી, કે ઉત્તમ આખ્યાન મળ્યું નથી. છેલ્લે ગિરધરના લોકપ્રિય 'રામાયણ' સાથે આખ્યાનનો ઇતિહાસ પૂરો થાય છે.

**પદ્યવાર્તા (લૌકિક કથા) :**

પદ્યવાર્તા એ બિનધાર્મિક અને રોમાંચક કથાપ્રકાર છે. એ પદ્યમાં છે, તેથી કાવ્ય નથી, તે સાદ્યંત વાર્તા છે. ક્યાંક ક્યાંક કવિતાનાં તત્ત્વો આવે, તેમાં સમસ્યા ને છપ્પા આવે પણ તે બધાં વાર્તાને અનુષંગે જ. જ્યારે સાહિત્યરચનામાં પદ્ય જ વપરાતું ત્યારે વાર્તા પદ્યમાં રચાઈ; તે 'પદ્યવાર્તા' છે; પણ તેથી તેની કાવ્યસપાટી 'પદ્યનાટક' જેવી ઊંચી નથી થતી. પદ્યવાર્તા એ પદ્યનાટકની જેમ કવિપ્રતિભાનો ઉન્મેષ નથી. પદ્યવાર્તા એ વાર્તા છે, મોટે ભાગે કવિતાની ચમક વિનાની; અને તેનો ઉદ્દેશ જનમન-રંજન છે. બોધ તો તે કાળે બધી કૃતિઓમાં આવતો તેમ તેમાં પણ આવે. એટલે પદ્યવાર્તા વાર્તારસ ભેગો ઉપદેશ પાઈ દે. પણ પદ્યવાર્તાનો ઉપદેશ આખ્યાનના ભક્તિ-જ્ઞાન-બોધ જેવો ધાર્મિક નહિ, પણ વ્યાવહારિક અને નૈતિક. પદ્યવાર્તા એ કાળે આ અજાયબ જગતનાં નરનારીની ચાતુરી અને નરનારીનાં ચરિત્રની વાર્તાઓ વર્ણવી સાદી ભાષામાં વ્યવહારવિવેકની એકબે વાત કહી દે.

પદ્યવાર્તા બિનધાર્મિક છે, એ વાત બૂમ પાડીને કહેવામાં આવે છે. મધ્યકાળનું મોટા ભાગનું સાહિત્ય ધાર્મિક છે. તેમાં અપવાદરૂપ થોડીક કૃતિઓ ખરી; પદ્યવાર્તાનો તો આખો પ્રકાર જ બિનધાર્મિક છે. એટલે તેને 'લૌકિક કથા' કહે છે. ધર્મ-પ્રધાન આખ્યાનાદિ તો અ-લૌકિક-પારલૌકિક શ્રેયની વાતો કરનારાં; જ્યારે પદ્યવાર્તા તો ઇહલોકનાં રાગરંજન, પ્રેમ-પરાક્રમ, વ્યવહારચાતુર્ય, શાણપણની વાર્તા કહે. એમાં આ લોકનાં ચરિત્ર અને કા લોકનું વાતાવરણ. પણ આ 'લૌકિક કથા' આપણી આજની નવલકથા જેવી લૌકિક કથા નથી; એ તો અ-લૌકિક સૃષ્ટિ છે, જાદુઈ દુનિયા છે, માયાલોક છે. અદ્‌ભુત રસની એ સૃષ્ટિમાં પાત્રો વિવિધ સિદ્ધિઓ ધરાવે છે, દૈવી-રાક્ષસી-રાજકુલનાં પાત્રો તેમ ગણિકાઓ સૌ ચમત્કારી શક્તિ ધરાવે છે. યુવકો અને યુવતીઓ પ્રેમને માટે જીવસટોસટનાં સાહસો કરે છે. દરવાજો ખૂલે ને નગરમાં પેસી ભિક્ષા માગું એવો વિચાર કરનારને માથે હાથિણી કળશ ઢોળે ને તે રાજા થઈ જાય એવી ભાગ્યની વાતો ય એમાં આવે છે. બત્રીસ પૂતળીઓ રાજા વિક્રમને વાર્તા કહે, અને પરોપકારી ને ચતુર વિક્રમ વિવિધ પરાક્રમો કરે, યુવકયુવતી ચક્ષુરાગે બંધાઈ પ્રેમલગ્ન કરવા ભાગી છૂટે; મોહના જેવી પ્રેમિકા પ્રિયતમથી છૂટી પડતાં પુરુષવેશે પરાક્રમો

કરે અને બદલામાં મળેલી પત્નીઓ પતિને ભેટ ધરે, પુરુષદ્વેષિણી સ્ત્રીને પરણેલો પતિ તેનો પ્રેમ જીતે, ત્યાં જ ગણિકાનો પોપટ બની અલોપ થઈ જતાં નાયિકા-સખી તેને માનવ બનાવી પતિ-પત્નીને મેળવે; પરદેશ ગયેલા પતિની વિરહિણી સ્ત્રી પ્રેમ-લીલા કરે એવું એવું એમાં સ્વાભાવિક છે. પવનપાવડી, જાદુઈ ઘોડો, કમળ, દંડ ચમત્કારી પાત્રો જેવો ભાગ ભજવે છે. પદ્યવાર્તાની સૃષ્ટિ જાદુઈ ચમત્કારોની, પ્રેમ અને પરાક્રમની છે. તેથી શૃંગાર, વીર અને અદ્ભુત એ ત્રણે રસ તેમાં પ્રધાન હોય છે.

છૂટાં પડી ગયેલાં પ્રેમીપાત્રોને ભેગાં કરવામાં અભિજ્ઞાન અને મનઃ-સમાધાન માટે થતી સમસ્યાની રચના ધ્યાન ખેંચે છે. 'નળાખ્યાન'માં પણ આવી સમસ્યાનો ઉપયોગ છે. દમયંતી સુદેવ દ્વારા નળની શોધ કરાવે છે ત્યારે સુદેવ એક શ્લોક બોલે છે, તેનો ઉત્તમ બાહુક-નળ આપે છે એમ બંનેના મિલનનો માર્ગ સરળ બને છે. બાહુક-દમયંતીની મુલાકાતમાં પણ આવી સમસ્યાનો ઉપયોગ છે. આખ્યાનમાં એ કવચિત્ આવે છે; પણ પદ્યવાર્તામાં તો એનો ઉપયોગ ઝાઝો છે. સમસ્યા છોડનાર સાથે પ્રેમલગ્ન, મૈત્રી, પુનઃ અભિજ્ઞાન, મિલન થાય. ખોવાયેલાં પ્રેમી પાત્રોને શોધવામાં સમસ્યા ખાસ કામ લાગે છે; 'ચંદનમલયાગિરિ' વાર્તામાં એવું છે, એમ ઘણી વાર્તામાં એ બને છે. એથી, નરનારીની ચાતુરી જણાય છે, કવિની ચાતુરી તો ખરી જ.

એમ જ વાર્તામાં ઉપદેશ માટે છપ્પાની રચના થાય છે. વાર્તા તો કહી, પણ મધ્યકાલના શ્રોતાઓ આજના જેટલા વિદગ્ધ નહિ એટલે સાર ન સમજે તો કવિને નિસાસો પડે, કવિ પોતે પણ આજના જેવો કલાકાર નહિ એટલે એ બોધવચનો ઉચ્ચારવામાં ગૌરવ સમજે : લોકોની આગળ વાર્તા કહેવાની તો લોકોની માગ સંતોષ્યા વગર છૂટકો નહિ.

પદ્યવાર્તામાં રાજા ભોજ કે વિક્રમ જેવાની એક મુખ્ય વાર્તાને દોરે, માળાની જેમ, અનેક વાર્તાઓ પરોવવામાં આવે; અથવા તપેલીમાં તપેલી ને તેમાં પણ તપેલી એ રીતે વાર્તામાં વાર્તા, તેમાં દૃષ્ટાંત, ને તેમાંય ટૂચકો એ રીતે પણ વાર્તાસંગ્રહ તૈયાર થાય. મોટી સારી પદ્યવાર્તાઓ તો વાર્તાસંગ્રહ જ છે : 'સિંહાસન બત્રીસી' એ બત્રીસ પૂતળીઓની બત્રીસ વાર્તાઓ તો ખરી જ, લોકોને અને વાર્તાકારને વાર્તાનો જ રસ. રાત્રે શામળ જેવો રસિયો વાર્તાકાર રખીદાસની ડેલીએ વાર્તા કહેવા બેસે, ઠંડો પહોર હોય ને વાર્તારસિક મેદની હોય, પછી એક વાતમાંથી બજીને બીજીમાંથી ત્રીજી વાત નીકળ્યા વિના રહે ? મૂળે સંસ્કૃતમાં પણ 'બૃહત્કથા', 'કથાસરિત્સાગર', બૃહત્કથામંજરી', 'સિંહાસન દાત્રિશતિ', 'શુકસપ્તી', 'દશકુમારચરિત' એ બધા વાર્તાસંગ્રહો જ ને ? એ વાર્તાઓ ગુજરાતીમાં ઊતરી, એટલે 'સિંહાસન-બત્રીસી' જેવા વાર્તાના આકરગ્રંથ મળે. ત્યારે, એ તો નક્કી થઈ ગયું કે બધી વાર્તાઓનાં મૂળ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ વાર્તાઓમાં છે. એમાં મૌલિક વાર્તાઓ તો થોડીક જ, બાકી તો સંકલના જ મૌલિક.

આખ્યાનની જેમ વાર્તાકથાકારની પણ સંસ્થા હતી. આજે પણ અમારા વહીવંચા બારોટ આવી વાર્તાઓ કહે છે. રાત્રે ચોકમાં વાર્તાકાર ઓટલે બેસે, વાર્તા કહે, હોંકારો ભણાવે, અને 'અરબસ્તાનની રાત્રિઓ' પસાર થાય. પદ્યવાર્તા ગાઈ-સમજાવવાનું સ્વરૂપ એટલે વાર્તારસ જ મુખ્ય. એમાં કવિતાના ચાળા કરવા વાર્તાકારને પોસાય નહિ; વર્ણનોની લપછપમાં પણ એ બહુ ન પડે, અને 'કહેતાં નાવે પાર' કહી છટકી જાય. સંસ્કૃતની ગદ્યકથા ગુજરાતીમાં પદ્યવાર્તા બની, એટલે આપણે એમાં કવિતાની અપેક્ષા રાખીએ, એ ખોટું જ ને ?

'સિંહાસન બત્રીસી', 'નંદબત્રીસી', 'વેતાળ પચીસી', 'સુડાબહોતેરી', 'મદનમોહના', 'માધવાનલ-કામકંદલા', 'સદેવંત સાવલિંગા', 'હંસાવલી', 'વિદ્યાવિલાસિની' વગેરે લોકપ્રિય વાર્તાઓ છે. અનેક વાર્તાકારોએ તે પર હાથ અજમાવ્યા છે.

## 1.6 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ

અર્વાચીન ગુજરાતી સાહિત્યની અપેક્ષાએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તેના સ્વરૂપ, વિષયવસ્તુ, નિરૂપણરીતિ અને પ્રયોજન પરત્વે જુદું પડે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પ્રમાણમાં

સાદુંસીધું અને નિર્વ્યાજ છે. અર્વાચીન સાહિત્યનાં વૈવિધ્ય અને સંકુલતા તેમાં નથી. મધ્યકાળના જીવનનું એમાં સ્વાભાવિક અભિવ્યંજન છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની એ સરસ્વતી અર્વાચીનકાળમાં ગંગા-યમુનાના મહાનદ બની જાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

**(1) હસ્તપ્રતસ્થ અને કંઠસ્થ સાહિત્ય :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય આપણી પાસે બે રીતે આવ્યું છે : હસ્તપ્રતો દ્વારા અને કંઠોપકંઠે. સાહિત્યના ધૂળધોયાઓએ લહિયાઓએ લખેલી જૂની હાથપોથીઓ સંપાદિત કરીને આપણી સમક્ષ મધ્યકાલીન કૃતિઓ મૂકી છે. તો નરસિંહ, મીરાં જેવાનાં લોકપ્રિય પદો અને લોકસાહિત્ય તો પેઢી દર પેઢી કંઠોપકંઠ ઊતરી આવ્યાં છે. એથી એની ભાષા અર્વાચીન બની ગઈ છે. મુદ્રણયંત્રો નહોતાં એટલે એ કૃતિઓનો પ્રચાર અલ્પ રહેતો. કેટલાક સાહિત્યરસિકો ને ધર્મસ્થાનો જ હાથપોથીઓ બનાવતાં, સંઘરતાં. કેટલાક લહિયાઓ અણઘડ અને અશાસ્ત્રીય હોવાથી કૃતિમાં પાઠફેર કરી દેતા. આજે કવિ પોતાની કલમે લખે, પ્રૂફ સુધારે ને કૃતિની અનેક પ્રતો વાચક પાસે પહોંચી જાય એ સ્થિતિ ત્યારે નહોતી. માત્ર દયારામ જેવાની કૃતિ જ તેના હસ્તાક્ષરમાં મળે છે. કાવ્ય કંઠે ઘૂંટાતું એથી તે ઘડાતું અને કંઠાભરણ બનતું એ લાભ મધ્યકાલીન કવિતાને મળ્યો છે ખરો. એ સઘળું સાહિત્ય શ્રાવ્ય હતું તેથી તેમાં પ્રત્યક્ષ કથનશૈલી જોવા મળે છે. સુગમતા, સરળતા, સાદાઈ, પ્રાસાદિકતા, સુગેયતા જેવા ગુણો એમાં છે તેનું કારણ પણ આ.

**(2) પદ્યપ્રધાનતા :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય્ મહદ્અંશે પદ્યમાં છે. ગદ્યમાં તો 'પૃથ્વીચંદ્રચરિત' જેવી કેટલીક રચનાઓ જ મળે છે. તે જમાનામાં પદ્ય એ સાહિત્યનું અને ગદ્ય વ્યવહારનું ભાષામાધ્યમ હતું, વળી સાહિત્યની પૂર્વપરંપરા પણ પદ્યની હતી. મુદ્રણયંત્રો નહોતાં એટલે સઘળું સાહિત્ય શ્રાવ્ય ને ગેય રહેતું, એ માટે પણ પદ્ય જ અનુકૂળ પડે. પછી તો પદ્ય જ રાજમાર્ગ બન્યું, એટલે તેનો ઉપયોગ 'દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી'ની જેમ થયો. જ્ઞાનચિંતનના ગ્રન્થો પણ પદ્યમાં જ રચાતા. છેક દલપતરામ સુધી પદ્ય પ્રધાન રહ્યું. અદ્ભુત રસિક લોકવાર્તા પદ્યવાર્તાઓ બની. જે ગદ્ય રચાયું છે તે પણ પદ્યના લયવાળું છે. પદ્યને કારણે કૃતિ ગાઈ, રમી શકાય એવી બની. પદોની સુગેયતા તો આકર્ષક છે જ. પદ્યરચનાઓ કૃતિની આસ્વાદ્યતા અને સ્મરણીયતામાં સારો ફાળો આપ્યો છે.

**(3) ધાર્મિકતા :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મહદ્અંશે છે. મધ્યકાળના જીવનમાં ધર્મનો અંશ પ્રબળ હતો, મધ્યકાલીન ગુજરાતી જીવન લગભગ ધાર્મિક જીવનનો પર્યાય બની ગયું હતું. લોકોનું લક્ષ્ય ધર્મ-મોક્ષ હતું. મધ્યકાલીન ગુજરાતમાં વિધર્મી શાસનના પ્રત્યાઘાત રૂપે ધર્મપ્રવૃત્તિમાં ભારે જુવાળ આવ્યો હતો. એથી ભારતીય ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણને પ્રચાર માટે હિંદુ ભક્તો, સંતો, જ્ઞાનીઓ, આખ્યાનકારો ઉત્સાહભેર બહાર પડ્યા હતા. તત્કાલીન સાહિત્યનું ધ્યેય ધર્મનીતિ કે લોકમંગલનું ઉદ્બોધન હતું. સાહિત્યને ખાતર સાહિત્ય એવી નિર્ભેળ કલાવાદી દૃષ્ટિ જ નહોતી; ઊલટું ધર્મને નિમિત્તે સાહિત્ય રચાતું હતું. એ સાહિત્યના સર્જનનું પ્રયોજન ધર્મ હોઈ વિષયવસ્તુ મોટે ભાગે ધાર્મિક હતું. નરસિંહ મીરાં જેવાનું તો જીવન એ જ કવન હતું ને તે ઊભય ધાર્મિક હતું. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યની સ્વયંસ્ફુરણાના સર્જન જેવાં પદો ધાર્મિક હોય તેમાં આશ્ચર્ય શું ? ભાગવત સંપ્રદાયને પરિણામે પ્રેમલક્ષણાભક્તિનું જે ઊર્મિપ્રધાન પદસાહિત્ય રચાયું કે પૌરાણિક-ઐતિહાસિક ભક્તચરિત્રનું આખ્યાનસાહિત્ય કે રાસાઓ રચાયા તે ધર્મ-રંગ્યા જ હોય ને ? રામાયણ, મહાભારત, ભાગવતાદિ પુરાણો પર આધારિત સઘળું સાહિત્ય ધાર્મિક જ હતું. મધ્યકાળમાં જે વાદો કે સંપ્રદાયો પ્રવર્તતા હતા તે બધા ધર્મના જ હતા. જૈનધર્મ અને હિંદુધર્મના વિવિધ સંપ્રદાયોના સાહિત્યથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

ઊભરાય છે. વૈષ્ણવ-સંપ્રદાય, શિવસંપ્રદાય, શક્તિસંપ્રદાય, નાથસંપ્રદાય, કબીરપંથ, સ્વામિનારાયણ સંપ્રદાય, કૈવલ જ્ઞાનસંપ્રદાય વગેરેનું સાહિત્ય મબલક છે. ધર્મ કે ઈશ્વરને ખાતર જ કેટલુંક સર્જન થયું છે. ધર્મલાભ એ સાહિત્યના કલાત્મક આનંદથી વધુ મહત્ત્વ પામતો હતો. આખ્યાનોના શ્રવણમાં પ્રથમ ધર્મલાભને પછી મનોરંજન એવી ગણતરી હતી. મુસલમાનો, પારસીઓ ને ખ્રિસ્તીઓએ પણ ધાર્મિક સાહિત્ય જ આપ્યું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની આ ધર્મપ્રધાનતાને કારણે શ્રી ક. મા. મુનશીએ કહ્યું છે કે, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જીવનના ઉલ્લાસનો અભાવ છે. મધ્યકાળના સાહિત્યકારો જીવનના દ્વેષી છે અને મૃત્યુના પયગંબરો છે. ઊછળતા જીવનનું કચ્ચરિયું કરવાનો પ્રયોગ મધ્યકાલીન ગુજરાતમાં સફળ રીતે કરવામાં આવ્યો છે. મુનશીએ તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં થોડી પદોની લીલોતરી બાદ કરતાં કાળવિસ્તારમાં સહરા સમું રણ જોયું છે. તેમને મધ્યકાળના ભાવકોની દયા આવે છે. એ લખે છે, ‘‘અને ગુજરાત જોડકણાં કે રાસડા રચી, ગાઈ, પુરાણીઓની નિઃસત્ત્વ થતી કથાઓ, ‘ભગતો’ નાં નિશ્ચેતન વિરહપદોને આડંબરી વૈરાગ્યનાં સૂત્રો સાંભળી જીવન વિતાવે છે.’’

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ધાર્મિક છે અને તેમાં જ્ઞાન અને વૈરાગ્યનું ગાન આ લોક અને આ જીવનના રસથી વિમુખ કરી દે એવું છે. નરસિંહ-મીરાં-ભોજો-ધીરો-નિરાંત વગેરે ભક્તો સંસારના નહિ પણ વૈરાગ્યના ઉત્કટ બોધકો છે. એ સાહિત્ય ધર્મ દ્વારા મોક્ષનો બોધ કરે છે. એમાં પ્રેમ-ભક્તિ આવે છે તે પણ ધર્મને નિમિત્તે રાધા-કૃષ્ણનાં પાત્રોને આલંબને. પ્રણય, પ્રકૃતિ અને પ્રભુ એ ત્રણ કાવ્યના સનાતન વિષયોમાંથી મધ્યકાળમાં તો પ્રભુપ્રણયનું જ ગાન વિશેષ થયું છે. સમાજજીવન, વૈયક્તિક જીવનના ભાવો કે પ્રકૃતિના રંગો પણ પ્રભુ કે ધર્મના વિષયને અનુષંગે ગવાય છે. એમાં રાજ્ય, રાષ્ટ્ર, અર્થ, કામ, પ્રણય, લૌકિક રસના વ્યવહારવિજયો ઓછા જ વિષય બને છે. પણ એમનું તો એ પ્રયોજન જ હતું. વળી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંય ‘વસંતવિલાસ’ ને ‘સંદેશરાસક’ જેવાં મદન અને વસંતનાં કાવ્યો, ‘રણમલછંદ’ ને ‘કાન્હડદે પ્રબંધ’ જેવી પ્રેમશૌર્ય અને રાષ્ટ્રપ્રેમની વીરગાથાઓ, ‘કાદંબરી’ જેવી યુવા પ્રેમકથા, ‘સિંહાસન બત્રીશી’ ને ‘મદનમોહના’ જેવી ઢગલાબંધ લૌકિક રસની અદ્‌ભુતરસિક રોમાંચક વાર્તાઓ રચાઈ છે. ધાર્મિક ગણાતાં એવા આખ્યાનોમાં પણ ‘ઓખાહરણ’, ‘રુક્મિણીહરણ’, ‘નળાખ્યાન’માં પ્રેમશૌર્યના રંગો નથી ? દયારામની ભક્તિ-શૃંગારની કવિતામાંનું પ્રણયનિરૂપણ એવું માનવીય છે કે ક.મા.મુનશી દયારામનું સ્થાન ભક્તિકવિઓમાં નહિ, પણ પ્રણયના અમર કવિઓમાં મુકર્ર કરે છે. નરસિંહ-મીરાં-રત્નો-રણછોડ-દયારામ જેવા ભક્તકવિઓની ઊર્મિકવિતામાં શું માત્ર વૈરાગ્યનું ગાણું છે ? તેમાં ધાર્મિક જીવનનો ઉલ્લાસ ઊભરાય છે. જે પ્રેમાનંદનાં આખ્યાનોમાં ગુજરાત આસ્વાદ્ય બન્યું છે તેને આ લોકમાં રસ નહોતો એમ કેમ કહેવાય ?

મધ્યકાલીન ગુજરાતની જીવનદૃષ્ટિ જુદી હતી. તેને મન તો ધર્મનીતિના રસરંગથી ઊછળતું જીવન એ જ જીવન હતું અને એ જીવનનો રસ તત્કાલીન સાહિત્યમાં છે. રાસ, રાસા, ગરબી, ગરબા, થાળ, આરતી, હાલરડું, ભજન, કીર્તન, ધોળ, સ્તુતિ, પ્રભાતિયું, કાફી, ચાબખા, પદો, આખ્યાનો દ્વારા ધર્મ-નીતિનો ઉદ્‌બોધ થયો છે. પદ્યવાર્તાઓમાં પણ નરનારીની ચાતુરીને નરનારીનાં ચરિત્ર મનોરંજન રીતે રજૂ કરતાં સાદી વિવેકની વાત કરવામાં આવી જ છે.

આને કારણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિષયવૈવિધ્ય ઓછું છે. એકની એક ધાર્મિકકથા અનેક રચે છે. ધર્મના કેન્દ્રમાંથી એક ત્રિજ્યા લઈ નાનું વિષયવર્તુળ રચાય છે. એક જ કવિમાં પણ તેનું પુનરાવર્તન વારંવાર થાય છે. પ્રભુ કે પ્રભુભક્તનો ગુણાનુરાગી ભક્તકવિ વારંવાર એના ગુણલા ગાય છે. તત્કાલીન જીવન સાદું સીધું હતું. તેમાં લોકશાહી અને વિજ્ઞાને આણેલા ચમત્કાર નહોતા. લોકોને આજીવિકા મળી રહેતાં ધર્મ સેવવા સિવાય બીજું કરવાનું પણ શું

હતું ? કહીએ કે તત્કાલીન ધાર્મિક જુવાળનો પ્રભાવ લોકજીવન અને સાહિત્ય પર એટલો પ્રબળ હતો.

**(4) પ્રત્યક્ષકથનશૈલી, પરલક્ષિતા અને અલ્પ આયાસ :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વાચ્ય નહિ, પણ શ્રાવ્ય હતું. તેથી તેની કથનશૈલી પ્રત્યક્ષ રહી છે. સામે બેઠેલા શ્રોતાને લક્ષમાં રાખીને તથા કેટલીક વાર ઉદ્દેશીને જ કાવ્ય રચાય છે. સામેના શ્રોતાઓનો પ્રભાવ કવિ પર પડે છે. આખ્યાન-પદ્યવાર્તામાં આ વિશેષ જણાય છે. તેથી કથા પણ માંડીને કહેવાય છે ને જટિલતા આવતી નથી. પદો પણ પ્રભુ કે જીવને ઉદ્દેશીને કંઈક કહે છે.

મોટે ભાગે સાહિત્ય પરલક્ષ છે. આત્મલક્ષી દેખાતાં ઊર્મિ-પદોમાં પણ 'ભક્તકવિ આ મારા પોતાના હૃદયના ભાવ છે' એવું ભાગ્યે જ કહે છે. કવિ કૌતે ગોપીભાવે, દાસીરૂપે, દાસરૂપે પ્રભુના ગુણલા ગાય છે. કથાકાવ્યો તો પરલક્ષી હોય જ. નરસિંહ, મારાં થોડાંક આત્મચરિતનાં પદો કહે છે, અને જ્ઞાન-યોગની અનુભૂતિની કવિતામાં 'આત્મલક્ષિતા દેખાય છે. એ અપવાદ સિવાય બધે કવિ પરલક્ષી કવન કરે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંસ્કૃત સાહિત્યની કે અર્વાચીન ગુજરાતી સાહિત્યની રચનામાં દેખાતો કલાત્મક આયાસ ઓછો દેખાય છે. મધ્યકાલીન ગુજરાતી કવિતા એ કાવ્યશાસ્ત્રજ્ઞ કવિની બુદ્ધિનીપજ ભાગ્યે જ છે. કવિને અંતરમાં ઊગ્યું તે સહજસરળ રીતે કહેવાની વૃત્તિ છે. પ્રેમાનંદ જેવા કેટલાકમાં રચનાનો આયાસ જણાય છે. પણ મોટે ભાગે કવિનો કાવ્યશાસ્ત્ર, પિંગલ, અલંકાર પર ઝોક નથી. કેટલાક તો અશિક્ષિત અને અલ્પશિક્ષિત છે. શ્રવણ-મનન-ચિંતન અને અનુભવ જ એ કવિઓની શક્તિને પ્રકટ કરનારાં સાધન છે. ઊંચું કલાભાન તો બહુ થોડાક કવિઓમાં જોવા મળે છે. તેથી મધ્યકાલીન સાહિત્યમાં કૃત્રિમતા અને સાજ-સજાવટ પ્રમાણમાં ઓછી છે.

**(5) સાહિત્યસ્વરૂપો, અને નાટકનો અભાવ :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મોટો ભાગ પદ્યનાં સ્વરૂપોનો છે. એમાં પદ, ભજન, રાસ, ગરબી, હાલરડું, સ્તવન, મંગળ ધોળ જેવા ઊર્મિપ્રધાન પદ્યપ્રકારો છે, તેમ આખ્યાન, પદ્યવાર્તા, રાસો, પ્રબંધ, ચરિત્ર જેવા કથાપ્રધાન પદ્યપ્રકારો છે. ગદ્યમાં કથા મુખ્ય છે. પણ મધ્યકાળમાં નાટક અને રંગભૂમિનો અભાવ ખૂબ સાલે છે. સંસ્કૃતનો ધર્મગ્રંથો ગુજરાતીમાં આવ્યા અને 'કાદંબરી' પણ ઊતરી; પણ સંસ્કૃતનાં ઉત્તમ નાટકો મધ્યકાલીન ગુજરાતીમાં ન જ આવ્યાં. ધર્મનો પ્રભાવ ધાર્મિક પૌરાણિક કથાકાવ્યો સરજાવે છે. પણ પોતાનાં અંગો સંકોચીને બેઠેલો એ સમાજ નાટક ન લાવી શક્યો. અસાઈતે લોકનાટ્ય ભવાઈ આપ્યું હતું. પણ એની કક્ષા સામાન્ય જ રહીં.

**(6) સમકાલીન જીવનનો સાહિત્યિક દસ્તાવેજ :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ તત્કાલીન જીવનનો સાહિત્યિક દસ્તાવેજ છે. એને આધારે જ આપણે મધ્યકાલીન ગુજરાતી જનજીવનનો કંઈક પરિચય મેળવી શકીએ છીએ. જે સમયના પ્રજાજીવનના ઇતિહાસ નથી મળતા તે સમયનું સાહિત્યકાર-જોયું જનજીવન મધ્યકાલીન ગુજરાતી કવિતા આપે છે. રાસા, પ્રબંધ, ચરિત્ર અને ખાસ તો આખ્યાનોમાં તત્કાલીન ગુજરાતના લોકજીવનની ઝાંખી થાય છે. રાસામાનાં પાટણને ખંભાત જેવાં નગરોનું વર્ણન, 'કાન્હડદેપ્રબંધ'માંનું ક્ષાત્ર જીવનને નગર-યુદ્ધ-વર્ણન, પ્રેમાનંદનાં નરસિંહવિષયક આખ્યાનોમાં ગુજરાતના લોકો, પહેરવેશ, રીત-રિવાજ, માન્યતા, લોકગીતો, વિધિનિષેધો આનાં દૃષ્ટાંત છે. કળિકાળનાં વર્ણનો, કજોડાના ગરબા, કહેવતો, લોકોક્તિઓ પણ એ જમાનાના રંગોનું સૂચન કરે છે. પ્રાગનરસિંહ સાહિત્ય એ સમયનાં પ્રેમશૌર્યનાં જીવનમૂલ્યોનું દર્શન કરાવે છે. તો નરસિંહ-માંડણ-અખા-ભોજાનાં કાવ્યોમાંથી એ યુગના ધાર્મિક દંભ, અનાચાર, પાખંડનો

ખ્યાલ આવે છે. લોકસાહિત્ય એ લોકહૃદયની આરસી છે એ દાવે મધ્ય-કાલીન લોકસાહિત્યે તો તત્કાલીન લોકજીવનનું ચિત્ર પૂરું પાડ્યું છે.

**(7) સાહિત્યકારો :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારો બૃહદ્ ગુજરાતભરના વિવિધ વર્ણ, જાતિ, સ્તરના છે. એમાં ભાલણ જેવા સંસ્કૃતજ્ઞ પંડિત છે. અખો જેવો શાંકર વેદાંતી છે. નરસિંહ-મીરાં જેવાં વેરાગી ભક્ત છે. નાકર જેવો વાણિયો છે. પ્રેમાનંદ જેવો માણભટ છે, શામળ જેવો ધંધાધારી વાર્તાકાર પણ છે. દયારામ જેવાએ જીવનકવનમાં રંગદર્શિતા દાખવી છે, તો પ્રીતમ, બ્રહ્માનંદ, ભોજા, ધીરા જેવાએ સંસાર પ્રત્યે ઉદાસીનતા સાથે જ્ઞાનસાધના કરી છે. અખો સંસાર ત્યાગી જ્ઞાનની ધૂણી ધખાવી બેઠો છે અને તેની શિષ્ય-પરંપરા જ્ઞાન-યોગની કવિતા વહેતી રાખે છે. પ્રેમાનંદ તેના શિષ્યો સાથે કથારસની કવિતા આપે છે. જૈન મુનિઓ દીક્ષા પ્રબોધે છે. તો કેટલાક ભક્તકવિઓ પ્રભુપ્રણયમાં માનવીય પ્રણય ગાય છે.

પણ આ કવિઓને કવિત્વની સભાનતા નથી. ભારોભાર નમ્રતા છે. પોતે તો ભગવાનની લીલા ગાય છે ને તેય ભગવતકૃપાએ ને ગુરુકૃપાએ એવી નિર્મમતા છે. જ્યાંથી મળ્યું ત્યાંથી વસ્તુ લીધું, અને તેના પર કોઈ ‘કૉપીરાઈટ’ રાખ્યો નથી. સાહિત્યના કે ધર્મના સંપ્રદાયમાં જ પોતાની કૃતિ રચવામાં સાર્થક્ય માનનાર પણ ઓછા નથી. સ્પષ્ટ રીતે પોતાની મૌલિકતા દાખવનાર કવિઓ કેટલા ? એમણે પોતાના હૈયાના ભાવો પણ પર પરાની રીતે ગાયા જણાય છે.

એમાં શુદ્ધ કવિઓ ઓછા છે. ‘ભગતો’, આખ્યાનકારો, વાર્તાકારો વિશેષ છે. પ્રેમાનંદની ઉચ્ચ આખ્યાન-કવિ-પ્રતિભા, નરસિંહ-મીરાં-દયારામની ઊર્મિકવિપ્રતિભા પ્રથમ કક્ષાની છે. અખો અને શામળ પોતાના કાવ્યપ્રકારમાં ઉત્તમ ખરા, પણ પ્રથમ વર્ગના કવિ નહિ. મોટા ભાગના સાહિત્યકારો સામાન્ય કોટિના છે, અકવિઓને અલ્પકવિઓ છે. સાહિત્યસમૃદ્ધિ પણ, વર્ષોને હિસાબે, ઓછી જણાય છે.

## 1.7 સાહિત્યનું કાર્યક્ષેત્ર




**(અ) ગદ્યસ્વરૂપો :**

**(1) નવલકથા (2) ટૂંકી વાર્તા (3) નિબંધ (4) નાટક**

**(બ) પદ્યસ્વરૂપો :**

**(1) ઊર્મીકાવ્ય (2) સૉનેટ (3) ગઝલ (4) ખંડકાવ્ય (5) મહાકાવ્ય**

**(અ) ગદ્યસ્વરૂપો :**

ભારતીય કાવ્યાચાર્યોએ काव्य શબ્દ 'સાહિત્ય'ના વિશાળ અર્થમાં પ્રયોજીને काव्यं गद्यं पद्यं च । એમ કહ્યું છે. ગદ્ય વિશે થોડીક પ્રાથમિક સમજ મેળવીએ :

गद्यं अपादः पदसंतानः छंदोरहितो वाक्यसंदर्भः । (વાગ્ભટ : 'કાવ્યાનુશાસન')

ગદ્યમાં (1) પાદ એટલે કે ચરણ ન પડે, (2) પદોનું સાતત્ય હોય તથા (3) છંદોબદ્ધ ગદ્યનાં આ લક્ષણો તારવ્યાં છે.

ઉદ્બોધન, લય, ચેતન, બુદ્ધિને જાગૃત કરે તેવું ગદ્ય માનવોર્મિને-હૃદયને સ્પર્શે છે તે સાહિત્યનું ગદ્ય ખરું. તેમાં લાલિત્ય હોય છે; તે સર્જનાત્મક સાહિત્યમાં પ્રયોજાય છે. એને લલિત કે સૌંદર્યલક્ષી સાહિત્ય કહેવામાં આવે છે. ઉ.ત. : નવલકથા, નાટક, નવલિકા, લલિત નિબંધ વગેરે.

વિષય અને વક્તવ્યને વફાદાર, ધ્યેયલક્ષી, શિષ્ટ, વિવેકબુદ્ધિ પુરઃસર અને અલંકાર-દૃષ્ટાંતો નિરર્થક ન આવ્યાં હોય, સફળ અને સચોટ રજૂઆત કરતું ગદ્ય લલિતેતર કે વસ્તુલક્ષી સાહિત્ય કહેવાય છે. ઉ.ત. : ચિંતનાત્મક નિબંધ, ચરિત્રસાહિત્ય, વિવેચન વગેરે.

આપણે લલિત-સૌંદર્યલક્ષી-સર્જનાત્મક સાહિત્ય : નવલકથા, ટૂંકીવાર્તા, નિબંધ, નાટક વગેરે ગદ્યસ્વરૂપો હવે જોઈશું.

**(1) નવલકથા :**

જેને આપણે 'નવલકથા' તરીકે ઓળખી છીએ. તે સાહિત્યસ્વરૂપ વિદેશી છે અને અંગ્રેજી કેળવણીના પ્રભાવથી આપણા સાહિત્યમાં તેનો પ્રવેશ થયો છે. અંગ્રેજીમાં Novel શબ્દ પ્રચલિત છે. એ શબ્દ પણ મૂળ લેટિન શબ્દ Novus પરથી બન્યો છે. ગુજરાતીમાં, નૉવેલ, નૉવેલ્ટી શબ્દો સહજ વાતચીતમાં 'નવીનતા'ના અર્થમાં પ્રયોજાતા આપણે સાંભળતા હોઈએ છીએ. 'નવલકથા'માંનો 'નવલ' શબ્દ 'novel' પરથી અને તેમાં ભારતીય 'કથા' શબ્દ જોડીને બનેલો શબ્દ છે. સંસ્કૃત અને મરાઠીમાં 'કાદંબરી', બંગાળીમાં 'ગલ્પ' અને હિન્દીમાં 'ઉપન્યાસ' એવા શબ્દો જાણીતા થયેલા છે.

'નવલકથા સ્વરૂપ માટે કેટલાક વિદેશી લેખકોએ આપેલી વ્યાખ્યા જોઈ.

(1) It is a fiction in prose of a certain extent. (એબલ શેવેલ)

(2) A prose book of a certain thickness, that tells a story of real life. (મેરી મેકાર્થી)

(3) The fundamental aspect of the novel is its story–telling aspect. (ઇ.એમ.ફોર્સ્ટર)

(4) Comic epic in prose. (ફિલ્ડીંગ)

નવલકથાનું સ્વરૂ5 એટલે તરલ છે કે એને ચોક્કસ વ્યાખ્યામાં બાંધવું અઘરું છે. તેને આકારહીન રચના, માયાલોક, આકારગ્રંથ વગેરેથી ઓળખાવવા પ્રયત્ન થયા છે. કાકાસાહેબ કાલેલકરે 'મનુષ્યજીવનની અથવા માનવીની કલ્પનાની સ્મરણયાત્રા' કહીને ઓળખાવી છે. નવલકથાનું સ્વરૂપ જેટલું લોકપ્રિય છે એટલું જ શિથિલ (loose form of art) ગણાયું છે.

કદ અને લંબાઈની દૃષ્ટિએ લઘુનવલ, નવલકથા, મહાનવલ વગેરે પ્રકારો જાણીતા છે. વિષયવસ્તુની દૃષ્ટિએ સામાજિક, ઐતિહાસિક, મનોવૈજ્ઞાનિક, હાસ્યપ્રધાન, ડિટેક્ટીવ-જાસૂસી વગેરે પ્રકારો જાણીતા છે. સામાન્યતયા કથાવસ્તુ, પાત્રાલેખન, વાતાવરણ (સ્થળ-કાળનું વર્ણન), સંવાદ, નિરૂપણરીતિ-શૈલી અને પ્રયોજન કે જીવનદર્શન એવાં ઘટકતત્ત્વો નવલકથામાં જોવા મળે છે. આ એક વ્યવસ્થા છે. એ બધું હોવા છતાં સર્જકની સર્જકતા-સર્જકવિશેષતાનો જ મહિમા કરવો જોઈએ. ઉપર્યુક્ત ઘટકતત્ત્વો સમજ આપે છે કે નવલકથાને ક્યાંક નવલિકા સાથે તો ક્યાંક નાટકના સ્વરૂપ સાથે સંબંધ છે. વળી ઘટના, વર્ણન, ચરિત્રચિત્રણ આદિના પ્રયોગો પ્રયોગશીલ સર્જકોના હાથે થતા

રહ્યા છે. પ્રયોગોની માવજતમાં નવલકથાકારે પ્રતીતિકરતાનો ખાસ ખ્યાલ રાખવાનો હોય છે. ઘટનાબાહુલ્ય કે ઘટનાતત્ત્વની અલ્પતા, સ્થૂળ વર્ણનચિત્રો કે સૂક્ષ્મ ચિત્તદશાઓ, જીવનદર્શન કે રહસ્યમયતા, જે કોઈ અનુભવ સર્જક કરાવવા માગતો હોય તે તે સ્વરૂપના કલાતત્ત્વને અળપાયા દીધા વગર કરે એ આવશ્યક છે.

નવલકથામાં કથાવસ્તુ અગ્રસ્થાને છે. 'જીવને રસ વાર્તાનો'. કથામાત્ર માનવરસને પોષે છે. કથા કે ઘટના (પ્રસંગો) તો નવલકથાની સામગ્રી છે. ઘટના સ્થૂળ પણ હોઈ શકે અને માનસિક ક્રિયાશીલ-સૂક્ષ્મ પણ હોઈ શકે. મનુષ્યને પ્રત્યક્ષ બનાવોમાં જેટલો રસ છે તેટલો જ અને ક્યારેક તો તેથી પણ વધારે માનસિક ઘટનાઓ-પ્રતિક્રિયામાં હોય છે. આવી આંતરબાહ્ય ઘટનાઓ પરસ્પર પોષક પણ બનતી હોય છે. આરંભની ગુજરાતી નવલકથાઓ અને આજ સુધીની મોટાભાગની નવલકથાઓમાં ઘટનાઓનું બાહુલ્ય જોવા મળે છે અને વીસમી સદીના સાતમા દાયકા પછીની ઘણી નવલકથાઓ જેને પ્રયોગશીલ નવલકથા કહેવામાં આવે છે તેમાં સ્થૂળ ઘટનાઓ ઓછી અને ચૈતસિક સ્તરની ઘટનાઓ-સ્થિતિઓનું ગૌરવ કરવામાં આવેલું હોય છે. 'વૉર એન્ડ પીસ', 'સરસ્વતીચંદ્ર', 'ગુજરાતનો નાથ', 'માનવીની ભવાઈ' વગેરે પ્રથમ પ્રકારની તો 'આકાર', 'ચહેરા', 'અસ્તી' વગેરે બીજા પ્રકારમાં ગોઠવાતી નવલકથાઓ છે. વસ્તુતઃ કથા તો માળખું છે, નવલકથાના સ્થાપત્ય માટે પાલખના સ્થાને છે. એનું સર્જનકર્મ નવાનવા સંવિધાન દ્વારા કેવી રીતે ઉપકારક બને છે તે મહત્ત્વનું છે.

નવલકથાના કેન્દ્રમાં માણસ છે. કાકાસાહેબ કાલેલકર કહે છે તેમ મનુષ્યજીવનની કથા છે. એટલે માણસ-પાત્રનું મહત્ત્વ છે. નવલકથામાં બનતી બધી ઘટનાઓ પાત્રોને કેન્દ્રમાં રાખીને બનતી જોવા મળે છે. સંસારમાં જોવા મળતાં 'ભાતભાતકે લોગ'ની જેમ સારાં-નરસાં, ગુણ-અવગુણથી ભરેલાં, દ્વિપરિમાણી-ત્રિપરિમાણી વ્યક્તિત્વ ધરાવતાં પાત્રો નવલકથામાં પણ હોય છે. સાચો નવલકથાકાર સમર્થ સર્જક ત્યારે જ ગણાય જ્યારે પાત્રના મનોગતને, એનાં સૂક્ષ્મ સંવેદનોને ક્ષમતાપૂર્વક નિરૂપીને વાચકના ચિત્ત અમીટ છાપ પાડે. નવલકથાનું પાત્ર તો તેના સમર્થ સર્જક ત્યારે જ ગણાય જ્યારે પાત્રના મનોગતને, એનાં સૂક્ષ્મ સંવેદનોને ક્ષમતાપૂર્વક નિરૂપીને વાચકના ચિત્ત ઉપર અમીટ છાપ પાડે. નવલકથાનું પાત્ર તો તેના સર્જકે કલ્પેલું રૂપ છે પરંતુ પછી તે પ્રતીતિજનક બને એવાં સ્વાભાવિક લાગવાં જોઈએ. એ પાત્રની સંવેદના સાથે ભાવકના ચિત્તના તાર જોડાય એ મોટી વાત છે. કેટલીક વખત વિરોધી પાત્રો (કાક-મુંજાલ કે રૂપાં-માલી વગેરે)ને એકબીજાના પડછે મૂકીને ચરિત્રચિત્રણ કરવામાં લેખકની શક્તિનો અંદાજ આવે છે.

ઘટના અને પાત્રના નિરૂપણની જેમ વર્ણનકૌશલ પણ નવલકથાનું એક મહત્ત્વનું ઘટક છે. લેખક એમાં દેશ-કાળનું આલેખન-પ્રદેશવિષય કે સમયવિશેષનું-કરતો હોય છે. પ્રાદેશિક નવલકથાઓ અને કાળપ્રધાન નવલકથાઓ ('સોરઠ, તારાં વહેતાં પાણી' અને 'માનવીની ભવાઈ', 'લીલુડી ધરતી' વગેરે) ચોક્કસ પરિવેશ રચી આપે છે. તે પ્રકારની નવલકથાઓમાં સ્થળ અને કાળનું વર્ણન તાદૃશતા અને સાક્ષાત્કારતા રચી આપે છે.

સંવાદ કેળવે બે કે તેથી વધુ પાત્રો વચ્ચેની વાતચીત જ નથી બલ્કે સંવાદતત્ત્વ જ પાત્રના વ્યક્તિત્વને, તેના વ્યવહારને, તેના મનોગતને પ્રકાશિત કરે છે. સંવાદો સ્વાભાવિક, વાસ્તવિક અને ધારદાર હોવા જરૂરી છે. ટૂંકાં વાક્યોવાળા, ઢાલ-લકડીના દાવપેચની જેમ પાત્રો જ્યારે સંવાદો વચ્ચે બોલાય છે ત્યારે કથાવસ્તુનો વિકાસ થાય જ છે, પાત્રના વ્યક્તિત્વને પણ ઘાટ મળે છે. સંવાદ નવલકથામાં નાટ્યક્ષણો-નાટ્યોચિત પરિસ્થિતિઓ જન્માવે છે. ઉ.ત. : મુનશીની નવલકથાઓ મેરિયન ક્રૅફર્ડનું વિધાન pocket–theatre આ રીતે વાજબી ઠરે છે.

નવલકથા કથનાત્મક Narrative સાહિત્યસ્વરૂપ છે તેથી નિરૂપણરીતિ અગત્યનો મુદ્દો બને છે. લેખક સામાન્ય રીતે ઘટના, પાત્ર, પ્રસંગોનું વર્ણન કરીને ક્યારેક સંવાદ કે ક્રિયા દ્વારા નવલકથાને ગતિ આપે છે. કથન અને વર્ણન ઉપરાંત પાત્ર પોતે પ્રથમ પુરુષમાં બોલતું હોય કે પાત્રો રૂપે અથવા ડાયરીપદ્ધતિથી વાત કરતું હોય (મધુ રાયની 'ચહેરા', રાવજી પટેલની 'ઝંઝા' વગેરે) તેવી કૃતિઓ

પણ નિરૂપણરીતિની નવી ભાત પાડે છે. શૈલી પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. પ્રત્યેક ઉત્તમ કૃતિ વિશિષ્ટ શૈલી ધરાવતી હોય છે. Style is the man એ ઉક્તિ અનુસાર સર્જક એના સર્જન પર આગવી મુદ્રા મૂકી જતો હોય છે.

નવલકથા દ્વારા તેનો લેખક માનવજીવનનું દર્શન કરાવતો હોય છે તે સમગ્ર કૃતિમાંથી ફ્રગટ થાય એ ઇષ્ટ છે. 'સરસ્વતીચંદ્ર' મારફતે ગોવર્ધનરામ ત્રિપાઠી પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિદર્શન કરાવતા જોવા મળે છે. મોટામાં મોટી કથા કાળની છે, એ 'માનવીની ભવાઈ'માંથી ઊપસતું જીવનદર્શન છે. ઘણી વખત (ઉ.ત. : રમણલાલ દેસાઈની) નવલકથામાં ચિંતન અને તત્ત્વવિચારણા સીધાં પ્રવેશે છે ત્યારે કૃતિ માટે તે હાનિકર્તા સાબિત થતાં હોય છે. કલાકૃતિ દ્વારા કલાકારનું મોટામાં મોટું પ્રયોજન આનંદનો આસ્વાદ કરાવવાનું છે પણ ગુરુતર પગથિયું-નવલકથા 'મનહર' ઉપરાંત 'મનભર' છે એ ભૂલવું ન જોઈએ. વાસ્તવિક જગતનું જે સંવેદન, અનુભવ કલાકારને થયો હોય છે તેને નવીનરૂપે રજૂ કરે છે. આ છે કલાકારનું દર્શન. તે ખુલ્લા બોધરૂપે પ્રગટ ન થઈ શકે. 'કાન્તાસંમિત' રજૂઆત પામે એ ખૂબ જ જરૂરી છે.

**(2) નવલિકા :**

વાર્તા-કથાની કેટલી બધી વિવિધતા પંચતંત્ર, જાતકકથા, ઇસપનીતિ, અરેબિયન નાઈટ્સ વગેરેમાં સચવાયેલી છે; પરંતુ નવલિકા-એટલે કે જેને આપણે ટૂંકીવાર્તા-Short story કહીએ છીએ તે પશ્ચિમમાં છેક 19મી સદીમાં અને ગુજરાતી સાહિત્યમાં વીસમી સદીના આરંભકાળે જોવા મળતો સાહિત્યપ્રકાર છે. 'ટૂંકી વાર્તા જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછા બનાવોથી ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપે છે.' (રા.વિ. પાઠક); ટૂંક વાર્તા 'અનુભૂતિકણ' છે (ઉમાશંકર જોશી) વગેરે વિધાનો વાર્તાના સ્વરૂપને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરે છે. સર્જકે સર્જકે એનાં જુદાં રૂપ હોય છે અને લગભગ 'એક બેઠકે' પૂરી થઈ જાય તેવો એનો વ્યાપ હોય છે.

વસ્તુની પસંદગી અને તેની એકતા, ધ્યેયગામિતા, બિનજરૂરી બાબતોનો ત્યાગ અને ધ્વન્યાત્મકતા અને તે બધાની ઉપર આવે છે વાર્તાનો ચોટદાર અંત. કથાસાહિત્યનો, ભલે એ નાનો પણ, પ્રકાર છે. તેથી કથાવસ્તુ, પાત્ર, વર્ણન, સંવાદ, જીવનદર્શન વગેરે તત્ત્વો વિશે વિચાર કરવો જોઈએ, પરંતુ ત્યારેય આપણે તો ધૂમકેતુને યાદ કરીશું : 'જે વીજળીના ચમકારા પેઠે એક દૃષ્ટિબિંદુ રજૂ કરતાં કરતાં સોંસરવી નીકળી જાય અને બીજી ઝાઝી લપછપ વિના અંગુલિનિર્દેશ કરીને સૂતેલી લાગણીઓ જગાડીને વાચકની આસપાસ એક નવીન કલ્પનાસૃષ્ટિ ઘડી કાઢે તે ટૂંકી વાર્તા.'

એક સ્વતંત્ર કલાપ્રકાર હોવાને નાતે ટૂંકી વાર્તાનાં પ્રત્યેક ઘટક તત્ત્વની ક્રિયાશીલતા નવલકથાસ્વરૂપથી અલગ પ્રકારની છે. ટૂંકી વાર્તામાં ઘટના આવે છે ખરી પરંતુ ન વત્તી ન ઓછી, એટલે કે ઘટનાની સ્થૂળતા ઓગળી જાય અને કલાકૃતિને અનુરૂપ પ્રતિકાત્મક બનીને રજૂઆત પામે એ જરૂરી છે. વાર્તાકારનો એ આદર્શ હોવો જોઈએ. એટલું જ નહીં, પાત્ર વાર્તાને જીવાડી જતું હોય છે જ્યારે તેના બાહ્ય વર્તાવ કરતાં તેના મનોજગતને નિરૂપવામાં વાર્તાકાર સફળ થયો હોય. 'હીરો ખૂંટ' (જયંત ખત્રી) કે 'કમાઉ દીકરો' (ચુનીલાલ મડિયા) વાર્તામાં માનવેતર પાત્રો જ વાર્તાના કેન્દ્રસ્થાને છે અને તે પાત્રો મારફતે માનવીય વૃત્તિઓના સંઘર્ષ કે સંવેદનાઓને સરસ રીતે લેખકોએ ઉજાગર કરી છે. સંવાદ તત્ત્વ હૃદય સ્પર્શિતા જન્માવતું કે ચોટ આપે તે રીતે નિરૂપાય એ આવશ્યક છે. ઘણી વખત પાત્ર પોતાની જાત સાથે સંવાદ કરતું હોય એમ જોવા મળે છે. 'સૂચનની કળા' વાર્તાસર્જન માટે વપરાયેલો શબ્દપ્રયોગ છે એ જોતાં વર્ણનને ભાગ્યે જ અવકાશ હોય. ખૂબ જ ઓછાં વાક્યો અને વાર્તાની આંતરિક જરૂરિયાત પૂરતાં જ વર્ણન હોવું એવું અપેક્ષિત છે.

વાર્તા એ કથનાત્મક–narrative સાહિત્યસ્વરૂપ છે અને જેટલા વાર્તાકારો તેટલા વાર્તાના આકાર. વાર્તાકાર નાનકડી રંગભૂમિ પર જાણે ઘોડો ખેલવવાનું કપરું કાર્ય કરતો હોય છે તેને લંબાણ પાલવે જ નહીં. વાર્તાના માધ્યમ દ્વારા માનવજીવનના એક નાનકડા ખંડને અર્ધી ક્ષણની લીલામાં અવતારવાનું કાર્ય કલાકારની કસોટી કરી જાય એવું હોય છે. વાર્તાકારનો વાર્તામાં પ્રયોજાયેલો પ્રત્યેક

શબ્દ સહેતુક, સાર્થક અને અનિવાર્યતાવાળો હોય છે, તેથી વાર્તાકારની ભાષાશક્તિનો ઉત્તમ વિનિયોગ વાર્તામાં થયેલો હોય એ જરૂરી છે.

**(3) નિબંધ :**

'નિબંધ' શબ્દ ગુજરાતીમાં અંગ્રેજી Essay શબ્દનો પર્યાય રહ્યો છે. અન્ય સાહિત્યસ્વરૂપોની જેમ નિબંધ પણ અંગ્રેજીની અસરના પરિણામસ્વરૂપ આપણે ત્યાં રચાવો શરૂ થયો. નર્મદ આપણો સર્વપ્રથમ ધ્યાન ખેંચતો નિબંધકાર હતો. તેની જાણીતી ઉક્તિ 'નિબંધ લખવો એ જેવી તેવી વાત નથી' – નો મર્મ સમજીએ તો ખ્યાલ આવશે કે કોઈ પણ વિષય ઉપર પોતાના વિચાર વ્યવસ્થિત રીતે રજૂ કરવાનો પ્રયાસ તે નિબંધ. મૂળ Essay શબ્દનો અર્થ to try – 'પ્રયત્ન કરવો' એવો છે. સોળમી સદીમાં થઈ ગયેલા ફ્રેન્ચ નિબંધકાર મોન્તેઈન નિબંધનું સાહિત્યસ્વરૂપ સૌ પ્રથમ ખીલવ્યું અને પછી અન્ય દેશોની ભાષામાં તે પ્રસર્યું છે. અંગ્રેજ લોકોની અકે લાક્ષણિકતા ઉત્તમ પ્રકારના નિબંધકારો ત્યાંથી મળ્યા તે છે.

નર્મદે નિબંધ વિશે કહ્યું કે, 'પોતાના મનના વિચાર એક પછી એક એમાં સંબંધમાં તકરાર અને દાખલ સાથે અસર કરે તેવી રીતે બહાર પાડવા તે નિબંધ.' નવલરામ પંડ્યા કહે છે : 'કોઈ પણ બાબતમાં જે પોતાના વિચારો હોય તે બીજાને બરાબર લખી જણાવવા તે નિબંધ.' સમર્થ નિબંધકાર મણિલાલ દ્વિવેદીના મત મુજબ '...ન્યાયપૂર્વક અવલોકનવાળા વિચાર એ જ નિબંધનું સ્વરૂપ.' નિબંધકાર કાકાસાહેબ કહે છે : 'નિબંધના વિષયનું ક્ષેત્ર જીવન જેટલું વિશાળ હોઈ શકે છે. ધૂળના રજકણથી માંડી વિરાટ વિશ્વનો નિયંતા પણ નિબંધનો વિષય બની શકે છે...જેમ એક મિત્ર બીજા મિત્રની પાસે પોતાનું હૃદય ખુલ્લું મૂકી દે એમ એ પણ આત્મલક્ષી રીતે પોતાનું હૃદય ખુલ્લું મૂકી દે છે.' કાકાસાહેબ નિબંધને લલિતસાહિત્યનો પ્રકાર ગણવા પ્રેરે છે. તેમને મતે નિબંધનું મુખ્ય કામ આનંદ આપવાનું છે. ગંભીર વિષયોને ગંભીર અને બિનગત રીતે રજૂ કરનારાં લખાણ-ચિંતનાત્મક લખાણોને કેટલાક 'લેખ' તરીકે ઓળખાવે છે.

લલિત કે સર્જનાત્મક નિબંધોનુ ગદ્ય સર્જનાત્મક કક્ષાએ રહીને કાવ્યાત્મકતા ધારણ કરે છે તેનાં ઉદાહરણો કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી, સુરેશ જોશી, દિગીશ મહેતા વગેરેના નિબંધોમાં જોવા મળે છે. લલિતેતર કે ચિંતનાત્મક નિબંધોમાં ચિંતન, માહિતી, જ્ઞાન વગેરેનું વર્ણન અસરકારક રીતે થયું હોય છે. નર્મદનો 'સુખ' નામનો નિબંધ કે મણિલાલ દ્વિવેદીનો 'વિચાર' નિબંધ એ ચિંતનપ્રધાન-લલિતેતર નિબંધના ઉદાહરણ છે. 'વિવર્તલીલા'ના નિબંધો સૌ પ્રથમ વાર ગંભીરતાની મુદ્રા ટાળી હળવા સાહિત્યપ્રકારમાં રચાયા છે. સુધારાયુગ અને પંડિતયુગ કે જેને સમન્વય યુગ કહેવામાં આવે છે તે યુગના નિબંધોમાં ગંભીરતા જોવા મળતી હતી. ગાંધીયુગમાં વિચારોનું ઊંડાણ ચાલુ રહેતા છતાં ગંભીરતાને સ્થાને હળવાશ અને રસિકતાનું વધેલું પ્રમાણ જોવા મળે છે. ઉ.ત. કાકાસાહેબના નિબંધો. એમાં રજૂઆત હળવી, રસળતી, રસભર અને પારદર્શકતા ધરાવતી હોવાને લીધે એને સર્જનાત્મકતાનો પટ લાગે છે. કલ્પના, કૌતુકમયતા, તરંગ, મનની વાતને સ્પષ્ટતાથી એમાં વણાઈ જતી અનુભવાતી હોવાથી એને personal પ્રકારના નિબંધોનો આકાર પણ મળ્યો. 'ગોષ્ઠિ'ના નિબંધો પણ એ પ્રકારના છે.

સાચા લલિત નિબંધો અને ભાષાથી લઈને શૈલી સુધીની કૃતકતા દાખવતા લલિતભાસી નિબંધો વચ્ચે 5ણ આપણે વિચાર કરવો જોઈએ. નિબંધકાર વિષય કોઈપણ લે પરંતુ એમાં એના વ્યક્તિત્વનું પ્રતિબિંબ પડતું હોય છે એમાં ચબરાકિયાપણું કે કાવ્યાભાસી પદાવલિઓ કે ટુચકા જેવાં સસ્તાં-લોકખુશામતી સૂત્રવાક્યો મૂકીને છાપાંની દૈનિક કૉલમો જરૂર ભરી શકાય છે પરંતુ એ 'સાહિત્ય' નામને પાત્ર કૃતિ ગણાય નહીં. હાસ્યનિબંધમાં મર્મ, વ્યંગ ને હળવાશ એવી રીતે નિરૂપાય છે કે એવી કૃતિમાં સમભાવયુક્ત હાસ્યના આકર્ષણનો અનુભવ થાય છે. જ્યોતીન્દ્ર દવે, બકુલ ત્રિપાઠી, રતિલાલ બોરીસાગર, વિનોદ ભટ્ટ વગેરે સફળ હાસ્યનિબંધસર્જકો છે.

નિબંધ જ્યારે લલિત સ્વરૂપ ધારણ કરે છે ત્યારે એમાં આનંદલક્ષિતા, રંગદર્શિતા, સ્વૈરવિહાર

અને વ્યક્તિલક્ષિતાનો સુભગ મેળ થયેલો હોય છે. લલિત નિબંધની સ્વચ્છંદતા(લીલા)માં પણ કોઈક સુસંગતતા હોય છે, તે ભાવકેન્દ્રી પણ હોય છે તેથી રમણીયતાનો અનુભવ ભાવકને થાય છે. સ્વતંત્ર ગતિથી સર્જાતું નિબંધનું આ રૂપ લેખકના આંતરિક કોશને-ભાવસમૃદ્ધ કોશને 'લીલયા' ખોલી આપે છે. એમાં નૃત્યની જેમ સર્જકતાની આકર્ષક કવિતા પડેલી હોય છે. એવા નિબંધો સર્જકનો સ્વૈરવિહાર ગણાયા છે. લલિતેતર નિબંધ હમેશાં વસ્તુ-વિચાર-કેન્દ્રી હોય છે. તેમાં વિચારમૌક્તિકોની સરસ માળા ગૂંથાયેલી જોઈ શકાશે. એ પરલક્ષી રચના છે. લલિતેતર પ્રકારના નિબંધો જ્ઞાન, માહિતીનો સ્રોત બનતા હોય છે. ખરેખર નિબંધમાં વિવિધતા અને વિપુલતા ઘણી છે, શૈલીનાં અવનવાં રૂપ હોય છે અને ગદ્યકાર માટે નિબંધનું ગદ્ય કસોટીરૂપ બને છે. ખરે જ, નિબંધ લખવા એ જેવી તેવી વાત નથી, એ આપણા પહેલા નિબંધકાર નર્મદના ઉક્ત વાક્યમાં ઘણી મોટી વાત કહેવાઈ છે.

**(4) નાટક :**

એ દશ્ય-શ્રાવ્ય ઉભય પ્રકારનો લોકપ્રિય સાહિત્યપ્રકાર છે. ભિન્ન ભિન્ન રુચિવાળા લોકોનું એકસરખું મનોરંજન કરવાની ક્ષમતા નાટકમાં રહેલી છે. એ ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપોમાં પ્રયોજાય છે. તે સંસ્કૃત નાટકો અને ગુજરાતી અર્વાચીન નાટકોના આરંભે જોવા મળે છે. અભિનેયતા એ નાટકનું વ્યાવર્તક લક્ષણ છે. 'કાવ્યેષુ નાટકં રમ્યં' એ ઉક્તિમાં નાટકની રમણીયતા અભિનેયતા-ભજવણી પર ભાર મૂકાયો છે. નાટક સૌ પ્રથમ લેખકના ચિત્તપ્રદેશમાં જન્મે છે અને પછી લિખિત રૂપ પામે છે. પછીથી તે રંગમંચ પર ભજવાય છે. માનવીની ક્રીડાત્મક પ્રવૃત્તિમાંથી નાટકનો જન્મ થયો છે. તે નટ, નાટકકાર અને પ્રેક્ષક એ ત્રણેના સહિયારા પ્રયત્નનું ફળ છે. લોકોને પ્રત્યક્ષ જીવનના અનુભવ કરતાં નાટકના અભિનયમાં વિશેષ આનંદ પ્રાપ્ત થાય છે કારણ કે તેમાં સાધારણીકરણનો અનુભવ થાય છે. નાટક લોકજીવનનું અનુકરણ કરે છે. જનસામાન્યની વૃત્તિ-પ્રવૃત્તિઓની તે અનુકૃતિ છે, અભિવ્યક્તિ છે, લોકશિક્ષણ તેમજ લોકસંસ્કારનું સાધન છે અને મનોરંજન આપે છે એ તો મુખ્ય બાબત છે. અબુધ-વિબુધ સૌને નાટ્યસ્વરૂપ આકર્ષે છે. ભરતમુનિએ તો નાટકની પ્રતિષ્ઠા કરતાં કહ્યું કે 'આ નાટકમાં ન દેખાતું હોય એવું કોઈ શિલ્પ, જ્ઞાન, વિદ્યા, કલા, યોગ અને કર્મ નથી.'

ભારતીય નાટ્યશાસ્ત્ર અનુસાર કથાવસ્તુ, ચરિત્ર, રસ અને અભિનય એ નાટકનાં મહત્ત્વનાં ઘટકતત્ત્વો છે. પાશ્ચાત્ય નાટ્યશાસ્ત્ર અનુસાર વસ્તુસંકલના, ચરિત્ર, ભાષા, દશ્યવિધાન, વિચાર અને કોરસ એવા વિભાગ પડે છે. આપણે વસ્તુ, પાત્રાલેખન, સંવાદ, કાર્ય, સંઘર્ષ અને રસ તથા રજૂઆત એમ ઘટકતત્ત્વોને સમજવા પ્રયત્ન કરીએ. નાટકમાં વસ્તુ ...નું મહત્ત્વ ચરિત્ર ... જેટલું જ છે. કથાને લેખક પોતે રંગભૂમિ પર ઉપસ્થિત થઈ ને રજૂ કરવા આવતો નથી. આવી શકે નહિ. રોમિયો-જુલિયેટ પાત્રો દ્વારા પ્રેક્ષકો આખી વાત માણશે, પરંતુ શેક્સપિયરની ઉપસ્થિતિને રંગમંચ પર પ્રેક્ષકો સાંખી શકશે નહિ. પાત્રો પરસ્પર વાતચીત કરે એમાં સંવાદતત્ત્વ ભળેલું છે. સંવાદ દ્વારા જ નાટક ગતિ કરતું હોઈ સંવાદ ટૂંકા, કાર્યસાધક અને સ્વાભાવિક હોવા જરૂરી છે. સંવાદમાં અભિનય ભળતાં જ નાટ્યતત્ત્વ તેની ટોચ પર પહોંચી જાય છે. સંઘર્ષ નહિ તો નાટક નહિ, એ નાટ્યસ્વરૂપની ચર્ચા કરતી વખતે ખાસ ધ્યાન રાખવા જેવો મુદ્દો છે. સંવાદ જેમ પાત્રોચિત તથા પરિસ્થિતિને અનુરૂપ હોવા જરૂરી છે તેમ સંઘર્ષનું તત્ત્વ નાટકમાં રસ પેદા કરે છે. પશ્ચિમનાં કાર્યપ્રધાન નાટકોમાં સંઘર્ષ તીવ્રપણે આલેખાતો જોવા મળે છે. જયંતિ દલાલ કહે છે તેમ સંઘર્ષ પાત્રે અનુભવેલી તાણનું પરિણામ છે. નાટક શ્રાવ્ય કરતાંય વિશેષ તો દશ્ય માધ્યમ છે. તેથી બાહ્ય કે આંતરસંઘર્ષ નિરૂપવામાં લેખકે ભાષાનું ખાસ ધ્યાન રાખવાનું છે. સંઘર્ષના તત્ત્વ સાથે નાટક પરાકાષ્ઠા-climax એ પહોંચે છે પછી નાટકનું કથાવસ્તુ પાત્રો, સંવગાદો ઈ.ની. સહાયથી અંત તરફ આગળ વધે છે.

નાટકના મુખ્ય બે પ્રકારો છે (1) Comedy—સુખાન્ત—વિનોદિકા અને (2) Tragedy—દુઃખાન્ત, કરુણાન્તિકા. 'ઉત્તરરામચરિત' કરુણાન્ત નાટક છે. 'ભટનું ભોપાળું' સુખાન્ત નાટકનાં ઉદાહરણો છે. વસ્તુ, શૈલી વગેરે દૃષ્ટિએ નૃત્યનાટિકા, રેડિયો નાટક, પદ્યનાટક વગેરે પ્રકારો પણ જાણવા મળે છે. 'મેનાં ગુર્જરી' જેવું લોકગીતાત્મક નાટક કે ગુજરાતી ભાષામાં મૂળ નાટક 'ભવાઈ'નું સાહિત્યસ્વરૂપ પણ જાણીતું છે. આધુનિક ગુજરાતી સાહિત્યમાં પશ્ચિમમાં સેમ્યુઅલ બેકેટનું 'વેઇટીંગ ફોર ગાદો' આ

પ્રકારનું નાટક છે. પાત્રના અસંબદ્ધ પ્રલાપો કે વાતચીત મારફતે કોઈક જીવનસત્ય પ્રગટ કરવાનો લેખકનો આશય હોય છે. 'પેન્સિલની કબર અને મીણબત્તી' 'હુકમ માલિક !' એબ્સર્ડ નાટક તરીકે ગુજરાતીમાં જાણીતાં છે.

એકાંકી આમ તો નાટકનો જ એક પ્રકાર છે. દીર્ઘ નાટક એકથી વધુ અંકો અને પ્રવેશોમાં વહેંચાયેલું હોય છે. ઉ.ત. 'મિથ્યાભિમાન', 'કાકાની શશી' વગેરે. જ્યારે એકાંકી આશરે પોણા કલાકમાં ભજવાઈ જતું, રંગભૂમિનો પડદો ઊપડતાં શરૂ થતું અને મુખ્ય પડદો પડી જતાં પૂર્ણ થતું નાટક છે. એકાંકીનું નાટ્યસ્વરૂપ આપણે ત્યાં પશ્ચિમમાંથી આવેલું છે. સમયની તાતી જરૂરિયાત નજર સમક્ષ રાખી એક-બે દૃશ્યો કે એકાદ પ્રસંગ યા સમસ્યા લઈ રચાતું એ લઘુનાટક છે. ટૂંકી વાર્તાની જેમ જ આ લઘુસાહિત્યસ્વરૂપમાં પાત્ર, પ્રસંગ, સંવાદ બધું જ લક્ષ્યવેધી હોય એ જરૂરી છે. એકાંકીમાં પ્રયોજાતી ભાષા પણ કાર્યસાધક-થોડાકમાં ઘણું કહેવાનું બળ ધરાવતી હોય છે.

એકાંકી એટલે સ્વાયત્ત, એકાગ્રતાવાળો સાહિત્યએકમ. એક ભાવ, એક વિચાર, એક પરિસ્થિતિ, એક પ્રભાવ-એ બધાનું એકાત્મક અસ્તિત્વ-identity બની રહેવું જોઈએ. સ્થળ, કાળ અને કાર્ય-ત્રણની એકતા-Three unities એકાંકીમાં આવશ્યક છે. એવી જ રીતે સંક્ષિપ્તતા અને સચોટતા એકાંકીનો મુખ્ય ગુણ બનવો જોઈએ. એકાંકી પણ નાટકની જેમ અભિનેય હોવું જોઈએ, એ ફક્ત વાંચવા માટેનું ન હોઈ શકે. અત્યંત નાજુક આ કલારૂપને સિદ્ધ કલાકાર પૂર્ણતા બક્ષી શકે.

**(બ) પદ્યસ્વરૂપો :**

'કાવ્ય' શબ્દનો એક વિશાળ અર્થ 'સાહિત્ય' છે અને તે ગદ્ય અને 5દ્યમાં હોઈ શકે એમ કહેવાયું છે; પરંતુ કવિતા-પદ્યને તેના ઉચિત અર્થમાં સમજીએ.

'પદ્ય'નો કોશગત અર્થ છંદોબદ્ધ રચનાની એક કડી અથવા એકમ છે તેમ છતાં તેમા ગેય ઢાળવાળી ભાષા-આકૃતિ પદ્ય કહેવાય છે. છંદ કે ગેયતા પદ્યનું પ્રાણતત્ત્વ છે. મનુષ્યહૃદયના ભાવોને વ્યક્ત કરવામાં ગદ્ય કરતાં પદ્ય વધુ અનુકૂળ વાહન છે. કાવ્યની ભાષા સૂચક, વ્યંજનાગર્ભ, પ્રતીકાત્મક શબ્દોની બનેલી હોય છે. પદ્યમાં છંદ અને લય એ બેમાંથી લય અનિવાર્યતત્ત્વ છે. પદ્યમાં ભાવ કે કલ્પનાને નિયમિત ગતિમાં બંધાયેલા શબ્દો ચિત્રાત્મક સૌંદર્ય ધારણ કરે છે. પદ્ય કવિતાનું યોગ્ય વાહન છે પરંતુ તે સ્વયં કવિતા નથી. જોડકણામાં પદ્ય જોઈ શકાશે, કવિતા નહિ. કવિતા તો સર્જકને થયેલી અનુભૂતિના આંતરિક સૌંદર્યમાં રહેલી છે. પદ્યમાં જે લય છે તે કવિતા માટે પાયાનું ઉપયોગી તત્ત્વ છે. સમગ્ર પદ્ય કાવ્ય કે કવિતા નથી.

ભારતીય કાવ્યશાસ્ત્રીઓએ મહાકાવ્ય, આખ્યાયિકા, ઊર્મિકાવ્ય, લઘુકાવ્ય, મુક્તક વગેરે કાવ્યના વિભાગો દર્શાવ્યા છે. પશ્ચિમમાં પણ લિરિક, ઓડ, સૉનેટ, એલિજી, એપિક વગેરે પ્રકારો જાણીતા છે. મધ્યકાળના ગુજરાતી સાહિત્યમાં રાસ, ફાગુ, પ્રબંધ, દુહા, ચોપાઈ, પદ, આખ્યાન, પદ્યવાર્તા વગેરે કાવ્યપ્રકારો ખેડાયા છે. અર્વાચીન કાળમાં અંગ્રેજી અને યુરોપીય સાહિત્યના સંપર્કને પરિણામે હાઈકુ, મુક્તક, ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય વગેરે પ્રકારો ખેડાયા છે. ગઝલ કાવ્યપ્રકાર પણ ગુજરાતીમાં એક વિદેશી કાવ્યનો રોપો છે તેમ છતાં ગુજરાતી સાહિત્યમાં ગઝલની એક આગવી મુદ્રા અંકિત થઈ ગઈ છે.

હવે આપણે અભ્યાસગત મહાકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય, સૉનેટ તેમજ ગઝલ પદ્યસ્વરૂપોનોનો અભ્યાસ કરીશું.

**(1) મહાકાવ્ય :**

પદ્યપ્રકારોમાં સૌથી મોટું ને કાવ્યાત્મક સ્વરૂપ મહાકાવ્ય છે. સ્વરૂપની વ્યાપકતા અને ઉદાત્તતા તેમાં અપેક્ષિત છે. ગદ્યમાં આજે રચાતી મહાનવલની જેમ તેનો વ્યાપ હોય છે. सर्गबद्धौ महाकाव्यौ...એમ ભારતીય સાહિત્યવિચારકો મહાકાવ્યની જે વ્યાખ્યા આપી છે. તેમાં,

(1) આઠથી વધુ અને 60-70 સર્ગો સુધી તે લંબાયેલું દીર્ઘકથાકાવ્ય છે.

(2) એનું વસ્તુ કોઈક ઐતિહાસિક, પૌરાણિક કે કાલ્પનિક કથા હોય છે.

(3) ઉદાત્ત નાયકો, ધીરોદાત્ત રાજવીઓ, અવતારી પુરુષોના કરુણગંભીર જીવનનું તેમાં આલેખન હોય છે. વીરત્વ અને દંતકથાઓ પણ એમાં સંકળાયેલાં હોય છે.

(4) માનવજીવનના ચારેય પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું એમા નિરૂપણ થયું હોય છે. એક મહાન પ્રજા કે મહાન વ્યક્તિ કે વંશના ભવ્ય કાર્યનું નિરૂપણ હોય છે.

(5) દેશ, કાળ, પાત્ર વગેરેની ચેષ્ટાવાળું તેનું આંતર કથાવસ્તુ હોય છે.

(6) તેમાં નગરો, સમુદ્રો, પર્વતો, ઉદ્યાનો, નદીઓ, જંગલો, ભવનો, શિબિરો, સૈન્ય, ઋતુઓ, ઉત્સવો આદિનાં વિસ્તારપૂર્વક વર્ણનો હોય છે.

(7) શિષ્ટ સંસ્કારી ભાષા, અલંકાર સમૃદ્ધિ અને એક મુખ્ય અને અન્ય ગૌણરસોનું નિરૂપણ એમાં જોવા મળતું હોય છે.

રામાયણ, મહાભારત કે કાલિદાસનું 'રઘુવંશ' વગેરે અનેક સંસ્કૃત મહાકાવ્યોના આધારે આવાં કેટલાંક લક્ષણો તારવવામાં આવ્યાં છે. પશ્ચિમના સાહિત્યવિચારકોએ મહાકાવ્યના બે પ્રકારો પાડ્યા છે : (1) Epic of growth અને (2) Epic of Art. અને અનુક્રમે Epic of the people અને Epic of the court તરીકે પણ ઓળખવામાં આવ્યા છે. પાશ્ચાત્ય Epicમાં ઐતિહાસિક કે કાલ્પનિક કથાવસ્તુ, રાજા-દેવ વગેરે ગુણાવગુણોથી ભરેલા પાત્ર, ચમત્કૃતિયુક્ત અને કવિની સર્ગશક્તિની કસોટી કરે તેવાં વર્ણનો તેમજ Heroic–વીરછંદ-વીરવૃત્ત, રસાનુકૂલ કે ભાવાનુકૂલ છંદ વૈવિધ્ય, આલંકારિક શૈલી અને ભાષાસમૃદ્ધિ જોવા મળે છે. 'ઇલિયડ', 'ડિવાઈન કૉમેડી', પેરેડાઈઝ લોસ્ટ' વગેરે પશ્ચિમનાં મહાકાવ્યો છે.

મહાકાવ્ય એ મહાકવિની મહાન અનુભૂતિની ઉત્તમ અભિવ્યક્તિ છે. કથાનક, ચરિત્ર, વિચાર, દર્શન, કલ્પના, રસ, શૈલી વગેરે મહાન તત્ત્વો એમાં આવશ્યક છે. રામનારાયણ વિ. પાઠકના મતે મહાકાવ્યમાં અનેક પ્રકૃતિના મનુષ્યોમાં, હલકાથી માંડી ઊંચા સુધીના બધા થરોના જીવનમાં રસ લેવાની સ્વાભાવિક વૃત્તિ અને શક્તિ, લાંબી ત્રિજ્યાએ ઊડતી કલ્પના હોવાં જોઈએ. બળવંતરાય ઠાકોરના મત અનુસાર બનાવો અને પાત્રોની અસાધારણ, વિચિત્ર કે અદ્ભુત ગૂંથણી, ગદ્યવાર્તા કે પદ્યકૃતિરૂપે હોય તેમાં જ કવિ ભવ્ય ભાવનાઓ અને ઉદાત્ત ભાવો યથાયોગ્ય ભરીને મહાકાવ્ય ઉપજાવે છે. ડોલરરાય માંકડનો મત છે કે મહાકાવ્યમાં માનવજીવનના નિરૂપણની દષ્ટિ, તેનું સમગ્ર દર્શન, ચારે પુરુષાર્થો અને તેમના ઊર્ધ્વીકરણનું નિરૂપણ હોવાં જોઈએ. પશ્ચિમના વિચારકોમાં એરિસ્ટોટલ કહે છે કે – મહાકાવ્ય કથનાત્મક, નાટ્યાત્મક રીતે ગૂંથાયેલા વસ્તુવાળું, આદિ મધ્ય અને અંતવાળું, જીવંત સ્વરૂપનું, સરળ કે સંકુલ, નીતિમત્તા અને વિનાશ નિરૂપતું, ભવ્યતા અદ્ભુતતા અને વસ્તુને અનુરૂપ શૈલીવાળું અને હેક્ઝામીટર છંદમાં રચાયેલું હોય છે.

**(2) ખંડકાવ્ય :**

ખંડકાવ્ય કથનાત્મક કાવ્યપ્રકાર છે. એમાં મહાકાવ્યને મુકાબલે (સમગ્ર જીવનને બદલે) તેના એક ભાગનું અને જીવનના બધા પુરુષાર્થોને બદલે એકાદ પુરુષાર્થનું નિરૂપણ થયેલું હોય છે. લઘુકાવ્ય, ખંડકાવ્ય કે મહાકાવ્યનો ભેદ માત્ર આકારની દીર્ઘતા નથી; વિષયસ્વરૂપ, નિરૂપણ પદ્ધતિ, વિષયની લઘુતા કે વ્યાપકતાનો પણ ભેદ છે. સંસ્કૃતના 'મેઘદૂત' કાવ્યને ખંડકાવ્ય ગણવામાં ઘણા વિદ્વાનો એકમત છે.

ગુજરાતી ભાષામાં ખંડકાવ્યનો પ્રકાર સૌ પ્રથમ કવિ કાન્તે રચ્યો છે. કાન્તે ભાવ પ્રમાણે બદલાતા જતા છંદોવાળી નિરૂપણ પદ્ધતિમાં ખંડકાવ્યની પ્રતિષ્ઠા કરી. રામનારાયણ પાઠક કહે છે કે વ્યક્તિના આખા જીવનને બદલે તેનો એક અમુક વૃત્તાંત હોય. તેમાં પ્રવાહને બાધ ન આવે એ રીતે અર્થાન્તરન્યાસની પદ્ધતિએ કોઈ વાર સામાન્ય સત્ય મુકાયું હોય અને કોઈક વાર ચિંતન પણ કરી શકાય; પરંતુ તે ઘણું જ ટૂંકું, માત્ર સૂચક જ, આખા કાવ્યના ઉઠાવમાં પ્રમાણભંગ ન થાય તેવું હોવું

જોઈએ. કથન અને ઊર્મિનાં બે મહત્ત્વનાં લક્ષણો વિશે વિચારતાં એને 'કથનોર્મિકાવ્ય' એવી પણ સંજ્ઞા મળી છે. એમાં કથાનું વાર્તાતત્ત્વ, કવિતાનું ઊર્મિતત્ત્વ અને નાટકના નાટ્યતત્ત્વનો સમન્વય થયેલો જોવા મળશે. ગ્રીક કરુણાંતિકા (tragedy) ની યાદ અપાવે તેવું કાવ્યના નાયકનું એમાં ચરિત્ર આલેખાયું હોય છે.

ખંડકાવ્યનો આરંભ ક્યારેક સંવાદથી, ક્યારેક વર્ણનથી તો ક્યારેક માત્ર કથનથી થતો જોવા મળે છે. એમાં માનવમનના ભાવોના, માનવમનના કાર્યને અનુરૂપ નિરૂપણથી ભાવસંચય કરતા જઈ પરાકાષ્ઠા લાવી રસજમાવટ કરવાની હોય છે. કાન્તનાં ખંડકાવ્યોમાં આ પદ્ધતિ અપનાવેલી જોવા મળે છે. ઉગ્ર મનોમંથન અને સંઘર્ષમાંથી પસાર થતાં પાત્રો કાન્તનાં ખંડકાવ્યોમાં અવશ્ય જોવા મળે છે. અસરકારક અને કરકસરપૂર્વક પસંદગીના શબ્દોથી યોજાયેલી ભાષા ખંડકાવ્યને સઘનતા અર્પે છે. કાન્તનાં કાવ્યોમાં ઘણી વાર પ્રકૃતિ પણ એક પાત્રની જેમ નિરૂપણ પામે છે. કાન્તનાં 'વસંતવિજય', 'ચક્રવાકમિથુન', 'અતિજ્ઞાન' ગુજરાતી ખંડકાવ્યોના ઉત્તમ નમૂના ગણાયા છે. કાન્ત પછી કલાપી, નરસિંહરાવ, બોટાદકર અને સુન્દરમે પણ ખંડકાવ્ય લખ્યાં છે તેમાં ઉત્તમતાના અલ્પ અંશો ઝડપાયા છે પરંતુ કાન્તનાં ખંડકાવ્યોની જેમ સર્વાંગ કલાકૃતિઓ તરીકે તે ઊણી ઊતરે છે. આધુનિક ગુજરાતી કાવ્યસાહિત્યમાં કવિ સિતાંશુ યશશ્ચંદ્રનું 'જટાયુ' કાવ્ય, ચિનુ મોદીનું 'બાહુક' કે વિનોદ જોશીનું 'શિખંડી' કાવ્ય વગેરે ખંડકાવ્યના બદલાયેલા સ્વરૂપની ઓળખ આપતાં ધ્યાનપાત્ર રહ્યાં છે ખરાં પરંતુ એકંદરે આ કાવ્યપ્રકારમાં રચનાઓ હવે જોવા મળતી નથી.

**(3) ઊર્મિકાવ્ય :**

ઊર્મીકાવ્ય-'લિરિક' શબ્દ Lyre-વીણા જેવા તંતુવાદ્ય સાથે ગવાતાં સંગીતકાવ્ય માટે યોજાયો છે. અંગ્રેજીમાં જેને 'લિરિક' તરીકે ઓળખવામાં આવે છે તે ફ્રકારના સ્વરૂપને આધારે ઊર્મિકાવ્યનો વિકાસ થયો છે. જોકે Lyric-ગીતિકાવ્ય માત્ર ગેય નથી હોતું પાઠ્ય પણ હોય છે. તે ભાવ, વિચાર ને કલ્પના એ ત્રણેને કે ત્રણમાંથી કોઈ એકને મુખ્ય બનાવતું કાવ્યસ્વરૂપ છે જ્યારે ઊર્મિકાવ્ય ગીત, ઊર્મિગીત, ગીતિકાવ્ય વગેરે નામવાળાં લિરિકનાં અન્ય સ્વરૂપોનો સમાવેશ કરે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ, ગરબો, ગરબી, રાસ, ફાગ, બારમાસી રાસડા વગેરે ઊર્મિકાવ્યો તરીકે ઓળખાયાં છે. તે સૂક્ષ્મ ભાવવાહી કેન્દ્રસ્થ ઊર્મિ ધરાવતું સ્વરૂપ છે. કથા કે વિચાર કે વર્ણનનો ભાર ખમી ન શકે એનું નાજુકનમણું એ કલાસ્વરૂપ છે.

ઊર્મિકાવ્યમાં વ્યક્ત થયેલી ઊર્મિ કાવ્યક્ષમ અને સાચી હોવી જોઈએ. એની ભાષા અને અલંકારસામગ્રીમાં સૌંદર્ય, સરસતા અને ઘનતાનો અનુભવ થતો હોય છે. હૃદયનો આવેગ, જીવનની મર્માળી વાત સામૂહિક ઊર્મિરૂપે ઘણી વખત ઊર્મિકાવ્યોમાં રજૂ થતી હોય છે. નવલરામ પંડ્યાએ કવિતાના આત્મલક્ષી-... અને પરલક્ષી-... એવા બે પ્રકારો પાડ્યા છે. ઊર્મિકાવ્ય પરલક્ષી કવિતા પણ હોઈ શકે છે. નરસિંહરાવ દિવેટિયાએ 'લિરિક' માટે 'સંગીતકાવ્ય' શબ્દ પ્રયોજ્યો છે. બ.ક. ઠાકોરે તો 'લિરિક' વિશે એક પુસ્તક લખી ઊર્મિકવિતાની વિગતે ચર્ચા કરી છે. ઊર્મિકાવ્યમાં ગેયતા અથવા મધુરલયયુક્ત પાઠ્યતા રહેલાં છે. સુગેય ઢાળ, છંદ કે લય ત્રણમાંથી કોઈ એક તત્ત્વ ઊર્મિકાવ્યમાં અપેક્ષિત છે. 'સાગર અને શશી', 'મંગલમંદિર', 'મેરે પિયા' વગેરે ઉત્તમ ઊર્મિકાવ્યો એટલા માટે ગણાયાં છે કે તેમાં ગીત યા છંદની ગેયતા આકર્ષણ જમ્)વે છે. ઉત્કટ ભાવનો જાણે ફુવારો એમ ઊર્મિકાવ્ય વિશે કહી શકાય. ઊર્મિકાવ્ય કવિના અંતરને વહેવાનું પાત્ર છે. હૈયાની એ સરવાણી અનવરતપણે અને સહજ રીતે વહેતી જોવા મળે છે. 'મેરે પિયા' જેવા નાજુક ઊર્મિકાવ્યમાં કવિતા ચિત્તનો શબ્દપ્રવાહ ભાવકને પણ પરિપ્લાલિત કરતો અનુભવાય છે. ઊર્મિકાવ્ય સાદું ઇંદ્રિયગ્રાહ્ય અને ભાવાવવેગપૂર્ણ હોય છે. કવિ ન્હાનાલાલનાં રાસકાવ્યો પણ અહીં યાદ કરી શકાય.

હાઇકુ, મુક્તક, સૉનેટ, કરુણપ્રશસ્તિ જેવા અર્વાચીન અને પદ, રાસ, ગરબી, પ્રભાતિયાં, હાલરડાં વગેરે મધ્યકાલીન કાવ્યસ્વરૂપોનો ઊર્મિકાવ્યસ્વરૂપમાં સમાવેશ થાય છે. ઊર્મિકાવ્યમાંથી ભાવ ધ્વનિરૂપે પ્રગટ થવો જોઈએ. કાવ્યના આરંભથી અંત સુધીમાં ભાવ જે રીતે ઘુંટાય છે અને ભાવકના ચિત્તને જે રીતે જકડી લે છે તેમાં જ ઊર્મિકાવ્યની સફળતા રહેલી છે. એક સહજ-સરળ-

ઉત્કટ ભાવાવેશ ઊર્મિકાવ્યને પ્રગટ થવા માટે અનુકૂળ છે. એમાં અભિધાની નીચેના પડમાંથી વ્યંજનાનો વ્યાપાર પ્રવર્તતો જોવા મળે છે. ઊર્મિકાવ્ય એ યુગનું તો ખરું જ કોઈ પણ સમયનું લોકપ્રિય અને કાવ્યક્ષમ સ્વરૂપ છે.

**(4) સૉનેટ :**

'સૉનેટ' એ ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર છે. એનું ઉદ્‌ભવસ્થાન ઇટાલી છે. પછી તે અંગ્રેજી અને બીજી ભાષાઓમાં પ્રસારણ પામ્યું – અલબત્ત, થોડાક થોડાક ફેરફાર સાથે. માત્ર ચૌદ પંક્તિના આ લઘુકાવ્ય પ્રકારની ગુજરાતી સાહિત્યમાં શરૂઆત પંડિત યુગમાં થઈ. પહેલું સૉનેટ 'કાન્ત' કવિએ રચ્યું હોય તો પણ બળવંતરાય ઠાકોરનું નામ સૉનેટ કાવ્યસ્વરૂપ સાથે સતત જોડાયેલું રહેશે એટલું એ કાવ્યસ્વરૂપને તેમણે લોકપ્રિય બનાવ્યું છે. સ્વરૂપગત ભિન્નતા જોઈએ તો ચૌદ લીટીનું નિરૂપણ જુદી જુદી રીતે થયેલું છે. ઇટાલીના પેટ્રાર્ક નામનાકવિએ તેને આઠ અને છ પંક્તિઓના બે વિભાગ કરેલા. ઇંગ્લેન્ડમાં શેક્સપિયરના હાથે સૉનેટનો નવાવતાર થયો. તેણે ચાર, ચાર, ચાર અને બે પંક્તિઓ એવા વિભાગો પાડી સૉનેટરચનાઓ કરી. પેટ્રાર્કન કે શેક્સપિયરિયન પદ્ધતિની સૉનેટના સ્વરૂપથી ભિન્ન એક ત્રીજા પ્રકારનું સ્વરૂપ સૉનેટઊમાં જોવા મળે છે. ત્યાં બાર અને બે, તેર અને એક એમ ઘણી વિવિધતા મળે છે. તેને અનિયમિત પ્રકારનું સૉનેટ કહી શકાય. સૉનેટમાં વિચારવળાંક કે વિચારપલટો મહત્ત્વનો છે જે કાવ્યમાં ચોટ આણે છે. સૉનેટમાં નિરૂપાયેલો ભાવ કે વિચાર ઊર્મિથી સભર હોય છે.

સૉનેટ કાવ્યમાં ચૌદ જ લીટી હોય એ માળખું તેની બાહ્ય ઓળખ માટે સર્વસ્વીકૃત થયેલું છે, કહો કે એક અનિવાર્ય શરત તરીકે સ્વીકારાયેલું છે, પરંતુ ચૌદ લીટીના કોઈ કાવ્યમાત્રને આપણે સૉનેટ કહી શકીશું નહિ. સૉનેટમાં વ્યાપની સાથે ઊંડાણ પણ છે, અભીવ્યક્તિની સૂઝ અને રસાનુભૂતિની પકડ અને સંવેદન અને ચિંતનનો સુંદર સમન્વય – 'નહિ સાંધો નહિ રેણ' એ ન્યાયે થયેલો હોય છે. સૉનેટનું બહિરંગ ચૌદ પંક્તિઓ અને તેનું અમુક પ્રકારે વિભાજન એ છે, જ્યારે સૉનેટનું અંતરંગ એમાં ભાવ કે વિચારનો વળાંક અને અંતે એ ભાવની પરાકાષ્ઠા એટલે કે ચમત્કૃતિયુક્ત અર્થસંભારને કારણે મહત્ત્વની બની રહે છે. 'કાન્ત'નું 'ઉપહાર' કે બ.ક.ઠાકોરનું 'વધામણી' અથવા 'ભણકારા' સૉનેટ કાવ્યના ઉત્તમ નમૂનાઓ છે. ગાંધીયુગમાં તો ભાગ્યે જ એવો કોઈ કવિ હશે જેણે સૉનેટરચના કરી ન હોય. ઉમાશંકર અને સુન્દરમ્, નિરંજન ભગત અને રાજેન્દ્ર શાહ, ઉશનસ્ અને જયંત પાઠક, હરિશ્ચંદ્ર અને પ્રહ્‌લાદ પારેખ, શ્રીધરાણી, રાવજી પટેલ, લાભશંકર ઠાકર વગેરે કવિઓએ નોંધપાત્ર સૉનેટો આપ્યાં છે. ગુજરાતી ભાષાની કેટલીક ઉત્તમ કવિતા ઊર્મિગીતો અને સૉનેટોમાં જળવાઈ છે.

**(5) ગઝલ :**

હાઈકુ જેમ જાપાનીઝ કાવ્યપ્રકાર છે, સૉનેટ જેમ મૂળે ઇટાલિયન કાવ્યપ્રકાર છે તેમ ગઝલ પણ વિદેશી કાવ્યરોપો છે. તે ફારસી કાવ્યપ્રકાર છે. ગઝલ એટલે 'પ્રેમકાવ્ય' એમ આરંભમાં એની ઓળખ હતી પરંતુ સમય જતાં ગઝલનાં રૂપરંગ પલટાયાં અને કોઈપણ વિષય ગઝલમાં નિરૂપી શકાય એ સર્વસ્વીકૃત બન્યું.

એ લઘુ કાવ્યપ્રકાર છે. સહેજે ચાર-પાંચ શેરથી વધુ અને આઠ-દસ શેર સુધીમાં સમાઈ જતો તેનો વિસ્તાર હોય છે. ગઝલનો પ્રત્યેક શેર એક સ્વતંત્ર એકમ છે છતાં આ કાવ્યસ્વરૂપની રચનાગત આંતરિક શિસ્ત એક માળાના મણકારની જેમ ભાવ કે વિચારને સૂક્ષ્મ રીતે પરોવી નાખે છે. ગઝલના પ્રથમ શેરને 'મત્લા' કહે છે અને અંતિમ શેરને 'મક્તા' કહે છે. શેરની પંક્તિના અંતે આવતા શબ્દને-પ્રાસને 'રદીફ' અને તેની આગળના શબ્દને-પ્રાસને 'કાઠિયા' તરીકે ઓળખવામાં આવે છે. આ 'રદીફ' અને 'કાફિયા' ગઝલમાં લયનું લાલિત્ય્ જન્માવે છે, જે ભાવક માટે આકર્ષણરૂપ રહે છે. ગઝલ એટલે એક છંદ એવી પણ એક સમયે ઓળખ હતી પરંતુ હવે ગઝલને કાવ્યસ્વરૂપ તરીકેની ઓળખ મળી છે તેમાં છંદવાળી ગઝલો લખાય છે. માત્રામેળ છંદમાં પણ ગઝલો રચાય છે એટલું જ નહિ લયનાં આવર્તનોમાં જરા-તરા પરિવર્તન કરતા રહીને, અવનવા પ્રયોગો કરતા રહીને ગઝલો લખાય છે.

ગઝલનો એક કાવ્યગુણ, એની અસલિયત તે એનો મિજાજ છે, એક પ્રકારની ખુમારી એમાં હોય છે. ગઝલસ્વરૂપની કેટલીક અપેક્ષાઓ હોય છે જેમ કે પ્રથમ પંક્તિમાં પ્રગટતો ભાવ શેરની બીજી પંક્તિમાં અનિવાર્યતયા ચમત્કૃતિ સાધતો હોય છે. શેરમાં અમૂર્તભાવને નિરૂપવા પ્રતીકનો કે કલ્પનનો આધાર પણ લેવામાં આવતો હોય છે. ભાષા વિશે પણ વિચાર કરીએ. આરંભકાળે સનમ, સાકી, વફા, કિસ્મત વગેરે ઉર્દૂ શબ્દોની ભરમાર આવતી. ગુજરાતી ભાષામાં છેલ્લી પચીસીની કવિતા-ગઝલ જોતાં સમજાય છે કે તે પૂરેપૂરી ભાવ-ભાષા-અભિવ્યક્તિમાં ગુજરાતી અને વૈશ્વિક બની ગઈ છે. કાવ્યક્ષમ કોઈ પણ વિચાર કે ઊર્મિ ગઝલમાં બેરોકટોક આવે છે. ઊર્મિગીતની જેમ ગઝલસર્જન પણ કવિની કસોટી છે. ગઝલનામી રચનાઓનો ફાલ તો ઢગલાબંધ ઊતરે છે પરંતુ ઘણા થોડીને તે કલા હસ્તગત છે. ગુજરાતી ગઝલકારોમાં બાલાશંકર અને મણિલાલ અને કાન્તની ગઝલ વિશે પ્રારંભમાં જ સ્મરણ કરી લઈએ પણ ત્યાર પછી 'શયદા', ગની દહીંવાળા, અમૃત 'ઘાયલ', 'બેફામ', 'મરીઝ', રતિલાલ 'અનિલ' ની કવિપેઢી પછી આધુનિક યુગમાં ચિનુ મોદી, 'આદિલ' મનસુરી, મનોજ ખંડેરિયા, મનહર મોદી, રાજેન્દ્ર શુક્લ, 'શ્યામ' સાધુ, 'અદમ' ટંકારવી, અશોકપુરી ગોસ્વામી, હર્ષદ ચંદારાણા, રાજેશ 'મિસ્કીન' વગેરે ગુજરાતી ગઝલક્ષેત્રે ગૌરવશાળી નામો છે.

## 1.8 સાહિત્યના રચનાનાં હેતુઓ

સાહિત્યના રચનાનાં હેતુઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(1) અધ્યેતા સાહિત્યની સંકલ્પના સમજે.

(2) અધ્યેતા સાહિત્ય રચના અને વિકાસ વિશે જાણે.

(3) અધ્યેતા સાહિત્ય સ્વરૂપો અંગે જ્ઞાન પ્રાપ્ત કરે.

(4) અધ્યેતા સાહિત્યનું કાર્યક્ષેત્ર જાણે.

(5) અધ્યેતા ભારતીય સાહિત્યનાં વિકાસનાં તબક્કાઓ જાણે.

(6) અધ્યેતા સાહિત્ય રચનાનાં આધાર સ્તંભો જાણે.

(7) અધ્યેતા સાહિત્ય સ્વરૂપનું વૈવિધ્ય જાણે.

(8) અધ્યેતા પદ્ય સાહિત્યનો અર્થ અને પ્રકારો વિષે જાણે.

(9) અધ્યેતા ગદ્ય સાહિત્યનો અર્થ અને પ્રકારો વિષે જાણે.

(10) અધ્યેતા નાટ્ય સાહિત્યનો અર્થ અને પ્રકારો વિષે જાણે.

(11) અધ્યેતા વાર્તા-સાહિત્યનો અર્થ અને પ્રકારો વિષે જાણે.

(12) અધ્યેતા શિક્ષણનો વ્યાપક અર્થ સમજે.

(13) અધ્યેતા શિક્ષણની જીવનલક્ષીતા સમજે.

(14) અધ્યેતા શિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસ અંગે જાણે.

(15) અધ્યેતા સાહિત્ય અને ભાષા કૌશલ્ય અંગે સમજે.

(16) અધ્યેતા સાહિત્ય દ્વારા જીવન કૌશલ્ય વિકાસને સમજે.

(17) અધ્યેતા સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ વિશે સમજે.

(18) અધ્યેતા સાહિત્ય ચારિત્ર્ય નિર્માણનો પાયો તે સમજે.

(19) અધ્યેતા સાહિત્ય દ્વારા મુખ્ય શિક્ષણ સમજે.

(20) અધ્યેતા સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ સમજે.

(21) અધ્યેતા શિક્ષણની સજ્જતા જાણે.

(22) અધ્યેતા સાહિત્ય દ્વારા શિક્ષણમાં શાળાની ભૂમિકા સમજે.

## 1.9 ભારતીય સાહિત્યનાં વિકાસનાં તબક્કાઓ

**: યુગવિભાગ :**

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના યુગવિભાગ :**

ગુજરાતી ભાષા-સાહિતયના ઉદ્દ્ગમથી તે આજ સુધીના સમગ્ર ગુજરાતી સાહિત્યના સ્વાભાવિકત્યાં જ બે મુખ્ય વિભાગ પડી જાય છે :

(1) પ્રાચીન-મધ્યકાલીન અથવા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય : ઇ.સ. 1850 સુધીનું ગુજરાતી સાહિત્ય

(2) અર્વાચીન ગુજરાતી સાહિત્ય : ઇ.સ. 1850 પછીનું ગુજરાતી સાહિત્ય.

આચાર્ય હેમચંદ્રથી દયારામ સુધીનું સાહિત્ય સ્વરૂપે મધ્યકાલીન છે અને દલપતરામથી આજ પર્યંતનું સાહિત્ય અર્વાચીન છે. 1850 પૂર્વેનો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો વિભાગ પ્રાચીન અને મધ્યકાલીન ઉભય પ્રકારના ગુજરાતી સાહિત્યને સમાવી લે છે. ગુજરાતી ભાષાના યુગોની જેમ તેના સાહિત્યના ત્રણ-પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન-વિભાગ પાડી શકાય. પણ પ્રાચીન ગુજરાતીનું સાહિત્ય ઝાઝું નથી અને તે પણ મધ્યકાલીન ગુજરાતની જ નીપજ છે. ગુજરાતના ઇતિહાસમાં એ કાળ મધ્યયુગ જ ગણાય છે; એટલે આપણે ગુજરાતી સાહિત્યના નાના એવા પ્રાચીન યુગને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના વિભાગમાં જ ગણી લઈએ છીએ.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના યુગવિભાગ, શ્રી. કે. કા. શાસ્ત્રીએ નીચે મુજબ સાત ગણાવ્યા છે :

(1) હેમયુગ,

(2) રાસયુગ,

(3) નરસિંહયુગ,

(4) નાકરયુગ,

(5) પ્રેમાનંદયુગ,

(6) શામળયુગ,

(7) દયારામયુગ.

પણ આપણે એવી ઝીણવટમાં પડીને ટૂંકા સમયાવધિને ‘યુગ’ કહેવાની અને મોટા યુગધર કવિના યુગમાં સમાઈ જતા કવિને જુદો ‘યુગ’ આપવાની જરૂર ન જોઈએ તો નીચે પ્રમાણે પાંચ યુગ સહજ રીતે સ્વીકારી શકીએ. એ યુગવિભાગ પ્રમુખ સાહિત્યકારને આધારે પાડવામાં આવ્યા છે, અને યુગધર કવિને નામે ઓળખાય છે.

1. પ્રાગ-નરસિંહયુગ : (હૈમયુગ, જૈનયુગ, રાસયુગ)

   (ઇ.સ. 1100 થી 1400)

2. નરસિંહયુગ : (આદિ ભક્તિયુગ, પદયુગ)

   (ઇ.સ. 1400 થી 1500)

3. નાકરયુગ (આખ્યાનયુગ-1)

   (ઇ.સ. 1500 થી 1600)

4. પ્રેમાનંદયુગ (આખ્યાનયુગ-2)

   (ઇ.સ. 1600 થી 1700)

5. દયારામયુગ (ઉત્તર ભક્તિયુગ, પદયુગ)

(ઇ.સ. 1700 થી 1850)

**1. પ્રાગ નરસિંહયુગ :**

ગુજરાતી ભાષાનો આરંભ આપણે 11મા શતકથી ગણીએ છીએ, પણ તે 12મા શતકથી 'ગુજરાતી' કહેવાય તેવું સ્વરૂપ ધારણ કરે છે. વિદ્વાનો જેને 'ગૌર્જર અપભ્રંશ' કે 'પ્રાચીન ગુજરાતી' કહે છે તેનો આરંભ તો છેક 10મા શતકથી થઈ જાય છે. લગભગ ત્યારથી જ ગુજરાતી સાહિત્ય પણ શરૂ થયું હોવું જોઈએ. હેમચંદ્ર (1089-1173) પોતાના 'સિદ્ધહૈમ' માં જે ગૌર્જર અપભ્રંશના દુહાઓ આપ્યા છે તે ગુજરાતીનું સૌ પ્રથમ પ્રાપ્ત થતું સાહિત્ય. ત્યાંથી ગુજરાતી સાહિત્યના પ્રથમ યુગ હેમયુગનો પ્રારંભ થાય. ત્યાંથી તે છેક નરસિંહના જન્મ સુધીના સાહિત્યને આપણે એ સમયના સમર્થ વિદ્યાપુરુષ હેમચંદ્રના નામે 'હેમયુગ' તરીકે ઓળખીએ. પણ હેમચંદ્રાચાર્ય સંસ્કૃત-પ્રાકૃતના મહાન સાહિત્યકાર વ્યાકરણશાસ્ત્રી હતા, પણ તેમણે ગુજરાતીમાં કોઈ રચના કરી નથી; વળી તેમણે સંપાદિત કરેલા દુહાઓ પણ ગૌર્જર અપભ્રંશના છે.

જેને કોઈ રીતે અ-ગુજરાતી ન કહી શકાય એવી પ્રથમ સિદ્ધ ગુજરાતી કૃતિ તો ઇ.સ. 1185માં શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વરબાહુબલિરાસ' છે. આના અનુસંધાનમાં નરસિંહ પૂર્વે સારા એવા જૈનકવિઓ રાસા, પ્રબંધ, ફાગુ, બારમાસી, ચરિત, ચઉપઈ રચે છે. એમાં મોટે ભાગે જૈન કવિઓ છે એટલે પ્રાગ્નરસિંહ યુગને 'જૈનયુગ' કહેવામાં આવે છે, તેમ સાહિત્ય-પ્રકારોમાં રાસ મુખ્ય છે તેથી 'રાસયુગ' પણ કહેવામાં આવે છે. કેટલાક હેમચન્દ્ર સંપાદિત દુહાને લક્ષમાં લઈ પ્રાગ્નરસિંહ યુગની આરંભની 1185 સુધીની ભૂમિકાને 'હેમયુગ' — 'મુક્તકયુગ' કે 'દુહાયુગ' કહે છે. 1185થી 1400 સુધીની ભૂમિકાને 'રાસયુગ' કહે છે.

પ્રાગ્ નરસિંહ કાળમાં 'ભરતેશ્વર બાહુબલિરાસ' પૂર્વે તો હેમચન્દ્રીય અપભ્રંશના દુહા સિવાય કશું મળતું નથી. પણ 1185થી રાસયુગ મંડાય છે અને જૈનકવિઓના ધાર્મિક રાસ વગેરે મળે છે. જૈનેતર કવિઓ અસાઈત, ભીમ, શ્રીધર, અબ્દુર રહેમાન મોટે ભાગે અ-ધાર્મિક કાવ્યો, વાર્તાઓ આપે છે, વ્યાકરણના 'મુગ્ધાવબોધ મૌક્તિક' જેવા થોડા ગદ્યગ્રન્થો સાથે ગદ્યમાં રચાયેલી 'પૃથ્વીચંદ્રચરિત' ની કથા અનોખી દીપે છે.

ગુજરાતી સાહિત્યના ઉદયનો આ કાળ ગુજરાતની સાંસ્કૃતિક ઉચ્ચ સ્થિતિનો દ્યોતક છે. એમાં રજપૂતયુગનાં જીવનમૂલ્યોનું કવન છે.

**2. નરસિંહયુગ :**

ગુજરાતી ભાષાના આદિકવિનું માન મેળવનાર ભક્તકવિ નરસિંહ મહેતાથી ગુજરાતી કવિતામાં જ્ઞાન-ભક્તિ-વિશેષતઃ પ્રેમલક્ષણાભક્તિની સુમધુર ઊર્મિકવિતાનો તેમ જ. પૌરાણિક ભક્તિપ્રવાહનો નવો યુગ શરૂ થાય છે. નરસિંહનાં પ્રભાતિયાં, રાસ, ભજનો, પદમાળા, આત્મચરિતનાં પદો આદિ ભક્તિયુગ પ્રવર્તાવે છે. એની પ્રેમભક્તિની પદપરંપરા ભાલણ દ્વારા મીરાં-બાઈ સુધી પહોંચે છે. અને આખ્યાનમૂલક પદમાળામાંથી ભાલણ આખ્યાનનો પિતા બને છે. એક પદ્મનાભ 'કાન્હડદે પ્રબંધ' જેવું ક્ષાત્રતેજ ને દેશપ્રેમનું કાવ્ય આપે છે તે બાદ કરતાં શુદ્ધ પ્રેમ-ભક્તિ કે પૌરાણિક ભક્તિનાં પદોને આખ્યાનો રચાય છે. વીરસિંહ, જનાર્દન, કર્મણ, ભાલણ, ભીમ, માંડણ ભાગવત પરંપરા નભાવે છે. જૈનકવિઓ હજી રાસ-ફગુ રચે છે. મલયચન્દ્ર જેવા 'સિંહાસન-બત્રીસી ચઉપઈ' આપે છે. નરસિંહ-ભાલણનાં પદો, નરસિંહનું 'સુદામાચરિત્ર', ભાલણનાં આખ્યાનો ને ખાસ તો 'કાદંબરી', ભીમની 'હરિલીલાષોડશકલા', પદ્મનામભનો 'કાન્હડદે પ્રબંધ', માંડણની 'પ્રબોધબત્રીશી' આ યુગની મુખ્ય રચનાઓ છે.

**3. નાકરયુગ :**

નાકરયુગના આરંભે મીરાંબાઈ (1499-1547)નું પ્રેમરસ-યુક્ત ઊર્મિકવન પ્રાપ્ત થાય છે, પણ તે પછી આખ્યાન કવિતા એટલી પ્રબળ બને છે કે ભાલણનો અનુગામી નાકર તેનાં ત્રીસ ઉપરનાં

આખ્યાનોથી આખ્યાનયુગ સ્થાપી દે છે. નાકર યુગના વિષ્ણુદાસ, શિવદાસ, કાશીસુત પણ આખ્યાનકારો જ છે. લગભગ પોણોસો કવિઓ પૌરાણિક ને ભક્તચરિતનાં આખ્યાનોનો ગંભ ખડકી દે છે. એમાં નાકરનું 'નળાખ્યાન' ને 'વિરાટપર્વ', બ્રહેદેવની 'ભ્રમર ગીતા', 'કેશવદાસ કૃતિ 'કૃષ્ણક્રીડાકાવ્ય', વિષ્ણુદાસકૃત 'મામેરું, વજિયાનું 'રણજંગ' નોંધપાત્ર છે. આ કાળમાં મહાભારતનાં પર્વોને આખ્યાનબદ્ધ કરનારામાં નાકર અને કાશીસુત શેઘજી પ્રથમ પંક્તિના કવિઓ છે. રામાયણ નાકરનું સારું છે. 'રુક્મિણીહરણ' દેવીદાસ ગાંધર્વ અને કાશીસુત શેઘજીનાં ઉત્તમ છે. આ આખ્યાન-ખેડાણનો લાભ આગળ ઉપર પ્રેમાનંદને મળે છે.

નાકરના આ આખ્યાનયુગમાં ગણપતિ, નરપતિ, મધુસુદન વ્યાસ, લીલો, વચ્છરાજ જેવા જૈનેતર અને સિંહકુશળ, વિજય-સમુદ્ર, કુશળલાભ, અતિસાર, નયસુંદર જેવા જૈન વાર્તાકારોએ સારી એવી પદ્યવાર્તાઓ રચી શામળની ભૂમિકા બાંધી આપી.

આ યુગમાં જૈનોનું રાસ-પ્રબંધ સાહિત્ય પણ રચાયું છે. તેમાં લાવણ્યસમયકૃત 'વિમળરાસ', અને નયસુંદરકૃત 'નલદમયંતીરાસ (નળાખ્યાન) નોંધપાત્ર છે. એમ તો 'પાંડવગીતા', 'વિષ્ણુસહસ્રનામ', 'ગીતાગોવિંદ', 'વેતાળપચીસી' જેવી ગદ્ય-કૃતિઓય મળે છે. જ્ઞાનમાર્ગી કવિતાની સરવાણી પણ અહીં ફૂટે છે.

આ બધા સાહિત્યજથ્થાને કારણે શ્રી. કે. કા. શાસ્ત્રીના નાકરયુગને 'મંદયુગ' નહીં. પણ 'તેજોયુગ' કે 'જાજવલ્યમાનયુગ' કહેવાના ઉત્સાહમાં આવી જાય છે, પણ 'તેજોયુગ' કે 'જાજ્વલ્યમાનયુગ' કહેવાના ઉત્સાહમાં આવી જાય છે, પણ સાહિત્યસત્ત્વ જોતાં એને એવું નામ શોભે નહીં. નાકરયુગનું સાર્થક્ય આખ્યાનના મબલક પાક દ્વારા પ્રેમાનંદની અને વાર્તાના ખેડાણ દ્વારા શામળની શ્રેષ્ઠતા માટેની ભૂમિકા પૂરી પાડવામાં રહેલું છે.

**4. પ્રેમાનંદયુગ :**

સત્તરમા શતકમાં અખો અને પ્રેમાનંદ એ બન્ને પોતાના સાહિત્યસ્વરૂપના ઉત્તમ કવિઓ થઈ ગયા, તેમાં પ્રેમાનંદનું કિત્વ સર્વોત્તમ છે. એટલું જ નહીં, પરલક્ષી કવિતામાં તે મધ્યકાળનો સર્વોત્તમ કવિ છે એટલે તેના નામે એ પ્રેમાનંદ યુગ ગણાય છે. આ શતકના આરંભથી ગુજરાતી ભાષા અર્વાચીન તબક્કામાં પ્રવેશે છે અને 'ગુજરાતી' નામ પામે છે. પ્રેમાનંદનાં ઉત્તમ આખ્યાનોથી આખ્યાન પરાકાષ્ઠાએ પહોંચે છે. નરહિર, ગોપાળ, બૂટા, ધનદાસ, ભગવાનદાસ જેવાથી પુષ્ટિ બનતી જ્ઞાનકવિતાની પરાકાષ્ઠારૂપે જ્ઞાનના ગરવા વડલા સમો અખો તેની જ્ઞાનવિજ્ઞાનની ગૂઢ કવિતા અને ધર્મસુધારણાની કટાક્ષકવિતા આપી જાય છે. વાર્તાપ્રવાહની પરંપરામાં અંતે અઢારમાં શતકમાં શામળ મધ્યકાલીન પદ્યવાર્તાના આકરગ્રંથો સમી પદ્યવાર્તાઓ આપી પદ્યવાર્તાકારોમાં આકરગ્રંથો સમી પદ્યવાર્તાઓ આપી પદ્યવાર્તાકારોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. આ સત્તરમું શતક જૈનો માટે પણ ઘણું તેજસ્વી હતું. ઋષભદાસ, સમયસુંદર અને નયસુંદરનું સમૃદ્ધ સર્જન આ યુગમાં આવે છે. વલ્લભ મેવાડાના શક્તિભક્તિના પ્રખ્યાત ગરબા પ્રેમાનંદયુગની ઊર્મિકવિતા લેખે સ્મરણીય છે. ગદ્યસાહિત્યમાં પણ 'ભાગવત', 'યોગવાસિષ્ઠ', 'ગીતગોવિંદ', 'ભગવદ્‌ગીતા' અને જાણીતી લોકવાર્તાઓ રચાય છે.

પારસીઓનું સાહિત્ય પણ પ્રેમાનંદયુગમાં ગણનાપાત્ર છે. પ્રેમાનંદનું અનુકરણ કરતો પારસી કવિ પેશોતન આ યુગમાં 'જરથોસ્તનામેહ, (1676) 'શ્યાવક્ષનામેહ' (1680) 'વિરાફ્‌નામેહ' ને 'અસ્પંદિયાર-નામેહ' એ ચાર પદ્ય કૃતિઓનું પ્રદાન કરે છે.

પ્રેમાનંદયુગનું સાહિત્ય ગુણ તેમ જ જથ્થામાં સમૃદ્ધ છે. તેના સાહિત્યકારોમાં અખો ને પ્રેમાનંદ જેવા પ્રથમ પંક્તિના મધ્યકાલીન કવિઓ છે. પ્રેમાનંદયુગમાં આખ્યાન, જ્ઞાનકવિતા ને વાર્તાની પરાકાષ્ઠા આવી જાય છે. આથી તેને મધ્યકાલીન ગુજરાતીનો સુવર્ણયુગ કહે છે.

**5. દયારામયુગ :**

ઇ.સ. 1700થી 1850નો દોઢ શતકનો દીર્ઘ ગાળો આરંભની શામળની પદ્યવાર્તાઓ બાદ કરીએ તો મુખ્યત્વે પદોની ઊર્મિકવિતાથી ભરેલો છે. તેથી કેટલાક તેને પદયુગ કે ગરબીયુગ કહે છે.

પણ પદમાં ઉત્તમ અર્પણ કરનાર અને મધ્યકાલના છેલ્લા તેજસ્વી ઊર્મિકવિ દયારામને નામે તે ઓળખાય તે સમુચિત છે.

આ યુગના બે તબક્કા સ્પષ્ટ છે :

**(1) શામળથી પ્રીતમ (1700-1800) :**

આ સમયમાં શામળની ઊંચી પદ્યવાર્તાઓ મળી છે. ત્યારબાદ રત્નો, રણછોડ, રાજે, રામકૃષ્ણ, થોભણ, રઘુનાથ, પ્રીતમ, રતનબાઈ, મીઠું જેવા કવિઓ પ્રેમભક્તિ અને ગૌણત્વે જ્ઞાનભક્તિની કવિતા કરી ગયા.

**(2) ધીરાથી દયારામ (1800-1850) :**

આ સમયમાં ધીરો, નિરાંત, બાપુસાહેબ ગાયકવાડ, ભોજો, કૃષ્ણરામ, રણછોડજી દીવાન, નરભેરામ, મોતીરામ, સચ્ચિદાનંદ, ગિરધર, ભાણદાસ, જીવણદાસ, કબીરપંથના ભાણસાહેબ-મોરારસાહેબ-રવિસાહેબ, સ્વામિનારાયણ સંપ્રદાયના મુક્તાનંદ-નિષ્કુલાનંદ-બ્રહ્માનંદ-પ્રેમસખી પ્રેમાનંદ. ગૌરીબાઈ, દીવાળીબાઈ, કૃષ્ણાબાઈ એ સ્ત્રીકવિઓ અને અંતે ઉત્તમ ગરબીકવિ દયારામનું સર્જન સમાવિષ્ટ છે.

દયારામયુગમાં આખ્યાનપ્રવાહ મંદ થાય છે, છેલ્લે ગિરધરનું 'રામાયણ' મળે છે. શામળ પછી પદ્યવાર્તા શુષ્ક બને છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનાં પદોની સમૃદ્ધિ છલકે છે. ફરીથી શુદ્ધ ભક્તિયુગ બેસે છે તે પૂરા દોઢ શતક ચાલી દયારામના અંત સાથે પૂરો થાય છે. શામળની વાર્તાઓ, ધીરાની કાફીઓ, ભોજાના ચાબખા, નરભેરામના છપ્પા, દાસી જીવણનાં પદો, રાજે-રણછોડ-પ્રીતમનાં જ્ઞાન-પ્રેમનાં પદો, રત્નાના બાર માસ, કબીરપંથી સંતોની જ્ઞાનવાણી, સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓનાં ભજનો, દયારામની ગરબીઓ વગેરે આ યુગનું ચિરંજીવ સાહિત્યધન છે. નરસિંહ-મીરાંની ભક્તિ આ યુગની કવિતામાં પુનઃ ઊભરાય છે તેથી કેટલાક આ યુગને 'ઉત્તરભક્તિયુગ' કહે છે.

## 1.10 સાહિત્ય રચનાનાં આધારસ્તંભો

(1) અક્ષરવર્ણનું જ્ઞાન

(2) શુદ્ધ ભાષા-વ્યાકરણ શુદ્ધ લખાણ

(3) વિચારોની ક્રમિકતા

(4) પરિચ્છેદ

(5) ભાષાશૈલી

(6) શબ્દ ભંડોળ

(7) સ્પષ્ટતા અને સુવાચ્યતા

(8) સુરેખ હસ્તાક્ષર

(9) જોડણી, વિરામ ચિહ્નો, અનુસ્વાર

(10) હાંસિયો

(11) વાક્ય બંધારણ

(12) વિષયવસ્તુ સંવાદિતા

(13) ઝડપ

## 1.11 સારાંશ

આ એકમમાં સાહિત્ય : અર્થ, વ્યાખ્યા, સ્વરૂપ, કાર્યક્ષેત્ર, હેતુઓ, ભારતીય સાહિત્યનાં વિકાસનાં તબક્કાઓ, સાહિત્ય રચનાનાં આધારસ્તંભો વગેરેની માહિતી મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## 1.12 એકમ સ્વાધ્યાય

(1) ગુજરાતી સાહિત્યની પૂર્વભૂમિકા જણાવો.

(2) સાહિતયનો ઇતિહાસ જણાવો.

(3) સાહિત્ય સ્વરૂપો જણાવો.

(4) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ જણાવો.

(5) સાહિત્યનું કાર્યક્ષેત્ર જણાવો.

(6) સાહિત્ય રચનાના હેતુઓ જણાવો.

## 1.13 તમારી પ્રગતિ ચકાસો

1. ગુજરાતી સાહિત્યની ભૂમિકા ટૂંકમાં જણાવો.

2. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ટૂંકમાં જણાવો.

3. સાહિત્ય એટલે શું ?

4. સાહિત્યના ઘટકો જણાવો.

5. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ ત્રણ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

6. સાહિત્યનું કાર્યક્ષેત્ર ટૂંકમાં જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

7. સાહિત્ય રચનાનાં હેતુઓ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

8. ભારતીય સાહિત્યનાં વિકાસના તબક્કાઓ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

9. સાહિત્ય રચનાનાં આધાર સ્તંભો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**1.14 સૂચિત વાચન સામગ્રી**


| | | | |
|---|---|---|---|
| 1. | પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય | : | ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન, બી.એલ.શાહ પ્રકાશન, અમદાવાદ. |
| 2. | પટેલ અશોકભાઈ તથા અન્ય | : | ગુજરાતીનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ. |
| 3. | ત્રિવેદી રમેશ એમ. | : | સાહિત્યના સિદ્ધાંતો, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ. |
| 4. | પટેલ બહેચરભાઈ | : | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, અશેષ પ્રકાશન, બોરસદ. |
| 5. | રાવલ અનંદરાય એમ. | : | ગુજરાતી સાહિત્ય, મિરમિલન કંવજી લિ. મુંબઈ. |
| 6. | વ્યાસ કાંતિલાલ બળદેવરામ | : | ગુજરાતી ભાષા, ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. |

એકમ 2

# સાહિત્ય સ્વરૂપો

## : રૂપરેખા :

2.1 સાહિત્ય સ્વરૂપનું વૈવિધ્ય

2.2 ગદ્ય શિક્ષણ-સાહિત્ય

- 2.2.1 ગદ્યનો અર્થ – લક્ષણો
- 2.2.2 ગદ્ય શિક્ષણના હેતુઓ
- 2.2.3 ગદ્ય શિક્ષણના આયામો
- 2.2.4 ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ
- 2.2.5 ગદ્ય શિક્ષણ-વિષયવસ્તુનું વિશ્લેષણ
- 2.2.6 ગદ્ય શિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો

2.3 પદ્ય શિક્ષણ – સાહિત્ય

- 2.3.1 પદ્યનો અર્થ
- 2.3.2 પદ્ય રચનાના પ્રકારો
- 2.3.3 ગદ્ય-પદ્ય વચ્ચેનો ભેદ
- 2.3.4 કાવ્યની વ્યાખ્યા
- 2.3.5 કાવ્ય શિક્ષણનું મહત્ત્વ
- 2.3.6 કાવ્યનું વર્ગશિક્ષણ
- 2.3.7 કાવ્ય શિક્ષણના હેતુઓ
- 2.3.8 કાવ્ય શિક્ષણની મતાંતરો
- 2.3.9 કાવ્ય શિક્ષણ પદ્ધતિ
- 2.3.10 કાવ્ય પઠનની સજ્જતા

2.4 વ્યાકરણ શિક્ષણ

- 2.4.1 વ્યાકરણનો અર્થ
- 2.4.2 વ્યાકરણ શિક્ષણ-મત મતાંતરો
- 2.4.3 વ્યાકરણ શિક્ષણના હેતુઓ
- 2.4.4 વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતાનાં કારણો
- 2.4.5 વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ
- 2.4.6 વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ
- 2.4.7 વ્યાકરણ શિક્ષણને રસિક બનાવવા શું કરી શકાય ?

2.5 લેખિત અભિવ્યક્તિનું શિક્ષણ

- 2.5.1 પ્રસ્તાવના
- 2.5.2 લેખિત અભિવ્યક્તિનું મહત્ત્વ

2.5.3 લેખિત અભિવ્યક્તિના હેતુઓ

2.5.4 લેખિત અભિવ્યક્તિનું શિક્ષણ

2.5.5 લેખિત અભિવ્યક્તિના આધારસ્તંભો

2.5.6 લેખન રચનાના પ્રકાર

2.5.7 લેખિત અભિવ્યક્તિની નવી ક્ષિતિજો

2.5.8 લેખિત અભિવ્યક્તિની વર્તમાન સ્થિતિ

2.5.9 લેખિત અભિવ્યક્તિ માટે ધ્યાનમાં રાખવાની બાબતો

2.5.10 લેખિત અભિવ્યક્તિ માટેના આધુનિક પ્રવાહો

2.5.11 લેખિત અભિવ્યક્તિમાં શાળા કક્ષાએ જોવા મળતી ખામીઓ અને ઉપાયો

2.5.12 લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ

2.5.13 લેખિત અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપોનું પાઠ આયોજન

- નિબંધ
- વાર્તાલેખન
- વિચાર વિસતાર
- અહેવાલ લેખન
- સારલેખન/સંક્ષેપલેખન

2.6 નાટક સાહિત્ય

2.6.1 પ્રસ્તાવના

2.6.2 નાટક એટલે શું ?

2.6.3 નાટકની સંકલ્પના

2.6.4 શિક્ષણમાં નાટકની ભૂમિકા

2.6.5 નાટકનાં લક્ષણો

2.6.6 નાટ્યકલાના હેતુઓ

2.6.7 નાટકના તત્વો-સ્વરૂપ

2.6.8 નાટકના પ્રકારો

(1) એકાંકી નાટક

(2) દ્વિઅંકી નાટક

(3) હાસ્યપ્રધાન નાટક

(4) કરુણ નાટક

(5) લઘુનાટક

(6) શેરીનાટક

(7) લોકનાટક

(8) ભાવનોતેજક સુખાંત નાટક

(9) પ્રહસન

2.7 ગદ્ય સાહિત્યનાં સ્વરૂપો

**2.7.1 નવલિકા**

**(1)** પ્રસ્તાવના

**(2)** નવલિકાનો અર્થ

**(3)** નવલિકાના લક્ષણો

**(4)** વાર્તા

- **(1)** પ્રસ્તાવના
- **(2)** અર્થ
- **(3)** વાર્તાના પ્રકારો

**2.7.2 નવલકથા**

**(1)** પ્રસ્તાવના

**(2)** વ્યાખ્યા

**(3)** નવલકથાનાં ઘટક તત્ત્વો

**(4)** નવલ કથાના પ્રકારો

**(5)** નાટક

**(6)** નાટકના અંગો

**(7)** નાટકના પ્રકારો

**(8)** એકાંકી

**(9)** રેડિયો નાટક

**(10)** નિબંધ

**(11)** જીવન ચરિત્ર અને આત્મચરિત્ર

**2.8 પદ્ય સાહિત્યનાં સ્વરૂપો**

**2.8.1 સૉનેટ**

**(1)** પ્રસ્તાવના

**(2)** લક્ષણો

**(3)** પ્રકાર

**2.8.2 ખંડ કાવ્ય**

**(1)** પ્રસ્તાવના

**(2)** લક્ષણો

**2.8.3 ઊર્મિ કાવ્ય**

**(1)** પ્રસ્તાવના

**(2)** લક્ષણો

**2.8.4 ગઝલ**

**2.8.5 કરુણ પ્રશસ્તિ**

**2.8.6 હાઈકુ**

**2.9.7 સારાંશ**

2.9.8 **એકમ સ્વાધ્યાય**

2.9.9 **તમારી પ્રગતિ ચકાસો**

2.9.10 **સૂચિત વાચન સામગ્રી**

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) સાહિત્ય સ્વરૂપનું વૈવિધ્ય સમજી શકશો.

(2) ગદ્ય શિક્ષણ (સાહિત્ય)નો અર્થ, પ્રકારો, હેતુઓ વગેરે સમજી શકશો.

(3) ગદ્ય સાહિત્યનો અર્થ, પ્રકારો સમજી શકશો.

(4) નાટક સાહિત્ય-અર્થ અને પ્રકારો સમજી શકશો.

(5) વાર્તા સાહિત્ય – અર્થ અને પ્રકારો સમજી શકશો.

## 2.1 સાહિત્ય સ્વરૂપનું વૈવિધ્ય

**સાહિત્ય સ્વરૂપો**

**પદ્ય સાહિત્ય**

(1) ભજન, પદ, પ્રભાતિયાં

(2) ચોપાઈ-ઉખાણાં

(3) દુહા-મુક્તક

(4) ખંડકાવ્ય

(5) સૉનેટ

(6) લોકગીત

(7) છપ્પા

(8) ગરબો-ગરબી

(9) કાફી

(0) ઊર્મિકાવ્ય

(11) ગઝલ

(12) હાઈકુ

(13) મહાકાવ્ય

**ગદ્ય સાહિત્ય**

(1) નવલિકા – ટૂંકીવાર્તા

(2) ડાયરી

(3) નવલકથા

(4) નિબંધ

(5) આત્મકથા

(6) એકાંકી

(7) નાટક

– સાહિત્ય સ્વરૂપો બે વિભાગમાં વહેંચી શકાય છે. પદ્ય સાહિત્ય વિભાગમાં પણ વિવિધ બાબતો જોવા મળે છે.

દા.ત. ભજન, ચોપાઈ, દુહા, ખંડકાવ્ય, સૉનેટ, લોકગીત, છપ્પા, ગરબો, કાફી, ઊર્મિકાવ્ય, ગઝલ વગેરે જુદા જુદા વિભાગો જોવા મળે છે.

– દરેક વૈવિધ્ય અલગ અલગ જોવા મળે છે. રસ પ્રમાણે તેનો ઉપયોગ થાય છે. ભજનનો રસ ધરાવનાર ભજન સાંભળે, દુહાનો રસ ધરાવનાર, દુહાનો ઉપયોગ કરે, લોકગીતમાં રસ ધરાવનાર લોકગીતનો ઉપયોગ કરે. પદ્ય સાહિત્ય સ્વરૂપોમાં વૈવિધ્ય જોવા મળે છે.

– વ્યક્તિ પોતાના રસ પ્રમાણે, પ્રસંગ પ્રમાણે તેનો ઉપયોગ થાય છે. નવરાત્રિના સમયે ગરબો જ ગવાય. ભજનનો સમય પણ અલગ અલગ જોઈએ. -- ટી.વી. પર રજૂ થાય, કાર્યક્રમમાં

ભજન ગવાય વગેરે.

– ગદ્ય સાહિત્ય સ્વરૂપમાં વૈવિધ્ય જોવા મળે છે. દા.ત. નવલિકા, ડાયરી, નવલકથા, નિબંધ, આત્મકથા, એકાંકી વગેરે. આ દરેકનો ઉપયોગ અલગ અલગ રીતે થતો જોવા મળે છે.

– નવલિકામાં રસ ધરાવનાર ટૂંકીવાર્તા લખે છે. વિદ્યાર્થીઓ નિબંધ લખે છે. કોઈને આત્મકથા લખવામાં રસ હોય છે. કોઈને નવલકથા લખવામાં રસ હોય છે. વાંચવાનો રસ હોય તેમાં પણ વૈવિધ્ય જોવા મળે છે.

– આમ, બંને વિભાગમાં સાહિત્ય સ્વરૂપોમાં વૈવિધ્ય જોવા મળે છે.

**માતૃભાષાનાં વિવિધ ક્ષેત્રોનું શિક્ષણ :**

માતૃભાષાનાં ચાર ક્ષેત્રો છે. ગદ્ય, પદ્ય, વ્યાકરણ અને રચના (લેખન). આ ચારેય ક્ષેત્રોનું શિક્ષણકાર્ય એક જ શિક્ષકને સોંપાય છે. પરંતુ તે શિક્ષક ચારેયને ન્યાય આપી શકતો નથી, કારણ કે ચારેયના શિક્ષણના પ્રશ્નો, પ્રવાહો અને પદ્ધતિઓ જુદી જુદી છે. ચારેય ક્ષેત્રોમાં શિક્ષકની રસ-રુચિ પણ અગત્યની ભૂમિકા ભજવે છે. જે ક્ષેત્રમાં રસ-રુચિ વધારે, તે અંગે વિશેષ વાચન હોય તો તેનું અધ્યાપન કાર્ય પણ વિશેષતાપૂર્ણ થાય.

## 2.2 ગદ્ય શિક્ષણ-સાહિત્ય

### 2.2.1 ગદ્યનો અર્થ – લક્ષણો

સંસ્કૃત ભાષાના કાવ્ય વિવેચકોએ સાહિત્યના મુખ્ય પાંચ પ્રકાર સમજાવ્યા છે. વિજ્ઞાન, દર્શન, શાસ્ત્ર, ઇતિહાસ અને કાવ્ય. કાવ્ય સાહિત્યના મુખ્ય બે પ્રકાર છે. પદ્ય અને ગદ્ય. ગદ્ય વિશે અગ્નિ પુરાણમાં છંદ રહિત પદના વિસ્તાર, ને ગદ્ય કહેવામાં આવ્યું છે. સાહિત્ય દર્પણમાં જે છંદમાં ન બંધાયેલું હોય તે ગદ્ય છે તેમ કહેવાયું છે વાગભટ્ટ ગદ્ય વિશે કહે છે કે, गद्यमपादः पदसन्तानच्छंदोरहितो वाक्यसंदर्भः ।

આ ઉક્તિમાં ગદ્યનાં ત્રણ લક્ષણો વ્યક્ત થયાં છે.

– અપાદ-ગદ્યમાં પાદ (ચરણ, કડી કે શ્લોક) હોતા નથી.

– પદ સાતત્ય – ગદ્યમાં પદનું સાતત્ય એટલે એક પછી એક શબ્દ અવિરતપણે આવ્યે જાય છે.

– છંદરહિત – ગદ્યમાં છંદ પ્રયોજાતા નથી.

આ ત્રણેય લક્ષણો જેમાં હોય તેને ગદ્ય કહેવામાં આવે છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ ગદ્યનાં નીચે જેવા લક્ષણો આપ્યા છે.

– ગદ્ય શિથિલ, લયાત્મક અને અલયાત્મક હોય છે.

– માહિતીપ્રધાન, વિગતપૂર્ણ, ઘટનાપ્રધાન, બોધપ્રદ હોય છે.

– અનઆવેગી, સાહજિક હોય છે.

– અનિયમિત, વિસ્તૃત હોય છે.

– વાક્યો અને પરિચ્છેદમય રચના હોય છે.

ગદ્ય એક કાવ્ય પ્રકાર જ છે. તેથી તેથી ગદ્યસર્જકો ગદ્યમાં પદ્ય કોષનો લય સર્જી શકે છે. ડૉ. રમણલાલ જોશી ગદ્ય, પદ્યનો ભેદ દર્શાવતાં જણાવે છે કે, ‘ગદ્યમાં શક્ય આકાંક્ષાઓની હાર ઘણી મોટી હોય, જ્યારે પદ્યમાં એનું અંતર ટૂંકું હોય છે અને ધારી અસર જન્માવવામાં વિશેષ મદદ મળે છે.’

ગદ્યના જુદા જુદા પ્રકારો છે જેમાં નાટક, એકાંકી, નવલકથા, ટૂંકીવાર્તા, લઘુકથા, લોકવાર્તા, નિબંધ, રેખાચિત્ર, સંસ્મરણ, રોજનીશી, આત્મકથા, જીવનચરિત્ર, પત્રપ્રવાસ, વિવેચન

વગેરેનો સમાવેશ થાય છે. પાઠ્યપુસ્તકમાં મહદ્અંશે બધા જ પ્રકારોના ગદ્યનો સમાવેશ કરવામાં આવે છે.

**2.2.2 ગદ્ય શિક્ષણના હેતુઓ**

**ગદ્યશિક્ષણના સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે નક્કી કરી શકાય.**

– અધ્યેતા ગદ્ય સાહિત્યથી પરિચિત થાય.

– અધ્યેતા ગદ્ય સાહિત્યનો અભ્યાસ કરી અર્થગ્રહણ ક્ષમતા વિકસાવે.

– અધ્યેતા સર્જકના વિચારોની કૃતિના સંદર્ભમાં સમીક્ષા કરે.

– અધ્યેતા સર્જકની સર્જનશૈલી સમજે.

– અધ્યેતા અર્થગ્રહણલક્ષી અભિવ્યક્તિનો વિકાસ કરે.

– અધ્યેતા ગદ્યકૃતિનું અનુભાવન કરે.

– અધ્યેતા ગદ્ય પ્રત્યે રસ કેળવે.

– અધ્યેતા પોતાની સર્જનાત્મકતા વિકસાવે.

– અધ્યેતા વિશેષવાચન કરવા પ્રેરાય

– અધ્યેતા સમજીને શ્રવણ કરે.

– અધ્યેતા ભાષાતત્ત્વોનો પરિચય મેળવે.

**2.2.3 ગદ્ય શિક્ષણના આયામો**

ગદ્ય શિક્ષણકાર્ય સાથે કેટલાક મહત્ત્વના આયામો જોડાયેલા છે. કેટલાક તેને ગદ્ય શિક્ષણની સમસ્યાઓ તરીકે પણ ઓળખાવે છે. ખરેખર તે સમસ્યાઓ નથી પણ વિચારભેદ છે. શિક્ષણ પાઠનું આયોજન કરતી વખતે શિક્ષક જે હેતુ કે ક્ષમતા સિદ્ધ કરવા ઇચ્છતો હોય તે સિદ્ધ થાય તે અગત્યનું છે. ગદ્ય શિક્ષણના આયામો નીચે મુજબ છે.

**(1) આદર્શ વાચન :**

વિષય નિરૂપણને તબક્કે શિક્ષક ગદ્યપાઠનું આદર્શ વાચન કરે છે. શુદ્ધ ઉચ્ચારવાળું, ભાવવાહી, આરોહ-અવરોહ સાથેનું, યોગ્ય સ્વરભારવાળું અને યોગ્ય અવાજ (વર્ગના બધા વિદ્યાર્થીઓને સંભળાય તેવો) સાથેનું વાચન આદર્શ વાચન કહેવાય. આદર્શ વાચનથી અધ્યેતાને યોગ્ય રીતે વાચન કરવાની તાલીમ મળે છે. અર્થગ્રહણ સારું થાય છે અને ગદ્ય પ્રત્યે રસ કેળવાય છે.

વાચનસંબંધી શિક્ષક કેટલીક મુશ્કેલી અનુભવે છે. દા.ત. 1. ગદ્ય કૃતિને પૂરેપૂરી વાંચવી કે થોડાક ફકરા વાચવા ? 2. વાચન શિક્ષકે કરવું કે વિદ્યાર્થીએ ? 3. લાંબી ગદ્ય કૃતિના વાચન વખતે વિદ્યાર્થીઓ કંટાળી જાય તો તેને તૂટક તૂટક વાંચવી કે સળંગ ?

આ અંગેનો નિર્ણય નીચેના પ્રશ્નોને ધ્યાનમાં લઈ કરવો.

(અ) ગદ્ય કૃતિનું શિક્ષણ પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકમાંથી કઈ કક્ષાએ કરવાનું છે ?

(બ) ગદ્ય કૃતિનું વાચન હપતાવાર કરવાથી રસ-આસ્વાદ જોખમાય છે ?

(ક) ગદ્ય કૃતિના શિક્ષણકાર્ય માટે વાચન સંબંધી કયો હેતુ સિદ્ધ કરવાનો છે ?

(ડ) હેતુ પ્રશ્ન આપી પૂર્વ વાચન કરી આવવાની સૂચના આપીએ તો ?

**આટલા વિકલ્પો અપનાવી શકાય :**

– આદર્શ વાચનના નમૂના માટે કેટલાક ગદ્યાંશ વાંચી સંભળાવવા. – વાચન દ્વારા અર્થગ્રહણ કરાવવું હોય તો સમગ્ર પાઠનું વાચન કરવું. આ માટે લાંબો પાઠ હોય તો ત્રણ કે ચાર વિભાગમાં

તેની વહેંચણી કરવી અને એક તાસમાં શીખવવા પૂરતું વાચન કરવું. અન્ય ભાગનું બીજા, ત્રીજા કે ચોથા તાસમાં શિક્ષણકાર્ય પહેલાં વાચન કરવું. ભાગ કરતી વખતે સળંગ વિચાર કે ઘટનાને ધ્યાનમાં રાખવી.

– માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષક દ્વારા વાચનનો દુરાગ્રહ છોડી વિદ્યાર્થીઓ પાસે વાચન કરાવવાની પ્રયુક્તિ અજમાવવી જોઈએ. જરૂર પડે શિક્ષકે નમૂનો પૂરો પાડવો.

– કૌશલ્યો અભિમુખ ગદ્યપાઠ હોય તો કેટલાક ફકરાનું મુખવાચન અને કેટલાકનું શાંત વાચન આપી શકાય.

– અગાઉથી બે-ત્રણ હેતુ પ્રશ્નો આપીને ગદ્ય પાઠનું વાચન કરી આવવાની સૂચના આપી વર્ગમાં સીધી ચર્ચા-પ્રશ્નો દ્વારા શિક્ષણકાર્ય કરવું.

(વાચન અંગે વિશેષ ચર્ચા 'માતૃભાષાનાં કૌશલ્યોનું શિક્ષણ' પ્રકરણમાં કરી છે.)

**(2) લેખક પરિચય :**

લેખક પરિચય સંબંધી નીચેની બાબતો ઉદ્‌ભવે છે.

– લેખકનો પરિચય આપવો કે નહિ ?

– લેખકનો પરિચય ક્યારે આપવો ?

– લેખકનો પરિચય કેવી રીતે આપવો ?

કૃતિ ગદ્ય હોય કે પદ્ય પણ તેના સર્જકની અગત્ય છે જ. સર્જકે સર્જકે કૃતિની વિશેષતાઓ જોવા મળે છે. સર્જક વિના કૃતિ સંભવી શકતી નથી, ત્યારે લેખકનો પરિચય આપવો કે નહિ ? તે પ્રશ્ન જ અસ્થાને છે. લેખકનો પરિચય અવશ્ય આપવો જ જોઈએ. પરિચય આપીશું તો જ બાળકોની સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવાશે. તે લેખકનાં અન્ય સર્જકો વાંચવા પ્રેરાશે. લેખક હયાત હોય અને તેઓ કોઈ સામયિક કે વર્તમાનપત્રમાં તેમના સર્જનો પ્રકાશિત થતા હોય તો તે પણ જણાવવું જોઈએ. અલબત્ત, સર્જકનો પરિચય સંક્ષિપ્તમાં જ આપવો.

લેખકનો પરિચય ક્યારે આપવો ? તે અંગે બે બાબત છે. 1. પાઠની શરૂઆતમાં 2. પાઠના અંતે. બન્ને યોગ્ય છે. પણ શિક્ષકે પરિચય આપવાથી તેની અસરકારકતાનો ખ્યાલ રાખવાનો છે. શરૂઆતમાં પરિચય આપવાથી ભણાવવાની મજા આવશે એવું લાગે તો શરૂઆતમાં આપવો અને અંતમાં પરિચય આપવાથી વિદ્યાર્થીઓ અન્ય કૃતિઓ વાંચવા પ્રેરાશે એવું જણાય તો અંતે પરિચય આપવો.

લેખકનો પરિચય આપવા નીચેની પ્રયુક્તિઓ અજમાવી શકાય.

– કૃતિના લેખકનો પરિચય અગાઉના ધોરણમાં વિદ્યાર્થીઓને મળ્યો હોય તો તેની માહિતી તેમની પાસેથી મેળવી લેવી. પ્રશ્નોત્તર પ્રયુક્તિનો ઉપયોગ કરવો. અગાઉથી વાંચવા પણ કહી શકાય.

– કથન કરીને લેખકનો પરિચય આપી શકાય. આ માટે તેમનો જન્મ, અભ્યાસ, વ્યવસાય અને સર્જન પ્રવૃત્તિ વગેરેનો સમાવેશ કરવો.

– રોલ-અપ-બોર્ડ પર લખી વિદ્યાર્થીઓ પાસે વાચન કરાવીને પણ પરિચય આપી શકાય. વાચન કરાવો તો પ્રશ્ન પૂછવાની જરૂર નથી અને પ્રશ્ન પૂછો તો વાચન કરાવવાની જરૂર નથી. શક્ય હોય તો લેખકનો ફોટોગ્રાફ કે ચિત્ર બતાવવું.

**(3) ભાષાવસ્તુનું શિક્ષણ :**

ભાષાવસ્તુના મુદ્દાને નીચેના મુદ્દાઓ સ્પર્શે છે.

– ભાષાવસ્તુમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો ?

– ભાષાવસ્તુનું શિક્ષણકાર્ય ક્યારે કરવું ?

- ભાષાવસ્તુમાં જે બાબતો સમાવિષ્ટ કરાય તેનું પ્રમાણ કેટલું રાખવું ?
- ભાષાવસ્તુનું શિક્ષણકાર્ય કેવી રીતે કરવું ?
- ભાષાવસ્તુમાં બધી જ બાબતોનો સમાવેશ યોગ્ય નથી પણ ખૂબ જ અનિવાર્ય હોય, ગદ્યની સમજૂતી માટે આવશ્યક હોય તેટલી બાબતોનો સમાવેશ કરવો જોઈએ. કોઈ ગદ્ય પાઠમાં શબ્દાર્થ, સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દ, શબ્દસમૂહ માટેએક શબ્દ, શબ્દભેદ, સંધિ, રૂઢિપ્રયોગ, સમાસ, અલંકાર વગેરે બાબતોને સમાવિષ્ટ કરવામાં આવે તો ગદ્યપાઠ ભાષાવસ્તુ (વ્યાકરણ)નો જ થઈ જાય, અને તેને કારણે ગદ્યની મજા મરી જાય એટલે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને ભાષાવસ્તુની બાબતો અને તેનું પ્રમાણ રાખવું જોઈએ.
- ભાષાવસ્તુનું શિક્ષણ પ્રયોગની યથાર્થતા, વિશેષતા સમજાવવાની હોવાથી તેને તે જ્યાં પ્રયોજાયા હોય, જેની અભિવ્યક્તિ માટે પ્રયોજાયા હોય તે મુદ્દાની સમજ/ચર્ચા વખતે જ શીખવવી જોઈએ. જેથી તેની યથાર્થતા, વિશેષતાની સમજની સાથોસાથ અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને અનુભાવનનો ત્રિવિધ ફાયદો સાધવામાં મદદરૂપ બને છે.
- ભાષાવસ્તુની સમજ વિશેષ ઉદાહરણોની મદદથી સમજાવવી જોઈએ. જો વિદ્યાર્થીઓને તે અંગેનું સૈદ્ધાંતિક જ્ઞાન પ્રથમ આપેલ હોય તો તે સંદર્ભમાં પણ તેની સમજ આપી શકાય. વિદ્યાર્થી પાસે તેનું જ્ઞાન હોય તો તેનો ઉકેલ તરત જ મળી જાય તો તેનાં વિશેષ ઉદાહરણો આપવાની જરૂરિયાત રહેતી નથી.

  વિદ્યાર્થીઓને ભાષાવસ્તુના અભિવ્યક્તિલક્ષી પ્રયોગ માટે ગૃહકાર્ય કે સ્વાધ્યાયલક્ષી મહાવરા – પ્રશ્નો આપવા જોઈએ.

### 2.2.4 ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ

સામાન્ય રીતે ગદ્યશિક્ષણ માટે પંચપદી યોજના પ્રમાણે આયોજન થતું જોવા મળે છે. શિક્ષક વર્ગનાં પ્રારંભ, હેતુકથન, વિષય નિરૂપણ, મૂલ્યાંકન અને સ્વાધ્યાય – આ પાંચ સોપાનોને અનુસરે છે.

ગદ્ય શિક્ષણ માટે ખાસ કરીને કથન-પ્રશ્નોત્તર પદ્ધતિ વિશેષ ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત સ્વાધ્યાય, નાટ્યીકરણ, નિરીક્ષણ અભ્યાસ, ડૉલ્ટન જેવી પદ્ધતિઓનો ઉપયોગ થઈ શકે. આ પદ્ધતિઓના વિશેષ પરિચય માટે ‘માતૃભાષાની અધ્યાપન પદ્ધતિઓ’ પ્રકરણ જુઓ.

### 2.2.5 ગદ્ય શિક્ષણ-વિષયવસ્તુનું વિશ્લેષણ

સામાન્ય રીતે પાઠ્યપુસ્તકના એકમનું વિષયવસ્તુ શિક્ષક માટે માધ્યમ ગણી શકાય. શિક્ષકને વિષયવસ્તુની સમજ જેટલી વિશેષ તેટલી શિક્ષણકાર્યમાં સરળતા રહે. વિષયવસ્તુની પૂર્વસમજ, પ્રયોજાયેલ ભાષાવસ્તુના ઉપયોગનું જ્ઞાન, મૌલિક અભિવ્યક્તિની પ્રયુક્તિઓ, વિદ્યાર્થીઓને સમજાવવાના મુદ્દાઓની સ્પષ્ટ વિચારણા શિક્ષક દ્વારા વિષયવસ્તુની વર્ગમાં રજૂઆત, ચર્ચા, શૈક્ષણિક હેતુઓ (વર્તન-પરિવર્તન), સ્પષ્ટીકરણ, પદ્ધતિ અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ વગેરે અંગે વિચારણા કરવામાં ઉપયોગી બને છે. ગદ્યપાઠમાં વિષયવસ્તુના વિશ્લેષણ માટે સાહિત્યપ્રકાર પ્રમાણે મુદ્દાઓ વિચારણા માગે છે.

**નવલિકા કે વાર્તા :**

| **વિષયવસ્તુ** | **ભાષાવસ્તુ** |
|---|---|
| – વાર્તા–નવલિકાની શરૂઆત | – શબ્દો |
| – પાત્રો-પાત્ર પરિચય | – ઉક્તિઓ |
| – મુખ્ય પ્રસંગો કે ઘટનાઓ | – ભાવવાચક સંવાદો |
| – સંઘર્ષ | – શબ્દચિત્ર |

| | |
|---|---|
| – અંત | – રૂઢિપ્રયોગ-કહેવતો. |
| – બોધ | |

નાટક-એકાંકી :

| વિષયવસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| – નાટકની પૂર્વકથા —એકાંકીની શરૂઆત | – સંવાદ-ઉક્તિઓ |
| – કથાવસ્તુ – સ્થળ, કાળ, સંદર્ભ | – સ્વગતોક્તિઓની ભાષા |
| – પાત્રો-પાત્રપરિચય | – પ્રશ્નાર્થ, ઉદ્‌ગાર વાક્યરચના |
| – કથાવસ્તુ—વિકાસ | – શબ્દો |
| – કાવ્યન્યાય | – અલંકાર |
| – બોધ | |

નિબંધ :

| વિષયવસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| – વિષયની સ્પષ્ટતા | – શબ્દો |
| અર્થ, વ્યાખ્યા, પ્રમાણ આધાર | – અવતરણો |
| – વૈચારિક પાસાં | – ઉક્તિઓ |
| ઉદાહરણો, પુરાવા, વિદ્વાનોના મંતવ્યો | – સુભાષિત |
| – પક્ષ-વિપક્ષની વિચારણા | – રૂઢિપ્રયોગ-કહેવત |
| – પરિણામોની ચર્ચા | – અલંકાર |
| – બોધ | |

**જીવનકથા – આત્મકથા :**

| **વિષયવસ્તુ** | **ભાષાવસ્તુ** |
|---|---|
| – નાટક-કૌટુંબિક મહિતી | – શબ્દો |
| – પાત્રલેખન | – શબ્દચિત્ર |
| (જીવન વિકાસક્રમ, કાર્ય, | – ઉક્તિઓ |
| જીવનદૃષ્ટિ ગુણ – મર્યાદા) | – રૂઢિપ્રયોગ-કહેવત |
| – રજૂઆતના ક્રમ – ઘટના, પ્રસંગો | – અલંકાર |
| – બોધ | |

### 2.2.6 ગદ્ય શિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો

ગદ્ય પાઠોનું શિક્ષણકાર્ય શાળામાં જે રીતે થઈ રહ્યું છે તે ફક્ત સાહિત્યનું શિક્ષણ બની રહે છે અને મહત્ત્વની બાબત ભુલાઈ જાય છે. ભાષાનાં મૂળ તત્ત્વો શીખવવાં પણ જરૂરી છે તે શીખવાતાં નથી. ગદ્યશિક્ષણ સાહિત્યના શિક્ષણની સાથો સાથ ભાષાનું શિક્ષણ આપે તે વર્તમાન સમયની જરૂરિયાત છે. આ માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

– ગદ્યશિક્ષણના હેતુઓની સ્પષ્ટતા શિક્ષક પાસે હોવી જોઈએ. ગદ્યકૃતિનું શા માટે અધ્યયન કરાવવું છે ? તે સ્પષ્ટ ન હોય તો કાર્યસફળતા અંગે તો વિચારી શકાય જ કેવી રીતે ?

– જે-તે ગદ્ય કૃતિની ભાષાકીય વિશેષતાઓ વિદ્યાર્થીઓને બતાવવી જોઈએ તેના ભાષાવસ્તુથી પણ વિદ્યાર્થીઓને અવગત કરાવવા જોઈએ.

– ગદ્યપાઠનું અર્થગ્રહણ, વિદ્યાર્થીઓ કરી શકે તેવા પ્રશ્નોની રચના કરવી જોઈએ, સીધેસીધી ચર્ચા કરવી જોઈએ નહિ.

– ગદ્યશિક્ષણ દ્વારા ઉચ્ચારણ, જોડણી, આદર્શ વાચન, શબ્દશિક્ષણ ઉપર ભાર મૂકાવવો જોઈએ.

– સમગ્ર પાઠનું વાચન શિક્ષકે જ કરવું તે જરૂરી નથી. પાઠ્યપુસ્તકના બધા જ પાઠ શિક્ષક જ વાંચશે તો વિદ્યાર્થીને વાચનનો અનુભવ મળશે ખરો ? વર્ષ દરમિયાન એકાદ-બે પાઠનું વાચન-આદર્શ રીતે શિક્ષકે કરીને પછી વિદ્યાર્થીઓને વાચનની તાલીમ મળી રહે અને તેઓનું વાચન કૌશલ્ય વિકસે તે માટે તેઓને વાચનની તકો આપવી જોઈએ.

– ગદ્યશિક્ષણ માટે ગદ્ય સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને સ્થાન આપવામાં આવે છે. તે દ્વારા ગદ્ય-સ્વરૂપોનો પરિચય તેની વિશેષતાઓ સહિત કરાવવાનો છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે તેવી ક્ષણોનું નિર્માણ કરવાનું છે. આ માટે શિક્ષક પાસે ગદ્ય સ્વરૂપોનું જ્ઞાન હોવું આવશ્યક છે અને લેખનની કસોટી હથોટી પણ કેળવવી પડે.

– ભાષાના પાઠોમાં નીરસતા ન છવાઈ જાય તે માટે વિદ્યાર્થીઓને બોલવાની તકો અને વિવિધ પ્રવૃત્તિઓ આપવી જોઈએ.

– ગદ્ય શિક્ષણ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

– વિદ્યાર્થીઓને કેટલાક એકમોમાં સ્વઅધ્યયનની તક આપવી જોઈએ.

## 2.3 પદ્ય શિક્ષણ – સાહિત્ય

ગદ્યશિક્ષણની વિચારણા બાદ પદ્યશિક્ષણની વિચારણા કરતાં સ્વાભાવિક પ્રશ્ન ઉદ્ભવે કે ગદ્ય અને પદ્યમાં શું તફાવત છે ? જો તફાવત હોય તો જ અલગ વિચારણા શિક્ષણ માટે કરવી પડે. તફાવત-- તેની શી જરૂર ?

### 2.3.1 પદ્યનો અર્થ

ગદ્યના અર્થની ચર્ચા કરતાં આપણે કાવ્યસાહિત્યના એક પ્રકાર તરીકે પદ્યની ગણના કરી છે. એટલે કાવ્ય ગદ્યમાં પણ હોઈ શકે અને પદ્યમાં પણ હોઈ શકે. બન્નેમાં કંઈક જુદાપણું છે. રામનારાયણ વિ. પાઠકે 'બૃહદ્પિંગળ' ના ઉપોદ્ઘાતમાં ગદ્ય-પદ્યની સ્વરૂપગત વિચારણા નીચે મુજબ રજૂ કરી છે.

વાઙ્મયનાં બે સ્વરૂપો છે. ગદ્ય અને પદ્ય. તેમાં ગદ્ય સામાન્ય વ્યવહારમાં બોલાતી ભાષાનું સ્વરૂપ છે. તેમાં ભાષા કેવળ અર્થને અનુકૂળ રીતે, અર્થને અનુસરીને બોલવાની હોય છે. પદ્યની રચના વિશેષ કરીને કાવ્યને માટે યોજાયેલી હોય છે. જો કે કાવ્ય ગદ્યમાં પણ હોઈ શકે હોય છે. જેમ કે કાદંબરી પદ્યનું પઠન પણ અર્થને ધ્યાનમાં રાખીને કરવાનું હોય છે. પણ તે ઉપરાંત તે પદ્યની રચનાના બંધને અનુસરીને, તે બંધના સંસ્કાર પડે એવી રીતે કરવાનું હોય છે. વાણી જ્યારે કાવ્યનું પ્રયોજન સિદ્ધ કરવા અમુક મેળવાળું સ્વરૂપ લે છે ત્યારે તે પદ્ય કહેવાય છે. આ મેળ અમુક માપથી સધાય છે. વાણી શબ્દોની અને શબ્દો અક્ષરના બનેલા છે. અક્ષર એ વાણીના ઉચ્ચારનો એકમ છે. પદ્યરચનામાં પ્રયોજાતા અક્ષરોના ઉચ્ચાર બે સ્વરૂપે થાય છે, જેને લીધે અક્ષરો લઘુ કે ગુરુ અને એક કે એ માત્રના ગણાય છે. કવિઓ પોતાની કૃતિમાં વાણીને પ્રયોજતાં તેના અક્ષરોના માપથી અનેક જાતની આકૃતિઓ રચે છે. આ આકૃતિ કે આકારને છંદ અને છંદો વાણી તે પદ્ય. પદ્ય એટલે માપથી સિદ્ધ, સુમેળવાળી વાણી, પદ્યની વિશિષ્ટ આકૃતિ કે આકાર કે છંદ.'

'લલિત વાઙ્મયને તેના બાહ્ય સ્વરૂપ ઉપરથી બે વિભાગમાં વહેંચવામાં આવે છે. ગદ્ય અને પદ્ય : જેમાં માત્રા, અક્ષર કે શબ્દની ગોઠવણીની બાબતમાં કે પંક્તિઓના માપ સંબંધમાં કે તેની નિયત સંખ્યાના સંબંધમાં કોઈ નિયંત્રણ કે બંધન નથી હોતું : એટલે કે જે અનિબદ્ધ રચના હોય છે તેને ગદ્ય કહે છે. (સંસ્કૃત ધાતુ ... બોલવું ઉપરથી) પરંતુ જેમાં છંદશાસ્ત્રના નિયમોને અનુસરી, એકંદર પદ્યાવલિની રચના કરવાની હોય છે તે પદ્ય કહે છે.''

**– મંજુલાલ ર. મજમુદાર**

''પદ્યરચનાનો આત્મા સંવાદ છે. રચના બંધબેસતી આવવી તે સંવાદ. ગદ્યમાં સંવાદ નથી, આથી જે તેમાં બંધબેસતી રચના છે નહીં, વાક્ય કોઈપણ જાતના બંધન વગર કેવળ વિચારશ્રેણીને અનુસરે છે.''

**– કેશવલાલ ધ્રુવ**

ઉપરોક્ત વિચારણમાંથી નિષ્કર્ષ તારવીએ તો પદ્ય એટલે મેળવાળું સ્વરૂપ જેમાં માત્રા, અક્ષર કે શબ્દની ગોઠવણીની બાબતમાં કે પંક્તિઓના માપને જાળવવાનું હોય છે. આ માપને જાળવવા છંદશાસ્ત્રને અનુસરવામાં આવે છે. જો કે હવે અછાંદસ રચનાઓ પણ જોવા મળે છે, પણ સંવાદમય રચના એટલે પદ્ય.

**2.3.2 પદ્ય રચનાના પ્રકારો**

**પદ્ય રચનાના પ્રકારો**

↓

| નિબદ્ધ<br>અમુક માપની પંક્તિઓના જૂથ કે જૂથોમાં પ્રસરતી પદ્ય રચના | | | | અબદ્ધ<br>ચરણોની સંખ્યાના બંધન વગર છૂટથી પ્રસરતી પદ્યરચના |
|---|---|---|---|---|
| **વર્ણબન્ધ** | **રૂપબન્ધ** | **માત્રાબન્ધ** | **લયબન્ધ** | **લક્ષણો** |
| પ્રત્યેક ચરણમાં ગોઠવાયેલા વર્ણની બનેલી રચના | લઘુગુરુના મેળથી ગોઠવાયેલી રચના | માત્રાના મેળથી ગોઠવાયેલી રચના | પ્રસંગવશાત્ દ્રુત અને વિલંબિત કે અધૂરા ઉચ્ચારના પ્રયોગથી સંધાતા લયસંવાદ – વાળી રચના | પદ્યની અગેયતા કે પાઠ્યતા વાક્ય કાવ્યની એક પંક્તિમાં ઊભરાઈને અનેક પંક્તિઓ સુધી વહી શકે તેવી સળંગ અખંડિતતા યતિ સ્વાતંત્ર્ય. રચના એકવિધ ન બની જાય તેવી સગવડ. |

**2.3.3 ગદ્ય-પદ્ય વચ્ચેનો ભેદ**

ગદ્ય અને પદ્યનો ભેદ નીચે મુજબ દર્શાવી શકાય.

| | **ગદ્ય** | **પદ્ય** |
|---|---|---|
| – | ગદ્યમાં અલગ તારવી શકાય તેવો કોળ મેળ હોતો નથી, નિયમ હોતો નથી. | ગાણિતિક પદ્ધતિથી દર્શાવી શકાય એવું માપ (કે જે કોઈ નિયમને અનુસરે છે) હોય છે. |
| – | માહિતી પ્રધાન-બોધ પ્રધાન હોય છે. | સૂચક હોય છે. |

| | |
|---|---|
| – વિગતપૂર્ણ-ઘટના પ્રધાન હોય છે. | કાલ્પનિક હોય છે. |
| – અનઆવેગી – સાહજિક અવાજ માત્રામાં હોય છે. | તંગ-આવેગપૂર્ણ હોય છે. |
| – અભિપ્રાય-નિર્ણય સંબંધિત હોય છે. | આત્મસ્ફુરણ સંબંધિત હોય છે. |
| – અનિયમિત – વિસ્તૃત હોય છે. | સ્વરૂપીય (નિયમિત) અને લાઘવીય હોય છે. |
| – શિથિલ લયાત્મક કે અલયાત્મક હોય છે. | લયચુસ્ત કે લયાત્મક ઉચ્ચારણયુક્ત હોય છે. |
| – વાક્યો અને પરિચ્છેદમય રચના છે. | પદ્ય નાના શબ્દસમૂહ, પંક્તિ, કડી કે શ્લોકમય રચના હોય છે. |
| – મુખ્ય અંશો શબ્દ, વાક્ય અને પરિચ્છેદને ગણાવી શકાય. | મુખ્ય અંશો શબ્દ, પદાવલિ, માપસિદ્ધિ, લય અને ચરણ ગણાવી શકાય. |

પદ્ય રચનાના પ્રકારોને ગદ્ય-પદ્ય તફાવત વર્ગ-શિક્ષણ માટે માર્ગદર્શક બની રહે તે માટે દર્શાવેલ છે.

**2.3.4 કાવ્યની વ્યાખ્યા**

સંસ્કૃત વિદ્વાનોએ 'કાવ્ય' ની વ્યાખ્યા નીચે મુજબ કરી છે.

- સંક્ષેપમાં દષ્ટિ અર્થને પ્રકટ કરનારી પદાવલિથી યુક્ત એવું વાક્ય કાવ્ય છે જેમાં અલંકાર પ્રગટ હોય અને જે દોષરહિત અને ગુણયુક્ત હોય. – અગ્નિપુરાણ.
- શબ્દ અર્થની સંહતિ કાવ્ય છે. – કાવ્યાલંકાર, ભામહ.
- ઈષ્ટ અર્થને પ્રગટ કરનારી પદાવલિ તો શરીર માત્ર છે. – કાવ્યાદર્શ, દંડી.
- કાવ્ય તો શબ્દાર્થને શરીરવાળું છે : જેથી તેનો આત્મા કે વાસ્તવિક તત્ત્વ કઈ બીજું છે. – ધ્વન્યાલોક, આનંદવર્ધન.
- કાવ્યન
ો આત્મા રીતિ છે. – વામન
- કાવ્યનો આત્મા ધ્વનિ છે. – આનંદવર્ધન
- કાવ્ય વક્રોક્તિથી જીવે છે. – કુંતક
- કાવ્યનો આત્મા ઔચિત્ય છે. – ક્ષેમેન્દ્ર
- રસાત્મક વાક્ય એટલે કાવ્ય. – વિશ્વનાથ
- રમણીય અર્થ પ્રતિપાદન કરનારો શબ્દ કાવ્ય છે. – જગન્નાથ.

પાશ્ચાત્ય વિદ્વાનોએ 'કાવ્ય' ની વ્યાખ્યા નીચે મુજબ કરી છે.

- *Poetry – Art, work of the poet – Encyclopaedia Britanica.*
કવિનું કાર્ય કાવ્ય છે.

– *Poetry is articulate music* – *Dryden*

કવિના સુસ્પષ્ટ સંગીત છે.

– *Poetry is the best words in their best order.*

સર્વોત્તમ શબ્દો તેમના સર્વોત્તમ ક્રમમાં કવિતા હોય છે.

– *Poetry is at bottom, a criticism of Life.* – *Arnold.*

કવિતા તેના મૂળ સ્વરૂપે જીવનની આલોચના છે.

– *Poetry is the art of uniting pleasure with truth by calling imagination to the help of reason.* *Johnson*

કાવ્ય એ કલ્પનાની સહાયતાથી યુક્તિ દ્વારા સત્યને આનંદથી સમન્વિત કરતી કલા છે.

– *Poetry is the spontaneous overflow of powerful feelings, it takes its origin from emotions recollected in tranquillity.* – *Wordsworth.*

કવિતા પ્રબળ અનુભૂતિઓનો સહજ ઉદ્રેક છે, જેનો સ્રોત શાંતિની ક્ષણોમાં સ્મૃત મનોવેગોમાંથી ફૂટે છે.

ગુજરાતી ભાષાના વિદ્વાનોના મતે 'કાવ્ય' ની વ્યાખ્યા જોઈએ તો...

– સાધારણીકૃત માનવ અનુભવની કલ્પનાત્મક અને લયાન્વિત વાણીમાં અભિવ્યક્તિ તે કવિતા.

– હેમંત દેસાઈ

– કવિતાનો, જે રસ માણસના હૃદયમાં જામીને વિચાર, વાણી અને કર્મને દ્વારે નીતરે છે તેનું વર્ણન કરીને મૂળ રસનું પાન કરાવે છે. – નવલરામ

– સાહિત્ય (કવિતા)માં ચિત્ત વધારે મુક્ત, વધારે શુદ્ધ, વધારે નિર્વિઘ્ન રીતે અને તેથી સંપૂર્ણતાની વધારે નજીક જઈને ભાવ ધારણ કરે છે. – રા. વિ. પાઠક

– કવિતા શબ્દોની એવી મનોહર રચના છે, જે જીવનના અનુભવના અનોખા આકારનું નિર્માણ કરી આપણા હૃદયમાં ભાવનો આનંદદાયક સાક્ષાત્કાર કરાવે છે. – ચંદ્રકાંત જોશી

ઉપરોક્ત બધી વ્યાખ્યાઓ પરિપૂર્ણ નથી. હેમંત દેસાઈએ કહ્યું છે કે, 'કવિતા અવ્યાખ્યા છે, એની કોઈ અંતિમ વ્યાખ્યા થઈ જ ન શકે' આમ, કવિતાને વ્યાખ્યામાં બાંધી શકાય તેમ નથી કારણ તેના સીમાડઢાનો કોઈ પાર નથી, અહીં આપેલી વ્યાખ્યાઓ કવિતાને સમજવામાં ઉપકારક છે. પણ અંતિમ નથી તેનો ખ્યાલ રાખશો. કવિતાને સમજવા વિશેષ વાચનની જરૂર છે. કવિની સર્જન ઘડીને જાણવી એટલે તેના હૃદયના ભાવને જાણવો. હૃદયનો ભાવ જાણવો ખૂબ જ અઘરો છે. છતાં વિશેષ વાચન, કાવ્યગત સમીપતા ત્યાં સુધી પહોંચાડવામાં મદદરૂપ બને છે.

### 2.3.5 કાવ્ય શિક્ષણનું મહત્ત્વ

આજનો યુવાન જ્યારે કલાની ઊર્મિઓ ઝીલવા અશક્ત બની ગયો છે. તેની આંખ, રંગ, રૂપ કે અભિમાનની કુમાશ, માર્દવ, છટા કે શૈલીનું સૌંદર્ય જોવા અસમર્થ બની છે ત્યારે તેને ભાવના, સૌંદર્યના શિક્ષણ માટે, પવિત્ર દિવ્ય અને ચિરંતન તત્ત્વોનો સમાગમ કરાવવા, અને તેના આત્માને યોગ્ય પોષણ આપવા માટે કાવ્ય તરફ જ નજર જાય છે. કાવ્યના શિક્ષણ વિના આ બધું શક્ય છે ખરું ? કવિતા દ્વારા નીચે જેવા લાભ થાય છે.

– કવિતા આનંદ, સંવેદનશીલતા અને સંસ્કાર આપે છે.

– કવિતા વડે ભાષા અને જીવનમૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન થાય છે.

– કવિતા બીજાની લાગણીઓને સમજતાં શીખવે છે.

– કવિતાથી 'સ્વ' નો સર્વમાં વિસ્તાર થાય છે.

– કવિતા કલાદૃષ્ટિ અને સર્જનાત્મકતા વિકસાવે છે.

– કવિતા ભાષાકીય કૌશલ્યો વિકસાવે છે.

વિદ્વાનો કવિતાનું મહત્ત્વ નીચે મુજબ વર્ણવે છે.

– *A great poem is a fountain ever overflowing with the water of wisdom and delight.* – શૈલી

– કાવ્યસૃષ્ટિના અનુભવ દ્વારા આપણા વ્યક્તિત્વનો વિસ્તાર થાય છે.– રવીન્દ્રનાથ ટાગોર

– કવિતા દ્વારા આધ્યાત્મિકતાનો વિસ્તાર થાય છે. – ગીતા

– કવિતા જીવનમાં આશા અને શ્રદ્ધાનો પ્રેરક સંદેશ આપનારું એક મહાન બળ છે, ઘોર અંધકારમાં પણ માનવીને પ્રકાશ આપનાર એક મહાન દીપક છે. – સી. કે. અકુવાલા

**2.3.6 કાવ્યનું વર્ગશિક્ષણ – વાસ્તવિક પરિસ્થિતિ**

શાળાઓમાં કવિતા શિક્ષણને નિહાળીએ તો ખ્યાલ આવે કે કવિતાનું ખૂન કેવી રીતે કરવામાં આવે છે. એક વિદ્વાનના મતે, ‘કાવ્યને જીવાડવું કે મારવું તેનો આધાર મોટેભાગે શિક્ષકો પર છે.’ વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો.....

– શિક્ષક કાવ્યમાં આવતા શબ્દોના અર્થ તારવી કવિતાનો ગદ્યાન્વય કરે છે.

– શિક્ષક છંદ, અલંકાર, શબ્દાર્થ, સમાસ, સંધિની વ્યાકરણીય સમજૂતી આપે છે, પણ કાવ્યાર્થલક્ષી યથાર્થતા સમજી – સમજાવી શકતા નથી.

– કાવ્યપઠન અંગેની શિક્ષકની સભાનતા કે મર્યાદાઓ વિદ્યાર્થીને કાવ્યપઠન અંગે પ્રેરણા, મહાવરા કે સમજ તરફ અભિમુખ કરતી નથી કે કાવ્ય રુચિ પણ નીપજાવી, જાળવી શકાતી નથી.

– કાવ્યશિક્ષણ રૂઢિગત બનતું જાય છે, પ્રયોગાત્મક રહ્યું નથી.

– કાવ્યશિક્ષણ સમયે વર્ગમાં – વિદ્યાર્થીઓમાં શુષ્કતા, રસહીનતા છવાઈ જાય છે. વિદ્યાર્થીને કંઈ સમજાતું નથી.

– પ્રશિક્ષણાર્થી – કેટલાક શિક્ષકો પણ કવિતામાંથી માહિતીલક્ષી પ્રશ્નો પૂછી કર્મકાંડ પૂર્ણ કરવાનો આનંદ માણે છે.

– કવિતાનું કૌશિકી પૃથક્કરણ કરવાની કસરત કરવામાં આવે છે.

– કાવ્યાર્થગ્રહણ કે સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવામાં વિદ્યાર્થીઓ કૃતિગત શબ્દો, શબ્દસમૂહોનું પુનરાવર્તન કરીને સ્પષ્ટીકરણ આપવાનો પ્રયાસ કરે છે.

કવિતા શિક્ષણની વર્ગની વાસ્તવિક પરિસ્થિતિ વિદ્યાર્થીઓને કવિતાભિમુખ કરવાને બદલે કવિતાભિમુખ બનાવે છે. આ પરિસ્થિતિ પરીક્ષાલક્ષી, વિદ્યાર્થીઓની અને શિક્ષકોની મર્યાદામાંથી ઉદ્‌ભવે છે. શિક્ષકે કવિતા શિક્ષણની સજ્જતા કેળવવી પડે.

**2.3.7 કાવ્ય શિક્ષણના હેતુઓ**

કવિતાશિક્ષણના નીચે જેવા હેતુઓ છે.

– કાવ્યપઠન અને શ્રવણ દ્વારા કાવ્યનો આનંદ અનુભવે.

– કાવ્યમાં વ્યક્ત થયેલી લાગણીઓનું સમસંવેદન કરે.

– કવિતાના વિવિધ સ્વરૂપોનો પરિચય મેળવે.

– કવિતાના આસ્વાદની ક્ષમતા વિકસે.

– સૌંદર્યભાવના, મૌખિકતા, કલ્પના તથા સર્જનાત્મકનો વિકાસ કરવો.

– શબ્દાર્થ, વાચ્યાર્થ, લક્ષ્યાર્થ તથા ધ્વન્યાર્થ સમજે.

- કાવ્યના કવિઓનો પરિચય મેળવે.
- ગદ્ય અને પદ્ય, સંગીત અને કવિતા અને પદ્ય અને કવિતા વચ્ચેનો તફાવત સમજે.
- કવિતાના સામાન્ય વિધાનોથી પરિચિત થાય.
- કાવ્યમાં પ્રયોજાયેલા શબ્દો, કલ્પનો, પ્રતીક, અલંકાર, છંદ તેમજ અન્ય પ્રયુક્તિઓ સમજે.
- કાવ્યમાં પ્રસ્ફુટ થતાં જીવનનાં વિવિધ પાસાં – દેશભક્તિ, વીરતા, નીતિ, કટાક્ષ, હાસ્ય, પ્રેમ વગેરેનું આસ્વાદન કરે.
- કાવ્યસાહિત્યમાં રસ કેળવે.

**2.3.8 કાવ્ય શિક્ષણની મતાંતરો**

વિદ્વાનોમાં કાવ્યશિક્ષણ અંગે એકમતી જોવા મળતી નથી. જેના કારણે કાવ્યશિક્ષણ માટે વિવિધ અભિગમો અપનાવાતા જોવા મળે છે.

**(1) કવિતા શીખવવાની નથી પણ પામવાની છે :**

આ મતાનુસાર શિક્ષકે વર્ગમાં કાવ્યનું શિક્ષણ આપવાનું નથી પણ વિદ્યાર્થીએ સ્વયં પામવાનું છે. તેણે કાવ્યને પામવા માટે સ્વાધ્યાય કરવાનો રહે છે. આમ, અહીં સ્વાધ્યાયલક્ષી અભિગમ પર ભાર મુકાય છે. કાવ્યમાં સંવેદનશીલ લાગણી હોય છે તેનો અનુભવ વિદ્યાર્થી સ્વપ્રયત્નોથી જ કરી શકે. અન્યના પ્રયત્નોથી નહિ. આ માટે શાબ્દિક અર્થગ્રહણથી શરૂ કરી અનુભાવન સુધી સ્વાધ્યાય કરવો પડે.

**(2) બધા ભાષાશિક્ષકો કવિતાશિક્ષકો નથી :**

આ મતાનુસાર ભાષાશિક્ષકે પણ કાવ્ય શિક્ષણ માટે સજ્જતા કેળવવી પડે. શિક્ષક પાસે જેટલી સજ્જતા વિશેષ તેટલી વર્ગશિક્ષણની સફળતા વિશેષ. સજ્જતાપ્રાપ્ત શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ શિક્ષણાનુભાવો આપી શકશે. શિક્ષક દ્વારા કવિતાના અર્થઘટનના પ્રયત્નોની ગુણવત્તા વિદ્યાર્થીના અર્થગ્રહણને સાહજિક બનાવે છે. જેમ કે, કવિતાનાં ઉપાદાન : શબ્દ, અર્થ, અલંકાર, રચના વગેરે સમજાવે તેના ઉપયોગની સાર્થક્તાની સમજૂતી આપે, વિષય, શીર્ષક, બોધ, ઘટનાની જ ચર્ચા કરે – વગેરે તેની સજ્જતા પર અવલંબે છે.

**(3) કાવ્ય શીખવવાની એકમાત્ર રીત નથી :**

આ મતાનુસાર શિક્ષકને કવિતા શિક્ષણની પદ્ધતિ નક્કી કરવાનું સ્વાતંત્ર્ય આપ્યું છે. પ્રશ્ન થાય છે કે વિધાન – 2માં જણાવેલ બાબત અંગે. બધા શિક્ષકો યોગ્ય પદ્ધતિ નક્કી કરી શકશે ? અનુભવી શિક્ષકો – સજ્જ શિક્ષકો પોતાની સંવેદનીય ક્ષમતાઓને આધારે કાવ્ય શિક્ષણની રીત અપનાવી કાર્ય કરે જ છે. પણ કવિતા સ્વરૂપને ધ્યાનમાં લઈ, કવિતા શિક્ષણ અંગેની પદ્ધતિ અંગે નિર્ણય કરવો પડે.

**(4) કાવ્ય કાનની કળા છે :**

કવિ નિરંજન ભગતે 'કવિતા કાનથી વાંચો' અને કવિ ઉમાશંકર જોશીએ 'કવિતા વાંચવાની કળા' દ્વારા આ મત પ્રગટ કર્યો છે.

'કવિતાનો દેહ શબ્દનો બંધાયેલો છે. શબ્દ એટલે (1) અવાજ (2) તે નિશ્ચિત અવાજના સંકેતથી જે તે સમાજે મૂકેલો અર્થ. શબ્દનાં આ બન્ને પાસાં કવિતાના સૌંદર્યને ખીલવવામાં ફાળો આપી છૂટે છે. નોંખાં નોંખાં નહીં, પણ એકરૂપ – એક રસ બનીને. ચર્ચા માટે તેનો અલગ વિચાર કરીએ તો ભલે.'

'કવિતા અવાજોની બનેલી રચના છે. આજે આપણે સામાન્ય રીતે કવિતા કાગળ ઉપર છવાયેલી, આંખો વડે વાંચીએ છીએ. પણ તેથી કવિતા કોઈ આંખનો વિષય, જોવાનો વિષય બનતી નથી. આંખો ધારો કે સારી ન હોય અને 'ઝૂકી ઝાડનાં ઝૂંડની ઝાઝી ઝાડી' વાંચતાં હારબંધ

ઝાઝાં ઝાડો કાંટાની પેઠે ભોંકાતા ચાલ્યા આવતા હોય છે. પણ તે જ વખતે કાન સહેજ ચમકે છે. બધા શબ્દો 'ઝ' થી આરંભાયા છે. એ જોઈને બલકે સાંભળીને....આંખ કવિતાના અવાજદેહને ઉપાડીને શ્રવણન્દ્રિયને, અંતઃ શ્રવણેન્દ્રિયને સોંપી દે છે, જે એના સૌંદર્યનો બોધ કરે છે.

"મોટેથી કવિતાનો પાઠ કરવાથી કવિતા એ કેવી એક અવાજોની સૃષ્ટિ છે તેનો આનંદ મળશે. પછી અંદરના કાન ટેવાઈ જશે કે મનમાં મૂંગા મૂંગા પંક્તિઓ યાદ કરીએ અથવા મૂંગા મૂંગા વાંચીએ ત્યારે પણ કવિતાનો સ્વરોહ સુરેખપણે દૃષ્ટિગોચર થશે, અને એમાં જે કાંઈ શ્રવણમાધુર્ય હશે તે હૃદયને સ્પર્શી જશે.

આ મતાનુસાર કાવ્ય કાનથી શ્રવણ કરવાની કળા છે, એમ કહેવા પાછળ પણ કાવ્યપઠનનું ગૌરવ અને વિશેષતાઓ જ દર્શાવવાનો હેતુ છે અને કાવ્યપઠન, કાવ્યગાન કે કાવ્યનું સમૂહગાન કરાવવું અને કરવું જરૂરી છે. શિક્ષકનો કંઠ સારો ન હોય તો ટેપરેકોર્ડરનો ઉપયોગ કરી – કોઈકના સારા કંઠનો લાભ લઈને કાવ્યપઠન કે કાવ્યગાન સંભળાવી શકાય.

ઉપરોક્ત મતો કાવ્યશિક્ષણ માટે સ્વાધ્યાય અભિગમ, શિક્ષકનો સજ્જતાલક્ષી અભિગમ, કવિતાના સ્વરૂપલક્ષી અભિગમ અને કાવ્યપઠન અભિગમને અપનાવવા તરફ નિર્દેશ કરે છે.

### 2.3.9 કાવ્ય શિક્ષણ પદ્ધતિ

કાવ્યશિક્ષણની ઉત્તમ પદ્ધતિ કઈ ? ઘણી વિચારણાને અંતે એમ કહી શકાય કે 'વિદ્યાર્થીને જે કાવ્ય સન્મુખ કરે તે પદ્ધતિ શ્રેષ્ઠ.' આમ કહેવું સહેલું છે પણ તેવી પદ્ધતિથી વિદ્યાર્થીઓને અનુભવ આપવો સરળ લાગતો નથી. વિજ્ઞાન અને ઈતિહાસ જેવી વસ્તુ વિદ્યાઓ માહિતી અને વિચારપ્રધાન છે. જેનું સહેલાઈથી વિતરણ-હસ્તાંતરણ થઈ શકે. પરંતુ કવિતા પ્રધાનતઃ આત્મલક્ષી વિદ્યા છે. એનો મદાર અંગત અનુભવ અને સંવેદન ઉપર છે. એટલે કાવ્યરસ આપવાનો ક્રમ, પામવાનો વિશેષ હોય છે. કાવ્ય શિક્ષણનો હેતુ મુખ્યત્વે રસ અને આનંદ પ્રાપ્તિનો તથા ત્યાર પછી સંવેદના સતેજ કરી સંસ્કાર મેળવવાનો છે. તેથી કાવ્યશિક્ષણની પદ્ધતિ પણ આનંદલક્ષી હોવી જોઈએ. કાવ્ય અખંડ સ્વરૂપે આસ્વાદ આપે છે, તેથી એકાગ્ર અનુભવ આપે તેવી પદ્ધતિ વિચારવી જોઈએ.

કાવ્યશિક્ષણની કોઈ એક પદ્ધતિ નથી. પ્રત્યેક શિક્ષકે તેની પદ્ધતિ નિરાળી હોય છે, પણ પ્રચલિત પદ્ધતિઓ નીચે જેવી જોવા મળેછે.

**(1) ગદ્યવિવરણ પદ્ધતિ :**

આ પદ્ધતિમાં કાવ્યપંક્તિઓનો સરળ સાર અને અઘરા શબ્દોના અર્થ સાથે કવિતાની સમજૂતી આપવામાં આવે છે. કાવ્યનો મધ્યવર્તી વિચાર રજૂ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'મન નો ડગે' તે કાવ્યનું શિક્ષણ આપતાં હરિજન સાચો હરિભક્ત અને તેના આધારે વર્તમાનમાં હરિજનનાં લક્ષણોની યાદી આપી દેવામાં આવે. અને તેના આધારે વર્તમાનમાં જોવા મળતાં દુષ્ટજનોની વિગતો અપાય. આ ઉપરાંત કવિતા પર વ્યાકરણનું શાસન જાળવી વ્યાકરણવિષયક મુદ્દાની સમજૂતી આપવામાં આવે.

આ પદ્ધતિમાં ભાવદશા આસ્વાદમાં અવરોધક બને છે. કાવ્યની સંવેદનાત્મક – કલ્પનાત્મક બાજુએ હડસેલી એની અર્થચર્ચા જ કેન્દ્રમાં રાખવામાં આવે છે, તે તેની મર્યાદા બની રહે છે.

**(2) પંચપદી પદ્ધતિ (હર્બાર્ટ પદ્ધતિ) :**

આ પદ્ધતિમાં કાવ્યની સોપાનબદ્ધ સમજૂતી આપવામાં આવે છે. પ્રસ્તાવના, કાવ્યપાઠ, વસ્તુ નિરૂપણ, મૂલ્યાંકન અને સ્વાધ્યાય જેવાં ક્રમિક સોપાનો દ્વારા કાવ્યનો સર્વાંગી પરિચય આપવા આ પદ્ધતિ મથે છે. પ્રસ્તાવનામાં કાવ્યના પરિચયને અનુરૂપ ભૂમિકા આપે છે. ત્યારબાદ શુદ્ધ, સરળ અને સ્પષ્ટપણે કાવ્યનું પઠન કરવામાં આવે છે. ત્યારબાદ કાવ્યનાં

વિવિધ સૌંદર્ય સ્થાનોને પ્રગટ કરી એનું કાવ્ય નિર્માણમાં શું સ્થાન છે તેની સંકલિત વિચારણા અર્થે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછી વસ્તુ નિરૂપણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ શું પ્રાપ્ત કર્યું ? કાવ્યશિક્ષણનો હેતુ સિદ્ધ થયો કે નહિ ? તે માટે મૂલ્યાંકન કરવામં આવે છે અને છેલ્લે કાવ્યના રસસ્થાનો, રહસ્યકેન્દ્રો સંબંધી પ્રશ્નો સ્વાધ્યાય માટે આપવામાં આવે છે.

આ પદ્ધતિમાં કાવ્યના મુખ્ય પાસાંનો ક્રમિક વિચાર કરી કાવ્યના વિદ્યાર્થી પરના પ્રભાવની નોંધ લેવાય છે તે વિશેષતા છે, તો શાસ્ત્રીયતાનો અતિરેક થઈ જતાં કાવ્યનું નિર્જીવ **'પોસ્ટમોર્ટમ'** થઈ જવાનું જોખમ પણ છે.

### (3) પ્રભાવવાદી – પ્રયોગવાદી પદ્ધતિ (Impressionist Method) :

આ પદ્ધતિ નવીન પ્રયોગવાદી શિક્ષકોએ અપનાવેલી છે. એક કવિતા વાંચતાં મનમાં જે મુદ્દાઓ પ્રગટે, વિચાર-ભાવના તરંગો ઊઠે, અન્ય કવિતાનાં સ્મરણો જાગે, તેને સ્વૈરપણે રજૂ કરતા જઈ સામેના કાવ્યના પ્રભાવનું નિરૂપણ આ પદ્ધતિમાં થાય છે. આમ તો આ કોઈ ચોક્કસ પદ્ધતિ નથી પણ કવિતા પર કવિતા જેવું, વિવેચનાત્મક કથન એ બને. સંક્રમણ અહીં ગૌણ બની જાય છે, એટલે શિક્ષણનો મૂળ હેતુ સચવાય નહિ. છતાં ચોક્કસ દૃષ્ટિથી થતા શિક્ષણ દરમિયાન આવો પ્રભાવ પ્રગટ કરી શકાય જેનાથી વિદ્યાર્થી સ્વતંત્ર ભાવનમાં ઉત્સુક બની પોતાના અભિપ્રાયો ઘડે.

ઉપરોક્ત પદ્ધતિઓ પ્રચલિત છે. તેમાં પણ અનેક પ્રયુક્તિઓ સંકળાયેલી છે. શિક્ષક કાવ્યશિક્ષણ દરમિયાન કથન કરે, ચર્ચા કરે, પ્રશ્ન પૂછે, નિદર્શન કરે વગેરેના સંયોજન રૂપે પદ્ધતિ પ્રગટતી હોય છે. આ પદ્ધતિઓ ખરેખર પદ્ધતિઓ નથી પણ અનેક પદ્ધતિઓનો સમૂહ છે. વ્યાખ્યા પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, સંશ્લેષણ-વિશ્લેષણ પદ્ધતિ, જેવી અનેક પદ્ધતિઓ છે. તે પદ્ધતિઓમાંથી અનુકૂળ પદ્ધતિનો ઉપયોગ કરી અથવા પદ્ધતિઓનું સંયોજન કરીને પણ કાવ્યશિક્ષણ આપી શકાય. આમ, કાવ્ય શિક્ષણ માટે કોઈ પણ એક પદ્ધતિ નક્કી કરવાનું સહેલું નથી. તેથી કેટલાંક વિદ્વાનોએ શિક્ષણના હેતુસર વર્ગસમક્ષ વિચારણાલક્ષી રજૂઆત કરવા માટે કેટલાંક સિદ્ધાંતો તારવ્યા છે, જે નીચે મુજબ છે.

- કાવ્યશિક્ષણ આપતાં પહેલાં તેના હેતુઓ અંગે વિચારણા કરવી જોઈએ. કાવ્ય શિક્ષણ માટે પઠન, અર્થગ્રહણ, આસ્વાદ, આસ્વાદ્ય અભિવ્યક્તિ, ગાન, અભિનય સાથે ભાવગ્રહણ જેવા હેતુઓ ગણાવી શકાય. આ હેતુમાંથી કક્ષા, કવિતા પ્રકાર અને શિક્ષકની ભાવક સજ્જતાના આધારે વર્ગમાં આંતરક્રિયા (Interaction) માટે પ્રયત્નોની પૂર્વભૂમિકા સર્જવા માટે હેતુલક્ષી સ્પષ્ટતા શિક્ષકના મનમાં હોવી જોઈએ.
- વિદ્યાર્થીઓને પોતાની રીતે કવિતાનું અર્થગ્રહણ કરવા દો. આ માટે કાવ્યપઠન ઉપયોગી બને.
- કવિતાશિક્ષણ એટલે કવિતાના ઉપાદાન : શબ્દ/અર્થ, લય, છંદ, અલંકારની અર્થઘટન અને અર્થગ્રહણલક્ષી યથાર્થતા સમજવા સાથે કાવ્યને માણવાની પ્રવિધિ છે.
- વિદ્યાર્થીઓને શ્રાવ્ય અનુભવો આપી કાવ્યની સમજ મેળવે તેવી મનોભૂમિકા સર્જો.
- વિદ્યાર્થીઓના કાવ્ય અર્થગ્રહણની પૂર્વ સજ્જતાના આધારે આસ્વાદના પ્રયત્નોની સિદ્ધિ શોધો.

### 2.3.10 કાવ્ય પઠનની સજ્જતા

કાવ્યશિક્ષણ માટે 'કાવ્યપઠન' એ અનિવાર્ય પ્રવૃત્તિ ગણાય છે ત્યારે કાવ્ય પઠનનો આદર્શ શું ? થોડુંક વિચારીએ.

'બધું પદ્ય તે કવિતા નથી' સમજાવતાં જણાવે છે કે કવિતા વાંચવામાં આથી મુખ્ય વિવેક આ કરવાનો છે. કૃતિ કવિતા પામી છે કે નહીં ? પદ્ય જોઈને ભોળવાઈ જવાનું નથી, રચનાની જેમ માહિતી આપવાની છે કે સુંદરતાના અનેક નમૂનાઓનો પરિચય કરતાં કરતાં આ વિવેક

શક્તિ ખીલે છે. ધીમે ધીમે એ વસ્તુ સમજાય છે કે રસાસ્વાદ કરાવવા તાકતી શબ્દ રચના જુદી જ ચમત્કારિક હોય છે. કવિતા સુધી પહોંચનાર શબ્દ રચનાના વિશેષો પકડવાની તાલીમ દ્વારા ધીમે ધીમે અનેક કૃતિઓ પરિચયના પરિણામો સાંપડે છે.'

'કવિતાના શ્રવણ માધુર્યનો મુખ્ય આધાર પુનરાવૃત્તિ ઉપર એક જ જાતના અવા જો ફરી ફરી આવે એની ઉપર હોય એવું જોઈ શકાય છે. એકના એક સ્વરો કે વ્યંજનો ફરી ફરી દેવાતા હોય એવી શબ્દોમાંની સ્વર વ્યંજન સંકલના એક જાતનો આહ્‌લાદ આપી શકે છે.'

– કાવ્યપઠન એ એક કૂટપ્રશ્ન છે. એનો ઉકેલ પ્રત્યેકે પોતે શોધવાનો રહે છે.
– ગદ્યનું દશ્ય વાચન થઈ શકે પણ પદ્યનું શ્રાવ્ય પઠન કરવું જોઈએ.
– કાવ્યપઠન એ સર્જન છે, સર્જનનો અનુભવ છે.
– કવિતા અંગે પઠન એ આધુનિક પરંપરા છે.
– કવિતાનું પઠન એક કળા છે, શ્રમ સાધ્ય અને કષ્ટ સાધ્ય કળા છે, દુઃસાધ્ય અને દુર્લભ કળા છે.

**કાવ્યપઠનની સજ્જતા કેળવવા નીચેની બાબતો જરૂરી ગણી શકાય.**

– સૌપ્રથમ તો કાવ્યનું શ્રાવ્ય વાચન કરવાની ઇચ્છા હોવી જોઈએ.
– પોતાના કંઠ અને અવાજનું, તેની ખૂબીઓ અને ખામીઓનું જ્ઞાન હોવું જોઈએ.
– જે-તે ભાષાની કવિતા હોય તે ભાષાનું, તેના ઉચ્ચાર અને લયનું, વ્યાકરણ અને શબ્દકોશનું, અલંકારો અને છંદોનું સર્વ પ્રકારના સર્વછંદો અને તેમની નાની મોટી વિગતોનું તથા તેમના પરંપરાગત ગદ્ય પઠનના સ્વરૂપનું જ્ઞાન હોવું જોઈએ.
– સાહિત્યના ગદ્ય સ્વરૂપોના પઠનનો કંઈક અનુભવ હોવો જોઈએ.
– વાચક-ભાવકમાં સંવેદના અને કલ્પના હોવાં જોઈએ.
– કાવ્ય સમગ્રનો અર્થ (જે કાવ્યના સર્વ શબ્દોના અર્થોના સરવાળાથી અર્થ, શબ્દો શબ્દનો અર્થ, હૃદય બુદ્ધિ — આત્મ માટેનો અર્થ, આ સર્વ અર્થોને અનુસરીને એમને અનુરૂપ, અનુકૂળ અવાજ, લય, આરોહ-અવરોહ, સ્વરભાર વિરામ, મૌન વગેરે દ્વારા, વિવેકપૂર્વક, ઔચિત્યપૂર્વક, સમજપૂર્વક, સૂઝપૂર્વક, ધ્યાનપૂર્વક કવિતાનું પઠન કરવાનું છે તેનો ખ્યાલ રાખવો પડે.

**કાવ્ય પઠનની સજ્જતા મેળવવા શું કરી શકાય ?**

– અનેક કાવ્યોનો – પઠન નમૂનાઓ પરિચય કરતાં કરતાં પઠન કેળવી શકાય.
– કવિતા સુધી પહોંચાડનાર શબ્દ રચનાના વિશેષો પકડવાની તાલીમ ધીમે ધીમે અનેક કૃતિઓના પરિચયનાં પરિણામો સાંપડે છે.
– કાવ્ય કૃતિઓનાં પઠન અને આસ્વાદનો સ્વાધ્યાય કરતાં રહેવું પડે.
– કૃતિલક્ષી આસ્વાદ કે વિવેચનનાં પુસ્તકો વાંચવાં જોઈએ.
– કાવ્ય પઠનના કાર્યક્રમો જ્યાં યોજાય ત્યાં કાવ્ય શ્રવણ માટે જવું.
– મુશાયરા – કવિ સંમેલનોમાં કવિ દ્વારા વંચાતાં કાવ્યોના શ્રવણ માટે હાજરી આપવી જોઈએ.
– આકાશવાણી કે દૂરદર્શનના કાવ્યપઠનના કાર્યક્રમો સાંભળવા.
– પોતાની સંસ્થામાં કવિ સંમેલન, મુશાયરા, કાવ્યપઠનના કાર્યક્રમો યોજવા.

જે કાવ્યનું પઠન કરવાનું હોય તે કાવ્યમાં જે છંદમાં હોય તે છંદનું પ્રથમ તો વારંવાર પરંપરાગત ગદ્યપઠન કરવું જોઈએ, પછી કાવ્યની પ્રત્યેક પંક્તિનું અને સમગ્ર કાવ્યમાં હૃદય, બુદ્ધિ અને આત્મ માટે જે 'અર્થો' હોય તેને અનુસરીને સમગ્ર કાવ્યનું અર્ધગેય પઠન કરવું અને ક્રમેક્રમે અંતે અત્રે પઠન કરવું. આમ, કાવ્યપઠનનો મહાવરો કરતાં રહેવાથી કાવ્ય પઠનમાં સજ્જતા કેળવી શકાય છે.

## 2.4 વ્યાકરણ શિક્ષણ

'વ્યાકરણ' શબ્દ ઉચ્ચારણ જ તે કોઈ ભાષાનું વ્યાકરણ છે એની સ્પષ્ટતા થવી જોઈએ. ભાષાની સ્પષ્ટતા, વિના વ્યાકરણને સમજી શકાય નહીં તેમ કેટલાંક વિદ્વાનો માને છે, તો કેટલાક 'ભાષાને સમજવા માટે તેના વ્યાકરણને સમજવું જોઈએ.' તેમ માને છે. જો કે ભાષા અને વ્યાકરણનો સંબંધ જોતાં બન્ને મત વિચારણીય બની રહે છે.

### 2.4.1 વ્યાકરણનો અર્થ

વ્યાકરણનો શાબ્દિક અર્થ કરીએ તો વિશ્લેષણ – સ્પષ્ટીકરણ તેમ થાય. વિ + આ + કરણ : 'વ્યાક્રિયન્તે શબ્દાઃ અનેન ઇતિ વ્યાકરણમ્ ! એટલે કે વ્યાકરણ ભાષાનું વિશ્લેષણ કરીને તેની રચના – સંરચનાનું સ્પષ્ટીકરણ કરે છે.

ભાષા એક વ્યવસ્થા છે. આ વ્યવસ્થાને પોતાનો નિયમો છે. આ નિયમોનો સંગ્રહ એટલે વ્યાકરણ. આ નિયમોના આધારે ભાષાનો પ્રયોગ વ્યક્તિ કરે છે અને અન્ય દ્વારા બોલાયેલી ભાષાને સમજે છે. આમ, વ્યાકરણ એ શાસ્ત્ર છે. જે કોઈ ભાષાને શુદ્ધરૂપે બોલાવાનું અને સમજવાનું શીખવે છે. ભાષાના લિખિત અને વાચક સ્વરૂપના નિયમોનો પણ વ્યાકરણમાં સમાવેશ થાય છે. આમ, વ્યાકરણ એ શાસ્ત્ર છે, જે કોઈ ભાષાને શુદ્ધ સ્વરૂપે બોલવાનું, સમજવાનું, લખવાનું અને વાંચવાનું શીખવે છે.

આમ, વ્યાકરણ એટલે ભાષાના વર્ણ-ધ્વનિ, રૂપપદ શબ્દ અને વાક્ય આધારિત રચના, સંરચના અંગેની નિયમલક્ષી વિચારણા.

### 2.4.2 વ્યાકરણ શિક્ષણ-મત મતાંતરો

શાળાઓમાં વ્યાકરણનું શિક્ષણ આપવું કે નહિ તે અંગે વિદ્વાનો વચ્ચે મતમતાંતરો પ્રવર્તે છે.

**(1) વ્યાકરણ શિક્ષણ ભાષા શિક્ષણનું આવશ્યક અને અનિવાર્ય અંગ છે :**

વ્યાકરણનું શિક્ષણ મેળવ્યા વિના વ્યક્તિ શુદ્ધ બોલી કે લખી શકે નહિ. કોઈ પણ વ્યક્તિનો ભાષા વિકાસ, વ્યાકરણ શિક્ષણ વિના અધૂરો છે તેવો મત ઘણા વિદ્વાનો ધરાવે છે.

– ભાષાને શુદ્ધ રાખવાનું – બનાવવાનું કામ વ્યાકરણ કરે છે. – સીતારામ ચતુર્વેદી

– વ્યાકરણ જ્ઞાનની અવગણના કરવાથી ભાષામાં ઉરછૃંખલતા આવી જાય છે. અને તે સંસ્કૃતિનો વિનાશ કરી દે છે. ભાષાપ્રયોગનું રહસ્ય સમજવા માટે વ્યાકરણનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. – કરુણાપતિ ત્રિપાઠી

આમ, ભાષામાં વ્યાકરણશિક્ષણ આપવું જોઈએ તે ક્યારે આપવું તે પ્રશ્ન પણ ઉપસ્થિત થાય. તેના માટે વિદ્વાનો જણાવે છે કે જ્યારે વિદ્યાર્થીએ ભાષા પર અધિકાર મેળવી લીધો હોય ત્યારે જ વ્યાકરણશિક્ષણ આપવું જોઈએ. પાંચમા ધોરણ પછી વ્યાકરણ શિક્ષણનો જે મુદ્દો તેની ભાષા પ્રગતિમાં સહાયક બનતો હોય તે શીખવવો જોઈએ. આમ, વિદ્યાર્થી ભાષાવ્યવહારનું પ્રાથમિક કૌશલ્ય પ્રાપ્ત કરે ત્યારે જ વ્યાકરણશિક્ષણ આપવું જોઈએ.

**(2) ભાષાજ્ઞાન માટે વ્યાકરણ અનાવશ્યક છે :**

વ્યાકરણ શીખ્યા વિના શુદ્ધ ભાષા બોલી કે લખી શકાય છે. વ્યાકરણ ભાષા માટે રચાયું છે, વ્યાકરણ માટે ભાષા રચાઈ નથી. ભાષા વપરાશ અને પ્રયોગથી શીખાય છે. ભાષાશુદ્ધિ માટે ભાષામાં શુદ્ધ બોલવા કે લખવાનો અભ્યાસ અનિવાર્ય નથી. અભિવ્યક્તિના અભ્યાસથી ભાષાપ્રભુત્વ પ્રાપ્ત કરી શકાય છે.

– બાળકો સૂચન અને અનુકરણ દ્વારા ભાષા શીખતાં હોય છે. જેથી વ્યાકરણ શીખવા કરતાં વિશાળ વાચન અને સૂક્ષ્મ શ્રવણ શીખવું વધુ મહત્ત્વનું છે. – રાયબર્ન

– વ્યાકરણ અને ઘણા નિયમો, નિયમોનો પ્રયોગ – જેનો ઉપયોગ હવે વખતો-વખત કરવામાં આવે છે. હકીકતમાં તે તેની શુદ્ધતાની વૃદ્ધિ કરનારાં ઉત્પાદન નથી પણ તેના વિનાશ માટે યોગ્ય સહકાર આપનારાં મુખ્ય સાધનો છે. – થોમસન.

– ભાષાપ્રવાહ એટલા માટે સંચલિત થાય છે, ભાષા પ્રસાર એટલા માટે મર્યાદિત થાય છે, ભાષાવિકાસ એટલા માટે સંકુચિત થાય છે, કારણ કે આપણે તેને વ્યાકરણ જટિલ બંધનમાં બાંધીને પ્રૌઢ સરસ્વતીનું ગળું ટૂંપાવીએ છીએ. – આર. એસ. શ્રીવાસ્તવ

આમ, કેટલાય વિદ્વાનો વ્યાકરણમાં સૈદ્ધાંતિક શિક્ષણને આવશ્યક માનતા નથી. અને આ મતને આધારે વ્યવહારુ – વ્યાકરણની શરૂઆત થઈ.

**વ્યવહારુ વ્યાકરણ :**

વ્યાકરણના અભ્યાસ વિના પણ શુદ્ધ ભાષા મહાવરો કે અભ્યાસથી શીખી શકાય છે. તેવી માન્યતાને આધારે વ્યાકરણના સૈદ્ધાંતિક શિક્ષણને બદલે સ્વભાષામાં શુદ્ધ અને સ્પષ્ટ વ્યવહારથી વ્યાકરણશિક્ષણ આપી શકાય છે. બાળકના ભાષાસર્જન (Language aquisition)ના તબક્કાની મનોભાષા વિજ્ઞાનીઓએ વિચારણા કરી છે, જે નીચે મુજબ છે.

1. **વાક્યરૂપ શબ્દ :**

એક શબ્દ દ્વારા વાક્યનો અર્થ પ્રગટ કરવાના પ્રયત્નો બાળક દ્વારા થાય છે.

2. **શબ્દ-ઉચ્ચારણ :**

આ તબક્કે ઉચ્ચારણ કરવા ટેવાય છે.

3. **વ્યાકરણ-વિકાસ :**

બાળકની ભાષામાં વ્યાકરણના ઉપયોગ શરૂ થાય છે. વાક્યની લંબાઈ વધે છે. તે વધારે જટિલ બને છે. ભૂતકાળ, બહુવચન અને કેટલાક કાર્યલક્ષી વ્યાકરણ પ્રયોગો શરૂ થાય છે. જેમ બાળક પરિપક્વ બનતું જાય છે તેમ તેની વાણીમાં શબ્દોની સંખ્યા અને પ્રકારો વધતા જાય છે.

4. **વયસ્ક વ્યાકરણની સમીપે :**

બાળક જટિલ વ્યાકરણ રચનાઓનો ઉપયોગ કરતો થાય છે. સંબંધવાચક, સંયુક્તપૂરક વાક્યોનો ઉપયોગ કરે છે, જો કે તેમાં ઘણી ક્ષતિઓ થતી જોવા મળે છે.

બાળકમાં જટિલ વાક્યોનો ઉપયોગ તેના ભાષાકીય સામર્થ્યના થતા ગુણાત્મક સુધારા વિકાસનું સૂચન કરે છે. **લિયોયાકડ**ના મતાનુસાર, જટિલ વાક્યો ઉપર પ્રભુત્વ મેળવ્યું એટલે ભાષાકીય વિકાસ છેલ્લે તબક્કામાં પહોંચ્યો કહેવાય. હવે, તેણે વાક્યરચના અને ધ્વનિ વ્યવસ્થાના સંદર્ભમાં વિવિધ પ્રકારનાં સ્વરૂપો અને અપવાદરૂપ ઉપયોગો જ શીખવાના રહે છે.

આમ, બાળકો અનાયાસ અનુકરણ દ્વારા શુદ્ધ પ્રયોગો પર ધીરે ધીરે અધિકાર પ્રાપ્ત કરતાં રહે છે. આ વિચારને આગળ વધારતા રહીને ભાષાશિક્ષણ સમયે તેને વિશેષ મહાવરાને આધારે ભાષા પ્રભુત્વ કેળવી શકાય. આ પ્રકારનું વ્યાકરણ શિક્ષણ 'વ્યાવહારિક વ્યાકરણ – વ્યવહારુ વ્યાકરણ તરીકે ઓળખાય છે.'

**(3) વ્યાકરણનું સૈદ્ધાંતિક શિક્ષણ અનિવાર્ય છે પણ તેનું વ્યાકરણ તરીકે અલગ શિક્ષણ આપવું યોગ્ય નથી :**

બાળકો ઉચ્ચ કક્ષાએ શિક્ષણ મેળવવા આવે છે ત્યારે તેઓએ વ્યાકરણના ઘણા પ્રયોગો આત્મસાત્ કરેલા હોય છે. તેથી ફક્ત નવા નિયમોને આત્મસાત્ કરાવવા પ્રયત્ન કરવો જોઈએ. આ માટે તેઓને વ્યાકરણનું અલગ શિક્ષણ ન આપતાં ગદ્ય-પદ્ય લેખનના શિક્ષણની સાથોસાથ સૈદ્ધાંતિક શિક્ષણ આપી દેવું જોઈએ અને સ્વાધ્યાયકાર્ય માટે વ્યાકરણના પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરવો જોઈએ.

ઉપરોક્ત ત્રણેય મતમાં બે મત વ્યાકરણ શિક્ષણની તરફેણ કરે છે. જ્યારે એક મત તેને આવશ્યક ગણાતો નથી પણ મહાવરાથી ભાષા શીખી શકાય છે તેમ કહે છે. આ અંગે વિશદ્તાથી વિચારતાં લેખિત સ્વરૂપમાં પોતાના વિચારોને રજૂ કરવાના થાય છે ત્યારે ભાષાશુદ્ધિની ભૂલો થાય છે જ. રોજિંદા વ્યવહારમાં ચલાવવામાં ભાષામાં વ્યાકરણની જરૂરિયાત ઓછી જણાય પણ ભાષાસૌંદર્ય પ્રગટાવવા વ્યાકરણ જરૂરી બને છે. વ્યાકરણનું કાર્ય વિશ્લેષણનું છે અને વિશ્લેષણની પ્રક્રિયા અપનાવી ભાષાના અંતર્ગત સૌંદર્યને ભોગ્ય બનાવી શકાય છે. આમ, વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષા પણ કરી શકાય તેમ નથી, પણ તેના શિક્ષણને રસમય બનાવવો જોઈએ, તે બાબત સ્વીકારવી જોઈએ.

### 2.4.3 વ્યાકરણ શિક્ષણના હેતુઓ

વ્યાકરણ શિક્ષણના સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

- વિદ્યાર્થીઓ વ્યાકરણનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થીઓ વ્યાકરણના પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થીઓ વ્યાકરણના સિદ્ધાંતો કે નિયમો અંગે સમજ મેળવે.
- વિદ્યાર્થીઓ વ્યાકરણ પ્રત્યે અભિરુચિ કેળવે.
- ઉપરોક્ત સામાન્ય હેતુઓને ધ્યાનમાં લઈ ધોરણવાર અને વિષયવસ્તુના મુદ્દા પર વિશિષ્ટ હેતુઓ અને વર્તન પરિવર્તનોની રચના અને વિચારણા કરી શકાય. આ માટે માતૃભાષા શિક્ષણના હેતુઓ પ્રકરણમાં વિશેષ માહિતી મેળવી શકશો.

### 2.4.4 વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતાનાં કારણો

વ્યાકરણશિક્ષણની સ્થિતિ ઉપેક્ષિત નારી સમાન જોવા મળે છે. વ્યાકરણ શીખનાર કે શીખવનાર બન્નેને રસ નથી. આમ કેમ ? વિચારતા ત્રણ પાસાં દૃશ્યમાન થાય છે. સમાજ, શિક્ષક-શિક્ષણ અને વિદ્યાર્થી.

**(અ) સમાજ :**

વ્યાકરણશિક્ષણ પ્રત્યે સમાજમાં નીરસતા જોવા મળે છે. સમાજમાં વ્યાકરણ શુદ્ધિને બહુ મહત્ત્વ અપાતું નથી, કારણ કે સમાજમાં વ્યવહાર મૌખિક વિશેષ છે અને મૌખિક વ્યવહારથી જે બાબતનું પ્રત્યાયન કરવું છે તે થઈ જાય તેટલી ભાષાથી ચાલી શકે છે. આ ઉપરાંત સમાજમાં ભાષા કરતાં બોલીને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. દરેક વ્યક્તિ પોતાની બોલીમાં પોતાના સમાજમાં વાતચીત કરે છે. તેથી તેના સમાજ પૂરતી તેની સમસ્યા હલ થઈ જાય છે અને ભારતની સામાજિક અને આર્થિક વ્યવસ્થા પણ પરંપરાને સાચવી રાખનારી હતી, તેથી વ્યક્તિને બોલીથી વ્યવહાર ચલાવવામાં તકલીફ પડતી નહિ, પણ વર્તમાન સ્થિતિ બદલાઈ છે. વ્યક્તિને ધંધાર્થે જુદા જુદા પ્રદેશોમાં ભ્રમણ કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે શુદ્ધ ભાષાની જરૂરિયાત રહેવાની. આ માટે વ્યાકરણ શિક્ષણ અગત્યનું બની રહે.

સમાજમાં વ્યાકરણ પ્રત્યેની બેદરકારી તેના વ્યવહારમાં જોવા મળે છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ તો,

- દુકાનોનાં પાટિયાં (બોર્ડ)માં જોડણીવિષયક ભૂલો.
- વર્તમાપત્રો – સામયિકોમાં વ્યાકરણવિષયક ભૂલો.
- મૌખિક વ્યવહારમાં ઉચ્ચારણસંબંધી ભૂલો.
- બોલે તેવું લખાણ – લેખનમાં ભૂલો કરાવે છે.

આ બધાંની અસર વિદ્યાર્થી ઉપર થાય છે અને તે જ્યારે શાળામાં આવે છે ત્યારે ભાષાની અશુદ્ધિઓથી ભરપૂર હોય છે. કોરી સ્લેટ ઉપર લખવાનું હોય તો વાંધો ન આવે. પણ

લખાણવાળી અને સ્લેટમાં અને તેમાંય માનવમનરૂપી સ્લેટમાં લખાયેલું ભૂંસવું અને નવું શુદ્ધ લખવું એકદમ કઠિન બની જાય છે.

**(બ) શિક્ષક-શિક્ષણ :**

વ્યાકરણશિક્ષણ પ્રત્યે શિક્ષક કેમ નીરસ ? તેના કારણો ઘણાં છે.

– જે શિક્ષકો શાળામાં આવે છે તેઓને કોઈએ વ્યાકરણનું શિક્ષણ આપ્યું છે ખરું ? ઉત્તર મેળવતાં 'ના' માં જ મળશે. પ્રશિક્ષણ કૉલેજમાં આવતા ભાવિ શિક્ષકો ગુજરાતી સાથે સ્નાતક-અનુસ્નાતકની પદવી ધરાવતા હોવા છતાં વ્યાકરણની સમજ તેઓ પાસે નથી. અભ્યાસો જણાવે છે કે તેઓને કોઈએ વ્યાકરણનું શિક્ષણ આપ્યું નથી. વ્યાવહારિક પદ્ધતિએ વ્યાકરણ શીખવી દેવાય છે. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ભાષા વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હોય છે. પણ તેમાં વ્યાકરણ કરતાં ભાષાજ્ઞાનને સંબંધી (Linguistic) વિશેષ મહત્ત્વ અપાય છે અને તે સૈદ્ધાંતિક જ્ઞાન પણ વ્યાખ્યાન પદ્ધતિથી જ સમજાવાય છે, જે વધુ નીરસતા પ્રસરાવે છે.

– શિક્ષક સ્વઅધ્યયન દ્વારા શીખવા તૈયાર નથી, શિક્ષક તરીકે સેવા કરવાને બદલે નોકરી કરવા જોડાય છે. સેવામાં નિઃસ્વાર્થતા હોય છે, જ્યારે નોકરીમાં સ્વાર્થ હોય છે. શિક્ષક સ્વઅધ્યયનથી પોતે શીખે અને પછી વિદ્યાર્થીઓ સુધી તે જ્ઞાન કેવી રીતે પહોંચાડવું તે જો વિચારતો રહે તો વ્યાકરણ શિક્ષણ નીરસ બને જ નહિ.

– શિક્ષક કે જે ભાષા શીખવે છે તેનો વિષય ભાષા છે ખરો ? આ પ્રશ્નને બે રીતે વિચારી શકાય : (1) ગુજરાતી સાહિત્ય સાથે સ્નાતક થનાર ગુજરાતી ભાષા સાથે સ્નાતક છે કે ગુજરાતી સાહિત્ય સાથે ? (2) ગુજરાતી ભાષા શીખવનાર શિક્ષક ગુજરાતી સાથે સ્નાતક છે ખરો ? ગુજરાતની ઘણી શાળાઓમાં અન્ય વિષયના શિક્ષકો ગુજરાતી શિક્ષણ સાથે સંકળાયેલા છે. ગુજરાતી જેની માતૃભાષા તે તમામ ગુજરાતી શીખવી શકે તેવી માન્યતા ઘર કરી ગયેલ છે. આથી, શાળામાં તે શિક્ષકો પાઠ્યપુસ્તકની કૃતિઓ જ સાહિત્યની ઢબે વાચ્યાર્થ સુધી પહોંચીને શીખવતા હોય ત્યાં વ્યાકરણ શિક્ષણની પરિસ્થિતિ સર્જાય ખરી ?

– વ્યાકરણ ભાષાશિક્ષણનો પાયો છે – અન્ય વિષયોનો આધાર છે. તે બાબત બધા શિક્ષકો જાણતા હોવા છતાં ભાષાશુદ્ધિ તરફ અનભિજ્ઞ રહે છે અને પોતાના વિષયમાં ભાષાને મહત્ત્વ આપતા નથી.

– ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી છે. આમ, ગુજરાતી ભાષાનું મૂળ સંસ્કૃત છે. તેના જ્ઞાન વિના ગુજરાતી વ્યાકરણ સુધી પહોંચાતું નથી. બધા ગુજરાતી વિષયના શિક્ષકોને સંસ્કૃતનું જ્ઞાન હોતું નથી.

**(ક) વિદ્યાર્થીઓ...**

વિદ્યાર્થીઓ વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતા કેમ દાખવે છે તે અંગે નીચે જેવા મુદ્દા ધ્યાનમાં આવે છે.

– વ્યાકરણ ન આવડે તો પણ ભાષામાં પાસ થઈ જવાય તેવી માન્યતા પ્રવર્તે છે.

– પ્રશ્નપત્રોમાં વ્યાકરણના પ્રશ્નો સૈદ્ધાંતિક હોતા નથી. તેથી વિદ્યાર્થીઓ – શિક્ષકોના કહ્યા પ્રમાણે – માર્ગદર્શિકાઓમાંથી અમુક પ્રશ્નો ગોખીને તૈયાર કરી દે છે તે જ પૂછયા હોય છે. જેથી ગુણ મળી જાય છે ત્યારે તે વધુ કડાકૂટમાં પડવા ઇચ્છતા નથી.

– **શિક્ષકરૂપી પરિબળ :** વર્ગશિક્ષણ દરમિયાન વ્યાકરણ શિક્ષણને વિશેષ મહત્ત્વ આપતા નથી.

– વ્યાકરણ શીખવવાની પદ્ધતિનો ઉપયોગ થતો નથી.

– વ્યાકરણવીષયક પ્રયુક્તિઓ કે પ્રવૃત્તિઓ અંગે શિક્ષક પક્ષે વિચારણા થતી જ નથી.

– શિક્ષકને વ્યાકરણ પ્રત્યે સૂગ હોય તો વિદ્યાર્થીઓને સૂગ આવે જ ને !

– પાઠ્યપુસ્તકોમાં ભાષાનાં મૂળ તત્ત્વોને સ્થાન અપાયેલ નથી, તેમજ અભ્યાસક્રમમાં પણ વ્યાકરણને ઓછું મહત્ત્વ અપાય છે.

### 2.4.5 વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ

વ્યાકરણશિક્ષણ વિશેના વિવિધ મતાંતરો અને વ્યાકરણશિક્ષણ પ્રત્યેની નીરસતાનાં કારણો જોયાં. આ બન્ને બાબતોમાં વિચારભેદ અને પરિસ્થિતિ ભાગ ભજવતી હોય તેમ લાગે છે, પરંતુ વ્યાકરણશિક્ષણનું મહત્ત્વ નથી તેમ કહેવું યોગ્ય નથી.

ભાષાશિક્ષણમાં ભાષા મુખ્ય છે અને વ્યાકરણ ગૌણ છે. ભાષા સાધ્ય છે અને વ્યાકરણ સાધન છે. આમ, વ્યાકરણ એ ભાષા સાથે સંકળાયેલું એક વિશિષ્ટ અંગ છે ત્યારે ભાષાશિક્ષણમાંથી વ્યાકરણને દૂર કરવાની દલીલ શરીરમાંથી એક અંગને જુદા પાડવા બરાબર છે. વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ નીચે જેવી બાબતોથી ખ્યાલ આવશે.

– શુદ્ધ ભાષા વ્યાકરણને કારણે – વ્યાકરણના જ્ઞાનથી બને છે.
– વાચન-કૌશલ્યનો વિકાસ વ્યાકરણને કારણે થઈ શકે છે. વ્યાકરણના જ્ઞાન સિવાય વાચન અર્થગ્રહણ થતું નથી, જ્યારે લેખનમાં ભાષાશુદ્ધિ અને ક્રમિકતા આવતાં નથી.
– વ્યાકરણ તર્કશક્તિ અને માનસિક શિસ્ત કેળવે છે.
– વ્યાકરણ ભાષાની વ્યંજના શક્તિને દીપાવે છે.
– સ્વભાષાનું વ્યાકરણ અન્ય ભાષા શીખવામાં ઉપયોગી બને છે.
– વ્યાકરણથી ભાષા શુદ્ધ, સચોટ, પ્રાસાદિક, સુરુચિકર અને અભિવ્યંજનાત્મક બને છે.

વ્યાકરણ તો ભાષા માટે પ્રાણવાયુની ગરજ સારે છે. તે ભાષાને જીવંત અને અણીશુદ્ધ રાખે છે. આમ, ભાષાનું પૂરકબળ વ્યાકરણ છે ત્યારે તેનું શિક્ષણ અનિવાર્ય છે.

### 2.4.6 વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ

વ્યાકરણ શિક્ષણ અંગે કેટલીક પદ્ધતિઓ પ્રચલિત થયેલી છે, જે નીચે મુજબ છે.

1. નિગમન પદ્ધતિ (Deductive Method)
2. આગમન પદ્ધતિ (Inductive Method)
3. પાઠ્યપુસ્તક પ્રણાલી (Textbook Method)
4. અનુબંધ પદ્ધતિ (Correlation Method)
5. ભાષાસંસર્ગ પદ્ધતિ (Direct Language Method)

**(1) નિગમન પદ્ધતિ (2) આગમન પદ્ધતિ.**

આ બંને પદ્ધતિનો પરિચય પદ્ધતિના પ્રકરણમાં આપેલ છે. ત્યાંથી વાંચી લેવું.

**(3) પાઠ્યપુસ્તક પ્રણાલી :**

વ્યાકરણનાં પાઠ્યપુસ્તક કક્ષાવાર – અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ છે. તે પાઠ્યપુસ્તકને આધારે વ્યાકરણ પાઠને એકમ તરીકે સ્વીકારી તેનું શિક્ષણકાર્ય કરવામાં આવે છે. તેમાં સીધી સમજ આપવામાં આવે છે. આ રીતે થતા શિક્ષણકાર્યને પાઠ્યપુસ્તક પ્રણાલી કહેવામાં આવે છે.

આ પદ્ધતિથી વ્યાકરણ શિક્ષણ નીરસ અને અરુચિકર બને છે. વ્યાકરણના પુસ્તકની, તેના વિષયવસ્તુની ગુણવત્તા, રજૂઆતની મર્યાદાઓ આ પદ્ધતિના ઉપયોગમાં મર્યાદાઓ વધારે છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓના જ્ઞાનને વધુ તલસ્પર્શી બનાવવા પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવે, અને તેમાં મનોવૈજ્ઞાનિક દષ્ટિબિંદુ અપનાવાય, વિપુલ ઉદાહરણો આપી ચર્ચા કરેલ હોય અને સ્વાધ્યાયની જોગવાઈ હોય તો આ પદ્ધતિ ઉપયોગી થઈ પડે.

**(4) અનુબંધ પદ્ધતિ :**

આ પદ્ધતિ બુનિયાદી શિક્ષણ પ્રણાલીમાંથી આવેલી છે. વિદ્યાર્થીને પ્રવૃત્તિ પાઠ અપાયા પછી પ્રવૃત્તિ પાઠમાંથી ફલિત થતાં જુદાં જુદાં વિષયાંગોને સમન્વય દ્વારા શીખવવામાં આ પદ્ધતિ પ્રયોજાય છે. આ રીતે વ્યાકરણ શિક્ષણમાં પ્રવૃત્તિપાઠ આપી શકાય ખરો ? તે પ્રશ્ન છે. પરંતુ અનુબંધ સાધવો એમ અર્થ કરીએ તો ગદ્ય-પદ્ય કે લેખનના શિક્ષણકાર્ય દરમિયાન વ્યાકરણ શિક્ષણને વણી લેવું તેમ સમજી શકાય. આથી, વ્યાકરણ શિક્ષણ માટે અલગ તાસની જરૂર રહે નહિ, અને પાઠ્યપુસ્તકની પણ આવશ્યકતા રહે નહિ.

આ પદ્ધતિથી અભ્યાસક્રમના બધા મુદ્દાઓ શીખવી શકાતા નથી. સિદ્ધાંતો અને નિયમોને ક્રમિક શીખવવામાં આવે તો તેની સમજ વિશેષ રહે છે, જે આ પદ્ધતિના ઉપયોગથી થઈ શકતું નથી. કૃતિના શિક્ષણકાર્ય દરમિયાન વ્યાકરણનો મુદ્દો શીખવવાથી રસ ક્ષતિ થાય છે. આ પદ્ધતિ પુનરાવર્તન માટે ઉપયોગી છે. શીખી ગયેલા વ્યાકરણના મુદ્દાને તાજાં કરવા – દૃઢીકરણ કરવા ફળદાયી નીવડે.

**(5) ભાષાસંસર્ગ પદ્ધતિ :**

ભાષાના વપરાશ દ્વારા જ બાળક વ્યાકરણ શીખી શકે તે સિદ્ધાંત પર આ પદ્ધતિ આધારિત છે. આ પદ્ધતિમાં બાળક વ્યાકરણના ઔપચારિક શિક્ષણ વિના ભાષાસર્જન અને ભાષાશિક્ષણના પ્રયત્નોથી – શ્રવણ, કથન, વાચન અને લેખનના અનુભવોથી વ્યાકરણનું જ્ઞાન મેળવે છે. સમાજના સંસર્ગથી બાળક શુદ્ધ ભાષા આપમેળે શીખે છે. તેને વ્યાકરણના નિયમોની જરૂર નથી. આ પદ્ધતિ પ્રાથમિક ધોરણોના અભ્યાસકાળ દરમિયાન ઉપયોગી બની રહે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ વ્યાકરણના ઔપચારિક શિક્ષણની જરૂરિયાત રહે જ છે. કારણ કે વ્યાકરણ શિક્ષણ વિના ભાષાનું નિયમન થશે નહિ. ભાષામાં સ્વચ્છંદતા અરાજકતા ફેલાશે. આ ઉપરાંત વ્યાકરણના નિયમો ઔપચારિક શિક્ષણથી જ શીખવી શકાય.

વ્યાકરણ શિક્ષણની ઉપરોક્ત પદ્ધતિઓમાં ઔપચારિક શિક્ષણ માટે આગમન-નિગમન પદ્ધતિ વધુ અનુકૂળ પદ્ધતિ છે. બન્નેના વિવેકસરના ઉપયોગ દ્વારા વ્યાકરણ શીખવવામાં આવે તો તે અસરકારક બને. આ ઉપરાંત વ્યાકરણ શિક્ષણ પ્રવૃત્તિલક્ષી – ક્રિયાલક્ષી બને તે પણ જરૂરી છે.

### 2.4.7 વ્યાકરણ શિક્ષણને રસિક બનાવવા શું કરી શકાય ?

વ્યાકરણશિક્ષણને નીરસ બનતું અટકાવવા અને વિદ્યાર્થીઓને રસ લેતા કરવા નીચે જેવા મુદ્દાઓ ખ્યાલમાં રાખવા જોઈએ.

- પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને વ્યાકરણ ન શીખવતાં તેઓને ભાષાનો વ્યાવહારિક ઉપયોગ કરતાં શીખવવા.
- ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને ભાષાની શુદ્ધિ, સમૃદ્ધિને સમજવાની તકો આપો. અનૌપચારિક રીતે વ્યાકરણ શીખવવાની શરૂઆત કરો.
- માધ્યમિક કક્ષાએ ઔપચારિક વ્યાકરણની શરૂઆત કરવી જોઈએ.
- વ્યાકરણશિક્ષણમાં રસ હોય તેવા જ શિક્ષકોને વ્યાકરણશિક્ષણ માટે કાર્ય સોંપવું જોઈએ.
- વ્યાકરણના નિયમોને અક્ષરશઃ ગોખાવવાને બદલે તેઓ પોતાની જાતે સિદ્ધાંતો રચે તેવી પરિસ્થિતિ પ્રયુક્તિ – પદ્ધતિ વિચારો.
- વ્યાકરણશિક્ષણ માટે વિદ્યાર્થીઓના વલણોમાં ફેરફાર લાવો. વ્યાકરણ વધુ ગુણ મેળવવા માટે છે, વ્યાકરણ વિના ભાષા ન આવડે તેવી બાબતો દૂર કરી ભાષા એ સાધ્ય છે અને વ્યાકરણ એ સાધન છે, માટે 'સાધ્ય' ને પહોંચવા માટે સાધનશુદ્ધિની અનિવાર્યતા સ્વીકારવાનું વલણ કેળવો.

- વ્યાકરણશિક્ષણ દરમિયાન દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરો.
- વ્યાકરણશિક્ષણ દરમિયાન ક્રિયા દ્વારા શિક્ષણ, શબ્દ રમતો દ્વારા શિક્ષણ, વાક્યપૂર્તિ, શબ્દ કુટુંબ શોધ, ભૂલ સુધાર, જોડકાં બનાવો, સામ્ય-વૈષમ્ય તારવો જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરતા રહેવું જોઈએ.
- જે તે ભાષાનું વ્યાકરણ શીખવતા હોય તે ભાષામાં પોતાના પ્રત્યાયન વ્યવહારો અપનાવે છે તે ભાષાની સંરચના – પ્રયોગો – રૂપો – વાક્યો અને અભિવ્યક્તિના વ્યાકરણીય આધારોનું સ્પષ્ટીકરણ, વ્યાખ્યા સમજી શકે – સમજાવી શકે તો તેને સાહજિકતાથી પ્રયોજી શકે એ માટે વ્યવહારોપયોગી વ્યાકરણ શીખવવા પ્રયાસ કરવો જોલએ.

## 2.5 લેખિત અભિવ્યક્તિનું શિક્ષણ

### 2.5.1 પ્રસ્તાવના

માતૃભાષામાં બાળકોની વિવિધ ક્ષમતાઓ ખીલવવાની છે. જેમાં પ્રાથમિક કક્ષાએ શ્રવણ અને કથન ક્ષમતા પર વધુ ભાર મૂકવાનો હોય છે, જ્યારે માધ્યમિક કક્ષાએ વાચન અને લેખન ક્ષમતા પર વધુ ભાર મૂકવાનો છે, તેનો અર્થ એવો નથી કે શ્રવણ અને કથન કૌશલ્યોનો વિકાસ નથી કરવાનો. શ્રવણ અને કથન કૌશલ્યના વિકાસની સાથે સાથે વાંચન અને લેખન કૌશલ્ય પણ વિકસાવવાના જ છે. આ માટે શિક્ષક દ્વારા વિવિધ પ્રકારના સંનિષ્ઠ પ્રયાસો કરવા પડશે. બાળકોમાં તેમનાં વિચારોની યોગ્ય રીતે અભિવ્યક્તિ કરવાની ક્ષમતા પણ વિકસાવવાની છે. બાળકોની વય-કક્ષા વધતાં તેઓને જુદાં જુદાં પ્રસંગોએ પોતાના વિચારો લખીને અભિવ્યક્તિ કરવાની ફરજ બજાવવી પડશે ત્યારે તેઓની લેખિત અભિવ્યક્તિ વિકસાવવા પણ વધુ ધ્યાન આપવું જરૂરી બને છે. આ માટે જ પાઠ્યપુસ્તકમાં આવતાં લખાણ સિવાય જુદાં જુદાં પ્રકારનું લેખનકાર્ય વિદ્યાર્થીઓને યોગ્ય રીતે કરતાં આવડે તે જરૂરી છે. આ માટેના ઔપચારિક પ્રયત્નો પણ શિક્ષકે કરવાના છે જે અંગની વિસ્તૃત ચર્ચા અહીં કરીશું.

### 2.5.2 લેખિત અભિવ્યક્તિનું મહત્ત્વ

- વિદ્યાર્થીઓને પોતાના વિચાર વિવિધ સ્થળે અને પ્રસંગે વ્યક્ત કરવા પડશે જેમાં તેઓ યોગ્ય રીતે લખીને પોતાના વિચારો વ્યક્ત કરે.
- દરેક વ્યક્તિને પોતાની આગવી સંવેદના, લાગણી, ઊર્મિઓ હોય છે. આ સંવેદના લાગણી કે ઊર્મિઓ લેખિતસ્વરૂપે રજૂ કરવા માટે.
- સામાજિક જીવનમાં દરેક વ્યક્તિને અવારનવાર લેખન કરવાનું બને છે. જેમ કે, પત્રો, અરજી, હિસાબ, નોંધ વગેરે યોગ્ય સ્વરૂપે અને યોગ્ય રીતે લખવા માટે.
- પોતાના વિચારોને યોગ્ય સ્વરૂપે – ક્રમિક રીતે રજૂ કરવાની આવડત ખિલવવા માટે.
- યોગ્ય ઝડપે અને સચોટ રજૂઆતમાં ફાવટ આવે તે માટે.
- લેખિત અભિવ્યક્તિ દ્વારા પોતાના વિચારોને સમાજ સામે રજૂ કરવા.
- પોતાના વ્યક્તિત્વની આગવી છાપ ઉપસાવવા માટે.
- નવું સર્જન કર્યાનો આનંદ મેળવવા માટે.
- ભાષા સાહિત્યમાં પોતાનો મોભો – સ્થાન ઊભું કરવા.
- આત્મવિકાસથી જીવન સાધવા માટે.

### 2.5.3 લેખિત અભિવ્યક્તિના હેતુઓ

વિદ્યાર્થીઓ...

- પોતાના વિચારોને શિષ્ટ ભાષામાં લખે.

– પોતાના વિચારોને સ્પષ્ટ રીતે રજૂ કરે.
– વિચારો ક્રમિક રીતે લખે.
– લેખનમાં પોતાની આગવી મૌલિકશૈલી વિકસાવે.

**2.5.4 લેખિત અભિવ્યક્તિનું શિક્ષણ**

– યોગ્ય લંબાણપૂર્વક લખે.
– શબ્દોની પસંદગી અને રજૂઆતમાં વિવિધતા લાવે.
– પોતાના અનુભવોને યોગ્ય રીતે – સરળતાથી લખે.
– પોતાના વિચારો વાચક સરળતાથી સમજી શકે તેવી રીતે લખે.
– ઝડપથી અને ક્ષોભરહિત લખે.
– લેખનના વિવિધ સ્વરૂપોમાં લખે.
– યોગ્ય ઝડપે લખે.
– વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ લખાણ લખે.
– વિરામચિહ્ન, જોડણી, અનુસ્વાર, ફકરા, હાંસિયા જેવી બાબતોને ધ્યાનમાં રાખી ભૂલરહિત લખે.
– રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દસમૂહો વગેરેનો ઉપયોગ કહીને લખે.
– આલંકારિક ભાષામાં લખે.
– શબ્દાડંબરનો ત્યાગ કરીને લખે.
– શબ્દની લક્ષણા, વ્યંજના અને અભિધાશક્તિનો ઉપયોગ કરીને લખે.
– સારા-સુંદર અક્ષરે લખે.
– વિચારોને નીરડતાથી, ક્ષોભરહિત લખે.
– ક્રમિક શબ્દો કે લીટી વચ્ચે યોગ્ય અંતર રાખી લખે.
– વિચાર, ભાવ, ઊર્મિ, પ્રસંગ, ઘટના, સમય વગેરેને ધ્યાનમાં રાખી શબ્દની પસંદગી કરે.
– પોતાના વિચારોને લખીને આનંદ મેળવે.
– ભાષા સાહિત્યમાં પોતાનું પ્રદાન આપે.
– વિચારોને ક્રમિક, તર્કબદ્ધ અને સુંદર ગૂંથણી કરીને લખે.
– ચોક્કસ સ્વરૂપના લખાણમાં કલ્પનાશક્તિનો ઉપયોગ કરે.
– જરૂરી લખાણને વિસ્તૃત કે ટૂંકમાં લખે.
– ધોરણ-8 થી 10ના નવા અભ્યાસક્રમમાં લેખન અંગેની અપેક્ષાઓ પૂર્ણ કરે.

**2.5.5 લેખિત અભિવ્યક્તિના આધારસ્તંભો**

– હસ્તાક્ષર– જોડણી, અનુસ્વાર, વિરામચિહ્નો
– હાંસિયો– લાગણી, ભાવ, ઊર્મિની અભિવ્યક્તિ
– પરિચ્છેદ– ભાષા
– શૈલી– વિચારોની ક્રમિકતા

લેખિત અભિવ્યક્તિ પર થયેલા એક અભ્યાસના આધારે નીચેનાં જેવાં આધારસ્તંભ કે અંગો ગણાવી શકાય.

**1. લેખનની કરામતો :**

- સુવાચ્યતા
- સપ્રમાણતા
- અક્ષર છાપનો અભાવ
- સાતત્ય
- વિરામચિહ્નો
- જોડણી
- શબ્દ સંરચના
- વાક્ય સંરચના

2. ભાષાવસ્તુ :

- વિષયાનુરૂપ શબ્દો
- શબ્દ સમૃદ્ધિ
- શબ્દવૈવિધ્ય
- સાર્થક ઉપયોગ
- રૂઢિપ્રયોગ
- કહેવતો

3. લેખન ઢબ :

- ભાષાની પકડ
- ભાષા લાલિત્ય
- સંદર્ભ સામગ્રી

4. શૈલી :

- અનુભૂતિ
- આત્મલક્ષિતા
- પ્રાસાદિકતા
- ઊર્મિશીલતા
- મૌલિકતા

**5. મૂલ્યાંકન :**

**સમગ્ર છાપ :**

- હાંસિયો
- ફકરો
- સુઘડતા
- લખાણ

**અભિવ્યક્તિ :**

- જ્ઞાન માહિતી
- સંક્ષેપીકરણ
- વિસ્તૃતીકરણ
- સ્વાભાવિકતા
- સહજતા
- વેધકતા
- સર્જનવૃત્તિ
- તુલનાત્મક વિવેચનાત્મક દૃષ્ટિ
- લાગણી અને ભાવની અભિવ્યક્તિ
- વિચારોની સમૃદ્ધિ
- વાચનનો ઉપયોગ

**2.5.6 લેખન રચનાના પ્રકાર**

લેખન રચનાના પ્રકાર એટલે લેખિત અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપો. જેમાંથી અભ્યાસક્રમ અનુસાર એટલે કે બાળકોની વયકક્ષાને ધ્યાનમાં રાખી ચોક્કસ શ્રેણીમાં ચોક્કસ પ્રકારના સ્વરૂપનું લખાણ લખતાં વિદ્યાર્થીને આવડે તે અપેક્ષિત છે. લેખિત અભિવ્યક્તિના કેટલાંક સ્વરૂપ નીચે પ્રમાણે છે.

**પરિચ્છેદ સંરચના :**

વિષયની છણાવટમાં વિચારબિંદુઓ ખૂબ જ સહજતાથી અને વ્યવસ્થિત રીતે ક્રમિકતાથી ગોઠવાયેલાં હોય છે. નવો વિચાર કે ભાવ શરૂ થતાં નવો પરિચ્છેદ રચાય એ લેખનનો એક સર્વસ્વીકૃત નિયમ આપણે સ્વીકારેલ છે. થોડાં જ વાક્યો પારસ્પરિક અનુબંધથી જોડાય અને તે દ્વારા જે તે

વિષયને પૂરતો ન્યાય મળે તે પરિચ્છેદ રચનાનું હાર્દ છે. પરિચ્છેદમાં વપરાયેલાં શબ્દોની યોગ્યતા, વાક્યો વચ્ચે અનુબંધ, ભાષાવસ્તુ, વિષયનું જ્ઞાન અને સરળ પ્રવાહી શૈલી જરૂરી છે. જેમાં બાળકમાં પડેલી ભાષાવસ્તુને સક્રિય બનાવી સર્જનાત્મક લખાણ લખતાં શીખે તે અપેક્ષિત છે. આવા પરિચ્છેદના પણ પ્રકાર પાડી શકાય. જેમાં શરત એટલી જ છે કે પાંચ-સાત વાક્યોમાં જ વર્ણન કરવાનું રહે છે.

**વિષયો :**

| | |
|---|---|
| – એક બુદ્ધિશાળી માણસ | – મૂર્ખ માણસ |
| – હોશિયાર વિદ્યાર્થી | – તંદુરસ્ત વિદ્યાર્થી |

ઉદા. તંદુરસ્ત વિદ્યાર્થી :

| | |
|---|---|
| – ઘાટીલા અંગો | – મુખ પર ખુમારીનું ઓજસ |
| – કસરતનો શોખીન | – તન તેવું મન |
| – તેના કારણે વર્ગ શોભે | – રમત સ્પર્ધામાં વિજેતા |

**કલ્પનાત્મક પરિચ્છેદ :**

| | |
|---|---|
| – અમારા એ દાદી | – અમારા શિક્ષક |
| – મારી શાળા | – મારો વર્ગ |

**ચર્ચનાત્મક પરિચ્છેદ :**

| | |
|---|---|
| – લોભ એ પાપનું મૂળ છે | – સત્ય એ જ પરમેશ્વર |
| – પ્રયત્ન સફળતાની ચાવી છે | – ચિંતા નહીં ચિંતન કરો. |

**(1) વાર્તાલેખન :**

વાર્તા માટે મુદ્દા કે રૂપરેખા આપી શકાય. દરેક મુદ્દાને ક્રમશઃ પોતાની કલ્પના વડે વિસ્તારવાના છે. જેમાં સમય-સ્થળ-ઘટના વગેરેન ધ્યાનમાં રાખી પ્રસંગોચિત્ત શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત, અલંકાર વગેરે પ્રયોજી વાર્તાને રસિક બનાવવી જોઈએ. વાર્તાને યોગ્ય શીર્ષક પણ આપવું જોઈએ.

**(2) અહેવાલલેખન :**

અહેવાલલેખન એ એક રીતે સંક્ષિપ્તીકરણ છે. સંક્ષિપ્તીકરણમાં પાઠ કે લેખન કે ફકરાનો સાર હોય છે. તેવી જ રીતે અહેવાલલેખન એ પ્રસંગ, દશ્ય કે સાંભળેલી ઘટનાનું સંક્ષિપ્ત વિવરણ હોય છે. જેમ કે શાળામાં કોઈ ચોક્કસ દિવસની ઉજવણી, ખેલકૂલ સ્પર્ધા, સ્વાતંત્ર્ય દિન, પ્રદર્શન, મેળાઓ, વિલાય સમારંભો, મુલાકાત વગેરે કાર્યક્રમનો અહેવાલ લેખિત અભિવ્યક્તિ દ્વારા બાળકને રજૂ કરતાં આવડે તે અપેક્ષિત છે.

**(3) પત્ર લેખન :**

એક વ્યક્તિ અન્ય વ્યક્તિને પોતાના વિચારો પત્ર દ્વારા જણાવી શકે છે. પત્રો વિવિધ પ્રકારના હોય છે. જેમ કે આમંત્રણપત્ર, દિલાસાપત્ર, માનપત્ર, ભલામણપત્ર, આશીર્વાદ પત્ર, પ્રમાણપત્ર, જાહેરખબર, અભિનંદનપત્ર વગેરે. વળી પત્રો જુદી જુદી વ્યક્તિને પણ લખવાના હોય છે. જેમ કે સગાં, મિત્રો, વડીલો, સરકારી અધિકારીઓ, સંસ્થાના વડાને, સમાજસેવકોને વગેરે. આ દરેક પત્રમાં થોડી વિવિધતા રહે છે. જેમ કે, સંબોધ, પત્ર લખવાનો હેતુ, લખનારનું નામ વગેરે. આ અંગે પત્રના વિવિધ ભાગો અને તેમાં લખવાના વિષયવસ્તુથી વિદ્યાર્થીઓને પરિચિત કરીને મહાવરો કરાવવો જરૂરી છે જેથી ભવિષ્યમાં તેઓને પત્ર લખવામાં મુશ્કેલી પડે નહીં.

**(4) સંક્ષિપ્તીકરણ :**

મુખ્ય વિષય પર ધ્યાન કેન્દ્રિત કરતા વિચારોના સાર કે સંક્ષિપ્ત આવૃત્તિને સારલેખન કે સંક્ષિપ્તીકરણ કહે છે. આ રચના એ મહત્ત્વપૂર્ણ કળા છે. મોટા ગ્રંથો વાંચવા સરળ છે, પણ તેના સારને પકડી સંક્ષેપમાં રજૂ કરવા કઠિન છે. સંક્ષિપ્તીકરણ કરતાં મુખ્ય વિચાર સાથે વણાયેલ ઉદાહરણો, આલંકારિક શબ્દો, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેને દૂર કરી કેન્દ્રવર્તી વિચારને જ પકડીને લેખિત સ્વરૂપે રજૂ કરવાનો હોય છે.

**(5) વિસ્તૃતીકરણ – અર્થવિસ્તાર – વિચારવિસ્તાર :**

એક કે બે પંક્તિમાં કોઈ વિચાર ગૂઢ રીતે છૂપાયેલો હોય છે. વિદ્યાર્થી પંક્તિને સમજે અને તેમાંના વિચારને પકડીને ઉદાહરણ, દલીલો, કહેવત, રૂઢિપ્રયોગ વગેરેની મદદ વડે વિસ્તારથી સરળતાભરી રીતે રજૂ કરે તેને અર્થ વિસ્તાર – વિચાર વિસ્તાર કરી શકાય. જેમાં વિદ્યાર્થી આપેલ પંક્તિનો શાબ્દિક અર્થ કરે, વિચારની સમજૂતી – સાબિતી આપે તથા બોધ મેળવે તે અભિપ્રેત છે.

**(6) ગદ્ય-પદ્ય સમીક્ષા :**

વિદ્યાર્થીઓ આપેલ ગદ્ય કે પદ્યને સમજે તથા આપેલ પ્રશ્નોના જવાબ સરળ ભાષામાં ગદ્ય કે પદ્યને આધારે આપે તે અપેક્ષા છે. ઉપરાંત આપેલ ગદ્ય કે પદ્યનું યોગ્ય શીર્ષક પણ આપતાં શીખે.

**(7) રસદર્શન :**

આપેલ કાવ્યને બરાબર સમજીને તેનું આંશિક વિવેચન કરીને રસનિષ્પત્તિ કરવાની છે. આ માટે વિદ્યાર્થી કાવ્યની વિશેષતા – મર્યાદા જણાવે, કેન્દ્રવર્તી વિચાર, કવિની શૈલી, શબ્દચિત્રો, વર્ણનો, ભાષાભિવ્યક્તિ, કવિની વિચારધારા, સંવેદના વગેરેનું વર્ણન કરતાં શીખે તે જરૂરી છે.

**(8) આત્મકથા :**

પોતાના વ્યક્તિત્વને જ કેન્દ્રમાં રાખી, પહેલા પુરુષ એકવચનમાં લખીને, આપેલ પાત્રને પોતાની અંદર સામેલ કરીને, કલ્પનાઓના ઘોડા પર સવાર થઈને વિચારો વ્યક્ત કરવાના છે.

**(9) નિબંધ :**

વિદ્યાર્થીની વય – કક્ષા – અનુભવ – શબ્દભંડોળને આધારે આપેલ નિયમ પર 100 થી 300 શબ્દોમાં લખે તે જરૂરી છે. આવા સ્વરૂપને આપણે નિબંધનું સ્વરૂપ આપી શકીએ. નિબંધ જુદા જુદા પ્રકારના હોઈ શકે. જેમ કે,

**(10) વર્ણનાત્મક નિબંધ :**

વર્ષાઋતુ, શરદપૂર્ણિમા, લોકમેળો, વૈશાખી બપોર વગેરે.

**(11) કથનાત્મક નિબંધ :**

સિમલા કરાર, મહાત્મા ગાંધીજી, મારી મા, મારો યાદગાર પ્રવાસ વગેરે.

**(12) તુલનાત્મક નિબંધ :**

શહેર કે ગામડું, સૈનિક કે શિક્ષક, શિક્ષક કે નેતા, ભાષા કે વિજ્ઞાન વગેરે.

**(13) અનુભૂતિમૂલક નિબંધ :**

પંદરમી ઑગસ્ટની ઉવણી, વાર્ષિકોત્સવની ઉજવણી, શાળાનો રમતોત્સવ વગેરે. (આ નિબંધો પત્ર સ્વરૂપે પણ લખાય).

### 2.5.7 લેખિત અભિવ્યક્તિની નવી ક્ષિતિજો

નીચેના જેવી લેખિત અભિવ્યક્તિનો વિકાસ બાળકોને કરાવશો તે સાંપ્રત પરિસ્થિતિમાં જરૂરી છે.

- સ્વાગત પ્રવચન
- અતિથિના પ્રવચનની નોંધ
- આભાર દર્શન
- પ્રાસંગિક પ્રવચન
- ઈતરવાચનની નોંધ
- પુસ્તકનું અવલોકન
- કોઈ ચોક્કસ બાબતે
- પાત્રની એકોક્તિ
- માર્ગદર્શક તરીકેનું કથન
- નવલિકાનું નાટ્ય રૂપાંતર
- બુલેટિન બોર્ડ

### 2.5.8 લેખિત અભિવ્યક્તિની વર્તમાન સ્થિતિ

લેખિત અભિવ્યક્તિ માટેની વર્તમાન સ્થિતિ સહેજ પણ સંતોષજનક નથી. વર્ગમાં લેખિત અભિવ્યક્તિનું શિક્ષણ કર્મકાંડ અને પરીક્ષાલક્ષી બની ગયું છે. જેમાંથી સત્વરે બહાર આવીને લેખિત અભિવ્યક્તિના હેતુઓને કેન્દ્રમાં રાખીને કામ થવું જોઈએ. આજની અસંતોષજનક પરિસ્થિતિ નીચેના કારણોસર જોવા મળે છે.

- લેખિત અભિવ્યક્તિ માટે પૂર્વ આયોજન કરવામાં આવતું નથી.
- ઘણીવાર શિક્ષક બોલે અને વિદ્યાર્થી લખે છે.
- ઘણી વાર શિક્ષક પોતે લેખિત અભિવ્યક્તિના મુદ્દા કા.પા. પર લખીને વિશેષ કથન કરીને વિદ્યાર્થીને લખવા જણાવે છે.
- વિદ્યાર્થીને ઘરેથી નિબંધ કે અન્ય લખાણ લખવાનું જણાવવામાં આવે તો વિદ્યાર્થીઓ નિબંધમાળામાંથી કે ઘરના અન્ય વડીલની મદદ વડે લખે છે.
- લેખિત અભિવ્યક્તિ કરાવતાં પૂર્વે વિદ્યાર્થીઓને માનસિક રીતે તૈયાર કરવામાં આવતા નથી.
- વિષયવસ્તુનો મુદ્દો વિદ્યાર્થીઓના અનુભવ જગતની બહારો પણ હોય છે.
- ગુણવત્તા કરતાં જથ્થાને મહત્ત્વ આપીને અભ્યાસક્રમ પૂરો કરવાના ધ્યેયને નજર સમક્ષ રાખે છે.
- લેખિત અભિવ્યક્તિ માટે શ્રવણ, વાચન જરૂરી છે. જેનો વિદ્યાર્થીઓમાં અભાવ જોવા મળે છે.
- લેખનનું તપાસણીનું કાર્ય કરવા ખાતર થતું હોય તેમ લાગે છે.
- તપાસણી કાર્ય યોગ્ય રીતે થતું નથી અને થાય તો ત્યારબાદ અનુકાર્ય પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.
- ઘણીવાર અનુકાર્ય જ ભૂલો સાથે થતું હોય છે.
- લેખિત અભિવ્યક્તિ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવતું નથી.
- લેખનરચનાઓ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થતો થી. જુદા જુદા સ્વરૂપો જુદી જુદી પદ્ધતિથી શીખવવામાં આવતાં નથી.
- વિદ્યાર્થીને સારા લેખનકાર્યના નમૂના પૂરા પાડવામાં આવતાં નથી.

### 2.5.9 લેખિત અભિવ્યક્તિ માટે ધ્યાનમાં રાખવાની બાબતો

- લેખિત અભિવ્યક્તિ કરાવતાં પૂર્વે વિદ્યાર્થીને માનસિક રીતે તૈયાર કરવો. સુંદર વાતાવરણનું સર્જન કરો.

- લેખિત અભિવ્યક્તિનો વિષય વિદ્યાર્થીઓના અનુભવ જગતમાંથી પસંદ કરો.
- જે વિષય પર લેખન કરવાનું હોય તે વિષયને વિદ્યાર્થીના મગજમાં સ્પષ્ટ કરો.
- વિષયની પસંદગી પ્રાકૃતિક વાતાવરણ, વિદ્યાર્થીના વય, રસ, રુચિને ધ્યાનમાં રાખીને કરો. દા.ત. શિયાળમાં 'ઉનાળાની બપોર' નિબંધ લખાવવો કે ઉનાળાના દિવસોમાં 'વર્ષાઋતુ' નિબંધ લખાવવો સહેજ પણ યોગ્ય નથી.
- લેખનકાર્યના હેતુથી શિક્ષકે પૂરેપૂરા પરિચિત થઈને જ કામ હાથ પર લેવું જોઈએ.
- પાઠ્યપુસ્તકને આધાર બનાવીને વિષયોની પસંદગી કરવી. વિદ્યાર્થીઓમાં પૂરેપૂરો રસ જાગૃત થાય પછી જ અન્ય વિષયો લઈ શકાય.
- લેખન માટે સંખ્યા કરતાં ગુણવત્તાને પ્રાધાન્ય આપવું જોઈએ.
- વિદ્યાર્થીઓના સુંદર અને અત્યંત ખરાબ નમૂનાઓ વર્ગમાં નોટિસ બોર્ડ પર મૂકવા જોઈએ.
- લેખન માટે વિદ્યાર્થીઓના શ્રવણ અને વાચન કૌશલ્યને આધાર બનાવવો પડશે. આથી વિદ્યાર્થીઓ આ બે કૌશલ્ય દ્વારા વિવિધ અનુભવો અને માહિતી પ્રાપ્ત કરે તેવી તકો પૂરી પાડો.
- વિદ્યાર્થીઓને સારા લખાણ, પંક્તિઓ એકત્ર કરવાની ટેવ પાડો.
- કોઈ સુંદર વિચાર સાંભળે કે સુંદર દૃશ્ય જુએ તો તેના વિશે થોડો સમય વિચારે તેવી ટેવ પાડો.
- લખાણના ઘટકો કે આવશ્યક બાબતોથી પરિચિત કરો અને તેનું મહત્ત્વ સમજાવી, તેના ઉપયોગથી લેખન કેટલું સુંદર બને છે તે દર્શાવો.
- લેખનકાર્ય માટે શિક્ષકે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.
- લેખનરચનામાં ચર્ચા દરમિયાન વિદ્યાર્થીને મહત્ત્વ આપો. વિદ્યાર્થીઓ જ વધુમાં વધુ ચર્ચા કે કથન કરે તેવું વાતાવરણ પૂરું પાડો. શિક્ષકે માત્ર માર્ગદર્શક જ બનવું.
- લેખનકાર્યને પરીક્ષાલક્ષી ન બનાવો.
- લેખનકાર્યનું મૂલ્યાંકન / તપાસણી શિક્ષકે ખૂબ જ યોગ્ય રીતે ખંતપૂર્વક કરવી જોઈએ.
- લેખનકાર્યની તપાસણી પછી અનુકાર્ય થવું જ જોઈએ.

**2.5.10 લેખિત અભિવ્યક્તિ માટેના આધુનિક પ્રવાહો**

- શુદ્ધ જોડણી માટે બુલેટિન બોર્ડનો ઉપયોગ કરો.
- ધો.10 માટે એસ.એસ.સી.ની બોર્ડની પરીક્ષામાં પૂછાયેલા નિબંધો લખાવીને બોર્ડ પર મૂકો.
- સામાયિકો અને વર્તમાનપત્રોમાં આવતા સારા લખાણની નકલ સારા અક્ષરે લખાવીને બુલેટિન બોર્ડ પર મૂકાવો.
- નિબંધ સ્પર્ધા યોજવી.
- તપાસણી દરમિયાન જોડણી માટે ખાસ ગુણ કે ગ્રેડ રાખો.
- હસ્તલિખિત અંક પ્રકાશિત કરવો.
- પાઠ્યપુસ્તકના ગદ્ય અને કાવ્યના વિષયવસ્તુના આધારે લેખન રચનાનો વિષય પસંદ કરવો.
- સારા નિબંધનું આદર્શવાંચન પ્રાર્થના સભામાં કરાવવું.
- પ્રદર્શન/મુલાકાત પછી નિબંધલેખન કરાવી શકાય.
- નિબંધલેખન જૂથકાર્યમાં કરાવી શકાય.
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓની મદદ વડે.
- શીઘ્ર નિબંધ લેખન

– નિબંધ લેખન વખતે વર્ગમાં જોડણીકોશ ફરતો રાખવો.
– ક્યારેક વિદ્યાર્થીની ક્ષમતા, રસને ધ્યાનમાં લઈને અલગ અલગ વિષય સોંપવો.
– મુક્ત અને સ્વતંત્ર અભિવ્યક્તિનું લેખન કરાવવું.
– વિદ્યાર્થીઓ વચ્ચે સ્વતંત્ર ચર્ચા થાય પછી લેખન કરાવવું.
– ભાષાવસ્તુના મુદ્દા આપીને લેખનકાર્ય કરાવવું.

**2.5.11 લેખિત અભિવ્યક્તિમાં શાળા કક્ષાએ જોવા મળતી ખામીઓ અને ઉપાયો**

શિક્ષકો સાથેની ચરચ્ચામાં અને બાળકોની વિવિધ પ્રકારની નોંધપોથી જોતાં લેખિત અભિવ્યક્તિમાં નીચેની ખામીઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. તે ખામીઓને દૂર કરવાના કેટલાક ઉપાયો પણ સૂચવવામાં આવ્યાં છે.

મૂળાક્ષરોના આકાર, કદ, મરોડ વગેરેમાં ખામી :

– અનુલેખન કરાવવું.
– સુલેખન કરાવવું (કોપી રાઈટીંગ)
– સુલેખન માટે બજારમાં મળતું તૈયાર સાહિત્ય વાપરવું.
– સારા અક્ષર કાઢનારને જાહેરમાં પ્રોત્સાહન આપવું.
– શિક્ષકે પોતે સારા અક્ષરમાં લખાણ લખવું.
– બાળકોની લેખિત અભિવ્યક્તિની ખામીને ચલાવી લેવાની વૃત્તિથી દૂર રહેવું.
– વાલીનો સહકાર લેવો.
– સારા અક્ષરના નમૂના મૂકવા.

**સાચી જોડણી લખવામાં ભૂલો કરવી :**

– સાચી જોડણી માટે પ્રોત્સાહન આપવું.
– જોડણીના ચાર્ટ વર્ગમાં લટકાવવા.
– જોડાક્ષરની સમજ આપવી.
– કક્ષા મુજબ જોડણીના નિયમો સમજાવવા.
– જોડણીકોશનો ઉપયોગ કરાવવો.
– શિક્ષકે પોતે જોડણીનો આગ્રહ લખવામાં અને લખાવવામાં રાખવો.
– વાલીનો સહકાર લેવો.
– વર્ગમાં કા.પા. પર દરરોજ ત્રણ/પાંચ અઘરી જોડણી ધરાવતાં શબ્દો લખેલા રાખવા.
– જોડણીની રમતો રમાડવી.
– તપાસણી કાર્ય યોગ્ય રીતે કરવું.
– જોડણીકોશ માટે વ્યક્તિગત ચર્ચા કરી શકાય.
– જોડણીભેદને કારણે અર્થમાં થતા ફેરફારના નમૂના વિદ્યાર્થીને વારંવાર જણાવવા.

**અનુસ્વાર :**

વિદ્યાર્થીઓ અનુસ્વારનો ખોટો ઉપયોગ બે રીતે કરે છે. (1) જ્યાં અનુસ્વારનો ઉપયોગ કરવાનો હોય ત્યાં કરતાં નથી. (2) જ્યાં અનુસ્વારનો ઉપયોગ ન કરવાનો હોય ત્યાં કરે છે. આ ખામી નિવારવા નીચેના ઉપાયો અજમાવી શકાય.

– અનુસ્વારની રમતો રમાડવી.

– અનુસ્વારના નિયમો આપવા.
– અનુસ્વારના નિયમોના ચાર્ટ વર્ગમાં મૂકવા.
– અનુસ્વાર યોગ્યસ્થાને નહીં મૂકવાથી કે અયોગ્યસ્થાને મૂકવાથી અર્થમાં થતાં ભેદ સમજાવવા.
– જોડણીકોશનો ઉપયોગ કરાવવો.
– અનુસ્વારને ધ્યાનમાં રાખીને વાંચનના નમૂના આપવા.

**વિરામચિહ્નોની ભૂલો :**

– ઉપયોગમાં લેવાતા વિરામચિહ્નોની ઓળખ આપવી.
– વિરામચિહ્નોના ચાર્ટ બનાવવા.
– વિરામચિહ્નોનું મહત્ત્વ રમત દ્વારા સમજાવવું.
– વિરામચિહ્નોનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવામાં આવે છે, તેની સમજ આપવી.
– વિરામચિહ્નોના અભાવને કારણે કે મોટા ઉપયોગને કારણે થતા અર્થભેદના નમૂના પૂરા પાડવા.
– વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને બાળકો પાસે મૂકવાચન કરાવવું અને શિક્ષકે જરૂરી સૂચનો કરવા.

**શબ્દભંડોળનો અભાવ :**

– શબ્દકોશનો ઉપયોગ કરાવવો.
– શબ્દ-રમતો રમાડવી.
– વિવિધ શબ્દોનો સંગ્રહ કરાવવો.
– અઘરા – નવીન શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરવી.
– સમાનાર્થી – વિરોધી અર્થ ધરાવતા શબ્દો આપવા.
– શાબ્દિક રમતો રમાડવી.
– અઘરી જોડણી કે ઉચ્ચાર ધરાવતા શબ્દોના વાહનનો મહાવરો કરાવવો.

**વાક્યરચનામાં ખામી :**

– વાચન રસ કેળવવો.
– વાક્યરચનાની ખામીને લીધે અર્થગ્રહણમાં પડતી મુશ્કેલીઓનો અનુભવ વિદ્યાર્થીને કરાવવો.
– વિચાર અને ભાવ બદલાતાં વાક્યરચનામાં ફેરફાર કરવો જોઈએ તે માટેના નમૂના પૂરા પાડવા.
– વાક્યમાં પદના ક્રમનું મહત્ત્વ સમજાવતા નમૂના પૂરા પાડવા.
– વ્યાકરણનું જ્ઞાન આપવું.
– વિવિધ લેખકો કે કવિની લેખનશૈલીનો અનુભવ કરાવવો.
– અયોગ્ય વાક્યરચનાને કારણે થતા અર્થભેદથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.

**વર્ણનશક્તિ અને કલ્પનાશક્તિનો અભાવ :**

– ઇતરવાચન પ્રત્યે રસ કેળવવો.
– જોયેલા દૃશ્ય અને સાંભળેલી બાબતો વિશે સામાન્ય ચિંતન કરવાની ટેવ પાડવી.
– વાચન વખતે સારું વર્ણન ધરાવતાં વાક્યોની સંગ્રહ કરવાની ટેવ પાડવી.
– પોતાના અનુભવને આધારે વિદ્યાર્થીઓ લખાણ લખે તેવા પ્રસંગો ઊભા કરવા.
– સારું વર્ણન અને યોગ્ય કલ્પનાશક્તિવાળા લખાણોના નમૂના વર્ગમાં મૂકવા.

- વિદ્યાર્થીઓના જ સારાં લખાણ ધરાવતા નમૂના વર્ગમાં મૂકીને વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા.
- શિક્ષકે કથન દ્વારા વારંવાર આવા નમૂના પૂરા પાડવા.
- સામાન્ય લખાણ અને વર્ણનાત્મક લખાણથી ભાષાની સુંદરતામાં જોવા મળતા તફાવતનો અનુભવ કરાવવો.

**લખાણમાં મૌલિકતાનો અભાવ :**

- વાચનનો શોખ કેળવવો.
- વાચન વખતે કઈ બાબતોને લીધે લખાણ ગમે છે તેની નોંધ લેવડાવવી.
- આંખ અને કાન દ્વારા મળેલ માહિતી પર ચિંતન કરવાની ટેવ પાડવી.
- લખાણની વિવિધ શૈલીથી પરિચિત કરવા.
- 'તમારી ઓળખાણ તમારી મૌલિકતા છે' તે વારંવાર ચર્ચા દ્વારા સાબિત કરી શકાય.
- મૌલિકતા માટે પ્રોત્સાહન પૂરું પાડવું.
- લખાણના વિષયો બાળકોના અનુભવ ક્ષેત્રના પસંદ કરવા.
- ચોક્કસ વિષય પર લખાણ લખવાની હરીફાઈ ગોઠવવી.
- જુદા જુદા લખાણના નમૂના બુલેટિન બોર્ડ પર મૂકવા.
- સંદર્ભ લખાણ કે સંદર્ભ પુસ્તકો પૂરાં પાડવા.

બાળકોના લેખનમાં જોવા મળતી ભૂલો શોધીને શિક્ષકે તેને નિવારવાના ઉપાયો કરવાના છે ત્યારે શિક્ષકે ખૂબ જ ખંતપૂર્વક કામ કરવું પડશે. ધીરજ ધરવી પડશે અને બાળકો તથા પોતાની જાત પર વિશ્વાસ રાખવો પડશે. ઘણી વાર એવું જોવા મળે છે કે શિક્ષકને ધ્યાનમાં આવે કે અમુક બાળકો અમુક ભૂલ કરી રહ્યાં છે. આમ છતાં શિક્ષક તરફથી તેને ચલાવી લેવામાં આવે છે. તો ખાસ ધ્યાન આપવાનું છે કે બાળકના લખાણમાં થતી ભૂલોને શિક્ષકે સહેજ પણ હળવાશથી લેવી ન જોઈએ તેને ચલાવી પણ ન લેવી. જે તે સમયે વિદ્યાર્થીનું ધ્યાન દોરવું સાચી સમજ આપવી અને જરૂર જણાય તો મહાવરો પણ આપવો. આ ઉપરાંત શિક્ષકે પોતાના પક્ષે પણ કાળજી રાખવી પડશે. શિક્ષકે પોતાના લખાણને સંપૂર્ણ શુદ્ધ અને આદર્શ બનાવવું પડશે. શિક્ષકે પોતાના મૌખિક લખાણો વિદ્યાર્થી સામે રજૂ કરીને પ્રેરણા આપવી જોઈએ. પોતાના લખાણમાં પણ અક્ષરો સારા અને ભૂલ રહિતનું લખાણ લખવાનો આગ્રહ શિક્ષકે રાખવો પડશે.

આજે દુઃખ સાથે કબૂલ કરવું જોઈએ કે, અંગ્રેજી ભાષામાં બાળકો કોઈ સ્પેલિંગ લખવામાં કે વ્યાકરણમાં ભૂલ કરે તો શિક્ષક કે વાલી તેને સહજે પણ ચલાવી લેતા નથી. જ્યારે પોતાની માતૃભાષામાં બાળક ગમે તેટલી અને કોઈ પણ ભૂલ કરે તો પણ ચલાવી લે છે. અહીં દુઃખ એ વાતનું નથી કે અંગ્રેજી ભાષામાં કાળજી વધારે રખાય છે, પરંતુ દુઃખ એ વાતનું છે કે માતૃભાષામાં કાળજી રાખવામાં આપણે આળસુ બની ગયા છીએ. વિદ્યાર્થીઓની ભૂલોના નમૂના નીચે દર્શાવ્યા છે.

- 'ડ' અને 'ળ' નો ભેદ સમજવામાં મુશ્કેલી.

  દા.ત. વાડ – વાળ, હોળી – હોડી
- 'ટ', 'ઠ', 'ડ', 'ઢ' નો ભેદ

  પ્રગાઢ – પ્રગાઠ, ટપાલી, – ડપાલી

  ઢગ – ઠગ, દડી – દટી
- 'ઘ' અને 'ધ' નો ભેદ

ધજા – ઘજા, ઘન-ધન

મધ – મઘ, ધુમ્મસ – ઘુમ્મસ

– ‘ધ’ અને ‘દ્ય’ નો ભેદ

‘વિદ્યા – વિધા ગદ્ય – ગધ

– ‘ઘ’ અને ‘ગ’ નો ભેદ

ઘસારો – ગસારો, ઘૂઘરી – ગૂગરી

– અનુગો ‘નો’, ‘ની’, ‘નુ’, ‘ના’, ‘માં’, ‘એ’, ‘ને’ ‘થી’ વગેરેને શબ્દોથી છૂટાં પાડીને લખે છે.

દા.ત.

– સમાચાર ટપાલથી મોકલજો. – ઘરમાં થી ઉંદર બહાર નીકળ્યો.

– રમાની સાડી સુંદર છે. – મીના એ રસોઈ કરી છે.

– ‘સાથે’, ‘માટે’, ‘વડે’, ‘થકી’, ‘વિના’, ‘વગર’ જેવા શબ્દો (નામયોગી) શબ્દો સાથે લખે છે.

– મારામાટે કાપડ લાવજો.

– ભીના અવાજ સાથે બોલ્યા.

– તેના વડે ગ્લાસ તટૂયો છે.

– ‘વ’, ‘ય’ અને ‘પ’ નો ભેદ

યરીક્ષા, પાસણ, વવન

– ‘ય’ની જગ્યાએ ‘અ’ લખે છે

– ભાણિયો (બેનનો દિકરો)

– ભાણીઓ (એક કરતાં વધુ ભાણી)

– સળીઓ (સાવરણીણી સળી)

– સળિયો (લોખંડ—બારીનો સળિયો)

– ‘બ’ અને ‘લ’ નો ભેદ

– બતકની જગ્યાએ લતક

– હસ્વ અને દીર્ઘ

– દિન = દિવસ – દીન = ગરીબ

– વિધિ = ક્રિયા – વિધી = વિધાતા

– વધુ = વધારે – વધૂ = વહુ

– ‘રેફ’ મૂકવામાં ભૂલ

નર્તિકા, આર્ટ્સ, આશીર્વાદ વગેરે,

– શબ્દો તોડીને લખે છે.

દા.ત.

– રાજા રાણી જમે છે.

– શબ્દો ભેગા લખે છે.

– તેખ લખશે (તે જ લખશે.)

– વીરમાં ગડાવાળો (વીર માંગડાવાળો)

– 'શ' અને 'સ' વચ્ચેનો ભેદ

| | |
|---|---|
| અંશ – ભાગ | અંસ – ખભો |
| શરત – હોડ | સરત – ધ્યાન |
| શાપ – શ્રાપ | સાપ – નાગ |

**લેખન તપાસણી અને અનુકાર્ય :**

આજે મોટા ભાગના શિક્ષકોને લેખન તપાસણીનું કાર્ય કરવું ગમતું નથી જેનાં ઘણાં કારણો છે. આમ છતાં લેખન તપાસવાનું તો છે જ, તો રસપૂર્વક તપાસણી કરીને વિદ્યાર્થીની લેખિત અભિવ્યક્તિમાં સુધારો કરવા માટે શિક્ષકે નિમિત્ત અને પ્રેરણાસ્રોત બનવું જોઈએ. કામ કરવાનું તો છે જ, તો પછી શા માટે રસ અને યોગ્યતાપૂર્વક ન કરવું ? હકીકત છે કે વર્ગમાં બાળકોની સંખ્યા, લેખનની સંખ્યા, અન્ય શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કાર્યો વગેરેનો ભાર શિક્ષક માથે છે જ. આમ છતાં શિક્ષકે આદર્શ કામ કરવું જ રહ્યું.

લેખન તપાસણીમાં શિક્ષકે નીચેની બાબતો પર વધુ ધ્યાન આપવું જોઈએ.

– શક્ય હોય તો બાળકની હાજરીમાં જ તેની સાથે ચર્ચા કરતાં કરતાં જ તપાસણી કરવી.
– નિબંધની નોટબુક ઘરે ન લઈ જતાં વર્ગમાં જ તપાસવી. જરૂર પડે વધારાનો તાસ ગોઠવી શકાય.
– સારા હોંશિયાર વિદ્યાર્થીની મદદ લઈ શકાય.
– સંપૂર્ણ લખાણ વાંચવું, દરેક ભૂલની નોંધ લેવી અને સૂચનો કરવા.
– ભૂલો દર્શાવવા માટે યોગ્ય સંકેતો નક્કી કરવા અને વિદ્યાર્થીઓને તેનાથી વાકેફ પણ કરવા.
– નિબંધલેખન પૂર્વ વિદ્યાર્થીઓ જે ભૂલો વધુ પ્રમાણમાં કરે છે. તેની ચર્ચા તેમની સાથે કરવી જોઈએ.
– નિબંધલેખનની નોટબુક વિદ્યાર્થીઓમાં અરસપરસ બતાવવી.
– ઉત્તમ નમૂના વર્ગ સમક્ષ મૂકો.
– ગ્રેડ અથવા ગુણ પણ આપી શકાય.
– વિદ્યાર્થીઓ યોગ્ય રીતે અનુકાર્ય કરે તેનો આગ્રહ રાખો.
– અનુકાર્ય વખતે ભૂલો ન થાય તેની કાળજી રખાવો.
– વિદ્યાર્થીઓ ભૂલોને યાંત્રિક રીતે ન સુધારે પરંતુ સમજપૂર્વક સુધારે તેનું વાતાવરણ સર્જવું.
– લેખનની લંબાઈ કરતાં ગુણવત્તા તરફ વધુ ધ્યાન આપવું.
– ભૂલ કેટલી વાર સુધારવી તેના કરતાં ભૂલ પુનઃ ન કરે તે બાળકને વધુ પ્રાધાન્ય આપી પ્રયત્નો કરવા.
– ઘણી વાર એવું બને છે કે શિક્ષકે કરેલું સૂચન કે સુધારો વિદ્યાર્થીઓ સમજી શકતા નથી. તે માટે શિક્ષકે યોગ્ય કરવું.
– લેખન તપાસણીમાં ભૂલોની સાથે સાથે જે તે લખાણની સારી બાબતો વિશેષતા પણ દર્શાવી શકાય.

લેખન તપાસણી વખતે નીચેના ચિહ્નો / સંકેતો વાપરી શકાય.

| ક્રમ | સૂચના | ચિહ્ન |
|---|---|---|
| 1. | હાંસિયો રાખો | હાં. |

| | | |
|---|---|---|
| 2. | તારીખ-વાર લખો. | તા. વા. |
| 3. | શીર્ષક લખો. | શી. |
| 4. | હસ્તાક્ષર સુધારો. | હ.સુ. |
| 5. | પરિચ્છેદ પાડો | પ. |
| 6. | જોડણી દોષ | જો. |
| 7. | વ્યાકરણ દોષ | વ્યા. |
| 8. | વિરામચિહ્ન દોષ | વિ.ચિ. |
| 9. | ખોટો શબ્દપ્રયોગ | ખો.શ. |
| 10. | ખોટી વાક્યરચના | વા.ર. |
| 11. | વ્યાકરણ દોષ | વ્યા. |
| 12. | શબ્દોની ગોઠવણી | શ.ગો. |
| 13. | શબ્દો ભેગાં લખો. | =, () |
| 14. | શબ્દો છૂટાં પાડો. | ઈ |
| 15. | અનુસ્વાર વાપરો. | 0. |
| 16. | અનુસ્વારનો ખોટો ઉપયોગ | 0 |
| 17. | શંકાસ્પદ કથન | ? |
| 18. | પ્રત્યય સાથે લખો. | પ્ર.સા. |
| 19. | શબ્દ કે વાક્ય કાઢી નાંખો | શ.કા./વા.કા. |

(નોંધ : શિક્ષક બાળકો સાથે ચર્ચા કરીને પણ સંકેતો નક્કી કરી શકે.)

**2.5.12 લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ**

– અભ્યાસક્રમ પ્રમાણે લેખનના વિવિધ સ્વરૂપોની માહિતી આપવી, તેની રચનાનું સ્વરૂપ સમજાવવું તથા તે સ્વરૂપનું મહત્ત્વ જણાવવું.
– વિવિધ સ્વરૂપોના નમૂનાઓનું પ્રદર્શન ગોઠવવું.
– જોડણીની રમતો રમાડવી.
– વિવિધ લેખન સ્વરૂપોને ધ્યાનમાં રાખી ચર્ચાઓ ગોઠવવી.
– સારી લેખિત અભિવ્યક્તિના (વિદ્યાર્થીના નમૂના વારંવાર બુલેટિન બોર્ડ પર મૂકવા.
– લેખિત અભિવ્યક્તિ માટેના વિષયની પસંદગી વિદ્યાર્થીના અનુભવ ક્ષેત્રમાંથી જ પસંદ કરવી.
– લેખનકાર્ય વિદ્યાર્થીઓને સોંપતા પૂર્વે વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી તેની ચર્ચા કરવી.
– વિદ્યાર્થીઓ જોડણીકોશનો ઉપયોગ કરે તેવી સૂચના અને પ્રોત્સાહન આપવા.
– વિદ્યાર્થીઓના લેખિત નમૂનાઓનો અંક (હસ્તલિખિત અંક) તૈયાર કરવો.
– શાળામાં જ્યારે જ્યારે કોઈ કાર્યક્રમ યોજાય, ત્યારબાદ તેની ચર્ચા વર્ગમાં યોજવી.
– સારા લેખનનાં નમૂનાઓનું વાચન પ્રાર્થનાસભામાં કરવું.
– વર્તમાનપત્ર, પોસ્ટર, જાહેર સ્થળે લગાવેલાં પાટિયાં, ભીંતસૂત્રો, દુકાનોના બોર્ડ વગેરેમાં જણાતા જોડણી દોષો તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું.
– વિદ્યાર્થીઓની લેખન ભૂલો પ્રમાણે અનુકાર્ય આપવું.
– વિદ્યાર્થીઓના કથનમાં ઉચ્ચારણને મહત્ત્વ આપવું. તેઓ શુદ્ધ ઉચ્ચાર સાથે બોલે તેના પ્રયત્નો

કરવાં, કારણ કે જેવું બોલશે તેવું લખશે.

– શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક શુદ્ધ જોડણીનો આગ્રહ રાખે તેવું વાતાવરણ સર્જવું.
– યોગ્ય જગ્યાએ હોંશિયાર વિદ્યાર્થી દ્વારા 'પ્રૂફ રીડીંગ' કરાવવું.
– 'ગુજરાતી ભાષા' ક્લબની સ્થાપના કરવી.
– શાળાના પ્રત્યેક લખાણમાં ભાષાશુદ્ધિનો આગ્રહ રાખવો.
– વિદ્યાર્થીના લેખનકાર્યની ચકાસણી યોગ્ય રીતે અવશ્યપણે કરી અનુકાર્ય કરવું.
– વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ અને શબ્દભંડોળ વિકસે તે માટે સતત પ્રયત્નો કરવાં.

### 2.5.13 લેખિત અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપોનું પાઠ આયોજન

બી.એડ્. કક્ષાએ તાલીમાર્થીઓ માટે લેખિત અભિવ્યક્તિના પાઠ બાબતે ખૂબ જ મુશ્કેલી પડે છે. તેની પાછળનું કારણ તાલીમાર્થીઓ જે તે સ્વરૂપને સમજતાં નથી. ઉપરાંત વિવિધ સ્વરૂપોના ઘટકો અને મહત્ત્વનો ખ્યાલ પણ નથી. જેથી તાલીમાર્થીઓ લેખિત અભિવ્યક્તિના પાઠથી દૂર ભાગે છે. અહીં વિવિધ સ્વરૂપોને ધ્યાનમાં રાખી કેટલીક મહત્ત્વની બાબતો રજૂ કરી છે. જેનાથી તાલીમાર્થીઓ સરળતાથી લેખિત અભિવ્યક્તિના પાઠ આપી શકશે.

– **નિબંધ :**

'નિબંધ' એટલે શું ? ઘણાં લોકો કહે છે કે, જેને બંધન નથી તે 'નિબંધ'. હકીકતમાં એવું નથી. નિબંધને પણ કેટલાંક બંધન છે જ. જેમ કે વિષયવસ્તુ, લંબાઈ વગેરે. આપેલા વિષયવસ્તુની બહાર તમે જઈ ન શકો તે જ પ્રથમ બંધન છે. ઉપરાંત જણાવેલ શબ્દો કે લંબાઈમાં જે તે વિષય અંગેના તમારા વિચારો રજૂ કરવાના છે તે બીજુ બંધન. આમ, નિબંધમાં પણ બંધન છે જ, અને તે જ તેની વિશેષતા ગણી શકાય.

આપેલા વિષય પર વ્યક્તિ જયારે પોતાના વિચારો ગદ્યમાં રજૂ કરે ત્યારે ઉપરની રચનાને નિબંધ કહી શકાય. તેના વિષય માટે કોઈ બંધન નથી. ગમે તે વિષય પર વિચારો વ્યક્ત કરવાનું સૂચવી શકાય, માટે જ તેને બંધન નથી તેમ કહી શકાય.

નિબંધના જુદા જુદા પ્રકાર પાડી શકાય. જેમ કે, આત્મકથા, પ્રકૃતિ, પ્રવાસ, ઐતિહાસિક, કાલ્પનિક અને ચિંતનાત્મક. આ પ્રકારોને ટૂંકમાં વર્ણનાત્મક, કથનાત્મક અને ચિંતનાત્મકની રીતે પણ વિભાજિત કરી શકાય. કેટલાંક અગત્યના પ્રકારોની ચર્ચા આપણે કરીએ.

**આત્મકથા :**

જયારે લેખક પોતે પોતાના જીવન વિશે શરૂઆતથી લખે, પોતે અનુભવેલી ક્ષણોને યોગ્ય રીતે સંપૂર્ણ સત્યતાથી વ્યવસ્થિત રજૂ કરે તેને આત્મકથા કહીશું.

**વિશેષતાઓ :**

– આત્મકથાનું લખાણ પ્રથમ પૂરુષ એકવચનમાં લખાય છે. જેમાં 'હું', 'મે', 'મને' જેવા સર્વનામનો ઉપયોગ થાય છે.
– આત્મકથામાં લેખકના જીવનની ઘટનાઓ હોય છે. તેમાં 'પછી હું મૃત્યુ પામ્યો' જેવી બાબતો ન હોઈ શકે.
– આત્મથા લેખક બોલતો હોય તેમ લખાય છે, તે સાંભળતો હોય તેમ નહીં.
– આત્મકથામાં કલ્પનાવિહાર કરવાનો હોતો નથી. પોતે અનુભવેલી બાબતોનું જ વર્ણન કરવાનું હોય છે. એટલે કે આત્મકથામાં 'સચ્ચાઈ' ખૂબ જ અગત્યની બાબત છે.
– આત્મકથામાં પોતાની જાત માટે મોટી મોટી વાતો કરી ખોટી આત્મશ્લાઘા કરવી નહીં, પોતાના વખાણ કરવા નહીં. તે બધું વાચક પર છોડી દો.

**વર્ણનાત્મક નિબંધ :**

વર્ણનાત્મક નિબંધમાં સ્થળ, હકીકત, પરિસ્થિતિ કે ઘટનાનું વર્ણન કરવામાં આવે છે. શાળા કક્ષાએ પ્રકૃતિના વર્ણનને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે.

આમ, સ્થળ, હકીકત, પરિસ્થિતિ કે ઘટનાને વિવિધ દૃષ્ટાંતો, ઉદાહરણો કે શબ્દો દ્વારા વર્ણન કરીને સુંદર મજાનું ચિત્ર ઉપસાવવામાં આવે તેને વર્ણનાત્મક નિબંધ કહી શકાય.

**વિશેષતાઓ :**

– તમે જોયેલ/અનુભવેલ બાબતનું જ વર્ણન કરવાનું હોવાથી સત્યને વળગી રહો. કાલ્પનિક ચિત્રો ન રચો.
– જે બાબતનું વર્ણન કરવાનું છે તેના વિષયવસ્તુને જ પકડો અને એવા શાબ્દિક રંગ પૂરો કે જેથી વાચકને મજા આવે અને સાથે વસ્તુનું આકર્ષક શબ્દચિત્ર ઉપસે.
– જેનું વર્ણન કરવાનું છે તેની પ્રથમ છાપ તમારા પર કેવી પડી ? તેવી વાતથી જ શરૂ કરો.
– છેલ્લી અસરનું પણ વર્ણન કરવું જોઈએ. આ છેલ્લી અસર દ્વારા તમારા મનન-ચિંતનમાં આવેલ પરિવર્તનનું પણ વર્ણન કરો.
– જે તે સ્થળ કે ઘટનાનું સાર્વત્રિક રીતે વર્ણન કરવાનું ન ભૂલો. તમને પસંદ પડેલી બાબત અને ક્યાંક ન પસંદ પડેલી બાબતનું પણ વર્ણન કરો.
– દરેક બાબત-ભાગને મહત્ત્વ આપો. નાની નાની બાબતો કે ભાગને છોડી ન દો.

**ચિંતનાત્મક (વિવેચનાત્મક) નિબંધ :**

કેટલાંક વિષયો એવાં હોય છે કે જેમાં આંખે જોયેલી ઘટના કરતાં અન્ય ચિંતનને પણ મહત્ત્વ આપવું પડે છે. એટલે કે કોઈ ઘટનાનું આંખે જોયેલું વર્ણન કરવું – તેના વિશેની કથા કરવી તેના કરતાં તેના વિશે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી સ્પષ્ટ વિચારણા કરવી ખૂબ જ અગત્યની હોય છે. આવી વિચારણા કરતી વખતે સામાજિક, રાજકીય, ધાર્મિક વાતાવરણને પણ પ્રાધાન્ય આપવું પડે. અન્ય ચિંતકોએ તેના વિશે કરેલું ચિંતન કે સંશોધન પણ અગત્યનો ભાગ ભજવે છે. આમ, કોઈ ચોક્કસ વિષય પર, તે વિષયનાં વિવિધ પાસાંને યોગ્ય રીતે મૂલવવાની પ્રક્રિયા ચિંત્નાત્મક કે વિવેચનાત્મક બની જાય છે. જેનાં વિષયો ખાસ કરીને ભાવાત્મક કે સમસ્યારૂપ હોય છે.

**વિશેષતાઓ :**

– જે-તે વિષયનાં વિવિધ પાસાંને ધ્યાનમાં રાખો.
– તમારાં વિચારો જ સાચાં છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન ન કરતાં અન્ય મહાપુરુષોના વિચારો ટાંકો અને પછી તમારા વિચારો રજૂ કરો.
– ‘દરેક સિક્કાની બે બાજુ હોય છે’ તે સત્યને સ્વીકારીને વિષયની સારી-નરસી બાબતોની યોગ્ય રીતે રજૂઆત કરો.
– જે-તે વિષયની સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ રજૂઆત કરવી જોઈએ.
– ઘણાં ચિંતકોના ઘણાં મંતવ્યોનો આશરો લો. માત્ર તમારા ચિંતનને મળતાં આવતાં જ અવતરણો લેવા તે યોગ્ય નથી. હ... નિબંધનાં અંતે તમે તમારું ચિંતન સ્પષ્ટપણે રજૂ કરી શકો છો.

**શાલેય નિબંધનાં લક્ષણો :**

**(1) નિબંધ માત્ર ગદ્યમાં જ લખાય છે :**

શાળા કક્ષાએ નિબંધો ગદ્યમાં લખવામના હોય છે. તે માટે ઉચિત શબ્દો શોધી તેને વાક્યોમાં પ્રયોજવાના હોય છે. તે વાક્યોને પરિચ્છેદમાં રજૂ કરવાના હોય છે. જેમાં ક્રમિકતા અને ભાવ અગત્યનાં છે. નિબંધકારે અત્યંત સરળ, સીધી-સાદી શૈલીમાં રજૂ કરવાની છે.

**(2) વર્ણનને જ મહત્ત્વ :**

શાળા કક્ષાએ આપેલા વિષયનું વિદ્યાર્થી કેટલું વર્ણન કરી શકે છે તે જ મહત્ત્વનું છે. તેણે 'કેવી રીતે' વર્ણન કર્યું તે અગત્યનું નથી. શાળા કક્ષાએ વિદ્યાર્થી મુદ્દાસર રજૂઆત કરે તે અગત્યનું છે. આ કક્ષાના બાળકો પાસે કલ્પનાત્મક રજૂઆતની અપેક્ષા વધુ ગણાશે.

**(3) વિષયની મર્યાદા નથી :**

વિવિધ વિષયો અંગેની અપેક્ષા રાખવામાં આવે છે. સામાન્ય વિષયથી માંડીને ચિંતનાત્મક વિષય સુધીના વિષયો પર નિબંધ લખવાનું કહી શકાય. શરત માત્ર એટલી જ કે જે તે વિષય બાળકોના અનુભવ જગતમાંથી લીધેલો હોવો જોઈએ, જેથી આપોઆપ વિષયોની વિવિધતામાં મર્યાદા આવી જાય છે.

**(4) મૌલિકતા :**

આમ તો લેખિત અભિવ્યક્તિના દરેક સ્વરૂપમાં વિદ્યાર્થી પાસે મૌલિકતાની અપેક્ષા છે. પરંતુ નિબંધમાં ખાસ આપેલા વિષય પર વિદ્યાર્થી પોતાના જ વિચારો મૌલિક રીતે સરળ ભાષામાં રજૂ કરે તે અપેક્ષિત છે.

**(5) લંબાઈ :**

શાળા કક્ષાએ નિબંધની લંબાઈને બંધનમાં મૂકેલી હોય છે. કેટલા શબ્દો કે લીટીમાં નિબંધ લખવાનો છે તે જણાવેલ હોય છે.

**(6) પરિચ્છેદ :**

વિચારો પ્રમાણે ફકરા પાડીને વિદ્યાર્થીઓ નિબંધ લખે તે મહત્ત્વનું છે.

**(7) શૈલી :**

શાળા કક્ષાએ આકર્ષક શૈલીની અપેક્ષા ન હોય તે સ્વાભાવિક છે. આમ છતાં, વિગતો મુદ્દાસર, શુદ્ધ ભાષામાં રજૂ થયેલી હોવી જોઈએ. ભાષાની રજૂઆત દ્વારા લખનારને પોતાના વિચારો રજૂ કરવાની કેવી આવડત છે તે અગત્યનું છે. ભલે તે આલંકારિક ન બને પરંતુ હૃદયથી બનવી જોઈએ.

**(8) માળખું :**

નિબંધના માળખાને ત્રણ ભાગમાં વહેંચેલ છે. આરંભ, મધ્ય અને અંત ભાગ. જેના વિશેની વિગતે ચર્ચા હવે પછી કરેલી છે.

**નિબંધલેખન માટે વિદ્યાર્થીને આપવાની સલાહ :**

આજના વિદ્યાર્થી પાસે શિક્ષકો કેટલીક અપેક્ષા રાખે છે. ક્યારેક તેમાં તેમને નિરાશ થવું પડે છે. શિક્ષકોની ફરિયાદ છે કે આજના વિદ્યાર્થી પાસે શબ્દભંડોળ કે વર્ણન કરવાની શક્તિ જ નથી. આ ફરિયાદ નિવારવા માટે નીચે કેટલાંક સૂચનો છે જેનો અમલ વિદ્યાર્થી પાસે કરાવવાથી ઘણી જ સફળતા મળશે.

**(1) વાચન :**

વિદ્યાર્થીને વિવિધ પ્રકારનું વાચન કરવાનો રસ કેળવો. આજનો વિદ્યાર્થી પાઠ્યપુસ્તક સિવાય ભાગ્યે જ વાચન કરે છે. જેથી તેને વિવિધ પ્રકારના વિચારો કે લખાણની શૈલીનો અનુભવ થતો નથી. જેથી વિદ્યાર્થીને ઇતરવાચનની પ્રેરણા આપો. તે સમાચારપત્રો, સામયિકો, પુસ્તકોનું વાંચન કરે તે જરૂરી છે.

**(2) અવલોકન :**

વિદ્યાર્થીને ખાસ પ્રેરણા આપો કે તે રોજિંદા જીવનમાં તેની આસપાસ બનતી કે પસાર થતી ઘટનાને માત્ર જુએ જ નહીં પરંતુ અવલોકન કરે. જે તે ઘટના કે પ્રસંગનું બરાબર નિરીક્ષણ

કરે. તેના અંગે મનમાં વિચારે કે તે ઘટના અંગે પોતાના પ્રતિભાવો શું છે માત્ર અવલોકન કરીને પસાર ન થતાં તે અંગે થોડું વિચારે પણ ખરો તેવી પ્રેરણા આપો.

**(3) શ્રવણ :**

વિદ્યાર્થીને પ્રેરણા આપો કે તે સૌને સાંભળે. જે તે વક્તાની વાક્છટાનો અનુભવ કરે, તેમની શૈલીને માણે. આ ઉપરાંત જરૂરી વિષયવસ્તુ યાદ પણ રાખે. (ટૂંકમાં વિદ્યાર્થીઓ આંખ અને કાન દ્વારા ભાષાને મેળવવાનો પ્રયત્ન કરે તેવી પ્રેરણા આપો.)

**(4) અવતરણપોથી :**

દરેક વ્યક્તિએ અવતરણપોથી તૈયાર કરવી જોઈએ. કોઈ પુસ્તકના વાચનમાંથી ઉપયોગી વાક્યો તરત જ અવતરણપોથીમાં નોંધી લેવા જોઈએ. આ ઉપરાંત ભીંતપત્ર, સમાચારપત્રો કે સામયિકમાંથી પણ સારાં અવતરણો મળે તે નોંધવા જોઈએ. કોઈ વક્તાને સાંભળતા હોઈએ ત્યારે ઉપયોગી અને આકર્ષક વાક્યો તરત જ નોંધી લેવા જોઈએ. વાક્યોની જેમ જ ઉપયોગી કાવ્યપંક્તિઓની પણ નોંધ કરવી જોઈએ.

**(5) મનન-ચિંતન :**

વિદ્યાર્થીને વારંવાર પ્રેરણા આપીને ટેવ પાડવી જોઈએ કે તેઓ જ્યારે કોઈ દૃશ્ય કે ઘટના જુએ પછી તે અંગે થોડું મનન-ચિંતન કરે. તેવી જ રીતે કોઈને સાંભળે ત્યારે વક્તાના વિચારોનું પોતાની રીતે ચિંતન કરવું જોઈએ. તે વિચારો સાથે પોતાની સહમતિ કે અસહમતિ નક્કી કરવી જોઈએ. તે અંગેના કારણોનો પણ વિચાર કરવો જોઈએ. ટૂંકમાં, આંખ અને કાન દ્વારા મળેલી માહિતીનું પોતાની રીતે મનન-ચિંતન કરવાની ટેવ વિદ્યાર્થીને પાડો.

**(6) વિચાર-વિનિમય :**

મિત્રો અને શિક્ષકો સાથે જુદાં જુદાં વિષયો પર અવારનવાર ચર્ચા કરી, વિચારોની આપલે કરો. સાચું સ્વીકારો.

નિબંધલેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

– નિબંધ એટલે બંધન વિનાનું. આમ છતાં નિબંધને વિષયવસ્તુ, લખાણની લંબાઈ, રજૂઆત વગેરેનું બંધન છે તે ધ્યાનમાં રાખો.
– નિબંધ લખવામાં વિષયાંતર ન થાય તેની કાળજી રાખવો.
– બિનજરૂરી મુદ્દાનો સમાવેશ ન કરો.
– રજૂઆત ક્રમિક કરો.
– વિચાર કે મુદ્દો બદલાય ત્યાં ફકરા પાડો.
– મુદ્દાને વિકસાવવા તેને મદદરૂપ થાય તેવા ઉદાહરણો, અવતરણો કે કાવ્યપંક્તિઓ મૂકો.
– વિષયવસ્તુના અર્થ અને ભાવને અનુરૂપ જ ઉદાહરણ, અવતરણ કે કાવ્યપંક્તિ પસંદ કરવી.
– ભાષાકીય ભૂલો ન થાય તેની કાળજી રાખો.
– વિચારો સ્પષ્ટ રીતે, સરળ ભાષામાં રજૂ કરો.
– જે વિચાર રજૂ કરો તે આગળ રજૂ કરેલા વિચાર સાથે સુસંગત હોવો જોઈએ. વિપરિત ભાવ દર્શાવતા વિચારો રજૂ ન કરો.
– એકના એક શબ્દો, વાક્યો કે વિચારનું પુનરાવર્તન ન કરો.
– વિષયને લગતી જ માહિતી રજૂ કરો. અસંબદ્ધ માહિતી રજૂ ન કરો.
– વાક્યો સાદાં, ટૂંકા રાખો. વાચકને વાંચવું ગમે તેવું લખો.

– અલંકારો, રૂઢિપ્રયોગો, અવતરણો વગેરેનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરો અતિરેક કરવો નહીં.

– અક્ષરો પ્રત્યે પૂરતું ધ્યાન આપો.

– નીબંધનો આરંભ અને અંત યોગ્ય રીતે કરો.

– નિબંધ લખ્યા પછી એક વાર વાંચી જાઓ. ભૂલો સુધારો.

– નિબંધનો પ્રકાર નક્કી કરી તે પ્રમાણે લખાણ કરો.

– નિબંધને વિકસાવવા માટેના મુદ્દાની નોંધ કરો, ક્રમિક ગોઠવો પછી વિકસાવો.

– નિબંધનો પ્રારંભ, મધ્યભાગ અને અંત યોગ્ય રીતે લખો.

નિબંધનું માળખું :

નિબંધના માળખાને ત્રણ ભાગમાં વહેંચીશું.

(1) પ્રારંભ (2) મધ્યભાગ (3) અંત

**(1) પ્રારંભ :**

નિબંધની શરૂઆત સુંદર રીતે, સ્વાભાવિક, આકર્ષક અને સચોટ કરવી. 'જેની શરૂઆત સારી તેનો અંત પણ સારો' એ ઉક્તિને સાર્થક બનાવવા આરંભ ચોટદાર કરવો. કોઈ કાવ્યપંક્તિ, અવતરણથી કરી શકાય. ચિંતનાત્મક નિબંધ હોય તો વ્યાખ્યા, ચિંતનકણિકા કે જે તે વિષયનું મહત્ત્વ દર્શાવતા અવતરણથી પણ કહી શકાય.

પ્રસ્તાવના પાંચ-સાત લીટીથી વધારે ન લખતાં પ્રમાણસર લખો. નિબંધનું પ્રથમ વાક્ય જ વાચકના દિલ અને દિમાગને જીતી લે તેવું લખો અને તરત જ વિષયપ્રવેશ કરો.

**(2) મધ્ય ભાગ :**

નિબંધના મધ્ય ભાગ માટે નક્કી કરેલા મુદ્દાઓનું વર્ણન કરવાનું છે. આ માટે દરેક મુદ્દો ક્રમિક રીતે વર્ણવો. બધાં જ મુદ્દાને યોગ્ય પ્રમાણમાં મહત્ત્વ આપી સ્પષ્ટ રીતે, ક્રમબદ્ધ અને અસરકારક રીતે વર્ણવો. મુદ્દાના સમર્થનમાં જરૂરી ઉદાહરણો, અવતરણો, કહેવતો, કાવ્યપંક્તિઓનો આશરો લો. આમ કરતાં અતિશય લંબાણ ન થાય તેની કાળજી રાખો. દરેક મુદ્દા માટે અલગ પરિચ્છેદ પાડો. એક જ પરિચ્છેદમાં એક જ મુદ્દા માટે પરસ્પર વિરોધી વાક્યોનો સહારો ન લો.

મધ્યભાગમાં ચારથી છ ફકરા લઈ શકાય.દરેક ફકરો અને દરેક વિધાન એકબીજાને મદદરૂપ નીવડે તેવી રજૂઆત કરો. પરસ્પર વિરોધી બાબત ન હોય તેની કાળજી રાખો. સરળ રીતે, સચોટ ભાષામાં તમારા મૌલિક વિચારો રજૂ કરો.

**(3) અંત :**

નિબંધનો અંત પણ પ્રારંભની જેમ ટૂંકો, સચોટ અને સરળ બનાવો. અંત ભાગમાં સમગ્ર નિબંધનું હાર્દ આવી જાય તેવી રીતે તમારા વિચારોને રજૂ કરો.

**નિબંધલેખન અધ્યાપનનાં સોપાનો :**

**(1) પ્રારંભ :**

વર્ગવ્યવસ્થાને આધારે વિવિધ પ્રયુક્તિ દ્વારા કયો નિબંધ લખવો છે તેની રજૂઆત કરવી.

**(2) મુદ્દાઓ નક્કી કરવા :**

વિષયને અનુરૂપ સામાન્ય પ્રેરણારૂપ ચર્ચા કરીને વિદ્યાર્થીઓ પાસે મુદ્દાઓ નક્કી કરાવવા. આ માટે શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપીને વિદ્યાર્થીઓને કયા કયા મુદ્દાઓનો સમાવેશ

નિબંધમાં કરી શકાય તેની વિચારણા કરવાનું રહેશે. વિચારણા કરતાં કરતાં જ દરેક વિદ્યાર્થી પોતાની નોંધપોથીમાં તે મુદ્દો નોંધે તેવી સૂચના પણ આપશે.

થોડા સમય બાદ શિક્ષક દરેક વિદ્યાર્થીએ નોંધેલા મુદ્દાઓ પૂછશે. જેની નોંધ કા.પા. પર કરશે. કેટલાક મુદ્દાઓ મોટા ભાગના વિદ્યાર્થીઓમાં સમાન હશે. જેની નોંધ ફરીથી કરવાની જરૂર નથી. ત્યારબાદ સામાન્ય પ્રકારના લાગતાં મુદ્દાઓ કાઢી નાંખશે. કેટલાંક મુદ્દાનો સમાવેશ અન્ય મુદ્દામાં થતો હશે તેની નોંધ લેવડાવશે. અંતે જરૂરી કેટલાંક મુદ્દાઓ કા.પા. પર રાખશે.

ત્યારબાદ નક્કી થયેલાં મુદ્દાને ક્રમ આપવામાં આવશે કે કયો મુદ્દો પ્રથમ લેવો અને કયો મુદ્દો પછી લેવો.

**(3) મુદ્દાઓનો વિસ્તાર :**

મુદ્દાઓનો વિસ્તાર કરતાં પૂર્વે નિબંધનો આરંભ કેવી રીતે કરી શકાય તે અંગે વિદ્યાર્થીઓના મંતવ્યો જાણીને જરૂરી માર્ગદર્શન આપશે.

નક્કી કરેલા કા.પા. પરનાં મુદ્દાનો ક્રમિક વિકાસ કરવા માટે ચર્ચા હાથ ધરશે. કયા મુદ્દામાં કઈ કઈ બાબતોની રજૂઆત કરવી જોઈએ, તે માટે કયાં ઉદાહરણો, અવતરણો કે કાવ્યપંક્તિની મદદ લઈ શકાય તેની પણ ચર્ચા કરશે. અહીં શિક્ષક પોતે પાત્ર માર્ગદર્શક જ બનશે. વિદ્યાર્થીઓ જ બોલે – ચર્ચા કરે તેને વધુ પ્રાધાન્ય આપશે.

ચર્ચા દરમિયાન નક્કી કરેલા અવતરણો, કાવ્યપંક્તિ, રૂઢિપ્રયોગ, કહેવત કે ચોક્કસ શબ્દોની નોંધ કા.પા. પર કરશે.

દરેક મુદ્દાની ચર્ચા થાય તે જરૂરી છે.

**(4) વિદ્યાર્થી દ્વારા લેખન :**

દરેક મુદ્દાની વિસ્તારથી ચર્ચા થયા પછી વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને, પોતાની રીતે, પોતાના વિચારોને, પોતાની નોંધપોથીમાં લખશે. આ કામ ઘણી વાર ઘરેથી કરી લવવાનું જણાવવામાં આવે છે, તેમ ન કરતાં વર્ગમાં જ શિક્ષકની હાજરીમાં જ કરાવવું.

વિદ્યાર્થીઓના જૂથ પાડીને પણ આ કામ કરાવી શકાય. વિદ્યાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કરીને લખે તેને હકારાત્મક બાબત ગણવી. દરેક વિદ્યાર્થી બોલ્યા વગર-શાંતિથી નિબંધ લખે તેવો આગ્રહ ન રાખવો.

આપેલ સમય મર્યાદામાં દરેક વિદ્યાર્થી પોતાનું લેખન પૂર્ણ કરે, પછી તેને એક વાર વાંચી જવાનું કહો. જરૂર જણાય ત્યાં સુધારા પણ કરે તેમ જણાવો.

**(5) મૂલ્યાંકન :**

વિદ્યાર્થીઓનું લેખનકાર્ય પૂર્ણ થાય પછી જુદા જુદા વિદ્યાર્થી પાસે મુદ્દાઓ પ્રમાણે વાંચન કરાવીને વર્ગમાં જ મૂલ્યાંકન કરાવી શકાય. જુદા જુદા વિદ્યાર્થીઓ પાસે નિબંધનો આરંભ, મધ્યભાગ, અંત વંચાવી શકાય. જરૂર જણાય તો હોશિયાર વિદ્યાર્થી પાસે સળંગ આખો નિબંધ પણ વંચાવી શકાય.

**(6) સ્વાધ્યાય :**

અન્ય વિદ્યાર્થીઓએ વર્ગમાં નિબંધના જુદા જુદા મુદ્દાનું વાંચન કરેલું છે. જેને આધારે કોઈ વિદ્યાર્થીને પોતાના લખાણમાં જરૂરી ફેરફાર કે સુધારા કરવા હોય તો તે માટે સ્વાધ્યાય આપી શકાય.

અંતે બધાં જ વિદ્યાર્થીઓની નોટબુક શિક્ષક એકત્ર કરીને, વિદ્યાર્થીની હાજરીમાં જ ચકાસણી કરશે અને જરૂરી સૂચનો આપશે.

**(7) વાર્તાલેખન :**

આપેલા મુદ્દાને આધારે વાર્તા લખવી એટલે મુદ્દા પરથી વાર્તાલેખન. આમ પણ બાળકોને વાર્તા સાંભળવી અને કહેવી ખૂબ જ ગમે છે. પરંતુ તેઓ વાર્તા રચી શકતા નથી. બાળકોમાં વાર્તા રચવાનું કૌશલ્ય તેમ જ લેખનક્ષમતા વિકસાવવાના બેવડા હેતુથી મુદ્દા પરથી વાર્તાલેખન કરાવવામાં આવે છે.

આપેલા મુદ્દાઓ પરથી ટૂંકી, રસપ્રદ વાર્તા લખવી એ સહેલું કામ નથી. મુદ્દાઓનો મનફાવે તેમ વિસ્તાર કરવાથી વાર્તા બની જતી નથી. વાર્તા રસિક બને તે જરૂરી છે.

**વાર્તાલેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

– શિક્ષકે મુદ્દાઓ સુવાચ્ય, સરસ અક્ષરે લખેલા હોવા જોઈએ.
– મુદ્દાઓ બાળકોના અનુભવ ક્ષેત્રના હોવા જોઈએ.
– વાર્તાના મુદ્દાની ચર્ચા કરો તે પહેલાં વાર્તા રચવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો બાળકોને જણાવો જે નીચે પ્રમાણે છે.
– આપેલા મુદ્દાઓ પરથી સળંગ વાર્તાની મનમાં રચના કરો.
– કયા મુદ્દા વધારે મહત્ત્વના અને વિકસાવી શકાય તેમ છે તે નોંધો.
– વાર્તા એવી રીતે રચવાની છે કે જેથી વાંચનાર કે સાંભળનારને રસ પડે.
– વાર્તાનો વિકાસ થાય તેમ સાંભળનારને થવું જોઈએ કે, 'પછી શું થયું ?' એટલે કે વાંચનારના મનમાં કુતૂહલ થાય તેવી વાર્તા રચો.
– વાર્તામાં આવતાં પાત્રોનો થોડો પરિચય પણ આપવો.
– વાર્તા માટે ટૂંકાં અને બોલચાલમાં વપરાય તેવાં વાક્યો લખો.
– જે ક્રમમાં મુદ્દા આપ્યાં છે તે જ ક્રમમાં વાર્તા લખવી જરૂરી નથી. આમ છતાં મુદ્દાનો ક્રમ જાળવી રાખો.
– વાર્તાનું વલણ એવું હોવું જોઈએ કે વાંચનાર કે સાંભળનાર વ્યક્તિને લાગે કે તેની નજર સામે જ બધું બની રહ્યું છે.
– વાર્તાના દરેક મુદ્દાને વિકસાવવા વધારાની, વાર્તાને મદદરૂપ બને તેવી માહિતી ઉમેરો. દરેક મુદ્દાનો વિસ્તાર કરો.
– મુદ્દાના મહત્ત્વ પ્રમાણે તેનો વિસ્તાર કરો.
– વાર્તાનો અંત કુદરતી આવવો જોઈએ.
– વાર્તામાં આવતાં પાત્રોના સંવાદોને અવતરણ ચિહ્નમાં મૂકો.
– વાર્તાને યોગ્ય શીર્ષક આપવું જોઈએ. આ માટે વાર્તાના મુખ્ય પાત્ર, પ્રસંગ કે બોધ પરથી શીર્ષક આપો.
– વાર્તાના મુદ્દાઓ વર્તમાનકાળમાં આપ્યા હોય છે, પરંતુ વાર્તાલેખન ભૂતકાળમાં જ લખાય તે ધ્યાનમાં રાખો.

**વાર્તાલેખન અધ્યાપનના સોપાનો :**

**(1) વિષયાભિમુખ :**

શિક્ષક યોગ્ય પ્રયુક્તિ દ્વારા વિષયાભિમુખ કરાવીને વાર્તાલેખન કરવા માટે વિદ્યાર્થીને તૈયાર કરશે.

**(2) વિષયાનિરૂપણ :**

– **મુદ્દાઓનું વાંચન :**

શિક્ષક સૌ પ્રથમ પોતે મુદ્દાઓનું વાંચન કરશે. ત્યારબાદ બે-ત્રણ વિદ્યાર્થી પાસે પણ મુદ્દાઓનું વાંચન કરાવશે.

સૂચનો :

(જરૂર હોય તો જ આ સોપાનનો ઉપયોગ કરવો.)

શિક્ષક વાર્તાલેખન માટે જરૂરી સલાહ-સૂચન આપશે.

**(3) ચર્ચા :**

શિક્ષક દરેક મુદ્દાને વિકસાવવા માટેની ચર્ચા કરશે. જેમાં મુદ્દાને કેવી રીતે વિકસાવીશું ? કઈ કઈ બાબતો કે વિધાનોનો સહારો લઈશું ? વગેરે વિદ્યાર્થીઓની મદદથી માહિતી મેળવશે.

જરૂર પડે શિક્ષક ચિત્રો પણ રજૂ કરી શકે અથવા તો વિદ્યાર્થીઓને કલ્પનાવિહાર પણ કરાવી શકે. સાથે સાથે એવા પ્રશ્નો પૂછશે કે વિદ્યાર્થીઓ કલ્પના કરીને સ્વપ્રયત્ને દરેક મુદ્દાનો વિકાસ કરે.

આ ચર્ચા દરમિયાન જ શિક્ષક વાર્તામાં ઉપયોગી અઘરા શબ્દ, રૂઢિપ્રયોગ, સ્થળ, સમય, પાત્રોના નામ વગેરે કા.પા. પર લખશે.

**(4) મૂલ્યાંકન :**

ચર્ચા થઈ ગયા પછી શિક્ષક બાળકો પાસે મુદ્દા પ્રમાણે અથવા તો વાર્તાના વિભાગ પ્રમાણે મૌખિક કથન કરાવશે. હોશિયાર વિદ્યાર્થી પાસે વાર્તાનું વર્ણન સળંગ કરાવી શકાય.

અથવા

વાર્તાના વિભાગ પ્રમાણે, વિદ્યાર્થીના જૂથ પાડીને, દરેક જૂથના એક એક વિભાગ પર સ્વપ્રયત્ને ચર્ચા કરીને વાર્તા લખવાનું કહેશે. દરેક જૂથની ચર્ચા કરીને પોતાના ફાળે આવેલ વિભાગ વિશે લખશે. ત્યારબાદ દરેક જૂથ નેતા પોતાના વિભાગની વાર્તા વાંચશે.

**સ્વાધ્યાય :** શિક્ષક વિદ્યાર્થીઓને વાર્તા લખવાનું કહેશે.

**(5) વિચારવિસ્તાર :**

સર્જક તેના અનુભવ, ચિંતન કે વિચારોનો નિષ્કર્ષ જ્યારે સંક્ષેપમાં વ્યક્ત કરે ત્યારે સામાન્ય વ્યક્તિ માટે તે સમજવું થોડું કઠિન બને છે. તેમના તે વિચારનો વિસ્તાર કરવા કંડિકાઓના હાર્દને દૃષ્ટાંતો, દલીલો, કહેવત અને અન્ય વિચારકોની વિચારસકણીનો હવાલો ટાંકી સખતાઈપૂર્વક સ્પષ્ટતા કરવાની છે.

**વિચારવિસ્તાર માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

– આપેલી પંક્તિ કે વિધાન એકાગ્રતાપૂર્વક વાંચી તેના મુખ્ય અર્થ/વક્તવ્યને બરાબર સમજી લો.

– અર્થવિસ્તાર કરતી વખતે મુખ્ય ત્રણ વિભાગ પાડવા. પ્રારંભ, મધ્ય વિભાગ અને અંત. આ ત્રણે વિભાગની સ્પષ્ટતા પાછળ કરી છે.

– આપેલા વિધાન કે કાવ્યપંક્તિનો વિસ્તાર તમારી નોટની 15-20 લીટીમાં કરવો જોઈએ.

– ફકરામાં આપેલાં વાક્યો એકબીજા સાથે યોગ્ય રીતે સંકળાયેલા હોવા જોઈએ.

– વિચારો સ્પષ્ટ અને તર્કબદ્ધ હોવા જોઈએ.

– એક જ વાત કે ઉદાહરણનું પુનરાવર્તન ન કરવું.

– વાક્યો ટૂંકા, સ્પષ્ટ અને સરળ હોવાં જોઈએ. ભાષાકીય ભૂલ ન કરવી.

– વિચારનો વિસ્તાર કર્યા પછી એક વાર વાંચી જવું જોઈએ. જરૂરી સુધારા પણ કરવા.

**વિચારવિસ્તારના મુખ્ય ત્રણ વિભાગ :**

**(1) પ્રારંભ :**

પ્રારંભના ફકરામાં આપેલા વિધાન કે પંક્તિનો મુખ્ય વિચાર, અર્થ, ધ્વનિ એક-બે વાક્યમાં લખવા જોઈએ.

**(2) મધ્ય ભાગ :**

આ ભાગમાં આપેલ પંક્તિનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. અહીં અર્થનો વિસ્તાર કરવામાં આવે છે.

પંક્તિ કે વિધાનના દરેક શબ્દને મહત્ત્વ આપી, સૂચિત થતા અર્થનું દાખલા, દલીલો સાથે સ્પષ્ટીકરણ કરવાનું છે. પંક્તિમાં રહેલા મુદ્દાને વળગી રહીને જ વિસ્તાર કરવાનો છે. વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી. મુદ્દો સમજાવતી કે વિસ્તારતી વખતે સચોટ તર્કબદ્ધ દલીલો કરવી. જરૂર જણાય ત્યાં અન્ય ઉદાહરણો, કહેવત કે રૂઢિપ્રયોગનો પણ ઉપયોગ કરી શકાય. આ માટે અન્ય ચિંતકોના અવતરણ, સાહિત્ય, ઇતિહાસ, પુરાણ વગેરેના દૃષ્ટાંતો આપી શકાય. અન્ય ઉદાહરણો કે દૃષ્ટાંતો આપો ત્યારે ધ્યાનમાં રાખો કે તે મૂળ વિચાર સાથે બરાબર સુસંગત હોવા જોઈએ. નિરર્થક લંબાણથી દૂર રહો.

**(3) અંત :**

અંત ભાગમાં વિચારનો સાર-બોધ રજૂ કરવામાં આવે છે. જેને ચર્ચાની ફલશ્રુતિ નિષ્કર્ષ પણ કહી શકાય.

**વિચારવિસ્તારના સોપાનો :**

**(1) વિષયાભિમુખ :**

યોગ્ય પ્રયુક્તિ દ્વારા બાળકોને વિચારવિસ્તાર કરવા માટે પ્રોત્સાહિત કરવા.

**(2) વિષયનિરૂપણ :**

**– પંક્તિની રજૂઆત :**

જે પંક્તિનો અર્થ વિસ્તાર કરવાનો છે તે પંક્તિને સુવાચ્ય અક્ષરે કા.પા. પર લખીને વિદ્યાર્થી સમક્ષ રજૂ કરો.

**– પંક્તિવાંચન :**

રજૂ કરેલ પંક્તિ શિક્ષકે પ્રથમ વાંચીને સંભળાવવી જોઈએ. ત્યારબાદ વિદ્યાર્થી પાસે તે વંચાવો અને મનમાં બે-ત્રણ વાર વાંચવાનું જણાવો.

**– વિદ્યાર્થી નોંધ :**

વિચારવિસ્તાર માટે ધ્યાનમાં રાખવાની બાબતોથી વિદ્યાર્થીને માહિતગાર કરો. (જરૂર લાગે તો)

ત્યારબાદ સૂચના આપો કે પંક્તિમાં કયો વિચાર રહેલો છે તે નોંધો. તેને માટે જરૂરી ઉદાહરણો, કહેવત, અવતરણો, કાવ્યપંક્તિઓ વગેરે શોધીને નોંધવાનું કહો.

**ચર્ચા :**

પંક્તિના અર્થનો વિસ્તાર કરવા માટે શિક્ષક વિવિધ પ્રશ્નો પૂછીને ચર્ચા કરશે. આ સમયે વિદ્યાર્થીઓએ નોંધેલા મુદ્દાને ધ્યાનમાં રાખશે. જરૂરી શબ્દો, ઉદાહરણો, કહેવતો વગેરે કા.પા. પર નોંધશે. પછી વિચારવિસ્તાર લખવાનું કહેશે.

**મૂલ્યાંકન :**

વિચાર વિસ્તારના મુખ્ય ત્રણ ભાગો પ્રારંભ, મધ્ય અને અંત પ્રમાણે જુદા જુદા વિદ્યાર્થી પાસે મૌખિક રજૂઆત કરાવશે.

**સ્વાધ્યાય :**

વિદ્યાર્થીઓ આપેલ પંક્તિનો વિચારવિસ્તાર લખશે.

**(3) અહેવાલલેખન :**

અહેવાલ એટલે બનેલી હકીકત – પ્રસંગ – ઘટનાને સત્યરૂપે શુદ્ધ સ્વરૂપમાં ક્રમિક રીતે રજૂ કરવી. અહેવાલલેખનમાં વિગતો ક્રમિક રીતે, સંક્ષિપ્તમાં, સત્યના પાયા પર લખાયેલી હોય છે.

**અહેવાલલેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

– અહેવાલ માટે આપેલા વિષયને બરાબર સમજી લેવો.
– બને ત્યાં સુધી ઘટનાની કાચી રૂપરેખા તૈયાર કરવી અને ક્રમિક ગોઠવણી કરવી.
– અહેવાલમાં માત્ર મહત્ત્વની જ બાબતોનો સમાવેશ કરવો.
– ગૌણ બાબતોનો ઉલ્લેખ ક્રમિકતા – એકસૂત્રતા જાળવવા પૂરતો જ કરવો.
– અહેવાલમાં તારીખ, સમય, સ્થળ, ક્રમિકતા વગેરેનો યોગ્ય સાચો – સત્યતાભર્યો જ ઉલ્લેખ કરવો.
– અહેવાલમાં બનેલી ઘટનાના વિભાગ-પાસાં પ્રમાણે ફકરા પાડવા. ફકરાઓ એકબીજા સાથે સંકળાયેલા હોવા જોઈએ.
– અહેવાલની ભાષા શુદ્ધ, સ્પષ્ટ, સરળ અને પ્રવાહી રાખવી.
– અહેવાલ ઘટનાના દરેક પાસાને સત્યરૂપે યથાર્થ રજૂ કરે છે જેથી તેમાં કલ્પનાવિહારને સ્થાન નથી.
– અહેવાલને યોગ્ય શીર્ષક આપવું જોઈએ.
– અહેવાલની શરૂઆત સ્થળ અને સમય દર્શાવીને જ કરવી.

**અહેવાલલેખનનાં સોપાનો :**

**વિષયાભિમુખ :**

યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ કરીને બાળકોને અહેવાલલેખન માટે તૈયાર કરો.

**વિષયનિરૂપણ :**

**અહેવાલનું મહત્ત્વ :**

શિક્ષકે અહેવાલના મહત્ત્વથી શરૂઆત કરવી જોઈએ. અને અહેવાલલેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતોની જાણ કરવી જોઈએ. (જરૂર જણાય તો જ આ સોપાનનો ઉપયોગ કરવો.)

**પ્રસંગ-ઘટનાનું નિરૂપણ :**

શિક્ષકે કઈ ઘટના કે કયા પ્રસંગનું અહેવાલલેખન કરવાનું છે તે જણાવવું.

**ચર્ચા :**

ઘટના કે પ્રસંગ કેવી રીતે બન્યાં તેની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી. આ માટે પ્રથમ શું બન્યું ? તેમાં મહત્ત્વના પાત્રો કયાં હતાં ? કયા સમયે ? વગેરે જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓ પાસેથી જે તે પ્રસંગ કે ઘટનાની સંપૂર્ણ સાચી વિગતો મેળવવી જોઈએ.

વિદ્યાર્થીઓ સાથેની ચર્ચા દરમિયાન જ ઘટના કે પ્રસંગના મુખ્ય મુદ્દાઓ ક્રમાનુસાર કા.પા. પર નોંધવા જોઈએ.

મુદ્દાની છણાવટ થતી હોય ત્યારે વિશિષ્ટ પાત્રો, ઘટના માટેના વિશિષ્ટ શબ્દોની નોંધ પણ કા.પા. પર કરવી જોઈએ.

અહેવાલના માળખાના મુખ્ય ત્રણ વિભાગ : (1) પ્રારંભ (2) મધ્ય ભાગ અને (3) અંત વિશે પણ ચર્ચા કરવી.

**મૂલ્યાંકન :**

ચર્ચાના અંતે વિદ્યાર્થીઓ પાસે મૌખિક રીતે અહેવાલનું કથન કરાવવું. એક કરતાં વધુ વિદ્યાર્થી પાસે જુદી જુદી ઘટના કે સમય પ્રમાણે કથન કરાવી શકાય.

**સ્વાધ્યાય :**

સ્વાધ્યાયમાં અહેવાલલેખનનું ક્રમ સોંપવું.

**અહેવાલનું માળખું :**

અહેવાલ લેખનને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચીશું.

**(1) પ્રારંભ :**

પ્રારંભમાં જ જમણી બાજુ તારીખ અને સ્થળ લખવામાં આવે છે. તેની નીચે ફકરો પાડીને કયો પ્રસંગ/ઘટના, ક્યારે બની તેની જાણ કરતી બાબત ખૂબ ટૂંકમાં રજૂ કરવામાં આવે છે.

**(2) મધ્ય ભાગ :**

આ વિભાગ ખૂબ જ અગત્યનો છે. જેમાં ઘટના કે પ્રસંગની શરૂઆતથી અંત સુધી બનેલ તમામ બાબતોને ક્રમિક રીતે યોગ્ય લંબાણ સાથે રજૂ કરવામાં આવે છે. આ વિભાગ વાંચતા જ વાચકના મનમાં જે તે બનાવ અને સ્થળનું આછેરું ચિત્ર ઊભું થવું જોઈએ. વાચકના મનમાં કોઈ પણ પ્રકારનો સંદેહ કે અવઢવ ઊભી થવી ન જોઈએ. સંક્ષિપ્તમાં મુખ્ય બાબતોને સત્યરૂપે રજૂ કરવાની છે.

**(3) અંત :**

અહેવાલનો અંત પણ ટૂંકો અને સચોટ હોવો જોઈએ. ઘટના કે પ્રસંગમાં અંતે શું બન્યું ? એવો કયો બનાવ હતો કે જેની રજૂઆત પછી જે તે પ્રસંગ-કાર્યક્રમ પૂર્ણ થયો ? તે બનાવનું લેખન તે જ અહેવાલનો અંત છે.

ટૂંકમાં, છેલ્લે બનેલો બનાવ-ઘટના-પ્રસંગ કે કાર્યક્રમ એ જ અહેવાલનો અંત ગણાય.

**સારલેખન/સંક્ષેપલેખન :**

આપેલા લખાણનો પૂરેપૂરો અર્થ આવી જાય, દરેક મુદ્દાનો સમાવેશ પણ થાય તેવી રીતે ટૂંકમાં રજૂ થયેલ લેખિત અભિવ્યકેતિને સંક્ષેપલેખન/સારલેખન કહી શકાય.

મોટા ભાગે એવી માન્યતા છે કે સંક્ષેપલેખન એ મૂળ લખાણ કરતાં ત્રીજા ભાગનું હોવું જોઈએ. આમ છતાં, સંક્ષેપના કદનો આધાર સંક્ષેપ કરવાનો હેતુ કે લખાણના પ્રકાર પર કે લેખકની શૈલી પર રહે છે.

**સંક્ષેપલેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

– આપેલ પરિચ્છેદનું એકાગ્રતાપૂર્વક બે-ત્રણ વાર વાંચન કરવું.

– ફકરાનો પૂરેપૂરો અર્થ સમજો.

– મહત્ત્વના મુદ્દાની અલગ નોંધ કરો.

– અવતરણ, ઉદાહરણ, અલંકાર પ્રયોજતાં વાક્યોને દૂર કરો.

– નોંધાયેલા મુદ્દાઓને યોગ્ય રીતે જોડીને સંક્ષેપ કરો.

– સંક્ષેપ સળંગ, સ્પષ્ટ અને સરળતાથી સમજી શકાય તેવો હોવો જોઈએ.

– સામાન્ય રીતે સંક્ષેપ મૂળલખાણથી ત્રીજા ભાગનો હોય છે.

– સંક્ષેપ કરતી વખતે મૂળલખાણનાં તમામ મુદ્દાઓ આવી જવા જોઈએ.

– તમારું પોતાનું કશું જ ઉમેરશો નહીં.

**સંક્ષેપલેખનના સોપાનો :**

**વિષયભિમુખ :**

યોગ્ય પ્રયુક્તિ દ્વારા વિદ્યાર્થીઓને સંક્ષેપલેખન માટે તૈયાર કરો.

**વિષયનિરૂપણ :**

**પરિચ્છેદની રજૂઆત અને વાચન :**

જે પરિચ્છેદનું સંક્ષેપ કરવાનું છે તે પરિચ્છેદને વર્ગ સમક્ષ શિક્ષક રજૂ કરશે. ત્યારબાદ પોતે એકવાર વાંચી જશે. પછી બે-ત્રણ વિદ્યાર્થી પાસે તેનું મૌખિક વાંચન કરાવશે. પછી જરૂર જણાય તો વિદ્યાર્થીને મનમાં વાંચવાનું કહેશે.

**પરિચ્છેદની ચર્ચા (મુદ્દાની તારવણી) :**

વિદ્યાર્થીઓ પરિચ્છેદનું વાંચન કરી રહે ત્યારબાદ એકાદ-બે પ્રશ્નો દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓ પાસેથી પરિચ્છેદનો અર્થ જાણશે.

ચર્ચા દ્વારા જ પ્રશ્નો પૂછીને પરિચ્છેદમાં આવતાં મુખ્ય મુદ્દાની નોંધ કા.પા. પર કરશે. આ માટે પરિચ્છેદમાં આવતાં ઉદાહરણો, રૂઢિપ્રયોગો, અવતરણો વગેરેને છોડી દેશે.

**મુદ્દાની ગોઠવણી :**

પરિચ્છેદમાંથી તારવેલાં તમામ મુદ્દાઓને ક્રમિક-યોગ્ય રીતે સંકલિત કરવાનું શિક્ષક વિદ્યાર્થીને કહેશે. વિદ્યાર્થીઓ અંદરોઅંદર કે શિક્ષક સાથે ચર્ચા કરશે. મુદ્દાને જોડવા માટે જરૂરી શબ્દો, શબ્દસમૂહો, સમાસ વગેરે શોધશે. વિદ્યાર્થીઓની મદદ વડે શિક્ષક મુદ્દાઓની ગોઠવણી કરશે.

**મુદ્દાઓની પુનઃ ગોઠવણી :**

એક વાર દરેક મુદ્દાને યોગ્ય શબ્દો દ્વારા ગોઠવ્યા પછી તેનું વાંચન કરવામાં આવશે. આ સમયે થયેલી ભૂલને સુધારવામાં આવશે. કોઈ મુદ્દો બાકી નથી રહી ગયો ને ? તેની ચકાસણી થશે. મુદ્દાઓ ક્રમિક રીતે ગોઠવ્યા છે કે કેમ ? મુદ્દાઓની ગોઠવણી હજુ ટૂંકી રીતે કરી શકાય તેમ છે ? વગેરે પ્રશ્નો અંગે પુનઃ વિચારણા કરીને ગોઠવણી કરશે.

આ ગોઠવણીથી પરિચ્છેદના મુખ્ય વિચારને હાનિ નથી પહોંચતી તેની ચકાસણી પણ કરશે.

**સંક્ષેપલેખન :**

વિવિધ પ્રકારની ચર્ચા થયા પછી શિક્ષક વિદ્યાર્થીઓને સંક્ષેપલેખન કરવાનું કહેશે.

(નોંધ : સંક્ષેપલેખનમાં શબ્દસમૂહો, વાક્યાંશ, રૂઢિપ્રયોગ વગેરે મહત્ત્વનાં પરિબળો ગણાવી શકાય.)

શરૂઆતના તબક્કે વિદ્યાર્થીઓ શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરતાં શીખે તે જરૂરી છે. ત્યારબાદ વાક્યને બદલે વાક્યાંશ શીખવો. પછી શબ્દોને બદલે સામાજિક શબ્દોનો ઉપયોગ કરાવો. સાથે કહેવત કે રૂઢિપ્રયોગ દ્વારા સંક્ષેપ કરાવો. આમ, 'સરળથી કઠિન તરફ' લઈ જાઓ. વારંવારના મહાવરા પછી વિદ્યાર્થીઓ આ કામ સરળતાથી કરી શકશે.

## 2.6 નાટક સાહિત્ય

### 2.6.1 પ્રસ્તાવના

- નાટક એ અભિવ્યક્તિનું એક માધ્યમ છે. નાટક એ સંગીતની તૃતીય શાખા છે. નાટક દ્વારા અભિનય, યાંત્રિક ચેષ્ટાઓ, સંવાદો જ પ્રસ્તુત નથી થતાં પરંતુ લાગણી, વિચારો તથા સંવેદનાઓની પણ પ્રસ્તુતિ થાય છે. કોઈ વિચારો સંકલ્પના નાટકના માધ્યમથી વિદ્યાર્થીના માનસપટ સુધી જીવંતરૂપે પહોંચાડી શકાય છે અને કદાચ આ જ કારણસર શિક્ષણમાં નાટકો વૈવિધ્યપૂર્ણ રીતે ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. નાટકથી ન કેવળ વિષયવસ્તુ શીખી શકાય છે. બલકે નાટક સ્વરૂપે વિષયવસ્તુ ભજવવાથી વિદ્યાર્થીમાં અભિનય કરવાનું કૌશલ્ય વિકસે છે તથા આત્મવિશ્વાસ કેળવાય છે અને નાટક દ્વારા શીખે વિષયવસ્તુ ચિરસ્મરણીય બની જાય છે.

- બાળકોના ઘડતર માટે નાટક એ સર્વ લલિતકલાઓમાં શ્રેષ્ઠ માધ્યમ જણાયું છે. જાણે-અજાણે બાળક નાનપણથી આ કલા અપનાવે છે. કોઈ પાત્રની અદાકારી કરવી. બાળક સમજતું થાય છે ત્યારથી તે જે અવલોકન કરે છે તેનું અનુકરણ કરે છે. અન્ય વ્યક્તિઓનું અવલોકન કરીને નખ-શીખ તેવોજ અભિનય કરવા પ્રયત્ન કરે અને જાણે-અજાણે નાટ્યકલા સાથે સંકળાઈ જાય છે. નાનપણમાં પોતાના માતા-પિતા, ભાઈ-બહેન તથા અન્ય સ્નેહીજનોનું અવલોકન કરી જાતે તે પાત્રમાં સમાઈ જાતે જ સંવાદો નક્કી, સ્ક્રીપ્ટની પણ જરૂર ન રહે તેમ મૌખિક રીતે જ નાટક તૈયાર કરી દે છે.

- આમ 'ઘર-ઘર', શાળા-શાળાની રમત રમે છે અને અજાપણે તે નાટ્યકલાકાર બને છે. જો બાળકની આ ક્રિયાને ધ્યાનમાં લઈ તેની આ શક્તિનો ઉપયોગ વિષયવસ્તુ શીખવવામાં કરવામાં આવે તો તે ખૂબ જ સહેલાઈથી જ્ઞાન મેળવે છે.

- નાટ્યકલા સતત ગતિશીલ હોવાથી બાળકોમાં એકાગ્રતા, ભાષા અને જ્ઞાન સાથે આત્મવિશ્વાસ કેળવાય છે. બધા બાળકો ભેગા થઈને નાટક ભજવે છે ત્યારે તેઓ સમૂહમાં એક-બીજાના સહકારથી કામ કરતા શીખે છે.

- આમ બાળકોના જીવનમાં નાટક મહત્વનો ભાગ ભજવે છે અને રમતાં રમતાં તેઓનો સર્વાંગી વિકાસ થાય છે.

- બાળકની આ શક્તિનો ઉપયોગ પ્રશિક્ષણાર્થીઓએ શિક્ષણમાં કેવી રીતે કરવો અને વિષયવસ્તુ સહેલાઈથી કેવી રીતે શીખવાય તે જાણવું ખૂબ જ જરૂરી બને છે.

### 2.6.2 નાટક એટલે શું ?

- નાટક એટલે કોઈ ચોક્કસ જીવન ચરિત્ર, કોઈ ચોક્કસ પ્રસંગ કે ઘટનાનું સંવાદ, અભિનય તથા શારીરિક ચેષ્ટાઓ દ્વારા લાગણી સભર આબેહૂબ વર્ણન :

- નાટક એ કોઈ એક પ્રસંગને શારીરિક હાવભાવ યુક્ત દશ્ય-શ્રાવ્ય અભિવ્યક્તિ.

- એક કે વધુ નટ કે નટીઓના સમૂહ દ્વારા શારીરિક અંગે ચેષ્ટાઓ દ્વારા આંગિક અભિનવ, લખાયેલ સ્ક્રીપ્ટના સંવાદોની રજૂઆત દ્વારા વાચિક અભિનય.

- પાત્રને અનુરૂપ વેશભૂષા અને શરીર ઉપરનો મે-કપ દ્વારા દશ્ય-શ્રાવ્ય અભિનય તથા સ્ક્રીપ્ટના શબ્દોના અર્થને અનુરૂપ આંતરિક ભાવોની સચોટ અભિવ્યક્તિ દ્વારા સાત્વિક અભિનયથી યુક્ત એક અવસ્થાની અનુકૃતિનું સુંદર દશ્ય દ્વારા શ્રેષ્ઠ યુક્ત મંથન એટલે નાટ્ય સર્જન.

- નાટક એટલે નટ દ્વારા રજૂઆતથી હાવભાવયુક્ત રજૂઆતની કળા.

- નાટક એ અવસ્થાની અનુકૃતિ કહેવાય છે. કોઈ એક ઘટના-બનાવ કે પરિસ્થિતિ ઊભી થઈ હોય તેનું અનુકરણ કરીને રંગમંચ ઉપર તેને પુનઃ જીવંત કરવાની રજૂઆત અવસ્થાની અનુકૃતિ કહેવાય.

- નાટક એ કોઈ એક ઘટિત ઘટના કે બનાવ કે અવસ્થાના પુનઃ નિર્માણની કલા છે.
- નાટકમાંથી શું ઉત્પન્ન થાય છે અને લોકોમાં કલ રીતે ઉપકારક થશે ? એના ઉત્તરમાં ભરતમુનિ જણાવે છે કે, દુઃખથી પીડાતા, થાકેલા, શોકથી તરત અને તપસ્વીઓને યોગ્ય સમયે શાંતિ આપનાર આ નાટ્યવેદની રચના થઈ છે. નાટક લોકોમાં આનંદનું સાધન છે.
- ભરતમુનિ રચિત 'નાટ્યશાસ્ત્ર' એ રંગભૂમિ અને રૂપકોનું એન્સાઈક્લોપીડીયા – વિશ્વકોષ સમાન છે. જેને પંચમવેદ તરીકે બિરદાવવામાં આવે છે.
- ભરતમુનિ નાટ્ય શાસ્ત્રમાં કહે છે કે એકેય એવું શાસ્ત્ર નથી, એવું શિષ્ય નથી, એવી વિદ્યા નથી, એવી કળા નથી, જે આ નાટકમાં ન દેખાય. સર્વાંગ સંપૂર્ણ સાહિત્ય સ્વરૂપ એટલે નાટક.
- નાટક એ સમાજ પરિવર્તનનું એક અગત્યનું સાધન છે. તે સમાજનું દર્પણ છે. આપણી આસપાસ સમાજમાં જે કંઈ બને છે. સારું, નરસું એ અવસ્થાની અનુકૃતિ દ્વારા સમાજ પરિવર્તનની પ્રક્રિયાને અસરકારક બનાવી શકાય. બદલાતા સમાજના મૂલ્યોને પુનઃ પ્રસ્થાપિત કરવાનું અસરકારક અને મહત્ત્વનું માધ્યમ છે. ભૂતકાળમાં અનેક સામાજિક બદીઓ આધારિત નાટકોની રજૂઆત દ્વારા અંધશ્રદ્ધા અને ખોટો વ્હેમો કે ખોટા રીત-રીવાજો સામે લાલબત્તી ધરવામાં નાટક એક અસરકારક માધ્યમ બની રહ્યું હતું.
- ભારતની આઝાદીની ચળવળને લગતાં દેશ-ભક્તિનાં અંધશ્રદ્ધા, દહેજ, ગાંધી વિચાર બાળલગ્નો વગેરેને લગતાં અનેક નાટકો ખૂબ અસરકારક સાબિત થયાં છે.
- નાટક એ સર્વ સાહિત્યનો નીચોડ છે. આ કલાને પાંચમું વેદ કહે છે. અહીં દશ્ય અને શ્રાવ્ય બંને કલાનો સુંદર સમન્વય થાય છે. કાવ્યોમાં નાટક રમ્ય છે અને કવિતાનું પૂર્ણવિરામ નાટક છે.
- વ્યવહારની વાણીને આનંદનું સાધન બનાવી કવિઓ જે શબ્દ સૃષ્ટિ રચી, રંગભૂમિ પર રજૂ કરે તેને નાટક કહે છે. નાટકનું સ્વરૂપ અઢી હજાર વર્ષ કરતા પણ જૂનું છે.

**(3) નાટકની સંકલ્પના (Concept of Drama) :**

- "નાટક એટલે કોઈ ચોક્કસ વ્યક્તિના જીવનચરિત્ર અથવા કોઈ ચોક્કસ પ્રસંગ કે ઘટનાનું સંવાદ, અભિનય તથા શારીરિક ચેષ્ટાઓ દ્વારા લાગણીસભર આબેહૂબ વર્ણન."
- અંગ્રેજીમાં નાટક માટે 'DRAMA' શબ્દ ઉપયોગમાં લેવામાં આવે છે. જે એક ગ્રીક પ્રાચીન શબ્દ છે. જેનો અર્થ થાય છે 'Act' અથવા 'Deed' એટલે કે અભિનય કરવો.
- Drama is something people go through every day, change of character is nothing more than mood swings.
- "નાટક એટલે લોકો જેના દ્વારા રોજબરોજ કંઈક બદલાવ કરે છે. ચારિત્ર્યમાં બદલાવ એ હાવભાવ બદલાવથી વધુ નથી." – કેવાના બેગ્બે
- The drama may be called that part of theatrical art which lends itself most readily to intellectual discussion.
- નાટક એ રંગમંચ કલાનો એક ભાગ છે કે જે બૌદ્ધિક નિર્ણયો લેવા માટે તત્પર હોય છે.

  – રોબર્ટ્સન ડેવિસ
- Drama is theater, life, an ascape from life, happiness and sadness all rolled into one.
- "નાટક એટલે રંગમંચ જીવન તથા જીવન ખુશી અને દુઃખમાંથી છટકી જઈ તેને એકરૂપ બનાવવાનું છે." – રેબેકા એડમ્સ
- આમ, નાટક એટલે...

– સંગીતની તૃતીય શાખા છે.

– અભિનય તથા શારીરિક ચેષ્ટાઓ તથા મુખનાં હાવભાવની પ્રસ્તુતિ છે.

– લાગણીઓ, વિચારો તથા સંવેદનાઓની પ્રસ્તુતિ છે.

– નાટક એક કૌશલ્ય અને કળા પણ છે.

– નાટક એટલે નટ દ્વારા થતી કળા. વિવિધ માનવ અવસ્થાઓનું અનુકરણ નટ કરે ત્યારે એમાંથી નાટક સર્જાય છે.

– 'નાટક' શબ્દ નટ ધાતુમાંથી ઉત્પન્ન થયો છે. ભારતના નાટ્યશાસ્ત્રોમાં કહેલું છે કે ઋગ્વેદમાંથી પાઠ, સમવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અર્થવેદમાંથી રસ લઈને પાંચમા નાટવેદની રચના કરવામાં આવી છે.

– આમ નાટક કે નાટ્યને શબ્દ, નૃત્ય, સંગીત એ દરેકની સાથે સંબંધ છે, તેથી એ એક વિશિષ્ટ કળા બને છે.

– નાટક એ એક પ્રબંધ છે. નાટક બે જાતના હોય છે. શ્રાવ્ય એટલે માત્ર શ્રવણ કરવા યોગ્ય અથવા તો કથારૂપ અને દશ્ય એટલે જોવા યોગ્ય ભજવવા યોગ્ય.

– ભગવદગો મંડળમાં આપવામાં આવેલા 'નાટક' શબ્દના અર્થમુજબ નિમ્નાંકિત બાબતો તારવી શકાય.

(1) નાટક એ અનુકરણ છે.

(2) નાટક માટે ઐતિહાસિક કે સાહિત્ય-વિષયક પ્રસંગ જરૂરી છે.

(3) નાટકમાં વેશ અને વાણી દ્વારા અનુકરણ કરવામાં આવે છે.

(4) નાટક એ આકૃતિ, હાવભાવ, વેશ, વર્ણન વગેરે બાબતો સમાવતું પ્રદર્શન છે.

(5) નાટક કથારૂપ પણ હોય છે.

દા.ત. વિવિધ આખ્યાનોના નાટક દશ્યરૂપ પણ હોય. દા.ત. શાકુન્તલ

(6) નાટક દશ્ય-શ્રાવ્ય છે.

(7) નાટકમાં વિવિધ રસ જરૂરી છે.

(8) નાટકમાં વિવિધ અંક હોવા જોઈએ.

(9) નાટકમાં અંત મંગળકારી હોવો જોઈએ.

– "નાટક એટલે ક્રિયાશીલ પાત્રો વડે રચાતા પ્રસંગોની પરંપરા દ્વારા રજૂ કરેલી કથા." "બાળકો માટે, બાળકોની સાથે રીહીને અથવા બાળકો સાથે આંતર વ્યવહાર કરીને લખાયેલું બાળકોના ભાવજગત, સંવેદનાને અનુરૂપ અને સંબંધિત વિષયવસ્તુવાળુ, બાળકોને સરળતાથી સમજ તથા મજા પડે, સાથો સાથ મોટેરાઓને પણ રસ પડે તેવું, બાળકો કે મોટેંરામાં કે બંને દ્વારા ભજવી શકાય તેવું નાટક એટલે બાળ નાટક."

**4. શિક્ષણમાં નાટકની ભૂમિકા :**

– બાળક ચંચળ હોવાથી તેને એક જગ્યાએ બેસી ધ્યાનથી શિક્ષક ભણાવે તેમાં રસ પડતો નથી. માટે બાળકની ચંચળવૃત્તિને ધ્યાનમાં લઈને શિક્ષણપ્રથામાં પ્રવૃત્તિનો સમાવેશ કરવો જ રહ્યો જેથી ઓછી મહેનતે બાળક લાંબા ગાળા સુધી યાદ રહે તેવું જ્ઞાન પ્રાપ્ત કરે. આવું જ્ઞાન આપવાનું ઉત્તમ માધ્યમ નાટક છે કે જે બાળક નાનપણથી ન અનુભવેલું છે. બાળપણમાં અજાણતાં જ ભજવેલું ઘર-ઘર રમત રમેલું નાટક પોતે જાતે જ તૈયાર કરેલું આવી તેની ગમતી આ નાટક પ્રવૃત્તિનો ઉપયોગ શિક્ષણમાં કરવાથી ઘણાં ફાયદા થાય છે.

– વિદ્યાર્થીઓને અભ્યાસમાં આવતાં પાત્રો-ઘટનાઓ, વાર્તાઓનું વર્ગખંડમાં નાટ્યરૂપાંતર દ્વારા

અસરકારક શિક્ષણ આપી શકાય. એક જીવંત શિક્ષક અભ્યાસક્રમના અગત્યના પાઠોનું નાટ્યરૂપાંતર કરીને વિદ્યાર્થીની કલ્પના શક્તિ વિસ્તારી શકે અને ઘટનાઓના નાટ્ય આલેખન દ્વારા વર્ગખંડને અસરકારક બનાવી શકે.

**5. નાટકનાં લક્ષણો :**

– નાટકશાસ્ત્ર એ વિષય સૌથી પ્રાચીન ગ્રંથ છે. અગ્નિપુરાણમાં નાટકનાં લક્ષણો વગેરેની માહિતી આપેલ છે.

(1) નાટક કાલ્પનીક નહીં, પરંતુ કોઈ એક જાણીતો બનાવ લઈ તે ઉપર નાટક લખવું જોઈએ.

(2) તે વિલાસ, સુખ, દુઃખ અને અનેક રસવાળું હોય છે.

(3) નાટકમાં પાંચથી દશ અંક હોય છે.

(4) નાટકમાં મુશ્કેલીજનક બાબતોનો સમાવેશ થયેલ જોવા મળે છે.

(5) નાટકનો ઉપસંહાર મંગળ હોય છે.

(6) નાટકમાં જે બાબત પર ભજવવામાં આવે છે તે બાબત મુખ્ય જોવા મળે છે.

(7) નાટકમાં વાર્તાલાપ બે કે વધુ વ્યક્તિઓ દ્વારા થાય છે.

**6. નાટક કલાના હેતુઓ :**

નાટક કલાના હેતુઓ નીચે પ્રમાણે છે.

(1) નાટક દ્વારા એકાગ્રતા કેળવાય છે.

(2) નાટક દ્વારા ભાષાનું જ્ઞાન વધે છે.

(3) નાટક દ્વારા આત્મવિશ્વાસ વધે છે.

(4) નાટક દ્વારા નિરીક્ષણ શક્તિ વિકસે છે.

(5) નાટક દ્વારા કલ્પના શક્તિ વિકસે છે.

(6) નાટક દ્વારા સર્જન શક્તિ વિકસે છે.

(7) નાટક સહકારની ભાવના કેળવાય છે.

(8) નાટક દ્વારા એકતા વધે છે.

(9) નાટક દ્વારા સર્વાંગી વિકાસ થાય છે.

– પ્રશિક્ષણાર્થીઓએ પોતાના દરેક વિષયની વિષયવસ્તુ બાબતે મનોમંથન કરી તેમાં જેતે વિષયના અવલોકન બાદ તેના જેતે વિષયવસ્તુના મુદ્દા અલગ તારવવા, તેમાં કેવા પ્રકારનું નાટક તૈયાર કરી શકાય તે નક્કી કરી, દરેકની સ્ક્રીપ્ટ તૈયાર કરી નાટક દ્વારા એકમની સમજ આપવાથી તે ખૂબજ અસરકારક નીવડે છે. ઓછી મહેનતે અને ઉત્સાહથી બાળકો એકમની સુંદર સમજ મેળવે છે.

**7. નાટકના તત્વો (સ્વરૂપ) (Nature of Drama) :**

ભારતીય નાટ્યશાસ્ત્ર અનુસાર નાટકના મુખ્ય ત્રણ તત્વો હોય છે.

(1) વસ્તુ (કથાવસ્તુ)

(2) નાયક (પાત્ર)

(3) રસ

પાશ્ચાત્ય મતાનુસાર નાટકમાં છ તત્ત્વો છે.

(1) વસ્તુ (2) પાત્ર (3) સંવાદ (4) સ્થળ અથવા વાતાવરણ (5) ઉદ્દેશ (6) શૈલી આ તત્ત્વોને આપણે વિગતે જોઈએ.

**(1) વસ્તુ (કથાવસ્તુ) :**

કથાવસ્તુનો આરંભ સંવાદ તથા અભિનયના માધ્યમ દ્વારા થાય છે. કથાવસ્તુની પસંદગી કસોટી સમાન છે. ત્રણ કલાકમાં નાટક પૂરું કરવાનું હોવાથી તેમાં આકર્ષક દશ્યો સાથે સંક્ષિપ્તા નાટ્ય વસ્તુનું પ્રથમ લક્ષણ બને છે. આ કથાવસ્તુ પૌરાણિક કે ઐતિહાસિક હોઈ શકે. કાલ્પનિક પણ હોઈ શકે. એ બંનેના મિશ્રણરૂપ પણ હોઈ શકે. પણ નાટકમાં વસ્તુનો બિનજરૂરી વિસ્તારને અવકાશ નથી. આ વસ્તુમાંથી વાસ્તવિકતા પ્રતિતત થતી હોવી જોઈએ. પ્રસંગો અને સંકલનમાં કાર્ય કારણભાવ અને સળંગ સૂત્ર એ બંને બાબતો સચવાવી જોઈએ. પ્રસંગો પ્રવાહીતા અને ગતિશીલતા ન ગૂમાવે તે રીતે વસ્તુ સંયોજન થવું જોઈએ.

**(2) પાત્ર :**

અભિનયથી અને સંવાદોથી પાત્રોનું ચિત્ર ઉપસતું હોય છે. વ્યક્તિગત પાત્રો સમષ્ટિરૂપ ધારણ કરે છે. કથા વસ્તુમાંથી પસાર થતા ચરિત્રની ધાર નીકળતી હોય છે. આ પાત્રમાં નાયક, નાયિકા, ખલનાયક, વિદૂષક અને અન્ય ગૌણ પાત્રોનો પણ સમાવેશ થાય છે. પાત્ર નિરૂપણમાં એકવિધતા ન આવી જાય એ સાથે ગૌણ પાત્રનો પણ સમુચિત વિકાસ થાય એ જોવું જરૂરી છે.

**(3) સંવાદ :**

સામાન્ય વાતચીત અને નાટકના સંવાદો એ ભિન્ન વસ્તુઓ છે. સંવાદ એ સાધન નથી સાધ્ય છે. આ સંવાદો પરિસ્થિતિને અનુરૂપ ભાષાથી યુક્ત અને લયવાદી હોવા જોઈએ. સપ્રમાણ, સ્વભાવિક, સચોટ, ટૂંકા અને હૃદયસ્પર્શી સંવાદોથી નાટક જમાવટ કરી શકે છે. સંવાદોમાં ક્લિષ્ટ અને કૃતક ભાષા ટાળવી જોઈએ.

**(4) સ્થળ અથવા વાતાવરણ / દેશકાળ :**

નાટકમાં વાતાવરણનું આયોજન આવશ્યક બને છે. નાટકનું કથાવસ્તુ જે સ્થળ અને સમયનું હોય તેને અનુરૂપ નાટક હોવું જોઈએ. નાટકમાં સ્થળ અને સમયને અનુકૂળ વાતાવરણ ન રચાય તો નાટક અસ્વાભાવિક અને અવાસ્તવિક બની જાય છે. પડદા, ચિત્રો, દશ્યો, વેશભૂષા અને પાત્રોના સંવાદો દ્વારા વાતાવરણ સજીવ બનતું હોય છે.

**(5) ઉદ્દેશ :**

'રસ' માં જ ભારતીય આચાર્યોએ ઉદ્દેશ વ્યક્ત કર્યો છે. પાશ્ચાત્ય વિદ્વાનો રસને સ્થાને ઉદ્દેશને સ્વીકારે છે. પ્રત્યેક કલાકૃતિનું રહસ્ય તો રહેવાનું જ. કોઈ સમસ્યા કે નૈતિક ચેતનાને ઉદ્દેશ બનાવીને નાટકો રચાતા હોય છે. અર્વાચીન નાટકોમાં ઉદ્દેશનું મહત્ત્વ એટલું વધ્યું કે તેનાં સ્થાને રસનું આયોજન ગૌણ બની ગયું છે.

**(6) શૈલી :**

ભારતીય નાટ્યશાસ્ત્રમાં શૈલીની તાત્ત્વિક ચર્ચા થઈ છે. પાશ્ચાત્ય નાટ્યશાસ્ત્ર પ્રમાણે શૈલીમાં ભાષાની વિશિષ્ટ ક્ષમતા, ભાવાભિવ્યક્તિ તથા કથનની વિવિધ રીતોનો સમાવેશ થાય છે.

– અર્વાચીન નાટકમાં અભિનય, સંઘર્ષ અને કાર્યવેગનું ખૂબ મહત્ત્વ છે.

**(7) અભિનય :**

નાટકનું મુખ્ય કાર્ય અભિનય દ્વારા રસ નિષ્પતિ કરવાનું છે. અભિનય ક્ષમતા નાટકનો પ્રાણ છે. યોગ્ય અભિનય હોય તો જ અભિનેતા દ્વારા અભિવ્યક્ત થતું પાત્ર સમાજના હૃદયમાં રસ સંચાર કરી શકે છે.

**(8) સંઘર્ષ :**

સંઘર્ષને નાટકનો આત્મા કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી પાત્ર અમુક પ્રકારની ગૂંચવણમાં

મૂકાઈને સંઘર્ષ જન્માવતા નથી ત્યાં સુધી નાટક ઉદ્ભવી શકાતું નથી. આ સંઘર્ષ બે વ્યક્તિ વચ્ચેનો હોય, બે લાગણી, સંજોગો કે ભાવનાઓ વચ્ચેનો હોઈ શકે. નાટકનો આરંભ સંઘર્ષના આરંભની સાથે સાથે થાય છે અને સમાપન સંઘર્ષના અંત સાથે શાંત બની જાય છે. સમગ્ર નાટકમાં આ સંઘર્ષ ક્રમશઃ વધુ ને વધુ તીવ્ર બનતોજાય છે.

**(9) કાર્યવેગ :**

નાટકમાં કાર્યવેગ ન હોય તો નાટક નબળૂ બને. કાર્યવેગ પાત્ર માનસનું તુમુલ દ્વંદ્વ, તેની સચ્ચાઈના સત્યપંથનો આગ્રહ અને સ્પષ્ટ ચરિત્ર ચિત્રકલાની અભિવ્યક્તિને મદદરૂપ છે.

**8. નાટકના પ્રકારો (Types of Drama) :**

આમ તો નાટકના ઘણા બધા પ્રકારો છે, પરંતુ તેમાંના કેટલાક મહત્ત્વના પ્રકારો અહીં વર્ણવ્યા છે.

**(1) એકાંકી નાટક અને દ્વિઅંકી નાટક :**

**અર્થ :**

"એક અંકવાળા નાટકોને એકાંકી કહેવામાં આવે છે."

અંગ્રેજીમાં જેના માટે 'ONE ACT PLAY' શબ્દ ઉપયોગમાં લેવાય છે તેના માટે હિન્દીમાં 'એકાંકી નાટક' શબ્દ વપરાય છે.

પશ્ચિમના દેશોમાં એકાંકી નાટકનો 20મી શતાબ્દીમાં પ્રચલિત થયા. ભારતમાં આ નાટકો 20મી સદીના ચોથા દશકામા પ્રચલિત થયા. એકાંકી નાટકમાં નાટકના કોઈ ખંડ કે વિભાગ દંડ પાડી તેનું વિભાજન કરવામાં આવતું નથી. એકવાર નાટક શરૂ થાય તો તે પૂરું થાય ત્યાં સુધી સતત ચાલુ જ રહે છે. એકાંકી નાટક સામાન્યતઃ 20થી 30 મિનિટમાં પ્રદર્શિત કરી શકાય છે.

**એકાંકી નાટકોનું મહત્ત્વ :**

– એકાંકી નાટકો કોઈ એક નાટકીય ઘટના અથવા માનસિક સ્થિતિ પર આધારિત હોય છે. આવા નાટકોનો મુખ્ય ઉદ્દેશ પ્રભાવની એકાગ્રતા જાળવી રાખવી એ હોય છે. એટલા માટે એકાંકીમાં સ્થાન, સમય અને ઘટનાનું સંકલન અનિવાર્ય માનવામાં આવ્યું છે.

– વાર્તા અને ગીતની જેમજ એકાંકી કલા એકાગ્રતા અને મિતવ્યથાની કલા છે, જેમાં ઓછામાં ઓછા ઉપકરણો દ્વારા વધુમાં વધુ પ્રભાવ ઉત્પન્ન કરવામાં આવે છે.

– એકાંકીના કથાનું પરિપ્રેક્ષ્ય અત્યંત સંકુચિત હોય છે, એક જ મુખ્ય ઘટના હોય છે અને એકજ મુખ્ય ચરિત્ર હોય છે અને એકજ ચશ્મોત્કર્શ હોય છે.

– લાંબા ભાષણ અને વિસ્તૃત વ્યાખ્યાઓના બદલે તેમાં સંવાદલાઘવ હોય છે.

– મોટા નાટકો અને એકાંકી ગુણાત્મક ભેદ આનાથી જ સ્પષ્ટ થઈ જાય છે. જેમ મોટા નાટકોના ક્લેવર કે વિષયવસ્તુ અને હાર્દને કાપીને એકાંકીની રચના થઈ શકતી નથી તેવી જ રીતે એકાંકીને ખેંચીને અથવા તેને લંબાવીને મોટું નાટક રચી શકાય નહી.

**(2) દ્વિઅંકી નાટક :**

જ્યારે દ્વિઅંકી નાટકનું બે ભાગમાં વિભાજન થાય છે. એક અંકનું નાટક ભજવાઈ ગયા બાદ થોડો વિરામ હોય છે અને વિરામ બાદ નાટક પુનઃ શરૂ થાય છે.

જો કે અતિશય લાંબા નાટકો ત્રિઅંકી, ચાર અંકી અથવા તો એનાથી પણ વધારે અંકો ધરાવતા હોઈ શકે છે.

**(3) હાસ્યપ્રધાન નાટક :**

હાસ્ય નાટક એટલે એવું નાટક કે જે હાસ્યરસથી સભર હોય, જેમાં નાટકના પાત્રો, હાવભાવ,

અભિવ્યક્તિ તથા પોતાની વાણી દ્વારા હાસ્ય નિરૂપણ કરતા હોય છે. આવા નાટકોમાં વાર્તા કે પ્રસંગનું વિષયવસ્તુ રમૂજી હોય છે. સામાન્ય જીવન વ્યવહારની ઘટનાઓમંથી પણ હાસ્ય નિરૂપણ કરવામાં આવે છે.

દા.ત. હાલમાં સોની ટેલિવિઝન ચેનલ પર આવતા કોમેડી કાર્યક્રમમાં આવા હાસ્યરસ પ્રધાન નાટકો ભજવાય છે.

**(4) કરુણ નાટક :**

કરૂણ નાટક એ ગંભીર શૈલીમાં લખવામાં આવે છે, ક્યારેક પ્રભાવાત્મક અથવા તો એલીવેટેડ શૈલીમાં લખવામાં આવે છે. જેમાં વસ્તુઓ કે ઘટનાઓ ખોટી રીતે બનતી હોય છે જેને સુધારી શકાતી નથી, અપવાદરૂપે તેમાં જો ખુબ જ મોટી કીંમત ચૂકવવી પડતી હોય છે અથવા તો ખૂબ જ મોટું બલિદાન આપવું પડતું હોય છે. એરીસ્ટોટલ કહે છે કે...

'Tragedy should purge our emotions by evoking pity and fear (or compassion and awe) in us, the spectators.'

કરુણ નાટકની પેટર્ન આ મુજબની હોઈ શકે છે.

(1) પ્રાથમિક પ્રેરક તરીકે (પ્રેમ સિવાય) a theme of fatal passion (excluding love) as a primary motive.

(2) વિવાદ કે સંઘર્ષના કેન્દ્રમાં એક અદ્ભુત વ્યક્તિત્વ (પ્રશિષ્ટ કરુણાતીકામાં એક ઉમદા પાત્રની આવશ્યકતા હોય છે.)

(3) મુખ્ય નાયકના પાત્રમાં એક મુખ્ય નબળાઈ હોય જે કરુણતા ઉપજાવે.

(4) મુખ્ય નાયકના પાત્રના મત અને હૃદયમાં ચાલતો સંઘર્ષ.

કરુણ નાટકમાં નાટકના મુખ્ય પાત્રને પોતાના જીવનમાં અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે છે. ક્યારેક માતા-પિતા ગુમાવવા પડે છે. ક્યારેક પ્રેમિકા, બાળકો, મિત્રો કે સ્વજનો ગુમાવવા પડે છે. પોતાના સપનાઓને પોતાની આંખ સામે તૂટતા જોવા પડે છે, દુઃખ-દર્દનો સામનો કરવો પડે છે, દરેક મુશ્કેલીઓ સામે ઝઝૂમવું પડે છે.

આવા આધાર પર બનેલ નાટક કરુણ નાટક તરીકે ઓળખાય છે.

દા.ત. કસ્તૂરબા ઉપર જો નાટક બને તો કરુણ જ બની શકે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પર નાટક બને તો તેનો અંત કરુણ બને.

**(5) લઘુ નાટક :**

લઘુનાટક તેના નામ મુજબના જ ગુણ ધરાવે છે. અહીં લઘુ શબ્દના સમયના સંદર્ભમાં જોવા મળે છે. એટલે કે લઘુ નાટક ખૂબ જ ટૂંકા અને ઓછા સમયમાં પૂર્ણ થાય તેવું હોય છે. જો કે આવું નાટક વાર્તા, ઘટનાઓ કે પ્રસંગને પૂર્ણપણે પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ મહત્ત્વના બનાવોને સાંકળવામાં આવે છે અને શક્ય એટલી ટૂંકી રજૂઆત કરવામાં આવે છે.

**(6) શેરી નાટક :**

**અર્થ :**

જેવું આ નાટકના પ્રકારનું નામ છે તે પ્રમાણે...

"આવા નાટકો શહેરો કે ગામડાઓની શેરીઓ, ગલીઓ, રસ્તાઓ, ચાર રસ્તાઓ, કોઈ શાળા, કૉલેજ કે સંસ્થાના દરવાજા આગળ કે કોઈ સાર્વજનિક સ્થળ પર ભજવાતા હોય છે માટે તેમને શેરી નાટકો કહે છે."

**ઇતિહાસ :**

ભારતમાં આવા શેરી નાટકોને લોકપ્રિય બનાવવાનો શ્રેય સફદર હાશ્મીને જાય છે. તેમનો જન્મ દિવસ એટલે કે 12 એપ્રિલનો દિવસ સમગ્ર ભારત દેશમાં 'રાષ્ટ્રીય શેરી નાટક દિવસ' તરીકે ઉજવાય છે.

શેરી નાટકો એક એવા પ્રકારના નાટકો છે કે જે પરંપરાગત રંગમંચીય નાટકકોથી ભિન્ન છે. આવા નાટકો રંગમંચ પર ભજવાતા નથી તેમજ આવા નાટકોની રચના કોઈ લેખક દ્વારા કરવામાં આવતી નથી, પરંતુ સામાજિક પરિસ્થિતિઓ તથા સંદર્ભોમાંથી ઉપજતા વિષયોને આવા શેરી નાટકો દ્વારા નિરૂપવામાં આવે છે. આવા નાટકો સમાજમાં બનતી વાસ્તવિક ઘટનાઓ જેવી કે કથળતું શિક્ષણ અને શિક્ષણ વ્યવસ્થા, ભ્રષ્ટાચાર, લાંચ-રુશ્વત, વ્યસનમુક્તિ, દહેજપ્રથા, બેટી બચાવો જેવા સામાજિક વિષયો પર ભજવાતા હોય છે. આવા નાટકોનો હેતુ કોઈ સામાજિક સંદેશો લોકો સુધી નાટકના માધ્યમથી પહોંચાડવાનો હોય છે. આવા નાટકોથી લોકોને મનોરંજન સાથે કોઈ બોધ આપવાનો હેતુ સંકળાયેલો છે.

**શેરી નાટકોના લોકપ્રિય વિષયો :**

સામાન્ય જનજીવન સાથે જોડાયેલી સમસ્યાઓ અને તેનું નિરાકરણ શેરી નાટકોના લોકપ્રિય વિષયો છે, આ વિષયો રાજનીતિક, સામાજિક અથવા સાંસ્કૃતિક હોઈ શકે છે. ખોટી વ્યવસ્થાનો વિશેષ અને તેના સમાંતર એક આદર્શ વ્યવસ્થા શું હોઈ શકે છે – એ જ સંરચના પર શેરી નાટકની ધરી તાકી રહેલી છે. કેટલાક સમય સુધી શેરી નાટકો કિસ્સાઓ – વાર્તાઓનો પ્રચાર કરતા હતા. ક્યારેક ધર્મનો, તો ક્યારેક રાજનીતિક વિચારધારાનો પ્રચાર કરતા હતા, પરંતુ મોટી-મોટી વ્યાવસાયિક અને વેપારી કંપનીઓ પણ પોતાની ઉત્પાદિત વસ્તુઓના પ્રચાર માટે શેરી નાટકોના પ્રયોગ કરે છે. સરકારી તંત્ર પોતાની નીતિઓ તથા નિર્દેશોના પ્રચાર માટે શેરી નાટકોના માધ્યમનો સહારો લે છે.

**(7) લોક નાટકો :**

સંસ્કૃત નાટકોનો યુગ અસ્ત થવા લાગ્યો ત્યારે 14મી શતાબ્દીથી લઈ 19મી શતાબ્દી સુધી સંસ્કૃત નાટકોનું સ્થાન વિભિન્ન ભારતીય ભાષાઓમાં લોક નાટકોએ લીધું. આજે અલગ-અલગ પ્રદેશોમાં લોક નાટકો ભિન્ન ભિન્ન નામોથી ઓળખાય છે.

| | | |
|---|---|---|
| રામલીલા | : | ઉત્તર ભારતમાં |
| જાત્રા | : | પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, પૂર્વ બિહાર |
| તમાશા | : | મહારાષ્ટ્ર |
| નૌટંકી | : | ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ |
| ભવાઈ | : | ગુજરાત |
| યક્ષગાન | : | કર્ણાટક |
| થેરુબુત્તું | : | તમિલનાડુ |
| નાચા | : | છત્તીસગઢ |

આ સિવાય નાટકોમાં માઈમ, એક પાત્રીય અભિનય, મેલોડ્રામા, ઐતિહાસિક નાટકોનો પણ સમાવેશ થાય છે.

**(8) ભાવનોત્તેજક સુખાંત નાટક (મેલોડ્રામા) :**

ફાર્સ (પ્રહસન) નાટકની જેમજ ભાવનોત્તેજક (મેલોડ્રામા) માનવ મૂલ્યો પ્રત્યે કોઈ સ્થાન આપતું નથી, પરંતુ તેનો હેતુ હાસ્યના બદલે રોમાંચ જગાવવાનો હોય છે. મેલોડ્રામાના વિષયવસ્તુનું કોઈ સાહિત્યિક મૂલ્ય હોતું નથી. આવા પ્રકારના નાટકમાં પાત્રો વ્યક્તિઓ નહિ, પરંતુ પાત્રોના પ્રકાર હાય છે. નાટકની વાર્તા અને પરિસ્થિતિ અને અસંભવિતતા અને ભાષા અને લાગણીઓની ઉપરવટ જઈ અતિશયોક્તિ દર્શાવે છે.

**(9) પ્રહસન (ફાર્સ) :**

પ્રહસન (ફાર્સ) એટલે સાવ મૂર્ખામી ભરેલી હાસ્યાસ્પદ વાર્તા પર રચાયેલ નાટકોના જ એક પ્રકાર છે. પ્રહસન એક પ્રકારની હાસ્યાસ્પદ પ્રધાન વાર્તા હોય છે. જેમાં પાત્રો અને ખાસ કરીને પરિસ્થિતિઓ અતિશયોક્તિ દર્શાવી બિન સંભવિતતાનો દૃષ્ટિબિંદુ દર્શાવે છે. તેમાં નાટકની શરૂઆત ઉચ્ચમત અસંભવિત આધાર પર શરૂ થાય છે, પરંતુ જ્યારે તેની સ્વીકૃતિ થાય છે ત્યારે દરેક પરિસ્થિતિ પૂર્ણપણે તાર્કિક લાગવા લાગે છે. આવું નાટક ઝડપી ગતિ કરે છે. એટલે દરેક દૃશ્યો એક પછી એક નવી પરિસ્થિતિઓ દર્શાવતા જાય છે.

**નાટકો :**

શ્રેષ્ઠ નાટ્યકાર મુનશીએ 'સામાજિક નાટકો', 'પૌરાણિક નાટકો', 'લોપામુદ્રા' (ખંડ-2-3-4) અને ઐતિહાસિક નાટક 'ધ્રુવસ્વામિનીદેવી' એટલા નાટ્યગ્રંથો આપ્યા છે.

'સામાજિક નાટકો'માં 'વાવા શેઠનું સ્વાતંત્ર્ય' એ પુરુષ વાવા શેઠના પોતાની શેઠાણીથી સ્વતંત્ર થવાના કાવતરાનું 'ફારસ' છે. 'બે ખરાબ જણ'માં મોહન મેડીકો પરાણે પરણાવવામાં આવતી રંભાને જે મદદ કરે છે તેના હાસ્યજનક પ્રસંગોનું પ્રહન છે. 'આજ્ઞાંકિત'માં પુરુષની પશુતા ને નિર્બળતા સામે સ્વાતંત્ર્યનો બળવો પોકારતી નારીની વાત છે.

'કાકાની શશી' મુનશીનું સુખદ કૉમેડી નાટક છે. એમાં કાકાની શશીના પાત્ર દ્વારા સ્ત્રી અને જાતીયતાના પ્રશ્નો નિરૂપાયા છે. સ્ત્રી સ્વાતંત્ર્યપાત્ર નથી એવો સૂર નીકળે છે. વ્યવાસાયી રંગભૂમિનાં તત્ત્વો છતાં 'કાકાની શશી' એક સરસ અને ઉત્કટ નાટક ઠરે છે.

'બ્રહ્મચર્યાશ્રમ'માં મુનશીએ ગાંધીજીના લગ્નમાં બ્રહ્મચર્યના આદર્શની ને તેનો આડંબર કરતા અનુયાયીની મજાક કરી છે. 'ડૉ. મધુરિકા' અને 'છીએ તે જ ઠીક' માં સ્ત્રી સ્ત્રી જ રહે અને પુરુષ થવાનો પ્રયત્ન ન કરે એ વાત રમૂજથી કહી છે. 'સ્નેહસંભ્રમ' અથવા 'પીડાગ્રસ્ત પ્રૉફેસર' પણ હાસ્યકટાક્ષથી સ્ત્રીપુરુષ સંબંધજન્ય વિચિત્રતાનું નિરૂપણ કરે છે. 'વાહ રે મેં વાહ'માં મુનશીએ નિખાલસ થઈને પોતે રચેલાં પાત્રોની વચ્ચે પોતાને મૂકીને પોતાની મજાક કરી છે.

સામાજિક નાટકો એ સુધારાનાં પ્રચારક નથી, પણ સ્ત્રી-સ્વાતંત્ર્ય, લગ્ન, સ્ત્રી-પુરુષસંબંધ, કામવૃત્તિ, બ્રહ્મચર્યનો દંભ વગેરેને વિષે હાસ્યકટાક્ષ થી મુનશીનાં વક્તવ્યો રજૂ કરે છે. મુનશીએ પુરુષ થવા ઇચ્છતી સ્ત્રીઓની મજાક કરી છે. તો પુરુષનાં સ્ત્રૈણ્ય અને કામલોલુપતાની પણ હાંસી ઉડાવી છે. નાટકના સ્વરૂપમાં સારી પ્રગતિ દાખવી છે. જૂની રંગભૂમિમાંથી અર્વાચીન સાહિત્યિક નાટકને તે પણ સંવાદને પ્રસંગોની ચમત્કૃતિથી અભિનેય નાટક ઘડી આપ્યું છે.

'પૌરાણિક નાટકો'માં 'પુરંદરપરાજય', 'અવિભક્ત આત્મા', 'તર્પણ' અને 'પુત્ર સમોવડી' એ ચાર નાટકો છે. વેદકાળનાં નાટકોનેય તે પૌરાણિક કહે છે. એ વૈદિક સંસ્કૃતિનો પરિવેશ ખડો કરે છે અને પ્રાચીન મૂલ્યોને મૂર્તિમંત કરે છે. 'પુંરંદરપરાજય'માં વાત તો વૃદ્ધ ચ્યવન ઋષિ સામેના યુવતી સુકન્યાના જીવનહક કે સ્ત્રીહકના વિદ્રોહની છે. સુકન્યાના સ્ત્રીત્વ ને સતીત્વ સમક્ષ પુરંદર-ઈન્દ્ર હારી જાય છે. 'અવિભક્ત આત્મા' એ વસિષ્ઠ અને અરુંધતીના આત્મપ્રેમ અને લગ્ન-દામ્પત્યભાવનાનું નાટક છે. 'તર્પણ'માં સગર અને સુવર્ણાની કથા દ્વારા અર્યત્વના ઉદ્ધારની વાત કહેવાઈ છે. 'પુત્રસમોવડી'માં કચ અને દેવયાનીની વાર્તા દ્વારા સ્વાતંત્ર્યભાવનાનો સંદેશ આપ્યો છે. નાટકો પૌરાણિક છે, પણ તેમાંની ભાવનાઓ મુનશીના અર્વાચીન મતની છે. કહો કે ભારતીય સંસ્કૃતિનાં પ્રાચીન મૂલ્યોની છે. પરિવેશ, પાત્રો ને સંવાદો મૂલ્યસંઘર્ષને જીવંત નાટ્ય રૂપ આપે છે.

પૌરાણિક નાટક 'લોપામુદ્રા' ના ત્રણ ખંડ-2-3-4 એ 'લોપામુદ્રા' નવલકથાના ખંડ-1ના અનુસંધાનમાં, નાટ્યસ્વરૂપે છે. મુનશી નવલકથાના સ્વરૂપમાંથી નાટકના સ્વરૂપમાં સરી પડે છે. નવલકથા 'લોપામુદ્રા-1'માં 'વિશ્વરથ' (વિશ્વામિત્ર)ની અને નાટક 'લોપામુદ્રા'ના ખંડ-2-3-4માં અનુક્રમે 'શાંબરકન્યા', 'દેવે દીધેલી' અને 'વિશ્વામિત્ર ઋષિ'ની કથા છે. મુખ્યત્વે તો આ કથા વિશ્વરથ વિશ્વમિત્ર ઋષિ તરીકે વિકાસ સાધે છે તેની છે. એમાં અગત્સ્ય અને લોપામુદ્રાની સ્નેહકથા

અને શાંબરી ને વિશ્વરથની પ્રેમકથા ભળે છે. વિશ્વામિત્રનો ચિત્તસંઘર્ષ હૃદ્ય છે. શાંબરી અને વિશ્વરથની પ્રેમકથાને નિમિત્તે આર્ય અને અનાર્ય વચ્ચેના પ્રેમના પ્રશ્નો ચર્ચાય છે. કૃતિનાં, વસ્તુ, ભાવનાને આલેખનનું નાવીન્ય 'લોપામુદ્રા' ને ચિરંજીવ સફળ નાટક ઠેરવે છે.

'ધ્રુવસ્વામિનીદેવી' એ મુનશીનું એકમાત્ર ઐતિહાસિક નાટક છે, મૂળ વિશાખદત્તના સંસ્કૃત નાટક 'દેવી ચંદ્રગુપ્તમ્' પરથી મુનશીએ ધ્રુવસ્વામિનીદેવીને પ્રાધાન્ય આપીને ચંદ્રગુપ્તના રાજકીય ઐતિહાસિક વસ્તુનું સરસ અને સુંદર નાટક રચ્યું છે. ચંદ્રગુપ્ત અને ધ્રુવસ્વામિનીદેવીનાં પ્રતાપી પાત્રો, રાજકીય ઘટનાઓ, ઐતિહાસિક પરિવેશ, જીવંત સંવાદો અને ભાવનાત્મક અભિનય તેમ જ તેની ઉત્તમ રંગાભિનેયતાને કારણે તે ગુજરાતી પ્રશિષ્ટ નાયક બની રહે છે.

નાટ્યકાર મુનશી વ્યવસાયી રંગભૂમિનાં નાટકોમાંથી કલાત્મક અભિનેય અને અર્વાચીન સાહિત્યિક નાટકના સ્વરૂપસર્જનમાં ઐતિહાસિક મહત્તાનો ફાળો આપે છે, ને સીમાસ્તંભરૂપ નાટ્યકારનું સ્થાન ધરાવે છે.

**પ્રશ્ન : નાટક : સાહિત્ય સ્વરૂપની લાક્ષણિકતાઓ**

**નાટકનું રૂપ :**

નાટક એ સર્વ સાહિત્યનો નીચોડ છે. આ કલાને પાંચમુ વેદ કહે છે. અહીં દૃશ્ય અને શ્રાવ્ય બન્ને કલાનો સુંદર સમન્વય થાય છે. કાવ્યોમાં નાટક રમ્ય છે અને કવિતાનું પૂર્ણવિરામ નાટક છે. ''વ્યવહારની વાણીને આનંદનું સાધન બનાવી કવિઓ જે શબ્દ સૃષ્ટિ રચી, રંગભૂમિ પર રજૂ કરે તેને ''નાટક'' કહે છે. નાટકનું સ્વરૂપ અઢી હજાર વર્ષ કરતા પણ જૂનું છે. નાટકની કડક શિષ્ટ નાટકને કલાત્મક બનાવે છે.

**નાટકનું મૂળ :**

માનવ જનમ્યો એ સાથે વાણી જન્મી. એમાંથી સંવાદો પ્રગટ્યાં. આ સંવાદ એ નાટકની વાણી છે. અર્થાત્ નાટક એ મનુષ્ય જેટલું જૂનું સ્વરૂપ છે. પાશ્ચાત્ય મત પ્રમાણે માનવીની અનુકરુણાત્મક વૃત્તિમાંથી નાટક નિષ્પન્ન થયું છે. કોઈ વળી નાટકનું મૂળ નૃત્યમાં જુએ છે. ટૂંકમાં માનવીની આત્માભિવ્યક્તિ અનુકરણ અને ઉત્સવપ્રિયતા એ ઋણ વૃત્તિઓ નાટકના નિર્માણમાં પાયારૂપ છે.

**નાટકના તત્ત્વો :**

ભારતીય નાટ્યશાસ્ત્ર અનુસાર નાટકમાં મુખ્ય ત્રણ તત્ત્વો હોય છે.

(1) વસ્તુ (કથાવસ્તુ)

(2) નાયક (પાત્ર)

(3) રસ

પાશ્ચાત્ય મતાનુસાર નાટકમાં છ તત્ત્વો છે.

(1) વસ્તુ

(2) પાત્ર

(3) સંવાદ

(4) સ્થળ અથવા વાતાવરણ

(5) ઉદ્દેશ

(6) શૈલી

આ તત્ત્વોને આપણે વિગતે જોઈએ.

**(1) વસ્તુ (કથાવસ્તુ) :**

કથાવસ્તુનો આરંભ સંવાદ તથા અભિનયના માધ્યમ દ્વારા થાય છે. કથાવસ્તુની પસંદગી

કસોટી સમાન છે. ત્રણ કલાકમાં નાટક પૂરું કરવાનું હોવાથી તેમાં આકર્ષક દશ્યો સાથે સંક્ષિપ્તતા નાટ્ય વસ્તુનું પ્રથમ લક્ષણ બને છે. આ કથાવસ્તુ પૌરાણિક કે ઐતિહાસિક હોઈ શકે, કાલ્પનિક પણ હોઈ શકે અને એ બંનેના મિશ્રણરૂપ પણ હોઈ શકે. પણ નાટકમાં વસ્તુનો બિનજરૂરી વિસ્તારને અવકાશ નથી. આ વસ્તુમાંથી વાસ્તવિકતા પ્રતિત થતી હોવી જોઈએ. પ્રસંગો અને સંકલનામાં કાર્ય-કારણભાવ અને સળંગ સૂત્રતા એ બંને બાબતો સચવાવી જોઈએ. પ્રસંગો પ્રવાહીતા અને ગતિશીલતા ન ગુમાવે તે રીતે વસ્તુ સંયોજન થવું જોઈએ.

**(2) પાત્ર :**

અભિનયથી અને સંવાદોથી પાત્રોનું ચિત્ર ઉપસતું હોય છે. વ્યક્તિગત પાત્રો સમષ્ટિરૂપ ધારણ કરે છે. કથાવસ્તુમાંથી પસાર થતા ચરિત્રની ધાર નીકળતી હોય છે. આ પાત્રમાં નાયક, નાયિકા, ખલનાયક, વિદૂષક અને અન્ય ગૌણ પાત્રોનો પણ સમાવેશ થાય છે. પાત્ર નિરૂપણમાં એકવિધતા ન આવી જાય એ સાથે ગૌણ પાત્રનો પણ સમુચિત વિકાસ થાય એ જવું જરૂરી છે.

**(3) સંવાદ :**

સામાન્ય વાતચીત અને નાટકના સંવાદો એ ભિન્ન વસ્તુઓ છે. સંવાદ એ સાધન નથી સાધ્ય છે. આ સંવાદો પરિસ્થિતિને અનુરૂપ ભાષાથી યુક્ત અને લયવાહી હોવા જોઈએ. સપ્રમાણ, સ્વાભાવિક, સચોટ, ટૂંકા અને હૃદયસ્પર્શી સંવાદોથી નાટક જમાવટ કરી શકે છે. સંવાદોમાં ક્લિષ્ટ અને કૃતક ભાષા ટાળવી જોઈએ.

**(4) સ્થળ અથવા વાતાવરણ/દેશકાળ :**

નાટકમાં વાતાવરણનું આયોજન આવશ્યક બને છે. નાટકનું કથાવસ્તુ જે સ્થળ અને સમયનું હોય તેને અનુરૂપ નાટક હોવું જોઈએ. નાટકમાં સ્થળ અને સમયને અનુકૂળ વાતાવરણ ન રચાય તો નાટક અસ્વાભાવિક અને અવાસ્તવિક બની જાય છે. પડદા, ચિત્રો, દશ્યો, વેશભૂષા અને પાત્રોના સંવાદો દ્વારા વાતાવરણ સજીવ બનતું હોય છે.

**(5) ઉદ્દેશ :**

‘રસ’ માં જ ભારતીય આચાર્યોએ ઉદ્દેશ વ્યક્ત કર્યો છે. પાશ્ચાત્ય વિદ્વાનો રસને સ્થાને ઉદ્દેશને સ્વીકારે છે. પ્રત્યેક કલાકૃતિનું રહસ્ય તો રહેવાનું જ કોઈ સમસ્યા કે નૈતિક ચેતનાને ઉદ્દેશ બનાવીને નાટકો રચાતા હોય છે. અર્વાચીન નાટકોમાં ઉદ્દેશનું મહત્ત્વ એટલું વધ્યું કે તેના સ્થાને રસનું આયોજન ગૌણ બની ગયું છે.

**(6) શૈલી :**

ભારતીય નાટ્યશાસ્ત્રમાં શૈલીની તાત્વિક ચર્ચા થઈ છે. પાશ્ચાત્ય નાટ્યશાસ્ત્ર પ્રમાણે શૈલીમાં ભાષાની વિશિષ્ટ ક્ષમતા ભાવાભિવ્યક્તિ તથા કથનની વિવિધ રીતોનો સમાવેશ થાય છે.

અર્વાચીન નાટકમાં અભિનય, સંઘર્ષ અને કાર્યવેગનું ખૂબ મહત્ત્વ છે.

**(7) અભિનય :**

નાટકનું મુખ્ય કાર્ય અભિનય દ્વારા રસ નિષ્પત્તિ કરવાનું છે. અભિનય ક્ષમતા નાટકનો પ્રાણ છે. ઉત્કટ અભિનય હોય તો જ અભિનેતા દ્વારા અભિવ્યક્ત થતું પાત્ર સમાજના હૃદયમાં રસ સંચાર કરી શકે છે.

**(8) સંઘર્ષ :**

સંઘર્ષને નાટકનો આત્મા કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી પાત્ર અમુક પ્રકારની ગૂંચવણમાં મુકાઈને સંઘર્ષ જન્માવતાં નથી ત્યાં સુધી નાટક ઉદ્ભવી શકાતું નથી. આ સંઘર્ષ બે વ્યક્તિ વચ્ચેનો હોય, બે લાગણી, સંજોગો કે ભાવનાઓ વચ્ચે હોય શકે. નાટકનો આરંભ સંઘર્ષના

આરંભની સાથે થાય છે અને સમાપન સંઘર્ષના અંત સાથે શાંત બની જાય છે. સમગ્ર નાટકમાં આ સંઘર્ષ ક્રમશઃ વધુને વધુ તીવ્ર બનતો જાય છે.

**(9) કાર્યવેગ :**

નાટકમાં કાર્યવેગ ન હોય તો નાટક નબળું બને, કાર્યવેગ પાત્ર માનસનું તુમુલ , તેની સચ્ચાઈના સત્યપંથનો આગ્રહ અને સ્પષ્ટ ચિત્રણની અભિવ્યક્તિને મદદરૂપ બને છે.

## 2.7 ગદ્ય સાહિત્યનાં સ્વરૂપો

### 2.7.1 નવલિકા

વાર્તાનાં બે મુખ્ય સ્વરૂપો તે નવલકથા અને નવલિકા. આ બે સ્વરૂપો આપણને-વાર્તાસાહિત્યને પ્રાપ્ત થયાં ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળમાં.

**ઉદ્ભવ :**

ટૂંકી વાર્તા (નવલિકા) થોડા સમય ઉપર જ વિશિષ્ટ સ્વરૂપ લઈને જન્મેલી છે. કેટલાક વિવેચકો નવલિકાનો ઉદ્ભવ અને એની લોકપ્રિયતા વર્તમાન યુગની ઝડપને આભારી હોવાનું માને છે, આ મત બરાબર નથી. ટૂંકી વાર્તા બહુ પુરાણી છે. ‘હિતોપદેશ’ અને ‘પંચતંત્ર’માં ટૂંકી વાર્તાના દર્શન થાય છે. આમ છતાં એક સ્વતંત્ર સાહિત્યકાર તરીકે એ માત્ર વીસમી સદીના આરંભમાં જ દેખા દે છે. આથી એ સ્પષ્ટ છે કે ટૂંકી વાર્તા નવલકથાનો એક ફિણગો માત્ર નથી અથવા નવલકથાનું ઉપસર્જન પણ નથી.

**નવલિકા અને નવલકથા :**

ઘણું સામ્ય હોવાને કારણે ટૂંકી વાર્તા અને નવલકથા વચ્ચે કોઈ સીમાંકન કરવાનું જરૂરી બની જાય છે. હકીકતમાં, બંને વચ્ચેની સરખામણી પણ અનુચિત છે.

નવલિકામાં જીવનનો એક નાનકડો ભાગ જ આવે છે. નવલકથામાં કોઈ વ્યક્તિનું આખું જીવન કે જીવનનો મોટો ભાગ આલેખવામાં આવે છે. નવલકથામાં જીવનનું ચિત્રણ અખિલાઈથી–વિગતોથી થાય છે. નવલિકામાં આમ નથી. પરિણામે નવલિકા સૂચનાત્મક છે, નવલકથા પ્રસ્તારયુક્ત. નવલિકાકારને માટે વસ્તુની પસંદગી, બિનજરૂરી વસ્તુનો ત્યાગ અને સુબદ્ધતા એ મહત્ત્વનાં બને છે. ટૂંકી વાર્તા નવલકથાની માફક સંપૂર્ણ જીવનનો ખ્યાલ કદાપિ આપી નહિ શકે. નવલિકા તો જીવનના અમુક અંશને ત્વરાથી સુબદ્ધ એ મહત્ત્વનાં બને છે. ટૂંકી વાર્તા નવલકથાની માફક સંપૂર્ણ જીવનનો ખ્યાલ કદાપિ આપી નહિ શકે. નવલિકા તો જીવનના અમુક અંશને ત્વરાથી, સુબદ્ધ અને સૂચનાત્મક રીતે સાદો બનાવી અથવા આદર્શરંગી બનાવી ખ્યાલ આપે છે. નવલિકાનું ધ્યેય વિશિષ્ટ અને મર્યાદિત હોવાથી નવલિકાને વધુ સાતત્યવાળું સુસંગત અને પાત્રલેખન માટે વધુ રહસ્યમય બનાવવું પડે છે. સમય અને સ્થળ સમગ્ર વાર્તા દરમિયાન મોટે ભાગે એક જ રહે છે. પાત્રો પ્રમાણમાં થોડા અને આકર્ષક હોય છે. તેનું નિરૂપણ અસામાન્ય સંજોગો વચ્ચે થાય છે. નવલિકાની એકતા જોઈ શકાય તેવી હોવી જોઈએ. નવલકથાના પાયામાં એક વિચાર હોય કે ન પણ હોય, ટૂંકી વાર્તાના સર્જન માટે કોઈ એક અંશ કે પ્રસંગનું એવું વૈવિધ્યપૂર્ણ ચિત્ર રજૂ કરે છે કે એક વિચાર તરીકે કે એક પ્રતિબિંબ તરીકે ગ્રહણ થાય. ટૂંકમાં, નવલિકામાં એક જ પ્રસંગનું નિરૂપણ થાય છે. નવલકથામાં જેમ મુખ્ય અને ગૌણ એવાં પાત્રોના વિભાગો પાડવામાં આવે છે તેવા વિભાગો ભાગ્યે જ નવલિકામાં પાડી શકાય. નવલકથા જે કહેવાનું હોય તે કહી નાખે છે; ટૂંકી વાર્તા કલ્પના અને લાગણીઓને જગાવીને જે કહેવાનું હોય તેનો માત્ર ધ્વનિ, તણખો જ મૂકે છે.

**લક્ષણો :**

ટૂંકી વાર્તા માટે આપવામાં આવેલી જુદી જુદી વ્યાખ્યાઓ નવલિકાનાં લક્ષણોનો નિર્દેશ કરે છે.

– ‘એક જ પલાઠીએ જે વાંચી શકાય તે ટૂંકી વાર્તા !’ – બ. ક. બકોર

– ‘જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછા બનાવોથી ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપિત કરે તે

ટૂંકી વાર્તા.' — રા. વિ. પાઠક

– 'જે વીજળીના ચમકારા પેઠે એક દૃષ્ટિબિંદુ રજૂ કરતાં કરતાં સોંસરવી નીકળી જાય અને બીજી ઝીઝી લપછપ વિના અંગુલિનિર્દેશ કરી સૂતેલી લાગણીઓને જગાડીને વાચાની આસપાસ એક નવીન કલ્પનાસૃષ્ટિ ઘડી કાઢે તે ટૂંકી વાર્તા.' —ધૂમકેતુ

– ટૂંકીવાર્તા એટલે અનુભૂતિકણ — ઉમાશંકર જોશી

– ટૂંકીવાર્તા એટલે "દોડ-દોડ શરત" જેમાં આરંભ-અંતનું મહત્ત્વ છે. — સેજવિક

**ટૂંકીવાર્તાના ઘટકતત્ત્વો :**

(1) ઘટના-બનાવ

(2) પાત્ર

(3) સંવાદ

(4) વર્ણનકલા

(5) વસ્તુસંકલન

નવલિકાનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :

**(1) જીવનના કોઈ પ્રસંગનું આલેખન :**

ટૂંકી વાર્તા જીવનના વિશાળ ફલકને આલેખવાને બદલે અનુભવના એક અંશને સ્મૃતિપટ ઉપર છવાઈ જાય તેવા ચોટદાર પ્રસંગને આલેખે છે. શ્રી ધૂમકેતુ લખે છે : "ટૂંકી વાર્તાને જીવનના પ્રશ્નો સાથે અતિ નિકટનો સબંધ છે. જીવનના પ્રશ્નોને તે જેવી રીતે છેડી શકે છે, અને જરાક ઈશારત કરીને આખું સ્વરૂપ દેખાડી શકે છે, તેવી રીતે કદાચ સાહિત્યની બીજી કોઈપણ કૃતિ નહિ કરી શકતી હોય." જીવનનો એકાદ બનાવ વસ્તુના સંચાલક બળ તરીકે કામ કરી શકે. ધૂમકેતુની 'ભીખુ' વાર્તા આની પ્રતીતિ કરાવે છે. આમ, જીવનના કોઈ ખંડનું દર્શન કરાવવું એ ટૂંકી વાર્તાનું મહત્ત્વનું લક્ષણ. એ દર્શન ખૂબ કરકસરયુક્ત હોય છે. અનિવાર્ય હોય તેટલા જ પ્રસંગો, પાત્રો, ઘટનાઓને એમાં સ્થાન હોય છે.

**(2) સંક્ષિપ્તતા :**

ટૂંકી વાર્તામાં સંક્ષિપ્તતા મહત્ત્વની છે. તેમાં એક જ વિચારનું સુબદ્ધ આયોજન થયેલું હોય છે. આવશ્યક હોય તે કરતાં સહેજ પણ વધારે લંબાણ હોય તો ધારેલી અસર શિથિલ પડી જાય. મુખ્ય કેન્દ્રને પકડી રાખીને જ વાર્તાકારે આગળ વધવાનું હોય છે. આમ નહીં થાય તો વાર્તાનું મુખ્ય રહસ્ય વિખેરાઈ જાય. એમાં ઉપદેશને ખાસ અવકાશ નથી. 'સીધા નિશાન' તરફ જ એ આગળ વધે છે અને ચિત્તને એક અને અખંડ છાપ માટે પકડી રાખે છે. વસ્તુની સંકુલતાને નવલિકામાં સ્થાન નથી.

**(3) ગતિશીલતા :**

નવલિકાની ગતિ લક્ષ્યગામી હોવી જોઈએ. વાર્તામાં રહસ્ય પૂરું થવું જોઈએ. આથી જ નવલિકાકારને વિષયાંતરની છૂટ નથી. પ્રયોજનની મર્યાદા અને તેને અનુરૂપ મર્યાદિત વસ્તુને અપનાવીને ટૂંકી વાર્તા, કલાકારના હાથમાં એકતા ધારણ કરી, સંપૂર્ણ કલાત્મક બની ઊર્મિકાવ્યના સ્વરૂપ જેવી બને છે.

**(4) તીવ્રતાભર્યો અંત :**

નવલિકાના વસ્તુવિધાનમાં લેખકને શરૂઆત કરતાં અંત વધારે દૃષ્ટિ સમીપ રાખવો પડે છે, કારણ કે એ અંત જ એના કાર્યનું નિયમન કરે છે અને વાર્તાકારને પોતાની વાર્તા માટે જે સામગ્રી પસંદ કરવાની છે તે પણ વાર્તાનો અંત ધ્યાનમાં રાખીને જ કરવાની હોય છે. ટૂંકી વાર્તામાં આવતો અંત નવલકથાના અંત જેવો સ્પષ્ટ અને વિગતપૂર્ણ હોતો નથી. વાચકે ન

ધાર્યો હોય એવો ને છતાં પ્રતીતિજનક અંત આવે ને વાર્તા પૂરી થાય એ નવલિકાનું મહત્ત્વનું લક્ષણ. એકાંકીના જેવો નાટ્યાત્મક અંત એમાં હોવો જોઈએ. વાત પૂરી થાય, રહસ્યસ્ફોટ થઈ જાય, પ્રસંગ આલેખન પૂર્ણ થાય કે તરત જ વાર્તાનો અંત આવવો જોઈએ.

**(5) મુખ્ય ઘટનાઓનું તત્ત્વ :**

ટૂંકી વાર્તા રસપ્રદ બને એ માટે એમાં ઘટનાઓ તો આવવી જ જોઈએ અને આ ઘટનાઓના સર્જનમાં અને તેની ગોઠવણીમાં વસ્તુવિધાન રહેલું છે. ઘટનાનું તત્ત્વ અને તેમાંથી પરાકાષ્ઠાની તરફ જતા કાર્યનો અપેક્ષા વાર્તામાં રહે છે. નવલિકા માટે નક્કી થયેલું લક્ષણ માત્ર એક જ છે અને તે એ કે એના કેન્દ્રસ્થાને એક જ ઘટના છે. જેમાંથી સમગ્ર અસરની એકતા ઊભી કરવામાં આવે છે. ગૌણ ઘટનાઓએ મોટે ભાગે ટૂંકી વાર્તાઓમાં સ્થાન નથી. આમ, ઘટના એ ટૂંકી વાર્તાનું આંતરલક્ષણ છે. જેટલા 'સ્વાભાવિક' અને 'જરૂરી' હોય એટલા જ બનાવો અને તે પણ એક જ જાતની અસર ઉપજાવે તેટલા જ ટૂંકી વાર્તાઓ હોવી જોઈએ. બનાવો પ્રતીતિકર હોવા જોઈએ. બનાવો અંતે પ્રગટે તે જ વાર્તા. હવે તો ઘટનાઓને દૂર કરીને પણ વાર્તાઓ લખાવા લાગી છે.

**(6) ઓછા સંવાદો :**

જીવનમાં જેમ આકર્ષક વાર્તાલાપની કલા સિદ્ધ કરવાની જરૂર છે તેમ ટૂંકી વાર્તાના લેખકે પણ સંવાદકલા પોતાના સર્જન માટે સાધ્ય કરવી જોઈએ. સંવાદ સ્વાભાવિક અને પ્રતીતિકર હોવો જોઈએ. એની સાથે એ અસાધારણ આવેગપૂર્ણ અને ચમત્કારપૂશ્રણ પણ હોવો જોઈએ. સંવાદની બીજી આવશ્યકતા છે અનુરૂપતા. સંવાદ વધુ સૂત્રાત્મક, સૂચનાત્મક અને તીવ્ર હોવો જોઈએ. ટૂંકી વાર્તામાં લાંબા સંવાદને અવકાશ નથી. પરિસ્થિતિના નિરૂપણ માટે સંવાદો હોય છે. તે આકર્ષક, ચમકીલા અને ધારદાર હોવા જોઈએ. ઉત્તમ વાર્તાઓમાં સંવાદના પ્રમાણને એની મર્યાદામાં જ રાખવામાં આવ્યું હોય છે.

**(7) પાત્રો અને પ્રસંગોનું પ્રમાણ પણ ઓછું :**

મોટે ભાગે ટૂંકી વાર્તામાં એક પાત્રના જીવનમાં એકાદ બનાવથી કેયું પરિવર્તન થઈ જાય છે તે નાટ્યાત્મક રીતે દર્શાવવામાં આવે છે. વાર્તાકાર સ્થળ અને વાતાવરણની વચમાં પોતાના મુખ્ય પાત્રને મૂકી તેના ઉંમર ધ્યાન કેન્દ્રિત કરે છે. અનેક ગૌણ પાત્રોને વાર્તાકાર જતાં કરે છે. ટૂંકી વાર્તા પાત્રના જીવનની થોડીક ઝાંખી જ કરાવી શકે, તેનું સફળ જીવનવૃત્તાંત આપી શકે નહિ. વાર્તાકાર પાત્રના જીવનને ટૂંકાવે છે અને એમ કરવામાં નાના પ્રસંગો અને નાની વિગતોને સ્થાન આપી શકે નહિ.

'વાર્તા મુખ્ય પાત્રનું પૂરેપૂરું વ્યક્તિત્વ્ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. તેની પાછળ ભોંયમાં આખો સમાજ, સમાજના વર્ગો કે વ્યક્તિઓ અને તેની પણુ પાછળ અત્યંત ઝાંખી રીતે આખું 'જગત' રહેલું હોય છે.''1

પાત્રો સ્વાભાવિક હોવાં જોઈએ, જીવંત હોવાં જોઈએ. પાત્રો દ્વારા વાર્તા પુષ્ટ થાય છે. પાત્રો દ્વારા લોકમાનસનું દર્શન થવું જોઈએ. પાત્રનું વર્ણન સપ્રમાણ અને જરૂર પૂરું જ હોવું જોઈએ.

**(8) વિચાર-ઐક્ય :**

ટૂંકી વાર્તાની આકૃતિ અખંડ રાખીને વાર્તાકારે ખંડદર્શન કરાવવાનું હોય છે. એમાં વિચાર-ઐક્ય જળવાઈ રહેવું જોઈએ અને કથાના તાણાવાણા પર એકબીજા સાથે સુઘટ્ટ રીતે સંકળાતા જવા જોઈએ.

આમ, વસ્તુપસંદગી, વસ્તુ-ગૂંથણી, પાત્રનિરૂપણ, વાતાવરણ વગેરે પણ નવલિકાનાં મહત્ત્વનાં અંગો છે. પરિસ્થિતિ અને પાત્રના કાર્યને સમજવા માટે જેટલી ભૂમિકા આવશ્યક છે તેટલી ભૂમિકા વાતાવરણ સર્જે છે. આ વાતાવરણ સાવધાનીપૂર્વક સર્જવું જોઈએ.

**વાર્તાના પ્રકારો :**

ટૂંકી વાર્તાનું મુખ્ય્ પ્રયોજન વાચકનાચિત્ત ઉપર ઘેરી છાપ પાડવાનું છે.

વાર્તાના વિવિધ પ્રકારો છે જેવા કે પ્રશ્નપ્રધાન વાર્તા, પાત્રપ્રધાન, પ્રસંગપ્રધાન, વાતાવરણપ્રધાન, રહસ્યભરી કે જાસૂસી વાર્તા, ઐતિહાસિક વાર્તા, સામાજિક વાર્તા વગેરે.

**પાત્રપ્રધાન વાર્તા :**

મુકુન્દરાય, પોસ્ટ ઓફિસ, અગ્નિહોત્રી વગેરે.

**વાતાવરણપ્રધાન :**

રજપૂતાણી, પૃથ્વી અને સ્વર્ગ, સૌરાષ્ટ્રની રસધાર વગેરે.

**રહસ્યપ્રધાન વાર્તા :**

ચિઠ્ઠી, જક્ષણ વગેરે.

ટૂંકી વાર્તાને ગદ્યદેહે વિચરતું ઊર્મિકાવ્ય કહેવામાં આવ્યું છે. ટાગોર, ધૂમકેતુ, સ્નેહરશ્મિએ આવી વાર્તાઓ આપી છે.

**વિકાસ :**

આજની ટૂંકી વાર્તાનો આરંભ 1913માં 'મલયાનિલ'ની 'ગોવાલણી'થી થયો હોવાનું મનાય છે. ટૂંકી વાર્તાના પહેલા તબક્કાના વાર્તાકારો છે શ્રી મુનશી અને શ્રી ધનસુખલાલ.

ધૂમકેતુના તણખામંડળ' થી બીજો તબક્કો શરૂ થાય છે. દ્વિરેફ, મેઘાણી, ર. વ. દેસાઈ વગેરે આ તબક્કા (ગાંધીયુગ)ના સર્જકો છે.

ઉમાશંકર, સુંદરમ્, પન્નાલાલ, પેટલીકર, બ્રોકર, મડિયા વગેરે ત્રીજા તબક્કાના સર્જકો છે.

ચોથા તબક્કામાં સુરેશ જોશી, મધુરાય વગેરે આવે છે. આ તબક્કાની વાર્તામાં 'વાર્તાતત્ત્વ' ઓછું ને 'મનોવિશ્લેષણ' વિશેષ છે. ચમત્કૃતિ, નવીન શૈલી, ઘટનાનો લોપ, જાતીય આલેખન વગેરે આ તબક્કાની વાર્તાનાં લક્ષણો છે.

ચંદ્રકાંત બક્ષી અને રાવજી પટેલની વાર્તાઓ ચોથા તબક્કાથી સહેજ જુદી રહે છે.

ટૂંક સમયમાં જ ગુજરાતી નવલિકાએ વિવિધ સ્વરૂપો ધારણ કરી આગવી પ્રતિભા પ્રગટાવી છે.

શ્રી ધીરુભાઈ ઠાકર ટૂંકી વાર્તા વિષે લખે છે : "....જો એનામાં દૈવંત હોય તો થોડી પળોમાં જ એ વાચકનાચિત્તને ચેતનમાં બકોળાયાનો આનંદ આપે છે. સારી વાર્તાઓનો સંગ્રહ બાલસૂર્યના બિંબમાંથી પ્રગટ થતા ચેતનના ફુવારાઓની માફક જીવનના અનેકદેશીય મર્મોને સ્ફુટ કરીને વાંચનારને ઉત્કટ આનંદ રોમાંચનો સતત અનુભવ કરાવે છે. ટૂંકા સાહિત્યસ્વરૂપો દ્વારા જીવન અને કલાનું પરસ્પર સામીપ્ય શીઘ્ર અનુભવાય છે."

**2.7.2 નવલકથા**

નવલકથા છેલ્લાં પોણોસો વર્ષનું સર્જન હોવા છતાં એણે પોણોસો વર્ષના ટૂંકા ગાળામાં આપણા જીવનમાં જે સ્થાન જમાવ્યું છે તે અદ્ભુત કહી શકાય. નાનામોટા સૌને એ આનંદ આપનારી કલા છે અને તેથી જ એ સૌથી વધુ લોકપ્રિય પણ છે. એમાં વૈવિધ્ય હોવાને કારણે દરેક મનગમતી રોમાંચક વાર્તા મળી રહે છે. એનું મુખ્ય પ્રયોજન આનંદ આપવાનું છે. આમ છતાં, સાચી કલા એથી વિશેષ છે. નવલકથા મુખ્યત્વે જીવનદર્શન કરાવે છે.

**વ્યાખ્યા :**

નવલકથાનું સંવિધાન ચોક્કસ વ્યાખ્યાની મર્યાદામાં, અમુક વિશેષણો તથા અપેક્ષાઓના નિદર્શન દ્વારા સ્પષ્ટ અને ચોક્કસ રીતે સમજાવી શકાય તેમ નથી.

શ્રી ફિલ્ડિંગ નવલકથાને *'A comic epic in prose'* કહે છે; ક્લેરા રીવ એને *'picture of real life and manners and of the time in which it is written'* એ રીતે સમજાવે છે. પ્રૉ. વૉરેન એને *'A fictitious narrative which contains a Plot'* કહીને સંતોષ માને છે.

નવલકથા એટલે 'ગદ્યમાં લખેલ અમુક વ્યાપ અને વિસ્તારવાળો વાર્તારૂપ વૃત્તાંત' એમ પણ કહેવાયું છે. આ વ્યાખ્યા પણ પૂરતી નથી. નવલકથાની સમજ મેળવવા માટે એને ટૂંકી વાર્તા અને નાટક સાથે સરખાવવી પડે.

ટૂંકી વાર્તા અને નવલકથા બંને કલ્પનોત્થ ગદ્યકથાના પ્રકારો છે. ટૂંકી વાર્તામાં રોજિંદા એકાદો બનાવ કે એકાદ ખંડ લઈ થોડામાં ઘણું રજૂ કરવાનું (લાઘવની કળા) હોય છે; નવલકથામાં અનેક બનાવો કે અનેક જીવનખંડો હોય છે. નવલકથા વિસ્તારપ્રચુર હોવાથી શિથિલ બંધવાળી કૃતિ બની રહે છે. (નવલિકાની ચર્ચા દરમિયાન બંનેનો ભેદ વિગતે સ્પષ્ટ કર્યો છે.) નાટકમાં પાત્રો ઉપર ભાર હોય છે. એમાં લેખકના સીધા કથનને ઓછો અવકાશ હોય છે, નવલકથામાં સંવાદો કરતાં કથનને વિશેષ અવકાશ છે.

કેટલાંક અભ્યાસીઓ તો, *'The Novel is a form of literature that can be easily identified than defind'* એમ કહી સંતોષ માને છે.

**નવલકથા અને નાટક :**

અર્વાચીન સમયમાં આ5ણે ત્યાં જ સાહિત્યિક વિકસ્યાં છે, તેમાં નવલકથા નાટકની વધારે સમીપ જાય છે. બંનેમાં વાર્તા આવે છે, વ્યક્તિઓનું ચિત્રણ હોય છે અને સમાજજીવનનું દર્શન પણ હોય છે. બંનેમાં કથા એક પાત્રના બીજા પાત્ર સાથેના વ્યવહારથી અથવા ઘર્ષણથી આગળ વધે છે નવલકથામાં કથન હોય છે તો નાટકમાં સાતત્ય જાગવવા સંવાદ હોય છે. આધુનિક નવલકથાઓ નાટકને વધુ મળતી આવે છે.

નવલકથા નાટક કરતાં વિશાળ ફલક ઉપર લખાય છે અને વધારે વિશાળ ક્ષેત્રને આવરી લે છે. ગતિની મંદતા, વિગતોની વિપુલતા, કેટલીક ઘટનાઓની વિશદ્ સમજૂતી, માનસશાસ્ત્રીય ઝીણવટ નવલકથા સહી શકે છે, જે રંગભૂમિ ઉપર સામાન્યતઃ બતાવી શકાતાં નથી.

**નવલકથાનાં ઘટકતત્ત્વો :**

**(1) વસ્તુ (Plot) :**

નવલકથાનું મુદ્દાનું પ્રથમ અંગ એનું વસ્તુ છે. જૂની નવલકથાઓ અને આધુનિક નવલકથાઓનો વિચાર કરતાંની સાથે વસ્તુ-વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. જીવનદર્શનના પરમોચ્ચ શિખરથી માંડી સ્થૂળ, નિર્બળ ભાવો સુધી અનેક વિષયો નવલકથાનું વસ્તુ બન્યા છે. વસ્તુ એ વાર્તા નથી. નવલકથામાં આવતા બનાવોની પરંપરાથી આપણે વસ્તુને તારવી શકીએ. વસ્તુ એટલે નવલકથાનો મુખ્ય અથવા મધ્યવર્તી વિચાર, એનુ ક્લેવર, જેની આજુબાજુ વાર્તા ગૂ/થાઈ હોય ! તે નવલકથાનો આત્મા છે. નવલકથાનો વિષય જીવન છે, છતાં સમગ્ર જીવનનું નિરૂપણ મુશ્કેલ છે એટલે નવલકથાકારે વસ્તુની પસંદગી કરવી પડે છે. આ પસંદગી માટે નવલકથાકાર પોતાનાં વાચન, અવલોકન, સાંભળેલી હકીકતો વગેરે ઉપર આધાર રાખે છે. નવલકથાઓમાં માનવ-ઊર્મિઓ, અભિપ્સાઓ, નિર્બળતા, ઘર્ષણો વગેરે રજૂ થાય છે. આમ, નવલકથાનું ક્ષેત્ર સમગ્ર માનવઅનુભવો તથા માનવભાવિને આવરી લે છે.

**(2) પાત્રલેખન :**

વસ્તુ પછી પાત્રાલેખન એ નવલકથાનું અગત્યનું પાસું છે. જીવન, જગત અને મનુષ્યસ્વભાવને સમજવા માટે પાત્રો ઘણાં ઉપયોગી છે. નવલકથામાં જે કંઈ ઘટનાઓ બને છે તે વ્યક્તિઓ વિશે અને વ્યક્તિઓ દ્વારા બને છે. આ વ્યક્તિઓ પાત્રોરૂપે આવે છે. પાત્રો જીવંત અને સબળ હોય તો નવલકથાની ઊણપો ઢંકાઈ જાય.

જગતમાં સ્વભાવ અને માનસનું જેટલું વૈવિધ્ય છે તેટલું પાત્રોનું વૈવિધ્ય સર્જી શકાય. પાત્રો સારાં હોય, નરસાં હોય અને સારાનરસાનાં મિશ્રણવાળાં પણ હોય. પાત્રો વિવિધ વર્ગોના પ્રતિનિધિ બનીને આવતાં હોવા છતાં એને નિરાળું વ્યક્તિત્વ પણ હોય છે. નવલકથાનાં પાત્રો વાસ્તવિક જીવનનાં મનુષ્યો કરતાં પણ વધુ પૂર્ણ લાગે છે. નવલકથાનાં પાત્રોને આપણે પોતીકાં કરી લઈએ છીએ. એમના વિચારો, આકાંક્ષાઓ, ગમા-અણગમાનું પાત્રલેખનમાં સ્પષ્ટ નિર્દેશ જળવાવું જોઈએ. માનવસ્વભાવ, તેના આચાર-વિચાર, ભાષા, લાગણી વિશેનું જ્ઞાન, વિભાવનની ઉત્કટતા અને સર્જનપ્રતિભા પાત્રસર્જનનાં મહત્ત્વનાં પરિબળો છે. ટૂંકમાં, એ આદર્શરૂપ કે અતિ નિમ્નરૂપ બનવાને બદલે ‘માનવપાત્રો’ બનવાં જોઈએ, પાત્રો વાચકના હૃદયતલ સુધી પહોંચવાં જોઈએ. પાત્રોમાં સુસંગતતા હોવી જોઈએ.

**(3) વાતાવરણ :**

નવલકથામાં વાતાવરણ ઉપયોગી છે એટલું જ નહિ, એ જરૂરી પણ છે. નવલકથાની કલાનું એ અગત્યનું અંગ છે. નવલકથાનું વિવેચન કરતી વખતે આ શબ્દ પ્રયોજાય છે. વાતાવરણ એ એક એવું માધ્યમ છે જે પાત્રોને અને પ્રસંગોને ટકાવી રાખે છે, પોષે છે અને કાબૂમાં પણ રાખી વર્તનરાહ નિશ્ચિત કરે છે. વાતાવરણ, સ્થળ અને કાળને અનુરૂપ હોવું જોઈએ. તે વસ્તુ અને પાત્રો સાથે વણાઈ જવું જોઈએ.

વાતાવરણને ઉપસાવવામાં પ્રકૃતિ, સ્થાપત્ય, સામાજિક રીતરિવાજો, માન્યતાઓ, સંસ્કૃતિ અને સંસ્કારો સહાયક બને છે. વાતાવરણનો કુશળતાપૂર્વક ઉપયોગ થાય તો નવલકથાનો એ શણગાર બને છે. કાર્યને તથા પાત્રા-લેખનને મદદ કરે છે અને વાચકના રંસાસ્વાદને તીવ્ર બનાવે છે. વાતાવરણ નવલકથાનું સાધ્ય નહિ પણ સાધન છે. વિશિષ્ટ વાતાવરણ જોવા મળતું હોય એવી નવલકથાઓમાં સાહસની, લશ્કરી જીવનની, દરિયાઈ જીવનની, ગુનાઓની, ગ્રામ્ય અને શહેરી જીવનની નવલકથાઓ આવી શકે.

**(4) સંવાદો :**

સંવાદ પ્રસંગની વિશિષ્ટતા અને પાત્રનું વ્યક્તિત્વ દર્શાવવાનું સબળ સાધન છે. પાત્રોનાં માનસ અને વિચાર વાર્તાકાર સંવાદ દ્વારા દર્શાવી શકે છે. સંવાદો સ્વાભાવિક અને પ્રસંગોચિત હોવા જોઈએ. સંવાદનો વિવેકપૂર્વકનો ઉપયોગ નવલકથામાં નાટ્યાત્મક અસર સર્જી શકે. સંવાદ અણિયાળોને સચોટ હોવો જોઈએ. આડંબરી કે ભાષણિયા સંવાદ ક્ષતિયુક્ત ગણાય. એમ થાય ત્યારે એમાં શિથિલતા, નીરસતા, અસાહિત્યિકતા આવી જાય.

પાત્રનિરૂપણમાં દશ્યો ઉત્પન્ન કરવામાં અને પરિસ્થિતિને આસ્વાદ્ય બનાવવામાં કે નિર્મેલી સંસ્થિતિને સંકેલી લેવામાં ધાર્યું કામ આપનારું સાધન છે. સંવાદની ભીતરમાં જ નવલકથાનું કાર્ય સહેલું હોય છે. પાત્રોની જીવંતતા સંવાદને કારણે જ ઊપસે છે. શ્રી મુનશીએ નવલકથામાં સંવાદનો સફળ ઉપયોગ કર્યો છે.

**(5) શૈલી-કથનકલા :**

જોરદાર કથનકલા ઉત્તમ નવલકથાકારનું આવશ્યક લક્ષણ છે. વ્યક્તિએ શૈલી જુદી હોઈ શકે – હોવી જોઈએ. કથનને અનુરૂપ વેચીલી, ધીમી કે અંગત ભાષા નવલકથાકારના મનમાં જે રમે છે તે કહેવા માટે જડવી જોઈએ. શૈલી માટે સાધના જરૂરી છે.

**(6) જીવનસમીક્ષા :**

નવલકથામાં જીવનનું પુનઃનિર્માણ થાય છે. જે પ્રત્યક્ષ જીવનમાં ખૂટતું હોય છે તે નવલકથામાં મળે છે. નવલકથા જીવનની સમીક્ષા છે. નવલકથાકારનો વિષય જ જીવન છે એટલે જીવન પ્રત્યેની એની દષ્ટિમાં એમાં નિરૂપાય એ સ્વાભાવિક છે. એમાં લેખકનું જીવનના ચોક્કસ પ્રશ્નો વિશેનું દષ્ટિબિંદુ રજૂ થાય છે. ઉત્તમ નવલકથાઓમાં તો એ જ હોય. જીવનસમીક્ષા ભાવના

સત્યને વફાદાર રહીને કરવામાં આવે ત્યાં સુધી એ યોગ્ય છે. આમ, જીવનદર્શન એ નવલકથાની ફલશ્રુતિ છે. બોધ એનો મુખ્ય ઉદ્દેશ નથી છતાં એ કલાત્મક રીતે તો પ્રગટવો જ જોઈએ.

શ્રી સુરેશ જોશીએ નવલકથા વિશે કહ્યું છે કે કોઈપણ નિશાળિયાની પોથીમાંથી નવલકથા ઘટક અંશોદની યાદી તમને મળી રહેશે. નવલકથાને માનવ-વ્યવહાર સાથે સંબંધ છે. બીજી જટાજાળમાં પડ્યા વગર આપણે કહી શકીએ કે નવલકથાનો વિષય માનવ. મેરી મેકાર્થીએ નવલકથાની સાવ સાદી ઓળખાણ આ રીતે આપી છે : *"A prosebook of a certain thickness that tells a story of real life."*

**પ્રકારો :**

વિષયો અને કદ, આશય અને અંગપ્રાધાન્ય, શૈલી વગેરેને લક્ષમાં લઈને નવલકથાના પ્રકારો પાડવામાં આવ્યા છે. છતાં વર્ગીકરણવૃત્તિ કૃતિને કર્તા બંનેને અન્યાય કરે છે એમ કેટલાક સાહિત્યકારો માને છે.

**નવલકથાના પ્રકારો**

| વિષયોને અનુલક્ષીને | કદને અનુલક્ષીને | આશયને અનુલક્ષીને | અંગ પ્રાધાન્યયને અનુલક્ષીને | શૈલીને અનુલક્ષીને |
|---|---|---|---|---|
| ઐતિહાસિક | લઘુનવલ | વાસ્તવલક્ષી | પાત્રપ્રધાન | નાટ્યાત્મક |
| સામાજિક | બુહત્કથા | ભાવનાલક્ષી | પ્રસંગ પ્રધાન | વર્ણનાત્મક |
| પ્રાદેશિક | | | | ચિંતનાત્મક |
| જાસુસી | | | | |
| પ્રતીકાત્મક | | | | |
| પ્રતિનવલ | | | | |

**વિકાસ :**

1866માં નંદશંકરે મહેતાની 'કરણઘેલો'ના સર્જન સાથે ગુજરાતી નવલકથાનો આરંભ થયો ગણી શકાય. આ પ્રથમ નવલકથા ઐતિહાસિક નવલકથા છે. અંગ્રેજી વાડ્.મયનો સંપર્ક કેળવ્યા પછી આપણે આ નવલકથા મેળવી શક્યા એટલે નવલકથા અનુકરણરૂપે આવેલી નીપજ ગણી શકાય. આ જ અરસામાં શ્રી મહીપતરામ નીલકંઠે લખેલી સઘરા જેસંગ અને 'સાસુ વહુની લડાઈ' સામાજિક નવલકથાઓ છે. શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાએ 'અંધેરી નગરીનો ગંધર્વસેન' નવલકથા આપી.

પંડિતયુગમાં ગુજરાતી સાહિત્યની પ્રથમ સફળ નવલકથા 'સરસ્વતીચંદ્ર' આપણને ગોવર્ધનરામ પાસેથી મળી. એ જ સમયના ભોગીન્દ્રરાવ દિવેટિયા અને નારાયણ વસનજી ઠક્કર પણ ઉલ્લેખનીય નવલકથાકારો છે.

મુનશી નવલકથામાં નિરૂપણરીતિનું નાવીન્ય લઈને આવ્યા. મુનશીએ આ ક્ષેત્રમાં ખૂબ સફળતા મેળવી છે. એમની નવલકથાઓ સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક એમ ત્રણ વિભાગોમાં વહેંચાઈ શકે. લેખકનું વ્યક્તિત્વ્ એ નવલકથાઓમાં પ્રબળતાથી આવિષ્કાર પામ્યું છે. એમણે પ્રથમવાર સુલિષ્ટ સ્વરૂપવાળી નવલકથાઓ સર્જી. આકર્ષક કથનશૈલી અને ઝડપી નાટ્યોચિત પ્રસંગોવાળી શૈલીનો એમણે સુમેળ સાધ્યો છે. પ્રસંગોની કલાત્મક ગૂંથણી, નાટ્યાત્મકઘર્ષણ, ધારદારસંવાદ, જીવંત પાત્રાલેખન એ એમની નવલકથાઓની વિશેષતા છે. અર્વાચીન યુગના નવલકથાકારોમાં ર.વ. દેસાઈ, મેઘાણી, ધૂમકેતુ, ચ.વ.શાહ, ગુણવછંતરાય આચાર્ય વગેરેનો સમાવેશ થાય છે.

નવીનોમાં પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ચુનીલાલ મડિયા અને દર્શકનાં નામો ઉલ્લેખનીય

છે. ઈશ્વર પેટલીકરની નવલકથાઓ માનવહૃદયનાં રહસ્યો માટે જાણીતી છે. ઈશ્વર પેટલીકરની નવલકથાઓ ગ્રામજીવનના રંગો લઈને આવે છે. ચુનીલાલ મડિયાની 'ઈંધણ ઓછાં પડ્યાં' અને 'વ્યાજનો વારસ' સુંદર, આકર્ષક નવલકથાઓ છે. દર્શકની ઝેર તો પીધાં છે જાણી જાણી એ 'સરસ્વતીચંદ્ર' પછીની શ્રેષ્ઠ નવલકથા તરીકે પ્રતિષ્ઠા પામી છે.

આ ઉપરાંત સારંગ બારોટ, વિઠ્ઠલ પંડ્યા, રઘુવીર, રાવજી, રાધેશ્યામ શર્મા વગેરેએ પણ નાવીન્યસભર નવલકથાઓ આપી છે. સુરેશ જોષીનો ફાળો પણ ઉલ્લેખનીય છે.

ગુજરાતી સાહિત્યની નવલકથાની સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો ખૂબ સમૃદ્ધ છે પણ સાત્ત્વિકતાની દૃષ્ટિએ એનો વિચાર કરતાં સંતોષપ્રદ નથી. આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ સાચા સર્જકો છે અને એમાંના કેટલાકની જૂજ કૃતિઓ મનભર અને મનહર થઈ શકી છે.

**(9) નાટક :**

સાહિત્યમાં બધાં સ્વરૂપોમાં નાટ્ય વિશિષ્ટ પ્રકારનું સ્વરૂપ છે. નવલકથા કે નવલિકા જેવાં અન્ય સાહિત્યસ્વરૂપોની માફક નાટક કેવળ લખેલા શબ્દો ઉપર એની અસરને માટે આધાર રાખતું નથી. નાટકની સંપૂર્ણ અસર અનુભવવાને માટે સર્જક, અભિનેતાઓ અને પ્રેક્ષકો એમ ત્રણની અપેક્ષા રહે છે. આ દૃષ્ટિએ નાટક બીજી કલાઓ કરતાં વધુ લોકપ્રિય કલા છે, લોકોની વધુ નજીક છે.

**નાટક અને નવલકથા :**

વસ્તુપસંદગી એ નવલકથાની માફક નાટકની કસોટી બને છે. નાટકકાર નવલકથાકાર કરતાં આ બાબતમાં ઓછો સ્વતંત્ર છે. નવલકથાકાર પોતાની કૃતિને ગમે તેટલી લાંબી કરી શકે છે. નાટકકારને અમુક હદમાં જ રહેવું પડે છે. નવલકથા એક જ બેઠકે પૂરી કરવા સર્જાયેલી નથી. અવકાશે ગમે તેટલી બેઠકે એ પૂરી થઈ શકે. એની આવશ્યકતા માત્ર એટલી જ કે એમાં રસનું તત્ત્વ સતત જળવાયેલું રહે અને ભાવકને પોતાના વાચનને પૂર્ણ કરવા પ્રેરે. નાટક એક જ બેઠક અને તે પણ બે કે ત્રણ કલાકના ગાળામાં જ પૂરું થવું જોઈએ. પ્રેક્ષકની શક્તિને મર્યાદા હોય છે. સંક્ષિપ્તતા એ નાટકનું પહેલું લક્ષણ છે.

નાટ્યકારને નવલકથાકાર કરતાં મર્યાદિત ફલક પર પોતાના વસ્તુનું આયોજન કરવું પડે છે. નવલકથાને જે જે વસ્તુઓની સમજૂની આપવી પડે છે તે વસ્તુઓ નાટ્યકાર પોતાનાં પાત્રોના અભિનય પર છોડી દે છે અને રંગભૂમિની સજાવટ નવલકથાકારનાં શાબ્દિક વર્ણનોની જરૂરિયાતને ટાળે છે.

**નાટકનાં અંગો અથવા ઘટકતત્ત્વો :**

નવલકથાની જેમ જ નાટકનાં ઘટકતત્ત્વો પણ દર્શાવી શકાય :

**(1) વસ્તુસંકલના :**

નાટકકારે મર્યાદિત ફલક ઉપર પોતાના વસ્તુનું આયોજન કરવું પડે છે. વસ્તુને સુગ્રથિત કરવું પડે છે. માત્ર મહત્ત્વના બનાવો ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. નાના ફલક ઉપર વસ્તુની રજૂઆત કરવી પડતી હોવાને કારણે પોતાની આયોજનશક્તિને એણે કસવી પડે છે. વસ્તુગૂંથણીના અંગ ઉપર એણે પ્રથમ ધ્યાન આપવું પડે છે. જુદા જુદાં મહત્ત્વનાં દશ્યોમાં નાટકને ગોઠવી આ દશ્યો દ્વારા વાર્તાની અખંડિતતા તેણે જાળવવાની હોય છે.

**(2) પાત્રલેખન :**

નવલકથામાં પાત્રાલેખન જેટલું મહત્ત્વનું છે એટલું જ મહત્ત્વનું નાટકમાં પણ છે. એના ઉપર નાટ્યકૃતિની શ્રેષ્ઠતા અવલંબે છે. પાત્રાલેખનમાં પણ નાટકકારે પોતાના ઉદ્દેશ અને પાત્રાલેખન પૂરા કરવાનાં હોવાથી પાત્રાલેખન ઉપર નાટકકારે વિશેષ ધ્યાન આપવું પડે છે. ઓછાં સૂચનોથી અને સૂત્રાત્મકતાથી પાત્રોનું વ્યક્તિત્વ અંકિત કરવામાં નાટકકારની કુશળતા રહેલી છે.

પાત્રોનું માનસ અને વ્યક્તિત્વ સ્પષ્ટ થવાં જોઈએ. નાટકકકારે તટસ્થપણે પાત્રોનું સર્જન કરવું પડે છે, નહિ તો નાટકના રસાસ્વાદમાં તે બાધારૂપ બને.

**(3) સંવાદ :**

સંવાદો વેધક, ટૂંકા અને અણિયાળા હોવા જોઈએ. સંવાદનો વિસ્તાર પાત્રોને જીવંત બનાવી શકતો નથી. સંવાદ પાત્રોના વિચાર, ઉદ્દેશ અને લાગણીને બહાર લાવે છે.

**(4) વાતાવરણ :**

સ્થળ, કાળ વગેરેને અનુરૂપ પાત્ર-વેશ, રિવાજો, માન્યતાઓ વગેરેનું નાટકમાં દર્શન થવું જોઈએ. નાટક દશ્ય-શ્રાવ્ય સાહિત્યપ્રકાર છે. તેથી 'સેટિંગ્સ'માં વાતાવરણની જમાવટ પર વિશેષ લક્ષ આપવું જરૂરી છે.

**(5) સંઘર્ષ :**

નાટ્યકલાનો પાયો કાર્યમાં મશગૂલ પાત્રોનું દર્શન કરાવવાનો છે. જ્યાં સુધી પાત્રો અમુક પ્રકારની ગૂંચવણમાં મુકાઈ સંઘર્ષ જન્માવતાં નથી ત્યાં સુધી નાટક ઉદ્ભવી શકતું નથી. સંઘર્ષ બે વ્યક્તિઓ વચ્ચે, લાગણીઓનાં પરસ્પર વિરોધી આંદોલનો વચ્ચે, સંજોગો અથવા ભાવનાઓ વચ્ચે હોઈ શકે. સંઘર્ષની ગૂંચ જ નાટકનું વસ્તુ પૂરું પાડે છે. પાત્રો વધુ સ્મરણીય બને છે સંઘર્ષથી. આમ, સંઘર્ષ એ નાટકનો પ્રાણ ગણી શકાય. સંઘર્ષ જેમ વધુ તીવ્ર બને તેમ વાર્તાની ગતિ પણ વધતી જાય છે. સંઘર્ષ વાસ્તવમાં તો પાત્રે (માનવીએ) અનુભવેલી ખેંચનું નાટ્યાત્મક નિરૂપણ છે.

**(6) શૈલી :**

નાટકમાં નિરૂપ્યપ્રમાણ જીવન જેટલું દશ્યથી અને બનાવથી તેટલું જ, કદાચ તેથી વધારે ભાષાથી રજૂ કરવાનું હોય છે. તેથી ભાષા તત્કાલ, તત્સ્થાનની જ હોવી જોઈએ. પ્રસંગના આયોજનમાં નાટ્યકારની શૈલી અને ભાષાલઢણો છતી થાય છે.

**(7) જીવનદર્શન :**

નાટક જીવનની વ્યવસ્થિત રજૂઆત કરી પ્રેક્ષકોમાં સંવેદનો ઊભા કરે છે. નાટકનું કાર્ય મનોરંજનની સાથે સાથે જીવનનું સમાધાન કરાવવાનું છે. પરિણામે નાટકમાં નીતિબોધ કે વ્યવહારબોધ પણ હોય જ, પરંતુ તે કલાત્મક રૂપે.

**(8) તખ્તાલાયકી :**

તખ્તાલાયકી એ આ વાઙ્મય પ્રકારની ખાસ અને વ્યાવર્તક વિશિષ્ટતા ગણી શકાય. કાવ્ય સંવાદ વર્ણનો પાત્રાલેખન વગેરે ખુરશીમાં પડ્યા પડ્યા માણવા હોય તો કવિતા, નવલકથા, વાર્તા વગેરે છે જ. નાટક તો રંગભૂમિ પર સંસારને જીવતો તાદશ કરી બતાવે છે અને તે બને છે અભિનયના બળને કારણે. નાટક ભજવાય એમાં જ એની --તિક્તવ્યતા છે. તખ્તાલાયકી માટે સેટિંગ્સ, દશ્ય-આયોજન, રંગભૂમિની સભાનતા, નટની ભજવણીની શક્યા-શક્યતા વગેરેનો નાટ્યકારે વિચાર કરવો જોઈએ.

**(9) રસનિષ્પત્તિ :**

નાટકનું મુખ્ય કાર્ય અભિનય દ્વારા રસનિષ્પત્તિ છે. એ ભિન્ન ભિન્ન રસસૃષ્ટિના આયોજન દ્વારા સધાય છે. કાવ્યની પેઠે નાટકમાં પણ શબ્દાર્થનું સારતત્ત્વ છે અને તેથી જ તે સાહિત્યનો પ્રકાર ગણાય છે.

**(10) ત્રિવિધ-ઐકય :**

નાટકમાં સમય, સ્થળ અને ક્રિયા એમ ત્રણેનું ઐક્ય જરૂરી છે. એ જળવાવું જ જોઈએ એમ કેટલાક માને છે. છતાં એ આભૂષણરૂપે ભલે હોય, અનિવાર્ય અંગ નથી એમ કહી શકાય.

ટૂંકમાં, નાટકનું સ્વરૂપ અતિ પ્રાચીન છે. '**काव्येषु नाटकं रम्यं**' એ ઉક્તિ નાટક સાહિત્યકલાનું વિશિષ્ટ સ્વરૂપ છે એમ બતાવે છે.

**પ્રકારો :**

વિષયને અનુલક્ષીને નાટકનાઐતિહાસિક, સામાજિક, પૌરાણિક એવા વિભાગ પાડી શકાય. રસ ઉપરથી પણ નાટકનાપ્રકારો દર્શાવાયા છે. જેમાં ઉલ્લાસ, આનંદ, શૃંગાર વગેરે રસોનું પ્રાધાન્ય હોય તેને સુખાન્તિકા, કરુણ રસનું પ્રાધાન્ય હોય. તેને કરુણાન્તિકા કહે છે. હાસ્ય-મશ્કરીનું તત્ત્વ વધુ હોય તેને પ્રહસન કહે છે. સ્વરૂપ અને વિષયથી દૃષ્ટિએ કોમેડી તથા ટ્રેજેડીના બે પેટા વિભાગો પાડી શકાય : ક્લાસિકલ અને રોમેન્ટિક.

**વિભાગો :**

સામાન્ય રીતે નાટકના પાંચ વિભાગો જોવા મળે છે : (1) આમુખ (2) પ્રારંભિક પ્રસંગ (3) વિકાસ (4) પરાકાષ્ઠા (5) નિર્ણય અને અંત.

**ગુજરાતી સાહિત્યમાં નાટકનો વિકાસ :**

નાટકના પહેલા તબક્કામાં આપણને 'રાઈનો પર્વત' અને 'કાન્તા' મળ્યાં, એ નાટકોએ ભવાઈમાંથી પ્રેરણા લીધી છે. ડાહ્યાભાઈ ધોળશાજીનો ફાળો પણ ઉલ્લેખનીય છે. નાનાલાલ, ચંદ્રવદન મહેતા, મુનશીએ એને પુષ્ટિ આપી. ગુજરાતી નાટકમાં શિવકુમાર, મડિયા, ચંદરવાકર, જયંતિ દલાલ, દામુ સાંગાણી, પ્રાગજી ડોસા, ફિરોઝ આંટિયા અને પન્નાલાલ પટેલ વગેરેનો ફાળો ખૂબ જ નોંધપાત્ર છે.

**(10) એકાંકી :**

આધુનિક લેખકોને પ્રિય અને રેડિયો તથા જનતાની માગથી વેગ પામેલો નાટ્યપ્રકાર તે એકાંકીનો છે. છેક 1922માં બટુભાઈ ઉમરવાડિયાએ 'લોમહર્ષણી' લખીને ગુજરાતી એકાંકીના શ્રીગણેશ માંડ્યા એમ કહી શકાય. આ સાહિત્યપ્રકાર નવલિકા અને ખંડકાવ્યને મળતા આવે છે. બહુ ટૂંક સમયમાં એકાંકીએ પોતાનું આગવું રૂપ ધારણ કરી લીધું છે.

એકાંકીની સફળતાનો આધાર અનુભવની ઉત્કટતા પર, લાગણીની તીવ્રતા પર રહેલો છે. એકાંકીને સ્વતંત્ર કલાસ્વરૂપ આપે તેવું એ જ તેનું એક અંતરતત્ત્વ છે. લાંબા પથરાટવાળા ત્રિઅંકીમાં સાગરનાં મોજાંની માફક લાગણી એક સ્થાનેથી બીજે સ્થાને હિલોળા લેતી દોડતી હોય છે. એકાંકીની અંદર વસ્તુનું જીવાતુભૂતતત્ત્વ, ઊંડી અનુભૂતિરૂપે અજબ પલટો ખાઈને લક્ષ્યવેધી બાણની માફક બનાવની ભીતરમાંથી સદ્ય છૂટીને ભાવકના હૃદયમાં સોંસરું ઊતરી જાય છે. આમ, એકાંકી ધ્યેયલક્ષી હોય છે. એમાં સ્થળાંતર કે વિષયાંતરને અવકાશ નથી. વીજળીના ઝબકારાની પેઠે એકાંકી એક જ દૃષ્ટિબિંદુ રજૂ કરે છે. તેથી એકાંકીકાર વિહરી શકતો નથી. એકાંકી દશ્યશ્રાવ્ય છે. અલ્પ સાધનો અનેક થોડા સમયમાં એ ધ્યેય-લક્ષ્યની સિદ્ધિ કરે છે, એ એની વિશેષતા છે. મૂળ તો લાંબાં નાટકોની વચ્ચે આડકથારૂપે જ એકાંકી મુકાતું. સળંગ નાટક સાથે એને બીજો કોઈ સંબંધ ન હતો, પરંતુ અસ્તિત્વમાં આવ્યા પછી એકાંકીએ થોડા જ સમયમાં આગવી દીપ્તિ પ્રગટાવી છે.

**વિશેષતાઓ :**

– સમય અને સ્થળના નાના સરખા વ્યાપમાં રમે છે.

– નિશ્ચિત રહસ્યસ્ફોટ થતાં જ વિલય પામે છે.

– ઘણા નાના ફલક પર બહુ જૂજવાં રૂપ બતાવે છે.

– કેન્દ્રગામી અને ધ્યેયલક્ષી છે.

**લક્ષણો :**

વસ્તુસંકલના, પાત્રો, સંવાદો, સંઘર્ષ, તખ્તાલાયકી વગેરે એકાંકીના લક્ષણો છે જે નાટકનાં લક્ષણોને જ મળતાં આવે છે. આમ છતાં એકાંકીનું કાર્ય છે ચોટદાર ધ્યેયલક્ષ્યની ઓછાં સાધનો અને ઓછા સમયમાં સિદ્ધિ.

**એકાંકી અને નવલિકા :**

એકાંકી ઘણી બધી બાબતોમાં નવલિકાને મળતી આવે છે. નવલિકા બહુ ટૂંબકા ફલક પર કેન્દ્રગામી પ્રસારણ કરતી હોય છે. રહસ્યફોટન અને ધ્વનિ એનું લક્ષ્ય હોય છે. સ્થળાંતર કે વિષયાંતર માટે એમાં અવકાશ નથી. એકાંકીનું પણ એવું જ કહી શકાય. એકાંકી ઝાઝી લપછણમાં પડતી નથી. એ એક જ દષ્ટિબિંદુ રજૂ કરે છે. પાત્રો, સંવાદો, ઘટના, રહસ્ય, ધ્રુવબિંદુ વગેરે બાબતો બંનેમાં સમાન છે. આમ છતાં નવલિકા શ્રાવ્ય છે જ્યારે એકાંકી દશ્ય છે; વાર્તાકારને વિહરવાની તક હોય છે, એકાંકીકારને એ નથી.

**એકાંકીનો વિકાસ :**

એકાંકી ઘણી બધી બાબતોમાં નવલિકાને મળતી આવે છે. નવલિકા બહુ ટૂંકા ફલક પર કેન્દ્રગામી પ્રસારણ કરતી હોય છે. રહસ્યફોટન અને ધ્વનિ એનું લક્ષ્ય હોય છે. સ્થળાંતર કે વિષયાંતર માટે એમાં અવકાશ નથી. એકાંકીનું પણ એવું જ કહી શકાય. એકાંકી ઝાઝી લપછપમાં પડતી નથી. એ એક જ દષ્ટિબિંદુ રજૂ કરે છે. પાત્રો, સંવાદો, ઘટના, રહસ્ય, ધ્રુવબિંદુ વગેરે બાબતો બંનેમાં સમાન છે. આમ છતાં નવલિકા શ્રાવ્ય છે જ્યારે એકાંકી દશ્ય છે; વાર્તાકારને વિહરવાની તક હોય છે, એકાંકીકારને એ નથી.

**એકાંકીનો વિકાસ :**

1920-22ના આરસામાં બટુભાઈ ઉમરવાડિયા અને યશવંત પંડ્યાને હાથે ગુજરાતી સાહિત્યને સૌ પ્રથમ એકાંકી પ્રાપ્ત થયાં છતાં એને કેટલીક મર્યાદાઓ હતી. આપણા એકાંકીના ઉત્કર્ષનું બીજું સોપાન તે શ્રી ઉમાશંકર જોશીનાં નાટકો છે. એમના ‘સાપના ભારા’ એ ગુજરાતી એકાંકીનું પહેલવહેલું સુઘડ સ્વરૂપ ઘડી આપ્યું. આમાં તીવ્ર અને કરુણ સંવેદન છે. ગુજરાતી એકાંકીના વિકાસનો શ્રેષ્ઠ ઉન્મેષ સાપના ભારામાં જ પ્રતીત થાય છે. ગુજરાતી એકાંકી પર ટાગોરનાં સૂક્ષ્મ રહસ્યલક્ષી નાટકોની છાયા કૃષ્ણલાલ શ્રીધરાણી લાવ્યા છે. ‘વડલો’ અને ‘પીળા પલાશ’ કરુણાંત એકાંકીઓ છે. ‘પદ્મિની’ એન ‘સોનાપરી’ પણ તેમણે જ આપ્યાં છે. ઇંદુલાલ ગાંધીએ સારી સંખ્યામાં એકાંકીઓ આપ્યાં છે. એમાં દશ્ય કરતાં શ્રાવ્ય તત્ત્વ વિશેષ છે. કાવ્યતત્ત્વનું એમાં પ્રાધાન્ય છે. ચમકીલા સંવાદો અને વિષયની નવીનતાને કારણે યશવંત પંડ્યાનાં નાટકો (એકાંકી) આકર્ષક બન્યાં છે, દુર્ગેશ શુક્લના ‘ઉત્સવિકા’, ‘ઉલ્લાસિકા’, ‘સુંદરવન’, ‘પલ્લવી પરણી ગઈ’ એ જાણીતાં એકાંકીઓ છે.

છેલ્લા બે અહી દાયકા દરમિયાન એકાંકીનો ફાલ પ્રમાણમાં સારો ઊતર્યો છે. જયંતિ દલાલ, યશોધર મહેતા, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોષી વગેરેએ એકાંકીના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પ્રાગજી ડોસા, જશવંત ઠાકર, પુષ્કર ચંદરવાકર, પન્નાલાલ પટેલ, ગુલાબદાસ બ્રોકર, રંભાબહેન ગાંધી વગેરેએ પણ આ ક્ષેત્રમાં સારું એવું ખેડાણ કર્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર બ્રજિત શાળા-મહાશાળાની હરીફાઈઓએ પણ આ ક્ષેત્રમાં સ્ફૂર્તિ આણી છે. આજે જે એકાંકીઓ લખાય છે તેમાં તખ્તાલયકી બહુ જ ઓછી છે એવો એક સૂર છે. આમ છતાં આજ સુધીમાં આપણને જે વિવિધ એકાંકીઓ મળ્યાં છે એના ઉપરથી એના ઊજળા ભાવિની આશા સહેજે જન્મે છે.

**(11) રેડિયોનાટક :**

એકાંકીકાર માટે રેડિયો એક વિશાળ ક્ષેત્ર છે પણ તખ્તા માટે નાટક લખવું અને રેડિયો માટે નાટક લખવું એ ભિન્ન ભિન્ન કળાઓ છે. બંનેની લેખનકળા, આયોજનકળા અને રજૂઆત કરવાની પદ્ધતિમાં તફાવત છે. વસ્તુ-પસંદગી, વસ્તુનિરૂપણ, પાત્રલેખન અને સંવાદપદ્ધતિ રંગભૂમિનાં

નાટકો અને રેડિયોનાટિકામાં જુદાં જુદાં હોય છે. રંગભૂમિનું નાટક દૃશ્ય અને શ્રાવ્ય બંને હોય છે. રેડિયોનાટિકા માત્ર શ્રાવ્ય છે. રંગભૂમિનાં નાટકનું માધ્યમ તખ્તો છે, રેડિયોનાટિકાનું માધ્યમ માઇક્રોફોન છે.

'એકાંકી અને રેડિયોનાટિકા' વિશેની પોતાની ચર્ચા દરમિયાન શ્રીનંદકુમાર પાઠકે લખ્યું છે કે, "નવલકથાકાર કે નવલિકાકાર પોતાને પસંદ પડેલ ગમે તે વિષય પોતાની કૃતિમાં લાવી શકે છે. રંગભૂમિ માટે લેખક લોકરુચિના પરિચયને લીધે સહેલાઈથી વસ્તુપસંદગી કરી શકે છે પણ રેડિયોલેખકે અદૃશ્ય શ્રોતાઓની અજ્ઞાત રુચિને ધ્યાનમાં રાખી નાટક લખવાનું છે. બંનેની વસ્તુપસંદગીમાં માધ્યમને લીધે અને લક્ષ્યસ્થાનને લીધે ફરક પડે છે. રંગભૂમિના નાટકને પ્રેક્ષકના સમુદાયને અસર કરવાની છે. રેડિયોનાટકે વ્યક્તિને કે વ્યક્તિના થોડા સમૂહ ઉપર અસર કરવાની છે. એકાંકીની જેમ રેડિયોનાટકનો આરંભ ઉપાડ આકર્ષક. ઉદ્‌ઘાટન કાર્યલક્ષી અને વિકાસ ત્વરિત હોવાં જોઈએ. એકાંકીની જેમ રેડિયોનાટિકાએ જે વાત કહેવાની છે તે સીધી રીતે અને સ્પષ્ટતાથી કહેવાની છે. શ્રોતાવર્ગ અદૃશ્ય છે અને અવાજ સિવાય નાટ્યતત્ત્વોને સ્ફુટ કરવાનાં બીજાં સાધનોનો અભાવ છે તેથી વસ્તુ અને સંવાદની ગૂંથણી રેડિયો નાટિકામાં અગત્યની છે.

**તત્ત્વો :**

**(1) સંવાદ :**

રેડિયોનાટક એ પૂર્ણતઃ શ્રાવ્ય નાટક હોવાથી ભાષા, ધ્વનિ, પ્રભાવ અને સંગીતના ઉપયોગને એમાં અવકાશ છે. પરિણામે ભાષા અથવા સંવાદ એ રેડિયોનાટિકાનો પ્રાણ છે. રેડિયોનટિકામાં સંવાદનું મહત્ત્વ વધારે છે તેથી રેડિયોનાટિકામાં સંવાદને આંગિક અભિનયની મદદ નથી. સંવાદનું મહત્ત્વ એ જ રેડિયોનાટિકાનું ભયસ્થાન પણ બની જાય છે. રેડિયોનાટિકા એ માત્ર સંવાદલેખનની કળા એવો ભ્રમ સેવાય છે. હકીકતમાં, રંગભૂમિતા નાટકની જેમ, રેડિયોનાટિકામાં પણ સંવાદને પાત્ર સાથે સંબંધ છે. કાર્ય સાથે સંબંધ છે. વસ્તુવિકાસ સાથે સંબંધ છે. પાત્ર બોલી શકે એવા સંવાદો હોવા જોઈએ. અમુક સંવાદ અમુક પાત્ર જ બોલી શકે અને અમુક પાત્રના મોઢામાં જ શોભે. એવી એની વિશેષતા હોવી જોઈએ. એક જ સંવાદ બધાં પાત્રો ન બોલી શકે. રેડિયોનાટિકાની સમયમર્યાદા ધ્યાનમાં રાખીને સંવાદની માવજત કરવાની હોય છે. એકાંકીની જેમ રેડિયોનાટિકામાં સંવાદના શબ્દો સબળ અને સચોટ હોવા જોઈએ. પ્રત્યેક શબ્દનું તોલ પ્રમાણીને તેને સંવાદોમાં યોજવાનો હોય છે. શ્રી નંદકુમાર પાઠક લખે છે : "...જેવું વસ્તુ, વસ્તુનો જેવો વિકાસ, જેવાં પાત્રો, જેવું પાત્રાલેખન તેવો સંવાદ; સંવાદ ધ્યેયલક્ષી તો હોવો જ જોઈએ... સંવાદોમાં 'ગતિ' જોઈએ અને એ ગતિ શ્રાવ્ય જોઈએ. પાત્ર અવાજને જે રીતે 'વાળવા' માગતું હોય તે રીતે અવાજ 'વળવો' જોઈએ. પાત્રના કંઠની કાબેલિયત રેડિયોનટિકા માટે આવશ્યક છે." સંવાદોમાં સ્વાભાવિકતા અને લયાન્વિતતા પણ આવશ્યક ગુણો બને છે. એ ગુણોથી રેડિયોનાટક ઉચિત વાતાવરણ નિર્માણ કરવામાં સફળ બને છે.

**(2) ધ્વનિ-આયોજન :**

રેડિયોનાટિકામાં ધ્વનિ-આયોજન પણ ખૂબ મોટો ભાગ ભજવે છે. રેડિયોનાટિકાના પ્રસારણ વખતે વિવિધ અવાજો ખૂબ ધ્યાનપૂર્વક રજૂ કરવા પડે છે. સંગીત પણ રેડિયોનાટિકામાં મહત્ત્વનું અંગ છે. દૃશ્ય બદલવાનું કામ પણ સંગીત દ્વારા થઈ જાય છે. દા.ત. શાન્તિ માટે થોડી સેકંડો માટે મૌન્ સંગીતનો પ્રતીકાત્મક ઉપયોગ પણ થાય છે. આવું સંગીત પાત્રોના ઉદ્‌ગારોને વધુ અસરકારક બનાવે છે. સંગીતમાં ભાવોદ્દીપનની અદ્‌ભુત શક્તિ છે. આમ, પાત્રોની મનોદશા વ્યક્ત કરવા વાતાવરણનું નિર્માણ કરવા, ક્રિયાની ગતિશીલતા માટે દૃશ્ય પરિવર્તનમાં આરંભ અને અંતમાં, ઘટનાઓની કડીઓનાં સંધાન માટે, રસનિષ્પત્તિ માટે સંગીત આવશ્યક છે.

**(3) પાત્રો :**

રેડિયોનાટકમાં પાત્રો વિશે પણ પૂરી જાગૃતિ સેવવી પડે છે, કારણ કે પાત્રોનું સંવાદો દ્વારા જે નિરૂપણ થવાનું છે તે અસરકારક હોવું જોઈએ. રંગમંચનાં પાત્રોની માફક આ પાત્રોનું વ્યક્તિત્વ પણ પૂર્ણતઃ અને વ્યાવર્તક રીતે ઉપસવું જોઈએ. પાત્રોની સંખ્યા અંગે રેડિયોનાટકકારે મર્યાદાપૂર્ણ વ્યવહાર કરવાનો હોય છે. બને તેટલાં ઓછાં પાત્રો દ્વારા દુનિયાને એણે સજીવ અને સભર બનાવવાની છે.

**(4) શીર્ષક :**

રેડિયોનાટકમાં શીર્ષકનું મહત્ત્વ પણ ઘણું છે. તે જિજ્ઞાસા પ્રેરક, અસરકારક અને વિસ્મયકારક હોવું જોઈએ.

**(5) સમયમર્યાદા :**

રેડિયોનાટકની સમયમર્યાદા એના સંવિધાનની એક મહત્ત્વની કડી છે. એકાંકી નાટક અને રેડિયોનાટક બંને આ દૃષ્ટિએ સમાન છે.

રેડિયોનાટિકાના શિલ્પ અંગે શ્રી નંદકુમાર પાઠકના શબ્દો મહત્ત્વના છે :

"સાદું, શિષ્ટ નાટ્યાચિત વસ્તુ, વસ્તુમર્યાદાને અનુકૂળ થતાં અને વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતાં પાત્રોની જેમ બને તેમ ઓછી સંખ્યા એ પાત્રોને અને વસ્તુને ઉઠાવ આપતા સ્વાભાવિક અને ચોટદાર સંવાદો, સંવાદો દ્વારા અથવા કાર્ય દ્વારા થતું ત્વરિત પાત્રનિરૂપણ, પાત્રનિરૂપણ દ્વારા થતો ક્રિયાવેગ, સંઘર્ષ, પરાકાષ્ટા અને આ બધાના ફળરૂપ શ્રોતાના મનમાં થતું ભાવસંક્રમણ, રસનિષ્પત્તિ, આ બધી સમૃદ્ધિ રેડિયોનાટિકામાં હોય તો સમયનો પ્રશ્ન એને માટે મૂંઝવનારો થઈ પડતો નથી."

**(12) નિબંધ :**

નવલકથા અને નવલિકાની જેમ પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કમાં આવ્યા પછી જ ગુજરાતી સાહિત્યમાં નિબંધ સ્વીકારાયો છે.

સાહિત્યના ભારેખમપણામાંથી ચિત્ત જ્યારે મુક્ત હોય ત્યારે અને કંઈક સ્મરણોમાં રાચી પોતાને થયેલા અનુભવો વિશે વિચાર કરતું હોય ત્યારે નિબંધ સર્જાય છે. આવાં સ્મરણોમાંથી માનવને પોતાના જીવનની રોજિંદી ઘટનામાંથી ભાગીછૂટી આરામ મેળવવાનું ગમે છે અને એમાંથી જ્યારે લખવાની પ્રેરણા થાય છે ત્યારે નિબંધનું સર્જન થાય છે.

નિબંધનું સ્વરૂપ શોધી કાઢનાર સોળમી સદીમાં થઈ ગયેલો લેખક મોન્ટેઈન છે. નિબંધ એટલે ટૂંકાણમાં અમુક વિષય વિશે વિચારો રજૂ કરવાનો પ્રયાસ એવું એ માનતો. નિબંધની વ્યાખ્યા બાંધવી મુશ્કેલ હોવા છતાં કેટલાક વિવેચકોએ નિબંધની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે. નિબંધની કેટલીક વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

વ્યાખ્યા :

(1) મોન્ટેઈને નિબંધને, "a trial, attempt or endeavour" તરીકે ઓળખાવ્યો છે.

(2) ડૉ. જોનસન નિબંધને "a loose sally of the mind, an irregular, undigested piece, not of the regular orderly performance" તરીકે ઓળખાવે છે.

(3) જેબી. પ્રિસ્ટલી નિબંધને "A genuine expression of an original personality, an artful enduring kind of talk" કહે છે.

(4) ગાર્ડિનર કહે છે, "નિબંધ પોતાના વિચારો ટિંગાડવાની ખીંટીરૂપ છે."

ઉપરની વ્યાખ્યાઓ ઉપરાંત નિબંધ અંગે નીચેના શબ્દોમાં પણ સમજ આપવામાં આવી છે :

"નિબંધ એક એવા પ્રકારની સાહિત્યરચના છે કે જેમાં કોઈ વિશેષ વિષય અથવા વિષયના

પેટાવિભાગ ઉપર સંક્ષિપ્ત નિરૂપણ હોય, અને તેમાં શૈલીની વિશેષતા અને સાથે સાથે મર્યાદાનો નિર્વાહ બંને તત્ત્વો જોવા મળતાં હોય.''

''નિબંધ એક સ્વચ્છંદ સ્વરૂપની રભના છે જેમાં વિષયની મર્યાદા હોવા છતાં તે ઠીક ઠીક વિસ્તૃત હોય, પરંતુ અભિવ્યક્તિ, પ્રકાશન અને સંયમથી સુંદર અને શોભતી હોય.''

આમ, એકંદરે જે સાહિત્યરચનામાં સંગઠન હોય, બુદ્ધિતત્ત્વ હોય, અનાવશ્યક વિસ્તાર ન હોય અને જેમાં વિષય દ્વારા વ્યક્તિત્વના પ્રકાશન થતું રહેતું હોય, તેવી પૂર્ણ, સંક્ષિપ્ત અને વ્યક્તિત્વનિષ્ઠ સાહિત્યરચના એટલે નિબંધ.

લક્ષણો :

– એનું લંબાણ મધ્યસરનું હોવું જોઈએ. લંબાણ લેખકના હેતુ અને એની તે સમયની ચિત્તાવસ્થાથી નક્કી થાય છે.

– પોતાના વિષયને નિબંધકારે સંપૂર્ણતાથી નિરૂપવાનો નથી. એ અર્થમાં નિબંધ અપૂર્ણ કહેવાય છે.

– વિષયોનું વિહંગાવલોકન કરવાનું હોવાથી વધારે વિગતોમાં ઊતર્યા વિના નિબંધકાર પોતાના વિષયની સમગ્ર છાપ આપે છે.

– નિબંધ સૂત્રાત્મક હોય અને તે સાથે એમાં હળવાશ હોય અને એના સર્જકના વ્યક્તિત્વથી એ અંકિત થયેલો હોય તો જ એ નિબંધ સાચો કલાત્મક બને છે.

– નિબંધમાં કશી ઔપચારિકતા વિનાની મુક્તતા હોય છે. નિબંધકારની શૈલી રમતિયાળ હોય છે. નિબંધકાર સરસ રસપ્રદ વાતો કરનાર બને છે. એ નિબંધમાં ટુચકો પણ કહી દે છે અને ચિંતન પણ રજૂ કરી દે છે. અનૌપચારિકતા અને મુક્તતા નિબંધને વધુ રસિક બનાવે છે. નિબંધના વિષય માટે કોઈ મર્યાદા ન હોઈ શકે.

– કલ્પના, અવલોકન તથા મૌલિકતા નિબંધનાં વિશિષ્ટ લક્ષણો છે.

– નિબંધમાં શૈલી માટે જડ નિયમો બાંધી ન શકાય. શૈલી અને વસ્તુને એકબીજાથી અલગ પાડી ન શકાય.

– નિબંધના બંધારણનો એકમાત્ર નિયમ એ છે કે એણે વાચકને આનંદ આપવો જોઈએ.

– નિબંધ આપણને એના સર્જકનું આંતરદર્શન કરાવે છે. આથી જ કેટલાક નિબંધને ઊર્મિકાવ્ય સાથે સરખાવે છે.

**વિવિધ અંગો :**

નિબંધમાં પ્રથમ વિષયપ્રદેશ, મધ્ય ભાગમાં વિષયનો વિકાસ વિચારવિકાસ સાથે થાય અને અંતમાં લેખક અનુમાનો અથવા નિર્ણયો તારવે. નિબંધનું સમાપન એની શરૂઆત કરતાં વધુ સ્વાભાવિક અને અનૌપચારિક હોય છે. નિબંધની પ્રસ્તાવના ટૂંકી અને સીધી લક્ષ્યગામી હોવી જોઈએ, હેતુને સ્પષ્ટ રીતે સૂચવતી હોવી જોઈએ. નિબંધના સમાપનેં વાચકના ચિત્તમાં કોઈક વિચાર, કોઈક તણખો મૌલિક અને વિશિક્ષ્ટ રીતે મૂકી જવો જોઈએ. નિબંધનું અનિવાર્ય અંગ એમાં આવતા જુદા જુદા ફકરાઓ છે. પ્રત્યેક ફકરો એક નાનકડા નિબંધ જેવો હોય છે, કારણ કે એકતા અને સુસંગતતા વગર નિબંધ આસ્વાદ્ય ન બને.

**નિબંધના પ્રકાર :**

નિબંધને ચાર પ્રકારમાં વહેંચવામાં આવે છે : (1) વર્ણનાત્મક (2) કથનાત્મક (3) ચિંતનાત્મક (4) વિવરણાત્મક. હમણાંથી નિબંધનો પાંચમો પ્રકાર વિકસી રહ્યો છે અને તે લલિત નિબંધોનો.

**ગુજરાતી નિબંધસાહિત્યની વિકાસરેખા :**

નિબંધની દિશામાં પહેલવહેલું પ્રયાણ કરનાર નર્મદ હતો. ઈ.સ. 1851માં વંચાયેલો 'મંડળી

મળવાથી થતા લાભ' એ એનો પહેલો નિબંધ. નર્મદે આરંભેલા નિબંધને કલાત્મક ઘાટ આપનાર નવલકરામ છે. નવલરામ પછી બીજું ઉલ્લેખનીય નામ મનસુખરામ ત્રિપાઠીનું છે, પંડિતયુગના સમર્થ નિબંધકારોએ નિબંધને ખેડવા માંડ્યો તે વખતે રણજિતરામ, ચંદ્રશંકર પંડ્યા અને ઉત્તમલાલ ત્રિવેદીએ પણ ગુજરાતી નિબંધો આપ્યા. મણિલાલને સંરક્ષક યુગના નિબંધસાહિત્યના સાચા અધિષ્ઠાતા તરીકે ઓળખવામાં આવે છે. રમણભાઈ નીલકંઠે ગંભીર અને હળવા એમ બંને પ્રકારના નિબંધો આપ્યા છે. આનંદશંકર ધ્રુવે ધર્મ, ફિલસૂફી અને સાહિત્યનું ચિંતન કરતા નિબંધો આપ્યા છે. પંડિતયુગના મહારથી નિબંધકારોમાં બળવંતરાય ઠાકોરનું નિબંધ સાહિત્ય લાક્ષણિક વૈયક્તિકતાવાળું છે. નિબંધશૈલીમાં પરિવર્તન આણ્યું. શ્રી અતિસુખશંકર ત્રિવેદીએ સરળતા અને નિખાલસતા એ એમના નિબંધોના લક્ષણો.

ગાંધીજીના આગમન સાથે નિબંધની શૈલીમાં વિશેષ પરિવર્તન આવ્યું. વાણીવિલાસમાં ઊતર્યા વિના, સાદી સચોટ, સ્પષ્ટ અને પારદર્શક શૈલીથી નિબંધમાં વક્તવ્ય રજૂ થયું. ગાંધીજી દ્વારા શ્રી કિશોરલાલ મશરૂવાળા સંખ્યા અને સત્ત્વમાં સમૃદ્ધ એવા નિબંધકાર છે. એમણે નિબંધને પોતાના વિચારો વ્યક્ત કરવાનું સાધન બનાવ્યું.

કાકા કાલેલકર વર્તમાન યુગના આગળ પડતા નિબંધકાર કહેવાય છે. ગાંધીજીની સાથે જ યાદ કરવા પડે તેવા નિબંધકાર શ્રી કનૈયાલાલ મુનશી છે.

ગુજરાતી નિબંધને વેગ આપવામાં રામનારાયણ પાઠક, વિજયરામ વૈદ્ય, વિશ્વનાથ ભટ્ટ અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો ફાળો નોંધનીય છે. નિબંધકારોમાં (હાસ્યરસિક) શ્રી જ્યોતીન્દ્ર દવેનું નામ પણ ઘણું જાણીતું છે. આ ઉપરાંત ગુજરાતી નિબંધસાહિત્યના વિકાસમાં ફાળો આપનાર લેખકોમાં ગગનવિહારી મહેતા, લીલાવતી મુનશી, વિનોદિની નીલકંઠ, અંબુભાઈ પુરાણી, ઉમાશંકર જોશી અને બકુલ ત્રિપાઠીનાં નામો ગણાવી શકાય. શ્રી ઉમાશંકર જોશી અને ધૂમકેતુએ ગોષ્ઠિ સ્વરૂપના નિબંધોનો નવો જ પ્રકાર આપણા સાહિત્યમાં ખેડ્યો છે.

વર્તમાનપત્રો અને સામયિકોએ પણ નિબંધને ગતિ આપવામાં અને લોકપ્રિય બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. આમ છતાં સ્થળમર્યાદાને કારણે વર્તમાનપત્રોમાં આવતા નિબંધો સૂત્રાત્મક બની જતાં એનું પોત પાતળું થયું છે અને વસ્તુવિચારનું દારિદ્રય પણ આવતું થયું છે. નિબંધ આસ્વાદ આપે, આનંદ આપે તેની સાથે કેટલુંક રહસ્યદર્શન પણ કરાવે છે. એનો હેતુ કેવળ મનોરંજન જ હોઈ શકે નહિ.

આ ઉપરાંત ડૉ. ગુણવંત શાહે ગુજરાતી નિબંધોમાં 'કાર્ડિયોગ્રામ', 'રણ તો લીલાંછમ', 'વગડાને તરસ ટહુકાની', 'સાયલન્સ ઝોન' – જેવા માતબર લલિત નિબંધો આપ્યા છે, જેને સૌનું ધ્યાન ખેંચ્યું છે.

**(13) જીવનચરિત્ર અને આત્મચરિત્ર**

**જીવનચરિત્ર :**

જીવનચરિત્ર એક એવો સાહિત્યપ્રકાર છે કે જે એકી વખતે ઇતિહાસ કે વિજ્ઞાન અને કલાનાં તત્ત્વોનું સામંજસ્ય સાધી જ્ઞાનનિષ્ઠ વાઙ્મય અને કલાનિષ્ઠ વાઙ્મયનાં આસ્વાદની અનુકૂળતા સ્થાપી આપે છે. અમુક ચોક્કસ સ્થળકાળમાં જીવી ગયેલી ચોક્કસ વ્યક્તિઓનાં જીવનનું ઇતિહાસનિષ્ઠ નિરૂપણ કરતો આ વાઙ્.મય પ્રકાર છે. જીવનચરિત્ર એ વ્યક્તિઓની નહિ પણ વ્યક્તિની કથા છે, જે ઇતિહાસથી કેટલેક અંશે જુદી પડે છે. સર એડમન્ડ ગુસ લખે છે : "ચરિત્ર એ જીવનની સાહસભરતાની વચ્ચે ઝઝૂમેલા પ્રામાણિક વાઙ્.મય ચિત્ર છે."

"માનજ-આત્માની ઉત્ક્રાન્તિનું કથાતત્ત્વસભર વૃત્તાન્ત એટલે સાચું ચરિત્ર" અને "સાહિત્યના એક પ્રકાર તરીકે વ્યક્તિના જીવનનો ઇતિહાસ તે જીવનચરિત્ર" જેવી વ્યાખ્યા પણ થઈ છે ચરિત્રપ્રચારની વિશિષ્ટતાઓના તારણરૂપે કહી શકાય કે, "જીવનચરિત્ર એટલે વ્યક્તિના જીવન અને વ્યક્તિત્વનું તેનાં બાહ્યાંતર વિકાસ અને સિદ્ધિ-અસિદ્ધિ સાથે તેના જ યુગની પશ્ચાદ્‌ભૂમિકા ઉપર સાહિત્ય બની શકે એવી શૈલી વડે કરાયેલું કલાયુક્ત જીવંત ચિત્રણ."

**આત્મચરિત્ર :**

આત્મચરિત્ર પણ ચરિત્રવાઙ્.મય સાથે લોહીની સગાઈ ધરાવે છે. ગંભીર અને સત્યપ્રતિષ્ઠા આત્મસમીક્ષા જ આત્મકથા અભિધાનને યોગ્ય ગણાય એમ ડબલ્યુ. એચ. ડન માને છે. આત્મચરિત્રની વ્યાખ્યાઓ નીચે જેવી આપવામાં આવી છે :

(1) સત્ય સૂત્રથી જોડાયેલો વ્યક્તિનો ચિતાર એટલે આત્મકથા.

(2) Autobiography – the life of a person written by himself.

(3) Autobiography is the culminating achievement of scientific self–delineation.

**જીવનચરિત્ર અને આત્મચરિત્ર :**

જીવનચરિત્રમાં વિષય અને લેખક જુદા જુદા હોય છે, જ્યારે આત્મચરિત્રમાં ચરિત્રનાયક જ ચરિત્રલેખક પણ હોય છે. આત્મચરિત્ર એ લેખકના જીવનના અમુક જ વર્ષોની કથા બનીને અટકી જાય, જીવનચરિત્રમાં એમ હોતું નથી. આથી જ આત્મચરિત્ર એ જીવનચરિત્ર જેવું આદિ, મધ્ય અને અંતમાં સંપૂર્ણ નહિ બને. આ મકથામાં માત્ર હકીકતોનો આધાર લઈ શકાય, કલ્પનાને અવકાશ નથી. જીવનચરિત્રનું મંડાણ નક્કર હકીકતો, જીવનનાં વાસ્તવિક સત્યો પર જ થઈ શકે. બંને ચરિત્રમાં જીવનની સામગ્રી તો એકત્ર કરવી જ પડે પરંતુ આત્મકથામાં પોતાના જીવનની સામગ્રી. જ્યારે જીવનચરિત્રમાં કથાનાયકની જીવન-સામગ્રી એકત્ર કરવી પડી. નિર્ભેળ સત્યનું આલેખન એ બંને ચરિત્રસાહિત્યનો પ્રાણ છે. તટસ્થાપૂર્વક અને પૂર્વગ્રહ વગર, ઔચિત્ય અને સૂક્ષ્મ વિવેકબુદ્ધિથી ચરિત્ર રજૂ થવું જોઈએ. એ ચરિત્ર પોતાનું હોય કે અન્યનું. આત્મચરિત્રમાં લેખકને પોતાના મનોભાવોનું વિસ્તૃત અને સૂક્ષ્મ આલેખન કરવાની તક મળે છે. જીવનચરિત્રમાં પણ કથાનાયકના માનસનું ઊંડું દર્શન કરવાવું જોઈએ. બંને ચરિત્રસાહિત્યમાં કથાનાયકની સત્યમય અને પ્રમાણભૂત છાપ કે છબી ઊપસવી જોઈએ. બંને ચરિત્રસાહિત્યમાં પશ્ચાદ્ભૂમિકા તરીકે તે સમયનું સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય જીવન આવી શકે. ચરિત્રસાહિત્ય યુગદર્શન કરાવે છે. શૈલીની દૃષ્ટિએ વિચારીએ તો બંનેમાં રસિકતા અને કલાત્મકતાના ગુણો આવશ્યક છે છતાં તે સત્યની આધારશિલ્રાનો જ આશ્રય લેતાં હોવા જોઈએ.

આમ, આત્મચરિત્રની માંડણી કલ્પનાને બદલે ઇતિહાસુપ સત્ય પર થાય છે. આત્મચરિત્રકારને સામગ્રીસંચય માટે ઓછો પરિશ્રમ લેવો પડે છે. ચરિત્રનાયકના વ્યક્તિત્વને નિરૂપવામાં હકીકતોની સીમિતતાને લીધે જીવનચરિત્ર લખનાર ઘણી મુશ્કેલી અનુભવે છે. આત્મચરિત્રકાર પોતાની જાતને બાહ્યભ્યંતરમાં, કોઈ ન ઓળખે એવાં ઊંડાણ અને વ્યાપ સાથે પિછાણે છે તેથી પોતાનો ચિતાર વધુ સુગમતાથી અને સંપૂર્ણપણે એ આપી શકે છે.

જીવનચરિત્ર કે આત્મકથા ગમે તેટલી ઊંચી નૈતિક ભૂમિકાએ રચાયેલી હોય. એમાં સાહિત્યપ્રકાર તરીકે તો પ્રધાન આકર્ષણ માનવનિરૂપણનું જ હોવું જોઈએ. ચરિત્રકારની વૈયક્તિક પ્રતિભા-આગવી સર્જકતા, ચરિત્રકૃતિના અંશે અંશમાંથી પ્રગટે ઊઠે તો જ ચરિત્ર અનન્યતા પામે.

**મુખ્ય ચરિત્રગ્રંથો :**

નર્મદયુગથી જ ગુજરાતી સાહિત્યમાં બંને પ્રકારના ચરિત્રસાહિત્યનો આરંભ થયો છે, જે ચાલુ જ છે. નર્મદે ‘કવિચરિત્ર’થી આ સાહિત્યની પહેલ કરી. નવલરામ પંડ્યાનું ‘કવિજીવન’ ગુણાઢ્ય ચરિત્રકૃતિ છે. શ્રી મહીપતરામ નીલકંઠે ‘મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર’ આપ્યું. એમણે ‘ઉત્તમ કપોળ કરસનામ મૂળજી ચરિત્ર’ પણ આપ્યું. એ સાહિત્યિક દૃષ્ટિએ આપણી ભાષાનું પ્રથમ ચરિત્ર કરે છે. મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ ‘ફાર્બસ જીવનચરિત્ર’ લખ્યું. સંગમયુગના દૃષ્ટા ગોવર્ધનરામે ‘લીલાવતી જીવન-કલા’ અને ‘નવલરામ જીવનકથા’ એમ બે ચરિત્રો આપ્યાં. નાનાલાલે ‘કવીશ્વર દલપતરામ’ નામનો ચરિત્ર ગ્રંથ આપ્યો. શ્રી કનૈયાલાલ મુનશીએ ‘નરસૈયો’ : ‘ભક્તહરિનો’ અને ‘નર્મદ : અર્વાચીનોમાં આદ્ય’ તેમ બે ચરિત્ર વૃત્તાન્તો આપ્યાં.

શ્રી વિશ્વનાથ ભટ્ટનું 'વીર નર્મદ' નોંધપાત્ર ચરિત્રપુસ્તક છે. કાકાસાહેબ કાલેલકરે 'બાપુની ઝાંખી' આપ્યું.

'મારી હકીકત' (નર્મદ), 'આત્મવૃત્તાન્ત' (મણિલાલ દ્વિવેદી), 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા' (ગાંધીજી) 'સ્મરણયાત્રા' (કાલેલકર),'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ', 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' (મુનશી) 'જીવનનું પરોઢ' (પ્રભુદાસ ગાંધીજી), 'જીવનપથ અને જીવનરંગ' (ધૂમકેતુ) 'બાંધ ગઠરિયાં', 'છોડ ગઠરિયા', 'રંગ ગઠરિયા' (ચન્દ્રવદન મહેતા), 'આત્મકથા', ભા. 1-2-3-4 (ઈન્દુલાલ યાજ્ઞિક) વગેરે જાણીતી આત્મકથાઓ છે.

આમ, ગદ્ય અને પદ્ય ઉભય ક્ષેત્રે અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિવિધ સ્વરૂપે વિકસતું જાય છે.

## 2.8 પદ્યસાહિત્યનાં સ્વરૂપો :

### (1) સૉનેટ :

સૉનેટ અંગ્રેજી પદ્યનો એક પ્રકાર છે. વર્તમાન ગુજરાતી કવિતામાં તેને ઉતારવાના અનેક પ્રયત્નો થયા છે.

અમુક પ્રકારની કાવ્યમય લાગણી કે વિચારની સંક્ષિપ્ત અભિવ્યક્તિ માટે 'સૉનેટ' એ એક ઉત્તમ પ્રકારનું માધ્યમ છે. એનો જ્યારથી ઉદ્ભવ થયો ત્યારથી અત્યાર સુધીમાં અનેક ભાષાના કવિઓ તેના તરફ આકર્ષાયા છે. પેટ્રાર્ક, દાન્તે, શેકસ્પિયર, મિલ્ટન, બ્રાઉનિંગ, વર્ડ્ઝવર્થ, રોઝેટી જેવા કેટલાયે યુરોપીય કવિઓએ સૉનેટને પોતાનું કાવ્યવાહન બનાવ્યું છે.

સૉનેટ એટલે આપણે મન ચૌદ લીટીનું ચોકઠું : જીવન કે કથન ચોકઠામય કેમ પોષાય ? (પ્રો. ગજેન્દ્ર બુચ). સૉનેટ શબ્દ ઇટાલિયન શબ્દ ... (અવાજ)ના લઘુતાવાચક શબ્દ .. (સૉનેટો) પરથી આવ્યો છે. સૉનેટ મૂળ તો વાદ્ય સાથે ગવાતી એક પ્રકારની ટૂંકી કાવ્યરચના હતી. કેટલાક એનું મૂળ ગ્રીક 'એપિગ્રામ' જેમાં એક જ વસ્તુ, વિચાર કે ઊર્મિને આલેખવાનો ઉદ્દેશ હતો તેમાં જુએ છે; તો કેટલાક ચાર પંક્તિના ઇટાલિયન 'સ્ટૉર્નેલો' જેમાં એક વસ્તુસ્થિતિનું વર્ણન અને તે પરથી એક સામ્ય સૂચન થઈ શકે તેમાં જુએ છે. ટૂંકમાં, ચૌદ પંક્તિના અને એક જ વિચાર ધરાવતા ચિંતનપ્રધાન કાવ્યને સૉનેટ કહી શકાય.

**લક્ષણો :**

- સૉનેટમાં ચૌદ જ પંક્તિ હોય છે.
- એમાં એક જ વિષય, વિચાર, ભાવ કે અનુભવ ગંભીર રીતે નિરૂપાયેલો હોય છે.
- અભિવ્યક્તિ સચોટ અને લાઘવયુક્ત હોય છે.
- અંત તીવ્ર હોય છે.
- ગાભીર્ય ટકાવી શકાય એવા છંદનો ઉપયોગ થાય છે.
- સૉનેટને 17 અક્ષરની પૃથ્વી, મંદાક્રાંતા, શિખરિણી જેવા છંદો અનુકૂળ આવે છે.
- સમગ્ર કથયિતવ્યમાં કથન, વળાંક, મરોડ કે ભાવપલટો ને છેવટે ચોટ અનિવાર્ય હોય છે.

**પ્રકાર :**

સર્જકોની નિરૂપણરીતિ ઉપરથી સૉનેટના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.

**1. પેટ્રાર્ક શાઈ સૉનેટ :**

એમાં આઠ પંક્તિઓનું એક અષ્ટક અને છ પંક્તિઓનું એક ષષ્ટક હોય છે. અષ્ટકમાં વિષયમાંડણી અને ષષ્ટકમાં વિચારપલટો આવે છે.

**2. શેક્સ્પિરિયન સૉનેટ :**

4-4-4 લીટીના ત્રણ 'ચતુષ્ટ' અને વિચારપલટાનું બે લીટીનું એક 'યુગ્મ' હોય છે.

**3. અનિયમિત અથવા મિલ્ટનશાઈ સૉનેટ :**

પંક્તિ વિભાગ કે પ્રાસ. અનિયમિત હોય છે. વળાંક, મરોડ કે ચોટ છેલ્લી પંક્તિમાં અથવા 10-11મી પંક્તિઓમાં ગમે ત્યાં આવે છે.

**વિકાસ :**

અર્વાચીન યુગમાં શ્રી. બ. ક. ઠાકોરે ભાવચમત્કૃતિ સાથે શબ્દ-સર્જનની કલાને નવું નોખું રૂપ આપી સૉનેટની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. બ. ક. ઠાકોરે સૉનેટની પ્રશસ્તિ કરતાં લખ્યું છે. 'ફૂલની જે અણતા, ફૂલના જે જે ગુણ, તે કવિના-વનમાં સૉનેટ બંધના છે; ફૂલ જ્યારે ક્ષણભંગુર ત્યારે આ છે અમર.' ઉમાશંકર, સુન્દરમ્, સ્નેહરશ્મિ, રાજેન્દ્ર શાહ સુધી આ પ્રવાહ ચાલ્યો છે. હમણાં એમાં ઓટ આવી છે.

ટૂંકમાં, સૉનેટ-પ્રકાર ગંભીર ભાવને પ્રગટ કરવા માટે ઘણો અનુકૂળ છે. તે વિચારપ્રધાન કાવ્ય છે તેથી તેમાં ઊર્મિને ગાંભીર્ય સાથે સંવાદી રીતે પ્રગટ કરવામાં જ ખરું કૌશલ રહેલું છે. વિચારના કે ઊર્મિના વળાંકો એ એનું એક વિશિષ્ટ સૌંદર્ય ગણવા જેવું છે. સૉનેટનું પ્રાણતત્ત્વ વિચારનો કે ઊર્મિનો વળાંક કે લહેકો છે.

**(2) ખંડકાવ્ય :**

ખંડકાવ્ય એટલે કાવ્યનો એક ખંડ નહિ, પણ જેમાં વસ્તુનો એક ખંડ માત્ર સ્પર્શવામાં આવ્યો હોય તેવી રચના.

એક જ લોકોત્તર પ્રસંગને નજર આગળ રાખી, તે પ્રસંગનું ભાવપૂર્ણ લાગણીથી ઓતપ્રોત એવું રસમય વર્ણન-તેને કદાચ ખંડકાવ્ય કહીને ઓળખી શકાય; અથવા એક જ રસમય પ્રસંગ કે એક જ લોકપ્રસિદ્ધ અથવા ઇતિહાસ-પ્રસિદ્ધ વ્યક્તિનું સુંદર કાવ્યચિત્ર તે ખંડકાવ્ય. આ દૃષ્ટિએ ઊર્મિકાવ્ય પણ ખંડકાવ્ય ગણી શકાય. રાસડો પણ ખંડકાવ્ય સાથે સરખાવી શકાય. ખંડકાવ્ય એ ટૂંકી વાર્તાને મળતો આવતો આખ્યાન કરતાં નાનો પણ પદ કરતાં મોટો એવો કવિતાપ્રકાર છે. આખ્યાનનું વસ્તું લાબું અને સંકુલ હોય છે, જ્યારે ખંડકાવ્યનું વસ્તુ એક વૃત્તાંત કે પ્રસંગ પૂરતું સીમિત હોય છે. એમાં કંઈક લંબાઈ, કંઈક સંકુલતા હોય પણ નાયક-નાયિકા કે અનેક નાયકોનાં જીવનનું સમગ્ર એવું આલેખન નહીં. તેમાંના કોઈ સ્પષ્ટ આદિ, મધ્ય અને અંતવાળા પ્રસંગનું જ આલેખન તે ખંડકાવ્ય.

**વસ્તુ :**

પુરાણપ્રસિદ્ધ વસ્તુપ્રસંગ, ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓના જીવનપ્રસંગ, લોકપ્રસિદ્ધ પુરાતન સ્થાનોનો ઐતિહાસિક પ્રસંગ, સૃષ્ટિસૌંદર્યના પદાર્થોનો રસમય આલેખનપ્રસંગ, સામાન્ય જીવનમાંથી અસામાન્ય બોધ શીખવતો કવિદૃષ્ટિએ મહત્ત્વનો પ્રસંગ અથવા તો સામાન્ય સામાજિક પ્રસંગોમાંથી લોકોત્તર આનંદ આપતો આ પ્રસંગ – આ બધા ખંડકાવ્યો માટે અનુકૂળ છે. મોટે ભાગે રામાયણ, મહાભારત, પુરાણો અને કલ્પનોત્થ કથા ઉપરથી ખંડકાવ્ય માટે વસ્તુ લેવામાં આવ્યું હોય છે. ઇતિહાસ, માનવજીવન કે પશુ-પંખીનું જીવન પણ એનું વસ્તુ બને છે.

**લક્ષણો :**

(1) ખંડકાવ્યોનો આધાર કોઈ પ્રકારના કથાવસ્તુ પર રહે છે. (2) એ કથાવસ્તુ માનવચરિત્રમાંથી લીધું હોય છે. (3) માનવચરિત્રમાં પણ જે કટોકટીની પળે માનવીની સમસ્ત માનવતા, તેનું ધૈર્ય અને પૌરુષ, તેની ઉદારતા અને ગંભીરતા કસોટીએ ચડ્યા હોય છે અને જેના પરિણામમાં જીવનનું કોઈ ગંભીર અને રહસ્યપૂર્ણ સત્ય પ્રગટ થતું હોય તે જ નિર્ણાયક પળના આલેખન ખંડકાવ્યમાં કરવામાં આવતું હોય છે. (4) એ અણીની પળતું આલેખન કોઈ ગૂઢ રહસ્ય સ્ફુટ થાય છે. આ ઉપરાંત તેનો

નાટ્યતત્ત્વમય પ્રારંભ, કુદરતીન યથોચિત ભૂમિકા, ભાવને અનુરૂપ એવું વૃત્તવૈવિધ્ય અને અર્થાનુસારી વર્ણરચના – આ બધા કલાગુણો 'ખંડકાવ્ય'ના કલાદેહને પુષ્ટ કરે છે.

ખંડકાવ્યમાં માનવીની ઊર્મિઓ, આકાંક્ષાઓ અને અભિલાષાઓનું નિરૂપણ કરવામાં આવે છે. એ જુદા જુદા છંદો પર આધારિત છે. જ્યાં વિચાર કે ભાવનું પરિવર્તન આવે ત્યાં છંદ અવશ્ય પલટાય જ. ભાવપલટાની સાથે થતો છંદપલટો ખંડકાવ્યમાં નાદમાધુર્ય પ્રગટાવે છે. ખંડકાવ્યમાં કેટલાંક સાર્વત્રિક સત્યો વણી લેવામાં આવે છે. ત્યાગ-રાગ, ગમા-અણગમા, સદ્-અસદ્વૃત્તિઓ વગેરેનું સંઘર્ષમય નિરૂપણ એ ખંડકાવ્યનો પ્રાણ છે. એકાંકીની જેમ ખંડકાવ્યમાં પણ ચોટદાર આરંભ, ચોટદાર અંત, ચિત્રાત્મકતા, દશ્ય-આયોજન, બનાવોનો ક્રિયાવેગ મહત્ત્વનાં તત્ત્વો છે. બનાવો ચલચિત્ર જેમ ત્વરિત ગતિએ ચાલ્યા જ આવે છે. આ 'ક્રિયાવેગ' ભાવકના ચિત્ત પર પકડ જમાવે છે. ખંડકાવ્ય દશ્ય-કાવ્ય વિશેષ છે. ખંડકાવ્યમાં સંવાદતત્ત્વ પણ હોય છે. છતાં જીવનની મીમાંસા સંવાદ કરતાં બનાવથી વિશેષ થાય છે. કવિએ વિચારનો જે ખંડ પસંદ કર્યો હોય છે તેનું રહસ્ય સ્ફોટન કે જીવનદર્શન કરાવી કવિ અંતે વિરમે છે.

ટૂંકમાં, પ્રત્યેક સર્વાંગસુંદર ખંડકાવ્ય કાવ્યકલાનો અચ્છો નમૂનો હોયછે. ખંડકાવ્યોની રચનામાં પ્રાચીન નવીનતા, છંદોનો વૈભવ, શબ્દોનું પ્રભુત્વ, વાણીનું મીઠું સંગીત, વર્ણનનું સચોટપણું, ભાવની મૃદુતા, ઋજુતા, ઉદારતા, શૈલીનું શબ્દલાઘવ, લક્ષ્યવૈધિત્વ્ અને આખા ખંડકાવ્યમાં સૂઝ રૂપે રહેલી અખંડભાવની સમગ્રતા-એ સર્વમાં પ્રત્યેક કવિની કલા વિશિષ્ટ રીતે પ્રતીત થાય છે. ખંડકાવ્ય એ પ્રસંગપ્રધાન કાવ્ય છે.

ખંડકાવ્યોનો આરંભ કાન્તના 'વસંતવિજય' થી થયો. એમાં પાંડુશાપનો પ્રસંગ વર્ણવાયો છે.

મણિશંકરના 'દેવયાની' અને 'અતિજ્ઞાન', કલાપીનું 'ભરત', લલિતનું 'બાહુક', નરસિંહરાવનોમહાભિનિષ્ક્રમણ' તથા 'ઉત્તરા અને અભિમન્યુ', બોટાદકરના 'ઊર્મિયા', 'બુદ્ધનું ગુહાગમન' વગેરે પુરાણપ્રસિદ્ધ વિષયોવાળાં ખંડકાવ્યો છે. શ્રી ખબરદારે વીરરસનાં, શ્રી નરસિંહરાવે પ્રેમના અને શ્રી બેટાઈ, શ્રી બાદરાયણ, શ્રી મનસુખ ઝવેરી, શ્રી સુંદરમ્, શ્રી ઉમાશંકર વગેરેએ અનેક ભાવોનાં ખંડકાવ્યો લખ્યાં છે. અત્યારે માનવજીવન તરફ લેખકોનું ચિત્ત વધુ આકર્ષાતું જાય છે ત્યારે 'ખંડકાવ્ય'નો પદ્યપ્રકાર ઠીક ઠીક અનુકૂળ પડે તેમ છે. સ્નેહરશ્મિ અને પૂજાલાલે પણ ખંડકાવ્યો આપ્યાં છે. પ્રહ્લાદ પારેખનું 'બારી બહાર' પણ ઉલ્લેખનીય છે.

**(3) ઊર્મિકાવ્ય :**

'ઊર્મિકાવ્ય' એ કાવ્યમાંની અનેક જાતોમાંનો એક અર્વાચીન પ્રકાર છે. ઊર્મિકાવ્યના સ્વરૂપ વિશે પાદગ્રેવના વિચારો નોંધવા જેવા છે. કોઈ એક જ વિચાર, ઊર્મિ અથવા પ્રસંગને પાલ્ગ્રેવે ઊર્મિકાવ્યનો વિષય ગણ્યો છે. તદુપરાંત વર્ણનાત્મક કાવ્યોનો પણ તેમાં સમાવેશ થઈ શકે છે. તેમાં માત્ર સંવેગ સંચનલ, સંક્ષિપ્તતા અને માનવહૃદયભાવની છાયા હોવાં જોઈએ.

અંગ્રેજી 'Lyric' ગુજરાતીમાં ઊર્મિકાવ્ય તરીકે ઓળખાય છે. ગ્રીક મૂળ શબ્દ 'Lyric' (વીણા) ઉપરથી, વીણાની સાથે ગવાતાં ગીત માટે એ શબ્દ રૂઢ બન્યો હતો. નરસિંહરાવે 'Lyric' માટે 'સંગીતકાવ્ય' પર્યાય શબ્દ આપ્યો છે. પરંતુ આજે તો આપણે 'લિરિક' માટે 'ઊર્મિગીત' કે 'ઊર્મિકાવ્ય' જ વાપરીએ છીએ.

**લક્ષણો :**

– કવિની ઊર્મિઓ ઉત્કટતાથી, તીવ્રતાથી આલેખાયેલી હોય છે.

– મોટે ભાગે ગેય જ હોય છે., ક્યારેક અગેય પણ હોય.

– હૃદયમાં પ્રગટ થયેલી ઊર્મિનો સ્વાભાવિક સ્રોત જ આવાં કાવ્યોમાં હોય છે.

– ઊર્મિકાવ્યમાં કોઈ એક વિચાર, ભાવ કે ઊર્મિને પરાકાષ્ઠાએ પહોંચાડી રસ ઐક્ય સાધવામાં આવતું હોવાથી આપણું હૃદય ઊર્મિકાવ્ય વાંચતાં રસતરબોળ બની જાય છે.

– છંદ એને હોય પણ ખરો અને ન પણ હોય.

– ઊર્મિનો ઊભરો એ એનું પ્રાણતત્વ ગણાવી શકાય.

અર્વાચીન ઊર્મિકાવ્યોમાં કુદરતપ્રેમ, સ્થળપ્રેમ, સ્ત્રીપુરુષપ્રેમ, ભાંડુપ્રેમ, માતૃપ્રેમ, મૈત્રી, બંધુપ્રેમ વગેરેને સ્થાન મળ્યું છે. "માણસ જ્યાં જ્યાં પગ માંડે છેઅને આંખ ખોલે છે ત્યાં ત્યાં તેનું હૃદય અન્ય હૃદયોને સ્વકીય કરવા ઊછળે એ કુદરતી છે. માતા અને બાળક વચ્ચે, પતિ અને પત્ની વચ્ચે, ભાઈ અને બહેન વચ્ચે, સૈનિક સૈનિક વચ્ચે, હૃદય ઉપરાંત લોહી જ આપોઆપ ઉછળીને ભેટી પડે છે; અને પ્રેમનાં અતિસ્નિગ્ધ રૂપ ઊંચામાં ઊંચા અને પવિત્રમાં પવિત્ર મનાયાં છે. અને ઊર્મિકાવ્યોમાં મુક્ત કંઠે ગવાયાં છે. ગવાય છે અને ગવાયા કરશે. કવિતાસ્રોતનું એક મૌલિક સનાતન ઝરણું છે."

નરસિંહથી શરૂ કરીને રાજેન્દ્ર શાહ સુધીના સૌ કવિઓએ ઊર્મિગીતો લખ્યાં છે. શ્રી સ્નેહરશ્મિનાં ઊર્મિગીતો ખૂબ ઉચ્ચ કોટિનાં છે. ટૂંકા ઊર્મિકાવ્યો પછી માનવપ્રસંગને આલેખતાં વર્ણનાત્મક ઊર્મિકાવ્ય અને નાટ્યાત્મક ઊર્મિકાવ્ પણ મનસુખલાલ ઝવેરી, સુંદરમ્, બેટાઈ, ઊમાશંકર વગેરે દ્વારા મળ્યાં છે.

**(4) ગઝલ :**

ગઝલ એ ગુજરાતી ભાષાની ભૂમિકાં પરદેશી રોપો છે. ફારસી સાહિત્યના સંપર્કથી આ ગઝલ પ્રકાર આપણે ત્યાં દાખલ થયો. મૂળ તો તે ફારસી કાવ્ય પ્રકાર છે. ફારસીમાં એ પ્રેમ-પ્રણય કાવ્ય તરીકે ઓળખાય છે. 'પ્રેમયુક્ત' ભાષામાં અથવા 'કાવ્યરૂપે બોલવું' એવો ગઝલનો અર્થ થાય છે. ગઝલ એ છંદનું નામ નથી; એમાં ફારસી છંદો વપરાય છે.

ફારસી કાવ્યરચના પ્રમાણે ગઝલની પાંચ, સત્તર અથવા ઓગણીસ કડીઓની (બેત) સંખ્યા રાખવામાં આવે છે. દરેક કડીને બે મિસરા (ચરણ) હોય છે. કડી શેર તરીકે ઓળખાય છે.

ગઝલની ખાસિયત એ છે કે દરેક કડીમાં ભિન્ન ભિન્ન ભાવના કે લાગણી દર્શાવાય છે. આખી ગઝલ એક જ ભાવનું દર્શન કરાવતી નથી. ગઝલમાં પ્યાર, સૌંદર્ય, મનની વેદના, ઉન્મત્તતા વર્ણવતા શબ્દો, વિયોગને કારણે પડતાં દુઃખો, પ્રેમનું રૂદન, ગાલ પરના તલનાં વખાણ, માશૂકની જોડેની મુલાકાતની તીવ્ર ઇચ્છા, બેચેની, વિશ્વાસ, શરીર સુકાઈ જવાનું વર્ણન વગેરે હોય જ. મંદિરા અને સાકીનું અવલંબન લઈ આ વ્યક્ત થાય છે.

કવિની ઊર્મિ ગઝલમાં રચાયેલી હોય છે. ગઝલમાં કવિ આત્મલક્ષી બની આંતરમન ઠાલવે છે, 'કલમથી ટપકતાં આંસુ તે ગઝલ' એમ પણ કહેવાયું છે.

ગઝલમાં મૂળ તો પ્રેમની મસ્તી, પ્રેમનો તલસાટ અને પ્રેમની નિરાશાના ભાવનું આલેખન થતું; પણ આપણી ભાષામાં બીજા ભાવો પણ વૈરાગ્ય, ભક્તિ વગેરે આલેખાયા છે. પ્રિયાનો પ્રેમ વર્ણવેલો હોય એટલે કે માનવ-પ્રણયનું નિરૂપણ થયું હોય તેવી ગઝલ 'ઇશ્કે મિજાઝી' તરીકે અને જેમાં પ્રભુપ્રેમનું વર્ણન થયું હોય (પ્રભુને માશૂક ગણીને તેની ભક્તિ કરવામાં આવે) તેવી ગઝલ 'ઇશ્કે હકીકી' અથવા 'ઇશ્કે ઇલાહી' તરીકે ઓળખાય છે.

કેટલાક અપવાદોને બાદ કરતાં ગુજરાતી સાહિત્યમાં ગઝલનું સાહિત્ય ક્ષતિયુક્ત છે. આપણે ત્યાં બાલાશંકર, લલિત, કલાપી, મ.ન. દ્વિવેદી, અમૃત કેશવ નાયક, શયદા, ગની દહીવાલા, હેમંત દેસાઈ વગેરેએ સારી ગઝલો આપી છે. શયદાની ગઝલમાં કટાક્ષનીલાક્ષણિક ચતુરાઈ જોવા મળે છે. જુઓ એમની ગઝલનો એક શેર.

"મને આ જોઈને હસવું હજારો વાર આવે છે :

પ્રભુ ! તારા બનાવેલા, તને આજે બનાવે છે !"

"જનહૃદયને અસર કરી, પોતાના તરફ આકર્ષવાની આપણી કવિતાને ખેવના હશે તો આ ગઝલોનું કવિતાપઠન સમાજજીવનનું આવકારપાત્ર અંગ બની રહેશે એમાં શંકા નથી." શ્રી. મં. રા. મજમુદારના આ શબ્દો યોગ્ય જ છે. આજે રેડિયો ઉપર, મુશાયરાઓમાં રજૂ થતી

ગઝલો જો શ્રોતાવર્ગને રીઝવી શકશે તો આ મુશ્કેલ નથી. 'રીઝવવા'નો અર્થ 'સુરુચિભંગ' ન હોઈ શકે.

આધુનિક ગઝલકારો ગઝલમાં અનેક પ્રતીકો પ્રયોજી તેને સંવેદનનું સમર્થ વાહન બનાવી માર્મિક ચોટ સાધવા પ્રયત્ન કરે છે. મંદિરા અને સાકીનું અવલ્કન ઓછું લે છે.

પતીલ, રતિલાલ અનિલ, વેણીભાઈ પુરોહિત, આદિલ મનસુરી જેવા ગઝલકારોએ ગઝલના પોતાને ચિંતનના તંતુથી ઘટ્ટ બનાવ્યું છે. શૂન્ય પાલનપુરીએ ગઝલોમાં ચમત્કૃતિ સાધી છે.

**(5) કરુણ પ્રશસ્તિ :**

'એલીજી' એ આપણે જેને કરુણરસપ્રધાન કાવ્યો કહીએ છીએ તેવો એક અંગ્રેજી કાવ્યપ્રકાર છે. આ કાવ્યપ્રકારમાં મરણ નૈમિત્તિક કરુણ શોકોદ્‌ગાર ઉપરાંત, જેને નિમિત્ત એ શોકોદ્‌ગાર થયો હોય એના ગુણાનુવાદ પ્રશસ્તિરૂપે એમાં હોવા જોઈએ અને મૃત્યુવશતાની કરુણ સ્થિતિથી ઉત્પન્ન થતું ચિંતન, જીવનમૃત્યુની ફિલસૂફી પણ તેમાં આવવી જોઈએ. એ ચિંતનાત્મક શોકોદ્‌ગાર છે.

આમ, આ કાવ્યપ્રકારમાં કોઈ સ્વજનનું કે પ્રિયજનનું મૃત્યુ, એ મૃત્યુમાંથી જન્મતો શોક, એ શોકમાંથી જન્મતું જીવન-મરણ, મરણોત્તર સ્થિતિ વગેરેનું ચિંતન અને એ ચિંતનને પરિણામે મળતું સાંત્વન અને સમાધાન તત્ત્વો અવશ્ય આવવાં જોઈએ.

મૃત્યુજન્ય શોકમાંથી વહેતી છેક ટૂંકી તથાપિ હૃદયવેધી 'એલીજી' નો કાવ્ય પ્રકાર મુક્તકોને મળતો છે. વિરહશોકનાં ઊર્મિકાવ્યોમાં – કદાચ ઊર્મિકાવ્યોના આખા જાતિવિશેષમાં – ઉત્તમ પેટાજાતિ 'એલીજી' છે. બે શ્લોકથી માંડીને પાંચ હજાર શ્લોકની પણ પ્રશસ્તિ હોઈ શકે. વિલાપગીતના પ્રકાર તરીકે આ પ્રકારને ઓળખવામાં આવે છે. આવો કાવ્યપ્રકાર દુનિયાભરની કવિતામાં જોવા મળે છે. આપણા સાહિત્યમાં કેટલાંક વિરહકાવ્યો હોવા છતાં 'કરુણ પ્રશસ્તિ' કહી શકાય એવાં કાવ્યો નહિવત્ છે. દલપતરામે લખેલું ફાર્બસ વિરહ જાણીતું કરુણ પ્રશસ્તિકાવ્ય છે. ગોવર્ધનરામકૃત 'લીલાવતી જીવનકલા' એમની વહાલસોયી પુત્રીના નિધન નિમિત્તે લખાયેલી કરુપ પ્રશિસત છે. ન્હાનાલાલનું 'પિતૃતર્પણ' પણ જાણીતું છે. મસ્તકવિ ત્રિભુવન પ્રેમશંકરનો કલાપીવિરહ' રસતત્તવવાળી કલાકૃતિ છે. કવિ ખબરકારની 'દર્શનિકા' માં સદ્‌ગત પુત્રીની પ્રશિસ્ત છે. એમાં જીવન અને મૃત્યુના ગંભીર પ્રશ્નનું ચિંતન છે. નરસિંહરાવનું 'સ્મરણ સંહિતા' કરુણ પ્રશસ્તિકાવ્ય પણ ઉલ્લેખનીય છે.

**(6) હાઈકુ :**

સાહિત્યજગતમાં 'હાઈકુ'ના સર્જનનો યશ જાપાની સાહિત્યકારોને ફાળે જાય છે. આપણે ત્યાં 'સ્નેહરશ્મિ' જેવા કવિઓથી આ પ્રકાર પુરસ્કારાયો છે. ગઝલ અને સૉનેટ જેવા આગંતુક કાવ્યસ્વરૂપમાં હાઈકુનો સમાવેશ થતો હોવા છતાં બંને કરતાં હાઈકુ ભિન્ન છે.

**ઈતિહાસ :**

જાપાનમાં હાઈકુ 700 વર્ષથી ખોડાયેલો જૂનો સાહિત્યપ્રકાર છે. જાપાનમાં જૂના સમયથી નાનાં વૃક્ષો ઉગાડવાનોરિવાજ છે – જે નાનું છતાં સંપૂર્ણ વૃક્ષ હોય. આ કલાપ્રિયતામાંથી હાઈકુનો ઉદ્‌ભવ થયો. હાઈકુ કહી શકાય તેવી કૃતિઓ તો સત્તરમી સદીથી એના મહાન સર્જક બાશોના હાઈકુથી શરૂ થઈ. 700 વર્ષ પહેલાં જાપાનમાં કેટલાક સાહિત્યરસિકોતાંકા' નામની કાવ્ય-રમત રમતા. એમાં 5-7-5-7-7 શ્રુતિ (અક્ષરો) પાંચ પંક્તિઓવાળી કૃતિઓ આવી, એમાંથી 5-7-5 શ્રુતિની એક કૃતિ કોઈ સાહિત્યરસિક રજૂ કરે, પછી બીજો સાહિત્યરસિક તેમાં 7-7ની શ્રુતિની બે પંક્તિઓ ઉમેરી પાદપૂર્તિ કરે. વળી પાછી 5-7-5 શ્રુતિની ત્રણ પંક્તિની બે પંક્તિઓ ઉમેરી પાદપૂર્તિ કરે. વળી પાછી 5-7-5 શ્રુતિની ત્રણ પંક્તિની કૃતિ આપવામાં આવે, તેમાં 7-7 ઉમેરાય. આમ, અંતકડી જેવી રમત ચાલતી. વખત જતાં તે 5-7-5ની સ્વયં પર્યાપ્ત કાવ્યકૃતિ 'હાઈકુ' તરીકે વ્યાપક

અને લોકપ્રિય બની, હાઈકુ જાપાનનો એક અતિ પ્રતિષ્ઠા પામેલો કાવ્યપ્રકાર છે. ઈંગ્લેન્ડ અને અમેરિકામાં તેનું આકર્ષણ ઘણું છે. જાપાની હાઈકુના અંગ્રેજી ભાષાન્તર થયેલાં છે. ગુજરાતમાં ત્રીસીના એક પીઢ કવિ સ્નેહરશ્મિને હાથે હાઈકુનો આવિષ્કાર થયો છે.

**બંધારણ :**

વિચારવાણીની એકવાક્યતા સધાય એવા લય 17 અક્ષરની ઉક્તિમાં આવે એ પૂરતું છે. હાઈકુને પ્રાસ કે છંદનાં બંધનો નથી. હાઈકુ સ્વપયપ્ત સ્વતંત્ર ઊર્મિકાવ્ય છે.

**હાઈકુની ખૂબીઓ :**

- હાઈકુ વ્યંગ્યાર્થ પ્રધાન હોવાથી અનેક જાતની વ્યંજનાઓ કાઢી શકાય છે.
- હાઈકુમાંથી વાચક પોતાના અનુભવ, મનોવૃત્તિ અને સંસ્કૃતિ પ્રમાણે ફાવે તેવું સૂચન મેળવી શકે છે.
- હાઈકુને ફરી ફરીને વાગોળતાં એમાંથી નવી નવી રસસૃષ્ટિનું નિર્માણ થતું રહે છે.
- અંતઃસ્ફુરણાથી જ એની રસનિષ્પત્તિ થઈ શકે છે. એમાં ઉપદેશ આપવાનો આશય નથી.
- શબ્દો અને પ્રસંગની ગૂંથણીમાં કવિએ સજાગ રહેવું પડે છે. એમાં પૂર્વા પર સંબંધ જળવાવો જોઈએ. એમાં કલ્પના, પ્રતિમા ખડી થાય તેવા અર્થાનુસાર શબ્દોની ગૂંથણી થવી જોઈએ. શબ્દોનો પ્રયોગ એવા વિવેક અને કુશળતાથી કરવો જોઈએ કે હાઈકુના પ્રાણતત્ત્વરૂપ વ્યંગને જરાય મુશ્કેલી નડે નહિ.
- હાઈકુ છે નાનું છતાં એમાં નવેનવ રસ રેડી શકાય છે. ગાગરમાં સારગર સમાય એ રીતે કવિ અનેક રસ મૂકી શકે છે.
- હાઈકુમાં વિષયવૈવિધ્ય લાવી શકાય છે. વિષયોનું ફલક વિશાળ છે. માનવજીવનની ઊર્મિ, સંવેદના અને અનુભૂતિઓને એમાં વિશેષ અવકાશ છે. સૂર્ય, ચંદ્રથી માંડી ધરતીની ધૂળ્ સુધીની વાત તેમાં લાવી શકાય છે. જીવનદર્શન પણ ચિંતનના ભાર વગર રજૂ કરી શકાય છે.
- હાઈકુ એનાં ઘટકતત્ત્વો — સ્પર્શક્ષમતા, વસ્તુલક્ષિતા અને સ્ફોટકતા-વડે આપણાં ઉખાણાં, સુભાષિત, કહેવત વગેરેથી જુદું પડે છે. હાઈકુ સંવેદનાની સુરામાં ઓગળી જતાં મોતી જેવું છે. આ હાઈકુ સ્વભાવે ફૂલ જેવું મૃદુ, માદક અને ચિંતનભાર ઝીલી ન શકે તેવા કાઠાવાળું છે.

**વિશેષતાઓ :**

સાંપ્રત કવિતા વસ્તુનિષ્ટ બનતી જાય છે. નવીનતર કવિતા તટસ્થ, બિનગંત ભાવે વસ્તુનું ચિત્ર જુએ છે અને દેખાડે છે. કવિતા અને ચિત્રકળા એકબીજાની નજીક આવ્યાં છે. વાણીના માધ્યમદ્વારા ચિત્રોની તાદૃશતા ઉપસાવવાનો પ્રયાસ નવતર કવિઓ દ્વારા થતો જાય છે. વળી, લઘુ સ્વરૂપોમાં રાચવાનું સૌને ગમતું થયું છે. આ પરિસ્થિતિમાં હાઈકુનો પ્રયોગ થાય તે સ્વાભાવિક લાગે છે, કારણ કેહાઈકુનું કાવ્યસ્વરૂપ એ માટે સાનુકૂળ છે.

- હાઈકુની રચના સાદી, સંક્ષિપ્ત અને ધ્વનિપૂર્ણ હોય છે. એની વિશેષતા એ કે તે સંપૂર્ણપણે વસ્તુલક્ષી હોય છે. કવિ વસ્તુને જ બોલવાદે છે. અંગત ભાવ કે ચિંતનને અવકાશ નથી. હાઈકુમાં ઊપસતું ચિત્ર વાચકનાચિત્તમાં સંવેદન ધ્વનિત કરે તેના પર તેની સફળતાનો આધાર રહેલો છે. ઊર્મિ કે ચિંતનનું મિતાક્ષરી ચિત્ર દ્વારા જ સૂચન થાય છે.
- હાઈકુ વસ્તુતઃ ચિત્ર જ છે. તેનો પ્રત્યેક શબ્દ વાચકનાચિત્તમાં સૌંદર્ય ચિત્ર ઉપસાવતો જઈને સત્તર અક્ષરના ગુચ્છ વડે એક અપૂર્વ અનુભવ ઊભા કરે છે.
- હાઈકુમાંની વિગત કદાચ તુચ્છ લાગે પણ ભારે સ્ફોટક હોય છે. તેનો એકેએક શબ્દ અર્થસભર હોય છે.
- 5-7-5નું વિભાજન તે સંયુક્તિક છે.

– પહેલી અને ત્રીજી પંક્તિનું સરખું માપ સપ્રમાણતા સાધે છે.

– પહેલીના કરતાં બીજી દોઢગણી પ્રલંબ છે, જે બાહ્ય ઉપરાંત આંતરિક લય સૌંદર્ય સાધવામાં ઉપકારક છે.

– વસ્તુ અને સંવેદન હાઈકુમાં એકરૂપ બને છે.

– શબ્દ અને વિચારનો લય સંવાદી બની ઉત્તમ અસર ઉપજાવે છે.

– હાઈકુ સ્વયંસંપૂર્ણ ચિત્રની જ છાપ પાડે છે.

– એની દરેક રચનામાં કલાની અખિલાઈ છે.

– હાઈકુનો બાંધો એટલો નાજુક છે કે પ્રાસ અને લયની પાંખડીઓને છૂટી પાડવા જતાં કુલ પી ખાઈ જવાનો સંભવ રહે છે.

– મર્મ અને લય એક થઈને સૌંદર્ય અને સુવાસની મીઠી લહરરૂપે વાચકના ચિત્તમાં સ્ફુરીને આહ્લાદ ઉપજાવે તેવું સાર્થક્ય હોય છે.

**હાઈકુ અને ચિત્ર :**

કવિતા અને ચિત્ર વચ્ચે જે મૂલગત તફાવત છે, તે હાઈકુ અને ચિત્ર વચ્ચે પણ છે.

– ચિત્ર સ્થળના પરિમાણમાં વસ્તુને મૂકે છે, જ્યારે હાઈકુ કાળના પરિમાણમાં તે રજૂ કરે છે.

– ચિત્રમાં વસ્તુને સ્થિતિ મળે છે, હાઈકુમાં ગતિ.

ચિત્રમાં દશ્યરચનાની ગોઠવણી છે તેમ હાઈકુમાં પણ દશ્ય ગોઠવણી છે, પરંતુ હાઈકુની ખૂબી એ છે કે જે ક્રમમાં પ્રકૃતિનું દશ્ય ગોઠવાયું હોય તે જ ક્રમમાં હાઈકુનો કવિ ગોઠવે છે. દા.ત. પ્રથમ વરસાદ પછી છત્રી, વરસાદી કોટ અને છેલ્લે બે વ્યક્તિઓની ગતિનું દશ્ય.

– ચિત્રમાં સજીવતાનો ભાવ રહે છે, જ્યારે હાઈકુમાં વસ્તુ સજીવ બનીને આવે છે.

– હાઈકુના સત્તર અક્ષરોમાં ત્રણેય લોકનું ચિત્ર સમાવવાની શક્તિ છે.

**હાઈકુ અને મુક્તર :**

બંનેના કદ અને મર્મ હાઈકુ અને મુક્ત વચ્ચે સામ્યનો આભાસ ઊભો કરે છે. દા.ત. નીચેનો દુહો જુઓ :

સાજન આયા હે સખી, જ્યાં કી જોતી વાર,

થાંભા નાચે, ઘર હંસે, ખેલણ લાગી હાટ.

આ દુહામાં આત્મલક્ષી સંવેદનને અવકાશ છે. આ દુહામાં પતિના આગમનથી ઘરમાં ફેલાયેલા ઉલ્લાસનું ચિત્ર છે જે હાઈકુની નજીકનું દેખાય છે. જુઓ નીચેનું હાઈકુ :

સાજ આયા

નીચે ઘરવખરી

હું જોતી વાટ.

પરંતુ હાઈકુ અને મુક્તક વચ્ચે તત્ત્વતઃ ભેદ છે.

– મુક્તકમાં ચિંતન અને કલ્પનાને પ્રગટ આવિર્ભાવ હોય છે, હાઈકુમાં તે સ્ફોટક ચિત્રમાં ભરેલાં હોય છે.

– મુક્તક એકથી પાંચ કે છ પંક્તિ સુધી વિસ્તરી શકે છે, હાઈકુનું માપ તો 17 અક્ષરનું જ નિશ્ચિત છે. એટલે તે વધુ સઘન અને ધ્વનિસભર હોય છે.

મુક્તકમાં કવચિત્ સીધો ઉપદેશ હોય છે. તેમાં આત્મલક્ષી સંવેદનને પણ અવકાશ હોય છે. તેમાં રૂપક-ઉપમા અલંકારોનો પણ છૂટથી ઉપયોગ થાય છે. હાઈકુના કવિનું વલણ તદ્દન

ભિન્નગત અને વસ્તુનિષ્ઠ હોય છે.

**કેટલાંક હાઈકુઓ :**

શ્રી સ્નેહરશ્મિએ બુલબુલ, કરોળિયો, માખી, પતંગિયું, સૂર્ય, ચંદ્ર, ઋતુઓ વગેરે વિષયો હાઈકુમાં ખેડ્યા છે.

સર્જન અને વિસર્જનની ક્રિયાસૃષ્ટિમાં એકસાથે ચાલે તે સૂચવતું હાઈકુ :

વ્હેરાય થડ,

બાંધતા માળા ડાળે

પંખી કુંજતા

નવી સંસ્કૃતિથી જૂની સંસ્કૃતિ ઢંકાઈ ગઈ તે દર્શાવતું હાઈકુ :

નવાં ફૂલોએ

ગયા ઢંકાઈ કાંટા

જૂની વાડના

ક્ષણિક જીવન પણ સ્મરણોવાળું છે એ ભાવ પ્રગટ કરતું હાઈકુ :

ઝાકળ જેવું,

જીવી ગઈ તું, હવે

સ્મરણો ભીનાં

તૂટેલા ખિલૌના જેવાં ભાંગેલાં સ્વપ્નો લઈને ચિરનિદ્રામાં પોઢતા માનવીની યાદ દેવડાવતું હૃદયસ્પર્શી હાઈકુ :

રડીને પોઢ્યું

બાળખિલૌના તૂટ્યાં

રાખી છાતીએ

હળવું ચિત્ર રજૂ કરતું હાઈકુ :

એરિયલ પે

કાગ, સ્ત્રી અગાશિયે

પથે મેદની

## 2.9 સારાંશ :

- આ એકમમાં ગદ્ય સાહિત્યનો અર્થ, લક્ષણો, હેતુઓ, પદ્ધતિ, ધ્યાનમાં રાખવાની બાબતો વગેરે મૂકવામાં આવેલ છે.
- પદ્ય સાહિત્ય વિશે પણ માહિતી મૂકવામાં આવેલ છે.
- કાવ્ય, વ્યાકરણ વિશે પણ માહિતી મૂકેલ છે.
- લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ વિશે માહિતી મૂકેલ છે.
- નાટક એટલે શું ?, સંકલ્પના, લક્ષણો, હેતુઓ, પ્રકાર વગેરે મૂકેલ છે.
- સૉનેટ, ખંડકાવ્ય અને ઊર્મિકાવ્ય વિશે પણ માહિતી મૂકેલ છે.

## 2.10 એકમ સ્વાધ્યાય

1. સાહિત્ય સ્વરૂપનું વૈવિધ્ય વિષે ટૂંકમાં માહિતી આપો.
2. ગદ્ય શિક્ષણનો અર્થ અને લક્ષણો જણાવો.

3. ગદ્ય શિક્ષણના હેતુઓ જણાવો.
4. ગદ્ય શિક્ષણની પદ્ધતિના ફક્ત નામ જણાવો.
5. ગદ્ય શિક્ષણમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો તે જણાવો.
6. પદ્યનો અર્થ જણાવો.
7. પદ્યના પ્રકારો ટૂંકમાં જણાવો.
8. ગદ્ય-પદ્ય વચ્ચેનો ભેદ સમજાવો.
9. કાવ્યની વ્યાખ્યા જણાવો.
10. કાવ્ય શિક્ષણનું મહત્ત્વ જણાવો.
11. કાવ્ય શિક્ષણના હેતુઓ જણાવો.
12. કાવ્ય શિક્ષણ પદ્ધતિના નામ જણાવો.
13. વ્યાકરણનો અર્થ જણાવો.
14. વ્યાકરણ શિક્ષણના હેતુઓ જણાવો.
15. વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નિરસતાંના કારણો જણાવો.
16. વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ જણાવો.
17. વ્યાકરણ શિક્ષણ રસિક બનાવવા શું કરી શકાય ?
18. લેખિત અભિવ્યક્તિનું મહત્ત્વ જણાવો.
19. લેખિત અભિવ્યક્તિ વિકસાવવાની પ્રવૃત્તિઓ
20. નાટક એટલે શું ? તેના લક્ષણો જણાવો.
21. નાટકની સંકલ્પના સ્પષ્ટ કરો.
22. શિક્ષણમાં નાટકની ભૂમિકા સમજાવો.
23. નાટકનાં લક્ષણો જણાવો.
24. નાટ્યકલાના હેતુઓ જણાવો.
25. નાટકના તત્ત્વો જણાવો.
26. નાટકના પ્રકારો જણાવો.
27. નવલિકાનો અર્થ અને તેના લક્ષણો જણાવો.
28. વાર્તાનો અર્થ અને તેના પ્રકારો જણાવો.
29. નવલકથાની વ્યાખ્યા જણાવો.
30. નવલકથાના ઘટક તત્ત્વો જણાવો.
31. સૉનેટનો અર્થ અને લક્ષણો જણાવો.
32. ખંડ કાવ્યના લક્ષણો જણાવો.
33. ઊર્મિકાવ્યના લક્ષણો જણાવો.

## 2.11 તમારી પ્રગતિ ચકાસો :

તમારા ઉત્તર માટે નીચે જગ્યા આપવામાં આવી છે.

1. ગદ્ય સાહિત્યનો અર્થ જણાવો.

.....................................................................

.....................................................................

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

2. પદ્ય સાહિત્યનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

3. કાવ્યની વ્યાખ્યા જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

4. વ્યાકરણનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

5. લેખિત અભિવ્યક્તિનું મહત્ત્વ ટૂંકમાં જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

6. નાટક એટલે શું ?

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

..........................................................................

..........................................................................

7. નવલિકાનો અર્થ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

8. નવલકથાનો અર્થ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

9. સૉનેટનો અર્થ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

10. ખંડકાવ્યના બે લક્ષણો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 2.13 સંદર્ભસૂચિ (References) :


1. પટેલ અશોકભાઈ તથા અન્ય : ગુજરાતીનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ.
2. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : ગુજરાતી વિષયવસ્તુનું અધ્યયન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.
3. રાવલ નટુભાઈ વી. તથા અન્ય : ગુજરાતી પદ્ધતિ, નીરવ પ્રકાશન, અમદાવાદ.
4. રાવલ નટુભાઈ વી. તથા અન્ય : ગુજરાતીનું વિષયવસ્તુ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

એકમ 3

# શિક્ષણ : સંકલ્પના

## : રૂપરેખા :

**3.1 પ્રસ્તાવના**

**3.2 કેળવણીની વ્યાખ્યાઓ**

**3.3 કેળવણીની સંકલ્પના**

**3.3.1 ભારતીય ચિંતકોએ આપેલી વ્યાખ્યાઓ**

**3.3.2 પાશ્ચાત્ય ચિંતકો અને દાર્શનિકોની દૃષ્ટિએ કેળવણી**

**3.4 કેળવણીનો શાબ્દિક અર્થ**

**3.5 કેળવણીનો સંકુચિત અર્થ**

**3.6 કેળવણીનો વ્યાપક અર્થ**

**3.7 સંકુચિત અર્થ અને વ્યાપક અર્થની તુલના**

**3.8 કેળવણીનું સ્વરૂપ**

**3.9 ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ વચ્ચેનો તફાવત**

**3.10 કેળવણીની પ્રક્રિયાનું સ્વરૂપ**

**3.11 કેળવણીનાહેતુઓ**

**3.12 શિક્ષણની જીવનલક્ષીતા**

**3.13 શિક્ષણ અને કૌશલ્ય વિકાસ**

**3.14 શિક્ષણનાં ધ્યેયો**

**3.15 સારાંશ**

**3.16 એકમ સ્વાધ્યાય**

**3.17 તમારી પ્રગતિ ચકાસો**

**3.18 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**3.19 સૂચિત વાચન સામગ્રી**

**ઉદ્દેશો :**

**આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...**

(1) શિક્ષણનો અર્થ સમજી શકશો.

(2) શિક્ષણનો શાબ્દિક અર્થ સમજી શકશો.

(3) શિક્ષણનો સંકુચિત અર્થ સમજી શકશો.

(4) શિક્ષણનો વ્યાપક અર્થ સમજી શકશો.

(5) શિક્ષણનું સ્વરૂપ સમજી શકશો.

(6) ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ વચ્ચેનો તફાવત સમજી શકશો.

(7) શિક્ષણ પ્રક્રિયાનું સ્વરૂપ સમજી શકશો.

(8) શિક્ષણના હેતુઓ સમજી શકશો.

(9) શિક્ષણની જીવનલક્ષીતા સમજી શકશો.

(10) શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સમજી શકશો.

(11) શિક્ષણનાં ધ્યેયો સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના

- શિક્ષણએ આજીવન ચાલતી પ્રક્રિયા છે, તો કોઈ એમ કહે છે કે શાળા-કૉલેજમાં થતો વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ શિક્ષણ છે.
- શિક્ષણ સ્થળ, કાળ અને સંબંધિત પ્રક્રિયા છે, તો કોઈ એમ કહે છે કે શિક્ષણ સ્થળ, કાળ યુક્ત પ્રક્રિયા છે. આ બધાં અભિપ્રાયો યોગ્ય છે, તેમાં શંકા નથી, કારણ કે આ બધાં અભિપ્રાયો શિક્ષણના કોઈને કોઈ સ્વરૂપને ધ્યાનમાં રાખીને અપાયા છે, તે સાબિત કરે છે.
- કેળવણીએ માનવને સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે. માનવની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય તે કેળવણી છે. કેળવણી નરને નારાયણ, નારીને નારાયણી, પુરૂષને પુરૂષોત્તમ અને સ્ત્રીને સતી બનાવવાની પ્રક્રિયા છે.
- માનવના આત્મપુષ્પનો વિકાસ કરી તેને વિશ્વવાટિકાનું સુગંધિત પુષ્પ બનાવવાની પ્રક્રિયા છે.
- કેળવણી દાનમાંથી માનવ સર્જી માનવને મહામાનવ બનાવવાની પ્રક્રિયા છે.
- સમાજને સામાન્ય એવા માનવના જીવનમાં ઈષ્ટ પરિવર્તન લાવી જીવન ધૂપસળીને તે મહેંકતી બનાવે છે. માનવને તે પ્રકાશને પંથે પ્રેર છે.
- કેળવણી માનવને સંસારના સર્વ બંધનોમાંથી મુક્તિ અપાવે છે.
- આમ કેળવણી દ્વારા માનવ દાનમાંથી માનવ અને માનવમાંથી મહામાનવ બને છે.

## 3.2 કેળવણીની વ્યાખ્યાઓ (શિક્ષણ)

**કેળવણી એટલે શું ?**

આપણે એ ઇચ્છીએ અને કહીએ કે, બાળકમાં પડેલી ઉત્તમ શક્તિઓને બહાર ખેંચી લાવી તેમને વિકસાવવી તેનું નામ કેળવણી, પરંતુ આ શક્તિઓ કઈ ? આ ગુણો કયાં ? આ બાબત સમજવા માટે અંગ્રેજીમાં વપરાતો Education શબ્દ વિગતે તપાસ તરીકે તપાસીશું, જેમાંથી કેળવણી એટલે શું તે સ્પષ્ટ થાય છે.

### (1) E–Expresion – અભિવ્યક્તિ

વ્યક્તિમાં રજૂઆત કરવાની શક્તિ વ્યક્તિ પાસે અટક્યા વગર, વિચાર્યા વિના, રજૂઆત કરવાની શક્તિ હોવી જોઈએ. પોતાના વિચારોની સ્પષ્ટ રજૂઆતની અસર કરી જાય તેવી શક્તિ. અભિવ્યક્તિ એ વ્યક્તિ માટે ખૂબજ મહત્ત્વની બાબત છે. કેળવણી પામેલ વ્યક્તિમાં અસરકારક રજૂ-ાત કરવાની શક્તિ હોવી જોઈએ. રજૂઆત કોઈપણ પ્રકારના ભય વગર, મુક્ત અને સાહજિક રીતે કરી શકે તો કેળવણી પામેલ વ્યક્તિ છે તેમ કહી શકાય.

### (2) D = Discrimination – સારી બાબતો તારવી કાઢવાની શક્તિ

હંસની જેમ દૂધ અને 5ાણી જુદા પાડવાની શક્તિ હોય છે, તેમ કેળવાયેલી વ્યક્તિમાં પોતાના માટે સારું શું છે અને ત્યજવા જેવું શું છે તે પરખવાની શક્તિ હોવી જોઈએ. વ્યક્તિને પોતાના માટે લાભકારક અને ગેરલાભકારક બાબત કઈ છે તે તારવી કાઢવાની, ઓળખવાની કે પારખી કાઢવાની શક્તિ હોવી જોઈએ.

જે વ્યક્તિ પાસે પારખવાની શક્તિ હોય તે જીવનમાં સારા કે લાભકર્તા રસ્તા પકડે છે. વ્યક્તિ ખોટા અને નુકસાનકારક રસ્તે જતો અટકી જાય છે.

**(3) U = Unity – સંઘભાવ**

Unity એટલે સંઘભાવ કે એકતા. કેળવણી એક થવાનું, સંપથી રહેવાનું શીખવે છે. જુદા પડવાનું કે સામ સામા ઘૂરકવાનું નહીં. કુટુંબમાં બધીજ વ્યક્તિઓ એક થઈ સાથે રહે છે, સુખદુ:ખમાં સાથે રહે છે, ગમે તેવી મુશ્કેલી આવે તો પણ એકતા તૂટતી નથી. એકતા હોય તો જ ટકી શકાય. એકતા હોય તોજ વિકાસ થાય. કેળવાયેલ વ્યક્તિમાં એકતાનો ગુણ હોય છે. જે વ્યક્તિમાં સંઘભાવનાનો ગુણહોય તે વ્યક્તિ રાષ્ટ્રીય એકતા સારી રીતે સાધી શકે છે. શિક્ષિત વ્યક્તિમાં આ ગુણ હોય છે.

**(4) C = Character – ચારિત્ર્ય**

ચારિત્ર્ય એ જીવનનો 5ાયો છે. આ શબ્દ ખૂબ જ વિશાળ છે, પરંતુ અહીં ચારિત્ર્ય એટલે વાણી, વિચાર અને આચારથી વ્યક્તિ પ્રામાણિક અને પવિત્ર હોય એ અર્થ અભિપ્રેત છે. ચારિત્ર્ય ને નૈતિકતા સાથે ઘનિષ્ટ સંબંધ છે. કોઈપણ શિક્ષિત વ્યક્તિમાં વાણી, વિચાર અને આચારની પવિત્રતા હોવી જોઈએ. શાળા-મહાશાળામાં ચારિત્ર્ય ઘડતરના કાર્યક્રમો વધુ ને વધુ હાથ ધરવા જોઈએ. વ્યક્તિના ચારિત્ર્ય પરથી રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડાય છે.

**(5) A = Appreciation – કદર-પ્રશંસા**

કોઈપણ વ્યક્તિ સારું કાર્ય કરે તેની શક્તિની કદર થવી જોઈએ. કદર કરવાની શક્તિ ખૂબ ઓછી વ્યક્તિમાં હોય છે. સામેની વ્યક્તિ દુશ્મન હોય તો પણ તેની સારા કાર્ય માટે કદર કરવી જોઈએ. શિક્ષિત વ્યક્તિ તેને જ કહેવાય, જે સારા વિચારો, પ્રયત્નો હોય તો તેની કદર કરી પ્રશંસા કરવી જોઈએ. પ્રશંસા દરેક વ્યક્તિને ગમતી હોય છે. અન્ય વ્યક્તિને પ્રેરણા મળે છે. કોઈપણ વ્યક્તિને વિકાસ કરવો હોય તો કદર અગત્યનો ભાગ ભજવે છે. દા.ત. શ્રી રામે પણ રાવણના જ્ઞાનની કદર કરી જ હતી.

ઘણીવાર તો આપણે મિત્રોનાં સારા ગુણો, કાર્યો, પ્રયત્નો અને સફળતાની કદર કરી શકતા નથી. બલકે આપણે તેની ટીકા કરીએ છીએ.

**(6) T = Techtfulness – વ્યવહારપણું**

કેળવણી પામેલ વ્યક્તિ વ્યવહારું હોય તે ખૂબ જરૂરી છે. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો પણ વ્યવહારું ઉકેલ કાઢવો જોઈએ. કેળવણી પામેલ વ્યક્તિ તેને જ કહેવાય જે વ્યવહારુ ઉકેલ શોધી માર્ગ કાઢી શકે.

**(7) I = Idealist – આદર્શવાદી**

કેળવણી પામેલ વ્યક્તિ આદર્શવાદી હોય તે ખૂબ જરૂરી છે. આદર્શ વિના કદીએ જીવન પ્રાપ્ત થઈ શકતું નથી. આદર્શવાદી વ્યક્તિની હંમેશા કસોટી થતી જ હોય છે. આદર્શવાદી વ્યક્તિ સામે મુશ્કેલીઓ આવતી હોય છે. આદર્શવાદી બનવું તે વીરલ વ્યક્તિનું કામ છે. કેળવાયેલી વ્યક્તિ પાસે આદર્શ ન હોય તો સમાજ કેમ ટકી શકશે ? આદર્શ એ શહીદીનું કફન છે. કેળવણીએ આદર્શ પ્રેરનારી બનવી જોઈએ. આદર્શવાદી વ્યક્તિ જ સમાજનો વિકાસ કરી શકે છે, તેમનું સમાજમાં નામ હોય છે.

**(8) O = Onenes – ઐક્ય**

- શિક્ષિત વ્યક્તિ વિચારોમાં અને નિર્ણયોમાં ભટક્યા કરે, પરંતુ કરવાનાં કાર્યો અને વિચારોની જાળમાંથી ઉત્તમ હોય તેને પસંદ કરી લે અને બીજી બાબતોની ચિંતા કર્યા વિના ઐક્યથી કાર્યમાં લાગી પડે.
- કોઈ પણ કાર્ય એકાગ્રતાથી જ કરે, જે તે કાર્ય પકડે તેમાં તેને સફળતા જ વરે. આચાર અને વિચારનું ઐક્ય શિક્ષિત માટે અનિવાર્ય છે.

**(9) N = Nationality – રાષ્ટ્રીયતા**

– શિક્ષિત વ્યક્તિમાં રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ અને વફાદાર હોવો જોઈએ. રાષ્ટ્રીયતાની ભાવનાનું ઝરણું સતત વહેતું હોય છે. દેશ માટે બલીદાન આપે છે. નાતજાતના ભેદભાવ વગર દેશ પ્રત્યે વફાદાર હોય તે વ્યક્તિ દેશભક્ત કહેવાય.

## 3.3 કેળવણીની સંકલ્પના

કેળવણીની ભારતીય અને પાશ્ચાત્ય ચિંતકોએ આપેલી વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

કેળવણી એટલે શું ? આ અંગે એક વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. કેળવણી એ કોઈ સરળ અને એકાંગી ખ્યાલ નથી. જુદા જુદા વિદ્વાનોએ વિવિધ અર્થો આપી કેળવણીની વ્યાખ્યાઓ આપવા પ્રયત્ન કર્યો છે. તેઓ કહે છે, કેળવણી એ તો વહેતી સરિતા સમી છે, છતાં આપણે સૌ પ્રથમ ભારતીય ચિંતકોની વ્યાખ્યાઓ જોઈએ.

**ભારતીય ચિંતકોએ આપેલી વ્યાખ્યાઓ :**

(1) "શિક્ષણ માનવને આત્મ વિશ્વાસુ અને નિઃસ્વાર્થ બનાવે છે." – ઋગ્વેદ

(2) "આપણને જે શિક્ષણ કુદરત તરફથી મળે છે, તેનું જ નામ માનવીય શિક્ષણ." – વૈયાકરણી પાણિની

(3) "માનવીને ચારિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તેને જ શિક્ષણ કહેવાય." – કોટિલ્ય

(4) "શિક્ષણ એ સત્વનું ઓજાર છે. કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન, સ્વયં પ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ." – વિનોબાજી

(5) "કેળવણી એટલે સત્યની સનાતન ખોજ, સત્યની અભિવ્યક્તિ અને સત્યની સ્વીકૃતિ." – ટાગોર

(6) કેળવણી એટલે માનવ અને સમાજનું નિર્માણ. – ડૉ. રાધાકૃષ્ણન્

(7) "માનવીની સંપૂર્ણ વ્યક્તિમતાનું પ્રકટીકરણ એટલે કેળવણી." – વિવેકાનંદ

(8) "વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ એટલે કેળવણી." – અરવિંદ ઘોષ

"Education is helping the growing soul to draw out that is in itself." –Arvind Ghosh

(9) "કેળવણી એટલે બાળક અને માણસનાં શરીર, મન અને આત્માનાં ઉન્માશોનું આવિષ્કરણ કરવા." – ગાંધીજી

"By education i mean an all round drawing out of the best in child and man body, mind and spirit." – Mahatma Gandhi

(10) "કેળવણી એટલે જ માનવ અને સમાજનું નિર્માણ." – રાધાકૃષ્ણન

"Education should be man making and society making"– Radha Krishnan

(11) કેળવણી કહે છે કે,

હું વિજ્ઞાનની સખી નથી, કલાની નોકરડી નથી, સત્તાની દાસી નથી. કોઈ શાસ્ત્રની ગુલામડી નથી. હું મનુષ્યનાં હૃદય, બુદ્ધિ અને તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું....

– માનવશાસ્ત્ર અને સમાજ એ મારા પગ છે.

– કલા અને હુન્નર મારા હાથ છે.

– વિજ્ઞાન મારું મસ્તક છે.
– ધર્મ મારું હૃદય છે.
– નિરીક્ષણ અને તર્ક મારી આંખ છે.
– ઇતિહાસ મારા કાન છે.
– આઝાદી મારો વિશ્વાસ છે.
– ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે.
– ધીરજ મારું વ્રત છે.
– શ્રદ્ધા મારી મૂડી છે.

હું જગદંબા છું...જગતની સર્વ કામના હું પૂરી કરું છું. – કાકા કાલેલકર

**પાશ્ચાત્ય ચિંતકો અને દાર્શનિકોની દૃષ્ટિએ કેળવણી :**

(1) "કેળવણી એટલે બુદ્ધિ શક્તિનું શિસ્તકરણ." – જહૉન લોક

(2) "જીવનના અંધકારમાં પ્રકાશનાં કિરણો ફેલાવે તે કેળવણી." – એચ. જી. વેલ્સ

(3) "યોગ્ય આદતોના નિર્માણ દ્વારા બાળકોમાં સદ્‌ગુણોના વિકાસની તાલીમ એટલે કેળવણી." – પ્લેટો

"I mean by education that training which is given by suitable habits to the first Instinct of virtue in children." – Plato

(4) "સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનું નિર્માણ એટલે કેળવણી, સાચી કેળવણી સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ પ્રતિગતિ કરવા પ્રેરે છે." – એરિસ્ટોટલ

"Education is the creation of a sound mind in a sound body. It leads to goodness, beauty and truth." – Aristotal

(5) "કેળવણી મનુષ્યની જન્મજાત શક્તિઓનો નૈસર્ગિક, સુસંવાદી અને પ્રગતિશીલ વિકાસ છે."

"Education is the natural, harmonious and progressive development of man's innate powers." – Pestolozi

(6) "પ્રત્યેક માનવના માનસમાં અદૃશ્ય રહેલા વિદ્યમાન વિશ્વના સર્વમાન્ય વિચારોનું પ્રગટીકરણ એટલે શિક્ષણ." – સોક્રેટિસ

"Education means the bringing out of the ideas of universal validity which are latent in mind of every man." – Socrates

(7) "કેળવણી એટલે એવી પ્રક્રિયા છે કે જેમાં અને જેના વડે વ્યક્તિનાં જ્ઞાન, ચારિત્ર્ય અને વર્તનનું ઘડતર થાય." – વ્હાઈટ હેડ

"Education is a process in which and by which knowledge, character and behaviour of a person are moulded." – While head

(8) "કેળવણી એ બાળકની પ્રતિભાનો સર્વદેશીય વિકાસ છે કે જેના દ્વારા માનવજીવનમાં એ પોતાનો યથાશક્તિ મૌલિક ફાળો આપી શકે." – ટી. પી. નન

"Education is a complete development of the individuality of the child so that he can make an original contribution to human life according to the best of its capacity." – T.P. Nunn

(9) કેળવણી એ અનુભવોના નવનિર્માણ અને પુનઃ નિર્માણની પ્રક્રિયા છે, જેમાં વ્યક્તિની તમામ શક્તિઓનો વિકાસ થાય. – જ્હૉન ડ્યૂઈ

(10) કેળવણી એ જીવનલક્ષી હોવી જોઈએ, જે આવતીકાલની જરૂરિયાતો પૂરી કરી શકે. – એલ્વિન ટૉફલર

(11) હું કદી શીખવતો નથી, હું એવા સંજોગો પેદા કરું છું, જેમાં વિદ્યાર્થીઓ શીખે. – આઈન્સ્ટાઈન

(12) "કેળવણી એટલે વ્યક્તિની પૂર્ણતાનો તેની યોગ્યતા અનુસાર સંપૂર્ણ વિકાસ." – કેન્ટ

"Education is the development in the individual of all the perfection of which he is capable." – Kant

(13) "કેળવણીનું કાર્ય વ્યક્તિનું વાતાવરણ સાથેનું એવું અનુકૂલન સ્થાપવું કે જેના દ્વારા વ્યક્તિ અને સમાજને સ્થાયી સંતોષ પ્રાપ્ત થઈ શકે." – બોસિંગ

(14) "કેળવણી એ એવી વિકાસાત્મક પ્રક્રિયા છે કે જેના દ્વારા માનવ ધીમે ધીમે તેના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વાતાવરણ સાથે આત્માનું સંધાન કરવા પ્રેરાય છે."– રેમોન્ટ

"Education is defined as a process of the development by which a human being adopts himself gradually in various ways to his physical, social and spiritual environment." – Raymont

(15) "કેળવણી એટલે શારીરિક અને માનસિક રીતે સુવિકસિત ચૈતન્યપૂર્ણ માનવના બૌદ્ધિક, સાંવેગિક અને ચૈતસિક વાતાવરણ સાથેનું શ્રેષ્ઠ અનુકૂલન." – હોર્ન

"Education is the superior adjustment of physical and intellectual, emotional and vilitional environment." Horne

(16) "કેળવણી એ કાર્ય પ્રેરિત એવી સુટેવોનો સમુચ્ચ છે કે જે વ્યક્તિને તેના ભૌતિક અને સામાજિક વાતાવરણમાં ઉચિત સ્થાન પ્રદાન કરે છે." – જેમ્સ

"Education is the organisation of acquired habits of such action as will fit the individual to his physical and social environment." – James

(17) "કેળવણી એ એક સભાનતાપૂર્વકની ઇરાદાપૂર્ણ પ્રક્રિયા છે કે જેમાં એક વ્યક્તિ જ્ઞાન પ્રસારણ દ્વારા બીજી વ્યક્તિના વિકાસને પરિમાર્જિત કરી શકે છે." – એડમ્સ

"Education is a conscious and beliberate process in which one personality acts upon another in order to modify the development of the other by the communication of knowledge." – Adams

(18) "કેળવણી એટલે સભાનતાપૂર્વક નિયંત્રિત કરેલી પ્રક્રિયા કે જેના દ્વારા પહેલાં વ્યક્તિના વર્તનમાં અને વ્યક્તિ દ્વારા સમષ્ટિમાં પરિવર્તન લાવી શકાય." – બ્રાઉન

"Education is the consciously controlled process where by change in behaviour are produced in the person and through the person within the group." – Brown

(19) "કેળવણી એટલે પ્રજાના આધ્યાત્મિક વારસા સાથેનું ક્રમિક અનુકૂલન." – બટલર

"Education is a gradual adjustment of the individual to the spiritual processing of the race." – Butler

(20) "કેળવણી એ વાતાવરણની વ્યક્તિ પરની એવી અસર કે જેના દ્વારા તેના વર્તનની આદતો, દૃષ્ટિકોણ અને અભિરુચિમાં સ્થાયી પરિવર્તન લાવી શકાય." – થોમસન

"Education is the influence of the environment on the indivudla with a view to producing a permanent change in his habits of behaviour of thought and of attitude." – Thompson

(21) "કેળવણી એટલે વ્યક્તિની શક્તિઓનો એવો વિકાસ કે જેના દ્વારા તે પર્યાવરણને નિયંત્રિત કરી પોતાની શક્યતાઓને ચરિતાર્થ કરી શકે." – જહૉન

"Education is the development of all the capacities of the indivudual which will enable him to control his environment and fulfill his possibilities." – John

**કેળવણીનો શાબ્દિક અર્થ :**

– કેળવણી શબ્દને શિક્ષણ, વિદ્યા, એજ્યુકેશન જેવાં અનેક નામોથી ઓળખીએ છીએ. વર્તમાન સમયમાં મોટાભાગના માણસો શબ્દનો વધુ પ્રયોગ કરે છે.

– કેળવણી માટે અંગ્રેજીમાં વપરાતા Education શબ્દ સાથે કેળવણીમાં અર્થને મૂર્ત કરે તેવી વિભિન્ન પરિભાષાઓ સંકળાયેલી છે. તેનો શાબ્દિક અર્થ આ પ્રમાણે આપી શકાય.

– ગુજરાતી સાથે જોડણીકોશમાં 'કેળવણી' એટલે કેળવવું તે. વ્યવસ્થિત ઉછેર, ખિલવણી, શિક્ષણ, તાલીમ, ભણતર અને વિદ્યા એવો અર્થ બતાવ્યો છે.

– હિન્દીમાં 'શિક્ષણ' અને 'શિક્ષા' એવા બે શબ્દો વપરાય છે. હિન્દી-ગુજરાતી કોશમાં 'શિક્ષણ' એટલે ભણતર, કેળવણી, ભણાવવું તે અધ્યયન એવો અર્થ થાય છે.

– સંસ્કૃતમાં શિક્ષણ એટલે 'શિક્ષા' કે જે 'શિક્ષ' ધાતુ પરથી બનેલો શબ્દ છે, તેને અર્થ શીખવવું, ભણવું, શીખે તેમ કરવું એવો અર્થ થાય છે.

– અંગ્રેજીમાં Education શબ્દ વપરાય છે, જેનો અર્થ કેળવણી, ઉછેરવું, વિકસાવવું એવો શાબ્દિક અર્થ ઘટાવવામાં આવે છે.

– Education શબ્દ લેટિન ભાષાના 'Educare' શબ્દ પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે, બહાર કાઢવું.

(1) અંગ્રેજીમાં Educare : એનો અર્થ થાય છે

to Educare, to bring up, to raise.

– વિકસિત કરવું

– અનુમાન કરવું

– તાલીમ આપવી

– શક્તિઓનો વિકાસ કરવો, ભણાવવું

To Educate – કેળવણી આપવી, કેળવવું, તાલીમ આપવી, શક્તિઓને કેળવવી.

To Bringup – ઉછેરવું, સંવર્ધન કરવું.

To raise – ઉગાડવું, પેદા કરવું, ઉછેરવું

(2) Education : એનો અર્થ થાય છે Act of teaching or training એટલે અધ્યાપન કરવું અથવા તાલીમ આપવી. પ્રશિક્ષણ શિક્ષણનું કાર્ય તાલીમ આપવાનું છે.

(3) Educare : એનો અર્થ થાય છે to bring forth: to lead out to bring growth પેદા કરવું, જન્મ આપવો.

To lead out દોરવું, રસ્તો બતાવવો, માર્ગદર્શન આપવું.

- ઉપરોક્ત ત્રણે શબ્દોના અર્થ પ્રમાણે Education શબ્દનો અર્થ The act of training, bringing up and leading out થાય છે, તેથી આપણે કહી શકીએ કે Education શિક્ષણ એટલે પ્રશિક્ષણ, સંવર્ધન અને પથદર્શન.
- અર્થાત્ કેળવણી એટલે, "સુષુપ્ત શક્તિઓને પ્રગટ કરી યોગ્ય્ માર્ગે વાળવી....દોરવી" એ છે. લેટિન ભાષા પ્રમાણે Education નો અર્થ...તાલીમ, સંવર્ધન, રસ્તો બતાવવો એ થાય છે.
- ટૂંકમાં કેળવણીનો શાબ્દિક અર્થ આ પ્રમાણે આપી શકાય :
  - બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર આણવી.
  - કેળવણી એટલે બાળકની અંતર્ગત શક્તિઓનું આવિષ્કરણ અને પરિમાર્જન.
  - કેળવણી એટલે બાળકની સર્વદેશીય શક્તિઓનો વિકાસ કરવો.
  - બાળકની જન્મજાત શક્તિઓનો સર્વાંગી વિકાસ કરવો.
  - મનુષ્યની અંદર રહેલી શક્તિઓ ઓળખવી અને તેનો વિકાસ કરવો.
  - બાળકની બધી શક્તિઓનો કુદરતી, પ્રગતિશીલ અને વૈજ્ઞાનિક વિકાસ એટલે કેળવણી.

**કેળવણીનો સંકુચિત અર્થ (Narrow sense of Education) :**

- કેળવણીનો સંકુચિત અર્થમાં શાળાકીય શિક્ષણનો સમાવેશ કરી શકાય. વડીલો દ્વારા પૂર્વ આયોજન અનુસાર બાળકની સામે એક નિયંત્રિત વાતાવરણની રચના કરીને એક નિશ્ચિત રીતે અને નિશ્ચિત સમયગાળામાં આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- શિક્ષક પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે બાળક ભણી ગણીને 'પોપટ' બને છે, પરંતુ તેનો સર્વાંગી વિકાસ થતો નથી.
- ટૂંકમાં આવું શિક્ષણ બાળકની સ્વતંત્રતાનું ગળું દાબીને વિકાસ સામે પડકાર ફેંકે છે.
- સંકુચિત શિક્ષણ એટલે...
  - બાળક કેટલાંક નિશ્ચિત વર્ષો સુધી શિક્ષણ પ્રાપ્ત કરે છે, તેનું પ્રાપ્તિ સ્થાન શાળા-મહાશાળા ગણાવે છે. શિક્ષક બાળકને ભણાવે છે અને બાળક ભણે છે.
- શાળા-મહાશાળાઓમાં અપાતું શિક્ષણ (ઔપચારિક શિક્ષણ)
- જે માહિતીનું વિતરણ છે, જેમાં વિવિધ વિષયોની માહિતી અપાય છે.
- કેળવણી એટલે ભણતર.
- કેળવણી એટલે માનસિક ઘડતર.
- મર્યાદિત અર્થની કેળવણી એટલે લેખન, વાંચન અને ગણન પ્રક્રિયા.
- કેળવણી એટલે શિસ્ત પાલનનું શિક્ષણ.
- કેળવણી એટલે વિકાસ.
- કેળવણી એ ઇરાદાપૂર્વક સભાનતાવાળી પ્રક્રિયા છે.
- કેળવણી એટલે અધ્યયન – અધ્યયન પ્રક્રિયા જેમાં બાળકો શીખે.
- આ કેળવણીની પ્રક્રિયામાં બાળક નિશ્ચિત વર્ષ સુધી અભ્યાસ કરે છે, જેમાં સ્થળ, સમય, પદ્ધતિ, અભ્યાસક્રમ વગેરે બાબતો નક્કી કરેલ હોય છે.
- આ પ્રક્રિયા ઇરાદાપૂર્વકની છે. જેમાં એક શિક્ષણ આપનાર અને બીજો શિક્ષણ લેનાર હોય છે.
- મર્યાદિત કેળવણીનું પરિણામ ફલશ્રુતિથી માપી શકાય છે.

– "આપણી શક્તિઓનો વિકાસ અને ઉન્નતિ માટે જાગૃતિપૂર્વક કરેલાં કોઈપણ પ્રયાસને કેળવણી કહેવાય." –જે. એસ. મેકેન્ઝી

– મેકેન્ઝીના મતે – આપણી શક્તિઓનો વિકાસ તથા સુધારણા માટે ઇરાદાપૂર્વક કરવામાં આવેલા કોઈપણ પ્રયાસને શિક્ષણનો સંકુચિત અર્થ ગણાવી શકાય.

– મિલના શબ્દોમાં, "શિક્ષણ દ્વારા એક પેઢીના લોકો બીજી પેઢીના લોકોમાં સંસ્કૃતિનું સંક્રમણ કરે છે, જેથી તેઓ તેમનું સંરક્ષણ કરી શકે અને જો શક્ય હોય તો વિકાસ પણ કરી શકે."

– "કેળવણી એક એવી ક્રિયા છે, જેમાં અને જેનાં દ્વારા બાળકના જ્ઞાન, ચારિત્ર્ય તથા વ્યવહારને એક વિશેષ રૂપે ઘાટ આપી શકાય છે." –પ્રો. ડ્રેવટ

– ટૂંકમાં સંકુચિત અર્થમાં કેળવણી એ માનવીની શક્તિઓનો વિકાસ અને ઉન્નતિ માટે સભાનતાપૂર્વક કરેલાં પ્રયાસો છે.
  – કેળવણી એટલે પરીક્ષામાં પાસ થવું.
  – કેળવણી એટલે નિશ્ચિત સમયગાળામાં અભ્યાસક્રમ પૂરો કરવો.
  – કેળવણી એટલે શિક્ષક દ્વારા અપાતું પુસ્તકિયું જ્ઞાન.
  – કેળવણી એટલે માહિતી મેળવવી.
  – કેળવણી એટલે શાળાની ચાર દિવાલો વચ્ચે અપાતું શિક્ષણ.
  – કેળવણી એટલે ગોખણપટ્ટી કરી પરીક્ષામાં પાસ થવું.
  – કેળવણી એટલે થ્રી આરની પ્રાપ્તિ. એક આર એટલે રીડીંગ, બીજો આર એટલે રાઈટીંગ અને ત્રીજો આર એટલે એરિથમેટિક.
  – સરળ ગુજરાતીમાં કહેવું હોય તો કેળવણી એટલે વાંચતા, લખતા અને ગણતા શીખવું એ સિવાયના જીવન કૌશલ્યોના શીખવા અંગે.
  – ચોક્કસ સ્થળે અને ચોક્કસ સમયગાળા માટે વિષયનું ચોક્કસ શિક્ષક દ્વારા ચોક્કસ રીતે પરીક્ષા વડે થતું શિક્ષણ એટલે શિક્ષણ (કેળવણી) આ છે કેળવણીનો સંકુચિત અર્થ.
  – સંકુચિત અર્થમાં કેળવણી એટલે ઔપચારિક શિક્ષણ. આ પ્રકારનું શિક્ષણ પણ મહત્ત્વનું તો છે જ. નાના બાળકો માટે ઔપચારિક શિક્ષણ ખૂબ જરૂરી છે.
  – જહૉનડ્યૂઈ લખે છે – સંકુલ સમાજની પરંપરાઓ, રિવાજો, તેનાં મૂલ્યો અને સમજણો નાના બાળકોમાં ઉતારવા આ પ્રકારના શિક્ષણની જરૂર પડે છે.
  – મનુષ્યની શક્તિઓ અને ક્ષમતાઓના સંપર્ક વિકાસના હેતુસર સભાનતાપૂર્વકના સહેતુક કોઈપણ પ્રયત્ન કેળવણી કહેવાય.

**કેળવણીનો વ્યાપક અર્થ (Wider Meaning) :**

– વ્યક્તિના જીવનમાં જે બાબતો પ્રભાવશાળી અસરો જન્માવે છે તે સૌનો વ્યાપક કેળવણીમાં સમાવેશ થાય છે.

– ટૂંકમાં – વ્યાપક કેળવણી અર્થ વ્યાપક છે. આ પ્રકારના કેળવણી માનવીના અસ્તિત્વમાં ક્રાન્તિ લાવનારું બળ છે, જેના દ્વારા માનવીના વિચારો, વલણો, રસ, ઊર્મિઓ અને આદર્શોનો વિકાસ થાય છે. અંતે तमसो मा ज्योतिर्गमय નો મંત્ર સાકાર કરે તે વ્યાપક કેળવણી છે.

– કેળવણી તેના વિશાળ અર્થમાં,
  – વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરનારી પ્રક્રિયા છે.
  – વ્યક્તિના જન્મથી મૃત્યુ પર્યંત વાતાવરણ કે સમાજમાંથી જુદા જુદા અનુભવો વ્યક્તિના

વર્તન પર અસર કરે અને તે અસર દ્વારા વ્યક્તિના વર્તનમાં પરિવર્તન લાવે તે પરિવર્તન લાવનાર કેળવણી કહેવાય છે.

- વ્યક્તિમાં રહેલી વિશિષ્ટ શક્તિઓને બહાર લાવી, વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ કરે તે પ્રક્રિયા કેળવણી કહેવાય છે.
- કેળવણી એ વિશ્વના વિશાળ ફલકમાંથી વ્યાપક અને વિશિષ્ટ અનુભવો દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.

ટૂંકમાં,

- કેળવણીને વિશાળ અર્થમાં જોઈએ તે તે માનવ-પ્રતિભાવની સર્વદેશીય વિકાસની પ્રક્રિયા છે.
- શિક્ષણના વ્યાપક અર્થમાં સંકુચિત અર્થ સમાઈ જાય છે, પરંતુ શિક્ષણ જ એક એવી પ્રક્રિયા છે, જેના વડે વ્યક્તિમાં સર્વાંગી અપેક્ષિત વર્તન પરિવર્તન થવાની સાર્વત્રિક પ્રક્રિયા કહે છે.
- વિદ્વાનોના વ્યાપક અર્થમાં કેળવણી વિશેના વિચારો નીચે મુજબ છે.
  - શિક્ષણના વ્યાપક અર્થમાં એ બધી અસર આવે છે, જે વ્યક્તિને જન્મથી લઈને મૃત્યુ પર્યંત પ્રભાવિત કરે છે. —ડુમવિલે
  - અતિ વ્યાપક અર્થમાં કેળવણીમાં એ બધી બાબતો આવી જાય છે જે નિર્માણકારી અસર કરે છે. — માર્ક હોપકિન્સ
  - બાળક પોતાના માતા-પિતાને, વિદ્યાર્થીને પોતાના શિક્ષકોને શિક્ષિત કરે છે. આમ, વ્યાપક અર્થમાં જીવન કેળવણી અને કેળવણી જીવન છે. — બોજ
  - વ્યાપક અર્થમાં કેળવણી એ એક એવી પ્રક્રિયા છે, જે આજીવન ચાલે છે અને જીવનનાં લગભગ પ્રત્યેક અનુભવથી તેના ભંડારમાં વૃદ્ધિ થતી રહે છે.— જે. એસ. મેકેન્ઝી
  - શિક્ષણ એ વિકાસનો ક્રમ છે, જેનાથી વ્યક્તિને પોતાને ધીરે ધીરે વિભિન્ન પ્રકારના પોતાના ભૌતિક, સામાજિક અને આધ્યાત્મિક વાતાવરણ સાથે અનુકૂળ બનાવી લે છે. વાસ્તવમાં જીવન જ માનવને શિક્ષિત કરે છે. વ્યક્તિ પોતાના વ્યવસાય, પારિવારિક જીવન, મિત્રતા, વિવાદ, પિતૃત્વ, મનોરંજન, યાત્રા વગેરે દ્વારા શિક્ષિત બનતી જાય છે. —ડી. રોમેન્ટ

**સંકુચિત અર્થ અને વ્યાપક અર્થની તુલના :**

| | સંકુચિત અર્થ | વ્યાપક અર્થ |
|---|---|---|
| (1) | શાળા-મહાશાળામાં જ શિક્ષણ મળે. | વૈશ્વિક પર્યાવરણમાંથી શિક્ષણ મળે. |
| (2) | માહિતી વિતરણ જ શિક્ષણ છે. | માહિતી વિતરણ એ શિક્ષણ નથી. |
| (3) | કેળવણી બંધનોમાં બાંધે તે શિક્ષણ | આ કેળવણી સર્વ બંધનોમાંથી મુક્ત બનાવે તે શિક્ષણ. |
| (4) | આ કેળવણી પુસ્તકમાંથી જ મળે. | આ કેળવણી જીવનના અનુભવમાંથી મળે. |
| (5) | આ કેળવણી નિર્ધારિત સમય મર્યાદામાં થતી પ્રક્રિયા છે. | આ કેળવણી જન્મથી મૃત્યુ સુધી ચાલતી પ્રક્રિયા છે. |
| (6) | આ કેળવણી માનસિક શક્તિના વિકાસ પર ભાર મૂકે છે. | આ કેળવણી જીવન કૌશલ્યના વિકાસ પર ભાર મૂકે છે. |
| (7) | આ કેળવણી આજીવિકા મેળવવા માટે. | આ કેળવણી જીવન સુખમય બનાવવા માટે |
| (8) | આ કેળવણી તદ્દન કૃત્રિમ પ્રક્રિયા છે. | આ કેળવણી પ્રાકૃતિક પ્રક્રિયા છે. |
| (9) | આ કેળવણીમાં નિર્ધારિત પાઠ્યપુસ્તક હોય છે. | આ કેળવણીમાં જીવન જ પાઠ્યપુસ્તક હોય છે. |
| (10) | આ કેળવણીમાં શિક્ષણ વિષયના સીમાડામાં બંધ હોય છે. | આ કેળવણી શિક્ષણ વિષયના સીમાડામાં મુક્ત હોય છે. |
| (11) | આ કેળવણી એ એકાંગી વિકાસ સાધે તે શિક્ષણ. | આ કેળવણી સર્વાંગી વિકાસ સાધે તે શિક્ષણ. |
| (12) | આ કેળવણી ભણતર કહેવાય છે. | આ કેળવણી ભણતર અને ગણતર કહેવાય છે. |
| (13) | આ કેળવણીમાં અનુભવનું નહીં શબ્દોને મહત્ત્વ વધુ. | આ કેળવણીમાં આજીવન ચાલતી પ્રક્રિયાને જીવનના લગભગ પ્રત્યેક અનુભવથી તેના ભંડારમાં પુસ્તકનું મહત્ત્વ વધુ વૃદ્ધિ થતી રહે છે. |
| (14) | આ કેળવણીમાં શિસ્તનો દુરાગ્રહી હોય છે. | આ કેળવણીમાં તાલીમને બદલે પ્રેમ અને હૂંફ. |
| (15) | વાંચન-લેખન ને ગણનનો શિક્ષક માટે શિક્ષણ. | જીવનની સમસ્યાઓના ઉકેલની ક્ષમતા કેળવવા માટે શિક્ષણ. |
| (16) | ઈંટ ચૂનાથી ચણેલ વિદ્યાલય. | પ્રકૃતિ વિદ્યાલય, પ્રકૃતિ વિશ્વવિદ્યાલય. |
| (17) | આ કેળવણીમાં સ્મરણશક્તિનો વિકાસ, તર્કનો વિકાસ. | આ કેળવણીમાં સમજણનો વિકાસ, ડહાપણનો વિકાસ. |

**કેળવણીનું સ્વરૂપ :**

કેળવણીના તેના વ્યાપક અર્થમાં પાસાં ધરાવતા રત્ન જેવી છે, તેના વિવિધ સ્વરૂપો છે. બધાં સ્વરૂપો વ્યક્તિ અને સમાજને શિક્ષણ અપાવવાનું કાર્ય કરે છે. કેળવણી માનવ ઘડતરની પ્રક્રિયા છે. કેળવણી માતાના ગર્ભમાંથી શરૂ થઈ મૃત્યુ પર્યંત ચાલે છે. કેળવણીકારો કેળવણીને બે સ્વરૂપોમાં વિભાજીત કરે છે. આવો આપણે શિક્ષણના સ્વરૂપનો પરિચય મેળવીએ.

**(1) ઔપચારિક કેળવણી (વૈધિક) (Formal Education) :**

– સમાજમાં શિક્ષણ આપવાનું કાર્ય કરવા વિવિધ સંસ્થાઓ છે, જેને આપણે શાળા, કૉલેજ વગેરે નામથી ઓળખીએ છીએ. આ સંસ્થાઓ ચોક્કસ ઉંમરના બાળકોને ચોક્કસ પ્રકારનું શિક્ષણ આપે છે, જ્યાં બાળકો ચોક્કસ સંસ્થામાં અમુક સમય સુધી શિક્ષણ પ્રાપ્ત કરે છે.

આવા પ્રકારના શિક્ષણની વ્યવસ્થા દુનિયાના બધાંજ દેશોએ કરેલી છે, જેને આપણે ઔપચારિક શિક્ષણ કહીશું.

– ''નિશ્ચિત ઉદ્દેશોને દૃષ્ટિ સમક્ષ રાખી માનવવર્તનમાં સભાનતાપૂર્વકનું અને હેતુપૂર્વક પરિવર્તન લાવવા માટે અપાતી કેળવણીને ઔપચારિક કેળવણી કહેવામાં આવે છે.''

– પહેલા સમયમાં માનવીની જરૂરિયાતો મર્યાદિત હતી. ધીમેથી જરૂરિયાતો વધતાં શિક્ષણ લેવાની જરૂરિયાત ઊભી થઈ. જ્યારે સમાજ સંકુલ ન હતો અને જ્ઞાનની ક્ષિતિજો મર્યાદિત હતી ત્યારે ઔપચારિક કેળવણીની આવશ્યકતા ન હતી, પરંતુ સંસ્કૃતિનો વિકાસ વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો ફેલાવો અને જ્ઞાનના ભંડોળમાં સતત થતી વૃદ્ધિને કારણે ઔપચારિક કેળવણીનું મહત્ત્વ વર્તમાન સમયમાં ઠીક ઠીક વધ્યું છે.

– સાંસ્કૃતિક વારસાના સંવર્ધન, રક્ષણ અને હસ્તાંતરના વાહક તરીકે ઔપચારિક કેળવણીનો સ્વીકાર અને ઉપયોગ સમગ્ર વિશ્વમાં થાય છે.

**(A) ઔપચારિક કેળવણીની લાક્ષણિકતાઓ (લક્ષણો) :**

ઔ5ચારિક કેળવણીનાં લક્ષણો નીચે મુજબ છે.

(1) આ કેળવણી ચોક્કસ નક્કી કરેલા સમય માટે જ ચાલે છે.

(2) આવી કેળવણી પૂર્વ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એવા વિભાગોમાં વહેંચાયેલી છે.

(3) ઔપચારિક કેળવણી એ ચોક્કસ સંસ્થાઓ દ્વારા જ અપાય છે. આવી ઔપચારિક કેળવણી તેને માટે સ્થાપવામાં આવેલી ખાસ શિક્ષણની સંસ્થાઓ દ્વારા અપાય છે.

(4) ઔપચારિક કેળવણીમાં શિક્ષણમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ એક જ સ્થળે પ્રત્યક્ષ મળે છે. નક્કી કરેલા ઉદ્દેશોને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરવાનો અને વિદ્યાર્થીઓ શીખવાનો પ્રયત્ન કરે છે. ઔપચારિક કેળવણીની પ્રક્રિયા દ્વિધ્રુવી હોય છે.

(5) ઔપચારિક કેળવણીનું માળખું અગાઉથી નક્કી કરેલ હોય છે. સ્થળ, સમય, સમયગાળો, અભ્યાસક્રમો, પાઠ્યપુસ્તકો, સમયપત્રક, અધ્યાપન પદ્ધતિ, મૂલ્યાંકન પદ્ધતિ વગેરે આ માળખામાં સમાવેશ કરી શકાય.

(6) ઔપચારિક કેળવણીમાં વિદ્યાર્થીઓને ગાળીને, ચકાસીને, પસંદ કરીને ક્રમબદ્ધતાપૂર્વક શૈક્ષણિક અનુભવો પૂરા પાડવામાં આવે છે. આથી ઔપચારિક કેળવણી કેળવણીનું સુવ્યવસ્થિત સ્વરૂપ ગણાવી શકાય.

(7) આયોજનપૂર્વક શૈક્ષણિકકાર્ય થાય છે, જેથી પરિણામ સારું જોવા મળે છે.

(8) શિક્ષણ સાથે સંકળાયેલ વિદ્યાર્થી, શિક્ષક અને આચાર્ય અધિકારી વગેરેની કામગીરી ચોક્કસ હોય છે, જેથી સૌ પોતપોતાનું કાર્ય જાગૃતપણે કરે છે.

(9) સંસ્થાના નિયમો નક્કી કરેલા હોય છે, તેથી શિક્ષણ પ્રક્રિયા કે વહીવટમાં ક્યાંય ગૂંથ ઊભી થતી નથી. જરૂરી બાળકોની નોંધ રાખવામાં આવતી હોય છે, જે ભવિષ્યમાં શિક્ષણ સુધારવા કે બીજા વહીવટી આંકડા મેળવવામાં ઉપયોગી છે.

(10) મૂલ્યાંકન પરીક્ષાના કારણે નક્કી કરેલાં હેતુઓ સિદ્ધ થાય કે નહીં તે જાણી શકાય છે, જે શિક્ષણ પ્રક્રિયામાં જરૂર જણાતા ફેરફાર કરવા માટે દિશા ચીંધે છે.

**(B) ઔપચારિક કેળવણીની ખામીઓ :**

ઔ5ચારિક કેળવણી કેટલાંક લાક્ષણિકતાઓ હોવા છતાં તેની ખામીઓ નીચે મુજબ જોવા મળે છે.

(1) આ પ્રકારનું શિક્ષણ સંસ્થા દ્વારા ચાલે છે. તેથી નક્કી કરેલા નિયમો પ્રમાણે કાર્ય ચાલે છે. નિયમોને કારણે શિક્ષક કે વિદ્યાર્થી ને નવું કાર્ય પ્રયોગ કે સંશોધન કરવાની તક મળતી નથી.

(2) નક્કી કરેલા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, પરીક્ષા વગેરેના નિયમોને કારણે શિક્ષણમાં ધારે ત્યારે પરિવર્તનશીલ થઈ શકતું નથી, તેમાં ધાર્યા ફેરફાર થઈ શકતાં નથી.

(3) ઔપચારિક શિક્ષણ જેમાં પ્રવેશ, હાજરી, વર્ગબદ્ધતા, શાળાનો સમય જેવી અનેક બાબતો માટે અનેક જડ નિયમો હોય છે, પરિણામે ત્યાં વિદ્યાર્થીની વય, રસ, રુચિ વગેરેને અવગણીને શિક્ષણ કાર્ય થાય છે, જેથી આ શિક્ષણ આનંદની પ્રક્રિયા બનતી નથી.

(4) ઔપચારિક શિક્ષણનો હેતુ ડિગ્રી કે પ્રમાણપત્ર મેળવવાનો જ બની ગયો હોય તેમ લાગે છે.

(5) સરકાર અને સમાજની મર્યાદાની સીધી અસર આ શિક્ષણ પર પડે છે.

(6) એક જ રાજ્યમાં ચાલતો અભ્યાસક્રમ સરખો હોય છે. અહીં રાજ્યના દરેક સ્થળની જરૂરિયાત, ભૌગોલિક પરિસ્થિતિ કે વાતાવરણને અવગણવામાં આવે છે, જેથી વિદ્યાર્થી અને વાલીમાં ક્યારેક અસંતોષ જન્મે છે.

(7) બાળકોની ભિન્ન શક્તિઓને અવગણી, સમૂહમાં જ શિક્ષણ આપવામાં આવે છે, જેથી બાળકોની વૈયક્તિક્તાને મહત્ત્વ મળતું ન હોવાથી બાળકો રસવિહીન બને છે.

**(C) ઔપચારિક કેળવણીની અસરકારકતા વધારવા માટેનાં સૂચનો :**

ઔ5ચારિક કેળવણીની કેટલીક મર્યાદાઓ હોવા છતાં શિક્ષણમાં તે અનિવાર્ય ગણાય છે. તેને અસરકારક બનાવવા માટે નીચે મુજબના કેટલાંક સૂચનો કરી શકાય.

(1) કેળવણી વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખી આપવી જોઈએ.

(2) વ્યવસાયલક્ષી અને ઉત્પાદનલક્ષી કેળવણી આપવા પર ભાર મૂકવો જોઈએ.

(3) કેળવણી સ્થાનિક જરૂરિયાતો અનુસાર વધારે સ્થિતિસ્થાપક અને પરિવર્તનશીલ બનાવવી જોઈએ.

(4) શિક્ષણકાર્ય કરવા માટે આધુનિક શિક્ષણ પદ્ધતિ અને દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

(5) શિક્ષણ આપતી સંસ્થા અને સમાજ વચ્ચેનો સંબંધ ઘનિષ્ઠ બનાવવો જોઈએ. શાળા અને સમાજ એકબીજાની નજીક આવે એવા પ્રયત્નો કરવા જોઈએ.

(6) રાષ્ટ્રની પરિવર્તનશીલ સમાજ વ્યવસ્થાને ઉપયોગી બને તે રીતે નાના મોટા ઉદ્યોગો અને વ્યવસાયોનું ટૅક્નિકલ જ્ઞાન મળે તેવી જોગવાઈ થવી જોઈએ.

(7) ઔપચારિક શિક્ષણમાં માત્ર અભ્યાસક્રમને મહત્ત્વ ન આપતાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને ઉત્તેજન મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(8) વિદ્યાર્થીઓના પ્રવેશ માટેનાં નિયંત્રણો વધુ શિથિલ બનાવવાં જોઈએ, એટલે કે હળવા બનાવવા જોઈએ.

(9) વિદ્યાર્થીઓ શિક્ષણમાં કૌશલ્યલક્ષી શિક્ષણ તરફ વળે તેવાં પ્રયત્નો કરવા જોઈએ. આમ, કરવામાં આવે તો ઔપચારિક કેળવણી વધુ અસરકારક બની શકે.

**(2) અનૌપચારિક કેળવણી (Informal Education) :**

– સમાજમાં અનેક સંસ્થાઓ, મંડળો છે કે જેમનું મુખ્યકાર્ય સમાજસેવા કરવાનું હોય છે. આવી સંસ્થા કે મંડળ કોઈ ચોક્કસ નિયમ કે બંધનને વશ થયા વિના, સમાજની જરૂરિયાતને કારણે શિક્ષણનું કાર્ય કરે છે. આ પ્રકારના શિક્ષણનો ચોક્કસ સમય કે ચોક્કસ અભ્યાસક્રમ હોતો નથી.

– દા.ત. વર્તમાનપત્ર, રામાયણ અને મહાભારતની કથા, લોક ડાયરો, રેડિયો, ટી.વી. સામાજિક મંડળ જેવા કે મહિલા મંડળ, યુવક મંડળ વગેરે દ્વારા અપાતું શિક્ષણ, જેમાં શિક્ષણ ગમે ત્યારે શરૂ કરી શકાય અને ગમે ત્યારે પૂરું કરાય.

– વિદ્યાર્થીને જે વિષય ભણવો હોય તે વિષય માટે સ્વતંત્રતા. અહીં અક્ષરજ્ઞાનને મહત્ત્વ નથી, વિચારોને મહત્ત્વ છે. આ રીતે મળતા કે અપાતા શિક્ષણને અનૌપચારિક શિક્ષણ કહે છે.

– આમ, અનૌપચારિક શિક્ષણ એટલે બંધનો વગરનું અવિધિસરનું છતાં વ્યક્તિને તેના રોજબરોજના જીવન વ્યવહારમાં અનુકૂળ બનાવી કૌશલ્ય આપતું શિક્ષણ.

**(A) અનૌપચારિક કેળવણીની લાક્ષણિકતાઓ :**

અનૌપચારિક કેળવણીના લક્ષણો નીચે મુજબ છે :

(1) ઔપચારિક કેળવણી આજીવન ચાલતી પ્રક્રિયા છે.

(2) કોઈ શિક્ષક નથી, શાળા કે ચોક્કસ અભ્યાસક્રમ નથી, કોઈ શિક્ષણ પદ્ધતિ નથી.

(3) આવા શિક્ષણમાં કોઈ પરીક્ષા કે કોઈ પદવી નથી.

(4) આ પ્રકારના શિક્ષણમાં વય કે સમયગાળો નક્કી નથી.

(5) આ પ્રકારની કેળવણી કોઈ ચોક્કસ ઉદ્દેશો ધ્યાનમાં લઈ સભાનતાપૂર્વક અપાતી નથી. સમાજ કે સમુદાયની નિમ્ન વ્યક્તિઓ સાથે મળતાં, ભળતાં કે રહેતાં આ પ્રકારનું શિક્ષણ અનાયાસે મળી રહે છે.

(6) આ પ્રકારનું શિક્ષણ અનેક ધ્રુવી બની જાય છે.

(7) અનૌપચારિક શિક્ષણ શાળા જેવી કોઈ વિશિષ્ટ સંસ્થા દ્વારા થતી નથી, પરંતુ ઘર, સમાજ કે અન્ય વ્યક્તિઓ દ્વારા તે પ્રાપ્ત થાય છે.

(8) ઘણી જીવન ઉપયોગી બાબતો ઔપચારિક શિક્ષણ દ્વારા જ શીખાય છે.

(9) વ્યક્તિ અને સમાજનું વિશિષ્ટ રીતે છતાં સઘન ઘડતર થાય છે.

**(B) અનૌપચારિક કેળવણીની મર્યાદાઓ (Limitation of Information Education) :**

(1) કોઈ હેતુઓ, વિષયવસ્તુ, કાર્ય પદ્ધતિ કે સંચાલન તરાહ નક્કી ન હોવાના કારણે માનવીને મૂંઝવણમાં મૂકે છે.

(2) આજના વાતાવરણ પ્રમાણે અનૌપચારિક શિક્ષણ ચારે બાજુથી મારો ચલાવતી હોય તેવું લાગે છે, જેથી માનવીની તાણમાં વધારો કરનારી બને છે.

(3) આ કેળવણી દ્વારા પ્રાપ્ત થતા અનુભવો હંમેશા શિક્ષણપ્રદ હોતા નથી. આથી આ પ્રકારની કેળવણી દ્વારા વ્યક્તિ અનિચ્છનીય બાબતો પણ શીખી લે તેવો સંભવ રહેલો છે.

(4) અનૌપચારિક કેળવણી ઔપચારિક કેળવણીની માફક વ્યવસ્થિત અને આયોજન વગર આપવામાં આવે છે.

(5) આ પ્રકારની કેળવણીમાં મૂલ્યાંકન થતું ન હોવાથી દરેક વ્યક્તિ પોતાની નબળાઈને મર્યાદાને પણ સાચી માનીને ચાલે છે. તેને યોગ્ય માર્ગદર્શન મળતું નથી.

(6) આ કેળવણીમાં મંદબુદ્ધિ, અશક્ત વ્યક્તિને ઔપચારિક શિક્ષણ યોગ્ય પ્રમાણમાં મળતું નથી, જેટલો ફાયદો બીજી વ્યક્તિને થાય છે તેટલો ફાયદો આવી ખામીયુક્ત વ્યક્તિને થતો નથી.

(7) આ પ્રકારની કેળવણી લેવાથી ઘણીવાર વ્યક્તિ ખોટી માન્યતા, અંધશ્રદ્ધામાં ફસાય છે.

(8) આજના પ્રચારયુદ્ધના યુગમાં અનૌપચારિક શિક્ષણ ઘણીવાર અનિષ્ટ સર્જનારું બળ બની જાય છે. સમાજમાં ચારેબાજુ બનતી અનિષ્ટ ઘટનાઓ, ભ્રષ્ટાચાર, ગુનાખોટી વગેરે નકારાત્મક તત્ત્વો વ્યક્તિના ઘડતરમાં નકારાત્મક ભાગ ભજવે છે.

(9) આ કેળવણીમાં ઉદ્દેશોની સભાનતા હોતી નથી. ઉદ્દેશોની સભાનતા વગર લક્ષ્ય સુધી પહોંચી ન શકાય. લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળતા મળતી નથી.

(10) આ પ્રકારની કેળવણી દ્વારા પ્રાપ્ત થતા શૈક્ષણિક અનુભવ ગાળીને, પસંદ કરીને આપવામાં આવેલા હોતા નથી.

– આમ છતાં, અનૌપચારિક કેળવણી વ્યક્તિના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અન્ય માધ્યમ દ્વારા મળતું શિક્ષણ ચીર સ્થાયી હોય છે. વ્યવહારિક હોય છે. પ્રત્યક્ષ હોય છે.

**(3) અવૈધિક શિક્ષણ (Non formal Education) :**

– સમાજમાં અનેક સંસ્થાઓ, ક્લબો, મંડળો છે કે જેમનું મુખ્ય કાર્ય સમાજ સેવા કરવાનું હોય છે. આવી સંસ્થા કે મંડળ કોઈ ચોક્કસ નિયમ કે બંધનને વશ થયા વિના, સમાજની જરૂરિયાતને કારણે શિક્ષણનું કાર્ય કરે છે. આવા શિક્ષણનો ચોક્કસ સમય કે ચોક્કસ અભ્યાસક્રમ હોતો નથી.

**(A) અવૈધિક કેળવણીની સંકલ્પના (Non Formal Education) :**

અવૈધિક કેળવણી શિક્ષણની એવી વ્યવસ્થા છે કે જેના વડે જેને, જ્યાં, જ્યારે, શીખવું હોય તે ત્યાં અને ત્યારે શીખી શકે છે.

– અવૈધિક કેળવણી શિક્ષણના ઔપચારિક માળખાને ગૌણ ગણે છે.

– દા.ત. વર્તમાનપત્ર, રામાયણ અને મહાભારતની કથા, લોકડાયરો, રેડિયો, ટી.વી. સામાજિક મંડળ જેવાં કે મહિલા મંડળ, યુવક મંડળ વગેરે દ્વારા આપતું શિક્ષણ.

– જેમાં શિક્ષણ ગમે ત્યારે શરૂ કરી શકાય અને ગમે ત્યારે પૂરું કરાય. જે વિષય ભણાવા હોય તે વિષય માટે સ્વતંત્રતા. અહીં અક્ષરજ્ઞાનને મહત્ત્વ નથી, વિચારોને મહત્ત્વ છે. આ રીતે મળતા કે અપાતા શિક્ષણને અવૈધિક શિક્ષણ કહે છે.

– અવૈધિક કેળવણી શુદ્ધ ઔપચારિક કેળવણી અને શુદ્ધ અનૌપચારિક કેળવણી એ બંનેનાં લક્ષણો ધરાવે છે છતાં તે બંનેને ભિન્ન એવું કેળવણીનું સ્વરૂપ છે. તે શિક્ષણને જીવન સાથે સાંકળતી એક કડી છે.

**(B) અવૈધિક શિક્ષણનું સ્વરૂપ :**

– આ પ્રકારનું શિક્ષણ સમાજની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ઉદ્ભવે છે.

– આ શિક્ષણનો હેતુ ચોક્કસ લેખિત સ્વરૂપે નથી હોતો. સમય બદલાતાં હેતુઓનું સ્વરૂપ બદલાય છે.

– આ પ્રકારની કેળવણીમાં કોઈ ચોક્કસ વિષયવસ્તુ, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, સમયપત્રક વગેરે હોતા નથી.

– આ પ્રકારની કેળવણી નાના બાળકથી માંડી વૃદ્ધ સુધીના તમામ લોકો આ શિક્ષણ મેળવે છે.

– આ શિક્ષણ આપવાની કોઈ ચોક્કસ પદ્ધતિ નથી.

– આ પ્રકારના શિક્ષણમાં અપાયેલું શિક્ષણનું મૂલ્યાંકન કે પરીક્ષા લેવામાં આવતી નથી.

– આ પ્રકારના શિક્ષણમાં કાર્યનું સંચાલન, નિરીક્ષણ, વહીવટ વગેરે માટે જડ નિયમો હોતા નથી.

– સંસ્થા, મંડળ, પ્રચાર માધ્યમો લોકોની આવશ્યકતા અને અનુકૂળતા મુજબ શિક્ષણ આપે છે.

– આ પ્રકારનું શિક્ષણ વ્યક્તિમાં નૈતિક મૂલ્યો વિકસાવવાનું અને સામાજિક પરિવર્તન લાવવા માટે અસરકારક માધ્યમ છે.

**(C) અવૈધિક કેળવણીની લાક્ષણિકતાઓ (Characteristic of Non formal Education) :**

– અવૈધિક કેળવણી વિધિસરની કેળવણી નહીં હોવા છતાં કેટલીક લાક્ષણિકતાઓ ધરાવે છે. તેનું સ્વરૂપ સ્પષ્ટ થતાં તેની લાક્ષણિકતાઓ નજરે ચઢે છે.

(1) અવૈધિક કેળવણી નથી શુદ્ધ ઔપચારિક કે નથી શુદ્ધ અનૌપચારિક તે આવશ્યકતા અનુસાર બંનેના કેટલાંક લક્ષણો ધરાવે છે.

(2) આ પ્રકારની કેળવણી જ્ઞાન, માહિતી, સમજ, રુચિ વગેરેમાંથી જેને જે જોઈતું હોય તે મળી શકે છે, એટલે કે વ્યક્તિને પસંદગીનો અવકાશ ઘણો મળી રહે છે.

(3) આ શિક્ષણ મેળવવામાં સમય આપવા પડતો નથી અને ખર્ચ થતો નથી.

(4) વ્યક્તિના જાત અનુભવમાંથી જ શીખવાનું હોવાથી શિક્ષણ સરળતાથી પ્રાપ્ત થાય છે અને ચિરંજીવ બને છે.

(5) શિક્ષણ મેળવવા માટે કોઈ નિયમો હોતાં નથી, જેથી વ્યક્તિ પોતાની રીતે પોતાની જરૂરિયાત પ્રમાણે સ્વરૂપે પ્રયત્ને શીખે છે.

(6) અવૈધિક કેળવણીના કાર્યક્રમોનું વિષયવસ્તુ અને સ્વરૂપ તેના લક્ષ્ય જૂથનાં સ્વરૂપ અને આવશ્યકતા અનુસાર પરિવર્તનશીલ હોય છે.

(7) આ પ્રકારની કેળવણીને સ્થળ-કાળનાં બંધનો હોતાં નથી. આ કેળવણી શીખનાર વ્યક્તિને અનુકૂળ હોય તેવા કોઈપણ સ્થળે આપી શકાય. દા.ત. કારખાનામાં, મંદિરમાં, મસ્જિદમાં, ખેતરમાં, ખુલ્લા મેદાનમાં, ખાનગી ઘરોમાં, શાળા સમય બાદ કે શાળા સમય પહેલાં શાળાઓમાં પુસ્તકાલયોમાં આપી શકાય છે. આવા કાર્યક્રમોનો સમય શીખનાર વ્યક્તિને અનુકૂળ રાખવામાં આવે છે. સવારે, બપોરે, સાંજે-રાત્રે કે રજાના દિવસે યોજી શકાય છે.

(8) આ પ્રકારની કેળવણીનું વિષયવસ્તુ દરેક વયજૂથની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને પર્યાવરણજન્ય પરિસ્થિતિ પર આધારિત હોવું જોઈએ. આપણું આરોગ્ય સારું ઘર અને કુટુંબ જીવન, દેશ અને નાગરિક જીવન, ખેતી, માનવીય મૂલ્યો, વ્યવસાય અને રોજગારી જેવાં અભ્યાસ ક્ષેત્રોનો તેમાં સમાવેશ થઈ શકે છે.

(9) આ પ્રકારની કેળવણી શિક્ષણથી વંચિત રહેલી વ્યક્તિઓને આ પ્રકારની કેળવણી દ્વારા શિક્ષિત કરી શકાય છે.

**(D) અવૈધિક કેળવણીની આવશ્યકતાઓ :**

ઔપચારિક કેળવણીની અનેક મર્યાદાઓ છે. આ પ્રકારની કેળવણી એ અતિવ્યાપક હોવાથી તે ઔપચારિક કેળવણીની કેટલીક શિથિલતાઓ દૂર કરે છે. આ પ્રકારની કેળવણીની આવશ્યકતા છે કારણ કે...

**(1) નિરીક્ષરતા દૂર કરવા :**

ભારત જેવા વિકાસશીલ દેશોમાં નિરક્ષરતાનું પ્રમાણ મોટું છે. ઔપચારિક કેળવણી દ્વારા નિરક્ષરતાનું આટલું મોટું પ્રમાણ દૂર થવું અસંભવિત છે. આથી અવૈધિક કેળવણી નિરક્ષરતા દૂર કરવામાં મદદરૂપ થઈ શકે તેમ છે.

**(2) અપવ્યય અને સ્થગિતતા દૂર કરવા :**

ઔપચારિક કેળવણી દ્વારા અપવ્યય અને સ્થગિતતા જેવી સમસ્યાઓ ઊભી થતાં શિક્ષણાર્થીઓના વિકાસને તે અવરોધક બને છે. અવૈધિક કેળવણીમાં આવું થતું નથી.

**(3) ઓછા નાણાંકીય ખર્ચ કરવા :**

વધતી જતી વસ્તીને કારણે શિક્ષણની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે. કેળવણીની આ માંગ ઔપચારિક શાળા શિક્ષણ દ્વારા સંતોષી શકાય તેમ નથી, આથી ઓછા નાણાંકીય ખર્ચ દ્વારા અવૈધિક શિક્ષણ જરૂરી છે.

**(E) અવૈધિક શિક્ષણની ખામીઓ :**

અવૈધિક શિક્ષણની ખામીઓ નીચે મુજબ છે.

(1) આ શિ1ણના હેતુઓ ચોક્કસ ન હોવાથી એના માટે કામગીરી ચોક્કસ દિશામાં થતી નથી જેથી ચોક્કસ વર્તન ફેરફારો ન પણ નીપજે.

(2) આ શિક્ષણનું વિષયવસ્તુ સ્પષ્ટ ન હોવાથી શીખનારે શું મેળવ્યું ? તેનામાં શું પરિવર્તન આવ્યું ? તે શીખનારને જ ખબર હોતી નથી.

(3) આ પ્રકારના શિક્ષણની ઘણીવાર આવાં કાર્યક્રમોનો ફિયાસ્કો થતો હોય છે. જે સમાજની માંગને પહોંચી વળતા નથી.

(4) આ પ્રકારના શિક્ષણમાં મૂલ્યાંકનના અભાવે આપેલું શિક્ષણ કેટલા અંશે સિદ્ધ થયું તે જાણી શકાતું નથી. હોંશિયાર અને નબળાં વિદ્યાર્થીઓ ભેદ પારખી શકાતો ન હોવાથી જરૂરી યોગ્ય માર્ગદર્શન આપી શકાતું નથી.

(5) આ પ્રકારના શિક્ષણ આપવા કરેલા કાર્યક્રમોનું સંચાલન ઘણીવાર યોગ્ય રીતે થતું નથી.

(6) આ પ્રકારના શિક્ષણ પાછળ આપવામાં આવતો સમય અને ખર્ચની સરખામણીએ વળતર ઓછું મળેછે.

(7) આ પ્રકારનું શિક્ષણ મોટા ભાગે દશ્ય-શ્રાવ્ય દ્વારા જ અપાતું હોય છે, જેથી લોકોને લાંબા સમય સુધી રસ પડતો નથી.

**ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ વચ્ચેનો તફાવત :**

| | | | |
|---|---|---|---|
| **(1)** | **નિશ્ચિત સંસ્થા** | **(1)** | **નિશ્ચિત સંસ્થા** |
| | આ શિક્ષણ નિશ્ચિત કરેલ સંસ્થા દ્વારા અપાય છે.<br>દા.ત. બાલમંદિર, શાળા, કૉલેજ જેવા સંસ્થાઓમાં અપાય છે. | | આ શિક્ષણ વધુ પ્રમાણમાં સ્થિતિસ્થાપક છે.<br>દા.ત. ઘર, કુટુંબ, મિત્રમંડળ, સમાજ સમૂહ માધ્યમો વગેરે દ્વારા અપાય છે. |
| **(2)** | **નિશ્ચિત અભ્યાસક્રમ** | **(2)** | **નિશ્ચિત અભ્યાસક્રમ** |
| | આ શિક્ષણ નિશ્ચિત કરેલ અભ્યાસક્રમ પ્રમાણે જ અપાય છે. | | આ શિક્ષણ નિશ્ચિત કરેલ અભ્યાસક્રમ પ્રમાણે અપાતું નથી. જરૂરિયાત પ્રમાણે પરિવર્તનને અવકાશ રહે છે. |
| **(3)** | **કૌશલ્યનો વિકાસ** | **(3)** | **કૌશલ્યનો વિકાસ** |
| | આ શિક્ષણ જ્ઞાન, સમાજ અને કૌશલ્યના વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. | | આ શિક્ષણનું મહત્ત્વનું કાર્ય વ્યવસાયિક સજ્જતા, સામાજિક જાગૃતિ અને જીવનની સનાતન મૂલ્યોની માવજતનું છે. |
| **(4)** | **આર્થિક બોજ** | **(4)** | **આર્થિક બોજ** |
| | આ શિક્ષણમાં વિદ્યાર્થીઓને આર્થિક બોજ ક્યારેક ઉપાડવો પડે છે. | | આ શિક્ષણ વિદ્યાર્થીઓને આર્થિક કોઈ બોજ ઉપાડવો પડતો નથી. |
| **(5)** | **અધ્યયન સ્થગિતતા પ્રશ્નો** | **(5)** | **અધ્યયન સ્થગિતતા પ્રશ્નો** |
| | આ શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો ઊભો થયા છે. | | આ શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા જેવા પ્રશ્નો ઊભા થતા નથી. |
| **(6)** | **ચોક્કસ પદ્ધતિ** | **(6)** | **ચોક્કસ પદ્ધતિ** |
| | આ શિક્ષણ ચોક્કસ પદ્ધતિને ધ્યાનમાં રાખી શકાય છે. | | આ શિક્ષણ કોઈ ચોક્કસ પદ્ધતિને અનુસરતું નથી. |
| **(7)** | **નિશ્ચિત વય** | **(7)** | **નિશ્ચિત વય** |
| | આ શિક્ષણમાં, પ્રવેશ માટે નિશ્ચિત વય અને શિક્ષણપૂર્ણ કરવાની વય નિશ્ચિત હોય છે. | | આ શિક્ષણ જન્મથી મૃત્યુ સુધી ચાલતી આજીવન પ્રક્રિયા છે. |
| **(8)** | **ચોક્કસ સ્થળ અને સમય** | **(8)** | **ચોક્કસ સ્થળ અને સમય** |
| | આ શિક્ષણ ચોક્કસ સ્થળ અને સમય ગાળામાં અપાય છે. | | આ શિક્ષણ ચોક્કસ સ્થળ અને સમય માટે બંધન નથી. |
| **(9)** | **શિક્ષક દ્વારા કાય** | **(9)** | **શિક્ષક દ્વારા કાર્ય** |
| | આ શિક્ષણ આપવા માટે શિક્ષક હોય છે. | | આ શિક્ષણમાં કોઈ શિક્ષક હોતાં નથી. વ્યક્તિ વિવિધ સ્ત્રોતમાંથી વિવિધ બાબતો શીખતી હોય છે. |
| **(10)** | **મૂલ્યાંકન** | **(10)** | **મૂલ્યાંકન** |
| | આ શિક્ષણમાં અંતે મૂલ્યાંકન કરવામાં આવે છે. ઉપલા વર્ગમાં બઢતી અપાય છે. | | આ શિક્ષણમાં પરીક્ષાને સ્થાન નથી કે કોઈ પદવી અપાતી નથી. |

| | | | |
|---|---|---|---|
| **(11)** | **ચોક્કસ માળખું** | **(11)** | **ચોક્કસ માળખું** |
| | આ શિક્ષણમાં અભ્યાસક્રમ, શીખવાની પદ્ધતિ, શીખવવાના વિષયો વગેરે નિશ્ચિત હોય છે. | | આ શિક્ષણમાં અભ્યાસક્રમ શિક્ષણપદ્ધતિ કે વિષયો કયું નિશ્ચિત નથી. કોઈ નિશ્ચિત માળખું નથી. |
| **(12)** | **ચોક્કસ ધ્યેયો** | **(12)** | **ચોક્કસ ધ્યેયો** |
| | આ શિક્ષણના વિવિધ તબક્કે ચોક્કસ ધ્યેયો હોય છે અને આ શિક્ષણ દ્વારા આ ધ્યેયો સિદ્ધ કરવામાં આવે છે. | | આ શિક્ષણમાં કોઈ ચોક્કસ ધ્યેયો હોતાં નથી. |
| **(13)** | **ખર્ચાળ** | **(13)** | **ખર્ચાળ** |
| | આ શિક્ષણ ખર્ચાળ છે. શિક્ષણ મેળવવા ફી આપવી પડે છે. આ ઉપરાંત પાઠ્યપુસ્તકો અને અન્ય શિક્ષણ સામગ્રી ખરીદવા ખર્ચ કરવો પડે છે. | | આ શિક્ષણ નિઃશુલ્ક છે. તેમાં કોઈ પણ પ્રકારનો ખર્ચ કરવો પડતો નથી. |
| **(14)** | **ઈચ્છનીય બાબત** | **(14)** | **ઈચ્છનીય બાબત** |
| | આ શિક્ષણમાં વ્યક્તિ ઈચ્છનીય બાબત જ શીખે છે. | | આ શિક્ષણમાં વ્યક્તિ ઈચ્છનીયની સાથે અનિચ્છનીય બાબતો પણ શીખે છે. |

**કેળવણીની પ્રક્રિયાનું સ્વરૂપ (Process) :**

**પ્રસ્તાવના :**

– શિક્ષણ એ જીવનવ્યાપી ચાલતી સર્જનાત્મક પ્રક્રિયા છે, ઉપયોગી પ્રક્રિયા છે, તેથી જ તેને સામાજિક પરિવર્તનનું ફ્રી વ્હીલ કહે છે. સંસારનો કોઈ દેશ એવો નથી કે જેનો સમાજ શિક્ષણ બાબત ચિંતિત ન હોય.

– શિક્ષણ એ વ્યક્તિના અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવનારી પ્રક્રિયા છે. પ્રક્રિયામાંથી પરિણામ સંભવે છે. શિક્ષણની પ્રક્રિયાનો આધાર પરિણામ પર રહેલો હોવાથી અયોગ્ય પ્રક્રિયા દ્વારા જન્મેલાં પરિણામો અયોગ્ય અને અહિતકર નીવડે છે. આથી શિક્ષણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવી શકાય છે.

– વ્યક્તિ વાતાવરણમાંથી અને જુદા જુદા અનુભવો દ્વારા હંમેશા શીખતો જ રહે છે. વ્યક્તિ પોતાની જાતે તૈયાર થાય છે અને વિકાસ પામે છે. આવા જ્ઞાનયુક્ત અનુભવો, પડકારો અને વિકટ પરિસ્થિતિઓ દ્વારા તે પોતાનું ઘડતર કરતો રહે છે.

– શિક્ષણ મૂળતો ક્રિયાત્મક, ગત્યાત્મક બાબત છે. તે સ્થિર નથી, બેશક શાળા અચળ છે, પરંતુ તેમાં થતી શિક્ષણ તો ચલ પ્રક્રિયા છે.

– શિક્ષણ એક પ્રક્રિયા છે. તે પ્રક્રિયાનું સ્વરૂપ સમજીએ.




વર્ગખંડ પ્રક્રિયા

- ઉપરોક્ત આકૃતિ પરથી સ્પષ્ટ થશે કે Input (પહેલ) તે શિક્ષણ નથી. તે તો પ્રક્રિયા માટેના સહાયક તરીકે કામ કરે છે.
- બીજી બાજુ વ્યક્તિને પ્રાપ્ત થયેલ સિદ્ધિઓ ગુણો વગેરે પણ શિક્ષણ નથી, તે તો Input (પહેલ)માં જે તત્ત્વો હતા તેનું સંયોજન થઈને આપણને નીપજ રૂપે મળે છે.
- આપણે કહી શકીશું કે શિક્ષણ તો Input તત્ત્વોનું સંયોજન અને રૂપાંતર કરનારી પ્રક્રિયા છે, જેના પરિણામે Outputનું નિર્માણ થાય છે.
- આ Output એટલે વ્યક્તિના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન, વ્યક્તિનો સર્વાંગી અપેક્ષિત વિકાસ નીપજ એટલે વ્યક્તિમાં આવતું ગુણાત્મક પરિવર્તન.
- શિક્ષણ એ વ્યક્તિના જીવનમાં અપેક્ષિત ક્ષમતાઓ વિકસાવી સારાં નાગરિક બનાવનારી પ્રક્રિયા છે. પ્રક્રિયામાં પરિણામ સંભવે છે. પરિણામનો આધાર પ્રક્રિયા ઉપર હોવાથી જેવી પ્રક્રિયા તેવું પરિણામ શિક્ષણની પ્રક્રિયા વિશિષ્ટ સ્વરૂપની અને વિવિધ લાક્ષણિકતાઓ ધરાવે છે. તે હવે આપણે જોઈએ.

**(1) શિક્ષણ એ એક ધ્રુવીય પ્રક્રિયા છે. (Education is Unipolar Process)**

શિક્ષણ એક ધ્રુવીય પ્રક્રિયા છે તે વાક્યનું બે રીતે અર્થઘટન કરી શકાય.

(1) પ્રાચીનકાળમાં શિક્ષણની પ્રક્રિયામાં ગુરુ (શિક્ષક) કેન્દ્રસ્થાને હતા. ગુરુ જ મુખ્ય હતા. ગુરુના મુખમાંથી નીકળેલું એક-એક વાક્ય શિષ્ય માટે બ્રહ્મવાક્ય સમાન હતું.

- વિદ્યાર્થીઓ માટે ગુરૂ જ મુખ્ય હતા. શિક્ષક સર્વસત્તાધીસ હતા.
- વિદ્યાર્થીને શું શીખવવું, કેટલું શીખવવું, ક્યારે શીખવવું, કેટલા સમય માટે શીખવવું વગેરે તે બધી જ બાબતો નક્કી કરવાનો બધો જ અધિકાર ગુરુ પાસે હતો.
- શિક્ષણ માટે વિદ્યાર્થીની પસંદગી પણ ગુરુ પર નિર્ભર હતી, એટલે કોને શિક્ષણ આપવું અનેકોને નહીં, તે પણ ગુરુ આજ્ઞા પર નિર્ભર હતું, તેથી કહી શકાય કે સમગ્ર શિક્ષણ પ્રક્રિયા ગુરુની આસપાસ કેન્દ્રીત હતી.



- અભ્યાસ, શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થીની પસંદગી વગેરે શિક્ષણ વિષયક બધીજ બાબતો ગુરુ પર નિર્ભર હતી. શિક્ષણના તમામ પાસાઓમાં કેન્દ્રસ્થાને ગુરુ હોવાથી શિક્ષણ પ્રક્રિયા એક ધ્રુવી હતી તેમ કહી શકાય.
- આ દૃષ્ટિકોણ છેક ઓગણીસમી સદી સુધી જોવા મળ્યો. વિદ્યાર્થી ગૌણ...તેત્તો કોરી સ્લેટ જેવો હોય છે, તેથી શિક્ષક જે કંઈ અક્ષરો પાડે તે પ્રમાણે તેનું વ્યક્તિત્વ્ ઘડાઈ શકે. વિદ્યાર્થી પણ એવું જ માનતો.
- આ રીતે ધ્યાનમાં પણ ગુરુમૂર્તિ, પૂજામાં ગુરુચરણ, મંત્રોમાં ગુરુના વાક્યો અને મોક્ષ પણ ગુરુકૃપાથી જ. આ દર્શાવે છે કે પોતાના જીવન ઘડતરમાં ગુરુ જ કેન્દ્ર સ્થાને. આમ, શિક્ષણના કેન્દ્રમાં શિક્ષક જ હોય એવો દૃષ્ટિકોણ વ્યાપક હતો.
- સમયમાં પરિવર્તન આવતા શિક્ષણમાં પરિવર્તન આવતું જોવા મળ્યું. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, શૈક્ષણિક મનોવિજ્ઞાન વગેરે ક્ષેત્રે સંશોધનો થતાં શિક્ષણના કેન્દ્રમાં શિક્ષકનું સ્થાન ઓછું થવા લાગ્યું, તેના બદલે શિક્ષકના સ્થાને વિદ્યાર્થી આવ્યો.
- શિક્ષણનો બધો કારોબાર અંતે તો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે છે તે સ્પષ્ટ થતા શિક્ષણ પ્રક્રિયા અંગેના દૃષ્ટિકોણમાં પરિવર્તન આવ્યું. શિક્ષણ એક ધ્રુવી પ્રક્રિયા ખરી પણ હવે ધ્રુવ બદલાયો. શિક્ષકને સ્થાને વિદ્યાર્થી આવ્યો.

(2) વર્તમાન સમયમાં શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીને પણ શિક્ષકના જેટલું જ મહત્ત્વ આપવામાં આવે છે. શિક્ષકના સહકાર અને માર્ગદર્શનથી વિદ્યાર્થી ક્રમશઃ સ્વઅધ્યયન તરફ વળી જાતે જ વિવિધ બાબતો, વિષયવસ્તુ શીખતો થાય છે.

- શિક્ષકની પ્રત્યક્ષ હાજરી હોય તે જરૂરી નથી. શિક્ષક વિદ્યાર્થીના માર્ગદર્શક અને પથદર્શક તરીકે કાર્ય કરે છે.
- જ્યારે વિદ્યાર્થી સ્વપ્રયત્ન દ્વારા વધુને વધુ શીખવા પ્રયત્ન કરે છે. વેદકાળમાં દિક્ષાંત સમારોહ વખતે ગુરુજનો શિષ્યોને સલાહ આપતાં કે સ્વાધ્યાયમાં આળશ કરીશ નહીં. ગુરુના આશ્રમમાં તે જે જ્ઞાન મેળવ્યું છે તેનું સ્વાધ્યાય દ્વારા નિરંતર સ્મરણ રાખવે.
- આમ, શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી સ્વ. પ્રયાસે શીખતો રહી ધ્યેય સિદ્ધ કરે અને જે પ્રક્રિયામાં માત્ર અને માત્ર વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને હોય તે શિક્ષણ પ્રક્રિયાને એક ધ્રુવી શિક્ષણ પ્રક્રિયા ગણી શકાય.
- દા.ત. ગુરુની ગેરહાજરીમાં શિક્ષણ પ્રાપ્ત કરતા એક લવ્યની સાધના એક ધ્રુવી હતી. વિદ્યાર્થી શિક્ષકો ગુરુ પાસે આજીવન રહી શકતો નથી.

**(2) શિક્ષણ એ દ્વિધ્રુવી પ્રક્રિયા છે. (Education is a bipolar Process)**

- શિક્ષણની પ્રક્રિયામાં બે અગત્યના ધ્રુવો છે. એક ધ્રુવ શિક્ષક અને બીજો ધ્રુવ વિદ્યાર્થી. શિક્ષક કેળવનાર છે, જ્યારે વિદ્યાર્થી કેળવાય છે. શિક્ષક અને વિદ્યાર્થી બંને શિક્ષક પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને હોવાથી તેને દ્વિધ્રુવી પ્રક્રિયા ગણવામાં આવે છે.




- શિક્ષણ એ સહિયારું સાહસ છે. શિક્ષણની પ્રક્રિયા દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી બંને સતત સક્રિય રહે તે જરૂરી છે.
- શિક્ષક ને શીખવવું હોય, પરંતુ વિદ્યાર્થી શીખવા માટે તૈયાર ન હોય તો, વિદ્યાર્થી શીખવા માટે તૈયાર હોય, પરંતુ શિક્ષક શીખવવા માટે તૈયાર ન હોય. આ પ્રકારની કોઈપણ પરિસ્થિતિમાં શિક્ષણ પ્રક્રિયા સફળ બની શકતી નથી.

– શિક્ષણ પ્રક્રિયાની સફળતા માટે બંને સક્રિય હોય તે જરૂરી છે. શિક્ષક અને વિદ્યાર્થીના આઘાત-પ્રત્યાઘાતમાંથી શિક્ષણ પ્રક્રિયાનું સર્જન થાય છે.

– શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પરસ્પર જ્ઞાન, માહિતી અને કૌશલ્યનું આદાન-પ્રદાન થવાને કારણે શિક્ષણ પ્રક્રિયાને  દ્વિધ્રુવી ગણવામાં આવે છે.

– શિક્ષક પોતાની ચુંબકીય વ્યક્તિત્વની અસર દ્વારા વિદ્યાર્થીઓને વર્તનમાં પરિવર્તન લાવનારું કાય કરે છે. જાણે અજાણે શિક્ષકની અસર વિદ્યાર્થી પર પડતી હોય છે. શિક્ષકનાં જ્ઞાન અને વ્યક્તિત્વની બાળક પર સીધી અસર થાય છે, જે બાળકના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે.

– આમ, શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક-વિદ્યાર્થીની સંયુક્ત અને સક્રિય ભાગીદારી અગત્યની હોવાથી શિક્ષણ પ્રક્રિયાને દ્વિ ધ્રુવી ગણવામાં આવે છે.

– શિક્ષકના આચાર-વિચારોનું અનુકરણ કરે છે. સાથે સાથે શિક્ષકના જ્ઞાનની અસર વિદ્યાર્થી પર પડે છે.

**(3) શિક્ષણ એ ત્રિધ્રુવી પ્રક્રિયા છે. (Education is a tripolar Process)**

– શિક્ષણની પ્રક્રિયામાં બે મહત્ત્વનાં ધ્રુવ બિંદુઓ આપણે જોયાં. તે બે મહત્ત્વના ધ્રુવ બિંદુઓ શિક્ષક અને વિદ્યાર્થી બને છે. કેળવણી એક એવી પ્રક્રિયા છે કે જેમાં એક વ્યક્તિના જ્ઞાન અને વ્યક્તિન અસરો સામેની એટલે કે બીજી વ્યક્તિ પર અસર પડે છે. આ બીજી વ્યક્તિ તે વિદ્યાર્થી છે. એક શીખવે, બીજી શીખે, એક દોરે, બીજો દોરાય, બંને એકબીજાને અન્યોન્યના અવલંબન બની જાય છે.

– જહૉન ડ્યૂઈએ શિક્ષણની પ્રક્રિયાને ત્રિધ્રુવી તરીકે ગણાવી છે.



– ત્રીજું મહત્ત્વનું તત્ત્વ સમાજ-સામાજિક પર્યાવરણ છે. બાળક સમાજમાં જન્મ અને વિકાસ પામી સમાજ દ્વારા જ સમાજમાં જીવન પસાર કરે છે.

– શિક્ષક અને વિદ્યાર્થી ઉપરાંત શિક્ષણની પ્રક્રિયામાં સમાજ-સામાજિક પર્યાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. શિક્ષણના આધાર સમાન અભ્યાસક્રમની રચના સમાજની તત્કાલીન જરૂરિયાતો, સામાજિક મૂલ્યો, આદર્શો, રીતરિવાજો, માન્યતાઓ, સંસ્કારો વગેરે પર આધારિત હોય છે.

– સમાજને જે દિશામાં લઈ જવો હોય તેવો નક્કર, ગતિશીલ, લચીલો, વિચારપૂર્ણ અભ્યાસક્રમ શિક્ષક વિદ્યાર્થીને જોડનાર કડી સમાન છે. શિક્ષક અભ્યાસક્રમના માધ્યમથી શિક્ષક પોતાનું જ્ઞાન, પ્રતિભા, આવડત વિદ્યાર્થીમાં સંકલિત થાય એ ઉત્તમ અધ્યયન અનુભવો પૂરા પાડે છે. સામાજિક વારસાનું પ્રતિબિંબ અભ્યાસક્રમ પર પડે છે.

- અભ્યાસક્રમ પર અસર પાડતું સામાજિક પર્યાવરણ કે વાતાવરણ શિક્ષણની પ્રક્રિયાનો ત્રીજો ધ્રુવી બની રહે છે.
- એડમ્સ શિક્ષક, વિદ્યાર્થી અને સામાજિક અનુકૂલન યુક્ત વાતાવરણ એમ ત્રણ ધ્રુવો ગણાવે છે. એટલે શિક્ષણ ત્રિધ્રુવી પ્રક્રિયા બની જાય છે.

**(4) શિક્ષણ એ બહુધ્રુવી પ્રક્રિયા છે. (Multi Polar)**

- શિક્ષણ એ બહુધ્રુવી પ્રક્રિયા છે. જેમાં વિદ્યાર્થી સ્વયં સ્વઅધ્યયન કરે છે. જ્યારે વિચારમાં શિક્ષણ આપનાર તરીકે શિક્ષકને ગૌણ સ્થાને મૂકવામાં આવે છે.
- શિક્ષક, વિદ્યાર્થી અને અભ્યાસક્રમ ઉપરાંત શિક્ષણની પ્રક્રિયામાં અન્ય ઘટકો પણ સંકળાયેલાં હોય છે. એક ઘટકની અસર બીજા ઘટક પર પડે છે.



- આ દષ્ટિએ વર્તમાન વિચારધારા મુજબ શિક્ષણ ને બહુધ્રુવી – અનેક ધ્રુવી પ્રક્રિયા કહેવામાં આવે છે. કારણ કે શિક્ષણની પ્રક્રિયામાં સંકળાયેલા ઘટકો એકબીજા પર પ્રભાવ પાડે છે. એકબીજા પાસેથી જ્ઞાનની આપલે કરે છે અને એ રીતે સમતોલ ક્રિયા શૃંખલા ઉદ્ભવે છે.
- આ સમગ્ર ક્રિયા શૃંખલામાંથી કોઈ એક ધ્રુવ પણ ચલિત થાય તો તેની સીધી અસર શિક્ષણની પ્રક્રિયા પર પડે છે. શિક્ષણની પ્રક્રિયાને સફળ બનાવવા માટે દરેક ઘટકોનો એકબીજા સાથેનો યોગ્ય સુમેળ જરૂરી બની રહે છે.
- શિક્ષણ પ્રક્રિયા પર ઘણા ઘટકોની અસર-પ્રભાવ હોવાથી તેને બહુધ્રુવી પ્રક્રિયા તરીકે સ્વીકારવામાં આવી છે.
- આપણે સૌ જાણીએ છીએ કે એકલવ્યે પોતાના ગુરુ વિના સ્વ અધ્યયનથી સ્વયં શિક્ષણથી ધર્નુવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ શિક્ષણની આ પ્રક્રિયામાં વિદ્યાર્થી એક ધ્રુવ સક્રિય હતો, તેથી તે એક ધ્રુવી પ્રક્રિયા હતી.
- જ્યારે શિક્ષક અને વિદ્યાર્થીના આદાન-પ્રદાનથી કે પરસ્પર આંતરક્રિયાથી શિક્ષણની પ્રક્રિયા થાય ત્યારે તે દ્વિધ્રુવી બને છે.
- વિદ્યાર્થી અને શિક્ષક ઉપરાંત વિદ્યાર્થી જે વાતાવરણમાં રહે છે તે સમાજ જ્યારે શિક્ષણની પ્રક્રિયામાં સક્રિય બને ત્યારે તે ત્રિધ્રુવી પ્રક્રિયા બને છે. ડ્યૂઈ એ શિક્ષક-વિદ્યાર્થી અને સમાજનો ત્રીજો ધ્રુવી ઉમેરીને તેને ત્રિધ્રુવી પ્રક્રિયા કહી છે.
- શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થી, શિક્ષક અને સમાજની સાથે સામાજિક અપેક્ષાઓ કાર્ય કરે છે. આ માટે અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. વિવિધ પદ્ધતિઓ દ્વારા અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. અભ્યાસક્રમને શીખવવાના હેતુઓ નક્કી કરવામાં

આવે છે. અભ્યાસક્રમનાં વિષયવસ્તુ શીખવવા માટે વિવિધ સાધન-સામગ્રી ઉપયોગમાં લેવામાં આવે છે. અસરકારક શિક્ષણમાં સમાજનું પર્યાવરણ કાર્ય કરે છે.

– આમ, શિક્ષક અને વિદ્યાર્થિ ઉપરાંત સમાજ, સમાજનું પર્યાવરણ, સમાજની અપેક્ષાઓ, અભ્યાસક્રમ અને તેનું વિષયવસ્તુ, અભ્યાસક્રમ શીખવવા માટેની વિવિધ પદ્ધતિઓ અને સાધન સામગ્રી વગેરેનો પણ શિક્ષણ પ્રક્રિયામાં સમાવેશ થાય છે.

– આ બધાનો સમાવેશથી શિક્ષણ પ્રક્રિયાનું જે સ્વરૂપ જન્મે તેને બહુધ્રુવીય પ્રક્રિયા કહે છે.

**(5) શિક્ષણ સતત ચાલતી પ્રક્રિયા છે.**

– વ્યક્તિ જન્મથી મૃત્યુ કાળ સુધી શિક્ષણ મેળવતી રહે છે. વ્યક્તિ પરિવર્તન પ્રમાણે હરહંમેશ નવું નવું શીખવવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિનું શિક્ષણ કોઈ એક ચોક્કસ સમયે પૂર્ણ થતું નથી. સાચું શિક્ષણ નિરંતર ચાલ્યા જ કરે છે.

– મનોવિજ્ઞાનના સંશોધન અનુસાર ઊંઘતી વખતે પણ માનવીનું શિક્ષણ થતું હોય છે. યુનેસ્કોએ એકવીસમી સદીના માનવ સમાજની વાત કરતાં કહ્યું છે કે સમાજને નિરંતર શિક્ષણ પામતો, સતત આત્મશિક્ષણ લેતો સમાજ કહે છે.

– માટે જ નિરંતર શિક્ષણનો વિચાર દુનિયામાં વહેતો થવા માંડ્યો છે. ભારત ઘણી યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણના વિભાગો કામ કરતાં થઈ ગયા છે. ગુજરાતમાં જુદી જુદી યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણ વિભાગ કામ કરતો થઈગયો છે.

– શિક્ષણ સતત ચાલતું રહે છે. ઉંમરની કોઈ મર્યાદા નથી. વ્યક્તિત્વનો વિકાસ કરવો હોય તો શિક્ષણ લેવું જ પડે છે. આજે મેળવેલ માહિતી આવતીકાલે જૂની થઈ જાય છે.

– વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના વિકાસને કારણે દરરોજ નવી માહિતી ઉમેરાતી જાય છે, એટલે દરેક વ્યક્તિએ દરરોજ શીખતા રહેવું પડે તેમ છે.

– આમ, શિક્ષણનો એક સતત પ્રક્રિયા તરીકેનો વિચાર અર્વાચીન યુગનો મુદ્દો બનેલ છે. એક નક્કી વાસ્તવિકતા બનેલી છે.

**(6) શિક્ષણ સર્વત્ર વ્યાપક પ્રક્રિયા છે.**

– શિક્ષણ સર્વત્ર વ્યાપક પ્રક્રિયા ગણવામાંઆવે છે. શિક્ષણ ગમે તે જગ્યાએથી પ્રાપ્ત કરી શકાય છે. શિક્ષણ કોઈ સંસ્થા કે શાળામાંથી જ મળે તે ખ્યાલ હવે જૂનો બની ગયેલ છે. તેવી જ રીતે શિક્ષણ ફક્ત શિક્ષક પાસેથી જ મેળવી શકાય તેવું પણ નથી. શિક્ષણ મેળવવાનો અનેક માધ્યમ છે તેનો ઉપયોગ કરીને શિક્ષણ મેળવી શકાય છે.

– દા.ત. ગ્રંથાલય, સિનેમાઘર, સંગ્રહાલયો, ટી.વી., ઇન્ટરનેટ, પ્રવાસ, પર્યટન વગેરે અનેક વિઘ જગ્યાઓથી શિક્ષણ પ્રાપ્ત થઈ શકે છે.

– આજનો માનવી પોતાના વ્યક્તિગત વિકાસ માટે કોઈ એક ચોક્કસ ઔપચારિક સંસ્થા પર આધારિત નથી.

– વ્યક્તિ શિક્ષણ મેળવાના અનેક માધ્યમોનો ઉપયોગ કરીને મેળવી શકે છે, તેમજ વ્યક્તિ પોતાની આસપાસના વાતાવરણ અને સમાજમાંથી ઘણું શીખે છે. બાળક રમતાં-રમતાં, વાતો કરતાં કરતાં પણ શીખે છે, તો કોઈ વ્યક્તિ ગાડી ચલાવતાં ચલાવતાં, દવાખાનાની પથરીમાં સૂતાં સૂતાં પણ શીખે છે.

– જે સમાજ વૈવિધ્યવાળો અને વિકસિત હોય ત્યાં શિક્ષણની પ્રક્રિયા ઝડપી, અસરકારક, વ્યાપક તેમજ ઊંડી હોય છે.

– શિક્ષણ વ્યક્તિને ચારે બાજુથી પ્રાપ્ત થાય છે, જેથી શિક્ષણ સર્વત્ર મળતી પ્રક્રિયા છે.

**(7) શિક્ષણ એ જીવંત અને ચેતનવંતી પ્રક્રિયા છે :**

- વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવો જરૂરી છે. વ્યક્તિએ સર્વાંગી વિકાસ કરવો હોય તો કંઈક પ્રવૃત્તિઓ કરવી પડે છે. કંઈક પ્રવૃત્તિ કરવા માટે વ્યક્તિએ જીવંત રહી, કાર્ય કરવા માટે ચેતના જગાવવી પડે તો જ સર્વાંગી વિકાસ શક્ય બને છે. વ્યક્તિની જરૂરિયાત પ્રમાણે મૂલ્યો બદલાય છે, પરિણામે શિક્ષણના હેતુઓ, કાર્યો, પદ્ધતિ વગેરે બદલાય છે. તેની સાથે રહેલાં ઘટકો શિક્ષક, પર્યાવરણ વગેરે જીવંત છે અને તે સૌ દ્વારા સંપન્ન થતી શિક્ષણ એ એક જીવંત ચેતનવંતી પ્રક્રિયા છે. આમ, શિક્ષણએ જીવંત અને ચેતના ભરી પ્રક્રિયા છે.

**(8) શિક્ષણ ગત્યાત્મક પ્રક્રિયા છે (પરિવર્તનશીલ) :**

- શિક્ષણ એ સ્થિર પ્રક્રિયા નથી, શિક્ષણ એ પરિવર્તનશીલ પ્રક્રિયા છે. શિક્ષણને ગતિ આપવાનું કાર્ય શિક્ષણની પ્રક્રિયા દ્વારા થાય છે. શિક્ષણજડ નથી, પરંતુ પરિવર્તનશીલ છે. જીવન પરિવર્તનશીલ એટલે જ શિક્ષણ પણ પરિવર્તનશીલ છે તે જડ નથી.
- માનવીના વર્તનમાં દર ક્ષણે, હર પળે નવાં પરિવર્તનો આવે છે. આ પરિવર્તન એ માનવ માટે શિક્ષણ બની જાય છે. એટલે ડ્યૂઈ કહે છે તેમ Education is growth શિક્ષણ એ વિકાસ છે.

**(9) શિક્ષણ હેતુલક્ષી પ્રક્રિયા છે (Education is a purposeful activity) :**

- શિક્ષણનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓનું સર્વાંગી ઘડતર કરવાનો છે. શિક્ષણ એક પ્રક્રિયા છે. તત્ત્વજ્ઞાન જ્યારે ક્રિયાત્મક બને છે ત્યારે શિક્ષણ બને છે. આપણે કેટલાક આદર્શો અને હેતુઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને શિક્ષણ આપીએ છીએ. શિક્ષણ એ હેતુ વગરની પ્રક્રિયા નથી, તેનો હેતુ વિદ્યાર્થીઓનો શારીરિક, માનસિક સર્વાંગી અને આધ્યાત્મિક વિકાસ કરવાનો છે.
- આના દ્વારા વ્યક્તિમાં રહેલો ઉત્તમ તત્વો બહાર લાવી તેને સર્વાંગ સંપૂર્ણ માનવ બનાવવો તે શિક્ષણનો હેતુ છે. શિક્ષણની પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીનો વ્યક્તિગત અને સામાજિક હેતુઓ ધ્યાનમાં રાખવા પડે છે.

આમ, શિક્ષણ કેટલાક ચોક્કસ હેતુઓ સિદ્ધ કરવાની પ્રક્રિયા હોવાથી તે હેતુલક્ષી બની જાય છે.

**(10) શિક્ષણ એ અનુભવોના પુનઃ નિર્માણની અને નવનિર્માણની પ્રક્રિયા છે.**

- અનુભવો આયોજિત અને શૈક્ષણિક હોય તોજ વ્યક્તિનું સાચું ઘડતર કરી શકે. શિક્ષણ એ આવા અનુભવોનું પુનઃ નિર્માણ કરે છે. વ્યક્તિને જુદે જુદે સ્થળેથી મળેલા અનુભવોને જુદા તારવી કેટલાક અનુભવોને આયોજિત સ્વરૂપે શિક્ષણની પ્રક્રિયામાં ગોઠવે છે. આ રીતે થવાથી વ્યક્તિના વર્તનમાં ઇચ્છનીય પરિવર્તનો લાવી શકાય. એટલું જ નહીં, પણ કેટલાક અનુભવોને નવા સ્વરૂપે જ આપે છે અને તેનો શૈક્ષણિક પ્રક્રિયામાં ઉપયોગ કરેછે.

આમ, શિક્ષણની પ્રક્રિયાને અનુભવોના પુનઃ નિર્માણની અને નવનિર્માણની પ્રક્રિયા છે.

**(11) કેળવણીના હેતુઓ :**

- કેળવણી એ જન્મથી મૃત્યુ સુધી ચાલતી સતત અને અખંડિત પ્રક્રિયા છે. કેળવણી એ વૃદ્ધિ, વિકાસ, પરિવર્તન, ઘડતર અને ચણતરની પ્રક્રિયા છે. આવી વિશાળ કેળવણીની પ્રક્રિયાને સફળતાનો આધાર તેના દ્વારા કયા હેતુ સિદ્ધ કરવાના છે તેના પર રહે છે.
- જ્ઞાન વિશાળ છે, તે એક સાગર જેવો વિશાળ છે. જ્ઞાનના વિશાળ સાગરને પાર કરવા માટે શિક્ષણ એક નાવ છે. શિક્ષક તેનો સુકાની છે અને હેતુ ધ્રુવતારક છે. વિદ્યાર્થીઓ

કઈ દિશામાં જવાના છે તેનું જ્ઞાન અને ભાન માટે ધ્રુવતારક સમા હેતુ જરૂરી છે. કોઈપણ પ્રવૃત્તિ હેતુ વગર શક્ય નથી. તેનું પરિણામ મળતું નથી, તે શૂન્ય બની જાય છે. પ્રવૃત્તિ વગરના હેતુ માત્ર તરંગ બનીને ઠરી જાય છે.

– કેળવણી એ માનવ સમાજની અપેક્ષાઓ પૂર્ણ કરવાની હોય તે તેને ચોક્કસ દિશા હોવી જોઈએ અને એ દિશા અનુસરતાં ચોક્કસ હેતુઓની સિદ્ધિ તરફ દોરી જતી હોવી જોઈએ.
– કેળવણી દ્વારા વ્યક્તિનું ઘડતર થાય છે. વ્યક્તિનું ઘડતર થાય તો સમાજનું ઘડતર થાય છે.
– વ્યક્તિ અને સમાજને ધ્યાનમાં રાખી હેતુઓ રચાતા હોય છે. બદલાતા હોય છે. નવું રૂપ ધારણ કરે છે. હેતુઓ બંનેને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવે છે.
– કેળવણીના હેતુઓ કોના માટે છે તે બાબત ધ્યાનમાં રાખી હેતુઓ તૈયાર કરવામાં આવે છે. કેળવણી એ હેતુલક્ષી પ્રક્રિયા છે. હેતુઓ સિવાય કેળવણીની કલ્પના કરવી અર્થ વગર છે.

કેળવણીના હેતુઓ નીચે મુજબ હોઈ શકે :

**(1) લોકશાહી મૂલ્યની ખિલવણી કરવી :**

ભારત લોકશાહી રાષ્ટ્રછે, તેથી દરેક વ્યક્તિમાં લોકશાહી મૂલ્યની ખિલ્વણી કરવી જરૂરી છે. દરેક વ્યક્તિમાં લોકશાહી મૂલ્યનો વિકાસ થાય, તે અંગે જાગૃતિ આવે તે જરૂરી છે.

**(2) આંતરરાષ્ટ્રીય સમજનો હેતુ :**

વિદ્યાર્થીઓમાં આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ થાય તે જરૂરી છે. આજે વિશ્વ નાનું થતું જાય છે. વિશ્વ કુટુંબ અને તેવી પરિસ્થિતિઓ સર્જાય છે. વિશ્વ એક કુટુંબ છે તેવી ભાવના વિકસાવવા આંતરરાષ્ટ્રીય સમજનો હેતુ જરૂરી છે.

**(3) રાષ્ટ્રીય વિકાસનો હેતુ :**

રાષ્ટ્રનો વિકાસ થાય તે માટે દેશના દરેક નાગરિકનો વિકાસ થાય તે જરૂરી છે. દરેક નાગરિકમાંદેશ પ્રત્યે પ્રેમ જાગે, ભાવના જાગે, રાષ્ટ્રના વિકાસમાં રસ લે તેવું શિક્ષણ આપવા રાષ્ટ્રીય વિકાસનો હેતુ રાખવો જોઈએ.

**(4) ચારિત્ર્યનું ઘડતર કરવાનો હેતુ :**

કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યનું ઘડતર થાય તે જરૂરી છે. વિદ્યાર્થીએક સારો નાગરિક બને તો દેશને મદદરૂપ થઈ શકે. દેશ પ્રત્યે પ્રેમ જાગે.

**(5) વૈજ્ઞાનિક વલણ વિકસાવવાનો હેતુ :**

કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણનો વિકાસ થાય તે જરૂરી છે. વૈજ્ઞાનિક વલણનો વિકાસ થયો હોય તો પોતાનો વિકાસ શેમાં છે તેનો ખ્યાલ આવે. પોતાનો વિકાસ થાય તો દેશના વિકાસમાં મદદરૂપ થઈ શકે.

**(6) બૌદ્ધિક વિકાસ કરવાનો હેતુ :**

કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક વિકાસ થાય તે બાબત ધ્યાનમાં રાખી આયોજન વિચારવું પડે. બૌદ્ધિક વિકાસ થાય તો જ વ્યક્તિગત વિકાસ થાય. બૌદ્ધિક વિકાસ એ સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે.

**(7) સામાજિક પરિવર્તનનો હેતુ :**

કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તન થાય તે જરૂરી છે. સમાજમાં રહેલ કુરિવાજો દૂર થાય, સમાજનો વિકાસ થાય. એક સારો સમાજ બને. સમાજમાંથી વહેમ અને અંધશ્રદ્ધા દૂર થાય.

**(8) જ્ઞાન પ્રાપ્તિનો હેતુ :**

જ્ઞાન એ જીવન જીવવા માટે જરૂરી છે. જ્ઞાન હોય તોજ ભરણ પોષણ મેળવી શકે. કેળવણી દ્વારા જ્ઞાન આપી વ્યક્તિનો વિકાસ કરવો. જ્ઞાન હોય તોજ આવક મેળવી શકાય.

**(9) નવરાશના સમયનો ઉપયોગનો હેતુ :**

કેળવણી વ્યક્તિને નવરાશના સમયે પોતાની મનગમતી પ્રવૃત્તિ તરફ લઈ જવો. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' તેમાંથી ઉગારવાનો માર્ગ કેળવણી છે.

**(10) સાંસ્કૃતિક વિકાસ કરવાનો હેતુ :**

કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક વિકાસ થાય તે જરૂરી છે. કોઈપણ રાષ્ટ્ર માટે સંસ્કૃતિનો વિકાસ થવો જરૂરી છે. સંસ્કૃતિનો વારસો જળવાઈ રહેલો જોઈએ. કેળવણીનું રક્ષણ, સંવર્ધન, પ્રસારણ એ કેળવણીના હેતુ હોવા જોઈએ.

**(11) ઉત્પાદકતાનો હેતુ :**

વ્યક્તિમાં એક ઉત્પાદક નાગરિક બનવા માટેની અસંખ્ય શક્યતાઓ પડી છે. વ્યક્તિમાં ઉત્પાદક્તાનો વિકાસ માટે આવડત માગી લે છે. ઉત્પાદન કૌશલ્ય, વહીવટી આવડત, આર્થિક આંટી ઘૂંટીની સમજ, નફો-ખોટની સ્પષ્ટ સૂઝ, સાધનનો કરકસર ભર્યો ઉપયોગ વગેરે. આજના આર્થિક કટોકટીના યુગમાં બાળકથી માંડી વૃદ્ધ સૌમાં કેળવણી આવી આવડતો ખીલવે એની જરૂર છે.

**(12) નાગરિકની તાલીમનો હેતુ :**

કેળવણી દ્વારા સારા નાગરિક તૈયાર કરવાની નેમ હર કોઈ સમાજ રાખે છે. નાગરિક પોતાની ફરજો અને હક્કો અંગે સજાગ બની તેમનું સ્વેચ્છાએ જવાબદારીપૂર્વક પાલન કરે છે. જરૂર પડ્યે આ નાગરિક સમાજમાં પરિવર્તનો લાવવા માટે ક્રાંતિના જોખમો ખેડવા તૈયાર બને છે.

**(13) વ્યવસાયી કૌશલ્યો હેતુ :**

કેળવણી દ્વારા વ્યક્તિમાં વ્યવસાયી કૌશલ્યનો વિકાસ થાય તો જ, વ્યવસાય કરી આવક મેળવી પોતાનું ગુજરાત ચલાવી શકે. કામ કરવાની આવડત અને જ્ઞાન મળે તે જ વ્યક્તિ જીવનમાં સફળ થાય. દા.ત. બી.એડ્.ની તાલીમ મેળવી એક સારા શિક્ષક બની શકાય.

**(14) સર્વધર્મ પ્રત્યે સમભાવનો હેતુ :**

ભારત વિવિધ ધર્મ પાળતા લોકોનો દેશ છે. ત્યારે તે દેશનો નાગરિક મારો ધર્મ ઊંચો છે, સાચો છે, તેવી માન્યતાથી પર રહે, સર્વધર્મ પ્રત્યે આદર કેળવે, સમભાવે કેળવે તે જરૂરી છે.

**સ્વાધ્યાય :**

1. કેળવણી એટલે શું તે જણાવો.
2. ભારતીય ચિંતકોએ આપેલી વ્યાખ્યાઓ જણાવો.
3. પાશ્ચાત્ય ચિંતકો અને દાર્શનિકોની દૃષ્ટિએ કેળવણીની વ્યાખ્યાઓ જણાવો.
4. કેળવણીનો શાબ્દિક અર્થ જણાવો.
5. કેળવણીનો વ્યાપક અર્થ જણાવો.
6. કેળવણીનું સ્વરૂપ જણાવો.
7. ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
8. કેળવણીની પ્રક્રિયાનું સ્વરૂપ જણાવો.
9. કેળવણીના હેતુઓ જણાવો.

10. કેળવણી એક હેતુલક્ષી પ્રક્રિયા છે. આ વિધાનની ચર્ચા કરો.

11. કેળવણીની પ્રક્રિયાને દ્વિધ્રુવી અને ત્રિધ્રુવી શા માટે કહેવામાં આવે છે ?

12. એક ધ્રુવી પ્રક્રિયા તરીકે વિદ્યાર્થીના વિકાસમાં કેળવણી શો ફાળો આપી શકે ?

13. કેળવણીની પ્રક્રિયા અનુભવોના પુનઃ નિર્માણની અને નવનિર્માણની કેવી રીતે બની શકે ?

**તમારી પ્રગતિ ચકાસો :**

**આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. શિક્ષણ એ કેવી પ્રક્રિયા છે ? (કેળવણી)

   (1) સમય બંધન ધરાવતી (2) આકસ્મિક

   (3) વિદ્યાર્થી કામ પૂરતી સીમિત **(4) આજીવન ચાલતી**

2. ''શિક્ષણ એ બાળક અને પુરૂષનાં શરીર, મન અને આત્માના ઉન્તમાંશોનું આવિષ્કરણ' શિક્ષણની આ વ્યાખ્યા કોણે આપી ?

   (1) સ્વામી વિવેકાનંદ (2) મહર્ષિ દયાનંદ

   **(3) મહાત્મા ગાંધીજી** (4) રવિન્દ્રનાથ ટાગોર

3. કયું શિક્ષણ જન્મથી મૃત્યુ સુધી ચાલે છે ?

   (1) બુનિયાદી શિક્ષણ (2) ઔપચારિક

   (3) ખુલ્લુ શિક્ષણ **(4) અનૌપચારિક**

4. કયા પ્રકારના શિક્ષણમાં સમય, સ્થળ, પ્રવેશ, વય અને પ્રવેશ માટે ચોક્કસ લાયકાતનાં બંધન નથી ?

   (1) પ્રાથમિક શિક્ષણ **(2) ખુલ્લું શિક્ષણ**

   (3) ઔપચારિક શિક્ષણ (4) ઉચ્ચ શિક્ષણ

5. અર્વાચીન શિક્ષણમાં કેન્દ્ર સ્થાને કોણ છે ?

   (1) અભ્યાસક્રમ **(2) અધ્યેતા**

   (3) સમાજ (4) પરીક્ષા

6. ''માનવીની સંપૂર્ણ વ્યક્તિમતાનું પ્રકટીકરણ એટલે શિક્ષણ'' – શિક્ષણની વ્યાખ્યા કોણે આપી ?

   **(1) વિવેકાનંદ** (2) ગાંધીજી

   (3) દયાનંદ (4) ટાગોર

7. ''જીવનના અંધકારમાં પ્રકારનાં કિરણો ફેલાય તે કેળવણી'' – આ વ્યાખ્યા કયા પાશ્ચાત્ય દાર્શનિક આપી હતી ?

   (1) પ્લેટો **(2) એચ. જી. વેલ્સ**

   (3) એરિસ્ટોટલ (4) ફ્રોબેલ

8. શિક્ષણ માટેનો અંગ્રેજી શબ્દ Education કયા બે લેટિન શબ્દોમાંથી બન્યો છે ?

   (1) Educa અને cation **(2) E અને Duco**

   (3) Educa અને Duco (4) E અને cation

9. શિક્ષણએ સત્યનું ઓજાર છે, કેળવણી એટલે મુક્તિ, આર્ય દર્શન, સ્વયં પ્રેરણા... આ વિધાનના ઉદ્‌ગાતા કોણ છે ?

**(1) વિનોબા ભાવે** (2) સ્વામી દયાનંદ

(3) સ્વામી રામતીર્થ (4) કનૈયાલાલ મુનશી

10. "વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ એટલે કેળવણી આ વ્યાખ્યા કોણે આપી છે ?

(1) મહાત્મા ગાંધી (2) રવિન્દ્રનાથ ટાગોર

(3) સ્વામી વિવેકાનંદ **(4) મહર્ષિ અરવિંદ ઘોષ**

11. એક ધ્રુવી શિક્ષણમાં એક ધ્રુવ કયો છે ?

**(1) વિદ્યાર્થી** (2) શિક્ષક

(3) શાળા (4) સમાજ

12. દ્વિધ્રુવી શિક્ષણમાં બે ધ્રુવ કયા કયા છે ?

(1) શિક્ષક અને આચાર્ય **(2) શિક્ષક અને વિદ્યાર્થી**

(3) શિક્ષક અને શાળા (4) શિક્ષણ અને પરીક્ષા

13. શિક્ષણની પ્રક્રિયા એટલે શું ?

(1) અનુભવો દ્વારા પાડવાની એક પ્રક્રિયા છે.

(2) અધ્યયન કરવાની એક પ્રક્રિયા છે.

(3) પ્રવૃત્તિઓ કરવાની એક પ્રક્રિયા છે.

**(4) અનુભવોના પુનઃ નિર્માણની એક પ્રક્રિયા છે.**

14. શિક્ષણની પ્રક્રિયામાં અસર કરનારું મહત્વનું ત્રીજું તત્વ કયું છે ?

**(1) સમાજ** (2) શિક્ષણ

(3) શાળા (4) વાલી

15. શિક્ષણની ત્રિધ્રુવી તરીકે સ્વીકારનાર તત્વ ચિંતકનું નામ કયું છે ?

(1) એરિસ્ટોટલ **(2) જ્હૉન ડ્યૂઈ**

(3) પ્લેટો (4) સોક્રેટિસ

16. શિક્ષણની કઈ પ્રક્રિયામાં શિક્ષક વિદ્યાર્થીના માર્ગદર્શક અને પથદર્શક તરીકે કાર્ય કરે છે ?

(1) અનેક ધ્રુવી **(2) દ્વિ ધ્રુવી**

(3) ત્રિધ્રુવી (4) એક ધ્રુવી

17. શાળા કક્ષાએ યોજવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં શું જન્મે છે ?

(1) કૌશલ્ય (2) સંવેગો

**(3) અનુભવો** (4) ત્રણમાંથી એકપણ નહીં

18. શિક્ષણને ત્રિધ્રુવી પ્રક્રિયા ગણીએ તો તેના ત્રણ ધ્રુવો નીચેમાંથી કયાં છે ?

(1) શાળા, સંસ્કાર, સમાજ **(2) શિક્ષક, વિદ્યાર્થી અને અભ્યાસક્રમ**

(3) શિક્ષક, વિદ્યાર્થી, પરીક્ષા (4) શિક્ષક, વિદ્યાર્થી, વાલી

19. શિક્ષણએ અનુભવોના નવનિર્માણ અને પુનઃનિર્માણની પ્રક્રિયા છે – આ વ્યાખ્યા કોણે આપી ?

(1) પ્લેટો (2) વ્હાઈટ હેડ

**(3) જ્હૉન ડ્યૂઈ** (4) રેમોન્ટ

20. કયા પ્રકારનું શિક્ષણ ચોક્કસ વય, નિશ્ચિત અભ્યાસક્રમ, નિશ્ચિત સમયગાળો, પાઠ્યપુસ્તક, શિક્ષણ, પરીક્ષણ અને પદવી સાથે સંકળાયેલું છે ?

**(1) ઔપચારિક** (2) અનૌપચારિક

(3) ખુલ્લું શિક્ષણ (4) ત્રણમાંથી એક્ય નહીં

21. કેળવણીનું યોગ્ય ધ્યેય નીચેનામાંથી કયું છે ?

(1) વિદ્યાર્થીને પરીક્ષા માટે તૈયાર કરવો. (2) વિદ્યાર્થીને આજીવિકા પ્રાપ્ત કરવા સક્ષમ બનાવવો.

(3) વિદ્યાર્થીને અક્ષર જ્ઞાન આપવું. **(4) વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર**

22. તત્વજ્ઞાન જ્યારે ક્રિયાત્મક બને ત્યારે શું બને છે ?

(1) પ્રવૃત્તિ (2) મૂલ્ય

**(3) કેળવણી** (4) શિક્ષણ

23. કેળવણીનો કયો હેતુ જોવા મળે છે ?

(1) સર્વધર્મ પ્રત્યે અનાદર (2) જ્ઞાતિવાદ ઊભો કરવો

(3) નવરાશના સમયનો અયોગ્ય ઉપયોગ **(4) નવરાશના સમયનો ઉપયોગ**

24. કેળવણીનો હેતુ નીચેનામાંથી જોવા મળતો નથી ?

(1) સર્વધર્મ પ્રત્યે આદર (2) નાગરિકની તાલીમ

**(3) જ્ઞાતિવાદ ઊભો કરવો** (4) સાંસ્કૃતિક વિકાસ

25. "માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી" કેળવણીની આ વ્યાખ્યા કોણે આપી છે ?

**(1) વિવેકાનંદ** (2) ગાંધીજી

(3) ટાગોર (4) દયાનંદ

26. "શિક્ષિત વ્યક્તિ અશિક્ષિત વ્યક્તિ કરતાં ચઢિયાતી છે, નિર્જીવ માનવ કરતાં જેમ જીવંત માનવ ચઢિયાતો છે." – આ વિધાન કોણે આપ્યું છે ?

(1) ડાયોજિન્સિ (2) સોક્રેટિસ

**(3) એરિસ્ટોટલ** (4) પ્લેટો

27. નિશ્ચિત સમયપત્રક, જડ અભ્યાસક્રમો અને એક વિધતાને કારણે કયાં પ્રકારની કેળવણી યાંત્રિક બની જાય છે ?

(1) નિરંતર (2) આજીવન

(3) અવૈધિક **(4) ઔપચારિક**

28. ઔપચારિક કેળવણીને અસરકારક બનાવવા શું કરવું જોઈએ ?

(1) આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અને દશ્ય-શ્રાવ્ય સાધનોને ઉપયોગ કરવો જોઈએ.

(2) ઉત્પાદનલક્ષી અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો દાખલ કરવા જોઈએ.

(3) વ્યક્તિગત તફાવતોને પોષે તેવો અભ્યાસક્રમ

**(4) ઉપરનાં બધાં જ**

29. જેના વડે તે, જ્યાં અને જ્યારે શીખવું હોય તે ત્યાં અને ત્યારે શીખી શકે તે કેળવણીને કયા નામે ઓળખવામાં આવે છે.

(1) આજીવન **(2) અનૌપચારિક**

(3) ઔપચારિક (4) અવૈધિક

30. ''કેળવણી એટલે શાળા-મહાશાળાઓમાં અપાતું શિક્ષણ'' આ વિધાન કેવું છે ?

**(1) તદ્દન સાચું** (2) અંશતઃ સાચું

(3) કશું કહી શકાય નહીં (4) ખોટું છે

31. ''જીવનના અંધકારમાં પ્રકાશનાં કિરણો ફેલાવે તે કેળવણી'' આ વ્યાખ્યા કયા પાશ્ચાત્ય દાર્શનિકે આપી હતી ?

(1) એચ. જી. વેલ્સ (2) ફ્રોબેલ

**(3) પ્લેટો** (4) એરિસ્ટોટલ

32. પ્રાચીન કેળવણીનાં લક્ષણોમાં નીચે આપેલા લક્ષણોમાં કયું લક્ષણ સાચું નથી ?

(1) બાળકની શક્તિઓની ધારે ઉપેક્ષા કરવામાં આવતી હતી.

(2) બાળકને પોપટિયું જ્ઞાન આપવામાં આવતું હતું.

(3) ગુરુનું મહત્ત્વનું સ્થાન હતું.

**(4) વિષયને પ્રાધાન્ય નહીં આપતા બાળકના શારીરિક, માનસિક અને નૈતિકતાઓના સ્થાન આપવામાં આવતું હતું.**

**શિક્ષણની જીવનલક્ષીતા :**

– લોકશાહીમાં વ્યક્તિના જીવનનો સર્વાંગીણ વિકાસ સાધવાનું કેળવણીનું ધ્યેય બન્યું છે. બાળકના શારીરિક, માનસિક, સાંવેગિક અને નૈતિક વિકાસની સાથે સમાજની જવાબદારીઓ પ્રત્યે પણ વ્યક્તિ અભિમુખ થાય તે લોકશાહીમાં અપેક્ષિત છે.

– શિક્ષણ શા માટે આપવામાં આવે છે ? શિક્ષણ આપવાનું ધ્યેય હોય છે. શિક્ષણના આધારે જીવનલક્ષીતા નક્કી થાય છે. જીવનનું કાંઈપણ લક્ષ્ય હોવું જોઈએ. લક્ષ્ય વગરનો માનવી પશુ સમાન છે. લક્ષ્ય હોય તો જ બાળકનો સર્વાંગી વિકાસ થઈ શકે.

– વ્યક્તિ સારું જીવન જીવી શકે, લોકશાહી રીતે જીવન જીવી શકે તે માટે શિક્ષણ જરૂરી છે. શિક્ષણ વગર આ બાબત શક્ય નથી.

– શિક્ષણની જીવન લક્ષતામાં નીચેની બાબતો અપેક્ષિત છે.

(1) વ્યક્તિનો શારીરિક, માનસિક, સાંવેગિક અને નૈતિક વિકાસ થાય.

(2) નાગરિકતાના ગુણોની ખિલવણી થાય.

(3) સહકાર અને સહિષ્ણુતાની ભાવનાનો વિકાસ થાય.

(4) માનવીય સંબંધોનો વિકાસ થાય.

(5) આર્થિક કાર્યક્ષમતાનો વિકાસ થાય.

(6) રાષ્ટ્રીય અને સામાજિક, સાંસ્કૃતિક વારસાનું ગૌરવ.

(7) નેતૃત્વ અને જવાબદારીની ભાવનાનો વિકાસ થાય.

(8) શ્રમગૌરવ અને આત્મ નિયમનયુક્ત ભાવના જાગૃત થાય.

(9) સર્જકતા અને ઉત્પાદકતાનો વિકાસ થાય.

- શિક્ષણની જીવનલક્ષીતા માટે ઉપરોક્ત બાબતોનો વિકાસ થાય તે જરૂરી છે.
- વ્યક્તિમાં જરૂરી બાબતો વિકસે તો જ જીવનલક્ષીતા પૂરી પૂર્ણ થાય, વ્યક્તિ સારું જીવન જીવી શકે, બીજાને ઉપયોગી થાય, રાષ્ટ્રને ઉપયોગ થાય.
- શિક્ષણ દ્વારા જીવનનું લક્ષ પરીપૂર્ણ થાય છે. બાળકનો જન્મ થાય કે તરત જ શિક્ષણ આપવામાં આવે છે.
- બાળક સારો સંસ્કારી થાય.

**શિક્ષણ અને કૌશલ્ય વિકાસ :**

- શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં કેટલાક અપેક્ષિત કૌશલ્યનો વિકાસ કરવો જરૂરી છે. વ્યવસાયમાં સજ્જતા મેળવવા માટે કેટલાક કૌશલ્યનો વિકાસ થાય તે જરૂરી છે. કૌશલ્યના વિકાસ વગર વ્યવસાયમાં નિષ્ફળતા મળે છે.
- દા.ત. શિક્ષક પાસે વ્યવસાયિક કૌશલ્ય ન હોય તો શિક્ષક પોતાના વ્યવસાયમાં નિષ્ફળ જાય છે. શિક્ષકને પોતાના વ્યવસાયનો વિકાસ કરવા કેટલાક કૌશલ્ય મેળવવા પડે છે.
- કૌશલ્યના વિકાસ માટે જરૂરી તાલીમ પણ મેળવવી પડે છે. શિક્ષકને બી.એડ્.ની તાલીમ આપવામાં આવે છે. 2 વર્ષની તાલીમ દરમિયાન શિક્ષકમાં કેટલાક કૌશલ્યનો વિકાસ થાય તે માટે ભાર મૂકવામાં આવે છે. શિક્ષકના વ્યવસાયને અનુરૂપ કેટલાક કૌશલ્યનો વિકાસ કરવામાં આવે છે.
- વ્યવસાયમાં રસ ધરાવનાર શિક્ષક કેટલાક કૌશલ્ય હસ્તગત કરે છે. સારા કૌશલ્યો ધરાવનાર શિક્ષક પોતાના વ્યવસાયમાં સારું માન અને સન્માન મેળવે છે. શિક્ષણ દ્વારા કેટલાક અપેક્ષિત કૌશલ્યો નીચે મુજબ દર્શાવી શકાય :
  - (1) રજૂઆત કરવાનું કૌશલ્ય
  - (2) વ્યવહાર કરવાનું કૌશલ્ય
  - (3) શૈક્ષણિક સાધનો વાપરવાનું કૌશલ્ય
  - (4) એકમ પ્રમાણે જરૂરી પદ્ધતિનો ઉપયોગ કરવાનું કૌશલ્ય
  - (5) નેતાગીરી લેવાનું કૌશલ્ય
  - (6) વાચન કૌશલ્ય
  - (7) લેખન કૌશલ્ય
  - (8) શ્રવણ કૌશલ્ય
  - (9) કથન કૌશલ્ય
- ઉપરોક્ત કૌશલ્યનો વિકાસ શિક્ષણ દ્વારા થાય છે. તેના પર વધુ ભાર મૂકવામાં આવે છે. શિક્ષણ દ્વારા વાચન, લેખન, શ્રવણ, કથન વગેરે ચારેય કૌશલ્યનો વિકાસ થાય તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.
- બી.એડ્.ની તાલીમ દરમિયાન આ ચારેય કૌશલ્યના વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. શિક્ષણ કાર્ય માટે આ ચારેય કૌશલ્યનો વિકાસ થાય તે જરૂરી છે. આ ચારેય કૌશલ્યની વધુ માહિતી અન્ય વિભાગમાં આપવામાં આવેલ છે.

**ધ્યેયોનું સ્વરૂપ :**

કેળવણીનાં ધ્યેયો કેવા હોવા જોઈએ તે વિશે વિચાર કરીએ. ધ્યેયો સ્થિર અને શાશ્વત હોવા જોઈએ કે પરિવર્તનશીલ? ધ્યેયો ગતિશીલ અને વ્યવહારુ હોવા જોઈએ. સમાજમાં આવતા પરિવર્તન પ્રમાણે શિક્ષણના ધ્યેયોમાં ફેરફાર થવો જોઈએ. બદલાતા સમાજની જરૂરિયાતો અને અપેક્ષા પ્રમાણે

ધ્યેયોનું પુનઃનિર્માણ થવું જોઈએ. આમ, ધ્યેયો જીવનની વાસ્તવિક પરિસ્થિતિ સાથે સંબંધ ધરાવતા હોવા જોઈએ. આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ અને વાસ્તવવાદી વિચારસરણીમાં ધ્યેયોનું મંતવ્ય અલગ અલગ જોવા મળે છે, જ્યારે વિજ્ઞાન કે મનોચિકિત્સકોના મતે આત્માભિવ્યક્તિની ક્ષમતા પ્રાપ્ત કરવાનો હેતુ મુખ્ય છે.

આમ, ધ્યેયો એ પરિવર્તનશીલ છે. ધ્યેયોની પરંપરા સર્જાઈ છે. અને આંતરરાષ્ટ્રીય બાબતોનો પણ વિચાર કરવામાં આવે છે. કારણ કે ભાવિ નાગરિકોનું ઘડતર એ શિક્ષણનું મુખ્ય કાર્ય છે. વિશાળ પરિપ્રેક્ષ્યમાં હેતુઓ વ્યક્તિ અને સમષ્ટિના શ્રેય અને પ્રેયના પૂરક, ગતિશીલ અને સ્પષ્ટ, પરિવર્તનશીલ, વાસ્તવિક પરિસ્થિતિ સાથે સુસંગત હોવા જોઈએ. ટૂંકમાં, વ્યક્તિ સંપૂર્ણ જીવન જીવવાની શક્તિ આપે, સમર્થ બનાવે તે કેળવણીનું અંતિમ ધ્યેય છે.

**શિક્ષણના વિવિધ ધ્યેયો :**

કેળવણીનાં ધ્યેયોનાં સ્વરૂપની ચર્ચા કર્યા પછી હવે જે વિવિધ ધ્યેયો સ્વીકારવામાં આવ્યા છે તેનો વિચાર કરીએ. વિવિધ શિક્ષણ ચિંતકોએ જે ધ્યેયો નિર્ધારિત કરેલા છે તે નીચે પ્રમાણે છે :

1. *જ્ઞાનપ્રાપ્તિનું ધ્યેય*
2. *નૈતિક ધ્યેય*
3. *સાંસ્કૃતિક ધ્યેય*
4. *વ્યવસાયિક ધ્યેય*
5. *વ્યક્તિત્વનો સુસંવાદી વિકાસ/સર્વાંગી વિકાસનું ધ્યેય*
6. *સંપૂર્ણ જીવનની* તૈયારી

ઉપરોક્ત હેતુઓ/ધ્યેયોની વિસ્તૃત માહિતી મેળવીએ.

**1. જ્ઞાનપ્રાપ્તિનું ધ્યેય (Knowledge Aim of Education) :**

**અર્થ :**

શિક્ષણનું અતિ પ્રાચીન ધ્યેય જ્ઞાનપ્રાપ્તિ છે. બાળકને જ્ઞાન આપવું, તેને માહિતી પૂરી પાડવી તેના દ્વારા જ્ઞાન સંપાદન પ્રક્રિયા થાય છે. પ્લેટો, બેકન, કોમેનિયસ, ન્યૂમેન જેવા પાશ્ચાત્ય ચિંતકોએ જ્ઞાન પ્રાપ્તિના ધ્યેયની તરફેણ કરી છે. 'જ્ઞાન ખાતર જ્ઞાન' – એ સૂત્ર જ્ઞાનના સર્જન માટે વપરાતું, પરંતુ એ જ્ઞાન બિલકુલ વ્યર્થ છે જે વાસ્તવિક જીવનમાં ઉપયોગી ન બને. બાળકને આપણે જે કંઈ શીખવીએ છીએ તે તેને ભવિષ્યના જીવનમાં જ્યાં જરૂર પડે ત્યાં બુદ્ધિપૂર્વક ઉપયોગ કરે તેવી ક્ષમતા વિકસાવે. વ્યવહારુ ડહાપણ વગરનું ઉચ્ચ કોટિનું જ્ઞાન પણ નિરર્થક છે.

- विद्या धनं सर्व धन प्रधानम् । – હર્બર્ટ સ્પેન્સર
- તું તારી જાતને જાણ. – સોક્રેટીસ
- જ્ઞાન એ શક્તિ છે. (Knowledge is Power)

**મહત્ત્વ :** જ્ઞાન પ્રાપ્તિના ધ્યેયનું મહત્ત્વ આ મુજબ છે :

- જ્ઞાન મનુષ્યની પ્રગતિનો આધાર છે.
- જ્ઞાન મનુષ્યની શક્તિ અને આનંદનાં દ્વારા ખોલે છે. વ્યક્તિને ભૌતિક રીતે સાધન-સંપન્ન બનાવે છે.
- જ્ઞાનથી વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.
- જ્ઞાન વડે વ્યક્તિ સામાજિક અનુકૂલન સ્થાપી શકે છે.
- શેક્સપીયર કહે છે જ્ઞાનની સહાયતાથી જ આપણે સ્વર્ગ પ્રાપ્ત કરી શકીએ છીએ.
- જ્ઞાન વ્યક્તિના વિચારો, ભાવનાઓ અને અનુશાનને સંગઠિત રાખે છે.

- જ્ઞાનથી સંસ્કૃતિનું નિર્માણ અને સિંચન થાય છે, વ્યક્તિ અને સમાજની આધારશિલા છે. બન્નેના અસ્તિત્વનો આધાર છે.

આમ, વિદ્યાર્થીએ સાચા અર્થમાં જ્ઞાનના શોધક અને જ્ઞાન પ્રાપ્તિના સાધનો પર પ્રભુત્વ મેળવવું જોઈએ.

વળી, એ આપણે યાદ રાખવું જોઈએ કે જ્ઞાન એ સાધન છે, સાધ્ય નથી. ફક્ત જ્ઞાન માટે જ જીવવું એ જીવનનું ધ્યેય નથી. વિદ્યાલય એ જ્ઞાનની દુકાન અને શિક્ષક એ જ્ઞાનનો વિક્રેતા છે. છતાં સમજદારી વિનાનું જ્ઞાન મૂર્ખતા છે. વ્યવસ્થા વિનાનું જ્ઞાન વ્યર્થ છે. દયા વિનાનું ગાંડપણ છે, ધર્મ અને નીતિ વિનાનું જ્ઞાન મૃત્યુ સમાન છે. તેથી જ વિચાર, વાણી, લાગણી કે વર્તનમાં તેનો વિનિયોગ થાય તે આવશ્યક છે.

**નિષ્કર્ષ :**

જ્ઞાન તેના તાત્ત્વિક સ્વરૂપે નીતિ-નિરપેક્ષ છે. જ્ઞાન સમજદારી સાથે વિવેક છે. વ્યવસ્થા સાથે શક્તિ છે, દયાની સાથે ભલાઈ, ધર્મની સાથે ગુણ અને જીવનની શાન્તિ છે. વ્યક્તિએ મેળવેલા જ્ઞાનનો ઉપયોગ તેના વ્યક્તિત્વ વિકાસ માટે થવો જોઈએ નહિ તો તે અપવ્યય છે.

**2. નૈતિકતાનું ધ્યેય (Moral Aim of Education) :**

કેટલાક કેળવણીકારો માને છે કે નૈતિક ઉદ્દેશ્ય શિક્ષણનું સર્વશ્રેષ્ઠ ધ્યેય છે. મહાન શિક્ષક હર્બટે કહ્યું છે કે, શિક્ષણનું એક માત્ર કાર્ય છે કે તે 'મનુષ્યની નૈતિકતાનો વિકાસ કરે'. બટ્રાનન્ડ રસેલ પણ નૈતિકતાને ઉચ્ચ શિક્ષણનો આદર્શ માને છે. નીતિમત્તાની પ્રાપ્તિ એ માનવજીવનનો સર્વોત્કૃષ્ટ હેતુ હોવો જોઈએ.

અર્થ :

1. નૈતિકતા એટલે અક્ષરજ્ઞાનની સાથે આત્માની કેળવણી.
2. નૈતિકતા એટલે સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્‌ની ઉપાસના.
3. વ્યક્તિની રહેણીકહેણી અને વિચારોનું સાતત્ય.
4. વ્યક્તિના અને સમાજના શ્રેય અને પ્રેયને પોષનારું પરિબળ છે.
5. નૈતિકતા માનવીય વ્યક્તિત્વમાં જોવા મળતું આંતરિક સંયોજન છે.

શિક્ષણનું સમસ્ત કાર્ય વ્યક્તિને નીતિમત્તા તરફ દોરી જનારું હોવું જોઈએ. નૈતિક હેતુ સદ્‌વૃત્તિ, સદ્‌ચરિત્ર, ન્યાય માટેનો પ્રેમ, સદાચાર, કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા, દયા-ભલાઈ વગેરે ગુણોનો સંચય વ્યક્તિમાં કરાવે છે. મૂલ્યોની ઉપાસના દ્વારા નૈતિકતા કેળવવી જોઈએ.

**મહત્ત્વ :**

- માત્ર જ્ઞાન ખાતર જ્ઞાન નહીં, પરંતુ સુટેવોનો સમુચ્ચય અને ચારિત્ર્ય વિકાસ જે કરાવે તે સાચું શિક્ષણ છે.
- નૈતિકતા એ જીવનનું નિયંત્રક, ધારક અને ચાલકબળ છે.
- All Education forms Character, Mental and Moral.
- જીવનમાં ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું પ્રસ્થાપન કરવામાં મદદ કરે તેને નૈતિકતા કહે છે.
- નૈતિકતા મૂળભૂત વૃત્તિઓનું માર્ગાન્તરીકરણ કરે છે.
- નીતિમય મૂલ્યોની સંનિષ્ઠ ઉપાસના કરી મન, વચન કર્મની પવિત્રતા રાખવામાં મદદ કરે છે.
- આ ઉદ્દેશ્ય વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે છે. વ્યક્તિ અને સમાજમાં વિકૃતિઓને પ્રવેશતાં રોકે છે, નિયંત્રણ કરે છે.
- નીતિમય ધોરણો વિકસાવે છે.

**નિષ્કર્ષ :**

શિક્ષણનો આ ઉદ્દેશ્ય વ્યક્તિના વ્યક્તિત્વની ઇમારત ઘડે છે. તેથી શિક્ષણમાં આચાર્ય, શિક્ષક અને શાળાએ સાથે મળી નૈતિકતાને પૂરક કાર્યક્રમો તૈયાર કરવા જોઈએ. દા.ત. પ્રાર્થનાસભા, પ્રવચન, સંત-સમાગમમાં પ્રામાણિકતા પૂરવી – આવી વિદ્યાર્થીઓની નૈતિકતાને પોષવી જોઈએ. વિદ્યાર્થીઓના આંતરિક ગુણો અને મૂલ્યોના વિકાસ દ્વારા નૈતિકતાનો વિકાસ શક્ય છે.

**3. સાંસ્કૃતિક ધ્યેય (Culture Aim of Education) :**

શિક્ષણના આ ધ્યેય અંગે ઈ.બી. ટાઈલર કહે છે કે સંસ્કૃતિ એ જટિલ સમગ્રતા છે. જેમાં જ્ઞાન, કલા, નૈતિકતા, આદર્શો, માન્યતાઓનો સમાવેશ થાય છે. જેને વ્યક્તિ સમાજના એક સભ્યના રૂપમાં પ્રાપ્ત કરે છે. સાંસ્કૃતિક વારસાનું સંક્રાન્તિકરણ (પ્રસારણ) એ શિક્ષણનું અગત્યનું કાર્ય છે. એક પેઢીએ પ્રાપ્ત કરેલ વારસો બીજી પેઢીને આપવાનું કાર્ય શિક્ષણ કરે છે.

**અર્થ :**

1. શિક્ષણમાં સાંસ્કૃતિક ધ્યેયનો અર્થ છે. – સંસ્કૃતિનો પ્રચાર
2. મનુષ્યને સુસંસ્કૃત અને પરિસ્કૃત બનાવવો એટલે સંસ્કૃતિ.
3. પ્રજાના યુગોના મેળવેલા પુરુષાર્થનું પ્રતિબિંબ એટલે રાષ્ટ્રની સંસ્કૃતિ.
4. માનવીએ મેળવેલો જ્ઞાન અને અનુભવનો પરંપરાગત વારસો.
5. ગુફામાનવથી આધુનિક સભ્યમાનવ સુધીની દેન એ સાંસ્કૃતિક પરંપરા છે.
6. સંસ્કૃતિ એ એવું સંકુલ છે જેમાં જ્ઞાન, કલા, આદર્શ, માન્યતાઓ, નીતિમત્તા, કાનૂન, રૂઢિ અને સમાજના સભ્ય તરીકે મનુષ્યે આત્મસાત્ કરેલી શક્તિઓ અને ટેવો.

**મહત્ત્વ :**

- પૂર્વજોએ ભૂતકાળમાં મેળવેલી સિદ્ધિઓનું જ્ઞાન કરાવે છે.
- ભવ્ય પરંપરાઓ, માન્યતાઓ, આદર્શોને જીવનમાં આત્મસાત્ કરવા પ્રેરણા આપે છે.
- સંસ્કૃતિ પ્રજાને દાનવમાંથી માનવ બનાવે છે. નવી પેઢીના વિચારોમાં પરિવર્તન લાવે છે.
- જ્ઞાનથી માત્ર બૌદ્ધિક વિકાસ થાય, પરંતુ સંસ્કૃતિ મન અને હૃદયનું ઘડતર કરે છે. મનુષ્યનો માનસિક સામાજિક, આધ્યાત્મિક વિકાસ કરે છે.
- ગાંધીજી કહે છે કે, સાંસ્કૃતિક વિરાસત એ માનવજીવનની આધારશિલા છે. નાની નાની બાબતોનું ધ્યાન રાખી વ્યક્તિગત વ્યવહાર અને આચરણ દ્વારા સંસ્કૃતિ ઘડાય છે.

**નિષ્કર્ષ :**

ઉપ્રોક્ત તર્કને આધારે સંસ્કૃતિના ઘડતરનો ઉદ્દેશ્ય અતિ મહત્ત્વનો છે. વ્હાઈટ હેડ કહે છે... શિક્ષણે એવા મનુષ્યોનું નિર્માણ કરવું જોઈએ જેમાં જ્ઞાનની સાથે સાંસ્કૃતિકતા હોય. જેનું વિશેષ જ્ઞાન બાળકોને પ્રારંભથી જ આપવું જોઈએ. આમ, કેળવણીએ રાષ્ટ્રના ઉચ્ચતમ મૂલ્યોને સાચવીને અભ્યાસક્રમ દ્વારા બાળકના ઘડતરમાં પ્રતિબિંબ પાડવું જોઈએ. સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, ચિત્ર, સંગીત અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા સાંસ્કૃતિક વારસાને વિકસાવો.

**4. વ્યવસાયિક ધ્યેય (Vocational Aim of Education) :**

**અર્થ :**

મનુષ્યની ત્રણ મૂળભૂત જરૂરિયાતો છે : અન્ન, આશ્રય અને આચ્છાદન. જો શિક્ષણ આ ત્રણ જરૂરિયાતો સંતોષવામાં અસફળ રહે તો આ ઉદ્દેશ્ય પૂર્ણ થતો નથી. જ્ઞાન મેળવવાની ઉત્કંઠ ઇચ્છા સામે ભૌતિક ઇચ્છાઓ સંતોષવાનું પ્રથમ ધ્યાન જશે. ભૌતિક જરૂરિયાતો સંતોષવા આર્થિક રીતે કમાવું પડશે. અલબત્ત જો વ્યક્તિમાં આર્થિક રીતે સ્વાવલંબન કે સદ્ધરતા પ્રાપ્ત

કરવાની શક્તિ આવે તો તે સમર્થ બની શકે. આ ઉદ્દેશ વ્યક્તિના જીવનમાં ઉપયોગી ઉદ્દેશ્ય છે. (It is bread and butter as well as a utilization aim) આજે ભૌતિકવાદી યુગમાં મનુષ્યની આર્થિક આવશ્યકતાઓ સૌપ્રથમ સંતોષાવી જોઈએ. અર્થાત્ કેળવણી દ્વારા વ્યવસાય મેળવી જીવિકોપાર્જન કરવાની ક્ષમતા આવવી જોઈએ. કેળવણી એ વ્યવસાયલક્ષી બનવી જોઈએ.

આ ધ્યેયની તરફેણ કરનારા વિચારકો માને છે કે સાંપ્રત સમાજમાં અતિ મહત્ત્વનો ઉદ્દેશ વ્યક્તિને વ્યવસાય મળી રહે તે છે. વ્યક્તિ પોતાનું ભરણપોષણ કરે તેટલું ઉત્પાદન કરે. આથી દરેક વ્યક્તિ એવું શિક્ષણ લે કે તેના દ્વારા પોતાનો નિર્વાહ કરી સમાજને કંઈક ઉપયોગી થાય. જો તેમ કરવામાં કેળવણી નિષ્ફળ જશે તો.... 'बुभुषितो किं न करोति पापम्' — જેવું થશે. તેથી જ વિદ્યા પ્રાપ્ત કરવા તરફ લોકો પ્રેરાય અને વિદ્યા પણ તેવી હોવી જોઈએ જે अर्थकरी च विद्या સાબિત થાય.

વર્તમાન શિક્ષણની સળગતી સમસ્યા એ શિક્ષિત બેકારી છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ વ્યવસાયિક ક્ષમતા પ્રાપ્ત કરે, પરંતુ આજે વૈજ્ઞાનિક અને તક્નિકી ક્ષેત્રે શિક્ષણના હેતુઓનું મહત્ત્વ વધારી વિદ્યાર્થીને મનગમતા વ્યવસાયો તૈયાર કરવા તરફ ઉપેક્ષા છે. પરિણામે સાચી દિશા તરફ ગમન થતું નથી.

**મહત્ત્વ :**

– વ્યક્તિ સ્વમાનથી, સંતોષથી પોતાનું જીવન જીવી શકે.
– વ્યક્તિ અને સમાજની સમૃદ્ધિ વધે.
– દરેક વિદ્યાર્થી પોતાના મનગમતા વ્યવસાયો પસંદ કરી કૌશલ્યો પ્રાપ્ત કરે.
– વ્યક્તિનો (આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક) સર્વાંગી વિકાસ થાય.
– વ્યક્તિ પોતાની રુચિ અનુસાર વ્યવસાયી શિક્ષણ લેવા પ્રેરાય.
– માત્ર બેકારીનું સર્જન ન કરતાં દરેક વ્યક્તિ પોતાની જાતે જીવન ચલાવી શકે તેવી ક્ષમતા પ્રાપ્ત કરે.

**નિષ્કર્ષ :**

કોઠારી પંચ નોંધે છે કે, Preparation for vocation is an important part of our Education. શિક્ષણ હંમેશા વ્યવસાયને પૂરક બનવું જોઈએ.

**5. વ્યક્તિત્વનો સુસંવાદી વિકાસ (Harmonious Development Aim) :**

**અર્થ :**

પ્રસ્તુત ઉદ્દેશનો અર્થ એ છે કે મનુષ્યનો શારીરિક, માનસિક, નૈતિક, ભાવાત્મક અને કલાત્મક શક્તિઓનો સર્વાંગી વિકાસ થાય. આ ઉદ્દેશ્યનો આધાર મનોવૈજ્ઞાનિક છે.

પ્રસ્તુત ઉદ્દેશના સમર્થકોમાં સ્વિટ્ઝર્લેન્ડનો મહાન શિક્ષક પેસ્ટોલોજી (Pestalozzi) અને રુસો (Rousseau)નું નામ સવિશેષ ઉલ્લેખનીય છે. કેળવણીના કાર્યક્રમો દ્વારા જ બાળકોનાં તન, મન અને આત્માનો વિકાસ સાધવામાં મદદરૂપ થાય તે દ્વારા જ તેના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થવો જોઈએ. પેસ્ટોલોજી કહે છે, "શિક્ષણ જ મનુષ્યની જન્મજાત શક્તિઓનો સ્વાભાવિક અને પ્રગતિશીલ વિકાસ છે."

મનોવૈજ્ઞાનિકો અને જીવવૈજ્ઞાનિકો આ ધ્યેયની સંકલ્પના સાથે મનુષ્યનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ સુસંવાદી થાય તેવું કેટલા અંશે શિક્ષણ દ્વારા શક્ય છે ? તે પ્રશ્નનો ચોક્કસ ઉત્તર આપી શકતા નથી. એક જ વ્યક્તિમાં સંગીત, યંત્રશાસ્ત્ર, ચિત્ર કે કાવ્ય જેવી અનેક પ્રવૃત્તિઓમાં પૂર્ણતા આવે તે શક્ય નથી. છતાં કેળવણીના કાર્યક્રમો એવા હોવા જોઈએ કે વ્યક્તિને વિકસવાની સમાન તકો મળી રહે અને વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે.

**મહત્ત્વ :**

- પ્રો. જેક્સના મતાનુસાર કેળવણી આખા જીવન દરમિયાનની એક પ્રવૃત્તિ બનવી જોઈએ જેના દ્વારા વ્યક્તિનું ઘડતર થાય.
- મનુષ્યને પૂર્ણતા પ્રાપ્ત કરવાની પ્રેરણા મળે.
- વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂલનની ક્ષમતા આવે.
- અભ્યાસક્રમ વિશાળ હોવાથી બાળકના જ્ઞાનની સીમાઓ વધે.
- દરેક વ્યક્તિના ગુણો, આવડતો અને વલણો વિકસાવે છે.

**નિષ્કર્ષ :**

વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ એ પ્રસ્તુત ધ્યેયનું લક્ષ્ય છે, પરંતુ વાસ્તવમાં દરેક વ્યક્તિને તેનું જ્ઞાન હોતું નથી. તેથી જ દરેક વ્યક્તિનો અભ્યાસ કરીએ તો તે શિક્ષક, એન્જિનિયર, ડૉક્ટર કે પછી કોઈ કલાકારની જેમ અલગ અલગ છે. અતઃ આપણે અહીં નોંધ લઈશું કે શિક્ષણનો આ ઉદ્દેશ્ય અપાકૃતિક કે અવ્યવહારુ હોઈ શકે.

**6. સંપૂર્ણ જીવનની તૈયારી (Complete Living Aim) :**

પ્રસ્તુત ઉદ્દેશ્યની સંકલ્પના હર્બટ સ્પેન્સરે … રજૂ કરી છે. તે કહે છે કે આપણે માત્ર ભૌતિક અર્થમાં નહીં, પરંતુ વિસ્તૃત રૂપે જીવન જીવવું જોઈએ. સામાન્ય રીતે બધી પરિસ્થિતિઓમાં યોગ્ય આચરણ અને નિયંત્રણ હોવું જરૂરી છે.

**અર્થ :**

પૂર્ણજીવન એટલે –

- જીવનના આનંદોનો ઉપભોગ
- સારા નાગરિકના ગુણોની ખિલવણી
- અવકાશના સમયનો સદ્ઉપયોગ
- જીવનમાં સર્વ ક્રિયાઓનું નિયંત્રણ
- સ્વ-પરિવારનું પાલન
- સામાજિક નૈતિક અને રાજકીય રીતે વ્યક્તિનું સંરક્ષણ

પૂર્ણજીવનનો આ ઉદ્દેશ્ય પરિપૂર્ણ કરવા….શિક્ષણ દ્વારા વ્યક્તિને તૈયાર કરવી. તેથી શિક્ષણ જ એવું હોવું જોઈએ કે વ્યક્તિનો વિકાસ કોઈ એક ક્ષેત્રમાં નહિ, પરંતુ સર્વાંગી રીતે થાય.

Not to live in the more material sense only, but in the wide sense, the general problem is the right ruling of conduct in all directions under all circumstances.

**– Herbert Spencer**

શિક્ષણ દ્વારા આપણે વ્યક્તિને જીવન જીવવા એવી રીતે તૈયાર કરીએ કે તે ઉચિત રીતે વ્યવહાર કરી શકે. શરીર, મસ્તિષ્ક અને આત્માનો સદુપયોગ કરી શકે.

**મહત્ત્વ :**

- વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ થાય.
- વ્યાપક અને વિશાળ કેળવણી મળે.
- સામાજિકતા અને સહકારિતા અને ઉપયોગિતાની ભાવનાનો વિકાસ થાય.
- કોઈપણ પરિસ્થિતિમાં વ્યક્તિ સામનો કરી શકે તેવી ક્ષમતા આવે.
- વ્યક્તિ સંતુલિત અને નિયંત્રિત બને.

– સામાજિકતા અને નિરામયતા આવે.

આ ધ્યેય પરિપૂર્ણ કરવા.... નીચેનો અભ્યાસક્રમ ભણાવવો જોઈએ.

– આત્મસંરક્ષણની ક્રિયા – શરીર વિજ્ઞાન, પદાર્થ વિજ્ઞાન
– સુરક્ષિત જીવન માટે – ભાષા, ગણિત, ભૂગોળ
– સંતાન રક્ષણ માટે – ગૃહવિજ્ઞાન, બાળવિજ્ઞાન
– સમાજના રક્ષણ માટે – ઈતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર.
– ફુરસદના સદ્‌ઉપયોગ માટે – કલા, સંગીત, સાહિત્ય.

જેવાં વિષયો શીખવી વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ કરી શકાય –

**નિષ્કર્ષ :**

પ્રસ્તુત ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા શિક્ષણમાં અનેક મર્યાદાઓને લીધે આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં તે ઘણો ઓછો પ્રતિપાદિત થાય છે. તેથી વ્યક્તિને કેટલા અંશે પૂર્ણજીવન જીવવા તૈયાર કરી શકીએ છીએ તે એક પ્રશ્ન છે.

આમ, ઉપરોક્ત ધ્યેયો કેળવણીના મૂળભૂત ધ્યેયો છે. હવે આપણે શિક્ષણના વૈયક્તિક ધ્યેયોદનો પરિચય પ્રાપ્ત કરીશું.

**શિક્ષણના વૈયક્તિક ધ્યેયો :**

શિક્ષણનો આ ઉમદા હેતુ છે. શિક્ષણના આયોજનમાં અને અમલીકરણમાં વ્યક્તિના નિર્બાધિત અને પ્રસન્ન વ્યક્તિત્વની ખિલવણીને કેન્દ્રમાં રાખવામાં આવે છે. વ્યક્તિની (બાળકની) અંતર્ગત શક્તિઓના વિકાસ, આવિષ્કરણ તે શિક્ષણ પ્રક્રિયાનો મુખ્ય ભાગ છે.

– વ્યક્તિની ઊર્મિઓ, ભાવનાઓ, રસ, વલણોનો વિકાસ થાય.
– વ્યક્તિની આધ્યાત્મિક ભૂખ અને દિવ્યતાની પ્રાપ્તિ થાય.
– વ્યક્તિ સમાજના નાગરિક તરીકે સજ્જ બને અને ઉત્તરપ્રવૃત્તિ પ્રાપ્ત કરે.
– વ્યક્તિ સ્પષ્ટ અને વિશ્વમાનવ બને.
– વ્યક્તિ સમાજની જવાબદારીઓ માટેની જરૂરી શક્તિઓ પ્રાપ્ત કરે.
– વ્યક્તિના સ્વનો વિકાસ થાય.
– વ્યક્તિ આત્મનિર્ણય કરી શકે.
– આત્મ સંયોજન કરે જેવા વ્યક્તિલક્ષી ધ્યેયો કેળવણીએ કરવા રહ્યા.

**કેળવણીના સમાજલક્ષી ધ્યેયો :**

સમાજના શ્રેય અને જરૂરિયાતોને લક્ષમાં રાખીને ઘડવામાં આવેલા હેતુઓને સમાજલક્ષી હેતુઓ કહેવામાં આવે છે. દરેક સમાજ સ્થિરતા, સલામતી અને સમૃદ્ધિ ઝંખતો હોય છે. આ માટે કેળવણીની યોગ્ય વ્યવસ્થા હોવી ઘટે. કેળવણીના સમાજલક્ષી હેતુઓ નીચે પ્રમાણેના છે :

– સમાજની પરંપરાઓ અને વારસાનું જતન થાય.
– સમાજમાં આવશ્યક હિતકર, પરિવર્તન લાવવું.
– કેળવણી દ્વારા સમાજનો આર્થિક વિકાસ થાય.
– ભાવાત્મક અને સાંપ્રદાયિક સદ્‌ભાવના વિકસે.
– સામાજિક એકતા જળવાઈ રહે.

આ સર્વ હેતુઓ પાછળની ભાવના એવી છે કે વ્યક્તિ જે સમાજમાં જન્મે, જીવે અને મૃત્યુ પામે તે સમાજ વ્યક્તિ કરતાં મહાન છે. સમાજના શ્રેય માટે વ્યક્તિએ પોતાની ઈચ્છાઓ, વિચારો અપેક્ષાઓનું દાન આપવાનું હોય છે.

**કેળવણીના વિશિષ્ટ હેતુઓ :**

કેળવણીનો વ્યાપ ઘણો વિશાળ છે. કેળવણીનો સામાન્ય હેતુ બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. આ સંદર્ભે કેળવણીનાં વિશિષ્ટ હેતુઓ નીચે મુજબના છે :

– સામાજિક પરિવર્તનનો હેતુ
– લોકશાહી મૂલ્યોની ખિલવણી કરવી.
– રાષ્ટ્રીય વિકાસ માટેની કેળવણી આપવી.
– ચારિત્ર્યનું ઘડતર કરવું.
– બૌદ્ધિક વિકાસ માટેની કેળવણી
– આંતરરાષ્ટ્રીય એકતા માટેની કેળવણી
– અદ્યતનીકરણની પ્રક્રિયા ગત્યાત્મક બનાવવી.
– જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવો.

**સારાંશ :**

– આ એકમમાં શિક્ષણનો અર્થ, સ્વરૂપ, હેતુઓ, ધ્યેયો, શિક્ષણની જીવનલક્ષીતા, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ વગેરે અંગેની માહિતી મૂકવાનો પ્રયાસ કરેલ છે.
– માનવીને ચારિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તેને શિક્ષણ કહેવાય.
– શિક્ષણ માણસને આત્મવિશ્વાસ અને નિસ્વાર્થ બનાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

1. કેળવણીનો અર્થ જણાવો.

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

2. કેળવણીના હેતુઓ જણાવો.

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

3. કેળવણીના ધ્યેયો ટૂંકમાં જણાવો.

.........................................................................
.........................................................................
.........................................................................

.....................................................................
.....................................................................
.....................................................................

**સૂચિત વાચન સામગ્રી (References) :**


1. બારૈયા બી.વી. : વિકસતા ભારતમાં શિક્ષણ, પ્રતિક પ્રકાશન, આણંદ.
2. બારૈયા બી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતિક પ્રકાશન, આણંદ.
3. બારૈયા બી. વી. તથા અન્ય : શિક્ષણ અને સમકાલીન ભારત, પ્રતિક પ્રકાશન, આણંદ.

એકમ 4

# સાહિત્યની ઉપાધ્યેતા

## : રૂપરેખા :

4.1 પ્રસ્તાવના

4.2 સાહિત્ય અને વ્યવહાર

4.3 સાહિત્ય્ અને સમાજજીવન

4.4 સાહિત્ય – રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિનું સાધન

4.4.1 શિક્ષણનાં રાષ્ટ્રીય ધ્યેયો

4.4.2 રાષ્ટ્રીય ધ્યેયોની સિદ્ધિ મળે શિક્ષકની ભૂમિકા

4.5 સાહિત્ય દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ

4.6 સાહિત્યની ફલશ્રુતિ

4.7 સારાંશ

4.8 એકમ સ્વાધ્યાય

4.9 તમારી પ્રગતિ ચકાસો

4.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.11 સૂચિત વાચન સામગ્રી

**ઉદ્દેશો (Objective) :**

**આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...**

(1) સાહિત્ય અને વ્યવહાર અંગે સમજી શકશો.

(2) સાહિત્ય અને સમાજ જીવન અંગે ચર્ચા કરી શકશો.

(3) સાહિત્ય – રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિનું સાધન છે તે સમજી શકશો.

(4) રાષ્ટ્રીય ધ્યેયોની સિદ્ધિ માટે શિક્ષકની ભૂમિકાન સમજી શકશો.

(5) સાહિત્ય દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ સમજી શકશો.

(6) સાહિત્યની ફલશ્રુતિ સમજી શકશો.

## 4.1 પ્રસ્તાવના

– સાહિત્ય અને જીવન વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ છે. શ્રી. રા.વિ. પાઠક આ સંબંધને વૃક્ષ અને પુષ્પના સંબંધ સાથે સરખાવે છે. આ સંબંધના સંદર્ભમાં સાહિત્ય માટે જીવન છે એમ કહેવાને બદલે ખરેખર એમ કહેવું જોઈએ કે જીવન માટે સાહિત્ય છે. જીવનની મહત્ત્વની પ્રવૃત્તિઓ સાથે સાહિત્ય સંકળાયેલું છે અને એ પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા મેળવીને સાહિત્યમાં નવીનતા અને વિવિધતા આવે છે.

– જીવનની જેવી પ્રવૃત્તિ તેવી એ જમાનાના સાહિત્યની સ્થિતિ, તેથી કોઈ યુગના સાહિત્ય સર્જનને યોગ્ય રીતે મૂલ્વવા માટે તે સમયની પરિસ્થિતિ સાહિત્યને પ્રેરનાર સમાજની સામાજિક, રાજકીય સ્થિતિનો પરિચય મેળવવાનો આવશ્યક છે.

## 4.2 સાહિત્ય અને વ્યવહાર

### ટૂંકનોંધ : સાહિત્ય ભાષા અને વ્યવહાર ભાષા

માનવીના રોજ-બ-રોજના વ્યવહાર અને સર્જકના વ્યવહાર વચ્ચે જે ભેદ છે તે જ ભેદ વ્યવહારની ભાષા અને સાહિત્યની ભાષા વચ્ચે છે. આમ, જુઓ તો રોજબરોજની વાતચીતમાં જે શબ્દો વ્યક્તિ વાપરે છે એ શબ્દો સાહિત્યમાં પણ વપરાય છે. છતાં સાહિત્યની ભાષા જુદી પડવાનું કારણ એના કલાત્મકતા છે. બંને ભાષામાં અર્થ પ્રગટ કરવાનું સામર્થ્ય તો છે પરંતુ, વ્યવહારની ભાષામાં બોલાતા શબ્દો એકદમ સપાટ, સ્થૂલ અને પરંપરાગત હોય છે. બે વ્યક્તિઓની વાતચીતમાં માત્ર વ્યવહાર પૂરતો જ સંબંધ હોય છે. જ્યારે સાહિત્ય ભાષામાં પ્રયોજાતા શબ્દો વિશેષ અને સંદેશાઓની આપ-લે અને વિચારોની રજૂઆત પૂરતું મર્યાદિત હોય છે. જ્યારે સાહિત્યનો ઉદ્દેશ સૌંદર્ય અને રસ નિષ્પતી દ્વારા આનંદનું ઉદ્દેશ સૌંદર્ય અને રસ નિષ્પતી દ્વારા આનંદનું સર્જન કરવાનો અને ભાવકને તેનો અનુભવ કરાવવાનો હોય છે. આથી સાહિત્યકાર ભાષાના શબ્દોને કલાત્મક રીતે કૌશલ્યથી પ્રયોજે છે. સાહિત્યનો શબ્દ અપૂર્વ રમણીય અને સૌંદર્યરસિત અર્થો પ્રગટ કરે છે. જગન્નનાથ આથી જ કાવ્યની વિભાવનામાં રમણીય શબ્દનું મૂલ્ય આકવું છે.

''रमणीयार्थः प्रतिपादकः शब्दः काव्यम् ।''

સાહિત્યમાં શબ્દ રમણીય અર્થનો વાહક બનીને આવે છે. એના માટે સાહિત્યકાર પોતાની આંતરિક બુદ્ધિથી શબ્દને નવા સંદર્ભે પ્રયોજે છે. અને એ દ્વારા નવા-નવા રમણીય અર્થો પ્રગટાવે છે.

સાહિત્યકાર ડોતાના અનુભવોને વધારે સૂક્ષ્મતાથી, સૌંદર્યશીલતાથી, કલાત્મક કૌશલથી પ્રગટ કરવા માટે, શુદ્ધ કલ્પનાત્મક રીતિ, અલંકારો, પ્રતિકો, લય વગેરેનો આધાર લે છે. અને એ રીતે શબ્દોના અનેક અર્થો નિપજાવે છે. આમ, છતાં એ શબ્દો પોતાનો અર્થ ગુમાવતા નથી. પરંતુ તેની આસપાસના શબ્દો સંદર્ભે નવો અર્થ ધરાવે છે. સાહિત્યની અને વ્યવહારની ભાષામાં ફેર એ છે કે ભાષાના વ્યાકરણ પ્રાપ્ત કે શબ્દ-કોશગત અર્થની શક્તિ ઉપરાંતની વધારાની શક્તિઓ, જે સામાન્ય વ્યવહારમાં કોઈક જ વાર ઉપયોગમાં આવે છે, તેનો જાણીજોઈને વિચારપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. અર્થાત્ સાહિત્યકાર રોજિંદો અનુભવ જ વ્યક્ત કરવાનો નથી પણ તેની કલાત્મક દૃષ્ટિ દ્વારા અમૂર્ત અનુભૂતિને અભિવ્યક્ત કરી તેની સહૃદય ભાવકના ચિત્તમાં મૂર્તિરૂપે ચિત્રિત કરીને તેનો ચેતો વિસ્તાર-સાંધવાનો હોય છે. આથી સામાન્ય વ્યવહારની અપેક્ષાએ સાહિત્યની ભાષાનું મૂલ્ય અનેકગણું હોય છે.

સાહિત્યની ભાષાને પ્રતિકાત્મક રીતે સૂક્ષ્મ વ્યંગાર્થ પ્રગટ કરે છે. જેમ કે, અંધકાર - અનિષ્ટના પ્રતિક તરીકે પ્રસિદ્ધ છે. કવિ કાન્તે ''ચક્રવાત મિથુન'' માં આ અંધકારને ''પ્રલયજન'' કહી કથાનો અંત સૂચવી દીધો છે. કવિ પ્રહ્લાદ પારેખે ''આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો'' દ્વારા દૃષ્ટિવિષયક અંધકારને શ્વસનવિષયક બનાવી પ્રભાવક અનુભૂતિ વ્યક્ત કરી છે. નિરંજન ભગતે રે સૂર્યમાં માછલી તરી રહી' કહી મુંબઈની વેશ્યાઓનું ચિત્ર પ્રતિકાત્મક વ્યંજનાથી રજૂ કર્યું છે. સાહિત્યની ભાષા આ રીતે અતિસૂક્ષ્મ અર્થની વ્યંજના પ્રગટાવે છે. સાહિત્યની ભાષા અવનવી અર્થો, સજીવ ગતિમય ચિત્રો, અને પ્રતિરૂપોનું નિર્માણ કરે છે. ભાવકને પ્રતિકોના ઉપયોગથી ઓછા શબ્દોમાં ઘણુ સૂચવી દે છે. આપણાં સાહિત્યની ભાષાને પ્રતિકાત્મક અને વ્યંજનાત્મક કહી છે. એકાદ બે પંક્તિમાં તે જીવનની ફિલોસોફીનું દર્શન રજૂ કરી શકે છે.

વ્યવહારમાં ભાષા વિચારોને વ્યક્ત કરવાનું સાધન માત્ર છે. તે સાહિત્યમાં અલૌકિક પ્રતિક તરીકે પ્રયોજાય છે. વ્યવહારની વાતચીતમાં અનેક બિનજરૂરી અને અતિ સામાન્ય વાતો ભળતી હોય છે. જે અલ્પજીવી હોય છે. પ્રસંગય પૂરતો જ તેનો ઉપયોગ થતો હોય છે. જ્યારે સાહિત્યની ભાષામાં વ્યક્ત થતી સામગ્રી પૂરેપૂરી સત્વશીલ અને લક્ષગામી હોય છે. જેનો પ્રભાવ આનંદજન્ય અને ચિરકાલીન હોય છે.

સમગ્ર રીતે જોતા શબ્દનો અર્થ તો આપણી રોજિંદી બોલચાલમાં પણ વ્યક્ત થાય છે. છાપાના સમાચારોમાં પણ અર્થ તો હોય છે. સાહિત્યમાં માત્ર અર્થ જ વ્યક્ત કરવાનો નથી હોતો. મહત્ત્વનું તો એ છે કે સર્જકના વિચારોને સાહિત્ય બનાવવા તે કેવા પ્રયાસો અને પ્રયોગો કરે છે, તેના પર સાહિત્ય કૃતિની સાર્થકતાનો આધાર રહેલો છે.

## 4.3 સાહિત્ય અને સમાજજીવન

મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. સાહિત્યકાર પણ સમાજ વચ્ચે શ્વાસોચ્છ્વાસ લે છે. સાહિત્ય એ સમાજના અંગભૂત એવા પ્રતિભાસંપન્ન સર્જકની અનુભૂતિની અભિવ્યક્તિ છે. વ્યક્તિ સમાજનું અંગ છે. તે સમાજમાં જન્મે છે અને સમાજમાં જ વિકાસ કરે છે – સમાજના માળખામાં ઓતપ્રોત થવા પ્રયત્ન કરતો હોય છે. સાહિત્યનો સર્જક પણ સમાજમાં જન્મેલો અને ઊછરેલો માનવી છે એનું સંવેદનશીલ ચિત્ત સમાજનાં વિવિધ વિચારો-ભાવનાઓ-નીતિનિયમોથી પ્રભાવિત થાય છે અને તેને શબ્દ દ્વારા સાહિત્યરૂપે સમાજ સમક્ષ મૂકવા પ્રયત્ન કરે છે. આમ, સમાજજીવન એના સાહિત્યની વિષય-સામગ્રી બને છે. કોઈપણ સાહિત્યકૃતિમાં છેવટે વાત તો જીવનની જ હોય છે. સર્જકની આસપાસ જે સૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે તેને તે નિરૂપે છે, તેથી સાહિત્યને 'જીવનનું દર્પણ' પણ કહેવામાં આવે છે. અલબત્ત, સાહિત્યકાર કૃતિમાં જ સમાજ નિરૂપે છે તે મૂળ સમાજની નકલ નથી હોતી, તે સમાજને વિશેનું પોતાનું 'દર્શન' રજૂ કરે છે. પોતાની રીતે એ સમાજપ્રવાહોનું અવલોકન કરે છે અને અર્થઘટન કરી કૃતીને નવો ઘાટ આપે છે. આમ સાહિત્ય અને જીવનનો નાળ-સંબંધ છે.

સાહિત્યકાર પોતાના સાહિત્ય દ્વારા સમાજને પ્રેરણા આપે છે, આદર્શ પૂરો પાડે છે, સમાજની સુરુચિ ઘડવાનું કામ કરે છે. ઘણીવાર સામાજિક ક્રાંતિનું તે નિમિત્ત પણ બની જાય છે. 'અંકલ ટોમ્સ કેબિન' તેનું સચોટ ઉદાહરણ છે. સાહિત્યનો સમાજસુધારાના માધ્યમ તરીકે થયેલો ઉપયોગ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં 'સંસારસુધારાકાળ' તરીકે ઓળખાયેલા સમયમાં ભરપટ્ટે થયેલો જોઈ શકાય છે. 'જનાવરની જાન' જેવું કાવ્ય, 'સાસુવહુની લડાઈ' નવલકથા, 'લલિતાદુઃખદર્શક' નાટક, 'હુન્નરખાનની ચડાઈ' જેવું પદ્ય-વ્યાખ્યાન કે 'મંડળી મળવાથી થતા લાભ' જેવા નિબંધો એ સમાજ-સુધારાલક્ષી સાહિત્યની જ નીપજ છે. સાહિત્યકારને સમાજનો વહીવવંચો કહી શકાય, જેનું કામ સમાજની-પ્રજાજીવનની નોંધ-સર્જનાત્મક નોંધ લેવાનું છે. સર્જકના ચિત્તમાં સમાજની એક છબી અંકિત થઈ જતી હોય છે. સાહિત્યનો સમાજ પર જેવો તેવો પ્રભાવ નથી હોતો. રમણલાલ વસંતલાલ દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથામાં સમકાલીન સમાજનું ચિત્ર આલેખાયું છે. સાહિત્યના એક પ્રકાર તરીકે નાટક તો ભિન્ન ભિન્ન રુચિવાળા માણસો-સમાજ અને સમારાધન-મનોરંજન કરનાર સાધન છે એમ કવિ કાલિદાસે કહ્યું જ છે. ટૉલસ્ટૉયે કલાને કેવળ મનોરંજનનાસાધન તરીકે ન જોતાં મનુષ્યના જીવન અને સમાજના કલ્યાણ તેમજ પ્રગતિ માટે લાગણીની સાંકળ ગણવા કહ્યું છે. કલાનું કાર્ય માનવી-માનવી વચ્ચેની વિસંવાદિતા હઠાવી સંવાદિતા – harmony સ્થાપવાનું છે.

સાહિત્ય માનવસમાજને સદીઓથી, જમાનાઓથી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતું રહ્યું છે. "રામાયણ", "મહાભારત" જેવાં મહાકાવ્યોએ સંસ્કાર વૈવિધ્ય ધરાવતા ભારતીય પ્રજાજીવનને ટકવા માટે બળ પૂરું પાડ્યું છે અને તેના સાંસ્કૃતિક વિકાસમાં મૂલ્યવાન ફાળો આપ્યો છે નાટ્યકાર ઈબ્સનના ... નાટકની નાયિકા નૉરાના પાત્ર દ્વારા એ નાટકે યુરોપમાં નારીજાગૃતિના આંદોલન તરીકે હલચલ મચાવી દીધી હતી. વર્તમાન સમયમાં દલિત અનુકંપાની ભાવનાઓનો પડઘો પાડતું ગુજરાતી સાહિત્ય પૂરતા પ્રમાણમા સમાજનું ધ્યાન દોરવામાં સફળ નીવડ્યું છે. 'કાળો સૂરજ', 'વ્યથાનાં વીતક', 'આંગળિયાત', 'ડાયા પશાની વાડી' વગેરે દલિત સ્વરને ઉજાગર કરવામાં સફળ નીવડ્યાં છે.

સાહિત્યકારોનો એક એવો વર્ગ છે જે સમાજનું યથાતથ ચિત્રણ કરે છે. જેમાં સમાજની સર્વ મર્યાદાઓનું આલેખન આવી જાય છે. બીજો એક વર્ગ એવો છે જે સમાજમાં સુધારાવિષયક અભિયાન સાહિત્યના માધ્યમ દ્વારા ચાલવે છે. સુધારકયુગ અને પંડિતયુગ આવતમાં સુધી આ પ્રકારનું ગુજરાતી

સાહિત્યઆપણને મળે છે. ત્રીજા વર્ગના સાહિત્યકારો સમાજના દોષો અને મર્યાદાઓને તપાસી તેના પ્રત્યે વિદ્રોહ જગવે છે અને લોકો સુધી પોતાના વિચારો અસરકારક રીતે પહોંચાડવા સાહિત્યનો એક માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. આ ત્રણે વર્ગના સાહિત્યકારોનું મુખ્ય વલણ સમાજસુધારણાનું છે.

સાહિત્યની અભિવ્યક્તિ ભાષા દ્વારા થાય છે અને ભાષા સમાજની નીપજ છે. સર્જક પણ કેમેરાની આંખની નજરે સમાજનાં સુખદુઃખ, વેરઝેર, રાગદ્વેષ, પ્રેમ-વિરહ વેગેરેને જુએ છે અને અભિવ્યક્ત કરે છે. મેથ્યુ આર્નોલ્ડના શબ્દોમાં આ જ 'જીવનની સમીક્ષા' છે. એ માનવમનનાં ઊંડાણોને તપાસે છે અને શબ્દબદ્ધ કરે છે તેથી 'પ્રતિબિંબ'થી વિશેષ છે. પ્રાદેશિક જનજીવનનું ચિત્ર કરતું સાહિત્ય ખરા અર્થમાં સમાજ સાથે સંલગ્ન હોય છે. એમાં વ્યક્તિ નહિ, સમાજનું જ પ્રાધાન્ય હોય છે. મૂળ વાત એ છે કે સાહિત્ય કળાનો ઘાટ પામે એ જરૂરી છે કારણ કે છેવટે તો કોઈપણ સાહિત્યનો પ્રધાન ઉદ્દેશ સૌંદર્યનિર્માણ દ્વારા આનંદ  આપવાનો જ હોય છે. સાહિત્ય્ જીવનાભિમુખ બનવું જોઈએ એનો અર્થ એ નથી કે તેમાં કલાકૃતિને હાનિકર્તા નીવડે તે રીતે પ્રગટ બોધ આવે. બોધ પણ 'કાન્તાસંમિત' હોવો જોઈએ. કલા જીવનનું ઉપકારક અંગ બનવું જોઈએ.

**સાહિત્ય અને સમાજ :**

એક અંગ્રેજી સાહિત્યકારે કહ્યું છે કે, ઇંગ્લેન્ડના માનવજીવન અને સમાજજીવનને ઓળખવા તમારે ઇંગ્લેન્ડમાં ફરવાની જરૂર નથી, પરંતુ તેનું સાહિત્ય વાંચો એટલે ઇંગ્લેન્ડ ઓળખાશે. પ્રેમાનંદના આખ્યાનો વિશે રા. વી. પાઠકે કહ્યું છે કે, "પ્રેમાનંદના આખ્યાનોમાં ગુજરાત. ગુજરાતીઓ અને ગુજરાતતણો ડોકાય છે. આ વાત પૂરવારકરે છે કે પ્રત્યેક સર્જક તેના જમાનાનું ને એના દેશનું સંતાન છે. એ જે સમયમાં જીવે છે એના પડઘા અને પડછાયા સાહિત્યમાં પડે છે. પ્રજાજીવનના આનંદ, ઉત્સવો, વ્રતો, તહેવારો, રાગ-ત્યાગ, ગમા-અણગમા, હર્ષ-શોક, સારા-નરસા બનાવોની અસર અનુભવી સર્જક સાહિત્યમાં તેને નિરૂપે છે. અર્થાત્ સાહિત્યકારનું સમાજદર્શન તેના સર્જાનમાં પડઘાય છે. સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે. અંગ્રેજીમાં કહેવાયું છે કે, *"Literature is a Mirror of Society."* અર્થાત્ સાહિત્ય સમાજનું દર્પણ છે. જેવો સમાજ તેવું તેનું સાહિત્ય. સાહિત્યને સમાજનો *X–ray* પણ કહ્યો છે. સમાજમાં બનતાં બનાવો કે ઘટનાઓ સર્જકના મન પર તીવ્ર અસર પાડે છે. જે કોઈને કોઈ રૂપે, સ્વરૂપે સાહિત્યમાં આવતેર છે.

સમાજના પ્રવાહો, પરિસ્થિતિઓ, ઐતિહાસિક, સામાજીક, સાંસ્કૃતિક ઘટનાઓ, ધાર્મિક માન્યતાઓ, આર્થિક સ્થિતિઓ બધાંની અસર જીવાતા જીવન પર પડતી હોય છે. તો જીવાતાં જીવનની અસર સમાજજીવન પર થાય છે. સાહિત્યકાર જીવાતા જીવનનો આલેખ એ છે. પ્રજાના ઉત્સવો, લોકમેળા, રીત-રિવાજો, માન્યતાઓ, જ્ઞાતિના બંધનો, સામાજીક રૂઢિ, વગેરેને સર્જક સાહિત્યમાં આલેખે છે. 'સરસ્વતીચંદ્ર', 'ગ્રામલક્ષ્મી' 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'જનમટીપ' વગેરે નવલકથામાં જીવાતાં જીવનની અસર પ્રબળપણે ઝીલાઈ છે. મેઘાણીએ સોરઠી સમાજની, પન્નાલાલે ઉત્તર ગુજરાતીની તો પેટલીકરે ચરોતર પ્રદેશની લાક્ષણિકતા અને એ સમાજ જીવનને પોતાના સાહિત્યમાં વાચા આપી છે.

સાહિત્યમાં ઝીલાતાં સમાજનું પ્રતિબિંબ યર્થાતથ એટલે કે એના મૂળરૂપે નથી આલેખાતું પણ સમાજમાંથી ઘટનાઓ, પાત્રો, પ્રસંગો, ભાષા, બોલી વગેરે લઈ સાહિત્યમાં કલાત્મક ગૂંથણી થાય છે. જેવો સમાજ તેવી છબી જો સાહિત્યમાં ઉપસતી હોય તો પછી સાહિત્ય પાસે જવાની જરૂર રહેતી નથી. સાહિત્યકાર સમાજની ઘટનાઓનો સ્વીકાર કરે છે. પણ તેને પોતાની રીતે મૂકે છે. તેમાં કલ્પનાઓનો ઉમેરો કરે છે. નવા રૂપ રંગ આપી સર્જન કરે છે. જેટલો તફાવત ફોટોગ્રાફ અને જાતે દોરેલા ચિત્રમાં છે એટલો તફાવત સમાજદર્શન અને તેના આલેખનમાં છે. સમાજ કેવો છે ? એના આલેખનની સાથે સાથે સમાજ કેવો હોવો જોઈએ ? એની પણ કલ્પના સર્જક કરતો હોય છે.

સાહિત્ય અને સમાજનું બીજું પાસું તપાસીએ તો જેમ સમાજની સાહિત્ય પર અસર થાય છે તેમ સાહિત્યની પણ સમાજ પર અસર થતી હોય છે. સમાજનું સંતાન એવો સર્જક પોતાના સમાજને

સાહિત્યમાં ઉપસાવે છે. તેમ પોતાના સાહિત્યથી સમાજનું ઘડતર પણ કરે છે. સમાજ અને જીવન કેવું છે એ આલેખતો સર્જક એ કેવું હોવું જોઈએ. એનો સૂર પણ પોતાના સાહિત્યમાં વણી લે છે. સમાજને તે ઘડે છે. સાચી દિશા બતાવે છે. સંસ્કૃતિનું જતન પણ કરે છે. ફ્રાન્સની ક્રાંતિના ઘડતરમાં વૉલ્ટર અને રૂસોના સાહિત્યનો પણ ફાળો છે. ગાંધીજીનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય પર પડ્યો અને ગુજરાતીઓની રાષ્ટ્રભાવના પ્રબળ બની. નર્મદના સાહિત્ય પણ રાષ્ટ્રભાવનાને વેગવાન બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ર.વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથાએ શિક્ષિતોને ગ્રામાભિમુખ કર્યા તો એમની જેભારેલો અગ્નિ' નવલકથાએ ક્રાંતિની ચળવળો જગાવી. રામાયણ, મહાભારત જેવા ગ્રંથો યુગોથી લોકોમાં સંસ્કારોનું સિંચન કરતાં આવ્યાં છે. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે સાહિત્ય સમાજનું ઘડતર કરે છે. આથી જ કટાર કરતા કલમને વધુ તાકાતવાન ગણી છે. સર્જક ધારે તો પોતાના સર્જન પ્રતિ સત્તા પરિવર્તન પણ કરાવી શકે. સર્જક માત્ર સમાજનું નથી આલેખતો પણ સ્વૈચ્છિક સમાજ પણ ઘડી શકે છે. આમ, સાહિત્ય માત્ર સમાજનું પ્રતિબિંબ નથી પણ નવસર્જન પણ છે.

આનો અર્થ એ નથી થતો કે, સાહિત્યકારે સમાજને સુધારવાનો ઠેકો લેવો જોઈએ. સાહિત્યકાર માત્ર સમાજ સુધારક ન હોય શકે. સમાજ સુધારણા એ તેનું કર્તવ્ય પણ નથી. એનું કર્તવ્ય છે. સાહિત્યના માધ્યમથી કલાનું સર્જન કરવું. કવિ આથી જ કહે છે.

"હું ક્યાં અહીં કશું કરવાં આવ્યો છું.

હું તો બસ ફક્ત ફરવા આવ્યો છું."

સાહિત્યના માધ્યમ દ્વારા કલ્પનાનું સર્જન કરવું અને સૌંદર્ય પ્રગટાવવું એ એનો મુખ્ય ધર્મ-કર્મ હોય શકે. સમાજ સુધારણા એ સાહિત્યની આડપેદાશ છે.

## 4.4 સાહિત્ય – રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિનું સાધન

### 4.4.1 શિક્ષણનાં રાષ્ટ્રીય ધ્યેયો

**1. ઉત્પાદક નાગરિક બનાવવાનું ધ્યેય :**

મનુષ્ય સમાજ વચ્ચે રહીને જીવે છે. માટે તેનું સમાજજીવન વ્યક્તિગત જીવન કરતાં વિશેષ છે. સામાજિક જીવનની વિશેષતાને લીધે તેણે કેટલીક જવાબદારીઓ નિભાવવાની હોય છે. આ જવાબદારીઓનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર વિશાળ છે. વ્યક્તિએ સમાજનું ઉત્પાદક અંગ બનવાનું છે. તેણે પોતાનો અને પોતાના કુટુંબનો જીવનનિર્વાહ થાય તેવં જ્ઞાન, કૌશલ્યો, શક્તિઓ ખીલવીને અટકી જવાનું નથી. પરંતુ સમાજનાં અને દેશના આર્થિક વિકાસમાંય પોતાનો ફાળો આપવાનો છે. સમાજનું આર્થિક ઉત્પાદન વધે એવાં જ્ઞાન, કુશળતાઓ, ક્ષમતાઓ, વલણો, ટેવો વગેરે નાગરિકોમાં ખીલવવાનાં છે. એટલે કે નાગરિકોની આર્થિક ઉત્પાદનક્ષમતા વધે તેવું કાર્ય શિક્ષણએ કરવાનું છે.

વળી, કોઈ પણ સમાજ, સંસ્કૃતિના વિકાસનો આધાર તે સમાજ, સંસ્કૃતિનાં વાહકો એટલે કે નાગરિકો પર રહેલો છે. જે સમાજમાં બિનઉત્પાદક નાગરિકોની સંખ્યા કરતાં ઉત્પાદક નાગરિકોની સંખ્યા વધુ હોય તે સમાજ સ્વાભાવિક રીતે જે વધુ પ્રગતિશીલ હોવાનો. જ્યારે બિનઉત્પાદક નાગરિકોની સંખ્યા જે સમાજમાં વધુ હશે. ત્યાં વિકાસ રુંધાવાનો, શિક્ષણ પ્રાપ્ત કરવાથી નાગરિકો પોતાની આજીવિકા પ્રાપ્ત કરવા સજ્જ થાય છે. પોતે ઉત્પાદક કાર્ય કરતા થાય છે. માટે કહી શકાય કે શિક્ષણનું એક અગત્યનું કાર્ય છે અને સમાજને ઉત્પાદક નાગરિકો પૂરાં પાડવાં.

કોઈ પણ સમાજ, રાષ્ટ્ર કે વિશ્વનો વિકાસ તેના સભાસદો બેકાર ન રહે બલકે તે ઉત્પાદક બને અને વિકાસને ગતિ આપે. શિક્ષણ આવા નાગરિકો ઉત્પન્ન કરી શકે છે કારણ કે તેની પ્રક્રિયા આ દિશામાં થતી હોય છે.

**2. રાષ્ટ્રીય એકતા માટેની ભાવના :**

શિક્ષણનું આ મહત્ત્વનું સામાજિક ધ્યેય છે. આજે રાષ્ટ્રની એકતા ખતરામાં છે. હમી ચી બોમ્બેના

નારા, આપાર સોનાર બાંગ્લાના ગીતો, જય જય ગરવી ગુજરાતનો જયકારો બધાં રાષ્ટ્રીય એકતને જોખમમાં મૂકનારાં તત્ત્વો છે, ત્યારે નવી પેઢીમાં રાષ્ટ્રીય એકતાની ભાવના જગાવવી અત્યન્ત જરૂરી છે ને આ કાર્ય શિક્ષણ જ કરી શકે તેમ છે.

કોઈ નહીં હૈ ગૈર બાબા કોઈ નહીં હૈ ગૈર

હિન્દુ-મુસલિમ શીખ ઇસાઈ આપસ મેં હૈં ભાઈ ભાઈ

ભાઈ કો હો ભાઈ પ્યારા ઐસા હોગા ચલન હમારા...

હમ પંછી એક ડાલ કે

એક ડાલ કે...

સંગ સંગ નાચે ઔર સંગ સંગ ગાયે

બોલી અપની અપની બોલે જી બોલે

આમ, ભારતવર્ષ એક અને અખંડ છે તે અમે ભારતનાં સંતાનો છીએની ભાવનાની ખિલવણી કરવાનું શિક્ષણનું ધ્યેય છે.

**3. રાષ્ટ્રીય સમસ્યાઓ પરત્વે સભાનતાનું ધ્યેય :**

કોઈપણ સમસ્યાઓથી પીડાતો ન હોય એવું બન્યું નથી. ભારત પ્રાકૃતિક દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે છતાં તે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. આ સમસ્યાનું નિરાકરણ માત્ર રાજ્યસત્તાથી જ થાય એવું નથી તે માટે તે રાષ્ટ્રની સમગ્ર પ્રજા સભાન થઈ નિરાકરણના રાષ્ટ્રના પ્રયત્નોમાં ફાળો આપે તો જ એ શક્ય બને. ફાળો આપવા માટે પ્રજાને તૈયાર કરવાનું કાર્ય શિક્ષણનું છે.

ભારત આતંકવાદી પ્રવૃત્તિઓ, પ્રાંતવાદ, ધાર્મિક કટ્ટરતાવાદ, ગરીબી, બેરોજગારી-બેકારી, ભ્રષ્ટાચાર અને કુપોષણ, નિરક્ષરતા, અનાવૃષ્ટિ અને અતિવૃષ્ટિ, ભૂકંપ અને યુદ્ધ, જેવી ગંભીર સમસ્યાઓથી પીડાતી છે. આ સમસ્યાઓ પરત્વે તથા સમસ્યાના નિરાકરણ માટેની જરૂરી જાગૃતિ લાવવાનું અગત્યનું કાર્ય શિક્ષણનું છે. જેમ શિક્ષણ વધે તેમ આ સમસ્યાઓ ઘટે એમ શંકા નથી.

**4. સંસ્કૃતિના સંવર્ધનનું ધ્યેય :**

શિક્ષણ એક એવી પ્રક્રિયા છે કે જે સંસ્કૃતિની જાળવણી, સંસ્કૃતિનું રક્ષણ કરવાનું કામ તો કરે જ છે એની સાથોસાથ સંસ્કૃતિના વિકાસનું અને સંવર્ધનનું કામ પણ કરે છે.

જ્ઞાન એ મનુષ્યનું ત્રીજું નેત્ર ગણાય છે. ભગવદ્‌ગીતામાં જ્ઞાનનો મહિમા આ રીતે પ્રતિપાદિત થયો છે., ... અર્થાત્ જ્ઞાન જેવું બીજું કોઈ પવિત્ર નથી. આધુનિક યુગમાં જ્ઞાનને મનુષ્યનું ત્રીજું નેત્ર ગણવામાં આવે છે. આધુનિક મનોવિજ્ઞાન તો એવું પ્રતિપાદિત કરે છે કે જ્ઞાન મનુષ્યની છઠ્ઠી ઇન્દ્રિય (સિંકસ્થ સેન્સ) ને સક્રિય કરે છે. અર્થાત્ તે મનુષ્યની મૌલિક્તામાં અભિવૃદ્ધિ કરે છે, વિચક્ષણતાને વધારે છે અને વિચારક્ષમતા વધારે છે. શિક્ષણ જ્ઞાનપ્રાપ્તિનો રાજમાર્ગ છે. જ્ઞાની વ્યક્તિ પરંપરામાં નવીનતાનો, રૂઢિવાદિતામાં મૌલિકતાનો અને એકરૂપતામાં સર્જનાત્મકતાનો ઉમેરો કરી શકે છે. આ રીતે શિક્ષણ પામેલ વ્યક્તિ સંસ્કૃતિના વિકાસમાં મદદરૂપ થઈ શકે છે.

શિક્ષણ પામેલ વ્યક્તિનું વિવેચનાત્મક ચિંતન વધે છે તેથી તે પ્રાચીન રૂઢિઓ, વિશ્વાસો અને સંસ્થાઓનું નવેસરથી મૂલ્યાંકન કરી તેમાં જરૂરી ફેરફારો કરી નૂતન રિવાજો, વિશ્વાસો અને આસ્થાઓ સર્જી શકે છે.

મહર્ષિ મનુના યુગમાં જાતિ જન્મગત હતી. તેણે ચાર વર્ણો પાડેલાં ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્ર, આ જન્મદત્ત હતું. વર્ણ અનુસાર જીવનકાર્યો પણ સુનિર્ધારિત હતા. ક્ષત્રિયનું કાર્ય રક્ષણનું, વિપ્રો (બ્રાહ્મણ)નું કાર્ય ધર્મ રક્ષણનું, વૈશ્યોનું કાર્ય વેપારવણાજનું અને શુદ્રોનું કાર્ય સમાજની ગંદગી ઉપાડવાનું, પરંતુ શિક્ષણ વધતા યુગ પરિવર્તન થયું ને વર્ણપ્રથા નાબૂદ થઈ. આજે શુદ્ર જાતિમાં જન્મેલો પણ આદર્શ શિક્ષક થઈ શકે છે ને ધર્મરક્ષણ અર્થે શિક્ષણ કાર્ય કરી શકે છે. આમ, વર્ણભેદની

નાબૂદી અને સામાજિક ઉદારીકરણ એ સંસ્કૃતિનાં નવાં પરિણામો છે. આમ, શિક્ષણ કેળવાયેલ પ્રજા દ્વારા સંસ્કૃતિના સંવર્ધનનું કામ કરે છે. આજે મા-બાપ જેવા શબ્દોને દેશવટો મળેલ છે ને મમ્મી-પપ્પા, ડેડીને ડેડ જેવાં શબ્દોનું ચલણ વધ્યું છે, હરિ ..ને સ્થાને હેલ્લો, રામરામ ને સ્થાને બાયબાય જેવાં શબ્દો સાંસ્કૃતિક પરિવર્તનના છડીદારો છે. આ પરિવર્તન કે વિકાસ પણ શિક્ષણનું જ સીધું પરિણામ છે.

અહીં સંસ્કૃતિના સંવર્ધનનો અર્થ સમન્વય, સંગમ કરવાનો છે. આમેય ભારતીય સંસ્કૃતિ સમન્વયપ્રધાન સંસ્કૃતિ રહી છે. તેથી તેમાં શિક્ષણની ભૂમિકા મહત્ત્વની છે. શિક્ષણ જ જ્ઞાનવાહિની છે. જ્ઞાનનો મહિમા ગાતા 21મી સદીનો મહાન ભવિષ્યવેત્તા ઓલ્વિન ટોફલર લખે છે, 'જ્ઞાનના કોઈ સીમાડા નથી (સ્કાય ઇઝ લિમિટ). તે અંનત છે, અપૂર્વ છે, અખૂટ છે. વળી શસ્ત્ર કે ધનની માફક તેનો નાશ થતો નથી, વપરાશ વધતા તે વૃદ્ધિ પામે છે. તેનું એક આગવું લક્ષણ એ છે કે તે સાર્વત્રિક છે. 'કેટલાક ચિંતકો જ્ઞાનને શક્તિ (માઈન્ડ પાવર) ગણે છે. આ જ્ઞાન જ સંસ્કૃતિના સંવર્ધન માટેની ઊર્જા છે. શિક્ષણ જ્ઞાનનું સંક્રમણ, સમાર્જન અને સંસ્કરણ કરનાર પ્રક્રિયા છે, તેથી તે સંસ્કૃતિનું સંવર્ધન કરી શકે છે.

**5. સંસ્કૃતિનું સંરક્ષણનું ધ્યેય :**

શિક્ષણનું એક કામ નવી પેઢીને સંસ્કૃતિનો કે સાંસ્કૃતિક વારસાનો પરિચય કરવાનો છે તેના અનુસંધાને શિક્ષણનું બીજું કાર્ય છે – સંસ્કૃતિના સંરક્ષણનું. વોલીસનું કથન છે કે આપણા આદર્શો, પ્રવૃત્તિઓ અને પાર્થિક સિદ્ધિઓનો સરવાળો એનું નામ સંસ્કૃતિ. તોઆપણા આદર્શો કે જે અનેક બલિદાનો પછી નિર્માણ પામ્યાં હોય છે, આપણી પ્રવૃત્તિઓ કે જે કઠોર પરિશ્રમ પછી ગતિશીલ થઈ હોય છે અને પાર્થિવ સિદ્ધિઓ કે જે જ્ઞાન અને કળાના ઉચ્ચતમ વિકાસના ઓળખચિહ્નો હોય છે તેને કોણ વિસ્મૃતિના કૂવામાં ડૂબાડી દેવા ઇચ્છશે ? તેથી તે જળવાઈ રહે તે જરૂરી હોય છે. આ પ્રકારની સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનું પવિત્ર કાર્ય શિક્ષણ કરે છે.

શિક્ષણને પરિણામે અધ્યેતા સંસ્કૃતિના વિભિન્ન તત્ત્વો, લક્ષણો તથા વિશેષતાઓના પરિચયમાં આવે છે, તેથી જ તે તેમનું મહત્ત્વ જાણવા લાગે છે. જાણવાથી જ્ઞાન જન્મે ને જ્ઞાન આચારનું નિયંત્રક હોય છે. તેથી સંસ્કૃતિનું, સંસ્કૃત આચાર-વિચારનું રક્ષણ શક્ય બને છે.

આમે ય તે શિક્ષણ જન્મથી મૃત્યુ પર્યન્ત ચાલતી પ્રક્રિયા છે. પરંતુ ઔપચારિક શિક્ષણ તો નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થતી હોય છે. પરંતુ તે દરમિયાન આ પ્રકારની શિક્ષણ અધ્યેતાઓમાં સદ્‌વર્તન, સદ્‌ટેવો અને સદાચારનું સિંચન કરવા પ્રયત્ન કરે છે. તેથી પણ ભારતીય સાંસ્કૃતિક વારસાનું રક્ષણ થઈ જાય છે.

આજના યુગમાં અર્થાત્ 21મી સદીના આ માહોલમાં સંસ્કૃતિનું જતન મહત્ત્વનો મુદ્દો બને છે. 21મી સદી એટલે વૈશ્વિકીકરણનો જમાનો, વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો જમાનો. આજ સમયે દેશના બંધનો ટૂકી રહ્યાં છે. એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિ પર જબરદસ્ત આક્રમણ કરી રહી છે ત્યારે સંસ્કૃતિનું રક્ષણ બહુ જ જરૂરી બની જાય છે. એની સાથોસાથ સંસ્કૃતિનું રક્ષણ કપરું કાર્ય થતું જાય છે. આ કામ શિક્ષણ સિવાય કોઈ ન કરી શકે. શિક્ષણ જીવનનાં માનવીય મૂલ્યો, જીવનના ઉચ્ચતમ આદર્શો તથા ગૌરવવંતાની પરંપરાઓનું મહત્ત્વ ઊજાગર કરે છે, તેને વ્યવહારમાં ઉતારવાના નુસખા બતાવે છે ને અંતે વ્યવહારમાં પરિવર્તન કરે છે. આ પરિવર્તન જ સંસ્કૃતિનું જતન-સંરક્ષણ કરી શકે છે.

શિક્ષણ વિવિધ પ્રવૃત્તિઓનું પરિણામ છે. જેવી કે, પ્રવાસ-પર્યટન, પ્રદર્શન, મુલાકાત, ચિત્રો, શિલ્પ-સ્થાપત્યો, સાહિત્યસભા વગેરે વગેરે, તે દ્વારા શિક્ષણ વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક વારસાની નજીક લઈ જાય છે. નિકટતા મૈત્રીમાં પરિણમે છે ને મૈત્રી પ્રેમમાં. પ્રેમથી સંરક્ષણની લાગણી જન્મે છે. આમ વિદ્યાર્થી દ્વારા, નવી પેઢી દ્વારા સંસ્કૃતિનું રક્ષણ શક્ય બને છે. આ કારણે જ શિક્ષક ને 'સંસ્કૃતિના રક્ષક' તરીકે નવાજવામાં આવે છે. તથા શિક્ષણને સંસ્કૃતિની રક્ષયિતા ગણવામાં આવે છે.

શિક્ષણ પ્રાચીન જ્ઞાનભંડાર, જીવન મૂલ્યો, સુચારું પરંપરાઓને રીત-રિવાજો, સાહિત્ય અને કલા, સંસ્કારો, આચાર સંહિતા,તત્વજ્ઞાન, સૌન્દર્ય ચીમોસા, ધર્મ વિભાવન, વગેરેનું નવી પેઢીમાં સંક્રમણ કરે છે ને તેને પરિણામે સંસ્કૃતિનું રક્ષણનું થાય છે.

આમ, શિક્ષણ સંસ્કૃતિના રક્ષણ માટે સંસ્કાર વારસાનો પરિચય કરાવવાનું અને સંસ્કૃતિના મૂળભૂત તત્ત્વોનું નવી પેઢીમાં સંક્રમણ કરવાનું કાર્ય બજાવે છે. આ બે કાર્યોની બાયપ્રોડક્ટ (આડપેદાશ) રૂપે ભારત જેવા વિવિધતામાં એકતા ધરાવતા રાષ્ટ્ર માટે રાષ્ટ્રીય એક્તાનું કાર્ય પણ કરે છે.

6. આજીવિકાની પ્રાપ્તિ માટેની સજ્જતા કેળવવાનું ધ્યેય :

પ્રાચીન ભારતીય સમાજમાં શિક્ષણના એક કાર્ય તરીકે આજીવિકાની પ્રાપ્તિને સ્થાન ન હતું. ત્યારે તો શિક્ષણ દ્વારા આધ્યાત્મિક વિકાસ અને મોક્ષ પ્રાપ્તિ અગત્યના હતાં. કાળક્રમે સમાજમાં, સંસ્કૃતિમાં પરિવર્તનો આવતાં ગયાં અને એ સાથે શિક્ષણના એક પ્રમુખ કાર્ય તરીકે આજીવિકાની પ્રાપ્તિને સમાજ સ્વીકારતો થયો.

ભરણપોષણ પામવું, સ્વાવલંબન પ્રાપ્ત કરવું – એ માનવજીવનનું અગત્યનું કાર્ય છે. સાચી શિક્ષણ એ જ છે જે વ્યક્તિને રોજીરોટી અપાવી શકે. પછી એ શિક્ષણ વૈધિક હોય કે અવૈધિક. મોચીનો દીકરો તેના પિતા પાસેથી બૂટ-ચંપલ બનાવતાં શીખે અને પછી વ્યવસાયમાં જોડાય કે કોઈ વ્યક્તિ એમ.બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી કોઈ કંપનીમાં નોકરી મેળવે. આવા કોઈ પણ ઉદાહરણ વિચારતાં આપણે જાણી શકીએ છીએ કે શિક્ષણ આજીવિકાના પ્રાપ્ત કરવાના સાધન તરીકે કાર્ય કરે છે.

સમાજમાં માતા-પિતા પોતાનાં સંતાનોને ભણવા શા માટે મોકલે છે ? મોટાભાગના ઇચ્છે છે કે ભણી-ગણીને તે સારી-વધુ પગારવાળી નોકરી મેળવે. પરિણામે શિક્ષણ એ આ અગત્યનું કાર્ય કરવાનું રહે છે.

**4.4.2 રાષ્ટ્રીય ધ્યેયોની સિદ્ધિ મળે શિક્ષકની ભૂમિકા**

પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય ધ્યેયોની સિદ્ધિ માટે શિક્ષકોની ભૂમિકા મહત્ત્વની છે. તેમાં ખાસ કરીને રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે સાહિત્યનો ઉપયોગ કરવામાં આવે. સાહિત્ય દ્વારા રાષ્ટ્રીય ધ્યેયની પ્રાપ્તિ માટે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય :

**(1) રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી :**

સાહિત્ય દ્વારા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરવામાં આવે. 15મી ઓગષ્ટ, 26મી જાન્યુઆરી શા માટે ઉજવવામાં આવે છે. સાહિત્યનો ઉપયોગ કરીને સમજ આપવામાં આવે છે.

**(2) દિલ્હીની પરેડ દર્શન :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે ટી.વી. પર દિલ્હીની પરેડ દર્શન કરાવવામાં આવે. પરેડમાં ભાગ લેનાર વ્યક્તિઓ વિવિધ ધર્મની હોય છે. છતાં પરેડમાં આપણને રાષ્ટ્રીય એકતાના દર્શન થાય છે. પરેડમાં શિસ્ત, રાષ્ટ્રપ્રેમ, એકતા, જુસ્સો વગેરે જોવા મળે છે. જે રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે મહત્ત્વનું સાધન બની જાય છે.

**(3) ક્રાંતિકારીઓના જીવન આધારિત નાટકો :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે ક્રાંતિકારીઓના જીવન આધારિત નાટકો ભજવવામાં આવે છે. રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે ભાગ ભજવનાર ક્રાંતિકારીઓના આધારિત નાટકો ભજવવામાં આવે. દા.ત. ગાંધીજી, ભગતસિંહ, સરદાર પટેલ, વગેરે ક્રાંતિકારીઓના જીવન આધારિત નાટકો ભજવવામાં આવે. ક્રાંતિકારીઓ ઉપર આધારિત ફિલ્મ પણ બનાવવામાં આવેલ છે. તે વિદ્યાર્થીઓને બતાવવામાં આવે.

ગાંધીજી, સરદાર પટેલ, નરેન્દ્રમોદી વગેરે પર ફિલ્મ બનેલ છે, તે શાળામાં કે થેયેટર પર બતાવવામાં આવે.

**(4) પ્રદર્શનો ગોઠવવાં :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે પ્રદર્શનો ગોઠવવામાં આવે. સાહિત્ય ઉપર આધારિત પ્રદર્શનો હોય. દા.ત. ગાંધીજીના જીવન ઉપર આધારિત પ્રદર્શન ગોઠવવામાં આવે. જેમાં ફોટા મૂકવામાં આવે. ગાંધી આશ્રમમાં ગાંધીજીના ફોટોઅ મળી શકે છે. એક જ રીતે સરદાર પટેલના જીવન પર આધારિત ફોટાનું પ્રદર્શન. સરદાર પટેલ મેમોરીયમમાં ફોટાઓ ઉપલબ્ધ છે. શાળામાં પ્રદર્શન ફોટા પાડી ભારી શકાય.

**(5) રાષ્ટ્રગાન સ્પર્ધા :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે રાષ્ટ્રગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે. દેશભક્તિના ગીતોની સ્પર્ધા રાખી શકાય. આ માટે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધે તે માટેના પ્રયત્નો થઈ શકે. 15મી ઓગષ્ટ, 26મી જાન્યુઆરી કે અન્ય દિવસે રાષ્ટ્રગાન સ્પર્ધા રાખી શકાય.

**(6) સાંસ્કૃતિક ક્વીઝ્ડ સ્પર્ધા :**

સાંસ્કૃતિક ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરીને રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ થઈ શકે. અધ્યેતામાં સદ્‌વર્તન, સારીટેવો, સદાચાર વગેરેનું સિંચન કરવા પ્રયત્ન કરે છે, તેથી પણ ભારતીય સાંસ્કૃતિક વારસાનું રક્ષણ થઈ જાય છે. ક્વીઝમાં આ બાબતો આવી જાય તેવા પ્રશ્નો મૂકવા.

**(7) ચિત્ર સ્પર્ધા :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ચિત્ર સ્પર્ધા રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે મદદરૂપ થાય તેવા ચિત્રો સ્પર્ધામાં પસંદ કરવા.

દા.ત., પર્યાવરણનું જતન, બેટી બચાવો, પાણી બચાવો, ઓછા બાળ જયગોપાલ વગેરે.

**(8) પાડોશી રાજ્યોના વિદ્યાર્થીઓ સાથે શિબિરો મેળાઓ :**

પાડોશી રાજ્યો વચ્ચે પ્રેમભાવ વધે, બંને વચ્ચે એકતા વધે તે માટે પાડોશી રાજ્યોના વિદ્યાર્થીઓ સાથે શિબિરો ગોઠવવામાં આવે.

વિદ્યાર્થીઓ વચ્ચે વિચારોની આપલે થાય, ભાઈચારો વધે, સહકારની ભાવના વધે, દેશપ્રેમ વધે, સારા નાગરિકો તૈયાર થાય. રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે આવા શિબિરો મદદરૂપ થાય છે.

દા.ત. રમતગમતોનું આયોજન રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે ગોઠવવામાં આવે છે.

દા.ત. ક્રિકેટ મેચ, કબડ્ડી, હોલીબોલ, ખો-ખો તથા અન્ય રમતો.

**(9) પ્રવાસનું આયોજન :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે પાડોશી રાજ્યમાં પ્રવાસનું આયોજન કરવામાં આવે. દેશમાં પણ ગોઠવી શકાય. પ્રવાસ કરવાથી વિદ્યાર્થીઓમાં જે-તે સ્થળની માહિતી મેળવે, વિદ્યાર્થીઓ વચ્ચે ભાઈચારો વધે, સહકારની ભાવના વધે, અનુકૂલનની ભાવના વધે, વગેરે.

દા.ત. સ્ટૅચ્યુ ઑફ યુનિટીનો પ્રવાસ, ગાંધી આશ્રમનો પ્રવાસ, દાંડીનો પ્રવાસ, સરદાર પટેલ મેમોરીયમની મુલાકાત વગેરે.

**(10) મ્યુઝિયમ બનાવવું :**

રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ માટે મ્યુઝિયમ બનાવવું, તે અંગેના પ્રૉજેક્ટ હાથ ધરવા. વિદ્યાર્થી મ્યુઝિયમ માટેની માહિતી ભેગી કરે, માહિતી માટે જે-તે સ્થળની મુલાકાત લે.

દા.ત. દાંડી યાત્રાની મુલાકાત લઈ માહિતી મેળવે. ગાંધી આશ્રમની મુલાકાત, સરદાર પટેલ મેમોરિયમની મુલાકાત લઈ માહિતી ભેગી કરે. ક્રાંતીવીરોના ફોટા વગેરે મૂકી શકાય. ગાંધીજીના ફોટા, સરદાર પટેલના ફોટા જીવન ઉપર આધારિત મૂકી શકાય.

**(11) અભ્યાસવર્તુળ ક્લબની રચના :**

અભ્યાસવર્તુળ ક્લબની રચના કરવામાં આવે. આ ક્લબ દ્વારા રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિ થાય તે માટે પ્રવૃત્તિઓ કરવામાં આવે. સાહિત્યઉપર આધારિત વધુ પ્રવૃત્તિ થાય તેવું આયોજન વિચારવું. ક્લબનું બંધારણ, જવાબદારી, સમિતિઓ વગેરે બનાવવામાં આવે. વિવિધ સ્પર્ધા, નાટક વગેરે ક્લબ દ્વારા રાખી શકાય. શેરી નાટક, રેલી, શ્રમકાર્ય, પ્રભાવ ફેરી, સામાજિક-ધાર્મિક ઉત્સવોની ઉજવણી, સફાઈ કાર્ય, સૂત્ર લેખન, ઝૂંપડપટ્ટીની મુલાકાત, વગેરે.

**(12) હસ્તલિખિત અંક પ્રકાશન :**

હસ્તલિખિત અંક પ્રકાશન કરવામાં આવે. ધોરણ પ્રમાણે અંક તૈયાર કરવામાં આવે, વર્ષની શરૂઆતમાં એક વિષે માહિતી આપવામાં આવે. હસ્તલિખિત અંક રાષ્ટ્રીય ધ્યેયની પ્રાપ્તિ માટે મદદરૂપ થાય તેવો તૈયાર કરવો.

દા.ત. દેશભક્તિ ગીતો, રાષ્ટ્રીયન જ્ઞાન, કાવ્યો વગેરે મૂકી શકાય.

**(13) બુલેટીન બોર્ડ :**

વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ધ્યેય ઉપર આધારિત માહિતી બુલેટીન બોર્ડ પર મૂકવામાં આવે. ધોરણ પ્રમાણે જવાબદારી આપી શકાય.

દા.ત. રાષ્ટ્રીય ગીત, ગાંધીજીના જીવન ઉપર આધારિત ફોટા, ક્રાંતિકારીઓના ફોટા માહિતી સાથે મૂકી શકાય. દાંડી યાત્રાનો માર્ગ તૈયાર કરી બૂલેટીન બોર્ડ પર મૂકે.

**(14) શિક્ષણ પદ્ધતિઓ :**

| | |
|---|---|
| (1) પ્રવાસ પદ્ધતિ | (2) સ્વાધ્યાય પદ્ધતિ |
| (3) પ્રૉજેક્ટ પદ્ધતિ | (4) સેમિનાર |
| (5) જૂથ ચર્ચા પદ્ધતિ | (6) પ્રદર્શન પદ્ધતિ |
| (7) મુલાકાત પદ્ધતિ | (8) ચર્ચા પદ્ધતિ |
| (9) પરિસંવાદ પદ્ધતિ | (10) સમસ્યા ઉકેલ પદ્ધતિ |
| (11) નાટ્યીકરણ પદ્ધતિ | |

## 4.5 સાહિત્ય દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ

આજના અણુયુગમાં મુખ્યતઃ પશ્ચિમના સમાજોમાં વ્યક્તિગત અને સામાજિક જીવનનું એકે એવું અંગ બચવા પામ્યું નથી, જ્યાં જીવનમૂલ્યોની ન્યૂનતા વ્યાપક બન્યા વિના રહી હોય. માનવીનાં સમગ્ર ચિંતન, અનુભૂતિ અને વ્યવહારમાં આ શૂન્યતા જુદા જુદા આકાર-પ્રકારે પ્રગટ થઈ રહી છે.

ત્યાંના વ્યવહારજીવન તરફ દૃષ્ટિક્ષેપ કરતાં જ, સૌથી આઘાતજનક હકીકત એ નજરે પડે છે કે આજના અતિકેન્દ્રિત આર્થિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે વ્યક્તિમાનવ લગભગ અદૃશ્ય થયો છે; રહી ગયો છે જૂનમાનવ (Organization man). એના દૈનંદિન જીવનનાં કાર્યો અને કર્તવ્યોનો સમસ્ત વ્યવહાર સામૂહિક વ્યવહારનો કેવળ અંશ છે; એટલું જ નહિ, પરંતુ સામૂહિક વ્યવહાર જ મોટે ભાગે એની દિશા અને ગતિ નક્કી કરી આપે છે; અને વ્યક્તિનું સ્થાન પોતે જ જેનું સર્જન કર્યું છે તે ઉપાદાનોના ચેતનામય સંચાલક તરીકેનું રહેવાને બદલે એ ઉપાદાનોથી સંચાલિત જડ પદાર્થ (object) તરીકેનું બની ગયું છે ! દા.ત. આર્થિક ઉત્પાદનના બજારમાં વ્યક્તિમાનવ બજારુ “ક્રયવસ્તુ” (commodity) બન્યો છે, ને રાજકારણી-વહીવટી તંત્રમાં તેનું સ્થાન કેવળ ઔપચારિક કર્તૃત્વ પૂરતું જ સીમિત બની ગયું છે. બલ્કે, આજનો વ્યક્તિમાનવ જંગી યંત્ર-તંત્રના ઉપયોગ માટેનું સાધનમાત્ર બની રહ્યો છે. જડવસ્તુઓ, ઢાંચાઓ, સંગઠનો એટલે કે આકારો (Forms) નું જીવન ઉપર, ચેતન ઉપર એવું તો વર્ચસ જામી રહ્યું છે કે માનવી ચેતનાનો શ્રેષ્ઠતમ આવિષ્કાર હોવાની હકીકત જ જાણે વીસરાઈ ગઈ છે. જાણે કે કર્તાનું objectification (એટલે કે પદાર્થીકરણ) થયું છે. ટૂંકમાં, જ્ઞાતા

જ્ઞેયની સ્થિતિમાં હડસેલાઈ ગયો છે. પરિણામે, પોતાના જીવનને સીધી યા આડકતરી રીતે, છતાં નિર્ણાયક રીતે અસર કરનારી ઘટનાઓની બાબતમાંય માનવીને પોતાને હસ્તક ભાગ્યે જ કશી નિર્ણાયકતા રહેવા પામી છે. મોટે ભાગે તો પોતાથી અળગાં, અને શુભાશુભ મૂલ્યોનો બોજ ઉઠાવી, પોતે કઈ મંજિલ કાપી રહ્યો છે, શાને માટે આટલો ચંચલ અને ઉદ્યત બન્યો છે — કશાની સ્પષ્ટ જાણકારી કે સમજણ વિના તે સંજોગાનુઆરી કૃત્રિમ પ્રતિકારપ્રેરિત (conditioned reflex) પ્રાણીની જેમ બાહ્યસંચાલિત બન્યો છે. વળી સમૂહગત જીવન જીવવા છતાં તે એકલવાયો છે. સમૂહ સાથેનો એનો સંબંધ પરાયાપણાનો જ રહ્યો છે; એટલું જ નહીં, સ્વયમ્ આવેગ અને સૂઝથી મોટેભાગે કશું જ કરી શકતો ન હોઈ કોઈ પ્રવૃત્તિ કે વ્યક્તિ સાથેય તે પોતાપણું, જીવંતપણું, આત્મીયતા અનુભવી શકતો નથી. આથી પણ આગળ વધી અવલોકન કરીએ તો જણાય છે કે જે કુદરતના એક અંશ તરીકે કે જન્મયો છે ને ઊછર્યો છે તે કુદરત અને જે વિશ્વ (universe)માં તે આવડો ઉત્પાત મચાવી રહ્યો છે તે વિશ્વ સાથેય આજનો અણુયુગી માનવી અનાત્મીય બની ચૂક્યો છે.

માનવીના આ સર્વાંગી અનાત્મીકરણ (alienation)ની પ્રક્રિયાએ એટલી હદે તેનું અમાનવીકરણ (dehumanization) કર્યું છે કે એક બાજુ અણુયુદ્ધની સર્વસંહારક શક્યતાનો ભય કે વાસ્તવમાં થઈ રહેલી લાખોની કતલ, કરોડોનું શોષણ, અબજોની યાતનાઓ, અજસ્ત્ર અન્યાય-અત્યાચારોનો ધોધ-કશાથી ભાગ્યે જ તે હાલી ઊઠે છે (અને હાલી ઊઠે તોય મહદંશે તે નિઃસહાય જેવો હોય છે !) તો બીજી બાજુ કુટુંબ, પડોશી અને ઇતર નૈસર્ગિક સંબંધોની ઊષ્મા પણ તે શુદ્ધ સ્વરૂપે અનુભવી શકતો નથી. આમ તમામ ક્ષેત્રે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના તંતંનો લોપ થઈ રહ્યો છે, ને વ્યાવસાયિક (occupational) સંબંધ જ સર્વોપરી બન્યો છે. દા.ત. માણસનો પરિચય આ દાક્તર છે, આ વકીલ છે, આ અધ્યાપક, કારકૂન, કામદાર કે મૅનેજર છે — એટલામાં જ સમાઈ જાય છે. આ વ્યવસાયિક સંબંધની વિશેષતા જ એ છે કે તે માનવીની અખંડિતતાને, સમગ્રતાને સ્પર્શવાને બદલે તેને આંશિક રીતે અને ઉપરની સપાટીએ જ સ્પર્શે છે અને એના વ્યક્તિત્વના ટુકડા પાડી દઈ એના એવા જ અંશને અપનાવે છે. કે જે ઉપયોગિતા (utility)ની દૃષ્ટિએ જ આવશ્યક હોય. પરિણામે આપણે જોઈએ છે કે વ્યક્તિનું મૃત્ય એનાં માનવીય લક્ષણોમાં નહિ, પરંતુ એનાં ઉપયોગિતાવાદી (દાક્તરપણું, અધ્યાપકપણું, વ્યવસ્થાપકપણું) ગુણમાં એટલે કે વ્યવહારુ કૌશલ્યમાં લેખાતું થયું છે. સામેથી વ્યક્તિ પણ બીજાઓના એ અભિપ્રાયો તથા તેમનાં જરૂરિયાતોને વધુમાં વધુ અનુકૂળ થઈ પોતાની સફળતા સિદ્ધ કરવા પ્રેરાય છે.[1] બલ્કે અંધસંમતિવાદ (conformism) સલામતીનું શ્રેષ્ઠ કવચ બની ગયું છે.

આમ, માણસ માટે પોતાની બાહ્ય કાર્યદક્ષતા જ જ્યારે એકમાત્ર કસોટી બની જાય ત્યારે સ્વયંસંચાલિત યંત્ર (automotion)ની લાગણીવિહીનતા પણ અનુકરણીય ગુણ બની જાય તો તેમાં નવાઈ નથી.

વ્યક્તિની આવી સર્વાંગી વ્યક્તિરહિતતા (depersonification) અને નગણ્યતા (invalidation) સમગ્ર જીવનને શૂન્યતાથી ભરી દે છે. આવા શૂન્ય અને વ્યર્થ જીવનમાં માનવીય મૂલ્યો માટે અવકાશ જ ક્યાંથી રહે ? આવી શૂન્યતાજનિત નિર્મૂલ્યતા ધીમા મારક વિષથીય ભયંકર છે.

**(2)**

જીવનની આવી કટોકટીને સમયે અણુયુગી માનવીને પ્રતિકારનું સાધન અને બળ ભાગ્યે જ ક્યાંય દેખાય છે.

મધ્યયુગી ધાર્મિક અને શાસ્ત્રોક્ત શ્રદ્ધા આજના અણુયુગી માનવીને કશી જ પ્રેરણા કે આશ્વાસન આપી શકતી નથી; એટલું જ નહિ, પણ અઢારમી-ઓગણીસમી સદીમાં પ્રાકૃતિક, અને ભૌતિક વિજ્ઞાનના સંશોધનને પરિણામે ભૌતિક પરિવર્તનોના કાનૂનોની બાબતમાં તેને જે અટલ શ્રદ્ધા જાગી હતી અને ઔદ્યોગિક ક્રાંતિની તથા ફ્રેંચ ક્રાંતિની સિદ્ધિઓએ માનવીમાં બ્રહ્માંડ આખાને બાથમાં લેવાની જે મહેચ્છા પ્રગટાવી હતી તે હવે નામશેષ બની છે. વળી, એ યુગમાં માનવીને ઈશ્વરના સિંહાસન પર બુદ્ધિવાદ અને તર્કવાદની પ્રતિષ્ઠા કરીને સુગઠિત ન્યાયી સમાજ રચનાની જે આસ્થા સેવી હતી તેય ખંડિત થઈ છે.

માનવીની મહાનતા — માનવી જ બ્રહ્માંડનું કેન્દ્ર, માનવી જ પ્રગતિની પારાશીશી અને માનવીય બુદ્ધિની સર્વોચ્ચતા — ધાર્મિક શ્રદ્ધા ડૂલ થયા પછીનો આ બીજો આધારસ્તંભ પણ ખખડી ઊઠ્યો છે; બલ્કે, આજે તો ભૌતિક વિજ્ઞાનીઓ પોતે જ ગઈ કાલ સુધી સાચા અને અટલ માનેલા સિદ્ધાંતો અને કાનૂનો અંગે શંકાશીલ અથવા નાસ્તિક બન્યા છે.

આ ઉપરાંત પણ ભૌતિક વિજ્ઞાનની એક બીજી પાયાની કમજોરી પ્રગટ થઈ છે. કેવળ ભૌતિક પદાર્થના બાહ્ય અને આંશિક અસ્તિત્વને સ્પર્શનારી પ્રયોગાત્મક પૃથક્કરણો(વૈજ્ઞાનિક) પદ્ધતિ માનવીના સમગ્ર આંતરક ક્લેવર અને સ્વભાવનું દર્શન કરવામાં જ નિષ્ફળ પુરવાર થઈ છે. પરિણામે માનવીના શક્ય વિકાસની બાબતમાં કોઈ નિશ્ચયાત્મકતા અને ભવિષ્યવાક્યતા … રજૂ થઈ શકે કે કેમ એ વિશે જ શંકા પેદા થઈ છે.

તો વળી, સામાજિક પરિવર્તનની બાબતમાં સ્થિતિ જરાય વધુ આશાસ્પદ નથી. માર્ક્સની ક્રાંતિના અટલ ગણાતા ઐતિહાસિક સિદ્ધાંતો અને કાનૂનોનાં પરિણામો જોયા પછી એ ઐતિહાસિક નિયતિવાદ પણ નિષ્ફળ પુરવાર થયો છે, અને ફ્રૉઈડના અંતર્યામી મનોવિજ્ઞાન તથા મનોવિશ્લેષણની મર્યાદાઓ જાણ્યા પછી એની સર્વજ્ઞતાનો દાવો પણ ટકી શક્યો નથી.

છેક વીસમી સદીના આરંભ સુધી સેવેલી માન્યતા કે આ બધાં ઊગતાં અનિષ્ટોનો ઉપાય હજી સુધી વિજ્ઞાન, વધુ ટૅક્નોલૉજી, વધુ યંત્રતંત્રમાં રહેલો છે — આ શ્રદ્ધા પણ હવે હાલી ગઈ છે.

આમ, ધર્મ, બુદ્ધિવાદ, ભૌતિકવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને ક્રાન્તિવિજ્ઞાન સૌએ માનવીની રહીસહી શ્રદ્ધાને હચમચાવી દીધી છે.

આજનો વર્તમાનયુગી આ નાસ્તિવાદ … અગાઉના તમામ નાસ્તિવાદ કરતાં વધુ ભયંકર, વધુ જીવલેણ છે.

‘ઓગણીસમી સદીમાં ઇશ્વર મૃત્યુ પામ્યો હતો, અને વીસમી સદીમાં માનવી મૃત્યુ પામ્યો છે’ — કટોકટીનું માપ કાઢવુંય શક્ય નથી.

**(3)**

1. આજના આવા યુગમાં જો કોઈ સૌથી વધુ વિક્ષુબ્ધ હોય તો તે, પોતાના વિશિષ્ટ વ્યવસાયને કારણે કલાકાર, સર્જક છે. એનું ચિત્તતંત્ર માનવીની અનાત્મીકરણની વધતી જતી પરાકાષ્ઠાનો પડઘો પોતાના સર્જનમાં પાડ્યા વિના રહી શકતું નથી. માનવી જે પરિસ્થિતિમાં ફેંકાયો છે તેમાં આ સર્જક પોતાને સૌથી વધુ નિર્વાસિત, સૌથી વધુ પરાયો અનુભવે છે. પરંતુ તેને એમ પણ લાગે છે કે તેની આ દશાનો કોઈ જ ઇલાજ નથી. માનવી અને એના જીવન વચ્ચેનો આ અનુલ્લંઘ્ય વિચ્છેદ છે.[2] અને એથી માનવી સદાકાળ માટે અસંગતિ (absurdity) નો અનુભવ કરે છે. તેમાંય માનવીની જેટલી ચેતના-સંવિત્તિ વિશેષ તેટલી આ અસંગતિની અનુભૂતિ ક્ષુરધાર, અને અનિવાર્યતયા તેટલી જ ઉગ્રતાની વિરતિ (ennui) (કિર્કે ગાડ).

   આવા કલાસર્જકોની સમસ્યાનું મૂળ તેમની સંવિત્તિમાં છે તેઓ જાણે છે કે આ સંવિત્તિ માનવીના અસ્તિત્વ સાથે સંકળાયેલી છે. અને આ ચેતના છે તો માનવીને પસંદગી … કરવી એ જ ભીષણ ઉપાધિ છે. નિર્ણય કરવામાં જ દોષનું અનુસંધાન રહેલુ છે. આથી સ્વાતંત્ર્ય શાપ બનીને પોતાને માથે ઠોકાયાનો તે અનુભવ કરે છે અને એનાથી બચવા તે ઝંખેય છે. પરંતુ એની ચેતનાની માત્રા એને ધાર્મિક શ્રદ્ધામાંથી આશ્વાસન લેવા દેતી નથી; ન તો ઠાલાં બૌદ્ધિક આશ્વાસનોથી તેને કશો સધિયારો મળે છે, કેમ કે અસંગતિ અપરિહાર્ય છે — એ વિશે એને શંકા નથી. આથી ધર્મ અને તર્કનાં આશ્વાસનોમાં તેને ભાગેડુ વૃત્તિ દેખાય છે. અને સહજ રીતે જ આત્મહત્યા અને મૃત્યુની સમસ્યા તેની સામે જ ખડી થઈ જાય છે.

   પરંતુ માનવી આટલા યુગ થયાં, તમામ અસંગતિ છતાં જીવતો આવ્યો છે, એ જ તો જીવનનું રહસ્ય અને કારણ નથી શું ? બલ્કે એ જ સૂચવે છે કે, માનવીએ એના અસ્તિત્વને માટે ઘણી

ભારે કિંમત ચૂકવવી જ રહી ! માણસે અસંગતિનો સ્વીકાર કરીને, સ્વાતંત્ર્યની મર્યાદા સમજી સ્વીકારીને, 'નિર્વાસિત' અજાણ્યાની જેમ જીવવું રહ્યું.

બલ્કે, જેટલી સંવિત્તિની માત્રા વિશેષ એટલી એની યાતના વિશેષ, એટલી એની વિરતિ વિશેષ, એટલી એની સાધના વિશેષ. આમ, અતિજ્ઞાની – શાપિત સહદેવની સ્થિતિમાં આજનો કલાકાર સર્જક પોતાને અનુભવે છે.

2. આવા આ સર્જકને માટે જીવનમાં મૂલ્યનું સ્થાન નથી રહ્યું; દર્દનું જ સ્થાન રહ્યું છે. તે સહન કરવામાં જ જીવનની અથઈતિ માને છે એ જ તેનો અનિવાર્ય જાગૃત પુરુષાર્થ છે. એને મન દુઃખસહજ જ જીવનનો પારસમણિ છે.

પરંતુ આવી શક્તિ પામવી ક્યાંથી ? એ માટે તો જે દુઃખનો અનુભવ કરે છે, તે સ્થૂળ દેહના પ્રદેશથી દૂર, પર જવું રહ્યું ! એક બીજી જ ચેતનાના શિખર ઉપર પહોંચી જવું રહ્યું, – જ્યાંથી તટસ્થ રીતે દેહને અનિવાર્ય અનુભૂતિના એક સાધન તરીકે જોવાનું શક્ય બને. જર્મન મનોવિજ્ઞાની જાુંગર આને … તરીકે વર્ણવે છે.

યોગીઓ અને અધ્યાત્મવાદીઓએ સ્થિતપ્રજ્ઞતાની આ સ્થિતિને જાણી છે, ને વર્ણવીય છે. તેમના અનુભવ મુજબ, તેવી સ્થિતિમાં દેહથી પર બનેલો જીવાત્મા દેહનાં દુઃખ દેહને સોંપી દઈ તેની લીલા જોતો આનંદ માણે છે. પરંતુ અધ્યાત્મવાદીઓ માટે આ એટલા માટે શક્ય મનાયું છે કે તેમનો જીવાત્મા દેહમાંથી બહાર નીકળ્યા છતાં શૂન્યતામાં લટકતો નથી હોતો; પરંતુ પરમાત્મામાં સ્થિત, દૃઢ બન્યો હોય છે. આ આત્મસ્થતા અને આધ્યાત્મિક શ્રદ્ધાના આ કવચને કારણે એમનું દુઃખ નવું વિધાયક મૂલ્ય બને છે જે અંતિમ મુક્તિનો માર્ચ ખોલી આપે છે.

પરંતુ આપણા યુગના આ યોગીઓ પાસે તો આધ્યાત્મિક શ્રદ્ધાનું મૂલ્ય નથી. તેમની સ્થિતપ્રજ્ઞતા અને અનાસક્તિનો આધાર શૂન્યવાદ – નાસ્તિવાદ જ છે. એમનો સર્જનનો યોગ કેવળ શૂન્યમાં લીલારૂપે જ પ્રગટે છે. એમની સાધના structure ની એકતા પૂરતી જ છે. અને એમનું નિરીક્ષણકેન્દ્ર દૈવી આનંદમય ચેતસ નથી પરંતુ 'વિશાચી ઠંડીગાર ચેતના' છે.[3]

3. જગતના અનેક સમર્થ સર્જકોએ આ પ્રકારની સમસ્યાનું નિરૂપણ કર્યું છે.[4]

આ કલાકારોએ માનવીના રોજિંદા જીવનની બાહ્ય ઘટનાઓ – તેય સાવ સાધારણ અથવા ક્ષુલ્લક-નું બિલકુલ આભૂષણરહિત ઠંડું આલેખન કરીને માનવીના ભીતરની પ્રચ્છન્ન શૂન્યતા પ્રગટ કરી છે.[5] કાફકા, સાર્ત્ર અને કામુએ અત્યંત વેધક રીતે, અસાધારણ કૌશલથી, માનવીનું અ-માનવીકરણ અને શૂન્યતાનું આલેખન કર્યું છે. કાફકાનાં Castle, Trial, સાર્ત્રનું Nausea અને કામુનાં The Outsider, The Plague, The Fall વગેરે આનાં સમર્થ ઉદાહરણો છે.)

આ સાહિત્યકારોનાં સર્જનોમાં રજૂ થયેલી ઘટનાઓમાં ઘણીબધી વાર સમય અને સ્થળની મર્યાદાનો સ્વીકાર નથી; તેમાં કોઈ ભૂતકાળ અને ભવિષ્યના ભેદ નથી. પાત્રો પણ કેવળ વર્તમાનની ક્ષણોમાં શારીરિક અસ્તિત્વ ધરાવનારાં હોય છે. એમના અનુભવોમાં પણ સુસંગતતા … હોતી નથી. કાર્યકારણ સાથે તેઓ કશો સંબંધ ધરાવતાં નથી. સામાજિક લાક્ષણિકતાઓનું પ્રતિ-નિધિત્વ ત્યાં નજરે ચડતું નથી; કેમ કે સાંસારિક ભૂમિકા, સમાજવિજ્ઞાનના અનુભવો વા તેની પ્રમાણભૂતતાઓનો ત્યાં સ્વીકાર નથી. પાત્રોની માનસિક ભૂમિકા પૂરતા મનોવૈજ્ઞાનિક અનુભવોનુંય અહીં કશું બંધન નથી. ઊલટું, કશું જ પરિચિત રહેવા ન પામે, કશું જ ઓળખાય એવું ન રહે તે માટે તેઓ સચિંત રહે છે. માણસ જંતુઓની જેમ વર્તે ને ઘોડાઓ આકારરહિત બની ઊડવા માંડે, કયું પાત્ર ક્યાંનું ક્યાં એકસાથે અનેકરૂપે ને અનેક સ્થળે આડાઅવળા સંદર્ભમાં જોવા-સાંભળવા મળે ! એટલું જ નહિ, એટલી હદે પાત્રોની વ્યક્તિરહિતતા સિદ્ધ કરવામાં આવે કે તેનું નામ સુધ્ધાં લોપ પામે, અને … જેવી એકાક્ષરી સંજ્ઞા જ પૂરતી થાય. વળી દરેક પાત્રને અનેક હોય અને તે બદલાતા રહે; એકબીજામાં ભેળસેળ થઈ જાય – સાચી

ઓળખાણનો પ્રયાસ જ મિથ્યા ગણાય. આથી પણ આગળ વધીને વ્યાકરણ અને શબ્દોના નિશ્ચિત અર્થો પણ સર્જનમાં વિઘ્નરૂપ અને એમાંથી છૂટવાના અખતરા થાય. આવા સંદર્ભમાં સ્પષ્ટ અર્થ પણ અશક્ય બને ત્યાં મૂલ્યને શોધવું ક્યાં ?

બલ્કે અસામાજિકતા, અરાજકતા, અહેતુકતા, નરી સ્વપ્નશીલતા, માંદગી, રોગ અને ગાંડપણની દશા તથા મેસ્કેલિન – સોમાપિલ્સ જેવી મગજને ઉત્તેજનામાં ઉછાળ્યા કરે તેવી ઔષધિઓ આવા સર્જનમાં વધુ ઉપકારક લેખાતી હોય ત્યાં સામાજિક વ્યક્તિના જીવનમૂલ્યની ગણના શી ?

આમ, સર્વ પ્રકારનાં બંધનોમાંથી ફેંકાઈ ગયેલો, સંપૂર્ણ રીતે વિશૃંખલ બનેલો સર્જક એના સર્જન દ્વારા જીવનની અસંગતિને એક બાજુ પ્રગટ કરે છે, ને બીજી બાજુ તેની અંદર રહેલી સૌંદર્યલક્ષી સંવાદિતા પ્રાપ્ત કરવા મથે છે. કલાકારોની આ સાધના કેવળ કલાત્મક ઇમારત માટેની છે. એટલે કે એના કૌશલ્યનું કેન્દ્ર વ્યાવસાયિકા ... છે. એની સિદ્ધિ જ એને મન અથઇતિ છે. ત્યાં જીવનમૂલ્યોની તો અપેક્ષા શી ?

અલબત્ત, આ પ્રયોગ દ્વારા કેટલાક કલાકારોએ માનવચેતનાના અગાધ નવાં ઊંડાણો ખેડ્યા છે ને નવાં પરિમાણો રજૂ કરી આંતરસૃષ્ટિનું અસાધારણ નવું દર્શન કરાવ્યું છે, એ નિઃશંક છે. આ રીતે કલાક્ષેત્રે એમની દેણગી ગમે તેટલી અમોલી હોવા છતાં, એ વાત પણ એટલી સ્પષ્ટ છે કે એમની શૂન્યવાદી, નાસ્તિવાદી, મૂલ્યરહિત સૃષ્ટિ માનવજાતની અભૂતપૂર્વ કટોકટીના આ સમયે કોઈપણ પ્રકારની વિધાયક શક્તિ કે સમજ અર્પવા અસમર્થ નીવડી છે, એ જેવી તેવી ચિંતાની વાત નથી.

કેવળ Structure અંગેનો આવો અતિરેક (આગળ જોઈ ગયા તેમ) અન્ય ક્ષેત્રોના કેવળ વ્યાવસાયિક (occupational) વર્ચસનું વધારે સૂક્ષ્મરૂપ નથી શું ? માનવીય જવાબદારીને બદલે વ્યાવસાયિક વફાદારીનાં પરિણામો અન્ય ક્ષેત્રોની કટોકટીની જેમ મૂલ્યધ્વંસ કરવા ઉપરાંત ભવિષ્યમાં ખુદ સર્જનની, structural સિદ્ધિની જ કટોકટી ઊભી કરે તો તેમાં નવાઈ નહિ. સમસ્ત જીવનને બદલે, સમસ્ત અસ્તિત્વને બદલે, સમસ્ત માનવને બદલે, તેના છિન્નભિન્ન અંશોને (તેય સંપૂર્ણ વિશૃંખલતામાં) પ્રાધાન્ય આપીને સમગ્રતા ઉપર ખંડ અંશનું વર્ચસ સ્થાપીને, કોઈ સર્જન ચિરંજીવ બની શકે ખરું ?

આમ છતાં, આ સર્જકોની જીવનનિષ્ઠા, લાંબાં વર્ષો થયાં એકધારા કર્તવ્યપરાયણ જીવનવ્યવહારમાં જે રીતે પ્રગટ થતી આવી છે, તેમાં એમની સામાજિક જવાબદારીની ભાવના, ચેતના અને જીવનમૂલ્યોનું દર્શન થયાં કર્યું છે, તે ઓછા આશ્વાસનરૂપ નથી.[6]

## 4.6 સાહિત્યની ફલશ્રુતિ

હેમચન્દ્ર-સંપાદિત દુહાઓથી તે દયારામ સુધીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સારું એવું સમૃદ્ધ છે. સુદીર્ઘ કાળપટના પ્રમાણમાં આપણને સાહિત્યસંપત્તિ ઓછી લાગે, પણ જે યુગમાં આજના જેવાં વાગ્વ્યાપાર અને સાહિત્યપ્રચારનાં સાધનો નહોતાં, શિક્ષણને સાહિત્યના શિક્ષણની કોઈ અદ્યતન સમી વ્યવસ્થા નહોતી, તે કાળે મોટા ભાગના અભણ કવિઓએ હૈયાની સૂઝે અને સાંપ્રદાયિક પરંપરાને કારણે જે સાહિત્યસેવા કરી છે તે ઉજ્જવળ છે. ગુજરાતીનું પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો, સર્જકો અને સર્જનની બાબતમાં ગૌરવ લેવા જેવું છે. એણે પ્રેમાનંદ જેવો ઉત્તમ રસકવિ અને નરસિંહ-મીરાં-દયારામ જેવાં ઉત્તમ ઊર્મિ-કવિઓ આપ્યા છે, અખા જેવો પ્રકાંડ ચિંતકને શામળ જેવો સમૃદ્ધ વાર્તાકાર આપ્યા છે; તેમ જ આ સૌની પરંપરાના નાનામોટા કવિ-લેખકોની ગણનાપાત્ર કૃતિઓ આપી છે. સંસ્કૃતનાં ધાવણ ધાવીને ગુજરાતીએ જે સામર્થ્ય બતાવ્યું છે તે અભિનંદનીય છે. પ્રેમાનંદ-દયારામમાં ગુજરાતીની અસ્મિતા પ્રકટે છે. તત્કાલીન જીવન વિશેષતઃ ધાર્મિક હતું, તો પ્રજાની એ માંગને પૂરી પાડવા તત્કાલીન કવિઓએ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું પદ ને આખ્યાન પ્રકારનું ઢગલાબંધ સાહિત્ય સર્જી દીધું, તો જીવનના પ્રેમશૌર્યના રંગને અભિવ્યક્ત કરતાં ને અભિનંદતાં

પ્રબંધ-ચરિતો તથા લોકવાર્તાઓ પણ સારા પ્રમાણમાં રચી દીધાં. સ્વયંસ્ફુરણાના બળે આતમની વાણી ઉચ્ચારતા સંતકવિઓએ અને પ્રેમભક્તિના રંગે ભીંજાયેલા ભક્તકવિઓએ અંતરના ભાવ-વિચાર-કલ્પનાની સૃષ્ટિ ખડી કરી દીધી છે. મધ્યકાલીન જ્ઞાની કવિઓનો જ્ઞાનપુરુષાર્થ માથું નમી જાય એવો છે. આખ્યાનકારોએ પૌરાણિક ભક્તકથાઓને ગુજરાતીમાં ઉતારવામાં કોઈ મણા રાખી નથી.

આ સાહિત્યમાં ઊંચું કવિત્વ ઓછું છે તે ખરું. ઉચ્ચ કવિ પ્રતિભાઓ તો અલ્પ જ હોય છે, મધ્યયુગનું વાતાવરણ તો ઉચ્ચ પ્રતિભાને પોષક નહોતું જ, છતાં પાંચેક પ્રતિભાવો પ્રકટી છે. કોઈ પણ દેશકાળના સાહિત્યમાં 'સુવર્ણયુગ', 'વિક્ટોરિયન યુગ' કે 'પંડિતયુગ' તો એકાદ જ આવે છે. સાહિત્યકલા અને તેનાં શાસ્ત્રોનો સચેત આવિર્ભાવ ન હોય તેવા વાતાવરણમાં પણ મધ્યકાલીન કવિઓની આ સાહિત્યપ્રવૃત્તિ પ્રોત્સાહક છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સાહિત્યને ખાતર ઓછું જ સર્જાયું હતું. તે તો ધર્મ અને સમાજની સેવા કરવા લખાયું છે. કેટલાકે નિજાનંદની મસ્તીમાં સર્જ્યું છે, તે પણ કવિ થવાના ઇરાદે નહિ. પ્રેમાનંદ-શામળ જેવા ધંધાધારી સાહિત્યકારો હતા; તો મોટા ભાગના તો હિંદુ કે જૈન ધર્મોના સંરક્ષણ, સંવર્ધન ને પ્રચાર માટે લખાતા હતા. ભગત થયા અને ભજન ન લખે તો કેમ ચાલે ? એટલે ય કેટલાક લખતા હતા. શુદ્ધ સાહિત્યની વિભાવના નહોતી. ધર્મ-નીતિનો બોધ અને જનમનોરંજન એ બે ઉદ્દેશ અનુક્રમે હતા; અને એ સફળતાથી પાર પડ્યા છે. એના સમાજને એ કેટલે અંશે ઉપયોગી છે તે દૃષ્ટિએ એ સાહિત્યને જોવાનું છે. મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ પણ તેના યુગસંદર્ભ, સમાજ-ચિત્રણ, કૃતિના સ્વરૂપવિકાસને ભાષાને લક્ષમાં રાખી થવો જોઈએ.

**પદ્યરચના :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પદ્યરચના મોટા ભાગે દેશીઓ અને ગેય ઢાળોની બનેલી છે.

પદો લોકપ્રચલિત કે કાવ્યપ્રચલિત ઢાળોનું વૈવિધ્ય દાખવે છે. એમાં કેટલીક માત્રામેળ છંદોની દેશીઓના આંતરા યોજાય છે. પણ ધ્રુવપદ તો સુગેય ઢાળનું જ હોય છે. ગુજરાતીઓનું એ ગીત ધન ઓછું નથી. પદને ગાઈ-રમીને આનંદવાનું હતું, વાંચવાનું નહોતું; પદ કંઠોપકંઠે જીવતું હતું. આ કારણે કંઠે રમાડવા ગમે એવા વિવિધ ઢાળો-તરજો મધ્યકાલીન કવિઓએ યોજી છે. નરસિંહ સંભવતઃ જયદેવ દ્વારા ઊતરી આવેલી ગીતરચના લઈ આવે છે, અને ગીતની સમૃદ્ધિ વધતી જ ગાય છે. નરસિંહ, મીરાં, દયારામના ગેય ઢાળોની વિવિધતા અને સમૃદ્ધિ મુગ્ધ કરે એવી છે. એમણે શાસ્ત્રીય સંગીતનો ઉપયોગ પણ કર્યો છે, મીરાં-દયારામની રચનાઓ શાસ્ત્રીય સંગીતકારોમાં પ્રિય છે. લોકગીતોના ઢાળોનો ઉપયોગ પણ સારો કર્યો છે. પદના ધ્રુવપદ કે આંતરામાં મૌલિક ફેરફાર દ્વારા નાવીન્ય લાવવામાં આવે છે. પ્રેમાનંદ જેવા પણ આખ્યાનમાંનાં પદ (કડવા)માં આવી રીતે લાવણ્ય લાવે છે. આ પદોની ગેયતા-ગેય ઢાળોમાંથી કેટલુંક નાનાલાલ જેવાએ પણ સ્વીકાર્યું છે. પ્રભાતિયાં, કાફી, જેવા કાવ્યપ્રકારો તેમના ગેયઢાળોથી ઓળખાય છે. પદના ગરબી, ગરબા, રાસ, થાળ, આરતી, હાલરડાં, રાજિયા, વગેરે પ્રકારોને અનુરૂપ ઢાળોની રચના પ્રચલિત થયેલી છે. અને પ્રચલિત ઢાળોનો ઉપયોગ કરીને ઘણા કવિઓ લોકપ્રિય થયા છે.

આખ્યાનો, પદ્યવાર્તા, ચરિત, પ્રબંધ, ગીતા જેવા કથા-નિરૂપણના લાંબા કાવ્યપ્રકારોની પદ્યરચના દેશીબદ્ધ હોય છે. હરિગીત, સવૈયા, દોહરા, ચોપાઈ, સાખી જેવા માત્રામેળ છંદોના રાગની, છંદશાસ્ત્રના બંધારણથી મુક્ત એવી રચના તે દેશી છે. દેશી માત્રામેળ છંદો ઉપરાંત ત્રિપદી-ચતુર્પદી એવા બંધની પણ હોય છે. આખ્યાનનાં કડવાં હોય છે દેશીઓમાં, પણ તેના પર દેશીના નામને બદલે શાસ્ત્રીય રાગનું નામ હોય છે. સંભવ છે કે એ કડવાં શાસ્ત્રીય રાગમાં પણ ગાઈ શકાતાં હોય. પણ આખ્યાનકારો તો દેશીમાં જ કડવાં બાંધે છે ને દેશીમાં જ ગાય છે. રાસા, પ્રબંધ, પદ્યવાર્તામાં ચોપાઈ, દોહરા જેવા માત્રામેળ છંદો હોય છે, પણ તેમાંય છૂટછાટ એવી હોય છે કે હું તો એને જે તે છંદની દેશી જ કહું. અખાના છપ્પડ એ ચોપાઈનાં જ છ ચરણ છે; શામળના છપ્પાનો છંદ પણ

ચોપાઈ છે. પ્રભાતિયાં ઝૂલણા છંદમાં હોય છે; એ પ્રભાત રાગમાં પણ ગાઈ શકાય; એમ શાસ્ત્રીય રાગો, માત્રામેળ છંદો અને તેમની દેશીઓનો સબંધ છે. ગીતરચનામાં પણ શાસ્ત્રીય રાગ, લોકઢાળ, દેશી કે માત્રાછંદનું સંમિશ્રણ થતું હોય છે.

અક્ષરમેળ સંસ્કૃત છંદોનો પ્રયોગ મધ્યકાળમાં થયો છે, પણ સ્વલ્પ જ, એ અપવાદરૂપ અને સંસ્કૃતના અનુકરણ જેવો છે. શ્રીધર, જયશેખર-સૂરિ, શાલિસૂરિ, સોમસુંદર, કેશવદાસ, વીરસિંહ, ભીમ, લાવણ્યસમય, લક્ષ્મીદાસ, ગોપાલભટ્ટ, માધવ, પ્રેમાનંદ, રત્નેશ્વર, મીઠું, કાલિદાસ, દયારામ જેવા ભુજંગી, તોટક, દ્રુતવિલંબિત, શાર્દૂલવિક્રીડિત, માલિની, વસંતતિલકા જેવા અક્ષરમેળ છંદના પ્રયોગ ક્યાંક ક્યાંક કરે છે. તેમાં પણ બંધારણની ચુસ્તતા જળવાતી નથી. લઘુ-ગુરુમાં છૂટછાટ લે છે. વળી મધ્યકાલીન આ અક્ષરમેળ છંદોમાંથી કૃતિઓમાંથી કોઈ કાવ્ય તરીકે ઊંચી નથી, કે લોકપ્રિય નથી. મધ્યકાલીન કવિઓને અને લોકોને દેશીઓ ને ગેયઢાળો જ ફાવ્યાં છે.

**કાવ્યશૈલી :**

મધ્યકાલીન કાવ્યશૈલી પ્રમાણમાં ઓછી જટિલ ને સામાન્ય મધ્યમ કક્ષાની સાહિત્યક છે. સંસ્કૃતનો વૈભવ એમાં કેટલેક સ્થળે જ દેખાય છે. સાદી, સરળ, પ્રાસાદિક, પ્રવાહી ને પ્રાસયુક્ત શૈલી યોજાય છે. પદોમાં તેમ કથાકાવ્યોમાં રૂઢિઓ ઊભી થયેલી છે. કવિ કાવ્યપ્રકારનાં લક્ષણોને અનુસરીને ચાલે છે. પરંપરાનો લાભ લે છે, પરંપરાનો ભોગ બને છે. કાવ્યપ્રકારનાં ચોક્ઠાં રૂઢ ને જડ થયેલાં છે. આખ્યાનમાં કે પદ્યવાર્તા જેવાં સ્વરૂપોમાં સામે બેઠેલા શ્રોતાઓને લક્ષમાં રાખી પ્રત્યક્ષ કથનશૈલીમાં માંડીને વાર્તા કહેતાં વચમાં રૂઢ વર્ણન, અલંકાર, બોધ, સમસ્યા, છપ્પા જેવી રચના આવે છે. મંગલાચરણથી માંડીને અંતની ફળશ્રુતિ સુધીની રૂઢિ નિશ્ચિત છે. કથાઓને કથાઘટકનાં તૈયાર ખોખામાં પ્રતિભાશાળી કવિ જ પ્રાણ પૂરે છે. પદમાં પણ વસ્તુ, વર્ણન, ભાવ, ભાષાની એકવિધતા આવે છે. રૂઢિનો દાબ ખાસ્સો છે. ઘણી કૃતિઓમાં એક જ કૃતિ દેખાય છે. માનવશાસ્ત્રીય ઊંડાણને કે આંતરજીવનના સૂક્ષ્મ આલેખને સ્થાન નથી. કથાસ્વરૂપોમાં કથા મુખ્ય છે, ને તે મલાવીને કહેવાનું વલણ છે, એટલેકવિતા તો પ્રેમાનંદ જેવામાં જ ભૂલી પડે છે, બાકી તો આખ્યાનકારો-વાર્તાકારો કથાના દોર પર કૂદાકૂદ કરે છે. પ્રચલિત પ્રસંગોની હારમાળાથી મધ્યકાળના શ્રોતાને રાજી કર્યો છે. એમાં પાત્ર, પ્રસંગ, વસ્તુ, પ્રકૃતિનાં વર્ણનો આવે છે તેમાં પણ રૂઢિનું જોર ઝાઝું હોય છે. બધાં સ્ત્રી, પુરુષ, નગર, વન, સભા, યુદ્ધ, લગ્ન, પહેરામણી સરખાં તૈયાર યાદીઓનો ઉપયોગ થાય છે. કાવ્યની શ્રાવ્યતાને કારણે આલંકારિકતા કે પ્રતીક રચનાઓની પરંપરા થઈ જતાં એનું એ જ ગવાય છે. શ્રીકૃષ્ણ-વિષયક પદોમાં તો પાર વિનાની અકાવ્ય કે અલ્પકાવ્ય એકવિધતા છે.

આ બધા વચ્ચે નરસિંહ તેની દાર્શનિક ને પ્રેમભક્તિની વાણીનું, મીરાં પ્રભુવિરહના તલસાટનું, પ્રેમાનંદ રસનિષ્પતિને રસસંક્રાન્તિનું, અખો જ્ઞાનોર્મિ કવિતાનું કે દયારામ પરંપરામાં નવીન ભાત પાડતી ગરબીઓનું, તેમ કેટલાક અન્ય કવિઓ પોતાની એક-બે કૃતિમાં ચીલો ચાતરીને ચાલવાનું કે પરંપરામાં ઉત્કૃષ્ટતા સાધવાનું નાવીન્ય ને સામર્થ્ય દાખવે છે. ‘વસંતવિલાસ’, ‘પૃથ્વીચંદ્રચરિત’, ‘ત્રિભુવનદીપક પ્રબંધ’, ‘કાદંબરી’, ‘માધવલાલ-કામ-કંદલાદોગ્ધક’ જેવી વિશિષ્ટ કૃતિઓ રચઈી છે. પ્રમુખ કવિઓએ તો પરંપરાની પરાકાષ્ઠા સાથે ઉદાત્ત કવિત્વ પ્રકટાવ્યું છે.

મધ્યકાલીન ગુજરાતના જુદા જુદા ભાગના લોકો પોતાના ગુરુ, ભગત, આખ્યાનકાર, વાર્તાકાર, ભજનિક વડે પોતાની ધર્મ અને આનંદની માંગ પૂરી કરતા હતા, અને આર્યધર્મ-સંસ્કૃતિ સાચવતા હતા, તેમની સામે સાહિત્ય અને શૈલીને નામે તકરાર કરવી વાજબી નથી, અને વ્યર્થ છે.

શ્રાવ્ય અને ગેય કાવ્યની બાની સરળ ને લોકગમ્ય તથા જલદી મોઢે ચઢી જાય એવી ન હોય તો જ આશ્ચર્ય કહેવાય. હેમચંદ્રીય દુહાઓમાં સરળતાથી વીંધી નાખવાની તાકાત છે, તે આગળ ઉપર દુહા, સાખી, છપ્પામાં પણ ચાલુ રહે છે. પણ પ્રાગ્નરસિંહ જૈન-જૈનેતર પ્રબંધ રાસા-ચરિત-ફાગુ ઉપર સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશનો પ્રભાવ છે, એનું અનુકરણ છે. ડીંગળ અને ચારણી શૈલીના અંશો એમાં છે. ઝડઝમક, રવાનુકારી શબ્દો, ગેયતાને વર્ણનલાલિત્ય એ કથાત્મક કાવ્યરચનામાં પણ આકર્ષક

છે. નરસિંહનાં પદોની બાની લલિતમધુર છે અને પદ માટે તે આદર્શરૂપ ગણાઈ મીરાં-રણછોડ-રાજે-બ્રહ્માનંદ-પ્રેમસખી-દયારામમાં પુરસ્કાર પામે છે. એમાં વજ-ભાષાની ઝમક છે, તેમ સંસ્કૃતના જયદેવની 'ગીતગોવિંદ'ની લલિતકામલકાન્ત પદાવલીનો આદર્શ છે. સંસ્કૃત તત્સમ શબ્દો સાથે વાતચીતના, લોકગીતના લહેકા-લઢણ-રૂઢિ-પ્રયોગ વપરાઈને ગીતોને ઉચિત મધુર કાવ્યબાની બને છે.

જ્ઞાનભક્તિનાં-આત્મજ્ઞાનનાં પદોની પરિભાષા જુદી છે; તેમાં વેદાંતના શબ્દપ્રયોગો તેમ કબીરની પદાલ્લીના રહસ્ય-ગર્ભ શબ્દો યોજાય છે. અખા જેવામાં સંસ્કૃતની દીપ્તિ છે, બીજામાં જ્ઞાન-માર્ગી પરંપરાની ચાલુ વપરાશની ભાષા છે. એમાં અર્થઘન ઓજ દેખાય છે.

આખ્યાનની કાવ્યબાની સુગમ, વેગીલી કે સદ્યઃ અર્થ-પ્રભોધક છે. તેમાં પ્રેમાનંદ જેવો સંસ્કૃતની શિષ્ટતાને આલંકારિકતાનું તેજ દર્શાવે છે. વજભાષાની ઝડઝમકવાળા પ્રયોગો કરે છે, તોપણ એકંદરે તળપદા ગુજરાતીની પ્રવાહી અર્થવત્તા બતાવે છે. પ્રસાદને માધુર્ય એનાં ખાસ લક્ષણો છે. આખ્યાનની શૈલી વેગીલી ને પ્રવાહી હોય છે.

છેદ 'કાન્હડદે પ્રબંધ'થી અરબી-ફારસી શબ્દોનો પ્રયોગ સાહિત્યિક બનતો આવે છે તે આગળ જતાં ગુજરાતી તદ્ભવ જેવો બની જાય છે. પ્રેમાનંદ દયારામમાં તત્સમ, તદ્ભવ, દશ્ય, વિદેશી શબ્દો સુમેળથી રહે છે. શુદ્ધ ગુજરાતી કાવ્યબાની પ્રતિષ્ઠિત થઈ ચૂકી છે.

પ્રેમભક્તિનાં પદોમાં રંગદર્શિતા વિશેષ છે. જ્ઞાનમાર્ગી કવિતામાં પ્રશિષ્ટતા વિશેષ છે. જ્ઞાન-ભક્તિના બોધના છપ્પા, કાફી, ચાબખા વાસ્તવિકતાના અંશો ધરાવે છે. આખ્યાનો પ્રશિષ્ટતા અને રંગદર્શિતાના સમન્વયરૂપ છે, તો પદ્યવાર્તાઓ રોમાંચકતાથી ભરેલી છે, બાની તો કવિની વિશેષતા બની રહે.

**મધ્યકાલીન કવિઓની સાંસ્કૃતિક સેવા :**

મધ્યકાળના કવિઓ શુદ્ધ સાહિત્યકારો ન હતા. તેમણે આર્ય ધર્મ અને સંસ્કૃતિને ખાતર લાખ્યું છે. જ્યારે હિંદુ-જૈન લોકો પર વિદેશી ને વિધર્મી એવા મુસ્લિમોનું આક્રમણ અને શાસન આવ્યું ત્યારે પ્રજાની સંસ્કૃતિના સંરક્ષણ માટે ધાર્મિક પૌરાણિક સાહિત્યની પ્રવૃત્તિઓ વધારી દેવી પડી. વૈષ્ણવ ધર્મના કવિઓએ આવો સંસ્કૃતિસેવાનો જબ્બર પુરુષાર્થ કર્યો. સાહિત્ય એ સંસ્કૃતિની સંરક્ષણશિલા છે એ આ સાહિત્યને માટે સાચું છે. મધ્યયુગની અરાજકતાની વચ્ચે આ કવિઓએ પ્રજાને ધર્મ, નીતિ, વ્યવહારનો બોધ કર્યો અને મનોરંજન આપી તેમના જીવનને ઉન્નત ને રસિક બનાવ્યું તે જેવી તેવી સેવા નથી. જ્યારે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની બીજી સંસ્થાઓ નહોતી, ત્યારે આ કવિઓની કથા, કીર્તન, આખ્યાન, વાર્તા, ભજનની પ્રવૃત્તિ જ એકમાત્ર સંસ્કાર-સેવા હતી. આ કવિઓએ પ્રજાનાં પ્રેમશૌર્યને વધારવતાં ગાણાં ગાયાં, તેમ પ્રજાની ચેતનાને ઢંઢોળતાં આત્મજ્ઞાનનાં પદો ગાયાં. જ્યારે પ્રજાને ધર્મોધાર્મિક વિલાસના ભોગ બન્યા અને સમાજમાં અનાચાર વ્યાપ્યો ત્યારે અખા-ધીરા-ભોજા જેવા કવિઓએ છપ્પા-કાફી-ચાબખાથી સમાજને સુધારવા પ્રયત્ન કર્યા. પારલૌકિકને પારમાથિક જીવનના ઉત્થાન માટે તો મધ્યકાળના કવિઓ સતત જાગ્રત રહ્યા છે. તેમની જ્ઞાન અને મોક્ષની આરાધના વંદનીય છે. મધ્યકાળના કવિઓ પોતાના સ્થળકાળના જ્યોતિર્ધર પંથ, સંપ્રદાયના લોકોને ધર્મ, અર્થ, કામ, મોક્ષનું માર્ગદર્શન આપ્યું છે. નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, અખાએ પોતાના જીવન અને કવન દ્વારા ગુજરાતના સાંસ્કૃતિક ઉત્થાનનો ધર્મ બજાવ્યો છે. પ્રેમાનંદે ગુજરાતની રંગભૂમિ પર નાનકડાં વ્યાસ બની ગુજરાતની સંસ્કાર-સેવાનો પ્રયત્ન કર્યો હતો, તેમ સંખ્યાબંધ આખ્યાનકારોએ પ્રજા સમક્ષ ભક્તિ-ચરિતો ધરી દઈ ભક્તિ-નીતિનો આદર્શ રસિકતાથી રજૂ કર્યો હતો. શામળે વાર્તા કહી, સાથે વિવેક પણ શીખવ્યો ને તે 'વાણિયાનો કવિ' થઈ ગયો. જ્ઞાનમાર્ગી કવિઓ તો ધર્મસુધારકો જ હતા. સહજાનંદને કરુણાસાગર જેવાએ પોતાના પંથ પ્રવર્તાવવામાં સમાજ અને ધર્મની સુધારણાનો જ પાયો લીધો હતો. પ્રેમભક્તિના ઉઘાડા શૃંગારે ભક્તિ કરવા જતાં રસપાન કરાવ્યું છે, તેમ પુષ્ટિમાર્ગમાં બન્યું તેમ ધાર્મિક વિલાસ પોષ્યો છે, પણ તેનો વિરોધ કરનારા કવિઓ પણ છેક નરસિંહ-માંડણથી પાક્યા છે.

જ્યારે મધ્યકાળમાં શિક્ષણવ્યવસ્થા ન હતી, ત્યારે આ કવિઓ જ સાચા શિક્ષકો હતા. માટે જ સદ્‌ગુરુનો તેઓ મહિમા કરે છે. ધર્મની-કવિતાની ગુરુ-શિષ્ય-પરંપરા એ સંસ્કારની વિદ્યાશાખા છે. તેઓ જ મધ્યકાલીન પ્રજાના સાચા શિક્ષક અને ઉપદેશક હતા. જો મધ્યકાળના કવિઓની આ પરંપરા ન હોત તો અંધાધૂંધીના એ કાળમાં પ્રજા અધઃપતન પામી હોત, ખોવાઈ ગઈ હોત; ભારતીય ધર્મ-સંસ્કૃતિનું અસ્તિત્વ ન રહ્યું હોત.

અરે, ભારતીય ધર્મ-સંસ્કૃતિના રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા, વેદાંત, યોગ આદિ ગ્રંથોને ગુજરાતીમાં ઉતારવાનો એમનો ભવ્ય પુરુષાર્થ તો જુઓ ! પ્રજા સંસ્કૃત નહોતી જાણતી, તો ગુજરાતમાં સંસ્કૃતના એ અમર વારસો ઉતારવાની હોડ બકીને એ કવિઓ કામ કરતા હતા. આખ્યાનકવિઓએ પૌરાણિક ધર્મસાહિત્યને, અખા જેવાએ વેદાંતને, દયારામ જેવાએ પુષ્ટિમાર્ગને, તો શામળ આદિ કવિઓએ સંસ્કૃતના વાર્તાવૈભવને ગુજરાતીમાં ઠાલવી દીધાં. સંસ્કૃત સાહિત્યની તો તેમણે બાદશાહી લૂંટ કરી છે, અને પ્રજાને એની લહાણ પીરસી છે. ભાલણ જેવો સંસ્કૃત પંડિત 'કાદંબરી' લઈ આવે છે. પ્રજાના સંસ્કાર-સેવકોની શિષ્ટતા અને સંસ્કારિતાની ઉચ્ચતાનો એ પુરાવો છે. જૈન કવિઓએ પણ પોતાના ધાર્મિક સાહિત્યને ગુજરાતીમાં ઉતારવા-પ્રચારવામાં પાછી પાની નથી કરી.

**મધ્યકાલીન કવિઓનું વ્રજ-હિન્દીમાં પ્રદાન :**

મધ્યકાલીન ગુજરાતી કવિઓની ગુજરાતી ભાષાસાહિત્યની સેવા ઉપરાંત વ્રજ અને હિંદી ભાષાની સેવા પણ નોંધપાત્ર છે. ગુજરાતી પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની કે મારુ ગુર્જર ભાષામાંથી વિકસી, છૂટી પડી છે. એટલે એ ભાષાની મીરાંબાઈ માત્ર ગુજરાતીની નહિ હિન્દી અને રાજસ્થાનીની અગ્રણી કવયિત્રી છે. હિન્દીના ઇતિહાસમાં મીરાંનું નામ ઉજ્જવળ છે. કડવાબદ્ધ આખ્યાનના પિતા અને સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિત એવા ભાલણે વ્રજભાષામાં પદો રચ્યાં છે, એથી કેટલાક ભાલણને વ્રજભાષાનો આદિકવિ ગણે છે. કેશવરામ કાયંસ્થે તેના 'કૃષ્ણક્રીડાકાવ્ય'માં સંસ્કૃત શ્લોકો મૂક્યા છે, તેમ વ્રજમાં પણ રચના કરી છે. અખો તો હિંદીનો સારો કવિ ગણાય છે ને તેનાં પદો, સાખીઓ ઉપરાંત 'સંતપ્રિયા' અને 'બ્રહ્મલીલા' હિંદીની ગણનાપાત્ર કૃતિઓ ગણાય છે. પ્રેમાનંદે પોતાના 'નળાખ્યાન'ના સ્વયંવરમાં નળ આવે છે તે પ્રસંગમાં વ્રજ ભાષાની અસર દેખાડી છે, પણ તેની કોઈ વ્રજન્દિ કૃતિ મળતી નથી. શામળના હિન્દી છપ્પાનું હિન્દીમાં એવું માન છે કે, 'છપ્પલ શામળદાસ' એવી કહેવત પડી. પ્રીતમની હિન્દી સાખીઓ પણ નોંધપાત્ર છે. બ્રહ્માનંદ તો હિન્દીના અગ્રગણ્ય સંતકવિ ગણાય છે, એનાં હિંદી પદોથી એ સુપ્રસિદ્ધ છે. જ્ઞાની નિરાંતે તેમ ભોજા ને મનોહર સ્વામીએ (સચ્ચિદાનંદ) હિંદીમાં પદો રચ્યાં છે. કબીરપંથના કવિઓની ભાષામાં તળપદી ગુજરાતી છે, તેમ હિંદી ય છે. મોરાર-ત્રિકમનાં પદોની ભાષા હિંદી મિશ્રિત ગુજરાતી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્માનંદની જેમ પ્રેમસખી પ્રેમાનંદનાં હિંદી પદો પણ પ્રખ્યાત છે. કૈવલજ્ઞાન સંપ્રદાયના કરુણાસાગરે તો હિંદીમિશ્રિત ગુજરાતીમાં જ ઘણું લખ્યું છે. દયારામે વ્રજભાષામાં 'સતસૈયા' જેવી માતબર રસિક કૃતિથી નામના મેળવી છે.

મધ્યકાળના ગુજરાતી ભક્તો-સંતો હિન્દીના સંતકવિઓના કાવ્યના પરિચયમાં હતા. જ. વ્રજ-હિન્દી તે જમાનાની પ્રમુખ સાહિત્યભાષા હતી અને સંતેની વ્યવહારભાષા હતી. મીરાં, અખો, પ્રેમાનંદ, દયારામ જેવા તો ગુજરાત ને ભારતમાં યાત્રા કરી ચૂકેલા અને સંતોના સમાગમમાં આવેલા, તે વ્રજ-હિન્દીના પ્રભાવથી વંચિત ન જ રહે. એ જમાનામાં તો વ્રજ-હિન્દીમાં લખે તે જ ખરો લેખક એવી મનોવૃત્તિ પણ હતી. ભૂજમાં વ્રજભાષાની મહાન વિદ્યાપીઠ હતી, અને પ્રેમસખી પ્રેમાનંદ જેવાએ એમાં અભ્યાસ કર્યો હતો. સાધુ બન્યા એટલે હિન્દી બોલ્યા વિના છૂટકો છે ? — જેવી મનોવૃત્તિએ સંતોની વ્યવહાર-ભાષા જ હિન્દી બની ગયેલી, તેનું ફળ પણ મળે ને ? જ્ઞાનધારાના નાનામોટા સંતકવિઓ કબીર-દાદુના હિન્દી કાવ્યથી પરિચિત હોય ને તેવું જ લખવાના પ્રયત્ન કરે એ સ્વાભાવિક હતું.

**મધ્યકાલીન ગુજરાતી સમાજ અને સાહિત્ય :**

મધ્યકાલીન ગુજરાતની સામાજિક આવશ્યકતા પૂરી પાડવામાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ઘણું સફળ રહ્યું છે. જ્યારે વિદેશી ને વિધર્મી શાસકોના રાજ્યમાં સુખેદુઃખે જીવવાનું હતું, ત્યારે સમાજની જીવનરદ્ધા જળવાઈ રહે તે આવશ્યક હતું. પ્રજાની જીવનશ્રદ્ધાનું જતન કરી તેની ચેતના જગવવાનું અને પ્રજાજીવનને આનંદ પીરસવાનું કાર્ય મધ્યકાલીન ગુજરાતી સાહિત્યે સફળતાથી કર્યું છે. મધ્યકાળનો સમાજ સંકુચિત, વહેમી, અંધશ્રદ્ધાઓથી ભરેલો, કુરિવાજોથી સબડતો હતો; રૂઢિના કૂવામાં ડૂબકાં ખાતો હતો; સાહિત્યે એને પ્રકાશ આપી ભાવકના અંતરને અજવાળવાનું કાર્ય કર્યું છે, એની રસિકતાને કેળવી છે. પ્રજાજીવનના જીવંત મહદંશ એવા ધર્મની સેવા કરી છે. મધ્યકાલીન સાહિત્ય તત્કાલીન સમાજથી વિમુખ નહોતું. નરસિંહ પૂર્વેથી કવિઓ પોતાની કૃતિઓમાં સમકાલીન સમાજનું ચિત્રણ કરતા આવ્યા છે. તત્કાલીન સમાજનો ખ્યાલ મેળવવા તત્કાલીન સાહિત્ય જ જોવું રહ્યું. પ્રેમાનંદ જેવો રસિયો સામાજિક કવિ પોતાના સમયના ગુજરાતની તસ્વીર એનાં આખ્યાનોમાં ઝડપી લે છે. અને ભાવકોને પરિચિત વાતાવરણની ભાવસૃષ્ટિ પૂરી પાડે છે. નરસિંહ-મીરાંએ સમાજમાં શું વેઠ્યું તેય ત્યારનું સાહિત્ય દર્શાવે છે, અને અખા જેવાને એ સમાજને સુધારવા શું કરવું પડ્યું તેની કથા પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંથી મળે છે. અખા-શામળના છપ્પા ને ભોજાના ચાબખા સુધારાના બાઈગલ જેવા છે. તત્કાલીન કવિ સમાજની સામે રહીને સર્જતો એટલો સમાજના રંગઢંગને રજૂ કરવાનો આનંદ લેતો. લોકોને ગમે તે ભોજનનો ‘થાળ’ પીરસી દેવામાં તે ગૌરવ અનુભવતો. વલ્લભ જેવાએ કજોડાનાં ને કળિયુગ-દુકાળનાથ ગરબા લખ્યા તે સામાજિકતાના સૂચક છે.

મધ્યકાલીન સમાજની સંસ્કારિતા, સાહિત્યિકતા અને રસદષ્ટિની મર્યાદા તેના સાહિત્યકારોનેય નડી છે. શ્રોતાઓના સમાજ વચ્ચે કૃતિ રજૂ કરતો કવિ શ્રોતાઓને ન ગમે એવું તે કેટલુંજ રજૂ કરવાનો ? તેમ શ્રોતાઓની કક્ષાએ જઈ રસ માણવાની લાલચ રોકી શકવાનો ખરો ? પ્રેમાનંદનું હાસ્ય સ્થૂળ થઈ જાય છે, તેમાં સમાજ પણ જવાબદાર. પ્રેમાનંદની મહાકવિતા મધ્યકાલીન સમાજનું આરાધન કરવામાં ખોવાઈ ગઈ છે. શંકરદાસ કે રખીદાસનું મનોરંજન અને લોકમંગલની સ્થૂળ ભાવના કાલિદાસ કે રવીન્દ્રનાથ સરજાવી શકે ? પ્રેમભક્તિ કે જ્ઞાનયોગની મસ્તી કવિને એ સામાજિકતાથી ઊંચે ને પર લઈ જાય છે, અને શુદ્ધ કવિતાની શક્યતા વધારી મૂકે છે. નરસિંહ-મીરાં-અખા-દયારામને એ લાભ મળ્યો છે. બાકી એ પણ જ્યાં સમાજને સુધારવા કે ભાંડવા ગયા છે ત્યાં સાધારણ બની ગયા છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તેના જમાનાનું પ્રતિબિંબ સારું પાડે છે. કૃતિને સમાજજીવનની આરસી બનાવવાનો ઉદ્દેશ કવિઓનો નહિ હોય. પણ થયું છે એમ. ઊંચી સાહિત્યદષ્ટિ નહિ; અને સામાજિકતા સભાન ખરી; એટલે આપણે એ કૃતિમાંના સમાજદર્શનને મમળાવવું પડે છે. કવિઓ કાળવ્યક્તિક્રમદોષ વહોરીને પૌરાણિક કૃતિઓમાં પોતાના સમકાલીન જીવનના રંગો પૂરે છે. પછી, ગુજરાતીકરણ પ્રેમાનંદનો ગુણ તેમ જ મર્યાદા બને છે. પૌરાણિક પાત્રોનાં ગૌરવને હાનિ પહોંચાડતાં એને નાનમ લાગી નથી. કારણ, પોતાના સમાજનાં પરિચિત પાત્રો ભાવકોને વધુ પ્રિય થઈ પડતાં હતાં.

મધ્યકાલીન સમાજે નરસિંહ જેવાને હેરાન કર્યો હશે, પણ એકંદરે તેના ભક્તો, કવિઓ, સંતો, આખ્યાનકારો, વાર્તાકારોને પૂજ્યા છે. એ જમાનામાં કવિને આદર મળ્યો છે. સમાજે કંઠોપકંઠને પછી સંખ્યાબંધ હસ્તપ્રતો દ્વારા એ સાહિત્યનું જતન કરીને તેને જાળવ્યું છે. નરસિંહ પ્રભાતકવિ બની પુજાયો છે. મીરાંથી દયારામ સુધીના પદકવિઓના તાલે પ્રજા નાચી છે, રાચી છે. સાહિત્ય પ્રજાની ચેતના સાથે કદમ મિલાવી ચાલતું હતું. મધ્યકાલીન ગુજરાતી સમાજમાં સાંસ્કારિક આંદોલનો થયાં તે આ કવિઓને શબ્દે થયાં છે. મધ્યકાલીન ગુજરાતી કવિઓએ સમાજનું નેતૃત્વ કર્યું છે અને કવિતાએ પ્રજાની ચેતનાને ઢંઢોળી દોરી છે.

મધ્યકાલીન સમાજની સાહિત્યિક રસરુચિ સામાન્ય હતી, મોટા ભાગના કવિઓ એને સંતોષનારા સામાન્ય કવિઓ છે; પણ કેટલાક ઊંચા કવિઓ છે, તેમને સમાજે પ્રેમથી અભિનંદ્યા છે. ધર્મ એ બંનેની સામાન્ય રસભૂમિકા છે.

**મૂલ્યાંકન :**

પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ગુણ તેમજ જથ્થામાં ગૌરવપ્રદ છે. સમગ્ર સાંસ્કૃતિક પરિસ્થિતિના સંદર્ભમાં તેણે જે ગજું કાઢ્યું છે તે ઓછું નથી. કવિઓ, સ્વરૂપો ને કૃતિઓની વિવિધતા ને વિપુલતા ધ્યાન ખેંચે એવી છે. લગભગ સાડી છસો વર્ષના આ મધ્યયુગના આરંભનો સમય તો ભાષા-સાહિત્યને ખેડવા-પલોટવામાં જ ગયો. મધ્યકાલીન કવિઓની એકંદર કક્ષા મધ્યમ ને સામાન્ય છે, નરસિંહ-મીરાં-પ્રેમાનંદ-દયારામ ગુજરાતીના એવા મૂર્ધન્ય કવિઓ છે. જેવા બીજી ભાષાઓમાં પણ ઓછા જ હોય. અખા જેવો જ્ઞાન-પુરુષાર્થ અને શામળ જેવા વાર્તાવૈભવ દાખવનાર પણ બીજે કેટલા ? ભારતીય ભાષાઓમાં મધ્યકાલીન ગુજરાતીનું સાહિત્ય ગૌરવવંતું છે, અને તેની પ્રમુખ કવિપ્રતિભાઓ માનભર્યા સ્થાનની અધિકારી છે.

એવા પ્રમુખ સાહિત્યકારોની પરંપરામાં યથાશક્તિ ફાળો આપનારા અને એ પ્રમુખ સાહિત્યકારોના પ્રાગટ્ય માટેની ભૂમિકા બાંધી આપનારા ગૌણ સાહિત્યકારોની સાહિત્યસેવા પણ મહત્ત્વની છે. એ સૌએ યથાશક્તિ તેજ બતાવ્યાં છે. પણ ઇતિહાસ તો સાહિત્યપ્રવૃત્તિના જુદા જુદા પ્રવાહોનું સાહિત્ય દર્શાવે છે. પોતાની એકાદ કૃતિથી જ કેટલાક ચિરંજીવ બની ગયા છે.

પદ, આખ્યાન, પદ્યવાર્તા એ ખૂબ ખેડાયેલાં સ્વરૂપોમાં કાવ્યસિદ્ધિ પણ ઊંચી છે. ઊર્મિપ્રધાન અને કથાપ્રધાન સ્વરૂપોનું વૈવિધ્ય ને વૈશિષ્ટ્ય ઓછું નથી. એમાં સામાન્ય માળખું સાચવતી રચનાઓ પણ ઓછી થઈ નથી. તેમ, ‘વસંતવિલાસ’ જેવા ફાગુ, ‘માધવાનલ કામકંદલા દોગધક’ જેવી વાર્તા, ‘ત્રિભુવનદીપક-પ્રબંધ’ જેવું રૂપકકાવ્ય, ‘રણમલછંદ’ ને ‘કાન્હડદે પ્રબંધ’ જેવાં વીરકાવ્યો, ‘પૃથ્વીચંદ્રચરિત’ જેવી ગદ્યકથા, નરસિંહનાં દાર્શનિક પ્રભાતિયાં, ભાલણની ‘કાદંબરી’ જેવી આખ્યાનબંધની વાર્તા, મીરાંબાઈનાં પ્રભુવિરહનાં ભજનો, અખાની ‘અખે ગીતા’ ને ‘અનુભવબિંદુ’માંની તત્ત્વકવિતા તથા આખાના છપ્પા, પ્રેમાનંદનાં ‘નળાખ્યાન’, ‘મામેરું’ ને ‘સુદામાચરિત્ર’ જેવાં ઉત્તમ આખ્યાનો, શામળની ‘સિંહાસનબત્રીશી’ જેવા વાર્તાસંગ્રહ, ધીરા-ભોજા-નિરાંતનાંજ્ઞાનપદો, વલ્લભના ગરબા અને દયારામની ગરબીઓ, તેમ જ કેટલાક કવિઓનાં પ્રેમભક્તિ જ્ઞાનનાં ઊંચાં પદો એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સાચી કાવ્યસંપત્તિ છે.

એ ખરું કે કલાત્મકતાની દષ્ટિએ નરસિંહ-મીરાં-દયારામમાં પણ આકૃતિને અંતસ્તત્વની ક્ષતિઓ છે. સાવ અનવદ્ય કાવ્યાલંકાર કેટલા ? પ્રથમ પંક્તિ કવિતાની, ને બાકીની પરંપરિત પદાવલી એવું ઘણે બને છે. આખી કૃતિ સર્વાંગસંપૂર્ણ ભાગ્યે જ હોય છે. કવિતા પ્રકટે પ્રકટે ને અદૃશ્ય થઈ જાય એવા અનુભવો વારંવાર થાય છે. ઊર્મિ-વિચાર કલ્પનાનું ઔદાત્ય વારંવાર અનુભવાતું નથી. કૃતિના બાહ્યાંતર દેહમાં પરિમાર્જન બાકી હોય છે. કેટલીકવાર કૃતિને ભાષા સાહિત્યના સ્તર સુધી ઉચકાતી નથી. મધ્યકાલીન સાહિત્યમાં ‘થોથાં’, ‘જોડકણાં’, ‘રણ’, ‘નિઃસત્વ કથાઓ’, ‘નિશ્ચેતન પદો’, ‘આડંબરી વૈરાગ્યનાં સૂત્રો’ ઘણાં બધાં છે. એક વિષયની અનેક કૃતિઓનું રેઢિયાપણું છે. પરિશ્રમ છે, તેટલી સિદ્ધિ નથી. સાહિત્ય નામના પદાર્થને સમજ્યા વિના શબ્દો યોજાય છે. આ બધી મર્યાદા વચ્ચે પણ કવિતાની જ્યોતિ પ્રકાશતી રહી છે અને સાચા કવિઓ પણ મળતા રહ્યા છે એ આશ્વાસક છે. એ જમાનામાં એ ભોળા(અ—) સાહિત્યકારોએ કેટલુંય કાવ્યકુંદન જાણ્યેઅજાણ્યે આપ્યું તે આપણું સદ્‌ભાગ્ય છે.

અર્વાચીન ગુજરાતી કવિતામાં પણ નરસિંહ-મીરાં-દયારામની ઊર્મિકવિતાએ પહોંચનારા પણ પાંચ-છ જ જણ છે ને ? પ્રેમાનંદ મહાકવિ નથી, તો કોણ છે તે સૂચવો ને ? અખા જેવા તત્ત્વ-ચિંતક પણ કેટલા ? મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું ઉત્તમાંગ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં પણ પ્રથમ પંક્તિમાં બેસે એવું છે. ખેર, આવી તુલનાત્મક દષ્ટિ સાચી નથી. દરેક કવિ પોતાને પ્રાપ્ત પરંપરામાં વૈયક્તિક પ્રતિભા દાખવે તે પૂરતું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યે આપેલી પ્રેમભક્તિની શુદ્ધિ કાવ્યની પદપરંપરા અર્વાચીન કવિતામાં ઊર્મિકાવ્યરૂપે નાનાલાલમાં ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચી છે. આખ્યાન-પદ્યવાર્તા-રાસા-પ્રબંધ એ મૃત સ્વરૂપો બની ગયાં છે. અખાના તત્ત્વવિચારનો વિકાસ અર્વાચીન ચિંતનાત્મક ગદ્યમાં છે.

દાર્શનિક રહસ્યવાદી તત્ત્વજ્ઞાનની કવિતા સુંદરમ્-મકરંદમાં જીવે છે. દયારામ વારંવાર નાનાલાલ, રાજેન્દ્ર, નિરંજનની પેઢીમાં પ્રકટ થયા કરે છે. ગદ્યની તો ઇમારત જ નવી ઊભી થઈ છે. મધ્યકાળનું લયબદ્ધ ગદ્ય અર્વાચીન કાળમાં કેટલાક ગદ્યકવિઓ યાદ લાવે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ઊર્મિકવિતા અને ભાષાઅભિવ્યક્તિની કેટલીક વિશિષ્ટતાઓની બાબતમાં જ અર્વાચીન ગુજરાતી સાહિત્યની પરંપરાન બની રહ્યું છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અન્ય પરંપરાઓ તૂટી ગઈ છે, અને તે પરંપરાનાં બીજાં સ્વરૂપોની શક્યતા નાણવામાં આવે તે ય શક્ય નથી.

## 4.7 સારાંશ

આ એકમમાં સાહિત્ય અને વ્યવહાર, સાહિત્ય અને સમાજ જીવન, સાહિત્ય-રાષ્ટ્રીય ધ્યેયોની પ્રાપ્તિનું સાધન, સાહિત્ય દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ, સાહિત્યની ફલશ્રુતિ વગેરેની માહિતી મૂકવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## 4.8 એકમ સ્વાધ્યાય

(1) સાહિત્ય અને જીવન વિશે જણાવો.

(2) સાહિત્ય અને સમાજ જીવન વિશે જણાવો.

(3) સાહિત્ય-રાષ્ટ્રીય ધ્યેય પ્રાપ્તિનું સાધન છે તે ટૂંકમાં જણાવો.

(4) રાષ્ટ્રીય ધ્યેયોની સિદ્ધિ માટે શિક્ષકની ભૂમિકા જણાવો.

(5) સાહિત્ય દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ ટૂંકમાં જણાવો.

(6) સાહિત્યની ફલશ્રુતિ ટૂંકમાં જણાવો.

## 4.9 તમારી પ્રગતિ ચકાસો

તમારા ઉત્તર માટે જગ્યા આપવામાં આવી છે.

(1) સાહિત્ય અને વ્યવહાર અંગે ટૂંકમાં માહિતી આપો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(2) સાહિત્ય અને સમાજ જીવન અંગે ટૂંકમાં માહિતી આપો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(3) સાહિત્ય-ધ્યેય પ્રાપ્તિનું સાધન છે તે ટૂંકમાં જણાવો.

........................................................................
........................................................................
........................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) રાષ્ટ્રીય ધ્યેયની પ્રાપ્તિ માટે શિક્ષકની ભૂમિકા ટૂંકમાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) સાહિત્ય દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ ટૂંકમાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) સાહિત્ય ફલશ્રુતિ ટૂંકમાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 4.11 સૂચિત વાચન સામગ્રી


(1) શાહ પંકજભાઈ સી. તથા અન્ય : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ, અમોલ પ્રકાશન, અમદાવાદ.

(2) બારૈયા વી. વી. : અભ્યાસક્રમ અંતર્ગત ભાષા, પ્રતીક પ્રકાશન, આણંદો.

(3) ત્રિવેદી રમેશ એમ. : સાહિત્યના સિદ્ધાંતો, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ.

(4) વ્યાસ કાંતિલાલ બળદેવરામ : ગુજરાતી ભાષા-ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ.

(5) રાવલ અનંતરાય : ગુજરાતી સાહિત્ય, મેકમિલન કંપની લિ., મુંબઈ.

(6) બ્રહ્મભટ્ટ પ્રસાદ : સાહિત્ય સૃષ્ટિ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

BAOU Education for All

डॉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-233

# સાહિત્ય દ્વારા શિક્ષણ

વિભાગ

# 2

## સાહિત્ય અને શિક્ષણનો સંબંધ


એકમ-5 શિક્ષણક્ષમ સાહિત્ય

એકમ-6 ભાષા કૌશલ્ય અને સાહિત્ય

એકમ-7 સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ

એકમ-8 જીવન કૌશલ્ય વિકાસ અને સાહિત્ય

# ES-233, સાહિત્ય દ્વારા શિક્ષણ (વિભાગ-2)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-234-6**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-233 સાહિત્ય દ્વારા શિક્ષણ

**વિભાગ -1 સાહિત્ય અને શિક્ષણ**

એકમ 1. સાહિત્ય અને શિક્ષણ

એકમ 2. સાહિત્ય સ્વરૂપો

એકમ 3. શિક્ષણ : સંકલ્પના

એકમ 4. સાહિત્યની ઉપાધ્યેતા

**વિભાગ-2 સાહિત્ય અને શિક્ષણનો સંબંધ**

એકમ 5 શિક્ષણક્ષમ સાહિત્ય

એકમ 6 ભાષા કૌશલ્ય અને સાહિત્ય

એકમ 7 સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ

એકમ 8 જીવન કૌશલ્ય વિકાસ અને સાહિત્ય

**વિભાગ-3 સાહિત્ય અને જીવન અનુબંધ**

એકમ 9 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

એકમ 10 સાહિત્ય ચારિત્ર્ય નિર્માણનો પાયો

એકમ 11 સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ

એકમ 12 સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ-માનવનિર્માણ

**વિભાગ-4 સાહિત્યકાર અને શિક્ષણકાર**

એકમ 13 સાહિત્યકાર અને શિક્ષણકાર

એકમ 14 શિક્ષક સજ્જતા

એકમ 15 સાહિત્ય દ્વારા શિક્ષણ-શાળાની ભૂમિકા

એકમ 16 માતૃભાષા શિક્ષણ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 5

# શિક્ષણક્ષમ સાહિત્ય

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) સાહિત્ય રચના-સંકલ્પના

(3) સાહિત્ય અને પ્રસાર માધ્યમો

(4) સાહિત્ય નિર્માણ અંગેની પ્રતિબધ્ધતા

(5) સાહિત્ય ગુણવત્તા-સાંદ્રત પ્રશ્નો

(6) સાહિત્ય રચનાનાં પડકારો

(7) સારાંશ

(8) એકમ સ્વાધ્યાય

(9) તમારી પ્રગતિ ચકાસો

(10) તમારી પ્રગતિ ચકસોના ઉત્તરો

(11) સૂચિત વાચન સામગ્રી

**ઉદ્દેશો (Objective)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે..

(1) સાહિત્ય રચનાની સંકલ્પના સમજી શકશો.

(2) સાહિત્ય અને પ્રચાર માધ્યમો સમજી શકશો.

(3) સાહિત્ય નિર્માણ અંગેની પ્રતિબધ્ધતા સમજી શકશો.

(4) સાહિત્ય રચનાના પડકારો સમજી શકશો.

## (1) પ્રસ્તાવના

શિક્ષમક્ષમ સાહિત્ય એ માનવ જીવન સાથે ખૂબ જ ગાઢ સંબંધ છે. શ્રી રા.વિ. પાઠ 3 આ સંબંધ ને વૃક્ષ અને પુષ્પના સંબંધ સાથે સરખાવે છે. આ સંબંધન સંદર્ભમાં સાહિત્ય માટે જીવન છે એમ કહેવાને બદલે ખરેખર એમ કહેવું જોઈએ કે જીવન માટે સાહિત્ય છે. જીવનની મહત્ત્વ પ્રવૃતિઓ સાથે સાહિત્ય સંકળાયેલું છે અને એ પ્રવૃતિઓ માંથી પ્રેરણા મેળવીને સાહિત્યમાં નવીનતા અને વિવિધતા આવે છે.

જીવનની જેવી પ્રવૃતિ તેવી એ જમાનાના સાહિત્યની સ્થિતિ, તેથી કોઈ યુગના સાહિત્યસર્જનને યોગ્ય રીતે મૂલવવા માટે તે સમયની પરિસ્થિતિ સાહિત્યને પ્રેરનાર સમાજની સામાજિક, રાજકીય સ્થિતિનો પરિચય મેળવવો આવશ્યક છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને સાચી રીતે સમજવા માટે મધ્યકાળનું જીવન જાણવું જરૂરી છે અને મધ્યકાળનું જીવન જાણવા માટે એ કાળના રાજકીય-સામાજિક ઈતિહાસ પર એટલે કે સાંસ્કૃતિક ઈતિહાસ પર દ્દષ્ટિપાત —— આવશ્યક બને છે.

## (2) સાહિત્ય રચના સંકલ્પના

**સાહિત્ય અને પ્રસાર માધ્યમો :**

કલા અને એની અભિવ્યક્તિ સંપૂર્ણપણે વ્યક્તિગત અને વ્યક્તિનિષ્ઠ પદાર્થ છે - પછી ભલે એ આત્મલક્ષી હોય કે પરલક્ષી હોય.

સૌથી પહેલાં કલાકારે જ્યારે પોતાની ગુફાની ભીંત પર કોઈ પ્રચંડ મેમથનું ચિત્ર દોર્યું હશે ત્યારે તો એ માત્ર પોતાને એને જોઈ ને થયેલી લાગણીનું જ ચિત્ર હશે. એમાં જ એ એકલો એકલો કૃતકૃત્યતા અનુભવતો હશે; પણ જ્યારે બીજા કોઈ આદિમાનવે એ ચિત્ર જોઈને પહેલાં આનંદથી અને પછી એની પૂંછડી તરફ આંગળી ચીંધીને પોતાની અસંમતિ બતાવતાં ડોકું ધુણાવ્યું હશે ત્યારે જ એને ખબર પણ ન પડે તેમ કલામાં રહેલો ભાવસંચારની Communication- ની શક્તિનો એને ખ્યાલ આવ્યો હશે. પોતાના ગીત, નૃત્ય કે ચિત્રમાં પોતાની લાગણીને અન્યમાં સંક્રાંત કરવાનું બળ છે -એની અન્ય પર અસર થાય છે એનું એને ત્યારે ભાન પણ નહીં હોય, એની એને ઈચ્છા પણ નહીં હોય !

બીજા પર એની અસર થાય છે એનું ભાન થયા પછી જ કલા અને ભાવનના કૂટ પ્રશ્નો ઊભા થયા. 'કશુંક કહેવું છે' એવી સિસૃક્ષામાંથી 'શું કહેવું જોઈ એ'અને 'કેવી રીતે કહેવાવું જોઈએ' એવા વાદો, શાસ્ત્રો અને નિયમો ઊભાં થયાં. સમાજ જેમ જેમ નિશ્ચિત ઢાંચામાં ઢળતો ગયો તેમ તેમ એ બંધનો વધારે ને વધારે કપરાં થતાં ગયાં. કલા અને એની અભિવ્યક્તિ જે સર્વાંશે વ્યક્તિનિક પદાર્થ છે એનું સમાજીકરણ થઈ ગયું. સમાજની નીતિરીતિ અનેસત્તાસંરક્ષાના ઠેકેદારો, સારંગી અને સાંબેલાને ભેદ નધ્યા વિના, એના સૂત્રધારો બની ગયા. શિક્ષણને એ લોકો લોકમાધ્યમના વિષય ગણતા હોય છે; એટલે જ તો એમણે પોતાને હાથે ચડેલા બોડી બામણીના ખેતર જેવા શિક્ષણક્ષેત્રમાંથી 'ખેમી'ને તડીપાર કરી દીધી - કરાવી દીધી. સારું છે કે એમણે પાઠકસાહેબની 'કૃતરાં'નામની વાર્તા વાંચી નથી- નહીં તે આખેઆખા 'દ્વિરેફની વાતો'ના સંગ્રહોને જપ્ત કરી દીધા હોત. 'સરસવતીચંદ્ર'ના જમાલના પ્રકરણને વાંચ્યા પછી - સમજયા પછી તો કેમ કહેવાય ? - 'સરસ્વતીચંદ્ર'ની પણ કોણ જાણે શીયે વલે થાત ! बहुजनहिताय बहुजनसुखाय ના નારા લગાવનારાઓને પહોંચી વળવાનું સાહિત્યનું શું ગજું ? સમાજની લાગણી ન દુખાવી જોઈએ, ગાદીધારીઓના અહમ્‌ન ઘવાવો જોઈએ, પક્ષની 'વિરુદ્ધ' ગર્ભિત રીતે પણ ન બોલાવું જોઈએ; નહીં તો તમને કાં તે મારી નાખવામાં આવે અથવા તો જેલના સળિયા પાછળ તમારા ગુનાની કબૂલાત કરાવીને ધકેલી દેવામાં આવે કે પછી ગાંડાઓની કે કૅન્સરની ઈસ્પિતાલમાં ધકેલી દેવામાં આવે... અથવા તે આત્મહત્યાને માગે દોરી જવામાં આવે.

આ બધું વીસમી સદીમાં થાય છે - જે જમાનામાં માણસની વાણીને જનતામાં ફેલાવવા માટે આ પહેલાં કયારેય નહીં શોધાયાં હોય એવાં માધ્યમ મળ્યાં છે ત્યારે. વર્તમાનપત્રો, રેડિયો, સિનેમા ટેલિવિઝન જેવાં લોકમાધ્યમો દ્વારા કલાકારની કૃતિ જગત ખૂણે ખૂણે પહોંચી જાય છે. સિનેમા અને ટેલિવિઝને તે ઘરના ખંડને દ્રશ્યકાવ્યની મહેફિલ બનાવી દીધો છે. જેમ જેમ અને જેટલું જેટલું લોકમાધ્યમ વધારે શક્તિશાળી તેમ તેમ એની ઉપર સીધાં કે આડકતરાં નિયંત્રણો વધારે - પછી અખબારી અને કલાસ્વાતંર્ત્યની વાતો થયા કરતી હોય કે આવી ચર્ચાઓ થયા કરતી હોય. એ વાત અને ચર્ચાઓ માત્ર Academic જ - સૈદ્ધાન્તિક અને શૈક્ષણિક જ રહેતી હોય છે. અખબારો સત્તાધારી કે વિરોધી પક્ષનાં ઉઘાડે છોગે કે છમવેશે મુખપત્રો જ હોય છે. એમાં એકબીજાનો વિરોધ કરતાં લખાણો-લેખોથી માંડીને કવિતા-વાર્તાઓ સુધ્ધાં-મેકલી જુઓ. પાછાં આવશે અથવા તે તંત્રીને હાથે ક્યાંક આડાંઅવળાં મુકાઈ ગયાં હશે. પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર એવું માનનાર નરસિંહ મહેતા જેવાનું સ્થાન ત્યારે સમાજમાં ન હતું અને આજેય નથી.

માઈક એ કદાચ વીસમી સદીની સૌથી મોટામાં મોટી શોધ છે. આપણે વીસમી સદીને 'એટમિક એજ'કહીને ભલે રાજી થઈએ, પણ એ ખરેખર તો 'માઈક એજ'છે. એણે જ આ સદીના વાદાવાદની ચર્ચાઓને કાનફાડી નાખે અને મગજ બહેર મારી જાય એવી ઘાંટાઘાંટમાં ફેરવી નાખી છે. એમાં Silence Zone ક્યાંક નથી; જયારે કલાકારની અભિવ્યક્તિને માટે - એની સંવેદનાને પાંગરવા માટે - કયાંક કોઈ શાંતિપ્રદેશ મળવો અનિવાર્ય છે. સામાજિક કે રાજકીય નેતાઓને 'માઈક'ની એટલી બધી જરૂર છે કે કલાકારની કવિતા માટે એને ભાગ્યે જ ચોરી લીધેલી થોડીક ક્ષણો મળતી હશે- અને તે પણ દયાદાનની વૃત્તિથી કે પોતાને પણ સંસ્કારી કે સંસ્કારપ્રેમી ગણાવવાની ગણતરીથી, અથવા તો એનો લાભકારક ઉપયોગ કરી લેવાની વેપારી બુદ્ધિથી ! એ માઈક પછી કોઈ જાહેરસભા કે સાંસ્કૃતિક કાર્યક્રમનું હોય કે રેડિયોનું હાય.

હા; એમાં કલાકારે પણ આવી જાય ! પણ એવી ભૂખ આવા કલાકારને નથી હોતી. એ સર્જે છે, આજે પણ, કેવળ स्वान्तः सुख्यां बहुजन નું हित કે बहुजन નું सुख એ તો એની કૃતિની 'બાય-પ્રોડકટ' છે -અને તે પણ હોય કે ન પણ હોય !! લોકપ્રિયતા એ ઉત્તમ સર્જનનો હંમેશાં સાચો જ આંક બતાવે છે એવું નથી. કદાચ એવી લેકપ્રિયતા સર્જનની ગુણવત્તા વિશે આપણને સાશંક પણ બનાવી દે. એલિયટના એક કાવ્યવાચન પ્રસંગે સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો હતો. બીજે દિવસે એમને વિશે એક અખબારમાં લખવામાં આવેલું : "આટલા બધા માણસો એમાં કેમ આવ્યા હશે ? કવિની ગુણવત્તા એછી તોનથી થવા માંડી ને ?"

કલાકૃતિ પોતે વ્યક્તિની સંવેદનાનું અને એના દર્શનનું માધ્યમ છે. વર્તમાનપત્ર, રેડિયો વગેરે લોકમાધ્યમોને લીધે કલાના માધ્યમને હાનિ ન પહોંચે, એના પર કઈ કલાબાહ્ય સાધનોની કે દબાણની દુષ્ટ અસર ન પડે એનું ધ્યાન કલાકારને રાખવાનું છે. વર્તમાનપત્રોમાં તો બન્ને રીતે જાહેરાત મળે છે : સાચી અને ખોટી, પણ જાહેરાત સાચી હોવી જરૂરી છે - ઉપજાવી કાઢેલી નહીં. થોડે થેડે દિવસે છાપામાં પોતાનું નામ આવે એ બધાંને ગમે છે; અને તે પણ વખાણ થાય એ રીતે. એ વખાણ કેવી રીતે કરવામાં આવે છે, તેના પર કલાકાર અને કલાકૃતિનું સાચું મૂલ્ય રહેલું છે. એલિયટે એટલે જ કટાક્ષ કરેલો: Everybody wants to appear in newspapers - but in the right column. કશું કર્યા વગર છાપામાં આવવું છે; અને લોકો આવે પણ છે એ ખૂબીની વાત છે. જેની પાસે કંઈક છે, किमपि द्रव्यम् છે, એને તો આજે નહીં તો કાલે પિતાનો શ્રોતા કે ભાવક મળી રહેશે. જેની પાસે કશું નથી એને જ એની ચિંતા છે. એટલે જ કોઈએ કહ્યું છે તે સાવ ખોટું નથી લાગતું કે વીસમી સદીને કશું કહેવાનું નથી. એટલે જ એ આટલું બધું મોટે મોટેથી 'માઈક'દ્વારા કે છાપાં દ્વારા બોલબોલ ક્યાં કરે છે. જગતને ઘડનારાઓ પાસે ન'તાં છાપાં કે ન'તાં માઈક;અને છતાંયે એમનો અવાજ સાંભળનારને આજેય સંભળાય છે-દેશ અને કાળની ખાઈને ઓળંગી જઈને.

લોકમધ્યમો આ યુગમાં રહીને માત્ર એની નિંદ જ કરવાનોમારો ઉપક્રમ અહીં નથી રહ્યો. એણે આપણને ઘણું ઘણું આપ્યું છે. એણે આપણનેવાર્તાઓ આપી છે, નવલકથાઓ આપી છે અને કવિતાઓ આપી છે. એમાંની ધણી ભુલાઈ ગઈ હશે પણ યાદ રહી જાય એવીય કેટલી બધી કૃતિઓ આપણને મળી છે ! છાપાના એક પ્રૌઢ અનુભવી તંત્રી મને કહેતા: "છાપાનું આ મશીન છે ને એ તે રાક્ષસ છે, ખાઉધરો રાક્ષસ છે. અને ખોરાક નહીં આપીએ તો એ ખવડાવનારને જ ખાઈ જાય. એને સમયસર જેઈએ. એક ક્ષણ પણ એને ભૂખ્યો રખાય નહીં. લેખની કે વાર્તાની કે પછી નવલકથાની આટલીકોલમો તો ભરાવી જ જોઈએ."

"પણ વાર્તા નાની લખાય તો?"

"તો ન ચાલે !..."પછી જરા હસીને એમણે ઉમેરેલું : "થોડીક લાંબી લખાય તો ચલાવી લઈશું.પા-અડધી કૉલમને ક્યાંક અનુસંધાનમાં આગલ-પાછલે પાને નાખી દઈશું."

એટલે તો સર્જકના મનમાં વાર્તા અમુક જ સ્થળે પૂરી થાય તે જ એની કલાત્મકતા સચવાય તો તો આપણું આ રાક્ષસી લોકમધ્યમભૂખ્યું રહે;એટલે વાતને લેખકે પણ વાર્તાને નકામા મેદથી ભરી દઈને અથવા તોછાશમાં પાણી નાખીને એનું કંદ વધારવું જ પડે.

વેણીભાઈ એ એક વાર મશ્કરીમાં કહેલું કે છાપાના લેખમાં આટલી બધી માથાફોડ નહીં ચાલે, ભાઈ ! એમાં તોબે ચમચી શરબત અને એક હાંડો પાણી જોઈએ.

એમણે બે ચમચીનીયે વાત કરી; પણ ઘણી વાર તો અડધી ચમચી શરબત અને બે હાંડા જેટલું પાણીવાળું શરબત પણ આપણને ઘણી વાર મળી રહે છે.

રેડિયો પર એક વાર મારા એક મિત્રને હિન્દી બોલવા જવાનું થયેલું.

મેં બીજે દિવસે એ મને પૂછ્યું તમારી ટૉક કેવી ગઈ ?

એમણે જવાબ આપ્યો : "ઠીક થી,ભાઈસા'બ લેકિન રેડિયોવાલે ખુશ થે."

"સરસ." મેં કહ્યું.

"ક્યા 'સરસ' ? " એમણે ખીજવાઈ ને જવાબ આપ્યો :"રેડિયેવાલા મેરી પાસ આકર કહને લગા : સા'બ કયા અચ્છી ટૉક થી આપકી ? "

પેલા બીચારાને થયું કે હવે ટૉકનાં વખાણ સાંભળવા મળશે. એને બદલે એ મહાશયે એને બીજું જ કારણ આપ્યું :

"સા'બ ! ક્યા લાજવાબ થી આપકી ટૉક ? બિલકુલ વસ્તુ પે ખત્મ હો ગઈ. દો સેકંડ જ્યાદા ભી નહીં ઔર દો સેકંડ કમ ભી નહીં !"

તો આ બધાં માધ્યમોની આ બલિહારી છે. એમાં સાહિત્ય કરતાં સાહિત્યેતર કારણોની વધારે બોલબાલા છે. હા; કોઈ તંત્રી કે રેડિયાનો સંચાલક કલાજીવ હોય તો કદાચ પરિણામ જુદું જ આવે - અને એવા અપવાદો નથી જ મળતા એવું પણ કહી શકાય નહીં ! રેડિયો દ્વારા નાટ્યકલાને એક નવું જ નાટ્ય સ્વરૂપ મળ્યું અને તે : શ્રુતિકા.

જાહેરાતના આ જમાનામાં છાપાં,રેડિયો અને ટેલિવિઝનમાં થતી જાહેરખબરોનું ધોરણ પણ હવે ભારે વિકસતું જાય છે. જાહેરખબરો હવે દહાડે દહાડે વધારે સાહિત્યિક અને કલાત્મક બનતી જાય છે એવું ઘણાંને લાગવા માંડ્યું છે. પણ, એમાં નારી અને કવિતા બન્નેની અવહેલના થતી હોય એવું નથી લાગતું ? એક જાહેરખબર મેં જોયેલી :

એક આકર્ષક યુવતી ખૂબ આતુર નજરે દૂર દૂર જોઈ રહી છે ! - નીચે અંગ્રેજીમાં લખેલું : હમણાં જ ફલાણી મિલના શ્રેષ્ઠ કાપડનો સુટ પહેરીને એક યુવાન અહીંથી પસાર થઈ ગયો હતો.

એક સ્થળે ફોમરબરનાં ગાદલાં બનાવનાર એક સુપ્રસિદ્ધ કંપનીની જાહેરખબર હતી. એમાં એક બાળક આંખો મીંચીને એ કંપનીના નાનકડા ગાદલા પર મીઠી નિદ્રા લઈ રહ્યું હતું. નીચે પેલી જાણીતી કાવ્યપંક્તિઓ હતી :

Tread softly

Lest you tread on my dreams !

અલબત્ત, મારા જેવાને એ ચિત્ર અને પેલી પંક્તિઓ જ આનંદ આપે એવાં હતાં : અંદર શો-રૂમમાં જઈને 'મેટ્રેસ' ખરીદવાની તો તાકાત જ ક્યાંથી હોય ?

શ્લેષનો અને તાત્કાલિક પ્રસંગની લોકપ્રિયતાનો એક નમુન સાંભળો :

ઘણાં વરસ પહેલાં એક અંગ્રેજી ફિલ્મ આવેલ : ખૂબ લોકપ્રિય પણ થયેલી : An affair to remember ! 'એર ઇન્ડિયા' - એ દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિમાની પ્રવાસ માટેનું ભાડું કન્સેશનથી આપવાનું નક્કી કરેલું. એ માટે એમણે જાહેર ખબર પ્રકટ કરેલી :

'A fare to remember .'

એની નીચે એક કિશારી-યુવતીનું હાથમાં પુસ્તકો સાથે સુંદર ચિત્ર હતું; અને 'Fare'નો સ્પેલિંગ FARE જ રાખેલો- છતાં પણ નીચે ઊભેલી પેલી 'Fair'ને -સુંદરીને - લીધે એ જાહેરખબર જાહેરાતને કલાની કોટિએ લઈ જાય એવી થઈ ગયેલી.

અને છતાં એ જાહેરખબરોથી,કોઈ પણ લેકમાધ્યમ દ્વારા પ્રકટ થતી જાહેરખબરોથી કલાકારે તો ચેતવાનું જ છે. એનો સૌથી મોટો આરાધ્યદેવ તો છે એની કલા. સંગીતકલાએ પણ ચેતવાનું જ છે,કવિતાની જેમ જ !

બીજાં બધાં ગીત સાથે ફરમાસુ ગીત કે ખાસ તૈયાર કરવામાં આવેલાં ગીતો પણ આપણને વહેલા પરેઢિયેથી માંડીને મધરાત સુધી સાંભળવાં પડતાં હોય છે : મને કે કમને. સંગીતના એક શિક્ષકે મને પોતાની શાળાની વાત કરેલી. પરીક્ષા લેતી વખતે એક બાળકને એમણે એને જે આવડે એ ગીત ગાવાનું કહેલું. એ બાળકે તરત જ તે વખતે વર્ષો પહેલાં રોજ સવારે ગવાતું એક ગીત ગાઈ નાખ્યું :

એસ્પ્રો !.. એસ્પ્રો.. ! એ.. સ્પ્રો!!

શાળા સવારની હતી. અને રોજ સવારે ઘેરથી નીકળતાં પહેલાં તૈયાર થતી વખતે એ બાળકને આ ગીત સાંભળવાને લાભ મળતો હતો.

લોકમાધ્યમની અન્ય સેવાઓને યાદ કરીએ તો તે ઓછી નથી - પણ એની આ વ્યાપક અસર પણ અનેક ગણી વધારે છે એ ભૂલવા જેવું નથી. એક જ લોકમાધ્યમ જે કલાને આવું નુકસાન કરે તો ત્રણે- રેડિયો, ટેલિવિઝન અને છાપાંએ તો શું ન કરે ?

સાહિત્યિક અભિવ્યક્તિ એ પહેલાં કહ્યું તેમ પૂરેપૂરી અંગત બિના છે -પૂરેપૂરી આત્મલક્ષી. ભાવક એને પોતાની બનાવે છે - એની ભાવનશક્તિ વડે. બાકી, માણસ તો એના જન્મથી માંડીને તે મૃત્યુ સુધી એકલો જ જીવે છે. ચારે બાજુ સ્વજનોથી વીંટળાયેલા હોવા છતાં એનું વ્યક્તિગત અહમ્ (અભિમાનના અર્થમાં નહીં !) બીજી વ્યક્તિની વચ્ચે દીવાલ બનીને ઊભું રહે છે. બે વ્યક્તિઓનાં અહમ્ એક થતાં નથી હોતાં - સિવાય કે પ્રેમમાં, કાવ્યમાં કે કદાચ મૃત્યુની અંતિમ ક્ષણોમાં. એમાં જ એના સુખદુ:ખની અનુભૂતિના આરસમહેલની કે ખડબચડી ભીંતો ઓગળી જાય છે. એ ક્ષણોની વચ્ચે આજે એક બીજી દીવાલ ઊભી થઈ જાય છે, અને તે લોકમાધ્યમોની. એની કલાનિષ્ઠા એ દીવાલોને ઓગાળી નાખે એવી જબરદસ્ત હોવી જોઈએ. તો જ લોકમાધ્યમોનો એની કલાને-પ્રચારદૃષ્ટિએ - ફાયદો થઈ શકે, નહીં તો નહીં!

## ૪. સાહિત્ય નિર્માણ અંગેની પ્રતિબધ્ધતા

### પ્રતિબદ્ધતા (commitment) અને સાહિત્ય

***– યશવંત ત્રિવેદી***

કવિ-સર્જકને પૂર્વમેધ તેની યુગચેતનાને પ્રગટ કરવાનો હોય છે અને તેના ઉત્તરમેઘ કલાસર્જનની અપૂર્વ તા સિદ્ધ કરવાનો હોય છે. 'ડાકઘર'ના અમલની જેમ ભાવકમાત્ર વિશ્વાસ હોય છે. તે સર્જકનો અનન્ય શ્રદ્ધાથી વિશ્વાસ કરતો હોય છે. ભાવકને શ્રદ્ધા હોય છે કે તેને કવિ-સર્જક પેલા 'રાજા'ની પેસ્ટઑફિસ સુધી - શાશ્વતી સત્ય-સૌંદર્યના પ્રદેશ સુધી તેને જરૂર લઈ જશે, કારણ કે જમાનાઓથી કવિ તેમને અનભિજ્ઞ લોકવિધેયક -unacknowledged legislator રહ્યો છે. તેમના વતી કવિ-સર્જક તેમની આખી યુગચેતનાને પ્રગટ કરવા પ્રતિબદ્ધ (commit) થશે તેવા તેમને વિશ્વાસ હોય છે. સાહિત્યકાર,તે જે જે યુગમાં જીવ્યો હોય છે તે તે યુગનો પડકાર ઝીલે છે અને ખૂબ લાંબી મથામણને અંતે એક અર્થપૂર્ણ સંવાદ રચે છે. એ મહાકાવ્યયુગમાં જીવ્યા હોય તો ત્યારના જીવનની મથામણને આલેખે છે, એ મધ્યકાલીન ભક્તિયુગમાં જીવ્યો હોય તો જ્ઞાનવૈરાગ્યને પિતાનું commitment ગણે છે. રાધા, કૃષ્ણ, રામ કે ઈશુને સંવેદે છે. એ ક્યારેક સૂફી-સંતોની જેમ અતિવાસ્તવના અર્ધ ચંદ્રાકાર ઝળાંઝળાં પ્રદેશના મર્મનું રહસ્યમય ઉદ્ઘાટન કરે છે તો કયારેક યુદ્ધોની બિભીષિકાઓથી કે ગુલામીના જુલ્મ તળે થથરતા પોતાના યુગની સંવેદનાને આલેખવા પ્રતિબદ્ધ થાય છે. માનવીના તરલ પ્રેમને, એની fleeting insights- ને, ભીતર ભજવાતા લેહીલથબથ કરુણ નાટકને એ આલેખે છે. ક્યારેક એ જીવનના અંશને આલેખવા પ્રતિબદ્ધ થાય છે; તો ક્યારેક સકલતાને આલેખે છે. આ વિશાળ અર્થમાં જેમ જીવનું બહારનું કંઈ હોતું નથી તેમ સર્જકની પ્રતિબદ્ધતા સિવાયનુંકોઈ સર્જન હોતું નથી. પણ હમણાં હમણાં સર્જનવિવેચનમાં ચલણી થયેલોcommitment શબ્દ ખાસ કરીને અસ્તિત્વવાદી વિચારણાના શબ્દકોશમાંથી આવે છે. એટલે પ્રથમ એ સંદર્ભમાં અને પછી જેટજેટલી અર્થવિસ્તારની શક્યતાઓ રહે છે તે રીતે તેને વિચાર કરીએ.

જીવન શા માટે મહત્ત્વનું છે એ કોઈ બાળક કે પ્રાણી માટે સમજાવવાનું કેટલું કપરું છે ! એવું જ કપરું છે કવિમાત્ર માટે સમજાવવાનું; કવિતા શા માટે મહત્ત્વની છે તે ! એ એની આંતરખેજમાંથી પરિણમતી અનિવાર્યતા છે એટલે અધ્યાયેય અને તર્કાતીત છે. એટલે કવિતાને-કલાકૃતિને-અનન્યતાથી જ અનુભવવાની રહે છે.

એનો અર્થ એ થયો કે કવિને કવિતા સિવાયનું અન્ય કશું જ commitment હોઈ ન શકે. કલાકારને માટે તેનું ચરમ લક્ષ્ય તેની કલાકૃતિ જ હોઈ શકે અને અન્ય કશું જ નહિ. આ કે તે વાદ, પક્ષ, પ્રચાર કે સમાજના અમુક સંદર્ભો નહિ, પણ અખિલાઈમાં (organic whole- માં) પ્રગટ થતી રચનાની અપૂર્વતા. આટલું સ્પષ્ટ થઈ ગયા પછી પ્રતિબદ્ધતા (commitment) વિષે કલાકૃતિના સંદર્ભે ગૂંચવાડા રહેશે

નહીં. એટલે એના પૂર્વમેઘનો આરંભ તો ઉત્તરમેઘની અંતિમ સિદ્ધિ માટેનું આરંભબિંદુ હોય છે, અને સર્જક આ આરંભબિંદુએથી વાસ્તવિકતા અને કથાનું-'બહારની ચીસ'થી અનેક શતકોટિ આંતર 'ચીસ-શાશ્વતી'ની પૂર્ણ નાટયાત્મકતા સુધીનું ગુંફન આરંભી દઈને કલાકૃતિની અપૂર્વતાની ક્ષણ સુધીની યાત્રા કરે છે.

વળી સર્જક કલાકૃતિ આલેખે છે ત્યારે તેનું શું ધ્યેય હોય છે ? નિરતિશય આનંદ સિવાય એ અન્ય કશાયને પામવા નીકળતો નથી. અને એ જાણે છે કે સર્જન કરીને કોઈને ઉગારી શકે તેમ નથી; પણ એ લખે છે એ જ કેટલું અનિવાર્ય છે ! સાર્ત્ર પોતાની લેખનપ્રવૃત્તિ વિષે લખે છે :

'Writing is my habit and it is also my profession. For a long while I treated my pen as a sword, now I realize how hopeless we are, I am writing; I shall write books. They are needed. Culture saves nothing and nobody, but it is a product of man.'

આમ લખવાની અનિવાર્યતામાંથી જ કલાકૃતિ સરજાય છે, ને છતાં સર્જક લખવા બેસે જ છે ત્યારે કોઈ ચોક્કસ નીતિશાસ્ત્રના સ્પષ્ટ નિયમ તેની પાસે હોય પણ છે. એમ કહેવાયું છે કે A word is a commitment. લેખક કંઈકલખે છે ત્યારે એ પ્રતિબદ્ધ (commit) થાય છે. તે તેની રચનાની વિસ્મયની ક્ષણોને સિદ્ધ કરે તે પહેલાં તે સ્વના અસ્તિત્વ (being) અને સત્-તા (reality) ને અનુભવતો વસ્તુને પૂર્ણતાથી પામવા મથે છે. અસ્તિત્વવાદી વિચારણા અનુસાર જીવનશીલતા (life) અને સત્-તા (reality) સમ-અંશી છે. આ reality એ જિજ્ઞાસુથી ભલે સ્વતંત્ર હોય, પણ અંતે જ્ઞાતા અને જ્ઞેય જ્ઞાનોપાર્જનની પ્રક્રિયામાં એકરૂપ થઈ જાય છે, દરેક વ્યક્તિ પોતાની ચેતનાના અમુક અંશે સત્-તાને ઝીલે છે, કારણ કે અસ્તિત્વ એ પોતાનો private અનુભવ છે. એટલે being-ની પૂર્ણ સભાનતા એ સત્-તાનો જ અમુક ખંડ છે. આ સર્વનો (essences) વર્ણનાત્મક સિદ્ધાંત એ જ phenomenology, એમ હસેર્લ માને છે. આપણને આભાસોમાં essenceનું જ્ઞાન થાય છે. ફીનોમીનોલોજી એ ચૈતન્યની આંતરસામગ્રીનું વિજ્ઞાન છે. મનુષ્ય-ચિત્તને ગ્રાહ્ય બનતા પદાર્થોનાં સ્વરૂપ ચેતનાના સ્વરૂપથી આકારાય છે. સત્ત્વ અને અર્થ બેઉનું આધાર કેન્દ્ર માનવીનું ચિત્ત જ છે.

ભારતીય તત્ત્વમીમાંસાએ ચિત્તની ત્રણ અવસ્થાઓની ઝીણવટભરી તાત્વિક દષ્ટિએ તપાસ કરી છે. ઈશ્વર-અધ્યાત્મ વગેરેને લગતી પારમાર્થિક સત્તા, દેખાય છે તે (real) જગત સાથેની વ્યાવહારિક સત્તા અને સ્વપ્રઆદિની પ્રાતિભાસિક સત્તા.

તત્વચિંતક હસેર્લ માને છે કે ચેતના પરલક્ષી છે. તે Transcendental Ego (સાક્ષીભૂત અહમ્) ને સ્વીકારે છે. ચેતના વિષયને ઈંગિત કરે છે અને એટલે શુદ્ધ અનુભવ માટે વસ્તુઓને પણ અભ્યાસ કરવો જોઈએ. જોકે સાર્ત્ર 'સાક્ષીભૂત અહમ્'ના સિદ્ધાંતને સ્વીકારતા નથી. એ માને છે કે ચેતના નિરપેક્ષી અને વિ-વૈયક્તિક છે. ચેતના અહમના કેન્દ્રમાં બહુ થઈ જઈ શકે નહીં. ચેતના બિલકુલ પારદર્શક છે અને અસ્તિત્વ સાથે અનુસંધાયેલી છે એટલે being અને reality- થી ભિન્ન તેનો અભ્યાસ થઈ ન શકે. એટલે ચિત્તનો ઉપર જણાવેલી ત્રણ સત્તાઓ સાથેના વ્યાપાર ચેતના દ્વારા થાય છે. આ ચેતના વ્યાપાર વખતે જ્યારે લેખક મનન કરે છે ત્યારે તેને અહમ્નું ભાન થાય છે. જ્ઞાતા,જે જ્ઞેય છે તેને લાગણી,આંતરપ્રેરણા,કલ્પના વગેરેથી પામે છે. જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાં intuition-નું ખૂબ મહત્તવ છે એટલે તર્કાતીત છે; તેથી image (કલ્પન),symbol (પ્રતીક) કે અન્ય અલકારા દ્વારા અનુભવને પ્રગટ કરવાનો રહે છે. અનુભવને વિશાળ અવકાશ રચવા કલ્પન અને પ્રતીકો ઉપરોગી નીવડે છે અને એટલે ભાષાનું પ્રવાહી રૂપ આ અનુભૂતિઓને બળવાન રીતે પ્રગટ કરે છે.

કદાચ આધ્યાત્મિક્તાની કટોકટી, સામાજિક ઉકેલો શોધી શકવાની અસમર્થતા ઈશ્વરની ગેરહાજરી, ધર્મમાં અશ્રદ્ધા, આંતરિક શૂન્યાવકાશ, બ્રેતોંએ કથેલી મૂળનેન પામી શકવાની નિરાશા, અર્થરિક્તતાને લીધે પ્રજા સુધી ભાવસંક્રમણ પહોંચાડવાની દહેશત, મૂલ્યવિનાશ વગેરે બધું વીસમી સદીના સાહિત્યકારને મૂંઝવે છે. અગાઉ રોમૅન્ટિક સ્કૂલના સર્જકને આશ્વાસન હતું કે કલ્પના (imagination) એ તેમના કવિચિત્તની બળવાન પ્રવૃત્તિ હતી. વળી આ ચિત્ત આધ્યાત્મિક શક્તિનું અધિષ્ઠાન પણ હતું. બ્લેકે (Blake) તો ફિરસ્તાની જેમ કહ્યું હતું :

'This World of Imagination is the World of Eternity; it is the divine bosom into which we shall all go after the death of the vegetated body. This World of Imagination is Infinite and Eternal....'

આમ બ્લેકને મન કલ્પના એ ઈશ્વરથી ઓછું કશુંયે નથી. એટલે કલ્પનાથી થયેલું કંઈ પણ સર્જન દેવી હોય છે, અને કલ્પનામાં મનુષ્યના દૈવી સ્વભાવને પૂર્ણપણે અને અંતિમતાએ સાક્ષાત્કાર થાય છે.

પણ નિત્શેએ ઈશ્વરના મૃત્યુની જાહેરાત કરી. બૅકેટે ઈશ્વરને Ex-absentia-માં જોયો. પરિણામે ઈશ્વરની ઈચ્છા મુજબ જીવનક્રમ ગોઠવવાના દેવી આદેશનું અને નિયતિવાદનું આશ્વાસન વીસમી સદીમાં રહ્યું નહિ. ઈશ્વર નથી તે મનુષ્યની જવાબદારી ઊલટી વધે છે એમ સાત્રે કહ્યું. અને એટલે સ્વાભાવિક રીતે વીસમી સદીનું સાહિત્ય તત્ત્વતઃ એકાકીપણાનું અને હતાશાનું સાહિત્ય છે.

આજનો સર્જકભલે જંગલમાં અટવાઈ પડ્યાની ગ્લાનિ અનુભવતા હોય પણ એ સર્જે છે માનવતાવાદી સાહિત્ય. તેના સાહિત્યમાં કેન્દ્રસ્થાને માણસ જ રહે છે. માણસની વિવિધ અવસ્થાઓનું તેમાં નિરૂપણ છે. માણસના સંબંધો ખરડાયેલા હોય છે એમ સાર્ત્રે ભલે કહ્યું, પણ સાહિત્યકાર આ માનવીય સંબંધોના નિરૂપણને જ મહત્ત્વ આપે છે. કામુ તેની કલાકૃતિઓમાં મનુષ્યના મનુષ્ય સાથેના સંબંધને, તેની અસહાય પરિસ્થિતિઓને આલેખે છે. 'આઉટસાઈડર'માં મોરસો માનવસંબંધને જુદે જુદે કેન્દ્રે ઊભો રહીને એક જુદા જ પ્રકારની અનાસક્તિ સિદ્ધ કરે છે. બૅકેટ તેની Imagination Dead Imagine નામક અણુનવલમાં happiness is elsewhere એમ કહીને તેના કેન્દ્રમાંય નર-નારીના અર્ધવળેલા દેહ અને તેની વિવિધ પરિસ્થિતિઓનું આલેખન કરે છે. સાર્ત્ર તેમનાં પાત્રોને વસ્તુઓના આસ્તત્વ સામે (દા.ત. એન્ટની રોકેન્ટીનને), જાતીય વિકૃતિઓને સંબંધ (ડેનિયલ), રાજકારણને સંબંધે (બુટ), આત્યંતિક પરિસ્થિતિઓને સંબંધે (મેથ્ય), માનવસ્વાતંત્ર્યની સમસ્યાને સંબંધે (જ્યુપિટર અને એરેસ્ટિસ), નીતિમત્તા અને માનવસંબંધોના સંદર્ભે (ગેઝેટને) નિરૂપે છે.

સાર્ત્રકહે છે કે Poets are men who refuse to utilize language. કવિ ભાષાને સાધન લેખે ઉપયોગમાં લેતા નથી. શબ્દો તેને માટે the things છે, સંકેત નથી. ગદ્યના લેખક માટે ભાષા tamed છે, જ્યારે કવિની ભાષા ભરાડી પ્રાણી જેવી મુક્ત છે. શબ્દો કવિતામાં concrete રૂપ પામે છે. કવિ ભાષાને નવું રૂપ આપે છે, એ તેને વાપરતો નથી. ઈશ્વરની માફક કવિ ભાષાને જુએ છે. રિલ્કએ પણ inseeing અને heartscape વિષે લખતાં, ઈશ્વર કોઈક કેન્દ્ર પંખીને સરજીને દૂરતાથી પછી પંખીની પંખી-તાને તટસ્થતાથી જુએ છે તે રીતે કવિ જુએ છે એમ કહ્યું હતું. કવિતામાં આનંદ સિવાય અન્ય કોઈ હેતુ નથી એમ સાર્ત્ર માનતા લાગે છે.

સાર્ત્ર એમ માને છે કે ગદ્યલેખક કવિની તુલનામાં, ભાષાનો ઉપયોગ કરે છે. ગદ્યની ભાષા ex-change- ની અને પારગામી છે. શબ્દો the things નથી, ચિહ્યો છે. એટલે ગદ્યલેખક સંડોવાયેલે (involved) અને enganged હોય છે. તેણે મૂલ્યાંકન કરવું પડે છે. તેણે નિર્ણયો લેવા પડે છે. ખાસ કરીને સાર્ત્રની સાહિત્યવિચારણાને વિલિયમ બારેટે 'mode of action'કહી છે. આ કાર્ય-ઉન્મુખતા સાર્ત્રની સાહિત્યમીમાંસાના કેન્દ્રમાં રહેલું તત્ત્વ છે. What is literature? (૧૯૭૪) નામના એમના દીર્ઘ લેખમાં એમણે ઝીણવટથી સાહિત્યમીમાંસા કરી છે. શૈલી વિષે તેઓ કહે છે કે લેખક બે પ્રકારની શૈલી પસંદ કરે છે. એક તો એ કે એ કયા વિષય પર લખશે અને બીજી : કઈ રીતે લખશે તે. સારા લેખકો શૈલી કરતાં વિષયને મહત્ત્વ આપે છે એમ તેઓ માને છે એ અલબત્ત, ચિત્ય છે. જોકે અહીં પ્રતિબદ્ધતા વિષે એમને સંકેત સ્પષ્ટ થાય છે, અને એટલે જ તેઓ વિષયને મહત્ત્વ આપવા પ્રેરાય છે. ગદ્યસાહિત્યની એમની માન્યતા પ્રતિબદ્ધતાની અને validation of literature- ની છે, તે નીચેના તેમના વિવેચક Benjamin Suhl- ના વિધાનથી જોઈ શકાશે :

પ્રત્યક્ષ અનુભવમાં observer નું (નિરીક્ષકનું) નહિ પણ વસ્તુનું મહત્ત્વ છે. જ્યારે સર્જનપ્રક્રિયામાં સર્જકનું મહત્ત્વ છે; કારણ કે સર્જક કલ્પનાથી વસ્તુ નું સર્જન કરે છે, સર્જક પિતાની આંતરિક્તાથી દૂર રહેતો નથી. સર્જકને કલાકૃતિના અનુષંગે માત્ર અતીત જ હોય છે. લેખક અન્ય માટે લખે છે એટલે સાહિત્ય એક appeal છે. ભાવક અને લેખક બંને એકબીજાના સ્વાતંત્ર્યને સ્વીકારે છે એટલે કેઈ પણ

સર્જન માનવસ્વાતંત્ર્યના અધિષ્ઠાનરૂપ છે. ઘોર નિરાશા કે નિબિડ ભીંસ પ્રગટ કરતું સાહિત્ય પણ અંતે તો આશાવાદી હોય છે. આ મત પ્રમાણે આપણે 'Uncle Tom's Cabin'માં કે 'Spartacus'માં ગુલામો પર થતા જુલ્મનાં ચિત્રણોથી થથરી ઊઠીએ છીએ છતાં અંતે મુક્તિ માટેની અદમ્ય અભીપ્સા સાથે તેનું સમાધાન મેળવી શકીએ છીએ. સાર્ત્રની 'આશાવાદી' -તાની વ્યાખ્યા એટલી બધી વ્યાપક છે કે આપણે એમિલ ઝોલાની વેશ્યાજીવનની નવલકથા 'નાના'ને પણ એક જુદા જ સંદર્ભમાં આશાવાદી ગણી શકીએ; જે અર્થમાં માદામ બોવરીના રખડુ પાત્રના વિનાશ દ્વારા આપણે માનવમાત્ર માટે ઉગારનો બોધપાઠ સારવી શકીએ તેમ.

સાર્ત્ર માને છે કે પાત્રોને ગુણદોષથી કે નીતિવાચક વિશેષણોથી મૂલવી શકાય નહિ. અસ્તિત્વવાદી સાહિત્ય માટે પાત્રોના ચારિર્ત્ય પર આધારિત તેમના વર્તનને મનોવૈજ્ઞાનિક રીતે મૂલવવાનું અનુકુળ નથી. તે માને છે કે વ્યક્તિમાત્રનું મૂળભૂત સ્વાતંર્ત્ય કેઈ જડબેસલાક ચરિત્રવિધાનના ચોકઠામાં બેસાડી શકાય નહીં. ચારિર્ત્ય static નથી. મનુષ્ય મુક્ત પસંદગીથી પોતાના જીવનનું ગમે ત્યારે પરિવર્તન કરી શકે છે. વળી વિશિષ્ટ પરિસ્થિતિઓના સંદર્ભે કેટલીક નવી શક્તાઓ જન્મે છે એટલે અસ્તિત્વવાદી સાહિત્યમાં મૂળભૂત જીવનસંદર્ભો પ્રગટ થવા જોઈએ. પરિસ્થિતિઓ એકસરખી જ હોય છે અને માણસ તે નિમિત્તે કઈ રીતે જવાબદારીપૂર્વક નિણ કરે છે તે અતિશય મહત્ત્વનું છે. એટલે સર્જક પણ કેટલીક જવાબદારીઓ ઉપાડે છે તે દેખીતું જ છે. તે સમાજની ચેતનાને જાગૃત કરવા પ્રતિબદ્ધ (commited) થાય છે અને તેને કાર્યરત કરે છે. જગતને સમજવાની મથામણ તો ફિલસૂફો કરે જ છે, પણ સર્જકને શિરે તેમાં પરિવર્તન લાવવાની જવાબદારી છે. કામુ, સાર્ત્ર વગેરે લેખકો સાહિત્યસર્જન દ્વારા સત્ય અને મુક્તિ ઝંખે છે. સાર્ત્રની રચનાઓમાં સાર્ત્રની જીવનવિષયક વિચારણાઓનોબુલંદ પ્રતિઘોષ છે. વિશ્વવાત્સલ્યની ભાવનાથી પ્રેરાઈને રવીન્દ્રનાથે 'ગોરા'નવલકથા આલેખી હતી, ગટેએ 'પ્રોમિટ્યુઅસ અનબાઉન્ડ'માનવીયસ્વાતંર્ત્ય,અગ્નિ અને પ્રકાશની ઝંખનાથી અભિભૂત થઈને આલેખ્યું હતું. વળી માનવીએ પોતે જ સરજેલી દીવાલ તોડી પૂર્ણ મુક્તિની ઝંખનાથી પ્રેરાઈને રવીન્દ્રનાથે 'ડાકઘર'કે એલિયટે 'મર્ડર ઈન ધ કેથીડ્રલ'કે 'ફોર કવાર્ટે ટ્રસ'ની રચના કરી હતી. ઇબ્સનનાં નાટકો; પણ સંબંધોની દીવાલ તોડવા મથે છે. 'સરસ્વતીચંદ્ર' પણ આ અર્થમાં 'કમિટેડ'નવલકથા ગણાવી જોઈએ, કારણ કે તેના કર્તાનો આશય તેના દેશનું, સંસ્કૃતિ-ત્રયના સંગમસ્થાને, કલ્યાણ કરવાનો હતો. શરદબાબુના દેવદાસ પણ committed છે અને છેલ્લે પાર્વતીને મળવા જવા તૈયાર થાય છે. ૨.વ. દેસાઈની નવલકથાઓ 'ભારલે અગ્નિ'અને 'દિવ્યચક્ષુ', બંકિમબાબુની 'આનંદમઠ'પણ આ સંદર્ભમાં 'કમિટેડ'નવલકથાઓ છે. અત્યાર સુધીની સાહિત્ય-વિભાવનામાં લેખકની પ્રિય ભાવનાઓ સમાં નિરૂપાતાં પાત્રોને આપણે કઠપૂતળાં કહ્યાં કરેલાં તે પ્રથમ વાર નવેસરથી મૂલવવા તૈયાર રહેવું પડશે. હેઝલ બાર્ન્સનો મત તો એવો છે કે કોઈ પણ બળવાન સર્જક પોતાની રચનાઓમાં તેનું વિશિષ્ટ જીવનદર્શન મૂર્ત કરે તો તે વાજબી ગણાવું જોઈએ. આ રીતે અસ્તિત્વવાદી વિચારણા માનવીય પરિસ્થિતિઓનું આલેખન કરતા સર્જકને committed ગણે છે. વ્યક્તિ અને સમાજના સંદર્ભે સર્જક ચેતનાની તીવ્રતમ ક્ષણે આંતરસંઘર્ષ અનુભવે છે ત્યારે તે સમાજ અને કુદરતથી વિખૂટો પડી ગયો છે તેનું તીવ્ર ભાન અનુભવે છે. આ એકાકીપણું Absurd School-ના લેખકોએ સઘનતાથી આલેખેલું છે. માણસ કઢંગો છે. તે અન્ય સંદર્ભોને તર્કબદ્ધ સાચવી શક્તો નથી. realityસાથે તે eventful તાળા મેળવી આપી શકતો નથી અને એટલે જ તે nonsense તરફ આકર્ષાય છે એટલે ઈયોનેસ્કો, બૅકેટ, આદમોવ વગેરેનાં નાટકોમાં કરૂણ માનવીય પરિસ્થિતિનું નિરૂપણ આપણને મળે છે. ડબલ્યુ બી. યેટ્સને , આ માનવીય પરિરિથતિની ગંધ ઘણી વહેલી આવી ગયેલી એટલે એમણે તારસ્વરે ખવાઈ રહેલા કેન્દ્ર વિષે ચિત્રકાર પ્રગટ કર્યો છે :

એલિયેટે પણ મનુષ્યના ખાલીપણા, યુદ્ધ પછીની ભીંસ, થાક, નૈરાશ્ય વગેરેને The Hollow Men, The Waste Land, Ash Wednesday -અને અન્ય કાવ્યોમાં પ્રગટ કર્યા છે. The 'Waste Land'નો ઉઘાડ જ એ ભીષણતાના ઓથારથી શરૂ કરે છે :

April is the cruellest month, breeding

Lilacs out of dead land, mixing

Memory and desire, stirring

Dull roots with spring rain.

માનવી પીડા લઈને જન્મે છે, પીડા ભોગવે છે અને પીડા લઈને વિદાય લે છે. એટલે તે એલિયટ ફરી અહીં આવવાની જ ના પાડે છે :

Because I do not hope to turn again

Desiring this man's gift and ....

(Ash Wednesday)

કારણ કે મનુષ્ય તો પોતાના કેન્દ્રમાંથી જ દેશનિકાલ છે. તેની વ્યથા આ જ કાવ્યના ચતુર્થ અંશમાં એલિયટ સઘન નાટયાત્મકતાથી આલેખે છે :

Redeem the time, Redeem the dream.

The token of the world unheard, unspoken

Till the wind shakes a thousand whispers from the yew And after this our exile

તો યંત્રોએ માણસને ચગદી નાંખ્યો છે. યંત્રસંસ્કૃતિના ખખડાટ તળે માનવી ગૂંગળાવા માંડ્યો છે. તેની પાસે હવે પોતાની identity પણ રહી નથી. તે ટેળામાં ચહેરા ભૂસીને ચાલવા માંડ્યો છે. હવે તમે સરલાને તરલા કહો તો તેની identity- માં કશો ફેર પડતો નથી. માણસ proxy- થી જીવી શકે છે. ઈયોનેસ્કોએ તો ત્યાં સુધી નાટકમાં કરુણ કટાક્ષથી કહ્યું કે તમે પતિ-પત્ની હો તે પણ એક proxy છે. તમને જ્યારે ખબર પડે છે કે હવે તમે પતિ-પત્નીનથી ને કોઈ અન્ય છે તે ક્ષણે તમે એ પણ સ્વીકારી લો છે. કોઈ પણ ક્ષણઆપણને આનીઅવેજીમાં તે તરીકે જીવતાકરી શકે છે.આપણે જીવનને અસ્તિત્વને કોઈ અર્થઆપી શકતા નથી. આપણને આપણે ઉગારી શકતા નથી. માણસ અન્ય માણસનાસંબંધે અનાત્મીકરણ અનુભવે છે.The Woman in the dunes- માં કોબોઆબે (Kobo Abe) એ તીવ્રતાથી મા અનામીકરણને વાચા આપી છે.

માણસ કિનારે જીવડાંની જાતે વિષે અભ્યાસ કરવા ગયો ને ઊંડાગાળેલા કૂબામાં તેને ફસાવી દેવામાં આવ્યો. ફકત એક સ્ત્રી જે તેની સંગાથિની છે તે અને આ પુરુષ, એમને ઝનૂનથી દાટી દેવા ધસી રહેલી રેતીનો સતત સામનો કરવા મથે છે. પણ આ માણસ માત્ર રેતીના કૂબાનો જ નહિ, પણ ત્યાંના નિર્દયગામડિયાઓનો પણ કેદી છે. વળી પેલી સ્ત્રીની પ્રબળ જાતીય વૃત્તિ તેને માટે એક અન્ય પ્રકારની કેદ છે. આવાં અનેક પ્રકારનાં બંધનો અને ભય તેને લગભગ પ્રાણીની કેટીએ ધકેલી દે છે. આ માણસ બાકીનાં પાત્રો સાથે અનાત્મીકરણઅનુભવે છે. લેખકે તેની તૃષાના પ્રસંગનું વર્ણન કરતાં લખ્યું છે (પૃ.૮૬) તે અક્ષરશઃ માણસ માટે સાચું છે : 'જાણે કે એ પાંચીકા પીતો હોય તેવું તેને લાગતું હતું.'નવલકથાના અંતે notification of missing personમાં તેનું નામ નિકિ જુમ્પી ફાઈલ કરવામાં આવ્યું છે. અને છેલ્લે જજમેન્ટમાં કોર્ટ ઑવ ડોમેસ્ટિક રીલેશન્સના જજે લખ્યું છે :

Niki íLkumpei is hereby declared missing.

આઈડન્ટિટી ખાઈ ચૂકેલા માણસની હલાવી નાખે તેવી વ્યથા કોબો આબેએ અહીં આલેખી છે. animality-ની હદ સુધી Niki íLkumpie પહોંચી જાય છે. તેવી જ રીતે કાફકાની Metamorphosisમાં તેનો નાયક પોતાને એક જીવડામાં રૂપાંતરિત થતો જુએ છે. ગ્રેગોર સામસા વાર્તાનો ઉઘાડમાં જે સ્વપ્નમાં જુએ છે : As Gregor Samsa awoke one morning from uneasy dreams he found himself transformed in his bed into a gigantic insect -તેનું confirmantion વાર્તાને અંતે સિદ્ધ થવાનું છે : And it was like a confirmation of their new dreams and excellent intentions that at the end of their journey their daughter sprang to her feet first and stretched her young body.

[જોકે આ સદીના સાહિત્યમાં ચહેરા વગરના માણસને જોઈજોઈને હવે વાચકે કંટાળી ગયા છે એમ એક

સાહિત્યિક મિત્રે કહ્યું હતું. એમણે મજાક કરતાંકહેલું કે હવે સાહિત્યકાર મોં માથા વગરના કબંધ (રામાયણનું પાત્ર) નોમોક્ષ કરે તો સારું !]

આ 'અનામીકરણ'નું મૂળ તો યંત્રસંસકૃતિમાં પડયું છે. નિઃસહાયદરિદ્ર અવસ્થાઓએ દોસ્તોયેવ્સ્કીને 'ક્રાઈમ ઍન્ડ પનિશમૅન્ટ' લખવા પ્રેર્યો હતો. આપણો યુગ જાણે 'ક્રાઈમ એન્ડ પનિશમૅન્ટ'ના ભયાનક પડછાયામાં જીવે છે. માણસ હવે સલામત નથી. માણસે એક એવો રાક્ષસ ઊભો કર્યો છે જે દર ક્ષણે તેને કૂવામાં દોરડું બાંધીને ઉતાર્યા કરે છે અને અટ્ટહાસ્ય કરે છે. લોકોએ અમેરિકા ગયા પછી ત્યાંના ભીષણ ઓથારમાં જે કવિતાઓ લખી તે Poet in New Yorkને નામે પ્રગટ થઈ છે. નવી કારમી વાસ્તવિકતાને લોકો આ રીતે અનુભવે છે :

1. the extra human architecture એટલે કે the furious thythm of geometry and anguish તરીકે અને
2. Total eniptiness જે પડછાયા, એકલતા, વિરહ, સ્વપ્નિલતા, અનિદ્રા, મૃત્યુ વગેરેમાં પ્રતીત થાય છે.

   હવે આંખોમાં ઊંઘ જ કયાં છે ? કે કેવી રીતે અહીં સુઈ શકે ? 'Unsleeping City'નામના એક કાવ્યમાં એ કહે છે :

No sleep in the sky, nobody, nobody
no one lies sleeping.

આકાશમાં જિપ્સીની જેમ દોટ દેતો ચંદ્ર ધરતી પરની ચીજવસ્તુઓને અજવાળતો ભાગી રહ્યો છે. પણ તેની શુન્ય આંખે કશું જ જોતી નથી. આ ખાલીખમપણા વિષે લોકો'Nocturne of the Void'માં કહે છે :

To see how all passes,
the void and the vesture to-gether,
give me your gauntlet of moonlight,
and that other glove, lost in the grass,
oh my love !
.. .. .. .. .. ..
See how the shapes of concretion seek out their vacancy

શુન્યતામાં કેરાવાનો આ અનુભવ છે.

લેહી ઝરતા મનુષ્યને લોર્કાએ એટલા જ લોહીના પ્રપાતથી અને કરુણાથી આલેખ્યો છે.

બોદલેરે Tableaux Parisiensનો પારિ(સ)ના નગરજીવન પરનો કાવ્ય ગુચ્છ આલેખ્યો છે. વાર્તાકાર ગાય દ મોપાસોએ પારિ(સ)ની ગટરોની વાર્તાઓઆલેખેલી; બોદલેર તેની ગલીઓ અને કોલાહલોતે આલેખે છે. નગરસંસ્કૃતિ આડો આંક વાળી દીધો છે ! (એટલે તો આપણા કવિ શ્યામ સાધુએ નગરને 'સાલું નગારું'કહી નાખ્યું છે.) માણસ પારિમાં સાંજ ઢળે ને ઘાતકી પશુ બની જાય છે તે વિષે બદલેર લખે છે :

Man turns to a beast of prey and and start to rove.

બસ આ જ પ્રતીકને બદલેર તેની સમગ્ર કાવ્યયાત્રામાં વિકસાવે છે.

બોદલેર પછી બરાબર સો વર્ષે નિરંજન ભગતની નગરજીવનની કવિતાઓનું -ગુચ્છ 'પ્રવાલદ્વિપ' માં મળે છે. ગુજરાતી કવિતામાં તો પ્રથમ વાર શહેરી જીવનના રૂંધામણની આટલી બધી કવિતાઓ મળે છે. સિમેંટ, કાચ, કોંક્રીટ વગેરેથી ખડા થયેલાં તોતિંગ મકાનના જંગલને નિરંજન કોઈ રાક્ષસનાં ફળેલાં સ્વપ્નબીજ સાથે સરખાવે છે. એકવેરિયમ, ઝૂમાં અને મ્યુઝિયમમાં સિંહને જોઈને લખેલી બે રચનાઓમાં મનુષ્યસભ્યતાએ જે બનાવટી મહોરાં પહેર્યા છે તેની કડક સમાલોચના સાથે કરુણ અનુભૂતિ પ્રગટ કરે

છે. ‘ફાઉન્ટનના બસસ્ટોપ પર’તો જમ્બર માનવી વ્યથાનું કાવ્ય છે. મનુષ્યની ‘આજ’ મરી ગઈ છે. તેની શોકસભામાં જાણે એકઠો થયેલો આ માનવસમુદાય છે-ને ‘સમુદાય’ નહીં પણ પાપત્રસ્ત, શાપગ્રસ્ત, નામહીન ટોળાં છે. એક દિવસ ડૂબી જનારા વહાણના આ સહુ મુસાફરો છે- અરે આ આખો ટાપુ જ તો ડૂબી જવાનો છે ! ‘સમસ્ત દ્વીપ આ કદીક તો થશે સમુદ્રમાં બલિ,’ -નિરંજને છિન્નપ્રાય નગરસંસ્કૃતિમાં વસતા મનુષ્યની યાતનાને ભારે કટાક્ષ-કાકુઓથી પ્રગટ કરી છે.

કાલ સેન્ડબર્ગનું મન સૌથી વધુ આકર્ષાયું હતું : ‘અમેરિકન માણસ’ તરફ. એની વિષમતા અને યાતનાઓને એ કાવ્યવિષય બનાવે છે. સેન્ડબર્ગમાં આ બધાં દુ:ખો, પરિતાપો, યાતનાઓ અને દૂષણોની અનુકંપાભરી અભિવ્યક્તિ છે અને એટલે તે આ માનવસમાજને અંતઃકરણપૂર્વક આવકારે પણ છે. યંત્રસંસ્કૃતિથી છિન્નવિછિન્ન થયેલા માનવીની હૃદયવ્યથા તેણે Mag નામના કાવ્યમાં આલેખી છે. આ શહેરમાં હવે માણસને રહેવાની જગ્યા કયાં છે ? શહેરમાં તો પૈસાને લીધા-દીધાને - જંગી નફાનો- કાળા બજારનો અજગર ભરડો મારીને પડ્યો છે ! ‘Chicago’નામના એમના અતિ જાણીતા કાવ્યમાં સેન્ડબર્ગે ‘અમેરિકાનોચહેરો એટલે શહેરનો દુષ્ટ, ઘાતકી અને પાશવી ચહેરો’એમ કહીને વેદના ઠાલવી છે. એમની ‘The Windor City’કવિતામાં એમણે મનુષ્યની લાગણીઓને દાટીને તેના પર ખડા થયેલા સ્કાયસ્ક્રપર્સના ભસ્માસુર જેવા શહેરનું ઉત્તમ દૃશ્યરૂપ આપ્યું છે.

‘The hands of men took hold and tugged

And the breaths of men went into junk

And the junk stood up into skyscrappers and

Asked Who am I? Am I a city?’

આ તોતિંગ રાક્ષસી સ્કાયસ્કેપર્સ તને ગૂંગળાઈ ગયેલા પ્રેમાર્દ્ર જીવનની ચીસ ‘મેગ’માં સંભળાય છે. અહીં સેન્ડબર્ગને અવાજ સામાન્ય અમેરિકન પ્રજાજનનો ચિત્કાર છે. પ્રિયતમા અને પછી પત્ની બનેલી મૅગને એ આખાયે કાવ્યમાં કરણાથી સંબોધી રહ્યો છે. ઔદ્યોગિક સમાજ અને રોજબરોજના જીવનમાંથી જ સેન્ડબર્ગ શેષણ, સ્થળાંતર, સ્ટીલ, સ્કાયસ્કેપર્સ, ઍમ્બુલન્સ, ફાયરબ્રિગેડ, કપડાં, કોલસા વગેરે પ્રતીકો શોધી લે છે.

વીસમી સદીના ઘણાય સર્જકોએ આ રીતે માનવીય હતાશાને પ્રગટ કરી છે અને ત્યારે ત્યારે તે પ્રતિબદ્ધ પણ થયો છે. કોન્સન્ટ્રેશન કેમ્પમાં રહેલા જર્મનીનાબે કવિઓ બીનેક અને બોબ્રોવ્સ્કીએ માનવીય બર્બરતાને આલેખતાં અને છતાં મનુષ્યની સહનશીલતાના ગૌરવને બિરદાવતાં કાવ્યો લખ્યાં છે.

એકવીસમે વર્ષે પચીસ વર્ષની કૅાન્સન્ટ્રેશન કેમ્પની સજા પામનાર અને પૂર્વ જર્મનીમાંથી ઊંચકાઈને સાઈબિરિયાની નિજનતામાં ફેંકાઈ જનાર બીનેક અચાનક વચ્ચેથી જ સજામુક્ત થઈ જ્યારે પાછો આવે છે ત્યારે એ કેવો માણસ છે-

There is only one alphabet left:

Pain

બીનેક લખે છે : I did not choose the themes of my poetry, they were forced upon me. જેલવાસ એ જ એના કાવ્યનું વિષયવસ્તુ છે. સાઈબિરિયાની જેલમાં રહીને યાતના ભોગવતાં તેણે કાવ્યો લખ્યાં છે -જ્યાં માણસ માત્ર પદાર્થ બની જાય છે, મૂલ્યહીન, અનામ અને કશાયની પણ અવેજીમાં ચાલી શકે તેવો. તેની કવિતામાં આવતો ‘હું’એ પોતે છે પણ પ્રગટ થતો અનુભવ વીસમી સદીના કૅન્સન્ટ્રેશન કૅમ્પમાં સબડતા લાખો મનુષ્યોને છે.એના જે બાંધીએ જે ભ્રાતૃહીનતા આચરી છે તે વિષે એ કરુણુ કટાક્ષથી લખે છે :

“They drove us out

on nights when the moons died..

Who among you, the living, can say

that he saw us ?

Who among you, the dead, can say.

he recongnised his brother ?"

એકાદ દાયકાની કાવ્યસાધના પછી બીનેક એવે તબક્કે આવી પહોંચે છે જ્યાં શબ્દોને એ કવિજિહ્વા પર ફાંફાં મારતા અનુભવે છે. હવે એને ભાષા જ શંકાસ્પદ, તકઅવલંબી લાગે છે. દરેક શબ્દને પિતાના અનુભવ સામે કોટી કરવા જેવો લાગે છે. નીચેની પંક્તિઓમાં તેણે ભાષાનો અપૂર્વ ઉપગ કર્યો છે. They say-ના પ્રલંબ કાકુઓ તેના યુગ સોંસારવા યાતનાના હજારો આવર્તનો રચ્ચે જાય છે તે આપણે અનુભવી શકીએ છીએ:

they say bread and work

they say atonement punishment

they say death and tundra

they say and they say....

નિગ્રો કવિ સેઝેરે Return to My Native Land-માં નિગ્રોપ્રજા ફરતી ગોરા લોકોએ ખડી કરેલી ગુલામીની ભીંસ વિષે યાતનાપૂર્ણ લખ્યું છે. એમે સેઝેરે(aime'Ce'saire) કેરીબિયન પ્રવૃત્તિ અને આફ્રિકન મુક્તિસંગ્રામનો આદોલનકાર છે. ફ્રેન્ચ સંસ્થાનના માર્ટિનિકમાં એનો જન્મ થયો હતો. તેના પ્રથમ સંગ્રહ Cahier ૧૯૩૮માં બહાર પડ્યો ત્યારે આન્દ્રે બ્રેતોંએ ઉદ્દગાર કાઢયા હતા : 'nothing less than the greatest lyrical monument of this time.'ગોરાઓએ કાળાઓ પર જે દમન કર્યું છે તેના પ્રબળ પ્રતિકારની આ કવિતા છે. એ અત્યંત વેદનાથી કહે છે કે જ્યારે રેડિયે ખુલ્લો મૂકીને સમાચાર સાંભળું છું કે અમેરિકામાં નિગ્રોને રહેંસી નાખવામાં આવ્યા છે ત્યારે હું એમ કહું છું કે હિટલર કદી મર્યો જ નથી.

અ. સા. ૬

અહીં તો ફ્રેંચ સંસ્થાનમાં શેરડીનાં ખેતરોમાં ગુલામોની જેમ કામ કરતા પોતાના બાંધવોની યાતનાઓ વિષે તારસ્વરે આલેખે છે.ગોરાઓને મન આ નિગ્રા કેવા છે તેનું ચિત્ર આપે છે :

'(nigger-are-all-the same, I tell you

they-have-every-vice-every-conceivable-vice,

I'm telling you that

nigger-smell-makes-the-cane-grow

it's like the old saying :

beat-a-nigger-and-you-feed-a-nigger)'

છેક મોઝીઝ (Moses) ના સમયથી મનુષ્યે ગુલામે પ્રત્યે આ જ નિર્દયતા કરી છે ! Ten Commandments- નો યુગ હોય કે Return to My Native Land-નો યુગ હોય; મનુષ્યની અંદર રહેલા પશુને હજી એવો ને એવો છૂટો દોર મળી જાય છે. આ બીભત્સતાની સામે સેગેરે કે મેઝીસી કુનન જેવા કવિઓએ આજીવન લડવું પડે છે -પ્રતિબદ્ધ થવું પડે છે.

પાસ્તરનાક અને સોલ્ઝેનિત્સિનની નવલકથાઓ 'કમિટેડ'છે. 'ડો. ઝિવાગે'એ પોતાની યુગ-ચેતનાનું સાક્ષીકર્મ છે. સર્જક સત્ય આલેખ્યા સિવાય રહી શકતા નથી. એને અન્યાયનો સામનો કર્યા સિવાય ચેન પડતું નથી. આ unrest-માંથી 'ડો. ઝિવાગે' રચાયું છે. પાસ્તરનાકને રશિયા પર અપ્રતિમ પ્રેમ છે. એની માટીને એ પોતાના જેટલા પ્યાર કરે છે. ડો. ઝિવાગોને રશિયા કેટલું વહાલું છે પણ આંખ સામે ભજવાતા રાજકારણની સામે, કેટલીક તેમાંથી જન્મતી ક્ષુદ્રતાની સામે, તે આંખમીંચામણાં કરી શકે તેમ નથી. જે સમાજવ્યવસ્થામાં માણસને અધિષ્ઠાન ન મળે તેવા સમાજ સર્જક કેવી રીતે ચલાવી લે ? પાસ્તરનાકના મંથન સમગ્રમાંથી 'ડો. ઝિવાગો'સરજાય છે. ચંદ્ર અને વૃક્ષો, લારા (Lara) અને સંગીતની કવિતા ત્યાં નથી એમ નહિ, પણ માણસને રિબાવવામાં આવે ત્યારે પ્રતિબદ્ધ થયા વગર સર્જક કેવી રીતે રહી શકે ? સોલ્ઝેનિત્સિનની આથી પણ વધુ કારમી વ્યથા છે. નાઝી બર્બરતાને ચઢી જાય એવી

પશુતાના અનુભવે એને આઠ વર્ષની સજા દરમિયાન કોન્સન્ટ્રેશન કૅમ્પમાં એમના જ સાથી-બિરાદરા પાસેથી મળે છે. અને આખરે સંઘર્ષ તો વિચારોનો (ideology નો) છે. આટલી વાત માટે જીવન રહેંસી શકાય ? - એ પાયાને પ્રશ્ન છે. કૅમ્યુનિસ્ટ રશિયાએ માર્કસની વિચારધારાનું અતિ ઝનૂનપૂર્વક અનુકરણ કર્યું છે એમ સેલ્ઝેનિત્સિન માને છે.

"માર્ક્સવાદમાં તર્કશુદ્ધિને જ અભાવ છે એમ નહિ, એ દાવો કરે છે તેવું કોઈ વિજ્ઞાન પણ એ બની શકે એમ નથી. દુનિયાની એક પણું ઘટના વિષે, આંકડા, રાશિ, તેમ જ સ્થળકાળના પરિમાણ વિષેનાં એનાં અનુમાનો ને વર્તાર સાચાં પડ્યાં નથી."

વળી સોવિયેટ શાસકોને લખેલા પત્રોમાં એ અન્ય એક સ્થળે લખે છે:

"આઇડિયોલોજિકલ ડિસેશન્સની ગાંઠે ઓગળી જવા દો, ને તમે જોશો કે સિનોસોવિયેત વોરની કોઈ ગુંજાશ જ નહિ રહે.*...*..* પરંતુ આ આઈ ડિયોલોજીને કૃષ્ણાર્પણ કર્યે રાહત ને સ્વાસ્થલાભની શકયતા પૂરેપૂરી છે."

સંઘર્ષનું મૂળ આ વિચારધારા છે ને પરિણામ ભારે યાતનાપૂર્ણ છે. એની નવલકથાઓમાં અનેક સ્થળે કમકમાં આવે તેવાં વર્ણનો તેણે કર્યા છે. 'સરવે'ના ઈન્ટરવ્યૂમાં સોલ્ઝેનિત્સિન કહે છે :

"ને હું હિંમતપૂર્વક એ જણાવી દેવા માગું છું કે, એ બધા દેશોમાં (ગ્રીસ વગેરે ફાસીવાદી દેશમાં) હિંસા હજી આજની (અહીંની) ગૅસચૅમ્બરની કક્ષાએ પહોંચેલી નથી... અર્થાત તેઓની પાસે અમારે ત્યાંનાં માનસચિકિત્સા કેદખાનાંની બરાબરી કરી શકે એવું કશું જ નથી."

સર્જનાત્મક્તાના પ્રેરણારૂપ ઉન્મેષ માટે ફાસિઝમ ખૂબ ઉદાસ છે. વિશ્વસાહિત્યમાં ફાસિઝમને લીધે કોઈ ઉત્તમ કલમમળ્યાનું દૃષ્ટાંત નથી. આ વેળા એઝરા પાઉન્ડનું સ્મરણ કદાચ થઈ આવે, પણ પાઉન્ડ સાચા અર્થમાં કદીયે ફાસીવાદી હતા નહિ, એમણે અંગત લાભ માટે ફાસીવાદ કનેથી કેટલીક પ્રયુક્તિ ઓ યોજેલી એમ બહુ બહુ તો કહી શકાય. ફાસીવાદ મનુષ્યના તિરસ્કાર દ્વારા જુલમ ગુજારે છે તે સામ્યવાદ મનુષ્યની અંગત ભૂલો, અંગત મહત્ત્વાકાંક્ષા અને અંગત પ્રેમ -જે સર્વને આપણે સ્વતંત્રતાને નામે ઓળખીએ છીએ - તેમાંથી મનુષ્યને દેશનિકાલ કરે છે. ફાસીવાદ અને સામ્યવાદ વચ્ચે આ ફેર છે. હિટલરને તોઆવી સર્જનાત્મકતા માટે ભાગ્યે જ આદર હતો પણ માર્ક્સ - ઍંગલ્સ તો પ્રામાણિક બુદ્ધિજીવી હતા. લેનિને તો સાહિત્યને ઉમદા અંજલિ પણ અપી હતી. અલબત્ત, ગાંધીજી જે રીતે કોશિયા માટે પણ સાહિત્ય માગે છે તેમ લેનિન પણ તેના કરોડો 'people - the flower of the country'માટે સાહિત્ય જાગે છે. ગાંધીજી અને લેનિન વીસમી સદીના મહાન 'આર્કિટેકટ'છે, સાહિત્ય એમને માટે સાધન છે એ તો સ્પષ્ટ જ છે, પણ એ જાતની પ્રતિબદ્ધતામાં રહીનેય લેનિને સાહિત્યનું ઘણું ગૌરવ કર્યુછે.

સ્તાલિનના સમયમાં લેખકોએ અલબત્ત, ત્યાંના રાષ્ટ્રીય કાર્યક્રમ માટે ઘણું મહત્ત્વનું કામ કર્યુ છે, ગોકીના પ્રમુખપદ નીચે સોવિયેત લેખક સંઘે કેટલીક સારી રચનાઓ પણ આપી છે, છતાં કેટલાક લેખકોનાં મૃત્યુ આ સમયમાં થયાં જેની માનવજાતે સખેદ નોંધ લીધી છે. સ્તાલિનીય વાસ્તવિકતાઓને íLkurgen Ruble- એ ચીરી બતાવી. ૧૯૧૭ થી ૧૯૬૦ સુધીના સામ્યવાદી સાહિત્યિક તખ્તાનું, ઝીણવટભર્યુ નિરીક્ષણ કરી, તેમણે 'સાહિત્ય અને ક્રાંતિ'નામક ગ્રંથમાં આલેખન કર્યુ છે. તેઓ લખે છે કે પ્રસ્ત, જૉટસ અને ફૉકનેર સિવાયના ભાગ્યે જ એવો સર્જક હશે જેને સામ્યવાદે ક્યાંક ને ક્યાંક સ્પર્શ્યોન હોય. બ્લોક, યેસેનિન, માયાકૉવ્સ્કી એકમેઈસ્ટ કવિતા -પ્રવૃત્તિના જયોતિર્ધરો : નિકોલાઈ ગુમિલેવ, મેન્ડલસ્ટમ વગેરેનાં કારાવાસ, હત્યાઓ/આત્મહત્યાઓ થાય છે. ગોકી તેમની નવલકથા Life of Klim Samgin પૂરી ન કરી શક્યા કારણ કે એ વ્યક્તિ અને સામ્યવાદી વ્યવસ્થાતંત્રના સંઘર્ષને સમજી ગયા હતા અને સોવિયેત લેખક કાં તો મૌન અથવા મૃત્યુમાં ઢબૂરાઈ જાય છે એ પણ પામી ગયા હતા. શોલોખોવ અને ઈલ્યા એહરેનબુર્ગ સામ્યવાદી રાષ્ટ્રીય કાર્યક્રમમાં સુમેળ સાધી શક્યા હતા અને સ્તાલિનને ગમતું કરી શક્યા હતા. પણ પાસ્તરનાક જેવા સંવેદનશીલ લેખકને માટે weather cock થવાનું શક્ય નહોતું. પાસ્તરનાકનો સંઘર્ષ તો ત્યાં રચાતા ઈતિહાસ સામેના મોટા આહ્વાન સમોઅને

ત્યારના સામ્યવાદી તંત્ર સામેના પડકારરૂપ હતો. યેસેનિને પોતાના રક્તથી વિદાયની જે કવિતા લખી હતી તે વાંચનાર બોરીસ પાસ્તરનાક પ્રથમ હતા. માયાકૉવ્સ્કીની આત્મહત્યાની નોંધ પણ એમણે વાંચી હતી. પણ પાસ્તરનાક હિંમતને લીધે ટકી રહે છે. 'ડો. ઝિવાગો'માં વ્યક્તિના અબાધિત સ્વાતંર્ત્યને કચડતા સોવિયેત તંત્ર સામે એમણે હિંમતભેર લખી નાખ્યું જે એમના અન્ય કવિબંધુઓએ તેમના મૃત્યુની કંસણ નોંધોમાં ઈંગિત કર્યું હતું, એવો જ કરુણ ઈતિહાસ જર્મન સાહિત્યકારોનો પણ છે. Ossietzy, Muhsam, Kornfield, Theodor Wolff, Friedell, Toller, Hasenclever, Ernst Weiss, Stefan Zweig -આ બધા જ દેશનિકાલ, ખૂન અથવા આત્મહત્યાથી મૃત્યુ પામ્યાનાં દૃષ્ટાંત છે. આ પરથી આટલું તે ફલિત થાય છે કે સર્જક committed હોય છે; નહિતર એને રહેંસાઈ જવાનો કે મરવાનો પ્રસંગ ઊભું ન થાય. લૉર્કા (Lorca) પણ સિવિલ વૉરમાં આ રીતે જ મૃત્યુ પામેલા. ચીનમાં પણ જેલ અને મૃત્યુના અનેક પ્રસંગો વિષે કરુણ દંતસ્થાઓ ચાલે છે. જોકે જોવાની આ એક દ્રષ્ટિ છે. ક્યારેક anti-communist block- એ આવી વાતોને ખૂબ ગેરલાભ પણ લીધે છે. ઊલટાનું, સામ્યવાદનીઅસર તળે અનેક સારી કલાકૃતિઓ પણ મળી છે. તેના ઉદાહરણ લેખે બર્તોલ બ્રેખ્ટનાંઅનેક અનેક ઉત્તમ નાટકો વિષે કહી શકાય. મનુષ્યની સાર્વજનીન લાગણીઓનું સંવિધાન એમાં થયું છે. વળી એમાં બર્તોલ બ્રેખ્ટનાંવ્યકિતગત સામ્યવાદ પણ આલેખાયો છે, કારણ કે બ્રેખ્ટ પૂર્વ બર્લિનના ખૂબ લાંબા સમય સુધી અધિકારપદે હતા. એરેગોનની કવિતા પણ વિશ્વસાહિત્યને ઉમદા અર્પણ છે. એ પણ સામ્યવાદી શબ્દકોશમાંથી આવે છે, અરે 'ડૉ. ઝિવાગો'જ ખરા અર્થમાં, રશિયન ક્રાંતિ કરતાંય વિશાળ સંદર્ભમાં, આંતરિક અને પૂર્ણ ક્રાંતિની ખોજની નવલકથા છે.

નિકેલાઈ એસેયેવ, પ્રસિદ્ધ કવયિત્રી આના આખ્માતોવા, યેવગેની વિનાકુરૉફ, રસુલ ગમ્ઝાતોવ, ઈવાન ડ્રેક, યુવેગેની યેવતુશેન્કો, લાડીમીર લુગોવ્સ્કૉય, માઈખેલ લુકોનિન, સર્ગી મિખાલ્કોવ મિખાઈલ સ્વેતલોવ, એલેક્ઝાન્ડર ત્વારદોવ્સ્કી નિકોલાઈ તિખોનોવ, ઈલ્યાએહરેનબુર્ગ, એલેક્ઝાન્ડર યાસિન અને 'Fifty Soviet Poets' -માં જેને સ્થાન અપાયું નથી પણ જે રશિયાના મહાન કવિ છે તે ઑસિપ મેન્ડલસ્ટામ સહિત અનેક બળવાન સર્જકો રશિયાને સાંપડ્યો છે, તે સદ્ભાગ્ય ગણાય.

શોષણવિહીન સમાજરચનાને ભવ્ય આદર્શ માર્ક્સે આપ્યો પણ તેનું અર્થઘટન જુદુંજ થતું રહ્યું અને વ્યવહારની ભૂમિકાએ તેનાં પરિણામે દુ:ખદ આવ્યાં તે મનુષ્યજાતિનું ઘણું મોટું દુર્ભાગ્ય ગણાય. માનવજાત એક સોપાન આગળ જવા મથે છે ત્યારે નિયતિ (માનવસતિ નિયતિ !!) તેને પાંચ સોપાન પાછો પછાડે છે. નહિતર આમાંના કેઈ (મરનારા અને મારનારામાંથી) એવા નહોતા જેમને રશિયાની માટી પર પ્યાર નહોતો. નાટ્યવિવેચક નિકૉલે Tragedy વિષે માર્મિક વિધાન કર્યું છે કે તમે ઑડિયન્સમાં ૧૨૦૦ માણસો હો તો ૧૨૦૧ સમજજો ! અને જે એક ઉમેરાયો છે તે છે દુર્ભાગ્ય. આ સોવિયેત સર્જનાત્મકતાને ઉપસંહાર એક મહાન ટ્રેજેડી ભજવાઈ ગયા પછીનાં કેટલાંક પાત્રોનાં રહી ગયેલાં લોહીનાં ધાબાંનો ઉપસંહાર છે. સેલ્ઝેનિત્સિનની નવલકથા 'વન ડે ઈન લાઈફ ઓફ ઈવાન ડેનિસોવિચ'ના નાયકને હવે નામ જ નથી રહ્યું. મજૂર છાવણીમાં તેની હયાતી હવે S-854 છે. કેટલી મોટી કરુણતાનું આ પ્રતીક છે ! પણ સોવિયેત સર્જકોઆવા અતલ નૈરાશ્યની સામે ઝઝૂમે છે. છેક સોવિયેત ક્રાંતિ પહેલાં દસ્તોયેવ્સ્કી ('ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ'માં) અને ચેખોવ ('એ લેડી વિથ એ ડૉગ'-માં) આશાને ઊજળો સૂરજ ઊગશે એવી ધીરજ આપે છે. ક્રાંતિ પછી મહાન કવિ ઑસિપ મેન્ડલસ્ટમ પણ આજીવન કારાવાસની અપાર યાતનાને પડકાર ઝીલે છે અને ફરી નવજીવન ધરવાનો માનવજાતિને કેલ આપે છે. કદાચ મનુષ્યજાતિ માટેનું સર્જકનું આ સોથી મહાન commitment છે. કરુણતાના ગર્ભમાં રહેલું આશાનું બીજ 'ફરી બેઠો થઈશ'માં કવિએ ભારે શ્રદ્ધાથી આલેખ્યું છે :

**ફરી બેઠો થઈશ !**

દૂર માનવ-મસ્તકોનો
ડુંગરા ભટકી રહ્યા છે
તેમની વચ્ચે હું ક્ષીણ થતો જાઉં છું
મને કોઈ જોતું નથી

પણ ફરી આ મુડદાંઓમાંથી

હું નક્કી બેઠો થઈશ

લોકપ્રેમ પામેલાં મારાં પુસ્તકમાં

અને બાળકોની રમતમાં -

એટલું કહેવા કે સૂર્ય તપી રહ્યો છે.

વ્યક્તિ તેના સમાજ અને રાજ્યથી છટકી જઈ શકે નહીં. જે ક્ષણે એ કશોક નિર્ણય કરે છે, તે ક્ષણે જ એ વચનબદ્ધ થાય છે. સાર્ત્રે અસ્તિત્વ વિષે નોંધ્યું હતું કે તે accidental અને આધાર વગરનું છે. તેને તર્કપ્રામાણ્યથી દેખાડી શકાય નહીં અને માનવી અબાધિત સ્વતંત્રતા ભોગવી શકે છે પણ the others- ને લીધે તેની સ્વતંત્રતા જોખમાય છે. માનવીય સંબંધ ખરડાયેલા છે. સાર્ત્રને લાગ્યું કે કાર્યની પૂર્વપીઠિકા લેખે માર્કસવાદ સ્વીકારવા જેવો વાદ છે, ક્રાંતિથી નવો સમાજ રચવાનું શક્ય છે કારણ કે આજના યુગને સૌથી મોટે પ્રશ્ન વર્ગસંઘર્ષ છે. માર્ક્સવાદથી સાર્ત્ર થોડાક અળગા પડીને માણસને પરિસ્થિતિનો ગુલામ ન માનતા, પરિસ્થિતિઓને પાર કરી નવો ઈતિહાસ સજી શકે તેવોpotential માને છે. સાર્ત્ર વ્યકિતસ્વાતંર્ત્યને સ્વીકારે છે. એ માને છે કે અમુક સમાજગત વાતાવરણમાં વ્યક્તિ અમુક રીતે પોતાનો ઇતિહાસ સર્જે છે એટલે તેની સફળતા કે નિષ્ફળતા માટે સમાજ કે ભૌતિક વાતાવરણ જવાબદાર હોય છે. કોઈ અસહ્ય પરિસ્થિતિમાં માનવી-સર્જક તેની સભાનતાને લીધે ક્રાંતિની ચિનગારી સળગાવે છે એમ સુસંગત રીતે આપણે વિચારી શકીએ છીએ. દરેક ક્રાંતિ મનુષ્યના સ્વાતંર્ત્ય સાથે અનુસંધિત હોય છે. આપણે આગળ જોઈ ગયા તે left કે right છાવણીઓમાં થતા જુલ્મ સામે સર્જકોએ શા માટે બુલંદીથી મૃત્યુ વહોરી લીધું, તેનોઅહીં મેળ બેસી શકે તેમ છે. સામ્યવાદ અને સર્જકો વચ્ચેનો સંઘર્ષ ફક્ત ideology ને કારણેઉદ્ભવ્યો છે એમ આપણે સારરૂપે કહી શકીએ. માર્ક્સવાદવ્યક્તિના ઇતિહાસના સર્જનમાંઆર્થિક, સામાજિક વગેરે પરિબળાનું નિયંત્રણ માન્ય રાખે છે જ્યારે સર્જક વ્યક્તિને કેન્દ્રમાં રાખી સમાજના globe ફરતો ફરવા માગે છે તેમાં પાયાને ભેદ છે. કદાચ માનવજાતિની આ કરુણતા છે કે જીવન-ઉપયોગી ચીજોનું ઉત્પાદન અને તેના ઉપભોગ માટે મનુષ્ય રોકાયેલો રહેશે ત્યાં સુધી એ પૂર્ણ મુક્તિ પામી શકશે નહીં. જો આ પ્રશ્ન માનવજાત ઉકેલી શકે તે તો એને ન પછી માર્ક્સવાદની જરૂર છે, કે ન પછી બર્ટ્રાન્ડ રસેલ કહે છે તેમ ધર્મની પણ. લેખક પોતાના યુગસંદર્ભે કેટલીક જવાબદારીઓ હોંશપૂર્વક સ્વીકારે છે. આ જવાબદારી સાથે નંતિકતાને દીર્ઘ સંબંધ રહેલો હોય છે. ખરું જોતાં તો આ જવાબદારી (responsibility) તો લેખકને તેની સંવેદના (sensibility) ની ઊંડી સૂઝમાંથી આવે છે. લેખક, ખાસ કરીને ગદ્યલેખક, લખતી વેળાએ શું અનુભવે અથવા તે real life વિષે શું અનુભવે છે તે જ સંવેદના હોય છે. લેખકે પોતાનાથી પર એવા બાહ્ય વાસ્તવને નિરૂપવાનો હોય છે. એક જુદા અર્થમાં આ બધું તેના જ જીવનના extension જેવું હોય છે, અથવા ડી. એસ. સેવેજ કહે છે તેમ તેના જ સમાનશીલ પદાર્થરૂપ (analogue) હોય છે. એટલે ઘણી વાર એવું બને છે કે લેખકની પહેલી નવલકથામાં તેની સંવેદના સચ્ચાઈપૂર્ણ હોય છે, કારણ કે એ જે અનુભવે છે તે જ તાજગીપૂર્વક aesthetically આલેખે છે. આ પ્રકટીકરણ તેની આંતરિક અનિવાર્યતામાંથી થાય છે. વાર્તાકારે, એ જાણે છે તેના કરતાં એ અનુભવે છે તે વિષય પસંદ કર્યો હોય છે તો તેને વધુ યારી મળે છે. ગ્લેઈથે (Goethe) કહે છે : ‘All the things that I have written are but fragments of a long confession.’

કેટલીક વાર નિજી સંવેદનથી લખવાને બદલે લેખક વિચારોથી આકર્ષાઈને લખવા પ્રેરાય છે. અન્યને તે જાતનું જીવન કેવું લાગે તેવા વિચારથી પણ એ અભિભૂત થાય છે. સર્વેન્ટિસને ત્રણ વાસ્તવિકતાઓનું અદ્ભુત આકર્ષણ થયું હતું. એક તો ડૉન કિવક્ઝોટને જગત દેખાયું તે; સાંકે પાંઝાને જગત દેખાયું તે; અને જગત વાસ્તવમાં જે ક્રૂર અને નિષ્ઠુર છે તે, જે આ બન્ને પાત્રને ચત્તબટ્ટ કરી નાખે છે અને બિચારા સાંકો પાંઝાને બ્લૅંકેટમાં ઘાલીને ઉછાળે છે. જુદી જુદી વાસ્તવિકતાઓને સહપસ્થિતિમાં મૂકીને લેખક જુએ છે.

નોથોલિયન હોથોર્નના મનમાં પૂર્વજોના પાપે સંતાનોને સબડવું પડે છે તેવી દૃઢ માન્યતા હતી કારણ કે

પોતે કરપીણ રીતે એમ સબળ્યા હતા. એમનાપૂર્વમાંથી કોઈ ડાકણ-પલિત પણ થઈ ગયેલું એટલે આ અનિષ્ટ એમના પીછો છોડતું નથી. એમની વિશ્વખ્યાત નવલકથા 'પતન અને પ્રાયશ્ચિત્ત' માં નવલકથાના અંત સુધી પાપનો ઓથાર રહે છે. નાયિકા પતિ સિવાયના અન્ય પુરુષ-એક પાદરી સાથે જાતીય જીવન જીવે છે તેમાંથી પર્લ નામની પુત્રીનો જન્મ થાય છે - તે પાપ અને પ્રાયશ્ચિત્ત પર આખી કથા ચાલે છે અને શહેરની શેરીમાં ઉઘાડે ચોક ડાકણો પણ તેમાં મળ્યા કરે છે. જેઈન ઑસ્ટિને કુટુંબ ફરતી નવલકથાઓ લખી એમાં વિનોદ-કટાક્ષ છે અને રચનાઓ કોમેડીની પ્રણાલિ સુધીની મર્યાદામાં રહે છે. પોતે સખત moralist છે તેની તીવ્રતા તેની કૃતિઓમાં પ્રગટ થાય છે. તેની નવલકથાઓ વિશ્વવિખ્યાત બની તે એટલા માટે કે ઑસ્ટિન જે નાનકડા કુટુંબને અનુભવે છે તેને સાચી સંવેદનાથી તે આલેખે છે. ચાર્લ્સ ડિકન્સની નવલકથાઓમાં એક પ્રકારની universal appeal છે તેનું કારણ એ છે કે તે જોર્જિયન યુગનું સંતાન છે. માનવતાવાદ તેની નસમાં રુધિર જેમ વહે છે; 'ડેવિડ કોપરફિલ્ડ'માં ડેવિડની કે 'ધ ગ્રેટ ઍક્સ્પેકટેશન'માં પિપ કે એસ્ટેલો નાનકડી દુનિયાને એ કેટલી માવજતથી આલેખે છે ! હેરિયટ બીચર સ્ટોવ પણ તેમની વિશ્વખ્યાત નવલકથા 'Uncle Tom's Cabin'માટે જાણીતાં છે. ગુલામોના વેપારથી સંક્ષુબ્ધ થઈને એમણે નવલકથા લખી હતી અને ગુલામીની પ્રથા તેડવાને યશ પણ તેમને મળે છે એ ખરું, પણ માત્ર તેણીના આ ઉત્સાહને લીધે નવલકથા જીવંત નથી બની, પણ પાત્રોની appeal - આર્જવને લીધે - સાઈમનની થડકાવી મૂકે તેની દુષ્ટતા, ટોપ્સીનું તોફાનીપણું અને પેતાના જેવી નારીહૃદયની ઈવાના ફિરસ્તા જેવા સૌજન્ય અને આર્દ્રતાને લીધે જીવંતતાને પામી છે. ટૂંકમાં લેખક પોતાના અનુભવ અને સંવેદનાને જવાબદારીપૂર્વક આલેખે છે ત્યારે તે કલાકૃતિ નિપજાવી શકે છે. પણ આ નૈતિકતા, સંવેદનાની સચ્ચાઈની લેખકની inner morality- નો જે દ્રોહ કરે તો તે નવલકથામાં પ્રાણ પૂરી શકતા નથી. આ સંદર્ભે 'આઈવનહો' નવલકથામાં બ્રીઆન ડી બોઈસ ગિલબર્ટ બોલે છે તે ટાંકવાનું મન થાય છે : 'મેં ઘણાય કાયદા કે આદેશોનો ભંગ કર્યો છે, પણ મારા પોતાના શબ્દને (વચનને) મેં કયારેય તેલો નથી.'વળી એમાં જ આગળ જતાં કોરિયોલેનસ ઑફીડિયસને કહે છે : 'હું તને વચનભંગ કરનાર કરતાંય વધારે ધિક્કારું છું.'લેખક પેતાની આંતરપ્રતીતિના આલેખનની જવાબદારીને વચનભંગ કરી શકે નહીં. ઊલટાનું, તેને તેના શબ્દમાં ખૂબ મટી શ્રદ્ધા હોવી ઘટે.

કયારેક જીવનની સકલતા પણ સર્જકના commitment -નું અધિષ્ઠાન બનેછે. વ્યાસ-વાલ્મીકિ, હોમર-દાન્તેમાં જીવનની સકલતાનું બળવાન પ્રકટીકરણ છે. પણ પાબ્લો નેરુદાની સકલતાનું એક જુદું પરિમાણ છે. ખાસ કરીને પંડિત યુગ અને ગાંધીયુગમાં કાવ્યવાર્તાના વિષયવસ્તુમાં આપણે ત્યાં જે ચોખલિયાવેડા થયેલા તે પ્રકારનું વિશ્વસાહિત્યમાં કશુંયે વર્જ્ય ન ગણવાના એક બુલંદ પ્રતિકારમાંથી પાબ્લો નેરુદાની કવિતા પ્રગટે છે. કબૂતરના પંજાથી ખરડાયેલી, બરફના ડાઘવાળી, દાંતના નિશાનવાળી, પરસેવાનાં ટીપાં, ફૂલ, પાણી, મેંદો કે મૂતર, કામવાસના, ન્યાય માટેની ધગશ, પ્રેમની આનંદ-સમાધિ અને વસ્તુઓના અસીમ ઊંડા હાર્દના જ્ઞાનની-આ સર્વની 'કવિતા'હોય છે એમ એ માને છે. એટલે નેરુદાએ તો જીવનની સકલતાનું જ જાણે 'કમિટમેન્ટ'કર્યું છે !

'તે આ હાથ જોયા ?
એણે પૃથ્વીને માપી લીધી છે,
ધાતુ અને ધાન્યને જુદા પાડ્યાં છે.
એણે યુદ્ધ ખેડવ્યાં છે, સંધિઓ કરી છે,
બધાં સમુદ્રો અને નદીઓ વચ્ચેના
અંતરને એણે ભૂસી નાખ્યું છે.'

કલાકૃતિની સર્જનવેળાએ સર્જકે ભીતરનાં ઈંગિતા(suggestions) ને -વશવર્તી ચાલતા હોય અને ત્યાં નાટ્યાત્મક ક્ષણોને ઝીલતો હોય તેમ પણ બને. એક મૌની વિષાદનું જગત ભીતર ને ભીતર કંડારાતું ચાલે. Stream of Consciousness ની નવલકથાઓ; ખાસ કરીને જેમ્સ જોટસ, વર્જિનિયા વૂલ્ફ, ડોરોથી રિચર્ડસને અને વિલિયમ ફૉકનેર આ સ્કૂલના લેખક છે. પ્રાથમિક ચેતનાની બહાર સ્મૃતિઓ,

વિચારો અને લાગણીઓનું અસ્તિત્વ હોય છે -તે મનોવિજ્ઞાનના સિદ્ધાંતના આધાર પર તેનું સંવિધાન થતું હોય છે. મનની ચૈતસિક અને પૂર્વચૈતસિક -અવસ્થાઓ અને જાગૃતિના તમામ બૌદ્ધિક સંક્રમણાત્મક સ્તર સુધીનો તેને વિસ્તાર હોય છે. સભાનતાના 'speech level' અને 'prespeech level'બન્ને સ્તર પર સર્જક કામ કરતા હોય છે. આ સભાનતા, આછીપાતળી સપાટીનો ભાગ હોતી નથી, પણ હિમદુર્ગ હોય છે. માનવ અનુભવોની સજગતા સર્જક માટે અનિવાર્ય છે. આ પ્રકારના સાહિત્ય વિષે રોબર્ટ હમ્ફી લખે છે :

"The realm of life with which stream of consciousness literature is concerned is mental and spiritual experience both the whatness and the howness of it. The whatness includes the catagories of mental experiences : sensations, memories, imaginations, conceptions and intutions. The howness includes symbolizations, the feelings, and processes of association. It is often impossible to seperate the what from the how." એમિલઝાલા અને બાલ્ઝાક કરતાં જેમ્સ અને ડોરેથી રિચર્ડસનમાં જે તફાવત છે તે એ છે કે જેમ્સ અને ડોરોથી વ્યક્તિની psychic life-નું આલેખન કરે છે. streamof consciousnessનો સર્જક શરૂ શરૂમાં તો માનસિક પ્રક્રિયાની સંવેદનાઓ પ્રગટ કરે છે પણ પછી તે આકારને તોડીફાડીને ઢોળાવા માંડે છે. વર્જિનિયા વૂલ્ફની બન્ને નવલકથાઓમાં એક પ્રકારના રહસ્યવાદ છે. તેમનાં પાત્રો cosmic identification- ની શોધમાં નીકળે છે. Mrs. Dalloway- ની પરાકાષ્ટા પણ અહીં જ છે.To the Lighthouse નવલકથામાં રહસ્યમય પ્રકાશનું દર્શન જ નિર્ણયાત્મક ઘટના બની રહે છે. વૂલ્ફ જીવનની પ્રકાશમંડિત ક્ષણની શેધમાં હોય છે. એટલે એમણે નવલકથાકારને માર્મિક અને રહસ્ય પૂર્ણ પ્રશ્ન પૂછ્યો છે : "Life is a luminous halo, a semi-transparent envelope surrounding us from the beginning of consciousness to the end. It is not the task of the novelist to convey this varying, this unknown and uncircumscribed spirit?"આ સર્જ કે અન્ય પાત્રોના ચિત્તમાં રૂપ ધરતી feeting insights આલેખવાની અને વર્તમાન અને ભૂતનાં અંગત પ્રતીકેનો સમન્વય કરવાની તૈયારી રાખવાની હોય છે. એક ચહેરાની પાછળ cosmic identification-નું વૈશ્વિક રૂપ તેણે આલેખી આપવાનું હોય છે. stream of consciousness એ કંઈ પોતે જ કોઈ સ્વયંસિદ્ધ ટેકનિક નથી. માનવ-અસ્તિત્વમાં જીવસટોસટના ભજવાતા નાટકના બળ-આવેગનોતેમાં સાક્ષાત્કાર કરવાનો હોય છે. જેમ્સ જોય્સની નવલકથા 'યુલિસિસ'માં માનવજીવનની આ બળવાન નાટ્યાત્મકતાને તીવ્રતાથી નિરૂપવામાં આવે છે. તેના પાત્ર મેલીબ્લુમનો direct interior monologue પણ જગવિખ્યાત છે. મધુ રાયે પણ 'કામિની'ના પાત્રમાં એક વિશિષ્ટ પ્રકારની psychic life- નું નાટ્યાત્મક રૂપ આલેખ્યું છે. આ સાથે મધુએ Myth-ના તત્ત્વને ઉપયોગ પણ કર્યો છે. 'કામિની'માં psychic energyની અનેક સંકુલતાઓ પ્રગટ થાય છે. આ નવલકથામાં soliloquy, idirect monologue, કથનાત્મક અને વર્ણનાત્મક પદ્ધતિઓનો [commiscient description] આશ્રય લીધો છે. આમ direct interior monologue-ની પદ્ધતિ સિવાયની મનોવૈજ્ઞાનિક નવલકથાની લગભગ બધી પદ્ધતિઓનો 'કામિની'માં વિનિયોગ થયો છે. વધુ તો એને માટે મેં અન્યત્ર લખ્યું છે. ઘટનાઓને લેપ કરીને, સામાજિક સંદર્ભો ભૂંસી નાખીને dramatic monologueની પદ્ધતિએ સુરેશ જોષીએ 'છિન્નપત્ર' (એક લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો) ને પ્રયોગ કર્યો છે. વ્યકિતના આંતરવિશ્વમાં જાણે એકપાત્રી (આમ તે માલા, અજય વગેરે છે) ઊર્મિપ્રધાન (પ્રણય) નાટક ભજવાતું હોય તેમ આ રચનાને ભાવક પામે છે. સભાનતાના અનેક સ્તરે ભાવક વિષાદ અનુભવે છે. stream of consciousness આમ ભલે નકકર અનુભવ હોય પણ તેની વ્યાખ્યાઓ બાંધવા જતાં સંદિગ્ધપણે કૌતુકરાગી, પ્રતીકવાદી કે અતિવાસ્તવવાદી પ્રવૃત્તિ તરીકે પણ ઓળખાય છે. સુરેશ જોષીની 'છિન્નપત્ર' રોમૅન્ટિક પદ્ધતિએ આલેખાયેલી આ પ્રકારની રચના છે. મુકુન્દ પરીખની 'મહાભિનિષ્ક્રમણ'અને શ્રીકાન્ત શાહની 'અસ્તી'આવા સાહિત્યપ્રકાર લેખે નોંધપાત્ર છે - રાધેશ્યામની નવલકથા 'ફેરો'મનુષ્યના inner dramatization-ની ખૂબ સફળ નવલકથા છે.

stream of consciousness-નું સાહિત્ય સર્જનાર સજક તેના ચિત્તમાં ભજવાતી નાટયાત્મકતાને વફાદાર રહી લખે છે તે કેટલાક એવા સર્જકે પણ છે જેઓ તેમની આસપાસ કે તેમના દેશકાળમાં બહાર (outside) જે ઘટનાઓ બને છે તેનાથી અભિભૂત થઈને સર્જન કરે છે. ટૉલ્સ્ટૉય, રવીન્દ્રનાથ ('ગોરા' પૂરતુંતો અચૂક), કે.એ. અખાસ, મૂલ્કરાજ આનંદ, મેઘાણી, માણેક, ઉમાશંકર (નાટયકાર-કવિ), બ્રોકર (ઊભી વાટે), સુંદરમ્ (કવિ), ર.વ. દેસાઈ, દર્શક વગેરે અનેક આ પ્રકારના લેખકે છે. મેં લીધેલા એક ઈન્ટરવ્યુમાં શ્રી મનુભાઈ પંચોળી - 'દર્શક'ને મેં પ્રશ્ન પૂછ્યો હતો : (ગ્રંથ : સપ્ટેમ્બર : ૧૯૭૨) "દર્શક, ભીતરી કશાકનું વિશ્વ કલાકારને આહવાન ન આપે, તે બહારના કશાકને આધારે આપને નવલકથા સરજવાનું સૂઝે છે ?"એમણે જે ઉત્તર આપ્યો તે અહીં અવતારું છું:

"બહારનું જગત અંદરના જગતને ધક્કો મારે છે તેથી તો સર્જન થતું હોય છે. પણ કોઈ એમ કહે કે બહારના કંઈ પણ અનુભવ વિના માત્ર ભીતરના સ્વયમેવ ધક્કાથી કઈ લખી શકે તો તે બરાબર નથી. એવું બની શકે કે બહારનો ધક્કો ઓછો અને ભીતરનો ધક્કો વધુ હોય. હકીકતમાં બહારનું જગત કલાકારના ચિત્તમાં પ્રવેશે છે, પણ તે તેવું ને તેવું બહાર આવતું નથી. કલાકારના સમગ્ર વ્યક્તિત્વને તેની સાથે કોઈ અકથ્ય રાસાયણિક સંયોગ થાય છે. એટલે જ્યારે તે જગત બહાર આવે છે ત્યારે મૂળનું જગત હોતું નથી. નહિતર આપણે તેને સર્જન કહી શકીએ નહિ - સંગ્રહણ જ કહેવું પડે."દર્શક સર્જકની સાહજિક કોઠાસૂઝથી જે વાત કહી છે તેને જોર્જ સ્ટીનર વિવેચનાત્મક રીતે કહે છે : "Indeed, I would go further : it is atleast conceivable that the focusing of conscicusness on a written text which is the substance of our training and pursuit diminishes the sharpness and readiness of our actual moral response. Because we are trained to give psychological and moral credence to the imaginary, to the character in a play or a novel, to the condition of spirit we gether from a poem, we may find it more difficult to identify with the real world, to take the world of actual experience to heart - to heart ' is a suggestive phrase. The capacity for imaginative reflex, for moral risk in the human being is not limitless; on the contrary, it can be rapidly absorbed by fictions, and thus the cry in the poem may come to sound louder, more urgent, more real than the cry in the street outside. The death in the novel may move us more potently than the death in the next room. Thus there may be a covert, betraying link between the cultivation of aesthetic response and the potential of personal inhumanity. What then are we doing when we study and teach literature?" આમ કયાંક બહાર શેરીમાં થતા ચિત્કારો કરતાં કવિતામાં ઊડતા શાશ્વતી ચિકારે વધુ વ્યાપક અને હૃદયને હલબલાવી મૂકે તેવા હોય છે. સર્જક બાહ્ય ઘટનાનું વિગલન કરી એક નવા ચૈતસિક વિશ્વની રચના કરે છે.

સ્ટીનરે cry in the poem may come to sound louder એમ કહ્યું એનો અર્થ એ થયો કે કવિતા પણ committed હોઈ શકે અને છે. પણ અગાઉ કવિતા અને ગદ્ય વિષેના સાર્ત્રના વિચારે આપણે વાંચ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે શબ્દોની સ્વયંભૂ હાજરી એ કવિતાનું હાર્દ છે, અને કવિ ભાષાનો ઉપયોગ કરવાની ના પાડે છે.

ગદ્યલેખક committed હોય પણ કવિ committed ન હોય એમ સાર્ત્રની માન્યતા હોય એમ આપણે તારવી શકીએ. સાર્ત્રનો કવિતા વિષેનો મત મને ચિંત્ય લાગે છે. એમના અન્ય સાહિત્ય-વિષયક મત પણ કેટલાકને માન્ય લાગ્યાનથી. On contemporary literature-માં વિલિયમ બારેટે પણ તેમની કડક આલેચના કરી છે.

જેમ ગદ્યલખાણ committed હોઈ શકે તેમ કવિતા પણ હોઈ શકે. ગદ્ય કે પદ્ય કૃતિએ કલાકૃતિ તરીકે સિદ્ધ થવાનો પ્રશ્ન એક જુદી જ બાબત છે પણ પ્રતિબદ્ધતા તો બન્નેમાં હોઈ શકે. ગોલ્ડસ્મિથનું The Deserted Village, વર્ડ્ઝવર્થનું The Reverse of Poor Susan, ટોમસ હૂડનું 'ધ સેંગ ઓફ ધ શર્ટ' કે મેઘાણીનું 'કેદાળીવાળાનું ગીત'કે આપણાં તમામ પ્રગતિવાદી કવિઓની (ભેગીલાલ ગાંધી-'ઉપવાસી'કે 'સ્વપ્રસ્થ'સુધીનાની) ઘણીખરી રચનાઓને committed જ ગણાય. ૧૯૭૩ માં જોન સિલ્કિનેપ્રગટ કરેલા પુસ્તક 'Poetry of the Committed Individual'-માં અનેક દેશોના સાઠેક

જેટલા વિશ્વખ્યાત કવિઓની કવિતાઓ પ્રગટ કરી છે. આ એમ પુરવાર તો કરે છે જ કે કવિતાઓ પણ પ્રતિબદ્ધતાની હોય છે.

આમાંની કેટલીક કવિતાઓ તો commitment- નાં ઉત્તમ દૃષ્ટાંતો પૂરાં પાડે તેવી છે. વળી ભાવકોનો ચેતવિસ્તાર કરી શકે તેવી સજગતાની પણ અનેક કવિતાઓ અહીં પ્રાપ્ત થાય છે. તુર્કી કવિ નઝિમ હિકમતની કવિતા 'Letters to Taranta-Babu'લઈએ. કવિએ ઈથિયેપિયાની પોતાની અભણ પત્નીને પત્રોના રૂપમાં લખેલું આ કવિતાગુચ્છ છે. ફાસીવાદી મુસાલીની ગરીબડા ઈથિયોપિયા પર આક્રમણ કરે અને કત્લેઆમ ચલાવે તેના પર કવિએ જબરા પ્રહાર કર્યા છે. અહીં સંવેદનાપૂર્ણ અમૂલ્ય સર્જન થતું હોવા છતાં સ્પષ્ટ અને સવિસ્તર નિશ્ચિતતાનું તત્ત્વ સંગઠિત રહે છે. છેલ્લા પત્રમાં આવતું આંકડાશાસ્ત્ર એબિસીનિયા પર કટકદળ લઈ ચઢેલા ઇટાલિયન કેવી સ્થિતિમાં હશે તેના માનસિક અંદાજ પરથી હિકમતે નિરૂપિત કર્યું હોવું જોઈએ. આ સેંદ્રિય કલ્પ-શક્તિને લીધે હિકમત ભાવકના ચિત્તમાંની લાગણીઓને ઉશ્કેરી શકે છે. હિકમત આ રીતે પિતાનું 'કમિટમેન્ટ'તો પાળે જ છે, પણ વાચકોને 'bathe and float the senses'ના રમતિયાળ આકર્ષણથી પર એવી બળવાન ચેતનાના જાગરણ પ્રતિ દોરી જાય છે. બળવાન કવિ-કર્મ તો હિકમત એ કરે છે કે ચિંતનાત્મકતા અને Imagism-ને સાંધી આપે છે,Imagism નહિતર તે ચિંતનાત્મકતાને અને વર્ણનાત્મકતાને હડસેલીને કોરે મૂકે છે અને તે એવા કાર્યવેગ તરફ ધસે છે જ્યારે તે કથનાત્મકતાને પણ કેરે હડસેલે છે. સખત, સ્પષ્ટ અને સેંદ્રિય કલ્પન દ્વારા કવિતા આ કીમિયો કરી શકે છે. એઝરા પાઉન્ડે શરૂઆતના cantos-માં અને એલિયટે The Waste Land-માં છૂટીછવાઈ સળંગતા માટે કથનરીતિનો ઉપયોગકરેલો, પણ અહીં તો હિકમત કલ્પન હોય તેમ કથનરીતિને ઉપયોગ કરે છે. 'પંદર પાનાંમાં પથરાયેલું બાર ખંડોનું આ કાવ્ય ઈથિયોપિયા પ્રતિનો પ્રેમ અને રામ-ઇટાલી અને મુસલીની પ્રત્યેનો તંગ પણછ જેવો રોષ પ્રગટ કરે છે ને સિદ્ધ થાય છે કાવ્ય.

પ્રતિબદ્ધ કવિએ પોતાની માનવતાને અસરકારક રીતે પ્રગટ કરવા નાટ્યત્મકતાના અંશને પણ ઉપયોગ કરવાનો હોય છે, કે જેથી તે ભાવકો તરફથી પ્રતિસાદ પામી શકે. ફક્ત વિચારો જ કંઈ અમૂર્તતામાં કવિતા બનાવી શકે નહીં, એટલે પિતાની પ્રતિબદ્ધતાને પ્રગટ કરવા, તેને પદાર્થતા આપવા, તેણે કલ્પના ઉપચાગ કરવો પડે છે. પણ બર્તોલ બ્રેખ્ટનાંએવો કવિ છે જે પોતાની કવિતામાં રૂપકાત્મક કલ્પનનો ઉપયોગ કરતા નથી; વળી ભાષામાં દશ્યરૂપતાનું આલેખન પણ કરતા નથી. કશીય imagery- નો ઉપયોગ કર્યા વગર committed કવિતા કેવી રીતે બળવાન અસર ઉપજાવી શકે તેનું બ્રેખ્ટ એક અપ્રતિમ દૃષ્ટાંત છે. તિનું નીચેનું કાવ્ય, પૂર્વ બર્લિનમાં કારીગરોને કામમાં કેમ વધુ જાગતિક -બનાવવા, તે વિષેનું છે :

**The solution**

After the uprising on íLkune 17th
The Secretary of the Authors' Union
Had leaflets distributed in the Stalinallee
Which said that the people
Had forfeited the government's confidence
And could only win it back
By redoubled labour. Wouldn't it
Be simpler in that case if the government
Dissolved the people and
Elected another ?

સર્જક પ્રતિબદ્ધ થાય છે ત્યારે તે કેટલીક વાર એવી મર્યાદાઓને સ્વીકારતા -થઈ જાય છે, જેને લીધે તે કલાકૃતિને હાનિ પહોંચાડી બેસે છે. આ સંદર્ભમાં પિટર પોર્ટરે યોગ્ય રીતે લાર્કિનને ટાંકતાં કહ્યું છે :

“The poet’s true concern is with his own language and the poems he makes from it, not with international good will. He’s likely to be no more honest about that than the politician is.” એટલેપ્રતિબદ્ધતાને પ્રતિબદ્ધતા લેખે અંતિમ મહત્ત્વની ગણી શકાય નહીં. અંતે જે મહત્ત્વનું છે, જે સર્વોપરી અને આખરી મહત્ત્વનું છે, તે તો કલાકૃતિનું અપૂર્વ સર્જન જ છે, એ વિષે શંકા રહેવી જોઈએ નહીં. પ્રતિબદ્ધતાને લીધે કૃતક કૃતિઓનો કેઈ પણ સાહિત્યમાં ફટાટોપ મળી શકે. સ્વાતંત્ર્યસંગ્રામને લગતી કૃતિઓ રાષ્ટ્રવિષયક કૃતિઓ, મધ્યયુગીન જ્ઞાનવૈરાગ્યના ‘કમિટમેન્ટ’ની અકાવ્ય કૃતિઓ, પ્રગતિવાદના નારાની કૃતિઓ અને પોતાના પ્રિય વાદ કે ધર્મના સ્તવનની કૃતિઓ હોંશપૂર્વક દરેક યુગમાં લખાતી અને મુખપાઠ થતી રહી છે, તે છતાં એમને આપણે કાવ્ય-રચનાનું ગૌરવ આપી શકીએ નહીં. યુગો વહી ગયા પછીના વિવેચનના આખરી નિર્ણયોની કસોટી પાર કરીને શક્તિશાળી રચનાઓ ઊગરી જાય છે; બાકીની કૃતિઓની ચિંતા પ્રજા કરતી નથી. સોએક વર્ષે ગુજરાતી નવલકથા પસાર કરી ગઈ છે ત્યારે કેટલી ટકી શકે તેવી નવલકથાઓનાં નામ આપણને યાદ છે ? અંતે ચળાઈને ‘માનવીની ભવાઈ’જેવી કોક કોક રચના બચવાની છે. એમાંય લેખક committed છે, અને છપ્પનિયાની કાળકથા આલેખવી તે છે જ, પણ એના લેખકે ‘કમિટમૅન્ટ’ને એના જમાનાની સાંકળ પર ઊંધે મસ્તકે લટકાવ્યું નથી. જમાનાની સામે પડકાર ઝીલતા એક ‘ઢૂંઢિયા’માણસ દ્વારા તેણે યુગચેતનાનો સાક્ષાત્કાર કરાવ્યો છે - અમર કલાકૃતિ સરજી છે. ટૂંકમાં, જે સર્જકcommitment- થી દૂર નાસે છે, તે તેના યુગની ચેતનાને સમગ્રતામાં પામવાનો ઇનકાર કરે છે, અને જે કલાથી દૂર રહે છે તે વાગીશ્વરીનું વરદાન ક્યારેય પામી શકતો નથી.

દરેક યુગ તેના commitment-ના વધસ્તંભ પર એક અમર Tragedy of Blood લખાવવા કોઈ પણ સાચા સર્જકની હંમેશાં પ્રતીક્ષા કરે છે.

## ૫. સાહિત્ય ગુણવત્તા -સાંપ્રત પ્રશ્નો

### સમકાલીન સાહિત્યનું વિવેચન

કલાનું પ્રયોજન આનંદ આપવાનું છે, વિવેચનનું પ્રયોજન આનંદ અનુભવવામાં સહાયભૂત થવાનું છે. પ્રો. બ. ક. ઠાકોરે તેને ‘કલાસખી, શસ્રસખી’ કહી ઓળખાવી છે. વિવેચનમાં તો વિવેચકને કલાકૃતિનો જે અંગત આનંદાનુભવ થાય છે તેની સમતોલ, તટસ્થ છતાં સમૃદ્ધ અભિવ્યક્તિ હોય છે. વિવેચન કલા નથી, એ જેટલું સાચું છે તેટલું તે વિજ્ઞાન નથી, એ પણ એટલું જ સાચું છે. કોઈકે એને માટે મોજીલું વિજ્ઞાન-the gay science તરીકે પણ ઓળખાવ્યું છે. ભાવકના પોતાના ચિત્ત પર પડેલા કૃતિજન્ય સંસ્કારોની તે અભિવ્યક્તિ હોય છે માટે જ વિવેચનને ‘સહૃદય ધર્મ’ગણાવતાં વિવેચકમાં સહૃદયતા, સૌંદર્યદૃષ્ટિ, વ્યુત્પત્તિ અને સત્યનિષ્ઠાના ગુણોની અપેક્ષા રાખી છે.

સમકાલીન સાહિત્યના વિવેચનની અગત્ય વિશે ઉમાશંકર જોશીએ કહ્યું છે કે, ‘વિવેચક જૂના શિષ્ટ ગ્રંથોનું ઉત્તમ વિવેચન આપે એટલું જ પૂરતું નથી, એની શક્તિની કસોટી તો રચાતા આવતા સાહિત્યને તારતમ્યબુદ્ધિએ તપાસી એની અંતર્ગત શક્યતાઓ અને સિદ્ધિઓ પોતાની ઘડાયેલી રુચિ વડે ઓળખી કાઢી એની સાચી મૂલવણી કરવામાં આવે એમાં છે... વિવેચકે સમકાલીન રચનાઓની વિવેચનામાં પણ બતાવેલી શક્તિ ઉપરથી એ કેટલે અંશે સાચો વિવેચક છે એ ભવિષ્યમાં નક્કી થાય છે... સાચી વિવેચન-શક્તિનું એક મુખ્ય કાર્ય તો, નવી પગભર થવા મથતી. લઢણોથી ગભરાઈ-ડઘાઈ ગયા વગર, એમાં કેટલે અંશે ખરેખર તાજગી છે અને સમગ્ર કવિતા-પરંપરાને સજીવન રાખવામાં કેટલે અંશે એ ફાળો આપી શકે એવી છે, એ નોંધવામાં, આવતાનાં એંધાણ પારખવામાં રહેલું છે. સાચો વિવેચક તે અતન્દ્ર સૌન્દર્યદર્શી છે. (‘શૈલી અને સ્વરૂપ’).

સમકાલીન સાહિત્યનું વિવેચન કરવું અશક્ય નહીં તો પણ દુષ્કર કાર્ય અવશ્ય છે. એ સાહિત્ય પોતાના સમયમાં રચાતું હોવાથી તેના પ્રત્યે નજર કરવામાં મૈત્રીવિવેચન કે તલવારબાજીવાળું વિવેચન થઈ જવાની પૂરી દહેશત છે. સાહિત્યકારે જે અવનવાપ્રયોગો કર્યા હોય તેને સમજવા, મુગ્ધાવસ્થામાંથી કે પૂર્વગ્રહોમાંથી બહાર નીકળીને જેવા અને મૂલ્યાંકન કરવા વિવેચકે સતર્કતા દાખવાની છે. કવિ કાલિદાસનો શ્લોક ‘पुराणमित्येव न साधु सर्वं...’ યાદ આવે. ‘જૂનું એ સોનું અને નવું એ કથીર’ એમ ન

ચાલે. કોઈની વૈયક્તિક પ્રતિભા તે inc individual talentને અન્યાય ન થાય તેની વિવેચકે કાળજી રાખવાની છે. તેમાં અતિઉત્સાહ કે અતિવ્યગ્રતા ન ચાલે. આપણે નવલરામ પંડ્યાનો દાખલો જાણીએ છીએ. તેનો પ્રેમાનંદનું મૂલ્યાંકન કરવામાં શરૂઆતમાં ગોથું ખાઈ ગયાહતા પરંતુ પછીથી પ્રેમાનંદને ઉત્તમ ભાષાકવિ તરીકે એમણે જે પ્રતિષ્ઠિતકર્યો. આ છે સમ્યક્ દર્શન. રાગકે દ્વેષ કૃતિના સત્યદર્શનમાં બાધક ન બનવા જોઈએ. એ જ રીતે નર્મદ 'મહાકરિ', ર.વ. દેસાઈ 'યુગમૂતિ વાર્તાકાર', ક.મા. મુનશી'સર્વોત્તમ નવલકથાકાર' એક કાળે ગણાયા હતા ! વિશ્વનાથ ભટ્ટના શબ્દોમાં 'પૂજા અને પરીક્ષા' બંને ઉચિત રીતે થવાં જોઈએ.નવોદિત પ્રતિભાઓને પારખવી તે સૂક્ષ્મદૃષ્ટિ વિવેચકનું શું કામ છે. કવિની માફક વિવેચક પણ ક્રાંતદશી (!) હોવો જોઈએ. ક્યારેક નવોદિત (સમકાલીન)સર્જક ટીકાનો ભોગ બને છે તેમ ઉપેક્ષાનો પણ ભોગ બને છે. ભવભૂતિની નારાજગી ખાપણે જાણીએ છીએ અને 'કાળ નિરવધિ છે અને પૃથ્વી વિશાળ છે'એવી ફરિયાદ કરવાનું કોઈને ન રહે તેની વિવેચકે કાળજી રાખવાની છે.

સર્જક હમેશાં પોતાના દેશકાળથી આગળ હોય છે.નવાનવા ઉન્મેષ પ્રગટ કરતી એ પ્રતિભા મૌલિક કલ્પનાનો-વિચારો રજૂ કરવામાં સમકાલીન વિવેચકોને જાણે કે હંફાવે છે અને મૂલ્યાંકન ખોટો પાડે છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ ગાંધીયુગના અને 'વિશ્વશાંતિ'ના ગાયક ઉમાશંકર જોશી પાસેથી 'છિન્નભિન્ન છું'કાવ્યની અપેક્ષા નહોતી રાખી અને તેમને સર્જક તરીકે સમજવામાં પાછા પડ્યા. વાસ્તવમાં તો તે કવિતા સાંપ્રત માનવજીવનનો એક્સ-રે હતી. એ નવલાં રૂપ-દર્શન નવી ભાષા, નવી શૈલી લઈને આવે ત્યારે વિવેચકે તેની ભાવયિત્રી પ્રતિભાને કસોટીએ ચડાવવી પડે છે. આપણે જોઈએ છીએ કે ઉત્તમ કવિપ્રતિભા અને વિવેચક પ્રતિભા ધરાવનાર ઉમાશંકર જોશીએ પ્રહલાદ પારેખની કવિતા અને તેમના થીયે નવતર કવિઓ નલિન રાવળ, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક આદિની કવિતાનું સમ્યક્ દર્શન પોતાની સમતોલ વિરેચના દ્વારા કરાવ્યું છે.

સમકાલીન સાહિત્યનું વિવેચન એ સાહસ છે પરંતુ ઉત્તમ વિવેચનપ્રતિભા જેનામાં છે તેણે તો એ કાર્યને વ્રત તરીકે અપનાવવા જેવું છે. એવા વિવેચકોને પારગામી વિવેચકો કહી શકાય. ઘણી વખત તો સંબંધો અને પૂર્વગ્રહો સમકાલીનોના અવલોકનમાં બાધક નીવડે છે. તેમ ન હોત તો પન્નાલાલની 'મળેલા જીવ'ને મૂલવવામાં જીનાલાલ પૂર્વગ્રહ માનસવાળા ન બન્યા હોત. ઘણી વખત સમકાલીન સર્જકોની એવી પણ ફરિયાદ હોય છે કે (ઉ.ત. : સારંગ બારોટ, રસિક મહેતા જેવા કથાલેખકો) અમેઆટઆટલું લખીએ છીએ પરંતુ કોઈ અમારું વિવેચન કરતું નથી. ઉદાસીનતાની આ ટીકામાં તથ્ય પણ હોઈ શકે. તેમ છતાં વિવેચનની પવિત્રતા કદીયે જોખમાવી ન જોઈએ. તોલ તો કરવાનો જ છે, પરંતુ 'ધરમનો કાંટો'તો ડગી ન જ જવો જોઈએ. સૌથી મોટો વિવેચક તો કાળ ભગવાન છે. એક સમયે જેનાં પ્રકરણો લખાતાં હતાં તે આજે એકાદ પરિચ્છેદમાં સમાઈ જાય છે અને કાળની ચાળણીમાંથી તો અનેક ચળાઈ ગયા, ભૂંસાઈ ગયા. અહીં આપણને આદિકવિ વાલ્મીકિ કે વ્યાસ, કવિ કાલિદાસ કે રવીન્દ્રનાથ ટાગોર, સુન્દરમ્ કે પન્નાલાલની સર્જક પ્રતિભા વિશે વિચારીએ તો સમજાશે કે તેઓ સર્જક તરીકે કેવી મહાન પ્રતિભા હતા. આપણે તો એટલું જ વિચારવું રહ્યું કે સાચા વિવેચકને મતે પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન કે સમકાલીન -જે કોઈ સાહિત્ય હોય ત્યાં સહૃદયતા, સુંદરતા અને સચ્ચાઈથી નજર કરીને તેને વિવેચવાનું છે; 'ન્યાય'કરવાનો છે.

**આધુનિક (નવ્ય) વિવેચન : સૈદ્ધાંતિક ચર્ચા**

વિવેચનની પ્રવૃત્તિ ગુજરાતી સાહિત્યમાં છેક સુધારાકાળમાં નવલરામ પંડ્યાથી શરૂ થઈ. સર્જાતા સાહિત્યનું અવલોકન કરતાં કરતાં તેમણે વિવેચનલેખો-નિબંધો લખ્યા. ગુજરાતી નિબંધ-લેખન નર્મદે શરૂ કર્યું અને નિબંધ પ્રકાર દ્વારા 'ટીકા કરવાની રીત'વગેરે વિવેચનપ્રકાર ખેડવાનો આરંભ કર્યો ત્યાંથી લઈ લગભગ એક સૈકા ઉપરાંતના સમયગાળામાં સમર્થ નિબંધકારો અને સમર્થ કહી શકાય એવા વિવેચકો આપણને પ્રાપ્ત થયા છે તેમનાં નામ છે નવલરામ પંડ્યા, નરસિંહરાવ દિવેટિયા, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, રામનારાયણ વિ.પાઠક, વિજયરાય વૈદ્ય, કાકાસાહેબ કાલેલકર, જ્યોતીન્દ્ર દવે, ઉમાશંકર જોશી વગેરે. તે સૌએ નિબંધની સાથે સાથે વિવેચનક્ષેત્રે પણ નોંધપાત્ર ફાળો આપ્યો.

જેને આપણે 'આધુનિક'અથવા 'નવ્ય'વિવેચન કહીએ છીએ તેની શરૂઆત વીસમી સદીના ઉત્તરાર્ધમાં-સ્પષ્ટ રીતે કહીએ તો ઈ.સ. ૧૯૫૫ પછી થઈ. વિવેચન પ્રવૃત્તિમાં સંકળાયેલા ઉપર્યુક્ત ઘણા વિદ્વાનો અધ્યાપકો હતા તેથી નિબંધ સાહિત્યપ્રકાર અને વિવેચન ઉભયને તો લાભ જ થયો છે. વિવેચન અને નિબંધલેખન બંને સફળતાપૂર્વક કર્યા હોય એ પરંપરા આધુનિક ગુજરાતી સાહિત્યના પ્રવર્તક ગણાયેલા ડૉ. સુરેશ જોશીથી આગળ ગતિ કરતી રહી. ડૉ. સુરેશ જોશી ઉત્તમ અભ્યાસી, વિદ્વાન, કવિ અને કથાસર્જક-પ્રયોગશીલ સર્જક, લલિત-ચિંતનાત્મક નિબંધના સર્જક અને અગ્રણી વિવેચક રહ્યા છે. એક જ વ્યક્તિની આ બહુમુખી પ્રતિભા પલટાતી વિવેચનની તાસીર તરફ બે ઘડી નજર નાખવા અને અભ્યાસ કરવા આપણને પ્રેરે છે.

વીસમી સદીના ત્રીજા-ચોથા દાયકામાં યુરોપમાં પ્રવર્તમાન સાહિત્ય-વિષયક નૂતન વિભાવનાઓને પગલે પગલે ગુજરાતી સાહિત્યમાં વિવેચનક્ષેત્રે પરિવર્તન આવતું સ્પષ્ટ જોઈ શકાય છે. ડૉ. સુરેશ જોશીએ 'કિંચિત'થી લઈ 'અષ્ટમોડધ્યાયઃ'સુધીનાઆઠવિવેચનસંગ્રહોઆપ્યા છે, તેમાં તેમની સર્જનાત્મક, અધ્યાપકીય અને વિદ્વત્તાસભર રિચના જોવા મળે છે. લગભગ છઠ્ઠા-સાતમા દાયકા દરમિયાન ગુજરાતી સાહિત્યવિવેચનાનાં જળને તેમણે ગતિવંત બનાવ્યાં, નવા વળાંક આપ્યા. તેમની વિવેચન-વિચારણાના મુખ્ય મુખ્ય મુદ્દાઓ આ મુજબ છે :

(1) સાહિત્યનું મૂલ્યાંકન જે તે સ્વરૂપની અંતર્ગત ખાસિયતને આધારે કરવું જોઈએ. (2) કૃતિને અન્ય કોઈ દૃષ્ટિએ નહિ પણ 'શબ્દસૃષ્ટિ' તરીકે જ તપાસવી જોઈએ. (3)કલાની વાસ્તવિકતા બાહ્ય જગતની વાસ્તવિકતાથી સાવ અલગ છે તેથી પદાર્થનું કલામાં થતું રૂપાંતર એ જ તપાસનો વિષય હોવો જોઈએ. (4)રૂપરચના કલાનું હાર્દ છે એટલે પ્રતીક અને રાષ્ટરૂપે પ્રવર્તમાન સર્જનપ્રક્રિયાને જ મહત્ત્વ આપવું જોઈએ. (5) કલાકૃતિની પરીક્ષા સંસ્કારગ્રાહી- impressionistic ઢબે કરવાને બદલે વસ્તુલક્ષી-Objective ઢબે કૃતિને જ ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. કૃતિનિષ્ઠ વિવેચનની જિકર કરતો આકારવાદ-formalism એ જેને આપણે 'આધુનિક'કે 'નવ્ય'-New criticism કહીએ છીએ તેની ભૂમિકા છે.

આ નૂતન મતની સ્થાપનાનો ઉત્સાહ ડૉ. સુરેશ જોશી અને તેમના અનુયાયીઓ નિદ્ર બ્રહ્મભટ્ટ, રસિક શાહ, શિરિષ પંચાલ, સુમન શાહ, પ્રબોધ પરીખ વગેરેએ વિવેચનક્ષેત્રે કર્યો. એમાં વ્યક્તિગત આગ્રહો અવશ્ય ક્યાંક ક્યાંક પ્રવેશ્યા તેમ છતાં આ નવ્યવિવેચનની એક ચોક્કસ પરંપરા બંધાઈ. જ્યારે ફ્રાન્સમાં સંરચનાવાદ-structuralim પૂરબહારમાં આવ્યો ત્યારે એટલે કે આઠમા દાયકામાં 'આધુનિક અભિગમ અને આપણાં ગૃહીતો'ફીર્ષક હેઠળ રસિક શાહે 'ઊહાપોહ'સામયિકમાં નવી જ -સામા છેડાની ચર્ચા ઉપાડી. તેમણે કહ્યું કે 'વિવેચન'conception ને perception માં પલટાવી નાખવાની નિષ્ફળ જવા નિર્માયેલી મહત્ત્વાકાંક્ષાને તિલાંજલિ આપીને, કૃતિની ભાષા અને રચનારીતિને તપાસી એનું બંધારણ પ્રગટ કરવાનું લક્ષ્ય રાખે તે એ સાચી દિશાનો પ્રયત્ન ગણાશે. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અને વૈજ્ઞાનિક વલણ એ દિશાની ભૂમિકા વધારે ઈઢ કરવાની દિશાસૂચક પણ બની શકશે એમાં કશી શંકા નથી. નવ્યવિવેચનાની સામે જ તકાયેલું આ તીર હતું, તે સમજી શકાશે.

'સુરેશજોશીથી સુરેશ જોશી' એવો મહાનિબંધ પ્રગટ કરીને આધુનિકોમાં પોતાનું સ્થાન શોધતા ડૉ. સુમન શાહે બે વર્ષ પછી ૧૯૭૭ માં 'નવ્ય વિવેચન અને પછી'એ પુસ્તિકા મારફતે વિવેચનાનો સંરચનાવાદી અભિગમ સમજવી તેનો પ્રયોગ વાર્તાકાર કિશોર જીદવની 'લેબિરિન્ય'વાર્તાને ચકાસી જોવા માટે કર્યો. સુમન શાહની શાસ્ત્રીય વિભાવના અસ્પષ્ટતા અને ગૂંચવણો ઊભી કરે છે. તેમ છતાં તેઓ કહે છે તેમ કૃતિ અને કર્તાને સ્થાને હવેની વિવેચના સર્જન અને ભાવનને તાકે છે. સાહિત્યને તેઓસંક્રમણશીલવાણીની એક ભાષાન્તરિત આવૃત્તિ (version) ગણાવે છે. સંરચનાવાદીઓના મતે સાહિત્યિક ઉક્તિ અને સર્વસાધારણ ઉક્તિ વચ્ચેની ભિન્નતા ભાવનની પ્રવૃત્તિદરમિયાન ઓગળી જાય છે. આ વાદનો અભિગમ કૃતિના વિભિન્ન અર્થોને શક્ય બનાવનારી કૃતિબાહ્ય સ્થિતિઓમાં સંસ્કૃતિમાં પડેલાં વ્યાપક નિદર્શનો (models) ની પરિશોધનું મહત્ત્વ છે. આ પ્રકારની વિવેચનામાં ભાષાવિજ્ઞાન પૃથક્કરણ કે અર્થ વિષયક માળખું નહિ પણ સર્વસાધારણ માળખું મળે છે જેના આધારે સંકેતવિષયક

પરિશોધ શક્ય બને છે. કૃતિની લીલામાં ભાગ લઈ શકાય તેવું ભાવન આમાંથી પ્રગટે છે, તેમ તેમનું કહેવું છે.

ડૉ. સુરેશ જોશીએ આ સંરચનાવાદી અભિગમની પણ વિગતે તપાસ કરીને કલાપરક વિશેષતાઓનો મર્મ ઉકેલવામાં આ સંરચનાવાદીઓ ક્યાં નિષ્ફળ ગયાં છે તે તારવી બતાવ્યું છે અને કહ્યું (ઊહાપોહ-અંક : ૫૧ જુઓ) કે સંરચનાવાદીઓ વિવેચનમાં પારિભાષિક દુર્બોધતા અને દુરાકૃષ્ટતા જેવા દોષોમાં ફસાઈ ગયા છે. ગુજરાતી વિવેચનની ગતિ એકવીસમી સદીમાં પણ નવનવોન્મેષ સાથે ચાલતી રહી છે. ચંદ્રકાન્ત ટોપીવાલા, શિરીષ પંચાલ, ભરત મહેતા અને અન્ય વિવેચકોની પ્રવૃત્તિ ધ્યાનાર્હ છે.

## (7) સારાંશ :

* આ એકમમાં સાહિત્ય રચનાની સંકલ્પના, સાહિત્ય અને પ્રચાર માધ્યમો, સાહિત્ય નિર્માણ અંગેની પ્રતિબધ્ધતા અને સાહિત્ય રચનાના પડકારો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.
* પ્રચાર માધ્યમો દ્વારા સાહિત્યનો વિકાસ કેવી રીતે થાય છે તે સમજ આપવામાં આવી છે.

## (8) એકમ સ્વાધ્યાય :

(1) સાહિત્ય સંરચનાની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) સાહિત્ય અને પ્રચાર માધ્યમો ટૂંકમાં જણાવો.

(3) સાહિત્ય નિર્માણ અંગેની પ્રતિબધ્ધતા ટૂંકમાં જણાવો.

(4) સાહિત્ય સંરચનનાં પડકારો ટૂંકમાં જણાવો.

## (9) તમારી પ્રગતિ ચકાસો :

નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

(1) સાહિત્ય રચનાની સંકલ્પના ટૂંકમાં જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) સાહિત્ય અને પ્રાચાર માધ્યમો ટૂંકમાં જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## (12) સૂચિત વાચન સામગ્રી :

(1) ત્રિવેદી યજવંત : અને સાહિત્ય, સાહિત્ય ભારતી પ્રકાશન, અમદાવાદ

(2) પટેલ મણિલાલ : સાહિત્ય-વિવેચનનાં સિધ્ધાંતો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

## એકમ 6

# ભાષા કૌશલ્ય અને સાહિત્ય

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) ભાષા શબ્દના વિવિધ અર્થો-અર્થ ઉત્પતિ

(3) ભાષાની વ્યાખ્યાઓ

(4) ભાષાના સ્વરૂપ લક્ષણો

(5) ભાષાના કર્યો

(6) ભાષા અને શિક્ષણ -માતૃભાષા દ્વારા શિક્ષણ

(7) સાહિત્ય અને ભાષા

(8) સારાંશ

(9) એકમ સ્વાધ્યાય

(10) તમારી પ્રગતિ ચકાસો

(11) તમારી પ્રગતિ ચકસોના ઉત્તરો

(12) સૂચિત વાચન સામગ્રી

**ઉદ્દેશો : (Objective)**

· આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે..

(1) ભાષાનો અર્થ સમજી શકશો.

(2) ભાષાની વ્યાખ્યા સમજી શકશો.

(3) ભાષાના સ્વરૂપ લક્ષણો સમજી શકશો.

(4) ભાષાના કર્યો સમજી શકશો.

(5) માતૃભાષા દ્વારા શિક્ષણ સમજી શકશો.

(6) સાહિત્ય અને ભાષા સમજી શકશો.

## (1) પ્રસ્તાવના

આપણે સહુ ભાષા જાણીએ છીએ, પણ ભાષા વિરો બહુ પોછું જાણીએ છીએ. ભાષા જાણવા વ્યાકરણની જરૂર પડતી નથી, પરંતુ ભાષા વિશે જાણવા વ્યાકરણની આવશ્યક્તા રહે છે. ભાષાથી વ્યક્તિનો, સમાજનો અને રાષ્ટ્રનો વિકાસ થાય છે.

ભાષા થકી નવાં નવાં વ્યવહારો અને અવનવી કલાઓ અસ્તિત્વ ધરાવે છે. ભાષા આજે માનવ વ્યવહારનું અતિ અનિવાર્ય એવું ચાવીરૂપ માધ્યમ બન્યું છે. ભાષા વિના માણસનું માણસ તરીકેનું અસ્તિત્વ અશક્ય છે.

ભાષા થકી જ માણસ “માણસ” બન્યો છે. માનવ સમાજ સર્જિત આ ભાષા માણસની પ્રતિક્રિયામાંમહત્ત્વનોભાગભજવેછે.

આજ દિન સુધી ‘મનુષ્ય એક સામાજિક પ્રાણી છે.’‘મનુષ્ય એક બુદ્ધિશાળી પ્રાણી છે.’ એવાં વાક્યોથી માણસની ઓળખાણ આપવામાં આવતી રહી છે, પરંતુ આધુનિક જગતમાં, અનેક વિદ્વાનોએ વાત ઉપર ધ્યાન દોર્યું છે કે “મનુષ્ય એક બોલતું-ભાષાનો ઉપયોગ કરતું પ્રાણી છે.

બીજા શબ્દોમાં કહીએ તો મનુષ્ય પાસે પોતાના વિચારોનો વિનિમય કરવા માટે અનેક એવું ભાષારૂપી સાપન છે કે જેના ઘરણે અન્ય પ્રાણીઓ કરતાં જુદું પડી જાય છે.

કેવળ મનુષ્ય પાસે જ ભાષા છે, એમ સ્પીએ છીએ ત્યારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે અન્ય પ્રાણીઓ પણ "ભાષા"જેવું કંઈક જોવા મળે છે. દા.ત. પશુ પક્ષીઓ ભય. સંવનન વગેરેની લાગણીઓ વ્યક્ત કરવા માટે અમુક અવાજો કાઢે છે.

મનુષ્યોની પાસે"ભાષા" કેવી રીતે આવી હશે? ભાષાની ઉત્પત્તિ કેવી રીતે થઇ હશે? - એ શાશ્વતિક વિવાદનો પ્રશ્ન છે, એટલું નિશ્ચિત છે કે

(૧) ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ મુજબ, વાંદરામાંથી જ્યારે મનુષ્ય બન્યો હશે, ત્યારે તે બે પગે ટટ્ટારચાલતો થયો હશે. પરિણામે વસ્તુઓ પકડવાનું કામ જે પહેલા મુખ-દાંત કરતા હશે તે કામ હવે હાથ કરવા લાગ્યા હશે. આમ મુખ્ય વસ્તુઓ પકડવાના કામમાંથી નિવૃત્ત થયું હશે.

* પછી કાલક્રમે અકસ્માત શ્વાસ-ઉચ્છવાસની હવાને અંદર લેતી કે બહાર કાઢતી વખતે, મુખમાં રહેલી જીભને ઊંચી નીચી કરીને હવાને જુદા જુદા દાંત, તાલુ, મુર્ધા વગેરે સ્થાનોમાં રોકીને-ઘર્ષણ કરીને તે અવાજ કાઢતાં શીખ્યો હશે.

* કાલક્રમે આ અવાજોની સંખ્યા પણ વધતી ગઈ હતો અને મનુષ્ય "બુધ્ધિશાળી પ્રાણી" હોવાને કારણે તેણે દરેક અવાજને જુદા જુદા અર્થની સાથે સાંકળ્યા હશે.

* આમ ભાષાના ઉદ્દગમમાં મનુષ્ય જે ક્ષણે ટટ્ટાર ચાલતાં શીખ્યો હશે તે ક્ષણ ખૂબજ મહત્ત્વની હશે.

(૨) અન્ય પશુઓના બચ્ચાંઓની અપેક્ષાએ માનવનું બાળક જન્મ્યા પછી વધારે સમય પરાવલંબી રહેતુ હોઈ સ્ત્રી-પુરૂષને વધારે સમય સાથે રહેવાનું પ્રાપ્ત થાય છે.

(3) મનુષ્ય જીવનમાં કોઈ નિશ્ચિત સંવનનકાળ જોવા મળતો નથી. આથી સ્ત્રી-પુરૂષો બારેમાસ પરસ્પર સાથે રહેતા હોઈને કુટુંબ વ્યવસ્થાનો જન્મ થયો હશે. આ કુટુંબ વ્યવસ્થાનું સ્વરૂપ જ એવું છે કે જેમાં વારંવાર પ્રત્યેક ક્ષણે વિચારો અને લાગણીઓની આપલે કરવાની અનિવાર્યતા ઊભી થાય. ભાષાની ઉત્પત્તિમાં આ ત્રણેય બાબતો મોયે પ્રેરક પરિબળો છે.

## (૨) ભાષા શબ્દના વિવિધ અર્થો

"ભાષા"નો પ્રચલિત અર્થ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વગેરે થાય છે પરંતુ, ઘણીવાર ભાષા શબ્દ વિશાળ અર્થમાં માપણે વાપરીએ છીએ. જેમ કે ઉમાશંકર એમ લખે "કવિતા આત્માની માતૃભાષા"હવે કવિતા ભાષામાં લખાતી હોવા છતાં અહી તેને આત્માની ભાષા કહી, "ભાષા"નો નવો અર્થ ક્યો છે. એ જ રીતે એમ કહેવાયું છે કે, "મૌન એ પ્રેમની ભાષા છે."ભાષા તો વાણી રૂપ છે અને મૌન એટલે વાણીનો અભાવ, પરંતુ અહીં "ભાષા"દ્વારા કંઈક બીજુ જ અભિપ્રેત છે. અર્થાત્ ભાષા શબ્દ અહીંજુદા જુદા અર્થમાં પ્રયોજાયો છે. એ અર્થ છે, "અભિવ્યક્તિ અને અવગમનનું કોઇ માધ્યમ"કવિતા આત્માના ભાવો પ્રગટ કરે છે અને મૌન પ્રેમને પ્રગટ કરે છે. એટલે એને "ભાષા" કહ્યા છે.

બહેરા મૂંગા જે રીતે વાત કરે છે એને "ચેષ્ટારૂપ-ભાષા"કહે છે. મધ ક્યાં છે, એ મધમાખી પાંખોના નૃત્ય દ્વારા દર્શાવે છે, તેથી પાંખોનું નૃત્ય એ મધમાખીની ભાષા છે. અહીં અભિવ્યક્તિ અને અવગમનના માધ્યમ તરીકે ભાષાનો અર્થ પ્રગટે છે. પ્રાણીઓ, પક્ષીઓ પાસે અવાજ હોય છે, પણ ભાષા હોતી નથી. પશુ પંખીઓ અવાજ દ્વારા પીડા, હરખ, ભય, ભૂખ જેવી પ્રાથમિક લાગણીઓને સૂચવી શકે છે, પણ સ્પષ્ટપણે એ વ્યક્ત કરી શક્તાં નથી. ભારત અને અમેરિકાનો કૂતરો એક સરખી રીતે બેસે છે. અર્થાત એ અવાજો સાહજિક છે. જે રીતે માણસ હસે છે કે રડે છે, કંઇ તેવું જ પોપટ અવાજનું અનુકરણ કરે છે, પણ તેનો અર્થ જાણતો નથી.આથી તે માણસ સાથે વાતચીત કરી શકતો નથી. અર્થાત્પ્રાણીઓના અવાજો, જે અર્થમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી જેવી ભાષાઓ છે તે અર્થમાં એ ભાષા નથી અને જયારે ભાષા તરીકે ઓળખાવીએ છીએ ત્યારે તેનો વ્યાપક અર્થ કરીએ છીએ. ભાષાનો ચોક્કસ ચુસ્ત અર્થ

કરવો હોય તો કહી શકાય કે "ભાષા એટલે અભિવ્યક્તિ અને અવગમનનું ધ્વનિ સંતો વ્યક્ત થતું માધ્યમ."જે માનવામાન વાપરે છે. આ ભાષા ધ્વનિઓની બનેલી છે. છતાં બધાં ધ્વનિ એમાં સ્થાન પામતાં નથી. ખાંસી, ખોખારો, ઉધરસ, નિસાસો વગેરે ધ્વનિ હોવા છતાં ભાષા નથી. કારણ કે આ ધ્વનિઓ સહજ છે, યારૃચ્છિક નથી. જેમાં ધ્વનિ અને અર્થ વચ્ચે કોઇ આવશ્યક સંબંધ નથી, નૈસર્ગિક કે સાહજિક સંબંધ નથી. પણ યાદચ્છિક કે આકસ્મિક સંબંધ હોય છે તેને ભાષા કહે છે.દરેક સમાજની ધ્વનિ-સંકેતો પોતાની આગવી વ્યવસ્થા હોય છે, જે તેને પરસ્પર વ્યવહારોના સાધન તરીકે કામ આવે છે.

**ભાષા એટલે શું ?**

માણસની એક વિશિષ્ટ સિધ્ધિ તે ભાષા. ભાષા એ માનવનું સર્જન છે. માનવ દુનિયામાં જન્મ લે છે ત્યારે એની ભાષા સિધ્ધિ શૂન્ય હોય છે, પણ ચાર-પાંચ વરસના ગાળામાં એને પોતાને ભાષા આત્મસાત થઈ ગયેલી લાગે છે અને એ એટલી સરળતાથી બોલતો થઇ જાય છે કે થોડા વખત પહેલાં પોતાને આવી શક્તિ હતી જ નહીં એનો ખ્યાલ પણ એને રહેતો નથી. ભાષા આનુવંશિક સંસ્કાર તો નથી જ, એ શીખવી પડે છે. માણસ શ્રવણ અને એના અનુકરણથી ભાષા શીખે છે. જે સમાજમાં એ ઉછેર છે એ સમાજની ભાષા એ શીખે છે.

અનેક સંસ્કારો દ્વારા જે ઘટનાઓ સમાજના સહવાસથી એ શીખે છે, તેમાં ભાષા અગ્ર સ્થાન છે. વ્યક્તિના મનોભાવ વ્યક્ત કરવાનું સામી વ્યક્તિ સુધી વાગ્ય વ્યવહારથી તેને પહોંચાડવાનું કામ ભાષા કરે છે. ભાષા શબ્દ ભાષ્ પરથી બનેલો છે.

ભાષા એટલે અભિવ્યક્તિ અને અવગમનનું અવાજોનું બનેલું વાણીમય માધ્યમ. માણસ જ્યારે આદિમ અવસ્થામાં હતો ત્યારે પોતાની લાગણીઓ, ભૂખ, તરસ, ક્રોધ વગેરે દર્શાવવા માટે જુદા જુદા અવાજો, અવાજોનો ઉપયોગ કરતો, ધીમે ધીમે તે પરિવાર સાથે રહેતો થયો. સામાજિક અને માનસિક રીતે વિકરાતો ગયો, તેમ તેમ તેને પોતાની લાગણીઓ અને ધિયારો દર્શાવવા માટે ભાષાની જરૂર પડવા માંડી. પછી તેમાંથી ભાષા ઘડાતી ગઈ અને વીકસતી ગઈ.

ભાષાનો વિકાસ એ માનવ-ઉત્ક્રાંતિનો એક ભાગ છે. સમાજનું પરસ્પર વ્યવહાર માટે ભાષા એ અતિ મહત્ત્વનું સાધન છે. એનાથી સમાજ ટકી શક્યો છે.આમજુઓ તો ભાષા એ વ્યક્તિને સમાજ સાથે જોડનારી કડી છે.

ભાષા વિના માનવ સમાજનું અસ્તિત્વ સંભવી શકે નહી, પરંતુ આ સાથે એમ પણ કહેવું પડે છે કે ભાષા કેવળ અભિવ્યકિતનું જ નહીં પણ જ્ઞાન મેળવવાનું સાધન પણ છે.

ભાષા માત્ર વિચાર વિનિમયનું જ સાધન નથી, વિચારનું એક માત્ર વાહન પણ છે. ભાષાની મદદ વગર વિચાર કરવાનું શક્ય નથી. ભાષા અને વિચાર એકજ વસ્તુનાં પરસ્પર ભિન્ન અને અવિચ્છિન્ન એવાં બે પાસાં છે.

સૂક્ષ્મ દષ્ટિએ જોતાં ભાષા એ ધ્વનિ અને વિચાર બંનેને સાંકળનાર એક માધ્યમ છે. મનમાં વિચાર આવતાં આકૃતિ સ્પષ્ટ થાય છે. જે પછીથી ભાષામાં ઉદગાર કે ધ્વનિરૂપે અવતરે છે. મનોગતિ વિચારમાં એનું ધ્વનિરૂપે અવતરણ સાધિત બને છે.

**ભાષાની ઉપત્તિ :**

- ભાષાનો જન્મ કેવી રીતે થયો, ભાષા ક્યાંથી આવી, આદિમ મનુષ્ય ભાષા કોની પાસેથી ગ્રહણ કરી એ વિશે પ્રશ્નાર્થ જ છે. ભાષાની ઉત્પત્તિ વિશે ભાષાશાસ્ત્રીઓ જાતજાતની કલ્પનાઓ કરે છે.
- સૃષ્ટિના આરંભકાળમાં જ્યારે મનુષ્ય છૂટે છવાયો વસી એકલો વિચરતો હતો ત્યારે તેને વ્યક્ત ભાષા જરૂરત સ્વાભાવિક રીતે જ ન હોતી. તે વખતે તેનામાં હર્ષ કે શોકનો આવેલા, આવતો ત્યારે તે તરત જ કુદરતની પ્રેરણાથી હર્ષ કે શોકના ઉદગારો કાઢીને પોતાનો જે તે આવેશ દર્શાવતો.

· ભાષા જ્યારે અવ્યક્ત, અસ્પષ્ટ, અવિકસિત અને અપૂર્ણ હોય ત્યારે ચેષ્ટાની મદદની પણ જરૂરત રહે જ. એ સમયે ભિન્ન ભિન્ન લાગતીઓ દર્શાવવા તેને વ્યવસ્થિત ભાષાની જરૂરત નહતી, પરંતુ જેમ જેમ માણસની અવસ્થા વિકસતી ગઇ, તેની પરિસ્થિતિમાં પરિવર્તન આવતું ગયું તેમ તેમ તેને વ્યક્ત ભાષાની ખાસ જરૂરત પડવા માંડી.

· અર્થાત તે એક મેકની સમીપ "સમૂહ"કે "સમાજ"રચી રહેતો થયો. ઇશારા, સંકેતો,ચિત્રોની જગ્યા ભાષાએ લેવા માંડી. પહેલા તેનો ધ્વનિ ગુંગવણભર્યો હતો, તે ધીમે ધીમે સુધરતો ગયો. અર્થાત્ મનુષ્યના વિકાસની સાથે તેની સમજ શકિત અને ઉચ્ચારના અવયવોનો પણ વિકાસ થતો ગયો.

· પછી તો ઘર, ઝુંબ અને સમાજના બંધારણના પરિણામે આરંભની ગૂંચવણભરી, બદલાતી અને અનિશ્ચિત ભાષા ક્રમે ક્રમેસ્પષ્ટ, સ્થિર અને વિકસિત બનતી ગઈ. ભાષાએમાત્રનું મૂળ ધ્વનિમાં છે અને એ અવ્યક્ત ધ્વનિમાંથી વિકાસ પામી મનુષ્યની ભાષા બંધાઇ છે.

· હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ગીર્વાણગિરા સંસ્કૃત જ આદિભાષા છે, જેનું પરમેશ્વરે સૃષ્ટિના આરંભ કાળે ઋષિઓને જ્ઞાન આપ્યું હતું, એમાંથી કાળક્રમે ભાષા-ઉપભાષાઓ ઉત્પન્ન થઇ. રોમન-કેથલિક પંચના અનુયાયીઓના મતાનુસાર પ્રાચીન હિબ્રુએજ આદિમ ભાષા હતી.

· એ માનવસર્જિત નહી પણ ઇશ્વર દત્તવાણી હતી. બૌધ્ધો પાલીને અને જેનો પાત કે અર્ધ માગધીને માનવની મૂળભાષા ગણાવે છે. પ્રાચીન ગ્રીક દાર્શનિકોમાંથી પણ કેટલાંક, ભાષા ઇશ્વરદત્ત હોવાનું માનતા હતા, જ્યારે સોક્રેટિસ જેવા અન્ય પ્રસિધ્ધ દાર્શનિકો એ મતથી વિરુધ્ધ હતા.

· માણસે પહેલાં ઇશારાની ભાષા વિક્સાવી, જેની સાથે કેટલીક્વાર અનુકરણાત્મક ધ્વનિઓછી સંકલિત થયેલા હતા. પછી ધીમે ધીમે એમાંથી ધ્વન્યાત્મક ભાષા જ સવિશેષ કાર્ય સાધક બની ગઈ.

## (3) ભાષાની વ્યાખ્યાનો :

ભાષાના વિવિધ લક્ષણો તારવવા એની વ્યાખ્યાઓનો વિચાર જરૂરી છે. આ વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

(1) ભાષા યાદચ્છિક, વાંચિક સંકેતોની એક વ્યવસ્થા છે. જેના વડે કોઇ સામાજીક જૂથના સભ્યો એક્બીજાનો સહકાર સાધે છે અને એકબીજાના સંપર્કમાં આવે છે. - સ્ટટીવન્ટ

(2) ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ, એષણાઓનું(ઇરછા) સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પ્રવૃત્તિ. - એડવર્ડ સવિર

(3) ભાષા યાદ્રચ્છિક, વાચિક, ધ્વનિઓ અને ધ્વનિ શ્રેણીઓની એક સંગઠન વ્યવસ્યા છે. જે માનવ વ્યકિતના જૂથ દ્વારા પરસ્પરના સંદેશા વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે. - કેરલ

(4) ભાષાઓ એટલે યાદ્રચ્છિકસંકેતપદ્ધતિ દ્વારા સંદેશાવ્યવહાર કરવાની માનવ વડે ઉપયોગમાં લાવતી વાચ્ય, શ્રાવ્ય આદતોની વ્યવસ્થા. - રોબર્ટ હોલ

**(5) જે. બી. કેરોલ :**

"ભાષા યાદચ્છિક વાચિક ધ્વનિઓ અને ધ્વનિ શ્રેણીઓનું એક સંઘટનાયુક્ત વ્યવસ્થા છે, જે માનવ-વ્યકિતઓના કોઇ જૂથ દ્વારા પારસ્પરિક સંદેશા વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે કે લઈ શકાય છે અને માનવ પરિવેશમાં જોવા મળતા પદાર્થો, બનાવો અને પ્રક્રિયાઓને લગભગ પૂર્ણપણે નોંધી આપે છે."

**(૬) એડવર્ડ સેપિર :**

"ભાષાએ માનવીએ કેવળ અંતઃપ્રેરણાથી નહીં, પણ સ્વપ્રયત્ન સિધ્ધિ કરેલી, પોતાના વિચારો, લાગણીઓ અને ઇચ્છાઓ વ્યક્ત કરવાને સ્વેચ્છાપૂર્વક યોજેલા ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે."

Language is a purely human and non-instinctive method of communication ideas, emotions and desires by means of a system of voluntarily produced symbols

**(૭) સેપિરે :**

* સેપિરે આજ બાબત સ્પષ્ટ કરતાં સંક્ષેપમાં કરી કહ્યું છે કે, "ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સક્તો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિન સાહજિક પધ્ધતિ.

Language is a primarily's system of phonetic symbols for the expression of communicable thoughts and feelings.

**(૮) પ્રો. સ્તુર્વેવાં**

* પ્રો. સ્તુતેવાંએ આપેલી ભાષાની વ્યાખ્યા સર્વમાં ચઢિયાતી છે. એ કહે છે, "ભાષા યાદચ્છિક વાચિક સંકેતાની એક વ્યવસ્થા છે, જેના વડે કોઇ પણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાનો સહકાર સાધે છે અને એકબીજાના સંપર્કમાં આવે છે."

**(૯) રુવીટ**

* ભાષા એ ધ્વનિ સક્તો દ્વારા વિચારોની અભિવયક્તિ.

**(૧૦) બ્રિટન સર્વવિદ્યા સંગ્રહ :**

· ભાષાએયાદચ્છિકધ્વનિસંતોનીએકવ્યવસ્થાછે, જેના દ્વારા કોઇ એક સમાજના સભ્ય તરીકે અને સંસ્કૃતિના ભાગીદાર તરીકે માનવી અરસપરસ આંતરક્રિયા કરે છે અને સંસર્ગ રાખે છે."

ટૂંકમાં કહી તો ધ્વનિનું સંજ્ઞારૂપ એટલે અક્ષર અને અમૂર્ત ભાવોને મૂર્ત સ્વરૂપમાં રજૂ કરવા એટલે ભાષી ન એટલે કે ભાષા.

· એટલેકે ધ્વનિરૂપેસંકેતોની વ્યવસ્થા છે. દરેક ભાષાને પોતીકી ધ્વનિ વ્યવસ્થા હોય છે. દરેક ભાષામાં ધ્વનિઓ અમુક ક્રમમાં અમુક વ્યવસ્થામાં આવતા હોય છે. આવી વ્યવસ્થા ન હોય તો ડચકારાને તાળીના અવાજને જુદા પાડવા મુશ્કેલ બને.

**(11) ગ્રે :**

"ભાષા, વાણી અને શ્રાવણ વડે, માનવશક્તિઓ થકી અને તેમના પ્રત્યે થતી અભિવ્યક્તિ અને સંક્રમણની પ્રક્રિયા છે, જેમાં બોલતા કે સાંભળતા ધ્વનિઓનું માનવજાતિના ઇતિહાસમાં કોઈપણ એક સમયે સમુદાય કે સમુદાયોમાં સર્વે સામાન્ય વપરાશથી નિપજાવેલ, રૂઢ થયેલ અને સ્વીકૃત પામેલ વ્યવસ્થાઓ રૂપે એવું સંયોજન થાય છે કે એ ધ્વનિઓ એ સમુદાયના લગભગ બધા સરેરાશ સભ્યોને પરસ્પર અવબોધક્ષમ બને છે."

**(12) સ્ટર્ટિવન્ટ :**

"ભાષા યાદચ્છિક વાંછિક સંકતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈપણ એક સામાજિક જુથના સભ્યો એક્બીજાઓ સહકાર બાંધે છે અને એકબીજાના સંપર્કમાં આવે છે.

**(13) હોલ :**

"ભાષાઓ એટલે યાદચ્છિક સંકેત પધ્ધતિ દ્વારા સંદેશ વ્યવહાર કરવાની, માનવીઓ વડે ઉપેયોગમાં લેવાતી વાચ્ય-શ્રાવ્ય આદતોની વ્યવસ્થા."

· એ યાદ રાખવાનું છે કે ભાષા વાચિક ધ્વનિરૂપ યાદચ્છિક સંકેતોની વ્યવસ્થા છે. ચિત્રરૂપ સત્તાની વ્યવસ્થા નથી. વળી, ભાષાની સંકેત વ્યવસ્થા કુદરતી નથી તેમ તે કોઇ એક વ્યકિતનું સર્જન નથી. અરસપરસ વ્યવહાર કરતા સામાજિક જૂથમાં જ એ અસ્તિત્વમાં આવે છે. રૂઢ બને છે અને સ્વીકાર પામે છે. સામાજિક જૂથ બદલાય તેમ ભાષાની સંકેત વ્યવસ્થા પણ કેટલેક અંશે બદલાય છે.

· ભાષા આ રીતે મેળવવા - કેળવવાની બાબત છે. વ્યક્તિ આપમેળે ભાષાનો ઉપયોગ કરે અને તે શીખીને કરે એ બેમાં ફેર છે. વ્યક્તિએ ભાષાના રચતા વ્યાપારથી ટેવાવાનું અને તેથી ભાષાતંત્ર સમજવા શિક્ષિત થવાનું છે.

## (૪) ભાષાના સ્વરૂપ લક્ષણો :

ઉપરની વ્યાખ્યાઓને આધારે ભાષાના મહત્ત્વના સ્વરૂપ લક્ષણો નીચે મુજબ તારવી શકાય.

(૧) ભાષા સંદેશાવ્યવહારનું એક માધ્યમ છે. કશું કહેવા, સૂચવવા, વ્યક્ત કરવા વપરાતી સંકેત પદ્ધતિ છે. જે પોતાથી ઇતર એવા પદાર્થ રજૂ કરે છે. ભાષા દ્વારા આપણે લાગણી, વિચારો, ઇચ્છા, આદેશો વ્યક્ત કરીએ છીએ.

(2) ભાષા અન્ય સંકેત પદ્ધતિ જેવી કે ચેષ્ટા, ચિત્ર, આકૃતિ વગેરે કરતા વધુ ચોકસાઈથી ભારે કરકસરથી પૂરી બારીકાઈથી લગભગ અશેષપણ લાગણીઓ, વિચારો, ઇચ્છાઓને વ્યક્તકરે છે.

(૩) ભાષાના સંકેતો મુખ્યત્વે વાચ્ય-શ્રાવ્ય સ્વરૂપના છે, બોલાતા-સંભળાતા ધ્વનિઓ અને ધ્વનિશ્રેણીઓ દ્વારા ભાષા કામ કરે છે.

(૪) ભાષાના સંકેતો યાદ્રુચ્છિક કે પ્રતિકાત્મક હોય છે. ચિત્રાત્મક કે અભિવ્યજનાત્મક નહી. નિશાળે જતા બાળકના ચિત્રનો સંકેત ચિત્રાત્મક હોય છે. જે સીધી અપીલ કરે છે, પરંતુ ભાષાના સંતો યાદ્રુચ્છિક હોવાને કારણે એક પદાર્થ કે વસ્તુ માટે જુદી જુદી ભાષામાં જુદા-જુદા શબ્દો વપરાય છે. જેમ કે ગુજરાતીમાં કૂતરો, હિન્દીમાં કુત્તા, સંસ્કૃતમાં શ્વાન, અંગ્રેજીમાં Dog, જર્મનમાં Hung વગેરે સંકેતો છે. એક જ વસ્તુ દર્શાવવા માટે અલગ-અલગ ધ્વનિશ્રેણી વપરાતી હોય તે સૂચવે છે કે તેમની વચ્ચે કુદરતી સંબંધ નથી પણ યાદ્રુચ્છિક છે.

(૫) ભાષાના સંકેતો સંગઠિત હોય છે અને એની વ્યવસ્થા અનેક સ્તરીય હોય છે. ભાષા વાંચિક ધ્વનિઓની બનેલી છે, છતાં દરેક ભાષા મર્યાદિત સંખ્યાના ભેદક ધ્વનિનો જ ઉપયોગ કરે છે. આ ધ્વનિઓ સ્વતંત્ર અર્થ ધરાવતા નથી, પરંતુ સંયોજન વ્યક્ત કરે છે. આ સંયોજનની પણ એક અલગ વ્યવસ્થા છે. જેમ કે 'ક', 'મ', 'લ'આ ધ્વનિઓ સ્વતંત્ર રીતે ઉચ્ચારતાં અર્થ પ્રગટતો નથી, પરંતુ એનું સંયોજન "કમલ" એવી ધ્વનિ શ્રેણી તૈયાર કરે છે. જેમાંથી એક અર્થ પ્રગટે છે. એ ધ્વનિ બીજી રીતે સંયોજતા "મલક"બને છે. જે જુદો અર્થ બતાવે છે. વળી ત્રીજા પ્રકારે સંયોજતા "કલમ" એવો નવો જુદો અર્થ પ્રગટાવે છે, પરંતુ એ ધ્વનિઓનો "મક્લ"એ રીતે સંયોજતા કોઈ અર્થ પ્રગટતો નથી.

(૬) ભાષાના વાંચિક ધ્વનિ સક્તો યાદ્રુચ્છિક છે તેવું નથી, ભાષાનું સમગ્ર તંત્ર યાદ્રુચ્છિક છે. શબ્દોને જોડવાની, એક શબ્દ પરથી બીજો શબ્દ બનાવવાની વાક્ય રચવાની ઘણી ખાસિયતો દરેક ભાષામાં જુદી રીતે જોવા મળે છે.

(૭) આવી ભાષા કેવળ માનવીય વ્યાપારો છે. માનવ સમાજમાં જોવા મળતી ઘટનાઓ છે. પ્રાણીઓ પાસે આ ભાષા નથી.

## (5) ભાષાના કાર્યો :

**પૂર્વ ભૂમિકા :** ભાષા માનવજીવન તેમજ વ્યવહારમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માનવ-જીવનમાં બોલાતી, લખાતી, વંચાતી અને વિચારાતી અનેક પ્રયોજનો અને કાર્યો સિદ્ધ કરે છે. માનવજીવનમાં ભાષાનું અનેક રીતે મહત્ત્વ છે તે મહત્ત્વને આધારે ભાષાના વિવિધ કાર્યો તારવી શકાય.

### (1) માનવ વચ્ચે વ્યવહાર સ્થાપવાનું કાર્ય : -સંદેશ વ્યવહાર

માનવજીવનમાં ભાષાનું સૌથી પહેલું પાયાનું કાર્ય માનવમાં નવ વચ્ચે વ્યવહાર કરવાનું, સંદેશાઓની આપ-લે કરવાનું. વિચારોનું આદાન-પ્રદાન કરવાનું છે. માનવ જીવનનો સમગ્ર વ્યવહાર ભાષા પર આધારિત છે. જીવનના દરેક ક્ષેત્રમાં ભાષા વડે જ સંપર્ક સંબંધ વ્યવહાર

સિદ્ધ થઇ શકે. માનવી પાસે ભાષાનું પ્રબળ માધ્યમ ન હોય તો જીવન વ્યવહાર અટકી જાય. દા. ત. કોઈને તરસ કે ભૂખ લાગી છે તો તે ઇશારાથી સમજાવી શકે છે. પરંતુ શું ખાવું કે પીવું છે તે માત્ર ભાષાથી જ સૂચવી શકે. ઇશારાઓથી એક જુદી જ ભાષાછે જે માત્ર માણસ પાસે છે. અર્થાત ઇશારાઓ પણ માનવસર્જિત છે. જે માનવ વ્યવહારમાં ઉપયોગી છે, પરંતુ ભાષા દ્વારા રોજબરોજનો કોટુંબિક, સામાજીક વ્યાવસાયિક વ્યવહાર શક્ય બન્યો છે. ભાષા વિના તમામ વ્યવહાર અસંભવ છે.

**(2) અભિવ્યકિતનું પ્રબળ માધ્યમ :**

ભાષાનો બીજો ઉપયોગ માનવ હૃદયની લાગણીઓ, સંવેદનાઓ અભિવ્યક્તિ કરવાની છે. માનવહૃદયમાં હર્ષ, શોક, હાસ્ય, ભય, ક્રોધ, આશ્ચર્ય, આનંદ વગેરેની અનેક લાગણીઓ છુપાયેલી છે. આ લાગણીઓને જાગૃત કરી બીજા સામે અભિવ્યક્ત કરવા માટે ભાષાનું માધ્યમ ઉત્તમ રીતે ઉપયોગી નીવડે છે એ જે પ્રકારે લાગણીને ઝીલવા માટે ભાષાની જરૂર પડે છે. સામી વ્યક્તિ ભાષાથી અજ્ઞાન હશે તો તે તમારી લાગણી સમજી નહી શકે. અર્થાત ભાષા માત્ર અભિવ્યક્તિની નહી પ્રત્યાયનના (સમજવું) માધ્યમ તરીકે એટલી જ ઉપયોગી છે. માનવ મનના વિચારો અભિવ્યક્તિ દ્વારા ચોક્કસ આકાર પામે છે. કોઇના હૃદયમાં કોઇના માટે પ્રેમ કે નફરતની લાગણી હોય તો ચેષ્ઠારૂપ ભાષા કેવાણીરૂપ ભાષા દ્વારા વ્યક્ત થાય છે. એને સચોટ રીતે વ્યક્ત કરવા ભાષાની જરૂર પડે છે. અર્થાત ભાષા પરથી લાગણી અને વિચારોની સચોટ અભિવ્યક્તિ શક્ય છે.

**(3) જ્ઞાન પ્રાપ્તિનું માધ્યમ :**

ભાષાનું ત્રીજું પ્રયોજન જ્ઞાનપ્રાપ્તિ છે. જગતના અવલોકો, અનુભવો, ચિંતન, ઇતિહાસ, ધર્મ, અધ્યાત્મ, અર્થકારણ, ભૂગોળ, જ્ઞાન-વિજ્ઞાન વગેરે ક્ષેત્રોની માહિતી વગેરે ક્ષેત્રનું જ્ઞાન ભાષામાં સંગ્રહી શકાય છે અને ભાષા થકી જ પ્રાપ્ત કરી શકાય છે. અર્થાત માત્ર જ્ઞાનની પ્રાપ્તિ જ નહીં પણ જ્ઞાનનુ સંગ્રહ પણ કરી શકાય છે. શિવાજી કે રાણા-પ્રતાપ કોણ હતા કે રામ-કૃષ્ણ, મહંમદ પયગંબર, ઇસુ ખ્રિસ્તે શું તે આપણને ઇતિહાસ અને પુરાણોમાંથી જાણવા મળે છે. ભાષા ન હોય તે આ બધુ ગ્રંથોમાં સચવાયુ ન હોત અને આપણે જ્ઞાનથી વંચિત રહયા હોત. વર્ષો પૂર્વે લખેલું જ્ઞાન વર્ષો બાદ પ્રાપ્ત કરવું એ ભાષા થકી જ શક્ય છે.

**(4) સાહિત્યનું અસરકારક માધ્યમ :**

ભાષાની સૌથી નોંધપાત્ર કામગીરી સાહિત્યના માધ્યમ તરીકે છે ? ભાષાના માધ્યમથી રસલક્ષી સાહિત્ય સર્જી શકાય છે અને સાહિત્ય સર્જનથી માનવ સંવેદનાને વાચા આપી શકાય છે. એટલુ જ નહી, માનવહૃદયને અલૌકિક આનંદનો અનુભવ પણ કરાવી શકાય છે. કારણ કે સાહિત્યના સર્જકો શબ્દ અને અર્થ દ્વારા કલ્પનાની, પ્રતિક, અલંકાર, છંદ, શૈલી, લય વગેરેનું ક્લાત્મક સંયોજન કરી કલ્પનાની સૃષ્ટિ, સર્જિત આનંદની અનુભૂતિ કરાવે છે. ભાષાની વિવિધ છટાઓ સાહિત્યને જીવંત ચિત્રાત્મક પ્રકૃતિજન્ય અને અનુભવજન્ય બનાવે છે. આ દષ્ટિએ ભાષાના માધ્યમથી સાહિત્યની કલ્પિત સૃષ્ટિ, વાસ્તવિક સૃષ્ટિનો સાક્ષાત્કાર કરાવે છે. અદશ્યદશ્યમાન કરાવે છે.

**(5) દેશી - વિદેશની માનવજાતિને નિકટ લાવવાનું માધ્યમ :**

ભાષા જે રીતે વ્યવહારમાં ઉપયોગી છે તે જ રીતે સમાજ-સમાજ વચ્ચે, રાજય રાજય વચ્ચે અને દેશ-દેશ વચ્ચે સંબંધ બાંધવાનું અને ટકાવી રાખવાનું કામ કરે છે. એ દષ્ટિએ વિવિધ માનવજાતને નિક્ટ લાવે છે. એ દ્વારા વૈશ્વિક એક્તા પ્રગટાવવાનું કાર્ય કરે છે. હજારો માઇલ દૂર રહેતો માણસ ભાષાના માધ્યમથી એકદમ નજીક આવે છે. આજે ઈ-મેઈલ, ઇન્ટરનેટથી દેશ-વિદેશનો વ્યવહાર ઝડપી બન્યો છે. એના મૂળમાં ભાષા છે. દેશ-વિદેશના ઉત્પાદકો ભાષાના માધ્યમથી માણસ મેળવતો થયો છે. ભાષા દ્વારા રાષ્ટ્રભાષા વિકસી શકે છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે મૈત્રીકરાર શક્ય બન્યો છે. વ્યાપારી સંબંધ વિકસ્યાં છે અને 'वसुदेव कुटुम्बकम।'ની ભાવના દ્દઢ બની છે.

**(6) શોધ અને સિદ્ધિનું માધ્યમ :**

પૃથ્વી પર માનવ સર્જિત કોઇ શોધ કે સિદ્ધિ ભાષા થકી જ શક્ય બની છે. બોલપેનથી માંડી અવકાશયાન સુધીની શોધ ભાષાને આભારી છે. વ્યક્તિના રોજિંદા જીવનમાં સવારથી પાંચ સુધીના જે જે વસ્તુઓનો ઉપયોગ થાય છે તે તમામની ઉત્પત્તિમાં ભાષાનો મહત્ત્વનો ભાગ છે. જો ભાષાની શોધ થઇ ન હોત તો વિશ્વમાં કશું જ શોધાયું ન હોત. બારી-બારણા, ટેબલ-ખુરશી, પંખો, વસ્ત્રો, શૃંગારના સાધનો, મનોરંજનના સાધનો, ઘરવખરી વગેરે ભાષા વિના શક્ય ન હોત. માનવ ભાષા વિના પશુ સમાન જીવતો હોત. અર્થાત વિશ્વની પ્રત્યેક સિદ્ધિ નાનામાં નાની શોધ પણ ભાષાના ઉપયોગથી શક્ય બની છે.

**(7) સામાજિક સંબંધ સ્થપવા :**

· કેમ છો? 'મજામાં', 'જેશ્રી કૃષ્ણ' વગેરે ઉદગારો દ્વારા માણસો કશો સંદેશવ્યવહાર કરતા હોતા નથી, પરંતુ એકજાતનો હૃદયસંવાદ સાધતાં હોય છે, સામાજિક સંબંધની ગાંઠ મજબૂત હોય છે. ભાષા જવાબદારીઓ પણ ઊભી કરતી હોય છે, કાર્યનું સ્થાન લઈ લેતી હોય છે. મુસ્લિમ સમાજમાં 'હું છૂટાછેડા આપું છું' એટલા શબ્દોથી જ છૂટાછેડા અસ્તિત્વમાં આવી જાય છે. અને હું મારી સંપતિ વારસામાં આપું છું, એવા વૈધિક રીતે થયેલા લખવા માત્રથી સંપતિનો ફેરબદલો થઈ જાય છે, આમ ભાષા સામાજિક સંબંધ સ્થાપવાનું કાર્ય કરે છે.

## (6) માતૃભાષા દ્વારા શિક્ષણ

* **ઉદ્દેશ્ય :** તાલીમસત્રનાઅંતેતાલીમાર્થીઓમાતૃભાષાદ્વારા શિક્ષણના મહત્ત્વની ભૂમિકાથી માહિતગાર થશે.
* **સામગ્રી :** પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ચાર્ટ પેપર તથા માર્કર પેન.
* **પદ્ધતિ :** સહભાગી વ્યાખ્યાન જૂથ ચર્ચા.
* **પ્રક્રિયા :** આ સત્ર દરમ્યાન તજજ્ઞ તાલીમાર્થીઓના પૂર્વજ્ઞાનને ચકાસી ત્યારબાદ માતૃભાષા દ્વારા શિક્ષણની પાયાની ભૂમિકા વિશે વિગતવાર પ્રકાશ પાડશે. શિક્ષણ અને કેળવણીની અત્યંત મહત્ત્વની પ્રક્રિયામાં માતૃભાષા દ્વારા શિક્ષણના મહત્ત્વ અંગેના સંદર્ભને તજજ્ઞ સ્પષ્ટ કરશે. સત્ર દરમ્યાન મુક્ત પ્રશ્નો અને ચર્ચાને આમંત્રણ આપશે તથા યોગ્ય ઉદાહરણોના માધ્યમથી તાલીમાર્થીઓને વિશેષ માહિતગાર કરશે.
* **ચર્ચા/પ્રશ્નોત્તરી અને સમાપન:**

  સમગ્ર સત્રના અંતે સત્ર મૂલ્યાંકન આધારિત પ્રશ્નો ક્વીઝ, જૂથપ્રવૃત્તિઓ અને ચર્ચાના માધ્યમથી સત્રનું સમાપન કરવું.

**પ્રસ્તાવના :**

માતૃભાષા, ભાષા સમૃદ્ધિ અને સ્વતંત્રતાનું બીજ છે. માતા, માતૃભૂમિ અને માતૃભાષાનું ગૌરવ જાળવવું જોઈએ. બાળક અધ્યયન પ્રક્રિયામાં સો એ સો ટકા ત્યારે જ સામેલ થઈ શકે કે જયારે તેની માતૃભાષામાં શિક્ષણકાર્ય થતું હોય. બાળક પોતાના પરિવારમાં, સમાજમાં જે ભાષાથી ટેવાયો હોય છે તેને સરળતાથી સમજી શકે છે. ગાંધીજી કહેતા કે, બાળકનું શિક્ષણ તેની માતૃભાષામાં જ થવું જોઈએ. બાળકની અભિવ્યક્તિ અને અર્થગ્રહણની પ્રક્રિયા માતૃભાષામાં શિક્ષણ આપવાથી ઝડપી વિકાસ પામે છે.

ઈ.સ. 1993 માં જાહેર થયેલા 'ભાર વિનાનું ભણતર' અહેવાલના સંદર્ભમાં માતૃભાષામાં શિક્ષણ આપવાની હિમાયત કરવામાં આવેલ છે. ઈ.સ. 2004 માં પ્રો.યશપાલની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય સંચાલન અને એકવીસ સમૂહોનું ગઠન થયું. અભિપ્રાયોના અંતે ઈ.સ. 2005 માં રાષ્ટ્રીય અભ્યાસક્રમ (NCF) ની રૂપરેખામાં ખરડો તૈયાર થયો. એમાં નીચેની બાબતોને સમાવેશ કરવામાં આવ્યો હતો.

* જ્ઞાનને શાળાની બહારના જીવન સાથે જોડવું.

* ગોખણપટ્ટી આધારિત પદ્ધતિનો ત્યાગ કરવો.
* અભ્યાસક્રમ પાઠયપુસ્તકોથી વધારે આગળ જઈ શકે.
* પરીક્ષાઓ વધુ લચીલી થાય. (જેથી વિદ્યાર્થીઓ તણાવમુક્ત બને.)
* આદિવાસી બોલીઓ સહિત બાળકોની માતૃભાષાને શિક્ષણના માધ્યમના રૂપમાં સ્વીકૃતિ ઉપર જોર છે.
* જ્ઞાનનો અર્થ એ છે કે ભાષાના માધ્યમથી પોતાને અને દુનિયાને સમજવી.
* બાળકોના શિક્ષણનું માધ્યમ માતૃભાષામાં હોવું જોઈએ.
* જો પ્રાદેશિક ભાષા માતૃભાષાથી જુદી હોય તો પહેલાં બે વર્ષ દરમિયાન શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ.
* પ્રાથમિક સ્તર ઉપર બાળકની ભાષાનો સ્વીકાર, તેને સુધારવાના કોઈપણ પ્રયાસ વગર જ કરવો. ભૂલ એ શીખવાની પ્રક્રિયાનું અંગ છે.
* અર્થગ્રહણ, અર્થઘટન, તર્ક અને અભિવ્યક્તિ જેવા કૌશલ્યોનો વિકાસ માતૃભાષા દ્વારા જ થાય છે.

ઉપર્યુક્ત બાબતોને લક્ષમાં રાખીને માતૃભાષા દ્વારા શિક્ષણ આપીને શિક્ષણ ગુણવત્તાસભર, પરિણામલક્ષી અને અસરકારક કેવી રીતે બનાવી શકાય તે અંગેની માહિતી આપવાનો પ્રયાસ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

હેતુઓ :

- માતૃભાષાનું મહત્ત્વ સમજે.
- માતૃભાષાના ઉદ્દેશ્યોને સમજે.
- માતૃભાષાના કૌશલ્યોને વિકસાવવા માટેની પ્રવૃત્તિઓનું આયોજન કરે.

**શૈક્ષણિકમુદ્દો :**

- ભાષા વૈવિધ્ય
- ધો. 6,7,8 ના માતૃભાષાના પાઠયપુસ્તકો, શિક્ષક આવૃત્તિનો પરિચય.
- માતૃભાષા શિક્ષણના ઉદ્દેશો.

**ભાષા વૈવિધ્ય ;**

ભાષાના અનૌપચારિક વપરાશનું વૈવિધ્ય ઘણો મોટો વ્યાપ ધરાવે છે. ભારતમાં ત્રણસો એંશી જેટલી ભાષાઓ અને 1652 જેટલી બોલીઓ વપરાશમાં છે.

બાળકનેઅપરિચિતભાષાનોશિક્ષણનામાધ્યમતરીકેઉપયોગકરવાજતાં મનમાં ડર લાગતો હોય છે. અજાણી ભાષામાં શીખવું પડતું હોવાના કારણે ક્યારેક શીખવાની પ્રક્રિયા કંટાળાજનક બનતી હોય છે. ગુજરાતમાં કચ્છી, ડાંગી, ભીલી, રાઠવી જેવી દોઢસો જેટલી બોલીઓ છે. આ બાળકોની સંખ્યા લાખોમાં છે. આ બધાં બાળકોના વિકાસ માટે દ્વૈભાષિક શિક્ષણની ભલામણ ઈ.સ .1952 માં યુનિસેફ દ્વારા કરવામાં આવી હતી. આખા વિશ્વમાં ઘરની ભાષા જુદી હોય અને શાળાની ભાષા જુદી હોય એવી સ્થિતિમાં ભણતાં બાળકોની સંખ્યા લાખોની નહિં, કરોડોની છે. આ બધાં બાળકોને શિક્ષણ પ્રારંભમાં વાંચન, લેખન અને ગણનને કેળવવા પૂરતું તેમની ઘરની ભાષામાં અથવા માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો એક મજબૂત ઈમારત નિર્માણ થઈ શકે.

માત્ર દ્વૈભાષિતા જ નહીં બહુભાષિતા પણ શિક્ષણમાં બોજના બદલે ઉપયોગી બને છે. એવું પણ થઈ શકે કે બાળક આઠમાં સુધી થોડા વિષયો માતૃભાષામાં કે રાષ્ટ્રભાષામાં શીખે અને આઠમાં પછી બીજા વિષયો વિશ્વભાષા અંગ્રેજીમાં પણ શીખે.

**ધોરણ 1 થી 8 માં ભાષા શિક્ષણ. (પાઠયપુસ્તકનો પરિચય) :**

આપણે સૌ જાણીએ છીએ કે ધો. 1 થી 5 માં ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓમાં અક્ષરજ્ઞાનની આવડત કેળવવાનું કાર્ય થાય છે. વિદ્યાર્થીઓને શુદ્ધ ઉચ્ચારે આરોહ અવરોહ સાથેનું કથન અને વાંચન કરતાં શીખવવામાં આવે છે. તેઓને અક્ષરો અને શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી, યોગ્ય વિરામચિહ્ન મૂકી સુલેખન અને શુદ્ધ લેખન કરવાનું શીખવાડાય છે. આ રીતે પ્રારંભિક પાંચ વર્ષોમાં બાળકો સાંભળતા-વાંચતા સમજતાં-બોલતાં અને લખતાં શીખે છે. હવે ધો. 6,7,8 માં આ ક્ષમતાઓ વધુ વિકસાવવાની છે. પણ ખાસ તો ભાષા જ્ઞાન માટે પ્રયત્ન કરવાનો છે. યાદ રાખીએ કે ભાષાશિક્ષણને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવાનો આ તબક્કો છે. આ વર્ષોમાં....

- વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ સમૃદ્ધ થાય.
- વિદ્યાર્થીઓ સમાસ, રૂઢિપ્રયોગો, કહેવતોનો વ્યવહારમાં કે અભિવ્યક્તિમાં અસરકારક ઉપયોગ કરતા શીખે.
- પોતાના વિચારો, માવો, અનુભવો, સંવેદના અને વકતવ્યને ક્રમબદ્ધ રીતે અભિવ્યક્ત કરતાં શીખે.
- ભાષાની ખૂબીઓ જાણી તેનો વ્યુહરચનાત્મક ઉપયોગ કરતાં થાય.

ભાષા શિક્ષણ કરવા માટે ધોરણ- 6,7,8 ના પાઠયપુસ્તકોની ગદ્ય-પદ્યકૃતિઓનો અભ્યાસ કરવાનો છે.

ધોરણ 6,7,8 ના ગુજરાતીના પાઠયપુસ્તકોમાં વિદ્યાર્થીઓના અનુભવ અને અભિરુચિને સુસંગત વસ્તુ સામગ્રી મૂકવામાં આવી છે.

આ પુસ્તકોમાં ચિત્રપાઠ, બોધકથા, દ્રષ્ટાંત કથા, પ્રસંગકથા, લોકકથા, ચાતુર્યકથા, હાસ્યકથા, સંવેદનકથા, પૌરાણિક કથા, જીવનપ્રસંગ-જીવન ચરિત્ર, ચરિત્ર લેખ, આત્મકથા ખંડ, નવલકથા ખંડ, પત્ર, પ્રવાસ લેખન, નિબંધ, સંવાદ, નાટક, અહેવાલ અને અખબારી-નોંધ તથા ભજન, પ્રાર્થનાગીત, ઊર્મિગીત, લોકગીત, શૌર્યગીત, ઉત્સવગીત, પ્રકૃતિગીત તેમજ જીવાતા જીવન સાથે અનુબંધ ધરાવતા વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સ્વરૂપોને સ્થાન અપાયું છે.

પાઠયપુસ્તકોમાંની દરેક કૃતિમાં માનવીય મૂલ્યો છૂપાયેલાં હોય છે. જે તે કૃતિમાં નિર્દિષ્ટ મૂલ્યોની તારવણી કરી વિવેચનાત્મક ચિંતન દ્વારા કૃતિને સમજવાનો અને મજાવવાનો પ્રયત્ન કરવાનો છે. કૃતિના અંતે ટિપ્પણ, રૂઢિપ્રયોગ અને કહેવતો આપેલ છે, જેમાં શબ્દોની સાર્થ જોડણીકોશ મુજબના અર્થ આપવામાં આવેલા છે.

**ભાષા સજ્જતા :**

ધોરણ 6,7,8 નાં ગુજરાતીના પાઠયપુસ્તકોમાં કેટલીક કૃતિઓના અંતે ભાષા સજ્જતા શીર્ષક હેઠળ ઉચ્ચારણ, સ્વર-વ્યંજન, ઘોષ-અઘોષ ધ્વનિ, અનુનાસિક ધ્વનિ, શબ્દકોશનો ઉપયોગ, વિરામચિન્હો, સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દપ્રયોગો, વાકયના પ્રકાર, કર્તરિ-કર્મણિ-ભાવે વાકય પ્રયોગ, સંયોજક, ક્રિયાપદ, નામપદ, કાળ, અલંકાર, સંધિ, સમાસ જેવી વ્યાકરણ વિષયક વિગતોની સમજ આપવામાં આવી છે.

તત્સમ-તદભવ શબ્દો, જોડણી, માતૃભાષાનું મહત્ત્વ, વાર્તાલેખન, પત્રલેખન, નિબંધલેખન જેવા લેખનમાં લેવાની કાળજી તથા દુહા-મુક્તક-હાઈકુને સોનેટ જેવાં સાહિત્ય સ્વરૂપોની સમજ આપવામાં આવી છે.

**અભ્યાસ અને સ્વાધ્યાય :**

પાઠયપુસ્તકમાં એકમમાં ભાષા સજ્જતા પછી અભ્યાસ અને સ્વાધ્યાય આપેલ છે. તેનો હેતું ભાષાકીય કૌશલ્યોની સિદ્ધિના મૂલ્યાંકનનો છે.

**પ્રવૃત્તિ :**

દરેક કૃતિના અંતે 'પ્રવૃત્તિ'શીર્ષક હેઠળ બોક્સમાં આપેલ માહિતી મહત્ત્વની છે. અધ્યયન-અધ્યાપનમાં પુસ્તકાલયનો, સ્થાનિક સાહિત્યનો અને સ્થાનિક સંશાધનોનો મહત્તમ ઉપયોગ થાય તેવી વિવિધતાસભર સામગ્રી છે. આ પ્રવૃત્તિઓ વર્ગખંડમાં જ યોજવામાં આવે તેવો આગ્રહ નથી. શાળા-સમય સિવાય વિદ્યાર્થીઓ સ્વયં કરે અથવા કોઈની મદદથી પોતાની રસ-રુચિ અને અનુકૂળતા મુજબ કરી શકે છે.

**શિક્ષક આવૃત્તિ :**

ધોરણ 1 થી 8 ના માતૃભાષા શિક્ષણના અધ્યાપન માટે શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુસર શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે.

- આ પાઠયપુસ્તક વિશે '......' એ શીર્ષક તળે જે તે ધોરણની પુસ્તકમાં સમારેલી ખાંખાતોને ભાષાના સંદર્ભમાં પરિચય કરાવ્યો છે.
- ભાષામુખ્ય પાંચ હેતુઓ અને દરેક હેતુ દ્વારા કરવાની અધ્યયન ઉપલબ્ધીઓના વિધાનો આપ્યો છે. જેનો અભ્યાસ કરવાથી અભ્યાસક્રમની સમજ સ્પષ્ટ બને છે.
- પાઠ્યપુસ્તકના દરેક એકમના અધ્યાપન માટેનું ક્રમશઃ માર્ગદર્શન આપેલ છે.
- વિદ્યાર્થી આવૃત્તિના પાનાની ફોટો કોપી તથા તેના અધ્યાપન માટેની સમજ આપેલ છે.

**સમજપત્રક :**

ભાષાનો ઉપયોગ વૈવિધ્યસભર છે. અનુભૂતિ, ચિંતન, લાગણી અને સંદર્ભ સાથે એને સીધો સંબંધ છે. ભાષાનો અભ્યાસકમ વિશાળ અનુભવોની શૃંખલાથી રચાય છે. ભાષા માત્ર વિષય તરીકે છે ન જોતાં, એ જીવન ઘડતરનું સબળ માધ્યમ બનવું જરૂરી છે. ભાષાની યાંત્રિક પાસાં જેવા કે જોડણી, વાકયરચના, વ્યાકરણ, શુદ્ધ ઉચ્ચાર જેવી બાધ્યતોને શિક્ષણમાં જેટલું મહત્ત્વ આપીએ છીએ તેથી વિશેષ મહત્ત્વ ભાષાની અભિવ્યક્તિ, તાર્કિક ચિંતન, અનુમાન, અવલોકન, પ્રત્યાયન, ભાવાત્મક, સૌદર્યાત્મક અને સર્જનાત્મક પાસાંને આપવામાં આવે તો ભાષા દ્વારા બાળકનો સર્વાગી વિકાસ કરી શકાય.

પ્રસ્તુત અભ્યાસક્રમમાં ઉપર્યુક્ત બાબતોને ધ્યાનમાં રાખવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

- માતૃભાષા એટલે....
- પ્રત્યાપનનું માધ્યમ
- વ્યક્તિત્વનું પ્રગટીકરણ
- અન્ય વિષય શિક્ષણનું માધ્યમ
- સામાજિક, સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ, સંવર્ધન અને સંકમણનું વાહન
- વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવાનું માધ્યમ.
- માતૃભાષાનો લક્ષ્ય-ધ્યેય

  શાળામાં થતાં માતૃભાષાના શિક્ષણમાં નીચેનો ધ્યેયો સિદ્ધ થાય એ ખૂબ જરૂરી છે.

Ø **અર્થગ્રહણ**

અર્થગ્રહણમાં વિદ્યાર્થી શ્રવણ અને વાંચન દ્વારા અર્થગ્રહણ કરે છે. આમ, તો સંકેતો, ઈશારા, ચિત્રો, અભિનય વગેરે અશાબ્દિક માધ્યમ દ્વારા પણ અર્થગ્રહણ થતું હોય છે પરંતુ તેની કેટલીક મર્યાદા હોઈ શ્રવણ અને વાંચન કૌશલ્ય અર્થગ્રહણનું સબળ માધ્યમ છે.

Ø **અભિવ્યક્તિ પ્રત્યાયન :**

અભિવ્યક્તિ એ વ્યક્તિના વિચારોનું પ્રતિબિંબ છે. પોતાના મનમાં ઉદભવતા વિચારો, મંતવ્યો, લાગણીઓ અને સંવેદનો અભિવ્યક્તિ દ્વારા રજૂ કર્યા છે. અભિવ્યક્તિ મુખ્ય બે રીતે હોઈ શકે

(1) મૌખિક અને (2) લેખિત તદઉપરાંત આંગિક અભિનય દ્વારા પણ અભિવ્યક્તિ થઈ શકે છે પરંતુ તે સીમિત છે. કથન અને લેખન કૌશલ્ય હસ્તગત કરવાથી અભિવ્યક્તિ સબળ બને છે. પ્રત્યાપન દ્વારા એક આદાન-પ્રદાનની પ્રક્રિયા છે જે લેખિત અને મૌખિક સ્વરૂપે થતી હોય છે. પ્રત્યાયન દ્વારા એક વ્યક્તિ બીજી વ્યક્તિની પાસે જે વિચાર રજૂ કરવા ઈચ્છે છે તે જ સ્વરૂપે બીજી વ્યક્તિ સમજે તો પ્રત્યાયન યોગ્ય થયું કહેવાય. શિક્ષણને સફળ અને સમૃદ્ધ બનાવવા માટે વિદ્યાર્થી શિક્ષક, શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી-વિદ્યાર્થી, શાળા-સમાજ વચ્ચે પ્રત્યાયન થવું અત્યંત અનિવાર્ય છે. આ પ્રત્યાયન માટે ભાષાશિક્ષણ અતિ મહત્ત્વનું છે.

Ø **વ્યાવહારિક ઉપયોજન :**

ભાષાનું મુખ્ય કાર્ય એ વિચારોના આદાન પ્રદાનનું છે. ભાષા દ્વારા મનુષ્ય જીવન વ્યવહાર ચલાવે છે. સાક્ષર ન હોય તેવી વ્યક્તિ ભાષાના ઉપયોગ થકી પોતાનો વ્યવહાર ચલાવે છે પરંતુ ભાષા જાણ્યા-સમજયા પછી તેનો ઉપયોગ વધુ ઉચિત અને સાર્થક કરવા સક્ષમ બને છે. શ્રવણ દ્વારા અર્થગ્રહણ, અન્યના મતોનું પૃથક્કરણ અને તે અંગેની ચર્ચા, આસપાસ બનતી મહત્ત્વની કારણો ઓળખવા અને તેના ઉપર પોતાના રિચારો રજૂ કરવા, પ્રાદેશિક કલા, માઈમ, રોલપ્લે, અભિનય, નાટક વગેરેમાં ભાગ લેવો અને તેનાં પાત્રોને સમજવાં અને તેની પરિસ્થિતિ અને લાગણીઓને રજૂ કરવાની ક્ષમતા ભાષાના વ્યાવહારિક ઉપયોજન દ્વારા હસ્તગત કરી શકાય છે.

Ø **તાર્કિક ચિંતન :**

દરેક કે વિચારવાની ક્ષમતા ધરાવે છે. વિચાર, ઘટના, પ્રસંગ, પરિસ્થિતિ,અનુમાન, પ્રતિક્રિયા વગેરે વિશે. આ શા માટે બન્યું ? તેનાં કારણો શું હોઈ શકે ? પોતે તેમાં શું કરી શકે ? જેવા પ્રશ્નો તાર્કિક ચિંતન તરફ પ્રેરે છે. વયકક્ષા અનુસાર બાળકમાં જિજ્ઞાસાવૃત્તિ, કુતૂહલવૃત્તિ, ધારણા, કલ્પના, તુલના વગેરે થકી તાર્કિક ચિંતન સંભવે છે. બાળપણથી તાર્કિક ચિંતન અંગેની સમજપૂર્વકની પ્રક્રિયા શિક્ષક દ્વારા હાથ ધરવામાં આવે તો વિદ્યાર્થીના વ્યક્તિ વિકાસ માટે અત્યંત ઉપયોગી બની શકે.

Ø **સર્જનાત્મકતા :**

દરેક વ્યક્તિમાં સર્જનશક્તિ હોય છે. જે વ્યક્તિને સર્જન માટેની વધુ તકો પ્રાપ્ત થાય છે, તેવી વ્યક્તિમાં સર્જનાત્મકતા વિશેષ સ્વરૂપે નિખરતી જોવા મળે છે. શાળા જીવનમાં બાળકોમાં રહેલી સર્જનાત્મકતા માટે અનેક તકો આપી શકાય જેમ કે, વર્ણનાત્મક ગદ્યલેખન, જોડકણાં, કાવ્ય રચના, પાદપૂર્તિ, મુદ્દા પરથી વાર્તા, વાક્ય પરથી વાર્તા કે ઘટના, એકમ આધારિત પ્રોજેક્ટ કાર્ય, ચિત્ર સાથેનો પ્રવાસ અહેવાલ, રોજનીશી, શબ્દચિત્ર બનાવવું પ્રકૃતિ, પ્રસંગો, બાળમેળા, લોકમેળા, લોકજીવન પ્રવાસ વગેરેના વર્ણન થકી બાળકમાં રહેલી સર્જનાત્મકતા બહાર લાવી શકાય છે. શિક્ષકે આવી તકો શોધીને બાળકને તેમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા જરૂરી છે અને તે અંગેની અંનુકૂળતા કરી આપવાથી બાળકમાં રહેલી સર્જનાત્મકતા ખીલી ઉઠશે

Ø **પદ્ધતિઓ,પ્રયુક્તિઓ અને પ્રવિધિઓ :**

માતૃભાષા શિક્ષણને વિદાર્થીઓ સુધી અસરકારક રીતે પહેંચાડવા વિવિધ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, પ્રવિધિઓનો ઉપયોગ કરી શકાય, જેમ કે ચર્ચા, જૂથચર્ચા, નાટ્યીકરણ. સમસ્યાઉકેલ, સેમીનાર, સ્વાધ્યાય, નિરીક્ષિતિ અભ્યાસ,પ્રશ્નોત્તરી, અગમન-નિગમન, મુલાકાત, નિદર્શન વગેરે. આવી વૈવિધ્યસર પદ્ધતિઓના સમુચિત ઉપયોગથી ભાષા શિક્ષણ ફળદાયી બને છે. તદ્‌પરાંત, આ પદ્ધતિઓને વર્ગખંડમાં વધુ અસરકારક બનાવવા માટે ટૂચકો, ઉખાણાં, જોડકણાં ગાન, પઠન, વાર્તા, અભિનય, માઈમ, સ્કીટ, રોલપ્લે, પપેટ ચિત્ર, શબ્દરમત, મધપૂડો, ક્વીઝ, કાવ્યપૂર્તિ, મુદ્દા પરથી વાર્તા. ચિત્રવાર્તા, ઉદાહરણ, સંવાદ, અર્થવિસ્તાર, CAL (કમ્પ્યુટર આસિસ્ટેડ

લર્નિંગ) CBI (કમ્પ્યુટર બેઈઝ ઈન્સટ્રકશન) જેવી મુખ્ય પ્રયુક્તિઓ/પ્રવિધિઓ ઉપયોગી બની રહેશે.

ઉપરોક્ત પદ્ધતિઓ/પ્રયુક્તિઓ/પ્રવિધિઓનો યોગ્ય ઉપયોગ કરીને બાળકોમાં અર્થગ્રહણ એકાગ્રતા, ચિંતન અને સર્જનાત્મકતા કેળવી બાળકોમાં રહેલ સુષુપ્ત શકિતઓને યોગ્ય દિશામાં વિકસાવી શકાય છે. આમ વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાન વ્યવહારૂ, ગુણવત્તાલક્ષી, જીવન ઉપયોગી બની રહેશે.

· **ફલશ્રુતિ :**

શાળાજીવનમાં ભાષા શિક્ષણ દ્વારા બાળકોમાં સુટેવોનું ઘડતર, સંસ્કાર, સમૂહજીવન, બીજાનો સ્વીકાર, બીજાને મદદરૂપ થવાની ભાવના, જીવનવ્યવહારમાં ભાષાનો ઉચિત ઉપયોગ, મૂલ્યોનું જીવનમાં આચરણ, વ્યક્તિત્વનો વિકાસ, તર્ક ચિંતન, મનન, વિવેક, સર્જન, પ્રત્યાયન, સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું જતન સંવર્ધન, સંક્રમણ, ભાષા પરનું પ્રભુત્વ અને સૌંદર્યાનુભૂતિ જેવા વ્યક્તિત્વ વિકાસના વિવિધ પાસાંઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાર્થક નીવડે છે.

ચાલો આપણે સાથે મળીને ચિંતન કરીએ...

**સૂચના :**

ફેસિલિટેટર આચાર્યશ્રીઓને 10 મિનિટનો સમય આપીને નીચે આપેલ પ્રત્યેક વિધાન અંગે અભિપ્રાય દર્શાવવા કહેશે અને ત્યારબાદ દરેક વિધાનની ચર્ચા કરીને કા.પા પર નોધ કરો.

| ક્રમ | વિધાન | સહમત | તટસ્થ | અસહમત |
|---|---|---|---|---|
| 1 | વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ પાઠયપુસ્તકોમાં જ સમાયેલો છે. | | | |
| 2 | શીખવવાની પ્રક્રિયા માત્ર શાળા અને ગૃહકાર્ય સાથે જ સંકળાયેલી છે. | | | |
| 3 | શાળા, કુટુંબ અને સમાજને જોડતી કડી માતૃભાષા છે. | | | |
| 4 | માતૃભાષા દ્વારા શિક્ષણ બાળકને ગોખણપટ્ટીથી દૂર રાખે છે. | | | |
| 5 | બીજી ભાષામાં બાળકને શિક્ષણ આપવામાં આવે તો જ્ઞાનનો વધારો થાય છે. | | | |
| 6 | માતૃભાષા દ્વારા શિક્ષણ બાળકમાં આત્મવિશ્વાસ અને સ્વતંત્ર અભિવ્યક્તિ વિકસાવે છે. | | | |
| 7 | જો પ્રાદેશિક ભાષા માતૃભાષાથી જુદી હોય તો પણ પહેલાં પાંચ વર્ષ દરમ્યાન શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ. | | | |
| 8 | પ્રાથમિક સ્તર પર બાળકની ભાષાનો સ્વીકાર તેની ભાષાને સુધારીને કરવો જોઈએ. | | | |
| 9 | ભાષા અને વિચાર શક્તિને પ્રગાઢ સંબંધ છે. | | | |
| 10 | અંગ્રેજી માધ્યમ આજના શિક્ષણની માંગ છે. | | | |
| 11 | બાળકની જાણીતી ભાષા તેને પુસ્તક અને શાળા સાથે જોડે છે. | | | |
| 12 | બીજી ભાષામાં પ્રાથમિક શિક્ષણ બાળકને સમાજમાં પડકાર ઝીલવા પ્રેરણા આપશે. | | | |
| 13 | માતૃભાષામાં શિક્ષણ અને માતૃભાષા વિષય તરીકે શીખવવી અને બન્ને અલગ બાબત છે. | | | |
| 14 | 'માતૃભાષા એ શાળા અને સમાજને જોડતી કડી છે.' | | | |

## (7) સાહિત્ય અને ભાષા

સૈદ્ધાતિકપરિભાષામાંસાહિત્યઅનેભાષાવિજ્ઞાનનેસાંકળવાનો પ્રયત્ન કરવાનો આ લેખમાં ઉપક્રમ છે. આ રીતે સાહિત્ય અને ભાષાવિજ્ઞાનને સાંકળવાનું મુખ્ય કારણ એ છે કે ભાષાવિજ્ઞાની સાહિત્યની બાબતમાં કંઈક કહેવાની સ્થિતિમાં છે. કોઈ પણ સાહિત્યિક કે બિનસાહિત્યિક કૃતિપાઠ (ટેક્સ્ટ) ને મૂલવવાનો પ્રશ્ન જ્યારે ઊભો થાય ત્યારે સાહિત્યવિવેચક અને ભાષાવિજ્ઞાની તેને કેવી રીતે મૂલવે છે તે નોંધવું જોઈએ. ભાષાવિજ્ઞાની તેની ટેકનિકની બહાર જઈને આ બાબતમાં વિવેચકને સહકાર આપી શકતા નથી. તે વ્યાકરણની કે શબ્દાર્થ-વિજ્ઞાનની ચર્ચા કરે છે. પણ સાહિત્યમાં એવું કેટલુંક હોય છે કે જે તેના ક્ષેત્રની ક્યાંક બહાર હોય છે. દા.ત., લોકસાહિત્યમાં કે નાટકમાં અભિનય, ચેષ્ટાઓ, હેઈ...ઈ...ઈ... વગેરે શબ્દો-એવાં ઘણાં તત્ત્વો ભળેલાં હોય છે. સાહિત્યને તેની સાથે પણ સંબંધ છે. વળી સાહિત્યમાં વપરાયેલી ભાષા, જે ભાષા સાથે ભાષાવિજ્ઞાની કામ પાડે છે તેના કરતાં, કંઈક જુદી હોવાને કારણે ભાષાવિજ્ઞાની તેને સ્પર્શતો નથી, એ તો કહેવાનો કે અમુક ભાષાકીય ઘટક (લિંગ્વિસ્ટિક

આઈટેમ) નામ હોય તો તેને સ્પર્શું પણ એ જ ચીજ જે બિબ (ઇમેજ) હોય તો મારું કામ નહીં. અલબત્ત, ભાષાવિજ્ઞાનના ક્ષેત્રને સાહિત્યની સીમાઓ સુધી વિસ્તારવાનું કામ ચસ્કી, જાકોબ્સન, ફર્થ વગેરેએ કર્યું છે. આમ છતાં એક વસ્તુ સ્પષ્ટ છે કે ભાષાવિજ્ઞાન ભાષાનો અભ્યાસ કરે છે છતાં ભાષા જ જેનું માધ્યમ છે તે સાહિત્યની પ્રક્રિયાને વર્ણવી શકતું નથી. સાહિત્યમાં અમુક જરીતે અવગમન શા માટે સાધવું પડ્યું છે તે વિશે વર્ણન કરવાની કોઈ પરિભાષા ઘડી શકાઈ નથી.

સાહિત્યના અભ્યાસમાં કયાં કયાં પાસાં ભાષાવિજ્ઞાનના અભ્યાસમાં મહત્ત્વની ઓરણીરૂપ સામગ્રી (ઈનપુટ) બની શકે એમ છે તે તપાસવું જોઈએ. સાહિત્યની કઈ પ્રવૃતિ ભાષાવિજ્ઞાન સાથે સંકળાયેલી છે ? ભાષાવિજ્ઞાન સાથે સંકળાયેલી સાહિત્યની ઓરણી તરીકે કામ આવતી સમગ્ર સામગ્રીને ચાર વિભાગમાં વિભાજિત કરી શકાય.

પહેલું તે ભાષાની વિવિધતાપૂર્ણ સંપૂર્ણ સામગ્રીનું વિભાગીકરણ. ભાષાના વૈવિધ્યનાં ભૌગોલિક, ધંધાદારી, સામાજિક વગેરે વિવિધ નામ આપવામાં આવે છે. ભાષાવિજ્ઞાનની પાસે ભાષાવૈવિધ્યને વર્ણવવા માટેની આ જૂની પરિભાષા છે. ભાષાવાવેધ્યને વર્ણવવાના આ બધા પ્રયત્નો ખરેખર તે અર્ધદગ્ધ ગણાય. ભાષાની અમુક પ્રકારની વિવિધતા સાહિત્યમાં અમુક સમયે શા માટે પ્રયોજાય છે, તેનો ખુલાસે આપવાના સાવ ઉપર ઉપરના-છીછરા પ્રયત્નો થાય છે, પણ તેને વર્ણવવા માટેના કેઈ પર્યાપ્ત સિદ્ધાંતો નથી. ભાષાની અમુક જ પ્રકારની વિવિધતાની અમુક સામગ્રીને આ સંદર્ભ માં ઉપયોગ બંધબેસતે છે કે વધારાનો છે કે માત્ર પોતે એ વૈવિધ્યથી જ્ઞાત છે એવી માહિતી આપવાનો એ ઉપયોગ પાછળ હેતુ છે તે તપાસવું જરૂરી છે. ભાષાવિજ્ઞાન તો આ વિવિધતાઓને આ ક્રીઓલ લેંગ્વજ છે, આ પિડજિન લેંગ્વજ છે એવી સાદી રીતે વિભાજિત કરે છે. પણ લેખક કે કવિઓ તેનો શા માટે ઉપયોગ કરે છે, તેની શી જરૂર છે વગેરે વિચારણા, જે ખૂબ ઉપયોગી છે અને જરૂરી છે તેને સ્પર્શતું નથી. ખરેખર તે પ્રાયોગિક ક્ષેત્રે કામ કરવા માટે આ એક અદ્ભુત ક્ષેત્ર છે.

ભાષા-ઉપયોગના જુદા જુદા થર છે એટલે કે જુદા જુદા સ્તર ઉપર ભાષા જુદી જુદી રીતે પ્રયોજાય છે અથવા ઉપયોગમાં લેવાય છે. ભાષાવિવિધતાના વિભાગીકરણની સીમાઓ ઉપરથી આ પ્રયોગોની તપાસ થઈ શકે. જુદા જુદા સંદર્ભમાં શબ્દના જુદા જુદા અર્થે ભાષાના આ પ્રયોગો સાથે સંબંધ ધરાવે છે. તેને સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક સંદર્ભો એવું નામ આપીને તે સ્તરને જોવાનો પ્રયત્ન થાય છે પણ આ તો તેના તરફ એક રીતનું વિદગ્ધતાપૂર્ણ ધ્યાન આપ્યું ગણાય. ભાષાના અભ્યાસમાં આ એક મોટી ખાઈ છે. તેના ઉપર ખાસ કામ થયું નથી.

ત્રીજી બાબત શૈલીની છે. ભાષાના ઉપયોગમાં જે જે સમરેખ ઉપસ્થિતિઓ (કોન્ટ્રાસ્ટ્સ) આવશ્યક છે અને જેની વ્યવસ્થા ફરજિયાત છે તેવી વાક્યરચનાઓ અને ભાતો(પેટર્ન્સ)ની તપાસ ઉપર ભાષાવિજ્ઞાન કેન્દ્રિત થયું છે. જે ઘટકો અર્થપૂર્ણ હોય, એટલું જ નહીં જે ઘટકોની મેળવણી-ગોઠવણી અને વાક્યમાંઅમુક જગ્યાની ઉપસ્થિતિ ફરજિયાત હોય અને જેનાથી અર્થપૂર્ણ વાક્યો બનતાં હોય તેવી ભાતોનો અભ્યાસ કરવામાં આવે છે. પણ ભાષાના વાસ્તવિક વપરાશમાં તો એંસી ટકા વાક્યો ઘટકોના માળખાની વૈકલ્પિક ગોઠવણી ઉપર આધારિત હોય છે. સાહિત્યમાં આવાં વૈકલ્પિક રીતે ગોઠવાયેલ (ઑપ્શ્નલીઓર્ગેનાઈઝ્ડ) માળખાયુક્ત વાક્યો જ શૈલીને આકાર આપે છે. આ કારણે સાહિત્યમાં આવાં વાકયો ઉપર બહુ અગત્યની બાબત છે જેને અભ્યાસ કરવાની કોઈ ટેક્નિક કે તેને વર્ણવવાની કોઈ પરિભાષા ભાષાવિજ્ઞાની પાસે નથી.

અવગમનના સામર્થ્યની બાબત અને અવગમનના સામર્થ્યની કસોટી કે મૂલ્યાંકન, એ માટેનો માપદંડ પણ શોધવાનો રહે છે. અમુક ચોક્કસ સમયે અમુક ચોક્કસ પ્રકારની અભિવ્યક્તિ જ શા માટે સાધવામાં આવી છે ? અવગમનના સામર્થ્યને કયા શબ્દો એ પ્રકારનો આકાર આપે છે ? આ ચોથી મહત્ત્વની બાબત છે.

આ ચારે બાબતમાં સાહિત્યવિવેચક ભાષાવિજ્ઞાન સાથે સંકળાયેલ છે. 'ભાષાપ્રભુત્વ' એ જ્યારે કહીએ છીએ ત્યારે લેખક આ ચારે બાબતમાં સામર્થ્ય ધરાવે છે એવું આપણા મનમાં હોય છે.

ભાષાવિજ્ઞાનનો અભ્યાસ અહીં સુધી નથી પહોંચ્યો તેનાં કારણો છે. માણસ ઘણા વિશાળ વ્યાપ ઉપર

ધારણ કરી શકે છે. વાક્યની એંસી ટકા ભાતે કાલ્પનિક હોય છે એ તો આપણે જોયું. બોલનારના અનેક ઈરાદાઓ, હેતુઓ અને ધ્યેયો હોવાને કારણે ભાષા સામાજિક નિયમન હેઠળ હોય છે. ભાષાની આ એંસી ટકા ભાતો વિશે ભાષાવિજ્ઞાને અત્યાર સુધી તદ્દન કંઈ જ કર્યું નથી. વાક્યો એ માનવવર્તણૂકની શરૂઆત હોય છે, અંત નહીં. જ્યાં સુધી વાક્યના વપરાશ પાછળના બૌદ્ધિક તરીકાઓ (ઈન્ટેલેક્સ્યુઅલ ટ્રિક્સ) થી તમે અવગત ન થાઓ ત્યાં સુધી તેના માળખાને પર્યાપ્તરૂપે વર્ણવી શકાવાનું નહીં. ભાષાના અભ્યાસનું આ ગતિશીલ પાસું ભાષાવિજ્ઞાનીઓએ ખાસ તપાસ્યું નથી.

ભાષાની વિવિધતાપૂર્ણ સામગ્રીને બે વિભાગમાં વહેંચી શકાય : 'રજિસ્ટર' અને 'નૉન-રજિસ્ટર લેન્ગવેજ'. રજિસ્ટર લેન્ગવેજમાં વર્તમાનપત્રનું લખાણ,સાહિત્યિક લખાણ, કાયદાનું લખાણ, વેપારધંધાનું લખાણ, ખેતીની ભાષા, ટેલિફોન ઓપરેટર, ઍરપોર્ટ અને રેલવે એનાઉન્સરની ભાષા વગેરે ભાષાવિવિધતાઓને સમાવેશ થાય છે. રજિસ્ટર ભાષાના બે પ્રકાર છે. એક પેરિફેરલ રજિસ્ટર અને બીજી સેન્ટ્રલ રજિસ્ટર. પેરિફેરલ રજિસ્ટરની એક ખાસ વાક્યગત લાક્ષણિકતા એ છે કે તેને વિશે અગાઉથી કોઈ અનુમાન કરી શકાય નહીં. મોટાંઓ બાળકો સાથે જે વાતચીત કરે છે તે ભાષાવિધ્ય એ પેરિફેરલ રજિસ્ટરના વર્ગમાં આવે. આને સામે છેડે સેન્ટ્રલ રજિસ્ટરની એક ચોક્કસ માળખાગત વ્યવસ્થા હોય છે.

આ પ્રકારના ભાષાવૈવિધ્યની વાક્યરચના અને શબ્દપ્રયોગો એના વર્ગીકરણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેની ભિન્નતાનાં પરિમાણોની શોધ બે પ્રશ્નોને આધારે થઈ શકે, ભાષાનું આ વૈવિધ્ય શા માટે વાપરવામાં આવે છે ? કઈ રીતે વાપરવામાં આવે છે ?

ભાષાનાં આવાં વૈવિધ્યના વપરાશ માટેનું પાયાનું કારણ સમાજની સાંસ્કૃતિક વ્યવસ્થા છે. અલબત્ત, તેની તપાસમાં આપણે ગુસ્સે થઈને વપરાયેલી ભાષા અને દારૂ પીને વપરાયેલી ભાષાના વૈવિધ્યને તપાસવાનો ઈરાદો ધરાવતા નથી અથવા તો પાંચસો રૂપિયા ઉછીના માગતી વખતની ભાષા અને બે રૂપિયા ઉછીના માગતી વખતની ભાષા વચ્ચે શું તફાવત હોય છે, તે તારવવાનો પણ ખ્યાલ નથી. પરંતુ એક જ ભાષા બોલતા સમાજમાં એ જ ભાષાના વપરાશની જે વૈવિધ્યપૂર્ણ નવી નવી ટેક્નિકો હોય છે તેની નોંધ કરવાનો ઈરાદો ધરાવીએ છીએ. આ જાતનાં ભાષાવૈવિધ્યમાં શબ્દપ્રયોગો અને એ શબ્દોના સમાસ કેન્દ્રસ્થાને હોય છે. ક્રિકેટની રજિસ્ટર ભાષાનું ઉદાહરણ આપી શકાય. એ જ રીતે ફિઝિકસની અને ન્યુકિલયર ફિઝિકસની ભાષાનું સમજી શકાય. એવું પણ બને કે ફિઝિક્સની શાખા-પ્રશાખાઓએ પોતપોતાની પરિભાષાનું વૈવિધ્ય ઘડ્યું હોય અને એમ અનેક પ્રકારનું ભાષાવૈવિધ્ય એક જ ભાષાસમાજમાં મળવાનું. આ વૈવિધ્યના વપરાશની પાછળ કોઈ તાર્કિક ભાષાકીય બળ કામ કરતું નથી. પરંતુ બેલનારની સામાજિક પરિસ્થિતિ એમાં મૂળભૂત રીતે જવાબદાર હોય છે. તે ચોક્કસ પ્રકારના ભાષાવૈવિધ્યના વપરાશ પાછળ હેતુઓ, ઈરાદાઓ અને રૂઢિગત પ્રણાલિકા રહેલાં હોય છે, કારણ કે તેના વપરાશનો આધાર કોણ બોલે છે, કોણ સાંભળે છે અને કઈ પરિસ્થિતિ છે, તેના ઉપર રહેલો હોય છે.

આ વૈવિધ્યનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે છે ? કાં તો એ વૈધ (ફોર્મલ) હોય છે, કાં તો અવૈધ (ઈનફોર્મલ); કાં તો એ એકમાણી (વન-વે) હોય છે, કાં તો દ્વિમાગી (ટૂ-વે); કાં તો એ અલગ સંદર્ભ (સેપરેટ એન્વિરનમૅન્ટ) માં બોલાય છે કાં તો જે સંદર્ભ બોલનાર-સાંભળનાર વચ્ચે સામાન્ય (શર્ડ) હોય તેવા સંદર્ભમાં વપરાય છે; વળી કાં તો તે વિચારપૂર્વક (કન્સિડર્ડ) ઉચ્ચારાય છે, કાં તો તે પ્રત્યુત્પન્ન (ન્યૂ) હોય છે. વાસ્તવિક વપરાશમાં એમ બને કે તે વૈધ અથવા ઔપચારિક, દ્વિમાર્ગી, અલગ સંદર્ભમાં ઉચ્ચારાયેલું અને પ્રત્યુત્પન્ન હોય. આમ તેના વપરાશની ઘણી શકયતાઓ છે.

સાહિત્યમાં જ્યારે ભાષાનાં આ જાતનાં વૈવિધ્યનો વપરાશ કરવામાં આવે છે, ત્યારે અમુક સંદર્ભમાં અમુક શબ્દોનો અમુક જ અર્થ થાય છે. આ બાબતની જાણકારી સાહિત્યકૃતિને મૂલવતી વખતે વિવેચક માટે ઘણી જરૂરી બની રહે છે. ભાષાવિજ્ઞાનીએ આ જાતની મુલવણીના માપદંડો ભાષાના વપરાશના નમૂનાઓના વર્ગીકરણને આધારે તૈયાર કરી આપવા જોઈએ.

સાહિત્યકૃતિને મૂલવતી વખતે તેનું માધ્યમ કે જે ઘણી સરસ રીતે વિકસિત થયેલી અવગમનની પદ્ધતિ

છે તેને પ્રશ્ન આવે છે. ભાષાનું માળખું જ શૈલીના પરિમાણને માટે કારણભૂત હોય છે. ભાષાનાં ત્રણ પાસાંને કારણે સાહિત્યમાં શૈલી આકાર લે છે : (૧) ભાષાના ધ્વનિઓ અને તે સ્વનિઓ જે અર્થને સ્પર્શે છે તેને કેઈ સીધો સંબંધ નથી-એટલે કે ભાષાના ધ્વનિઓ અને અર્થ વચ્ચે યાદચ્છિક સંબંધ છે. આમ ધ્વનિસંકેતો અને અર્થનો સંબંધ આકસ્મિક હોય છે પણ લેખક તેની કૃતિમાં એવું નક્કર રીતે સૂચવી શકે કે એ ધ્વનિસંકેતો તેણે જે અર્થ એમાં મૂક્યો છે તેની સાથે તદ્દન ઉચિત સંબંધથી સંકળાયેલા છે. (૨) ભાષાના ઘટકની વાક્યરચનામાંની પસંદગીમાં હમેશાં અસમતુલા હોય છે અને એ ઘટકોની મેળવણી-ગોઠવણીની બધી શક્યતાઓનો કોઈ પણ ભાષા ક્યારેય ઉપયોગ કરતી નથી. કવિ અને લેખકો આ શક્યતાઓની પ્રયોગો દ્વારા ખેજ (એક્પ્લોરેશન) કરતા હોય છે. ભાષામાં ન વપરાયેલી કેટલીક ખાસિયતોને તે ઉપયોગમાં લે છે અને એમાંથી શૈલીની વિવિધતાઓ ઉદ્ભવે છે. (૩) જે રીતે ભાષાના ધ્વનિઓ અને અર્થને સીધો સંબંધ નથી તે રીતે એ ધ્વનિઓની શ્રેણીઓ (શબ્દો અને ઉક્તિઓ) અને અર્થને પણ સીધો સંબંધ હોતો નથી. ભાષાની ઉક્તિઓ જે વસ્તુઓ અને પદાર્થોને સૂચવે છે તે વસ્તુઓ કે પદાર્થો પોતે જ નક્કરરૂપે હાજર નથી હોતા. દા.ત., 'હાથી' એ ઉક્તિ વાસ્તવમાં જે 'હાથી' છે તેનો ખ્યાલ રજૂ કરે છે. આ ઉક્તિમાંથી આપણે 'હાથી'નો ખ્યાલ ગ્રહણ કરીને આપણા ચિત્તમાં સંઘરી શકીએ છીએ. કવિઓ અને લેખકે ઉક્તિના આ જાતના અસ્તિત્વને બરાબર ઉપયોગ કરી લે છે. (એવો ઉપયોગ એમનાથી થઈ જાય છે એમ પણ કહી શકાય.) તેઓ 'હાથી' ઉક્તિમાં રહેલા 'હાથી'નાખ્યાલની સાથે બીજા અનેક સંદર્ભોને સાંકળી લઈને તે ઉક્તિમાંથી અનેક ખ્યાલનું અને અર્થોનું સૂચન કરે છે. આમ સામાન્ય કે રોજબરોજની ભાષાની આ ત્રણ લાક્ષણિકતાઓના સમધારણ પ્રયોગો (નોર્મલ યુસિજિઝ) બિનસાહિત્યિક ભાષા તરીકે ઓળખાય છે, પણ આ જ લાક્ષણિકતાઓના અસમધારણ પ્રયોગો સાહિત્યિક શૈલીને જન્મ આપે છે.

ભાષાના માળખાના આ પ્રકારના અસમધારણ પ્રયોગો ભાષાની સામાન્ય ભાતના વિરોધમાં પ્રચ્છન્ન (લેટન્ટ) ભાતાને જન્મ આપે છે. આ પ્રચ્છન્ન ભાતો ચાર રીતે શૈલીને આકાર આપે છે : (૧) પ્રાસ, અનુપ્રાસ, યમક અને ભાગ્યે જ વપરાતા હોય તેવા શબ્દોના ઉપયોગથી ભાષાને શણગારવામાં આવે છે. (૨) નવી ને નવી અસમધારણ વાક્યરચનાઓનો વધુ ને વધુ ઉપયોગ કરવામાં આવે છે. દા. ત. 'સ્વીટનેસ સો સેડ, સેડનેસ સો સ્વીટ' જેવી પંક્તિમાં બંને ઉક્તિઓનું વ્યાકરણી દૃષ્ટિએ સરખાપણું, 'સ'નો સતત ઉપયોગ, અ બ બ ક એ જાતની ભાતનો પ્રયોગ, શબ્દોની રોમૅન્ટિક અદલાબદલી, 'નેસ' પ્રત્યયની ચમત્કૃતિપૂર્ણ હાજરી વગેરે બાબતો અસમધારણ વાક્યરચનાને નિર્દેશ કરે છે. (૩) એકના એક શબ્દમાં કે એકની એક પંક્તિમાં અર્થો એકબીજાથી સવાયા થઈને, એકબીજાને ઓવરલેપ કરીને કે એકમાંથી અનેક અર્થો આકાર લઈને શૈલીને જન્મ આપે છે. દા.ત., સામાન્ય રીતે અમુક શબ્દોનો કે પંક્તિનો અમુક અર્થ થતો હોય પણ સાહિત્યમાં એના સંદર્ભને કારણે કંઈક જુદો જ અને ક્યારેક સાવ વિરોધી અર્થ પણ એમાંથી જન્મે. દા.ત., કવિતામાં મૃત્યુની ચીસ જે એક જ ક્ષણમાં સમાપ્ત થતી હોય તેને વર્ણવવા અન્ય પંક્તિઓથી ખૂબ લાંબી પંક્તિનો ઉપયોગ કરવામાં આવે. ત્યાં પંક્તિની દીર્ઘતાના વિરોધમાં કવિ ચીસનું ટૂંકાણુ કે જિંદગીનું ટૂંકાણ જન્માવવા માગે છે. (૪) સામાન્ય રીતે ભાષામાં ન પ્રજાતા હોય તેવા અથવા તે આપણે જેને અવ્યાકરણી પ્રયોગ તરીકે સામાન્ય રીતે ઓળખતા હોઈએ છીએ તેવા પ્રયોગોનો ઉપયોગ પણ શૈલીને જન્મ આપે છે. ભાષાની આ પ્રકારની લાક્ષણિકતાને આપણે અબંધારણીય ખાસિયતો (ઍડહોક ફીચર્સ) ને નામે ઓળખી શકીએ. દા.ત. 'અ પીસ' અથવા 'અ પ્રાઈડ' એવો પ્રયોગ કરવામાં આવ્યો હોય તો ત્યાં પીસ કે પ્રાઈડ જે અનકાઉન્ટેબલ નાઉન્સ છે તેમને કાઉન્ટેબલ ગણીને મૂકવામાં આવ્યાં છે. તે દ્વારા કવિ કે લેખક શૈલીને આકાર આપે છે. અથવા 'moon'ઉપરની કવિતામાં 'O'ને ધ્યાન ખેંચે તેટલા મોટા આકારમાં છાપવામાં આવે અને એ રીતે 'mOOn'માં જ બે ચંદ્ર તે છુપાયેલા છે એવું સૂચન કરવામાં આવે. અહીં કવિએ શૈલીના જન્મ માટે લિપિને પણઉપયોગમાં લીધી છે. 'moon'માં 'O'ને મોટા ટાઈપમાં લખવાનું અબંધારણીય છે અથવા અ પીસ કે આ પ્રાઈડ એમ વાપરવું તે અવ્યાકરણી છે પરંતુ કવિતામાં એ જ વસ્તુ શૈલીને આકાર આપવામાં કારણભૂત બને છે.

શૈલી ભાષાના આ પ્રકારના અસમધારણ ઉપયોગ સાથે સંકળાયેલી હોવાથી શૈલીને સમજવામાં ભાષાવિજ્ઞાનના અભ્યાસને ઉપયોગ અત્યંત આવશ્યક બની જાય છે; કારણ કે ભાષાના સમધારણ પ્રયોગો અને સામાન્ય ઉપયોગ કયા કયા છે તેનો અભ્યાસ ભાષાવિજ્ઞાને કર્યો હોવાથી તેના અસમધારણ પ્રયોગો અને પ્રચ્છન્ન ભાતોને, વધુ સ્પષ્ટતાથી સમજાવી શકવા તે સમર્થ હોય છે.

આ ઉપરથી ભાષાના સમધારણ ઉપયોગમાં ફેરફાર અને ભાષાની પ્રચ્છન્ન ભાતોનો ઉપયોગ એટલે શૈલી એમ કહી શકાય. ભાષાનો અમુક ઉપયોગ સમ

“The style of a text is the aggregate of the contextual probabilities of its linguistic item.”... આ વ્યાખ્યામાંના એગ્રેગેટ અને કોન્ટેકસ્યુઅલ પ્રોબે-બિલિટિજ એ બે શબ્દો મહત્ત્વના છે. શૈલી ભાષાના ઘટના ઉપયોગનો બે રીતે સંઘાત કે સમુચ્ચય (એગ્રેગેટ) છે. એક તો શૈલી એ એક કરતાં વધુ ઘટકોના વપરાશનું પરિણામ છે.. ધારણ છે કે અસમધારણ તેનું અર્થઘટન વ્યક્તિલક્ષી હોઈ શકે, પણ ભાષાના સમધારણ ઉપયોગની ઓળખની બાબતમાં ઘણું ઓછું વ્યક્તિલક્ષીપણું પ્રવેશવાનું..ભાષાના અસમધારણ ઉપયોગનું વ્યવસ્થિત વર્ગીકરણ શૈલીના વિભાવને વસ્તુલક્ષી અને નિરપેક્ષ રીતે સમજવામાં ઘણું ઉપયોગી થાય. આમ તો શૈલીના પૃથક્કરણની. પ્રક્રિયા એ ખરેખર તે પૃથકકરણ જ નથી. કૃતિના ભાષાકીય પૃથક્કરણનું એ તે. પુનર્મિશ્રણ છે. કૃતિની ભાષાકીય એવી લાક્ષણિકતાઓની પસંદગી અને સમુચ્ચયનો ખ્યાલ આપવો એટલે કૃતિની શૈલીને ખ્યાલ આપવો એમ ગણાય. કૃતિનું ભાષાકીય પૃથકકરણ, એ પૃથક્કરણનું અર્થઘટન અને એ અર્થઘટનને આધારે વર્ણન એટલી પ્રક્રિયા શૈલીની સમજમાં સંડોવાયેલી છે.

સાહિત્યકૃતિમાં ભાષાના અસમધારણ ઉપયોગની સાથે ભાષાનાં વિવિધ રજિસ્ટર રૂપોના વપરાશને સ્પષ્ટ કરવા માટે ત્રણ પ્રશ્નોના ઉત્તરે શોધવા જોઈએ : કોણ બોલે છે ? કોણ સાંભળનાર છે ? અને શા માટે તે આમ બોલે છે ? -આ ત્રણ પ્રશ્નોના ઉત્તરોમાંથી સાહિત્યકૃતિ સાથે સંબંધ ધરાવતી ત્રણ પ્રકારની પરિસ્થિતિ સ્પષ્ટ થશે : (અ) પહેલી પરિસ્થિતિને કમ્પોઝિશન સિચુએશનને નામે ઓળખીશું. કૃતિના સર્જન વખતની પળ એમાં સંડોવાયેલી છે. (બ) બીજી પરિસ્થિતિને પરફોર્મન્સ સિમ્યુએશનને નામે ઓળખીશું. કૃતિના ભાવકો સાથે આ બાબત સંકળાયેલી છે. (ક) ત્રીજી પરિસ્થિતિ તે રેફરન્સ સિચ્યુએશન. કૃતિમાં જેની અભિવ્યક્તિ સાધવામાં આવી છે તેને સંદર્ભ આની સાથે સંકળાયેલું હોય છે, ખાસ કરીને કૃતિમાં આવતાં પાત્રો વગેરેના સંદર્ભને આની સાથે સંબંધ છે. ભાષાકીય દૃષ્ટિએ પ્રથમ પરિસ્થિતિ એટલી બધી મહત્ત્વની નથી, જેટલી એ પછીની બે પરિસ્થિતિઓ છે. પહેલી સ્થિતિનું મહત્ત્વ ન હોવાનું એક કારણ એ પણ હોઈ શકે કે તેની ઊંડાણમાં તપાસ કરવાનું મોટે ભાગે વસ્તુલક્ષી ન રહેતાં વ્યક્તિ લક્ષી બની જાય છે. બીજી પરિસ્થિતિ સાથે ભાષાના અસમધારણ ઉપયોગોના માપદંડોસંકળાયેલા છે. જ્યારે લેખક કૃતિને રજૂ કરે છે (અને રજૂ કરતાં પહેલાં કમ્પોઝ કરે છે -સર્જે છે) ત્યારે તેના મનમાં આ કૃતિ ક્યા ભાવકો સમક્ષ રજૂ થવાની છે તેનો વિચાર આવતો હોય છે. આ કારણે તેની અભિવ્યક્તિમાં ભાષાનો અમુક ખાસ પ્રકારનો ઉપયોગ પ્રવેશવાનો. ત્રીજી પરિસ્થિતિ સાથે ભાષાનાં વિવિધ રજિસ્ટર સ્વરૂપે સંકળાયેલાં છે. ભાષાનાં વિવિધ રજિસ્ટર સ્વરૂપ અને ભાષાના અસમ ધારણ પ્રયોગો તથા પ્રચ્છન્ન ભાતનો ઉપયોગ -એ બંને મળીને સાહિત્યકૃતિમાં શૈલીનું નિર્માણ કરે છે. આમ શૈલીની તપાસમાં ભાષાના સમગ્ર માળખાનો અને તેનાં અનેક વૈવિધ્યોને લેખકે કેવી રીતે કસ કાઢ્યો છે તેની તપાસ આપણે કરતા હોઈ એ છીએ.

ચોથી મહત્ત્વની બાબત અવગમનના સામર્થ્યની તપાસ છે. ભાષાના અભ્યાસમાં ભાષાવિજ્ઞાનીઓ બેલાતી ભાષાનો અભ્યાસ કરે છે પણ એ ખરેખર તો બોલાતી ભાષાના ઔપચારિક કે વૈધ (ફોર્મલ), સ્વરૂપનો જ અભ્યાસ હોય છે. જો એમ ન હોય તો ભાષા જે કેટલાંક ભાષાકીય ન હોય તેવાં તત્વોનો આધાર લઈને સમર્થ રીતે અવગમન સાધે છે તે બાબત તેઓની નજર બહાર ન જાત. દા.ત., -હં... હં... હં... કે... આ... આ... આ... કે.... રે... રે... રે... કે... ઓહ... ઓહ... અને એવું તો ઘણું કે જે અવ્યાકરણી હોય છે અથવા જેનું પૃથક્કરણ કરીને તેની કૃતિમાં અને અવગમનમાં કામગીરી શી છે (ફંકશનલ રોલ શો છે) તે દર્શાવવાના ખાસ પ્રયત્ન થતો નથી. ભાષાના માળખા અને અર્થની તપાસ

આપણે કરીએ છીએ પણ તે પ્રમાણમાં ઘણી ઓછી મહત્ત્વની છે. એના કરતાં ક્યાંય વધારે મહત્ત્વની તપાસ તે ભાષાની કામગીરી અને અવગમન-ક્ષમતાની છે. એ તપાસને આધારે જ સાહિત્યકૃતિને વધુ ઉચિત રીતે મૂલવી શકાય. આ તપાસમાં ભાષાની લિપિનો પણ સમાવેશ કરવો પડવાનો. ભાષાનાં એવાં ઘણાં તત્વો હોય છે કે જે માત્ર લખી જ શકાતાં હોય છે, અને જેની હાજરી અવગમનની બાબતમાં બહુ મેટો ભાગ ભજવે છે. ભાષાની કામગીરીની વાત કરવાની હોય ત્યારે આ કારણે જ લખાયેલી કે લખાતી ભાષા ઉપર વધુ ભાર મૂકવો પડે છે. બોલાતી ભાષા કરતાં લખાયેલી ભાષા વધુ વ્યવસ્થિત અને ચોક્કસ હોય છે.

વળી જ્યારે ભાષાની તપાસ તેના માળખા અને અર્થને બદલે તેની કામગીરી અને અવગમનક્ષમતાને આધારે કરવાની હોય ત્યારે બોલનાર કરતાં સાંભળનાર તરફ વધુ ધ્યાન આપવું જોઈએ. સામાન્ય રીતે ભાષાના અભ્યાસમાં આપણે બાલનારને જ કેન્દ્રમાં રાખીએ છીએ, પણ ખરેખર તો ભાષાના ઉપયોગને અને એ રીતે-અભિવ્યક્તિને સાંભળનાર જ નિયમનમાં રાખતો હોય છે. ભાષાની અભિવ્યક્તિનુંકે સ્વરૂપનું એ નિયામક બળ હોય છે. અત્યાર સુધી આપણે ભાષાના માળખા ઉપર ભાર મૂક્યો હોવાથી, ભાષાના સ્વરૂપમાં સાંભળનાર કેવા નિયામક બળ તરીકે ભાગ, ભજવે છે તેની તપાસ ખાસ કરી નથી. ભાષાનું માળખું અમૂર્ત હોય છે અને તેથી સાંભળનારની અમુક સ્થિતિને (સિચુએશનના) સંદર્ભ સ્પષ્ટ ન હોય તો, એ માળખાનો કોઈ ચોકકસ સ્પષ્ટ અર્થ થવાનો નહીં. ભાષાના બહિર્ગત માળખાની તપાસ (ઇંક્વાયરી ઓફ સર્ફેસ સ્ટ્રક્ટર) કેટલુંક સંબદ્ધ વ્યાકરણનું વર્ણન આપે. કેટલીક નિયમિતતાનો ખ્યાલ આપે અને સૌથી વધુ તે ભાષાની ઘણીબધી ઉક્તિ એને સમાવી લેતાં કેટલાંક સામાન્ય વિધાન આપે, પણ જ્યારે આપણે સાંભળનારને કેન્દ્રમાં રાખીએ છીએ ત્યારે તે આપણને ભાષાના અંતર્ગત માળખામાં (ડીપ, સ્ટ્રકચર માં) લઈ જાય છે. ભાષાના અંતર્ગત માળખાની તપાસ કરતાં તમને માલુમ પડશે કે ઉક્તિઓની પસંદગીની અને તેના અર્થોની પસંદગીની કેટલી. બધી વિવિધતાઓ અને કેટલી બધી શકયતાઓ રહેલી છે. એનાં એ જ વ્યાકરણી તો અર્થના સંદર્ભની સીમાને કેટલી બધી વિસ્તારી મૂકે છે ! અલબત્ત, ચોસ્કી, જાકોબ્સન અને હેલીડા (Halliday) જેવા વિદ્વાનોએ તેના ઉપર થોડોક પ્રકાશ ફેંકયો છે ખરો. તેનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોની વિગતે ખ્યાલ આપવામાં આવે તે ભાષાના માળખાની સતત પ્રવાહિતામાં વહેતી બેધારી ચમકૃતિની સ્પષ્ટ સમજણ પડે. દા.ત., ‘અમદાવાદની પ્રજા તમને કેવી લાગી ?’ જેવો પ્રશ્ન લઈએ. આ પ્રશ્નના ઉત્તરમાં ભાષાના માળખાની ઉપર ઉપરની તપાસને આધારે ‘ઘણી સારી’, ‘સંસ્કારી’, ‘સામાન્ય રીતે પૈસાને નજર સામે રાખનારી’, ‘શ્રી અને સરસ્વતીનો સમન્વય કરનારી’ એવી કોઈ ઉક્તિની અપેક્ષા રાખવામાં આવે; પણ જ્યારે સામેથી ‘શું પૂછવું ?’ એમ પૂછવામાં આવે અથવા ‘પ્રશ્ન ઘણો સારો છે, પણ ઉત્તર મુશ્કેલ છે.’ અથવા ‘આવા પ્રશ્નનો ઉત્તર ભાગ્યે જ સ્પષ્ટતાથી આપી શકાય’ અથવા ‘તમે શું ધારો છો ?’, ‘તમારો શો અનુભવ છે ?’ એવો કોઈ ઉત્તર આપીને તે પ્રશ્નને પડતો મૂકવામાં આવે કે ટાળવામાં આવે ત્યારે આ ઉત્તર સાંભળનાર કોણ છે એની તપાસ કરવી રસપ્રદ થઈ પડે છે. એ તપાસ કરતાં ભાષાના માળખાના ઊંડાણમાં રહેલી અનેક શક્યતાઓની તપાસ થઈ શકે એમ છે.

સાહિત્ય ભાષામાં રચાતું હોવાથી ભાષાને કેન્દ્રમાં રાખીને કૃતિને આકાર, અને કૃતિનું હાર્દ બંને તપાસી શકાય. અત્યાર સુધી ભાષાવિજ્ઞાની કૃતિની ભાષાનું વર્ણન કરવા સુધી પોતાની તપાસને સીમિત રાખે છે. વિવેચક માત્ર કૃતિનું મૂલ્યાંકન કરે છે અને એમ કરતી વખતે તેની ભાષા વિશેની બે-ત્રણ અછડતીવાત કરે છે. પણ ખરેખર તો કૃતિની ભાષાના સંપૂર્ણ પૃથક્કરણ અને વર્ણન દ્વારા જ કૃતિનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ વિકસાવી શકાય. આમ કરવા પાછળના હેતુ એ છે કે જે ભાષાનો ઉપયોગ જોન, ડિક કે સ્મિથે કર્યો હતો તેના જ ઉપયોગ કરીને શેકસપિયર કેવી રીતે મહાન નાટકકાર થયો, જે ભાષાનો ઉપયોગ કુમારિક ભટ્ટ કે અ, બ, ક-એ કર્યો હતો તેનો જ ઉપયોગ કરીને વાલ્મીકિ કે કાલિદાસ શા માટે મહાકવિ થયા અને જે ભાષાનો ઉપયોગ સુભાષ, સુબંધુ કે, ઓજ્યે કર્યો તેને જ ઉપયોગ કરીને રવીન્દ્રનાથ કેવી રીતે મોટા કવિ થયા એ જાણવામાં આપણને રસ છે. એની તપાસમાં રસ હોવાથી ઉપર ઉપરની દેખાતી રીતે રોજબરોજની જ ભાષાનો ઉપયોગ કવિ કે સાહિત્યકાર કરીને એમાં સાહિત્યતત્ત્વને કેવી રીતે કંડારે છે તેનો અભ્યાસ ભાષાવિજ્ઞાન અવશ્ય કરી શકે એમ છે.

## (8) સારાંશ

- આ એકમમાં ભાષાનો અર્થ, વ્યાખ્યા, લક્ષણો, કર્યો, ભાષા અને શિક્ષણ, સાહિત્ય અને ભાષા વગેરે બાબતોની માહિતી મૂકવાનો પ્રયાસ કરેલ છે.
- માણસની વિશિષ્ટ સિધ્ધિએ ભાષા છે. ભાષાએ માનવસર્જન છે. માનવ દુનિયામાં જન્મેલ છે ત્યારે ભાષા સિધ્ધી શૂન્ય હોય છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ ભાષા આત્મ સાધ થતી જાય છે.

## (9) એકમ સ્વાધ્યાય

(1) ભાષાની વ્યાખ્યા સ્પષ્ટ કરો.

(2) ભાષા સ્વરૂપના લક્ષણો જણાવો.

(3) ભાષામાં કાર્યો જણાવો.

(4) સાહિત્ય અને ભાષા વિશે ટૂંકમાં જણાવો.

(5) ભાષા અને શિક્ષણ વિશે ટૂંકમાં જણાવો.

(6) ભાષાની ઉત્પત્તિ વિશે ટૂંકમાં જણાવો.

## (10) તમારી પ્રગતિ ચકાસો.

તમારા ઉત્તરો માટે નીચે જગ્યા આપવામાં આવી છે.

(1) ભાષાની કોઈ એક વ્યાખ્યા આપો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(2) ભાષાસ્વરૂપના બે લક્ષણો જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(3) ભાષાના બે કર્યો જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(11) તમારી પ્રગતિ ચકસોના ઉત્તરો.**

(1) ભાષાએ અભિવ્યક્તિ અને અવગમનું અવાજોનું બનેલું વાણીમય માધ્યમ છે. ભાષાએ ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ.

(2) 1. ભાષા સંદેશાવ્યવહારનું સાધન છે.

2. ભાષાના સંકેતો પ્રતીકાત્મક હોય છે.

(3) માનવવ્યવહાર સ્થાપવાનું કાર્ય કરે છે.

અભિવ્યક્તિનું પ્રબળ મધ્યમ છે.

જ્ઞાન પ્રાપ્તિનું પ્રબળ મધ્યમ છે.

**(12) સંદર્ભસૂચિ :**


(1) પટેલ મોતીભાઈ એમ તથા અન્ય : ગુજરાતીના અધ્યાયનનું પરિશીલન, બી. એસ. શાહ, અમદાવાદ.

(2) પટેલ અશોકભાઈ તથા અન્ય : ગુજરાતીનું આદર્શ અધ્યાયન, ——પ્રકાશન, અમદાવાદ

(3) પટેલ મોતીભાઈ એમ તથા અન્ય : ગુજરાતી વિષય વસ્તુનું અધ્યાયન, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

(4) રાવલ નટુભાઈ વિ : ગુજરાતીનું વિષયવસ્તુ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(5) શાહ નીરવ પી. : ભાષા વિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય: ભાગ-1, પરીખ-માલા પ્રકાશન, અમદાવાદ.

(6) કોઠારી જયંત : ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

## એકમ 7

# સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ

### : રૂપરેખા :

**(1) પ્રસ્તાવના**

**(2) સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ**

**(1) પ્રસ્તાવના -ભાષા કૌશલ્યનું વર્ગીકરણ**

**(2) શ્રાવણ કૌશલ્ય**

**(3) કથન કૌશલ્ય**

**(4) વાચન કૌશલ્ય**

**(5) લેખન કૌશલ્ય**

**(3) સાહિત્ય : જ્ઞાન વિસ્તારનો આધાર**

**(4) શાળા કક્ષાએ અપેક્ષિત સુવિધાઓ**

**(5) સારાંશ**

**(6) એકમ સ્વાધ્યાય**

**(7) તમારી પ્રગતિ ચકાસો**

**(8) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(9) સૂચિત વાચન સામગ્રી**

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે..

(1) સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ સમજી શકશો.

(2) શ્રવણ કૌશલ્યનો વિકાસ સમજી શકશો.

(3) કથન કૌશલ્યનો વિકાસ સમજી શકશો.

(4) વાચન કૌશલ્યનો વિકાસ સમજી શકશો.

(5) લેખન કૌશલ્યનો વિકાસ સમજી શકશો.

(6) સાહિત્ય : જ્ઞાન વિસ્તારનો આધાર સમજી શકશો.

(7) શાળા કક્ષાએ અપેક્ષિત સુવિધાઓ સમજી શકશો.

## (1) પ્રસ્તાવના :

ધરતીને ગુજરાતી આવડે છે કે નહીં તેની ખાતરી આપણે શી તરીતે કરીશું ? ધરતીને ગુજરાતી સાંભળીને સમાજના અને ગુજરતી બોલતા આવડતું હશે તો આપણે કહીશું કે તેને ગુજરાતી ભાષા આવડે છે છતાં જો તેને માત્ર ગુજરાતી સાંભળતાં અને બોલતા જ આવડે તો તેને ગુજરાતી ભાષા પુરતો તો અભણ જ ગણવાના ! એટલે કે વ્યાવહારિક રીતે તો,

રમેશને ગુજરાતી ભાષા સાંભળતાં, બોલતાં, વાંચતાં અને લખતાં આવડે ત્યારે તેને ગુજરાતી ભાષા આવડે છે તેમ કહેવાય.

આ ઉદાહરણ પરથી સમજવાનું એ છે કે ભાષા શીખવી એટલે ભાષા સાંભળતા, બોલતાં, વાંચતાં અને લખતાં શીખવું. ભાષા શિખવવી એટલે સાંભળતાં, બોલતાં, વાંચતાં અને લખતાં શીખવવું. વ્યક્તિ

ભાષાનો ઉપયોગ કરે છે ત્યારે તે સાંભળવાની, બોલવાની, વાંચવની અને લખવાની એ ચાર પ્રવૃતિઓ કરે છે. વ્યાવહારિક રીતે ભાષા એટલે સંભાળવું, બોલવું, વાંચવું અને લખવું.

ભાષા સાથેના વ્યવહારમાં કશુંક કરવાનું હોય છે. વ્યક્તિ જ્યારે ભાષા સાથે સંકળાય છે ત્યારે તે આ ચાર પ્રવૃતિઓ કરે છે, ભાષા શિખવા માટે વ્યક્તિએ સાંભળવાનું, બોલવાનું, વાંચવાનું અને લખવાનું- એ ચાર કાર્યોમાં કુશળ બનવાનું હોય છે.

સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યોનો વિકાસ

1. પ્રસ્તાવના
2. શ્રવણ
3. કથન
4. વાચન
5. લેખન

**(1) પ્રસ્તાવના :**

વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી શીખતી રહે છે. માટે જ શિક્ષણને આજીવન પ્રક્રિયા ગણી છે. બાળક જન્મે ત્યારે રડે છે. થોડા પ્રમાણમાં વૃદ્ધિ અને વિકાસ થાય એટલે તે કલરવ કરે કે એકાક્ષરી ઉચ્ચારણ કરે છે, ત્યારબાદ તે માંગણીઓ રજૂ કરે છે. આજુબાજુના વ્યક્તિઓના સંપર્કથી તે ઘણું બધું શીખે છે. તે શાળાએ જતો ન હોવા છતાં શબ્દભંડોળ વિકસતું રહે છે. પરંતુ જીવનવિકાસ માટે વ્યક્તિ વિશેષ પ્રયત્ન કરે છે માટે જ તે ઔપચારિક શિક્ષણ મેળવે છે.

બાળક નાનું હોય ત્યારે તે પોતાની માતૃભાષામાં વ્યક્ત થયેલી કેટલીક બાબતો સાંભળીને સમજી શકે છે. તેજ પ્રમાણે કેટલાક અંશે પોતાના વિચારો બોલીને વ્યક્ત પણ કરે છે. આમ અનુભવ અને મહાવરાના કારણે તેનામાં સાંભળવાની અને બોલવાની શક્તિનો વિકાસ કેટલેક અંશે થયો હોય છે. પરંતુ તેમાં શિષ્ટતા, સૌંદર્યતા અને ઊંડાણ મેળવવા માટે તેને ચોક્કસ પ્રકારનું જ્ઞાન અને તાલીમ આપવી જરૂરી છે.

બાળક સાંભળતા અને બોલતાં શીખ્યો હોય છે પરંતુ તેના જીવનવિકાસ માટે તેણે વાંચતા અને લખતાં પણ શીખવું પડે છે. જો કોઈ વ્યક્તિ કોઈ ભાષામાં બોલી શકે અને સાંભળીને સમજી શકે તો તેને માટે આપણે કહીશું કે તે વ્યક્તિ આ ભાષા સમજી શકે છે. આમ છતાં તે

· ભાષા કૌશલ્યોનું ક્ષેત્ર છે : શ્રવણ, કથન, વાચન અને લેખન એ ચાર કૌશલ્યો ભાષાના પાયાના કૌશલ્યો છે. ભાષા શીખવા માટે વ્યક્તિએ એવામાં એવાં આચાર કૌશલ્યો શીખવાપડે. વિદ્યાર્થીને ભાષા શીખવવા ઓછામાં ઓછા આચાર કૌશલ્યો શીખવવાં જોઈએ.

ભાષા માટે તો તે વ્યક્તિને આપણે અભણ કહીશું. કારણ કે વ્યક્તિને તે ભાષા વાંચતા અને લખતાં આવડતી નથી.

આમ કોઈ વ્યક્તિ જ્યારે ચોક્કસ ભાષા સાંભળીને સમજી શકે, બોલી શકે, વાંચી શકે અને લખી શકે તો જ સાચા અર્થમાં એમ કહેવાય કે તેને તે ભાષા આવડે છે, તે ભાષા માટે તે સાક્ષર છે. આમ ભાષા શીખવી એટલે ભાષા સાંભળવી, બોલવી, વાંચવી અને લખવી. અહી ભાષા સાથે કુલ ચાર પ્રવૃત્તિઓ સંકળાયેલી છે. આ ચાર પ્રવૃત્તિઓમાં વ્યક્તિ કુશળ બને તો જ તેને તે ભાષા આવડે છે તેમ કહેવાય. આ ચાર પ્રવૃત્તિઓને ભાષાના કૌશલ્ય કહે છે. કૌશલ્ય એટલે Skill જેમાં વ્યક્તિએ કશુંક કરવાનું હોય છે. આ પ્રક્રિયા મનોશારીરિક છે.

ટૂંકમાં, વ્યક્તિએ ભાષા શીખવા માટે ચાર કૌશલ્યો સિદ્ધ કરવા પડશે. આ ચાર કૌશલ્યોને આપણે શ્રવણ, કથન, વાચન અને લેખન તરીકે ઓળખીશું.

**ભાષા કૌશલ્યનું વર્ગીકરણ :**

1. માતૃભાષાનામુખ્યચારકૌશલ્યશ્રવણ, કથન, વાચન અને લેખનનું બે રીતે વર્ગીકરણ ભાષાકૌશલ્યપ્રાથમિકકૌશલ્ય 1 દ્વિતીયકક્ષાનાકૌશલ્ય શ્રવણ કથન વાચન લેખન ભાષા કૌશલ્યનું વર્ગીકરણ ઉપર્યુક્ત રીતે કરવા પાછળનું કારણ એ છે કે શ્રવણ અને કથન કૌશલ્ય બાળક જન્મ પછી સાહજિક રીતે વિકસે છે. તે માટે ચોક્કસ ઔપચારિક લાંબા ગાળાના પ્રયત્નો કરવા પડતા નથી. જ્યારે વાચન અને લેખન કૌશલ્ય વિકસાવવા માટે બાળકના વિકાસને ધ્યાનમાં રાખી ઔપચારિક પ્રયત્નો કરવા પડે છે. આમ બાળકના વૃદ્ધિ અને વિકાસને ધ્યાનમાં રાખી પ્રથમ વિકસતાં અને પછી વિકસતાં કૌશલ્યોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

2. શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યનું બાળક દ્વારા થતી પ્રક્રિયાને આધારે પણ વર્ગીકરણ કરી શકાય છે.

   ઉપર્યુકત રીતે ભાષા કૌશલ્યનું વર્ગીકરણ કરવા પાછળનો હેતુ એ છે કે બાળકો કોઈપણ માહિતી શ્રવણ અને વાચન દ્વારા મેળવે છે, એટલે કે બાળકો શ્રવણ અને વાચન દ્વારા ગ્રહણ કરે છે, સમજે છે અને ભાષા શીખે છે, વિકસાવે છે.અહીં બાળકના પક્ષે ગ્રહણ કરવાની વાત છે.

   વ્યક્તિ પોતાની લાગણી, ઇચ્છા, ઈરાદો, અપેક્ષા કે કોઇ પણ વિચાર કથન કે લેખન દ્વારા અભિવ્યક્ત કરે છે જેથી કથન અને લેખનને અભિવ્યકિતના કૌશલ્ય તરીકે ઓળખવામાં આવે છે.

   આમ તો બાળકનોભાષાવિકાસ આ ચારેય કૌશલ્યનો સુમેળભર્યો સદ્વયોગ હોય તો જ સારી રીતે થઈ શકે. આ ચારેય કૌશલ્યો એકબીજાના પૂરક જણાયાં છે. આ ચારેય કૌશલ્યો તેના ભાષા શીખવાના પ્રયત્નોના સતત મહાવરાથી કેળવાય છે. જેમાં તેની વૃદ્ધિ, વિકાસ, ભાષાક્ષમતા, સભાનતા, અભિવ્યકિત, વાતાવરણ વગેરે ભાગ ભજવે છે. આટલી સ્પષ્ટતા પછી હવે આપણે માતૃભાષાનાં ચાર મૂળભૂત કૌશલ્યનો વિગતવાર પરિચયમેળવીએ.

**(2) શ્રવણકૌશલ્ય**

1. **અર્થ :** બોલાતીભાષાનાસાંભળેલાઅવાજોઓળખીતેનોઅર્થસમજવાનીપ્રક્રિયાએટલેશ્રવણ.

2. **સંકલ્પના :** માત્ર ભાષાના અવાજો સાંભળવા એટલે શ્રવણ કર્યું ન કહેવાય, પરંતુ સાંભળેલા અવાજોનું અર્થગ્રહણ થાય ત્યારે શ્રવણની ક્રિયા થઈ તેમ કહેવાય. સાંભળવું એ શ્રવણ માટે જરૂરી છે, પરંતુ પૂરતું નથી.

   સાંભળવું + અર્થગ્રહણ = શ્રવણ

   દા.ત. ફક્ત ગુજરાતી ભાષા સમજતા વ્યક્તિને અંગ્રેજી ભાષામાં કોઈ વાત કરવામાં આવશે તો તે અંગ્રેજી ભાષા દ્વારા વ્યક્ત થયેલી વાત સાંભળશે ખરો પરંતુ તેનું અર્થગ્રહણ કરી શકશે નહીં, તે સમજી શકશે નહીં. આમ તે વ્યક્તિ સાંભળે છે પરંતુ અર્થગ્રહણ કરી શકતો નથી, જેથી તે શ્રવણ કરે છે તેમ ન કહેવાય.

   અંગ્રેજીમાં પણ સાંભળવું અને શ્રવણ માટે અલગ શબ્દો આપ્યા છે. સાંભળવું એટલે Hearing અને શ્રવણ એટલે Listening. આમ કાન દ્વારા સાંભળવું એ શારીરિક પાસું છે, જ્યારે સાંભળેલા અવાજને અર્થ સાથે સમજવાની ક્રિયા (શ્રવણ) એ મનોવૈજ્ઞાનિક પાસું છે.

   દા.ત. ‘ગુલાબજાંબુ’શબ્દ કાને અથડાય ત્યારે આપણા મનમાં તેનું ચિત્ર ઉપસી આવે છે. (અત્યારે તમારા મનમાં પણ આકાર, રંગ સાથેનું ચિત્ર ઊપસી આવ્યું હશે.) ‘ગુલાબજાંબુ’શબ્દ જેવો સંભળાય કે તરત જ ‘ખાવાની એક ગળી વાનગી’એવો અર્થ સ્પષ્ટ થઈ જાય છે. એટલે કે શ્રવણની પ્રક્રિયા થઈ એમ કહેવાય.

   Hearing અને Listening શબ્દોની સંકલ્પના સમજીએ.

· Hearing is the apprehension of the sound. Listening is the compre hension of symbols.

· Listening may be defined as the perceptual aspect of hearing.

· Listening technically is known as auding. The process of listening is the process of recognizing and interpreting of comprehending the spoken language.

શ્રવણ દ્વારા થતા અર્થગ્રહણમાં વક્તાના હાવ-ભાવ, હલન ચલન અને ચેષ્ટાનો ફાળો રહેલો છે. આમ શ્રવણ કૌશલ્યને ભાષાના શ્રાવ્ય સ્વરૂપ ઉપરાંત ભાષાના દેશ્ય સ્વરૂપ સાથે પણ સંબંધ છે. માટે જ કોઈપણ વ્યક્તિ પોતાના વિચારો અન્યને સંભળાવે ત્યારે પોતે હાવ-ભાવ સાથેની કેટલીક ચેષ્ટાઓ પણ કરે છે. જેથી સાંભળનાર વ્યક્તિ સરળતાથી અર્થગ્રહણ કરે છે. જેમકે રેડિયો સાંભળીને સમજવું તેના કરતાં ટી.વી. જોઈને સમજવામાં વધારે અનુકૂળતા રહે છે.

ઉપર્યુક્ત ચર્ચાના આધારે કહીશું કે શ્રવણ એટલે....

* ધ્યાનપૂર્વક સાંભળવું.
* અર્થગ્રહણ સાથે સાંભળવું.
* વક્તાના વિચારો સમજવા.
* શુદ્ધ ઉચ્ચારો ગ્રહણ કરવા.
* તાત્કાલિક સાંભળવું અને સમજવું.
* હાવભાવ અને ચેષ્ટાઓ સમજવી.

## 3. શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ :

શ્રવણના અનુભવને આધારે ભાષાવિકાસ સાધી શકાય છે.

* ભાષાનાં બીજા કૌશલ્યો શ્રવણ પર આધારિત છે.
* લોકશાહી જીવન પદ્ધતિમાં બીજાની વાત શાંતિથી અને ધીરજપૂર્વક સાંભળવા અને વિરોધી મતને સહન કરવા માટે.
* નવા વિચારો-માહિતીની પ્રાપ્તિ કરવા.
* આપણે જેટલું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ, તેના 25 % જ્ઞાન શ્રવણ દ્વારા પ્રાપ્ત કરીએ છીએ. આમ જ્ઞાન મેળવવા શ્રવણ જરૂરી છે.
* ભાષાને મૂળ ઉચ્ચારણો સાથે શીખવા માટે.
* શ્રવણ કૌશલ્યને કારણે બાળકનું ઉચ્ચારણ, તેનો અવાજ, વાણીપ્રવાહ વિકસે છે.
* શાળામાં વિદ્યાર્થીઓ 54% જેટલો સમય શિક્ષકને સાંભળવામાં અને 31% જેટલો સમય અન્ય વિદ્યાર્થીને સાંભળવામાં ગાળે છે ત્યારે શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ વધી જાય છે.
* પ્રો. એફ. એલ. બિલોઝ કહે છે કે "જે શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને ધ્યાનપૂર્વક સાંભળતા કરે અને જે સાંભળે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા થાય એવી રીતરસ અજમાવી શકે છે તેઓનું કાર્ય સાર્થક થાય છે. કારણ કે જેણે શ્રવણ માટેનું યોગ્ય વલણ કેળવ્યું છે તે હમેશાં એક રુચિકર વ્યક્તિ બની રહે છે, અને બીજી કોઈ વ્યક્તિ જેનામાં શ્રવણ માટે વલણ અને શક્તિ નથી, તેના કરતાં તે નવા વિચારો ગ્રહણ કરી શકવાને વધુ લાયક હોય છે."
* સમાજમાં અનેક જગ્યાએ, રેલવે સ્ટેશન, સિનેમાગૃહ વગેરે જગ્યાએ શ્રવણ કૌશલ્યની જરૂર પડે છે. રેડિયો, ટી.વી., ભાષણ, સંવાદ, નાટક, શ્રુતલેખન, ચર્ચાસભા વગેરેને સારી રીતે સાંભળવા માટે શ્રવણની જરૂર છે.
* શ્રવણ દ્વારા વૈવિધ્ય જોવા મળે છે, તેથી બાળકને ગમે છે અને તે તાત્કાલિક સમજી શકે છે.
* વ્યક્તિ પોતાના રોજિંદા જીવનમાં વાચન કરતાં ઘણો જ વધારે સમય શ્રવણમાં ગાળે છે, જે તેનું મહત્ત્વ દર્શાવે છે.

* વર્ગમાં શિક્ષણ મેળવવા બાળકોએ શિક્ષકના કથનનું શ્રવણ કરવું જ પડે છે. ઉપરાંત શાળામાં વિવિધ પ્રવૃત્તિ માટે સૂચના અપાતી હોય ત્યારે મેદાન પર અનેક જગ્યાએ શ્રવણ કૌશલ્યની જરૂર પડે છે.
* અન્ય વ્યક્તિ સાથે પ્રત્યાયન માટે શ્રવણની જરૂર છે.

**4. શ્રવણ કૌશલ્ય શિક્ષણ :**

બાળકની ક્ષમતા + શ્રવણ પ્રવૃત્તિલક્ષી ભાષા વ્યવહાર અને મહાવરો = શ્રવણ કૌશલ્ય શિક્ષણ

ટૂંકમાં, શિક્ષકે બાળકોની ક્ષમતાને ધ્યાનમાં રાખી વર્ગમાં વિવિધ ભાષાવ્યવહાર પ્રયોજવાના છે કે જ્યાં બાળકના પક્ષે શ્રવણ હોય. આવી પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન કરવાથી-બાળકોમાં શ્રવણ કૌશલ્ય વિકસશે.

આમ છતાં શ્રવણ કૌશલ્યની ખિલવણી પૂર્વે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

બાળક્રી વય, કક્ષા અને ક્ષમતા : શિક્ષકે બાળકની માનસિક અને શારીરિક શક્તિઓ જાણવી જોઈએ. તેની મર્યાદાઓ પણ ધ્યાનમાં રાખવી જોઈએ. ત્યારબાદ જ વર્ગમાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.

**વાતાવરણ :** શાળામાં આવતાં બાળકો જુદાં જુદાં સામાજિક-આર્થિક સ્તર ધરાવતા કુટુંબમાંથી આવે છે. શાળામાં આવતાં પૂર્વે તેમનો ચોક્કસ રીતે અને ચોક્કસ પ્રમાણમાં ભાષાવિકાસ થયેલો હોય છે. જેથી જે તે બાળકોમાં રહેલી હકારાત્મક અને નકારાત્મક બાબતોથી પરિચિત બનીને જ શિક્ષકે શૈક્ષણિક કાર્યનું આયોજન કરવું જાઈએ. કારણ કે જુદા જુદા વાતાવરણમાંથી આવતાં બાળકોના ઉચ્ચાર, અભિવ્યક્તિ, ચોકસાઈ, ઝડપ વગેરેમાં વિવિધતા હોય છે.

**5. શ્રવણ કૈશલ્યના વિકાસ માટેની વર્ગશિક્ષણની પ્રયુક્તિઓ :**

* બાળકને નવા શબ્દો શીખવવા માટે સાહચર્ય જરૂરી છે. ફક્ત શબ્દો સાંભળવાથી તે કદાચ પૂરેપૂરું અર્થગ્રહણ ન પણ કરી શકે. જેથી ચોક્કસ શબ્દોથી પરિચિત કરવા માટે ચિત્રો કે પ્રતિકૃતિનો ઉપયોગ કરવો. જેથી જે તે શબ્દની સંકલ્પના સ્પષ્ટ થશે અને લાંબો સમય સુધી યાદ રહેશે.
* કેટલીક ક્રિયા કે શબ્દના શિક્ષણ માટે વર્ગ બહાર જઈને દૃશ્ય કે વસ્તુ બતાવીને અથવા તો ટેપરેકર્ડરનો ઉપયોગ કરીને શીખવવું જોઈએ. દા.ત. સમુદ્રના મોજાંનો અવાજ ટેપરેકર્ડર દ્વારા સંભળાવવો જોઈએ.
* ચોક્કસ શબ્દો, શબ્દસમૂહો કે પંક્તિઓનો વર્ગમાં વારંવાર શ્રવણનો મહાવરો કરાવવો જોઈએ.
* બાળકોને પ્રાસવાળં અને લયપ્રધાર ગીતો/કાવ્યો કે કાવ્યપંક્તિવારંવાર સંભળાવવા જોઈએ જેથી સમાન ઉચ્ચાર ધરાવતા શબ્દો વચ્ચે ભેદપારખતા વિકાસશે.
* શિક્ષકે વર્ગમાં અપાતી સૂચના, આદેશો વગેરે સ્પષ્ટ ભાષામાં અને મધુર અવાજમાંઆપવા જોઈએ જેથી બાળકો સરળતાથી શ્રવણ કરી શકે અને પ્રેરણા મેળવે.
* જરૂર પ્રમાણે શ્રવણ કૌશલ્યના વિકાસ માટે જ તાસ ગોઠવવા જોઈએ.
* શિક્ષકે વર્ગમાં કથન કર્યા બાદ પ્રશ્નો પૂછી મૂલ્યાંકન કરવું જોઈએ જેથી શિક્ષકનેખ્યાલ આવશે કે બાળકોને અર્થગ્રહણ સાથે કેટલું સાંભળ્યું છે.
* પાઠ્યપુસ્તકમાં આવતાં સંવાદોનું વાચન વિદ્યાર્થીઓ સમક્ષ કરવું જોઇએ.
* બાળકોએ કરેલા ખોટા ઉચ્ચારો ટેપરેકર્ડ દ્વારા સંભળાવવા જોઇએ અને ત્યારબાદ શુદ્ધ ઉચ્ચાર સંભાળવા જોઈએ.
* ખોટો ઉચ્ચાર કરતા બાળકોને કયો અશર કેવી રીતે ઉચ્ચારાય તે સમજાવવું જોઈએ.

* શિક્ષકે ગદ્ય પાઠનું આદર્શ વાંચન કરવું જોઈએ, તેવી જ રીતે પદ્યનું આદર્શ પઠન કે ગાનું કરવું જોઈએ. આ ઉપરાંત સુભાષિતો, દુહા, મુક્તક વગેરે સંભાળવવ જોઈએ.

**6. શ્રવણ કૌશલ્ય વિકસાવવા માટેની સહાભ્યાસ પ્રવૃત્તિઓ :**

* શ્રવણ કૌશલ્ય વિકસાવવા અવાજ ભેદપરખ, શ્રવણ એકાગ્રતા, શ્રવણ અનેપુનઃસ્મરણ અર્થગ્રહણ વગેરે માટેની રમતો રમાડવી જોઈએ.
* રેડિયો કે ટી.વી. પરથી પ્રસારિત થતાં વિવિધ કાર્યક્રમો સંભાળવા અને દર્શાવવા, ઉપરાંત ઘરે પણ ચોક્કસ કાર્યક્રમનો અનુભવ માણે તેવી પ્રેરણા આપવી.
* શાળામાં મહેમાનોને આમંત્રી તેમના વકતવ્યો સંભળાવવા.
* પ્રાર્થનાસભામાં સમાચાર, સુવિચારનું વાંચન થવું જોઈએ, ઉપરાંત જે તે દિવસની વિશેષતા, જાણવા જેવું, મહાપુરુષોના જીવનપ્રસંગ વગેરે રજૂ કરી વિદ્યાર્થીઓનું શ્રવણ કૌશલ્ય ખિલવવું જોઈએ.
* નાટક, રાસ, ગરબા, ગીત, ભજન, ટુચકાં વગેરે રજૂ કરી તેમનું ધ્યાન એકાગ્ર બને અને શ્રવણ કૌશલ્ય વિકસે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
* સાહિત્યકારો, દેશભક્તો, વૈજ્ઞાનિકો વગેરેની જન્મ જયંતિ ઉજવવી જોઈએ.
* સામાજિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક પર્વોની ઉજવણી કરવી જોઈએ.
* એકપાત્રીય અભિનય કરાવવો અને પાઠ્યપુસ્તકમાં આવતા સંવાદોનું વાંચન કરાવીને અન્ય વિદ્યાર્થીને શ્રવણની તક પૂરી પાડવી.
* ચર્ચાસભા, વાર્તાકથન, વકતૃત્વ સ્પર્ધાઓ ગોઠવવી.
* કવિ સંમેલન, મુશાયરો કે સાહિત્ય સંમેલન યોજવું.
* વિદ્યાર્થીઓને પોતાના અનુભવો વર્ગમાં રજૂ કરવાની પૂરતી તક આપવી જોઈએ.

**7. શ્રવણ કૌશલ્ય પર અસર કરતાં પરિબળો :**

શ્રવણ કૌશલ્ય વિદ્યાર્થીનું ત્યારે જ વિકસે જ્યારે તેને શ્રવણની વારંવાર તક સાંપડે. ઘણીવાર એવું જોવા મળે છે કે, બાળક શ્રવણ કરે છે તેમ માનીને શિક્ષક કથન કરે છે. પરંતુ બાળકમાં શ્રવણની પ્રક્રિયા થતી નથી. આથી શ્રવણ પર નીચેના પરિબળો અસર કરે છે.

**(1)** **ધ્યાન :** સાંભળનાર વ્યક્તિનું ધ્યાન સાંભળવામાં હશે તો જ શ્રવણની ક્રિયા થશે. જેથી વ્યક્તિ એકાગ્ર ચિત્તે, ધ્યાનપૂર્વક સાંભળે તે જરૂરી છે.

**(2)** **સ્મૃતિ :** વ્યક્તિઅનુભવમાંથીજનવુંશીખેછે. એટલેકેબાળકેએકવારસાંભળેલાશબ્દો, શબ્દસમૂહ, વાક્યો, ઉચ્ચારણો વગેરેને સ્મૃતિમાં રાખીને જરૂર પડે ત્યારે યાદ કરી યોગ્ય ઉપયોગ કરશે તો જ પ્રત્યક્ષીકરણ થશે અને તો જ અર્થગ્રહણ કરી શકશે.

**(3)** **ભેદકત્વ :** સાંભળેલ વિષયવસ્તુને સમજીને તેમાંથી સમાનતા અને વિષમતા તારવવાં.

**(4)** **બુદ્ધિ :** વ્યક્તિનો બુદ્ધિઆંક જેટલો વધુ તેટલી સમજશક્તિ વધુ. જેથી સાંભળેલી બાબતને યાદ રાખી સમજવા માટે બુદ્ધિની અસર જોવા મળશે.

**(5)** **રસ રુચિ :** બાળકને જે વિષયવસ્તુ સંભળાવવામાં આવે છે તેમાં તેને રસ-રુચિ હોવાં જરૂરી છે. તો જ તે ધ્યાનથી સાંભળશે. આમ શ્રવણ માટે જે તે વિષયવસ્તુ માટે રસ-રુચિ જરૂરી છે.

**(6)** **શારીરિકશકિત :** વ્યક્તિમાં જો કાનની કોઈ મર્યાદા હશે તો તે વ્યવસ્થિત રીતે સંપૂર્ણપણે સાંભળી નહીં શકે. અન્ય શારીરિક મર્યાદા હશે તો લાંબો સમય એક જ જગ્યાએ બેસીને ધ્યાનપૂર્વક સાંભળી પણ નહીં શકે શ્રવણ પર દષ્ટિની ખામીની અસર પણ થાય છે.

**(7) વકતાનું પ્રત્યક્ષ દર્શન :** શ્રવણ કરનાર વ્યક્તિ વક્તાને જોઈને શ્રવણ કરતી હશે તો શ્રવણક્રિયા સારી થશે.

**(8) વકતા અને શ્રોતા વચ્ચેનું અંતર :** વક્તા અને શ્રોતા વચ્ચે અંતર વધુ હોય તો વક્તાના હાવભાવ શ્રોતા બરાબર જોઈ શકતો નથી. ક્યારેક બરાબર સંભળાતું પણ નથી. જેથી શ્રોતાને અર્થગ્રહણમાં મુશ્કેલી પડે છે.

**(9) શ્રવણનો સમય :** શ્રોતા એક જ બેઠકે લાંબો સમય સુધી શ્રવણ કરે તો તે માનસિક રીતે કંટાળી જાય છે.

**(10) વક્તાનું વ્યક્તિત્વ :** વક્તા માટે શ્રોતાના મનમાં કોઈ નકારાત્મક પૂર્વગ્રહ હોય તો શ્રોતા વક્તાની વાતને સરળતાથી સ્વીકારતો નથી.

**(11) ભાષાનું માધ્યમ :** વક્તા જે ભાષામાં કથન કરતાં હોય તે ભાષા અંગેનું શ્રોતાનું જ્ઞાન કેટલું છે ? તેના પર શ્રવણનો આધાર રહેલો છે.

**(12) વાતાવરણ :** જો શાંત વાતાવરણમાં શ્રવણ થતું હોય તો અર્થગ્રહણ સારું થાય છે. ઉપરાંત શ્રોતાની બેઠક વ્યવસ્થા, માઈકની સુશ્રાવ્યતા વગેરે બાબતો પણ શ્રવણ પર અસર કરે છે.

**કથનકૌશલ્ય (મૌખિક અભિવ્યક્તિ)**

**(1) પ્રસ્તાવના :**

આગળ આપણે શીખી ગયા કે શ્રવણ અને કથન કૌશલ્ય પ્રાથમિક કક્ષાના કૌશલ્યો છે. બાળક સૌ પ્રથમ શ્રવણ કૌશલ્ય અને ત્યાર બાદ કથન કૌશલ્ય પર પ્રભુત્વ મેળવે છે. બાળક સૌ પ્રથમ શ્રવણ દ્વારા ભાષાના ધ્વનિ ઘટકોને ઓળખે છે અને પછી વારંવારના મહાવરાના પરિણામે તે ઘટકોને બોલતાં શીખે છે. વાચા દ્વારા-બોલીને પોતાના વિચારો રજૂ કરે છે, ત્યારે તેણે જેવું સાંભળ્યું તેવું બોલે છે. એટલે કે કથન કૌશલ્યનો પાયો એ શ્રવણ કૌશલ્ય છે. ત્યારબાદ જ બાળક વાંચતા અને લખતાં શીખે છે. વાંચન અને લેખનનો પાયો કથન કૌશલ્ય છે. જો પાયો જ કાચો રહી જાય તો ઈમારત કેવી રીતે સંભવી શકે ?

વ્યક્તિ પોતાના વિચારો ભાષાના માધ્યમ દ્વારા વ્યક્ત કરે છે. ભાષા એ વિચારોને વ્યક્ત કરવાનું સરળ, સાહજિક અને સર્વ સામાન્ય સાધન છે. ભાષા સિવાય પણ વ્યક્તિ લખીને, દોરીને કે સંકેત દ્વારા પોતાના વિચારો રજૂ કરી શકે છે. પરંતુ ભાષા એ વિચારોને રજૂ કરવાનો રાજમાર્ગ છે.

તમે જાણો જ છો કે બાળક કથનની શરૂઆત બબડાટ, કલરવથી કરે છે. ત્યારબાદ જ તે વાક્ધ્વનિ ઉચ્ચારણ કરે છે. બાળકના વૃદ્ધિ અને વિકાસ થતાં તે આત્મકેન્દ્રી વાણીમાં રાચે છે. તેની વાણીમાં હું, મારું, મને, વગેરે શબ્દોના પ્રયોગો વિશેષ જોવા મળે છે. તે સમયે બાળકનો ઈરાદો વિચાર-વિનિમય કરવાનો હોતો નથી. કારણ કે તેની બુદ્ધિની મર્યાદા હોય છે. ત્રીજા તબક્કામાં બાળક વિચાર-વિનિમય મિત્રો, કુટુંબીજનો સાથે કરે છે. તે આત્મકેન્દ્રીમાંથી સમાજ કેન્દ્રી બને છે. તે પ્રશ્નો પૂછે છે, જવાબ આપે છે. માગણી કરે છે, તેની પર ધમકીની અસર થાય છે, તેનાં વૃદ્ધિ અને વિકાસ થવાથી તેની વાતચીતની વાણીની પદ્ધતિ, વિષયવસ્તુ, શબ્દભંડોળ વગેરેમાં વધારો થાય છે. આમ અનુભવ અને મહાવરાના કારણે બાળકની મૌખિક અભિવ્યક્તિ ક્રમશઃ વિકાસ પામતી રહે છે. હવે આપણે કથન કૌશલ્ય એટલે કે મૌખિક અભિવ્યક્તિ વિશે વિગતે ચર્ચા કરીએ.

**(2) કથન કૌશલ્યનો અર્થ અને સંકલ્પના**

**અર્થ :**

વ્યક્તિ જ્યારે પોતાના વિચારોને શુદ્ધ ભાષામાં પ્રસંગોચિત રીતે, યોગ્ય ગતિ, વલય, માધુર્ય, સ્પષ્ટતા સાથે સ્વાભાવિક રીતે વાણી દ્વારા રજૂ કરે એટલે કથન કર્યું કહેવાય.

ટૂંકમાં, વ્યક્તિના પોતાના વિચારો અને લાગણીઓ વાણી દ્વારા યોગ્ય રીતે અભિવ્યક્ત કરવા એટલે કથન કૌશલ્ય.

**(3) સંલ્પના :** વ્યક્તિ જ્યારે બોલે છે ત્યારે તે કથન કરે છે તેમ ન કહેવાય. એટલે કે બોલવું એ કથન કે મૌખિક અભિવ્યક્તિ નથી. વ્યક્તિ જે હેતુ સાથે બોલે છે તે હેતુ સિદ્ધ થાય તો જ તેણે કથન કર્યું કહેવાય. વ્યક્તિના બોલવાનો હેતુ પોતાને વિચારોને પોતે જ રીતે સમજે છે તે જ રીતે અન્ય વ્યક્તિને વાણી દ્વારા પહોંચાડીને સમજાવવાનો છે. વ્યક્તિ બોલીને પોતાના વિચારો વ્યક્ત કરે પરંતુ શ્રોતા જો સમજી ન શકે તો તેમાં વિચાર રજૂ કરનારની નબળાઈ ગણીશું.

નાનું બાળક બોલે ત્યારે તે શું બોલે છે તેનો ખ્યાલ આવતો નથી. જેથી આપણો કહીશું કે બાળકમાં કથન કૌશલ્યનો વિકાસ થયો નથી. કથન કૌશલ્યમાં અવાજ-ધ્વનિ એ શરીરનું વૈજ્ઞાનિક પાસું છે અને તેના દ્વારા પ્રગટ થતાં અર્થ કે વિચારો એ મનોવૈજ્ઞાનિક પાસું છે. વિચારણા વિના કથન શક્ય નથી. કથન વિચાર પર આધારિત છે. કથન એ અભિવ્યક્તિનું કૌશલ્ય છે. જે કાંઈ બોલાય તે પ્રથમ વિચારાય છે અને પછી જ ઉચ્ચારાય છે.

કથન ભાષાના શ્રાવ્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. તે શ્રવણની તુલનામાં ભાષાનું સક્રિય કૌશલ્ય છે. કથન વખતે ભાષાના ધ્વનિઓ એ ઉચ્ચારણતંત્ર દ્વારા નિષ્પન્ન થાય છે અને તે સમયે વક્તા સક્રિય હોય છે. વાતચીત દરમિયાન વક્તા શ્રાવ્ય માધ્યમ ઉપરાંત મુખમુદ્રા અને ચેષ્ટાની મદદ લે છે. તેથી જ કથન કૌશલ્યમાં દશ્ય માધ્યમનો પણ ઉપયોગ થાય છે.

સંવાદ કે વાતચીત દરમિયાન કથન કૌશલ્યના બે પાસાં અનુભવાય છે. (1) બોલવું અને (2) કહેવું. બોલવું એટલે To speak અને કહેવું એટલે To say. બોલવા માટે શ્રાવ્ય માધ્યમની જરૂર પડે છે. પરંતુ કહેવા માટે શ્રાવ્ય અને દશ્ય બંને માધ્યમની જરૂર પડે છે. આમ કથનનું ખરું સ્વરૂપ વાતચીતની પ્રત્યાયનાત્મક પરિસ્થિતિમાં જ પરખાય છે.

ટૂંકમાં, બોલવું એટલે માત્ર ભાષા ધ્વનિનું ઉચ્ચારણ થાય. પરંતુ કથન-મૌખિક અભિવ્યક્તિ એટલે પોતાના મનમાં રહેલાં વિચારોને અન્ય સામે યોગ્ય રીતે વાણી દ્વારા રજૂ કરવા. આમ કથન એ કલા છે, કૌશલ્ય છે. કથન એ એવી વાણી-ભાષા છે કે, જેમાં સ્વાભાવિકતા, સ્પષ્ટતા, ગતિશીલતા, શિષ્ટતા, વ્યાવહારિક્તા, મધુરતા, સશક્તતા, શુદ્ધતા અને પ્રભાવ જેવા ગુણો હોય છે.

**(4) કથનકૌશલ્યનુંમહત્ત્વ :**

- વ્યક્તિના વિકાસ અને સમાજમાં મોભાનો આધાર તેના કથન કૌશલ્ય પર અવલંબે છે.
- રોજિંદા જીવનમાં વ્યવહાર ચલાવવા-પ્રત્યાયનમાટે.
- વ્યક્તિના વ્યક્તિત્વના ઘડતર માટે.
- પોતાના વિચારો, લાગણી અન્યને જણાવવા.
- વ્યક્તિનો ભાષાવિકાસ સાધવા.
- નાગરિક્તાની તાલીમ આપવા-વ્યક્તિને સામાજિક બનાવવા.
- વિચારોના પ્રત્યાયન માટે-લેખનકાર્યમાં બગડતા સમય અને શક્તિનો બચાવ કરવા.
- વિદ્યાર્થીમાં વાચન, લેખન ટેવના સમુચિત વિકાસ માટે.
- વ્યક્તિના વ્યક્તિત્વની જાણકારી તેના કથન પરથી મળે છે.
- શિક્ષક, વકીલ જેવાં વ્યવસાયમાં કથન સફળતા અપાવે છે.
- સામાજિક, રાજકીય ક્ષેત્ર માટે કથન જરૂરી છે.
- બાળકમાં રહેલ સંકોચ દૂર કરવા, પ્રેરણા આપવા.
- એક વ્યક્તિ દ્વારા અન્ય વ્યક્તિને માહિતી આપવા.
- વાચન અને લેખન કૌશલ્યનો આધાર કથન કૌશલ્ય છે.

Every moment, every process, every wish, every need must be in troduced by word, accompanied by word, commented on it word. followed by word and dismissed by word.

**- F. L. Billows.**

**(5) ક્વન કૌશલ્યના મુખ્ય ઘટકો :**

**સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ :** આ મુખ્ય ઘટક છે. શાળાએ આવતાં બાળકો જુદા જુદા વાતાવરણમાંથી આવે છે. જેથી તેમના ઉચ્ચારણો પણ ક્યારેક જુદા જુદા જોવા મળે છે. નાના બાળકો યોગ્ય માર્ગદર્શનના અભાવે અશુદ્ધ ઉચ્ચારણ પણ કરતા હોય છે. કેટલાંક બાળકો ખૂબ જ લાડ કોડમાં ઉછરેલાં હોય છે. જેથી કાલીઘેલી ભાષામાં બોલે છે. આમ, અમુક કારણોસર બાળકો સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર કરતાં નથી. ખરેખર તો કથન કૌશલ્યનો આ મુખ્ય ઘટક છે. જેમાં વ્યક્તિ જે બોલે તે સ્પષ્ટ રીતે અન્ય વ્યક્તિને સંભાળાય. જે વર્ણ બોલ્યા હોય તે જ વર્ણ સ્પષ્ટ રીતે સંભળાવો જોઈએ. આમ, વાણીના પ્રવાહમાં સ્પષ્ટતા અને શુદ્ધતા અનિવાર્ય છે.

**ગતિ અને સુશ્રાવ્યતા :** બાળક બોલે ત્યારે તેની બોલવાની ઝડપ મધ્યમ હોવી જોઈએ, કે જેથી શ્રોતા સાંભળીને યોગ્ય અર્થઘટન કરે. બોલવાની ઝડપ અતિમંદ કે અતિતીવ્ર ન હોવી જોઈએ.

અવાજમાં સુશ્રાવ્યતા હોવી જોઈએ. સાંભળનારને અવાજ કર્કશ ન લાગવો જોઈએ. સાંભળનારને અવાજ મીઠો-મધુર સાંભળવો ગમે તો જ તે અવાજ સુશ્રાવ્ય છે તેમ કહી શકાય. આ માટે અવાજ યોગ્ય આવૃત્તિ અને યોગ્ય કંપ વિસ્તાર ધરાવતો હોવો જોઈએ.

**વિરામચિહ્ન અને સ્વરભાર :** વ્યક્તિ જ્યારે કથન કરે છે ત્યારે પોતાના મનના વિવિધ વિચારોની અભિવ્યક્તિ કરે છે. આ સમયે કથનમાં વિચારો પ્રમાણે ભાવ પણ બદલાય છે. જેથી જે ભાવ રજૂ કરવો હોય તે માટેનાં યોગ્ય વિરામચિહ્નનો ઉપયોગ કરવો જોઈએ. જેમકે પ્રશ્ન, ઉદ્ગાર, અલ્પવિરામ, પૂર્ણવિરામ, વગેરેને ધ્યાનમાં રાખી કથન કરવું જોઈએ. એટલું જ નહીં. અમુક ચોક્કસ શબ્દ પર ભાર પણ મૂકવો જોઈએ.

દા.ત.

- મીના ગઈ. (સામાન્ય વિધાન છે. જેમાં માત્ર મીના ગઈ. તે હકીકતનું વર્ણન છે.)
- મીના ગઈ ? (અહીં 'મીના' પર ભાર મૂકીને પૂછવામાં આવ્યું છે. કે 'મીના' જ ગઈ છે કે અન્ય કોઈ ?)
- મીના ગઈ ? (અહીં 'મીના'ગઈ છે કે નથી ગઈ તે વિશે પૂછવામાં આવ્યું છે.)
- મીના ગઈ ! (અહીં નવાઈ-આશ્ચર્ય ભાવ વ્યક્ત કરીને વાત કરે છે. વાહ ! મીના ગઈ.)

**ક્રમિકતા :** બોલવામાં આવતા વાક્યો ઘટનાક્રમ મુજબ બોલવા જોઈએ. ઉપરાંત વાક્યમાં શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવેલા હોવો જોઈએ.

દા.ત., ભેંસનું શુદ્ધ ઘી અહીં મળે છે.

શુદ્ધ ભેંસનું ઘી અહીં મળે છે.

**શબ્દોની પસંદગી :** વ્યક્તિ જ્યારે પોતાના વિચારો રજૂ કરે ત્યારે શબ્દોની પસંદગી યોગ્ય રીતે કરે તે જરૂરી છે. ભાવ-લાગણીને અનુરૂપ શબ્દોની પસંદગી કરવી જોઈએ. એટલું જ નહીં સાંભળનાર વ્યક્તિની કક્ષા પ્રમાણે પણ શબ્દોની પસંદગી થવી જોઈએ. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળક સામે બોલતાં શબ્દોની કાળજી રાખીને પસંદગી કરવી જોઈએ. આ માટે સાંભળનાર વ્યક્તિ પાસે કેવું અને કેટલું શબ્દભંડોળ હશે તેની કલ્પના કરીને જ શબ્દો પસંદ કરવા જોઈએ. કૉલેજમાં કે અન્ય સભામાં વક્તવ્ય આપો ત્યારે ત્યાં અલંકારિક ભાષાનો ઉપયોગ થવો જરૂરી છે. આમ, યોગ્ય શબ્દોના અભાવે કથન કૌશલ્ય નબળું પડી જાય છે.

**માધુર્ય :** વાણીમાં વિનય અને વિવેક સાથે માધુર્ય પણ જરૂરી છે. સામેની વ્યક્તિને ખરાબ ન

લાગે અથવા તેને સાંભળવું ગમે તેવી વાણીમાં બોલવું જોઈએ. ભાવ પ્રમાણે વાણીમાં માધુર્ય લાવી શકાય છે.

ઉપરાંત હાવ-ભાવ, આરોહ-અવરોહ સાથે બોલવાથી પણ વાણીમાં માધુર્ય લાવી શકાય છે.

**6. મૌખિક અભિવ્યક્તિ પર અસર કર્તાં પરિબળો :**

એક જ વર્ગમાં અભ્યાસ કરતાં સમાન વયના અને સમાન પરિસ્થિતમાં ઊછરેલાં બાળકોની મૌખિક અભિવ્યક્તિ સમાન નથી હોતી. આ ઉપરાંત બાળકોની બોલીમાં પ્રાદેશિત્તા જોવા મળે છે. ઘણાં બાળકો માન્ય, શિષ્ટ ભાષાનો ઉપયોગ કરતાં નથી. તેમના ઉચ્ચાર પણ અશુદ્ધ હોય છે. કથન પર અસર કરતાં કેટલાક પરિબળોને કારણે આવી ભિન્નતા જોવા મળે છે, તો નીચે કેટલાંક પરિબળો આપ્યાં છે જે કથન કૌશલ્ય પર અસર કરે છે.

1. **શારીરિક કારણો :** કેટલાક બાળકોમાં શારીરિક ખામી હોવાથી તોતડાઈને, અટકી અટકીને કે થોથવાઈને બોલે છે. તેઓ અશુદ્ધ ઉચ્ચાર પણ કરે છે. આ માટે દાંત, જીભ, હોઠ, સ્વરયંત્ર જેવાં અવયવોમાં ખામી હોઈ શકે જેના ઉપાય માટે દાક્તરની સલાહ લેવી જોઈએ.

2. **કુટુંબનું વાતાવરણ :** બાળકના બોલવાની શરૂઆત તેના કુટુંબના સભ્યોના અવાજના શ્રવણથી થાય છે. કુટુંબના સભ્યોના અવાજનું જેવું શ્રવણ બાળક કરશે તેવું તે બોલશે. મા-બાપ, ભાઈ-બહેન, કાકા-કાકી વગેરેના ઉચ્ચારના સંસ્કાર બાળક પર પડે છે. કેટલીકવાર લાડકોડમાં ઉછરતા બાળકો તેના કુટુંબના સભ્યો સાથે વાતચીત કરે ત્યારે માન્ય શબ્દોનો ઉપયોગ કરતા નથી. દા.ત. પાણીના બદલે 'ભૂ' પીવું છે.

3. **સામાજિક વાતાવરણ :** સમાજમાં પરિવર્તન થયા કરે છે. સમાજના પરિવર્તનની અસર ભાષા પર પણ થાય છે. સમાજમાં વિવિધ પ્રકારના ઉચ્ચારો સાંભળવા મળે છે. વિવિધ પ્રકારની બોલી બોલાય છે. જેની અસર જે તે સમાજમાં રહેતાં બાળક પર થાય છે. ચોક્કસ સામાજિક પર્યાવરણમાં બોલવાનો લહેકો પણ જુદો જુદો હોય છે. દા.ત. પારસી સમાજ, સિંધી સમાજના બાળકોની ભાષાના ઉચ્ચારોમાં વિવિધતા જોવા મળે છે.

4. **પ્રાદેશિક્તા :** જુદા જુદા પ્રદેશમાં રહેતાં લોકોની ભાષામાં વિવિધતા જોવા મળે છે. દા.ત. ઉત્તર ગુજરાતની બોલી, ચરોતરની બોલી, સુરતની બોલી કે કાઠિયાવાડની બોલી. માટે જ કહેવત છે કે, 'બાર કોસે પાણી અને ચાર કોસે વાણી' બદલાય. દરેક પ્રદેશની બોલીની છટા, લહેકો અને લઢણમાં વિવિધતા જોવા મળે છે. બાળક જે પ્રદેશમાં રહેતો હોય તે પ્રદેશની બોલી બોલતો થઈ જાય છે. પરિણામે અશુદ્ધ ઉચ્ચાર સાંભળવા મળે છે.

5. **મનોવૈજ્ઞાનિક કારણો :** ભય કે આનંદના કારણે બાળકની બોલી બદલાઈ જાય છે. ભયમાં બોલતો બાળક થોથવાઈને બોલે છે, તે રડતો હોય ત્યારે અશુદ્ધ ઉચ્ચાર કરે છે. વધુ ઉત્સાહમાં આવી જાય ત્યારે પણ અશુદ્ધ ઉચ્ચાર કરે છે. એટલું જ નહિ વધુ સારા દેખાવા માટે કે અન્ય વ્યક્તિઓ પોતાના કથનની નોંધ લે તે માટે ક્યારેક ચીપી ચીપીને બોલવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિ લઘુતાગ્રંથિના કારણે પણ અશુદ્ધ ઉચ્ચારણ કરે છે. ક્યારેક કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિની હાંસી, મજાક, મશ્કરી કરવા માટે પણ અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરે છે, જે વારંવાર થવાથી ટેવમાં પરિણમે છે.

6. **પરિસ્થતિજન્ય કારણો :** વ્યક્તિ પર કોઈ ચોક્કસ પરિસ્થિતિની અસર થાય ત્યારે પણ વાણીની અભિવ્યકિતમાં ફેરફાર જોવા મળે છે. જેમ કે,

· ફિલ્મનાં પાત્રોનું અનુકરણ કરતો બાળક પાત્ર જેવું અને કેવી રીતે બોલે છે તેવું અને તેવી રીતે બોલવાનો પ્રયત્ન કરે છે.

· શિક્ષક દ્વારા બોલાતી ભાષાનું અનુકરણ કરવાથી.

· પોતાને પસંદ કે નાપસંદ વ્યક્તિની ભાષાનું અનુકરણ કરવાથી.

- વિવિધ ભાષાના શબ્દોનો વારંવાર ઉપયોગ કરવાથી.
- યોગ્ય માર્ગદર્શનના અભાવને કારણે.
- વારંવારના સ્થળાંતરને કારણે.

**7. કથન કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ**

નાનું બાળક જ્યારે બોલે છે ત્યારે તેને વ્યાકરણના નિયમોનો ખ્યાલ હોતો નથી. આમ છતાં તે વાતાવરણમાંથી સાંભળીને બોલતા શીખે છે. તે વ્યાકરણ સમજી શકે તે પહેલાં વાક્યો સમજવાની અને ઉત્પન્ન કરવાની શક્તિ વિકસાવી ચૂક્યો હોય છે. આમ, બાળકમાં પ્રથમ સંકલ્પનાઓ બંધાય છે.

બાળક સૌ પ્રથમ તો ભાષાકીય યુક્તિઓ આપમેળે નક્કી કરી લે છે. પછી જ તેની આસપાસ બોલાતી વાણી સમજી શકે છે. ત્યારબાદ વાક્યો રચે છે અને વ્યાકરણની રચના પછી જ સમજે છે. તેના પોતાના રચેલા ભાષાકીય નિયમોમાં તે પરિવર્તન અને સુધારણા સતત કરતો રહે છે. જો આ કામ ઔપચારિક રીતે શિક્ષણ આપીને કરવામાં આવે તો ઝડપથી થાય છે.

વિદ્યાર્થીના કથન કૌશલ્ય પર ઘણાં પરિબળોની અસર વર્તાય છે. જેથી તેને જરૂરિયાત પ્રમાણે ચોક્કસ ઔપચારિક પ્રયત્નો કરીને મહાવરો આપવામાં આવે તો ચોક્કસપણે તેના કથન કૌશલ્યનો વિકાસ કરી શકાય છે. આ માટે શિક્ષકે નીચેના જેવી પ્રવૃત્તિઓ કરી શકે.

**વર્ગશિક્ષણની પ્રવૃત્તિઓ :** શિક્ષકે વર્ગમાં એવી પ્રવૃત્તિઓ અને પ્રયુક્તિઓ કરવી જોઈએ તે જેથી બાળકોના પક્ષે કથન કરવાનું થાય. આ માટે શિક્ષક નીચેના જેવો વર્ગવ્યવહાર કરી શકે.

- શિક્ષકે અધ્યાપન દરમિયાન વધુમાં વધુ પ્રશ્નો પૂછીને બાળકોને બોલતાં કરવા જોઈએ.
- વર્ગનું વાતાવરણ સંપૂર્ણ સ્વતંત્ર હોવું જોઈએ કે જેથી બાળકો પોતાના વિચારો રજૂ કરવામાં સહેજ પણ સંકોચ અનુભવે નહીં.
- બાળકના કથનને શિક્ષકે ધ્યાનપૂર્વક સાંભળવું જોઈએ. જે બાળકના કથનમાં જે મર્યાદા સાંભળવા મળે તે તરફ બાળકનું સહાનુભૂતિપૂર્વક ધ્યાન દોરવું જોઈએ. તેને પોતાની પાસે બોલાવીને, પ્રેરણા આપી શુદ્ધ ભાષા બોલવાનો વારંવાર મહાવરો કરાવીને તેની મર્યાદા દૂર કરવી જોઈએ. આ માટે જરૂર પડે દાક્તર કે વાલીનો સહયોગ પણ લઈ શકાય.
- બાળકો સાથે વારંવાર વાતચીત થાય-ચર્ચા થાય તેવા પ્રસંગો ઊભા કરવા. બાળકો સાથે તેમની વ્યક્તિગત બાબતોમાં રસ લઈ જરૂરી માહિતી મેળવવી જોઈએ.
- દરેક તાસમાં અધ્યાપન દરમિયાન વિષયાભિમુખ કરાવવામાં વધુમાં વધુ વિદ્યાર્થીને પૂર્વજ્ઞાનની ચકાસણીના પ્રશ્નો પૂછવા જોઈએ. તેમના અનુભવો મેળવવા જોઈએ.
- વિદ્યાર્થીઓ પાસે કાવ્યનું ગાન કરાવવું જોઈએ તેમજ શીખેલા કાવ્યના ભાવ જેવા બીજા અન્ય કાવ્યો શોધી લખવાનું જણાવીને તેવા કાવ્યોનું વર્ગમાં ગાન કરાવવું જોઈએ.
- ગદ્યપાઠની કૃતિઓમાંથી અમુક કૃતિના વિષયવસ્તુનું સંવાદમાં રૂપાંતર કરીને વિદ્યાર્થીઓ પાસે રજૂઆત કરાવવી જોઈએ.
- વિદ્યાર્થીઓને આપેલ ગૃહકાર્યમાંથી કેટલુંક ગૃહકાર્ય મૌખિક તૈયાર કરીને લાવે પછી તેને વર્ગમાં રજૂઆત કરવાની તક આપવી જોઈએ.
- સમાનભાવ ધરાવતી પાઠ્યત્તર કૃતિઓ વાંચવાનું પ્રોત્સાહન આપીને ચોક્કસ સમયે વર્ગમાં રજૂ કરાવવી જોઈએ.
- લેખનના પાઠો દરમિયાન વિદ્યાર્થીઓ પાસેથી વધુમાં વધુ માહિતી માંગવી જોઈએ.
- પાઠ કે કાવ્યના સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ વર્ગમાં બોલાવવા જોઈએ. ચોક્કસ પાત્રોનો પરિચય બોલવાનું કહી શકાય.

- જરૂર પડે વિદ્યાર્થીના અવાજને ટેપરેકર્ડર દ્વારા ટેપ કરીને તેમને સંભળાવવો જોઈએ જેથી તેમને બોલવા માટેની પ્રેરણા મળશે, સુધારો થશે અને કથન કૌશલ્ય વિકસશે.
- ચોકક્સ પાઠ કે કાવ્યમાં કૃતિઓનો સાર વર્ગમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવાની તક આપવી જોઈએ.

ટૂંકમાં, શિક્ષકે પોતાના કાર્યનું એવી રીતે આયોજન કરવાનું કે વધુમાં વધુ વિદ્યાર્થીઓને વર્ગમાં કથન કરવાની વધુમાં વધુ તક સાંપડે.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

શિક્ષકે વર્ગમાં અને વર્ગબહાર એવી કેટલીક પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું છે કે વિદ્યાર્થીઓએ કથન કૌશલ્યનો સહારો લેવો જ પડે. આ માટે નીચેના જેવી પ્રવૃત્તિઓનું આયોજન થઈ શકે.

1. **વાર્તાકથન :** બાળકોને વાર્તા સાંભળવી અને કહેવી ગમે છે. શિક્ષકે બાળકોની આ વૃત્તિનો લાભ લઈને વર્ગમાં પાઠ્યપુસ્તકની કૃતિને સમાન કે વિષમ ભાવ ધરાવતી વાર્તાઓ કહેવડાવવી જોઈએ. જેથી શુદ્ધ ઉચ્ચાર, ભાવવાહી કથન આપોઆપ ખીલશે સાથે કેટલાક મૂલ્યોનો વિકાસ પણ થશે.
2. **પ્રસંગવર્ણન :** શાળામાં ઉજવાતા પ્રસંગો, સમાજમાં ઉજવાતા ઉત્સવોનું વર્ણન વિદ્યાર્થી પાસે કરાવવું જોઈએ. આ ઉપરાંત બાળકો ઘરેથી કે શાળાએથી કોઈ પ્રવાસ-પર્યટન ગયા હોય તો તેનું પણ વર્ણન કરાવી શકાય.
3. **નાટક :** શિક્ષકે નાટક દ્વારા ઉચ્ચારણની અશુદ્ધિ દૂર કરવી જોઈએ. નાટકની યોગ્ય પસંદગી કરીને વર્ગમાં કે વર્ગ બહાર બાળકો નાટકો ભજવે ત્યારે પાત્રોના વિચારો અને મનોભાવો પ્રમાણે કથન કરે તેવું માર્ગદર્શન આપવું જોઈએ. નાટક દ્વારા હાવ-ભાવ, આરોહ-અવરોહ, લાગણી, સ્વભાવોકિતા જેવાં અનેક ઘટકોની ખિલવણી થશે.
4. **એકપાત્રીય અભિનય :** બાળકો પાસે તેમના જ પર્યાવરણના કોઈ પાત્રનો અભિનય કરવાનું કહી શકાય. બાળકો સ્વાભાવિક રીતે જ સરળતાથી નકલ પણ કરશે ! દા.ત. ટી.વી.ની જાહેરાત, શાકભાજીવાળો, દૂધવાળો, ટપાલી, કંડક્ટર, શિક્ષક વગેરે જેવાં પાત્રોનો અભિનય કરાવી શકાય.
5. **ચર્ચા-પરિસંવાદ :** બાળકો પ્રારંભમાં ચર્ચા-પરિસંવાદમાં ભાગ લેતાં સંકોચ અનુભવે છે. પરંતુ તેમને પ્રોત્સાહન આપતા તેઓ ચર્ચામાં ભાગ લેવા માંડે છે. આ માટે ચોક્કસ બનાવ,ઘટના કે વિષયની પસંદગી કરીને બાળકો શિક્ષકની હાજરીમાં જ અંદરો અંદર ચર્ચા કરે તેવાં પ્રયત્નો કરવા જોઈએ.
6. **વસ્તૃત્વ સ્પર્ધા :** મૌખિક અભિવ્યક્તિને અસરકારક બનાવવા શાળામાં વારંવાર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવું જોઈએ. જેના દ્વારા બાળકોની વાકછટા, ભાવાભિવ્યકિત, શબ્દભંડોળ, શબ્દપ્રભુત્વ વગેરેનો વિકાસ થશે. વિષય આપીને અને વિષય આપ્યા સિવાય (શીઘ્ર) વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થઈ શકે.
7. **પ્રાર્થનાસભા :** પ્રાર્થનાસભામાં બાળકો દ્વારા વિવિધતાભરી માહિતી રજૂ કરાવી શકાય. દા.ત. ગીત ગાઈ શકે, સમાચાર, સુવિચાર, જાણવા જેવું વગેરે બાબતોની રજૂઆત કરાવી શકાય. કોઈ મહાપુરુષની જન્મજયંતિ કે મૃત્યુતિથિ હોય તો તેમના વિશે વકતવ્ય આપી શકે.

   કેટલીક શાળાઓ અઠવાડિયામાં એક તાસ આવી પ્રવૃત્તિઓ કરવા માટે ફાળવે છે જેમાં ક્વીઝ કાર્યક્રમ, વાર્તા , ટુચકાં, હાસ્ય પ્રસંગો વગેરે કરવાની તક આપે છે.
8. **રમતો :**

   **અંતાક્ષરી સ્પર્ધા :** જેમાં નીચેના જેવા વિષયો લઈ શકાય.

- કવિતા કે ગીત

- શાકભાજી અને ફળના નામ
- ફક્ત પ્રાણીના નામ
- વ્યક્તિના નામ
- ફક્ત નિર્જીવ પદાર્થના નામ

**9. ચિત્ર વર્ણન :** બાળકને સૌ પ્રથમ કોઈ ચિત્ર બતાવવું. પછી તે ચિત્ર ખસેડી લેવું અને તેના વિશે કથન કરાવવું.

**10. કોયડાં અને ઉખાણાં :** વર્ગમાં વિદ્યાર્થીની બે ટીમ બનાવવી. બંને ટીમ એકબીજાને કોયડાં અને ઉખાણાં પૂછી શકે.

**11. પ્રશ્નોત્તરી :** પાઠના અંતે મૂલ્યાંકન કરાવતી વખતે અથવા તો પરીક્ષા નજીક આવે ત્યારે આ પ્રવૃત્તિ કરાવવી, જેમાં વિદ્યાર્થીઓને બે કે ત્રણ જૂથમાં વહેંચી દેવા, દરેક જૂથ બીજા જૂથને વિષયવસ્તુ સંબંધિત પ્રશ્નો પૂછે, સામેની ટીમે જવાબ આપવો. જો જવાબ ન આવડે તો પ્રશ્ન પૂછનાર ટીમને પૉઈન્ટ મળે. આમ વિજેતા ટીમ જાહેર કરવી.

12. શબ્દ રમત વર્ગના વિદ્યાર્થીની બે ટીમ પાડવી. એક ટીમ બીજી ટીમને વિરોધી શબ્દો, સમાનાર્થી શબ્દો, રૂઢિપ્રયોગો વગેરે પૂછશે. સાચા જવાબ માટે પોઈન્ટ આપવા.

બીજી રીતે શિક્ષક કા.પા. પર કોઈ એક શબ્દ લખશે. તેના આધારે વિદ્યાર્થીઓએ પ્રત્યયો લગાડી નવા શબ્દો બનાવવા. દા.ત. શિક્ષક 'આનંદ'શબ્દ લખે તો આનંદદાયી, આનંદકારી, આનંદઘેલું, આનંદજનક, આનંદમેળો જેવાં શબ્દો બનાવવા. અથવા તો શિક્ષક 'ભાવનગર'શબ્દ લખશે. આ શબ્દમાંથી જ અક્ષરોને ઉઠાવી વધુમાં વધુ શબ્દો બનાવવાનું કહેશે. દા.ત. ભાવ, નર, વન, ભાન, રંગ, વગ, ભાર વગેરે.

13. એક મિનિટ : શિક્ષક બાળકોને એક મિનિટ જેટલો સમય આપશે જેમાં નીચેની રમતો રમાડવી.

- 'ક'થી શરૂ થતા શબ્દ બોલો.
- એક મિનિટ સુધી સતત જુદાં-જુદાં વાક્યો બોલો.
- એક મિનિટ સુધી પ્રાણી/પક્ષીના નામ બોલો...

14. વાર્તા બનાવવી : અહીં શિક્ષક કોઈ એક વાક્ય વર્ગમાં રજૂ કરશે. દા.ત. 'એક રાજા હતો'ત્યારબાદ દરેક વિદ્યાર્થીએ તેમાં એક એક વાક્ય બોલીને ઉમેરવાનું કહેશે. આમ વાર્તાને આગળ વધારતા જશે. અહીં બાળકોને ગમ્મત સાથે નવી રચના કર્યાનો આનંદ પ્રાપ્ત થશે.

આ ઉપરાંત ગીત, ભજન, સ્પર્ધા ગોઠવી શકાય. ટી.વી. પરથી પ્રસારિત થતા વિવિધ કાર્યક્રમો પણ શાળા કક્ષાએ ગોઠવી શકાય.

## 4. વાચનકૌશલ્ય

### (1) પ્રસ્તાવના :

આગળ આપણે શ્રવણ અને કથન કૌશલ્યનો પરિચય મેળવ્યો. તે બંને કૌશલ્યો બાળકમાં સાહજિકતાથી અનૌપચારિક રીતે જ ખીલતાં હતાં. તે બંને કૌશલ્યોનો વિકાસ થયા પછી જ વાંચન અને લેખન કૌશલ્યનો વિકાસ ઔપચારિક પ્રયત્નો કરીને જ સાધી શકાય છે.

વાચન એ દ્વિતીય કક્ષાનું અને અર્થગ્રહણ કૌશલ્ય છે. બાળક સાહજિકતાથી જેટલું શ્રવણ અને કથન કરે છે તેટલું વાચન કરી શકતો નથી. કારણ કે વાચન એ વાચક માટે પ્રતીકો/સંજ્ઞાનું ધ્વનિકરણમાં રૂપાંતર કરી સમજવાની પ્રક્રિયા છે, જે માટે તેના શ્રવણ અનુભવો અને ભાષા અંગો, સંકેતો, સંદર્ભો વગેરેનું જ્ઞાન અને અર્થઘટન ઔપચારિક પ્રયત્નો વડે શીખવાનું છે. મૌલિક ભાષા અને લિપિબદ્ધ ભાષાનો ભેદ સમજવાનો છે. આમ વાચન પ્રક્રિયાએ બાળકના વૃદ્ધિ વિકાસ જેવી સાહજિક નથી. એટલે તો પૌઢોને પણ વાચન શીખવવાના કાર્યક્રમો કરવા પડે છે. અહીં આપણે વાંચન કૌશલ્યની સમજ મેળવીશું.

**(2) અર્થ :**

- વાચન એટલે લખેલા શબ્દો કે ભાષાના ધ્વનિઓના દૃશ્ય સંકેતો ઓળખીને તેમનો અર્થ સમજવાની પ્રક્રિયા ***-રોબિન્સન***
- વાચન એ અર્થ શોધવાની અને પ્રાપ્ત કરવાની (સમજવાની) પ્રક્રિયા છે. ***-ડેબ્રો***
- વાચન એ માત્ર મુદ્રિત શબ્દોનું સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થની પ્રત્યાભિજ્ઞા કરતાં પણ વિશેષ છે. ***-રુથ સ્ટ્રેંગ***
- વાચન એ ચિંતનશીલ, વિચારશીલ પ્રક્રિયા છે. ***- બેટ્સ***
- વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે ***-ગુડમેન***
- વાચન એ તર્કની પ્રક્રિયા છે. ***-થોર્નડાઈક***

**(3) સંકલ્પના :**

ઉપરોક્ત વ્યાખ્યાને આધારે ખ્યાલ આવશે કે વાચન કૌશલ્યને પણ શ્રવણ અને કથન કૌશલ્યની જેમ શરીર વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક એવાં બે પાસાં છે. લખેલા શબ્દોને આંખ વડે જોઈએ છીએ તે વાચનનું શરીર વૈજ્ઞાનિક પાસું છે. વાચન માટે તે જરૂરી છે પરંતુ પૂરતું નથી. લખેલા શબ્દોના અર્થ સમજાય ત્યારે વાચનની ક્રિયા પૂરી થાય છે.

અર્થગ્રહણની પ્રક્રિયા મનોવૈજ્ઞાનિક છે. અભણ માણસ લખાણને જુએ છે, પણ તેનું અર્થઘટન કરી શકતો નથી. તેવી જ રીતે ધો. 5-6 માં અભ્યાસ કરતો બાળક કૉલેજ કક્ષાની અંગ્રેજીની ચોપડીમાં છાપેલા અક્ષરો વાંચી શકશે પરંતુ તે લખાણનો અર્થ સમજી શકશે નહી.ધો. 8 માં અભ્યાસ કરતા બાળકને મેડિકલ કે એન્જિનિયરિંગનું પુસ્તક આપતાં તે મૂળાક્ષરો ઓળખીને વાંચે છે, પરંતુ અર્થ તારવી શકશે નહીં. આમ, વાચન માટે છાપેલાં-મુદ્રિત થયેલાં ધ્વનિ સંકેતો ઉકેલવા-ઓળખવા અને સાથે તેનો અર્થ પણ સમજવો તે બાબત મહત્ત્વની છે.

વાચનને ભાષાના દૃશ્ય સ્વરૂપ સાથે સંબંધ છે. તે ભાષાનું અર્થગ્રહણાત્મક કૌશલ્ય છે. ભાષાના દૃશ્ય માધ્યમ દ્વારા પ્રગટતા વાક્યોને પારખીને તેમને સાચા અર્થમાં ગ્રહણ કરવાના સંદર્ભમાં જોઈએ તો વાચન સ્વીકારાત્મક કૌશલ્ય છે. પરંતુ જરા ઊંડાણથી વિચારીએ તો ખ્યાલ આવે છે કે જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે જેટલું વંચાયુ હોય છે તેને આધારે હવે પછી આગળ શું આવશે તેની આગાહી પણ કરી શકીએ છીએ. લખનારે લખાણમાં મૂકેલા સંદર્ભને આપણે આ રીતે પામી લઈએ છીએ. અર્થઘટન દ્વારા લેખકે રજૂ કરેલો સંવાદ આપણે ફરીથી સર્જીએ છીએ તે રીતે વાચનનું કૌશલ્ય માત્ર સ્વીકારાત્મક ન રહેતાં તે સર્જનાત્મક કૌશલ્ય બની જાય છે.

ટૂંકમાં, બાળકે અનેક શબ્દો ઉચ્ચારાતા સાંભળ્યા હોય છે. આવા શબ્દો લિપિબદ્ધ થઈને બાળક સામે આવે છે. ધ્વનિ અને શબ્દોનું દૃશ્યરૂપ એ બેનો સમન્વય સાધી બાળક વાંચે છે. જે શબ્દો એ વાંચે છે તેનો અર્થ એ સમજતું જાય છે. આમ વાચન એ કલા છે. જેમાં બાળક પોતાના પ્રયત્નોથી પોતાની શક્તિઓ પ્રમાણે વિકાસ સાધી શકે છે. શિક્ષક, વાલી તો માત્ર પ્રેરણા જ આપી શકે. માટે જ વાચન શીખતા બાળક માટે વાલી અને શિક્ષકની ભૂમિકા અગત્યની બની જાય છે,

આમ, વાચનની વિચારણા કરતાં નીચેની ત્રણ બાબતો સામે આવે છે.

- વાચનને બાળકની ક્ષમતા સાથે સંબંધ છે.
- વાચન પ્રક્રિયા ક્રમિક છે.
- વાચન પ્રક્રિયામાં મુદ્રિત સંકેતોનું દર્શન, ઓળખ, ભેદપારખતા, અર્થઘટન, અર્થગ્રહણ, તર્ક, વિચાર અને ચિંતન જેવી પેટા પ્રક્રિયા સમાયેલી છે. પણ આ પેટા પ્રક્રિયાનો અમલ વાચન પ્રવૃત્તિ દરમિયાન થાય છે કે નહિ તેનો આધાર વાચન કૌશલ્યના વિકાસ પર રહેલો છે.

**(4) વાચન કૌશલ્યનું મહત્ત્વ :**

· પ્રવર્તમાન સમયમાં જ્ઞાનનો વિસ્ફોટ થતો રહે છે, જે પુસ્તક સ્વરૂપે બહાર આવે છે અને તે જ્ઞાન ભંડાર વાચન વિના પ્રાપ્ત થઈ શકે નહીં.

· માહિતી, સંદેશા કે વિચારોની આપ-લે સ્થળકાળથી પર રહીને થઈ શકે છે.

· સભા, સોસાયટી, દુકાન, રેલ્વે સ્ટેશન કે જાહેર સ્થળે વાચનની જરૂર પડે છે.

· રોજબરોજના વ્યવહારમાં અનુકૂળતા પ્રાપ્ત કરવા માટે પણ વાચન જરૂરી છે.

· વિદ્યાર્થીને શૈક્ષણિક સફળતા મેળવવા માટે વાચન જરૂરી છે.

· શિક્ષક, વકીલ, દાક્તર , પત્રકાર જેવાં અનેક વ્યવસાયમાં વારંવાર વાચન કૌશલ્યની જરૂર રહે છે.

· સાહિત્યનો આનંદ માણવા માટે.

· લેખનક્ષમતા વિકસાવવા માટે વાચનક્ષમતા જરૂરી છે.

· માહિતી પ્રાપ્ત કરવા અને મનોરંજન મેળવવા.

· નવરાશના સમયનો સદ્ઉપયોગ કરવા.

· વ્યક્તિના વ્યક્તિત્વના ઘડતર માટે.

· અનેક જાહેર સ્થળોએ સૂચનાઓ લેખિત સ્વરૂપે હોય છે. જો તે સૂચનાઓ વાંચવામાં ન આવે તો વ્યક્તિને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આમ સૂચનાઓ વાંચવા માટે.

· કોઈપણ વ્યક્તિને પોતાના ધંધામાં કુશળતા મેળવવા.

· વાચન દ્વારા વ્યક્તિ તેના સાંસ્કૃતિક વારસાને જાણી શકે છે.

· વસ્તુ ખરીદતી વખતે પોતાના હક્કો અને વસ્તુ અંગેની પૂરેપૂરી માહિતીથી પરિચિત થવા.

· સમાજ અને દુનિયામાં અન્ય વ્યક્તિઓ સાથેનો સંપર્ક કરવા અને જાળવી રાખવા. વાચન કૌશલ્યના મહત્ત્વ જણાવતાં ભાષાવિદ્દો કહે છે...

· વાચન પૂર્ણ માનવીનું સર્જન કરે છે . ***- ફાન્સિસ બૅક્ર***

· વાચન એ જ્ઞાનની દુનિયામાં પ્રવેશ કરનાર જાદુઈ દ્વાર છે. ***- સર આર્થર***

(5) વાચનના પ્રકાર : વાચનના મુખ્ય બે પ્રકાર છે.

(1) મુખવાચન (2) મૂકવાચન

**(1) મુખવાચન :**

"લેખિત કે મુદ્રિત સંકેતોનું ધ્વનિ સંકેતમાં પ્રગટીકરણ થવું એનું નામ જ મુખવાચન"

શરૂઆતથી જ બાળક જ્યારે લેખિત કે લિપિબદ્ધ સંકેતોને ઉકેલતા શીખે છે ત્યારથી જ તે મુખવાચન શીખવાનું શરૂ કરે છે. સંકેતને દૃષ્ટિથી ઉકેલવાનો પહેલો પ્રયાસ હમેશાં ધ્વનિયુક્ત જ હોય છે. વાચનની શરૂઆત કરનાર બાળકની વાચનની ટેવો, આવડતો, કુશળતાઓના નિદાન અને મૂલ્યાંકનમાં મુખવાચન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અર્થગ્રહણ બરાબર થાય છે કે કેમ તે ચકાસવામાં પણ તે મદદરૂપ બને છે. ઘણીવાર બાળક મોટેથી વાંચે પણ કાંઈ પણ સમજે નહીં તેવો અનુભવ થાય છે.

મુખવાચન બીજી વ્યક્તિ સાંભળી શકે તે રીતે થતું હોય છે. શરૂઆતમાં બાળક પાસે હમેશાં મુખવાચન જ કરાવવામાં આવે છે. પરિણામે બાળકને શરૂઆતથી જ પાઠના વસ્તુના ભાવ પ્રમાણે અવાજમાં યોગ્ય આરોહ-અવરોહ લાવી, કોમળતા, જુસ્સો, વેધકતા લાવી શકાય છે. યોગ્ય જગ્યાએ અટકવું, મોઢા પર યોગ્ય ભાવ લાવી, અભિનય સાથે બાળકો વાંચે તેવી શિક્ષકે શરૂઆતથી જ ટેવ પાડવી જોઈએ.

બાળક સુંદર ઢબે, અખ્ખલિતપણે, સાચી રીતે અને ખોટી જગ્યાએ જરાય અટક્યા સિવાય વાંચી શકે તેવું વાતાવરણ શિક્ષકે સર્જવું જોઈએ. વિદ્યાર્થીઓને મોટા લહેકાથી વાંચવાની ટેવ ન પડે તેમ જ એમની સૂરમિલાવટમાં અને ઉચ્ચારણમાં કુત્રિમતા ન પ્રવેશે તેની શિક્ષકે ખાસ કાળજી રાખવી જોઈએ. માટે જ પ્રાથમિક શાળામાં મુખવાચનને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. પ્રારંભના ધોરણોમાં બાળકો મોટેથી વાંચવાની તક મેળવવા તલપાપડ હોય છે અને આંગળી ઊંચી કરવાને બદલે પોતાની જગ્યા પર અડધા ઊંચા થઈ શિક્ષક પાસેથી વાંચવાની તક મેળવવા પ્રયત્નો કરે છે. આવી સુંદર તક શિક્ષકે ઝડપીને બાળકોનું વાચન કૌશલ્ય સુધારવા સતત પ્રયત્ન કરવા જોઈએ. કેટલીકવાર નબળું વાચન ધરાવતાં વિદ્યાર્થીને થોડી જ વારમાં વાંચતા વાંચતા બેસાડી દે છે જે યોગ્ય નથી.

મુખવાચનના પણ બે પ્રકાર પાડી શકાય.

(1) વૈયક્તિક (2) સામૂહિક

એક જ વ્યક્તિ મુખવાચન કરે તે વૈયક્તિક મુખવાચન છે અને સમૂહમાં એક સાથે એકથી વધારે વ્યક્તિઓ મુખવાચન કરે તે સામૂહિક મુખવાચન છે.

**મુખવાચનના લક્ષણો :**

- સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ
- સાચું અને સંપૂર્ણ અર્થઘટન
- સહેતુક વાચન દ્વારા દૃષ્ટિફલકમાં વૃદ્ધિ
- યોગ્ય ગતિથી વાચન
- વિરામચિહ્નો ખ્યાલમાં રાખીને આરોહ-અવરોહ
- પુસ્તકને યોગ્ય રીતે પકડવું.
- પુસ્તક અને આંખ વચ્ચે યોગ્ય અંતર
- વ્યવસ્થિત અને સ્વાભાવિકપણે, નિઃસંકોચભાવે વાંચન
- સીધા ઊભાં રહી અને યથાવકાશ શ્રોતાઓને પણ દૃષ્ટિમાં સમાવી વાંચન
- શ્રોતા સમુદાયને સંભળાય એવા પ્રસન્ન મધુર અવાજથી વાંચન

સામાન્ય રીતે બાળકો પોતાના શિક્ષણાનુભવો માટે શિક્ષક પર આધાર રાખે છે. વાચન કૌશલ્યના વિકાસ માટે પણ સ્વાભાવિક રીતે જ આદર્શ નમૂનો શિક્ષક પાસેથી પ્રાપ્ત કરવાની તેઓ આશા રાખે. આશા ત્યારે જ પૂર્ણ થાય જ્યારે શિક્ષકનું વાચન ખરા અર્થમાં આદર્શ હોય.

**શિક્ષકનું આદર્શ વાચન :** વર્ગમાં સર્વે જોઈ શકે તેવી જગ્યાએથી શિક્ષક દ્વારા કરાતું મુખવાચન બાળકો માટે આદર્શ વાચન ત્યારે જ નીવડે કે જ્યારે શિક્ષકે મુખવાચનના બધાં જ લક્ષણોને ધ્યાનમાં રાખી વાંચન કરે. તેમાં નીચેના લક્ષણોનો ખાસ સમાવેશ હોવો જ જોઈએ.

- સ્પષ્ટ, શુદ્ધ ઉચ્ચાર
- સુશ્રાવ્ય પ્રસન્ન મધુર અવાજ
- ભાવાનુકૂળ આરોહ-અવરોહ
- વિરામચિહ્નો પ્રત્યેની સતર્કતા
- અથગ્રહણ કરાવવાની ક્ષમતા
- ગતિ, વિરામ, લય, સ્વરભાર અંગેનો વિવેક

**શિક્ષકો આદર્શ વાચનનો હેતુ :** બાળકનું વાચન કૌશલ્ય ખીલવવા માટેનો છે. શિક્ષક બાળકો સમક્ષ આદર્શ વાચનનો નમૂનો પૂરો પાડે તો વિદ્યાર્થી શિક્ષકના વાચનની નકલ કરવા પ્રેરાય છે. માતૃભાષાના પાઠમાં વિષયનિરૂપણના સોપાન બાદ શિક્ષક પ્રથમ આદર્શ વાચન કરે છે.

વાચનનો આદર્શ નમૂનો વિદ્યાર્થીઓ આગળ રજૂ કરવા માટે શિક્ષકે સૌ પ્રથમ તો યોગ્ય ગદ્ય કે પદ્યની પસંદગી કરી લેવી જોઈએ. પાઠ્યપુસ્તકમાંથી પણ આ નમૂનો લેવો જોઈએ.

આદર્શ વાચનને માટે બીજી આવશ્યકતા રહે છે અનુકૂળ વાતાવરણની. જો વાતાવરણ યોગ્ય ન હોય અને શિક્ષક આદર્શ વાચનનો નમૂનો પૂરો પાડવાનો પ્રયત્ન કરે તો આદર્શ વાચનના હેતુઓ ભાગ્યે જ સફળ થાય છે. આદર્શ વાચનના હેતુ સિદ્ધ કરવા માટે શિક્ષક અને વિદ્યાર્થી એમ બંને પક્ષે રસ અને એકાગ્રતા હોવા જોઈએ. શિક્ષકની વર્ગ સંચાલન અને વાચન અંગેની કુશળતા જ ધાર્યા પરિણામ લાવી શકે છે.

**સમૂહવાચન :** સમૂહવાચન એટલે સહવાચન. વર્ગના વિદ્યાર્થીઓ એકસાથે વાચન કરે તે સમૂહવાચન. પ્રાથમિક શાળામાં નીચલા ધોરણોમાં શરૂઆતમાં સમૂહવાચન કરાવવામાં આવે તે આવશ્યક છે જ. બાળકો જ્યારે વાંચતાં શીખતા હોય છે ત્યારે શિક્ષક મૂળાક્ષર કે શબ્દનું વાંચન કરે છે ત્યારબાદ વર્ગનાં બધાં જ બાળકો શિક્ષકનું અનુકરણ કરે છે. આ રીતે સમૂહવાચન કરાવવાથી વિદ્યાર્થીઓમાં ક્ષોભ-સંકોચ ઓછો થાય છે, તેઓ શરમ અનુભવતા નથી. તેમનામાં એક પ્રકારનો આત્મવિશ્વાસ પણ આવે છે. ગદ્ય કરતો પદ્ય આવું વાચન વિશેષ અનુકૂળ રહે છે. માટે જ શિક્ષક જ્યારે મૂળાક્ષર શીખવે ત્યારે કે કમળનો ક ચોક્કસ લયમાં ગાતાં ગાતાં શીખવે છે.

આદર્શ નમૂનો શિક્ષક જ પૂરા પાડે તેવું નથી. પૂરતા મહાવરા વર્ગના કેટલાક વિદ્યાર્થીઓની વાચનક્ષમતા વહેલી વિકસી જાય છે. આવા વિદ્યાર્થી દ્વારા પણ આદર્શ વાચન કે આદર્શ નમૂનો પૂરો પાડી શકાય.

**મુખવાચનમાં થતાં દોષ અને તેના ઉપચાર :**

મુખવાચન દરમિયાન જુદા-જુદા વિદ્યાર્થીઓમાં જુદા-જુદા દોષ જોવા મળે છે. જેના કારણો પણ ભિન્ન હોય છે. આમ છતાં મોટા ભાગે જોવા મળતા દોષ વિશેની ચર્ચા કરીશું.

| દોષ | કારણ | ઉપચાર |
|---|---|---|
| શબ્દોને ઓળખવામાં મુશ્કેલી | ▪ દૃષ્ટિ<br>▪ ખામીભરી વાચનસામગ્રી<br>▪ વિષયવસ્તુ વધારે અઘરી હોય.<br>▪ ખામીભરી તાલીમ | ▪ ચશ્મા કે દાક્તરની સલાહ મુજબ દૃષ્ટિદોષનું નિવારણ<br>▪ વિષયવસ્તુ સરળ અને ખામીયુક્ત હોવું જોઈએ.<br>▪ મનોવિજ્ઞાન અને વૈજ્ઞાનિક ઢબે તાલીમ |
| દૃષ્ટિ ફલકમાં ખમી (નેત્ર ગતિમાં) | ▪ દૃષ્ટિદોષ<br>▪ સ્નાયુમાં ખામી<br>▪ શબ્દો પર આંગળી મૂકી વાંચવની ટેવ | ▪ દાક્તરી સારવાર<br>▪ શબ્દ પર આંગળી મૂકી વાંચવાની ટેવ છોડાવવી |
| અશુદ્ધ ઉચ્ચારણ | ▪ વાણી અંગેનો દોષ<br>▪ દૃષ્ટિદોષ<br>▪ પાઠ્યસામગ્રી કઠિન<br>▪ યોગ્ય માર્ગદર્શન માળખું ન હોય | ▪ શારીરિક ખામી દૂર કરવી<br>▪ શબ્દભંડોળ વધુ સમૃદ્ધ બનાવવું.<br>▪ ઉચ્ચારણ અંગે પૂરતું માર્ગદર્શન આપવું. |
| અર્થ ગ્રહણમાં મુશ્કેલી | ▪ ઓછું શબ્દ ભંડોળ<br>▪ અનુભવ અને અભ્યાસનો અભાવ | ▪ શબ્દકોશનો ઉપયોગ<br>▪ શબ્દભંડોળ વધારવા માટે મિત્રો અને અન્ય સાધનોનો ઉપયોગ |
| શબ્દો ધીમી ગતિએ વાંચવા | ▪ દૃષ્ટિફલક ઓછું<br>▪ પાઠ્યસામગ્રી કઠિન<br>▪ વાંચવાનો મહાવરો ઓછો<br>▪ એક જ સમયે વધારે પડતું મુખવાચન<br>▪ નજર કમજોર હોય | ▪ વાચનનો મહાવરો વારંવાર કરવવો.<br>▪ દૃષ્ટિ અંગેની ખામી દૂર કરાવવી.<br>▪ સતત લાંબો સમય મખવાચન કરાવવું નહીં. સમયમર્યાદા નિશ્ચિત કરીને વાંચવું |
| નવા અને અપિરિચીત શબ્દો વાંચી ના શકવા | ▪ વાચન અંગેની યોગ્ય પધ્ધતિ મહાવરો ન હોય.<br>▪ ધ્વનિ અંગેની તાલીમનો અભાવ | ▪ પરિચિત શબ્દો અર્થ સાથે અપરિચિત શબ્દો વાંચતાં શીખવવા.<br>▪ શબ્દો ધ્વનિનો અભ્યાસ કરવવો. |

ઉપરના કારણોને નીચેની રીતે પણ વિચારી શકાય.

**શારીરિક કારણો :** જીભ, દૃષ્ટિ, હોઠ, બહેરાશ, વગેરેને કારણે વાચન પર અસર થાય છે.

**મનોવૈજ્ઞાનિક કારણો :** ભયની લાગણી, લઘુતાગ્રંથિ, ગભરાટ, શરમ વગેરેને કારણે ખામીયુક્ત વાચન કરે છે.

**સંવેગાત્મક કારણો :** આત્મવિશ્વાસનો અભાવ, વાચનમાં ભૂલ થશે તો ? શિક્ષક ઠપકો આપશે તો ? ભૂલ પડે, તો વાંધો નહીં વગેરે.

**પરિસ્થિતિજન્ય કારણો :** શાળાનું-ઘરનું વાતાવરણ, શિક્ષક અને વાલીનું વિદ્યાર્થી પ્રત્યેનું વલણ વગેરે.

ઉપર્યુક્ત કારણોમાંથી ક્યા કારણોસર વિદ્યાર્થીના વાચનમાં દોષ થાય છે તે કારણો જાણી શિક્ષકે યોગ્ય ઉપચાર કરવો જોઈએ. તેમાં પણ બાળકના વય, રસ, વલણ, વાતાવરણ, શારીરિક અને માનસિક સ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખવા જોઈએ.

**મુખવાચન ખિલવતી વર્ગશિક્ષણની પ્રવૃત્તિઓ :** વિદ્યાર્થીઓને વાચન માટે પ્રેરણા અને પ્રોત્સાહનની સાથે આદર્શ નમૂનાઓ પૂરા પાડવાથી મુખવાચન ગુણવત્તાયુક્ત બનશે. વાચન માટે ‘અનુકરણ’ અને ‘દ્રઢીકરણ’ અગત્યના પરિબળો છે. શિક્ષકના આદર્શ વાચનની અસર વિદ્યાર્થીઓ પર ખૂબ જ ઊંડી છાપ મૂકે છે, જેને ધ્યાનમાં રાખી શિક્ષકે આદર્શવાચન ખરેખર આદર્શ જ કરવું જોઈએ.

મુખવાચનનો પાયો પ્રાથમિક શાળામાં વિશેષ દઢ બનતો હોય છે. એટલે પ્રારંભથી જ વિદ્યાર્થીને પદ્ધતિસરનું મુખવાચન શીખવવામાં આવે તો વિદ્યાર્થીને વાંચવામાં કોઈ મુશ્કેલી પડતી નથી.

વિદ્યાર્થીનું મુખવાચન કૌશલ્ય વિકસે તે માટે વર્ગશિક્ષણ દરમિયાન નીચેની પ્રવૃત્તિઓ શિક્ષકે કરવી જોઈએ.

- ગદ્યપાઠના અધ્યાપનમાં આદર્શપઠન કરવું જ જોઈએ.
- કાવ્યશિક્ષણ દરમિયાન ગેય કાવ્ય હોય તો ગાન કરવું જોઈએ અને અગેય હોય તો આદર્શ પઠન કરવું જોઈએ.
- પાઠ્યત્તર કૃતિઓનું પણ વર્ગમાં જરૂર જણાય ત્યારે આદર્શવાચન કરવું જોઈએ.
- અધ્યાપન દરમિયાન કે અધ્યાપનના અંતે દરરોજ તાસમાં છેલ્લી પાંચ મિનિટ મુખવાચન કરાવવું જોઈએ.
- બાળકો પાસે પણ પાઠ્યેત્તર કૃત્તિઓનું વર્ગમાં અવારનવાર મુખવાચન કરાવવું જોઈએ.
- બાળકોને આપવામાં આવેલ લેખનકાર્યનું તેમના દ્વારા જ વર્ગમાં મુખવાચન કરાવવું જોઈએ.
- વિદ્યાર્થીઓ પાસે એકબીજાની નોંધપોથીનું વાચન વર્ગમાં કરાવવું જોઈએ. જેથી જુદા-જુદા વિદ્યાર્થીઓના હસ્તાક્ષર ઓળખવાની પણ તાલીમ મળશે.

શિક્ષક ઉપર્યુક્ત જેવી પ્રવૃત્તિઓ કરે ત્યારે ખાસ ધ્યાન આપે કે વર્ગમાં થતા મુખવાચનમાં ગુણવત્તા ટકવી જ જોઈએ. વિદ્યાર્થી વાંચે અને શિક્ષક વર્ગમાં કે વર્ગ બહાર આંટા મારશે તો નહીં ચાલે. વિદ્યાર્થી જ્યારે વાચન કરતો હોય ત્યારે શિક્ષકે એકાગ્રતાપૂર્વક વાચન પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. જો વિદ્યાર્થીની કોઈ ચોક્કસ બાબતમાં ભૂલ પડે કે મર્યાદા જણાય તો સહાનુભૂતિપૂર્વક તેનું ધ્યાન દોરવું જોઈએ. વિદ્યાર્થીને મુખવાચન માટે આપવામાં આવતી તક તેના મુખવાચનના વિકાસમાં ભાગીદાર બને તે જરૂરી છે.

**મુખવાચન ખિલાવા માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

- પ્રાર્થનાસભામાં સમાચાર, સુવિચાર, વાર્તા, જાણવા જેવું વગેરેનું વાંચન કરાવવું.
- સ્વરચિત જોડકાં-ઉખાણાં વંચાવી શકાય.

- મહાપુરુષોની જન્મજયંતિ કે પુણ્યતિથિના દિવસે તેમના વિશેની માહિતી વંચાવી શકાય.
- મહાપુરુષોના જીવનચરિત્રના કેટલાંક અંશો વંચાવવા જોઈએ.
- બાળસાહિત્ય વંચાવવું.
- પાઠ્યપુસ્તક સિવાયની ગદ્યકૃતિઓ વર્ગમાં અને વર્ગ બહાર ગવડાવવી જોઇએ.
- વિદ્યાર્થીના ઘરે તેમના સગા-સબંધીના આવેલા પત્રો વર્ગમાં લાવીને વંચાવી શકાય.
- કઠિન શબ્દના ઉચ્ચારણ માટે દઢીકરણ કરાવવું જોઈએ.
- વિદ્યાર્થીના મુખવાચનનું જરૂર પડે ત્યારે ટેપરેકર્ડર પર ટેપ કરીને તેને સંભળાવવું જોઈએ. પછી જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.
- બાળનાટકોનું મુખવાચન કરાવવું જોઈએ.
- શાળામાં કે સમાજમાં ઊજવાતા પ્રસંગોનું અહેવાલવાંચન કરાવવું જોઈએ.
- રેડિયો પરથી પ્રસારિત થતા કાર્યક્રમોનું શ્રવણ કરાવવું જોઈએ, જેથી આદર્શ વાંચનનો નમૂનો પ્રાપ્ત થશે.
- સમયાંતરે સમૂહવાચન વર્ગમાં કરાવવું જોઈએ.
- કા.પા. પર કઠિન ઉચ્ચાર ધરાવતા શબ્દો લખીને તે શબ્દોના ઉચ્ચારણનો મહાવરો કરાવવો જોઈએ. મહિનામાં એક તાસ આવો ગોઠવી શકાય.

**(1) મૂકવાચન :**

મૂકવાચનને શાંતવાચન પણ કહે છે. મુખવાચન એ જાહેર જીવનની જરૂરિયાત છે જયારે મૂકવાચન એ વ્યક્તિગત જીવનની જરૂરિયાત છે. ખરેખર તો મૂકવાચન જ જિંદગીભર નભે છે. એકવાર વાંચવાનું શીખી લીધા બાદ વ્યક્તિ મનમાં જ શાંત વાંચવાનું પસંદ કરે છે. પત્ર, શ્લોક, દૈનિકપત્ર, નવલકથા, જીવનચરિત્ર, ટુચકા કે પાઠ્યપુસ્તક વગેરે મનમાં જ વાંચવાના પ્રયત્ન થાય છે. પુસ્તકાલયમાં, છાત્રાલયમાં, ઘરમાં, બસમાં, શાળામાં બધા જ મોટેથી વાંચે તો ? આમ, મૂકવાચન એક વ્યકિત માટે અત્યંત અગત્યનું છે, જેની અવગણના થઈ શકે તેમ નથી. માટે જ ગુણવત્તાયુક્ત મૂકવાચનનું કૌશલ્ય દરેક સાક્ષર પાસે હોવું જ જોઈએ.

**અર્થ અને સંકલ્પના :** મુદ્રિત કે લેખિત ભાષા સંકેતોને ધ્વનિમુક્ત ઉચ્ચારણ સિવાય મનમાં વાંચવા એટલે મૂકવાચન. અહીં અર્થગ્રહણને ભૂલીશું નહીં. આગળ શીખી ગયા કે વાચનમાં ભાષા સંકેતોને ઓળખવા અને લેખકના વિચારોનું અર્થગ્રહણ પણ કરવાનું છે. આમ વાચન એટલે માત્ર લખેલા વાક્યોનું જ વાચન નહીં, પણ વ્યાપક અર્થમાં વાચન એટલે લેખકે દર્શાવેલા વિચારોનું વાચન કે વિચારોનું અર્થગ્રહણ. મૂકવાચનમાં મનમાં વાંચવું એટલું જ પૂરતું નથી. લેખકના વિચારોનું અર્થગ્રહણ કરવાની સાથે તેને ચકાસવાના પણ છે. મૂકવાચનની ક્રિયા કોઈ યંત્રવતું નથી. તેના દ્વારા વિષયવસ્તુ દ્વારા કાંઈક પ્રાપ્ત પણ કરવાનું છે. માટે જ બાળકને બાળપણથીજ સુવાચનનું શિક્ષણ મળવું જોઈએ.

**મૂકવાચનનું મહત્ત્વઃ**

જે. એ. બ્રાયન મૂકવાચનનું મહત્ત્વ જણાવતાં કહે છે, ‘શાંતવાચન સાચે જ કરકસરભર્યું નીવડે છે. આપણી રોજબરોજની સામાન્ય પ્રવૃત્તિઓમાં પણ વાચનની આ પદ્ધતિ સૌથી વધુ પ્રમાણમાં અપનાવી છે, કારણ કે તે શ્રેષ્ઠ છે.’

- મુખવાચનની સરખામણીમાં મૂકવાચન ઝડપી છે.
- અર્થગ્રહણની ક્ષમતા વધે છે.
- વાચનમાં એકાગ્રતા અને પ્રવાહિતા આવે છે.
- ઓછા શ્રમે વધુ લાભ થાય છે.

- અર્થગ્રહણની માત્રા વિકસાવી શકાય છે.
- વાચનસામગ્રીની મુખ્ય બાબતોને યાદ રાખવાની બાબતો વિકસાવી શકાય છે.
- વ્યક્તિની આજીવન પ્રવૃત્તિ તરીકે મૂકવાચનનું મહત્ત્વ છે.
- મૂકવાચન દ્વારા સ્વઅભ્યાસની સફળતા વિકસાવી શકાય છે.
- ફાજલ સમયનો સદુપયોગ થઈ શકે છે.
- મૂકવાચન અન્ય વ્યક્તિને અવરોધક બનતું નથી.
- વ્યક્તિ સ્વતંત્ર વિચારસરણી વિકસાવી શકે છે.
- જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજોને આંબવા માટે મૂકવાચન જ ઉપયોગી થઈ પડે છે.
- અધ્યયન અને અધ્યાપન કસદાર બનાવવા માટે.
- નબળાં વાચક પોતાની ગતિએ-પોતાની મર્યાદામાં રહીને પોતાનું વાચન કરી શકે છે.
- રોજિંદા જીવનમાં દુકાન, રેલ્વે સ્ટેશન, ઘર, શાળા, રસ્તા પર ચાલતાં કે જાહેર સ્થળોએ સૂચના વાંચવા જેવી અનેક જગ્યાએ મૂકવાચન જ કરવામાં આવે છે.
- મૂકવાચનથી વાચનસામગ્રીના મુખ્ય તથ્યો સરળતાથી યાદ રાખી શકાય છે.
- નબળાં વાચક માટે પ્રેરણાદાયી છે.
- નબળો વાચક પોતાની ગતિએ રીતે વાંચન કરી શકે છે.

ટૂંકમાં, મૂકવાચન દ્વારા ઝડપ, એકાગ્રતા, ચોક્સાઈ, સહજતા, નિર્ભયતા, અર્થગ્રહણ જેવાં અનેક ગુણો સરળતાથી પ્રાપ્ત થાય છે.

**મૂકવાચન વખતે જોવા મળતાં દોષ અને ઉપાય :**

| દોષ | ઉપાય |
|---|---|
| શબ્દ નીચે આંગળી કે પેન્સિલ રાખી વાંચવું. | • આ દોષથી વાચન ઝડપ ઘટે છે તેવી સમજ આપવી.<br>• અર્થગ્રહણ પણ ઓછું થાય છે તેવી સમજ આપવી.<br>• વારંવાર સૂચના અને ટકોર કરવાં |
| માથું હલાવીને વાંચવું. | • વાચનમાં ઝડપ ઘટે તેની સમજ આપવી.<br>• શારીરિક થાક લાગે તેવો ખ્યાલ વિકસાવવો.<br>• વિડિયોગ્રાફી કરી બાળકને દર્શાવવું.<br>• વારંવાર સૂચનાઓ આપવી. |
| ધીમા અવાજ સાથે વાચન કરે. | • વાચનની ઝડપ ઘટે છે.<br>• ટેપરેકર્ડર મૂકીને ટેપ કરીને બાળકને સંભળાવવું<br>• અર્થગ્રહણમાં ક્યારેક મુશ્કેલી ઊભી થાય છે તેનો ખ્યાલ આપવો.<br>• વારંવાર ટકોર કરીને ખામી કરવી. |
| હોઠ ફફડાવીને વાંચન કરે | • વાચનની ઝડપ ઘટે છે.<br>• વિડિયોગ્રાફી કરી દર્શાવવી.<br>• શારીરિક થાક લાગે તેની સમજ આપવી.<br>• જરૂરી ટકોર અને સૂચનાઓ આપવી. |
| વાંચન કરતાં કરતાં પુનઃદૃષ્ટિ કરે.<br>(આગળ વાંચેલ શબ્દો કે વાક્યો પર<br>ફરીથી નજર નાંખે) | • આત્મવિશ્વાસ કેળવવો.<br>• દષ્ટિફલક વધારવા પ્રયાસ કરવો.<br>• વાચન ઝડપ ઘટે અને એકાગ્રતાનો ભંગ થાય તેની સમજ આપવી. |

**મૂકવાચનની ધ્યાનમાં રાખવા જેવી બાબતો :** અક્ષરજ્ઞાન ધરાવતા દરેક વ્યક્તિ માટે મૂકવાચન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માટે જ બાળકોને પહેલેથી જ મૂકવાચનની યોગ્ય રીતે તાલીમ આપવી જોઈએ. અત્યારે દરેક કુટુંબમાં મોટાભાગના વ્યક્તિઓ ઘણો સમય મૂકવાચન પાછળ આપે છે. જ્યારે દરેક ઘરમાં એક જોડણીકોશ/શબ્દકોશ હોવો જરૂરી છે. મૌનવાંચન/શાંતવાચન/મૂકવાચનને ગતિ અને પ્રવાહથી યુક્ત કરવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

· મૂકવાચન માત્ર શારીરિક નહીં, માનસિક પ્રવૃત્તિ પણ છે.

· મૂકવાચન એકાગ્ર ચિત્તે થવું જોઈએ.

· મૂકવાચન વધુ ફળદાયી બનાવવા માટે વિદ્યાર્થીને વિષયવસ્તુથી પરિચિત કરવા જરૂરી છે.

· મૂકવાચનનો અભ્યાસ નિયમિત અને સતત ચાલુ રહેવો જોઈએ.

· દષ્ટિફલકનું ક્ષેત્ર દિનપ્રતિદિન વિસ્તરે અને વધુને વધુ શબ્દોને એક દષ્ટિપાતની મર્યાદામાં સમાવી શકે એ જાતની તાલીમ બાળકોને આપવી જોઈએ.

· વાચન વખતે ગણગણાટ કે હોઠનો ફફડાટ ક્રમશઃ ઓછો થતો જાય એની કાળજી રાખવી જોઈએ.

· બાળક મૂકવાચન કરે ત્યારે તે શા માટે વાંચે છે ? તેનો ખ્યાલ હોવો જોઈએ. તે જ્ઞાનપ્રાપ્તિ માટે વાંચે છે ? કે મનોરંજન મેળવવા માટે ?

- વારંવાર વાંચતા અટકી જવું, મોટો દૃષ્ટિવિરામ લેવો, લયનો અભાવ, દૃષ્ટિનું ખામીભર્યું અપરિપક્વ હલનચલન વગેરે દોષોથી પણ વિદ્યાર્થીને મુક્ત કરવા જોઈએ.
- વિદ્યાર્થીને વાંચનનો વારંવાર મહાવરો આપવો જોઈએ.
- વિદ્યાર્થીઓની વયક્ક્ષા અને અભિરુચિ પ્રમાણે વાચનસામગ્રી તૈયાર કરવી જોઈએ.
- સરળ વાચનના "સ્વાધ્યાય" તૈયાર કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓને વાંચવા માટે ઉત્તેજન પૂરું પાડવું જોઈએ.
- વિદ્યાર્થીઓને વાંચનદોષ પ્રતિ જાગૃત કરવા જોઈએ.
- દરેક વિદ્યાર્થીને પોતાની વાચન ઝડપ કેટલી છે ? તેનાથી પરિચિત કરવો જોઈએ. આ માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરી વાચનની ઝડપ શોધવી અને જરૂરી માર્ગદર્શન આપવું.

$$\textbf{વાચન ઝડપ} = \frac{\text{વાંચેલા કુલ શબ્દો}}{\text{વાચન ઝડપ વાંચન માટે લાગેલો કુલ સમય (મિનિટ)}}$$

**મૂકવાચન ખિલવવાની પ્રવૃત્તિઓ :** મૂકવાચન માટે શાળાની અંદર અને શાળા બહારની પરિસ્થિતિ ચિંતા ઉપજાવે તેવી છે. શાળા બહાર વિદ્યાર્થીના વાલી ગમે તે કારણો આપીને છૂટી જશે, પરંતુ શાળામાં શિક્ષકો કોઈપણ કારણ આપીને છૂટી શકશે નહીં.

**વર્ગશિક્ષણની પ્રવૃત્તિઓ :**

- મૂકવાચનનું શિક્ષણ અવેજી પ્રવૃત્તિ તરીકે થાય છે તે ટાળવું જોઈએ. તે માટે વિદ્યાર્થીને વિધિવત્ શિક્ષણ આપવું જોઈએ.
- વિદ્યાર્થીને સુવાચનની ટેવ પાડવી જોઈએ.
- વિદ્યાર્થીઓને અવારનવાર મૂકવાચન કરવાની તક વર્ગમાં આપવી જોઈએ. ત્યારબાદ પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓએ કેટલું અર્થગ્રહણ કર્યું છે તે જાણવું જોઈએ.
- અઘરાં શબ્દોના અર્થ, કઠિન જોડણી ધરાવતાં શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો વગેરેના ચાર્ટ્સ વર્ગમાં ટીંગાળવા જોઈએ.
- શિક્ષક કોઈ વિષયવસ્તુ શીખવે તે પૂર્વે અને ત્યારબાદ જરૂરી મૂકવાચન કરાવીને પ્રશ્નો પૂછી કરેલા અર્થગ્રહણની ચકાસણી કરવી જોઈએ.
- વિદ્યાર્થીઓ મૂકવાચન કરે ત્યારે શિક્ષકે વર્ગના બધાં જ વિદ્યાર્થીઓનું અવલોકન કરતાં રહેવું જોઈએ. ક્યાંય કોઈ દોષ દેખાય તો તરત જ જે તે વિદ્યાર્થીનું ધ્યાન દોરવું જોઈએ.
- વર્ગમાં જ ટેબલ પર જોડણીકોશ હંમેશ માટે રાખવો જોઈએ. જેથી જે વિદ્યાર્થીને જ્યારે જરૂર પડે ત્યારે તેનો સરળતાથી ઉપયોગ કરી શકે.
- પાઠ્યપુસ્તકની કૃતિઓના જેવો ભાવ ધરાવતી અન્ય કૃતિઓ પણ વર્ગમાં અવારનવાર લાવીને વિદ્યાર્થીઓને આપી ચૂકવાચન કરાવવું જોઈએ.
- સારું લખાણ ધરાવતા વિદ્યાર્થીની નોંધપોથી અન્ય નબળાં વિદ્યાર્થીઓને વાંચવા માટે આપી શકાય.

**મૂકવાચન માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

- વિદ્યાર્થીઓને મૂકવાચન કરવાની તકો સરળતાથી મળી રહે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.
- શાળાના પુસ્તકાલય સુધી બાળકો પહોંચે અને વાંચન કરે તે માટે સતત પ્રેરણા આપવી જોઈએ.
- બાળકોને રસ પડે તેવા પુસ્તકો શાળામાં લાવીને બાળકોને વાંચવા આપવા જોઈએ.
- વિદ્યાર્થીઓની વય, કક્ષા, રુચિ અનુસાર વાચનસામગ્રી પૂરી પાડવી જોઈએ.

- વેકેશનમાં જરૂરિયાતવાળા બાળકો માટે વાચનશિબિર યોજી શકાય.
- પુસ્તક પ્રદર્શન ગોઠવવા અને તેમાં વિદ્યાર્થીઓને લઈ જવા.
- બાળકોને ગૃહકાર્યમાં મૂકવાચન આપવું જોઈએ.
- બાળકોને ઘરે દૈનિકપત્ર, બાળમૅગેઝિન વાંચે તે માટે પ્રેરણા આપવી જોઈએ.
- જરૂર પડે વાલીનો સહકાર લઈને બાળકને ઘરે મૂકવાચન કરાવી શકાય.
- શાળામાં બુલેટિન બૉર્ડ પર અવારનવાર રસપ્રદ માહિતી મૂકવી જોઈએ.
- પાઠ્યપુસ્તક આધારિત કે પાઠ્યેત્તર શૈક્ષણિક બાબતોના ચાર્ટસ બનાવીને શાળાની દીવાલો પર ટીગાળવા જોઈએ.
- બાળકો રસ્તામાં ચાલતાં ચાલતાં, બસમાં મુસાફરી કરતાં રસ્તા પર લખેલાં જાહેરાતના બૉર્ડ વાંચે તે માટેની પ્રેરણા આપવી જોઈએ.
- શાળામાં અવારનવાર લેખિત કે મૌખિક માહિતી આપતી હરીફાઈનું આયોજન કરવું જોઈએ જેની તૈયારી માટે બાળકે વાચન કરવું પડે.
- શિક્ષકે સારા પુસ્તકોની સમીક્ષા પ્રાર્થનાસભામાં કરીને તે પુસ્તક વાંચવા માટેની પ્રેરણા આપવી.

**(1) વાચનના અન્ય પ્રકાર :** આપણે વાચનના મુખ્ય બે પ્રકાર-મુખવાચન અને મૂકવાચન વિશે અભ્યાસ કર્યો. આ બંને પ્રકાર બાળકની પ્રવૃત્તિને આધારે નક્કી કરવામાં આવ્યા છે. પરંતુ વાચનસામગ્રી અને હેતુની દૃષ્ટિએ વિચારીએ તો વાચનના અન્ય ત્રણ પ્રકાર પાડી શકાય છે.

(1) ઈતરવાચન (2) વિશેષવાચન (3) શિષ્ટવાચન.

**ઈતરવાચન :** પાઠ્યક્રમ અનુસાર તૈયાર થયેલા પાઠ્યપુસ્તક સિવાયના પુસ્તકોનું વાચન એટલે ઈતરવાચન. દા.ત. માર્ગદર્શિકા (ગાઈડ), અપેક્ષિત, નકશાપોથી, વિજ્ઞાન પ્રયોગપોથી  વગેરે....

**વિશેષવાચન :** સઘન અધ્યયન માટેની પાઠ્યપુસ્તકીય કૃતિઓ ઉપરાંતની વધારાની કૃતિઓ કે પુસ્તકોના વાચનને વિશેષવાચન કે પૂરકવાચન કહે છે. દા.ત. પાઠ્યપુસ્તકમાં નરસિંહ મહેતાની કોઈ કૃતિ હોય અને અન્ય પુસ્તકમાંથી નરસિંહ મહેતાની બીજી કોઈ કૃતિ વાંચીએ તો તે વિશેષવાચન કે પૂરક વાચન કહેવાય.

**શિષ્ટવાચન :** જ્યારે ખૂબ જ જાણીતી, સંસ્કાર પોષક અને શિષ્ટ સંમત ભાવનાવાળી કૃતિ કે પુસ્તક વાંચવામાં આવે છે ત્યારે તેને શિખવાચન કહે છે.

ઉપરોક્ત પ્રકારના વાંચનથી બાળકને આનંદ મળે છે. તેનો વાંચનનો શોખ પૂર્ણ થાય છે. તે સંસ્કારિતાના પાઠ પણ શીખે છે. તેના જ્ઞાન અને માહિતીમાં વધારો થાય છે. તેના નવરાશના સમયનો સદ્ઉપયોગ પણ થાય છે. જેથી આવું પાઠ્યત્તર વાંચન બાળકો પાસે કરાવવું જ જોઈએ.

**(5) લેખન કૌશલ્ય**

**(1) પ્રસ્તાવના :**

આગળના પ્રકરણમાં આપણે શ્રવણ, કથન અને વાચન કૌશલ્યની વાત કરી. આ પ્રકરણમાં આપણે લેખન કૌશલ્ય વિશે ચર્ચા કરીશું. તમે જાણો જ છો કે લેખન કૌશલ્ય અભિવ્યકિતનું અને દ્વિતીય કક્ષાનું કૌશલ્ય છે.

બાળક શાળામાં આવે તે પૂર્વે તેમનામાં કેટલાંક અંશે શ્રવણ અને કથન કૌશલ્યનો વિકાસ થયેલો હોય છે. તે કૌશલ્યોને આધાર બનાવીને શિક્ષક બાળકોને વાંચન કૌશલ્ય ઔપચારિક રીતે શીખવે છે. બાળકને સૌ પ્રથમ મૂળાક્ષરો અને આંકડાઓની ઓળખ આપવામાં આવે છે. એટલે કે મૂળાક્ષરો અને આંકડાઓને જોઈને વાંચે છે. ત્યારબાદ જ શિક્ષક લેખન કૌશલ્ય વિકસાવવા માટેનો ઔપચારિક પ્રયત્ન કરે છે. માટે જ વિકાસના ક્રમની રીતે જોઈએ તો શ્રવણ, કથન, વાચન અને લેખન એમ ક્રમ આપી શકાય. તમે નોધ્યું હશે કે બાળકમાં સૌ પ્રથમ શ્રવણ કૌશલ્ય વિકસે છે અને છેલ્લે લેખન

કૌશલ્ય વિકસે છે. કારણકે બાળક જેવું સાંભળે તેવું બોલે છે અને જેવું બોલે તેવું વાંચે છે અને જેવું વાંચે તેવું લખે છે. આમ, લેખન કૌશલ્યના પાયામાં જ શ્રવણ, કથન અને વાચન કૌશલ્ય રહેલાં છે.

હવે આપણે લેખન કૌશલ્યનો પરિચિય મેળવીએ.

**2 અર્થ અને સંલ્પના :**

ભાષાના ધ્વનિ સંકેતો દ્વારા ભાષાના દશ્ય માધ્યમ દ્વારા, ભાષકના વિચારો અને લાગણીઓની અભિવ્યકિત એટલે લેખન.

આમ, વ્યક્તિ જ્યારે પોતાના વિચાર, ભાવ, ઈચ્છા, જરૂરિયાત, અનુભવો, અપેક્ષાઓ, લાગણીઓ વગેરે લખે તેને લેખન કર્યું કહેવાય.

લેખન કૌશલ્ય પણ મનોશારીરિક બાબત છે. વ્યક્તિ જ્યારે પેન કે પેન્સિલ વડે પોતાના વિચારો લખે ત્યારે હાથની આંગળીનો ઉપયોગ થતો હોય છે. જેને આપણે શારીરિક બાબત ગણીશું. સાથે જ લખનાર વ્યક્તિના મનમાં વિચારો ઉત્પન્ન થાય છે તેનું અવતરણ પેન દ્વારા કાગળ પર થાય છે. આમ મનમાં વિચારો ઊઠવા તે મનોવૈજ્ઞાનિક બાબત છે.

સાચા અર્થમાં લેખન ત્યારે જ થયું કહેવાય કે લેખકના મનમાં ઊઠેલાં વિચારો તે નોંધી શકે અને વાચકના મન સુધી પહોંચી શકે તેવા હોય. આમ ભાષાના ધ્વનિઓ-દશ્ય સંકેતો દ્વારા જ્યારે લેખકના વિચારોની અભિવ્યકિત કરે છે ત્યારે તે લેખન બને છે.

લેખન કૌશલ્યમાં ત્રણ બાબતો સંકળાયેલી છે.

| **ભાષાની ઓપચારિક કે યાંત્રિક બાબતો** | **શુદ્ધ લેખન (વ્યાકરણ વિષયક બાબતો)** | **લેખનના વિવિધ સ્વરૂપો** |
|---|---|---|
| ▪ કક્કો-બારાક્ષરીનું જ્ઞાન<br>▪ અક્ષરો<br>▪ જોડણી<br>▪ વિરામચિહ્ન<br>▪ પરિચ્છેદ<br>▪ લખાણનું સ્વરૂપ (form) વગેરે | ▪ વાક્યરચના<br>▪ સંધિ<br>▪ સમાસ<br>▪ અલંકાર<br>▪ છંદ<br>▪ રૂઢિપ્રયોગ<br>▪ સંયોજકો<br>▪ વાક્યના પ્રકાર વગેરે | ▪ ભાષાશૈલી<br>▪ વિષયવસ્તુની રસપ્રદ રજૂઆત<br>▪ તાર્કિક ગોઠવણી<br>▪ અર્થપૂર્ણ અભિવ્યકિત વગેરે. |

હેની ગ્રીન અને ડો. વિલિયમ ગ્રે ભાષાકીય કુશળતાનું નીચે મુજબ પૃથક્કરણ કરે છે.

- સુવાચ્ય, સુરેખ અને સુંદર હસ્તાક્ષરો.
- શુદ્ધ જોડણી
- અર્થોચિત અને ભાવવાહી શબ્દોની વરણી
- વાક્યોમાં પદોનો સાચો અને અસરકારક ઉપયોગ
- કેન્દ્રિય વિચારની આસપાસ ફકરાની રચના.
- પત્ર, સંવાદ, નિબંધ, વાર્તા વગેરે લેખનના સ્વરૂપોનો ઉપયોગ.
- વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ.
- લખાણમાં યોગ્ય ઝડપ
- લખાણમાં મૌલિકતા
- લખાણની વિશિષ્ટ શૈલી

- લખાણમાં વિચારની અભિવ્યક્તિ
- બે શબ્દો કે લીટી વચ્ચે યોગ્ય જગ્યા

આમ લેખન એટલે માત્ર વાક્યોનો સમૂહ નહિ પણ વાક્યો વચ્ચેની સંવાદિતા સાધી ભાવ, લાગણી, જરૂરિયાત, વિચારો, સ્પંદનોને શુદ્ધ રીતે, સરળતાથી અને યોગ્ય ઝડપથી લેખિત અભિવ્યક્તિ.

**3 લેખન કૌશલ્યનું મહત્ત્વ :**

- લેખન દ્વારા વ્યક્તિ પોતાના વિચારોની અભિવ્યક્તિ કરે છે.
- લેખન દ્વારા અભિવ્યક્ત થયેલા વિચારોને લાંબા સમય સુધી સાચવી શકાય છે.
- લેખન દ્વારા વિચારો પ્રસરાવી શકાય છે.
- ભૂતકાળની માહિતી કે જ્ઞાન મેળવી શકાય છે.
- જીવનવિકાસ સાધી શકાય છે.
- ભાવિ પેઢી સાથે પ્રત્યાયન કરી શકાય છે.
- વ્યક્તિ પોતાના અનુભવો, સંસ્મરણોને સાચવી શકે છે.
- જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવા માટે
- દસ્તાવેજી પુરાવા માટે
- દૈનિક અને સામાજિક વ્યવહાર માટે.
- જાહેરાત કરવા
- સાહિત્ય, પત્રકારત્વ, શિક્ષક જેવાં અનેક વ્યવસાયમાં
- શિક્ષણના તમામ સ્તરે પરીક્ષા લેખિત સ્વરૂપમાં લેવાય છે.
- વ્યક્તિનો પરોક્ષ રીતે પરિચય લેખન દ્વારા મેળવી શકાય છે.
- પત્રો, પ્રવચન, અહેવાલ, નિબંધ, વિચારવિસ્તાર, અરજી વગેરે તૈયાર કરવા.

**4 લેખન કૌશલ્યના આધારસ્તંભો :**

- અક્ષર/વર્ણનું જ્ઞાન
- સુરેખ હસ્તાક્ષર
- શુદ્ધભાષા-વ્યાકરણ શુદ્ધ લખાણ
- જોડણી, વિરામચિહ્નો, અનુસ્વાર
- વિચારોની ક્રમિકતા
- હાંસિયો
- પરિચ્છેદ
- વાક્યબંધારણ
- ભાષાશૈલી
- વિષયવસ્તુ સંવાદિતા
- શબ્દભંડોળ
- ઝડપ
- સ્પષ્ટતા અને સુવાચ્યતા

**5. લેખિત અભિવ્યક્તિના સ્વરૂપો :**

- નિબંધ
- વિચારવિસ્તાર
- સારલેખન
- આત્મકથા
- મંતવ્ય
- અહેવાલ
- વાર્તાલેખન
- ચર્ચાપત્ર
- સંક્ષેપીકરણ
- પત્રલેખન
- અનુવાદ
- ગદ્ય/પદ્ય સમીક્ષા
- રસદર્શન
- સંવાદલેખન
- અનુલેખન, શ્રુતલેખન, શીઘ્રલેખન

**(2) લેખનકૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ :** લેખનને ઔપચારિક રીતે વિકસાવી શકાશે. લેખન કૌશલ્યનો વિકાસ સાધના પૂર્વે એ ચકાસણી કરી લેવી જોઈએ કે બાળકમાં શ્રવણ, કથન અને વાચન કૌશલ્યો કેટલા અંશે વિકસિત થયાં છે. લેખન માટે બાળકમાં રસ ઉત્પન્ન કરી પ્રેરણા આપવી જોઈએ. આજે ઘણા વર્ગખંડોમાં જોવા મળે છે કે શિક્ષક શિક્ષાત્મક પગલાંરૂપે લેખન કાર્ય સોપે છે. શિક્ષકની દષ્ટિએ કોઈ બાળકે કોઈ ગુનો/ભૂલ કરી હોય તો ત્રણવાર પાઠ લખવા આપે, બે વાર સ્વાધ્યાય લખવા આપે વગેરે. આ બાબતને તાત્કાલિક રીતે હટાવવાની જરૂર છે. લેખન તે વળી શિક્ષાત્મક રૂપે હોય ખરું ? આમ છતાં જો આવી શિક્ષા કરવામાં આવશે તો બાળકો લખશે ખરાં, પરંતુ તેમના અક્ષર ખરાબ હશે, અર્થગ્રહણ થયું નહી હોય. અક્ષર ખરાબ થવા પાછળનું એક કારણ વધુ પડતું લખાણ છે.

**(3) વર્ગશિક્ષણની પ્રવૃતિઓ :**

- જોડણીકોશનો ઉપયોગ કરાવવો.
- શિક્ષકે વર્ગમાં જરૂરી શ્રુતલેખન અને અનુલેખન કરાવવું જોઈએ.
- અધ્યાપનના અંતે અર્થગ્રહણ ચકાસવા માટે લેખનકાર્ય સોંપી શકાય.
- અધ્યાપન દરમિયાન વિષયવસ્તુના મુદ્દાઓ, શબ્દો, રૂઢિપ્રયોગ વગેરેનું લેખન કરાવવું જોઈએ.
- કાવ્ય કે પાઠનો ભાવ/સાર લખવા આપવો.
- અધ્યાપન દરમિયાન બાળકોને કા.પા. પર લખાણ લખવાની તક આપવી.
- વર્ગમાં વિવિધ સ્વરૂપના લેખન કરાવવા.
- બાળકોએ લખેલ લખાણનું યોગ્ય રીતે મૂલ્યાંકન અને ચકાસણી કરવી જ. જરૂરી ઉપચારાત્મક ઉપાયો સૂચવવા અને તેનો અમલ કરાવવો.
- પાઠ્યપુસ્તકની કૃતિને આધારે શબ્દો, રૂઢિપ્રયોગો વગેરેના ચાર્ટસ બનાવવા.

**(4) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

શિક્ષકે નીચેના જેવી પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવવી જોઈએ.

| | |
|---|---|
| · હસ્તાક્ષર સ્પર્ધા | * હસ્તલિખિત અંક |
| · સમાચાર લેખન-સુવિચાર લેખન | * બુલેટિન બૉર્ડ પર વિવિધ લખાણ |
| · શ્રુતલેખન | * વિચારવિસ્તાર |
| · વાર્તાલેખન સ્પર્ધા | * અવતરણ સંગ્રહ |
| · પત્રલેખન | * અહેવાલલેખન |
| · સ્વાગત પ્રવચન | * પ્રવાસવર્ણનો |
| · રોજનીશી | * સામયિકોમાં લેખ |
| · જોડણી રમત | * સારા હસ્તાક્ષરનું પ્રદર્શન ગોઠવવું. |

- સારા અને નબળા હસ્તાક્ષર ધરાવતા વિદ્યાર્થીઓના લખાણના નમૂના વર્ગમાં મૂકવો.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ શિક્ષકે વર્ગમાં કે વર્ગ બહાર કરાવવી જોઈએ. પ્રવૃત્તિના અંતે વિદ્યાર્થીને પ્રેરણા આપવી જોઈએ.

વર્ગશિક્ષણ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દરમિયાન શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**(5) લેખન કૌશલ્ય વિકસાવવા ધ્યાનમાં રાખવાની બાબતો :**

- લીટીને અડાડીને લખાણ થવું જોઈએ.

- શિક્ષકે સારા હસ્તાક્ષરનો નમૂનો પૂરો પાડવો જોઈએ.
- બાળકોને જ્યારે મહાવરો આપવામાં આવે ત્યારે લખાણનાં જથ્થાને ધ્યાનમાં ન રાખતાં તેની સુવાચ્યતાને ધ્યાનમાં રાખવી જોઈએ. ભલે થોડું લખે પરંતુ સારું લખે તે જરૂરી છે.
- લેખન માટેનું વિષયવસ્તુ જુદાં-જુદાં વિદ્યાર્થી માટે જુદું-જુદું રાખવું.
- લખાણમાં થતી ભૂલો તરફ વિદ્યાર્થીનું પ્રેમથી ધ્યાન દોરવું જોઈએ. ઠપકો આપી નિરાશ/હતાશ ન કરવો.
- શ્રુતલેખન વખતે બાળકોની ઝડપ ધ્યાનમાં રાખી બોલવાની ઝડપ રાખવી જોઈએ.
- બાળક માટે લખાણનો સમય એટલો લાંબો ન હોવો જોઈએ કે જેથી બાળકો થાકીને કંટાળી જાય.
- શિક્ષકે નબળા બાળકો પર વધુ ધ્યાન આપવું જોઈએ અને હોશિયાર બાળકો તેમની ક્ષમતા મુજબ આગળ વધે તેવું આયોજન કરવું જોઈએ.
- પાઠ્યપુસ્તકનું લખાણ અવારનવ લખાવવું.
- બાળકો જેવું બોલે છે તેવું લખે છે માટે તેમની બોલવાની ભાષા શિષ્ટ હોવી જોઈએ.
- કા.પા. પર અઘરી જોડણી ધરાવતા ત્રણ-ચાર શબ્દો દરરોજ આખા દિવસ માટે લખેલા રાખવા

**(6) લેખિત અભિવ્યક્તિમાં જોવા મળતી ઊણપો અને તેના ઉપાયો :**

**(1) જોડણીની ભૂલોઃ**

- જોડણીકોશનો ઉપયોગ કરવો.
- જોડણીના સરળ નિયમો આપવાં.
- જોડણીના ચાર્ટ બનાવવા.
- શિક્ષકે શુદ્ધ જોડણી લખવાનો આગ્રહ રાખવો.
- શુદ્ધ ઉચ્ચારણનો મહાવરો આપવો.
- જોડણીભેદને કારણે અર્થઘટનમાં થતાં તફાવતો દર્શાવવા.
- જોડાક્ષરનું જ્ઞાન આપવું.
- વિદ્યાર્થી પાસેથી સાચી જોડણીનો હમેશાં આગ્રહ રાખવો.
- જોડણીદોષની વ્યકિતગત ચર્ચા કરવી.
- જોડણીની રમતો રમાડવી.

**(2) અનુસ્વારની ભૂલો :**

- અનુસ્વાર નહીં કરવાથી કે ખોટી જગ્યાએ કરવાથી અર્થમાં થતા ફેરફાર દર્શાવવા.
- આગમન પદ્ધતિથી જ્ઞાન આપવું.
- જોડણીકોશનો ઉપયોગ કરાવવો.
- અનુસ્વારના ચાર્ટસ બનાવવા.
- શક્ય હોય તો 'સુંદરમ્' કૃત અનુસ્વારનું કાવ્ય મુખપાઠ કરાવવું.
- અનુસ્વારના નિયમો શીખવવા
- શિક્ષકે અનુસ્વાર માટે વ્યક્તિગત કાળજી લેવી.
- અનુસ્વારની રમતો રમાડવી.

**(3) વિરામચિહ્નોની ભૂલો :**

- વિરામચિહ્નોની સંજ્ઞા યોગ્ય રીતે કરે તેનું ધ્યાન રાખવું.
- વિરામચિહ્નોની સંજ્ઞાના ચાર્ટસ ટીંગાળવા.
- વિરામચિહ્નોનું મહત્ત્વ જણાવવું.
- વિરામચિહ્નોના અનુપયોગથી થતા અર્થનો અનર્થ તરફ ધ્યાન દોરવું.
- વિરામચિહ્નોની રમતો રમાડવી.
- વિરામચિહ્નો વિશે મહાવરો આપવો.

**(4) શબ્દભંડોળનો અભાવ**

- શબ્દકોશનો ઉપયોગ કરાવવો.
- શાબ્દિક રમતો રમાડવી
- સમાનાર્થી, વિરોધી શબ્દોનું જ્ઞાન આપવું.
- રૂઢિપ્રયોગ, કહેવતો, પ્રાસયુક્ત શબ્દોનું જ્ઞાન આપવું.

**(5) જોડણીકોશનું મહત્ત્વ :**

ભાષાશિક્ષણમાં ધર્મગ્રંથ જેટલું જ મહત્ત્વ જોડણીકોશનું છે. જોડણીકોશ સિવાયનું પુસ્તકાલય અને ભાષાના શિક્ષકનું ઘર અધૂરપની નિશાની છે. ખરેખર તો દરેક ગુજરાતીના ઘરમાં જોડણીકોશ હોવો જોઈએ. તેનું મહત્ત્વ નીચે પ્રમાણે છે.

- શબ્દોની સાચી જોડણી જાણવા.
- શબ્દોના સમાનાર્થી-વિરોધી શબ્દો જાણવા.
- રૂઢિપ્રયોગો-કહેવતોના અર્થ જાણવા.
- અપરિચિત શબ્દોના અર્થ જાણવા.
- વાક્યમાં વપરાયેલ શબ્દના સંદર્ભ પરથી શબ્દકોશની મદદ વડે તેનો અર્થ જાણવા.
- શબ્દભંડોળ વધારવા.
- કૃતિમાં વપરાયેલ શબ્દનો કૃતિના વિષયવસ્તુ પ્રમાણે શું અર્થ થાય છે તે જાણવા.
- એક જ શબ્દના વિવિધ અર્થો જાણવા.
- લેખન માટે જરૂરી શબ્દ મળતો ન હોય તો તેને બદલે બીજા શબ્દની પસંદગી કરવા.
- અનેક શબ્દોમાંથી એક શબ્દની પસંદગી કરવા.
- લેખનમાં ચોક્સાઈ લાવવા.
- શબ્દના અર્થની ખાતરી કરવા.
- વિદ્યાર્થી જ્યારે જોડણીકોશ દ્વારા કોઈ ચોક્કસ શબ્દનો અર્થ શોધે છે ત્યારે તેની આંખ સામેથી અનેક શબ્દો પસાર થતાં હોવાથી તેનું શબ્દભંડોળ આપોઆપ વધે છે.

**1. સાહિત્ય : જ્ઞાન વિસ્તારનો આધાર**

- સાહિત્ય દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાન વિસ્તારનો આધાર છે. વિદ્યાર્થી જન્મ થાય ત્યારે તેમની પાસે મર્યાદિત જ્ઞાન હોય છે. શબ્દ ભંડોળ થવા મર્યાદિત માત્રામાં હોય છે, બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેમ શબ્દ ભંડોળ ઘરના વાતાવરણ માંથી વધતો થાય છે.
- માતાનો બાળક સાથેનો વ્યવહાર, પિતા, ભાઈ, બહેન, દાદા, દાદી વગેરેનો પણ વ્યવહાર બાળક સાથે થાય છે. શબ્દ ભંડોળ વધે છે તેમ તેમ જ્ઞાન પણ વધતું થાય છે.

· માતા બાળક સાથે પ્રેમથી વ્યવહાર કરે, ભાષા બોલે, ગીત ગાય વગેરે કારણે શબ્દ ભંડોળ વધે છે.

· બાળક મોટું થતાં શાળામાં પ્રવેશ મેળવે છે. શાળામાંથી, શિક્ષક પાસેથી, મિત્રો પાસેથી શબ્દ ભંડોળ મેળવે છે. તેમના જ્ઞાનમાં શબ્દનો વધારો થાય છે. શબ્દનો વધારો થતા તે શબ્દનો બોલવામાં ઉપયોગ કરે છે.

· શાળામાંથી સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ થાય છે. શ્રવણ, કથન, વાચન અને લેખન શીખે છે.

· બાળક શાળામાંથી જેમ જેમ શિખતો જાય તેમ તેમ તેનો શબ્દ ભંડોળ વધે છે. સાથે સાથે તેના જ્ઞાનનો વિસ્તાર વધતો થાય છે.

· જેમ જેમ ઉપલા ધોરણમાં બઢતી મેળવતો જાય છે તેમ તેમ ભાષાનું જ્ઞાન વધે છે. શબ્દ ભંડોળ પણ વધતો જાય છે. સાથે સાથે જ્ઞાનનો વિસ્તાર થતો જાય છે.

· શાળામાંથી જ સાહિત્ય દ્વારા જ્ઞાન વિસ્તારનો આધાર રહેલો છે, તેના આધાર વગર બાળકના જ્ઞાનનો વિકાસ થતો નથી, જ્ઞાનના વિકાસ માટે શાળા પણ જરૂરી છે.

**2. શાળા કક્ષાએ અપેક્ષિત સુવિધાઓ :**

· શાળા કક્ષાએ સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ થાય તે ખૂબ જ જરૂરી છે. ભાષા કૌશલ્યનો વિકાસ થાય તે માટે શાળામાં જરૂરી સગવડો અપેક્ષિત છે. સગવડો વગર ભાષા કૌશલ્ય શીખવી શકાય તેમ નથી.

· **ભાષા વિકાસ માટેના કૌશલ્યો**

1. શ્રવણ
2. કથન
3. વાચન
4. લેખન

· આ ચારેય કૌશલ્યનો વિકાસ થાય તે માટે શાળામાં સુવિધાઓ હોવી જરૂરી છે.

**(1) શ્રવણ કૌશલ્ય :**

· વિદ્યાર્થીઓમાં શ્રવણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે શાળામાં ભાષા પ્રયોગશાળા હોવી જોઈએ. વિદ્યાર્થી ઉચ્ચાર દોષ ન થાય તે માટે ઉચ્ચાર શુદ્ધિ માટે ટેપ દ્વારા માહિતી સંભળાવામાં આવે. વિદ્યાર્થીઓ સાંભળીને શુધ્ધ ઉચ્ચાર બોલતા થાય.

**(2) કથન કૌશલ્ય :**

· વિદ્યાર્થીમાં કથન કૌશલ્યનો વિકાસ થાય તે માટે શાળામાં સગવડ હોવી જોઈએ. ટેપ દ્વારા કે શિક્ષક દ્વારા કથન રજૂ કરવામાં આવે, આ રીતે વિદ્યાર્થી શિખાતા થાય. વિદ્યાર્થીઓ કથન કરતાં થાય.

**(3) વાચન કૌશલ્ય :**

· વિદ્યાર્થી શુધ્ધ વાચન કરી શકે તે માટે શાળામાં ભાષા પ્રયોગશાળા હોવી જોઈએ, વાંચનની રીત ટેપ દ્વારા રજૂ કરવામાં આવે, વિદ્યાર્થી સાંભળે, પછી વાચન કરતાં થાય, શુધ્ધ વાચન કરી શકે, જાતે પ્રેક્ટિસ કરી શકે તે માટેની વ્યવસ્થા હોવી જોઈએ. વાચન સ્પર્ધા રાખી શકાય.

**(4) લેખન કૌશલ્ય :**

· વિદ્યાર્થીઓના અક્ષરો સારા બને, શુધ્ધ ભાષા લખી શકે તે માટે શાળામાં સગવડ હોવી જોઈએ. લેખન કૌશલ્યના વિકાસ માટે શાળામાં વિવિધ સ્પર્ધાઓ ગોઠવવામાં આવે છે.

દા. ત. સુલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કાયા કાર્ય સ્પર્ધા, સુવિચાર લેખન, વગેરે.

· આ ઉપરાંત અન્ય સુવિધાઓ હોવી જોઈએ.

(1) વાચન ક્રમ માટે અલગ ક્રમની વ્યવસ્થા

(2) ભાષા પ્રયોગશાળા

(3) યોગ્ય બેઠક વ્યવસ્થા

(4) શાળામાં ભૌતિક સગવડતાઓ

(5) હવાઉજાસવાળા રૂમો.

(6) લાઈટની વ્યવસ્થા

(7) શૈક્ષણિક સાધનોની વ્યવસ્થા

(8) ટી.વી.ની વ્યવસ્થા

(9) ટેપની વ્યવસ્થા

(10) ભાષા લેખનની વ્યવસ્થા

શાળા કક્ષાએ ભાષાનો વિકાસ કરવા માટે વિવિધ સુવિધાઓ હોવી આવશ્યક છે. ભાષાનો વિકાસ કરવો હોય તો વિવિધ સુવિધાઓ જરૂરી છે તો જ ભાષા વિકાસ શક્ય બને છે. શાળામાં ભાષાનો વિકાસ કરવા માટે ભાષા લેબની વ્યવસ્થા હોવી જોઈએ. વિદ્યાર્થી ભાષા સારી રીતે શીખી શકે તે માટે, ઉચ્ચાર દોષ ન થાય તે માટે ભાષા લેબ જરૂરી છે. ભાષા લેબ દ્વારા સારી રિતે ભાષા બોલતા શીખી શકે છે. અલગ વ્યવસ્થા હોય તો ભાષાનો વિકાસ થાય છે. ભાષા વિકાસનો કૌશલ્યો માટે શાળામાં સુવિધાઓ હોવી જોઈએ.

## 5. સારાંશ :

આ એકમની અંદર સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યોનો વિકાસ, શાળા કક્ષાએ અપેક્ષિત સુવિધાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

· માણસની વિશિષ્ટ સિધ્ધીએ ભાષા છે. ભાષાએ માનવ સર્જન છે. માનવ દુનિયામાં જન્મ લે છે ત્યારે ભાષા સિધ્ધી શૂન્ય હોય છે, પરંતુ ચાર-પાંચ વર્ષ દરમ્યાન ભાષા સિધ્ધી આત્મ સાત થઈ જાય છે.

· ભાષા વિવિધ રીતે શીખે છે. ભાષા કૌશલ્યનો વિકાસ ભાષા વિકાસ માટે જરૂરી છે.

## 6. એકમ સ્વાધ્યાય :

· ભાષાની વ્યાખ્યા સ્પષ્ટ કરો.

· ભાષા સ્વરૂપના લક્ષણો જણાવો.

· ભાષાના કાર્યો જણાવો.

1. શ્રવણ કૌશલ્ય એટલે શું ? શ્રવણ કૌશલ્યનાં વિકાસ માટે પ્રવૃતિઓ જણાવો.
2. કથન કૌશલ્ય એટલે શું ? કથન કૌશલ્યનાં વિકાસ માટે પ્રવૃતિઓ જણાવો.
3. વાચન કૌશલ્ય એટલે શું ?વાચન કૌશલ્યનાં વિકાસ માટે પ્રવૃતિઓ જણાવો.
4. લેખન કૌશલ્ય એટલે શું ? લેખન કૌશલ્યનાં વિકાસ માટે પ્રવૃતિઓ જણાવો.

## 7. તમારી પ્રગતિ ચકાસો :

તમારા ઉત્તરો માટે નીચે જગ્યા આપવામાં આવી છે.

1. શ્રવણ કૌશલ્ય એટલે શું ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

2. કથન કૌશલ્ય એટલે શું ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. વાચન કૌશલ્ય એટલે શું ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

4. લેખન કૌશલ્ય એટલે શું ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

5. શાળા કક્ષાએ અપેક્ષિત સુવિધાઓ ટૂંકમાં જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

## 8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1. શ્રવણ કૌશલ્ય એટલે**

બોલાતી ભાષાના સાંભળેલા આવજો ઓળખી તેનો અર્થ સમજવાની પ્રક્રિયા એટલે શ્રવણ બાળકની ક્ષમતા + શ્રવણ પ્રવૃતિલક્ષી ભાષા વ્યવહાર અને મહાવરો = શ્રવણ કૌશલ્ય શિક્ષણ

**2. કથન કૌશલ્ય એટલે શું ?**

વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓ દ્વારા યોગ્ય રીતે અભિવ્યક્ત કરવા એટલે કથન કૌશલ્ય.

**3. વાચન કૌશલ્ય એટલે શું ?**

વાચન એ તર્કની પ્રક્રિયા છે.

વાચન એ અર્થ શોધવાની અને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. -ડેબ્રો.

**4. લેખન કૌશલ્ય એટલે શું ?**

ભાષાના ધ્વનિ સંકેતો દ્વારા ભાષાના દ્રશ્ય માધ્યમો દ્વારા, ભાષાના વિચારો અને લગણીઓની અભિવ્યક્તિ એટલે લેખન.

**5. શાળા કક્ષાએ અપેક્ષિત સુવિધઓ**

ભાષા કૌશલ્યનાં વિકાસ માટે જરૂરી સગવડતાઓ જરૂરી છે.

ભાષા કૌશલ્યના વિકાસ માટે ભૌતિક સાગવડતાઓનો વિકાસ.

## 9. સૂચિતવાચન સામગ્રી : (References)


| | | | |
|---|---|---|---|
| 1 | પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય | : | ગુજરાતી વિષયવસ્તુનું અધ્યયન,બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ |
| 2 | પટેલ અશોકભાઈ તથા અન્ય | : | ગુજરાતીનું આદર્શ અધ્યયન, પારિષેણ પ્રકાશન, અમદાવાદ |
| 3 | રાવલ નટુભાઈ વી. | : | ગુજરાતી વિષયવસ્તુ, નીરવ પ્રકાશન, અમદાવાદ |
| 4 | રાવલ નટુભાઈ વી. તથા અન્ય | : | ગુજરાતી પધ્ધતિ, નીરવ પ્રકાશન, અમદાવાદ |
| 5 | શાહ નીરવ પી. | : | ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય : ભાગ-1, પરીખ-માલા પ્રકાશન, અમદાવાદ |
| 6 | શાહ નીરવ પી. | : | ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય, પરીખ-માલા પ્રકાશન, અમદાવાદ |

એકમ 8

# જીવન કૌશલ્ય વિકાસ અને સાહિત્ય

## : રૂપરેખા :

**(1) પ્રસ્તાવના**

**(2) જીવન કૌશલ્યનો પરિચય**

**(3) જીવન કૌશલ્ય શિક્ષણ**

**(4) જીવન કૌશલ્યો શું છે ?**

- **(1) જીવન કૌશલ્યનો અર્થ**
- **(2) જીવન કૌશલ્ય શિક્ષણનું મહત્ત્વ**
- **(3) જીવન કૌશલ્યના પ્રકાર**
- **(4) જીવન કૌશલ્ય શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા**
- **(5) જીવન કૌશલ્ય શિક્ષણ આપવા માટેની પ્રવૃતિઓ**

**(5) પ્રત્યાયન કૌશલ્ય વિકાસ**

- **(1) પ્રત્યાયન**
- **(2) પ્રત્યાયનના કૌશલ્યો**

**(6) અભિવ્યક્તિ કૌશલ્ય વિકાસ-વાક કૌશલ્ય**

**(7) કલાઓનો વિકાસ-કલાઓનો વિકાસ**

**(8) સૌંદર્ય પરખ કૌશલ્ય વિકાસ**

**(9) અનુવાદ કૌશલ્ય**

**(10) સારાંશ એકમ સ્વાધ્યાય**

**(11) તમારી પ્રગતિ ચકાસો**

**(12) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(13) સંદર્ભ સૂચિ**

---

ઉદ્દેશો **: Objectives**

આ અકેમનો અભ્યાસ કર્યા પછી તમે..

(1) જીવન કૌશલ્યનો અર્થ સમજી શકશો.

(2) જીવન કૌશલ્ય શિક્ષણ સમજી શકશો.

(3) પ્રત્યાયન કૌશલ્ય વિકાસ સમજી શકશો.

(4) અસરકારક પ્રત્યાયન કૌશલ્ય સમજી શકશો.

(5) અભિવ્યક્તિ કૌશલ્ય વિકાસ સમજી શકશો.

(6) કલાઓનો વિકાસ સમજી શકશો.

(7) સૌંદર્યક્ષમ વિકાસ સકજી શકશો.

(8) અનુવાદ કૌશલ્ય વિકાસ સમજી શકશો.

(9) વર્ગખંડ પ્રત્યાયન પ્રયુક્તિ સમજી શકશો.

## (1) પ્રસ્તાવના

આપણા બાળકો અને બાળકોના માનસિક સ્વાથ્ય અને સુખાકારી પ્રત્યે આપણું ધ્યાન આપવું જરૂરી છે. માનસિક સ્વાસ્થ્ય એટલે એવી સુખાકારી જેમાં દરેક વ્યક્તિને પોતાની ક્ષમતા વિશે ખ્યાલ હોય, તે પોતાના જીવનની સામાન્ય તાણની પરિસ્થિતિઓનો સામનો કરવા સક્ષમ હોય, ઉત્પાદક રીતે કામ કરી શકે, અને તે પોતાના સમુદાયમાં કંઈ યોગદાન આપી શકે.

વિશ્વ આરોગ્ય સંસ્થા મુજબ કિશોરાવસ્થા એટલે માનવીય વૃદ્ધિ અને વિકાસનો એવો સમયગાળો જેને બાળપણથી વયસ્ક થવાની વચ્ચેનો સમયગાળો કહેવાય છે, જે આશરે ૧૦-૧૯ વર્ષની ઉંમરનો હોય છે, તે વ્યક્તિના જીવનનો સૌથી મહત્ત્વનો અને ઝડપથી બદલાતો સમયગાળો છે. શારીરિક પ્રક્રિયાઓ વિકાસ અને વૃદ્ધિના ઘણાંબધાં પાસાઓ પર અસર કરે છે. આને ઝડપી શારીરિક વિકાસ અને મનોવૈજ્ઞાનિક પરિપક્વતા દ્વારા ઓળખવામાં આવે છે. કિશોરાવસ્થા એ એવો તબક્કો પણ છે જ્યારે યુવાવર્ગ તેમના સંબંધો માતાપિતા અને કુટુંબથી આગળ વધારે છે અને પોતાના સાથીદારો અને બાહ્ય વિશ્વથી પ્રભાવી થાય છે. આ સમયગાળો અખતરા કરવાનો, જોખમો લેવાનો, સમવયસ્કોનાં નકારાત્મક પ્રભાવ ઝીલવાનો અને મહત્ત્વના મુદ્દાઓ પર વિચાર્યા વગર નિર્ણયો લેવાનો પણ છે. આ સમય વ્યક્તિના જીવનનો મહત્ત્વનો વળાંક છે, જેમાં ખિલવા માટે ઘણી શક્યતાઓ હોય છે પણ સાથે સાથે નબળા થવાનું જોખમ પણ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા સૂચવે છે કે એક વર્ષમાં ૨૦% બાળકો માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓનો સામનો કરશે, જેમાં ડિપ્રેશન અને તાણ સૌથી સામાન્ય હશે. હિંસા, અપમાન, અનાદર અને ગરીબીના અનુભવો સાથે આ જોખમ વધતું જાય છે. આજના સંદર્ભમાં, મોટા પડકારો જેવા કે શહેરીકરણ, સ્થળાંત્તર, અસલામત પર્યાવરણ વગેરે બાળકોના મનમાં મૂંઝવણો ઊભી કરે છે. બાળકો અને બાળકોમાં જીવન કૌશલ્ય કેળવવું, અને તેમને શાળા તથા સમુદાયના અન્ય માળખામાં મનોસામાજિક ટેકો આપવાથી તેમનું માનસિક સ્વાસ્થ્ય સુધરી શકે છે.

જીવન કૌશલ્ય શિક્ષણ શબ્દ, આજકાલ ખૂબજ બહોળા પ્રમાણમાં વપરાય છે, અને તેનો ઉપયોગ રોજગારીને લગતી આવડતના સંદર્ભમાં પણ કરવામાં આવે છે, પણ આ બંને અલગ છે. રોજગારલક્ષી આવડતો એ એવી આવડતો છે જે વ્યક્તિને પોતાના વ્યક્તિગત કે કૌટુંબિક આર્થિક ધ્યેય પૂરા કરવામાં અને આવક મેળવવામાં મદદ કરે છે. આ કૌશલ્યોમાં મોટેભાગે રોજગાર કૌશલ્ય, ધંધાના વ્યવસ્થાપનનું કૌશલ્ય વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે જીવન કૌશલ્યમાં માનવીય જીવનના દરેક પાસાઓનો સમાવેશ થાય છે, તે પછી આર્થિક, સામાજિક અને મનોસામાજિક હોય.

૧૯૯૩ માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ જીવન કૌશલ્યને વ્યાખ્યાયિત કરી-સ્વીકૃત અને સકારાત્મક વર્તનની ક્ષમતા જે વ્યક્તિને દૈનિક જીવનની માંગ અને પડકારોને અસરકારક રીતે પાર પાડવા સક્ષમ કરે. જીવન કૌશલ્યો તે મનોસામાજિક અને વ્યક્તિગત કૌશલ્યોનું એક મોટું જૂથ છે, જે લોકોને સભાનપણે નિર્ણય લેવામાં, અસરકારક રીતે પ્રત્યાયન કરવામાં અને પડકારોને પહોંચી વળવામાં તથા સ્વ-વ્યવસ્થાપન કરવામાં મદદ કરે છે જેનાથી વ્યક્તિને સ્વસ્થ અને ઉત્પાદક જીવન જીવવામાં ટેકો મળે.

**જીવન કૌશલ્ય શીખવાથી નીચેનામાં મદદ મળે છે :**

- બાળકોને સામાજિક અને લાગણીઓના કૌશલ્ય વિકસાવી સફળતાપૂર્વક બાળપણથી વયસ્ક થવા તરફ જવામાં
- સામાજિક સક્ષમતા કેળવવાનું અને સમસ્યા હલ કરવાનું કૌશલ્ય, જે બાળકોને તેમની ઓળખ ઊભી કરવામાં મદદ કરે છે.
- બાળકો સાંભળવા અને સમજવાનો ભેદ જાણશે, આથી ડ્રગ્સ, દારૂ વગેરેને લગતા ખોટા પ્રત્યાયન અને વિચારોથી બચી શકશે.
- સકારાત્મક સ્વમાન વિકસશે અને ગુસ્સા પર કાબૂ મેળવતા શીખશે.

જીવન કૌશલ્ય શિક્ષણ કાર્યક્રમ બાળકોના જીવનનો એક ભાગ હોવો જોઈએ જે તેમની માનસિક સુખાકારીમાં મદદ કરે. સક્ષમ જીવન કૌશલ્ય કાર્યક્રમ એવો હોવો જોઈએ જે માત્ર લાગણી કે મનોસામાજિક પ્રશ્નો ઉત્પન્ન થતા અટકાવે તેટલું જ નહીં પરંતુ સકારાત્મક સામાજિક વર્તન વધારે અને તેનું વ્યવસ્થાપન કરે.

આ પુસ્તકમાં જીવન કૌશલ્ય શિક્ષણને ડ્રામાના ઉપયોગ દ્વારા ભાગીદારીયુક્ત શીખવાની પદ્ધતિ તરીકે મૂકવામાં આવ્યું છે, તે શીખવાની સામાજિક પ્રક્રિયાને અનુસરે છે જેમાં કૌશલ્યની વિગત વિશે સાંભળવું, કૌશલ્યનું નિરીક્ષણ કરવું (મોડેલિંગ), અનુરૂપ વાતાવરણમાં કૌશલ્યનો મહાવરો, અને કૌશલ્યની વ્યક્તિગત રજૂઆત પર રિફ્લેક્શન વગેરેનો સમાવેશ થાય છે.

## (2) જીવન-કૌશલ્યનો પરિચય

આપણે આપણા જીવનમાં ક્યારેકને ક્યારેક સંઘર્ષની કે મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાઈએ છીએ. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે આપણને કેટલાક કૌશલ્યોની અને તેનો ઉપયોગ કરવા આત્મવિશ્વાસની જરૂર પડે છે. આવી પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે આપણે સભાન રીતે નિર્ણયો લેવાની જરૂર હોય છે. આપણને તેમાંથી બહાર આવવા માટે સ્વ-વ્યવસ્થાપન કૌશલ્યની જરૂર હોય છે અને આપણે તેને અસરકારક રીતે કહેવાની જરૂર હોય છે.

જીવન કૌશલ્ય એ અનુકૂળ વર્તન માટેની ક્ષમતા છે જે વ્યક્તિને રોજબરોજના જીવનની જરૂરિયાતો અને પડકારોને અસરકારક રીતે પાર પાડવામાં મદદરૂપ થાય છે.

જીવન કૌશલ્ય શિક્ષણ યુવાન લોકોમાં માનસિક સ્વાસ્થ્ય અને વર્તનાત્મક તૈયારીને પ્રેરીને તેમને જીવનની વાસ્તવિકતાઓનો સામનો કરવા માટે તૈયાર કરે છે. આથી, જ્યારે પણ આપણે સંઘર્ષની પરિસ્થિતિનો સામનો કરીએ, આપણે તેનું મૂલ્યાંકન કરી શકીએ, આપણા નિર્ણયોના પરિણામોના ફાયદા-નુકસાન સમજી શકીએ અને તે પ્રમાણે વર્તન કરી શકીએ. જીવન કૌશલ્ય શિક્ષણ વ્યક્તિને સામાજિક રીતે યોગ્ય પદ્ધતિથી વર્તન કરવા અને વધુમાં સ્વાસ્થ્યપૂર્ણ વર્તન કરવા સજ્જ કરે છે. આજ રીતે, જીવન કૌશલ્ય શિક્ષણ બાળકોનું સશક્તિકરણ કરે છે અને આમ તેમને તેમના દ્વારા લેવામાં આવતા પગલાઓ માટે વધુ જવાબદાર બનાવે છે. સક્ષમ જીવન કૌશલ્ય કાર્યક્રમ માત્ર માનસિક અને મનોસામાજિક સમસ્યાઓથી બચવામાં જ નહીં પરંતુ સામાજિક રીતે યોગ્ય વર્તન વધારવા અને તેનું વ્યવસ્થાપન કરવાનો પણ હેતુ રાખે છે.

## (3) જીવન કૌશલ્ય શિક્ષણ :

**જીવન કૌશલ્ય વધારવાથી કેવી રીતે ફાયદો થાય છે ?**

- સ્વસ્થ બાળક અને કિશોરાવસ્થાના વિકાસને ટેકો આપે છે.
- તે એવા કેટલાક કારણો કે જે બાળક કે કિશોરાવસ્થામાં મૃત્યુ, રોગો અને વિકલાંગતા માટે કારણરૂપ છે તેનાથી બચાવે છે.
- સામાજિકરણ વધારે છે.
- યુવાન લોકોને સામાજિક પરિસ્થિતિ બદલવા અને તેનો સામનો કરવા તૈયાર કરે છે.

**મુખ્ય કૌશલ્યો જેને આપણે બધા શીખીને ઉપયોગમાં લઈ શકીએ છીએ તે નીચે મુજબ છે :**



આ દરેક કૌશલ્યો પાછળના પ્રકરણમાં વિસ્તારથી ચર્ચવામાં આવ્યા છે. અહીં ટૂંકમાં માહિતી આપવામાં આવી છે જે આપણને સમજવામાં મદદરૂપ બનશે.

**લાગણીઓને સમજવી** : આમાં પોતાની અને અન્ય વ્યક્તિઓની લાગણી સમજવાનો, લાગણીઓ કેવી રીતે વ્યવહાર પર અસર કરે છે તે વિશે સભાનતા કેળવવાનો અને લાગણીઓને રિફ્લેક્શન આપવા સક્ષમ રહેવાનો સમાવેશ થાય છે.

**અસરકારક પ્રત્યાયન કૌશલ્ય** : આપણા મંતવ્યો, ઈચ્છાઓ, જરૂરિયાતો અને ભયને શાબ્દિક અને હાવભાવો દ્વારા રજૂ કરવો.

**પોતાની જાતને સમજવી ("સ્વ"ને સમજવું) :** આપણી પોતાની જાત માટેની સમજ, વ્યક્તિગત સક્ષમતાને ઓળખવી, નબળાઈઓ, વ્યક્તિગત મૂલ્યો અને માન્યતાઓની સ્પષ્ટતા, વ્યક્તિગત મૂલ્ય અને વ્યક્તિગત ખુશીને ઓળખવાનો સમાવેશ થાય છે.

**પરાનુભૂતિ** : એ એવી સક્ષમતા છે જે અન્ય વ્યક્તિ માટે જીવન શું છે તેનો

|  |  |  |
|---|---|---|
|  |  | ખ્યાલ આવે છે, એવી પરિસ્થિતિમાં પણ જેનાથી આપણે વાકેફ નથી. |
| **નિર્ણય શક્તિ** | : | આપણા જીવનને લગતા નિર્ણયો રચનાત્મક રીતે લેવામાં મદદ કરે છે. માહિતી અને સૂચનોનું મૂલ્યાંકન કરી સભાન નિર્ણય લેવામાં અને વિવિધ વિકલ્પોના ફાયદા-ગેરફાયદાનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે. |
| **સમસ્યાનું નિરાકરણ** | : | આપણને આપણા જીવનમાં આવતા પ્રશ્નોનો રચનાત્મક રીતે સામનો કરવા અને હલ કરવા અને જીવનમાં આવતી તદ્દન નવી પરિસ્થિતિને અપનાવવા સક્ષમ બનાવે છે. |
| **વિવેચનાત્મક ચિંતન** | : | એ માહિતી અને અનુભવોની હેતુલક્ષી રીતે મૂલ્યાંકન કરવાની ક્ષમતા છે, તે આપણને એવા પરિબળો જે વ્યક્તિના વલણ અને વર્તન જેવા કે મૂલ્યો અને સમવયસ્કોના દબાણને ઓળખવામાં અને તેનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે. |
| **રચનાત્મક વિચાર** | : | વિકલ્પો ચકાસવા માટે આપણને સક્ષમ કરી ઉપરના બંને કૌશલ્યોમાં યોગદાન આપે છે. આ આપણને સીધા અનુભવથી આગળ જોવામાં મદદ કરે છે. |

જીવન કૌશલ્યો આંતરિક રીતે સંકળાયેલા છે અને એક કૌશલ્ય શીખવાનું બીજા તરફ લઈ જાય છે. કેટલીક વખત આવડતવાળા બનવું એ પહેલી આવડત હોય છે, તો ચાલો સમજીએ, ક્યા કૌશલ્યો પાયામાં છે કે કૌશલ્યો વધારવાના કાર્યક્રમમાં શરૂઆતના તબક્કે શું હોવું જોઈએ. જીવન કૌશલ્ય શિક્ષણ ક્યાંથી શરૂ થવું જોઈએ ?

**દરેક કૌશલ્યોનું વર્ગીકરણ કરીએ : તે કેવી રીતે મેળવવા, શીખવા અને અન્યોને શીખવવા.**

















મારો વિચાર : ............................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

**સમજીએ : જીવન-કૌશલ્યનો પરિચય**

**વોર્મિંગ-અપ ગેમ (Warming Up Game)**

**ફોલો ધી લીડર (Follow The Leader)**

**હેતુઃ વોર્મ અપ, આંખોનો સંપર્ક**



બધાં તાલીમાર્થીઓ વર્તુળમાં ઊભા રહેશે. એક વ્યક્તિ નેતા તરીકે વર્તશે અને પગલું લેશે જે જૂથના અન્ય સભ્યો અનુસરશે. નેતા આંખથી જૂથના એક સભ્યને નેતાગીરી આપશે અને પછી તે વ્યક્તિ બીજા પગલા લેશે. આ રીતે, જૂથના બીજા સભ્યોને નેતાગીરી આપવામાં આવશે. ઉદાહરણ તરીકે, સંકલનકર્તા પોતાના હાથ ગોળ ફેરવીને રમતની શરૂઆત કરી શકે, પછી તે બંધ કરીને પોતાનો જમણો પગ હલાવવાનું ચાલુ કરે, જે વ્યક્તિ તેની સામે સીધી રીતે જોતી હોય તેને આંખની ભ્રમરો ઊંચી કરીને નેતાગીરી આપી શકે. બીજી વ્યક્તિ તુરત જ એક્શન બદલી અને તાળી પાડવા લાગશે અને આખું જૂથ તેને અનુસરશે. આકૃતિ

**સંકલનકર્તા માટે નોંધ :**

એ વાતની ખાતરી કરો કે કોઈપણે નેતાગીરી આપતા વ્યક્તિનું નામ ન બોલે. પ્રત્યાયન માટે આંખોનો સંપર્ક એ એક પદ્ધતિ છે.

**પ્રવૃત્તિ**

**તાલીમમાંથી અપેક્ષાઓ**

સંકલનકર્તા જૂથને પાછું બોલાવશે અને તેમને તાલીમમાંથી તેમની અપેક્ષાઓ એક કે બે લાઈનમાં લખવા માટે કહેશે, ત્યારબાદ તે તાલીમાર્થીઓને પૂછી શકે છે કે તેમનામાંથી કોઈને પોતાની અપેક્ષાઓ જૂથને કહેવી છે અને જો કહેવી હોય તો તેમાં મદદ કરવી. કોઈ પણ વ્યક્તિને ફરજિયાત કરવા માટે ન કહેવું.

**તાલીમના નિયમો નોંધવા**

સંકલનકર્તાએ ચાર્ટ પેપર પર જૂથના બધા લોકો સંમત થાય તે નિયમો નોંધવા. ચાર્ટ પેપર પર લખવું મહત્ત્વનું છે જેથી જ્યારે જરૂર પડે ત્યારે તેને ભીંત પર લગાડી શકાય. જો આ બ્લેક કે વહાઈટબોર્ડ પર લખવામાં આવે તો તે તાલીમ દરમિયાન ભૂંસાઈ જાય.

સંકલનકર્તાએ પોતાની રીતે નિયમો ન ઘડવા જોઈએ. નિયમો માટે સંમત થવા ભાગીદારીયુક્ત પ્રક્રિયા જરૂરી છે. સંકલનકર્તાએ એ વાતની ખાતરી કરવી કે દરેક તાલીમાર્થી નિયમોને ધ્યાનથી સાંભળે અને સમજે. એ જરૂરી નથી કે દરેક તાલીમાર્થી નિયમો ઘડે.

**સંકલનકર્તાં માટે નોંધ :**

પ્રક્રિયા ચાલુ કરવા માટે સંકલનકર્તા એક કે બે નિયમો ઘડી શકે, તે સમયસર આવવાનો, બીજાને પણ વાત સંભળાય એ માટે અવાજ ન કરવાનો, જેવા નિયમો બનાવી શકે.

**રિફ્લેક્શન**

**તાલીમમાંથી અપેક્ષાઓ**

સંકલનકર્તા જૂથને પાછું બોલાવશે અને તેમને તાલીમમાંથી તેમની અપેક્ષાઓ એક કે બે લાઈનમાં લખવા માટે કહેશે, ત્યારબાદ તે તાલીમાર્થીઓને પૂછી શકે છે કે તેમનામાંથી કોઈને પોતાની અપેક્ષાઓ જૂથને કહેવી છે અને જો કહેવી હોય તો તેમા મદદ કરવી. કોઈ પણ વ્યક્તિને ફરજિયાત કરવા માટે ન કહેવું.

**સમજાએ : જીવન-કૌશલ્યનો પરિચય**

**વોર્મ અપ ગેમ** : માય નેમ ઈઝ... એન્ડ આઈ લાઈક....

**વૈચારિક માળખું** : જીવન કૌશલ્યો શું છે ?

**પ્રવૃત્તિ** : માય નેમ ઈઝ.... એન્ડ આઈ લાઈક...

**રિફ્લેક્શન**

**વોર્મિંગ-અપ ગેમ**

**માય નેમ ઈઝ.... એન્ડ આઈ લાઈક.. (My Name is.... & I like....)**

**હેતુ : પરિચય અને મંતવ્યો રજૂ કરવામાં મદદરૂપ**

**પ્રક્રિયા :**

દરેક તાલીમાર્થી વર્તુળમાં ઊભા રહેશે. પછી તે વારાફરતી પોતાનું નામ અને તેમને ભાવતી એક વસ્તુ કહેશે. રમતની શરૂઆત કરવા માટે સંકલનકર્તા કહેશે માય નેમ ઈઝ.... એન્ડ આઈ લાઈક.... આ પ્રમાણે દરેક તાલીમાર્થી બોલશે. એ ચોકલેટ, પાણીપૂરી કે આઈસ્ક્રીમ જેવી સામાન્ય વસ્તુ પણ હોઈ શકે. આકૃતિ



**સંકલનકર્તા માટે નોંધ :**

આ એક સાદી પ્રવૃત્તિ છે, ઘણીવાર તાલીમાર્થી અગાઉ બોલેલ તાલીમાર્થીની નકલ કરે છે પણ જેમ જેમ તેઓ રમત અને જૂથથી પરિચિત થશે એમ નકલ કરવાનું બંધ કરી દેશે.

**વૈચારિક માળખું**

**(4) જીવન કૌશલ્યો શું છે ?**

સંકલનકર્તા આ પ્રશ્ન તાલીમાર્થી સમક્ષ મૂકીને તેમના પ્રતિભાવો જાણી શકે છે. દરેક રિફ્લેક્શનની નોંધ કરો : જેમકે

· ખુશ અને શાંતિપૂર્વક જીવન માટે જરૂરી કૌશલ્યો

· માનસિક કૌશલ્યો

· લાગણીઓ સમજવી

માનસિક કૌશલ્યો પર ભાર આપો અને ચર્ચા કરો જેથી તાલીમાર્થીઓ જીવન કૌશલ્યના વિચારને વધુ સારી રીતે સમજી શકે.

આપણામાં આમાંથી કેટલાક કૌશલ્યો જન્મથી જ હોય છે, પણ આપણે તેને વધુ મજબૂત કેવી રીતે કરી શકીએ છીએ તે શીખવાનું હોય છે. જેમકે, દરેક બાળક આ કૌશલ્યો સાથે જન્મે છે. ઉદાહરણ તરીકે બાળક રડે છે-તે તેની પ્રત્યાયન કરવાની પદ્ધતિ છે. આનાથી માતાનું ધ્યાન તેની તરફ ખેંચાય છે : જોકે તે કેમ રડે છે તે તેની માતા કદાચ સમજે કે ન પણ સમજી શકે. રડીને તે પ્રત્યાયન કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે, પણ તે અસરકારક નથી કારણ કે જોનારને એટલી જ ખબર પડે છે કે કંઈક તકલીફ છે.

આમ આપણાં બધામાં જન્મથી જ આ કૌશલ્યો છે, પણ આપણે તેને વધુ અસરકારક કેવી રીતે બનાવી શકીએ તે શીખવાનું છે.

દરેક જીવન કૌશલ્યો શીખી શકાય છે અને દરેક વ્યક્તિ શીખી શકે છે, તે મહાવરાથી થઈ શકે છે. કોઈને પણ તે તરત જ આવડી જતું નથી. ઉદાહરણ તરીકે જ્યારે માતા તેના બાળકને રસ્તો પાર કરતા શીખવે છે -જો આપણે બાળકને એક જ વખત બતાવીએ તો તે શીખી શકે ? ના. આપણે તેમની સાથે પુનરાવર્તન કરવું પડે. વારંવાર કરવાથી તે વર્તણૂકનો ભાગ બની જાય છે. આથી જો આપણે જીવન કૌશલ્યોને એક વર્ષ માટે અનુસરીએ તો તેનું મહત્ત્વ આપણને સમજાય. બે વર્ષમાં, તે આપણી વર્તણૂકનો ભાગ બની જાય છે. આથી આપણે સમાયાંતરે વારંવાર તેનો મહાવરો કરીએ તે મહત્ત્વનું છે.

પછી સંકલનકર્તા જીવન કૌશલ્યોની નોંધ કરે છે :

| | | | |
|---|---|---|---|
| (1) | લાગણીઓ સમજવી | (2) | અસરકારક પ્રત્યાયન |
| (3) | પરાનુભૂતિ | (4) | સ્વની ઓળખ |
| (5) | નિર્ણય શક્તિ | (6) | સમસ્યાનું નિરાકરણ |
| (7) | વ્યક્તિગત સંબંધો | (8) | તાણનું વ્યવસ્થાપન |
| (9) | વિવેચનાત્મક ચિંતન | (10) | રચનાત્મક વિચાર |

**(1) જીવન કૌશલ્યનો અર્થ**

આ એક કરોડપતિના પુત્રએ તેના પિતાને પૂછ્યું - "પપ્પા આપણી પાસે ખૂબ પૈસા છે તો મારે શા માટે ભણવું જોઈએ ? શું ભણવાનું મને પૈસા કમાવતા શીખવશે ? પપ્પાએ જવાબ આપ્યો કે શિક્ષણ તને જીવન જીવવા તૈયાર કરશે અને પૈસા કમાવા તે જીવનનો જ એક ભાગ છે."

જીવનમાં આગળ વધવા માટે, સફળ, સુખમય, શાંતિમય અને સ્વસ્થ ઘડતર માટે આવશ્યક કૌશલ્યોને જીવન-કૌશલ્યો તરીકે ઓળખવામાં આવે છે. બાળકને શાળામાં ભણાવીએ તે ભણતર, જીવન જીવવાના અનુભવ આપે તે ગણતર. બાળકને સુવિચાર બક્ષો, સુટેવો કેળવો અને સફળતા માટે પ્રેરિત કરો તેનું નામ ચણતર.

રોજબરોજના જીવનમાં આવતા પડકાર અને જરૂરિયાતો સાથે અસરકારક રીતે કામ પાર પાડવાની જરૂરી શક્તિ એટલે જીવન-કૌશલ્ય WHO (World Health Organisation)

જીવન-કૌશલ્યોનું શિક્ષણ વિદ્યાર્થીઓને તેમના જીવનમાં આવતાં પડકારો અને રોજબરોજની સમસ્યાઓ સાહજિક રીતે ઉકેલવા માટે સક્ષમ બનાવે છે.

જીવનના ઉચ્ચ ધ્યેયોને સાર્થક કરવા માટે વિદ્યાર્થીમાં સ્વસ્થ આહારની ટેવો, ઇતરવાંચન, સમયપાલન, સમવયસ્કોના દબાણ સામે ઝૂકી ન જવું, યોગ્ય મિત્રોની પસંદગી કરવી, પરિપક્વ નિર્ણય કરવા, ફૂરસદના સમયનો સઉપયોગ કરવો વગેરે ગુણો માધ્યમિક કક્ષાએથી જ વિદ્યાર્થીમાં કેળવવા જરૂરી છે. આજનો વિદ્યાર્થી તે દેશનું ભવિષ્ય છે. 20 મી સદીના ઔદ્યોગિકરણ અને 21 મી સદીના ટૅકનોલૉજીને પગલે નવી સમસ્યાઓ ઉદભવી છે ત્યારે આ સમસ્યાઓના ઉકેલરૂપે જીવન કૌશલ્ય તે જ મુખ્ય ઉપાય છે.

· જીવન કૌશલ્ય એ પ્રવૃતિ આધારિત શીખવાની અને શિખવવાની પધ્ધતિ છે, જેમાં વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવે છે, હકારાત્મક અભિગમ કેળવે છે અને તંદુરસ્ત જીવન શૈલી માટેની વર્તણૂક અંગેના

નિર્ણયો લેવાનું તેને કૌશલ્ય પૂરું પાડે છે, તે વર્ગખંડમાં પરામર્શથી શીખવવામાં આવતા શિક્ષણ કરતાં કંઈક વિશેષ હોય છે. જીવન કૌશલ્ય શિક્ષણથી વિદ્યાર્થીઓ -યુવા વર્ગ સમક્ષ બનીને પોતાની જાત માટે રક્ષણાત્મક, તંદુરસ્ત સામાજિક સંબધો સ્થાપી શકે તે માટે સક્ષમ બનાવે છે, જેમાં યુવાવર્ગ સારાં રોલ મોડલને અનુરૂપ પોતાના જીવનને ઘડવા પ્રયાસ કરે, તેમજ માતા-પિતા સમોવડિયા અને શિક્ષકો તરફથી જીવન ઘડતર સામાજિક કર્યો માટે પ્રેરકબળ અને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ નિર્માણ થાય તે જરૂરી છે. જીવન જીવવાની કલા, શિક્ષણની સાથે જીવન કઈ રીતે જીવવું, જીવનમાં આવતી સમસ્યાઓનો સામનો કઈ રીતે કરવો એ જ છે જીવન કૌશલ્ય શિક્ષણ, જે વ્યક્તિના જીવનને સક્ષમ અને ઉન્નત બનાવે છે.

**(2) જીવન-કૌશલ્ય શિક્ષણનું મહત્ત્વ :**

આપણે આજે જોઈ રહ્યા છીએ કે બાળકોનો ભાવાત્મક વિકાસ, સાંવેગિક વિકાસ, પર્યાવરણ પ્રત્યેનો આદર વગેરે બાબતો વિષય શિક્ષણની સાથે સંકળાયેલ છે, તેની અસરો રોજબરોજના વર્ગખંડમાં ઊભા થતાં પ્રશ્નો પરથી જાણી શકીએ છીએ. વિદ્યાર્થીના આ પાસાંઓ મજબૂત બનાવવા જરૂરી છે.

એક સદ્ગુણ વિકસવાથી અનેક સદ્ગુણ જન્મે છે જે વિકાસની સંસ્કૃતિ છે. આ સિદ્ધાંત સમજીએ તો એક કૌશલ્યના વિકાસથી બીજા કૌશલ્યનો વિકાસ થઈ શકે છે, જેમ કે Time Management Skil ને કારણે Stress Managment તથા Health Managment જેવી Skill નો વિકાસ થાય છે. આ કૌશલ્યો એકબીજાના પૂરક છે.

વિદ્યાર્થી અવસ્થામાં મુખ્ય ત્રણ બાબતો તરફ ધ્યાન આપવું જરૂરી છે :

(1) વિદ્યાર્થી શા માટે મૂંઝવણ અનુભવે છે ?

(2) વિદ્યાર્થીને કેવી મૂંઝવણ અનુભવાય છે ?

(3) આ મૂંઝવણો હળવી કેવી રીતે થઈ શકે ?

વિદ્યાર્થીકાળ સ્વસ્થતાપૂર્વક પસાર કરે તે વ્યક્તિત્વ વિકાસ અને તંદુરસ્ત સમાજની રચના માટે અતિ આવશ્યક છે.

- Who જીનીવા ખાતે 1999 ની યુનાઈટેડ નેશન્સ ઇન્ટર એજન્સીની યોજાયેલી એક બેઠકમાં નચેની બાબતો માટે જીવન કૌશલ્ય શિક્ષણનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું હતું.

(1) નીરોગી બાળકને પ્રોત્સાહન અને કિશોર અવસ્થા વિકાસ.

(2) બાળમૃત્યુ અને કિશોર અવસ્થામાં થતાં રોગ અને મૃત્યુનું પ્રાથમિક નિવારણ.

(3) સામાજિકરણ

(4) સમાજિક સંજોગોમાં પરિવર્તન લાવવા માટે યુવાવર્ગને તૈયાર કરવો.

- વિદ્યાર્થીઓના માનસિક, સામાજિક, શારીરિક અને સાંવેગીક વિકાસની સાથે ઉદભવતી સમસ્યાઓના નિરકરણમાં જીવન કૌશલ્ય મહત્ત્વની ભૂમિકા ભજવે છે જીવન કૌશલ્યના કાર્યમાં વ્યક્તિના રોજિંદા જીવનની આવશ્યક્તાઓ અને પડકારોને અસરકારક રીતે ઝીલવા માટેના અનુકૂલનક્ષમ વર્તનની શક્તિ રહેલી છે. કિશોર અવસ્થામાં માનસિક સ્વસ્થતાનું સિંચન કરે છે અને તેમને જીવનની વાસ્તવિકતાનો સામનો કરવા સક્ષમ કરે છે.

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે, અને બીજા ઉપર પ્રભાવ પડી શકે છે અને સ્વપ્રતિષ્ઠમાં વૃધ્ધિ કરી શકે છે. કૌશલ્ય વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા કરી શકે છે. કૌશલ્ય એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે જે દરેક વ્યક્તિને વૃધ્ધિ પામવામાં અને સક્ષમ બનાવમાં મદદ કરે છે. આ પ્રક્રિયા દ્વારા કિશોર કે કિશોરી તેની શક્તિ વિશે આંતરિક અને બાહ્ય એમ બે પ્રકારનો આત્મવિશ્વાસકેળવે છે. સામન્ય રીતે કૌશલ્ય એટલે બીજા વ્યક્તિઓ સાથે જીવન જીવવાની અને કમ કરવાની એક કલા છે, જે વ્યક્તિના જીવનમાં દિશા દર્શન કરે છે.

- જીવન કૌશલ્ય એ વ્યક્તિગત જીવનના તણાવો અને આવેગોને સમજવામાં મદદરૂપ થાય છે, તેનાથી રોજિંદા જીવનની સમસ્યાઓ સમજવામાં મદદરૂપ થાય છે. વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસમાં મદદરૂપ થાય છે.

**(3) જીવન-કૌશલ્યોના પ્રકાર :**

જીવન-કૌશલ્યો તરીકે અનેક પ્રકારના કૌશલ્યોને દર્શાવી શકાય, જેમ કે સ્વજાગૃતિ, સહાનુભૂતિ, સમસ્યા ઉકેલ, નિર્ણયશક્તિ, ટાઇમ મેનેજમેન્ટ, સર્જનાત્મક ચિંતન, સાંવેગિક કૌશલ્ય, વૈચારિક કૌશલ્ય, પર્યાવરણીય કૌશલ્ય, નાણાંકીય કૌશલ્ય, વાક્-કૌશલ્ય વગેરે.

આવા કૌશલ્યથી વિદ્યાર્થીના વર્તનના અવલોકનો દ્વારા જાણી શકાય છે. આ માટે શિક્ષકની પાસે 'નીરિક્ષક આંખ' હોવી જરૂરી છે. જ્યારે તેનામાં કોઈ ખાસ વર્તણૂક જોવા મળે ત્યારે શિક્ષકે પોતાની ડાયરીમાં તે બાબત નોંધી લેવી જરૂરી છે, જેને પ્રોત્સાહક નોંધ કહે છે.

વિદ્યાર્થીઓમાં જીવન-કૌશલ્યોના વિકાસ અને તેના મૂલ્યાંકન કરવા માટે સામાન્ય રીતે શિક્ષકમિત્રો નીચે મુજબની પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી શકે :

| વર્ગચર્ચા | રોલ પ્લે | શૈક્ષણિક રમતો |
|---|---|---|
| બ્રેઇન સ્ટોરર્મિંગ | ઓડિયો વિઝ્યુઅલ પ્રવૃત્તિઓ | કેસ સ્ટડી |
| પ્રદર્શન-નિદર્શન | જૂથ ચર્ચા | તજજ્ઞ |
| નિબંધ, વકૃત્વ જેવી સ્પર્ધાઓ | વિવિધ બોધપ્રદ વાર્તાઓ | નાટક, રૂપકો |

આપણા પાઠ્યપુસ્તકોમાં અનેક જીવન-કૌશલ્યો અને જીવન-મૂલ્યોનો ભંડાર છે. આપણે વર્ગખંડમાં અધ્યાપન કરતાં કરતાં જ આ મૂલ્યો દ્વારા પાઠનું રસદર્શન કરાવી શકીએ તો જ આ જીવન-મૂલ્યો વિદ્યાર્થીના જીવનમાં નિર્ધારણ થશે અને મૂલ્યોની સાથે સાથે સંલગ્ન જીવન-કૌશલ્યોનો પણ વિકાસ થશે.

આ પ્રકરણમાં વિવિધ જીવન-કૌશલ્યો વિશેની સામાન્ય સમજ, જીવન-કૌશલ્યો શીખવવાની જરૂરિયાત, અપેક્ષિત વર્તન, પરિવર્તન અને જે તે જીવન-કૌશલ્ય વિકસાવવા કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવી શકાય ? તેની સમજ આપવા પ્રયત્ન કરેલ છે.

તથા જોખમભરી પરિસ્થિતિમાંથી બચાવવામાં મદદરૂપ બને છે. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, આત્મસન્માન અને આત્મરક્ષણના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. યુવા વર્ગને તેમના જીવનમાં આવતા પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવે છે.

**(4) જીવન- કૌશલ્ય શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા :**

1986 શિક્ષણનીતિમાં મૂલ્યલક્ષી શિક્ષણની સંકલ્પના સાથે જીવનલક્ષી કૌશલ્યોની સંકલ્પનાને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું. જીવન-કૌશલ્યના શિક્ષણ વિના બાળકોના સર્વાંગી વિકાસ ન થઈ શકે તે નિર્વિવાદ છે.

જીવન-કૌશલ્ય શિક્ષણની સફળતાનો આધાર શિક્ષક પર નિર્ભર છે. વિદ્યાર્થી સાથે અસરકારક આંતરક્રિયા દ્વારા જીવન કૌશલ્યોને અસરકારક બનાવી શકાય. જીવન-કૌશલ્ય એક અલગ વિષય નથી, પરંતુ હાલના શાળાકીય અભ્યાસક્રમને સાંકળી કયા વિષયમાં ક્યા શિક્ષણ મુદાઓ સાથે જીવન શિક્ષણનું અનુસંધાન કરી શકાય તે જોવાની અને અમલ કરવાની જવાબદારી શિક્ષકોએ નિભાવવાની છે.

યુવા વિદ્યાર્થીઓ આશાસ્પદ ભાવિની બારીઓ છે. કાચી ઉંમરે ગેરપ્રવૃત્તિના રવાડે ન ચડે તે માટે જીવન કૌશલ્યની જરૂરિયાત છે.

(1) જીવન કૌશલ્ય માટે શાળામાં કિશોર અવસ્થામાં થતા રોગ અંગે પ્રવચન ગોઠવવું.

(2) કિશોર અવસ્થા અંગે થતા રોગ અંગે જાગૃતિ લાવવા માટે પ્રદર્શન ગોઠવવું.

(3) વિદ્યાર્થીઓમાં સામાજીકરણ વધે તે માટે પ્રવૃતિઓ ગોઠવવી.

દા. ત. પ્રવાસ, પ્રોજેક્ટ કાર્ય, સફાઈ કાર્ય, નારક વગેરે.

(4) અંધશ્રદ્ધા દૂર થાય તે માટે શાળામાં કાર્યક્રમો ગોઠવવા.

(5) વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે તે માટેની પ્રવૃતિઓ ગોઠવવી.

(6) વિવિધ સમસ્યાનો સામનો કરવા માટે જાગૃતિ લાવવા માટે પ્રવચન કાર્ય ગોઠવવું.

**(5) જીવન-કૌશલ્ય શિક્ષણ આપવા માટેની પ્રવૃત્તિઓ :**

- વિદ્યાર્થીઓ સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરવું.
- જીવનના વાસ્તવિક અનુભવોની ચર્ચા કરી તેના સંદર્ભમાં તેમને વિચારતા કરવા.
- યોગ્ય વાંચન સાહિત્ય પૂરું પાડવું.
- ચોક્કસ વિષય, પરિસ્થિતિ, પ્રસંગ પરનું લેખનકાર્ય કરાવવું.
- વિદ્યાર્થીઓને તેમની જિજ્ઞાસા, સમસ્યાઓ, શંકાઓ, તણાવ અંગે સમજૂતી આપી તેને દૂર કરવા મદદરૂપ બનવું.
- આર્થિક અને સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા બાળકોને તેમની સુખાકારી માટે આવશ્યક જાણકારી આપવી.
- સમાનતા, ભેદ, માનવ અધિકાર, ભૃણહત્યા, બાળલગ્ન, જેવા સામાજિક પ્રશ્નોની ચર્ચા કરાવી શકાય.
- ગીત, નૃત્ય, નાટક, ડ્રોઈંગ, પ્રદર્શન, નિબંધ, વક્તૃત્વ, રંગોળી જેવી સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ કરાવી શકાય.
- લોકગીતો, લોકવાર્તા, કાવ્યો, નવલકથા, નવલિકા, હિંસા, સમાજમાં બનતા અનિચ્છનીય બનાવોની ચર્ચા બાળકના હૃદયને ઢંઢોળી શકે છે.
- શિક્ષક કે માતા-પિતાએ બાળકોની ભાવનાઓનો આદર કરી સમજદારી સાથે સ્વીકાર કરીને મદદરૂપ થવું.
- આપણી સંસ્કૃતિમાં પડેલા મહાન પાત્રો જેવા કે મહારાણા પ્રતાપ, શિવાજી, શ્રીકૃષ્ણ અને અર્જુન, હનુમાન અને જાંબુવત વગેરે જીવનસંઘર્ષની ક્ષણે કેવા અનુભવ કરે છે, નિર્ણયાત્મક ક્ષણ વખતે કેવી હતાશા કે સમસ્યા અનુભવે છે તેની ચર્ચાઓ કરી શકાય.
- વિવિધ ચલચિત્રો, સિરિયલો, ઑડિયો વિઝ્યુઅલ ક્લિપિંગ દ્વારા યોગ્ય ઉદાહરણ બતાવીને જીવનકૌશલ્ય વિકસાવી શકાય.
- NSS, NCC, સ્કાઉટ, ગાઇડ વગેરેના કાર્યક્રમો દ્વારા
- રાષ્ટ્રીય તહેવારો, વિશિષ્ટ દિનની ઉજવણી, શાળા સફાઈ, ગ્રામ સફાઈ, સેવાભાવી સંસ્થાની મુલાકાત જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય.
- કેટલીક ધાર્મિક સંસ્થાઓ તથા કેટલીક NGO પણ આ કાર્ય કરે છે, તેઓનો પણ સહકાર લઈ શકાય.
- પ્રત્યેક દેશની આશા તેના બાળકો છે. શિક્ષક તરીકે રોજ રોજ તેના જીવનને સ્પર્શવાની તક મળે છે. વિદ્યાર્થીના મા-બાપ સાથે સહયોગ રાખી કામગીરી થાય તો આપણે આજના બાળકને આવતીકાલનો આદર્શ નાગરિક બનાવવામાં સહાયરૂપ થઈ શકીએ.
- ઈસ્લામ, પારસી, શીખ, વગેરે ધાર્મિક સંપ્રદાયોમાં જોવા મળતા એકસરખા મૂલ્યોનું જતન કરતી હાદરૂપ બાબતોની ચર્ચા થઈ શકે.

## 5 પ્રત્યાયન કૌશલ્ય વિકાસ

(1) પ્રત્યાયન:

(1) પ્રસ્તાવના

(2) પ્રત્યાયન એટલે શું ?

(3) વ્યાખ્યા

(4) પ્રત્યાયનનાં લક્ષણો

(5) પ્રત્યાયનને અસર કરતાં પરિબળો

(2) પ્રત્યાયન કૌશલ્યો :

(3) વર્ગખંડ પ્રત્યાયન પ્રયુક્તિઓ :

(1) પ્રસ્તાવના :

· પ્રત્યાયનની સગવડ વગર સમાજની કલ્પનાઓ થઈ શકે તેમ નથી. માનવીની પ્રગતિ બીજા માનવીઓ સાથે વિચારોનું આદાન પ્રદાન અને અનુભવોના આદાન પ્રદાન પર આધારિત છે. વ્યક્તિઓ વચ્ચેના મતભેદો અને રાષ્ટ્રો વચ્ચેના મતભેદો માટે પ્રત્યાયનનો અભાવ જવાબદાર છે.

· સરળ શબ્દોમાં રજૂ કરીએ તો ધંધાદારી એકમમાં કામ કરતી વ્યક્તિઓ વચ્ચે માહિતીની આપલે કરવી તેનું નામ પ્રત્યાયન, ધંધાદારી સંચાલનમાં હુકમો, સૂચનાઓ, માહિતી અને વિચારોની આપલે અનિવાર્ય છે.

· સંચાલકની સફળતાનો જેટલો આધાર તેના બીજા કૌશલ્ય પર છે, તેટલો જ પ્રત્યાયન માટેની તેની આવડત પર છે. વધુ સારા પ્રત્યાયન દ્વારા વધુ સારું કામ લઈ શકાય છે. કર્મચારીઓ સરળતાથી નીતિનો સ્વીકાર કરે છે. સૂચનાઓ સમજે છે અને તેમનો સહકાર પ્રાપ્ત થઈ શકે છે.

· બીજી વ્યક્તિઓ પાસે કાર્ય કરાવવું હોય તો હાથ નીચેની વ્યક્તિઓને આદેશો આપવા પડે છે. સૂચનાઓ આપવી પડે છે અને જરૂર પડે તો માર્ગદર્શન પણ આપવું પડે છે. તેવી જ રીતે હાથ નીચેની વ્યક્તિઓની ફરિયાદો, મુકેલીઓ વગેરે સાંભળવી પણ પડે છે. આ બધા માટે જરૂર છે અસરકારક પ્રત્યાયનની.

· પ્રત્યાયન એ સંચાલનનું અલગ કાર્ય નથી, પરંતુ સંચાલકીય કાર્યો કરવા માટેનું સાધન છે. સંચાલનની કાર્યક્ષમતાનો આધાર અમુક અંશે પ્રત્યાયનની ગુણવત્તા ઉપર પણ રહેલો છે.

**(2) પ્રત્યાયન એટલે શું ? ( Meaning of Communication )**

· જંગલી અવસ્થાથી માંડી અત્યારની આધુનિક અવસ્થા સુધી માનવને પહોંચાડવામાં વિચારો, માહિતી લાગણીઓ, પ્રત્યાઘાતો, અનુભવો વગેરેની આપલે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આજે સામાન્ય માણસ પણ પોતાના સમયનો ૩/૪ ભાગ જેટલો સમય પ્રત્યાયન પાછળ ખર્ચે છે.

· વ્યક્તિ પોતાની લાગણીઓ, વિચારો, અનુભવો માહિતી વગેરે અન્ય વ્યક્તિઓ સાથે જે આપલે કરે છે તેને આપણે પ્રચલિત અર્થમાં પ્રત્યાયન કહીએ છીએ. વ્યક્તિઓ વચ્ચે જે માહિતની આપલે થાય છે અને આવી માહિતીની આપલેમાં જે સાધનો-માધ્યમો વપરાય છે તેને પ્રત્યાયન સાથે સંબંધ છે.

· ઔદ્યોગિક એકમના સંચાલન અને વહીવટ માટે વારંવાર હાથ નીચેના કર્મચારીઓને હુકમો મોક્લાવા પડે છે, તેમની પાસેથી ફરિયાદો અને અહેવાલો મેળવવા પડે છે. તેમનાં કાર્યોમાં ઝડપ આવે અને પ્રોત્સાહન મળી રહે તે પ્રમાણેનું માર્ગદર્શન આપવું પડે છે. આ બધા માટે પ્રત્યાયનની જરૂર છે. “પ્રત્યાયન એ સંચાલનનો પ્રથમ નંબરનો પ્રશ્ન છે.”

- મૂળભૂત રીતે પ્રત્યાયન એ દ્વિપક્ષી પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા માહિતીની આપલે થાય છે.
- કર્મચારીઓને કાયમી સોંપણી કરવાની હોય, જવાબદારી અને સત્તાની સોંપણી કરવાની હોય, હુકમો અને દોરવણી આપવાની હોય, નીતિની સ્પષ્ટતા કરવાની હોય ત્યારે આ બધા અંગે માહિતી આપી પડે છે. આથી પ્રત્યાયન અગત્યની મદદકર્તા પ્રવૃત્તિ બની જાય છે.
- આમ પ્રત્યાયન એટલે આપણા વિચારો આપણી દષ્ટિબિંદુથી અન્ય વ્યક્તિઓનાં મગજમાં દાખલ કરવા તેવી સમજૂતિ આપી શકાય.

**(3) વ્યાખ્યા :**

(1) બે વ્યક્તિ વચ્ચેની વાતચીતને પ્રત્યાયન દ્વારા ઓળખવામાં આવે છે. દા.ત. આપણે કોઇને ગુડ મોર્નિગ કરીએ તો સામેથી પ્રતિચાર મળે છે. ગુડ મોર્નિગ. આમ બે વ્યક્તિ વચ્ચે એકબીજા સાથે વ્યવહાર થાય છે. જે પ્રત્યાયનના નામે ઓળખી શકાય.

**(2) એલન :**

'જ્યારે કોઇ વ્યક્તિ અન્યના મનમાં અમુક સમજ ઊભી કરવા માંગે ત્યારે તે જે કાંઇ કરે છે તે બધાનો સરવાળો એટલે પ્રત્યાયન, તેમાં કહેવાની સાંભળવાની અને સમજવાની પદ્ધતિસરની અને સતત પ્રક્રિયાનો સમાવેશ થાય છે.'

**(3) ન્યુમેન અને સમર :**

"પ્રત્યાયન એટલે હકીક્ત, વિચારો, અભિપ્રાય અને લાગણીઓની બે કે વધુ વ્યક્તિઓ વચ્ચેની થતી આપ લે."

**(4) હાઈમેન :**

"પ્રત્યાયન એ વિચારોની આપલે કરવાની તેમજ પોતાના વિચારો બીજાઓને સમજવાની, પ્રક્રિયા છે."

**(5) ધી અમેરીકન સોસાયટી ઓફ ટ્રેનીંગ ડીરેક્ટર્સ**

"પરસ્પર સમજૂતી, વિશ્વાસ કે સારા માનવ સંબંધો સ્થાપવા માટે વિચાર કે માહિતીનો વિનિયોગ એટલે પ્રત્યાયન"

**(6) ઓડોનેલ :**

"એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે માહિતીની હેરફેર છે અને આ માહિતી મેળવનાર સમજી શકે તેવી હોય તેને પ્રત્યાયન કહે છે."

**(7) વેસ્ટર :**

"વિચારો, અભિપ્રાયો અને માહિતીનો અરસપરસ વિનિમય એટલે પ્રત્યાયન."

**(8) ડો . સક્સેના**

"આપણા વિચારો બીજાના મગજમાં દાખલ કરવા એટલે માહિતી સંચાર."

**(9) બી. સી. જી. બ્રોવિન :**

"વિચારો અને સમજ શક્તિન વિનિમયને પ્રત્યાયન કહેવાય."

**(10) કુંત્ઝડ અને ઓડોનેલ :**

"એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે થતી માહિતીની હેરફેર અને તે માહિતી મેળવનાર સમજી શકે તેવી હોય તેને પ્રત્યાયન કહે છે."

- આમ પ્રત્યાયનનો અભાવ વ્યાપક ખ્યાલ છે. તેમાં માત્ર શબ્દો દ્વારા કે લેખિત સ્વરૂપમાં આપવામાં આવતા સંદેશાઓ કે માહિતીનો જ સમાવેશ તો નથી. કોઇપણ રીતે અન્ય વ્યક્તિના માનસમાં ચોકકસ સમજૂતી ઊભી કરવાના બધા પ્રયાસો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

- પ્રત્યાયન એટલે વિચારો, અભિપ્રાયો અને હાવભાવમાં આવાગમન. પ્રત્યાયન સામાન્ય રીતે લેખિત કે શાબ્દિક સ્વરૂપમાં હોય છે. તેવી સમજ છે, પરંતુ વાસ્તવમાં તે એથી કંઇક વિશેષ છે. પ્રત્યક્ષ કે પરોક્ષ, જાણે કે અજાણે જે શબ્દો, વર્તન, વિચાર, લાગણી, હાવભાવ કે પડઘાના સરવાળાની રવાનગી એટલે પ્રત્યાયન.
- પ્રત્યાયનની ઉપરોક્ત વિવિધ વ્યાખ્યાઓને આધારે નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

(1) પ્રત્યાયન માનવના અસ્તિત્વ સાથે જ શરૂ થયેલી પ્રવૃત્તિ છે.

(2) પ્રત્યાયન ઈશારા દ્વારા, મૌખિક રીતે કે લેખિત રીતે થઈ શકે.

(3) પ્રત્યાયન દ્વારા બીજાના મનમાં અમુક સમજ ઉભી કરવામાં આવે છે.

(4) વિચારો, હકીકતો, લાગણીઓ, અભિપ્રાયો અને માહિતીનો અરસ-પરસ વિનિમય એટલે પ્રત્યાયન

(5) પ્રત્યાયન એ સતત પ્રક્રિયા છે, કાયમી પ્રક્રિયા છે.

(6) પ્રત્યાયન સંચાલનનો પ્રથમ નંબરનો પ્રશ્ન છે.

(7) પ્રત્યાયન એકમના સંચાલન અને વહીવટ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

(8) બર્નાર્ડના મત પ્રમાણે પ્રત્યાયન એ બધીજ જુથ પ્રવૃત્તિઓનો પાયો છે.

(9) પ્રત્યાયનમાં બે પક્ષો છે.

(10) કોઈ પણ વ્યક્તી એવ માહિતી મોકલે કે જે સમજી શકાય તેમ ન હોય ટ્રો તેને પ્રત્યાયન ન કહેવાય. પ્રત્યાયન એટલે માત્ર કહેવા અને સાંભળવાની પધ્ધતિ.

(11) પ્રત્યાયન દ્વારા પરસ્પર હકીકતો, સમાચાર, અભિપ્રાયો અને માહિતીની આપલે થાય છે. આથી પ્રત્યાયન દ્વિપક્ષી પ્રક્રિયા છે, પરંતુ અનેક માર્ગીય પ્રક્રિયા છે.

- પ્રત્યાયન માટે અંગ્રેજી શબ્દ છે 'Communication' મૂળ લેટિન શબ્દ Communicare (કોમ્યુનિકેર) કે communico (કોમ્યુનિકો) પરથી Communication શબ્દ પ્રચલિત બન્યો છે. આ શબ્દનો અર્થ to share થાય છે. અહીયા To Share નો અર્થ એકબીજા વચ્ચેની સંયુક્ત ભાગીદારી એવો કહી શકાય. પ્રત્યાયન એ આદન-પ્રદાન કરવાની પ્રક્રિયા છે.
- દા. ત. આપણે કોઇને ગુડમોર્નિગ કહીએ તો સામેથી પ્રતિવિચાર મળે છે. ગુડમોર્નિંગ, આમ બે વ્યક્તિ વચ્ચે એકબીજા સાથે વ્યવહાર થાય છે. જે પ્રત્યાયન નામે ઓળખી શકાય.

(4) પ્રત્યાયનનાં લક્ષણો : Characteristics of Communication

પ્રત્યાયનની ઉપર જણાવેલ વ્યાખ્યાઓના અભ્યાસ દ્વારા તેનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

**(1) દ્વિમાર્ગી પ્રક્રિયા છે**

ફક્ત માહિતી મોકલવાથી જ કામ પુરું થતું નથી. માહિતી આપવી અને માહિતી મેળવવી બંનેનો સમાવેશ પ્રત્યાયનમાં થાય છે. ઉપરી અધિકારી ફક્ત પોતાના મદદનીશને હુકમો કે સૂચનાઓ આપે એટલે કે તેનું કાર્ય પુરુ થતું નથી, પરંતુ તે મદદનીશ પાસેથી માહિતી મેળવી તેની વાત સાંભળે અને સમજે તે પણ જરૂરી છે. પ્રત્યાયન દ્વિમાર્ગી છે એમ કહેવાનો બીજો અર્થ એ પણ છે કે સંચાલક પોતાના મદદનીશને કહેવા માગે છે તે અંગેના પ્રત્યાઘાત શું છે અને તે સંદેશો સમજ્યો કે નહીં તે પણ જાણવું. ઈ

**(2) આંતરિક પ્રક્રિયા :**

પ્રત્યાયન ધંધાકીય એકમની આંતરિક પ્રક્રિયા છે. એટલે કે તેમાનાં માણસો માટે જ છે. જ્યારે ગ્રાહકો માટે વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે ત્યારે તે વહીવટી દૃષ્ટિએ માહિતી સંચાર નથી, પરંતુ જ્યારે મેનેજર પોતાના એકાઉન્ટને સૂચનાઓ આપે ત્યારે તે માહિતી સંચાર કહેવાય.

**(3) કાયમી પ્રક્રિયા :**

પ્રત્યાપન કાયમી પ્રક્રિયા છે એટલે કે ધંધાકીય એકમનાં સતત હુકમો, સૂચનાઓ અને માહિતીની આપ લે થતી રહે છે. ધંધો શરૂ થાય ત્યારથી પ્રત્યાયન શરૂ થાય છે અને ધંધો બંધ થાય ત્યારે જ તેનો અંત આવે છે.

**4 વહીવટી પ્રક્રિયા :**

ધંધાકીય એકમમાં માહિતીને વહીવટ સાથે સંબંધ છે. આમ તો દરેક પત્રકે જાહેરાતને પ્રત્યાયન કહેવાય, પરંતુ આપણે સંચાલનમાં પ્રત્યાયનને ઉપયોગ કરીએ છીએ ત્યારે તેનો અર્થ વહીવટી પ્રત્યાયન થાય છે. તે વહીવટના પ્રશ્નો ઉકેલવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**(5) બે પક્ષકાર :**

પ્રત્યાયન સંયુક્ત પ્રયાસ છે. આથી તેમાં બે પક્ષો અનિવાર્ય બને છે. એ બે પક્ષો માહિતી આપનાર અને માહિતી મેળવનાર પક્ષો છે.

**(6) હેતુલક્ષી પ્રક્રિયા :**

પ્રત્યાયન હેતુ ફક્ત માહિતી આપવાને કે લેવાનો નથી, પરંતુ તે દ્વારા શાળાના કે ઔદ્યોગિક એકમના ચોક્કસ હેતુ સિધ્ધ કરવાનો છે.

**(7) માનવીય પ્રક્રિયા :**

પ્રત્યાયન એ માનવીની સ્વભાવગત બાબત છે. દરેક માનવીને કોઇક માહિતી આપવી કે મેળવવી ગમે છે. પ્રત્યાયનના માધ્યમો ગમે તે હોય પરંતુ માનવી વગર અને તેના કૌશલ્ય વગર પ્રત્યાયન અમલમાં આવતો નથી. આ ઉપરાંત માહિતી તૈયાર કરનાર, મોક્લનાર અને મેળવનાર એમ ત્રણેય તબક્કે માનવી સંકળાયેલા છે. આ ઉપરાંત પ્રત્યાયન કરતી વખતે ભય, લાગણી, ક્રોધ વગેરે ઘણી બાબતો અસર કરે છે, તેથી તે માનવીય પ્રક્યિા ગણાય છે.

**(8) અંકુશલક્ષી કાર્ય :**

પ્રત્યાયનનો ઉદ્દેશ માહિતીની લેવડ-દેવડ દ્વારા સામા પક્ષકારમાં ચોક્કસ સમજૂતી ઊભી કરવાનો છે. આ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓમાં અપાયેલી સૂચનાઓ અને હુકમો પ્રમાણે થઇ કે નહીં તે અંગેની માહિતી મેળવીને તેની તપાસનો તથા ભૂલો અને ખામીઓ સુધારવાનો છે. આ રીતે જોઇએ તો પ્રત્યાયન દ્વારા વિવિધ વિભાગની પ્રવૃતિઓને અંકુશિત કરવામાં આવે છે.

**(9) એકમની દરેક સપાટીએ :**

પ્રત્યાયન એકમની દરેક સપાટીએ થાય છે. તળ સપાટીથી ઉચ્ચ સપાટી સુધી થયા કરે છે. દા.ત. શાળામાં સેવક ગણથી સંચાલક મંડળ સુધી પ્રત્યાયન થાય છે.

**(5) પ્રત્યાયનને અસર કરતાં પરિબળો**

**(1) અસ્પષ્ટ સંદશો :**

જયારે માહિતી કે સંદેશો મોકલનારે ઘડવામાં બેદરકાર બતાવી હોય, ગુંચવાડા કર્યા હોય, મહત્ત્વની બાબત ભૂલી જવામાં આવી હોય, શબ્દો ખોટા વાપર્યા હોય કે વાક્ય રચના ઢંગઢડા વિનાની હોય ત્યારે તેમાંથી અસંખ્ય ભૂલો જોવા મળે છે.

**(2) ભાષાની મુશ્કેલી :**

ભાષા અંગે અપૂરતું જ્ઞાન પ્રત્યાયનની પ્રક્રિયાને નિષ્ફળ બનાવે છે. જે સપાટી સંદેશાની આપ લે કરવાની હોય તે સપાટીને અનુરૂપ ભાષા હોવી જોઇએ. સંદેશાના યોગ્ય અર્થઘટન માટે પણ ભાષાનું પરિબળ મહત્ત્વનું ગણાય. મગજનું કામ વિચારવાનું છે, જયારે ભાષાનું કામ વિચારશક્તિની રજૂઆત કરવાનું છે. વિચારશક્તિ ગમે તેટલી સારી હોય પણ રજૂઆત યોગ્ય ન હોય તો... નિષ્ફળતા મળે છે. દા.ત. અંગ્રેજી માધમમની શાળા હોય તો સેવક સાથે પ્રત્યાયન

કરતા અંગ્રેજી ન જાણતો હોય તો પ્રત્યાયન નિષ્ફળ નીવડે છે. જે ભાષા સામે વ્યક્તિ જાણતી હોય તે ભાષામાં વાતચીત કરવી અનુકૂળ આવે છે.

**(3) સંદેશાના ઘડતરમાં ખામી :**

જે માહિતી મોક્લવાની હોય તેને લગતો સંદેશો ઘડવામાં જો ખામી રહી ગઇ હોય તો સામા પક્ષમાં ગેર સમજૂતી ઊભી થવાની.

દા.ત. શાળાના આચાર્ય સેવક દ્વારા એવો સંદેશો મોક્લે કે, આજે શાળામાં રજા રાખવી, શાળામાં ક્યાં તાસ પછી રજા રાખવી તે સ્પષ્ટ નથી. સંદેશો સ્પષ્ટ નથી એટલે પ્રત્યાયન વ્યવહાર થઇ શક્શે નહી.

**(4) દ્વિઅર્થી અર્થઘટન :**

કેટલીક્વાર સંદેશાનું એવી રીતે ઘડતર થયું હોય છે કે જેને કારણે તેનું દ્વિઅર્થી અર્થઘટન થઈ શકે છે. દા.ત. આચાર્ય શિક્ષકને આ પ્રમાણે સંદેશો મોકલે -"ચાલુ તાસના સમયે કોઇપણ શિક્ષકે બીડી પીવી નહિ." આ સંદેશો વાંચીને કેટલાક શિક્ષકો એવું પણ અર્થઘટન કરે કે ચાલુ કામે બીડી ન પિવાય પણ તાસ બંધ કરીને પી શકાય. વાસ્તવમાં સંદેશો આ પ્રમાણે હોવો જોઇએ. "ધુમપાન કરવાની સખત મનાઈ છે."

**(5) લાગણી :**

માહિતી આપનાર વ્યક્તિ અને માહિતી મેળવનાર વ્યક્તિ કેવા મૂડમાં છે તે બાબત પણ પ્રત્યાયનની પ્રક્રિયાને અસર કરે છે. ઉશ્કેરાટમાં માહિતી મોક્લવામાં આવે ત્યારે કદાચ તે ઓછી કે વધુ પડતી હોઇ શકે, ગભરાટમાં માહિતી મોકલવામાં આવી હોય ત્યારે કેટલીક વિગતો રહી જવાની. નકારાત્મક વલણો ધરાવતી વ્યક્તિઓ પણ પ્રત્યાયનની પ્રક્રિયામાં અવરોધક બને છે.

**(6) માહિતી સંચાલક સામે અવિશ્વાસ :**

શાળા કે કંપની તરફથી પ્રસારીત થતા પ્રત્યાયનના સંદેશા પરત્વે શિક્ષકને અશ્વિવાસ હશે તો તે માહિતી સમયસર મેળવવામાં અને તેનો અમલ કરવામાં તે ઉત્સાહ નહીં દાખવે. પ્રસારિત થતા સંદેશાઓ પાછળ સંચાલકો ખોટો ઈરાદો ધરાવે છે. તે ખ્યાલ પ્રત્યાયનની પ્રક્રિયા માટે અવરોધક બને છે. એ સ્પષ્ટ છે કે માહિતી મોક્લનાર અને મેળવનાર એબીજા ઉપર વિશ્વાસ ધરાવતા હશે તો જ સંદેશાઓની આપ લે ઝડપી અને હેતુલક્ષી બનો.

**(7) ભય :**

માહિતી સંચાલક ભયથી પ્રેરાઇને જો કોઇ માહિતી મોક્લતો હોય તો તે માહિતીનું સાચું સ્વરૂપ બદલાય જશે. આચાર્યનો ઠપકો મળશે તેવા ભયથી કેટલીક્વાર શિક્ષક સાચી માહિતી મોકલશે, તેજ રીતે માહિતી મેળવનાર પણ તેના અમલીકરણ વખતે ભય અનુભવતો હોય ત્યારે તેના વિપરીત પરિણામો આવશે.

**(8) બે ધ્યાનપણું :**

ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી શાળા કે શિક્ષક માટે નોટીસ પરિપત્ર કે અહેવાલ બહાર પાડે છે તેની તરફ ઘણી શાળા કે શિક્ષકો ધ્યાન આપતા નથી, પરિણામે ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી માહિતથી વંચિત રહે છે.

**(9) સમયનો અભાવ :**

પ્રત્યાયન માટે પૂરતો સમય હોવો જોઇએ. જો પુરતો સમય ન હોય તો જે જગ્યાએ માહિતી મોક્લી હોય તે માહિતી સમયના અભાવે પહોંચી શકે નહીં.

**(10) માહિતીને અસ્વીકાર :**

મોક્લવામાં આવેલ માહિતીનો અસ્વીકાર કરવામાં આવે તો પ્રત્યાયન થઇ શક્યું નથી. આચાર્યને શિક્ષક પ્રત્યે પરિણામને કારણે સંતોષ ન હોય તો શિક્ષક તરફથી મોક્લવામાં આવેલ માહિતીનો આચાર્ય અસ્વીકાર કરે તો પ્રત્યાયન થતું નથી.

**(11) યોગ્ય ક્રમનો અભાવ :**

માહિતી ક્યારે આપવી એના જેટલું મહત્ત્વ માહિતી કોને આપવી એ પ્રશ્ન ધરાવે છે. માહિતીની સાંકળમાં જેને સામાન્ય રીતે સ્થાન મળવું જોઇએ તેને સ્થાન આપવામાં ન આવે તે નિર્ણયના અમલમાં અવરોધ ઊભા થાય છે.

**(12) અયોગ્ય માધ્યમની પસંદગી :**

ક્યારે, કેટલા માણસોને કઇ માહિતી કેટલા સમયમાં પહોચાડવાની છે, વગેરે બાબતો પ્રત્યાયનના માધ્યમની પસંદગી કરતી વખતે ધ્યાનમાં લેવી જોઇએ. વધુ ઝડપી માહિતી મેળવવાની હોય ત્યારે ઝડપી માહિતી મોકલી શકાય તેવું માધ્યમ પસંદ કરવું જોઇએ.

**(2) પ્રત્યાયન કૌશલ્યો : ( Communication Skills )**

**(1) શ્રવણ : (Listening)**

- પ્રત્યાયનની આ પધ્ધતિમાં કર્મચારીને રૂબરૂ મૌખિક રીતે હુકમો, દોરવણી, સૂચનો વગેરે આપવામાં આવે છે. કર્મચારીઓ પણ ઘણી વખત સંચાલકોને માહિતી મૌખિક રીતે પૂરી પાડતા હોય છે.
- વ્યક્તિગત ચર્ચા, સભા, ટેલિફોન પર વાતચીત વ્યાખ્યાન વગેરે દ્વારા મૌખિક માહિતીની આપલે થાય છે. ત્યારે બીજી સામેની વ્યક્તિ સાંભળે છે કે શ્રવણ કરે છે. સાંભળીને જે માહિતી મળેલ હોય તેનો અમલ કરવાનો હોય છે.
- ઘણી વખત સભાઓ ભરી શાળાના આચાર્ય શિક્ષકોને માહિતી આપે છે. શિક્ષકોએ આચાર્ય દ્વારા કહેવામાં આવેલ માહિતી સાંભળીને તેનો અમલ કરવાનો હોય છે. આમ આ રીતે શ્રવણ કરીને પ્રત્યાયન કરે છે. સભામાં થયેલ ચર્ચા અંગે શિક્ષકો પ્રશ્નો પૂછી પ્રત્યાયન કરે છે. સભામાં થયેલ ચર્ચા અંગે શિક્ષકો પ્રશ્નો પૂછી પ્રત્યાયન કરે છે.
- શિક્ષકો પ્રશ્નો પૂછી પ્રત્યાયન કરે છે. ચર્ચામાં સામેલ થાય છે.
- સેમીનારમાં આવેલ વ્યકિતઓ સાંભળીને માહિતી મેળવે છે.
- કંપનીમાં કર્મચારીઓ આપવામાં આવતી માહિતી સાંભળીને આમ કરવાનો હોય છે.
- આ પ્રકારના પ્રત્યયનને મૌખિક પ્રત્યાયન કહેવાય છે.

**(2) પ્રવચન : (Speaking)**

- પ્રત્યાયનનું બીજું માધ્યમ પ્રવચન છે. જે કંઇ માહિતી હોય તે માહિતી પ્રવચન દ્વારા આપવાની હોય છે. આવી માહિતીને મૌખિક કહી શકાય.
- મોટી સંખ્યામાં કે સેમિનાર, વર્કશોપ વગેરેમાં પ્રવચન કરીને માહિતી આપવાની હોય છે.
- ખાસ કરીને શાળામાં પ્રાર્થના સભામાં કે વર્ગમાં શિક્ષક કે આચાર્ય પ્રવચન કરીને વિદ્યાર્થીઓને શીખવે છે.
- શાળામાં મોટા ભાગનું શિક્ષણ કાર્યપ્રવચન દ્વારા થાય છે. વિદ્યાર્થીઓ શિક્ષક દ્વારા થયેલા પ્રવચન સાંભળીને તે શીખે છે. જરૂર પડે તો પ્રશ્ન પૂછે છે.
- શાળા કે કોલેજમાં પ્રત્યાયનનું કાર્ય પ્રવચન પધ્ધતિ દ્વારા વધુ પ્રમાણમાં થાય છે. વિદ્યાર્થીઓ સાંભળીને શીખે છે.

**(3) વાંચન : (Reading)**

- વાંચન એ પ્રત્યાયન માટેનું અસરકારક કૌશલ્ય છે. વિદ્યાર્થીઓ ટેક્ષબુકનું વાંચન કરીને શિક્ષક સાથે પ્રત્યાયન કરે છે.
- શિક્ષક પ્રથમ શિક્ષણકાર્ય કરે છે. વિદ્યાર્થીઓ શિક્ષક દ્વારા જે માહિતી આપવામાં આવે છે તે સાંભળે છે, ક્યારેક નોંધ પણ કરાવે છે. થયેલ નોંધનું કે ટેક્ષબુકમાંથી વાંચન કરીને તેને જે પ્રશ્ન ઉદ્ભવે તે અંગે શિક્ષક સાથે પ્રત્યાયન કરે છે.
- વિદ્યાર્થીઓ વાંચન કરીને પરીક્ષા આપે છે.
- શિક્ષક સંદર્ભ પુસ્તક કે ટેક્ષબુકમાંથી વાંચન કરીને વિદ્યાર્થીઓને શીખવે છે. શિક્ષકે વાંચન કરીને પ્રત્યાયન કરવાનું હોય છે. શિક્ષનું પ્રત્યાયન જેટલું સારું તેટલી શિક્ષકની સારી છાપ ઊભી થાય છે.
- આ રીતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો વાંચન કરીને આદાન-પ્રદાન કરે છે. આ પ્રત્યાયન અસરકારક પ્રત્યાયન છે.
- શિક્ષક પાસે રજૂઆત કરવાનું કૌશલ્ય સારું તેટલા પ્રમાણમાં વિદ્યાર્થીઓ સારી રીતે સાભળીને શીખે છે.
- સેમિનાર, પ્રવચન, વર્કશોપ, જૂથચર્ચા વગેરે બાબત વાંચન કરીને થતી હોય છે.

**(4) લેખન : (Writing)**

- કાગળ ઉપર લખીને કરવામાં આવતા પ્રત્યાયનને લેખિત પ્રત્યાયન કહેવાય.
- તેના બે પ્રકાર છે.

**(1) છાપેલા સ્વરૂપના પત્ર વ્યવહાર**

**(2) લેખિત પત્રવ્યવહાર**

- જ્યારે એકની એક માહિતી અનેક વ્યક્તિઓને આપવાની હોય ત્યારે તે માહિતી છપાવવામાં આવે છે અને પછી જેમને તે માહિતી આપવાની હોય તેમને તે માહિતી મોક્લી અપવામાં આવે છે.
- નોકરીની શરતો અનેક કર્મચારીઓને સ્પર્શતી બાબત છે, તે છાપીને કર્મચારીઓને આપી શકાય.
- ધોરણ પ્રમાણે પાઠ્યપુસ્તક છાપીને વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. તેનો ઉપયોગ કરીને પરીક્ષા આપે છે.
- શિક્ષક પણ પાઠયપુસ્તકો ઉપયોગ કરીને પ્રત્યાયન કરે છે.
- નફાનુક્શાન ખાતું, પાકું સરવૈયુ, ઓડિટરનો અહેવાલ વગેરે પણ અનેક શેર હોલ્ડરોને મોકલવાનાં હોવાથી છપાવવામાં આવે છે. આ રીતે જ્યારે અનેક વ્યક્તિઓને માહિતી આપવાની હોય ત્યારે જો તે માહિતી છપાયેલા સ્વરૂપમાં આપવામાં આવે તે સમય, શક્તિ અને નાણાંનો બચાવ કરી શકાય. વળી તેનો રેકર્ડ પણ રાખી શકાય છે.
- પત્રવ્યવહાર સ્વરૂપનો પ્રત્યાયન એ વ્યક્તિગત રીતે કરવામાં આવતો લેખિત પ્રત્યાયન છે. જયારે કોઇ એક અથવા બહુ ઓછી વ્યક્તિઓને સૂચના આપવાની હોય, સલાહ આપવાની હોય કે મેમો આપવાનો અથવા બઢતી, બદલી કે અપકર્ષની જાણ કરવાની હોય ત્યારે લેખિત પત્ર વ્યવહારના સ્વરૂપનો પ્રત્યાયન કરવામાં આવે છે. પત્રો, પેન, પેન્સિલ કે ટાઈપ રાઇટરથી, કોમ્પ્યુટરથી લખવામાં આવે છે.
- લેખિત પત્રવ્યવહાર દ્વારા કોઇ વ્યક્તિને ખાસ માહિતી આપવાની હોય તે આપી શકાય છે, રહસ્યો જાળવી શકાય છે અને ભાવિ સંદર્ભ માટે તથા સાબિતી તરીકે રેકર્ડ પણ રાખી શકાય છે.

- લેખિત પત્રવ્યવહાર દ્વારા કોઇ વ્યક્તિને ખાસ માહિતી આપવાની હોય તો આપી શકાય છે, રહસ્યો જાળવી શકાય છે અને ભાવિ સંદર્ભ માટે તથા સાબિતી તરીકે રેકર્ડ પણ રાખી રાકાય છે.
- લેખિત પ્રત્યાયનની સફળતાનો આધાર શબ્દોની પસંદગી અને વાક્યરચના પર રહેલો છે. શબ્દોની પસંદગી અને વાક્યરચના માહિતીને અનુરૂપ હોવી જોઇએ, એટલું જ નહીં પરંતુ તેમાં કોઇ પણ પ્રકારની ગેર સમજૂતીઓ ઊભી થાય એવી વાક્ય રચના ન હોવી જોઇએ.
- પ્રત્યાયનની આ લેખિત પધ્ધતિમાં માહિતીની આપલે લખાણ દ્વારા થાય છે. માહિતીનો વિનિમય લેખત સ્વરૂપમાં થાય છે. એક સરખી કે એકજ પ્રકારની માહિતી જ્યારે અનેક વ્યક્તિઓને પહોંચાડવાની હોય ત્યારે લેખિત પ્રત્યાયનની પ્રથા અનુકૂળ ગણી શકાય.

  દા.ત. પરિપત્રો, ડો.ટેરી, લેખિત પ્રત્યાયનના સંદર્ભમાં ચાર 'સી' (Complete, Clear, Consise and Correct) ધ્યાનમાં રાખવાનું જણાવે છે. અર્થાત લેખિત માહિતી સંપૂર્ણ, સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સત્ય હોવી જોઇએ.
- લેખિત પ્રત્યાયનનો મોટો ફાયદો એ છે કે મેળવેલ કે મોક્લાવેલ માહિતીની નોંધ કે સાબિતી (પુરાવા માટે) રાખી શકાય છે. લેખિત માહિતીને આધારે ભવિષ્યમાં પણ નિર્ણય લેવામાં સુગમતા રહે છે.
- જો કે લેખિત પ્રત્યાયન પધ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ છે, જેવી કે માહિતી મોક્લવામાં વધુ પડતો વિલંબ થાય છે, સમય અને નાણાં ખર્ચાય છે, બધાજ સંજોગોમાં લેખિત માહિતી પણ મોક્લી શકાય વગેરે.

**(5) અર્થગ્રહણ : (Comprehension)**

- જ્યારે કોઇપણ વ્યક્તિ સાંભળીને, વાંચન કરીને પ્રત્યાયન કરે છે તેને અર્થગ્રહણ પ્રત્યાયન કહેવાય.
- વર્ગમાં વિદ્યાર્થીઓ શિક્ષક શીખવે ત્યારે તેની સમજશક્તિ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરે છે. તે પરીક્ષામાં સમજશક્તિ પ્રમાણે લખે છે. અથવા સમજશક્તિ પ્રમાણે રજૂઆત કરે છે.
- શિક્ષક વાંચન કરીને તેની સમજશક્તિ પ્રમાણે માહિતી મેળવે છે. માહિતી મેળવી વર્ગમાં રજૂ કરે છે. આ રીતે શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રત્યાયન થાય છે.
- શક્તિ પ્રમાણે જ્ઞાન મેળવવું અને તેની રજૂઆત કરવી.

**પ્રત્યાપન કૌશલ્યોનું વર્ગીકરણ**

| હાર્દરૂપ કૌશલ્યો | વિશિષ્ટ કૌશલ્યો | લક્ષ્યજૂથ સંદર્ભ કૌશલ્યો |
|---|---|---|
| • કથન | • વિષયનું સ્વરૂપ | • અધ્યેતાઓની ખાસ જરૂરિયાત વિષયક |
| • પઠન | • હેતુઓનું સ્તર | |
| • સ્પષ્ટીકરણ | • શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ | |
| • પ્રશ્નોત્તરી | | |
| • ચર્ચા | | |
| • ઉદ્દીપન વૈવિધ્ય | | |

**(6) અભિવ્યક્તિ કૌશલ્ય વિકાસ-વાક કૌશલ્ય**

સફળ માનવજીવન માટે અનેક પ્રકારની કુશળતાઓ પ્રાપ્ત કરવાની જરૂર પડે છે, જેવી કે સમયનું વ્યવસ્થાપન, તનાવભરી પરિસ્થિતિનું વ્યવસ્થાપન, આરોગ્ય, નાણાકીય અને પર્યાવરણીય

વ્યવસ્થાપન તથા વાક્ કૌશલ્ય. સંસ્કૃત સાહિત્યમાં કહ્યું કે 'વારે વારે જાયતે-તત્ત્વ બોધ :/' અર્થાત્ વાદ્ વિવાદથી તત્ત્વની જાણકારી થાય છે. માણસ ગમે તેટલો પારંગત હોય પરંતુ જયાં સુધી તે બોલે નહીં ત્યાં સુધી તેનો સાચો પરિચય પામી શકાતો નથી. આથી એમ કહેવાયમાં કશું ખોટું નથી કે જે "વ્યક્ત થાય તે વ્યક્તિત્વ." માણસ પોતાના રૂપ, રંગ, પોષાક, અભ્યાસ અને વ્યવસાય વડે અન્ય પર પોતાની છાપ પાડી શકે છે. પરંતુ એમાં વાણી-વ્યવહારની ઊભી થતી છાપ અનોખી હોય છે.

માતૃભાષા શિક્ષણનાં ચાર પાયાનાં કૌશલ્યો છે : શ્રવણ, કથન, વાચન અને લેખન. બાળકમાં ભાષા શિક્ષણની કુશળતા પણ આ ક્રમમાં જ વિકાસ પામે છે. બાળક કુટુંબના સભ્યોના વાણી-વ્યવહારનું શ્રવણ કરે છે. પછી તેઓનું અનુકરણ કરી બોલતાં શીખે છે. પછી શાળામાં જઈ વાંચતા-લખતાં અને વિચારતાં શીખે છે. આમ, વાસ્તવિક જીવનના અનુભવો બાળકની ગ્રહણશક્તિને પોષક જેટલા વધુ તેટલો ભાષાવિકાસ ઝડપી અને સારો. આથી તો કેળવણીકારો માતૃભાષા, શિક્ષણનું માધ્યમ હોય એવો આગ્રહ રાખે છે. મોટાભાગે શિક્ષણ સંસ્થાઓમાં ચાલતા વિવિધ વિષયોમાં રજૂ થયેલ માહિતી માતૃભાષામાં જ હોય છે. ગણિતમાં દાખલાની રકમ પણ માતૃભાષામાં સમજવી સરળ પડે છે. ડૂબતો માણસ ગમે તે દેશ કે પ્રદેશનો હોય પરંતુ ડૂબતી વખતે ચીસ તો માતૃભાષામાં જ પાડે છે. 'ઓ બાપરે, મરી ગયો, કોઇ બચાવો...!' માતૃભાષાનો સંબંધ આપણી ગળથૂથીનો છે.

માતૃભાષા શિક્ષણ અને વાક્ કૌશલ્યની વાત કરીએ ત્યારે શિષ્ટ ભાષામાં બોલવું એવો અર્થ અભિપ્રેત છે, પરંતુ એનો અર્થ એવો નથી કે લોકબોલી/લોકભાષાનું માનવજીવનમાં કોઈ સ્થાન જ નથી. આપણી ચરોતરી, કાઠિયાવાડી, મહેસાણાની અને સૂરતી લોકબોલી પણ અભિવ્યક્તિની કુશળતાનું એક મજબૂત માધ્યમ છે. આ બાબત એક ઉદાહરણથી સમજીએ : ઉદાહરણ સૂરતી લોકબોલીનું છે. સુરત તરફનો એક લગ્નોત્સુક યુવાન પોતાના પરિણીત મિત્રની લગ્ન કરવા, ન કરવા બાબત સલાહ માગે છે. પેલો લગ્નજીવનનો જેને અનુભવ છે તે મિત્ર લગ્ન કરવા ઈચ્છુક મિત્રને કાવ્યમય સૂરતી લોકબોલીમાં સલાહ આપે છે. કાવ્યનું શીર્ષક છે :

"પછી ટુ કેટોની..."

પરનીને પહટાય તો કેટોની
પછી વાહન અઠડાય તો કેટોની
હમનાં ટો કેટો છે કે પાંપન પર ઊંચકે લેવ
પછી માઠે ચડી જાય તો કેટોની... પત્નીને...
હમનાં ટો પ્યાર જાને રેહમની ડોરી
પછી એમાં લૂઘડાં હૂકવાય તો કેટોની... પત્નીને..
એની આંખોના આભમાં પંખીનાં ટોળાં
પછી એમાં ડોળા દેખાય તો કેટોની... પત્નીને...
હમ, ટુમ ઔહ ટન્હાઈ
એ બઢુ ઠીક છે માળા ભાઈ
પછી પોયરાં અટવાય ટો કેટોની... પત્નીને...

આમ વાક્ કૌશલ્ય એ શિષ્ટ ભાષા સ્વરૂપે જ હોય એવું નથી. ઉપર જોયું તેમ લોકબોલી/લોકભાષા પણ અભિવ્યક્તિનું અસરકારક માધ્યમ બની શકે છે. બાળકના વાક્‌કૌશલ્યના વિકાસ માટે શિક્ષક ગુજરાતની વિવિધ લોકબોલીઓમાં પડેલ આવાં ઉદાહરણોનો સંગ્રહ કરી તું યથાસમયે વાક્‌કૌશલ્યની અનુભૂતિ કરાવી શકે.

· બાળકના વાકૌશલ્યના વિકાસ માટે માતૃભાષાના શિક્ષકમાં નીચે જેવી યોગ્યતાની અપેક્ષા છે :

(1) બીજા કહે, વાંચે, લખે તે વિદ્યાર્થીઓને સમજતાં શીખવવું-(સમજશક્તિ)

(2) વિદ્યાર્થીઓને વિચાર કરતાં શીખવી શકવું.

ઊડતા પંખીની ચાંચમાંથી નીતરતું પાણીનું ટીપું પડતાં સરોવર હાલી ઊઠ્યું. ખરેખર સરોવર હશે કે ખાબોચિયું ? (વિચારશક્તિનો વિકાસ)

(3) વિચારની સરળતા, સજીવતા, સુંદરતાનો વિદ્યાર્થીને અનુભવ કરાવી શકવો. (રસદર્શન શક્તિનો વિકાસ)

(4) વિદ્યાર્થીઓ પોતાનો વિચાર સ્પષ્ટ અને સરળ/સહજ રીતે રજૂ કરે તેમ શીખવી શકવું. (આવિષ્કરણ શક્તિનો વિકાસ)

(5) પુસ્તક પસંદ કરતાં, ઉપયોગ કરતાં શીખવી શકવું.

(6) પરિસંવાદ : કોઇ બોલે બીજા પ્રશ્નો કરે, બોલનાર કે અન્ય દ્વારા ઉકેલ રજૂ થાય તેને પરિસંવાદ કહેવાય. માતૃભાષામાં વાકૌશલ્યના વિકાસ માટે પરિસંવાદ અસરકારક માધ્યમ છે. કારણ તેમાં સમૂહ સાથે હોવાથી ક્ષોભ કે સંકોચ ઓછો થાય છે.

શું આપણી માતૃભાષાના શિક્ષકો આપણી અપેક્ષાઓ સંતોષી શકે છે ખરા ? આપણા વિદ્યાર્થીઓની લિખિત, મૌખિક અભિવ્યક્તિ/વાકૌશલ્યના આજના વિકાસથી આપણને સંતોષ છે ખરો ? ઉત્તર છે ના. તો એવાં કયાં કારણો છે, જે આપણા વિદ્યાર્થીઓની ઉપરોક્ત કુશળતાઓની આડે આવે છે તે જોઇએ.

· લેખન અને વાક્ કૌશલ્યને અવરોધક બાબતો અને તેના ઉપાયો :

(1) આજના આપણા મોટાભાગના વિદ્યાર્થીઓ પાઠયપુસ્તક વાંચતા નથી. ગાઈડ જ વાંચે છે. તેને કારણે તેઓને ચિંતન કરવાની આદત પડતી જ નથી. તૈયાર ઉત્તરો મળી જાય છે. આપણે વિદ્યાર્થીને વર્ગમાં ગાઇડ ન લાવવા બંધી ફરમાવીએ છીએ પરંતુ ગાઇડ લખનારાઓને રોકી શકાતા નથી.

આનો ઉપાય સરળ છે. પાઠ/કાવ્ય/પ્રકરણ નીચે પ્રશ્નો છાપવાનું બંધ કરો. શિક્ષક પ્રશ્નો રચે, વિદ્યાર્થીઓ ઉત્તરો ગોઠવીને લખે. જુદી જુદી સંસ્થામાં શિક્ષકો પોતાની રીતે પ્રશ્નો રચે તેથી પ્રશ્નોમાં અને ઉત્તરોમાં વિવિધતા જોવા મળશે. ઉભય પક્ષે મહેનત કરવી પડશે. ઉત્તરો લખવા તૈયાર પ્રશ્નો ન હોવાથી ગાઈડ લખનાર આપોઆપ બંધ થશે. આમ શિક્ષકો અને વિદ્યાર્થીઓને તૈયાર સાહિત્યને અભાવે ચિંતન કરવું પડશે.

(2) ચર્ચાસભામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ ગોખેલું બોલતા લાગે છે. ભૂલી જવાશે એના ભયથી ઝડપથી બોલી નાખે છે. જીભ થોથરાય છે, પુનરાવર્તન થાય છે.

આનો પણ ઉપાય છે. શિક્ષકે જાતે કદી વિદ્યાર્થીને બોલવાની સ્ક્રિપ્ટ લખી ન આપવી. બોલવાનું મટીરીયલ વિદ્યાર્થી પાસે એકત્ર કરાવવું. શિક્ષકે મઠારી આપવું. સુયોગ્ય ક્રમમાં ગોઠવી આપવું. બોલતી વખતના આરોહઅવરોહ અને વિરામચિહ્નોના ઉપયોગ બાબત તાલીમ આપવી. આગળના અને પછીના બોલનાર પ્રતિસ્પર્ધીનો સંભવિત મુદ્દો અને તેની સામે ધારદાર દલીલ બાબત તૈયારી અગાઉથી કરાવવી. આ બધા માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓને સારા વક્તાઓને સાંભળવાની તકો પૂરી પાડવી. પંદર દિવસના વાંચન જેટલું વક્તા પાસેથી દોઢ કલાકમાં મળે છે.

મારે એક વખત 'પ્રવર્તમાન ભારત : દશા અને દિશા' એ વિષય પર વક્તવ્ય આપવાનું હતું. આગળના ઘણા વક્તાઓએ ભારતના પ્રાણપ્રશ્નો અને ધૂંધળા ભાવિની વાત કરી દીધી હતી. મારે માટે ખાસ બાકી રાખ્યું ન હતું. આવે વખતે આપણે કરેલું વિશાળ સંદર્ભોનું વાંચન કામ આવે.

મેં કહ્યું : બાપૂ તુમ્હારા નામ આતે હી

આ જાને દો શબ્દ યાદ : 'સત્ય ઔર અહિંસા',

લેકિન તેરે દેશ બાંધવોને કર દિખાયે દો કમાલઃ,

'અહિંસા'સે અ નિકાલ કે સત્ય કે આગે જોડ દિયા.

આઝાદી પછી પણ દેશની કેવી દુર્દશા થઈ છે ? રાષ્ટ્રને કેવા નેતાઓ મળ્યા છે ?

જો કાંતે રેંટિયો તો માત્ર ફોટોગ્રાફરો સામે,

સોંપી ગયા કોને તમારું કામ બાપૂજી...

તમારાથી સવાયા વાણિયા આવ્યા છે ગાદી પર.

હવે જાહેરમાં થાતા રહો લિલામ ગાંધીજી.

છતાં ભારતની દશા સાવ નિરાશ થવા જેવી નથી. લોકોને ગાંધીના ત્યાગ અને બલિદાનની કિંમત છે.

હજી ફોટો તો લટકે છે તમારો દેશની ભીંતે

રહી છે એટલી વિનુને હૈયે હામ બાપૂજી..

આમ વાકૌશલ્યના વિકાસ માટે શિક્ષકોએ વિદ્યાર્થીને વિશાળ વાંચન સંદર્ભોની માહિતી પૂરી પાડવી અને ઉચ્ચકક્ષાના વક્તાઓને સાંભળવાની તકો ઊભી કરવી. જે વિદ્યાર્થીઓ સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેમને કેટલાક સંજોગોમાં છૂટછાટો આપવી.

(3) ક્યારેક કવિ/લેખકને સમજવા સમજાવવામાં શિક્ષક નબળા પડે છે. આનો પણ ઉપાય છે. શિક્ષકે મૂળ સંદર્ભોનું વાંચન કરતા રહેવું. 'ગુણસુંદરીનો ઘરસંસાર' પાઠ ભણાવનારે સરસ્વતીચંદ્ર નવલકથાનો પરિચય કેળવી લેવો જોઈએ. ક્યારેક સંદર્ભ વિના શિક્ષક અને વિદ્યાર્થીઓ બંનેમાં ગેરસમજ પ્રવર્તે છે. આ બાબત વર્ગખંડમાં શિક્ષક-વિદ્યાર્થીની ચર્ચાને આધારે સમજીએ.

શિક્ષક : આ સઘળું કોણે બનાવ્યું ? ''

વિદ્યાર્થી : ઈશ્વરે. (એમના ગામમાં રહેતો ઈશ્વર નામનો પ્રજાપતિ)

શિક્ષક : શા માટે બનાવ્યું ?

વિદ્યાર્થી : તાપવા. (વિદ્યાર્થીઓ રાંધવાના સગડાની વાત સમજયા)

અહીં આ સક્લ સૃષ્ટિના સર્જન અને સર્જકની વાત છે, કુંભારની વાત નથી. 'ચિતારો' - કાવ્ય શીખવતા શિક્ષકને પણ આવો જ અનુભવ થાય છે.

અજબ મિલાવટ કરી ચિતારે રંગપ્યાલીઓ ભરી

એક લસરકે ફૂટી નીકળ્યાં જંગલ જંગલ ઝાડ અને આ પૃથ્વી પરના પ્હાડ

ચિતરે ફરી ફરી ચિતારે રંગ પ્યાલીઓ ભરી

કાવ્ય પઠન પછી વર્ગમાં પ્રશ્નોત્તરી ચાલે છે.

શિક્ષક : ચિતારો એટલે કોણ ?

વિદ્યાર્થી : ચિત્રકાર. (અહીં તો સૃષ્ટિના સર્જનહાર ઈશ્વરની વાત છે.)

'એક ઘા' - કાવ્ય શીખવતા શિક્ષક અને તેના વિદ્યાર્થીઓ વચ્ચે પણ સંદર્ભોના જ્ઞાનને અભાવે ગેરસમજ પ્રવર્તે છે.

"તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો" અહીં કેટલાક શિક્ષકો અને મોટાભાગના વિદ્યાર્થીઓ પંખી અને પારધીનો સંદર્ભ લે છે. ખરેખર તો પંખી એ શોભના ને દાસી છે અને પારધી એ કવિ કલાપી છે. આ તે પ્રણય કાવ્ય છે, પ્રતીક કાવ્ય છે.

'ધૂળિયે મારગ' - કાવ્ય શીખતા શિક્ષક પણ નાં સંદર્ભોના વાચનને અભાવે ગેરસમજ ઊભી કરે છે.

સોનાની તો સાંકડી ગલી હેતુ ગણતું હતું,

દોઢિયાં માટે દોડતાં જેમાં જીવતાં જોને પ્રેત.

અહીં મોટા મોટા મહેલોમાં રહેનારા શહેરીજનો,પડોશીની ગેરહાજરીમાં તેના મહેમાનને આવતા જોઇ બારણું બંધ કરી દે છે, એવા શહેરીજનો સાંકડા મનના હોય છે. કશો હેતુ સિદ્ધ કરવાનો હોય ત્યારે જ બીજા તરફ હેત રાખે છે. સવારે ફૈટરીનું વ્હીસલ વાગે ત્યારે સાઇકલ પાછળ એલ્યુમિનિયમનું ટિફીનનું ડબલું મૂકી જાણે જીવતાં ભૂત ભાગતાં હોય તેવી હડિયાપાટી કરે છે. આ વાત છે નવા સવા શિક્ષકો ક્યારેક શબ્દાર્થને આધારે ની અભિવ્યક્તિ કરતાં મસમોટી ભૂલ કરી બેસે છે.

બાળકના વાક્કૌશલ્યના વિકાસ માટે શિક્ષકે સદષ્ટાંત સમજ આપવાનો આગ્રહ રાખવો જોઇએ. એનાથી સાહચર્યના નિયમ મુજબ એવા જ પ્રકારનો બીજો એકમ શીખવવામાં ઓછો સમય જાય છે. પછી તો વિદ્યાર્થીઓ સમાન પ્રકારના એકમને સ્વઅધ્યયનથી પણ સમજી શકે છે.

(4) બાળકો તો ઠીક પરંતુ શિક્ષકો પણ ક્યારેક અમૂક બાબતોમાં અવઢવમાં હોય છે. દા.ત. ઇશ્વરનું સ્વરૂપ, ધર્મનો ખ્યાલ.

આવી બાબતો બાળકના વાક કૌશલ્યમાં અવરોધક બને છે. આનો પણ ઉપાય છે. સારા શિક્ષકે કોઈ દિવસ પોતાના ઉપર કોઇ ધર્મનું લેબલ ન લગાડવું. માનવધર્મની વાત કરવી. ઇશ્વરના અસ્તિત્વની ઝાંખી થાય એવાં ઉદાહરણો બાળકો સમક્ષ રજૂ કરવાં. જો તમે કોઈ ધર્મ કે સંપ્રદાયના અનુયાયી હો અને તેની કંઠી કે તિલક કરીને જાવ તો બાળકો જે તમારા સંપ્રદાયના નથી તે મૂંઝવણ અનુભવશે. ધર્મ કે ઇશ્વર વિશે બોલવાનું હશે તો બાળકો મૌન ધારણ કરશે. આપણા સાહેબ જેમાં માને છે તે ધર્મ/ સંપ્રદાય ખોટો થોડો હોય ?... એવી શંકા તેમના વાણીને અવરોધે છે.

બાબાસાહેબને મતે સાચો ધર્મ એ કહેવાય કે જે સમગ્ર સંસારમાં સમાન રીતે લાગુ પડી શકાય. એવો ધર્મ ફક્ત માનવતા છે. બાકીના બધા ધર્મોમાં અને એની માન્યતાઓમાં કશું ને કશું ચર્ચાસ્પદ છે. ઇશ્વરના અસ્તિત્વની અનુભૂતિ કરાવવા શિક્ષક શેરડી અને લીમડાનું ઉદાહરણ આપી શકે. ખેતરની વાડે લીમડો અને પાળિયામાં શેરડી બંનેનાં મૂળ એક જ માટીમાં છતાં એકમાં કડવો અને બીજામાં મીઠો રસ છે.

એક વીર્યના બુંદમાંથી માનવ બાળક જન્મે છે. તેને જઠર, ફેફસાં, નાનું-મોટું આંતરડું, મગજ, ધમની, શીરા, આંખ, નાક, કાન, હૃદય-કેટકેટલું મળી જાય અને તે પણ બધું સ્વયંસંચાલિત. અબજોપતિ પણ સ્વજનના જીવને જતો રોકી ન શકે. આવી બાબતોની ચર્ચા બાળકના વાક કૌશલ્યના વિકાસની સાથે સાથે ઇશ્વરના અસ્તિત્વની ઝાંખી પણ કરાવે છે.

(5) શિક્ષક ક્યારેક લાંબુ વિચાર્યા વિના બોલી નાખે છે. જેનાથી ઊભી થતી ચિંતા બાળકના વાણી વ્યવહારને કુંઠિત કરી મૂકે છે. 1964 ની વાત છે. હું ધોરણ-8 માં ભણતો હતો. મારા સમાજવિદ્યાના શિક્ષક બાબુભાઇ ઉર્ફે ધીરુભાઇ બોલ્યા : "1974 માં આ દુનિયાનો નાશ થવાનો છે." શિક્ષક અને તે પણ સમાજવિદ્યાના બોલે તો કાંઇ ખોટું થોડું હોય ? આ વાતની ચિંતાએ કેરોસીનના દીવે અભ્યાસ કરતા પાંચ ગાઉ ચાલીને ભણવા જતા મારા જેવા વિદ્યાર્થીના પગ ભાંગી નાખ્યા. ઉપલા નંબરે પાસ થનાર હું એ વર્ષે પ્રથમ કસોટીમાં નાપાસ થઇ બેઠો. શાળા એક લઘુ સમાજ છે. એમાં દરેક સ્તરનાં બાળકો ભણવા આવે છે. જો દુનિયાનો નાશ જ થવાનો હોય તો આટલું લાંબુ ચાલી મરવું. દીવે આંખો ફોડવી અને દફતરનો ભાર શાને વીંઢાળવો ? શિક્ષકની એક વિચાર્યા વિનાની વાત બાળકને કેવો મૂંગો બનાવી દે છે જોયું ને ?

(6) શાળાઓમાં ચાલતી બિનતંદુરસ્ત સ્પર્ધા બાળકના વાણી વ્યવહારને છંછેડે છે/અવરોધે છે. વ્યક્તિત્વ વિકાસની તકો સાધનસંપન્ન ઉચ્ચ વર્ગ/વર્ણના ઓળખીતા રૂપાળા હોશિયારને વિશેષ મળે છે. ચોરીનો કહેવાતો લાભ ઊંચી ટકાવારી વગેરે બધું સમાજના ભદ્ર વર્ગને સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. કારણ એમનાં મા બાપ ધનસંપત્તિ અને ઉચ્ચ હોદાઓનો લાભ શિક્ષણસંસ્થાને આપી શકે છે. ગરીબ, પછાત બાળકો અને તેમના વાલીઓ એ દષ્ટિએ ઉપયોગી

બનતા નથી. આવી બાબતો બાળકોમાં લઘુતા પેદા કરે છે, જે તેમના વાણીવ્યવહારને અવરોધક બને છે.

(7) આજે શાળાઓમાં વ્યાકરણ લગભગ શીખવાતું નથી. વ્યાકરણના જ્ઞાનનો અભાવ બાળકની અભિવ્યક્તિમાં ખૂટતી કડી સાબિત થાય છે. શિક્ષકોએ જે તે પાઠને આનુષંગિક વ્યાકરણ શીખવવું જ જોઇએ અને કેટલીક બાબતો તો એવી હોય છે જે એકવાર શીખવે તો કાયમી તે લાભ આપી શકે છે. દા.ત. 'ઇક' પ્રત્યયવાળા શબ્દોની કે જોડણી : ઐતિહાસિક, માર્મિક, ધાર્મિક, વાર્ષિકમાં હ્રસ્વ 'ઇ' લખાય છે. છેડે 'ઉ' હોય તો હ્રસ્વ લખાય છે. દા.ત. કેવું, મોટું, છેટું, રૂડું, રૂપાળું, નાન્યતર જાતિ અનુસ્વાર ને લે છે. દા.ત. નાનાં છોકરાં, ઘેટાં-બકરાં.

શિક્ષકો આવું નિયમબદ્ધ વ્યાકરણ ન શીખવે તો બાળકો વિરોધ કરવા જેટલાં શક્તિમાન હોતાં નથી, પરંતુ આવી ઘટનાઓથી પેદા થતી નકારાત્મક અસરો બાળકના વાક્ કૌશલ્યને અવરોધે છે.

(8) વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો ઉપયોગ કરતા નથી. તેથી અભિવ્યક્તિ કે વાણી વ્યવહાર માટે જે સાહિત્યિક ખજાનો તેમની પાસે હોવો જોઈએ તે અપૂરતો માલૂમ પડે છે. આનો પણ ઉપાય છે. બાળકોને ટ્યૂશન અને ગૃહકાર્ય-વધુ પડતો સમય ખાઇ જાય છે. આ માટે 9 મામાં ગણિત અને 10 મામાં ગણિત, અંગ્રેજી, વિજ્ઞાનનું જ ટ્યૂશન રાખવું. ગ્રંથાલયમાં સમય કાઢી સંદર્ભો વાપરી લખવા પડે તેવા ચિંતનપ્રધાન પ્રશ્નો જ ગૃહકાર્યમાં લખવા આપવા. ખાલી જગ્યા, જોડકાં, ખરાં ખોટાં, લઘુ જવાબી પ્રશ્નોની ચર્ચા વર્ગમાં પતાવી દેવી. જેથી અભ્યાસનું ભારણ ઘટે. ઈતર વાંચનને મૂલ્યાંકનમાં સ્થાન આપવું, ખુલ્લાં પુસ્તકાલયોમાં જઇ સંદર્ભ પુસ્તકો શોધતાં શીખવવું, આમ કરીએ તો વાક્કૌશલ્યના વિકાસને પોષક સંદર્ભજ્ઞાન એકત્ર થાય.

(9) લેખન અને રચના વિભાગમાં જરૂરી અરજી, અહેવાલ, સંવાદ, પુસ્તકો માટે ઑર્ડર, આમંત્રણપત્રિકા કે ઉદ્ઘોષણા માટેની સ્ક્રીપ્ટને યોગ્ય સ્થાન અપાતું નથી. સાધારણ રીતે પરીક્ષામાં 35 ગુણ પાઠ કવિતાના પ્રશ્નોના અને બાકીના 65 ગુણ લેખન અને રચના વિભાગના હોય છે. આપણે આખું વર્ષ 35 ગુણ પાછળ પડી જઇએ છીએ અને 65 ગુણના કાર્યને ટાળી કે છોડી દઈએ છીએ. આ હકીકત બાળકોના વાકૌશલ્યના વિકાસમાં બાધક બને છે. શાળાઓમાં લિખિત મૌખિક-અભિવ્યક્તિના વિકાસ માટે ઉપરોક્ત જીવનોપયોગી બાબતોના શિક્ષણ અને મહાવરાને સ્થાન મળવું જોઇએ.

(10) શાળાઓમાં ગૃહકાર્ય શિક્ષક દ્વારા મહદ્અંશે તપાસવામાં આવતું નથી. મોનિટર ટીક કરી દે છે. ક્યારેક ન લાવ્યા હોય તે ઊભા થાય એમ કરી થોડી શિક્ષા કરી દેવાય છે. ગૃહકાર્ય તપાસવું જોઇએ. નમૂનારૂપ હોય તે સૌ સમક્ષ વંચાવવું જોઇએ તો નબળાને શીખવા અને સબળાને પ્રોત્સાહન મળે. રજૂઆત કરનારની વાણીવ્યવહાર કુશળતા વિકસતી રહે.

(11) શાળાઓમાં ટીચર ઍક્સચેન્જને મહત્ત્વ અપાતું નથી. આપણા શિક્ષકે વકતા તરીકે બીજે જવું અને બીજાને આપણે ત્યાં લાવવા. પરસ્પરની સારી બાબતો વખાણવી, જેથી બાળકોમાં એમિસીએશનનો ગુણ વિકસે. આપણામાં કહેવત છે ને "પારકી મા જ કાન વીંધે", હંમેશાં ઓછી પરિચિત વ્યક્તિ વધુ અસર ઉપજાવી શકે છે. જેની સાથે કાયમ બેસતા હોય તેની નબળી બાબતોની જાણકારી આપણને તેની વાત સ્વીકારવા દેતી નથી.

(12) જે તે ભાષાના શિક્ષકો/અધ્યાપકો પોતે શીખવે છે તે ભાષાનો વિદ્યાર્થીઓ સાથેના વાણી વ્યવહારમાં ઉપયોગ કરતા નથી. એવો ઉપયોગ કરવાનો આગ્રહ પણ રાખતા નથી. આથી વિદ્યાર્થીઓમાં વિવિધ ભાષાઓના ઉપયોગમાં અભિવ્યક્તિની કુશળતા જોવા મળતી નથી.

આનો પણ ઉપાય છે. ભાવનગર ગુલાબરાય સંઘવી બી.એ. કૉલેજમાં ડૉ. જશુભાઇ ભટ્ટ અને ડૉ. રવીન્દ્ર અંધારિયા અનુક્રમે અંગ્રેજી અને હિંદીમાં બોલવા, બોલાવવાનો આગ્રહ રાખતા તેનો હું સાક્ષી છું. ત્યાં હું ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરતાં વિદ્યાર્થીઓમાં અંગ્રેજી,

હિંદીમાં વાક કૌશલ્યના વિકાસને જોઇ સાંભળીને અનુભવી શકતો. શું આપણે બધા બધે જ આ વાતનો અમલ ન કરી શકીએ ?

(13) ભાષા સિવાયના શિક્ષકો/અધ્યાપકો જોડણી કે ઉચ્ચારણ શુદ્ધિને મહત્ત્વ આપતા નથી. અમદાવાદ રેલવે સ્ટેશન સામે હોટલનું નામ 'આશિર્વાદ' લખેલું છે. મારા જેવાને તો એ આંખમાં કણાની જેમ ખટકે છે. કેટલાક કહે છે કે દૂધ આમ ન લખો કે દુધ આમ લખો તો પાણી થોડું થઇ જવાનું છે ? પણ વધુ અને વધુ એમ લખીએ તો ?..

અમારા એક અધ્યાપક રિસર્ચને બદલે હંમેશાં રિચર્સ એવું ઉચ્ચારણ કરતા. એ સાંભળું ત્યારે મારા નાકનું તે ટેરવું ચડી જતું. આંખો મીચી સિસકારો પડાઇ જતો. ને આપણા અર્થશાસ્ત્ર સમાજવિદ્યા કે વિજ્ઞાનના ની શિક્ષકો/અધ્યાપકો જોડણી શુદ્ધિનો આગ્રહ રાખવાનું જરૂરી સમજતા નથી ત્યારે દુઃખ થાય છે. ખરેખર તો ટી.વી.કે રેડિયો પ્રસારણો પણ ખોટી જોડણી, ખોટાં ઉચ્ચારણો બાબત પત્ર લખી ધ્યાન દોરવું જોઈએ. જોડણી અને ઉચ્ચારણ શુદ્ધિ એ વાક્‌કૌશલ્યના વિકાસ માટે સહિયારો પુરુષાર્થ માગી લે છે.

(14) શાળા-કોલેજખાં સામયિકોમાં અને વિજ્ઞાન મેળામાં ક્યારેક નામ વિદ્યાર્થીનું કામ શિક્ષકનું હોય છે. શિક્ષકનું સંતાન હોય તે પપ્પા મમ્મી પાસે લેખ લખાવી લાવે. વિજ્ઞાન મેળા માં રજૂ થતી શાળાની કૃતિ શિક્ષકોએ તૈયાર કરી હોય એવું પણ બને છે. આવી કૃતિની સમજ આપવા ઊભેલાં બાળકો પોતાની છે એમ કહે છે ખરાં પરંતુ ઊંડાણભર્યા પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે ગોથાં ખાય છે. ખાસ કરીને અંગ્રેજી મિડીયમ સ્કૂલોમાં વિદ્યાર્થીઓના પ્રોજેકટ કાર્યના મદર્શન ભરાય છે. શાળા તે બાબતનું ગૌરવ પણ લે છે પરંતુ જોવા આવનાર દરેક વાલીને ખબર જ હોય છે કે મારા દીકરા-દીકરીની ફલાણી કૃતિ મેં અથવા એના પપ્પાએ બનાવી છે.

વાક્‌કૌશલ્ય વિકાસ માટેની પ્રવૃત્તિઓ :

· વિઘાથીઓ પાસે મુખપાઠ વાંચન કરાવી શકાય તે પહેલા પોતે વિદ્યાર્થીઓ સમક્ષ આદર્શ વાંચન કરવું.
· મુખપાઠ વાંચન દરમિયાન નીચેની બાબતો તરફ ધ્યાન દોરવું. સુધારણા માટે પ્રોત્સાહન આપવું.
· વિદ્યાર્થીઓના ખોટાં ઉચ્ચારણો જેવા કે ર ને બદલે, ળ ને બદલે 2, આ ને બદલે ઓ, ઈ ને સ્થાને અ.
· બોલવાની ઓછી ઝડપ, વધુ ઝડપ
· વાંચતી વખતે આરોહ, અવરોહ
· વાંચતી વખતે નાનો, મોટો અવાજ
· જોડાક્ષરનાં ઉચ્ચારણો
· વાક્યનો લય (આખા વાક્યમાં કઈ જગ્યાએ કયા શબ્દ પર ભાર મૂકવો તે)
· જ્યારે વિદ્યાર્થી મુખપાઠ વાંચન કરે ત્યારે અન્ય વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શ્રોતા બને અને પોતે પણ એમાં ઉપરોક્ત અવલોકન કરે.
· વર્ગમાં જે વિદ્યાર્થીમાં સારી વક્તત્વકળા હોય તેવા વિદ્યાર્થી પાસેથી વક્તવ્ય, લોક વાર્તા, વાર્તાકથન કરાવીને ઉદાહરણરૂપ વાકૌશલ્ય ધરાવતો નમૂનો દર્શાવી શકાય.
· શ્રેષ્ઠ વાચકોનાં વક્તવ્યો રેકોર્ડ કરી તેઓને સંભળાવી શકાય.
· શ્રેષ્ઠ વક્તાઓની ઓડિયો વિઝયુઅલ ક્લીપ બતાવી તેમાં હાવભાવ, આંગિક ચેષ્ટાઓ દર્શાવી શકાય.
· શિક્ષક આદર્શ વાક્યને વિદ્યાર્થી સમક્ષ વાંચી તેનું પુનરાવર્તન વિદ્યાર્થીઓ પાસે કરાવી શકે.
· તાલીમ બાદ 'ખાલી જગ્યા પૂરો'ની પ્રવૃત્તિ કરાવી શકાય.

- દા.ત., એક પુસ્તક બતાવી બોલશે આ.... છે. કોઈ ચોપડી, કોઈ પુસ્તક, કોઈ પુસ્તિકા, કોઈ બુક એવું બોલશે જેનાથી જોડણી, સમાનાર્થી, વિરુદ્ધાર્થી, અંગ્રેજી કે અન્ય ભાષા સાથે સંકળાયેલા શબ્દો બહાર આવશે.
- શબ્દભંડોળ વધારવા ચિત્ર, પદાર્થ, આકૃતિ, સ્લાઈડ, ફિલ્મ વગેરેનો ઉપયોગ કરી શકાય.
- આ જ રીતે 'જુઓ અને બોલો' પ્રકારની પ્રવૃત્તિઓ કરાવી શકાય.
- કોઈ પાઠને સંવાદરૂપે, કોઈ પાત્રને કે વસ્તુને રૂપક સ્વરૂપે તૈયાર કરાવીને વિદ્યાર્થી સમક્ષ રજૂ કરી શકાય.
- એક વાક્યને જુદી જુદી રીતે બોલવાની તાલીમ આપી શકાય.
- એક જ બાબત એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીના કાનમાં કહી અને બીજો તે જ રીતે ત્રીજાને કહેતા નવમો, દશમો વિદ્યાર્થી તે સમજે તે જુદું જ હોય છે તેની રમત રમાડી સારા કમ્યુનિકેશનથી વિદ્યાર્થીઓને જ્ઞાત કરી શકાય. સાંભળેલી બધી વાતો 100 ટકા સાચી નથી હોતી તે સમજવાની બુદ્ધિ અને ક્ષમતા આ રમતથી વિદ્યાર્થીમાં વિકસે છે.
- મોહન અત્યારે આવશે.... મોહન હમણાં આવશે.
- ચા મોળી લાગે છે..... ચા માં મારે જોઈએ તેટલી પૂરતી ખાંડ નથી.
- દહેજનો રિવાજ ખરાબ છે ...... દહેજ કુરિવાજ છે.
- લાંબા સંકુલ વાક્યને ટૂંકા વાક્યમાં ફેરવી બોલવાની તાલીમ આપી શકાય.
- કોઈ પ્રશ્નોના ઉત્તરો કેવી રીતે ઝડપથી કે પ્રભાવક રીતે આપવા તે માટે મોક ઈન્ટરવ્યુ શાળામાં ગોઠવી શકાય.

ગાંડું-ઘેલું પણ બાળકનું, પોતાનું સર્જન તેને સાચો આનંદ આપે છે. હું જે પેન્ટહાઉસમાં રહું છું. ત્યાં કબાટના કાચ નીચે નાના બાળકોનાં મિણીયા કલરમાં ચિત્રો મૂકેલાં છે. આજે તો એ બાળકો મોટા કલાકારો છે પરંતુ એમનાં માતા-પિતા પેલાં બાળપણનાં એમનાં ચિત્રો દૂર કરવાનાં હોય તો તેમને પરત આપવા વિનંતી કરવા આવ્યાં હતાં. કલાની સાચી અભિવ્યક્તિનો આનંદ આપી ખસી જવું.

ખરેખર તો શિક્ષકે/વાલીએ કૃતિના સર્જન બાબત બાળકને માર્ગદર્શન આપી ખસી જવું જોઇએ. બાળકને એની રીતે કૃતિ તૈયાર કરવા દેવી જોઇએ. 100% ગુણવત્તાનો આગ્રહ ન રાખતાં કૃતિ બાળકની મૌલિક હોય એ બાબતને મહત્ત્વ આપવું જોઈએ. આમ કરવાથી કૃતિના વર્ણન વખતે વાક્ કૌશલ્યનાં દર્શન થાય છે. જેણે કૃતિની રચના કરી છે તે તેને સાંગોપાંગ વર્ણવી શકે છે.

આમ, શાળા-મહાશાળાઓમાં બાળકોમાં વાક્ કૌશલ્યના વિકાસ માટે સંદર્ભોની ખોટ તથા તેનો ઉપયોગ, બોલવા માટેની સામગ્રીની બાળકની પોતાની તૈયારી, લેખિત સામગ્રીમાં પ્રયોજાયેલ પ્રતીકોની સમજ, ધર્મ અને ઈશ્વર જેવા આધ્યાત્મિક ખ્યાલો બાબત વાસ્તવિક અને ઊંડાણભરી સમજ, અધ્યાયન કરાવનારે સામે બેઠેલ શીખનારની વયકક્ષાનો રાખવો પડતો ખ્યાલ, શાળારૂપી લઘુસમાજમાં આવતાં બાળકોના સામાજિક-આર્થિક સ્તરનો ખ્યાલ, વાક્ કૌશલ્યના વિકાસ માટે શીખવવા જેવી બાબતો જેવી કે જોડણી, ઉચ્ચારણ શુદ્ધિ, બાળકોનો કાર્યભાર હળવો કરવા ધ્યાનમાં રાખવા જેવી બાબતો, જીવન ઉપયોગી બાબતોનું શિક્ષણ અને મહાવરો, ગૃહકાર્યની ચકાસણી અને સારા કામની ગણના અન્ય શિક્ષકોનાં કૌશલ્યોનો વર્ગખંડમાં વિનિયોગ અને કદર, જે તે ભાષામાં જે તે સાથે વાણીવ્યવહાર કરવાનો આગ્રહ, જોડણી અને ઉચ્ચારણ શુદ્ધિનો આગ્રહ, બાળકોના સર્જનમાં મૌલિકતાનો આગ્રહ અને કદર વગેરે બાબતોની ગણના વાક્ કૌશલ્યના વિકાસને પોષક બની શકે.

કૌઈપણ ભાષામાં વ્યક્તિની લિખિત-મૌખિક અભિવ્યક્તિ જેટલી સારી તેટલું પ્રભાવક તેનું વ્યક્તિત્વ. વ્યક્તિત્વ- એ કોઇ તૈયાર કરી રાખેલું ઘર નથી કે, પૈસા ચૂકવી ખરીદી લેવાય. વ્યક્તિત્વ માણસને થતા સામાજિક, સાંસ્કૃતિક અનુભવોથી ઘડાય છે. રેલગાડીમાં મુસાફરી દરમિયાન મેં એક કાંસકીઓ વેચનારી બાઇને ટોપલા અને સોડમાં બાળક સાથે જોઇ. સોડમાંનું બાળક ખૂબ રૂપાળું હતું

પરંતુ કાંસકીઓ વેચનાર બાઇનું હતું તેથી તેને કોઇ બોલાવતું કે રમાડતું નહીં. બીજી તરફ ગાડીમાં સામસામે પાટિયે મુસાફરો બેઠાં હતાં. તેમાંના એક બાળકને ડચકારા વગાડી સૌ બોલાવતાં, રમાડતાં. "આ તો શીશા જેવું છે. બાબો કેટલા માસનો થયો ?" આમ જેને સૌ બોલાવે, રમાડે તે બાળક બચપણથી ગુરુતાનો અનુભવ કરે છે. જેને કોઈ બોલાવે નહીં, રમાડે નહીં તે લઘુતા અનુભવે છે. ગુરુતા અનુભવ કરનારું વાકપટુ બને તો આશ્ચર્ય ન અનુભવવું પરંતુ નિમ્ન સામાજિક આર્થિક સ્તરમાંથી આવતાં બાળકોને એમના નસીબ પર છોડી દેવાનું પાપ પણ ન કરવું. કારણ આપણને ખબર નથી કે કંતાનના ટુકડા પર વર્ગખંડની બહાર બેસી ભણતો બાળક અછૂત આંબેડકર પણ હોય.

## (7) કલાઓનો વિકાસ

**કલાનો વિકાસ**

(1) પ્રસ્તાવના

(2) કલાનો અર્થ

(3) કલાની વ્યાખ્યા

(4) શિક્ષણમાં કલાઓ

(5) કલાના પ્રકારો

(6) લલિત કલાઓના પ્રકારોઃ

- (1) સંગીત કલા
- (2) નૃત્ય કલા
- (3) દશ્યકલા
- (4) શિલ્પકલા
- (5) ચિત્રકલા
- (6) હુન્નર કલા
- (7) સાહિત્યકલા
- (8) સ્થાપત્ય કલા

(7) કલાનું સ્વરૂપ

(8) કલાનો વિકાસ

**(1) પ્રસ્તાવના**

કલાએ સંસ્કારાયેલા માનવીના જીવનનો અંશ છે. માનવી બાળપણથી માંડી વૃધ્ધાવસ્થા સુધી ક્લાના સાનિધ્યમાં જીવન વિતાવે છે. માનવ એ ક્લાથી આકર્ષાતો ન રહયો હોય તો કદાચ સૃષ્ટિ પર ક્લાનો વિકાસ જ ન થયો હોત, પરંતુ આપણે જોઇએ છીએ કે પ્રત્યેક માનવોને સૌદર્યની. સતત ઝંખના રહે છે. આદિકાળથી આજ સુધી માનવી ક્લાસૌંદર્યની પ્રવૃત્તિમાં કદાચ વ્યસ્ત અને મસ્ત રહયો છે. એ બતાવે છે કે માનવજીવનના આરંભકાળથી કલાનો ઉદ્દભવ થયો છે અને માનવી આરંભથી જ એમાં રસ લેતો થયો છે.

**(2) કલાનો અર્થઃ**

માનવજીવનની પ્રાથમિક જરૂરિયાત હવા, પાણી ખોરાક અને ભૌતિક સગવડો છે, પરંતુ માત્ર આનાથી માનવી જીવી શક્તો નથી. કહેવાનું છે કે Man can not live only bread. માણસમાત્ર ખોરાકથી જીવી શક્તો નથી, પણ સારી રીતે જીવવા વિશેષ આનંદ મેળવવા એને સૌદર્યની સતત ઝંખના રહે છે. આદીકાળથી જ્યાં સુધી ભટક્ત જીવન જીવતો ત્યાં સુધી ખાવું, પીવું એમનું એક માત્ર ધ્યેય હતું, પરંતુ બુધ્ધિશક્તિનો વિકાસ થતા તેનામાં સૌદર્યની ભૂખ જાગૃત

થઇ, પરિણામે નવા સાધનો, સામગ્રીઓ, માધ્યમોનો આશ્રય લઇ વિવિધ પ્રકારની ક્લાનો સર્જન કરતો ગયો.

**(3) કલાની વ્યાખ્યા :**

ક્લાની કોઇ ચોકક્સ વ્યાખ્યા નથી. કારણ કે તેનું સ્વરૂપ ખૂબ વ્યાપક છે. આમ છતા પાશ્ચાત્ય વિવેચકોએ પોતપોતાની રીતે કલાની વ્યાખ્યા આપવાનો પ્રયત્નો કર્યા છે, જે નીચે મુજબ છે.

· સંસ્કૃતિ ઘડનારું એક મહત્ત્વનું પરિબળ એ ક્લા છે. ક્લા શબ્દ 'ક્લ' ધાતુ પરથી ઉતરી આવ્યો છે. ક્લા એટલે કળવું, પામવું, મેળવવું એવો અર્થ થાય છે.

· કલાની મદદ વડે કોઇપણ માનવી મૃત્યુમાંથી અમૃત તરફ અને ઘોર અંધકારમાંથી પ્રકાશ તરફ જઇ શકે છે.

(1) "રંગ, રૂપ, આકાર, રેખા, આકૃતિ કે વાણીમાં મનના આવેગો, ભાવો અભિવ્યક્તિ એટલે

***-હર્બટ***

(2) "ધારેલું પરિણામ નિપજાવવા ચોકસાઇપૂર્વક વિચારપૂર્વક યોજેલુ કૌશલ્ય એટલે ક્લા."

***-પ્રો. એબર કોમ્બી***

(3) "કલા એટલે વસ્તુની એના મનોગ્રાહ્ય રૂપમાં રજૂઆત." ***-વર્સ ફોલ્ડ***

ઉપરની વ્યાખ્યા પરથી સમજાય છે કે અહી અભિવ્યક્તિ પર ભાર મૂકાયો છે "યથાર્થનું ચિતભાવે ગ્રહણ થઇ અભિવ્યક્ત થતા સર્જનનું નામ કલા છે." દરેક કલા આખરે તો કોઇ વાસ્તવિક્તાની અભિવ્યક્તિ છે, પરંતુ સર્જક આ વાસ્તવિક્તાને એ જ રૂપમાં મૂક્તો નથી, પરંતુ પોતાની કલાના માધ્યમને તે અનુરૂપ હોય એવી કેટલીક સામગ્રીને તે ક્લામાં ઉતારે છે અને બિનઉપયોગીને છોડી દે છે. એ વાસ્તવિક દુનિયાની આંધળી નક્લ નથી, પરંતુ નવસર્જન છે. એટલે એરિસ્ટોટલ લખે છે કે, "ક્લા એ વાસ્તવિક દુનિયાનું આંધળું અનુકરણ નથી, પણ વાસ્તવિક દુનિયાને આધારે થયેલુ પુનઃ સર્જન છે."

આ અર્થમાં સર્જક વાસ્તવ સૃષ્ટિનો આધાર લઇ પોતાની સૃષ્ટિનું સંયોજન કરી નવો આકાર નિર્માણ કરે છે.

(4) કલા એટલે બીજું શુ જ નહીં, ભીતરના ખજાનાનું સ્વાભાવિક પ્રગટીકરણ. એક જ સાથે પામવા અને ખોલવાની પ્રકિયા.

માત્ર શ્વાસ લેવો, યોગ્ય સમયે આહાર અને નિદ્રા લેવી એને જીવતા રહેવું હીએ એ મનુષ્યત્વને લજવવા સ્વરૂપ છે. પ્રત્યેક મનુષ્યમાં પોતાની અંદર ભીતરનો ખજાનો છે. જેને અંગ્રેજીમાં 'Treasure within' કહે છે. આ ખજાનો એટલે પોતાના જીવનની જીવતા હોવાની અનુભૂતિ.

મનુષ્ય પાસે સંવેદનશીલ મન, કોમળ હૃદય અને તીવ્ર અનુભૂતિનું વિશ્વ છે. આ વિશ્વ સાથેની તેની ઓળખાણમાંથી ક્લાનો જન્મ થાય છે. ક્લાનો સીધો સંબંધ મનુષ્યના મન સાથે જોડાયેલો છે. અક્ષરજ્ઞાન કે શિક્ષણ એના વિકાસમાં સહાયક નીવડી શકે, પરંતુ અનિવાર્યપણે હોવાજ જોઇએ તેવું નથી. -Thomas Merton

(5) દરેક બાળક સર્જનશીલ અને જન્મજાતથી ક્લાકાર છે. આ ક્લાકાર સર્જનશીલતા તરફ વળે તે પ્રત્યેક શિક્ષકની ફરજ છે. શિક્ષણ દ્વારા ક્લાકારને ખિલવાનું કામ છે. તે માટે વિવિધ શૈક્ષણિક પધ્ધતિ, અભ્યાસક્રમ, મૂલ્યાંક્ર, પરીક્ષણ, નિરીક્ષણ, પાઠ્યક્રમ, પ્રવિધિઓ વગેરે જેવા ભારેખમ શબ્દોની ભરમારમાં નાનો બાળક્લાકાર ધીરધીરે નિરાશા તરફ તેમજ મૃત્યુ પામે છે. જેના તરફ કોઇનું ધ્યાન ગયું નથી. -Pabloy Piccasso

આમ કલા....

- કલા એ માધ્યય છે.
- ક્લા એ એક જેવિક પ્રક્યિા છે.
- કલા એ મનાગત પ્રક્રિયા છે.
- ક્લા સ્વયં સૌંદર્ય પ્રગટ કરે છે.
- ક્લાએ લયબધ્ધ આકૃતિનું નિર્માણ કરે છે.
- ક્લાનો હેતુ નિખાલસ આનંદ પ્રાપ્તિનો છે.
- કલા મન અને હૃદયને શાંતિની અનુભૂતિ કરાવે છે.

**(4) શિક્ષણમાં કલાઓ :**

ક્લા કોઇ વિશિષ્ટ પ્રકારના માધ્યમ તરીકે કામ કરી શકે. ક્લા માનવીની સ્થિતિમાં આંતરદર્શન આપી શકે. ક્લાનો સંબંધ વિજ્ઞાન અને ધર્મ સાથે હોય છે. ક્લા શિક્ષણ અથવા સિદ્ધાંત પ્રવેશ કે સંસ્કૃતિ ગ્રહણના એક સાધન તરીકે કામ કરે છે. ક્લા આપણને વધુ નૈતિક બનાવે છે. ક્લા આપણો આધ્યાત્મિક ઉત્કર્ષ કરે છે. ક્લા બીજી રીતે રાજનીતીશાસ્ત્ર છે. આવી માન્યતાઓ ઘણી છે. હવે કેટલીક ક્લાની સંલ્પનાઓ જોઈએ.

ક્લા શબ્દ સ્વયં સૌન્દર્ય પ્રગટ કરે છે. પ્રત્યેક વ્યક્તિ યેનકેન પ્રકારે ક્લાથી ઘેરાયેલો છે. જાણીતા પશ્ચિમી તત્વચિંતક વર્સફોલ્ડના મતાનુસાર

'Artis the presentation of the real in its mental aspect'

આમ ક્લા એ યથાર્થનું મનોગત આલેખન હોવાનું કહી શકાય. ટોલસ્ટોયે ક્લાની વ્યાખ્યા કરીને અને તેના મૂલ્યનું અપ્રાસંગિક રીતે જ આ પ્રકારનું ચિત્રણ કરેલુ કે "ક્લા એક એવી માનવ પ્રવૃત્તિ છે કે જેમાં એક માનવી પોતેજ લાગણીઓ કે અનુભૂતિ હેઠળ પસાર થયો હોય તે લાગણીઓ અમુક ચોક્કસ બાહ્ય સંકેતોના માધ્યમથી  માધ્યમથી બીજી વ્યક્તિઓને આપે છે અને આ લાગણીઓના સંસર્ગમાં આવીને અન્ય લોકો પણ તેનો અનુભવ કરે છે.

**(5) કલાના પ્રકારો :**

ક્લાના મુખ્ય બે પ્રકારો છે.

(૧) લલિત ક્લા (૨) લલિતેતર કલા

પ્રત્યેક ક્લા વિવિધ પ્રયોજન સિધ્ધિ કરે છે, પરંતુ એના ઉપાદાન (સાધન સામગ્રી) અને પ્રભાવના ભેદને લીધે ક્લાના બે પ્રકાર પડે છે. લલિતક્લાને અંગ્રેજીમાં Fineart અને લલિતેતર ક્લાને Lesser art કહે છે. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવા ક્લાઓ નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવી ક્લાઓ લલિતક્લા છે. તો સુથારીકામ, લુહારી કામ વગેરે લલિતેતર ક્લા છે. લલિતક્લા રજૂ કરનાર ક્લાકાર કહેવાય છે. તો લલિતેતર ક્લા રજૂ કરનારને કારીગર કહેવાય છે. કારણ કે ક્લાના સર્જનમાં હૈયુ, મસ્તક અને હાથ એ ત્રણેયનો સંવાદિતાપૂર્વક ઉપયોગ થાય છે.

**કલાનું પ્રયોજન :**

કોઇ પણ લા કોઇ ચોકક્સ વ્યક્તિથી પ્રયોજાય છે. જેમ કે લલિતક્લાનો ઉદ્દેશ માનવ હૃદયને સ્પર્શવાનો અને આનંદ આપવાનો છે. સૌદર્યની અનુભૂતિ કરાવવાનો છે. ક્લા સર્જકની આવડતની પ્રતિતિ કરાવે છે. આ જ રીતે લલિતક્લાનો હેતુ માનવજીવનની ભૌતિક જરૂરિયાતો સગવડો સંતાપવાનો છે. આ ક્લા માનવીની ભૌતિક આવડતની પ્રતિતિ કરાવે છે. માનવ હૃદયની ચેતના શક્તિનું પ્રગટીકરણ કરવું. તે લલિતક્લાનું લક્ષ છે, તો જીવનમાં વધુમાં વધુ ભૌતિક સગવડો ઊભી કરવી અને લલિતતેર ક્લાનું લક્ષ છે. લલિતેતર ક્લા કરતા લલિતક્લા વધુ ચિરંજીવ અને અસરકારક છે.

લલિતકલા અને લલિતેતર કલા વિશે વિગતે નોંધ લખો.

ક્લાના મુખ્ય બે પ્રકાર છે

(૧) લલિતકલા

(૨) લલિતેતર ક્લા

પ્રત્યેક ક્લા વિવિધ પ્રયોજન સિદ્ધિ કરે છે, પરંતુ તેના ઉપાદાન અને પ્રભાવના ભેદને લીધે ક્લાના આ બે પ્રકાર પડયા છે. લલિતક્લાને અંગ્રેજીમાં Fine Art અથવા Pure A ત કહે છે. તો લલિતેતર ક્લાને Lesser Art કહે છે. લલિતક્લામાં સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સંગીત અને સાહિત્ય ક્લાઓનો સમાવેશ થાય છે. તો લલિતેતર ક્લામાં સુથારી કામ, લુહારી કામ, કુંભારી કામ, કડિયા કામ વગેરે ક્લાઓનો સમાવેશ થાય છે.

**લલિતેતર કલાઓ :**

આ ક્લાના અન્ય નામો આપણે જોયા તે મુજબ આને યાંત્રિક ક્લા પણ કહે છે. એના નામ પરથી એનો ઉદ્દભવ અને હેતુ સરળતાથી સમજી શકાય છે. અન્ન, વસ્ત્ર, રહેણાંક અને વાહન જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાની માનવીની કુદરતી ઇચ્છાઓમાં એનો ઉદ્દભવ થયો છે અને સંસ્કૃતિના વિકાસ સાથે એનો વિકાસ થયો છે. એની ઉપયોગિતા એ જ એનો હેતું. એમાં સૌંદર્ય હોય શકે, પણ એ સૌંદર્યને પણ ઉપયોગિતાની મર્યાદામાં રહેવું પડે. ઉપયોગિતાના ભોગે સૌંદર્ય ન લાવી શકાય. એટલે કે સુંદર નકશીકામવાળી ખુરરી બેસવા માટે યોગ્ય ન હોય તો એની મહત્તા ઘટરો અને તે પોતાનો મુખ્ય હેતુ સિદ્ધ નદિ કી શકે, અર્થાત્ લલિત ક્લાઓ જીવનની જરૂરિયાતોમાંથી જન્મી છે. તેની ઉપયોગિતા એ જ એનું પ્રમુખ લક્ષ બની રહે છે.

**(6) લલિત કલાઓના પ્રકારોઃ**

**(1) સંગીતકલા :**

આ કલાનું ઉપાદાન માનવકંઠ છે, તેમાં રહેલા સ્વરતંતુઓ છે. ઉપરાંત સંગીતના વિવિધ વાજિંત્રો તેમાં સહાયક ઉપાદાન બને છે. આ ક્લા મોટે ભાગે શબ્દની મદદથી રજૂ થતી હોવી એ સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલા કરતાં વધુ પ્રભાવક છે. સા, રે, ગ, મ, પ, ધ, નિ, એવા સાત સ્વરોના માધ્યમથી રજૂ થતી આ ક્લા સ્વર અને સૂર દ્વારા સંગીત સર્જે છે અને ભાવક હૃદયના ઊર્મિતંત્રને સ્પર્શે છે. સંગીતક્લાની વિરોષતા એ છે કે તે લય, તાલ, રાગ અને દ્રાળથી માધુર્ય લાવી શકે છે. ચિત અને હૃદયને પ્રસન્ન કરી શકે છે, છતા આ ક્લાની પણ કેટલીક મર્યાદા છે. જે નીચે મુજબ છે.

(1) સંગીત મર્યાદિત સ્વરોમાં રજુ થતું હોવાથી ઘણીવાર અસ્પષ્ટતા કે ગૂંચવણ થાય છે.

(2) સૃષ્ટિના તમામ અવાજોને સંગીતના મર્યાદિત સ્વરો આબેહૂબ ઉતારી શકાતા નથી.

(3) વળી આ ક્લાને થોડેક અંરો ભૌતિક્તા પણ નડે છે.

(4) સંગીતના સાધનો ભૌતિક છે તેની ખરાબીને કારણે ક્યારેક તે વ્યક્ત થઇ શક્તો નથી.

**(2) નૃત્યકલા (Dance) :**

નૃત્ય એ અંગ, હાવભાવ તથા ભાવની સૌંદર્યાત્મક ભાષા છે. નૃત્ય આમ જોવા જોઇએ તો તમામ નવરારા એટલે કે હાસ્યરસ, રૌદ્રરસ,કરુણરસ, વીરરસ, ભયાનક રસ, ભીમાત્મરસ, અદભુત રસ, શાંતરસ , વાત્સલ્ય રસ તથા ભક્તિરસનું વર્ણન છે.

નૃત્યમાં શરીરના વિધિ અંગોનો વિવિધ મુદ્રાઓમાં રૂપાંતરિત કરી નવરાશત્મક આનંદની અનુભૂતિ છે. નૃત્યમાં સંગીતના ગાયન અને વાદનનો પણ ઉપયોગ થાય છે અને વાદન વિના નૃત્ય અધુરું લાગે છે.

કેટલાક ભારતીય પરંપરાગત નૃત્યો આ મુજબ છે.

ભરતનાટ્યમ, કુચીપુડી, કથ્થક, કથકલી, મણિપુરી, ઓડીસી જેવા નૃત્યો છે.

**(3) દશ્યકલા (VisualArt) :**

દશ્યક્તા એ દશ્યક્લા સ્વરૂપ ધરાવે છે. જે સર્જનાત્મક અભિવ્યક્તિનું એક સ્વરૂપ છે. દશ્યક્લા એ આપણા પરંપરાગત તહેવારો, ઉત્સવો અને સમાજજીવનમાં આ દશ્યક્લાઓ જોઇ શકાય છે. આ ક્લા દ્વારા ઉત્સાહ, સર્જનાત્મક અભિવ્યક્તિ, નવીનતા વગેરેની પૂરી તક મેળવી શકાય છે.

દશ્ય એટલે આંખ સામે જોવુ. આંખોથી જોવાની વસ્તુ કે આંખો સામેના પદાર્થને પણ દશ્ય કહે છે.

દશ્યક્તા એટલે આંખે દેખાય તેવી કલાની એક રચના.

દશ્યકલા એ એવી વસ્તુ છે કે આંખ સામે પ્રત્યક્ષ જોવાની કલા છે.

દશ્યકલાના કેટલાક પ્રકારો છે. જેવાં કે કઠપૂતલી, રંગોળી, પોસ્ટર, ક્રેયોન વગેરે.

**(4) શિલ્પ કલા :**

ઉપાદાન અને ગુણવત્તાની દષ્ટિએ સ્થાપત્યક્તા પછી શિલ્પકલાનો ક્રમ આવે છે. શિલ્પકલાના કારીગરને શિલ્પી કહેવાય છે. પત્થર, લાપુ, ધાતુ, માટી, પ્લાસ્ટર ઓફ પેરિસ ઉપરાંત હથોડી અને ટાંણાની મદદથી શિલ્પ બનાવવામાં આવે છે, જે આપણને પ્રત્યક્ષ થાય છે. સૌંદર્યની સાથે સંવેદનાઓનું પણ દર્શન કરાવે છે. આમ છતાં આ શિલ્પોની પણ મર્યાદા છે. જે નીચે મુજબ છે.

(1) કલાકાર ગમે તેટલી આવડત શિલ્પમાં ઉતારે તો પણ એ શિલ્પ ભૌતિક, સ્થૂળ અને બિનટકાઉ છે.

(2) વાતાવરણની અસર તેના પર થાય છે, પરિણામે તેનો પ્રભાવ ઘટે છે.

(3) શિલ્પના પત્ય જાય છે, તિરાડ પડે છે કે કુદરતી હોનારતો તેના નાશનું નિમિત્ત બને છે.

**(5) ચિત્રકલા :**

સ્થાપત્ય કલા અને શિલ્પકલાની સરખામણીએ ચિત્રકલામાં ભૌતિકકલા ઓછી છે . કાગળ, પીંછા, રંગ, રેખા જેવા માધ્યમ દ્વારા ચિત્રકાર નાનકડા ફલક પર વિશાળ સૃષ્ટિના જળચેતનને દશ્યમાન કરાવે છે. ચિત્રકાર આપણી સમક્ષ વાસ્તવિક સૃષ્ટિનું આબેહૂબ પ્રતિબિંબ રજૂ કરે છે. ક્યારેક વાસ્તવ તો જીવંત લાગે છે. આ તેની મોટી વિશેષતા છે. વળી ચિત્રમાં વાસ્તવ સાથે કલ્પના પણ ભળે છે. તેને સુંદરતા બક્ષે છે. વસ્તુની ઘનતા, પ્રમાણ, માપ, લંબાઇ, પહોળાઇ, ઉચાઇ, ઉંડાઇનો આભાસ કરાવે છે. નાનકડા ચિત્રમાં વિશાળ સૃષ્ટિનો પરિચય કરાવે છે. ચિત્રકાર તેની કલા-સૂઝને કલ્પનાના રંગ, રેખા, પ્રકાશ, પડછાયાના સંયોજનથી ચિત્રમાં પ્રત્યક્ષ કરાવે છે. આ કલા આંખ અને મનને સ્પર્શનારી છે. વાસ્તવ દશ્ય કરતા ચિત્રનું દશ્ય વ્યક્તિને વધુ સ્પર્શે છે. આમ છતાં આ કલાની એક મર્યાદા છે. જે નીચે મુજબ છે

(1) વાતાવરણની અસર, રંગ, રેખા, સપાટીને ઝાંખા પાડે છે.

(2) લાંબા ગાળે તે નાશ પામે છે. અજંતાના યાદગાર ચિત્રો નાશ થવાના આરે છે.

(3) પ્રત્યક્ષ દશ્યનું વૈવિધ્ય સમગ્રપણે ચિત્રમાં ઉતરી શક્તુ નથી.

(4) વળી, એમાં ગતિશીલતાનો ભાસ થાય છે, પણ એ ગતિ પૂર્ણ રીતે લાવી શકાતી નથી.

**(6) હુન્નર કલા : Craft (હસ્તકલા)**

ખાસ કરીને, ગુજરાતમાં હુન્નર કલાની પુરાતન શૈલીઓમાં કચ્છની કામાંગટ શૈલી (ભીત ચિત્રો) અને દક્ષિણ ગુજરાતમાં સાથિયાનો મહિમા જોવા મળે છે. જૂનાગઢના સંગ્રહ સ્થાનમાં ૧૮૮૮માં પરોવાયેલી મોતીમઢી બળદની ઝૂલ સચવાઇ છે.

ગુજરાતની હુન્નર ક્લાઓમાં માટીકામ, લોહધાતુકામ, જણસ કારીગરી, લોકભારત, પથ્થરકામ, નશી કામ, મીનાકારી, કાચ અને ચાંદીકામ, મોચીકામ, વાંસકામ, ભીતચિત્રો, સુજનીકામ, સુથારીકામ, ખરાદીકામ, મોતીકામ, વણાટકામ, રમકડાં નિર્માણ ખૂબજ જાણીતી છે.

હસ્તકલા દ્વારા માટીકામ, કોલજાવર્ક, છાપકામ, ચીટકકામ, મહોરાં, પપેટ વગેરે બનાવીને શિક્ષણકાર્ય કરાવી શકાય છે.

· હસ્તક્લા એટલે હસ્તાથગુલીઓની કેળવણી માટે ઉપયોગી વિવિધ પ્રકારની ક્લા

· આપણા સમાજ જીવનમાં તાણાં-વાણાંની જેમ વણાઇ ગયેલી ભવ્યમ લોકક્લાઓના હૂન્નર ક્લાકારીગરીને શીખવતી તથા બાળકોના આમ સર્જનને પોષતી વિવિધ પ્રકારની ક્લા એટલે હસ્ત કલાકારીગરી.

· હસ્તક્લા શબ્દના મુખ્ય બે અર્થ થાય છે.

(1) હાથ વડે કરાતી ક્લા -જેમ કે ચિત્રક્લા શિલ્પ ક્લા

(2) હાથ વડે બનાવવાની હસ્તોદ્યોગની વસ્તુઓ જેમ કે ખાદી, નેતરરકામ, આદિકાળમાં માણસને બધા કામ જાતે, પોતાના હાથે કરવાં પડતાં.

**હસ્તકલાના હેતુઓ :**

(1) હસ્તક્લા બાળકની સર્જનાત્મક્તા અને ક્લાકારીગરીને વિકસાવે છે.

(2) હસ્તકલા કૌશલ્યનો ઉપયોગ બાળક તેના શાળા પર્યાવરણ, વર્ગખંડ અને ઘરમાં પણ કરી શકે છે.

(3) હસ્તક્લાઓ ભાતીગળ સંસ્કૃતિનો ભવ્ય વારસો છે તે જાણી બાળકો તેનું જતન કરતાં શીખે છે.

(7) સાહિત્ય કલા :

બધી જ ક્ષામાં સાહિત્ય ક્લા એ સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. એટલે આ ક્લાને સર્વકલાની ક્લા કહેવામાં આવે છે. આ ક્લા સૌથી વધુ ચિરંજીવી છે. આ કલાનું ઉપાદાન એક માત્ર શબ્દ છે. આ શબ્દ અર્થ પ્રગટાવનારો ઓછામાં ઓછા ઉપાદાનથી થાય છે. વળી આ ઉપાદાન સૂક્ષ્મ, અભૌતિક અને ચિરંજીવી છે. આમ તેની કોઇ મર્યાદા નથી પણ વિશેષતાઓ અઢળક છે.

**સાહિત્યકલાની વ્યાખ્યાઓ :**

(1) "સાહિત્યકલા એટલે ભાષા દ્વારા અભિવ્યક્તિ સાંધવાની કલા" ***-એબર ક્રોમ્બી***

(2) "સાહિત્ય એટલે ભાષા દ્વારા જીવનની અભિવ્યક્તિ" ***-હેન્રી હડસન***

(3) "સાહિત્ય કેવળ છબી નથી પણ ચિત્રકારના હાથે દોરાયેલી તસવીર છે." ***-વેલી***

(4) "સાહિત્ય ક્લા એટલે વ્યવહારની ભાષાને વિશિષ્ટ રીતે યોજેલી, પ્રયોજીને ભાવકના સ્થાયી ભાવોને જાગૃત કરી તેને રસનો આનંદનો અનુભવ કરાવનારની કળા" ***-મમ્મટ***

(5) "રસ જેનો આત્મા છે તેવું વાક્ય તે સાહિત્ય" ***-વિશ્વનાથ***

(6) "સાહિત્ય જીવનનું પ્રતિક છે." ***-કાકા સાહેબ કાલેલકર***

**સાહિત્યકલાની વિશેષતાઓ :**

**(1) ભાષાનું પ્રબળ અને અસરકારક માધ્યમ :**

સાહિત્યકાર અનેક માત્ર શબ્દનું ઉપાદાન લઇને પોતાની કૃતિને વ્યક્ત કરે છે. જે સૂક્ષ્મ, ટકાઉ, ચિરંજીવી છે, તેથી આ ક્લા અસરકારક અભિવ્યક્તિ કરી શકે છે અને સાહિત્ય સાથે સાહિત્યકાર ચિરંજીવી બની જાય છે. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, સંગીત જેવી ક્લાનો વહેલા-મોડો નાશ થાય છે. પ્રભાવ ઘટે છે, પરંતુ સાહિત્ય તો જ્યાં સુધી સૃષ્ટિ છે, માનવજીવન છે ત્યાં સુધી જીવંત છે. રામાયણ, મહાભારત, કુરાન, બાઇબલ જેવા ગ્રંથો કે સેક્સપિયર, કાલિકાસના નાટકો વર્ષો પછી પણ અમર છે.

**(2) બે-બે માધ્યમો દ્વારા અસરકારક અભિવ્યકિત :**

સાહિત્યનો શબ્દ વિશિષ્ટ અર્થ ધરાવતો હોય છે, જે આપણા ચિતમાં ચોક્કસ આકાર ઘડે છે.

સાહિત્યનો શબ્દ સાંભળતી વખતે કાન દ્વારા, વાંચતી વખતે આંખ દ્વારા ગ્રહણ થાય છે. અન્ય ક્લાઓમાં આવા બે-બે માધ્યમોની સગવડ નથી. સ્થાપત્ય, શિલ્પ કે ચિત્ર જેવી ક્ષાના ગ્રહણ માટે આંખની અને સંગીતક્ષા માટે કાનની અનિવાર્યતા છે. જ્યારે સાહિત્યના આનંદ માટે બંને અસરકારક છે. બીજા માધ્યમ દ્વારા પણ સાહિત્યનો આનંદ લઇ શકાય છે.

**(3) લાગણીની તીવ્ર અનુભૂતિ :**

સાહિત્યને માનવહૃદયની સંવેદના સાથે સૌથી વધુ નજીકનો સંબંધ છે. ભાવને લાગણીની તીવ્ર અનુભૂતિ માટે સર્જક પાસે ભાષાનું પ્રબળ અને પ્રભાવશાળી માધ્યમ છે. માનવ હૃદયની સૂક્ષ્મ અને સનાતન સંવેદનાઓને સમર્થ, સચોટ રીતે પ્રગટ કરનારું ભાષાનું માધ્યમ એક માત્ર સાહિત્યને સાંપડ્યું છે. સાહિત્યને મળેલો આ શબ્દ સનાતન સૂક્ષ્મ, ચિરંજીવી, દિવ્ય. પ્રભાવશાળી હોવાથી તેના બળે માનવહૃદયની લાગણીને યોગ્ય વાચા મળે છે. આ અનુભૂતિ વ્યક્તિ કે દેશકાળ માટે સિમિત નથી, પણ સમસ્ત માનવજાતને સ્પર્શે છે. આથી સાર્વત્રિક સદાકાળ છે.

**(4) સ્થળ-કાળથી પર કલ્પનાનું વિશાળ ઉડ્ડયન :**

આ ક્લામાં લાગણીઓને વ્યક્ત કરવા સર્જક પાસે કલ્પનાનું પ્રબળ હથિયાર છે. કવિ કલ્પનાઓની પાંખે અને ભાવનાની આંખે ભાવન્ને સમગ્ર સૃષ્ટિનું ભ્રમણ કરાવે છે. એમ કરતા એને સ્થળ કે કાળના કોઇ બંધન નડતાં નથી. એટલે સર્જક પોતાની કૃતિ દ્વારા કલ્પનાનાં જગતમાં ભાવકને લઇ જઇ કોઇ પણ સ્થળે એક સરખા આનંદનો અનુભવ કરાવે છે. આ કલ્પનાની સૃષ્ટિ દ્વારા સર્જક વાસ્તવિક દુનિયાને વધારે સુંદર બનાવી ભાવક સમક્ષ રજૂ કરે છે.

**(5) સાચની પ્રતિતિ :**

સાહિત્યમાં રજૂ થતાં પાત્રો કલ્પિત હોય છે, પરંતુ તે પાત્રો આપણાં વાસ્તવજીવન સાથે નિક્ટનો સંબંધ ધરાવતા હોવાથી અસલની પ્રતિતિ કરાવે છે. અર્થાત વાસ્તવિક જગતમાં બનતી ઘટનાઓ કે અનુભવાતી સંવેદનાઓને કલ્પિત પાત્ર દ્વારા રજૂ કરી સર્જક આપણને તેની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવે છે. જેનાથી સાચની પ્રતિતિ થાય છે. આ કારણે કલ્પિત પાત્રોને સુખે સુ:ખી અને દુ:ખે દુખી ભાવક પણ તાદાત્મય અનુભવે છે.

દા.ત. શકુન્તલા, કુમુદ, જીવી, વસુધરા, પારો વગેરેની સંવેદના આપણે પણ અનુભવીએ છીએ. એ દષ્ટિએ માનવહૃદયને સચોટ રૂપે દર્શાવતી અને અનુભૂતિ કરાવતી શક્તિ આ ક્લામાં છે.

**(6) જીવનની નોળવેલ :**

સાહિત્ય માનવદયની સંવેદનાઓનો અનુભવ કરાવી માનવજગતનો પંથ ઉજજવળ બનાવે છે. અને દુ:ખોમાંથી ભરેલા જીવનમાં આનંદ ઉલ્લાસ લાવે છે. જીવનમાં દુ:ખ સહન કરવાની શક્તિ આપી મુશ્કેલીમાં આશ્વાસન આપે છે. નિરાશામાં આશા તરફ, અંધકારમાં પ્રકાશ તરફ અને અજ્ઞાનતામાં જ્ઞાન તરફ લઇ જઇ નવજીવનની પ્રેરણા આપી નવો રાહ ચીંધે છે. સાચી મંજીલે પહોંચાડે છે. એટલે તો સાહિત્યને માનવીનો મિત્ર, માર્ગદર્શક અને ચિંતક કહે છે. નોળિયાને સાપના ડંખથી ઝેર વ્યાપી જાય ત્યારે તે નોળવેલ નામની વનસ્પતિ સુંધી ઝેર ઉતારી નાખે છે. ઝેરને ઉતારવા સાહિત્ય પાસે જાય છે. સાહિત્ય માણસને તાજગી આપે છે. નવજીવન બક્ષે છે. આથી જ સાહિત્યને ધરતી પરનું અમૃત કહ્યું છે.

પ્રશ્ન : લલિત સાહિત્ય અને લલિતેતર સાહિત્ય વિશે નોંધ લખો.

સર્વ કલાઓમાં સાહિત્યક્ષા સર્વશ્રેક કલા છે. સર્વોચ્ચ અને ચિરંજીવી ગણાતી. આ સાહિત્યક્ષાને બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

(૧) લલિત સાહિત્ય (૨) લલિતેતર સાહિત્ય

પ્રો. એબર ક્રોમ્બી સાહિત્યના આ બે પ્રકારને અનુક્રમે શુધ્ધ સાહિલ્ય (Pure Lit) અને પ્રયોજીત સાહિત્ય (AppliedLit) કહે છે. વર્ડઝવર્થ આ બે પ્રકારોમાં એકને "જીવનના ચિત્રો આપનાર સર્જનાત્મક

સાહિત્ય" અને બીજાને "જીવનની હકીક્ત આપનાર" વસ્તુપ્રધાન સાહિત્ય ડી. ક્વીન્સી એકને Literature of power કહે છે તો બીજાને Literature of knowledge કહે છે.

આ બે વર્ગો વચ્ચે સ્પષ્ટપણે ભેદરેખા દોરી શકાય તેમ નથી, પરંતુ આ ભેદને જુદા પાડતા લક્ષણો તાવી શકાય તેમ છે જે નીચે મુજબ છે.

(1) લલિત સાહિત્ય કેવળ કલા તરીકે અસ્તિત્વ ધરાવે છે, તેમાં ખરેખરી હકીક્તો ગૌણ હોય છે. એનું મૂલ્ય હકીક્તની નિરૂપણ રીતીમાં રહેલું છે. જ્યારે લલિતેતર સાહિત્યનું અસ્તિત્વ કલાના ક્ષેત્રની બહારનું છે. એનું મૂલ્ય મુખ્યત્વે તેમાની માહિતીમા હોય છે. અહી વાસ્તવિક્તાનું મૂલ્ય છે. લલિત સાહિત્યમાં કવિતા, વાર્તા, નાટક, નવલક્થા જેવા સ્વરૂપનો સમાવેશ થાય છે. જ્યારે લલિતેતર સાહિત્યમાં નિબંધ, આત્મકથા, જીવન ચરિત્ર, રેખાચિત્ર, વિવેચન, પ્રવાસ વર્ણનો વગેરે આવે છે.

(2) લલિત સાહિત્યને રસલક્ષી સાહિત્ય, કૌતુકપ્રિય સાહિત્ય, રંગપ્રધાન સાહિત્ય, મસ્ત સાહિત્ય સર્જનાત્મક સાહિત્ય કહે છે, તો લલિતેતટ સાહિત્યને સૌષ્ઠવપ્રિય સાહિત્ય, સ્વરૂય સાહિત્ય, વસ્તુલક્ષી સાહિત્ય, માહિતી પ્રધાન સાહિત્ય કે પ્રયોજીત સાહિત્ય કહે છે.

(3) લલિત સાહિત્યમાં રસનું પ્રાધાન્ય હોય છે. તેમાં ઊર્મિ, કલ્પના, સૌંદર્ય જેવા તત્વો ભળેલા હોય છે. આનું મુખ્ય કાર્ય ભાવક હદયને સ્પર્શવાનું છે અને એ દ્વારા આનંદની અનુભૂતિ કરાવવાનું છે. જ્યારે લલિતેતર સાહિત્યમાં માહિતી, બોધ, વિચાર, ચિંતન, ઉપદેશ જેવા તત્વોનું પ્રાધાન્ય હોય છે. આનું મુખ્ય કર્તવ્ય જ્ઞાન, માહિતી, ઉપદેશ આપવાનું છે. જે ભાવક મનની બુદ્ધિને સ્પર્શે છે.

(4) લલિત સાહિત્ય આપણને મિત્ર, સ્વજન કે સ્ત્રીની જેમ સ્પર્શે છે. એ આનંદ દ્વારા પરોક્ષ બોધ કરાવે છે. ત્યારે લલિતેતર સાહિત્ય કોઈ રાજા, ગુરુ કે વડીલની જેમ આજ્ઞા કરે છે. લલિત સાહિત્યની પ્રવૃત્તિ સંયોગીકરણ હોવાથી તે દુનિયાની વેરવિખેર સામગ્રીનું સંયોજન કરી અખંડ સૌદર્યનું દર્શન કરાવે છે. તો લલિતેતર સાહિત્યની પ્રવૃત્તિ વિશ્વલેણાત્મક હોવાથી તેમાં કરતાં વિચાર, માહિતી અને હકીક્તોનો પૃથક્કરણ થાય છે.

**1. સ્થાપત્ય કલા :**

"કલાત્મક આકર્ષક ઈમારત બાંધવાની ક્લાને સ્થાપત્ય ક્લા કહે છે અને તેના સર્જકે સ્થપતિ કહે છે." પત્થર, ઇટ, ચૂનો, સિમેન્ટ રેતી, કપચી, માટી, લોખંડ, લાકડુ વગેરે ભૌતિક ઉપાદાન સામગ્રીનો આધાર લઈ રૂપતિ પોતાની સૂઝ અને આવડત મુજબ ઈમારતનું સર્જન કરે છે. આ ઈમારત ભૌતિક, સ્થૂળ, સ્થિર, નિર્જીવ અને નાશવંત હોવા છતાં સ્થપતિ પોતાની આવડતથી તેને કલાત્મક આકાર આપી ભવ્યતા, પવિત્રતા, શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરાવે છે. તો સાથે સાથે દર્શકની સુંદરતાની પ્રતિતિ કરાવે છે. તાજમહેલ, જુલતા મિનારા, કુતુમ્બ મિનાર, ઇન્ડિયા ગેટ, ચીનની દિવાલ, પેરિસનો ટાવર વગેરે સ્થાપત્યકલાના સુંદર નમૂના છે. સ્થપતિ પોતાની કલ્પનાને પત્થરોમાં આકારિત કરી ભવ્યતા અને સુંદરતા પ્રત્યક્ષ કરાવે છે, પરંતુ આ ક્લાની કેટલીક મર્યાદાઓ છે જે નીચે મુજબ છે.

(1) તે ભૌતિક અને નાશવંત છે. વહેલો મોડો એનો નાશ થાય છે.

(2) વાતાવરણની આડ અસર તેના પર થાય છે.

(3) વરસાદ, ઠંડી, ગરમી, ભૂકંપ, ઉધઈ જેવા કારણે તે નાશ પામે છે.

(4) હવાનું પ્રદુષણ કે બોમ્બ વિસ્ફોટનો પણ તેને ભય છે.

(5) વળી તે સ્થિર છે, આથી એને જોવા માણવા જે તે સ્થળે જવુ પડે છે એ તેની મર્યાદા છે.

**(7) કલાનું સ્વરૂપઃ Nature of Art**

વિખ્યાત પશ્ચિમી તત્વચિંતક વર્સકોલ્ડે કહયું છે કે

"Art is the presentations of the red in its mental aspect"

અર્થાત્

"કલા એ યથાર્થનું મનોગત આલેખન છે."

સમસ્ત બ્રહ્માંડ, સમસ્ત વિશ્વ અને સમસ્ત પ્રકૃતિ કલાથી પરીપૂર્ણ છે. આ અલૌકિક બ્રહ્માંડમાં અનેક તારાઓ, ગ્રહો, ઉલ્કાઓ, ગેલેકસીઓનું અસ્વિત્વ કુદરતની અદભૂત ક્લાનો બેનમૂન નમૂનો છે. પૃથ્વી પરની જીવસૃષ્ટિ, વન્યસૃષ્ટિ પણ ક્લાથી ભરપૂર છે. ક્યાંક રંગ-બેરંગી પુષ્પો છે તો ક્યાં નદીઓ, ધોધનું રૂપ ધારણ કરી ક્લાની પ્રસ્તુત કરે છે.

ક્લાને સત્યમ, શિવમ અને સુંદરમ આ ત્રણેય તત્વો સાથે સંબંધ છે. સત્ય સાથે શિવ, શિવ સાથે સુંદરતાની સાક્ષત્કારતાનો ભાવ અવિરતપણે સંકળાયેલો છે. સત્યનો અભ્યાસ દર્શનશાસ્ત્રોમાં થાય છે અને સુંદરતાનો અભયાસ સૌદર્યશાસ્ત્ર દ્વારા થાય છે અને એ અર્થમાં જોતાં તમામ કલાઓ સૌદર્યશાસ્ત્રનો જ ભાગ છે. કલાનું અંતિમ લક્ષ્ય સૌદર્યનું રૂપનિમાર્યા કરવાનું છે.

આ દષ્ટિએ ક્લાનું સ્વરૂપ આ મુજબ છે.

**(1) કલા સૌંદર્યમય છે.**

સૌદર્યનિષ્ઠ અનુભુતિઓની એક વિશિષ્ટ લયબધ્ધ આકૃતિનું નિર્માણ એટલે ક્લા, ક્લાનું અંતિમ લક્ષ્ય સૌદર્ય નિરૂપણ કરવાનું છે. ક્લામાં સુંદરતાનો ભાવ રહેલો છે.

દા.ત. મોરને નૃત્ય કરતાં જોવું એક સોર્યાત્મક ઘટના છે. વિવિધ રંગોને કોઇ સુંદર રંગોળીમાં લેવી એક સુંદર આકૃતિ ઉપસાવી શકાય છે.

**(2) કલા એક જૈવિક પ્રક્રિયા છે.**

જીવસૃષ્ટિ ક્લાની સર્જક મનાય છે. પછી તે સજીવ હોય, પ્રાણીસૃષ્ટિ હોય કે જળસૃષ્ટિ હોય માનવી પોતાની અદભૂત ક્લા, નૃત્ય, સ્વરૂપે, ગાયન સ્વરૂપે, હસ્તક્લા સ્વરૂપે, શિલ્પ સ્થાપત્ય ક્લા સ્વરૂપે પ્રદર્શિત કરે છે.

**(3) કલા એ મનોગત છે.**

ક્લાનો જન્મ મનમાંથી થાય છે. કેનવાસ પર એક સુંદર ચિત્ર પહેલાં તો ચિત્રકારના મનમાં જન્મેલી કલ્પનાનો જ એક વિચાર છે. આમ ક્લાનો મનોગત છે.

**(4) કલા એ લયબધ્ધ આકૃતિનું નિર્માણ છે.**

કલા એ લયબધ્ધ આકૃતિનું નિર્માણ છે. એક સંગીતકાર સંગીતના વાદ્યોના માધ્યમથી એક સુંદર તર્જ બનાવે છે. એક ચિત્રકાર રંગો અને આકૃતિઓનું મિશ્રણ કરને એક સુંદર ચિત્રનું સર્જન કરે છે. એક નૃત્યકાર આંગિક ચેષ્ટઓની મદદથી એક સુંદર નૃત્ય રજૂ કરે છે. આમ આ તમામ બાબતો ક્લા દ્વારા સર્જાયેલ લયબદ્ધ આકૃતિનું નિર્માણ છે.

**(5) કલાનો હેતુ નિર્ભેળ આનંદ પ્રાપ્તિનો છે.**

ક્લાના પ્રસ્તુત કરવાનો હેતુ હંમેશા આંતરિક નિસ્વાર્થ આનંદપ્રાપ્તિનો હોય છે.

**(6) કલાની તુલના અન્ય કોઈની સાથે કરી શકાય નહી.**

પ્રત્યકે કલા પોતાનામાં જ એક અતુલ્ય કલા તરીકે ઉભરી આવે છે. જેની તુલના અન્ય ક્લા સાથે કરી શકાય નહીં. નૃત્યકલાની તુલના શિલ્પ સ્થાપત્ય ક્લા સાથે કરી શકાતી નથી.

· માનવ જીવનને કાર્યશીલ રાખવા માટે યોગ્ય ખોરાક, કસરત અને આરામની જરૂર છે, તેમ મનના વિકાસ અને તેના આનંદ માટે ક્લા, સાહિત્ય, સંગીત વગેરેની ખાસ જરૂર પડે છે.

· પાલ્લો વિકાસોના મત અનુસાર ક્લા જીવનને નવપલ્લવિત કરે છે. માનવજીવનને ઊર્જા આપવાનું તેમજ ગતિ આપવાનું કામ ક્લા કરે છે. એટલા માટેજ સંસ્કૃતમાં કહેવાયું છે કે ક્લા વિનાનો મનુષ્ય એ ચોપગા પ્રાણી જેવો છે.

- ક્લા દ્વારા મનુષ્ય પોતાની કલ્પનાના રંગોવાળા વિશ્વમાં વિહરે છે. ચિર આનંદ અનુભવે છે અને ધીરે ધીરે એ ક્લા એની જીવન સાધના બને છે. ક્લા મનુષ્યને ઉન્નત અને જીવનમાં પ્રાણવાયુ છે. માનસિક ચેતનાને જાગૃત કરવાનું, સર્જન શક્તિ ખિલવવાનું, ભાવજગતને સમૃધ્ધ કરે તેવી ક્લા મનુષયને ઈશ્વર દ્વારા મળેલી અમૂલ્ય ભેટ છે.
- ક્લા જીવનમાં શાંતિ આપવા, મનમાંથી ભેદભાવ, વેર-ઝેર, ઈર્ષા વગેરે દૂર કરવાનું દિવ્ય સ્વરૂપ છે.
- ક્લા મનુષ્યને આનંદ આપવાનો મહત્ત્વનો ભાગ ભજવે છે. અજંતા-ઈલોરાની કોઈ સુંદર ક્લાકૃતિ સમગ્ર વિશ્વના ક્લોકારોને, ભાવિકોને આનંદ આપે છે.
- ક્લા આતંકવાદ અને અણુયુદ્ધના ભયથી થથરતા વિશ્વ માટે ઉમદા સંદેશ લઈને આવે છે.
- “હું માનવી થાઉ તો ઘણું. આ પંક્તિ ઉમાશંકર જોષીકૃત વિશ્વબંધુત્વની વાત કરે છે.” આમ, ક્લા માણસના મનને દિશા આપે છે અને માણસ માણસને જોડે છે.


કલાના પ્રકાર
લલિત કલા
વ્યવહારુ કલા
રૂપપ્રદ કલા
અભિવ્યક્તિ કલા
સાહિત્યલક્ષી કલા
વ્યવસાયિક કલા
લોક કલા
ચિત્ર
શિલ્પ
સ્થાપત્ય
નૃત્ય
નાટ્ય
સંગીત
ગદ્ય
પદ્ય
કાર્ટૂન
સુશોભન
સલાહ
મહેંદી
રંગોળી
આધુનિક ચિત્રો
સાદા ચિત્રો
ધાતુ શિલ્પ
રેતી
બરફ
મીણ
પથ્થર
કાષ્ઠ
હાથીદાંત
આધુનિક
મધ્યકાલીન
પુરાતન
પારંપારિક
શાસ્ત્રીય
આધુનિક
એકપાત્રીય નાટકો
નૃત્ય નાટકો
શેરી નાટકો
એકાંકી
લોક નાટ્ય
મૂક
સુગમ
લોક
શાસ્ત્રીય
નાટક
નિબંધ
વાર્તા
ગીત
ગઝલ
કાવ્ય
મોચીકામ
દરજી
વણાટ
લુહારીકામ
સુથારીકામ
કુંભારી કામ
કેશ કર્તન
કડિયા કામ
ફોટોગ્રાફી
પેઈન્ટિંગ
લોકગીત
લોકનૃત્ય
કેશ ગૂફન
મહેંદી
ભરત ગૂંથણ

**આકૃતિને આધારે સમજ :**

· આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે કલાઓને મૂળભૂત બે ભાગોમાં વહેંચી નાખવામાં આવે છે.

**(1) વ્યવહારુ કલાઓ :**

**(2) લલીત કલાઓ**

· વ્યવહારુ કલાઓ લુપ્ત થતી અટકાવવા આવી કલાઓનો સ્વીકાર શિક્ષણમાં થવો જોઈએ. વ્યવહારુ કલાઓ મનુષ્યના જીવન ખૂબ જ ઉપયોગી છે, તે મૂલ્યોંઈ સમાજ આપે છે. વ્યક્તિને સ્વાવલંબી બનાવવાની પ્રેરણા આપે છે. બાળકને સમાજમાં જીવન જીવવા માટે પોતાની આંતર સૂક્ષ્મનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ આપે છે. આથી શિક્ષણ દ્વારા વ્યવહારું કલાઓનો વિકાસ થાય તે જરૂરી છે.

· વ્યવહારુ કલાના મુખ્યત્વે બે પેટા ભાગ છે.

(1) લોક કલા (2) વ્યાવસાયિક કલા

**(1) લોક કલા :**

લોકકલાઓમાં લોકગીત, લોકનૃત્ય, કેશગુંફન, મહેંદી, ભરતગૂંથણ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજે લોકકલા માનવ જીવનમાં ખૂબ જ ઉપયોગી છે. શિક્ષણમાં તેનો વિકાસ થાય છે ખૂબ જ જરૂરી છે. માનવ જીવનમાં સર્વાંગી વિકાસ કરવા માટે ખૂબ જ જરૂરી છે.

· કચ્છી ભરત કામનો વિકાસ થતો જોવા મળે છે. રાજસ્થાની કેશગુંફન કલામાં ખૂબ જ વિવિધતા જોવા મળે છે.

· મહેંદી પણ શુભ પ્રસંગે હાથ અને પગમાં લગાડવામાં આવે છે. આ બધી જ કલાઓ માનવજીવન સાથે સંકળાયેલ છે. તેથી તેનો વિકાસ થાય તે રીતે શિક્ષણકાર્યમાં આયોજન કરવું જોઈએ.

**(2) વ્યાવસાયિક કલા :**

· વ્યાવસાયિક કલામાં વ્યવસાયને લગતી કલાનો સમાવેશ થાય છે. આ બધી જ કલાઓનો શાળામાં વિકાસ થાય તે જરૂરી છે. વિદ્યાર્થીઓ પોતાના રસ પ્રમાણે વ્યાવસાયિક કલાઓમાંથી પસંદ કરી શકે છે. શાળામાં આ વ્યવસાયને લગતી કલાનો વિકાસ થાય, તે પ્રકારની તાલીમ શાળામાંથી આપવામાં આવે તો વ્યાવસાયિક દ્રષ્ટિનો વિકાસ વિદ્યાર્થીઓમાં થાય, પોતાની જવાબદારી પણ ઉઠાવી શકે.

**2. લલીત કલાઓ :**

**(1) રૂપપ્રદ કલા**

રૂપપ્રદ કલા સૌંદર્ય મુખ્યને પ્રાધાન્ય આપે છે, તે કલામાં અભિવ્યક્તિ મૌલિક, સૌંદર્ય પ્રધાન, રૂચિકા, પ્રાકૃતિક રચનાઓ, આકર્ષણ, ભાવનાઓ વિશિષ્ઠ રીતે રજૂ થયેલ હોય છે તે દ્રષ્ટિ ગમ્ય છે તે નીચે મુજબ છે.

(1) શિલ્પ (2) ચિત્ર (3) સ્થાપતયી

**(1) શિલ્પ :**

· શિલ્પ કલા કલાકારો દ્વારા રચવામાં આવે છે. શિલ્પમાં મૂર્તિ રચના, વસ્તુરચના અને સૌદર્યત્મક પ્રતિકોની ત્રિપરિમાણિય રચનાઓ કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવે છે.

· શિલ્પ કલા ઉપર વિવિધ સમુદાયની અસર જોવા મળે છે. આથી શિક્ષણ દ્વારા તેનો વિકાસ થાય તે ખૂબ જ જરૂરી છે.

**(2) ચિત્ર :**

· ચિત્રકલા શાળામાં શીખવવામાં આવે છે. વિદ્યાર્થીને વધારે પ્રમાણમાં રસ લે તે માટે શાળામાં

પ્રયત્ન થવા જોઈએ. વધુ આગળ થવા અભ્યાસ થઈ શકે છે. એક વ્યવસાય તરીકે તેણે સ્વીકારી શકાય છે, સમાજમાં તેનું સ્થાન પણ આપવું છે.

**(3) સ્થાપત્ય :**

· બાંધકામની કલા અને તેના શાસ્ત્રને સ્થાપત્ય કહી શકાય.

દા.ત., કુતુબ મિનાર, ——નો ઢળનો મિનારો, આગ્રાનો તાજમહાલ વગેરે આ બધા સૌદર્ય વશિષ્ટ આકાર, ઊંચાઈ, બાંધણીમાં રહેલી વિશિષ્ટ યોજના તેને આકર્ષણ બનાવી દે છે. આ સ્થાપત્યને કલા તરીકે ઓળખવામાં આવે છે. સ્થાપત્યનું બાંધકામ મજબૂત થાય તે જરૂરી છે.

· શાળામાંથી પ્રવાસે લઈ જવામાં આવે તો વિદ્યાર્થીઓ તે તરફનો રસ વધે, શાળામાં આ અંગેનું શિક્ષણ થાય તો તેનો વિકાસ થાય.

**(2) અભિવ્યક્તિ કલાઓ (preforming arts)**

**અભિવ્યક્તિ કલાઓ**

- નાટક
- સંગીત
  - વાદ્ય સંગીત
    - શાસ્ત્રીય
    - લોકવાદ્ય
    - સુગમ
  - કંઠ્ય સંગીત
    - લોકગીત
    - શાસ્ત્રીય કંઠ્ય
    - હળવું
- નૃત્ય

· પોતાના અંગો, હાવભાવ, હલન ચલન અને બોલચાલ દ્વારા પ્રસ્તુત કરાતી કલાને અભિવ્યક્તિ કલા કહે છે. વિશ્વભરમાં અભિવ્યક્તિ કલા જુદા જુદા સ્વરૂપે રહેલી છે.

· સમાજમાં માનવજાતી સાથે અભિવ્યક્તિ કલાઓ એક યા બીજા સ્વરૂપે જોડાયેલી હોય છે. શાળામાં અભિવ્યક્તિ કલાઓનો વિકાસ થાય તે જરૂરી છે. વિદ્યાર્થી પોતાના રસ પ્રમાણે પસંદ કરી શકે. શાળામાં આ પ્રકારની તાલીમ કે અભ્યાસક્રમ ચલાવવામાં આવે તો તેનો વિકાસ થાય. એક વ્યવસાય તરીકે પણ તેનો વિકાસ થાય.

(3) સાહિત્યલક્ષી કલા :

· સાહિત્યલક્ષી કલામાં ગદ્ય સાહિત્ય અને પદ્ય સાહિત્ય એમ બે વિભાગ પડી શકાય.

- ગદ્ય સાહિત્ય
  - નાટક
  - નિબંધ
  - વાર્તા
- પદ્ય સાહિત્ય
  - કાવ્ય
  - ગીત
  - ગઝલ

· સાહિત્યલક્ષી કલા શાળાના પાઠ્ય પુસ્તક પર આધારિત છે તેથી શિક્ષણ કાર્યની સાથે સાથે તેનો વિકાસ થાય તે જરૂરી છે. સાહિત્યલક્ષી કલાનો વિકાસ થાય તો એક સારો લેખક બની શકે છે.

· શાળામાંથી આ કલાનો વિકાસ થાય તે માટે પ્રયત્ન થવા જોઈએ, તે અંગેની સ્પર્ધાઓ પણ થવી જોઈએ.

## (8) સૌંદર્ય પરખ કૌશલ્ય વિકાસ

(1) પ્રસ્તવના

(2) સૌંદર્ય મૂલક વિકાસ એટલે શું ?

(3) સૌંદર્ય મૂલક વિકાસને અસર કરતાં પરિબળો

(4) સૌંદર્યમૂલક વિકાસમાં શાળામાં ભૂમિકા

(5) સૌંદર્ય પરખ કૌશલ્ય વિકાસ

**(1) પ્રસ્તાવના**

· શાળામાં બાળકો જુદા જુદા વિસ્તારમાંથી આવે છે. એટલે વ્યક્તિગત તફાવત જોવા મળે છે, દરેક બાળકની પરિસ્થિતિ, વાતાવરણ, મિત્રો, કુટુંબ, પાડોશી વગેરેમાં ભિન્નતા જોવા મળે છે.

· બાળક કયાં વાતાવરણમાંથી આવે છે તે પ્રમાણે તેનો વિકાસ થાય છે. એટલે શાળામાં બાળકોમાં વ્યકિતગત તફાવત હોવાના.

· વ્યકિતગત તફાવતને ધ્યાનમાં રાખી, જે બાળકને જેમાં રસ હોય તે પ્રમાણે પ્રવૃતિઓ લઇ જવો જોઇએ. શાળામાં સૌંદર્યાત્મક બાબતમાં રસ છે. રસ, રુધિને ધ્યાનમાં રાખી, જે બાળકને આમાં રસ હોય તે બાળક પર ધ્યાન કેન્દ્રીત કરી, તેનો સૌંદર્યાત્મક વિકાસ થાય તેવા પ્રયત્નો શાળા કક્ષાએ કરવા જોઇએ.

· બાળકનો સૌદર્યાત્મક વિકાસ રૂંધાય ન જાય તેની શાળા અને વિષેશ કાળજી લેવી જોઇએ. તેનો સૌદર્યાત્મિક વિકાસ થાય, તેનામાં રસ લેતો થાય તે માટે શિક્ષકે જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. બાળકોને વિવિધ સ્પર્ધામાં રસ લેતાં કરવા જોઇએ.

**(2) સૌંદર્ય મુલક વિકાસ એટલે ? Meaning of Asthetic Development:**

· સૌંદર્ય મુલક વિકાસ એટલે બાળકોનો એવો વિકાસ કે જે રીત-રીતી, ગોઠવણી, પ્રમાણ, પ્રકાશ, રંગ, મુસદ્દો ઓળખી એક કલાની રીતે પ્રત્યાયનનાં માધ્યમ તરીકેની અનુભૂતિ પ્રાપ્ત કરે છે.

· સૌંદર્ય મુલક વિકાસની સાથે પર્યાવરણનું અર્થઘટન કરવાની ક્ષમતા આવે છે કે જેમાં મદદરૂપ સ્થળને ખરાબ પણા સાથે અને સુંદર સ્થળને સારાપણા સાથે સાંકળવાની સુઝ-બુઝનો વિકાસ થાય છે.

· અંગ્રેજી સાહિત્યકાર. જહોન કેટ કવિએ કહ્યું કે A thing of a beauty is a joy forever.

· "સુંદર વસ્તુ હંમેશા દરેકનાં આકર્ષણની આનંદની બાબત રહી છે."

· એટલે એવું મનાય છે કે સુંદર વસ્તુ હંમેશા આનંદ અને સ્મૃતિમાં કાયમ માટે તેની છાપ છોડી જાય છે. તે આપણી સૌંદર્યની સમજને પડકારે છે. જહોન ડયુઈના મતે શિક્ષણનું કાર્ય બૌદ્ધિક, નૈતિક અને સૌદર્ય ની સાથે સામાન્ય માનવનાં અનુભવોને સમૃદ્ધ કરવાનું પણ છે.

· સૌંદર્ય મૂલકતા એ પ્રતિચારો અને ક્ષમતાઓનું વિશાળ ફલક આવરી લે છે તેને વધુ સારી રીતે વ્યાખ્યાયિત કરીએ તો તે આનંદદાયક ઇન્દ્રિયગમ્ય અનુભવોનું સભાનતા અને પ્રોત્સાહન છે.

· ટુંકમાં એમ કહી શકાય કે સંસ્કૃતિનાં માપદંડનાં આધારે કલાનું વિવેચનાત્મક મુલ્યાંકન કાર્ય.

· સામાન્ય રીતે સૌદર્યલક્ષી એટલે સૌંદર્ય માટે પ્રેમ, કલાને મૂલવવાનો માપદંડ અને વ્યકિતગત પસંદગી છે.

**Ø રોસના મત પ્રમાણે :**

· સૌદર્યલક્ષી પ્રત્યક્ષીકરણ એ વ્યકિતની અખંડિતતા માટે વસ્તુનાં એકાંકી વિશિષ્ટ ગુણવતાનો સ્વીકાર કરે છે. જયારે બેઢંગા અને બીબાઢાળ વસ્તુઓનો અસ્વીકાર કરે છે.

· સૌંદર્યલક્ષી મુલ્ય ધરાવતી વ્યકિત જીવનમાં સૌંદર્યને પ્રાધાન્ય આપે છે.

· આવી વ્યકિતઓ સૌંદર્ય ને જ સર્વોત્તમ સત્ય તરીકે સ્વીકારે છે અને પ્રત્યેક અનુભવનું મૂલ્યાંકન સૌંદર્યના આધારે છે.

**(3) સંદર્યમલક વિકાસને અસર કરતાં પરિબળો :**

**(1) બૌદ્ધિક વિકાસ :**

· સૌંદર્યાત્મક વિકાસ માટે બૌદ્ધિક વિકાસ ખૂબ જરૂરી છે. શારીરિક વિકાસનાં દરેક પડાવ પર

સંલગ્ન,ઓછામાં ઓછો બૌદ્ધિક વિકાસ જરૂરી છે. બૌદ્ધિક વિકાસ હોયતો તે સારાપણા અને કદરૂપા પણાનું વર્ગીકરણ કરવાની ક્ષમતા ધરાવે છે, કલાનાં મૂળવિચાર અને પારખવા બૌદ્ધિ વિકાસ અગત્યનું પરિબળ છે.

**(2) ઘરનું વાતાવરણ :**

· જે બાળકનાં કુટુંબમાં સૌંદર્ય પ્રત્યેની દૃષ્ટિ ઉચ્ચકક્ષાની છે તેવા બાળકનો સોંદર્યલક્ષી વિકાસ ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચી શકે છે. ઘરનાં વાતાવરણમાં જ કલા પર ભાર મૂકાતો હોવાથી નાનપણથી બાળકમાં સૌંદર્ય પ્રત્યેની દૃષ્ટિનો વિકાસ થાય છે.

**(3) બાહ્ય વાતાવરણ :**

· બાળકને ઘરની સાથે તેનાં મિત્રવર્તુળ/ સહાધ્યાયીઓ/ શિક્ષકો/ પ્રાદેશિક સંસ્કૃતિઓનાં આધારે સૌંદર્યલક્ષી દૃષ્ટિનો વિકાસ થાય છે. પ્રવાસ, પર્યટન, નજીકના સ્થળો, પુસ્તકાલયો, સામાજિક પરંપરાઓ, કલામૂલ્યો વગેરે બાળકનાં સૌંદર્યલક્ષી વિકાસ પર અસર કરે છે.

**(4) તાલીમ :**

· વિદ્યાર્થીઓની ઉંમર પ્રમાણે યોગ્ય તાલીમ આપવામાં આવે તો સુનિશ્ચિત પણે સૌંદર્યલક્ષી વિકાસ સાધી શકાય છે. દા.ત. હોબી, કલાસીસ, નાના નાના સટી, સમર કેમ્પ, નેચર કેમ્પ, જેવી તાલીમો દ્વારા નાની વયથી જ વિદ્યાર્થીઓમાં સૌંદર્ય પ્રત્યેનો લગાવ/દૃષ્ટિ વિકસે છે.

**(5) પ્રોત્સાહન અને બદલો :**

· પ્રોત્સાહન અને બદલો સૌંદયાત્મક વિકાસ માટેનું એક મહત્ત્વનું પરિબળ છે. સૌંદર્યલક્ષી વલણ ધરાવનાર વિદ્યાર્થીને પ્રોત્સાહન અને બદલો આપવાની બીજા વિદ્યાર્થીઓમાં સૌંદર્યલક્ષી વલણ ખીલવી શકાય છે. વિદ્યાર્થીઓને પ્રેરણા મળી રહે છે.

**(6) માનસિક વિકાસ :**

· સૌંદર્યાત્મક વિકાસ માટે બૌદ્ધિક વિકાસની સાથે સાથે માનસિક વિકાસ ખૂબ જરૂર છે. માનસિક વિકાસ યોગ્ય રીતે થયો તો જ કલાત્મક સૌંદર્યને પારખી શકે, બાળકનો માનસિક વિકાસ બરાબર ન થયો હોય તો કલાને પારખી શકે નહીં.

**(7) શાળાનું વાતાવરણ :**

· શાળાનું વાતાવરણ પણ સૌંદર્યમૂલક વિકાસ પર અસર કરે છે. શાળામાં સૌંદર્ય વિકાસને લગતાં કોઇ કાર્યક્રમ કે સ્પર્ધા થતી ન હોયતો બાળકનો વિકાસ અટકી જાય છે.

· પ્રદર્શન ગોઠવવામાં આવે હોય, શાળામાંથી પ્રવાસનું આયોજન કરવામાં ન આવતું હોય, તો કુદરતી સૌંદર્ય જોવાનો બાળકોને લાભ મળતો નથી.

· શાળાનું વાતાવરણ અયોગ્ય હોય તો તેની અસર બાળક પર થાય છે.

**(8) વિદ્યાર્થીની માનસિક સ્થિતિ :**

· સૌંદર્યાત્મિક વિકાસ માટે વિદ્યાર્થીની માનસિક સ્થિતિ સારી હોવી જોઈએ. માનસિક રીતે સ્વચ્છ હોવો જોઈએ. કોઈ બીમારી ન હોવી જોઇએ.

· વિદ્યાર્થી નિરાશાવાદી, માનસિક રીતે થાકેલો, તનાવભરી પરિસ્થિતિ, માનસિક અશાંતિ વગેરે બાબતો પણ અસર કરે છે.

**(4) સૌંદર્ય મૂલક વિકાસમાં શાળાની ભૂમિકા :**

**(1) શિક્ષકનો દૃષ્ટિકોણ :**

· શિક્ષક વિષયવસ્તુનાં શિક્ષણની સાથે સાથે તેનું સૌંદર્યત્મક મૂલ્ય પણ દર્શાવતાં રહે. તો સૌંદર્યલક્ષી દૃષ્ટિકોણ વિદ્યાર્થીમાં કેળવાય છે. અક્ષરો, આકૃતિ, લખાણશૈલી, રંગની પસંદગી કરવામાં વગેરેમાં સૌંદર્યલક્ષીતા ને ધ્યાનમાં રાખવામાં આવેતો વિદ્યાર્થીઓમાં સૌંદર્ય મૂલક વલણ કેળવાય છે.

**(2) શાળાની ભૌતિક બાબતો :**

· શાળામાં સ્વચ્છતા, દીવાલો પર રંગ, વિવિધ આકૃતિઓ ચિત્રો, નોટીસબોર્ડ, વર્ગની દીવાલોનો રંગ, મૂકવામાં આવતાં ભીંતપત્રો, વિવિધ ફોટાઓ, સુચનાઓ, શાળાનો આકાર વગેરેમાં સુરૂપતા, રંગોની પસંદગી, પ્રમાણસરતા સુયોગ્ય અને સૌંદર્યલક્ષી તો વિદ્યાર્થીઓમાં કેટલીક સૌંદર્યલક્ષી ટેવોનો વિકાસ થાય છે.

**(3) સહ-અભ્યાસિક પ્રવૃતિઓ :**

· શાળામાં અવાર-નવાર વાર સોંદર્યલક્ષીતાનો વિકાસ થઈ શકે તેવી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવું અને વિદ્યાથીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે ઈનામની ઘોષણા કરવી જેવી કે -મહેંદી સ્પર્ધા, વર્ગખંડ સજાવટ, રંગોળી સ્પર્ધા, ચિત્ર હરીફાઇ, પોસ્ટર મેકિંગ, સુલેખન સ્પર્ધાઓનું આયોજન કરી શકાય. ચિત્ર આધારીત ચિત્ર વાર્તા.

**(4) પર્યાવરણ સૌંદર્ય પ્રવૃતિઓ :**

· પ્રવાસ પર્યટન દ્વારા વિદ્યાર્થીઓને સમુદ્ર, જંગલ, નદી, પર્વતો, પક્ષીઓ, વૃક્ષો, પશુ-પ્રાણીઓની જરૂરિયાત, ઉપયોગીતા અને તેની સાથે સૌંદર્યાત્મક દષ્ટિ ખીલે તેવા કાર્યક્રમો યોજવા, આકાશદર્શન જેવા કાર્યક્રમો દ્વારા પણ વિદ્યાર્થીઓમાં સૌંદર્યાત્મક દષ્ટિનો વિકાસ શાળા દ્વારા કરી શકાય. સમુદ્રનાં મોજાનો ધ્વનિ, નદીનાં વહેવાનો અવાજ, પક્ષીઓનો કલવર, ફલોનાં રંગ અને સુંગધ, પવનથી થતો પર્ણોનો અવાજ વગેરે હેતુપૂર્વકે બતાવવું.

**(5) પ્રદર્શન :**

· શાળામાં એવા પ્રદર્શનો યોજવા જોઈએ કે જેમાં કુદરતી સ્રોતમાંથી બનાવેલ વસ્તુઓ હોય, કચરામાં નિકાલ કરવામાં આવવા યોગ્ય હોય તેમાંથી નવીન વસ્તુઓ બનાવેલ હોય. સુશોધન માટેની બનાવેલી વસ્તુઓ, માટીકામથી કે લાકડામાંથી બનાવેલા નમૂના, ભરતગુંથણ, મોતીકામ વગેરેની વસ્તુઓનું પ્રદર્શન યોજવું જોઇએ.

**(6) સૌંદર્યમૂલક પ્રવચનો :**

· શાળામાં સૌંદર્યમૂલક પ્રવચનો ગોઠવવાં જોઇએ. વિદ્યાર્થીના ઉત્સાહમાં વધારો કરવામાં પ્રવચનો મહત્ત્વનો ભાગ ભજવે છે.

· શાળામાં સૌંદર્યમૂલક વ્યકિતને બોલાવીને પ્રવચન ગોઠવી શકાય, તે વિવિધ સૌંદયમૂલક બાબતોની માહિતી આપે.

**(7) જરૂરી પ્રોત્સાહન :**

· શાળામાં સૌંદર્યમૂલક સ્પર્ધાઓ, પ્રવૃતિઓ જે કંઇ ગોઠવવામાં આવે તે માટે વિદ્યાર્થીઓને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. દા. ત. ઈનામ, સર્ટિફિકેટ, વર્તમાન પેપરમાં સમાચાર, પ્રાર્થનાસભામાં પ્રોત્સાહન વગરે.

· સૌંદર્ય પરખ કૌશલ્ય વિકાસ શાળામાંથી થાય તે જરૂરી છે. સૌંદર્ય મૂલક વિકાસ થાય તેની સાથે સાથે સૌંદર્ય પરખ કૌશલ્ય વિકાસ થતો રહે છે.

· શાળામાંથી એવી પ્રવૃતિઓ ગોઠવવામાં આવે કે વિદ્યાર્થીઓમાં સૌંદર્ય અંગેની પરખ કરતાં થાય અને તે માટેના કૌશલ્યનો વિકાસ થાય તે માટે આયોજન શાળામાંથી થાય તે જરૂરી છે.

## (9) અનુવાદ કૌશલ્ય

· અનુવાદ માટે ભાષા શબ્દનો ઉપયોગ થાય છે. પ્રત્યેક અનુવાદ ભાષાંતર હોય છે પણ પ્રત્યેક ભાષાંતર હોય એવું નથી. અરબી શબ્દ 'તરજૂનો' પણ આપણે ત્યાં પ્રચલિત છે.

· એનેક ભાષિતાને કારણે અનુવાદ પ્રવૃતી આવશ્યક બને છે. કોઈ-પણ ભક્ષ સાહિત્યના વિકાસમાં તેનું ઘણું મહત્ત્વ છે. વિશ્વની વિવિધ ભાષાઓમાં જે ઉત્તમ સાહિત્ય સર્જાય તેના સંપર્કમાં મુકાવા માટે અનુવાદ અનિવાર્ય છે.

- મનુષ્ય જ્યારે એક ભાષામાંથી અન્ય ભાષાઓમાં વિસ્તરે છે ત્યારે તે વિકસે પણ છે, મનુષ્યના સાહિત્યિક-સાંસ્કૃતિક વિકાસમાં અનુવાદ પ્રવૃતિનું યોગદાન ઓછું નથી.
- અનુવાદ કઈ રીતે, કયા ઉદ્દેશથી કરવામાં આવે છે એને આધારે એના પ્રકારો પાડવામાં આવે છે, શબ્દશઃ અનુવાદને નવલરામ પંડયા શબ્દાનુ સારી રીતે અનુવાદ કહે છે.
- આ દ્રષ્ટીએ ભાવનું સારી કે રસાનું સારી કે દેશ કલાનું સારી અનુવાદો એવા પ્રકાર પાડવામાં આવે છે. છેલ્લા પ્રકારને રૂપાંતર કહી શકાય.
- ગુજરાતીમાં અનુવાદ સાહિત્યનો વિચાર કરતાં ગુજરાતી ભાષાના ભિન્ન ભિન્ન તબક્કાઓનો ખ્યાલ રાખવો પડે.
- શાળામાં અનુવાદ કૌશલ્યનો વિકાસ થાય તે જરૂરી છે, તેનું આયોજન શિક્ષકે કરવું જોઈએ.
- માતૃભાષા શિવાય અન્ય ભાષા અનુવાદ કરવાનું કૌશલ્ય શિક્ષકે વિદ્યાર્થીઓને શીખવવું જોઈએ. તે માટેની પ્રેક્ટિસ, મહાવરો વગેરે શીખવવા જોઈએ.

## (10) સારાંશ

આ મૅન્યુઅલમાં બાળકોના જીવન કૌશલ્યોને વધારવા માટે ડ્રામાનો શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મૅન્યુઅલ બાળકોમાં સકારાત્મક વર્તન અને મનોસામાજિક આવડતને વધારે છે અને જીવન કૌશલ્યોના શક્તિવર્ધનનો મુખ્ય હેતુ છે. દરેક સત્ર સ્પષ્ટ અને વ્યાખ્યાયિત હેતુ પાર પાડવા માટે તૈયાર કરવામાં આવેલું છે, જે સમય અંતરે અભ્યાસક્રમના હેતુને પાર પાડે છે.

આ મૅન્યુઅલ ખાસ કરીને એ વાત પર ભાર મૂકે છે કે જીવન કૌશલ્ય વિકાસ માટેનો કાર્યક્રમ જ્યારે મનોવૈજ્ઞાનિક કે વાર્તનિક સમસ્યા દેખાય ત્યારે જ શરૂ કરવું જોઈએ એવું નથી. આ મૅન્યુઅલનો હેતુ અગમચેતીના પગલાં અને દરમિયાનગીરી માટેનો પણ છે . આવું મૅન્યુઅલ પાછળથી સારવાર કરવા કરતાં વાર્તનિક અને સામાજિક સમસ્યાઓના ઉદભવને ઘટાડવામાં વધારે અસરકારક નીવડી શકે. આવા વિચાર સાથે આ પ્રોજેક્ટ મનોસામાજિક આવડતને બઢાવો આપવા માટેની દરમિયાનગીરી કરે છે અને યુવા વર્ગની સામનો કરવાની, વ્યક્તિગત અને સામાજિક આવડતોને વિકસાવવાનો હેતુ રાખે છે. આ અભ્યાસમાં માનસિક સ્વાસ્થ જે ભાગનો સમાવેશ કરવામાં આવ્યો હતો એ બાળકો અને બાળકોના માનસિક અથવા વાર્તનિક સમસ્યાઓને લગતો હતો. આમાં પોતાની નબળાઈને કારણે જોખમના આરે ઊભેલા બાળકોની માનસિક સુખાકારીને મદદ કરીને તથા રોજીંદા પડકારોનો સામનો કરવા માનસિક રીતે તૈયાર કરીને તેમની સંભાળ લેવાનો હેતુ છે.

મારામાં સક્ષમતા છે,

મારે બનવું છે,

હું બની શકું છું,

હું બનીશ,

હું છું,

## (11) એકમ સ્વાધ્યાય

(1) જીવન કૌશલ્યનો અર્થ જણાવો.

(2) પ્રત્યાયન કૌશલ્ય એટલે શું ?

(3) અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિશે ટૂંકમાં જણાવો.

(4) અભિવ્યક્તિ કૌશલ્ય એટલે શું ?

(5) કલાઓનો વિકાસ ટૂંકમાં જણાવો.

(6) સૌંદર્ય પરખ કૌશલ્યનો વિકાસ ટૂંકમાં જણાવો.

(7) અનુવાદ કૌશલ્ય વિશે ટૂંકમાં જણાવો.

## (12) તમારી પ્રગતિ ચકાસો.

બહુ વિકલ્પ પ્રશ્નો

આપેલા વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) આચાર્યે શિક્ષકો સાથે કઇ રીતે પ્રત્યાયન કરવું વધારે સારું ગણાય ?

(1) કોઇપણ બે શિક્ષક સાથે ચર્ચા કરી (2) શિક્ષક સભામાં ચર્ચા કરી

(3) સિનિયર શિક્ષક દ્વારા જાણ કરી. (4) નોટીસ દ્વારા જાણ કરીને

(2) વિચારોની આપલે કરવાની પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(1) વર્ગ વ્યવહાર (2) ચર્ચા સભા

(3) વિનિમય (4) પ્રત્યાયન

(3) સંદેશો મોકલનારનો સંદેશો અસ્પષ્ટ હોય તો શું થાય ?

(1) સંદેશાનો સ્વીકાર કરે (2) સંદેશાનો અસ્વીકાર

(3) સંદેશો બદલાય (4) સંદેશો ન બદલાય

(4) સંદેશો મોકલનારને સંદેશને સ્પષ્ટ હોય તો શું થાય ?

(1) સંદેશો ન મળે (2) સંદેશો બીજાને મળે

(3) યોગ્ય સંદેશો મળે (4) અયોગ્ય સંદેશો મળે

(5) દ્વિધુવી પ્રક્રિયામાં શિક્ષક કોની સાથે આંતર ક્રિયા કરે છે ?

(1) વિદ્યાર્થી (2) આચાર્ય

(3) સમાજ (4) મંડળ

(6) ટેલિફોન દ્વારા વાતચીત થાય તો કયુ પ્રત્યાયન કહેવાય ?

(1) મૌખિક (2) લેખિત

(3) દશ્યમાન (4) એક્ય નહી

(7) પ્રત્યાયનએ કેવી પ્રક્રિયા છે ?

(1) કાયમી પ્રક્રિયા (2) વર્તમાન પ્રક્રિયા

(3) ટૂંકા ગાળાની પ્રક્રિયા (4) એક પક્ષકારની પ્રક્રિયા

(8) નીચેના પૈકી કયું સાધન લેખિત પ્રત્યાયન દર્શાવે છે ?

(1) શાળાનું મેગેઝિન (2) શિક્ષક પ્રવચન

(3) વર્ગ રજીસ્ટર (4) જનરલ રજીસ્ટર

(9) પ્રત્યાયન કૌશલ્ય નીચેનામાંથી કયું છે ?

(1) વાંચન (2) ઊંઘ

(3) આરામ (4) રમતગમત

(10) જૂથ ચર્ચા પ્રયુક્તિ દ્વારા શું પૂરું પાડી શકાય છે ?

(1) જ્ઞાન (2) સમજ઼

(3) માર્ગદર્શન (4) પ્રેરણા

(11) જૂથ ચર્ચા પ્રયુકિતમાં કોનો લાભ મળે છે ?

(1) વિવિધ શિક્ષકોનો (2) એક શિક્ષકો

(3) કેળવણીકારનો (4) આર્ચાયનો

(12) પરિસંવાદ પ્રયુકિત એ શું છે ?

(1) એક મુદ્દાને વિવિધ બાજુથી જોવો (2) પેટા મુદ્દાને જોવો

(3) કોઈ એક એકમને જોવો (4) પાઠ્યક્રમ જોવો

(13) પરિસંવાદ પ્રયુકિતમાં કોનો લાભ મળે છે ?

(1) તજજ્ઞ વ્યક્તિનો (2) શિક્ષકો

(3) સમાજનો (4) શિક્ષણકારનો

(14) પ્રશ્ન પ્રયુકિતનો ઉપયોગ કરવાથી શું લાભ થાય ?

(1) વિદ્યાર્થી ભાગીદાર બને (2) વિદ્યાર્થી નિષ્ક્રિય બને

(3) માનસિક શક્તિનો વિકાસ અટકે (4) વિદ્યાર્થી બીજા પર આધારિત બને

(15) પ્રશ્ન પ્રયુકિતની મર્યાદા કઈ છે ?

(1) કંટાળાનો અનુભવ (2) વિદ્યાર્થી ભાગીદાર બને

(3) વિદ્યાર્થી ધ્યાન આપે (4) વિદ્યાર્થી સક્રિય બને

(16) સંવાદ પ્રયુકિતથી કયો લાભ મેળવી શકાય ?

(1) રસ ઉત્પન્ન થાય (2) નિષ્ક્રિય બને

(3) બે ધ્યાન બને (4) વધુ સમય

(17) સંવાદ પ્રયુક્તિની મર્યાદા કઈ છે ?

(1) વધુ સમય (2) ઓછો સમય

(3) ભાગીદારી વધે (4) વિદ્યાર્થીઓ વાંચન કરે

(18) સૌંદર્યમૂલક વિકાસ એટલે શું ?

(1) વિવિધ સૌંદર્યની ઓળખ (2) સ્વની ઓળખા

(3) શરીરની ઓળખ (4) બૌદ્ધિક ઓળખા

(19) સૌંદર્યમૂલક વિકાસને અસર કરતું પરિબળ નીચેનામાંથી કયું છે ?

(1) ઘરનું વાતાવરણ (2) શિક્ષકનો સ્વભાવ

(3) સમાજનું વાતાવરણ (4) આચાર્યનો સ્વભાવ

(20) સૌંદર્યમૂલક વિકાસને અસર કરનાર પરિબળ નીચેનામાંથી કયું નથી ?

(1) બૌદ્ધિ વિકાસ (2) શાળાનું વાતાવરણ

(3) ઘરનું વાતાવરણ (4) પાડોશીનું વાતાવરણ

(21) સૌંદર્યમૂલક વિકાસમાં શાળાની કઈ ભૂમિકા છે ?

(1) શાળાની ભૌતિક બાબતો (2) શરીર સંબંધી પ્રવચનો

(3) કુટુંબની બાબતો (4) જાતીય પ્રવચનો

(22) સૌંદર્ય મૂલક વિકાસમાં શાળાની ભૂમિકા નીચેનામાંથી જોવા મળતી નથી ?

(1) શિક્ષકનો દષ્ટિકોણ (2) શાળાની ભૌતિક બાબતો

(3) જાતીય શિક્ષણ (4) પ્રદર્શન

## (13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) શિક્ષકસભામાં ચર્ચા કરી

(2) પ્રત્યાયન

(3) સંદેશો બદલાય

(4) યોગ્ય સંદેશો મળે

(5) વિદ્યાર્થી

(6) મૌખિક

(7) કાયમી પ્રક્રિયા

(8) શાળાનું મેગેઝીન

(9) વાંચન

(10) માર્ગદર્શન

(11) વિવિધ શિક્ષકોનો

(12) એક મુદ્દાને વિવિધ બાજુએ જોવો

(13) શિક્ષકનો

(14) વિદ્યાર્થી ભાગીદાર બને

(15) કંટાળાનો અનુભવ

(16) રસ ઉત્પન્ન થાય

(17) વધુ સમય

(18) વિવિધ સૌંદર્યની ઓળખ

(19) ઘરનું વાતાવરણ

(20) પાડોશીનું વાતાવરણ

(21) શાળાની ભૌતિક બાબતો

(22) જાતીય શિક્ષણ

## (14) સંદર્ભસૂચિ : (References)


(1) બારૈયા વી. વી. : શૈક્ષણિક વ્યવસ્થાપન, પ્રતિક પ્રકાશન, આણંદ

(2) બારૈયા વી. વી. તથા અન્ય : શક્ષણિક વ્યવસ્થાપન અને સંચાલન, પ્રતિક પ્રકાશન, આણંદ

(3) બારૈયા વી. વી. તથા અન્ય : શિક્ષણમાં નાટક અને કલા, પ્રતિક પ્રકાશન, આણંદ

(4) રાવલ સ્વરૂપ : નાટ્ય દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(5) શાહ બેલાઆર : જીવન કૌશલ્યો, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ

(6) વોરા પ્રફુલાબેન : વર્ગવ્યવહાર અને પ્રત્યાયન કૌશલ્યો, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

BAOU
Education
for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-233
# સાહિત્ય દ્વારા શિક્ષણ

વિભાગ

# 3

## સાહિત્ય અને જીવન અનુબંધ


એકમ-9 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

એકમ-10 સાહિત્ય ચારિત્ર્ય નિર્માણનો પાયો

એકમ-11 સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ

એકમ-12 સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ-માનવનિર્માણ

**ES-233, સાહિત્ય દ્વારા શિક્ષણ (વિભાગ-3)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500

દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-239-1**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-233 સાહિત્ય દ્વારા શિક્ષણ


**વિભાગ -1 સાહિત્ય અને શિક્ષણ**

એકમ 1. સાહિત્ય અને શિક્ષણ

એકમ 2. સાહિત્ય સ્વરૂપો

એકમ 3. શિક્ષણ : સંકલ્પના

એકમ 4. સાહિત્યની ઉપાધ્યેતા

**વિભાગ-2 સાહિત્ય અને શિક્ષણનો સંબંધ**

એકમ 5 શિક્ષણક્ષમ સાહિત્ય

એકમ 6 ભાષા કૌશલ્ય અને સાહિત્ય

એકમ 7 સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ

એકમ 8 જીવન કૌશલ્ય વિકાસ અને સાહિત્ય

**વિભાગ-3 સાહિત્ય અને જીવન અનુબંધ**

એકમ 9 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

એકમ 10 સાહિત્ય ચારિત્ર્ય નિર્માણનો પાયો

એકમ 11 સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ

એકમ 12 સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ-માનવનિર્માણ

**વિભાગ-4 સાહિત્યકાર અને શિક્ષણકાર**

એકમ 13 સાહિત્યકાર અને શિક્ષણકાર

એકમ 14 શિક્ષક સજ્જતા

એકમ 15 સાહિત્ય દ્વારા શિક્ષણ-શાળાની ભૂમિકા

એકમ 16 માતૃભાષા શિક્ષણ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 9

# સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

## : રૂપરેખા :


9.1 પ્રસ્તાવના

9.2 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

9.3 સંકલ્પનાનું શિક્ષણ

9.4 સંવેદનાનું શિક્ષણ

9.5 કલ્પનાનું શિક્ષણ

9.6 માનવીય સંબંધોનું શિક્ષણ

9.7 સંસ્કૃતિ પ્રેમનો વિકાસ

9.8 સારાંશ

9.9 એકમ સ્વાધ્યાય

9.10 તમારી પ્રગતિ ચકાસો

9.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

9.12 સૂચિત વાચન સામગ્રી


**ઉદ્દેશો (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા 5છી તમે..

(1) સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ સમજી શકશો.

(2) સંકલ્પનાનું શિક્ષણ સમજી શકશો.

(3) સંવેદનાનું શિક્ષણ સમજી શકશો.

(4) કલ્પનાનું શિક્ષણ સમજી શકશો.

(5) માનવિય સંબંધોનું શિક્ષણ સમજી શકશો.

(6) સંસ્કૃતિ પ્રેમનો વિકાસ સમજી શકશો.

## 9.1 પ્રસ્તાવના

સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ, સંકલ્પના શિક્ષણ, સંવેદના શિક્ષણ, કલ્પનાનું શિક્ષણ, માનવીય સંબંધોનું શિક્ષણ, સંસ્કૃતિ પ્રેમનો વિકાસ વગેરેની માહિતી મૂકવાનો પ્રયાસ કરેલ છે.

સાહિત્ય દ્વારા માનવીય વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. સાહિત્ય દ્વારા સંકલ્પનાનું શિક્ષણ આપી શકાય છે. સાહિત્ય દ્વારા સંવેદનાનું શિક્ષણ રમતગમત દોવારા આપી શકાય છે. કલ્પનાનું શિક્ષણ પણ આપી શકાય છે.

સાહિત્ય દ્વારા માનવીય સંબંધોનું શિક્ષણ આપવામાં આવે છે. માનવીય સંબંધનો વિકાસ સારી રીતે થાય છે, તે માટે શાળામાં પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

## 9.2 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

સાહિત્ય દ્વારા જીવન વિકાસ કરી શકાય છે. ચૈતન્ય એટલે જીવન વિકાસ. સાહિત્ય દ્વારા સારો નાગરિક બને છે. વિદ્યાર્થીમાં મૂલ્યના વિકાસ દ્વારા સારો નાગરિક બનાવી શકાય છે. શાળામાં મૂલ્યના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિ દ્વારા વિકાસ કરાવી શકાય છે.

બીજાને મદદરૂપ થવાની ભાવના ઉત્પન્ન થાય, પોતાની જવાબદારી ઉઠાવી શકે, સાહિત્ય દ્વારા વિચાર, મનન, કલ્પના વગેરે આપે છે. સાહિત્ય દ્વારા સારો વ્યવહાર કરતા શીખે છે. સારું પ્રત્યાયન કરી શકે છે. સાહિત્યની તાલીમ મેળવીને વ્યવસાયિક વિકાસ થાય છે. સાહિત્ય્ દ્વારા અન્યને માન આપવાનું શીખવી શકાય છે.

સાહિત્ય દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં ગોઠવીને ચૈતન્ય વિકાસ કરાવી શકાય છે.

## 9.3 સંકલ્પનાનું શિક્ષણ

**સંકલ્પનાનો અર્થ :**

બ્રુનરના મતે, સંકલ્પના એ જ્ઞાનાત્મક સંરચનાનો એટલે કે વિષય વસ્તુનો મૂળભૂત એકમ છે. તેમના મતે સંકલ્પના એ વસ્તુઓ, પદાર્થો, પ્રાણીઓ કે મૂર્ત-અમૂર્ત ઘટનાઓનો એવો સમૂહ છે કે જેમની વચ્ચે કોઈ સમાનતા હોવાને કારણે તેમને એક ચોક્કસ વર્ગ કે સમૂહમાં મૂકી શકાય છે.

દા.ત.

(1) પુષ્પ : દરેક પુષ્પમાં પાંખડીઓ હોય છે. પાંખડીઓમાં વિશિષ્ટ અંગ હોયછે. તેમાં સ્ત્રીકેસર અને પુંકેસર પણ હોય છે. દરેક પ્રજનન કરે છે. આમ તેઓ ઘણીબધી બાબતોમાં સામ્યતા ધરાવે છે, તેથી તેમને એક વર્ગમાં મૂકવામાં આવે છે.

(2) ભાષાના સંદર્ભે 'વિધાન વાક્ય' એ જ્ઞાનાત્મક સંરચના છે, તેમાં કર્તા, ક્રિયા, કર્મ વગેરે એકબીજા સાથે સંકળાયેલી સંકલ્પનાઓનો સમાવેશ થાય છે.

(3) ગણિતમાં 'ગણ' એક જ્ઞાનાત્મક સંરચના છે. તે ગણના વિવિધ પ્રકારો, ગણ માટેના વિવિધ શબ્દો – દા.ત., જૂથ, લૂમ, ઘણ, ઝૂમખું, ઝૂડો, સેટ...વગેરે સંકલ્પનાઓ સાથે સંકળાયેલી છે.

ટૂંકમાં, કોઈપણ સંકલ્પનાને સમજવા માટે તેની સાથે સંકળાયેલી નાની નાની બાબતો કે વિભાવનાઓની સમજ હોવી જરૂરી છે. તે સંકલ્પનાની આજુબાજુના પર્યાવરણથી પણ પરિચિત હોવું જરૂરી છે.

## 9.4 સંવેદનાનું શિક્ષણ

**પ્રસ્તાવના :**

વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો વિકાઈ થઈ રહ્યો છે. દેશ-દેશ વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે, પણ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું અંતર વધી રહ્યું છે. મનુષ્ય ભૌતિકવાદ તરફ વળતો જાય છે. ટી.વી. કમ્પ્યૂટર અને મોબાઈલની દુનિયામાં ખોવાતો જાય છે. મનુષ્ય રાત-દિવસ પોતાના કામમાં રચ્યો-પચ્યો રહે છે, તેની પાસે પ્રત્યાયન કરવાનો કે બીજાના સુખ-દુઃખમાં સહભાગીદાર થવાનો સમય નથી.

સમાનુભૂતિ-સમાનુભૂતિ-સંવેદના તેમનામાં જોવા મળતી નથી. પૈસા કમાવવાની આંધળી દોટ મનુષ્યને ધીરેધીરે સ્વાર્થી બનાવતો જાય છે. સમાજમાં કેટલાંક કુટુંબોમાં તો મિલકતના કારણે લોહીના સંબંધોમાં તિરાડ પડતી જોવા મળે છે. હજુ પણ જ્યાં સંયુક્ત કુટુંબ છે તેમાં એકબીજા પ્રત્યે સમાનુભૂતિ, સહાનુભૂતિ અને લાગણી જોવા મળે છે, પરંતુ વિભક્ત કુટુંબમાં વ્યક્તિ એકાંકી બનતો જાય છે, હતાશાનો ભોગ બને છે. સામાજિક વિકાસ માટે સંવેદના મહત્ત્વનું પરિબળ છે.

આજકાલ બાળકો, યુવાનોમાં કુદરતી હાસ્ય જોવા મળતું નથી. ભણતરના ભાર નીચે તેમનું હાસ્ય વિલીન થઈ ગયું છે, પરંતુ કોઈપણ વ્યક્તિ હસતાં મુખે સમસ્યાઓનો સામનો કરે છે, એકબીજાને મદદરૂપ બને છે તેના મુખ ઉપર હંમેશા હાસ્ય જોવા મળે છે. મનુષ્યના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે હાસ્ય એ કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે.

સંવેદનાનો સબંધ વ્યક્તિના હૃદય અને મન સાથે જોડાયેલો છે, જ્યારે માનવીય સંબંધો લાગણી, સંસ્કાર અને અનુભૂતિ સાથે જોડાયેલાં છે. સમાનુભૂતિ દ્વારા માનવતાની સાંકળ વધુ મજબૂત બની શકે છે. તંદુરસ્ત સમાજના નિર્માણ માટે મનુષ્યમાં સમાનુભૂતિ કૌશલ્યનો વિકાસ આવશ્યક છે.

**સંકલ્પના :**

સંવેદના એટલે બીજાને તેની પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરવો, સામી વ્યક્તિના સુખ-દુઃખ, લાગણી, વર્તન અને વ્યવહારને પોતાની રીતે, પોતાના વિચારો પ્રમાણે મૂલવ્યા વગર હેતુલક્ષી રીતે જ તે અનુભવનું નિરીક્ષણ કરવું.

પરાનુભૂતિ એટલે વ્યક્તિને ઊંડાણથી સમજવા માટેની આતુરતા છે.

આ એક એવું કૌશલ્ય છે, કે જેના થકી આપણે અન્યની પરિસ્થિતિથી વાકેફ ન હોવા છતાં પણ તેના જીવનની પરિસ્થિતિ વિશેની અનુભૂતિ કરી શકીએ છીએ, જે આપણી જાત કરતાં તદ્દન ભિન્ન હોવા છતાં પણ અન્યની વર્તણૂંકને સમજવા અને સ્વીકારવા માટે આપણને મદદરૂપ થાય છે.

પરાનુભૂતિ-સંવેદના બીજી વ્યક્તિની લાગણીને કાબેલિયત છે, બીજી વ્યક્તિના પરિપ્રેક્ષ્યથી વસ્તુ સ્થિતિને જોઈ, અનુભવી શકવાની ક્ષમતા છે. આપણે બધા આ પરાનુભૂતિની ક્ષમતા સાથે જ જન્મ્યા હોઈએ છીએ. જોકે પરાનુભૂતિનું કૌશલ્ય ખીલવવા માટે કેળવણીની જરૂર પડે છે.

**સમાનુભૂતિ :**

બીજાને તેની પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરવો.

સહાનુભૂતિમાં માત્ર આશ્વાસન પૂરું પાડીએ છીએ, જ્યારે સમાનુભૂતિમાં બીજાનું દુઃખ અથવા લાગણી તેની પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરીને લાગણીમાં તણાયા વગર તેને દુઃખના નિરાકરણ સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે.

જીવન તણાવયુક્ત બને છે અને આંતર માનવીય સંબંધો વિકસે છે.

શાળામાં શિક્ષક વિદ્યાર્થીઓ અને વાલીઓની નાનામાં નાની સમસ્યાઓને પણ કાળજીપૂર્વક તેમના દૃષ્ટિકોણથી સમજીને હલ કરવામાં મદદ કરે છે. ત્યારે તેમનો વ્યવહાર સમાનુભૂતિ ભર્યો છે એમ કહી શકાય, જેમ કે કોઈ બાળકની પૅન્સિલ ચોરાઈ જાય અને તેની આ મૂંઝવણ દૂર કરવા માટે શિક્ષક કાળજી દર્શાવે, ત્યારે તે પરાનુભૂતિ છે, કારણ કે અહીં શિક્ષક સમજે છે કે એક નાનકડા વિદ્યાર્થી માટે પેન્સિલ ચોરાઈ ગઈ છે એ એક મોટી સમસ્યા છે.

જો આ વખતે શિક્ષક વિદ્યાર્થીની દયા ખાયને પછી બે ધ્યાન રહે, તો તે માત્ર સહાનુભૂતિ છે. સહાનુભૂતિમાં ફક્ત દયા ખાઈને માત્ર આશ્વાસન જ પૂરું પાડીએ છીએ, જ્યારે સમાનુભૂતિમાં બીજાનું દુઃખ અથવા લાગણીને તેની પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરીને લાગણીમાં તણાયા વગર તેને દુઃખના નીરાકરણ સુધી પહોંચવામાં મદદરૂપ થઈએ છીએ, જેમ કે અકસ્માતમાં વહાલસોયા પિતાને ગુમાવનાર એક બાળક જ્યારે દુઃખી હોય છે ત્યારે જો શિક્ષક તેને 'બિચારું' કહીને સહાનુભૂતિ દર્શાવે છે તો તે બાળકના દુઃખમાં ઘટાડો થતો નથી. માત્ર તેને ક્ષણિક માનસિક રાહત મળે છે, પણ તેના બદલે જો શિક્ષક બાળકની લાગણીઓને સમજવામાં મદદ કરે અને બીજા અકસ્માતમાં થયેલ નુકસાનથી માહિતગાર કરે તો બાળક સમજશે કે તેના દુઃખ કરતાં પણ બીજા બધાનું દુઃખ ઘણું વધારે છે અને તેનું દુઃખ દૂર કરવામાં સહભાગી થશે.

વિદ્યાર્થીઓમાં આ કૌશલ્ય વિકસે છે, ત્યારે તેઓ અસરકારક માનવીય સંબંધો વિકસાવી શકે છે.

પોતાના મિત્રો સાથે સ્નેહપૂર્ણ વર્તન કરે છે. તેથી આપોઆપ મતભેદો અને ઝઘડા દૂર થાય છે. તેમજ એકબીજાને ઊતરતા કે ચઢિયાતા માનતા નથી. વિદ્યાર્થીઓ રોજિંદા વ્યવહારમાં પણ સહજ રહે છે, વડીલો અને શિક્ષકોની સાથે પણ સદ્‌વર્તન કરે છે.

માતા-પિતા કે શિક્ષક ક્યારેક ઠપકો આપે છે ત્યારે ગુસ્સા પાછળનો હેતુ તેઓ સમજી શકે છે. તેથી તણાવમુક્ત રહી આનંદપૂર્ણ રહે છે, જે વિદ્યાર્થીઓમાં આ કૌશલ્યનો અભાવ હોયછે. તેઓ બીજાની જરૂરિયાત અને લાગણીને સમજી શકતા નથી અને પરિણામે કુટુંબ અને સમાજથી દૂર ભાગે છે. બીજા સાથે સમાધાન પણ કરી શકતા નથી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં અનેક સમસ્યાઓ

ઉદ્‌ભવે છે. અહ્‌મ આવી જાય છે, તેઓ એકબીજા સાથે ભળી શકતા નથી. પોતાનું ધાર્યું કરવાની ટેવ પડે છે.

વિદ્યાર્થીઓમાં સંવેદના કૌશલ્ય વિકસાવવા માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક અને સામાજિક રીતે સમજવા જરૂરી છે. શિક્ષકે વિદ્યાર્થીઓને જૂથમાં રાખવાં અને એકબીજાની લાગણીઓ-વિચારોને કઈ રીતે સમજવી, બીજાનું મૂલ્યાંકન કરતી વખતે આપણા વિચારો વચ્ચે આવવા ન દેવા, પરંતુ બીજાની સમસ્યાના નિરાકરણ માટે મદદરૂપ થવું તે વાત સમજાવવી અને તેનું નિરીક્ષણ કરવું. જરૂર લાગે ત્યાં પોતે માર્ગદર્શક અને મિત્રની ભૂમિકા ભજવીને વિદ્યાર્થીઓ એકબીજાને મદદરૂપ બને તે કૌશલ્ય વિકસાવવા પ્રયાસ કરવો. આ કૌશલ્ય શિક્ષણ, મૂલ્યો, વિચારો અને લાગણીઓની પેલે પાર માનવીય સંબંધો અને સમજશક્તિ વિકસાવી શકે છે તથા માનવીય સંબંધોને મજબૂત બનાવે છે. વસુધૈવ કુટુમ્બક્‌મની ભાવના વિકસે છે. માનવતાની જ્યોત પ્રગટે છે.

સમાનુભૂતિના બીજ રોપાશે ત્યારે ભાવિ પેઢીમાં માનવતાના મીઠાં ફળ જોવા મળશે. વ્યક્તિના સામાજિક વિકાસ અને માનસિક સુખ-શાંતિ માટે સમાનુભૂતિ મહત્ત્વની ચાવી છે. વિદ્યાર્થીઓમાં આ કૌશલ્યનો વિકાસ માતા-પિતા, શિક્ષક અને મિત્રો સાથેના વર્તન-વ્યવહારમાંથી વધુ વિકસે છે. વિદ્યાર્થીઓમાં એકબીજાને મદદ કરવાની ભાવના વિકસે છે. લાગણીઓનું વાવેતર થાય છે અને તેમાંથી માનવતાની ફોરમ ચોતરફ પ્રસરે છે.

વ્યક્તિ એકબીજાને સમજી શકે છે, મદદ કરવા માટે તત્પર બને છે અને ભાઈચારાની ભાવના વિકસે છે. બાળકોમાં બાળપણથી જ સમાનુભૂતિ-પરાનુભૂતિના બીજ રોપવામાં આવે તો મોટાં થતાં સુધી આ કૌશલ્ય સંપૂર્ણ રીતે વિકાસ પામે છે, તેમજ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ ઝડપથી થઈ શકે છે.

ઉપરોક્ત કૌશલ્યના વિકાસાર્થે નીચે નમૂનારૂપ પ્રવૃત્તિઓ આપવાનો પ્રયાસ કર્યો છે, છતાં પણ શિક્ષક પોતાની આગળ સૂઝ-બૂઝના આધારે વિશિષ્ટ પ્રવૃત્તિ કરાવી શકે છે.

**પ્રવૃત્તિઓ :**

**(1) રોલપ્લે :**

નીચે આપેલ પરિસ્થિતિના આધારે 5 કે 7 મિનિટનું રોલપ્લે રજૂ કરો.

– ધરતીને શાળામાં આવવાનું મોડું થાય છે, શિક્ષક તેને તેનું કારણ પૂછે છે. ધરતી શાળામાં આવતી વખતે રસ્તામાં એક વૃદ્ધ માજી કેળાની છાલ ઉપર પગ પડવાની લપસી પડ્યા હતાં તેઓને મૂકવા ઘેર ગઈ હતી. શિક્ષકે સત્ય ઘટના જાણીને માજીને મદદ કરવા બદલ અભિનંદ પાઠવ્યાં.

– આશાની આર્થિક સ્થિતિ નબળી હતી, તેથી અભ્યાસ માટેના પુસ્તકો અને નોટો લાવવા માટેની તકલીફ હતી. શિક્ષકા બહેનને જાણ થતાં તેઓએ આશાને બોલાવીને સાચી હકીકત જાણીને તેના અભ્યાસ માટે પુસ્તકો અને નોટોની વ્યવસ્થા કરી આપી.

– એક કબૂતર ઊડતું હોય છે. પતંગની દોટ તેનામાં વીંટળાઈ જાય છે, તે તરફડિયા ખાતું નીચે પડે છે. આકાશની નજર પડતાં જ તે કબૂતર પાસે જાય છે અને તેના ઉપર પાણી છાંટે છે. હાથમાં લઈને વીંટળાયેલી દોરી કાઢી નાંખે છે અને કબૂતરને મુક્ત કરે છે. ઊડતાં કબૂતરને જોઈને આકાશની આંખમાં હર્ષના આસું આવે છે.

– પૂજન પરીક્ષામાં ઓછા ટકા આવવાથી સૂનમૂન બેસી રહ્યો હતો, તેના માતા-પિતાએ તેને ઠપકો આપ્યો હતો, તેને થતું હતું કે મેં આટલી બધી મહેનત કરી છતાં પણ આટલાં ઓછા ટકા કેમ આવ્યા ? તે હતાશ થઈ ગયો હતો, તેનો મિત્ર છગન આવ્યો, તેને પૂજનની સ્થિતિ જોઈને ઘણું દુઃખ થયું, તેને પૂજનને સમજાવવાની કોશિશ કરી કે પરીક્ષામાં બેઠાં હોય તે બધાના વધુ ટકા આવે એવું નથી. તારા જેવું ઘણાં બધાંને થયું હશે. આમ દુઃખી થવાથી તારી તબિયત બગડશે. હવે ફરી વખત વધુ મહેનત કરજે. તારા ચોક્કસ વધારે ટકા આવે છે.

**(2) મુખ્ય સ્પષ્ટીકરણ :**

નીચે આપેલ વાર્તાનું શિક્ષણ મોટેથી વાચન કરશે, ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીઓને વાર્તાના પાત્રોને એકથી પાંચ સુધીના ક્રમમાં સ્થાન આપવાનું કહેશે, જેમાં વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમ તેમને જે પાત્રનું સારામાં સારું કામ લાગ્યું હોય તેને આવશે અને ખરાબમાં ખરાબ જે પાત્ર લાગશે તેને પાંચમો ક્રમ આવશે.

આપેલ રૂમ અંગે શિક્ષક ચર્ચા કરશે.

**વાર્તા :**

તુષારે બાળપણમાં જ તેના પિતા ગુમાવ્યા હતાં. હાલ તે યુવાન થઈ ગયો છે અને તેની માતાની સાથે રહે છે. એક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે. ધરતી એક તેજસ્વી યુવતી છે અને તે પણ વિજ્ઞાનની પ્રયોગશાળામાં સંશોધન કરે છે. તુષારના ઘરની તદ્દન નજીકમાં જ આવેલા એક મકાનમાં રહે છે. તુષાર અને ધરતી બંને મિત્રો છે અને બંને એકબીજાની ખૂબ જ નજીક છે. પરણવાની તીવ્ર ઇચ્છા ધરાવે છે, પરંતુ કેટલીક સમસ્યાઓ છે. તુષાર એચ.આઈ.વી. પોઝીટીવ હોવાથી શાળામાંથી છૂટાં થવાનો નિર્ણય લે છે.

ધરતીને પણ એક સમસ્યા છે, તે ગર્ભવતી છે, એ તેની સાથે સંશોધન પ્રયોગશાળામાં કાર્ય કરતાં તુષાર સાથે પ્રેમમાં હતી અને આ સંબંધના પરિણામે તે ગર્ભવતી થઈ છે. તુષાર બે માસ પહેલાં આફ્રિકા ગયો છે. છૂટા પડ્યાના એક માસ પછી ધરતીને ખબર પડી કે તુષાર તેને છેતરી છે. ધરતી માનસિક તાણ અનુભવે છે. આ બાબત તેને તુષારની નજીક લઈ જાય છે અને બંને એકબીજાને ગમવા લાગે છે.

તુષારને ધરતી ગર્ભવતી છે તેની જાણ નથી, જ્યારે ધરતીને તુષાર એચ.આઈ.વી. વાહક હોવાની જાણ નથી. બંને ડૉક્ટર શર્મા પાસે સલાહ માટે ગયાં હતાં, તે જાણે છે કે તુષાર એચ.આઈ.વી. વાહક છે. અને ધરતી ગર્ભવતી છે, પરંતુ ડૉક્ટરે બંને પાસે કોઈ રહસ્ય ખોલ્યું નથી. તુષારના માતા તુષાર અને ધરતીના લગ્ન માનટે ખૂબ ઉત્સુક છે. જોકે તેને પોતાનો દીકરો એચ.આઈ.વી. વાહક હોવાની જાણ છે. તુષારને ધરતી સાથે તુરંત લગ્ન કરી લેવા દબાણ કરે છે કે જેથી તેમને તાત્કાલિક સંતાન મળી જાય.

**(2) વાર્તા-નાટ્યીકરણ :**

શિક્ષક વાર્તાનું વાચન કરીને વિદ્યાર્થીઓને નીચે જણાવેલા પ્રશ્ન પૂછીને મંતવ્યો આપવાનું કહેશે.

શિક્ષક આ ઘટના-પ્રસંગનું નાટ્યીકરણ દ્વારા રજૂ કરાવશે.

પૂજન ધોરણ-12માં અભ્યાસ કરે છે, તેના પિતાએ તેને તથા તેના સહાધ્યાયી આકાશને ચોરીછૂપીથી ધુમ્રપાન-દારૂ પીતાં જોયા. જ્યારે પૂજન ઘરે આવ્યો ત્યારે તેના પિતાએ તેને ધમકાવ્યો અને આકાશ જેવા મિત્રોથી દૂર રહેવાની સલાહ આપી. તેની મિત્રતા છોડી દેવાની સલાહ આપી.

માત્ર આજ પ્રસંગ ન હતો, કે જેનાથી પૂજનને તેના પિતાના વર્તનનું દુઃખ થયું હોય. પૂજન આકાશ જોડે ફિલ્મ જોવા જાય કે પ્રવાસમાં જાય, ક્રિકેટર તે તેના પિતાને ગમતું નથી.

પૂજનને તેના વર્ગની કોઈપણ છોકરી સાથે સંબંધ હોય તે પણ ગમતું ન હતું. પૂજનને સતત એવું લાગતું કે તેના માતા-પિતા તેની વ્યક્તિગત જિંદગીમાં ખૂબ જ ડબલ કરી રહ્યા છે. પૂજનના પિતા તેની ખૂબ કાળજી રાખે છે. તેથી પૂજન ફિલ્મ જોવા ગયો હોય કે પોતાના વર્ગની છોકરી સાથે હોય ત્યારે તેના પિતાના ગુસ્સાના ભાવથી ખોટું બોલવાનો આશરો લે છે.

પૂજનને વારંવાર તેમના માતા-પિતા તરફથી મિત્રો સાથે ન જવાની સૂચનાઓ મળેલી છે.

આકાશ તેનો મિત્ર હતો, તેની પૂજનને ખૂબ જ ઈર્ષા આવે છે, કારણ કે આકાશના માતા-પિતા આકાશની વ્યક્તિગત જિંદગીમાં કોઈ દખલગીરી કરતાં નથી, એટલે સુધી કે પરીક્ષાનું પરિણામ

નબળું આવ્યું હોવા છતાં તેના માતા-પિતા ઠપકો આપ્યો ન હતો અને ઉલટતાનું તેઓએ આકાશને આ નિષ્ફળતાની નિરાશામાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી.

યૂજન કહે છે તે પ્રમાણે ક્યારેય ધૂમ્રપાન કરે કે દારૂ પીએ ત્યારે માતા-પિતાને કદાચ તેની ખબર પણ નથી, તેનાં માતા-પિતા આકાશના એક પણ નિર્ણયનો વિરોધ કરતા નથી. આકાશ સ્ત્રી મિત્રોની સાથે ઘણો સમય વિતાવે તો તેઓ પેરરાશ થતા નથી.

આકાશે પોતાના રૂમમાં એક સારામાં સારો ટી.વી. સેટ રાખ્યો છે. કોઈ પણ બહાના વગર પોતાની પસંદગીના કાર્યક્રમો જુએ છે.

**ચર્ચા :**

(1) પૂજન ધુમ્રપાન-દારૂ પીએ છે તેથી તેના માતા-પિતા પૂજનને ધમકાવે છે, આ બરાબર છે ?

(2) પૂજનને એવું લાગે છે કે પોતાની વ્યક્તિગત જિંદગીમાં માતા-પિતા વધુ દખલ કરે છે, તમે તેની સાથે સહમત છો ?

(3) માતા-પિતાના ગુસ્સાથી બચવા પૂજન ખોટું બોલે છે તે બરાબર કરે છે ? તમને શું લાગે છે ?

(4) આકાશના માતા-પિતા જવાબદાર માતા-પિતા તરીકે જે ભૂમિકા ભજવે છે તે યોગ્ય છે ? તમને શું લાગે છે ?

(5) માતા-પિતાની દખલગીરી વગર આકાશ સારો યુવાન બની રહ્યો છે ? તમને શું લાગે છે ?

(6) પૂજનના વિકાસ માટે તેના માતા-પિતા જે કરી રહ્યા છે તે યોગ્ય છે ? તમને શું લાગે છે ?

**પ્રોત્સાહક પ્રવૃત્તિઓ :**

(1) પ્રાર્થના સમયે કોઈ ઘટના, પ્રસંગ, મહાપુરુષોના જીવનપ્રસંગ, વાર્તા સ્વરૂપે, નાટ્યીકરણ દ્વારા કે વ્યાખ્યાન દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાં.

(2) શાળામાં પ્રાર્થના સમયે કોઈ વિદ્યાર્થીએ સારું કાર્ય કરેલ હોય તો શિક્ષકે તેને શાબાસી આપવી.

(3) શિક્ષકે વિદ્યાર્થીઓએ દિવસ દરમ્યાન સારું કાર્ય કરેલ હોય તેની ડાયરીમાં નોંધ કરાવવી.

(4) વિદ્યાર્થીઓ દિવસ દરમ્યાન એક સારું કાર્ય કરે તે માટે પ્રોત્સાહિત કરવા.

(5) વિદ્યાર્થીઓ નબળા વિદ્યાર્થીઓને મદદરૂપ થાય તે માટે પ્રોત્સાહિત કરવા.

### (4) પરાનુભૂતિ શું છે ?

---

પરાનુભૂતિ બીજી વ્યક્તિની લાગણીને સમજવાની કાબેલિયત છે, બીજી વ્યક્તિના પરિપ્રેક્ષ્યથી વસ્તુસ્થિતિને જોઈ, અનુભવી શકવાની ક્ષમતા છે. આપણે બધા આ પરાનુભૂતિની ક્ષમતા સાથે જ જન્મ્યા હોઈએ છીએ. જોકે પરાનુભૂતિનું કૌશલ્ય ખીલવવા માટે કેળવણીની જરૂર પડે છે. જવાબદાર વડીલ, શિક્ષક અથવા સંકલનકર્તા આ માટેનું મૉડેલ બની શકે છે.

### (5) પરાનુભૂતિનું મહત્ત્વ શું છે ? તે કઈ રીતે મદદરૂપ નિવડે છે ?

પરાનુભૂતિથી તાલીમાર્થીઓમાં, સહયોગીઓ સાથે સામાજિક રીતે માન્ય વર્તન જેમ કે મદદ કરવાની, વહેંચવાની, સહકારની વગેરે જેવી ઉમદા ભાવનાઓ વિકસાવી જવાબદાર સમાજનું નિર્માણ થાય છે. પરિણામસ્વરૂપ જોરજુલમ જેવી આક્રમકતામાં ઘટાડો થાય છે. પરાનુભિતિમાં બીજી વ્યક્તિના ભાવનાત્મક રિફ્લેક્શનને સમજવાની અથવા અનુભવવાની ક્ષમતા હોવાથી, બીજા સાથે પરાનુભૂતિ ધરાવનારા લોકો બાળપણમાં, યુવાનીમાં કે જિંદગીના પાછલાં વર્ષોમાં સમાજવિરોધી વર્તનથી દૂર રહે છે. પરાનુભૂતિ અનુભવવામાં મુશ્કેલી અનુભવતા લોકો મોટે ભાગે આક્રમક હોય છે. પરાનુભૂતિ વધારવાના તાલીમી કાર્યક્રમોમાં તાલીમાર્થીની વિવેચનાત્મક અને ચિંતનશક્તિ વધે છે.

આ બાબત પૂર્ણ સમયના પરાનુભૂતિ તાલીમ કાર્યક્રમ અને ટૂંકાગાળાની સારવારમાં તાલીમાર્થી કોઈપણ ઉંમર અને લક્ષણોવાળા યુવાનોને લાગુ પડે છે. પરાનુભૂતિ વધારવાના તાલીમી કાર્યક્રમમાં ખાસ નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

– આંતરવ્યક્તિત્વ ખ્યાલ અને પરાનુભૂતિપૂર્ણ રિફ્લેક્શન અંગેની તાલીમ.

– વ્યક્તિ પોતાની લાગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે.

– આપણી અને અન્યો વચ્ચેની સમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

**(6) પરાનુભૂતિ તાલીમની સફળ પદ્ધતિઓ :**

– તેઓને બીજાનો દૃષ્ટિકોણ સમજવાનું કહેતા પહેલા તેઓની પોતાની ભાવના સમજી અને પોતાની લાગણીને કેન્દ્રમાં રાખવાનું શીખવવાથી શરૂઆત થવી જોઈએ. આપણે આપણી વિવિધ લાગણીઓને સમજીને તેમજ વિવિધ પરિસ્થિતિમાં અનુભવી શકાતી લાગણીને સમજીને શરૂઆત કરવી જોઈએ.

– પોતાની અને અન્યો વચ્ચેની સમાનતાને અસરકારક રીતે ઓળખવાથી, ભાવનાત્મક અને જ્ઞાનાત્મક પરાનુભૂતિ વધે છે. આ સમાનતા ઓળખી કાઢવી એ સ્વલાગણી પર ધ્યાન કેન્દ્રિત કર્યા પછીનું પગલું છે.

– આપણામાંની અને અન્યોના વિવિધ ભાવનાઓને ઓળખવી અને બીજાને કઈ રીતે રિફ્લેક્શન આપવું. એ વડે આપણાં પરાનુભૂતિ સંદર્ભો અને કુશળતામાં વધારો થાય છે. પરાનુભૂતિની ક્ષમતા સરળતાથી કેળવાતી નથી. છૂટાછવાયા પ્રયત્નો કરતાં વારંવાર બીજાના દૃષ્ટિકોણને સમજવો એ વધુ અસરકારક છે.

– તાલીમાર્થીઓ સાચા અથવા કાલ્પનિક વ્યક્તિની ભૂમિકા ભજવવાનો ડ્રામા કરે છે. બીજાની લાગણીનો વિચાર કરવાથી ભાવનાત્મક અને જ્ઞાનાત્મક પરાનુભૂતિ વધે છે. જ્યારે આપણને પ્રાણી, વૃક્ષ કે મૃતપ્રાય વસ્તુઓનો દૃષ્ટિકોણ સમજવાનું કહેવામાં આવે ત્યારે પણ આપણી પરાનુભૂતિમાં નોંધપાત્ર વધારો થાય છે.

– પરાનુભૂતિક વર્તન દેખાડવું એ પરાનુભૂતિ તાલીમનું મહત્ત્વપૂર્ણ ઘટક છે. જ્યારે મોટાઓ આદર્શ મૂલ્યોને રોજિંદા વર્તનમાં અમલમાં મૂકે છે ત્યારે નાના તેને જલ્દી ગ્રહણ કરે છે, નહીં કે તેમની પર ચોક્કસપણે જ વર્તવાનો આગ્રહ લાદવાથી.

– મહાત્મા ગાંધી, મધર ટેરેસા જેવા પ્રસિદ્ધ વ્યક્તિઓના જીવન અને સિદ્ધિઓને તાલીમાર્થીઓનાં ધ્યાન પર લાવી, સમાજલક્ષી વર્તનને પ્રોત્સાહિત કરી શકાય છે. જ્યારે તાલીમ આપનારાઓ તાલીમાર્થીઓનું ધ્યાન આવા વ્યક્તિત્વો તરફ દોરે છે ત્યારે, તાલીમાર્થીઓ આવા વ્યક્તિત્વનાં વલણ અને વર્તનનું અનુકરણ કરવા પ્રેરાય છે એવું નોંધવામાં આવ્યું છે.

**(7) વૈચારિ માળખું :**

**તાલીમાર્થીઓને પરાનુભૂતિ શું છે એમ પૂછીને શરૂઆત કરો.**

કાર્ય – 'સફરજન જલેબીની' વાર્તા કહો

એક સમયે એક વૃદ્ધા સ્ત્રી પોતાને પગભર રહેતી હતી. એક દિવસ તેન સફરજન જલેબી ખાવાની તીવ્ર ઇચ્છા થઈ, તેણે વિચાર્યું મારી પાસે તો ફક્ત કેરી જ છે, તે ગુજરાતમાં રહેતી હતી અને ગુજરાતમાં સફરજન ઉગતા નથી, પરંતુ કાશ્મીરથી આવે છે, તેણે વિચાર્યું, મારી કેવી વડે સફરજન મેળવવાનો રસ્તો મારે શોધવો પડશે, હું બજારમાં જઈને કેવી વેચીને સફરજન ખરીદીશ, તેણે શાલ ઓઢી, બાસ્કેટની કેરીઓ પર નેપકીન ઢાંક્યો અને ઘરની બહાર નીકળી પડી.

બજાર જતાં તેને યુવાન સ્ત્રી મળી જે ઉદાસ જણાતી હતી. આ વૃદ્ધા સ્ત્રી લાગણીશીલ હતી અને મુશ્કેલીમાં મૂકાયેલા લોકોને હંમેશા મદદ કરતી, તેથી તેણે તેના દુઃખનું કારણ પૂછ્યું. બીજી

સ્ત્રીએ જણાવ્યું કે હું ગંભીર મુશ્કેલીમાં છું, મારા કુટુંબને કેરીનું અથાણું ખાવું છે અને મારી પાસે આ રૂના મોટા કોથળા સીવાય કંઈ નથી. વૃદ્ધા સ્ત્રીએ જણાવ્યું, મારી પાસે સરસ કેરી છે, જેમાંથી સારું અથાણું બનશે, તું તે લઈ શકે છે. જુવાન સ્ત્રી હરખાઈને બોલી ઊઠી મારા કુટુંબને કેરીના અથાણાથી વિશેષ પ્રિય કંઈ નથી, પરંતુ મારી પાસે રૂના કોથળા સિવાય આપવા માટે કંઈ ન હોવાથી તમે એ ન સ્વીકારો ત્યાં સુધી હું કેરી લઈ ન શકું.

વૃદ્ધા સ્ત્રીએ વિચાર્યું મારી સુંદર કેરીના બદલામાં રૂનો થેલો લઉં ? મારું છટક્યું છે ? જો કે બંને દુઃખી રહે તેના કરતાં એક ખુશ રહે એ વધુ ઉત્તમ છે. કદાચ હું રૂ ના બદલે સફરજન ખરીદી શકીશ, તેણે જુવાન સ્ત્રીને કેરી આપી દીધી. જુવાન સ્ત્રીએ આભાર માનતા જણાવ્યું મારું કુટુંબ ખુબ ખુશ થશે. અને રૂ નો કોથળો વૃદ્ધ સ્ત્રીને સુપરત કર્યો. વૃદ્ધ સ્ત્રીએ હસતાં હસતાં તે સાથે ચડાવ્યો અને પોતાને રસ્તે ચાલી નીકળી, તેણે ત્રણ બાળકોને ઝઘડતા જોયા.

તેના કાને છૂટા છવાયા અવાજ પડ્યા – રેમશ .... રૂ .... ઘાસ .... સસ્તાં હોય .... રેશમ .... સારું .... રૂ .... ઘાસ .... ઘાસ જ આપણને પોષાય .... આ વૃદ્ધ સ્ત્રી તેમની પાસે પહોંચી. એક બાળકે તેની સામે જોઈને જણાવ્યું જો આ આપણા ઝઘડાનું નીરાકરણ લાવશે. સારું માડી અમને કહો કે જો તમે તમારા દાદી માટે ઓશીકું બનાવો તો તેમાં રેશમ ભરવાથી વધુ સારું બની શકે કે નહિ ? તેણે વિચારમગ્ન જવાબ વાળ્યો... ના...બીજો બાળક બોલી ઉઠ્યો જો મેં કીધુ હતું ને, ઘાસ જ યોગ્ય રહેશે, ઉપરાંત તે વછાપરીમાંથી જ મળી રહેશે તેથી બહું દૂર જવું પણ નહિ પડે અને આપણી પાસે તૈયાર પણ નથી.

ત્રીજો બાળક બોલી ઉઠ્યો તમે કંજૂસી કરો છો, આપણાં દાદી સૂઈ જશે તો ઘાસ તેમના માથામાં વાગશે, આપણને રૂની જરૂર છે. વૃદ્ધ સ્ત્રીએ સ્પષ્ટતા કરતાં શાંત પડવાનું જણાવ્યું અને ઊમેર્યું રૂ નું ઓશીકું તો શ્રેષ્ઠ જ બને. મારી પાસે રૂનો થેલો હોવાથી તમે તે ભરીને ઓશીકું બનાવી શકો કેમ કે ઘાસનું ઓશીકું હું કદાપી પસંદ ન કરું.

બાળકો એકબીજા સામે જોઈ ઝૂમી ઉઠ્યા અને બદલામાં લાંબા ડાળખાવાળા, હળવા લાલ રંગના ગુલાબનું ગુચ્છ આપતા જણાવ્યું લાલ ગુલાબ પ્રમનું પ્રતીક છે. વૃદ્ધ સ્ત્રીએ વિચાર્યું રૂ કરતાં ગુલાબની સુગંધ સારી, ઉપરાંત તેમારી કેરી કરતાં ઓછા વજનવાળા છે અને રૂ કરતા લઈ જવામાં વધુ સરળ છે, વધુમાં બાળકોને હસતા જોવા સારું લાગે છે.

બાળકો પોતાની ઘરડી દી માટે સુંદર પ્રવૃત્તિ કરતાં હોવાથી તેમને શુભેચ્છા અને શારીવાદ પાઠવીને તેણે ત્યાંથી ચાલતી પકડી. રસ્તામાં તેણે સુંદર વસ્ત્ર પરિધાન કરેલો અને શ્રીમંત કુટુંબમાંથી આવતો હો તેવા જુવાનને જોયો, જેણે માથું ઢાળી દીધું હતું, રસ્તામાં કાલ્પનિક પથ્થરને ઠેબે ચડાવતો હતો અને ખિસ્સામાં ઊંડે હાથ સરકાવતો હતો, તે ખૂબ વ્યથિત જણાતો હતો, તેણે કહ્યું હું નિરાશ છું, આજે મને 21મું બેઠું અને સારી નોકરી પણ છે પરંતુ...., વારુ આવી સરસ બાબતોમાં દુઃખજનક શું છે ? ઝવેરી વાયદા મુજબ વીંટી મોકલાવવી ભૂલી ગયો છે, હું 21મા વર્ષમાં પ્રવેશ્યો તે જ મુજબ મારી પ્રેમીકાને પણ 19મું બેઠું છે, હું આજે તેન લગ્નની વાત કરવાનો હતો પરંતુ હવે મારે ખાલી હાથે જવું પડશે.

વૃદ્ધ સ્ત્રીએ તેને સુંદર લાલ ગુલાબનું ગુચ્છ આપતાં જણાવ્યું કે આ સાચા પ્રેમનું પ્રતીક છે અને તેની પ્રેમીકા જરૂર ખુશ થશે. જુવાને તે આનંદસહિત લઈ લીધા અને પોતાના ગળામાંથી સોનાની ચેઈન કાઢીને વૃદ્ધાના ગળામાં પહેરાવવા પ્રયાસ કર્યો. વૃદ્ધા પાછળ હટતા બોલી આ તો ધોળે દહાડે લૂંટ કહેવાય. જુવાને જવાબ વાળ્યો સાચો વ્યવહાર લૂંટ નથી, તે ફૂલ સૂંઘતો આનંદમગ્ન ચાલી નીકળ્યો. વૃદ્ધા આઘાતસહિત આશ્ચર્ય પામતાં વિચારવા લાગી મને આની અપેક્ષા નહોતી. આનાથી તો હું બજારના સફરજન ખરીદી શકું અને તે છતાં થોડા પૈસા વધે, મારે શહેરમાં જવું જોઈએ.

રસ્તે જતા તે એક ઝૂંપડી પાસેથી પસાર થતા અંદરથી બાળકોના રડવાનો અવાજ સંભળાયો. અંદર ડોકિયું કરતા એક માતા તેના ત્રણ બાળકો અને ગલુડિયા સાથે બેઠેલી ભાળી. માતા અને

બાળકો દુઃખના માર્યા આક્રંદ કરતા હતા અને ગલુડિયું આંટા મારતું હતું. માતા વાત કરતી હતી ત્યારે ગલુડિયું વૃદ્ધાના પગ સાથે સાથે ઘસતું પંજા પાસે બેસી ગયું. વૃદ્ધાએ શું બાબત છે એમ પૂછતા માતાએ જણાવ્યું અમે રોટલીનો છેલ્લો કટકો પણ ખાઈ ગયા, વધુ ખરીદવાના મારી પાસે પૈસા નથી, મારો પતિ મને છોડીને જતો રહ્યો છે અને હું કામધંધા વગર મારા ભૂખ્યાં બાળકો શું ખવડાવીશ. વૃદ્ધાએ વિચાર્યું મારા પડોશી પાસે ખાવાને રોટલી પણ ન હોય તો હું સફરજનની જલેબી ન ખાઈ શકું. તેણીએ પોતાના ગળમાંથી ચેઈન કાઢીને એ માતાને પહેરાવી દીધી અને તેટે ભેટી પડી.

તે નીકળતી હતી ત્યાં નાનું છોકરું દોડતું આવ્યું અને તેને ગલુડિયું આપ્યું.

તે વિચારમાં પડી, સફરજનના બદલે રૂનો થેલો મળ્યો.

રૂના બદલે ગુલાબનો ગુચ્છ,

ગુલાબના બદલામાં સોનાની ચેઈન, અને

સોનાની ચેઈનના બદલામાં ગલુડિયું મળ્યું.

આખી દુનિયા લેવડદેવડની બનેલી છે.

કોને ખબર મને હજી મારી સફરજન જલેબી મળી શકે છે...!

ચાલતાં-ચાલતાં તે મોટી ટ્રક જ્યાં પાર્ક કરેલી હતી તેવા વિશાળ ખેતર પાસે આવી પહોંચી. તેણે જોયું કે ટ્રકમાં બીજા રાજ્યની ખેતપેદાશ ભરેલી હતી, તેણે ગલુડિયાને પકડી રાખવા મથામણ કરી પરંતુ તે દોડીને અંદર પહોંચી ગયું, તેણે દરવાનને જણાવ્યું કે, તમને ખલેલ પહોંચાડતાં ખેદ અનુભવું છું પણ મારું ગલુડિયું અંદર જતું રહ્યું છે, તેણે નોંધ્યું કે ટ્રકમાં સફરજન નિશાન કરેલા કરંડિયા ભર્યા હતા. એક ઘરડો માણસ ગલુડિયાને લઈને આવી પહોંચ્યો અને પૂછવા લાગ્યો કે તે ક્યાંથી આવી ચડ્યું. વૃદ્ધાએ જવાબ વાળ્યો કે તે તેનું છે. વૃદ્ધે ગલુડિયાની માંગણી કરતાં જણાવ્યગું કે એનાથી મારા ઘરની એકલતા દૂર થશે. વૃદ્ધાએ કહ્યું કે તમારી પાસે તો આટલા બધા સફરજન તો છે. વૃદ્ધનો ઉત્તર હતો, જ્યારે માણસ ઘરડો થાય ત્યારે સફરજન સારી કંપની આપી ન શકે, પણ જો મને મારા દરવાજે ભસતું આ ગલુડિયું મળી જાય તો તેના બદલે હું આ બધા સફરજન આપી દેવા તૈયાર છું. વૃદ્ધાએ વિચાર્યું હું માનીશ કે મારા ગલુડિયાને નવું ઘર મળી ગયું, તેણી તે એકલા ઘરડા વૃદ્ધને સોંપી દીધું. વૃદ્ધે બદલામાં ફળના કરંડિયા આપતાં જણાવ્યું કે તે કાશ્મીરના શ્રેષ્ઠ સફરજન છે.

વૃદ્ધા લોભી નહોતી, તેણે જણાવ્યું કે તેને 4-5 સફરજનની જ જરૂર છે, પરંતુ વૃદ્ધે કહ્યું કે તેણી જોઈએ એટલા બધાં લઈ શકે છે, ગલુડિયાનું મૂલ્ય આ બધાં સફરજન જેટલું છે. વૃદ્ધે તેના નોકરને સફરજનના ખોખાં ભરી વૃદ્ધાને આપવા જણાવ્યું. વૃદ્ધાએ વિચાર્યું કે જો તમે પૂરતી અને સખત મહેનત કરો તો જોઈતી વસ્તુ પ્રાપ્ત કરી શકો છો, તેણે ઘરે જઈને સફરજનની જલેબી બનાવીને તેની લિજ્જ ઉઠાવી.

**પ્રવૃત્તિ :**

**સફરજન જલેબી વાર્તા સ્ટેચ્યુ**

તાલીમાર્થીઓને ત્રણ સમૂહમાં વિભાજિત્ કરો. દરેક સમૂહે સ્ટેચ્યૂ દ્વારા સફરજન જલેબીની વાર્તા કહેવી.

**રિફ્લેક્શન :**

**પ્રક્રિયા :**

તાલીમાર્થીઓને આજે જે શીખ્યા હોય તે વિશે રિફ્લેક્શન આપવા કહો, તેમને એવા પ્રશ્નો પૂછો કે તેમને પ્રક્રિયામાંથી શું શીખવા મળ્યું, શું રસપ્રદ હતું અને તેમને કેવું લાગ્યું. આગળ જતાં, આ અનુભવને કેવી રીતે વિકસાવશે તે વિશે પૂછો.

## 9.5 કલ્પનાનું શિક્ષણ

**પ્રસ્તાવના :**

જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહેલ છે. નવી નવી ટૅક્નોલૉજીનો વિકાસ થઈ રહેલ છે. તેથી દરરોજ કંઈને કંઈ નવી બાબતોનો ઉમેરો થતો રહે છે. પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારે ખાસ કોઈ વિકાસ ન હતો. જેમ જેમ નવી ટૅક્નોલૉજીની શોધ થતી ગઈ તેમ તેમ માનવે સતત વિકાસ કર્યા છે. આજે પણ ટૅક્નોલૉજીને કારણે વિકાસની ગતિ અવિરત ચાલુ જ છે.

કોઈપણ વ્યક્તિ એ કે દેશે પોતાનો વિકાસ કરવો હોય તો તે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેના રસ્તામાં સામે આવતી સમસ્યાઓનો ઉકેલ માટે માનવે પ્રયત્નો કરવા પડે છે. પ્રયત્નો કરવા છતાં અમુક સમસ્યાઓનો ઉકેલમાં સફળતા મળે છે. અમુક સમસ્યાઓનો ઉકેલ મળતો નથી. સમસ્યા ઉકેલની પ્રક્રિયાને અને સફળતા મળે કે ના મળે, આ બંને પરિસ્થીતિમાં એક બાબત તો સામાન્ય રહે છે અને એ છે વિચાર.

સમસ્યાના ઉકેલ માટે માનવે વિવીધ માર્ગો વિચારવા પડે છે. તેણે તર્કયુક્ત વિચાર કરવો પડે છે. તે સિવાય પણ વ્યક્તિ તેના જીવનમાં દરેક ક્રિયા કરવા માટે વિચાર તો કરે જ છે.

દા.ત. લાઈટ ગઈ, કેમ ગઈ, ક્યાંથી ગઈ તરત જ આપણે વિચાર શરૂ કરી દઈએ છીએ, તરત જ લાઈટ જવાના કારણોની તપાસ કરીએ છીએ. ફ્યુઝ ઊડી ગયો હશે. મુખ્ય ઓફિસથી લાઈટ ગઈ હશે. કોઈકે મેઈન સ્વી બંધ કરી હશે. મુખ્ય કનેક્શનમામં ખામી આવી હશે, તરત જ આવા વિચાર કરવા માંડીએ છીએ.

સમસ્યાના ઉકેલ માટે માનવે વિવિધ માર્ગો વિચારવા પડે છે, જે વિવિધ માર્ગો માનવી વિચારે છે તેને આપણે ચિંતન કરીએ છીએ.

દા.ત. કૉલેજ કે ઘરમાંથી એક સપ્તાહના પ્રવાસે જવું છે. તો આપણું મન વિચાર કરવા મંડી જાય છે. ક્યાં જવું, કેવી રીતે જવું, કેટલી સંખ્યામાં જવું, રાત્રીરોકાણ ક્યાં કરવી, નાસ્તા, ભોજન, રહેઠાણ જોવાલાયક સ્થળ વગેરે વિચાર કરવો પડે છે. આ જ વિચાર કરીએ છીએ તેનો આપણે ચિંતનની પ્રક્રિયા કહીએ છીએ.

**ચિંતનની વ્યાખ્યા (Definition of Reflection Thinking) :**

કલ્પના, તર્ક, સ્મૃતિ, સૂઝ અને પ્રત્યક્ષ કરવા જેવી ઘણી બાબતો ચિંતન સાથે સંકળાયેલી છે. આ દરેક બાબતોને ધ્યાનમાં લઈ ચિંતન અંગે કોઈ ચોક્કસ અને સર્વસામાન્ય મનોવૈજ્ઞાનિક વ્યાખ્યાનું કામ અતિ મુશ્કેલ છે, છતાં વિવિધ મનોવૈજ્ઞાનિકો એ ચિંતનની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. આ વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

**(1) એચ. ઈ. ગેરેટ :**

ચિંતન એ વારંવાર થતું એવું ગર્ભિત અને છૂટું વર્તન છે જેની સાથે સંકેતે સાદી રીતે જોડાયેલા હોય છે. (કલ્પના ચિત્રો, વિચારો, સંકલ્પનાઓ)

Reflection is behaviour which is often implicit and hidden and in which symbols are ordinarily employed (images, ideas, concepts)

**(2) એસ. એમ. મોહસીન :**

ચિંતન એ સમસ્યા ઉકેલ માટેનું ગર્ભિત વર્તન છે.

Reflection is an implicit problem solving behaviour

**(3) જે. એસ. રોસ**

બોધાત્મક રીતે ચિંતન એક માનસિક પ્રક્રિયા છે અથવા મનોવૈજ્ઞાનિક પદાર્થના સંદર્ભમાં ચિંતન એ માનસિક પ્રક્રિયા છે.

Reflection is mental activity in its cognitive aspect or mental activity with regard to psychological objects.

**(4) સી. ડબલ્યુ વેલેન્ટાઈન :**

જો ચુસ્ત મનોવૈજ્ઞાનિક રીતે ચર્ચા કરીએ તો ચિંતન એવી પ્રવૃત્તિ છે જેમાં એકબીજા સાથે જોડાયેલા વિચારોનો પ્રવાહ અનિવાર્યપણે કોઈ એક ચોક્કસ હેતુ અથવા અંત તરફનો હોય.

(5) "ચિંતન એ એવો પ્રવાહ છે કે જે ચોક્કસ દિશા તરફ આગળ લઈ જાય છે. જે સમસ્યાના ઉકેલના વિવિધ માર્ગો શોધવામાં સહાયક બને છે."

(6) "ચિંતન એ સતત વિચારની પ્રક્રિયા છે જે ચોક્કસ લક્ષ્ય બિંદુ તરફ લઈ જાય છે."

**ચિંતનનો અર્થ (Meaning of Reflection) :**

ચિંતન એ બોધાત્મક છે. તે વ્યક્તિના પ્રત્યક્ષીકરણ, સૂઝ, કલ્પના અને સ્મૃતિ પર આધાર રાખે છે. જે બાબત કોઈ એક સમયે વિચાર પ્રક્રિયામાંથી પસાર થઈ હોય છે તેને વર્તમાનમાં વાગોળવું એટલે ચિંતન. તે ઉપરાંત ભવિષ્યની ઘટનાઓ અને અમૂર્ત બાબતો વિશે અથવા દશ્ય કે અદશ્ય બાબતો વિશે જે તે ક્ષણે વિચારવાને પણ ચિંતન કહે છે.

દા.ત. આપણી સામે જ્યારે સમસ્યા આવી પડે, ત્યારે સમસ્યાના ઉકેલ મેળવવા માટે જ્યારે આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણી સ્મૃતિમાં તે ઉકેલને લગતી જેટલી પણ બાબત હોય તેને યાદ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

આ બાબતો એવી હોય છે જે એકવાર આપણી વિચાર પ્રક્રિયામાંથી પસાર થયેલી હોય છે. વિચાર પ્રક્રિયામાંથી પસાર થયેલી આ બાબતો આપણાં પ્રત્યક્ષીકરણ, આપણી સમજની મર્યાદામામં રહીને આપણી સ્મૃતિમાં સંગ્રહિત થાય છે. આપણે આ દરેક બાબતો વચ્ચે અંતર સંબંધ ઊભા કરીને વર્તમાનમાં સમસ્યાનો ઉકેલ મેળવવા પ્રયત્ન કરીએ છીએ. આ સમગ્ર પ્રક્રિયાને આપણે ચિંતન તરીકે ઓળખાવી શકીએ છીએ.

બીજી એકવાત એ પણ સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે અમુક વખતે આપણે અમૂર્ત અને અદશ્ય બાબતો વિશે પણ ચિંતન કરીએ છીએ.

ઘણીવાર એવી બાબત વિશે પણ ચિંતન કરીએ છે કે જે આપણે ભૂતકાળમાં કદી જોઈ અથવા અનુભવી પણ ના હોય અને ભવિષ્યમાં પણ જેને જોઈ કે અનુભવી શકવાની શક્યતા ના હોયફ

દા.ત. ભૂત, ભગવાન, ઈમાનદારી, ક્રોધ, બહાદુરી, આનંદ, દુઃખ, જેવી અનેક બાબતોનો આમાં સમાવેશ કરી શકાય છે. આ દરેક બાબતો વિશે વિચારવું હોય તો, પણ આપણે આપણા પ્રત્યક્ષીકરણ અને સ્મૃતિની મર્યાદા બહા જઈ શકતા નથી. માત્ર વિચાર જ કરી શકીએ છીએ.

**ચિંતનનો અર્થ : ચિંતનાત્મક શિક્ષણનો અર્થ**

**(1) સ્કોન ડોનાલ્ડ**

"ચિંતનાત્મક શિક્ષણ એ અનુભવમાંથી શીખવાની પ્રક્રિયા છે. સફળતા કે નિષ્ફળતાના લેબલ પૂર્વેનું પ્રથમ ચરણ ચિંતનાત્મક વિચાર."

અનુભવનો એક પ્રકારની ક્રિયા છે તે પોતે કશું શીખવતો થી. પરંતુ અનુભવકર્તા જ્યારે અનુભવ વિશે વિચારણા શરૂ કરે છે ત્યારથી અનુભવ શીખવવા લાગે છે. તે અનુભવ શિક્ષક બને છે.

અનુભવકર્તાની અનુભવ વિશેની વિચારણા તાંત્રિક સ્તરથી આગળ વધીને તાર્કિકતાના સ્તર સુધી પહોંચે છે ત્યારે અનુભવમાંથી શ્રેષ્ઠ શિક્ષણ મળે છે. જે અનુભવ શ્રેષ્ઠ શિક્ષક તરીકે નભે છે. માટે જે કહેવાયું છે કે અનુભવમાંથી શીખવાની પ્રક્રિયા એટલે ચિંતનાત્મક શિક્ષણ.

**(2) જ્હૉન ડ્યૂઈ :**

જ્હૉન ડ્યૂઈ ચિંતનાત્મક અંગે વધુ વ્યાપક ફલક ઉપર વિચાર કરે છે અને આમ તો ચિંતનાત્મક

વિચાર અંગેને પ્રથમ નિર્દેશ પણ તેમનાં લખાણોમાં મળે છે. એટલે કે ચિંતનાત્મક વિચાર અને તેનાથી આગળ વધીને ચિંતનાત્મક વ્યવહાર અને ચિંતનાત્મક શિક્ષણ વિશેની પ્રથમ વિચારણાનો યશ તેમને ફાળે જાય છે.

**(3) ભોગાયતા :**

અધ્યાપન અંગેની માન્યતાઓ, પૂર્વધારણાઓ, હેતુઓ, વિષય, પદ્ધતિ, પરિણામ અને સંદર્ભ વગેરેના ઔચિત્ય અંગે અધ્યયન પહેલાં, દરમિયાન અને પછી ચિંતનનાં તાંત્રિક સ્તરથી માંડીને નૈતિક કે તાર્કિક સ્તર સુધીની ચિંતન યાત્રાએ ચિંતનાત્મક અધ્યાપન

**(4) લિસ્ટોન :**

ચિંતનાત્મક કાર્યો સ્વમાન્યતા અને આધારયુકત જ્ઞાનના કોઈપણ સ્વરૂપ વિશે સતત અને સક્રિય વિચારણા પ્રેરિત હોય છે. અર્થાત નિત્યકાર્યો ઉપરાંત અનપેક્ષિત કાર્યો વિશે પણ આ પ્રકારની વિચારણા ચિંતનાત્મક કાર્ય બને છે.

જ્યારે કોઈ ક્ષણે કોઈ વસ્તુ વિશે કોઈ શીખવા માંગતું હોય એ તેને કોઈ શીખવવા માંગતું હોય ત્યારે શિક્ષણ થાય છે. પરિણામે જ્ઞાનના કોઈપણ સ્વરૂપ અથવા માન્યતા-વિષયક સંકલ્પ સહિતનું કાળજીપૂર્વક કરેલું સક્રિય ચિંતન એટલે ચિંતનાત્મક કાર્ય.

**ચિંતનના લક્ષણો (Characteristics of Reflection) :**

ચિંતનની વ્યાખ્યાઓ અર્થના આધારે ચિંતનના લક્ષણો નીચે મુજબ તારવી શકાય છે.

**(1) અવલોકનનો અભાવ :**

ચિંતન માત્ર વિચારની પ્રક્રિયા છે. તેનું અવલોકન થઈ શકતું નથી. તે માત્ર કાલ્પનિક વિચાર છે.

**(2) મન અને મગજ સાથે સંબંધ :**

ચિંતન એ મન અને મગજ સાથે સંકળાયેલી બાબત છે. એટલે કે વ્યક્તિના માનસમાં થતી હલનચલનની પ્રક્રિયા છે. ચિંતન એ મન અને મગજ સાથે સંબંધ ધરાવે છે.

**(3) સમસ્યાનો ઉકેલ :**

જ્યારે વ્યક્તિની કોઈ જરૂરિયાત તેના સામાન્ય વર્તન દ્વારા ના સંતોષાય ત્યારે સમસ્યાનો જન્મ થાય છે. આ સમસ્યાની આજુબાજુ ચિંતન ચકરાવા લે છે. તેથી ચિંતનને સમસ્યા ઉકેલ માટેના વર્તન સ્વરૂપે ઓળખાવી શકાય છે.

**(4) હેતુ તરફ પ્રયાસ :**

ચિંતન એ કોઈ હેતુ સિદ્ધ કરવા માટેનો પ્રયાસ હોય છે. દા.ત. પ્રવાસે જવું, પ્રવાસનો હેતુ તેમાં સફળતા મેળવવા પ્રયાસ કરવો પડે છે.

**(5) માનસિક પ્રક્રિયા :**

ચિંતન એ શારીરિક નહીં, પરંતુ માનસિક પ્રક્રિયા છે. સમસ્યાના ઉકેલ માટે સતત રીતે માનસિક રીતે વિચાર કરવો પડે છે.

**(6) અમૂર્ત બાબતોનો ઉપયોગ :**

ચિંતન એ એક સાંકેતિક પ્રક્રિયા છે. તેમાં સંકલ્પનાઓ, કલ્પનાઓ, ચિત્રો, અનુભવો અને વિચારો જેવી અમૂર્ત બાબતોનો ઉપયોગ થાય છે. તેમાં મૂર્ત પદાર્થને ચિંતન પ્રક્રિયામાં સાંકળવામાં આવતો નથી.

**ચિંતનનું મહત્ત્વ (Importance of Reflection) :**

ચિંતનનું મહત્ત્વ નીચે મુજબ છે.

**(1) સમસ્યાનો ઉકેલ લાવવા :**

ચિંતન કરવાનો મુખ્ય ઉદ્દેશ સમસ્યાનો ઉકેલ લાવવાનો છે. માનવી સામે જ્યારે સમસ્યા આવી પડે ત્યારે તેના ઉકેલ લાવવા માટેના રસ્તા વિચારે છે. સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે.

**(2) સૂઝનો વિકાસ કરવા :**

સૂઝ વ્યક્તિ તેની સંવેદનાઓ, વિચારો, કલ્પનાઓ અને સંવેગોનું તેના અનુભવને આધારે અર્થઘટન કરે છે. જેના આધારે તેની સૂઝનો વિકાસ થાય છે. આ સૂઝ તેના ભાવિ ચિંતન માટેનો આધાર બને છે.

**(3) હેતુ સિદ્ધ કરવા :**

કોઈપણ પ્રવૃત્તિ કરવા પાછળ ચોક્કસ હેતુ હોય છે. હેતુ સિદ્ધ કરવા માટે વિચાર કરે છે. ચિંતન મનન કરવું પડે છે. વિચારણા એ હેતુ સિદ્ધ કરવાનો પ્રયાસ હોય છે.

**(4) માનસનો વિકાસ કરવા :**

માનવી સમસ્યાનો ઉકેલ લાવવા માટે વિચારણા કરવી પડે છે. વિચારણા માટે માનસિક કસરત થાય છે. આ રીતે સતત વિચારણા કરવાને કારણે માનસનો વિકાસ થાય છે.

**(5) નવીન બાબતોનું સર્જન કરવા :**

કાંઈક નવીન બાબત કે વસ્તુનું સર્જન કરવા માટે ચિંતન જરૂરી છે. સામાન્ય રીતે વ્યક્તિ જાતે સમસ્યા નક્કી કરે છે અને તેનો ઉકેલ મેળવવા માટેના ઉપકરણો જાતે તૈયાર કરે છે અને ઉકેલ માટેના નવા નવા રસ્તાઓ જાતે જ વિચારે છે. આ રીતે ચિંતન દ્વારા નવીન બાબતોનું સર્જન કરવા જરૂરી છે.

**(6) પૂર્વજ્ઞાનનો વિકાસ કરવા :**

ઘણા ચિંતન એવું હોય છે જેમાં આપણા પૂર્વ જ્ઞાનનો ઉપયોગ કરવો પડે છે. પૂર્વજ્ઞાનની યાદ તાજી થાય છે.

દા.ત. જે બાળકો પહેલી વખતે ખાટી દ્રાક્ષ ખાધી હોય તેને બીજીવાર દ્રાક્ષ આપવામાં આવે ત્યારે તે થોડા સમય માટે ચિંતન કરશે અને દ્રાક્ષ સ્વીકારશે નહીં. અહીં દ્રાક્ષ પ્રત્યેનું પૂર્વજ્ઞાન દ્રાક્ષ ખાટી છે તે તેના અનુભવનું પરિણામ છે. આમ બાળકનું પૂર્વજ્ઞાન તાજુ થાય છે.

**(7) પ્રોત્સાહન પુરું પાડવા :**

હેતુવિહિન ચિંતન એ બિન ઉપયોગી પ્રવૃત્તિ છે. બાળકોના મનમાં ઘણી સમસ્યાઓ ઉદ્ભવતી હોય છે. અમુક સમસ્યાઓ તેના માટે અપરિપક્વ હોય છે જ્યારે અમુક સમસ્યાઓનો ઉકેલ તેના વિકાસ માટે જ જરૂરી હોય છે.

બાળક બિન જરૂરી સમસ્યાના ઉકેલ અંગે ચિંતન કરવામાં તેની શક્તિઓને વેડફી ।ન દે તે માટે તેને સાચી, યોગ્ય્ અને તેની કક્ષા મુજબની સમસ્યાઓની પસંદગી કરવા માટેનું પ્રોત્સાહન આપવું જોઈએ. સમસ્યાઓ ઉકેલના રસ્તા જાતે શોધે તે માટેનું નિયંત્રિત અને પ્રેરક માર્ગદર્શન આપવું જોઈએ.

**(8) મુક્ત મને વિચારવા :**

બાળક મુક્ત મને વિચારી શકે તે માટે મુક્ત વાતાવરણ પૂરું પાડવું જોઈએ. શાળામાં બાળકો સાથેનો વ્યવહાર લોકશાહી ભર્યો હોવો જોઈએ. જેથી મુક્ત મને વિચારવાની તક મળે. બાળકોની ચિંતન પ્રક્રિયામાં અવરોધો આવે તે રીતે તેમને બિનજરૂરી ટોકવા ના જોઈએ.

**(9) વિચારને વેગ આપવા :**

વિચારને વેગ આપવા ચિંતન જરૂરી છે. વિચાર વગર ચિંતન થઈ શકે નહીં. બાળકોના

વિચારને જરૂરી વેગ આપવો જોઈએ. બાળકોના વિચારો જાણવા જોઈએ. સમસ્યાના ઉકેલ તરફ આગળ વધે તે માટે તેના વિચારને વેગ મળે તેવું માર્ગદર્શન આપવું જોઈએ.

**(10) બુદ્ધિનો યોગ્ય વિકાસ કરવા :**

અસરકારક ચિંતન માટે વ્યક્તિની બુદ્ધિ શક્તિ સારી હોવી જોઈએ. તેથી બાળકોની બુદ્ધિનો યોગ્ય વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. બાળકોને સતત પડકારજનક કામો સોંપીને તે કાર્યો પૂર્ણ કરવાના રસ્તા તેઓ જાતે જ શોધે તેવું વાતાવરણ અને માર્ગદર્શન પૂરા પાડવા જોઈએ. આમ કરવાથી તેના ડહાપણનો વિકાસ થશે. યોગ્ય બુદ્ધિ કક્ષા અને ડહાપણના મિશ્ર ઉપયોગથી વ્યક્તિની આંતરસૂઝનો વિકાસ થાય છે. આ આંતરસૂઝ સમસ્યા ઉકેલમાં ખૂબજ મદદરૂપ થાય છે.

**(11) ભાષાનો યોગ્ય વિકાસ કરવા :**

મોટા ભાગે બાળકો અવલોકન, વાંચન અને શ્રવણ દ્વારા અધ્યયન કરતાં હોય છે. અવલોકન દ્વારા તે દરેક બાબતો અંગેની સ્પષ્ટ સમજ પોતાના મગજમાં વિકસાવે છે. તેની આ સમજ જ તેને જે તે બાબત અંગેની સંકલ્પના સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. તેની આ સમજ તેનો જે તે બાબત અંગે યોગ્ય ચિંતન કરવામાં મદદરૂપ થાય છે. આ ચિંતનને વ્યક્ત કરવા માટે તેને ભાષાનો સહારો લેવો પડે છે.

જ્યારે તે તેનું ચિંતન વ્યક્ત કરે ત્યારે જ તે સાચું છે કે ખોટું છે અથવા તો તે યોગ્ય છે કે અયોગ્ય છે તે નક્કી કરી શકાય. આવું ત્યારે જ શક્ય બને જ્યારે તેની ભાષાનો યોગ્ય અસરકારક વિકાસ થયો હોય. અસરકારક ચિંતન માટે બાળકોની ભાષાનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(12) તર્કશક્તિનો વિકાસ :**

અસરકારક ચિંતન માટેનું અગત્યનું પરિબળ છે તર્ક. સમસ્યાના વિવિધ ઘટકો વચ્ચે આંતર સંબંધ સ્થાપિત કરવા માટે તાર્કિક રીતે વિચાર કરવો પડે. આ ઘટકો વચ્ચેના સંબંધો તર્કબદ્ધ રીતે વિકસાવવા પડે છે. તેની બાળકોની તર્કશક્તિનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

**ચિંતન વિકાસ પ્રવિધિઓ (Strategies to enhance relefection) :**

બાળકોમાં ચિંતન વિકાસ માટે નીચે મુજબની બાબતો વિચાર શકાય.

**(1) બાળકોને સ્વઅધ્યયન કરવાની તક પૂરી પાડવી.**

બાળકોને સ્વ અધ્યયન કરવાની તક પૂરી પાડવી જોઈએ. દરેક બાબતોનું અર્થઘટન તે જાતે કરી શકે તે રીતે તેના પાયાના જ્ઞાનનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે દરેક પ્રવૃત્તિમાં અને ચર્ચામાં પોતાની જાતે ભાગ લેવાની પહેલ કરે તે માટે તંદુરસ્તી અને પ્રેરણાદાયક પરિસ્થિતિ ઊભી કરવી જોઈએ. તેની જિજ્ઞાસાવૃત્તિને ડામવાને બદલે તેમના પ્રશ્નો પૂછવા ટેનું પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.

**(2) અર્થઘટન જાતે કરવાની તક પૂરી પાડવી.**

કોઈ બાબત પ્રત્યેનું વ્યક્તિનું પ્રત્યક્ષીકરણ અને તેની સંવેદનાઓ તેને અનુભવો પૂરાં પાડે છે અને તેના જ્ઞાનનો વિકાસ કરે છે. તેથી જ બાળકોને એવા અનુભવો પૂરા પાડવા જોઈએ કે જેથી તે સાચી સંવેદનાઓનો અનુભવ કરે અને તેની સામે આવતી બાબતોનું યોગ્ય રીતે પ્રત્યક્ષીકરણ કરીને તેનું યોગ્ય રીતે અર્થઘટન કરે.

તેથી જ બાળકોને જાતે જ દરેક બાબતનું અવલોકન કરીને તેનું અર્થઘટન જાતે કરવાની તક પૂરી પાડવી જોઈએ. આપણે તેમના માર્ગદર્શક તરીકે જ કામ કરવું જોઈએ. જ્યાં તેની સમજશક્તિ ઓછી પડે ત્યાં તેને સરળથી કઠિન તરફ જવાની તક પૂરી પાડવી જોઈએ.

**(3) હેતુની સ્પષ્ટતા :**

ચિંતન એ હેતુપૂર્વકની માનસિક પ્રક્રિયા છે. જો આપણી પાસે ચોક્કસ ધ્યેય કે હેતુ ના હોય તો આપણે સાચી દિશામાં ચિંતન કરી શકતા નથી. ચિંતન આપણે ત્યારે જ કરીએ છીએ જ્યારે આપણી સામે કોઈ નજીવી કે ગંભીર સમસ્યા હોય.

ચિંતન આપણી સમસ્યા ઉકેલની જરૂરિયાતોને સંતોષે છે. દરેક પ્રકારના ચિંતન પાછળ કોઈને કોઈ કારણ હોય છે. વ્યક્તિ પાસે કોઈ હેતુ હોય તોજ ઊંડાણપૂર્વક ચિંતન કરી શકે છે. તેથી બાળકો સાચી દિશામાં અને હેતુપૂર્વક ચિંતન કરી શકે તે માટે તેમને હેતુઓની સ્પષ્ટતા કરી સમજ આપવી જોઈએ.

બાળકો સમક્ષ પૂર્વને લગતી સમસ્યા રજૂ કરી ઉકેલ માટે પ્રયત્નો કરાવવા.

**(4) સમસ્યાની યોગ્ય પસંદગી :**

હેતુ વગરની અને બિન ઉપયોગી પ્રવૃત્તિનું કોઈ મહત્ત્વ નથી. બાળકોના મનમાં ઘણી સમસ્યાઓ ઉદ્‌ભવતી હોય છે. અમુક સમસ્યાઓ તેના માટે બિન ઉપયોગી છે. જ્યારે અમુક સમસ્યાઓનો ઉકેલ તેના વિકાસ માટે ખૂબ જરૂરી હોય છે. બાળક જરૂરી સમસ્યાની પસંદગી કરે તે બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. યોગ્ય સમસ્યા પસંદ કરવા માટે જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું.

**(5) વિચારવા માટે સ્વતંત્રતા આપવી :**

બાળકોને વિચારવા સ્વતંત્રતા આપવી જોઈએ. બાળકોની ચિંતન પ્રક્રિયામાં અવરોધો આવે તે રીતે બિન જરૂરી ટોકવા ના જોઈએ. તેમનો મુક્ત મને વિચારવા દેવું જોઈએ. જ્યારે બાળકો ચીલાચાલુ રીતે કરતાં જુદી એવી કોઈ નોખી રીતે કોઈ સમસ્યાઓનો ઉકેલ મેળવે ત્યારે તેમને બિરદાવવા જોઈએ.

જે તેમની રીત યોગ્ય હોય તો તેમના વિચારોની કદર કરવી જોઈએ. જો તેમના વિચારો યોગ્ય ન હોય તો જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. તેમના વિચારો જુદા પડતાં હોય તો તેનું કારણ શું છે. તેમના વિચારો જુદા પડતાં હોય તો તેનું કારણ શું છે. તેમના વિચારો જુદા આવતાં હોય તો, તેને દૂર કરવા જાતે જ પ્રયત્ન કરવા દેવા જોઈએ. વિચારવા માટે પૂરતો સમય આપવો.

**(6) વિચારોમાં પરિવર્તન લાવવાની તક આપવી.**

સમસ્યાના ઉકેલ માટે ચિંતન ખૂબ જ જરૂરી છે. સમસ્યા સાથે સંકળાયેલ વિવિધ ઘટકો વિષે વિચારે છે. ઘણી વખત નક્કી કરેલાં માર્ગે સફળતા મળતી નથી. બાળક આવું વારંવાર કરે તો હતાશા બની જાય છે. સફળતા મળવાની તકો ઓછી થઈ જાય છે. નવું વિચારવાનો ઉત્સાહ ગુમાવી દે છે. તેથી બાળકને આ બાબતનું જ્ઞાન આપવું જોઈએ.

કોઈ એક માર્ગે સફળતા મેળવવામાં સફળતા ન મળે ત્યારે બીજો માર્ગ વિચારવો જોઈએ. તેથી શરૂઆતમાં બાળકને આ અંગે સમજ આપવી જોઈએ.

**(7) આંતરસૂઝનો વિકાસ કરવો :**

અસરકારક ચિંતન માટે બાળકની બુદ્ધિ શક્તિ સારી હોવી જોઈએ. તેથી બાળકોની બુદ્ધિનો યોગ્ય વિકાસ થાય તેવી પ્રયત્ને કરવા જોઈએ.

બાળકની સામે સમસ્યા રજૂ કરી તેના ઉકેલના માર્ગો તે જાતે શોધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. બુદ્ધિનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. બુદ્ધિનો વિકાસ થતા આંતર સુઝનો વિકાસ થશે. આ આંતરસૂઝ સમસ્યા ઉકેલમાં ખૂબજ મદદરૂપ થાય છે.

**(8) ભાષાનો યોગ્ય વિકાસ :**

મોટાભાગે બાળકો અવલોકન, વાંચન અને શ્રવણ દ્વારા અધ્યયન કરતાં હોય છે. અવલોકન દ્વારા તે દરેક બાબતો અંગેની સ્પષ્ટ સમજ પોતાના મગજમાં વિકસાવે છે તેની આ સમજ જ તેને જે તે બાબત અંગેની સંકલ્પના સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે.

તેની આ સમજ તેને જે તે બાબત અંગે યોગ્ય ચિંતન કરવામાં મદદરૂપ થાય છે. આ ચિંતનને વ્યક્ત કરવા માટે તેને ભાષાનો સહારો લેવો પડે છે.

જ્યારે તે તેનું ચિંતન વ્યક્ત કરે ત્યારે જ તે સાચું છે કે ખોટું છે અથવા તે યોગ્ય કે અયોગ્ય છે તે નક્કી કરી શકાય. આ કાર્ય કરવા માટે તેમજ રજૂઆત કરવા માટે શક્ય ત્યારે જ બને જ્યારે તેની ભાષાનો યોગ્ય વિકાસ થયો હોય.

તે ઉપરાંત બાળકને સંકલ્પનાઓની સ્પષ્ટ સમજ ત્યારે જ આપી શકાય જ્યારે તેની ભાષાનો યોગ્ય વિકાસ થયા હોય. તેથી અસરકારક ચિંતન માટે બાળકોની ભાષાનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(9) તર્કશક્તિનો વિકાસ :**

અસરકારક ચિંતન માટે મહત્ત્વનું પરિબળ તચર્કશક્તિનો વિકાસ. સમસ્યાના ઉકેલ માટે વિવિધ ઘટકો વચ્ચે આંતર સંબંધ સ્થાપિત કરવા માટે તાર્કિક રીતે વિચાર કરવો પડે. આ ઘટકો વચ્ચેના સંબંધો તર્કબદ્ધ રીતે વિકસાવવા પડે છે. તેથી બાળકોની તર્કશક્તિનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. તર્કશક્તિના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિ કરી વીકાસ કરી શકાય.

**(10) જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ :**

કોઈપણ બાબત આપણા માટે સમસ્યા ત્યારે બને છે જ્યારે તે બાબત સાથે ઘણા હકારાત્મક અને નકારાત્મક ઘટકો જોડાયેલાં હોય છે. દરેક ઘટકો સ્વતંત્ર રીતે આપણા મગજમાં એક સંકલ્પના તરીકે વિકસિત થતાં હોય છે.

આ સંકલ્પનાઓ સાથે સંકળાયેલા દરકે પાસાંની સમજ બાળક પાસે હોવી જોઈએ. આ સમજ જ તેને વિવિધ ઘટકો વચ્ચે આંતર સંબંધ સ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે.

સંકલ્પનાઓની સ્પષ્ટતાઓનો અભાવ હોય ત્યારે ચિંતનની દિશા નિશ્ચિત કરી શકાતી નથી.

આ સંકલ્પનાઓ આકૃતિ, ચિત્રો, સંકેતો, ચિહ્નો, આંક્ડાઓ કે શબ્દોના સ્વરૂપે હોઈ શકે છે. આ સંકલ્પના અંગે જો કોઈ ગેરસમજ ઊભી થાય તો ચિંતન અવળે માર્ગે વળી જાય છે. તેથી જ બાળકોનો સંકલ્પનાત્મક શિક્ષણ આપવું ખૂબ જ આવશ્યક છે.

સંકલ્પનાઓના વિકાસ માટે જરૂરી શૈક્ષણિક સાધનોને ઉપયોગ કરવો જોઈએ. એકમને અનુરૂપ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને ભાષાનો વિકાસ પણ સાથે સાથે થાય.

**(11) માનસિક ચિત્રોનો ઉપયોગ (Images) :**

કોઈ5ણ વસ્તુ કે દશ્યને જોઈને તેમના વિશે સાંભળીને તેમના વિશેનો અભ્યાસ કરીને, તેમનો જાતે અનુભવ કરીને વ્યક્તિ પોતાના મગજમાં આ દરેક બાબતો અંગે જે એક સ્પષ્ટ છાપ વિકસાવે છે તેને માનસિક ચિત્ર તરીકે ઓળખવામાં આવે છે.

બાળક પાસે રહેલા પૂર્વ અનુભવોને આધારે વ્યક્તિના મગજમાં આ દરેક બાબતોનું સ્મૃતિચિત્ર અંકિત થાય છે. વ્યક્તિની જ્ઞાનકેન્દ્રિયો દ્વારા અનુભવાયેલી બાબતો અંગે આવા સ્મૃતિચિત્રો વ્યક્તિના માનસ પટલમાં અંકિત થાય છે.

વાસ્તવિક વસ્તુ, દશ્ય કે વ્યક્તિના આવાં માનસિક ચિત્રોનો ઉપયોગ કરીને વ્યક્તિ ચિંતન કરે છે.

**(12) સંકેતો અને ચિહ્નોનો ઉપયોગ (Symbols and Signs) :**

વાસ્તવિક 5દાર્થો, અનુભવો કે પ્રવૃત્તિઓની અન ઉપસ્થિતિમાં તેમના સંકેતો કે ચિહ્નો તેમનું પ્રતિનિધિત્વ કરે છે. જે આવી બાબતોના ચિંતનમાં આપણને મદદરૂપ થાય છે.

આવા સંકેતો કે ચિન્હો શાબ્દિક, આંક્ડાકીય કે અશાબ્દિક હોઈ શકે છે. લાલ, પીળો અને વાદળી જેવા શબ્દો જુદાં જુદાં રંગ માટેના સંકેતો છે.

ટ્રાફિક કે સિગ્નલ્સમાં જોવા મળતાં રંગો વ્યક્તિને અમૂક ક્રિયા કરવા કે ન કરવા અંગેના સાંકેતિક આદેશો છે. તે જ રીતે શાળાના ઘંટનો અવાજ, શૌર્ય ગીતો, ધ્વજ, ઈશારાઓ, હાવભાવ વગેરે જેવી અનેક બાબતોએ સાંકેતિક રજૂઆતો છે જે કોઈને કોઈ ચોક્કસ ઘટના, વસ્તુ, સ્થળ કે મનોભાવો સાથે જોડાયેલી છે. આ દરેક બાબતો વ્યક્તિના ચિંતનનો વિકાસ કરવામાં ઉપયોગી છે.

**ચિંતનાત્મક વિચારના સાધનો (Tools of Releceive Thinking) :**

**(1) આત્મકથા (Autobiography) :**

આત્મકથાત્મક રેખાચિત્રો એટલે આત્મકથતા લેખન નથી. સમળ સૂત્ર જીવનવૃત્તાંત નથી, પરંતુ પોતાના જીવનના પ્રવાહમાં ઘટતી નોંધપાત્ર ઘટના, બદલાતાં વિચારો-આદર્શો, વલણો વગેરે વિષેની પોતાની નોંધ છે. અહીં સ્વ કેન્દ્રમાં છે. તેથી લેખકને જે નોંધપાત્ર લાગશે તે અનુભવ અંગે ચિંતનાત્મક વ્યક્તિ આત્મકથાત્મક રેખાચિત્રોમાં થશે.

વ્યક્તિ પોતાના જીવનમાં થયેલ અનુભવ, થયેલ દૃશ્યો, બાળપણથી વૃદ્ધા અવસ્થા સુધીની સમસ્યાઓ, ઘરનું વાતાવરણ, મિત્રો સાથેનો વ્યક્તિને અનુભવ હોય છે. આ બધી બાબતો ધ્યાનમાં રાખી વ્યક્તિ પોતાની આત્મકથા લખે છે.

આ આત્મકથા લખવા માટે વ્યક્તિએ ચિંતનાત્મક વિચાર કરવો પડે છે. વિચારને આધારે વ્યક્તિ પોતાની આત્મકથા લખે છે. ચિંતનાત્મક વિચારના વિકાસ માટેનું આ મહત્ત્વનું સાધન ગણી શકાય.

**(2) ચિંતનાત્મક ડાયરી (રોજનીશી) (Relective Diary) :**

ડાયરીએ વ્યક્તિના જીવનનું દર્પણ છે. ડાયરીએ વ્યક્તિના જીવનમાં બનતી ઘટનાઓ, તેનાં કારણો, તેની અસરો વગેરેની નોંધ છે. ડાયરીએ વ્યક્તિના જીવનમાં આવેલાં પરિવર્તનની તારીખ છે ડાયરીએ આત્મદર્શનનું પ્રતિબિંધ છે.

ડાયરીએ આત્મ પરીક્ષણની ઉત્તરવહી છે. ડાયરી એ સ્વ સંવાદનો રંગમંચ છે. ડાયરીએ જીવન વિકાસનો આલેખ છે.

આથી ડાયરીનું ઘણું મહત્ત્વ છે. આ મહત્ત્વને પારખીને તેને ચિંતનાત્મક શિક્ષણના એક પ્રબળ ઉપકરણ તરીકે સ્વીકાર થયો છે.

ડાયરી ચિંતનાત્મક વિચારક્ષમતા વિકાસનું ઉપયોગી ઉપકરણ ગણાય છે. માટે ડાયરી લેખન ચિંતનાત્મક શિક્ષક થવા માટે જરૂરી છે.

ચિંતનાત્મક શિક્ષક હંમેશા અધ્યાપન વ્યવહારોને સમૃદ્ધ, સશક્ત અને સફળ કરવાની ચિંતા સેવનારો શિક્ષક છે. ડાયરી આ બંને ક્ષેત્રોને વિશે વિવેચનાત્મક, સર્જનાત્મક અને મનનમય ચિંતન કરવાની તક પૂરી પાડે છે. ડાયરીના લેખનથી અધ્યાપન, વ્યવહારને સફળ કરવા અંગેનું જ્ઞાન. સમઝણ અને વિવેક વિકસાવે છે. સંસારના અનેક મહાનુભાવોએ પોતાના જીવનની ઉન્નતિનું રહસ્ય ડાયરીને ગણાવ્યું છે.

**રોજનીશીનો અર્થ :**

વ્યક્તિનાં દૈનિક જીવનમાં બનતી ઘટનાઓ, નિરીક્ષણો, વ્યવહારો વગેરે અંગેનું અનુભવજન્ય ચિંતનાત્મક વર્ણન અને તેને પરિણામે તેની પ્રભાવિત થતી માન્યતાઓ, પ્રતિબદ્ધતાઓનું આલેખન.

ટૂંકમાં જીવન વ્યવહારોને પ્રભાવિત કરનારા અનુભવો અને તેમનાથી પ્રભાવિત થતું તેનું જીવનદર્શન. આ બંનેનું આલેખન એટલે રોજનીશી.

જ્યારે પ્રશિક્ષણાર્થીઓના સંદર્ભે રોજનીશીના અર્થ વિચારવાનો થાય છે ત્યારે તેનો અર્થ આ મુજબ થઈ શકે.

રોજનીશી એ પ્રશિક્ષણાર્થીઓ માટે અધ્યયન પ્રયાસ છે. આ રોજનીશીમાં તે ઘટના, બનાવ, અનુભવ કે તત્ત્વ વિષયક પોતાની સમજણ આલેખે છે, તે અંગેનું પોતાનું ચિંતન તથા ઘટના, બનાવ, અનુભવ કે તત્ત્વનું વિશ્લેષણ આલેખે છે.

આ બધા ઉપરાંત ઘટના, બનાવ, અનુભવ કે તત્ત્વ વિષયક પોતાનો મૌલિક પ્રતિભાવ આલેખે છે. આ આલેખન દ્વારા પ્રશિક્ષણાર્થી પોતાના વ્યવસાયને સમજે છે. તેના અંગે યોગ્ય માન્યતાઓ ઘડે છે અને તેને માટે જરૂરી પ્રતિબદ્ધતાઓ કેળવે છે.

બેલેન્ટેઈન અને પેકર દ્વારા રોજનીશીનો કરવામાં આવેલો અર્થ એ સૂચવે છે કે રોજનીશીના આલેખનું પાયાનું તત્ત્વ અનુભવ, ઘટના, બનાવ કે તત્ત્વ સંકલ્પના છે. એ જ દર્શાવે છે કે તે ચિંતન માટેનું અને ચિંતનને સમૃદ્ધ કરનારું સાર્થક માધ્યમ છે. તેના વડે સિદ્ધાંત અને વ્યવહારનો સમવાય સાધી શકે છે, વ્યવહાર અંગેની પોતાની આગવી થિયરી વિકસાવી શકાય છે. પોતાની માન્યતાઓ અને સંકલ્પનાઓ મૂલવી શકાય છે.

**રોજનીશીનું સ્વરૂપ :**

ચિંતનાત્મક વિચારક્ષમતા વિકાસ એ શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમનું એક ધ્યેય હોવું જોઈએ. જો આજનો તાલીમાર્થી આવતી કાલનો ચિંતનાત્મક શિક્ષક બનાવવો હોય તો રોજનીશીને ચિંતનાત્મક વિચારક્ષમતા વિકાસનું ઉપકરણ માનવું રહ્યું. આ દૃષ્ટિએ તાલીમાર્થીની ચિંતનાત્મક વિચારક્ષમતા વિકાસના લક્ષ્ય કેન્દ્રી રોજનીશીનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે અંગે ઘણા વિદ્વાનોએ વિચાર કર્યો છે. અહીં ક્રમશઃ એ વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

**રોજનીશીના પ્રકાર :**

(1) શિક્ષક જીવન રોજનીશી
(2) વર્ગખંડ રોજનીશી
(3) કાર્યક્રમ વિશેષ રોજનીશી
(4) વર્ણનાત્મક રોજનીશી
(5) સંવાદાત્મક રોજનીશી

**(3) શિક્ષણ વિભાગ (અધ્યાપન દફતર) (Teaching Portfolio) :**

તેને ટીચિંગ પોર્ટફોલિયા પણ કહેવામાં આવે છે. આદેશમાં દફતર શબ્દ નવો નથી. અધ્યાપન દફકત શબ્દ જેવો જ એ બાબતનો અહેસાસ કરાવે છે. કે તેમાં અધ્યાપન અને અધ્યાપન વ્યવહાર બાબત મુખ્ય હશે. દફક્ત શબ્દનો સ્થળદર્શક છે. તેથી એવો અર્થ કરી શકાય કે શિક્ષકની અધ્યાપન વિષયક સામગ્રી, વિચાર, ટાંચણ વગેરે જગ્યાએ વ્યવસ્થિત રીતે રાખવાનું સ્થળ કે વસ્તુ તેમ છતાં તેનો સંકલ્પનાત્મક અર્થ મેળવવો જોઈએ.

**મુરે :**

"અભ્યાપન દફતર શિક્ષકનાં ઉત્તમ અધ્યાપન કાર્યોને રજૂ કરતા દસ્તાવેજોનો સંગ્રહ છે. આ દસ્તાવેજોનો સંગ્રહ હેતુપૂર્વકનો છે. શિક્ષક પોતની રીતે સંશોધક અને તજજ્ઞની જેટલી જ નિષ્ઠાથી કે પોતે આ દસ્તાવેજો અંગે ચિંતન મનન કરી શકે તે એની પાછળનો હેતુ છે."

સ્પષ્ટ છે કે અધ્યાપન દફતર માત્ર અધ્યાપન દસ્તાવેજોનો સંગ્રહ નથી બલકે દસ્તાવેજોના સંગ્રહણમાં શિક્ષકની પોતાની અનાત્મલક્ષી વ્યાવસાયિક દૃષ્ટિ રહેલી હોય છે. ઉપરોક્ત દસ્તાવેજો પાછળનો હેતુ વિકાસલક્ષી ચિંતન મનનો હોય છે.

અધ્યાપન દફતરમાં દસ્તાવેજો હશે તેમ વારંવાર ઉલ્લેખ થાય છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરતાં એમ કહી શકાય કે.. શિક્ષકની અધ્યાપન વિષયક સિદ્ધિના દસ્તાવેજો, અધ્યાપન વિષયક તેણે કરેલા પ્રયોગો, અધ્યાપનમાં કરેલ નવીનીકરણ અને સર્જનાત્મક વ્યવહારો વગેરે દર્શાવતા દસ્તાવેજો હશે તો સાથો સાથ અધ્યાપનમાં આવેલો અવરોધો અંગે પણ દસ્તાવેજો હોઈ શકે.

**ઝુ બિઝરેતા :**

અધ્યાપન દફતરને વર્ણનાત્મક દસ્તાવેજો રાખવાનું સાધન માને છે. અધ્યાપન દફકત એ જે તે વિદ્યાશાખા કે મંડળના સદસ્ત તરીકે તેણે કરેલા અધ્યાપન પ્રયત્નો અને તેમાં મળેલી સફળતા કે પૂર્ણતાનાં સંક્ષિપ્ત વર્ણનોનો સંગ્રહ છે.

**સેલ્ડિન :**

અધ્યાપન દફતર એ શિક્ષકની અધ્યાપન ક્ષમતાઓ અને અધ્યાપન સિદ્ધિઓનું વાસ્તવિક નિરૂપણ છે.

અધ્યેતા શાળાઓ ભણવા જાય ત્યારે તેને દફતર કહેવામાં આવે છે એટલે દફતરનો અર્થ જે તે હેતુને બર લાવવા માટેની જરૂરી સામગ્રી એકઠી કરવાનું વસ્તુ એટલે દફતર. તે શાળા અને અધ્યેતા પૂરતો મર્યાદિત હતો.

ટૂંકમાં વ્યાવસાયિક નીપજના નમૂના રાખવાનું સ્થળ એટલે દફતર. ચિત્રકાર તેના દફતરમાં ચિત્રોના નમૂના, સ્કેચ્સ, ફોટોગ્રાફ્સ વગેરે રાખે છે.

**(4) પાઠ્યપુસ્તક વિશ્લેષણ (Textbook Analysis) :**

શિક્ષણકાર્ય કરવા માટે પાઠ્યપુસ્તક મહત્ત્વનું ઉપકરણ છે. પાઠ્યપુસ્તકને સમજવાનો ઉપક્રમે પ્રશિક્ષણાર્થીની ચિંતનાત્મક વિચારક્ષમતા વિસ્તરી વિચાર અને ચિંતન સુધી પહોંચે છે.

પાઠ્યપુસ્તકનું વિવેચનાત્મક વાંચન પણ થઈ શકે. કેટલાક શિક્ષકો પાઠ્યપુસ્તકનું વિવેચનાત્મક વાંચન કરી લેતા હોય છે. તેને પરિણામે તેઓ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને જ્ઞાનાત્મક અનુભવો પૂરા પાડે જ છે. પણ સાથોસાથ તેમની વિવેચનાત્મક દૃષ્ટિ પણ કેળવે છે. તેને પરિણામે વિદ્યાર્થીઓની તર્કશક્તિ વિકસે છે. પાઠ્યપુસ્તકનું સર્જનાત્મક વાંચન પણ થઈ શકે છે.

પાઠ્યપુસ્તકનું સર્જનાત્મક વાંચન કરનાર શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક આધારે જ્ઞાનાત્મક, ભાવાત્મક અને કૌશલ્યાત્મક અનુભવો અસરકારક રીતે પૂરા પાડી શકતા હોય છે.

પાઠ્યપુસ્તકનું સ્વરૂપગત વિશ્લેષણ કરવા માટે તેના બે સ્વરૂપો વિશે ચિંતન કરવું જરૂરી છે. તે સ્વરૂપો નીચે મુજબ છે.

પાઠ્યપુસ્તકનું બાહ્ય સ્વરૂપ :

આ સ્વરૂપને તેનું ભૌતિક સ્વરૂપ પણ ગણી શકાય.

(1) મુખપૃષ્ઠ - શીર્ષક પૃષ્ઠ

(2) ઉત્તર છાપકામ

(3) બાંધણી

(4) કિંમત

(5) કાગળ

(6) ભાષા

(7) વયકક્ષા

(8) આકૃતિ, આલેખ, કોઠા વગેરે

(9) યોગ્ય ઉદાહરણનું પ્રામણ

(10) યોગ્ય સ્વાધ્યાયનું પ્રમાણ

(11) સંદર્ભ સાહિત્યની યાદી

(12) અનુભવી લેખકો દ્વારા તૈયાર

(13) આધુનિક પદ્ધતિ પ્રમાણે તૈયાર

(14) વર્તમાન આંકડાકીય માહિતી

(15) ભૂલો અંગેની માહિતી

(16) પ્રકરણનો સારાંશ

(17) સંખ્યા-પ્રકરણ

(18) એકમ વિભાજન

(19) વિષયવસ્તુની રજૂઆત

(20) અક્ષરોના કદ

(21) લેખન સામગ્રીનો ઉઠાવ

## 9.6 માનવીય સંબંધોનું શિક્ષણ

**પ્રસ્તાવના :**

વિશ્વ તરફ નજર કરીએ તો જણાશે કે આખું વિશ્વ એકબીજાના સંબંધોથી જ ચાલી રહ્યું છે. માનવીના આંતરિક સંબંધો વિના વિશ્વની કલ્પના કરવી મુશ્કેલ છે, કારણ કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, તે સમાજમાં રહે છે અને સમાજમાં જ તેનો વિકાસ થાય છે. તેથી વિશ્વની દરેક બાબતોના કેન્દ્રમાં માનવી સંકળાયેલો જોવા મળે છે. આથી જ જે. વૉટસન વિલ્સન કહે છે કે, "દુનિયાની કોઈપણ સમસ્યાના ઊંડાણમાં શોધ કરો તો તેના મૂળમાં માનવી દેખાશે."

જ્યાં સુધી શાળાને સંબંધ છે ત્યાં શાળાનું શિક્ષણ કાર્ય આંતરિક માનવસંબંધો વિના કદાપિ સંભવી શકે જ નહીં. માત્ર શિક્ષણનો જ એક એવો વ્યવસાય છે કે જેમાં સજીવ સાથે સજીવને કામ કરવાનું છે, જીવંત સાથે જીવંત વ્યક્તિ કામ કરે છે. શાળામાંથી માનવીને બાદ કરીએ તો બાકી શું રહે ? વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, અન્ય કર્મચારીઓ વગેરે દરેક માનવી છે. આ દરેક વ્યક્તિને બાદ કરીએ તો ફક્ત ભૌતિક સગવડતાઓ શાળામાં રહે છે. આ ભૌતિક સગવડતાઓ ગમે તેટલી સારી હોય પરંતુ શાળામાં મનવી ન હોય તો તે નકામી છે. શાળાના સંચાલનમાં માનવી કેન્દ્રમાં હોવો જોઈએ. વિદ્યાર્થીઓ વાંચન દ્વારા શીખે છે એના કરતાં વ્યવહાર જોઈને વધુ શીખે છે. શાળામાં જે કોઈ પ્રકારનો માનવસંબંધ હોય તે પ્રમાણે માનવવ્યવહાર નીપજે છે અને તેની સમગ્ર છાપ શાળા પર ઉપસે છે. શાળામાં વાતાવરણનું સર્જન કરવામાં માનવસંબંધ અને માનવવ્યવહારનો અગતયનો ફાળો છે, તેથી માનવસંબંધનો અભ્યાસ કરવો શાળા કક્ષાએ જરૂરી છે.

શાળાએ જૂથ છે. જૂથનો સંપૂર્ણ અભ્યાસ કરવો જરૂરી છે. જૂથમાં પરિવર્તન થયું કે કેમ ? જૂથમાં કેવા પ્રકારના સંબંધો જોવા મળે છે અને જૂથમાં અનુકૂલન માટે શું કરવું જોઈએ ? વગેરે બાબતોનો અભ્યાસ જૂથ ગતિશીલતા દ્વારા થઈ શકે. જૂથ ગતિશીલતામાં પણ માનવ સંબંધ સંકળાયેલો જોવા મળે છે. શાળામાં ઉત્તમ બંધુત્વની ભાવનાવાળા વાતાવરણનું સર્જન કરવા માટે આખરે જરૂરિયાત તો માનવીય સંબંધોની જ છે.

**સંકલ્પના :**

**ડેવીચ :**

"માનવસંબંધો એ શબ્દ મનુષ્યોનાં ઘણા પ્રકારનાં કાર્યક્ષેત્રોમાંના હોય છે. જ્યાં લોકો સમાન ધ્યેય સિદ્ધ કરવા એક ઔપચારિક કાર્યક્ષેત્રમાં સાથે કાર્ય કરતા હોય છે." "માનવસંબંધો એ માનવ વ્યવહારની આધારશીલા છે."

**કીથ :**

"માનવ સંબંધો સંગઠન તંત્રમાં એક જૂથે કામ કરવાની પદ્ધતિનો વિકાસ કરવામાં લોકોને પ્રેરણા આપે છે કે જેનાથી તેમની જરૂરિયાતો અસરકારક રીતે સંતોષાય છે અને સંગઠન તંત્રના ધ્યેયો સિદ્ધ થાય છે." અહીં કીથની વ્યાખ્યા પરથી ફલિત થાય છે કે :

- શાળામાં તંદુરસ્ત વાતાવરણ હોય તોજ સમૂહમાં કામ કરવાની પ્રેરણા મળે.
- મારા પણાની ભાવના જાગૃત થાય.
- વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંતોષાય.
- શાળાના અને શિક્ષણના ધ્યેયો સિદ્ધ થઈ શકે.
- ઉદ્યોગની પરિભાષામાં કહેવાય છે કે માનવસંબંધો ઉત્પાદક્તામાં વધારો કરે છે. શિક્ષણક્ષેત્રે પણ શિક્ષણની ઉત્પાદકતામાં આ બાબત લાગુ પાડી છે.

માનવસંબંધોનો સુભગ સમન્વય ઓછી મહેનતે સારા પરિણામો આપે છે. આથી માનવ શક્તિનો ઉપયોગ સારી રીતે થઈ શકે છે.

માનવસંબંધ એ એવી વસ્તુ છે કે જ્યાં માનવ માનવ વચ્ચેના સંબંધોમાં પ્રેમ, સહકાર એકત્વની સુવાસ હોય, અનેક વ્યક્તિત્વમાં એકતા જોવા મળે, વિભિન્નતામાં અભિન્નતા જોવા મળે.

**શાળામાં માનવસબંધોની અગત્ય :**

શિક્ષણ સંસ્થાઓમાં કાર્યક્રમોની સફળતાનો આધાર સંસ્થાના વડા, તેના કાર્યકરો સાથે કેવા પ્રકારનો માનવસંબંધ રાખે છે તેના ઉપર આધાર રાખે છે. શાળામાં માનવસંબંધોનું સ્થાન કોઈ વિષય લઈ શકે નહીં. માનવસંબંધ એ શીખવવામાં આવતો કોઈ શાળાકીય વિષય નથી, છતાં શાળાના કાર્યોમાંથી માનવસંબંધ નીતરે છે. શાળા એ તો માનવસંબંધોના ઉછેરની સંસ્થા છે. શાળા માનવસંબંધોની હૂંફાળી જગ્યા છે. શાળાનું વાતાવરણ વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શિક્ષકોને પોતાનામાં રસ મગ્ન બનાવે છે અને સમાન ધ્યેય માટે કદમ મિલાવવા પ્રેરે છે.

કૂકના મત પ્રમાણે શાળામાં માનવસબંધોની અગત્ય ઘણી છે. જેમકે "ભલે શાળામાં કોઈ વિષય તરીકે માનવસંબંધને સ્થાન ન હોય તો પણ દરેક વિષયમાં તે પ્રેરણા રૂપ બને છે." માનવસંબંધો સારા હોય તો શિક્ષણના હેતુઓ સારી રીતે બર લાવી શકાય છે.

કૂક આગળ વધીને કહે છે કે શાળા એ તો માનવસંબંધોનો ઉછેર કરે છે. શાળામાં માનવસંબંધની અગત્ય નીચની બાબત પરથી ફલિત થાય છે.




**(1) રચનાત્મક શક્તિનો વિકાસ :**

શાળામાં માનવસંબંધોનો વિકાસ થયો હોય તો રચનાત્મક શક્તિનો વિકાસ શક્ય બને છે. સમૂહમાં વિદ્યાર્થીઓ કંઈક રચનાત્મક કાર્ય કરી પોતાની શક્તિનો વિકાસ કરી શકે છે.

**(2) શૈક્ષણિક સિદ્ધિનો વિકાસ :**

વિદ્યાર્થીઓમાં માનવસંબંધનાં વિકાસ દ્વારા શૈક્ષણિક સિદ્ધિનો વિકાસ શક્ય બને છે. વિદ્યાર્થી પાસે જે કંઈ શક્તિ છે તેનો પૂરતાં પ્રમાણમાં ઉપયોગ કરવાનું શક્ય બને છે.

**(3) સામાજિક વિકાસ :**

માનવી એ સામાજિક પ્રાણી છે. બાળકનો જન્મ જતાં તે જન્મથી સામાજિક હોતું નથી. બાળકની

સામાજિકતાનો વિકાસ એના શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસની સાથે જ થયા કરે છે. શરૂઆતમાં એ સ્વકેન્દ્રી હોય છે. જેમ જેમ તે અન્યનાં સહવાસમાં આવવાથી બોલચાલ વાત કરવાતી રીત, અનોખા રંગઢંગ, બીજા સાથે વર્તાવ, પ્રેમ વગેરે આ બધું ધીમીધેમી સમજતું થાય છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો સહકાર અને એકબીજાને સમજવા માટેની આંતરક્રિયામાં જ સામાજિકતાનાં મૂળ રહેલાં છે. સામાજિક વિકાસ એટલે પોતાની સાથે અને બીજી વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતાનો વિકાસ. સામાજિક વિકાસ માનવસંબંધને આભારી છે.

**(4) અનુકૂલન શક્તિનો વિકાસ :**

એક પરિસ્થિતિમાં અનુકૂલન સાધનાર વ્યક્તિ બીજી વી પરિસ્થિતિમાં મૂંઝાય છે. પરિસ્થિતિને અનુરૂપ ન વર્તનારાં બાળકો, દિવસે દિવસે ઝઘડાખોર, વગેરે બાબતો માટે માનવસંબંધનો વિકાસ જરૂરી છે. માનવસંબંધનો વિકાસ વિદ્યાર્થીઓ અનુકૂલન થતાં તેમજ તે અંગેની શક્તિનો વિકાસ કરવા માટે અગત્યની બાબત છે.

**(5) માનસિક વિકાસ :**

શારીરિક અને સામાજિક વિકાસની સાથે જ માનસિક વિકાસ પણ થાય છે. માનસિક વિકાસના અભાવે યોગ્ય સામાજિકતા પણ કેળવાતી નથી. જે બાળકનો માનસિક વિકાસ યોગ્ય રીતે થયો હોય તેના કાર્યમાં ચોકસાઈ નજરે પડે છે. બીજા બાળકોની સરખામણીમાં એનું કાર્ય વધારે યોગ્ય અને વ્યવસ્થિત તરી આવે છે. માનવસંબંધનાં વિકાસ દ્વારા જ માનસિક વિકાસ શક્ય બને છે.

**(6) સાંવેગિક વિકાસ :**

જન્મ સમયે બાળકનો સાંવેગિક વિકાસ થયેલ હોતો નથી. ધીમેધીમે એ વાતાવરણ પર કાબૂ મેળવતું થઈ જાય છે. પોતાની લાગણી વ્યક્ત કરતું થઈ જાય છે. આ બાબત પણ શાળાના સ્ટાફમાં જોઈએ છીએ. શરૂઆતમાં શિક્ષકોમાં સાંવેગિક વિકાસ થયેલ હોતો નથી. ધીમેધીમે આગળ વધે છે, શાળામાં માનવસંબંધોનો વિકાસ થયો હોય તો સાંવેગિક વિકાસ શક્ય બને છે.

**(7) નૈતિક વિકાસ :**

શાળામાં માનવસંબંધનાં વિકાસ દ્વારા નૈતિક વિકાસ શક્ય બને છે. શિક્ષકોમાં નૈતિક વિકાસ જોવા મળતો નથી. માનવસંબંધનાં વિકાસ દ્વારા નૈતિક વિકાસમાં વધારો કરી શકાય.

**(8) સહકારની ભાવનાનો વિકાસ :**

શાળામાં માનવસંબંધનાં વિકાસ દ્વારા સહકારની ભાવનાનો વિકાસ શક્ય બને છે. માનવસંબંધનો વિકાસ શાળામાં થયો હોય તોજ સરકારની ભાવના વધે અને તેનો વિકાસ થાય.

– માનવશક્તિનો યોગ્ય ઉપયોગ થઈ શકે.
– શિક્ષણમાં પ્રેરણા અને પ્રોત્સાહન મળે.
– શિક્ષણની ઉત્પાદક્તા વધી શકે. શાળામાં લોકશાહી યુક્ત વાતાવરણનું સર્જન કરવા માટે માનવસંબંધો આવશ્યક છે.
– શાળા એક કુટુંબ છે. આવી કૌટુંબિક ભાવનાનું સર્જન કરવા માટે માનવસંબંધો આવશ્યક છે.
– શાળાની દરેક વ્યક્તિ કાર્ય કર્યાનો સંતોષ પ્રાપ્ત કરી શકે.
– શાળા અને સમાજ એકબીજાને નજીક લાવી શકાય.
– સંસ્થામાં કાર્ય કરનાર વ્યક્તિઓ તેમનાથી બને તેટલું ઉત્તમ પ્રકારનું સંસ્થાને પ્રદાન કરવા તત્પર બને.
– માનવસંબંધને લીધે સંસ્થામાં એકતા, મૈત્રીની ભાવના, સહકારની વૃત્તિ, સંસ્થા સાથેનું તાદાત્મ્ય અને તેના ધ્યેયોની પ્રાપ્તિ માટેની ઉત્સુકતા કાર્યકરોમાં વધે.

વીક અને બોગ્સે નોકરીમાં વ્યક્તિને મળતો સંતોષનું પૃથક્કરણ કર્યું છે. તેમનું કહેવું છે કે વ્યક્તિને તેની નોકરીમાં જે સંતોષ કે અસંતોષ મળે છે તે તેની નોકરીના કાર્યના અંતર્ગત ઘટકોમાં રહેલો છે. આ અંતર્ગત ઘટકો છે કાર્યનું સ્વરૂપ, તેમાં તેને મળતી સિદ્ધિ, તેણે જે સિદ્ધિ મેળવી હોય તેની તેના ઉપરી દ્વારા થતી સ્વીકૃતિ કે કદર, તેને નોકરીના કાર્યમાં લાગતો આંતરિક રસ, તેની શક્તિની કદર રૂપે તેને સોંપવામાં આવતી વધુ જવાબદારીઓ, તેની પ્રગતિ અને બઢતી. આ બધાં ઘટકોમાં માનવસંબંધ સંકળાયેલો છે.

માનવસંબંધ કાર્યકરોની મનોવૈજ્ઞાનિક અને સામાજિક જરૂરિયાતોને સંતોષે છે અને પરિણામે તેઓ માનસિક શાંતિ અનુભવે છે અને પોતાની માનસિક તંદુરસ્તી જાળવવામાં પણ મદદ મેળવે છે.

આમ શિક્ષકોના કાર્યની ગુણવત્તા વધારવામાં તેમનો વ્યાવસાયિક ઉત્કર્ષ સાધવામાં તેમને શિક્ષણ સંસથાના એક સુખી સભ્ય બનાવવામાં તેમજ એક સારા શિક્ષક બનાવવામાં માનવસંબંધો યશસ્વી ફાળો આપી શકે છે. જે શાળામાં માનવસંબંધો સારા ત્યાં વિદ્યાર્થીઓની શિસ્તનો પ્રશ્ન રહેતો નથી, બાળકોમાં પલાયન વૃત્તિ ઊભી થતી નથી. ગુનાહિત પ્રવૃત્તિઓ અટકે છે. સમગ્ર શાળા એક જીવ બની કાર્ય કરતી જોવા મળે છે.

**શાળામાં માનવસંબંધોનાં વિકાસમાં આચાર્યનો ફાળો :**

આચાર્ય એ શાળાનો શ્વાસ છે. વ્યવસ્થાપક મંડળ અને શિક્ષક ગણ એ શાળાના બે ફેફસાં છે. વિદ્યાર્થીઓનો સમૂહ એ વાયુ કોષોનાં ઝૂમખાં છે, શાળાની પ્રવૃત્તિઓ એ લોહીનું વહન કરનાર નાડીઓ છે. પ્રવૃત્તિમાં સમાયેલ શૈક્ષણિક હેતુઓ અને જ્ઞાન નાડીઓમાં હરતુ-ફરતું લોહી છે. આમ હેતુઓ અને જ્ઞાન રૂપી લોહીના પ્રવાહને કેળવણી મંડળ અને શિક્ષક ગણ રૂપી ફેફસાં, આચાર્ય રૂપી શ્વાસથી શુદ્ધ કરી શકે છે. ઘડીયાળમાં જેમ કમાનનું મુખ્ય અંગ છે તેમ શાળામાં આચાર્ય એ મુખ્ય અંગ છે. આચાર્ય ઉપર જ શાળાની સાચી પ્રગતિનો આધાર હોય છે. શાળામાં મહત્ત્વની કડી તરીકે તેનું સ્થાન અમૂલ્ય છે.

આ ઉપરથી આપણે કહી શકીએ કે શાળામાં આચાર્યની ભૂમિકા માનવસંબંધનો વિકાસ કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. જો શાળામાં સૌથી વધુ અસરકારક કામ પણ આચાર્ય જ કરે. તેમની મીઠી સુવાસ માનવસંબંધોમાં અવશ્ય મહેંકી ઉઠે છે. માનવસંબંધોનો વિકાસ કરવા માટે આચાર્ય એ નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.



- વિદ્યાર્થીના વાલી તરીકેનું વર્તન કરવું.
- શિક્ષકો સાથે વડીલનું વર્તન કરવું.
- બિન શૈક્ષણિક કર્મચારીઓમાં સહકારી વૃત્તિ દાખલ કરતું વર્તન.
- કેળવણી મંડળના સારા માર્ગદર્શક અને સહકાર્યકર તરીકેનું વર્તન.
- શાળામાં લોકશાહીયુક્ત વાતાવરણ ઊભું કરવું.
- વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે મુલાકાત યોજવી.
- શિક્ષકો સાથે વિચાર વિનિમય કરવો.
- શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- શાળામાં વાલી સંમેલનનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ અને જરૂરિયાતો અંગે વાર્તાલાપ ગોઠવવા.
- શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના કરવી.

તે શિક્ષકો, વિદ્યાર્થીઓના સાચા અર્થમાં મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક હોવો જોઈએ. તેના સંચાલનમાંથી માનવસંબંધોની મહેંક આવવી જોઈએ. તે કોઈપણ પગલું પૂર્વગ્રહ વિનાનું સંપૂર્ણ તટસ્થતાપૂર્વક ભરે એ જરૂરી છે. તે શાળાના તમામ કર્મચારીઓ સાથે માનવતા યુક્ત વ્યવહાર કરે, કોઈપણ શિક્ષક કે કર્મચારી, પ્રથમ માનવ છે પછી જ કર્મચારી છે તે ભૂલવું ન જોઈએ. શાળા પરિવારનો સંતોષ એ જ એણે પોતાની મોંઘેરી મૂડી લેખવી જોઈએ. શાળા પરિવારમાં મીઠાશ હોય સહકાર અને આત્મીયતા હોય. કાર્ય માટે ઉત્સાહ હોય તેમજ વાતાવરણ હૂંફાળું હોય એ અત્યંત આવશ્યક છે. જ્યારે શાળા પરિવારના સભ્યોની વાણીમાંથી 'મારી શાળા' 'મારા વિદ્યાર્થીઓ' 'અમારા આચાર્ય, આપો આપ' નીકળે ત્યારે આચાર્ય માનવસંબંધ સાક્ષાત્કાર કર્યો ગણાય.

**શાળામાં માનવ સંબંધોના વિકાસમાં શિક્ષકનો ફાળો :**

શાળામાં વિદ્યાર્થીઓની સૌથી નજીકનું સ્થાન હોય તો શિક્ષકનું જ છે. તેથી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ગુરુ અને શિષ્ય વચ્ચે જે સંબંધ હોવો જોઈએ તેવો હોય તે ઇચ્છનીય છે. વર્ગમાં સજીવ સાથે સજીવની આંતરક્રિયા થતી હોય છે. આમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે માનવ સંબંધનાં તાણાવાણા વધારે સારી રીતે ગૂંથાયા હોય છે. આથી માનવ સંબંધનાં વિકાસ માટે શિક્ષકે વિદ્યાર્થી સુધી આવવું પડશે. વિદ્યાર્થી પાસેથી અમુક પ્રકારના આદર્શ વર્તનની અપેક્ષા રાખનાર શિક્ષકે પણ પોતાનાં વાણી વર્તનને આદર્શ અને આદરણીય બનાવવાં જ પડે. વિદ્યાર્થી એની કુમળી વયમાં અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવતો હોય છે, જેમાં શિક્ષકનો પણ સમાવેશ થાય છે. ઘર અને પડોસની વ્યક્તિઓ અને મિત્રો સાદ કરતાં અન્ય વ્યક્તિઓની તુલનામાં વિદ્યાર્થી શિક્ષકના સંપર્કમાં વધુ આવે છે, તેથી શિક્ષકના જીવનની અને વાણી વ્યવહારની છાપ વિદ્યાર્થી ઉપર સારી એવી પડતી હોય છે.

શિક્ષક એ વિદ્યાર્થીનો મિત્ર ફિલસફ અને માર્ગદર્શક છે તે ભૂલવું ન જોઈએ. શિક્ષકે એ રીતે જ વિદ્યાર્થીની સાથે વર્તવું જોઈએ. શાળામાં આવતો વિદ્યાર્થી અનેક અપેક્ષાઓ, અનેક પ્રશ્નો, અનેક મૂંઝવણો લઈને આવતો હોય છે, તેથી શિક્ષકનું વર્તન તેની સાથેનું કુમાશ ભર્યું, પ્રેમપૂર્વક હોવું જોઈએ. આજની વિદ્યાર્થી આલમની મોટામાં મોટી કોઈ ફરિયાદ હોય તો એ છે કે, ''શિક્ષકો, વડીલો, સમાજ વગેરે તેઓને સમજવા તૈયાર નથી.'' વર્ગમાં શિક્ષકનું વર્તન આપખુદ શાહી હોય, ભેદભાવ ભર્યું હોય, કઠોર હોય તો શાળામાં માનવસંબંધોનો વિકાસ થઈ શકે જ નહીં. શિક્ષકે અધ્યયન-અધ્યાપન કાર્યની સાથે સાથે પણ કેટલાંક કાર્યો કરવાના રહેશે જે નીચે પ્રમાણે છે.

- વર્ગમાં લોકશાહી ભર્યો વ્યવહાર કરવો.
- વર્ગના દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે ઓળખવો.
- વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવા મદદરૂપ થવું.

- બાળકોના રસ, રુચિ, વલણ અને શક્તિનો પરિચય મેળવી તે પ્રમાણે તેને કામ આપવું.
- શિક્ષક તેમના બધા જ વિદ્યાર્થીઓની સાથે જ્ઞાતિ, સંપ્રદાય, લિંગ, દરજ્જો, ધર્મ, ભાષા કે પ્રદેશના ભેદભાવને ધ્યાનમાં લીધા સિવાય બિન પક્ષપાતી વલણ અપનાવશે અને દરેકની સાથે પ્રેમ અને લાગણીથી વર્તશે.
- શિક્ષક વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મક સ્વઅભિવ્યક્તિ વગેરે માટે પ્રોત્સાહિત કરશે અને તેમની જિજ્ઞાસા સંતોષવા માટે પ્રશ્નો પૂછવાની પ્રેરણા આપશે અને તેમની જિજ્ઞાસાને સંતોષશે.
- શિક્ષક દરેક વિદ્યાર્થીની સાથે માનવતાપૂર્વક બોલશે અને વિદ્યાર્થીને લગતી ગોપનીય બાબતો કાયદેસર અધિકૃત વ્યક્તિઓ સિવાય અન્ય કોઈ સમક્ષ પ્રગટ કરશે નહીં.
- શિક્ષક પોતે પોતાની વાણી, વર્તન અને પોશાક દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ ઉમદા ઉદાહરણ પૂરું પાડશે.
- વાલીઓના સંપર્કમાં રહેવું, તેમજ જરૂર પડે વાલી સભાનું આયોજન કરવું.
- શાળામાં જુદી જુદી શિક્ષણ પદ્ધતિઓનું આયોજન કરી વિદ્ય)ર્થીઓને સમૂહમાં કામ કરવાની તક આપવી.
- શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી વિદ્યાર્થીઓને ભાગ લેતા કરવા.
- શાળામાં વિદ્યાર્થીઓને અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની સ્વતંત્રતા આપવી જોઈએ.
- હંમેશા શિક્ષકે વિદ્યાર્થીનું હિત મનમાં રાખીને જ વિદ્યાર્થી સાથેનો વ્યવહાર ચલાવવો જોઈએ.
- વિદ્યાર્થીનો અહોભાવ ઘવાય તેવો શિક્ષકનો વ્યવહાર ન હોવો જોઈએ, એટલે કે શિક્ષકે પોતે મહાન છે એમ માનીને વિદ્યાર્થીઓનો કદીયે અનાદર કરવો જોઈએ નહીં.
- વર્ગખંડમાં કે વર્ગખંડની બહાર વિદ્યાર્થીની મસ્કરી ન કરવી જોઈએ, તેનું અપમાન પણ ન કરવું જોઈએ.
- ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાયની આવશ્યકતા લાગે તો શિક્ષકે પોતાની શક્તિ અનુસાર સહાય કરવી જોઈએ.
- પ્રવાસ પર્યટનનું આયોજન કરવું.

ઉપરની બાબતો પ્રત્યે શિક્ષક ધ્યાન રાખે તો શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંબંધો ઘનિષ્ઠ બને એમાં કોઈ શંકા નથી, શિક્ષકનો સ્વભાવ-વર્તન શાળાની અન્ય વ્યક્તિઓ સાથે માનવીય હોવો જોઈએ, શાળામાં માનવીય સંબંધોનો વિકાસ કરવામાં અગત્યનો ફાળો આપી શકે તેમ છે.

**શાળામાં માનવસંબંધોના વિકાસ માટે શાળાકીય પ્રવૃત્તિઓ :**

શાળાએ તો માનવસંબંધનો ઉછેર કરે છે, શાળાએ સમાજની પ્રતિકૃતિ છે, શાળામાં તત્કાલિન સમાજનું દર્શન થાય, તેમજ શાળામાંથી બાળકોના સામાજિક જીવનનું ઘડતર થાય છે. આ સામાજિક્તાનું ઘડતર એજ માનવસંબંધો એમ કહી શકાય. શાળામાં તંદુરસ્ત વાતાવરણ સર્જાય તો બાળકો આપોઆપ એકબીજાથી નજીક આવે અને સહકારથી કાર્ય કરવાની પ્રેરણા મેળવે, જ્યારે સહકારથી કામ કરે છે, ત્યારે કોઈપણ કામ સફળ થયા વિના રહેતું નથી, એટલે જ કહેવાય છે કે ''ઝાઝા હાથ રળિયામણા'' શાળામાં સંઘ ભાવના જાગૃત કરવા માનવસંબંધોનાં વિકાસ કરવા શાળાએ નીચે જેવી કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.

**(1) મુક્ત વાતાવરણ અપનાવીને :**

શાળામાં અને વર્ગમાં મુક્ત વાતાવરણ અપનાવીને શાળામાં માનવ સંબંધોનો વિકાસ કરાવી શકાય. આચાર્ય અને શિક્ષકોએ બાળકને મુક્ત અભિપ્રાયો રજૂ કરવાની તક અને દરેક વાતનો સ્વીકાર તેમજ મુક્ત રીતે જવાબદારીનું વહન કરવાની ટેવ વગેરે માનવસંબંધોને પોષક છે. આચાર્ય અને શાળા પરિવારના સભ્યો વચ્ચે મુક્ત વાતાવરણ અપનાવી માનવસંબંધોનો વિકાસ સાધી શકાય.

**(2) સમાજને શાળાના કાર્યક્રમોથી વાકેફ રાખો :**

શાળામાં થતી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સમાજોપયોગી પ્રવૃત્તિઓથી વાકેફ રાખો. જ્યારે શાળામાં કાર્યક્રમો થતા હોય ત્યારે સમાજની વ્યક્તિને આમંત્રણ આપો. સમાજને ઉપયોગી જાહેર કાર્યક્રમો રાખો. શાળાનાં કાર્યક્રમથી સમાજ વાકેફ થશે, પરિણામે માનવસંબંધોનો વિકાસ થશે.

**(3) વાલી સંમેલન :**

વાલી સંમેલનમાં વિદ્યાર્થીઓ, વાલી, શિક્ષકો વગેરેની સભા, આચાર્યની હાજરીમાં થાય, શાળામાં જે કંઈ નવું કરવાનું છે તેની માહિતી આચાર્ય આપે. આ દિવસે મનોરંજન કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા જ રજૂ કરવામાં આવે, તેમજ વિદ્યાર્થીઓના સારા કાર્યોનું પ્રદર્શન યોજવામાં આવે, જે વાલીઓ જુએ છે. આ રીતે પણ વાલીઓ પોતાનાં બાળકોના અભ્યાસ અને વર્તન વિશે શિક્ષકો સાથે રૂબરૂમાં જ વાતચીત કરી શકે છે અને શિક્ષકો પણ વાલીઓને તેમનાં બાળકોનાં અભ્યાસ વિષે માહિતી આપે છે.

**(4) વિદ્યાર્થી મંડળની રચના કરીને :**

શાળામાં વિદ્યાર્થી મંડળની રચના કરવામાં આવે. વિદ્યાર્થી મંડળને વિવિધ પ્રવૃત્તિઓમાં જવાબદારી સોંપવામાં આવે. વિદ્યાર્થીઓને જવાબદારી આપવાથી જવાબદારીનું ભાન થશે તેમ જ સમૂહમાં કાર્ય કરવાની ટેવ પડશે અને બીજાઓ પાસેથી કામ કઈ રીતે લેવું તેની તાલીમ મળશે. વિદ્યાર્થી મંડળની રચના કરીને શાળામાં માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(5) યોગ્ય ઉત્તેજકો પૂરા પાડીને :**

વિદ્યાર્થીઓએ કરેલ કાર્યની જાહેરમાં કદર કરવામાં આવે, આમ કરવાથી વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ વધશે. વધુ કાર્ય કરવાની પ્રેરણા વિદ્યાર્થીઓને મળશે. સમૂહમાં કાર્યો કરશે. આમ યોગ્ય ઉત્તેજકો પૂરા પાડીને શાળામાં માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(6) યોગ્ય પ્રૉજેક્ટનું આયોજન કરીને :**

શાળામાં યોગ્ય પ્રૉજેક્ટ હાથ ધરવામાં આવે તો સમૂહમાં કાર્ય કરવાનું થશે. કાર્ય પોતાને માટે તેમ જ જૂથ માટે છે, તેવી ભાવના તેમનામાં ઊભી થવી જોઈએ. શાળામાં અવારનવાર યોગ્ય પ્રૉજેક્ટ હાથ ધરવામાં આવે તો માનવસંબંધોનો વિકાસ થાય.

**(7) વ્યક્તિગત તફાવતો પ્રમાણે કાર્યોની માન્યતા આપવી :**

સાથે જન્મેલ બે વ્યક્તિ સમાન નથી તે અંગેની સમજ વિદ્યાર્થીઓને આપવી. શાળામાં થતાં કાર્યોમાં વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી કાર્યોની માનયતા આપવી જોઈએ, જેથી સરખા રસ, રૂચિ, અને શક્તિવાળી વ્યક્તિઓને કાર્ય કરવાનું થશે. આમ કરવાથી માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(8) ભૂમિકાનું દર્શન :**

સંસ્થામાં દરેક સભ્યે પોતે શો ભાગ ભજવવાનો છે, શાં કાર્યો કરવાનાં છે, શી ફરજો બજાવવાની છે. કેવો વ્યવહાર કરવાનો અને એ બધું કઈ રીતે કરવાનું છે તેનું દર્શન જેટલુ સ્પષ્ટ થશે તેટલા માનવ-સંબંધોનો વધુ વિકાસ થશે.

**(9) શાળાસંકુલના સભ્ય બનીને :**

શાળા સંકુલ દ્વારા વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. આ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સમૂ!માં કાર્યક્રમમાં રહેવાથી તેમજ શાળાનો કોઈ કાર્યક્રમ શાળાસંકુલમાં મૂકવાનો હોય ત્યારે ચર્ચા ગોઠવવાથી માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(10) શાળામાં મનોરંજન કાર્યક્રમો અપનાવીને :**

શાળા સ્થાપના દિન, ઉત્સવ, ઉજવણી, વાલીસંમેલન, પ્રદર્શન, પંદરમી ઓગષ્ટની ઉજવણી,

છવીસમી જાન્યુઆરીની ઉજવણી વગેરે જેવા મનોરંજન કાર્યક્રમો ગોઠવવામાં આવેતો શાળામાં માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(11) સંસ્થાના પરિવારનું વિશ્રાંતિ સમયમાં મિલન :**

સંસ્થાના પરિવારનું રિશેષમાં કે ફુરસદના સમયમાં સાથે બેસી વિનોદ કરવાની, મળવાની, મૈત્રી બાંધવાની, વિચારોની આપ-લે કરવાની, મનોરંજન કરવાની, માનસિક તણાવ હળવો કરવાની સગવડ મળવી જોઈએ. આ પ્રકારની સગવડ મળવાથી શાળામાં માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(12) શાળામાં વિવિધ પ્રકારના સેમીનારનું આયોજન કરીને :**

શાળામાં વિવિધ પ્રકારના સેમીનારનું આયોજન કરવામાં આવે. આમ વિવિધ પ્રકારના સેમીનારમાં દરેક વ્યક્તિને પોતાની શક્તિ પ્રમાણે કાર્ય સોંપવામાં આવે. આમ શાળામાં વિધિ પ્રકારના સેમીનારનું આયોજન થવાથી માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(13) પ્રવચન શ્રેણીનું આયોજન કરીને :**

શાળામાં જુદા જુદા વિષયની અનુભવી વ્યક્તિઓનું પ્રવચન ગોઠવવામાં આવે, તેમજ જુદા જુદા વ્યવસાયમાં સંકળાયેલા વાલીઓ તેમ જ અન્ય વ્યક્તિઓને શળામાં બોલાવી તેનું પ્રવચન ગોઠવવામાં આવે તો માનવસંબંધોનો વિકાસ થઈ શકે.

**(14) પરિવારનાં સભ્યોનો સમૂહમાં મિલન કાર્યક્રમ :**

શાળા પરિવારનાં સભ્યોનો વર્ષમાં બે ચાર વખત સમૂહમાં મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે. આમ કરવાથી આચાર્ય અને શિક્ષકો એકબીજાની વધુ નજીક આવશે. દા.ત. સમૂહમાં શરદ પૂનમની ઉજવણી, તેમજ નવા વર્ષમાં કાર્યક્રમ ગોઠવી શકાય.

**(15) મહત્ત્વના નિર્ણયો લેવામાં શિક્ષકોને ભાગીદાર બનાવવાં :**

શાળામાં જ્યારે મહત્ત્વનાં નિર્ણયો લેવાનાં હોય ત્યારે સમૂહમાં એક સભા બોલાવી, તેનું આયોજન વિચારવું જોઈએ. શિક્ષકોનાં મહત્ત્વનાં નિર્ણયનો સ્વીકાર કરવો જોઈએ. મહત્ત્વનાં નિર્ણયમાં શિક્ષકોનું કંઈક સ્થાન હોવું જોઈએ.

**(16) સંસ્થાનાં ધ્યેયો નક્કી કરવા :**

સંસ્થાનાં ધ્યેયો દરેક કાર્યકર સમજે અને સ્વીકારે એવી પરિસ્થિતિ સર્જાવી જોઈએ. આચાર્યનો વ્યવહાર એવો હોવો જોઈએ કે બધાજ કાર્યકરો સ્વેચ્છાથી સ્વયંસ્ફૂરણાથી સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવા પ્રભાવિત થાય.

**(17) મૂળભૂત મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો સંતોષવા પ્રયત્ન :**

આચાર્ય દ્વારા શિક્ષકો વિદ્યાર્થીઓ વગેરેની મૂળભૂત મનોવૈજ્ઞાનીક જરૂરિયાતો સંતોષવા પ્રયત્ન કરવા જોઈએ. કદર, સુરક્ષિતતા, પ્રેમ અને સાહસની ભૂલ સંતોષાય એ માટે આચાર્યે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**(18) વિશ્વાસનું વાતાવરણ :**

આચાર્ય માટે શિક્ષકોમાં એવી છાપ ઊભી થવી જોઈએ કે આચાર્ય પણ તેમનામાંનો જ એક છે, તેમના સુખદુ:ખમાં તે ભાગીદાર છે અને તેમને મદદરૂપ થવા તે ચિંતીત છે. તે સ્ટાફના ભલા માટે હંમેશા ખુશ છે. આચાર્યના હાથમાં શિક્ષકોનું ભાવિ સુરક્ષિત છે તેમ લાગવું જોઈએ. આચાર્યે વિશ્વાસનું આ પ્રકારનું વાતાવરણ શાળામાં ઊભું કરવું જોઈએ.

**(19) સામાજિક સંબંધો :**

આચાર્યએ શિક્ષકો સાથે સામાજિક સંબંધો બાંધવા અને તેને વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ. સ્ટાફ પરિવારમાં કોઈને ત્યાં સામાજિક પ્રસંગ હોય ત્યારે બધા જ પરિવારનાં સભ્યોએ એક બીજાને મદદરૂપ થવું જોઈએ. એક બીજાનાં સુખ દુ:ખમાં બધા જ ભાગીદાર બને તેવા પ્રયત્નો આચાર્ય દ્વારા થવા જોઈએ.

**(20) લોકશાહી યુક્ત નિરીક્ષણકાર્ય :**

શાળામાં આચાર્યએ લોકશાહી યુક્ત નિરીક્ષણ કાર્ય કરવું જોઈએ, તેમની સત્તાનો ઉપયોગ પણ લોકશાહી ઢબે કરવો જોઈએ, કોઈ કર્મચારીની ભૂલ હોય તો, તેને લોકશાહી ઢબે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.

આમ આપણે ઉપર મુજબની જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા માનવ સંબંધોનો વિકાસ કરી શકાય. શાળા જ માનવસંબંધોના વિકાસનું સર્વ શ્રેષ્ઠ માધ્યમ છે, એમ કહીએ તો તે અયોગ્ય નથી. માનવસંબંધના વિકાસ માટે એસો ઓઈલ કંપનીએ કેટલાક સિદ્ધાંતો નક્કી કર્યા છે. આ સિદ્ધાંતો કંપનીએ અપનાવવા નક્કી કરેલા જોકે આ સિદ્ધાંતો શાળા માટે પણ એટલા જ પ્રેરણાદાયી છે. જે નીચે પ્રમાણે રજૂ કરેલ છે.

– વ્યક્તિની મહત્તા
– પરસ્પર સ્વીકાર
– સમાન તક
– મુક્તિવાણી વ્યવહાર
– આત્મભાવ
– સામૂહિક નિર્ણયો
– ઊંચી નીતિમત્તા
– કર્મચારીનો સહયોગ

**સિદ્ધાંતો :**




**માનવસંબંધોનાં પાયાનાં મૂલ્યો અને સિદ્ધાંતો :**

માનવસંબંધોનાં પાયાનાં મૂલ્યો અને સિદ્ધાંતો અંગે નીચેની બાબતો વિચારી શકાય :




**(1) લાગણીનો સ્વીકાર :**

શાળામાં આચાર્યએ વિવિધ વ્યક્તિઓ સાથે વ્યવહાર કરવાનો હોય છે. તેમાં ખાસ કરીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે વધુ વ્યવહાર કરવાની જરૂરિયાત ઊભી થાય છે. વિદ્યાર્થીઓની અને શિક્ષકોની જે લાગણીઓ હોય તેનો મુક્ત મને આચાર્યએ સ્વીકાર કરવો જોઈએ. જ્યાં સુધી લાગણીનો સ્વીકાર ન થાય ત્યાં સુધી અન્યોન્ય એક બીજા વચ્ચે આંતરક્રિયા-પ્રતિક્રિયા શરૂ થતી નથી, તેથી આચાર્ય શાળા પરિવારનાં સભ્યોની લાગણીનો સ્વીકાર કરવો જોઈએ.

**(2) વ્યક્તિગત તફાવતો :**

શાળામાં પરિવારનાં સભ્યોમાં વ્યક્તિગત તફાવતો જોવા મળે છે. તેથી બધી જ વ્યક્તિઓને એક ધોરણે વિચારી શકાય નહીં. દરેક વ્યક્તિમાં બૌદ્ધિક, સાંવેગિક, શોખ, ટેવ, કૌશલ્યો અને શક્તિઓમાં વ્યક્તિગત તફાવત જોઈ શકાય છે, તેથી શાળામાં આચાર્યએ બધા જ શિક્ષકો સાથે સામૂહિક રીતે વિચાર કરવાને બદલે તેમનો વ્યક્તિગત રીતે વિચાર કરવો જોઈએ. દરેકની જરૂરિયાતો સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. શક્તિ પ્રમાણે મહત્ત્વ આપી સન્માન કરવું જોઈએ અને તે પ્રમાણે કાર્ય વહેંચણી કરવી.

**(3) પ્રેરણા :**

શાળામાં આચાર્ય પરસ્પર ઉષ્મા, લાગણી તેમજ આત્મીયતા સર્જાય તેમાટે પ્રયત્ન કરવા જોઈએ, જેથી પરિવારનાં સભ્યોમાં વય ભાવનાનું નિર્માણ થાય, પરિવારનાં સભ્યોમાં કાર્ય કરવાની પ્રેરણા, ઉત્સાહ, ધગશ વધે તે માટે આચાર્યએ પ્રયત્નો કરવાં જોઈએ, જેથી શાળાનું કાર્ય દીપી ઊઠે.

**(4) પરસ્પર વિશ્વાસ અને આત્મશ્રદ્ધા :**

શાળામાં કરવામાં આવતાં કાર્યો અંગે પરસ્પર વિશ્વાસ અને આત્મશ્રદ્ધા હોવી જોઈએ. શિક્ષક જે કંઈ કાર્ય કરે તે કાર્ય આત્મશ્રદ્ધા પૂર્વક કરે તેમજ તે અંગે આચાર્યને પણ શિક્ષકનાં કાર્યમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ. પરસ્પરનો વિશ્વાસ અને શ્રદ્ધા જેટલાં પ્રમાણમાં વધુ હશે તેટલા પ્રમાણમાં માનવસંબંધોનો વિકાસ અને વાતાવરણ યોગ્ય બનશે. માનવસંબંધ સર્જિત વાતાવરણ જ શાળાના ઊંચા ધારાધોરણ, વ્યવહાર, રીતરસમો અને મૂલ્યો સર્જે છે. શાળામાં અનુકૂળ તેમજ ઉત્સાહ પ્રેરક

વાતાવરણમાં શાળાની વ્યક્તિઓનું વર્તન ઊંચા પ્રકારનું સહકારભર્યું સંપીલું, પ્રેરણાદાયક હોય તો શાળાનું ફળદાયિત્વ ઊંચું બને છે.

**(5) લોકશાહી અભિગમ :**

શાળામાં માનવસંબંધના પાયાના મૂલ્યમાં લોકશાહી અભિગમને સ્થાન આપવામાં આવ્યું છે. શાળમાં લોકશાહી અભિગમ અપનાવવા માટે નીચેની બાબતો પર ભાર મૂકવો જોઈએ.

– દરેક વ્યક્તિનું માન સચવાય.

– શાળામાં દરેક વ્યક્તિને નિર્ણયમાં ભાગીદાર બનાવવાં.

– શાળામાં હિતમાં નિર્ણય લેવો.

શાળાઓ માનવસંબંધોની હૂંફાળી જગ્યા બનવી જોઈએ. આ અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યની છે. શાળાનાં કાર્યો, વ્યવહાર વગેરેમાંથી માનવસંબંધોને પોષણ મળતું રહેવું જોઈએ. કામના નિયમો જેટલી જ મહત્ત્વની માનવસંબંધોની શરતો હોવી જોઈએ. શાળા વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી આચાર્યશ્રીએ કાર્ય અને જવાબદારીની સોંપણી કરવી જોઈએ. સોંપેલ જવાબદારી અને કાર્યથી શિક્ષક મૂંઝાતો નથી, તેનાં દ્વારા કરવામાં આવતાં કાર્યની ઉપેક્ષા થાય, તેમજ તેમની શક્તિ વિશે શંકા ઉઠાવવામાં આવે, તેને કાર્ય કરવા અંગેની સંપૂર્ણ સગવડતાઓ આપવામાં ન આવે, તેને કાર્ય કરવા અંગેની સંપૂર્ણ સગવડતાઓ આપવામાં ન આવે, તેમની સાથે ભેદભાવ ભર્યું વર્તન વગેરે થાય તો શિક્ષકનો કાર્ય અંગેનો ઉત્સાહ, ધગશ વગેરે મંદ પડી જાય. શિક્ષકોને પોતાનાં કાર્યમાંથી સંતોષ પ્રાપ્ત થાય. કાર્ય કરવામાં ઉત્સાહ આવે, ગમે તેવું મુશ્કેલરૂપ કાર્ય આવે તોપણ સરળ બની જાય અને કાર્ય કરવામાં ઉત્સાહ પ્રાપ્ત થાય તે પ્રકારનું વાતાવરણ શાળામાં આચાર્ય દ્વારા મળવું જોઈએ.

**શાળામાં માનવસંબંધોની નિષ્ફળતાનાં કારણો :**

માનવસંબંધો શાળાનો વિકાસ કરવામાં અગત્યનો ફાળો આપે છે. છતાં શાળામાં માનવસંબંધો કેમ નિષ્ફળ જાય છે. તેનાં કારણો નીચે પ્રમાણે જણાવી શકાય :

**(1) આપખુદશાહી વલણ :**

શાળામાં આચાર્યનું વલણ આપખુદશાહી હોય, શાળામાં દરેક કાર્યમાં આચાર્ય કેન્દ્રસ્થાને હોય તેમજ શાળાના કોઈ પણ કાર્ય અંગે સ્ટાફ સાથે ચર્ચા કરતાં ન હોય, શાળાના દરેક પ્રકારના નિર્ણયો આચાર્ય જ લેતા હોય છે.

**(2) વહીવટનું અપૂરતું જ્ઞાન :**

શાળાના આચાર્યને પોતાના વહીવટનું પૂરતું જ્ઞાન ન હોય તો શાળામાં નિર્ણયો લેવામાં મુશ્કેલીઓ ઊભી થતી જોવા મળે છે, નિર્ણયો ઝડપી લેવાતા નથી.

**(3) વધુ જવાબદારી :**

શાળાના આચાર્ય પાસે કાર્યની વધુ પડતી જવાબદારી હોય તો શાળાના મહત્ત્વા નિર્ણયો ઝડપી લેવાતા નથી, શાળાના દરેક કાર્યમાં પૂરતું ધ્યાન આપી શકતા નથી. તેથી માનવસંબંધોનો વિકાસ શક્ય બનતો નથી.




**(4) પક્ષપાત ભર્યું વલણ :**

શાળામાં આચાર્ય પક્ષપાત ભર્યું વલણ અપનાવતાં હોય. આચાર્ય સંચાલક મંડળનો પક્ષ લેતા હોય, જે કંઈ નિર્ણયો લેવામાં આવે તેમાં પક્ષપાત ભર્યું વલણ જોવા મળતું હોય, તો શાળામાં માનવસંબંધોને, વિકાસ નિષ્ફળ બને છે.

**(5) અવિશ્વાસનું વાતાવરણ :**

શાળા પરિવારના સભ્યોમાં પરસ્પર અવિશ્વાસનું વાતાવરણ જોવા મળતું હોય તો પણ માનવસંબંધો નિષ્ફળ જતાં જોવા મળે છે.

**(6) કાર્યક્રમનો અભાવ :**

આચાર્ય શાળામાં સમૂહમાં કોઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું ન હોય તો પણ માનવસંબંધોનો વિકાસ શક્ય બનતો નથી.

**(7) એક હથ્થુ નિર્ણય :**

શાળામાં એક હથ્થુ નિર્ણયો લેવાતાં હોય તેમાં શિક્ષકોને સ્થાન મળતું ન હોય તો માનવસંબંધોનો વિકાસ શક્ય બનતો નથી.

**(8) પરિવાર વચ્ચે વધુ અંતર :**

શાળામાં સ્ટાફ પરિવાર વચ્ચે વધુ અંતર હોય તો માનવસંબંધોનો વિકાસ શક્ય બનતો નથી. શાળાના આચાર્યને પોતાના વિષયનું પૂરતું જ્ઞાન ન હોય, શાળાના આચાર્ય વાણી અને વર્તનમાં ભેદભાવ હોય તેવી પરિસ્થિતિ અવારનવાર ઊભી કરતાં હોય, શાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓને વારંવાર અપમાનિત કરવામાં આવતાં હોય, આચાર્ય શાળામાં ઉદ્‌ભવતા નાનામોટા પ્રશ્નો પ્રત્યે પૂરતું ધ્યાન આપતા ન હોય, તો પણ શાળામાં માનવસંબંધોનો વિકાસ શક્ય બનતો નથી.

શાળાએ સમાજની પ્રતિકૃતિ છે. શાળામાં તત્કાલીન સમાજના દર્શન થાય છે, તેમજ શાળામાંથી બાળકોના સામાજિક જીવનનું ઘડતર થાય છે. આ સામાજિકતાનું ઘડતર એ જ માનવસંબંધો. શાળામાં

કોઈપણ કાર્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવે તેમજ શાળા પરિવારની દરેક વ્યક્તિનો સ્વીકાર કરવામાં આવે તો શાળામાં માનવસંબંધોનો ચોક્કસપણે વિકાસ થઈ શકે. શિક્ષણની સંકલ્પના અને તેનાં કાર્યો જ્યારે આજે વિસ્તરી રહ્યો છે અને જ્યારે તેનો રાષ્ટ્રના આર્થિક વિકાસ, સામાજિક પરિવર્તન, રાષ્ટ્રીય એકતા અને રાજકીય પુખ્તતાના એક મહત્ત્વના અસરકારક પરિબળ તરીકે વિચાર થઈ રહ્યો છે, ત્યારે શાળામાં માનવસંબંધનું સ્થાન અને મહત્ત્વ ઘણું ઊંચું બને છે.

## 9.7 સંસ્કૃતિ પ્રેમનો વિકાસ

**પ્રસ્તાવના :**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે અને તે સમાજથી અલગ રહી શકે નહીં. સમાજાન અસ્તિત્વને જાળવી રાખવા માટે મનુષ્યો સંગઠિત થાય છે અને દરેક નિશ્ચિત વ્યવસ્થાને સ્થાપિત કરે છે. આ નિશ્ચિત વ્યવસ્થા અથવા સંપૂર્ણ વ્યવસ્થાને સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે.

પ્રાચીન સમયમાં સંસ્કાર શબ્દનું પ્રયોજન થતું હતું. કોઈ એક વ્યક્તિમાં સંસ્કારનું આરોપણ સંસ્કાર કહેવાય, પરંતુ સામૂહિક ધોરણે તેને સંસ્કૃતિ કહેવામાં આવતી.

સંસ્કૃતિમાં સમાજના રીત-રિવાજો, પરંપરા, નૈતિકતા, કલા, વિજ્ઞાન, ધર્મ, આર્થિક કે રાજકીય વ્યવસ્થાનો સમાવેશ થતો હતો.

ટૂંકમાં, સંસ્કૃતિ એટલે કોઈપણ સમાજમાં માનવને રહેવાની રીત.

આનંદ શંકર ધ્રુવ :

"મારી સમજણ પ્રમાણે નગર-વન અને ગ્રામ એ ત્રિવેણી આપણી સંસ્કૃતિનું મૂળ છે. આપણા ઉત્તમતત્ત્વ વિચારો જેમ તપોવનમાં થયા છે. તેમ રાજમહેલમાં અને પક્ષવાટમાં પણ થયા છે."

સંસ્કૃતિ શબ્દનો અર્થ સંસ્કૃત શબ્દ સમ્યક્કૃતી = સંસ્કૃતિ.

સંસ્કૃતિ એ એવી એક સંકુલ બાબત છે કે જેમાં સામાજિક નૈતિક, બૌદ્ધિક, કલાવિષયક અને ભૌતિક સિદ્ધિઓનો સમાવેશ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં આ સિદ્ધિઓ આ પ્રમાણે છે.

(1) સામાજિક : સર્વધર્મ સમભાવ – સંયુક્ત કુટુંબજીવન.

(2) નૈતિક : માનવતાવાદ

(3) બૌદ્ધિક : અંકઉપયોગ – વેદાંત – ગણિત.

(4) કલા : ગણેશ-નટરાજ.

(5) આધ્યાત્મિક : બ્રહ્મનો સ્વીકાર – વેદ – ઉપનિષદ

(6) ભૌતિક : શિલ્પ-સ્થાપત્ય-આદાન-પ્રદાન એટલે કે લે-વેચ.

ભારત ભૂમિ તેની વિવિધ કલાઓ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ વિવિધ કલાઓમાં ચિત્ર, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાચીનકાળથી ભારતીય સાહિત્ય તેની વિવિધતા, તેમજ વિશિષ્ટતા માટે જાણીતું છે. આ સાહિત્યને વિદ્વાનો વૈદિક સાહિત્ય તેમજ પ્રશિષ્ટ સાહિત્ય એમ બે વિભાગમાં વહેંચે છે અને કેટલીક લોક બોલીઓનું સાહિત્ય પણ પ્રચલિત હતું.

**સાહિત્ય :**

– ભારતની અતિ પ્રાચીન લિપિ હડ્પ્પા કાળની છે, જેને આજ સુધી ઉકેલી શકાઈ નથી.

– સંસ્કૃત ભાષા મુખ્યત્વે ધર્મ, તત્ત્વજ્ઞાન અને જ્ઞાન વિજ્ઞાનની ભાષા હતી.

– ભારતમાં બુ મુખ્ય મહાકાવ્યો 'રામાયણ' અને 'મહાભારત' છે. તેઓ સેંકડો વર્ષો દરમિયાન રચાયાં. આ મહાકાવ્યમાં એક લાખ શ્લોકો છે અને વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ છે. પાછળથી મહાભારતનો એકભાગ બનેલ 'શ્રીમદ્ ભગવદ્ગીતામાં' ગહન દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું છે.

– ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના પહેલાં સંસ્કૃતિમાં લૌકિક સાહિત્ય લખવાની શરૂઆત થઈ. આ સમયના મહાન લેખકોમાં કાલિદાસ, ભવભૂતિ, ભારતીય, ભતૃહરિ, બાણભટ્ટ, માઘ ઇત્યાદિનો સમાવેશ થાય છે.

– પ્રાચીન યુગથી જૂની ગુજરાતી ભાષામાં પદ્ય સાહિત્ય રચાતું હતું. સમય જતાં ગુજરાતી ભાષમાં અનેક કૃતિઓ રચાઈ જેમાં નરસિંહ મહેતા, મીરાબાઈ, દયારામ, અખો, પ્રેમાનંદ, પ્રીતમ જેવાં સાહિત્યકારોએ પદો, ગીતો, ગરબી, આખ્યાન કાવ્યો, છપ્પાં કાવ્યો વગેરે રચ્યા. ત્યારબાદ નર્મદ નવલરામ, કિશોરલાલ મશરૂવાળા, મહિપતરામ રૂપરામ, ગોવર્ધન રામ ત્રિપાઠી જેવા સાક્ષર વર્ગોએ ગુજરાતી સાહિત્યને ખૂબ સમૃદ્ધ બનાવ્યું હતું.

– ભારતીય સંસ્કૃતિની પોતાની આગવી અને નીજી ઓળખ છે. સંસ્કૃતિનું વૃક્ષ સમાજની ધરતીમાંથી પાંગરે છે. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ એટલે રાષ્ટ્રની ધરતીમાં ઊગેલી માન્યતાઓ, પરંપરાઓ, રિવાજો, આચારો, મૂલ્યોનો સમન્વય.

– સંસ્કૃતિએ સમાજની જીવનશૈલી છે. સંસ્કૃતિ એજ તે માનવ સમાજની જીવન શૈલી – આચાર-વિચારનો સરવાળો છે, તે અતીતની ઓળખાણ છે. ભાવિનું સ્વપ્ન દર્શાવી છે, તે ઇતિહાસનો આયનો છે.

– કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ એટલે જેને રાષ્ટ્રના માનવ સમાજે કરેલી સાધનાને અંતે પ્રાપ્ત થયેલી સિદ્ધિઓની વિશ્વગાથા. ભારતને પણ પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ છે. આ સાંસ્કૃતિક ઓળખ એની ભાતીગળ સંસ્કૃતિમાં રહેલી છે. આ સંસ્કૃતિનં પ્રજીવકો (Vitamins) એ ભારતીય સમાજે યુગોથી સંચિત કરેલાં મૂલ્યો છે. તેના માનવ સમાજે ઊભી કરેલી આગવી આચારસંહિતા છે જેને આપણે મૂલ્યો તરીકે ઓળખીએ છીએ.

– ચારિત્ર્યનું ઘડતર મૂલ્યલક્ષી વ્યવહારોને આધારે થાય છે. વ્યક્તિ ઓળખ તેની પ્રમાણિકતા, નિષ્ઠા, સફળતા, ઉદારતા, કર્મઠતા વગેરે જેવા ચારિત્રિક ગુણોથી થાય છે. આ ગુણો તેના આચારમાં પ્રતિબિંબિત થતાં તેનો આચાર કે વ્યવહાર મૂલ્યલક્ષી બને છે.

– સમાજની પોતાની નીજી ઓળખ વ્યક્તિઓના સામુદાયિક વ્યવહારથી પ્રગટ થતી સંસ્કૃતિના આધારે થાય છે. ભારતની મૂલ્યવાન સંસ્કૃતિ વ્યક્તિ અને સમાજના મૂલ્યલક્ષી વ્યવહારો દ્વારા યુગોથી રચાયેલી જોવા મળી છે.

– ભારતીય યુગોથી ભારતે સાંસ્કૃતિક ઉજ્જવળ પરંપરાઓને જીવંત રાખી છે. સમાજમાં વ્યક્તિનાં વર્તન અને ચારિત્ર્ય દ્વારા, સભ્ય જીવનની પરંપરાઓ અને સૌજન્ય દ્વારા, મનના ખેડાણના એક ભાગરૂપે કલાનાં ઉત્કૃષ્ટ સર્જનો અને ગુણદર્શન કરવા વ્યક્તિએ સમાજની સંવાદિતા અને સમતુલાને વિકસાવતી શિસ્ત દ્વારા ભારતીય સમાજે પોતાના આગવાં મૂલ્યો ઊભાં કરીને, સંસ્કૃતિના વૃક્ષનું સંરક્ષણ અને સંવર્ધન કર્યું છે.

– આ એ ભૂતિ છે કે જે ભૂમિમાં જ્ઞાનેશ્વર, તુકારામ, નાનક, કબીર, તુલસીદાસ જેવાઓએ સાહિત્ય દ્વારા મુખ્ય પરસ્ત જીવનનો સંદેશ આપ્યો છે.

– આપણા દેશની સંસ્કૃતિ મહત્ત્વની છે, તેની ખૂબ કિંમત અને મૂલ્યવાન છે. આથી સંસ્કૃતિ તરફ વિદ્યાર્થીઓનો પ્રેમ વધે તેવા પ્રયત્નો શાળા દ્વારા થવા જોઈએ.

**(2) શાળામાં સંસ્કૃતિ પ્રેમનો વિકાસ કરવા માટેની પ્રવૃત્તિઓ :**

**શિક્ષકનો ફાળો-ભૂમિકા :**

શાળામાં સંસ્કૃતિના પ્રેમનો વિકાસ કરવા માટે શિક્ષકને યથા સંસ્કૃતિ તરફ પ્રેમ હોવો જોઈએ તો જ તેના વિકાસમાં રસ લઈ શકે.

– પ્રવાસ-પર્યટનો દ્વારા શાળાની આસપાસના વિસ્તારનાં પ્રાચીન-અર્વાચીન શિલ્પો-સ્થાપત્યની મૂલાકાત લેવડાવી તેની સમજ આપવી.

- વિવિધ ધર્મના વિદ્યાર્થીઓના પ્રત્યે સમભાવ રાખવો.
- શિક્ષકે ધાર્મિક, પ્રાકૃતિક અને સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લેવી.
- લાંબા પ્રવાસમાં વિવિધ રાજ્યોની મુલાકાત લઈને પ્રદેશની વિશેષતાઓ જણાવવી. દા.ત. તાજમહેલ, હરદ્વાર, કન્યાકુમારી જેવાં સ્થળોએ પ્રવાસો ગોઠવવા અને દરેક પ્રદેશની વિવિધતા સમજાવવી.
- શિક્ષક વિવિધ સંસ્કૃતિઓનો અભ્યાસ કરી ઉત્તમ તત્ત્વોને આત્મસાત્ કરવા.
- ઇતિહાસ-ભૂગોળ શીખવતી વખતે વૈવિધ્યપૂર્ણ વારસાની સમજ આપવી અને વિવિધતામાં એકતા શી રીતે તે સમજાવવું.
- વિવિધ એકતાનું નાટ્યીકરણ કરાવવું.
- પત્ર મૈત્રી દ્વારા વિવિધ રાજ્યોનો પરિચય મેળવવો.
- ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહનો શોખ વિદ્યાર્થીઓમાં વધારવો.
- સર્વધર્મના ધર્મસ્થાનો ધર્મ પ્રતિકો અને ધર્મગ્રંથોના પરિચય કરાવવો.
- આપણા પ્રાચીન સાહિત્ય ગ્રંથો, શિલ્પ-સ્થાપત્ય લલિતકલાનો પ્રાર્થના સભામાં પરિચય આપવો.
- દરેક રાજ્યના પ્રવાસ નિગમમાંથી રાજ્યના પર્યટન સ્થળોનું સાહિત્ય મંગાવી તેનું પ્રદર્શન યોજવું.
- રાષ્ટ્ર પ્રેમ, રાષ્ટ્રભક્તિ માટે પ્રતિબદ્ધતા દાખવવી.
- રાષ્ટ્રીય એકતા માટેના મૂલ્યો આત્મસાત કરવા.
- વિવિધ પ્રદેશની વિવિધતા દર્શાવતી સીડી-કેસેટ દ્વારા બતાવી શકાય.
- પ્રદર્શનો ભરી વારસાની સમજ વિદ્યાર્થીઓને આપવી.
- બિનસાંપ્રદાયિક્તાના વલણો કેળવવા.
- વિવિધ સંસ્કૃતિ-કલા અને સ્થાપત્યને રજૂ કરતા દર વર્ષે સાંસ્કૃતિક મેળા યોજવા, જેમાં જે-તે પ્રદેશનો પહેરવેશ, રૂઢિ, ભાષા, કલા, સ્થાપત્યને મેળામાં રજૂ કરવા, વેશભૂષા દ્વારા પણ કરાવી શકાય છે.

  આમ, અધ્યાપન કરતી વખતે દરેક શિક્ષકે જાગૃત રહીને જ્યાં સાંસ્કૃતિક વારસાની સમજ કેળવી શકાય તેવી દરેક તક ઝડપી લેવી. આ મારો દેશ છે, તેના ભવ્ય વારસાનું મને ગર્વ છે તે માત્ર પ્રતિજ્ઞાની, પણ વ્યવહારમાં ઉતરે તેવાં પ્રયત્નો શિક્ષકોએ કરવા જોઈએ.

**વિદ્યાર્થીઓનો ફાળો :**

- વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો અપનાવવા જોઈએ.
- શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાર લેવો જોઈએ.
- વિવિધ ધર્મોના ઉત્તમ તત્ત્વોનો તુલનાત્મક પરિચય કેળવવો જોઈએ.
- રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવવા માટે રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત, રાષ્ટ્રગાન વગેરેનું સન્માન કરવું જોઈએ.
- આપણા સાંસ્કૃતિક વારસાનું જતન કરવામાં સહભાગિતા નોંધવી જોઈએ.
- ભારતીય સંસ્કૃતિના આગવા અને વિશિષ્ટ અંગો -- શિલ્પ, સ્થાપત્ય અને લલિત કળાઓનો અભ્યાસ કરવો જોઈએ.
- રાષ્ટ્રીય, સામાજિક અને ધાર્મિક પર્વોનું મહત્ત્વ સમજી તેમની ઉજવણી કરવી જોઈએ.
- ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો સમજવા માટે સંસ્કૃત ભાષા-સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ.

- આંતર-રાજ્ય સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લેવો જોઈએ.
- વિદ્યાર્થીઓએ શાળાના નીતિ-નિયમો અને પરંપરાઓનું પાલન કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓએ બીજા અન્ય વિદ્યાર્થી ગમે તે ધર્મ કે કોમ યા જાતિ કે ભાષાના હોય તેના તરફ કોઈપણ પ્રકારનો પૂર્વગ્રહ રાખવો જોઈએ.
- વિદ્યાર્થીઓએ શિક્ષક, આચાર્ય, માતા-પિતા, વૃદ્ધોને આદર અને સન્માન જાળવવું જોઈએ.
- સત્ય, અહિંસા, કરુણા, પ્રેમ, સહિષ્ણુતા વગેરે મૂલ્યો આત્મસાત કરી સાંસ્કૃતિક પાયાના શાશ્વત મૂલ્યોનું જતન કરવું જોઈએ.
- બિન સાંપ્રદાયીકતા, સર્વધર્મ સમભાવ જેવાં મૂલ્યો શાળાજીવનથી જ અપનાવવા જોઈએ.
- પ્રાચીન શિલ્પો અને સ્થાપત્યોની યોગ્ય જાળવણી કરવામાં સહકાર આપવો જોઈએ.

**ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં શાળાકીય પ્રવૃત્તિઓ :**

- પ્રાર્થનાસભામાં સર્વધર્મની પ્રાર્થના કરાવવી.
- ભારતના વિવિધ પ્રદેશોમાં પ્રવાસ-પર્યટનો ગોઠવી વીવિધ લોકોના જીવનની રહેણી કરણી, ભાષાઓ, પ્રણાલિકાઓની માહિતી મેળવી શકાય.
- વિવિધ પ્રાકૃતિક, ઐતિહાસિક સ્થળોએ પ્રવાસ યોજી અહેવાલ લેખન તૈયાર કરાવી હસ્તલિખિત અંક પ્રગટ કરાવી શકાય.
- ભારતીય સંસ્કૃતિના સંરક્ષણના સંદર્ભમાં નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા પણ યોજી શકાય.
- લલિતકલા, શિલ્પ, સ્થાપત્યના ચિત્રો એકત્ર કરી આલ્બમ તૈયાર કરાવી શકાય. આ અંગે સ્પર્ધા પણ ગોઠવી શકાય.
- પ્રાચીન સમયની ટિકિટો, સિક્કાઓનો સંગ્રહ કરવાનો શોખ વધારવો. આ અંગે પ્રદર્શન અને સ્પર્ધા પણ ગોઠવી શકાય.
- ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં કઠપૂતળી નિદર્શન કાર્યક્રમ યોજી શકાય.
- બુલેટિન બોર્ડ પર પ્રાચીન શિલ્પ-સ્થાપત્યો, ચિત્રકલાના ચિત્રો મૂકી શકાય. આ અંગેની જવાબદારી વિદ્યાર્થીઓને સોંપી શકાય.
- ભારતના જુદાં-જુદાં રાજ્યોની રહેણી-કરણીને તાદશ કરે તેવાં લોકમેળાઓનું આયોજન કરવું. પ્રવાસ પણ ગોઠવી શકાય.
- વિવિધ શહેરો અને પ્રદેશોમાં આવેલાં મ્યુઝિયમની મુલાકાત ગોઠવી શકાય.
- ઐતિહાસિક, ભૌગોલિક અને વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત યોજી શકાય.
- આપણા દેશના સમાજ સુધારકો રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ, મહર્ષિ કર્વે, જ્યોતિબા ફૂલે, સરોજિની નાયડુના જીવન કાર્યોનો પરિચય આપી શકાય. આ અંગે પ્રદર્શન પણ ગોઠવી શકાય.
- શાળામાં વિવિધ વિચારકોના પ્રવચનો ગોઠવવાં જોઈએ.
- જુદા-જુદા પ્રદેશોના કવિઓ, સારા દેશના નેતાઓ, સંતોના વાર્તાલાપ યોજી શકાય.
- શાળામાં રાષ્ટ્રીય, ધાર્મિક તહેવારોની ઉજવણી ગોઠવી શકાય.
- મહારાજા શિવાજી, રાણા પ્રતાપ, વીર ભામાશા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વગેરેની વેશભૂષા યોજી શકાય.
- વર્તમાનપત્રો, ટેલિવિઝન, સામયિકો, ઈન્ટરનેટ, કમ્પ્યૂટર દ્વારા જુદાં-જુદાં પ્રદેશોની અદ્યતન માહિતી એકત્ર કરવાનું પ્રૉજેક્ટ કાર્ય સોંપી શકાય.

આમ, સંસ્કૃતિ પ્રેમનો વિકાસ કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં યોજી શકાય. શિક્ષક જેટલા સક્રિય હોય તેટલા પ્રમાણમાં વિદ્યાર્થીઓનો સંસ્કૃતિ તરફનો પ્રેમ વધારી શકે, વિદ્યાર્થીઓ વધુમાં વધુ ભાગીદાર બનાવીને સંસ્કૃતિ તરફનો પ્રેમ વધારીને વિકાસ થઈ શકે.

## 9.8 સારાંશ

આ એકમમાં સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ, સંકલ્પના શિક્ષણ, સંવેદનાનું શિક્ષણ, કલ્પનાનું શિક્ષણ, માનવીય સંબંધોનું શિક્ષણ, સંસ્કૃતિ પ્રેમનો વિકાસ વગેરે માહિતીનો સમાવેશ કરેલ છે.

સંસ્કૃતિ દ્વારા પ્રેમનો વિકાસ થઈ શકે છે તે અંગેની માહિતી મૂકવાનો પ્રયાસ કરેલ છે.

## 9.9 એકમ સ્વાધ્યાય

(1) સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ ટૂંકમાં જણાવો.

(2) સંકલ્પનાનું શિક્ષણ એટલે શું ?

(3) સંવેદનાનું શિક્ષણ એટલે શું ?

(4) કલ્પનાનું શિક્ષણ એટલે શું ?

(5) માનવ સંબંધોનું શિક્ષણ એટલે શું ?

(6) માનવ સંબંધોના શિક્ષણની શા માટે જરૂર છે ?

(7) શાળામાં માનવ સંબંધોના વિકાસમાં આચાર્યનો ફાળો જણાવો.

(8) શાળામાં માનવ સંબંધોના વિકાસમાં શિક્ષકની ભૂમિકા જણાવો.

(9) શાળામાં માનવ સંબંધોના વિકાસમાં શાળાકીય પ્રવૃત્તિઓ જણાવો.

(10) શાળામાં માનવ સંબંધો નિષ્ફળ જવાના કારણો જણાવો.

(11) સંસકૃતિ પ્રેમનો વિકાસ ટૂંકમાં જણાવો.

## 9.10 તમારી પ્રગતિ ચકાસો

તમારા જવાબ નીચે આપેલી જગ્યામાં લખો :

(1) સંકલ્પનાનું શિક્ષણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સંવેદનાનું શિક્ષણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) કલ્પનાનું શિક્ષણ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) માનવીય સંબંધો એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 9.12 સૂચિત વાચન સામગ્રી


(1) બારૈયા વી. વી. : 'અભ્યાસક્રમ અંતર્ગત ભાષા', પ્રતીક પ્રકાશન, અમદાવાદ.

(2) શાહ પંકજભાઈ સી. તથા અન્ય : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ, વારિષેણ પ્રકાશન, અમદાવાદ.

(3) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(4) મોદી બી. એમ. તથા અન્ય : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, વારિષેણ પ્રકાશન, અમદાવાદ.

(5) રાવલ સ્વરૂપ : નાટ્ય દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(6) બારૈયા વી. વી. તથા અન્ય : અધ્યયન અને અધ્યાપન, પ્રતીક પ્રકાશન, અમદાવાદ.

(7) બારૈયા વી. વી. : શિક્ષણમાં વર્તમાન પ્રવાહો, પ્રતીક પ્રકાશન, આણંદ.

(8) શાહ બેલા આર. : જીવન કૌશલ્યો, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

એકમ 10

# સાહિત્ય-ચારિત્ર્ય નિર્માણનો પાયો

: રૂપરેખા :


**10.1** પ્રસ્તાવના

**10.2** ચારિત્ર્યનો અર્થ

**10.3** ચારિત્ર્યની સંકલ્પના

**10.4** ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ - નિર્માણ

**10.5** ચારિત્ર્ય ઘડતર કાર્ય યોજના

**10.6** શિક્ષક એક સંયોજક રૂપે

**10.7** ચારિત્ર્ય-નિર્માણના ઉપયોગી સાધન

**10.8** આજની તાતી આવશ્યકતા-ચારિત્ર્ય ઘડતર

**10.9** ચારિત્ર્ય અંગેનો ભારતીય સંદર્ભ

**10.10** ચારિત્ર્ય નિર્માણ અંગેનું સાહિત્ય

**10.11** ચારિત્ર્ય નિર્માણનાં સામાજિક સંદર્ભો

**10.12** સાત્વિક આનંદ માટેનું સાહિત્ય

**10.13** સારાંશ

**10.14** એકમ સ્વાધ્યાય

**10.15** તમારી પ્રગતિ ચકાસો

**10.16** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**10.17** સૂચિત વાચન સામગ્રી


**ઉદ્દેશો (Objectives) :**

આ એકમનો અભ્યાસ કર્યા 5છી તમે...

(1) ચારિત્ર્યનો અર્થ સમજી શકશો.

(2) ચારિત્ર્યની સંકલ્પના સમજી શકશો.

(3) ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ સમજી શકશો.

(4) ચારિત્ર્ય ઘડતર કાર્ય યોજના સમજી શકશો.

(5) શિક્ષક એક સંયોજનરૂપે સમજી શકશે.

(6) ચારિત્ર્ય-નિર્માણના ઉપયોગી સાધન સમજી શકશો.

(7) આજની તાતી આવશ્યકતા – ચારિત્ર્યઘડતર

(8) ચારિત્ર્ય અંગેનો ભારતીય સંદર્ભ સમજી શકશે.

(9) ચારિત્ર્ય નિર્માણ અંગેનું સાહિત્ય સમજી શકશે.

(10) ચારિત્ર્ય નિર્માણ સામાજિક સંદર્ભ સમજી શકશે.

(11) સાત્વિક આનંદ માટેનું સાહિત્ય સમજી શકશે.

(12) ઉચ્ચ વૈચારિક કુશળતા માટેનું શિક્ષણ સમજી શકશો.

## 10.1 પ્રસ્તાવના

### 1. મજબૂત બંધ અને નિર્બળ મનુષ્ય : એક વિડંબના.

જો આપણે બંધોને મજબૂત બનાવીએ અને મનુષ્યોને નિર્બળ બનાવીએ તો શું એ ધનનો યોગ્ય ઉપયોગ કહેવાશે ? જો આપણે કોઈ સિદ્ધાંતને બચાવવા માટે રાષ્ટ્રને ડૂબાડી દઈએ તો વિચારો કે રાજનીતિએ મનુષ્યને કેવો બનાવી દીધો છે ? જો મનુષ્ય 'રૉબૉટ' બની જાય અને 'રૉબૉટ' પણ બુદ્ધિશાળી અને ચતુર બની જાય, તો શું એ સભ્યતાની અધોગતિ નથી ? સમૃદ્ધિને સમાજના સઘળા વર્ગોમાં ન લાવતાં, ફક્ત એક જ વર્ગ દ્વારા વિશિષ્ટ ઉપાયોથી ફક્ત એમની જ વચ્ચે લાવી દેવામાં આવે તો આપણે પ્રગતિના રૂપમાં પાગલપણા સિવાય બીજું શું મેળવ્યું ? આપણે સર્વત્ર આપણા વિષ-વમન માટે જો સંપૂર્ણ વિશ્વને સંચાર માધ્યમોથી જોડી દીધું છે, તો તેમાં અંતર ઓછું ક્યાં કર્યું ? જો આપણી બધી જ શક્તિઓ, કુશળતા, નિષ્ઠા, એકાગ્રતા, આપણાં જ બંધુઓને એમના સ્થાનેથી નીચે પછાડવાના કામમાં પ્રયોજાતી હોય તો શું એ આશ્ચર્યજનક સર્જકતા નથી ? જો આપણે ટૅક્નિકલ દૃષ્ટિએ અંતરિક્ષયાનમાં બેસીને ચંદ્રમાં સુધી પહોંચવા સક્ષમ બની ગયાં છીએ અને પૃથ્વી ઉપર એ પ્રકારનું જીવન જીવીએ છીએ તો શું આપણે વિજ્ઞાન કરતાં ચંદ્ર(મન)ના પ્રભાવથી તો એવું નથી કરી રહ્યાં ને ?

જો પ્રગતિની સાથે સાથે આપણે સ્વયં પતિત બનતા હોઈએ તો પછી આપણે કેટલા આગળ વધ્યા છીએ ?

### 2. આત્મઘાતી ચતુર મનુષ્ય

માનો કે ન માનો, પ્રકૃતિ મનુષ્યને ભોજન આપવામાં કંજૂસાઈ કરતી નથી. પણ મનુષ્ય એને અંધારા ખૂણામાં છુપાવીને અન્ય મનુષ્યોને એનાથી વંચિત કરે છે અને તે એવું શા માટે કરે છે ? એટલા માટે કે તે ધન કમાવા ઇચ્છે છે. અને એક દિવસ તે પોતાની સઘળી સંપત્તિ બેંકમાં છોડીને એક કીડાની જેમ મરી જાય છે; પણ તે માનવીય આચરણ કરતો નથી.

માનો કે ન માનો, પ્રકૃતિ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતી નથી. પરંતુ મનુષ્ય પોતે પોતાના સંતાનો તથા અન્ય લોકોન ખવડાવતાં પહેલાં ભેળસેળ કરે છે અને તે આવું શા માટે કરે છે ? કારણ કે તે માને છે કે આ જ વ્યાપાર છે.

માનો કે ન માનો, ગાય એટલી ઉદાર અને નૈતિક છે કે તે આપણને શુદ્ધ દૂધ આપે છે. પરંતુ મનુષ્ય કોઈને શુદ્ધ દૂધ પીવા દેતો નથી.

માનો કે ન માનો, ખનિજ પદાર્થો અને રસાયણો એકબીજા સાથે સાંઠગાંઠ કરીને ભયાનક વિધ્વંસકારક શસ્ત્રોનું સર્જન  કરતાં નથી, પણ મનુષ્ય કરે છે.

માનો કે ન માનો, આકાશની પાસે પોતાનો શસ્ત્રભંડાર નથી અને તેણે મનુષ્યના મસ્તક પર કદી બોંબ ફેંક્યો નથી. પણ ખૂબ બુદ્ધિમત્તા વાપરીને મનુષ્ય ત્યાં જાય છે અને પોતાના જાતભાઈઓ પર બોંબ ફેંકે છે. પછી પોતાના કૃત્યો પર ફૂલાતાં તે વિચારે છે કે તે વિજય પ્રાપ્ત કરી રહ્યો છે.

માનો કે ન માનો, પૃથ્વીએ બધા મનુષ્યો માટે પર્યાપ્ત ભૂમિ અને સંસાધન આપ્યાં છે. પરંતુ મનુષ્યે મનુષ્યને તેનાથી વંચિત કરીને તેને દરિદ્ર બનાવી દીધો છે.

મનો કે ન માનો મનુષ્ય અને પરમાત્મા અભિન્ન છે. પરંતુ માણસે પોતાને કેટલો બધો સિમિત કરી મૂક્યો છે ?

### 3. ચારિત્ર્ય – મનુષ્યની પરમ આવશ્યકતા

તો પછી આજના મનુષ્યની પરમ આવશ્યકતા શું છે ? પ્રત્યેક કાર્યમાં, પહેલાં, પછી અને મધ્યમાં મનુષ્યે એક જ સૂત્રને જાણવાની જરૂર છે, અને તે છે સાચું મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું સૂત્ર.

તે સૂત્ર શું છે ?

કન્ફ્યુશિયસના મત પ્રમાણે તે ઉદ્ધારક સૂત્ર છે – 'પોતાના ચારિત્ર્યનું નિર્માણ અને સાથે સાથે બીજાઓને પણ તે જ કરવા માટે સહાય કરવી, પોતાને માટે સફળતા મેળવવાનો પ્રયત્ન કરવો અને બીજાંઓની સફળતામાં સહાયક બનવું.''

વાસ્તવમાં આ સર્વોદયનો – બધાંની એક સાથે ઉન્નતિનો સિદ્ધાંત છે.

ભિન્ન ભિન્ન વ્યક્તિઓ, સમાજો અને રાષ્ટ્રોની જરૂરિયાતો અલગ અલગ હોય છે. એની પૂર્તિ માટે જુદા જુદા પ્રકારના ઉપાયો હાથ ધરવામાં આવે છે, જે મોટે ભાગે કોઈને કોઈ રૂપે બીજાંની ઉન્નતિમાં અવરોધરૂપ બને છે. પરંતુ સમગ્ર વ્યક્તિઓ, સમાજો તથા રાષ્ટ્રોની એક સમાન જરૂરિયાત છે અને તે છે, પર્યાપ્ત ચારિત્ર્યની.

જો પર્યાપ્ત ચારિત્ર્ય હોય તો મનુષ્ય સાચો મનુષ્ય બની શકે છે. અને એક સાચો મનુષ્ય જ પોતાની સમસ્યાઓ હલ કરી શકે છે અને બીજાઓની સમસ્યાઓના નિવારણમાં સહાય પણ કરી શકે છે.

કન્ફ્યુશિયસ કહે છે : 'જેનામાં સાચું મનુષ્યત્ત્વ નથી તે ન તો લાંબો સમય દરિદ્રતા સહજ કરી શકે કે ન તો શ્રીમંતાઈ પચાવી શકે.' 'આ વાત કેટલી સાચી છે ! જો મનુષ્યમાં પર્યાપ્ત ચારિત્ર્ય ન હોય તો દરિદ્રતા તેને પશુમાં પલટાવી દે છે અને શ્રીમંતાઈ તેને જંગલી બનાવી દે છે.

**4. જીવનયાપન માટે પર્યાપ્ત ચારિત્ર્ય અનિવાર્ય**

આપણી જીવનયાત્રા ચલાવવા માટે પર્યાપ્ત ચારિત્ર્યની આવશ્યકતા છે. નહીંતર આપણે લે ગમે તે મ ન કરીએ, આપણા જીવનના વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બધાં ક્ષેત્રે સમસ્યાઓ વધતી જ રહેશે. આથી સમસ્યાઓના સમાધાન માટે ઘણું બધું કરવું અને ચારિત્ર્ય નિર્માણ માટે કંઈ ન કરવું એ ડહાપણ ભરેલું અને બુદ્ધિયુક્ત ન કહેવાય.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણી શક્તિઓ કરતાં દુર્બળતા વધારે પ્રભાવક બનશે. આપણાં સદ્‌ભાગ્યની તુલનામાં દુર્ભાગ્ય વધારે પ્રબળ બનશે. આપણાં જીવનમાં સુખશાંતિની જગ્યાએ શોકસંતાપનો જ વધારો થશે અને આપણા ભવિષ્યની સરખામણીમાં ભૂતકાળ જ વધારે ગૌરવશાળી હશે.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણા મિત્રો કરતાં શત્રુઓ જ વધારે શક્તિશાળી હશે. શાંતિની તુલનામાં યુદ્ધોનું પ્રમાણ વધારે હશે. સંવાદિતાને બદલે હિંસા વધારે હશે. પર્યાપ્ત ચારિત્ર્યના અભાવમાં આપણી રેલગાડીઓ સમયસર નહીં ચાલે. કારખાનાંઓ પોતાની શક્તિ પ્રમાણે માલ ઉત્પન્ન નહીં કરે, ઉદ્યોગો ઠપ્પ થઈ જશે અને ખેતરોમાં ધાર્યા પ્રમાણે પાક નહીં થાય.

જો પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણાં મંદિરો વ્યાપારી કેન્દ્રો બની જશે અને શિક્ષણ સંસ્થાઓ માત્ર કારખાનાં બનીને રહી જશે. જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણે આપણને પૂર્ણ બનાવનારા કાર્યોને ટાળી દઈશું અને એવાં કાર્યો ઉત્સાહપૂર્વક કરશું, જે આપણી બરબાદી કરતાં હોય. જો પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણાં બંધો પૂરોને રોકી નહીં શકે અને આપણા પૂલો તણાઈ જશે. આપણા રાજમાર્ગો સ્થળે સ્થળે તૂટી જતાં અનેક વ્યક્તિઓનો નાશ કરશે.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણી નગરપાલિકાઓ જૂથબંધીના અડ્ડા બની જશે, સડકો પર કચરાના ઢગલા જામી જશે અને આપણાં કાર્યાલયોમાં કામચોરીનું સામ્રાજ્ય સ્થપાઈ જશે. જો પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણા નેતાઓ પોતાના નેતૃત્વને પૈસાથી ખરીદશે અને આપણા રાજકીય પક્ષોમાં ફાટફૂટ પડશે. આપણા પુરોહિત દુકાનદારો જેવા હશે અને ધંધાદારીઓ અન્યનાં ગળાં કાપવામાં આનંદ લેતા હશે.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણું જ્ઞાન કૃત્રિમ રીતે મનુષ્યની બરબાદીના

કાર્યમાં પ્રયોજાશે. નાની નાની વસ્તુઓ માટે આપણે ખૂબ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરશું અને આપણો અથાગ પ્રયત્ન બહુ જ ઓછું પરિણામ લાવશે.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણા માટે યોગ્ય રીતે વિચારવું અશક્ય બની જશે અને ખોટા વિચારોથી તોભલા ઇચ્છિત ફળ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્ય નહીં હોય તો આપણે ભૂતકાળમાં રહેશું કે ભાવિમાં; નહીં કે જીવંત વર્તમાનમાં. આપણી શક્તિઓ આત્મસુધારણા કે સામાજિક કલ્યાણના સાહસ ભરેલાં કાર્યોમાં વપરાવાને બદલે હંમેશા જગતના દોષોની ફરિયાદ કરવામાં ખૂબ નકારાત્મક રીતે ખર્ચાઈ જશે.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્યનો અભાવ હશે તો આપણા લગ્નસંબંધો રેતીની ઢીંગલી જેવા, ઘરો સાપોનાં દર જેવાં, બાળકો શિયાળ જેવાં અને માનવીય સંબંધો સ્વાર્થના દાવપેચ જેવા હશે. એના પરિણામે ઘરવિહોણા અનાથો, ગુનેગારો, ધૂતારાઓ, ઠગો, ગાંડાઓ અને અસામાજિક તત્ત્વોની સંખ્યામાં વધારો થશે.

જો આપણી પાસે પર્યાપ્ત ચારિત્ર્યનો અભાવ હશે તો આપણી દેખીતી પ્રગતિ વાસ્તવમાં અધોગતિ હશે. આપણી સમૃદ્ધિ આપણા વિનાશનું કારણ બનશે અને આપણી અત્યંત જટિલ પીડાઓ દૂર થવાનું નામ જ નહીં લે. જો આપણી પાસે સાચું ચારિત્ર્ય નહીં હોય તો સર્વત્ર અધમતાનું સામ્રાજ્ય હશે. આપણા ચહેરાઓ ચમક ગુમાવી શે. નેત્રોમાં તેજ નહીં રહે. હૃદયની આશા, મનનના વિશ્વાસની શક્તિ, આત્માનો આનંદ બધું જ ચાલ્યું જશે.

**5. ચારિત્ર્યથી બધું જ મળે**

પર્યાપ્ત ચારિત્ર્યના અભાવમાં જો ઉપરની વાતો સાચી છે તો પછી પર્યાપ્ત ચારિત્ર્ય હોય તો એનાથી ઊલટું પણ એટલું જ સાચું છે. જો પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણી શક્તિઓ આપણી નબળાઈ કરતાં વધારે હશે. આપણું સદ્‌ભાગ્ય આપણાં દુર્ભાગ્ય  કરતાં અને આપણું સુખ આપણું સુખ આપણાં દુઃખો કરતાં વધારે હશે. આપણાં વર્તમાન તથા ભવિષ્ય આપણા ભૂતકાળ કરતાં ઘણાં વધારે ગૌરવશાળી હશે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણા મિત્રો આપણા શત્રુઓ કરતાં વધારે શક્તિશાળી હશે. યુદ્ધોને સ્થાને શાંતિ હશે. હિંસાની જગ્યાએ ભાઈચારાનું પ્રભુત્વ હશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણી રેલગાડીઓ સમયસર ચાલશે. કારખાનાંઓમાં અપેક્ષાથી વધારે ઉત્પાદન થતું હશે. ઉદ્યોગ ધંધાઓ શાંતિથી ફાલશે, ફૂલશે અને ખેતરોમાં કલ્પના કરતાં પણ વધારે પાક ઊતરશે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણાંમંદિરો આપણા આત્મામાં તાજગી ભરી દેનારાં પુણ્યસ્થાનો બનશે. આપણાં વિદ્યાલયો મનુષ્ય-નિર્માણ કરનારાં તીર્થક્ષેત્રો બની જશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણા બંધો પૂરનિયંત્રણ કરવામાં સક્ષમ બનશે. આપણા પુલો કાયમી મૈત્રીના સંબંધો સ્થાપશે અને રાજમાર્ગો લક્ષ્ય તરફ લઈ જનારાં સ્થાયી સાધનો બનશે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણી નગરપાલિકાઓ એક અખંડ શરીરના રૂપે કાર્ય કરશે, આપણી સડકો સ્વચ્છ આંગણાં જેવી હશે. આપણાં કાર્યાલયો યજ્ઞશાળા જેવાં હશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણા નેતા લક્ષ્મયને માટે રામ જેવા આપણા જયેષ્ઠભ્રાતા હશે. આપણા ધર્મગુરૂઓ ઋષિઓ જેવા તથા વ્યાપારીઓ સમાજાન ટ્રસ્ટીઓના રૂપમાં આદરપાત્ર હશે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો વિદ્યાર્થીઓ રૂપે આપણે જાણી શકશું કે પોતાની શક્તિઓનું રક્ષણ કરવું, સારી રીતે અભ્યાસ કરવો અને પોતાની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરીને અસ્તિત્વના સંઘર્ષ માટે પોતાની જાતને પૂરેપૂરી સજ્જ કરી લવી એ જ વિદ્યાર્થીનું કર્તવ્ય છે. ત્યારે આપણે સહેલાઈથી જાણી શકીશું કે કઈ રીતે કેટલાક લોકો આપણા હિતોનો બલિ ચઢાવીને પોતાના અંગ સ્વાર્થ માટે આપણો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો યુવાન-યુવતીઓ શિષ્ટાચાર, મર્યાદા અને સંયમથી યુક્ત થઈને મોટાં

થતાં સુધી યુવાન બની રહેશે અને વૃદ્ધોનો વ્યવહાર આદરપાત્ર હશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણી સંસ્કૃતિ મધુર તથા પ્રકાશમાન હશે. કલા સૌંદર્યમય ઈશ્વરની અભિવ્યક્તિ હશે અને સાહિત્ય આત્મા તથા ઇન્દ્રિયાતીત તત્ત્વની અભિવ્યક્તિનો ઉત્કૃષ્ટ પ્રયાસ હશે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો સાંસારિક જીવન આપણી આધ્યાતમિકતાથી અલગ નહીં જણાય. અને આધ્યાત્મિકતા આપણા શ્વાસ-ઉચ્છ્વાસની જેમ જ સહજ બની જશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો જગતને આપણે તે જેવું છે તેવા વાસ્તવિક રૂપે જોઈશું અને ત્યારે આપણે નકારાત્મક પ્રવૃત્તિઓમાં સમય બરબાદ ન કરતાં આત્મોન્નતિ તથા અન્ય માનવબંધુઓના ઉત્થાનના સાહસિક પ્રયત્નોમાં લાગી જઈશું.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણા સમાજમાં ઝઘડા-વાદવિવાદ, આંદોલન, હિંસાની જગ્યાએ સંવાદ, શાંતિ, સદ્ભાવ અને સામંજયસ્થનું પ્રમાણ વધારે હશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણાં ઘરો આશ્રમ જેવાં, પરિવાર સંગીતની સૂરાવલિ જેવી અને આપણાં બાળકો વેદીનાં પુષ્પો જેવાં હશે.

પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણી આપત્તિઓ સમૃદ્ધિનાં બીજા-ક્ષેત્રો જેવી હશે, આપણી બાહ્ય સમૃદ્ધિ આંતરિક સમૃદ્ધિની પ્રાપ્તિના અવસર રૂપ હશે અને આપણાં દુઃખ-કષ્ટો સાચું શિક્ષણ આપનારાં વરદાનરૂપ બની જશે. પર્યાપ્ત ચારિત્ર્ય હશે તો આપણા ચહેરા પર ચમક હશે. નેત્રોમાં જ્યોતિ હશે. હૃદયમાં આશા હશે આને મન દૃઢ સંકલ્પોથી પરિપૂર્ણ હશે અને આપણો આત્મા પરમ આનંદમાં ઓતપ્રોત હશે.

## 10.2 ચારિત્ર્યનો અર્થ

કોણ એવું ન ઇચ્છે કે આવી બાબતો એમના જીવનમાં ન બને ? અને આપણે પણ જો એવું જ ઇચ્છીએ તો આપણે એક કમ કરવું પડશે અને તે છે, પોતાના ચારિત્ર્યનું ઘડતર. મનુષ્ય જ કેન્દ્રમાં છે અને લક્ષ્ય પણ તે જ છે. મનુષ્ય વિશ્વની કોઈપણ વસ્તુ કરતાં મૂલ્યવાન છે, તેની પોતાની સત્તાથી જ તેનું પુનર્નિર્માણ અને સંવર્ધન કરીને તેને મુક્ત કરવો પડશે, તેનો ઉપાય છે, ચારિત્ર્ય-નિર્માણ. પ્રશ્ન ઊઠે છે, ચારિત્ર્ય શું છે ?

મનુષ્ય ખરા અર્થમાં જે છે તે તેનું ચારિત્ર્ય છે, જેવું તેણે બનવુ જોઈએ તે તેની પ્રતિષ્ઠા છે. ચારિત્ર્ય અને પ્રતિષ્ઠાનું એકરૂપ બની જવું એ જીવનની આદર્શ સ્થિતિ છે. ગ્રીક ભાષામાં ચારિત્ર્યના પર્યાય શબ્દનો અર્થ છે – 'જગતમાં પોતાના અસ્તિત્વની છાપ અંકિત કરી જવી.' ચારિત્ર્યથી જ ઇતિહાસનું સર્જન થાય છે.

ચારિત્ર્ય એટલે એવા ગુણો અને વિશિષ્ટતાઓ કે જે કોઈ વ્યક્તિ કે વસ્તુને બીજાથી અલગ કરે છે, કોઈ વ્યક્તિ કે રાષ્ટ્રના વિશિષ્ટ માનસિક-નૈતિક ગુણોનો સમન્વય, અથવા તો કોઈ વ્યક્તિ કે અસ્તિત્વ પર પ્રકૃતિ, શિક્ષણ કે રીતભાતો દ્વારા અંતિક થતી વ્યક્તિત્વની છાપને ચારિત્ર્ય કહી શકાય.

સ્વામી વિવેકાનંદ કહે છે, 'સંકલ્પશક્તિની દૃઢતા ને ચારિત્ર્ય – આની તમને ખાસ જરૂર છે. તમારી સંકલ્પશક્તિને હંમેશાં યોગ્ય રીતે વ્યવહારમાં પ્રયોજતા રહોતો એ તમને ધીમે ધીમે ઊંચી ભૂતિકાએ લઈ જશે. સંકલ્પશક્તિ અત્યંત સમર્થ બળ છે. મુશ્કેલીઓની વજ્ર જેવી દીવાલોને આ ચારિત્ર્યબળ જ ભેદી શકે છે.'

અને તેઓ ચારિત્ર્યની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે :

'માણસના માનસિક વલણો ને રુચિઓનો સરવાળો તેનું નામ જ ચારિત્ર્ય. આપણે આજે જે છીએ તે આપણે સેવેલા વિચારનાં પરિણામરૂપે છીએ. વિચારો જ જીવે છે; બહુ દૂર દૂર સુધી ફેલાઈ શકે છે. અને તેથી જ તમે જે કાંઈ મનમાં વિચારો તેના પર ખાસ લક્ષ આપજો. આપણે જે કાંઈ કાર્ય કરીએ, શરીરનું હલનચલન કરીએ કે જે કાંઈ વિચારીએ એ બધાંની આપણાં મન ઉપર છાપ અંકાઈ જાય છે. આપણી અત્યારની સ્થિતિ ઘડનારા આવા સંસ્કારો જ છે. પ્રત્યેક માણસનું ચારિત્ર્ય આવા સંસ્કારોના સરવાળામાંથી જ ઘડાતું હોય છે. જો શુભ સંસ્કારો વધારે પ્રમાણમાં હશે તો ચારિત્ર્ય પણ સારું હશે, જો ખરાબ સંસ્કારો વધારે પ્રમાણમાં હશે તો ચારિત્ર્ય પણ ખરાબ હશે.''

ચારિત્ર્ય કોઈપણ વ્યક્તિના હૃદય તથા મસ્તકના એ ગુણોનો સરવાળો છે કે જેની રચનાત્મક સહાયથી તે જીવનનાં તત્ત્વો અને શક્તિઓ પર પ્રભુત્વ મેળવી લે છે અને એ રીતે ધીમે ધીમે આત્મિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરીને બીજાને પણ તે મદદરૂપ નીવડે છે.

ચારિત્ર્યવાન મનુષ્ય જો પ્રગતિ તરફ આગળ વધે છે, તો ચારિત્ર્યહીન મનુષ્ય અધોગતિ તરફ નીચે ઊતરે છે. ચારિત્ર્યવાન વ્યક્તિ જો ઇતિહાસનું સર્જન કરે છે, તો ચારિત્ર્યહીન મનુષ્ય ઇતિહાસનો માર ખાય છે. ચારિત્ર્યવાન વ્યક્તિ આશા, સાંત્વના, ભલાઈ, શાંતિ અને પ્રેરણા રૂપ બની શકે છે. જ્યારે ચારિત્ર્યહીન વ્યક્તિ સમાજમાં મુશ્કેલીઓ, સંઘર્ષો, ચિંતા અને દુઃખ ઉત્પન્ન કરે છે.

જીવન માટે ચારિત્ર્ય એટલું બધું મહત્ત્વનું છે કે એના વગરનું જીવન એ મૃત્યુથી પણ બદતર છે. એવગું કદાચ શક્ય બને કે આપણે જગતને એટલા બધા ખાદ્યપદાર્થોથી ભરી દઈએ કે લોકો પછી તે લેવાની ના પાડી દે, પરિવાર નિયોજનમાં કદાચ આપણે એટલા સફળ બની જઈએ કે જગતમાં બધા પુખ્ત મનુષ્યો જ ફરતાં દેખાય. એવું પણ કદાચ બની શકે તે લોકોને જોઈએ તેટલી લઈ જવા માટે રસ્તાની બંને બાજુએ સોનાની ઇંટોના ઢગલા કર્યા હોય અને કોઈ ન લઈ જાય. આપણે જગતમાં ઔદ્યોગિકરણ એટલું બધું વિસ્તારી દઈએ કે ધૂમાડાથી ભરેલા ધૂમ્મસથી આપણો શ્વાસ રૂંધાવા લાગે અને કદાચ એમ પણ શક્ય બને કે આપણા દ્વારા સ્થપાયેલી વિશ્વ સરકાર નિર્વિઘ્ને ચાલતી રહે, તો પણ એકે વસ્તુ વગર કોઈ ચોક્કસપણે નહીં બતાવી શકે કે આપણાં જીવનની નવી અને જુદાં જુદા પ્રકારની ગૂંચવાડા ભરેલી સમસ્યાઓનું નિવારણ કેવી રીતે કરવું ? અને તે વસ્તુ છે, ચારિત્ર્ય.

ચારિત્ર્યમાં જ જીવનના પ્રત્યેક કોયડાના ઉકેલની ચાવી છૂપાયેલી છે. તેનામાં પ્રત્યેક કૂચક્રને તોડવાની ક્ષમતા છે. એવું કોઈપણ રહસ્ય નથી કે જેનું ઉદ્‌ઘાટન ચારિત્ર્ય ન કરી શકે. એવો કોઈપણ ઘાવ નથી કે જેને તે ન ભરી શકે. એવી કોઈપણ ઇચ્છા નથી કે જેની એ પૂર્તિ ન કરી શકે અને એવુ કોઈપણ નુકસાન નથી કે જેને તે ભરપાઈ ન કરી શકે. આથી જીવનના સમગ્ર રચનાત્મક પ્રયત્નોમાં સહુથી વધારે મહત્ત્વનું તો એ જાણવાનું છે કે આપણે કઈ રીતે આપણાં ચારિત્ર્યનું ઘડતર કરી શકીએ. અને આપણા સંપર્કમાં આવનારા અન્ય લોકોનાં ચારિત્ર્યનિર્માણમાં સહાય કરી શકીએ.

ભારતીય મનોવિજ્ઞાન અનુસાર બાળકનું ચારિત્ર્ય તેની ગર્ભાવસ્થામાં જ ઘડાવા લાગે છે. માતાપિતાના વિચાર કેટલેક અંશે આકારવિહોણા શિશુમાં અંકિત થઈ જાય છે. પ્રાચીન સ્મૃતિકાર મનુના મત પ્રમાણે માનવનો ઉછેર કરનારાં સામાજિક સમૂહોમાં કુટુંબ સહુથી મહત્ત્વપૂર્ણ છે. લગ્નથી એક કુટુંબ સર્જાય છે અને બાળક માતાપિતાની પ્રત્યક્ષ એકતા અને તેના અસ્તિત્વની પ્રાપ્ય સ્થિતિનું પ્રતીક બની જાય છે.

માતાપિતા અને બાળક આ ત્રણ મળીને બનતાં કુટુંબરૂપી પાયાનું સામાજિક એકમ જ બાળકના ચારિત્ર્ય નિર્માણની પ્રથમ શાળા છે. જાણતાં કે અજાણતાં, માતાપિતા પોતાના વિચારો અને કાર્યોથી બાળકનું ચારિત્ર્ય ઘડે છે. પ્રારંભમાં બાળક -- તેમના સારા-નરસાં બધા આચરણો ગ્રહણ કરતું હોય છે. ત્યારે -- કે પ્રતિકાર કરવાની શક્તિ હોતી નથી. મોટાં થતાં બાળક કે -- દાખવશે એનો આધાર મોટેભાગે એના કુટુંબ પર હોય છે.

જ્યારે બાળક જાગૃત5ણે અવલોકન કરવાની ક્ષમતા ધરાવતું થાય છે. ત્યારે, તે પોતાના માતાપિતાને જોઈને તેનું અનુકરણ કરતાં પોતાના ચારિત્ર્યનું ઘડતર કરવાનું શરૂ કરી દે છે. આથી જો તેને જોવા, સાંભળવા કે અનુકરણ કરવા માટે સારી, ઉમદા અને મૂલ્યાવાન વસ્તુઓ મળે તો આપણે સ્પષ્ટપણે કહી શકશું કે આ બાળક યોગ્ય સમયે ઉત્તમ ચારિત્ર્ય ધારણ કરશે. પરંતુ નાનપણમાં જો એથી ઊલટી પરિસ્થિતિ હશે તો તેનું ચારિત્ર્ય પણ તેવું જ બનશે. માતાપિતા તેનાં ઊછરતાં બાળકોને કેવો માનસિક આહાર આપે છે, તેના ઉપર મોટેભાગે ચારિત્ર્ય-નિર્માણનો આધાર રહેલો છે. વળી કુટુંબમાં બાળકના ચારિત્ર્યને ઘડવામાં માતાનો પ્રભાવ અગણિત છે. તેથી જ તો મનુ કહે છે :

उपाध्यायान्दशाचार्य आचार्याणां शतं पिता ।

सहस्त्रं तु पितृन्माता गौरवेरातिरिच्ते ॥

એક સામાન્ય શિક્ષક કરતાં વેદના આચાર્ય દશ ગણા વધારે, આચાર્ય કરતા પિતા સો ગણા વધારે, પૂજનીય છે, પણ પિતાથી પણ હજાર ગણી વધારે માતા પૂજનીય છે.''

એક રીતે જોતાં એ સાચું છે કે તમે તમારાં બાળકોને જેવાં ઇચ્છો છો, અથવા તે માટે જેવો પ્રયાસ કરો છો, તેનાથી વધારે સારાં તો બનાવી શકતાં નથી. પરંતુ તેનાથી ઊતરતાં જરૂર બનાવી શકો છો. મોટેભાગે સંતજનો મહાન ચારિત્ર્યવાળાં સ્ત્રી પુરુષોને ત્યાં જ જન્મ લેતા હોય છે. ચારિત્ર્ય-નિર્માણ માટે આપણે બાળકો પર જેટલું વહેલું ધ્યાન આપીએ તેટલું વધારે સારું છે. આ ધ્યાન આપવાનું બાળકના જન્મ પહેલાં પણ બની શકે છે. શરત એટલી કે માતા-પિતાનું મન શુદ્ધ અને વિચાર ઉમદા હોવા જોઈએ.

જેઓ જીવનભર અવિરત પોતાના ચારિત્ર્યનું ઘડતર કરી રહ્યાં હોય ફક્ત એવાં જ માતાપિતા સાચી રીતે પોતાનાં બાળકોના ચારિત્ર્યનું ઘડતર કરી શકે.

બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં માતાપિતા પછી શિક્ષકોનો પ્રભાવ પણ મહત્ત્વનો છે. જો માતાપિતા અને શિક્ષકો ઉમદા ચારિત્ર્યવાળાં હશે, તેમના આશ્રયે રહેનારાંઓ પણ ચોક્કસપણે એ જ છાપ ગ્રહણ કરશે. એટલા માટે પ્રાચીનકાળમાં શિક્ષણની જવાબદારી આદર્શ ચારિત્ર્યવાળા ઋષિઓ ઉપર હતી. અને તેમની પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરવું એ વરદાન સમાન હતું.

જો માતાપિતા અને શિક્ષકોમાં ચારિત્ર્યનો અભાવ હશે તો તેમના આશ્રયે રહેનારાં બાળકો પણ તેવાં બનવાની શક્યતા છે, પણ જે બાળકો ચારિત્ર્યવાન માતાપિતા દ્વારા ઉછેરી ચારિત્ર્યહીન શીક્ષકોના હાથમાં પડે છે અથવા તો એથી ઊલટું બને તો એમના વ્યક્તિત્વમાં આ બંને અસરોનું દ્વન્દ્વ જોવા મળશે.

માતાપિતા તથા શિક્ષકો દ્વારા અજાણતાં જ પરંતુ નિશ્ચિતપણે પડનારી આ સારી-નરસી અસરો સિવાય બાળકો પર સામાજિક વાતાવરણની પણ ઘણી પ્રબળ અસર હોયછે. ચારિત્ર્ય ઘડતર દ્વારા અસરોને ફક્ત ઘરોની અંદર જ રચનાત્મક માર્ગે વાળી શકાય.

માણસના ચારિત્ર્યનો વિચાર કરો ત્યારે એમ માલૂમ પડે છે કે એ ખરેખર વલણનો સમૂહ છે. મોજ મજા અને દુ:ખ બંને આત્મા પાસેથી પસાર થાય ત્યારે એના પર વિવિધ ચિત્રોની છાયા મૂકતાં જાય છે, અને આ સર્વ સંમિશ્રિત અસરોનું પરિણામ એ જ ચારિત્ર્ય.

**ચારિત્ર્યનો વિકાસ કેવી રીતે કરવો ?**

એક કહેવત છે, વિચાર વાવો અને કાર્ય લણો, કાર્ય વાવો અને ટેવ લણો. ટેવ વાવો અને ચારિત્ર્ય લણો. સ્વામી વિવેકાનંદના મત પ્રમાણે ચારિત્ર્ય એટલે બીજું કંઈ નહીં પરંતુ વારંવાર કાર્યમાં પરિણમતી ટેવોનો સમૂહ. તે સંસ્કારો અને ભૂતકાળના પ્રભાવોમાંથી આવે છે. કોઈપણ વ્યક્તિના સંસ્કારના વિકાસમાં ચાર પરિબળો મુખ્ય ભાગ ભજવે છે. તેમાં પ્રથમ છે, પૂર્વજન્મમાંથી મળેલા સંસ્કારો, બીજું પરિબળ છે, વ્યક્તિના જીન અને માતાપિતાએ આપેલા સંસ્કારો. ત્રીજું છે, સમાજમાંથી મળતા સંસ્કારો – વ્યક્તિના આસપાસના વાતાવરણમાંથી મળેલા સંસકારો. અને ચોથું, ઘણું જ મહત્ત્વનું જે પરિબળ છે, તે છે શિક્ષક. અને આ પરિબળો ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવતું હોવાથી જ શિક્ષકોને પરિવર્તનના જ્યોર્તિધર ગણવામાં આવે છે.

જેવી રીતે મજબૂત ઇમારત માટે સુદૃઢ પાયાની જરૂર છે, એ જ રીતે રાષ્ટ્રના નિર્માણ માટે ચારિત્ર્ય નિર્માણના સુદૃઢ પાયાની જરૂર છે. નાગરિકોના ચારિત્ર્ય નિર્માણ દ્વારા જ રાષ્ટ્રનું પરિવર્તન લાવી શકાશે. ચારિત્ર્ય ઘડતરનો પાયો નાની વયે જ નખાવો જોઈએ. જ્યારે વ્યક્તિ વિદ્યાર્થી અવસ્થામાં હોય ત્યારે ચારિત્ર્યનું ઘડતર કરવું ઘણું જ સરળ બને છે. વ્યક્તિના ચારિત્ર્યનું ઘડતર કરવા માટેું સહુથી મહત્ત્વનું પરિબળ શિક્ષક જ છે. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, આપણા આદરણીય રાષ્ટ્રપતિજી એમના પુસ્તક .... માં લખે છે : 'જો તમે કોઈપણ શાળામાં શિક્ષક હો તો તમારે ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. કારણ કે બીજા કોઈ પણ કરતાં તમે ભવિષ્યની પેઢીને સહુથી વધારે અસરકારક ઘાટ આપી શકો છો. આ જ છે, શિક્ષકનું પથદર્શક તરીકનું મહત્ત્વનું કાર્ય. જો તમારે સ્થૂલ સ્તરે

પરિવર્તન કરવું જોઈએ. આથી જો રાષ્ટ્રને બચાવવું હોય તો રાષ્ટ્રના નાગરિકોના ચારિત્ર્યનો વિકાસ કરવો જ જોઈએ, નહિતર રાષ્ટ્ર સમૃદ્ધ બનશે નહીં. સુપ્રિમ કોર્ટ પાસે એક કેસ આવ્યો હતો. તેમાં સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ શ્રી હંસારિયાએ બીએસઈની વિરુદ્ધમાં ન્યાય આપતાં જણાવ્યું કે સંસ્કૃત વિષય ગૌણ વિષય તરીકે ચાલુ રહેવો જોઈએ તેને અભ્યાસક્રમમાંથી તદ્દન રદબાતલ ન કરી શકાય કેમ કે તે તો ભારતીય સંસ્રુકતિનો મૂળભૂત પાયો છે. રાષ્ટ્રની સંસ્કૃતીના રક્ષણ માટે એ કેટલું બધું જરૂરી છે, એ સમજાવવા માટે તેમણે એક ઉદાહરણ આપ્યું. જર્મની અને ગ્રેટ બ્રિટન વચ્ચે યુદ્ધ થયું. કૅમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર પોતાના અભ્યાસ-ખંડમાં વાંચવામાં મશગૂલ હતા. ત્યારે તેમના અભ્યાસ ખંડમાં એક સૈનિકે આવીને આક્રોશ ભર્યા અવાજે કહ્યું; 'અમે સૈનિકો તો રાષ્ટ્ર માટે લડી રહ્યા છીએ, ત્યારે તમે અહીં બેઠા બેઠા કંઈ જ કરતા નથી ?' પ્રોફેસરે તેને વળતો પ્રશ્ન કર્યો, 'રાષ્ટ્રનું રક્ષણ એટલે શું ? તું શું માને છે ?'

તેના જવાબમાં સૈનિકે કહ્યું : 'રાષ્ટ્રની ભૌગોલિક સીમાનું રક્ષણ કરવું.' પ્રોફેસરે ફરી પૂછ્યું : 'બસ એટલું જ ?' ત્યારે સૈનિક વિચારમાં પડી ગયો અને બોલ્યો : 'એનો અર્થ એ પણ છે કે રાષ્ટ્રના લોકોનું અને સંસ્કૃતિનું પણ રક્ષણ કરવું.' ત્યારે પ્રોફેસરે કહ્યું : 'તો પછી હું રાષ્ટ્રની સંસ્કૃતિનું રક્ષણ કરી રહ્યો છું.' આ સાંભળીને પછી સૈનિકે પ્રોફેસરને આદરપૂર્વક સલામ કરીને પછી ચાલ્યો હતો.

## 10.3 ચારિત્ર્યની સંકલ્પના

સદ્‌વિચારો અને સત્કર્મોની એકરૂપતાને જ ચારિત્ર્ય કહેવામાં આવે છે. જેઓ પોતાની ઈચ્છાઓને કાબૂમાં રાખે છે અને તેને સત્કર્મોનું રૂપ આપે છે, તેમને જ ચારિત્ર્યવાન કહી શકાય. સંયમિત ઈચ્છાશક્તિથી પ્રેરિત સદાચારનું જ નામ ચારિત્ર્ય છે.

એક વિચારકે કહ્યું છે – 'જો ધન ગયું તો કંઈ નથી ગયું, જો સ્વાસ્થ્ય ગયું તો કંઈક ગયું, પણ જો ચારિત્ર્ય ગયું તો બધું જ ગયું.' સમગ્ર માનવ જીવનનો કંઈક સાર હોય તો તે છે – મનુષ્યનું ચારિત્ર્ય.

સ્વેટ માર્ટને લખ્યું છે – "સંસારમાં એવી વ્યક્તિઓની જરૂર છે, જે ધન માટે પોતાની જાતને વેચતા નથી, જેમના રોમેરોમમાં ઈમાનદારી સમાયેલી છે, જેમની અંદર સત્યનો દીપક પ્રકાશિત છે, જેમનો અંતરાત્મા દિશાદર્શક યંત્રની સોયની જેમ એક ઉજ્જવળ નક્ષત્ર તરફ જોયા કરે છે, જે સત્યને પ્રગટ કરવા માટે ક્રૂર રાક્ષસનો સામનો કરતાં પણ ડરતા નથી, જેઓ મુશ્કેલ કામોને જોઈને ડગી જતા નથી. જેઓ પોતાના નામનો ઢંઢેરો પીટ્યા વગર જ સાહસપૂર્વક કામ કરતા જાય છે, તેઓ જ મારી દૃષ્ટિએ ચારિત્ર્યવાન માણસો છે."

ઉપર્યુક્ત લોકોક્તિનો અર્થ એ જ છે કે ધન-દોલત, સ્વાસ્થ્ય વગેરે તો ફરીથી પાછું મેળવી શકાય છે, પરંતુ ગુમાવેલું ચારિત્ર્ય કોઈ પણ કિંમતે પાછું મેળવી શકાતું નથી. ઉત્કૃષ્ટ ચારિત્ર્ય જ માનવ જીવનની કસોટી છે. આમ તો ધન, વિદ્યા, કળા, શક્તિ વગેરેનું પણ મનુષ્યના જીવનમાં પોતાનું સ્થાન છે, મહત્ત્વ છે, પરંતુ જો ધર્મબુદ્ધિ દ્વારા, ચારિત્ર્ય દ્વારા તેનું નિયંત્રણ ન થાય તો આ બધું ઊલટાનું મનુષ્ય અને સમાજ માટે અહિતકારી નીવડે છે. માણસ ભલે ગરીબ હોય, વધુ વિદ્વાન, શક્તિશાળી કે પ્રતિભાશાળી ન હોય, તો પણ જીવનની ઉપયોગિતા અને મહત્તામાં કોઈ ઊણપ આવતી નથી. તેનાથી ઊલટું વ્યક્તિ આ બધાથી સંપન્ન હોય, પરંતુ ચારિત્ર્યવાન ન હોય તો તે સૌથી વધુ દીન-હીન તથા મલીન છે. તેનાથી નથી પોતાનું ભલુ થતું નથી સમાજનું થતું. ઉત્તમ વિચારોવાળી વ્યક્તિ સમાજ માટે એક મોટી સંપત્તિ છે. વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં પ્રતિભા કરતાં પણ ચારિત્ર્યનું સ્થાન ઉચ્ચ છે. સ્માઈલ્સે લખ્યું છે – 'ચારિત્ર્ય એક સંપત્તિ છે, બીજી બધી સંપત્તિઓ કરતાં પણ મહાન, બીજી સંપત્તિઓ અસ્થાયી છે, જ્યારે ચારિત્ર્યની સંપત્તિ એ માનવ જીવનનો સ્થાયી નિધિ છે.'

જીવનની કાયમી સફળતાનો આધાર મનુષ્યનું ચારિત્ર્ય જ છે. આ આધાર વગર ગમે તે રીતે સફળતા મેળવી લેવામાં આવે તો તે વધુ સમય ટકમતી નથી. વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્રની કાયમી સમૃદ્ધિ અને વિકાસ આપણા ચારિત્રિક સ્તર પર જ આધારિત છે. ચારિત્રિક એક દૃઢ ચટ્ટાન સમાન

છે, જેના પર ઊભેલી વ્યક્તિ અજેય અને મહાન હોય છે. લોકમાન્ય તિલકે કહ્યું છે. "સંસારમાં સચ્ચરિત્ર વ્યક્તિ જ ઉન્નતિ પ્રાપ્ત કરે છે."

સંપૂર્ણ જીવન કાર્ય, વ્યવહાર, વિચાર, મનોભાવોની નિર્મળતાથી જ ઊંચું ઊઠે છે. શુદ્ધિથી જ ચારિત્ર્યનું ઘડતર થાય છે. સેવા, પરોપકાર, ઉદારતા, ત્યાગ, શિષ્ટાચાર, સદ્‌વ્યવહાર વગેરે ચારિત્ર્યનાં બાહ્ય અંગો છે, જ્યારે સદ્‌ભાવ, ઉત્કૃષ્ટ ચિંતન, નિયમિત-વ્યવસ્થિત જીવન, શાંત-ગંભીર મનોભૂમિ વગેરે ચારિત્ર્યનાં પરોક્ષ અંગો છે. તમારા વિચારો, ઇચ્છાઓ, આકાંક્ષાઓ આચરણ વગેરે જેવું હશે, તેને અનુરૂપ તમારા ચારિત્ર્યનું ઘડતર થાય છે અને જેવું ચારિત્ર્ય હોય તેવી જ તમારી દુનિયા બને છે. તમારું જીવન, તમારો સંસાર એ તમારા જ ચારિત્ર્યની ભેટ છે.

ચારિત્ર્યહીન વ્યકતિ પાસે જો ધન હશે, તો તે તેને ભોગવિલાસ અને બીજી દુષ્પ્રવૃત્તિઓમાં ઝડપથી વેડફી નાખશે. આવી વ્યક્તિ જો વિદ્વાન હશે, તો તે પોતાની પ્રતિભા-બુદ્ધિનો અનેક ષડયંત્ર, છળ-કપટ, દગાખોરી વગેરેમાં ઉપયોગ કરશે. શક્તિશાળી હશે તો અત્યાચાર કરશે. ચારિત્ર્યહીન વ્યક્તિના હાથમાં રહેલું ધન, વિદ્વત્તા તથા શક્તિ સમાજ માટે ઘાતક છે. ચારિત્ર્યવાન વ્યક્તિ જ આ વિભૂતિઓનો સદુપયોગ કરીને પોતાનું કે બીજાનું ભલું કરી શકે છે.

ઉત્તમ ચારિત્ર્ય જીવનને સાચી દિશામાં પ્રેરિત કરે છે, જ્યારે ચારિત્ર્યહીનતા પણ ભ્રષ્ટ કરીને ગમે ત્યાં વિનાશની ખાઈમાં ધકેલી શકે છે. ભૌતિકવાદની આંધળી દોડમાં આજે જીવનના મૂલ્યાંકનના સ્તરો વ્યાપકપણે બદલાતા જઈ રહ્યા છે એ ખેદજનક છે. સમાજમાં જેઓ ધનવાન, સંપત્તિવાન, વિદ્વાન, પ્રતિભાશાળી અને ઊંચા સ્થાને બિરાજતા હોય, તેમને જ લોકો પ્રતિષ્ઠા અને મહત્ત્વ આપે છે. આ બધાની વચ્ચે આપણે ચારિત્ર્યને ભૂલતા જઈ રહ્યા છીએ. આ જ કારણે ચારિત્ર્યનું મૂલ્ય ઘટતું જઈ રહ્યું છે. આપણે ધનવાનોની હા-એ-હા કરીએ છીએ. નેતાઓના મોઢાં સામે તાકી રહીએ છીએ. પંડિતોની વાહ વાહ કરીએ છીએ, પરંતુ ચારિત્ર્યવાન સદાચારી વ્યક્તિને કોઈ મહત્ત્વ આપતા નથી. આ બહુ મોટી સામાજિક વિકૃતિ છે. આનાથી લોકોમાં ચારિત્ર્યથી વિમુખ થઈને બાહ્ય સફળતાઓ પ્રાપ્ત કરવા માટેની પ્રવૃત્તિ પેદા થાય છે.

આજના યુગમાં આપણી સંપત્તિ, વિદ્વત્તા, શિક્ષણ ખૂબ વધી ગયો છે. કહેવાતું ભોગવિલાસપૂર્ણ જીવનધોરણ પણ વધ્યું છે, પરંતુ તેના પ્રમાણમાં આપણું ચારિત્ર્ય દિવસે દિવસે પતિત થતું જાય છે. ચારિત્ર્યવાન વયક્તિઓ ખૂબ જ ઓછી જોવા મળે છે. વધી રહેલો ભ્રષ્ટાચાર, બેઈમાની, દગાખોરી, ભેદભાવ, ઈર્ષ્યા-દ્વેષ વગેરે બદીઓ આપણા ચારિત્ર્યને ભૂલીને ઉપર્યુક્ત ભૌતિક સંપદાઓના સંગ્રહ માટેની આપણી આંધળી દોટનું જ પરિણામ છે. જ્યાં સુધી આપણે ચારિત્ર્ય પ્રત્યે સભાન નહિ બનીએ તથા ચારિત્ર્યને જ સર્વોપરિ નહિ માનીએ, ત્યાં સુધી આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનની વિષમતાઓ દૂર થમે નહિ કે આપણી સમસ્યાઓનું સમાધાન થશે નહિ.

ચારિત્ર્ય એ માનવજીવનનો પાયો છે. જો પાયો જ ખોખલો અને નબળો હશે, તો જીવનરૂપી આ મંદિર અડગપણે ઊભું રહી શકશે નહિ. આમ તો આ દુનિયામાં જીવવા ખાતર તો ઘણાબધા દુરાચારી લોકો પણ જીવે છે, પરંતુ તેમનું જીવન એ જીવન માની ન શકાય. જેમના વિશે લોકોની ખરાબ ધારણા ન હોય, જેમની હાજરીથી લોકો દૂર ન ભાગતા હોય, જેમના પર લોકોને વિશ્વાસ હોય અને જેઓ પોતે પણ નિર્ભીક, નિષ્કલંક અને સન્માનપૂર્વક જીવતા હોય, એમનું જ જીવન વાસ્તવમાં જીવન છે. જેમનું ચારિત્ર્ય પતિત હોય, જેઓ સમાજમાં વિશ્વાસપાત્ર ન હોય, તેમને ડગલે ને પગલે અસહકાર તથા અસહાનુભૂતિનો તાપ સહન કરવો જ પડશે.

સચ્ચરિત્ર વ્યક્તિ પોતાના વ્યવહારથી સમાજમાં બધાને ઝડપથી અને સહજપણે પ્રભાવિત કરી લે છે. આ જ કારણે બધા લોકો તેનું સન્માન તો કરે છે, સાથેસાથે તેની વાત પર વિશ્વાસ પણ મૂકે છે. તેના દરેક ક્રિયાકલાપને ખૂબ ધ્યાનથી જુએ છે તથા અનુભવ કરે છે. તેનો પ્રભાવ ગ્રહણ કરીને પોતે જાણે-અજાણે તેના અનુકરણનો પ્રયાસ પણ કરતા રહે છે. ખરાબમાં ખરાબ માણસ પણ, ભલે ઉપરથી માનતો કે કહેતો ન હોય, પરંતુ મનમાં ને મનમાં ચારિત્ર્યવાન વ્યક્તિ તરફ આદરનો ભાવ

રાખે છે. તેનાથી ડરે પણ છે. આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે. આ રીતે સચ્ચરિત્રતા અને સત્યનો જાદુ સૌને હંમેશાં પ્રભાવિત કરતો રહે છે, એમ કહી શકાય.

જે દેશોમાં સ્ત્રી-પુરુષ વચ્ચે ચારિત્ર્યની મર્યાદાઓ નિર્ધારિત નથી, ત્યાં મોટા પાયે સામાજિક પતન થયેલું જોવા મળે છે. પશ્ચિમના દેશો આ કુટિલ માનસિકતા અને સામાજિકતાથી ગ્રસ્ત હોવાના કારણે તેમનું શ્રેય ગુમાવી ચૂક્યા છે. પાશ્ચાત્ય સિદ્ધાંતો પર આધારિત આ ધૃણિત દુષ્પ્રવૃત્તિના કારણે ભારતીય સંસ્કૃતિ અને સમાજ પણ ઓછો અસ્તવ્યસ્ત નહી થયો. આ ઝેરીલી કામુક્તાની દુર્ભાગ્યપૂર્ણ સ્વચ્છંદતાએ આજે સમગ્ર સામાજિક માળખાને ખોખલું કરી નાંખ્યું છે.

જીવન અને સમાજ વ્યક્તિઓના સમૂહથી જ બને છે. તેને સંચાલિત કરનાર હોય છે વ્યક્તિ અને વ્યક્તિઓનો વ્યવહાર. જે સમાજના મોટા ભાગના લોકો ચારિત્ર્યશીલ અને નૈતિક દૃષ્ટિએ ઉત્તમ, પરિપુષ્ટ તથા ઉન્નત હોય, તે સમાજ જાતે જ સચ્ચરિત્રતાનાં ઊંચાં મૂલ્યોને સ્થાપિત કરનાર તથા તેનું માન-સન્માન જાળવનાર હોય છે. જ્યારે સમાજનું જીવન સચ્ચરિત્ર તથા ઊંચા મૂલ્યોવાળું બની જાય છે, ત્યારે દેશ અને રાષ્ટ્ર પણ સ્વતઃ એવું જ બનીને સંસાર સમક્ષ એક આદર્શ સ્થાપિત કરે છે.

પ્રાચીનકાળમાં આપણું ભારત વિશ્વગુરુ હોવાનું કહેવડાવવાનું ગૌરવ મેળવી શક્યું હતું. તેનું કારણ પણ તેની સચ્ચરિત્રતા અને મહાન માનવીય નૈતિક મૂલ્યોનું રક્ષણ કરી શકવાનું સામર્થ્ય જ હતું. હકીકત તો એ છે કે ચારિત્રિક હ્રાસ જ ક્રમશઃ આપણા દેશનું પતન અને પરાધીનતાનું કારણ બન્યો. ત્યારબાદ આપણે સમજીને જ્યારે દેશે નૈતિક મૂલ્યો અને ચારિત્ર્ય-રક્ષણનો પ્રયત્ન શરૂ કર્યો, તો તેને એવી શક્તિ પ્રાપ્ત થઈ શકી, જેના આધારે ફરી એક વાર દેશને સ્વતંત્ર કરાવી શકાયો.

ચારિત્ર્ય-નિર્માણમાં સાહિત્યનું ખૂબ મહત્ત્વ છે. મહાપુરુષોની જીવનગાથાઓ વાંચવાથી પોતાને પણ એવા બનવાની ઇચ્છા થાય છે. વિચારોની દઢતા તથા શક્તિ પ્રદાન કરનાર આવું સાહિત્ય આત્મનિર્માણમાં બહુ યોગદાન આપે છે. તેનાથી આંતરિક વિશેષતાઓ જાગૃત થાય છે. સારાં પુસ્તકોમાંથી મળતી પ્રેરણા એક સાચા મિત્રનું કામ કરે છે. તેનાથી જીવનની સાચી દિશાનું જ્ઞાન થાય છે. તેનાથી ઊલટું અશ્લીલ સાહિત્ય અધઃપતનનું કારણ બને છે.

ચારિત્ર્ય-રક્ષા કોઈ પણ ભોગે કરવામાં આવવી જોઈએ. આથી નાનાં નાનાં કાર્યોની પણ ઉપેક્ષા કરવી બરાબર નથી. આપણી વેશભૂષા, ખાનપાન, ઊઠવું-બેસવું વાતચીતની રીત, મનોરંજનનો સમય વગેરેમાં મર્યાદાઓનું પાલન થવું જોઈએ. પોશાક તથા આહારની સાદગી અને સરળતાથી વિચારો પણ તેવા જ બને છે. માદક અને ઉત્તેજક પદાર્થોથી ચારિત્ર્ય નબળું પડે છે અને પશુ-વૃત્તિ જાગૃત થાય છે.

ચારિત્ર્ય મનુષ્યની સૌથી મોટી શક્તિ તથા સંપત્તિ છે. સંસારની અનંત સંપદાઓના માલિક હોવા છતાં પણ જો કોઈ ચારિત્ર્યહીન હોય તો તે દરેક રીતે વિપન્ન જ માનવામાં આવશે, પરંતુ ખેદ સાથે એ સ્વીકારવું પડે છે કે આજકાલ લોકોના ચારિત્રિક પતનનો એક નવો દોર શરૂ થયો છે, જે ક્યાંય થોભવાનું નામ લેતો નથી. આજે સમૂળગી વ્યવસ્થા એટલી હદે ભ્રષ્ટ થઈ ચૂકી છે કે કોઈ વ્યક્તિ માટે સચ્ચરિત્ર તથા બધા પ્રકારનાં નૈતિક મૂલ્યોથી સંપન્ન બનવાનું ઇચ્છવા છતાં પણ શક્ય રહ્યું નથી. આ જ કારણે આજે ચારેબાજુ મૂલ્યહીનતા તથા આચારવિચારની ભ્રષ્ટતાનું રાજ્ય ચાલી રહ્યું છે. ક્યાંય તેનો અંત દેખાતો નથી. રી એક ફરી એક વાર સહજ માનવીય ભાવનાઓ, મૂલ્યો અને ચારિત્ર્યને જગાવીને જ આજના અરાજક્તાપૂર્ણ વાતાવરણમાંથી છૂટકારો મેળવી શકાય છે. હવે આ જવાબદારી યુવાવર્ગ પર આવી પડી છે કે દેશનું ચારિત્ર્ય ઊંચું ઉઠાવવા માટે સ્વયં પોતાનું ચારિત્ર્ય ઉજ્જવળ બનાવે તથા બીજાઓના ચારિત્ર્યનું રક્ષણ કરે.

લોકનેતૃત્વ કરવાની તથા સમાજની દીશા બદલવાની શક્તિ માત્ર ચારિત્ર્યથી જ પ્રાપ્ત થઈ શકે છે. ચારિત્ર્યબળ એ સંસારમાં સૌથી શ્રેષ્ઠ બળ અને બધી જ સંપત્તિઓમાં મૂલ્યવાન સંપત્તિ છે. આ નશ્વરબ માનવ-જીવનમાં ચારિત્ર્ય જ એક અમર ઉપલબ્ધિ છે. તે મનુષ્યને નરમાંથી નારાયણ બનાવી દે છે.

## 10.4 ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ - નિર્માણ

**ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ :**

બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે આવા પ્રયાસો પ્રભાવક બની રહે છે :

પોતાના વ્યક્તિત્વના આધ્યાત્મિક વિકાસ માટે બાળકોમાં જાગૃતિ લાવવી અને નૈતિક સદાચાર તેમજ આધ્યાત્મિક મૂલ્યોના અભ્યાસથી એમની અનુભૂતિ કરવા એમને પ્રેરવાં જોઈએ.

પોતાની શારીરિક અને માનસિક શક્તિઓની જાળવણી કરવી અને તેનું ઊર્ધ્વીકરણ કરવું એ અત્યંતમહત્ત્વની આવશ્યકબતા છે, એ વાત બાળકોના મનમાં ભરી દેવી. એનાથી બાળકો ક્રિયાશીલતાવાળું ચારિત્ર્ય અને વ્યક્તિત્વ વિકસાવશે અને એ એમને જીવનના વિવિધ પડકારોને હિંમતથી અને બુદ્ધિપૂર્વક ઝીલવા માટે શક્તિમાન બનાવશે.

"એમને આપણા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની કદરદાની કરવા માટે કેળવો. એથી તેઓ એમાં વૃદ્ધિ કરશે અને આ બધુ સમૃદ્ધ વારસી ભાવિ પેઢીને હસ્તાંતરિત કરશે.

નવાં સાંસ્કારિક અને પ્રૌદ્યોગિકીનાં મૂલ્યોને આપણાં પરંપરાગત મૂલ્યો સાથે પૂરેપૂરો તાલમેલ કરવામાં તેઓને સહાય કરો. એનાથી એ બાળકો આધુનિક સમાજે આગળ ધરેલાં પ્રલોભનો અને સત્તાનો સફળતાપૂર્વક સામનો કરી શકે.

સામાજિક સદ્‌ગુણો અને કૃતજ્ઞતાના ભાવને એમનામાં રેડો કે જે તેઓને પોતાના દેશબંધુઓ સાથે સક્રિય સહકાર અને સંવાદીભાવથી રહેવા શક્તિમાન બનાવશે.

બાળકોને પોતાની સામાજિક જવાબદારીઓ અને કર્તવ્યનિષ્ઠા પ્રત્યે જાગૃત કરો. અને એ રીતે તેઓને પોતાનાં વ્યક્તિગત સફળતા અને ગૌરવ કે મહત્તાનાં સ્વપ્નોને એક રાષ્ટ્રિય અભિગમ આપો.

એમને એટલી ખાતરી કરાવો કે જીવનની સફળતા ધન, સામાજિક સત્તા, શક્તિ કે પ્રતિષ્ઠાથી મપાતી નથી; પરંતુ-1, ભીતરની શાંતિ અને સુખ; 2. તંદુરસ્તીભર્યા પરસ્પરના વ્યક્તિગત સંબંધો; 3. સમાજે એને જે કંઈ આપ્યું છે એના કરતાં વધારે સમાજને આપવાની શક્તિ; 4. કોઈ પણ માનવ કેટલે અંશે બીજાના જીવનને સહાય અને સવેદના પાઠવી શકે છે — એનાથી મપાય છે.

**(1) ચારિત્ર્ય ઘડતરના બે અભિગમો :**

આ ચારિત્ર્ય ઘડતરના બે અભિગમો છે. પુસ્તકના ક્ષેત્રની બહાર રહીને પહેલા અભિગમમાં વિદ્યાર્થીઓને અધ્યાત્મકેન્દ્રી ઔપચારિક શિક્ષણ આપવામાં આવે છે. બીજા અને સૌથી વધારે અગત્યના અભિગમમાં વ્યક્તિગત આચરણોથી વિદ્યાર્થીઓને પ્રેરવામાં આવે છે.

**(2) રામાયણ અને મહાભારત શાશ્વત પ્રેરણાના સ્રોત છે :**

આપણા પ્રાચીન ઋષિઓ પ્રેરણાની શક્તિથી પૂરેપુરા જ્ઞાત હતા. તેઓ બરાબર જાણતા હતા કે વ્યક્તિગત કે સામૂહિક રીતે લોકોનાં વર્તન-વર્તણૂકને સૌથી વધારે અસરકારક ઘાટ આપવા વ્યક્તિગત સદાચરણનાં ઉદાહરણો અત્યંત પ્રેરક છે. લોકોને ઉચ્ચતર તત્ત્વમાં પ્રવૃત્ત કરવાની પ્રેરણા આપવાની ઈચ્છાથી આદિકવિ મહર્ષિ વાલ્મીકિએ દેવર્ષિ નારદને પૂછયું :

'હે મહર્ષિ, આ ધરતીમાં પ્રશંસનીય ગુણવાળા, પરાક્રમશીલ, ધર્મના રહસ્યને જાણનાર, કૃતજ્ઞ, સત્યવક્તા, આપત્તિમાં પણ ગ્રહણ કરેલ નિયમને ન ત્યજનાર, ઉત્તમ ચારિત્ર્યવાળા, સર્વપ્રાણીઓનું હિત કરનાર, આત્મ-અનાત્મ પદાર્થને જાણનાર, વસ્તુ પ્રાપ્તિ માટે સમર્થ, સ્વરૂપવાન, પોતાના અંતઃકરણને વશ કરનાર, ક્રોધજિત, તેજસ્વી, ઈર્ષ્યા રહિત અને યુદ્ધના સમયે એને કોપેલો જોઈને દેવો પણ ભય પામે એવો પુરુષ આ સમયમાં કોણ છે ?' (વાલ્મીકિ રામાયણ 1.1.2-1.1.4)

પછી દેવર્ષિ નારદે અયોધ્યાના રાજા રામચંદ્રનું ચારિત્ર્ય વર્ણવ્યું. વાલ્મીકિએ રામાયણની અથવા 'રામનો પથ' ની રચના કરી અને એક આદર્શની સ્થાપના કરી. એમાં એમણે રામને શાશ્વતના માટે સમગ્ર વિશ્વ દ્વારા એક પૂર્ણ આદર્શ મર્યાદા પુરુષોત્તમ રૂપે મૂક્યા. રામાયણની ઉચ્ચ ભૂમિકાએ લઈ

જનારી શક્તિ એટલી બધી તો પ્રબળ રહી છે કે ભગવાન શ્રીરામચંદ્ર, શ્રીમા સીતા, ભ્રાતા લક્ષ્મણ, સેવક અને સંનિષ્ઠ ભક્ત હનુમાનજીએ અનેક સદીઓથી લાખો લાખો લોકોને ગુણસત્ત્વવાળું જીવન જીવવા પ્રેર્યા છે. મહાભારતમાં ભીષ્મ પિતામહની ભીષ્મ પ્રતિજ્ઞા તેમજ મહારાજ યુધિષ્ઠિરની સત્યનિષ્ઠા, કર્મની અનન્ય મૈત્રી, ભીમની શારીરિક શક્તિ, યુવાન અભિમન્યુનું વીર પરાક્રમ, આ બધાં પ્રેરણાનાં શાશ્વત સ્રોત છે. આ બે મહાકાવ્યો થોડાં વર્ષો પહેલાં જ્યારે ટેલિવિઝન પર સિરિયલ રૂપે આવ્યાં ત્યારે તેની ફરી એકવાર લોકોને પ્રેરવાની શક્તિ પુરવાર થઈ. આ બંને સિરિયલે રાષ્ટ્રના સમગ્ર પ્રજાજનોનું ધ્યાન આકર્ષ્યું હતું અને એમાંના કેટલાક નહિવત્ જાણીતા કલાકારોએ રાષ્ટ્રના જાહેર જીવનમાં, અરે ! સંસદમાં પણ પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું હતું.

**(3) તમારાં પુત્ર-પુત્રી અને વિદ્યાર્થીને કોણે પ્રેરવાં જોઈએ ?**

હવે પ્રશ્ન એ આવીને ઊભો રહે છે કે તમારાં ઊછરતાં પુત્રપુત્રી કે વિદ્યાર્થીઓ માટે કોણ સૌથી વધુ પ્રેરણાદાયી આદર્શ બની શકે ? એમના હૃદયનાં ઊંડાણને સ્પર્શીને સદાચારના પથે ચાલીને સફળતા અને આનંદ શોધવા એમને કોણ પ્રેરી શકે ?

**(4) સત્યકામે પોતાની માતાની સંનિષ્ઠાની શક્તિથી સર્વોચ્ચ સત્યની અનુભૂતિ કરી :**

જ્યારે સત્યકામને માટે ગુરુકુળમાં જોડાવાનો સમય થયો ત્યારે પોતાનું કુળ કે ગોત્ર જાણવા તે પોતાની માતા પાસે ગયો. એ ઉપનિષદ કાળનો સમય હતો કે જ્યારે કોઈપણ વ્યક્તિ પોતાની આનુવંશિક્તાથી ઓળખાતો હતો.

તેણે પોતાની માતાને પૂછ્યું : 'મા, હું ગુરુના આશ્રમમાં બ્રહ્મચારી વિદ્યાર્થી તરીકે રહેવા ઈચ્છું છું. હું કયા વંશનો કે ગોત્રનો છું, એ મને કહેશો ?'

સત્યકામનાં માતા પરણેલાં ન હતાં અને પ્રાચીન ભારતમાં અપરણિત નારીના સંતાનને જ્ઞાતિ બહાર કરાતું. સમાજ એને માન્યતા ન આપતો અને એને વેદોનો અભ્યાસ કરવાનો પણ અધિકાર ન હતો. તેની માતાએ શાંતિથી જવાબ આપ્યો : 'બેટા, તું કયા ગોત્રનો છો એ હું જાણતી નથી. જ્યારે હું મારી ફરજો નિભાવતી હતી અને સેવા કરતી હતી ત્યારે મારી યુવાનીમાં મારી કૂખે તારો જન્મ થયો છે. તેથી તું કયા ગોત્રનો કે કુળનો છો એ વિશે હું કંઈ જાણતી નથી. પરંતુ મારું નામ જાબાલા છે અને તારું નામ સત્યકામ છે. એટલે તું તારી જાતને સત્યકામ જાબાલ કહેજે.'

સત્યકામ તો મહર્ષિ હરિદ્રુમત ગૌતમ પાસે ગયો અને પોતાને વિદ્યાર્થી રૂપે સ્વીકારવા વિનંતી કરી. ઋષિએ તેને તેના પિતાનું નામ પૂછ્યું. પોતાની માતાની પૂર્ણ સત્યનિષ્ઠા અને વાસ્તવિક્તાના સ્વીકારથી પ્રેરાઈને સત્યકામે પોતાની માતા પાસેથી જે સાંભળ્યું હતું તેનો નિર્ભયતાપૂર્વક પુનરુચ્ચાર કર્યો. યુવાન છોકરાની પ્રામાણિક સંનિષ્ઠાને ઓળખીને ગુરુએ તેને પોતાના વિદ્યાર્થી તરીકે સ્વીકાર્યો. અસુખ ઊભું કરતા નગ્ન સત્યના પાલન માટેનો સત્યકામનો અદમ્ય જુસ્સો તેને સર્વોચ્ચ આધ્યાત્મિક સત્યની અનુભૂતિ સુધી દોરી ગયો. તે ઉપનિષદ કાળના મહાન ઋષિઓમાંના એક ઋષિ બન્યો.

**(5) શેખ અબ્દુલ કાદીરની માતાએ તેને પરમ સત્યનિષ્ઠ બનાવી દીધો :**

હજારો વર્ષો 5હેલાં જ્ઞાનની શોધમાં અબ્દુલ કાદીરને મક્કા જવાની પ્રેરણા થઈ. આ દિવ્ય આહ્‌વાનને જાણીને તેની માતાએ તેને હજારો માઈલની લાંબી યાત્રાએ જવા દીધો. માતાએ અબ્દુલ કાદીરને ચાલીસ સોનાની દીનાર આપી હતી અને એ એને વારસામાં મળી હતી. પોતાના ડગલાના અંદરના ભાગમાં એણે આ ચાલીસ સોનાની દીનાર બરાબર સીવી લીધી. જ્યારે અબ્દુલ ઉપડ્યો ત્યારે એની માતાએ કહ્યું : 'અરે, દીકરા ! તું જાય છે ! મારા કયામતના દિવસ સુધી હું તારું મોં ફરીથી નહિ જોઈ શકતું એ જાણીને હું તને ખુદાને ખાતર મારાથી અલગ કરું છું. જતાં પહેલાં મારી આ શિખામણ ધ્યાનમાં રાખજે. બેટા, તારા જીવના જોખમે પણ હંમેશા સત્યનું આચરણ કરજે, સત્ય જ બોલજે અને સત્યનો જ ઉપદેશ આપજે.'

નાનકડા કાફલા સાથે અબ્દુલ કાદીર તો બગદાદ જવા માટે ઉપડ્યો. રસ્તામાં લૂંટારાઓની ટોળીએ આ કાફલા પર હુમલો કર્યો અને તેઓ તો વેપારીઓને લૂંટવા માંડ્યા. પણ એમાંથી કોઈનુંયે

ધ્યાન અબ્દુલ કાદીર તરફ ન ગયું. અંતે એક લૂંટારાએ ઉદ્ધતાઈથી અબ્દુલ કાદીરને પૂછ્યું : 'એ છોકરા, તારી પાસે કંઈ છે ખરું ?' અબ્દુલે જવાબ આપ્યો : 'હા, મારી પાસે સોનાની ચાલીસ દીનાર છે. અને મારી માતાએ મારા ડગલાની અંદરના ભાગની કિનારમાં સમાય જાય તેમ ચાલીસ દિનાર સીવી દીધી છે.' આમ દેખાવે કંગાળ દેખાતા આ છોકરાના આ જવાબથી પેલા લૂંટારાને તો રમૂજ થઈ. આમ છતાં પણ ત્યાંથી નીકળતાં પહેલાં પેલા લૂંટારાએ સરદારને છોકરાની ચાલીસ દીનારની વાત કરી. જ્યારે સરદારે અબ્દુલને એ વિશે પૂછ્યું ત્યારે પેલા છોકરાએ એ જ સત્યનો પુનરુચ્ચાર કર્યો. સરદારે કોટને ફાડ્યો અને સોનાના સિક્કાની ભાળ મળી.

અબ્દુલના પુનરુચ્ચારથી આશ્ચર્યચકિત થઈને સરદારે એને પૂછ્યું : 'અરે, તારી પાસે આ દીનાર હોવાની વાત તેં અમને કેમ કરી ?' અબ્દુલે જવાબ આપ્યો : 'જુઓ, મારી માતાએ મને હંમેશાં જિંદગીના જોખમે પણ સત્યનિષ્ઠ બનવાનું કહ્યું છે. અને ભાઈ, અહીં તો માત્ર ચાલીસ દીનારની વાત હતી. મેં આ સત્યનિષ્ઠાનું તેને વચન આપેલું અને હું એના મારા પરના વિશ્વાસને કદી જૂઠો પડવા નહિ દઉં. એટલે જ મેં સાચી વાત કહી દીધી.' અબ્દુલ કાદીરના સત્યનિષ્ઠાના અદ્ભુત ચારિત્ર્યબળનો પ્રભાવ લૂંટારાઓ પર એટલો બધો પડ્યો કે તે તેમના અંતરને સ્પર્શી ગયો. તેમણે બધાએ તરત જ પોતાનાં આ કુકર્મો છોડી દીધાં અને અબ્દુલને અનુસરવાનો નિર્ણય કર્યો. આ નાના અબ્દુલ કાદીરને સત્યને પથે વાળનાર હતા એનાં માતા. પાછળથી આ અબ્દુલ સંત શેખ અબ્દુલ કાદીર અલગિલાનીના નામે જાણીતા બન્યા.

**(6) સ્વામી વિવેકાનંદની આધ્યાત્મિક યાત્રા પોતાની માતા ભુવનેશ્વરી દેવીના ખોળામાંથી જ આરંભાઈ હતી :**

સ્વામી વિવેકાનંદ માતા ભુવનેશ્વરી દેવીનો જન્મ 1841માં થયો હતો. 10 વર્ષની ઉંમરે એમનાં લગ્ન થયાં અઅને એક આદર્શ ગૃહિણી બન્યાં. પોતાના દરરોજના ઘરના કામકાજમાંથી સમય કાઢીને તેઓ સીવણકામ કરતાં, ગીતભજન, સંગીત માટે સમય કાઢતાં અને દરરોજ રામાયણ, મહાભારતનું વાચન પણ કરતાં. દરરોજ બપોર પછી પોતાના ઘરનાં બધાં કામકાજ પતાવીને આ મોટા સંયુક્ત કુટુંબની સ્ત્રીઓ એકઠી મળતી અને ભુવનેશ્વરી દેવી તેમને રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો જેવાં મહાકાવ્યો વાંચી સંભળાવતાં. ભુવનેશ્વરી દેવી ધર્મનિષ્ઠાવાળાં હતાં અને દરરોજ ભગવાન શિવની પૂજા કરતાં. તેઓ મિતભાષી હતાં અને ધાર્મિક નાટકોમાં સાંભળેલ ભગવાન શ્રીકૃષ્ણનાં ગીતો મધુર કંઠે અવારનવાર ગાતાં.

ભાવિ સ્વામી વિવેકાનંદ, નરેન્દ્રનાથ આ ઉમદા માતાના પુત્રરૂપે જન્મ લેવા સદ્ભાગી બન્યા હતા. પોતાની માતાના ખોળામાં બેસીને માતાના મુખેથી રામ અને સીતાની વાતો અવારનવાર એમણે સાંભળી હતી. તેમણે રામના જેવો સંઘર્ષપથ અપનાવ્યો અને પોતાના વ્યક્તિગત પુરુષાર્થ અને સાહસથી તેમણે વિજય પણ મેળવ્યો. તેઓ પોતાનાં માતા અને ઘરના બીજા વડીલોને પૂજા કરતાં અને ધ્યાન ધરતાં જોતા. એમને તરત જ મનમાં થતું કે તેમણે પણ આવી રીતે રામનાં પૂજાધ્યાન કરવાં જોઈએ.

એક દિવસ નરેન્દ્રનાથ અને એક બ્રાહ્મણના હરિ નામના છોકરાએ સીતા અને રામની માટીની મૂર્તિ ખરીદી. જ્યારે ઘરમાં આજુબાજુમાં કોઈ ન હતું ત્યારે તેઓ સીડી ચઢીને ઘરની નાગરીઓનાં નિવાસસ્થાનની ઉપર આવેલા એક ઓરડામાં ગયા. ચૂપચાપ બારણાં બંધ કરીને તેમણે મૂર્તિને સ્થાપી અને પછી ઊંડા ધ્યાનમાં બેસી ગયા.

આ જ નરેન્દ્રનાથ એક આધ્યાત્મિક વિભૂતિ, ધ્યાનનિષ્ઠ સંન્યાસી, એ યુગની મહાન વ્યક્તિ, પોતાના પ્રભાવથી સમગ્ર જગતને હચમચાવી મૂકનાર મહાન વિભૂતિ બને એમાં કંઈ આશ્ચર્યની વાત ખરી ? તેમણે નવીન વ્યવસ્થાની આધારશિલા રચી અને આપણા રાષ્ટ્રિય જીવનને એક અત્યંત શક્તિશાળી ગતિ પણ આપી.

ઉમદા ચારિત્ર્યશીલ અને નિઃસ્વાર્થ માતા સિવાય કોઈ વધારે આદર્શ બની શકે ખરું ?

**(7) શ્રીરામકૃષ્ણની વિલક્ષણ સત્યનિષ્ઠા પિતા પાસેથી વારસારૂપે મળી હતી :**

અત્યારે સમગ્ર વિશ્વમાં લાખો લોકો જેને પૂજે છે એવા શ્રીરામકૃષ્ણદેવ બધા સદ્‌ગુણોના આદર્શરૂપ છે. બીજી બધી બાબતો કરતાં એમણે આ સત્યનિષ્ઠાના સદ્‌ગુણને સૌથી વધારે મહત્ત્વનો ગણ્યો હતો. ખરેખર એમનો સત્ય પ્રત્યેનો આગ્રહ વિલક્ષણ હતો. અને શા માટે એમ હોય ? શું તેઓ ખુદીરામ ચટ્ટોપાધ્યાયના પુત્ર ન હતા !

19મી સદીની પ્રથમ પચ્ચીસીમાં શ્રીખુદીરામ ચટ્ટોપાધ્યાય નામના એક પવિત્ર બ્રાહ્મણ બંગાળના દેરેપુર ગામમાં રહેતા હતા. તેમણે એક મહત્ત્વનો નિર્ણય લીધો. એમના આ નિર્ણય અને પસંદગીએ પોતાનાં પત્ની, ત્રણ સંતાનો અને પોતાના બે ભાઈઓનાં કુટુંબોનું ભવિષ્ય બદલી નાખ્યું. દેરેપુરનો જમીનદાર રામાનંદ રાય પોતાની દુર્વૃત્તિઓથી સર્વત્ર ભય ફેલાવતો. તેણે દેરેપુરનાએક નિવાસીની વિરુદ્ધમાં એક ખોટો કોર્ટ કેસ કર્યો. આ કોર્ટકેસમાં જીતવા માટે એને વિશ્વાસુ સાક્ષીની જરૂર હતી. આખા ગામમાં ખુદીરામને તેમની પ્રામાણિક્તા અને પ્રભુભક્તિભાવ માટે લોકો માન-આદર કરતા. એટલે રામાનંદ રાયે ખુદીરામને કોર્ટમાં ખોટી સાક્ષી આપવા માટે કહ્યું.

આ દુષ્ટ જમીનદારને ના પાડવાના પરિણામથી ખુદીરામ પૂરેપૂરા માહિતગાર હતા. આ જ રામાનંદે આવા ખોટા કોર્ટકેસ કરીને, અયોગ્ય વ્યવહારથી, કેટલાકની સંપત્તિ હડપી લીધી હતી. આ બાજુ સત્યનિષ્ઠ ખુદીરામ માટે સત્યના પથેથી અવળો પગ મૂકવો એ વિચારી ન શકાય તેવું કાર્ય હતું. એમણે આ રીતે ખોટી જુબાની આપવા ના પાડી. સત્યપાલન કરવા માટે એમણે પોતાનું સર્વ કંઈ હોડમાં મૂકી દીધું. ત્યાર પછી તરત જ પેલા દુષ્ટ જમીનદારે ખુદીરામ વિરુદ્ધ એક કોર્ટકેસ કર્યો. ખોટો સાક્ષી ઊભો કરીને તે કોર્ટમાં કેસ જીતી પણ ગયો. હરાજીમાં એણે ખુદીરામની બધી મિલકત હડપી લીધી અને કુટુંબને ગામની બહાર કાઢી મૂક્યું. ગામમાં ખુદીરામને રહેવાની જગ્યા ન હતી. ફક્ત પોતાના કુળદેવતાને લઈને ખુદીરામે દેરેપુર છોડયું. પણ દૈવે એમને સહાય કરી. એમના મિત્ર શ્રીસુખલાલ ગોસ્વામીએ એમને કામારપુકુરમાં આશરો આપ્યો. આ જ કામારપુકુરમાં યુગાવતાર શ્રીરામકૃષ્ણના પિતા બનીને ખુદીરામ સદ્‌ભાગી બન્યા.

**(8) શ્રીમા શારદાદેવી દુઃખી જનો પ્રત્યે હૃદયની સંવેદનાના બોધપાઠ પિતાજી પાસેથી શીખ્યાં હતાં :**

1864માં બંગાળમાં પડેલા ભીષણ દુષ્કાળે લોકોને બેહાલ બનાવી દીધા. હજારો લોકો ભૂખના દુઃખથી કંપતા હતા. જયરામવાટી નામના નાનકડા ગામડાના શ્રીરામચંદ્ર મુખોપાધ્યાયથી લોકોનું આ મહાન દુઃખ અને ભૂખની પીડા જોવાયાં નહિ. તેમનામાં દુઃખીઓનાં દુઃખને દૂર કરવાની ઘણી ભાવના હતી. પોતાના નાનકડા ઘરે હોલો ગગડાવતા હોય ત્યારે ધોમ ધખતા તાપમાં રસ્તે ચાલ્યા જતા સવા અજાણ્યા વ્યક્તિને પણ તેઓ હોકો પીવા બોલાવતા ! આ ભીષણ દુષ્કાળમાં પીડાતા લોકોને દુઃખમાંથી ઉગારવાની તમન્ના તેમના મનમાં જાગી.

તેઓ કંઈ તવંગર ન હતા. આમ છતાં પણ એમણે ગયા વર્ષનું અનાજ સંઘરી રાખ્યું હતું. ભૂખે મરતા લોકોમાં આ અનાજને વહેંચવાની એમના મનમાં પ્રબળ ઇચ્છા જાગી. પણ એમના મનમાં આ એક ચિંતા પણ હતી કે જો આવતા વર્ષેય દુકાળ પડે તો આવડા મોટા સંયુક્ત કુટુંબનું ભરણપોષણ કરવું કેવી રીતે ? એમણે પોતાના મનની આ શંકાકુશંકાઓને એકબાજુ ધકેલીને પોતાના અનાજનો ભંડાર લોકો માટે ખુલ્લો મૂક્યો અને સામાન્ય જનો માટે રાહત રસોડું શરૂ કર્યું. મસૂરની દાળ મિશ્રિત કરીને ખીચડી રાંધવાનું શરૂ કર્યું.

રામચંદ્રે પોતાનાં કુટુંબીજનોને કહ્યું : 'ઘરનાં બધાંએ આ ખીચડી ખાવી અને જે કોઈ આવે એને ખવડાવવી.' લોકો તો મોટી સંખ્યામાં આવવા માંડ્યા. કોઈક કોઈક દિવસે તો રાંધેલું અનાજ ખૂટી જવાથી બીજી વખત પણ રાંધવું પડતું. ક્યારેક તો ભૂખના દુઃખથી પીડાતા લોકો એ ગરમાગરમ ખીચડી ઠરે એ પહેલાં જ મોઢામાં મૂકી દેતા. એને લીધે એમનાં ગળાં દાઝી જતાં. લોકોની આ પીડા જોઈને રામચંદ્ર મુખોપાધ્યાયની નાની દીકરી શારદા આ ભૂખ્યા લોકોની પાસે બેસતી અને બે હાથ આનંદપૂર્વક વીંઝણાથી પવન નાખીને ગરમાગરમ ખીચડીને ઠંડી કરતી.

આવી રીતે નાનકડી સારદા પોતાના પિતાની ભૂખ્યા-દુઃખ્યા લોકો પ્રત્યેની પ્રબળ સહાનુભૂતિના પ્રેરણાભર્યા વાતાવરણમાં ઊછરવા લાગી. પાછળથી શ્રીરામકૃષ્ણદેવની દિવ્યલીલાના સહચરી રૂપે તેઓ ખરેખર મા અન્નપૂર્ણા બની ગયાં અને ભક્તોના ભોજન માટે ખૂબ કાળજી રાખતાં. શ્રીરામકૃષ્ણના સંખ્યાસી શિષ્યોના ભોજન અને રહેઠાણ માટેના મઠની એમની અશ્રુભીની પ્રાર્થનાએ શ્રીરામકૃષ્ણ સંઘને જન્મ આપ્યો.

પોતાના પિતાના યશોજ્જવળ ચારિત્ર્યબળ સિવાય વધુ પ્રેરક બળ ઊછરતાં બાળકો માટે બીજું કંઈ હોઈ શકે ખરું ?

**(9) નરેન્દ્રની કૉલેજના પ્રાચાર્યે તેને પોતાની શંકાના સમાધાન માટે શ્રીરામકૃષ્ણને મળવા સૂચન કર્યું :**

1881માં જનરલ એસેમ્બ્લીઝ ઇન્ટિટ્યુશનના પ્રાચાર્ય વિલિયમ હેસ્ટી એફ. એ.ના બીજા વર્ષના વિદ્યાર્થીઓને અંગ્રેજી સાહિત્ય શીખવતા હતા. તેઓ વિલિયમ વર્ડ્ઝ્વર્થનું કાવ્ય 'એક્સકર્સન' વિદ્યાર્થીઓને સમજાવતા હતા. એ કાવ્યમાં સમાધિભાવનો ઉલ્લેખ આવે છે. પરંતુ વિદ્યાર્થીઓ આ સમાધિભાવને સમજી ન શક્યા. પછી તેમણઊ એ વિશેના અનુભવની સમજણ આપીને કહ્યું : 'મેં એક જ એવી વ્યક્તિને જોઈ છે કે જેમણે મનના આ દિવ્ય આનંદના ભાવને અનુભવવ્યો છે અને તે છે દક્ષિણેશ્વરના શ્રીરામકૃષ્ણ પરમહંસ. તમે ત્યાં જાઓ અને તમે તમારી આંખે નીહાળો તો તમે એ ભાવાવસ્થાનને સમજી શકો.' (લાઈફ ઑફ સ્વામી વિવેકાનંદ, 1.48) સંસ્થાનવાદી (Colonial) ભારતમાંના એક અંગ્રેજે એક ભારતીયના આધ્યાત્મિક અનુભવોને ઓળખ્યા અને ખુલ્લા મનથી પ્રશંસા કરી !

સમય જતાં આ જ સામાન્ય શબ્દોએ ભારત અને વિશ્વના ઇતિહાસને બદલી નાખ્યો. આ મહા પરિવર્તનનું નિમિત્ત બન્યો નરેન્દ્રનાથ દત્ત નામનો વિલિયમ હેસ્ટીના વર્ગનો એક વિદ્યાર્થી. થોડા દિવસો પછી પોતાના મિત્રો સાથે નરેન્દ્રનાથે દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણની મુલાકાત લીધી. આ એમના જીવનના પરિવર્તનની મહાપળ હતી. તેઓ શ્રીરામકૃષ્ણના શિષ્ય બન્યા. આ દિવ્ય આધ્યાત્મિક ગુરુની નિશ્રા હેઠળ થોડાં જ વર્ષોમાં તેઓ સ્વામી વિવેકાનંદના નામે અને સ્વદેશભક્ત સંન્યાસીના રૂપે પરિવર્તિત થયા. આપણી આઝાદીની ચળવળના સમયે કેટલાય સ્વાતંત્ર્ય વીરોનું તેઓ પ્રેરણાસ્રોત બની રહ્યા. અને આજે પણ તેઓ સમગ્ર વિશ્વમાં લાખો અધ્યામત્મ પિપાસુઓને અક્ષરદેહે પ્રેરી રહ્યા છે.

**(10) ડૉક્ટર અબ્દુલ કલામના વ્યાવસાયિક જીવનનું ઉડ્ડયન તેમના ધો.8ના એક શિક્ષક દ્વારા ઘડાયું હતું :**

શ્રી શિવસુબ્રમણ્ય ઐયર પચાસેક વર્ષ પહેલાં ધો.8ના વિદ્યાર્થીઓને દક્ષિણભારતના એક ગામમાં શીખવતા હતા. આજે આ શિક્ષકનું નામ સમગ્ર દેશમાં સુપ્રસિદ્ધ બની ગયું છે, કારણ કે તેમણે પોતાના વિદ્યાર્થીઓને અવિરત પ્રેરણા આપી છે. આ શિક્ષક પક્ષીઓના ઉડ્ડયન વિશે શીખવતા હતા. વિદ્યાર્થીઓ એ કંઈ સમજી ન શક્યા તેથી તે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને એ જ સાંજે રામેશ્વરમ્‌ના દરિયા કિનારે લઈ ગયા. તેમણે ત્યાં પરીક્ષઓને ઊડતાં બતાવ્યાં અને ઉડ્ડયનના સિદ્ધાંતો વિશે પૂરતી સમજણ આપી. આનાથી તેમણે પોતાના વિદ્યાર્થીઓમાંના એક અવુલ પકીર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ – ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામના મનમાં ચમકારો કરી દીધો. પોતાના શિક્ષક પાસેથી ડૉ. કલામે પ્રેરણા તો મેળવી. હવે ઉડ્ડયન વિજ્ઞાનમાં રસરુચિ કેળવવા તેમજ એમાં તલ્લીન થવા શું કરવું તે વાત પોતાના શિક્ષક પાસેથી જાણવા ઇચ્છતા હતા. શિક્ષકે કાર્યયોજના તૈયાર કરી દીધી. ડૉ. કલામ એ શિક્ષક વિશે કહે છે :

'મારા શિક્ષકે અને વાસ્તવિક રીતે મારા જીવનને ધ્યેય અને મિશન આપ્યાં...મારા એ શિક્ષકના એ કાર્યે પક્ષીઓના ઉડ્ડયનનો પાઠ એક જીવંત ઉદાહરણ બતાવીને શીખવવાના કાર્યે મારા જીવનમાં પરિવર્તનની પળ લાવી દીધી. આને લીધે હું મારી કારકિર્દીને આકાર આપી શક્યો.'

શ્રી શિવ સુબ્રહ્મણ્ય ઐયરની આ પ્રેરણા આપવાની શક્તિએ રાષ્ટ્રને એક રોકેટ અવકાશયાનનો નિષ્ણાત વૈજ્ઞાનિક આપ્યો. કાર્યનિષ્ઠાની પૂર્ણતાના આ માનવ ભારતના રાષ્ટ્રપતિ પણ બન્યા.

સમાજમાં એવી કોઈ વ્યક્તિ છે કે જે એક શિક્ષકની જેમ મનોજાગૃતિનો આદર્શ બની શકે ?

**(11) તમે માતાપિતા કે શિક્ષક તરીકે અનિવાર્ય આદર્શ છો :**

તમારાં ઊગતાં પુત્રપુત્રી કે વિદ્યાર્થી માટે પ્રેરણાદાયી આદર્શરૂપે કર્તવ્ય નિભાવનારા એક માત્રા વ્યક્તિ તમે જ છો. તમે એક માતા કે પિતા તેમજ શિક્ષક રૂપે ઉપર્યુક્ત કાર્ય માટે આદર્શરૂપ છો. તમારાં બાળકો કે વિદ્યાર્થીઓના સતત અને સૌથી વધારે પ્રભાવક સાથીદાર તમે જ છો. એટલે જ તમારાં રીતભાવ, ટેવો, મિજાજ, વૃત્તિવલણ, વગેરેન પોતાના જીવનમાં પ્રતિબિંબિત કરીને એ બાળક કે વિદ્યાર્થી મૂલ્યો દૃઢ કરે છે. જાણ્યે અજાણ્યે દરરોજ તમે તમારા બાળકનું ચારિત્ર્ય ઘડતર કરીને ભાવિને યોગ્ય દિશા આપો છો. આ બધું તમે તમારાં મનવાણી, વિચારો અને કર્મની પ્રભાવક અસર દ્વારા કરો છો. પોતાનાં બાળક કે વિદ્યાર્થીનાં ચારિત્ર્ય કે વ્યક્તિત્વને સુયોગ્ય રીતે ઢાળવાનો તમને મળેલો આ વિશેષાધિકાર ખરેખર એક મહાન તક પણ છે અને સાથે ને સાથે એક પવિત્ર કર્તવ્ય પણ છે.

આજે આપણાં પુત્ર-પુત્રી કે વિદ્યાર્થીની ખાસ આવશ્યકતા એમનું ભોજન કે પૈસો નથી પણ એ છે સતતપણે પ્રેરતો આદર્શ. સ્વામી વિવેકાનંદ એટલા જ માટે કહે છે :

માણસે પોતાના નાનપણથી જ તેનું ચારિત્ર્ય જ્વલંત અગ્નિ સમાન હોય એવી વ્યક્તિ સાથે રહેવું જોઈએ. એની સામે સર્વોચ્ચ શિક્ષણનો જીવંત દાખલો રહેવો જોઈએ. જૂઠું બોલવું તે પાપ છે એમ માત્ર વાંચવું તેનો કંઈ જ અર્થ નથી.

**(12) તમારા બાળક કે વિદ્યાર્થીની ભીતરની શક્તિનાં આવરણો દૂર કરો :**

પ્રેરણા આપવી એટલે તમારાં બાળકો કે વિદ્યાર્થીઓમાં જે શ્રેષ્ઠતા રહી છે તેને બહાર લાવવી. એનો અર્થ એ થાય છે કે એમને પોતાના જીવનની અનન્યતાને જોવા માટે આપણે સહાય કરવી. જો આપણે આમ કરીશું તો જ એ બધાં સર્જનાત્મકતાવાળું જીવન જીવશે અને આ જીવનમાં માનમોભા અને સ્પષ્ટ લક્ષ્ય સાથે પોતાનું સ્થાન પ્રાપ્ત કરશે. દરેકેદરેક બાળકમાં આંતરિક શક્તિના નામે એક અદ્‌ભુત તાકાત રહેલી હોય છે. આ ભીતરી શક્તિ ત્રણ સ્વરૂપની હોય છે — જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ અને કાર્યશક્તિ. જ્યારે ત્રણેય શક્તિઓ કાળજીપૂર્વકના અને શાંત અને કરેલા માનસિક શિલ્પકામથી જાગ્રત કરી શકાય છે, ત્યારે આને પરિણામે એ બાળક કે વિદ્યાર્થી એક પૂર્ણ વ્યક્તિરૂપે સમાજમાં ચમકી ઊઠશે. એક માતાપિતારૂપે અને એક શિક્ષકરૂપે તમારી પ્રથમ ફરજ તો તમારાં પુત્રપુત્રી કે વિદ્યાર્થીની ભીતરી શક્તિનાં બારણાં ખોલવાની છે.

દેશની પરિસ્થિતિ અને ઉન્નતિનો આધાર તેની પ્રજામાંનાં ગુણવત્તાવાળાં મા-બાપ, ગુણી અને પ્રેરક શિક્ષકો ઉપર છે. તમે માતા-પિતા કે શિક્ષકરૂપે કેવી પસંદગી કરો છો તે જ આવતા થોડાક દસકામાં ભાવિ ભારત કેવું હશે તે નક્કી કરશે. તમે જો માત-પિતા અને શિક્ષક બંને હો તો, સમાજમાં તમારી સૌથી મોટી કર્તવ્યનિષ્ઠા આ છે, એને પૂરેપૂરી જાણી લો. રાષ્ટ્રની ઉન્નતિ કે ભવિષ્ય સરકારના હાથમાં નથી અને સૈનિકોના હાથમાં પણ એ નથી. પરંતુ આ બધું શિક્ષકોના હાથમાં છે. શિક્ષણની વધતી જતી તકો તમારા હાથમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓને મૂકશે. તેઓને પ્રેરણા આપો અને પોતાનું તેમજ દેશનું ઉજ્જવળ ભાવિ ઘડવા માટે તેઓ કર્તવ્યનિષ્ઠ બને એ રીતે તેમને કેળવો.

**(13) વિદ્યાર્થીઓ કે સંતાનોને પ્રેરવાની શક્તિ તમારા પોતાના જીવનમાંથી જ આવે છે :**

પરંતુ તમારાં વિદ્યાર્થી કે સંતાનો અવારનવાર તમને અવગણે છે કે તમારી સાચી સલાહનો અનાદર પણ કરે છે અને નફામાં તમને ક્રોધ અને માનહાનિ આપે છે, શું તમે આવી ફરિયાદો કરતા રહો છો ખરા ? તમે ‘અરે ભાઈ! મેં તો તમને કેટલીયે વાર કહ્યું હતું’ દુઃખપીડા સાથે આવા બૂમબરાડા પાડો છો ખરા ? શું આ અવગણના એ આજના અધઃપતનની આધુનિક નીપજ છે ખરી ? તમે એ વિશે શું કહી શકો ?

સાચી વાત તો એ છે કે માત્ર કોરા શબ્દો અને વિચારો આવી આજ્ઞાંક્તિતા માટે વિદ્યાર્થીઓને પ્રેરવા કે એમના હૃદયને સ્પર્શવાની બહુ ઓછી શક્તિ ધરાવે છે. પ્રેરણા આપવાની આ તાકાત તો આ વિચાર અને વાણીની પાછળના વ્યક્તિના આચરણમાં કે એના વાસ્તવિક જીવનમાં રહેલી છે. જ્યારે તમારી સલાહની પાછળ એ પ્રમાણેના સંપૂર્ણ સદાચરણમાંથી જન્મેલી સંકલ્પના અને શક્તિ હોય તો એ વાત કે સલાહ બાળકના ગળે એની મેળે ઊતરી જશે. બીજા પર પોતાનો પ્રભાવ પાડવા વિશે સ્વામી વિવેકાનંદ કહે છે :

આ દુનિયામાં એકબીજાની અસર એકબીજા ઉપર થયા જ કરે છે. આપણાં પોતાનાં શરીરોની જાળવણીમાં આપણી શક્તિનો અમુક ભાગ ખર્ચાઈ જાય છે. તે ઉપરાંત આપણી શક્તિનો દરેક અણુ રાત ને દિવસ બીજાઓ ઉપર અસર કરવામાં વપરાય છે. આપણાં શરીરો, આપણા સદ્‌ગુણો, આપણી બુદ્ધિ, આપણી આધ્યાત્મિકતા, આ બધાં સતતપણે બીજા ઉપર અસર કર્યા જ કરતાં હોય છે; તેથી ઊલટી રીતે બધાની અસરો આપણા ઉપર થયા કરતી હોય છે. આ પ્રમાણે આપણી આજુબાજુ ચાલતું જ હોય છે. હવે આપણે એક નક્કર દાખલો લઈએ. એક માણસ આવે છે, તમે જાણો છો કે તે વિદ્વાન છે, તેની ભાષા સુંદર છે; સુધી તે તમારી સમક્ષ બોલે છે પણ તેની અસર કંઈ થતી નથી. ત્યાર પછી એક બીજો માણસ આવે છે, તે સારી રીતે ગોઠવ્યા વગરના થોડાક જ શબ્દો બોલે છે; કદાચ તેની ભાષામાં વ્યાકરણના નિયમો પણ જળવાયા હોતા નથી, છતાં પણ તે આપણા ઉપર ઊંડી અસર કરી જાય છે. તમારામાંના ઘણાંએ તે અનુભવ્યું હશે. તેથી એ વાત સ્પષ્ટ છે કે માત્ર શબ્દો જ હંમેશાં છાપ પાડી શકતા નથી. છાપ પાડવા માટે શબ્દો અથવા વિચારોનો માત્ર ત્રીજો હિસ્સો છે, અને બે હિસ્સા માણસના પોતાના હોય છે. જેને તમે વ્યક્તિત્વનું આકર્ષણ કહો છો, તે જ બહાર નીકળીને તમારા ઉપર છાપ પાડે છે.

આપણાં કુટુંબોમાં વડીલો હોય છે; તેમાંના કેટલાક સફળ નીવડે છે, કેટલાક નિષ્ફળ જાય છે. આમ કેમ બને છે ? ....જ્યારે કુટુંબના વડીલો નિષ્ફળ જાય ત્યારે તેમણે પોતાની જાતને પૂછવું જોઈએ કે કેટલાક લોકો કુટુંબની વ્યવસ્થા વધુ સારી રીતે કેમ રાખી શકે છે અને બીજા કેમ નથી રાખી શકતા ? તે વેળા તમે જોશો કે તે તફાવતનું કારણ માણસનું વ્યક્તિત્વ છે. (સ્વા.વિ.ગ્રં.મા. 7.55)

માત્ર ઉપદેશથી કંઈ થવાનું નથી. જે મૂલ્યોની તમે કેળવણી આપો છો એ મૂલ્યોની વિરુદ્ધનું તમારું જીવન-આચરણ હશે તો તમે આ યુવાનોના મનને દંભની કળા જ માત્ર શીખવશો. તેમના હૃદયમાંથી તમારા પ્રત્યેના માન-આદર પણ ચાલ્યાં જશે અને રાલ્ફ વાલ્ડો એમર્સનનું આ કથન ટાંકશે : 'તમે જે છો તે સ્પષ્ટપણે વ્યક્ત થાય છે કે તેની સરખામણીમાં તમે જે બોલો છો તે વાત ગૌણ બને છે.'

તમારી પોતાની જાત પરના સંયમના પ્રમાણમાં જ તમે બીજા પર પ્રભાવ પાડી શકો અને નિયમમાં રાખી શકો.

**(14) મૂલ્યનિષ્ઠા જીવન જીવો :**

એટલે જ આપણી આજની યુવા પેઢીના ચારિત્ર્ય ઘડતરના રાષ્ટ્રિય મિશનનો પ્રારંભ તમારાથી જ — માતાપિતા અને શિક્ષકથી થાય છે. સૌપ્રથમ તો તમારે જ સિદ્ધાંતનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ જીવન જીવવું જોઈએ. સૌ પ્રથમ તો તમારે મહદ્‌અંશે ઇન્દ્રિય સુખલાલસાના બંધનમાંથી મુક્તિ મેળવવી જોઈએ.

### 10.5 ચારિત્ર્ય ઘડતર કાર્ય યોજના

ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વનું કાર્ય ઘરેથી શરૂ થાય છે. આ પ્રક્રિયામાં પાયાના કેટલાક મૂળભૂત પ્રશ્નો માતાપિતા તરીકે તમારી સામે આવીને ઊભા રહે છે :

(અ) આપણા બાળકના ચારિત્ર્ય ઘડતરનું કાર્ય ક્યારે શરૂ કરવું ?

(બ) આપણાં બાળકોના વાસ્તવિક બાળઉછેર માટે આદર્શ વલણ કયું છે ?

(ક) મૂલ્યોને એમના જીવનમાં કેવી રીતે ઉતારવાં ?

(ક) આપણા પોતાના ઘરે જ બાળકોએ પોતાનું ચારિત્ર્ય ઘડતર થાય એ માટે કેવી સુટેવો કેળવવી જોઈએ ?

**ચારિત્ર્ય ઘડતરનું સુકાર્ય ક્યારે શરૂ કરવું ?**

**જીવન પરિવર્તનના છ તબક્કા અને વયજૂથો :**

બાળકના ઉછેરના વયજૂથના તબક્કાઓની સમજણથી ચારિત્ર્ય ઘડતરની પ્રક્રિયા વધુ સરળ બને છે. સામાન્ય રીતે માનવજીવન ગર્ભાવસ્થાથી માંડીને મૃત્યુપર્યંતની અવસ્થા સુધીમાં છ તબક્કાઓમાંથી પસાર થાય છે :

(1) ગર્ભમાં રહેવું; (2) ગર્ભમાંથી બાહ્ય સૃષ્ટિમાં અવતરવું; (3) સૃષ્ટિનાં હવા-પાણી અને અનાજ સાથે વિકસવું; (4) શિશુ, કિશોર, તરુણ, યુવા, પ્રૌઢ, વગેરે એક પછી એક તબક્કાઓમાંથી પસાર થવું; (5) વૃદ્ધાવસ્થામાં પ્રવેશવું અને અંતે (6) દેહવિનાશ કે મૃત્યુ.

ઉપર્યુક્ત જીવનપરિવર્તનની શૃંખલાઓમાંથી પસાર થતાં દેહમનસંકુલ પર 18 વર્ષની ઉંમર સુધી ઘણો મોટો પ્રભાવ પાડી શકાય છે.

પ્રથમ પાંચ વર્ષ એટલે કે શિશુ અવસ્થામાં આ દુનિયા એક રમતનું મેદાન છે. સમાજની કોઈ પણ મંજૂરીની મહોર વિના શિશુ પોતાની ઇન્દ્રિયોના અનુભવમાં આવતા આનંદને કોઈ પણ જાતની રોકટોક વિના વ્યક્ત કરવામાં પ્રસન્નતા અનુભવે છે.

પાંચથી બાર વર્ષની કિશોરાવસ્થામાં બાળકને ધીમે ધીમે આ જગત-સંચારની વાસ્તવિકતાનો ખ્યાલ આવવા માંડી જાય છે અને એમાં ઘર ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ઉંમરમાં જેમ બ્લોટિંગ પેપર શાહીને ચૂસી લે છે તેમ બાળકના કોમળ મનમાં વધુમાં વધુ સંસ્કારોની ઊંડી અને કાયમી છાપ પાડી શકાય છે.

કિશોરાવસ્થામાંથી તરુણાવસ્થા એટલે 12થી 18 વર્ષની ઉંમરના આ મહત્ત્વના તબક્કામાં તરુણતરુણીમાં નોંધનીય વર્તનપરિવર્તનો આવે છે. આ અવસ્થામાં આત્મસંયમ, મનની લાગણીઓ કે ઊર્મિઓની અભિવ્યક્તિ પરનો અંકુશ, સહિષ્ણુતાની ભાવના અને આપલેની ભાવના જેવા ગુણોનો વિકાસ થાય છે. વિશ્વની વાસ્તવિકતાની સાપેક્ષતામાં તરુણતચરુણીઓમાં એક અહંભાવ પણ જાગ્રત થાય છે.

પોતાની આત્મઓળખ અને આ જગત વિશેના ચોક્કસ ખ્યાલો સાથે 18 વર્ષ અને તેથી મોટાં યુવક-યુવતીઓ પ્રવેશે છે.

તમારા બાળકનાં ઉછેર અને ચારિત્ર્ય ઘડતરની આ પ્રક્રિયાઓ તેના જન્મ પહેલાંથી જ આરંભાવી જોઈએ.

**(1) જન્મ પહેલાં જ ચારિત્ર્ય ઘડતરની પ્રક્રિયા શરૂ થાય છે :**

આપણાં શાસ્ત્રો સ્પષ્ટપણે કહે છે કે બાળક જ્યારે પોતાની માતાના ગર્ભમાં હોય છે ત્યારથી જ્ઞાન અને સંસ્કાર મેળવવા માંડે છે. આનું સુખ્યાત ઉદાહરણ છે મહાભારતના અર્જુન-સુભદ્રાના વીરપુત્ર અભિમન્યુનું. એક વખત ભગવાન શ્રીકૃષ્ણ સુભદ્રાની હાજરીમાં અર્જુનને સાત કોઠા યુદ્ધનાં રહસ્યો કહેવા લાગ્યા. સુભદ્રાના ગર્ભમાં વિકસતા અભિમન્યુએ આ વિદ્યાને ગ્રહણ કરી લીધી. અભિમન્યુના આ જ્ઞાને પછીના સમયે મહાભારતના મહાન યુદ્ધમાં લડતા પાંડવોની કીર્તિને બચાવવા સહાય કરી હતી. માતાના ગર્ભમાં રહીને મેળવેલ જ્ઞાનસંસ્કારનાં બીજાં બે ઉદાહરણો મહર્ષિ અષ્ટાવક્ર અને ભક્ત પ્રહ્‌લાદનાં છે.

સાઉન્ડ થેરપિ પરના આધુનિક પ્રયોગોએ એ સિદ્ધ કર્યું છે કે ગર્ભમાં રહેલ બાળક પર સંગીત એક જબરો પ્રભાવ પાડે છે અને પછીની ઉંમરમાં તેમના સાંવેગિક ઘડતરમાં પણ મોટી અસર કરે છે. જ્યારે ગર્ભવતી માતાઓ શાસ્ત્રીય સંગીત સાંભળતી ત્યારે ગર્ભમાં રહેલ બાળક સ્વસ્થતા અનુભવતું. આમ છતાં પણ જ્યારે આ માતા રોક-મ્યુઝિક જેવા કાન ફાડી નાખતા સૂરો સાંભળતી ત્યારે ગર્ભમાંના બાળકને ખલેલ પહોંચતી અને તે હિંસક બનીને લાત પણ મારી દેતું.

જન્મ પહેલાં બાળક પર માતાના પડતા પ્રભાવની વાત કરતાં સ્વામી વિવેકાનંદ કહે છે :

'હું જાણું છું કે મારો જન્મ થયો તે પહેલાં મારી માતા ઉપવાસ કરતી, પ્રભુને પ્રાર્થના કરતી અને આવાં અનેક વ્રત-તપ કરતી, કે જેવાં તપ તો હું પાંચ મિનિટ માટે પણ કરી શકતો ન હતો. એમણે આવું બધું બબ્બે વર્ષ સુધી કર્યું. હું એટલું દૃઢપણે માનું છું કે મારામાં જે કંઈ પણ ધર્મના સંસ્કાર છે તેને માટે હું તેમનો ઋણી છું. હું જે છું એ થવા જ મને મારી માતાએ જાગ્રતપણે આ જગતમાં ઉછેર્યો છે. મારામાં જે સદ્ભાવનાઓ છે એ બધું મારી માતાએ મને જાણ્યે અજાણ્યે આપ્યું છે.'

એટલે ખ્યાલ આવો છે : 'બાળકને ધર્મમય જીવન અને પ્રાર્થનાઓ દ્વારા જન્મ મળવો જોઈએ.' સુખી જીવનના દસ સંસ્કારોની વાત હિંદુશાસ્ત્રો કરે છે. એમાંના ત્રણ આદેશો તો ભવિષ્યમાં થનારાં માતાપિતા માટે જ છે. એટલે જ માતૃત્વ અને પિતૃત્વની તૈયારીમાં માત્ર બાળકોની આવશ્યક ચીજવસ્તુઓ એકઠી કરવા જેવી ભૌતિક પ્રવૃત્તિઓનો સમાવેશ થતો નથી પણ એની સાથે સૌથી વધારે અગત્યની પ્રવૃત્તિઓ એટલે પવિત્રતાનો અભ્યાસ અને વિચાર તેમજ સદ્વર્તણૂક કેળવવાં જરૂરી છે. એને લીધે બાળકને સત્સંસ્કારો મળી રહેશે. સમગ્ર કુટુંબની આ નૈતિક જવાબદારી છે અને એમાંય વિશેષ કરીને માતાની.

પોતાની બાળકમાં સારી અપેક્ષા સેવતી માતાઓએ આટલું કરવું જોઈએઃ 1. હંમેશાં આનંદ અને શાંતિના ભાવમાં રહેવું; 2. પોષક અને સમતોલ આહાર સાથે પૂરતો આરામ કરવો; 3. પ્રાર્થના, પ્રભુસેવાપૂજા અને સદ્ગ્રંથોના વાચન દ્વારા ભાવાત્મક વિચારોમાં પોતાના મનને પરોવી રાખવું; 4. માતાએ મૂલ્યલક્ષી કેળવણી દ્વારા પોતાના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ક્ષેત્રોનો વિકાસ કરવો જોઈએ.

**(2) ચારિત્ર્ય ઘડતરનાં બે પ્રભાવક સાધન એટલે હાલરડાં અને વાર્તાકથન :**

બાળકના જન્મ પછી માતા હાલરડાં દ્વારા પ્રત્યક્ષ અને મોટો પ્રભાવ પાડી શકે છે. દુઃખની વાત તો એ છે કે આજના આધુનિક સમાજમાં આ હાલરડાઓ મરી ગયાં છે. મનમોહક વાર્તાઓ અને હાલરડાઓથી પોતાના બાળકને કેળવવાની 'ગુરુમાતા' ની એક વાત માર્કંડેય પુરાણમાં કહેવામાં આવી છે. આ વાત છે મહારાણી મદાલસાએ પોતાના ચાર પુત્રોનાં જીવન પર પાડેલા મહાપ્રભાવની. 'તમે નિરંજન છો, પવિત્ર અને નિર્મળ છો... પંચભૂતોનો બનેલો આ દેહ પણ તારો નથી. તો પછી શાને માટે તું કલ્પાંત કરે છે ? તું રડતો નથી પણ મનની કલ્પનાના કેટલાક રાજકુમારના ગુણોને લીધે જન્મેલ મિથ્યા અહં તને રડાવે છે.' પછીથી યુવાવસ્થામાં પોતાના આ પ્રથમ પુત્રને શાસ્ત્રનાં જ્ઞાનવિદ્યામાં નિપુણ બનાવ્યો. આવા વાતાવરણમાં ઊછરીને આ રાજકુમાર અનાસક્તિભાવે મોટો થયો અને અંતે સંસારનો ત્યાગ કર્યો. બીજા અને ત્રીજા પુત્રો પર પણ મહારાણી મદાલસાનો આવો જ આધ્યાત્મિક પ્રભાવ પડ્યો અને પ્રથમ પુત્રની જેમ આ બંનેએ પણ સંસારનો ત્યાગ કર્યો. પછી પોતાના રાજ્યનો ઉમદા વારસદાર શાસક આપવા માટે મહારાણી મદાલસાએ પોતાના ચોથા પુત્ર અલાર્કને પોતાનાં હાલરડાઓ દ્વારા આદર્શ રાજાની ફરજો અને નિષ્ઠાપૂર્વકનાં કાર્યો, વીરતા ભરેલાં પરાક્રમોની વાતો કરી. સતી મદાલસા એમને પોતાનાં હાલરડામાં કહેતીઃ 'તું તો તન-મનથી પ્રબળ શક્તિવાન છે, તું લોકોનાં સેવાકલ્યાણ અર્થે પોતાનું જીવન સમર્પી દેવા જન્મ્યો છે.' જીવન શિક્ષણના ઉચ્ચતર બોધપાઠો માતાના મુખેથી પામીને આ ચોથો પુત્ર આદર્શ કર્મયોગી અને સત્યનિષ્ઠ રાજા બન્યો.

જ્યારે બાળક ઘરમાં ઉછેર પામતું હોય અને ઘરમાં આમતેમ હરતું ફરતું બની જાય ત્યારે માતાએ આવાં સ્તોત્રો કે હાલરડાં જેવાં કથાગીતો તેમજ પ્રેમશૌર્યભર્યાં ગીતો દરરોજ પ્રભાતના પહોરે સંભળાવવાં જોઈએ.

જેવું બાળક બોલતું થાય કે એમના ચારિત્ર્ય ઘડતર માટે વાર્તાકથન એ મુખ્ય સાધન બની રહે છે. સ્વામી વિવેકાનંદનાં માતા ભુવનેશ્વરી દેવી આવું બધું ઘણું પ્રભાવક રીતે કરતાં રહેતાં. રામાયણ, મહાભારત અને બીજા ઉત્તમ ગ્રંથોની વાતો તેઓ નાના નરેનને સંભળાવતાં. આ બધાને લીધે યુવાન

નરેન્દ્રનાથ પોતાના દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને જાણી શક્યા. તેઓ નરેનને નૈતિક બોધપાઠો પણ શીખવતાં રહેતાં.

'તારા સમગ્ર જીવનમાં પવિત્ર રહેજે. તું તારા આત્મગૌરવનું રક્ષણ કરજે અને બીજાનું આત્મગૌરવ ક્યારેય ન હણાય તે પણ જોજે. અત્યંત શાંત રહેજે પણ જ્યારે જરૂર જણાય ત્યારે તારા હૃદયને વજ્ર જેવું કઠોર પણ બનાવી દેજે.'

'મારા જ્ઞાનના પ્રસ્ફૂટન માટે હું મારી માતાનો ઋણી છું', સ્વામીજીએ ગર્વપૂર્વક માતાના આ પ્રભાવની વાત વારંવાર કહી છે. એમાં કોઈ આશ્ચર્ય નથી. બાળકના ચારિત્ર્ય ઘડતર કરનારાં — હાલરડાં અને જીવનના બોધપાઠ આપતી વાર્તાઓ - આ બે મહાન પ્રભાવક સાધનોને તો સર્વ પ્રથમ માતાપિતાએ પોતે જ શીખી લેવાં આવશ્યક છે, એમ કહેવાની જરૂર નથી.

તમારું આદર્શ વલણ બાળકના ઉન્નત ઉછેર માટે આવશ્યક છે.

**(3) બાળક તો પોતાની મેળે જ શીખતું રહે છે :**

તમારું બાળક પોતાનાં સુષુપ્ત કર્મો લઈને જન્મ્યું છે અને એ કર્મો બાળકના વિકાસનો પથ મહદંશે નક્કી કરે છે, એ વાત દરેક માબાપે પોતાના મનમાં રાખવી જોઈએ.

માતાપિતા તરીકે તમે તો તેની સમક્ષ એક આદર્શ અનુસરણીય વ્યક્તિત્વને રજૂ કરી શકો. સાથે ને સાથે બાળકના નૈતિક વિકાસ માટે સુયોગ્ય બાહ્ય વાતાવરણ ઊભું કરી શકો. સ્વામી વિવેકાનંદ એક બંધબેસતી ઉપમા સાથે આ વાત રજૂ કરે છે :

'પ્રતિકૂળ જમીનમાં કોઈ છોડને રાખીને તેનો વિકાસ તમે ન કરી શકો. બાળક પોતે જ પોતાને શીખવે છે; તમે તેને તેની રીતે પોતાને માર્ગે આગળ વધવામાં માત્ર મદદ કરી શકો. તમે તેને નકારાત્મક રીતે નહિ પણ હકારાત્મક રીતે સહાય કરી શકો. તમે અંતરાયો દૂર કરી શકો; પણ જ્ઞાન તો સ્વભાવથી આપોઆપો આવે છે. માટીને થોડી પોચી કરો કે જેથી છોડ સહેલાઈથી બહાર આવે; તેની આજુબાજુ વાડ કરો, તેનો નાશ ન થાય તેની કાળજી રાખો, એટલે તમારું કામ પૂરું થાય છે. તમે વધારે બીજું કંઈ રી શકો નહિ. બાકી બધું તો તેના પોતાના જ સ્વભાવમાંથી બહાર આવવાની પ્રક્રિયા છે. તે જ પ્રમાણે બાળકેળવણી વિશે છે; બાળકો પોતે પોતાને કેળવે છે.'

**(ક) આ એક પવિત્ર જવાબદારી છે :**

તમારું બાળક તમને ઈશ્વરે આપેલ અમૂલ્ટ ભેટ છે અને એનો ઉછેર કરવો એ તમારી પવિત્ર જવાબદારી છે. એટલે જ એ બાળક પર કોઈ પણ જાતની માલિકી હક્ક સાથેની ફરજ પાડવી અને વળતામાં કોઈ બદલાની અપેક્ષા લાદવી એ બુદ્ધિસંગત નથી.

**(ખ) દીર્ઘ અને અવિરત કઠિન પુરુષાર્થ આવશ્યક છે :**

તમારા બાળકનું ચારિત્ર્ય ઘડતર કરવાનું કામ કોઈ સમયગાળાની બાબત નથી. એ સુદીર્ઘકાળનું આયોજન છે અને અવારનવાર એને નિષ્ફળતાઓ આભડી પણ જાય છે. સ્વામીજી કહે છે : 'શુભનો માર્ગ વિશ્વમાં ઘણો જ કઠિન અને આકરા સીધા ચડાણવાળો છે. હજારો ઠોકરો ખાઈને ચારિત્ર્યને દૃઢ કરવાનું છે.' (10.80) એટલે જ ચારિત્ર્ય ઘડતર અનંત ધૈર્ય અને અદમ્ય ખંત માગી લે છે. જો તમારું બાળક તરુણાવસ્થામાં આવતું હોય તો કિશોરાવસ્થામાંથી તરુણાવસ્થામાં પ્રવેશતી વખતે એને અત્યંત મૂંઝવણભરેલ પરિવર્તનોની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. આ પરિવર્તનો એને સતત મૂંઝવતાં રહે છે. આ સમયગાળો પરાવલંબનમાંથી સ્વાવલંબન તરફ દોરી જતો હોય છે.

**(ગ) તમારાં પોતાનાં સ્વપ્નની દુનિયામાં બાળકોને કેદ કરી દેવાં એ નાદુરસ્ત કાર્ય છે :**

તમારી પોતાની આકાંક્ષાઓ, પસંદગીઓ તમારા બાળક પર લાદવાનો પ્રયત્ન કરો તો એ એના માટે ઘણું માનસિક દબાણ ઊભું કરે છે. એમાંય વિશેષ કરીને એમની કારકિર્દીની પસંદગીની બાબતમાં તમારી ઇચ્છા તેના પર લાદવાનો પ્રયત્ન ન કરશો. વાસ્તવિક રીતે તો તમારે તમારા બાળકની ભીતરની અંતરની ઇચ્છા શું છે, એ શોધી કાઢવી જોઈએ અને એનો વિકાસ કરવાનો પ્રયત્ન

કરવો જોઈએ. સાથે ને સાથે તમારા બાળક પર તમારા વિચારો અને મતાભિપ્રાયો ઠાંસી ઠાંસીને ભરી દેવાનો પ્રયત્ન કરશો તો તે તેના મૂળ વ્યક્તિત્વના ગળે ટૂંપો દઈ દેશે.

**ચારિત્ર્યઘડતર માટેનો તમારો અભિગમ :**

**(4) તમે તમારા બાળકમાં જે મૂલ્ય સ્થાપવા માગતા હો તેનું પહેલાં નિર્ધારણ કરો :**

તમારા બાળકના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ માટે કેવાં કેવાં મૂલ્યોની આવશ્યકતા છે એનો સ્પષ્ટ વિચાર તમારા મનમાં ન હોય તો એ મૂલ્યોનો અભ્યાસ અવ્યવસ્થિત અને બિનઅસરકારક બની જાય છે. આને લીધે તમારું સંતાન મૂંઝાઈ જશે અને હતાશ-નિરાશ થઈ જશે. એટલે જ પાયાના સિદ્ધાંતોને પસંદ કરો અને એના પર જ ધ્યાન કેન્દ્રિત કરો. આરોગ્ય, કેળવણી અને નૈતિકતા — આ સૌથી અગત્યની બાબતો છે. આ ત્રણેય બાબતો પર સતત જાગ્રત અને સચેત રહો. બાકીની નાની નાની બાબતોમાં તમારું વલણ થોડું નરમ રાખો.

**(ક) મૂલ્યોના આચરણ દ્વારા એનું સંપ્રસારણ :**

તમે જે મૂલ્યને જીવી બતાવો અને તેને શા માટે મહત્ત્વનું માનો છો, તે બાળક સમજે એ સૌથી વધારે અગત્યનું છે. મહત્ત્વની સમસ્યાઓ જેવી કે, વાતાવરણનું પ્રદૂષણ, છેતરપીંડી, કાયદાનું ઉલ્લંઘન, લાંચ રુશ્વત અને કરિયાવર — પ્રત્યે ચોક્કસ દૃષ્ટિ અને મતાભિપ્રાય રાખો. પરિણામે તમારું બાળક એની મેળે જ તમે જે મૂલ્યોને પાળવા ઇચ્છો છો તેને ઓળખશે. તમારા આવા સદાગ્રહવાળા અભિપ્રાયને જ તમારું બાળક સૌથી વધારે સારી રીતે મૂલવશે.

**(ખ) પતિ કે પત્ની રૂપે મૂલ્ય વિશે સર્વ સામાન્ય અભિપ્રાય રાખવો :**

તમારા સંતાનના ચારિત્ર્ય વિકાસ માટે પતિ કે પત્ની રૂપે તમારે વ્યક્તિગત અને પારસ્પરિક કેવી ભૂમિકા ભજવવાની છે એ વિશે સર્વ પ્રથમ તમારા મનમાં સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ તે ઘણું અગત્યનું છે. એટલે જ તમે પત્ની કે પતિ પ્રત્યે અવારનવાર વિચારોની આપલે કરતા રહો અને બાળક માટે ખોટું શું અને સાચું શું એ વિશે મતભેદ ભરેલી પરિસ્થિતિઓથી બચો. ધારો કે કોઈપણ બાબતમાં તમારા બંનેની વચ્ચે મતભેદો ઊભા થાય તો તમારાં પુત્ર કે પુત્રીની સન્મુખ લડવું-ઝઘડવું નહિ. તમારા મતભેદોની ખાનગીમાં ચર્ચા કરી લેવી અને પછી સહમતી પર આવી જવું. નહિતર તો તમારું બાળક પણ 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિ અપનાવી લેશે.

**(ગ) દૈનંદિન પરિસ્થિતિઓમાં મૂલ્ય વિશેની ચર્ચાને આવકારો :**

દૂરદર્શનની અમુક સિરિયલો જોવી કે ન જોવી, અમુક ચલચિત્રો જોવાં કે ન જોવાં, સમાચારના અમુક અહેવાલો વાંચવા કે ન વાંચવા અને શાળામાં કે ઘરે બનતી ઘટનાઓ વિશે મૂલ્યલક્ષી ચર્ચાને મહત્ત્વ આપવાથી એક સ્વાભાવિક વાતાવરણ ઊભું થાય છે.

**(ઘ) નિયમિત રીતે તમારા સંતાનના શિક્ષકના સંપર્કમાં રહો :**

તમારી સાથે સાથે, તમારા બાળકના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ પર શિક્ષકનો ઘણો મોટો પ્રભાવ પડે છે. એટલે જ તમે શાળામાં નિયમિત રીતે જાઓ, વર્ગશિક્ષક કે વિષયશિક્ષકને મળો અને તમારા બાળકની સાર્વત્રિક ઉન્નતિ માટેની માહિતી મેળવો. માતાપિતા અને શિક્ષકોની સભામાં હંમેશાં ભાગ લેતા રહો. આવી રીતનાં તમરા શાળા પ્રત્યેનાં રસરુચિ તમારા બાળકની કેળવણી પ્રાપ્ત કરવાની પૂર્ણ નિષ્ઠાને વધુ પ્રબળ બનાવશે. સાથે ને સાથે એટલું ધ્યાનમાં રાખજો કે તમારે તમારા સંતાનની સમક્ષ ક્યારેય શિક્ષકની કાર્યનિષ્ઠાની ટીકાનિંદા ન કરવી. આવું કરવાથી તમારું સંતાન શિક્ષક પ્રત્યેનાં માનઆદર ગુમાવશે. ક્યારેક એવુંય બનશે કે બાળક પોતાની વિદ્યાકીય નબળી પ્રગતિને માટે એ શિક્ષકનું બહારનું પણ બતાવી શકે.

**(ચ) તમારાં અમૂલ્ય સંતાનો સાથે તમારા અમૂલ્ય સમયનો સદુપયોગ કરો :**

તમારા દૈનંદિન કાર્યમાં તમારા બાળક સાથે તમારે ભાવાત્મક અને રચનાત્મક રીતે સમયની ભાગીદારી નિભાવવી એ પણ એક સૌથી વધારે મહત્ત્વની અગ્રતા છે. તમે સૌ સાથે ભોજન કરવું,

પૂજા-પ્રાર્થના સાથે કરવાં, ઘર-આંગણાની રમત સાથે રમવી, બાળકને કોઈ પાત્રાભિનય આપીને તેના પાત્રના વક્તવ્યને અસરકારક રીતે મોટેથી વાંચવું, કુટુંબના ઉત્સવો સાથે ઉજવવા – જેવી પ્રવૃત્તિઓ તમારા બાળક સાથે કેવી રીતે ઉજવવી તે સુનિશ્ચિત કરી લો. પુસ્તકાલય, સંગ્રહાલય, પ્રદર્શન કે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તમારાં બાળકોને સાથે રાખો. આવી સહભાગીદારીવાળી પ્રવૃત્તિઓ તમારાં બાળકના કુટુંબ સાથેનાં બંધનો અને મૂલ્યોને વધુ મજબૂત બનાવશે અને જિંદગીની પ્રિય સ્મૃતિરૂપે જળવાશે.

**(છ) વાતચીત કરવાની તમારી રીતભાત એ તમારી કથની જેટલી જ મહત્ત્વની છે :**

સાર્થક સલાહ પણ જો સુયોગ્ય રીતે આપવામાં ન આવી હોય તો તે ઘૃણાજનક બને છે. તમે તમારા બાળકને ભાષણ આપણા હો કે ભાંડતા હો એ રીતે સલાહ ન આપો. એટલું જ નહિ, સલાહ આપતી વખતે તમારા ચહેરા કે શરીર પર કોઈ ઉશ્કેરાટ દેખાવો ન જોઈએ. આનાથી તો માત્ર રોષ, મનદુઃખ કે હતાશા જ જન્મે. તદુપરાંત ક્યારેય તમારા બાળકને કડક શબ્દોમાં ઠપકો ન આપો કે મારો નહિ. આવી હિંસક કે અત્યંત આક્રોશભરી રીતે તમે તમારા બાળકને સુધારવાનો પ્રયત્ન કરશો તો તે પણ બીજા સાથે આવું જ વર્તન દાખવશે. વધારામાં આવાં ખોટાં વર્તનો સાથે વિકસીને એ બાળક જ્યારે તરુણાવસ્થામાં પહોંચે છે ત્યારે એ તમારા માટે તો સમસ્યારૂપ બની જશે પણ એના પોતાના માટે પણ એક મોટી મુસીબત ઊભી કરશે.

**(જ) તમારા બાળકની નિર્બળતાને કેન્દ્રિત ન કરો :**

માતાપિતા, ભાઈ-બહેનો અને મિત્રો એના પ્રત્યે કેવું વર્તન રાખે છે અને તેઓ એને કઈ દૃષ્ટિએ જુએ છે તેનાથી બાળકની અસ્મિતાનું ઘડતર થાય છે. જો એની અવગણના થતી રહે, એની ટીકાનિંદા થતી રહે અને એના પર નકામાનું લેબલ લાગી જાય તો બાળક પોતાની જાતને સાવ ક્ષુત્ર માની બેસશે અને ઘણી વિકૃતિઓ એમાં પ્રવેશી જશે. પોતાના વિશેની આવી ધારણાઓને લીધે તેનાં કાર્યો લાગણીઓ અને વર્તન-વલણને સુનિશ્ચિત કરશે. એટલે જ તમારે તમારા બાળકની શક્તિઓ પર જ ભાર દેતાં શીખવું જોઈએ. ભલે તમે તમારા બાળકની કોઈ નબળી બાજુ પણ જાણતા હો, પણ એને બહુ પ્રકાશમાં ન લાવો. આટલું હંમેશાં ધ્યાનમાં રાખજો કે તમે જ તમારા બાળકના એક માત્ર પ્રેરણાસ્રોત છો.

**(ઝ) તમારા સંતાનને પ્રશંસા અને પ્રેરણાથી ભરી દો :**

જ્યારે જ્યારે તમારું બાળક નિઃસ્વાર્થ ભાવના, કરુણા કે દયા, વિવેક કે સત્યનિષ્ઠા જેવા ઉત્તમ ગુણોનું પ્રદર્શન કરે ત્યારે તમે તેની પ્રશંસા કરો. બાળકની સાચી પ્રશંસા કરવી એ એની સિદ્ધિ માટે ઉત્તમ પ્રેરકબળ કે પોષકતત્ત્વ છે. જાંબુવાને મહાવીર હનુમાનની અંતઃશક્તિ અને આત્મશ્રદ્ધાની એટલી પ્રશંસા કરી અને એમને એટલા બધા પ્રેર્યા કે તેઓ એક કૂદકે મહાસાગર ઓળંગી ગયા. તમારું બાળક જે કોઈ પણ કાર્ય હાથમાં લે તેને પૂર્ણ કરવાની પોતાની શક્તિમાં આત્મવિશ્વાસ ઊભો કરવા તમે હંમેશાં પ્રયત્ન કરો. આવું પ્રોત્સાહક બળ એને અત્યંત મુશ્કેલ કારયને અધવચ્ચેથી જ છોડી દેતાં અટકાવશે. સાથે ને સાથે 'એ મારાથી ન થાય' એવી નજરે જોવાનું પણ ટાળશે.

**(ટ) તમારા બાળકની સરખામણી બીજા સાથે ન કરો :**

તમારા બાળકને તેના મિત્ર કે ભાઈબહેન સાથે સરખાવવાનું બંધ કરો. દરેક બાળક પોતાનાં વલણ, રુચિ અને સામર્થ્યમાં અનન્ય હોય છે. બાળકની એ શક્તિઓને ઓળખો અને ભાવાત્મક પ્રેરણાથી અને સુયોગ્ય વહેણ તરફ વાળો.

**(ઠ) બાળકને જવાદારી લેતાં કરો :**

જવાબદારી બાળકમાં આત્મવિશ્વાસ અને પુખ્તતાનો વિકાસ કરે છે. પૂજા માટે ફૂલ ચૂંટવાં, ભોજનનું ટેબલ મૂકવું, ઘરની સાફઈ કરવી અને કૂડો-કચરો બહાર યોગ્ય સ્થળે ફેંકી દેવા જેવી દૈનંદિન જવાબદારીઓ નાની ઉંમરથી જ તમારા બાળકને સોંપો. તમારું બાળક પોતાની દૈનંદિન સમસ્યાઓનો ઉકેલ પોતે શોધે અને તમારી વધુ સહાય વિના એ સમસ્યામાંથી બહાર આવે તેવું કરવા દો. જો તમે

પોતે એ સમસ્યાઓનું સમાધાન કરતા રહેશો કે બધી બાબતમાં તમે જ નિર્ણય લેતા રહેશો તો તમારું બાળક આવી વિષમ પરિસ્થિતિઓ સામે લડવાની પોતાની શક્તિને કામે લગાડવામાં નિષ્ફળ જશે. સ્વતંત્રતા 'ગુરુચાવી' જેવો શબ્દ બનવો જોઈએ.

**(ડ) તમારા બાળકને શિસ્તબદ્ધ રહેતાં શીખવો :**

તમારા બાળકને શિસ્તપરાયણ બનાવવો એ ખરેખર બાળક પ્રત્યેના પ્રેમનું સાચું કાર્ય ગણાય. તમારાં બાળકોને એમાંય વિશેષ કરીને તરુણોને એમની લક્ષણરેખાને સમજવા પ્રયત્ન કરતાં કરશો તો તેમનું વર્તન પણ લક્ષ્મણરેખાની બહાર ન જાય એવું રહેશે. આવાં બાળકો પર જ્યારે અભાવનાત્મક અને ન દેખાતાં બાહ્ય દબાણો આવે ત્યારે તેઓ તમારાં સલાહ-સૂચનો કે તર્કને ટાંકીને એ બધાંથી સાવધાન રહી શકે છે. સિદ્ધાંતની બાબતોમાં જ્યારે તમને ખાતરી થાય કે તમારો પુત્ર-પુત્રી જે કંઈ કરવા ઇચ્છે છે તે ખરેખર એને માટે નુકશાનરૂપ છે; એ વખતે તમે એને ઠંડે કલેજે અને વિનમ્રતા સાથે તેમજ મક્કમતાથી 'ના' કહેવાનું શીખો. આમ છતાં પણ તમે તમારાં ટીકાટીપ્પણ રીતે કરજો અને દોષમાંથી કેવી રીતે બહાર આવવું કે કેવી રીતે સુધરવું એ પણ બતાવજો. આ ઉપરાંત તમારા બાળકે કરેલી ભૂલનો બચાવ ન કરતા. એનું કારણ એ છે કે દરેકેદરેક ભૂલ પણ એને માટે એક કીમતી બોધપાઠ બની જવાની છે. આ બોધપાઠ એમના પ્રબળ અને ઉમદા વ્યક્તિત્વને ખીલવા માટે અત્યંત આવશ્યક છે.

**(ઢ) તમારા બાળકને સંબંધોની જાળવણીની કેળવણી આપો :**

તમારું બાળક ઘરે મૂળભૂત સામાજિક સંબંધો અને વ્યવહારોની કેળવણી મેળવે છે. બીજાની સાથે કેવી રીતે વર્તવું, પરસ્પરના સંબંધો કેવી રીતે જાળવવા, કેવી રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરવી કે ન કરવી, પોતાના મતાભિપ્રાય કે અસંમતિને કેવી રીતે વ્યક્ત કરતાં – આવું બધું તે ઘરમાં શીખે છે. એટલે જ માતાપિતા તરીકે તમારે પોતાએ અને તમારા કુટુંબના બીજા સભ્યોએ પરસ્પરના સંબંધોમાં માનસન્માનની ભાવના રાખવી જોઈએ, વિનમ્રતા દાખવવી જોઈએ, માયાળુ અને એકબીજા પ્રત્યે સુસંવાદી પણ બનવું જોઈએ. વિશેષ કરીને તમારા બાળકને સંઘર્ષોનું સમાધાન કરતાં શીખવો.

**(ણ) તમારા બાળકની પ્રવૃત્તિઓનું સુશાસન કરો :**

તમારું બાળક પોતાનો ફાજલ સમય ક્યાં, કોની સાથે અને કઈ રીતે ગાળે છે, એના પર નજર રાખો. એમના તરુણ મિત્રોને મળવા દો પણ એના પર થોડી નજર તો રાખો જ. ટી.વી., ચલચિત્ર જુએ તેના પર પણ ધ્યાન રાખો અને તેમને કોઈ સિરિયલ, કાર્ટૂન કે રમતગમતની આદન ન થાય તે જુઓ અને એની એવી ટેવને દૂર કરો.

**(ત) બાળકને સમયપાલનની કેળવણી આપો :**

માનસિક તણાવ, ભય કે ઉત્પાત એ વિદ્યાર્થીઓ માટે સામાન્ય બાબત છે. એમાંયે વિશેષ કરીને પરીક્ષાના સમયે આ બધું વધારે જોવા મળે છે. એ વિશેનાં પુસ્તકો વાંચો, કોઈ નિષ્ણાતની સલાહ લો અને તમારા બાળકને સમયનો કેવી રીતે સદ્ઉપયોગ કરવો એના પાયાના સિદ્ધાંતો શીખવો. તમારા બાળકને પ્રવૃત્તિઓમાં કોને વત્તાઓછા પ્રમાણમાં મહત્ત્વ આપવું, કઈ પ્રવૃત્તિને પહેલી કે છેલ્લી લેવી; એ માટે સપ્તાહનું-મહિનાનું ચોક્કસ સમયપત્રક ઘડવામાં મદદ કરો અને દરેક પ્રવૃત્તિ માટે ચોક્કસ સમય નક્કી કરી દો. આવા સમયપાલનના વિજ્ઞાનને ન જાણનાર બુદ્ધિશાળી વિદ્યાર્થી પણ પોતાની શક્તિઓને બહાર લાવવામાં નિષ્ફળ જાય છે.

**(થ) બાળકને સામાજિક સેવા કરવા પ્રેરો :**

કર્મયોગ કે નિઃસ્વાર્થ ભાવે સેવા એ મનને પવિત્ર અને શુદ્ધ કરવાનો તેમજ ઇચ્છાશક્તિ અને એકાગ્રતામાં વૃદ્ધિ કરવાનો માર્ગ છે. પોતાના કુટુંબના સભ્યોની, મિત્રોની અને પડોશીઓની સેવા કરવાથી અને સેવાભાવી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં એમને ભાગ લેતા કરવાથી તમારા બાળકમાં નૈતિક મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા જાગશે. એના દ્વારા બીજા સાથેના પોતાના સંબંધો અને વ્યવહારોને જાળવવાની ભાવનાનો પણ વિકાસ થશે.

**ચારિત્ર્ય ઘડતરની સુટેવો કેળવો :**

વાસ્તવિક રીતે તો સંસ્કાર અથવા 'વારસાગત વૃત્તિઓ' મોટા ભાગે બાળકના ચારિત્ર્ય ઘડતરને સુનિશ્ચિત કરે છે. આમ હોવા છતાં પણ એ પ્રારબ્ધવાદ તરફ દોરાઈ ન જાય એ જોવું જોઈએ. એ પણ એટલી જ સાચી વાત છે કે જાગ્રત પ્રયાસોથી સંસ્કારને પણ કાયમને માટે પરિવર્તિત કરી શકાય છે.

**(5) ચારિત્ર્ય એટલે સુટેવોનો જથ્થો :**

આપણો દરેક વિચાર, શબ્દ અને કાર્ય મનમાં એક છાપ છોડી જાય છે. આવી છાપો એટલે સંસ્કાર અને આવા સંસ્કારોનો કુલ સરવાળો આપણાં વર્તન, જીવનવલણ, મૂલ્યોની પસંદગી અને એવી રીતે આપણા ચારિત્ર્યને સુનિશ્ચિત્ કરે છે. રાજયોગ પરના પોતાના વ્યાખ્યાનમાં સ્વામી વિવેકાનંદ આ વાત સમજાવે છે :

'આપણે સરોવરની ઉપમા વાપરીએ. મન એ સરોવર જેવું છે; મનમાં ઉદ્‌ભવતાં દરેક મોજાં કે તરંગ શાંત થાય ત્યારે તદ્દન શમતાં નથી. પણ ભવિષ્યમાં પાછાં ઉદ્‌ભવવાની શક્યતાની નિશાની મૂકતાં જાય છે. મોજાં કે તરંગ ફરી ઉદ્‌ભવવાની શક્યતાવાળી આ નિશાની જેને આપણે સંસ્કાર કહીએ છીએ.'

'જ્યારે ઘણી મોટી સંખ્યામાં આ સંસ્કારો મન પર પડેલા હોય છે ત્યારે એ બધા જોડાઈને ટેવનું રૂપ લે છે. કહેવાય છે કે, 'ટેવ એ બીજો સ્વભાવ છે' પણ એ પ્રથમ સ્વભાવ પણ છે, અને માણસનો સંપૂર્ણ સ્વભાવ પણ છે; અરે ! આપણે જે કંઈ છીએ તે ટેવનું જ પરિણામ છે. એથી જ તો આપણને આશ્વાસન મળે છે, કારણ કે આપણો સ્વભાવ એ જો માત્ર ટેવ જ હોય તો તો આપણે ગમે ત્યારે નવી ટેવ પાડી શકીએ અને જૂની ટેવને છોડી શકીએ...'

'ખરાબ ટેવો છોડવાનો એક માત્ર ઉપાય છે તેનાથી ઊલટી સારી ટેવો પાડવી; જે જે ખરાબ ટેવોના સંસ્કાર પડેલા છે તેમને સારી ટેવોથી કાબૂમાં લેવાના છે. સત્કર્મ કર્યે જ જાઓ, નિરંતર પવિત્ર વિચાર કર્યે રાખો, હલકટ સંસ્કારોને દબાવવાનો એકત્માત્ર ઉપાય એ જ છે. કદી પણ એમ નહિ કહેતા કે અમુક માણસ સુધરી નહિ જ શકે; કારણ કે એ વ્યક્તિ એટલે અમુક પ્રકારનું ચારિત્ર્ય, એક ટેવોનું પોટલું કે જે ટેવો નવી અને વધુ સારી ટેવો વડે કાબૂમાં લાવી શકાય. ચારિત્ર્ય એટલે પુનરાવર્તન પામેલી ટેવ, એટલે કેવળ પુનરાવર્તન પામેલી ટેવ જ ચારિત્ર્યને સુધારી શકે.

તમારા બાળકના ચારિત્ર્ય ઘડતરનાં મૂળભૂત સાધનો આ સત્યમાં રહેલાં છે : 'ચારિત્ર્ય એટલે પુનરાવર્તન પામેલી ટેવ, એટલે કેવળ પુનરાવર્તન પામેલી ટેવ જ ચારિત્ર્યને સુધારી શકે.' કેટલીક ભાવાત્મક સુટેવો જે તમારાં બાળકોએ જીવનમાં આચરવી જોઈએ, એની યાદી નીચે આપી છે. આ બધી ટેવો કેટલા અંશે ભીતર ઝીલી અને ઝીરવી શકાય એનો આધાર તમારી સતત પ્રેરણા અને કેટલે અંશે તમે પોતે આ ટેવોને વિકસાવી શકો છો તેના પર છે.

**(ક) સત્યનિષ્ઠ બનવું :**

સતતપણે સત્યનિષ્ઠ રહેવાથી સત્ય બોલવા માટે અને સત્યપૂર્ણ કાર્ય કરવા માટે આવશ્યક નૈતિક બળ પ્રચૂર માત્રામાં મળે છે. એટલે જ તમારા બાળકને આવાં કાર્યો કરવા માટે પ્રેરો : (1) કોઈ પણ સ્થળ કે વ્યક્તિની મુલાકાત માટેનું વચન આપ્યું હોય તો તેમ જરૂર કરે. (2) પોતાને સોંપાયેલ કોઈ પણ કાર્ય ન કરી શકાયાનું સાચું કારણ આપો. (3) દંભ વિના તેના દોષોને સ્વીકારે. (4) કોઈ પણ બાબતની વાત કરવામાં કે એને રજૂ કરવામાં સત્યાગ્રહી બને. (5) જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવા માટે ટિકિટ લે, વગેરે.

**(ખ) દૈનંદિન નિત્યક્રમ :**

દૈનંદિન નિત્યક્રમ સમયને બચાવે છે, શક્તિના દુર્વ્યયને રોકે છે અને કાર્યક્ષમતા માટે ખાતરી આપે છે. તમારા બાળકને સક્રિય રીતે સામેલ કરીને નિત્યક્રમ નક્કી કરો. પછી એને અહીં દર્શાવેલી પ્રવૃત્તિઓ દરરોજ સુનિશ્ચિત સમયે કરવા માટે વિનમ્રતાથી પ્રેરો : (1) સૂર્યોદય પહેલાં ઊઠી જવું. (2)

પ્રાર્થના કરવી. (3) વ્યાયામ આસન કરવાં. (4) સમયસર ભોજન લેવું. (5) અભ્યાસ કરવો. (6) રાત્રે સમયસર સૂઈ જવું.

જો બાળક નિશ્ચિત કરેલ નિત્યક્રમને આત્મસાત્ નહિ કરે તો અનિયમિત અને અચોક્કસ નિત્યક્રમને લઈને પછી શું કરવું અને ક્યારે કરવું એનો નિર્ણય કરવામાં જ તમારું બાળક પોતાનો કીમતી સમય વેડફી નાખશે.

**(ગ) ખાવામાં વિવેક :**

જીભની સ્વાદવૃત્તિ પર અંકુશ મેળવવો એ સ્વનિયમનનું અગત્યનું કાર્ય છે. હાલનાં બાળકોમાં ઠંડાં પીણાં અને આચરકૂચર જેવો તૈયાર ખોરાક ખૂબ ખાવાની જાણે કે એક ફેશન બની ગઈ છે. આવો આહાર એ તંદુરસ્તી માટે ગંભીર અવ્યવસ્થા ઊભી કરવાનું આમંત્રણ આપવા જેવું છે. અને આવી લતનાં ઘણાં ઉદાહરણો જોવા મળશે. તમારા બાળકને સ્વાભાવિક ખોરાક માટેની સ્વાદવૃત્તિ વિકસાવવા પ્રેરો. ‘અમે જીવવા માટે ખાઈએ છીએ, નહિ કે ખાવા માટે જીવીએ છીએ’ આ મહત્ત્વના કથનને એણે શીખવું જ રહ્યું. અઠવાડિયામાં કે પખવાડિયામાં એક વખત આખા કુટુંબે નાસ્તા કે ભોજનમાં માત્ર બાફેલું-શેકેલું ખાવું. સાથે ને સાથે તમારા બાળકમાં માનવની પાચનની પ્રક્રિયા વિશે જાગૃતિ ઊભી કરો.

**(ઘ) પ્રસંગોપાત ઉપવાસ કરવા :**

અવારનવાર ઉપવાસ કરવાથી મન અને દેહને ઘણો ફાયદો થાય છે. ઉપવાસથી ઇચ્છાશક્તિમાં વૃદ્ધિ થાય છે અને મનની શક્તિ ઉદ્ભવે છે. તે આપણી પાચનની પ્રક્રિયાને ખરેખર જોઈતો આરામ આપીને આપણા શરીરને સારી પરિસ્થિતિમાં રાખે છે. અલબત્ત ઉપવાસ સુયોગ્ય માર્ગદર્શન સાથે કરવા જોઈએ. ઉપવાસમાં ભારે ભોજન પદાર્થો ખાતાં અટકવું, પાણી પીવાનું પ્રમાણ વધારવું અને હળવા ખોરાકથી ઉપવાસ છોડવો, વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

**(ચ) નિયમિત વ્યાયામ :**

તંદુરસ્ત અને આનંદમય જીવન માટે નિયમિત વ્યાયામ આવશ્યક છે. પણ એ બધું બાળકો પર છોડી દો તો કદાચ વ્યાયામની ખોટી પદ્ધતિ પકડી લેશે. એટલે જ તમારા બાળકની ઉંમરને યોગ્ય રહે તેવો વ્યાયામનો કાર્યક્રમ નક્કી કરવો અને એ માટે નિષ્ણાતોનું માર્ગદર્શન લેવું. દેહમન બંનેનો સુસંવાદી વિકાસ કરવા માટે વ્યાયામનું આદર્શરૂપ છે યોગાસન. સાથે ને સાથે તમારા બાળકને ઊઠતી વખતે તેમજ બેસતી વખતે કેવા અંગવિન્યાસ સાથે ઊઠવું-બેસવું તે પણ શીખવો. આને લીધે તંદુરસ્ત દેહની જાગૃતિ વિકસાવવામાં બાળકને સહાય મળે છે અને તેમાં તે પોતાના દેહની ભાષાને સમજી શકે છે.

**(છ) ધ્યેય સુનિશ્ચિત કરો :**

જીવનમાં ચોક્કસ ધ્યેય હોવાથી હેતુ, પ્રેરણા અને દિશા મળી રહે છે. આવનારી પરીક્ષામાં વધુ સારા ગુણ મેળવીને સુધારો કરવાની કે રમતગમતની કોઈ પણ ટુકડીમાં સામેલ થવામાટે ગુણવત્તા કેળવવાની ચર્ચા તમે તમારા બાળક સાથે કરતા રહો. સાથે ને સાથે દૃઢ ચારિત્ર્યગઠન કરવું; તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા ધરાવવી અને તંદુરસ્ત દેહાકૃતિ જેવાં જીવનભરનાં હેતુઓ અને ધ્યેયની પણ પણ ચર્ચા કરો. પોતાના સુનિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિ માટે કઈ વસ્તુ કરવી આવશ્યક છે અને કોને છોડી દેવી જોઈએ તે પ્રત્યે તેનું ધ્યાન દોરો. આવાં ધ્યેય બાળકનું મન કેન્દ્રિત કરે છે અને એને જવાબદારીની ભાવના પણ અર્પે છે.

**(જ) આત્મનિરીક્ષણ :**

જીવન એટલે પૂર્ણતા પ્રત્યેની સતત પ્રગતિ. આપણી પૂર્ણતા પ્રત્યેની સતત પ્રગતિયાત્રાનું ગુરુચાવી જેવું પાસું એટલે અવિરત આત્મનિરીક્ષણ. આ આત્મનિરીક્ષણ વગર પ્રગતિનું સાચું માપન થતું નથી. દરરોજ સૂતા પહેલાં તમારા બાળકને પાંચ મિનિટ માટે પોતે શું વિચાર્યું, શું બોલ્યો અને આખા દિવસમાં શું કર્યું તે યાદ કરાવો અને બીજે દિવસે વધારે સારું કેમ કરવું એનો નિશ્ચય કરાવો.

**(ઝ) સ્મૃતિ :**

કેટલીક વૈશ્વિક પ્રાર્થનાઓ, સુભાષિતો, શાસ્ત્રોના પસંદગીયુક્ત પરિચ્છેદો અને પ્રેરણાદાયી ઉદ્ધરણો તમારું બાળક યાદ કરતું રહે તેવો વિવેકપૂર્વક આગ્રહ રાખવો. આને લીધે બાળકની સ્મૃતિશક્તિમાં વધારો થશે અને તેના મનની એકાગ્રતા પણ વધશે. પછીથી પોતાની મોટી ઉંમરે તમારો પુત્ર કે પુત્રી આવા પ્રેરણાદાયી વિચારો પ્રતિબિંબિત કરીને પોતાના જીવનને વધુ સમૃદ્ધ બનાવશે.

**(ટ) શિષ્ટાચારપૂર્વકની સામાજિક ઢબછબ :**

ખુશદાયી રીતભાત, પ્રભાવક અંગવિન્યાસ, ખુશ કરતા મુખના હાવભાવો, સસ્મિતવદન, લાલિત્યપૂર્ણ હલનચલન, વગેરે આકર્ષક અને મૈત્રીપૂર્ણ વ્યક્તિત્વને વિકસાવવા તમારા બાળક માટે આવશ્યક છે. આ ઉપરાંત તમારા બાળકને બહુ મોટેથી ન બોલવા, અત્યંત મૃદુ અવાજે ન બોલવા, વાતચીતમાં પોતે જ અગ્રભાગ ભજવે એવું ન કરવા, બીજાઓ પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા હોય ત્યારે શાંત રહીને સાંભળવા અને વિરોધી મતાભિપ્રાય રજૂ કરતી વખતે વિનમ્ર અને મૃદુ રહેવા જેવી વાતચીત કે પરિસંવાદની કળા શીખવજો.

**(ઠ) સૌને સન્માન આપતાં શીખવો :**

વડીલોને ચરણસ્પર્શ કરીને પ્રણામ કરીને સન્માન આપવું તે આપણા સમાજની અદ્‌ભુત અને પ્રાચીન રીતિ છે. આ પ્રાચીન પ્રણાલીનું અનુસરણ કરવાથી તમારા બાળકમાં વિવેક અને વિનમ્રતાની ભાવના જાગશે અને તેને વડીલોના આશીર્વાદ પણ સાંપડશે.

**(ડ) શ્રમને સન્માન :**

શ્રમના ગૌરવને સમજવાથી બાળકો લોકશાહીની સમાનતાની ભાવનાને વિકસાવવા સક્ષમ બને છે. તમારા બાળકને એનો પોતાનો ઓરડો, સ્નાનઘર સાફ કરવા માટે પ્રેરતા રહો. તે કૂડોકચરો યોગ્ય સ્થળે નાખી આવે તેમજ પોતાનાં કપડાં પોતાની મેળે ધૂએ તે માટે પણ પ્રેરતા રહો. સાથે ને સાથે તમારું બાળક નોકર-ચાકર અને મજૂર સાથે વિવેકી અને માયાળુ રહે તેવો આગ્રહ રાખો.

**(ઢ) સામાન્ય ચીજવસ્તુઓને પણ સારી રીતે રાખો :**

તમારા બાળકને દરરોજે દરરોજ ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓ જેવી કે સાવરણી, જોડાં, વગેરેને પણ સુચારુ રીત રાખવાનું શીખવો. આ બધી ચીજવસ્તુઓ હંમેશાં એનો ઉપયોગ કરી લીધા પછી એના યોગ્ય સ્થળે જ મૂકવી જોઈએ. આ ટેવ તમારા બાળકમાં આસપાસના જગતને સન્માન આપવાની અને સ્વચ્છતા-સુઘડતાની ભાવના જગવશે.

**(ણ) વિચાર-વિનિમયની કળા :**

બાળકો સ્વાભાવિક રીતે જ પોતાનાં અનુભવો, લાગણીઓ, વિચારોમાં કુટુંબીજનો અને મિત્રોને સહભાગી બનાવવા આતુર હોય છે. આ મહત્ત્વની પ્રક્રિયા એમની વિચાર-વિનિમયની કળામાં સુધારો લાવે છે. આ કળા વિકસાવવા તમારાં બાળકોને પ્રેરો અને કોઈ પણ એક વિચાર કે ઘટનાનું ચિંતનમનન કરવા, મિત્રો અને કુટુંબીજનોના વર્તુળ સમક્ષ એ વિશે બોલવા માર્ગદર્શન આપો. વિચાર-વિનિમયની આ કળા એમનાં વિચારવાણીની સ્પષ્ટતા વિકસાવશે, તેમનામાં આત્મશ્રદ્ધા ઊભી કરશે અને એને લીધે એને જાહેરમાં બોલવાના ભય અને શરતને દૂર કરવામાં સહાય મળશે.

**(ત) રચનાત્મક ટેવો પાડો :**

બાળકની ઊછળતી શક્તિને ઉમદા અને ઉપયોગી અભિવ્યક્તિ પ્રાપ્ત થાય તે અગત્યનું છે. જો આ ઊછળતી શક્તિને સુયોગ્ય માર્ગદર્શન આપવામાં ન આવે તો પોતાની જાતને ભાંડવી, હિંસા કે ગુન્હાખોરી જેવી માનવવિરોધી પ્રવૃત્તિઓ તરફ વાળશે. તમારા બાળકને રમતગમત, સંગીત, ચિત્ર, રાંધણકળા, બગીચાની જાળવણી જેવી સુટેવો માટે પ્રેરણા આપો.

**(થ) તમારા બાળકને મહાન પ્રતિભાઓથી સુમાહિતગાર કરો :**

જીવન જીવનને પ્રેરે છે. જીવનકથાઓ, અમરચિત્ર કથા જેવી સાંસ્કૃતિક હાસ્યકથાઓ અને વાર્તાકથન દ્વારા તમારા બાળકને મહાન પૌરાણિક પાત્રો, સંતો, ઐતિહાસિક પાત્રો, સ્વાતંત્ર્યવીરો, સામાજિક કાર્યકરો, વૈજ્ઞાનિકો વગેરેથી સુમાહિતગાર કરો. આને લીધે બાળકમાં પોતીકાપણું જાગશે અને રાષ્ટ્ર અને સંસ્કૃતિ પ્રત્યેનો આપ્તભાવ જાગશે. જો આવો સંબંધભાવ બાળપણમાંથી જ રેડવામાં ન આવે તો તમારું બાળક પોતાના વિશેની સ્પષ્ટ ઓળખાણ વિનાનું બની રહેશે. સાથે ને સાથે મહાન રાષ્ટ્રનાયકોના વિશે વાંચવાથી કે શીખવાથી બાળકમાં એમના ઉમદા ગુણોને જીવનમાં ઉતારવાની પ્રેરણા પણ મળે છે.

**(દ) સ્વામી વિવેકાનંદ પ્રેરક આદર્શરૂપે :**

એક અનંત પ્રેરણાદાયી આદર્શરૂપ મહામાવન અને એમના મનના સ્વાભાવિક મહાનાયકરૂપે ભારતના લાખો યુવાનો માટે આજે પણ સ્વામી વિવેકાનંદ ઊભરી આવે છે. તેમનું વ્યક્તિત્વ જ અનેકમુખી પ્રતિભાવાળું હતું. એટલે જ જીવનનું પ્રત્યેક પાસું સુસંવાદી રીતે એમના વ્યક્તિત્વમાં નીખરતું. વ્યાયામપટુ, કુશળ મલ્લયોદ્ધા જેવા સ્વામીજીએ પોતાની દેહયષ્ટિને કોઈ પણ ભયંકર સંજોગોનો સામનો કરી શકે તેવી રીતે ઘડી હતી. તેઓ સારા ઘોડેસવાર, નિષ્ણાત સંગીતકાર, કુશળ વાદ્યસંગીતજ્ઞ હતા અને રસોઈકળામાં પણ નિષ્ણાત હતા. અંગ્રેજી ભાષા પર જબરું પ્રભુત્વ ધરાવનાર સ્વામીજી એક અજેય વક્તા, સૌને મંત્રમુગ્ધ કરી દેનારી વક્તૃત્વશક્તિવાળા, પ્રસન્ન દેહમનથી પરસ્પર વાર્તાલાપ કરવામાં કુશળ અને અનન્ય હાજરજવાબી બુદ્ધિવાળા હતા. તેઓ ત્યાગ અને સેવા સમર્પણ, કરુણાપ્રેમ અને સાહસીક્તાનું અનન્ય ઉદાહરણ બની રહ્યા. સૌને મુગ્ધ કરી દેતી એકાગ્રશક્તિ ધરાવતા સ્વામીજી ધ્યાનના અઠંગ અભ્યાસુ હતા. તેમણે અનુપમ કાર્યનિષ્ઠા દાખવી હતી. પોતાના બાળપણથી જ તેઓ જીવનના ગહનતમ હેતુને સમજવા અવિરત ડૂબ્યા રહેતા. ભીતરની દિવ્યતાની શોધને એમણે આદર્શ સ્વરૂપે સ્વીકારી હતી. એમની નિષ્ઠાને કારણે તેઓ પોતાના ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં આવ્યા અને એમની કાળજી હેઠળ તેઓ એક પૂર્ણ વ્યક્તિત્વવાળા મહામાનવ તરીકે ઊભરી આવ્યા. જીવનધ્યેય પ્રાપ્ત થતાં, તેઓએ પૂર્વમાં અને પશ્ચિમમાં પુનર્જાગરણ લાવીને ઘનિષ્ઠ અને સર્જનાત્મક જીવન વિતાવ્યું. ભાવાત્મક અભિગમથી જ એમણે કોઈ પણ વસ્તુને સુધારવા માટે બધી તકો ઝડપીથ લીધી હતી. તેઓ પોતાના ભોગે પણ બીજાને સહાય કરવા તત્પર રહેતા અને મનની પૂરી તાકાતથી અન્યાયનો વિરોધ પણ કરતા.

ભારત સરકારે 1985ના વર્ષથી સ્વામી વિવેકાનંદના જન્મદિન 12 જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવદિન રૂપે ઊજવવાનું નક્કી કર્યું છે અને એ પ્રમાણે સમગ્ર રાષ્ટ્ર 12મી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રીય યુવદિનનું મહાપર્વ ઊજવે છે.

## 10.6 શિક્ષક એક સંયોજક રૂપે

સંયુક્ત પ્રયાસોની શક્તિ પર જ કોઈપણ સામાજિક મહાકાર્યની સફળતાનો આધાર છે. પોતાના કાર્યને સુસંગઠિત કરવા ભારતના પોતાના શિષ્યોને સંબોધીને સ્વામી વિવેકાનંદે 1894માં એક પત્ર લખ્યો હતો. એ પત્રમાં એમણે લખ્યું :

'એક મહાન ભાવિ ભારત સર્જવાનું સઘળું રહસ્ય સંગઠનમાં, સત્તાને એકત્રિત કરવામાં, સહુની ઈચ્છાશક્તિઓના સમન્વયમાં સમાયેલું છે... એક મનવાળા થવું એ સમાજનું રહસ્ય છે.... ક્ષુલ્લક બાબતો માટે વાદવિવાદ અને ઝઘડા વધારે કર્યા કરશો તેમ તેમ ભારતના ભાવિનું સર્જન કરનારાં જે શક્તિસંગ્રહ અને સત્તા છે તેનાથી તમે દૂર દૂર જતા જશો. તમે એ ખસૂસ ધ્યાનમાં રાખજો કે ભારતનું ભાવિ સંપૂર્ણપણે તેના પર અવલંબે છે. ઈચ્છાશક્તિનું એકીકરણ, સમન્વય અને એ બધાંને, એક મધ્યકેન્દ્રમાં લાવવા એ જ મુખ્ય મુદ્દો છે.'

**શિક્ષકમાં સામજની શ્રદ્ધેયતા :**

આપણાં બાળકોનું ચારિત્ર્ય ઘડતર નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની પ્રબળ આધારશિલા પર

કરવાના આપણા રાષ્ટ્રીય ભગીરથકાર્યમાં વિવિધ સામાજિક બળોનું સુયોગ્ય સંયોજન કરવું આવશ્યક છે. આવું સંયોજન કરી આપે તેવું એક માત્ર સામાજિક વ્યક્તિત્વ શિક્ષક છે, કારણ કે તે સમાજનાં સન્માન અને વિશ્વાસ ધરાવે છે. આ વિશ્વાસ આપણા રાષ્ટ્રની મહાન મૂડી છે.

**(1) ચારિત્ર્યઘડતર કરનાર જૂથનું સંયોજન :**

શિક્ષક તરીકે તમારે હવે ચારિત્ર્ય ઘડતરની આ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં અને તેને આગળ દોરી જવા માટે પવિત્ર શ્રદ્ધાની ગતિ પ્રેરતી શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. આ તમારી એક પવિત્ર સામાજિક જવાબદારી છે.

આ જવાબદારી ઉત્તમ રીતે તો સામૂહિક પ્રયત્ન દ્વારા જ પૂર્ણ થાય છે. ચારિત્ર્યઘડતરના આ જૂથમાં માતાપિતા, શાળાનું સમગ્ર સંચાલનતંત્ર, સમાજના સભ્યો કે સામાજિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. શીક્ષક તરીકે તમારે જૂથના સભ્યો સાથે સહયોગથી કામ કરવું જોઈએ અને એક પ્રબળ સંબંધના તાંતણે બંધાવું જોઈએ. ચારિત્ર્ય ઘડતરના આ ઉત્ક્રાંતિ કાર્યમાં એમનું સામેલ થવું એ તમારાં વલણ, પ્રકૃતિ અને મૂલ્યનાં પૂરતાં જ્ઞાનસમજણ પર આધાર રાખે છે. સુસંવાદી જૂથભાવના ઊભી કરવા માટે અહીં કેટલાંક ઉપયોગી સૂચનો આપીએ છીએ.

**વિદ્યાર્થીઓને સહભાગી બનાવો**

ૐ सहनाववतु सहनौभुनक्तु सहवीर्यं करवावहै ।

तेजस्वीनावधीतमस्तु मा विद्विषावहै ॥

'અમને બંનેને (ગુરુ અને શિષ્યને) જ્ઞાનભંડાર ખોલી આપીને રક્ષો; અમને બંનેને જ્ઞાનનાં ફળનું આદાનપ્રદાન કરાવીને સમૃદ્ધ બનાવો; અમે બંને સાથે મળીને ઊર્જાપ્રાપ્તિ કરીએ. અમે જે કંઈ પણ ભણીએ તે અમારી શક્તિનો સ્રોત બની રહો. અમે બંને એક બીજાની ઈર્ષ્યા ન કરીએ.' ઉપનિષદની આ સુખ્યાત પ્રાર્થના છે.

એટલે કે ચારિત્ર્ય ઘડતરના જૂથમાં વિદ્યાર્થીઓનો તો સમાવેશ થાય જ છે. એમની સક્રિય ભાગીદારી સિવાય જ્ઞાનનું સંક્રમણ થતું નથી અને ચારિત્ર્ય ઘડતરનું કાર્ય પણ થતું નથી. નિર્ણય લેવાની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને સહભાગી બનાવો. આવી ભાગીદારી તેમનામાં પોતીકાપણું જગાડશે અને ચારિત્ર્ય ઘડતરની પ્રવૃત્તિઓનો આદર કરવા તેમને પ્રેરશે.

**(2) વિદ્યાર્થીઓને માન આપો :**

દરેક વિદ્યાર્થીમાં, અરે ! સૌથી વધારે તોફાનીમાં પણ દિવ્ય શક્તિ રહેલી છે એટલું મનમાં યાદ રાખો. આવી ભાવના રાખવાથી વિદ્યાર્થી સાથેનાં આપણાં વર્તનભાવ એમના ગૌરવને યોગ્ય રહેશે અને હેતાળ પણ બનશે. જે રીતે તમે તમારા વિદ્યાર્થીઓને સંબંધો છો કે ભાવવર્તન રાખો છો તેનો વિદ્યાર્થીઓનાં ચારિત્ર્ય ઘડતર અને વિકાસમાં ઘણો મોટો પ્રભાવ પડે છે. તમારા વિદ્યાર્થીને માન-આદર આપવાથી તમારું કાર્ય પણ વિદ્યાર્થીમાં રહેલા નારાયણની પૂજાનું સ્વરૂપ બની જશે.

**(ક) પ્રેમાળ સંબંધ કેળવો :**

મૂલ્યોના સંક્રમણનું સૌથી વધારે શક્તિશાળી માધ્યમ તો છે પ્રેમ. જો તમે વિદ્યાર્થીઓ સાથે એની કાળજી અને ચિંતા સેવતો હેતાળ સંબંધ રચી શકો તો તમારા બંનેના પરસ્પરનાં ભાવવર્તન અને આપલેમાં સુધારો થશે; તેને લીધે તમારી પાસેથી શીખવાની તેની ઇચ્છા પ્રબળ બનશે તેમજ તમારા નૈતિક શિક્ષણને જીવનમાં ઉતારવા માટે પણ તેનામાં ઇચ્છા ઊભી કરશે. વિદ્યાર્થીના જન્મદિવસે શુભભાવના પ્રગટ કરવા જેવાં કે એમના કુટુંબ વિશે ક્ષેમકુશળ પૂછવા જેવાં નાનાં કાર્યો પણ નજીકનો નાતો બાંધી આપે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે : 'જેમનું જીવન એક નિઃસ્વાર્થ જ્વલંત પ્રેમરૂપ છે, તેવા પુરુષોની દુનિયાને જરૂર છે. એવા પ્રેમનો પ્રત્યેક શબ્દ વજ્ર જેવી અસર કરશે.'

**(ખ) વિદ્યાર્થીઓને એમના વ્યક્તિગતરૂપે પણ જાણો :**

થોડી ક્ષણો માટેનો પણ પ્રત્યક્ષ સંપર્ક-સંબંધ વિદ્યાર્થી પર એક ઘણો મોટો પ્રભાવ પાડે છે.

આને લીધે એમની શક્તિઓ અને નિર્બળતાઓનો તમને ખ્યાલ આવશે. સાથે ને સાથે એમની સામાજિક સાંસ્કૃતિક પૂર્વભૂમિકાનો પણ ખ્યાલ આવી જશે. એને લીધે એમની સાથેનાં કાર્ય અને વ્યવહારમાં તમને ઘણી મોટી સહાય મળશે. વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત રીતે ધ્યાન આપવાનો પ્રયત્ન કરો.

**(ખ) એમને સંઘર્ષ કરવા દો :**

ઝઝૂમવું એ જ જીવનનો આનંદ છે. વિદ્યાર્થીઓને એમની સમસ્યાઓનું પૃથક્કરણ કરવામાં અને જીવનમાં દ્વિધા ભરેલી પરિસ્થિતિને સમજવામાં માર્ગદર્શન આપો; પણ તેઓને પોતાની મૂંઝવણોનો ઉત્તર સ્વતંત્ર રીતે તેઓ મેળવતાં શીખે તે માટે પ્રેરો; એમને ભીતરના અવાજને સાંભળવાની કળા કેળવતા કરો; તાર્કિક રીતે વિચારતા અને દૃઢ તેમજ ચોક્કસ દૃષ્ટિબિંદુ કેળવતા કરો. આવું સ્વશિક્ષણ તેમને ચારિત્ર્યનિર્માણની મહાન ઉત્ક્રાંતિમાં તમારા જવાબદાર ભાગીદાર બનાવશે.

**(ઘ) એમના પ્રત્યે ક્યારેય કઠોરતાથી ન જોતા :**

કોઈ પણ વિદ્યાર્થીને ક્યારેય નિરર્થક કે નકામા ન ગણી કાઢવા. તમારો અભિપ્રાય જ વિદ્યાર્થીના વર્તનવ્યવહારને ઘડે છે. સાથે ને સાથે બીજા વિદ્યાર્થીઓની હાજરીમાં વિદ્યાર્થીની ભૂલોની જાહેરમાં ટીકા ન કરો. એને લીધે એની લાગણીને ઠેસ પહોંચે છે અને એ એના આત્મવિશ્વાસને ડગમગાવી દે છે. આવું કરવાને બદલે એમને ધીમે ધીમે પોતાનાં વર્તનભાવમાં કેવી રીતે સુધારો લાવવો તે બતાવો.

**(ચ) ચારિત્ર્યને જ તમારો માપદંડ બનાવો :**

વિદ્યાર્થીઓની વિદ્યાકીય ક્ષેત્રની સિદ્ધિઓ કરતાં તેમના ચારિત્ર્ય પર પણ હંમેશાં ભાર દેવો જોઈએ. એમનાં વલણરુચિ, મિજાજ કે જુસ્સો અને મૂલ્યો એમના જીવનમાં સૌથી વધુ મહત્ત્વનાં બની રહે છે. એમના ચારિત્ર્યનો નિર્ણય કરવા સ્વામીજીના આ શબ્દો તમારે હંમેશાં યાદ રાખવા :

‘વ્યક્તિના ચારિત્ર્યનો નિર્ણય કરવો હોય તો માત્ર એનાં મોટાં કાર્યો જ તપાસવાનાં ન હોય. જિંદગીના કોઈ એકાદ કાળે મૂર્ખ વ્યક્તિ પણ મહાન બને. વ્યક્તિ નાનાં નાનાં કાર્યો કરતી હોય ત્યારે તેને જોવી જોઈએ. આ નાનાં કાર્યોમાંથી મહાન વ્યક્તિના સાચા ચારિત્ર્યની પિછાન થશે. મહાન સંયોગો ક્ષુદ્રમાં ક્ષુદ્ર વ્યક્તિને પણ કોઈ પ્રકારની મહત્તા પ્રાપ્ત કરવા પ્રેરે છે, પણ એ જ ખરી મહાન વ્યક્તિ છે, જે હરકોઈ કાર્ય કરતી વખતે ચારિત્ર્યમાં એટલી જ મહાન રહે છે.’

**મા-બાપને પણ આ મહાન કાર્યમાં જોડો**

શાળાના વર્ગખંડ અને ઘર વચ્ચેનો સક્રિય સહકાર આવશ્યક છે. કોઈપણ વિદ્યાર્થીની સફળતાનો પ્રત્યક્ષ આધાર શિક્ષક-આચાર્ય અને માબાપ વચ્ચેના સહસંપર્કની ગુણવત્તાના પ્રમાણ પર છે.

**(3) માતાપિતાને સક્રિય ભૂમિકા ભજવવા દો :**

માતાપિતાના સક્રિય સહકાર વિના વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરના કાર્યમાં ઘણી ઓછી પ્રગતિ શક્ય છે. જો માતાપિતાને શાળામાં શીખવાતાં મૂલ્યોથી પરિચિત કરવામાં ન આવે તો મા-બાપ ઘરે પોતાનાં સંતાનોને કદાચ એનાથી વિરોધી જીવનસંદેશ આપી બેસશે. એટલે જ માબાપ તમારા કાર્યક્ષેત્રમાં કોઈ ઘૂસણિયા છે એમ ન માનશો. તેઓ તો ચારિત્ર્યઘડતરના મહાન કાર્યમાં તમારા મુખ્ય સહસાથી છે. માબાપનાં બાળકો વિશેના અભિપ્રાય એમની પાસેથી મેળવો અને એ અભિપ્રાયને નજરઅંદાજ ન કરો; સાથે ને સાથે જ્યારે જ્યારે જરૂર લાગે ત્યારે તેમની સહાયને આવકારો.

**(ક) માતાપિતા સાથે બાળકની બાબતોમાં વિચારોની આપલે કરતા રહો :**

જ્યારે શાળામાં મા-બાપ આવે ત્યારે કે પત્ર દ્વારા, ટેલીફોન દ્વારા, ઈમેઈલ દ્વારા મા-બાપની સાથે સંપર્કસંબંધ સ્થાપવાનો પ્રારંભ કરો. યાદ રાખો, માત્ર તેમનાં બાળકો જ્યારે ગેરવર્તન કરે ત્યારે જ તેમની સાથે પત્ર વ્યવહાર ન કરવો, પણ સાથે ને સાથે એ બાળક કંઈ સારું કાર્ય કરે છે એની જાણ કરવા માટે પણ તમારે એમની સાથે સમાચારની આપલે કરવી જોઈએ. આને લીધે માતાપિતા વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરમાં વધારે રસ લેતા થશે અને જ્યારે એમની મદદની જરૂર હોય ત્યારે તેઓ આતુરતાપૂર્વક પ્રતિસાદ આપશે.

**(ખ) હાર્દરૂપ મૂલ્યોની પસંદગીમાં માબાપનાં સલાહસૂચન મેળવો :**

હેતુપૂર્ણ અને રચનાત્મક રીતે મૂલ્યોને વિદ્યાર્થીના જીવનમાં ઉતારવા તમારી પાસે એક પદ્ધતિસરનો અભિગમ હોવો જોઈએ. વિદ્યાકીય વર્ષમાં હાર્દરૂપ મૂલ્યોની પસંદગી પર વધારે ભાર દેવાનો છે કે ધ્યાન કેન્દ્રિત કરવાનું છે, અને આ મુખ્ય પાસું છે. આવાં મર્મરૂપ મૂલ્યોની પસંદગીમાં માબાપને પણ સામેલ કરો અને ઘરે એ બધાં મૂલ્યોને વિદ્યાર્થીના જીવનમાં કેવી રીતે રેડી શકાય એની પણ ચર્ચા કરો.

**(ગ) ચારિત્ર્ય નિર્માણના અભિગમો વિશે માબાપને માર્ગદર્શક બની રહો :**

માતાપિતાને શિક્ષણકળાની તાલીમ મળી નથી હોતી. એટલે જ ચારિત્ર્ય નિર્માણના ભગીરથકાર્યમાં શાળા સાથે કેવી રીતે સથવારો નિભાવવો એના વિશે એમને સ્પષ્ટ ખ્યાલ ન પણ હોઈ શકે. બાળકોને પ્રેરીને માતાપિતા પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે તે માટે એમને સહાયરૂપ બનો. જરૂર પડે તો ચારિત્ર્ય નિર્માણનાં સ્રોત કે ક્ષેત્રો અને આદર્શ – વિચારો પણ પૂરા પાડતા રહો.

**(ઘ) માતાપિતાને તજ્જ્ઞરૂપે આમંત્રણ આપો :**

કોઈ પણ વિશિષ્ટ મૂલ્ય કે વિષય વિશેષનો અભ્યાસ કરતી વખતે માતાપિતાને નિયમિત રીતે તજ્જ્ઞ તરીકે આવકારો અને એમનાં જ્ઞાન અને અનુભવનો લાભ લો. (National Curriculum)

**શિક્ષકોની સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહન આપો.**

કોઈ પણ શાળા કે સંસ્થા શિક્ષકોના સ્વૈચ્છિક અને સામૂહિક સાથ-સહકાર વિના ચારિત્ર્યનિર્માણ કરતી કેળવણીમાં સફળતાપૂર્વક પ્રવૃત્ત ન રહી શકે.

**(4) તમે રાષ્ટ્રના ઘડવૈયા છો એમ વિચારો :**

ચારિત્ર્યનિર્માણના આ ઉત્ક્રાંતિભર્યા મહાન કાર્યના નેતારૂપે શિક્ષકોને પોતાની છબી નિર્મળ હોય એ વધારે અગત્યનું છે. તમે શાળા કે શિક્ષણ સંસ્થામાં માત્ર કર્મચારી નથી, પરંતુ એક પવિત્ર સામાજિક જવાબદારી અદા કરતા ભારતના મહત્ત્વના પ્રબુદ્ધ નાગરિક છો, એ તમારે હંમેશાં ધ્યાનમાં રાખવું જોઈએ. આ દૈનંદિન જીવનમાં માનસિક તણાવ કે હતાશા નિરાશાથી તમે ઘેરાઈ જાઓ કે અકળાઈ જાઓ ત્યારે તમારે તમારી જાતને અને તમારા સહસાથીઓએ યાદ રાખવું જોઈએ કે તમે તો મૂલ્યો અને સંસ્કૃતિના જ્યતિર્ધર છો – 'રાષ્ટ્રના મૂક ઘડવૈયા છો'. આવી જાતની પોતાની છબી આ મહાન કાર્યમાં એક પ્રબળ પ્રેરણાનું સાધન બની રહેશે. સ્વામી વિવેકાનંદે અવારનવાર આપેલ આ આહ્‌વાનને શિક્ષકો જ સૌથી વધારે સારો પ્રતિસાદ આપી શકે તેમ છે.

'આજે અસ્તિત્વ ધરાવતી માનવજાતનો જો એક થોડોક જ ભાગ સ્વાર્થી, સંકુચિતતા અને ક્ષુદ્રતાના વિચારો છોડી દે, તો આવતીકાલે આ પૃથ્વી સ્વર્ગ બની જાય, માત્ર યંત્રસામગ્રીથી અને ભૌતિક જ્ઞાનમાં વૃદ્ધિ થવાથી આ જગત કદીયે સ્વર્ગ બની શકે નહિ. જેમ આગમાં ઘી હોમવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય તેમ તે માત્ર દુઃખમાં જ વધારો કરશે.

આપણે ત્યાં પણ જ્યારે દેશની ખાતર પોતાના સર્વસ્વનું બલિદાન આપવાને તૈયાર હોય એવા મનુષ્યો તૈયાર થશે ત્યારે ભારત પણ દરેક રીતે મહાન થશે. દેશને મહાન બનાવનાર તો માણસો છે.'

**(ક) સંઘભાવનાને વિકસાવો :**

શિક્ષકોમાં કેટલા અંશે સંઘભાવના છે તેના પર શાળામાં વિદ્યાર્થીઓના ચારિત્ર્ય-ઘડતરના મહાન કાર્યની સફળતાનો આધાર રહેલો છે. આવો સામૂહિક સહકારી સંઘભાવ વિકસાવવા સામૂહિક અભિગમ માટે તેમજ અરસપરસ માન-આદર અને વિશ્વાસને કેળવવા, નિષ્ણાતપણામાં સૌને સહભાગી બનાવવા, કોઈના પ્રત્યે આંગળી ચીંધવાની વૃત્તિથી દૂર રહેવા તમારે તમારા પક્ષે તમારાં કેટલાંક વ્યક્તિગત વલણોને છોડી દેવાં પણ પડે.

**(ખ) સંસ્થાની પડખે ઊભા રહો :**

તમારી સાથે કામ કરતા શિક્ષકો સાથે ભાવાત્મક અને તંદુરસ્ત વલણ રાખો અને તેમના વિશે રચનાત્મક ભાવે વાણી ઉચ્ચારો. પણ વિદ્યાર્થીઓના સાર્વત્રિક કલ્યાણ, શાળાપ્રણાલી અને પોતાના વ્યવસાય વિશે સંચાલકોને કે સત્તાવાહકોને માહિતી આપતી વખતે પૂરતા પ્રામાણિક રહો.

**વહીવટકારોને સહકાર આપો :**

ચારિત્ર્ય નિર્માણની કેળવણીની સફળતા માટે શાળા-સમાજનો દરેકેદરેક સભ્ય એટલે કે શિક્ષક, આચાર્ય, વહીવટી કર્મચારીઓ, બસનો ડ્રાઈવર, માળી અને ઝાડુ વાળનારો પણ શાળામાં શીખવાતાં મુખ્ય અને હાર્દ મૂલ્યોને પ્રતિબિંબિત કરે એ સૌથી વધારે મહત્ત્વનું છે. તદુપરાંત મૂલ્યલક્ષી કેળવણી એ શાળાની બધી પ્રવૃત્તિઓનું આધારભૂત કેન્દ્ર બનવું જોઈએ. જ્યારે શિક્ષકો વહીવટ કરનારાઓને કે સંચાલકોને પૂરેપૂરો સાથ-સહકાર આપે ત્યારે આ બધાં ધ્યેય સિદ્ધ કરવાં શક્ય બને.

**(5) રચનાત્મક અને ભાવાત્મક ભાવે સહસાથી બનો :**

કોઈપણ વ્યક્તિ તેના પર પ્રભાવ પાડતી નીતિઓને ઘડવા અને અમલમાં મૂકવા માટે મહત્ત્વનો ભાગ ભજવી શકે અને એ મહાન કાર્ય કરવું જોઈએ — એ સિદ્ધાંત પર લોકશાહીનું વહીવટીતંત્ર કાર્ય કરે છે. વહીવટકાર સૂચનો, ચર્ચાવિચારણા, ઉકેલો અને અમલીકરણ જેવાં માધ્યમસ્રોતો ઊભાં કરીને એક સંવાહક કે સુવિધા ઊભી કરનાર વ્યક્તિ તરીકે કાર્ય કરે છે. તમારી રચનાત્મક અને ભાવાત્મક ભાગીદારીથી આવી વ્યવસ્થાને વધુ શક્તિશાળી બનાવવાનું એક શિક્ષક તરીકે તમારા માટે વધુ આવશ્યક છે.

**(ક) વહીવટકારના દૃષ્ટિબિંદુને પણ ધ્યાનમાં લેતાં શીખો :**

કોઈ પણ પરિસ્થિતિનો ઉકેલ લાવવા વહીવટકારના કે સંચાલકોના દૃષ્ટિબિંદુને ગંભીરતાથી ધ્યાનમાં લેવું જોઈએ. એનું કારણ એ છે કે વહીવટકારને વહીવટ ચલાવવાનો એક સર્વાંગી દૃષ્ટિકોણ હોય છે અને તે શૈક્ષણિક પ્રક્રિયાઓ કે કાર્યો અને નીતિઓને શાળામાં અમલમાં મૂકવા માટે જવાબદાર પણ છે. બીજાનાં દૃષ્ટિબિંદુઓને ધ્યાનમાં લેવાં કે સાંભળવાં એ કોઈ પણ જાતના સંપર્ક સંબંધો સાધવા માટે પાયાની બાબત છે.

**સામૂહિક અને સામાજિક જાગૃતિ ઉજાગર કરો :**

ચારિત્ર્ય ઘડતરની ઉત્ક્રાંતિની સફળતામાં સ્થાનિક સમાજ કે લોકસમૂહનું સક્રિયપણે સામેલ થવું એ ઘણું મહત્ત્વનું પાસું છે. આ પ્રકારની શાળાસમાજની સહભાગીદારી નિર્માણ કરવાની જવાબદારી શિક્ષકોની અને શાળાના સંચાલકોની છે.

**(6) તમારી શાળાને ભાવાત્મક લક્ષમાં લાવો :**

શાળાને સમાજકેન્દ્રી બનાવવા અને એ રીતે ચારિત્ર્ય ઘડતરના આ મહાનકાર્યમાં સમાજની સેવા અને હૃદયપૂર્વકનો સાથ-સહકાર મેળવવા તમારે સમાજનો નૈતિક અને આર્થિક સહકાર મેળવવો જોઈએ. બેંક જેવી નાણાકીય સંસ્થાઓ, વેપાર ઉદ્યોગો, સહકારી મંડળીઓ કે સમિતિઓ, ધર્મસંસ્થાઓ તેમજ પોલિસ, મ્યુનિસિપલ, ફાયરબ્રિગેડ જેવા સરકારી વિભાગો અને સ્થાનિક વહીવટીતંત્ર સુધી પહોંચો અને પરસ્પર ભાવાત્મક સંપર્કસંબંધ રચવા માટે નિષ્ઠાપૂર્વક એમનો સહકાર માગો. શાળાની વિદ્યાકીય અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લે તેવી તકો ઊભી કરો.

**(ક) સમાજના સભ્યોને નિષ્ણાત તરીકે શાળામાં આમંત્રો :**

સમાજનો ઉપયોગ પાઠ્યક્રમના સ્રોતરૂપે પણ કરી શકાય. તમારી શાળાના શિક્ષકો સાથે પોતાના કાર્યસિદ્ધાંતો અને અનુભવોમાં સહભાગી બની શકે તે માટે સમાજના કુશળ તજ્જ્ઞ વ્યક્તિઓને શાળામાં આમંત્રણ આપો. આવા આમંત્રિતો સમાજના વેપારીઓ, ઉદ્યોગપતિઓ, કંપની સંવાહકો, સીટીબસ ડ્રાઈવર, પોસ્ટલ સેવા આપનાર અને ઉચ્ચકક્ષાના અધિકારીઓ જેવા જાહેર સેવાના કર્મચારીઓ હોઈ શકે. આવા સંપર્કસંબંધથી વિદ્યાર્થીઓમાં સામાજિક જાગૃતિનો વિકાસ થશે અને

એમનામાં પોતીકાપણાની ભાવના આવશે. સાથે ને સાથે સમાજમાં પણ વિદ્યાર્થીઓના ક્ષેમકલ્યાણ માટે પોતાની જવાબારીની ભાવના જાગ્રત થશે.

'નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક – રાષ્ટ્રિય પાઠ્યક્રમની રૂપરેખા – 2005' દ્વારા પાઠ્યક્રમના વિકાસ અને ઉન્નતિ માટેના પ્રસ્તાવિત પાંચમાંના બે માર્ગદર્શક સિદ્ધાંતો છેઃ જ્ઞાનપ્રાપ્તિ કરી શકાય તે માટે શાળાની બહાર સામાજિક જીવન સાથે પણ જ્ઞાનને જોડવું. અને અભ્યાસક્રમને સમૃદ્ધ બનાવવો કે જેથી તે પાઠ્ય પુસ્તકોથી પણ ઉપરવટ જાય. શૈક્ષણિક દસ્તાવેજમાં આવું સુચન છે : 'શાળાકીય સંકુલો અને બીજા સરકારી અને બિનસરકારી સંઘો, શિક્ષકસંઘો જેવા નાગરિક સામાજિક સમૂહોની વચ્ચે ભાગીદારીની ભાવના ઊભી કરીને આ વસ્તુ સિદ્ધ કરી શકાય.'

**(7) શિક્ષકના સ્વવિકાસ માટે કેટલાંક સૂચનો :**

- તમારા અભ્યાસપાઠો વિશે સાંગોપાંગ પૂર્વતૈયારી કરી લો. કોઈપણ વિષયની પૂરતી તૈયારી વિના વર્ગખંડમાં પ્રવેશવું એક નૈતિક અપરાધ છે અને એને લીધે ચોક્કસપણે વિદ્યાર્થીઓના શીખવામાં નડતર ઊભું થાય છે.
- તમે પોતે જ આત્મનિરીક્ષણ કરતા રહો અને નિષ્પક્ષપણે પોતાના દોષોને શોધો. પોતાના કાર્યની પરિપૂર્તિ ન કરનાર વિદ્યાર્થીવર્ગ એ શિક્ષકની અપૂરતી કાર્યસિદ્ધિનું પરિણામ છે.
- વિદ્યાર્થીઓમાં પ્રશ્ન પૂછવાની વૃત્તિ અને પૃથક્કરણાતમક તર્કશક્તિ જાગૃત કરો. પણ સાથે ને સાથે અરુચિકર મતમતાંતરોનો સામનો કરવા ઇચ્છુક કે તૈયાર રહે; ભવાં ચઢાવ્યા વિના કે કોઈના દબાણમાં આવ્યા વિના જુસ્સાપૂર્વક પોતાનો અભિપ્રાય દર્શાવવા જાગ્રત રહે, તેવું કરવું.
- શાળાની તમારી બધી પ્રવૃત્તિઓમાં સમયપાલન કરીને અને નિયમિત બનીને 'સમય સોનું છે' એ વાત વિદ્યાર્થીઓના મનમાં બેસાડો.
- અનધિકૃત માણસો સાથે વિદ્યાર્થીઓની ખાનગી માહિતીની તેમજ શાળાની ખાનગી રાખવા જેવી બાબતોની ક્યારેય ચર્ચા ન કરો.
- સતત અભ્યાસ, સંશોધન, અવારનવાર શિબિર, પરિસંવાદોમાં હાજરી આપવી અને શિક્ષક સંઘો સાથે સક્રિય સભ્ય બનીને તમે તમારાં ધંધાકીય ઉન્નતિ અને વિકાસ માટે સતત મથતા રહો.
- વધારાના વળતરની જરાય અપેક્ષા ન રાખો. આવું વધારાનું મહેનતાણું મેળવીને ઉમદા ફરજો બજાવવાથી તે તમારી નૈતિક તાકાતને નહિવત્ બનાવી દેશે અને વિદ્યાર્થીઓની નજરે તમે નીચા પડી જશો.

## 10.7 ચારિત્ર્ય-નિર્માણના ઉપયોગી સાધન

ચારિત્ર્ય ઘડતર માટે કેટલાંક ઉપયોગી સાધન છે. જેમને સભાનતાપૂર્વક વિકસાવી શકાય છે. તે આ પ્રમાણે છે :

(1) શરીર અને મન અંગેનું સમન્વિત જ્ઞાન અને તેની તાલીમ.

(2) શ્રીકૃષ્ણે ગીતામાં પ્રબોધેલ દેહ, મન અને વાણી દ્વારા ત્રિવિધ તપસ્યાઓનો અભ્યાસ.

(3) દૈવીસંપત્તિની પ્રાપ્તિની તાલીમ.

(4) પતંજલિએ આપેલાં યમ-નિયમના સાધનોનો અભ્યાસ.

(5) નૈતિક સદાચારની વૃત્તિ.

(6) ઉચ્ચત્તર મૂલ્યોમાં વચનબદ્ધતા.

(7) વિવેક, એકાગ્રતા, અનાસક્તિ તથા ઇચ્છાશક્તિનો વિકાસ.

(8) સાચા શિક્ષણાર્થી માટે પાંચ શક્તિઓના વિકાસની તાલીમ.

વ્યવહારિક રૂપે કહીએ તો ચારિત્ર્યનિર્માણનો અર્થ છે, આત્મસંયમ, આત્મસંયમથી દેહ-મનરૂપી સાધનનું જ્ઞાન અને એના ઉપર નિયંત્રણની શક્તિ જાગૃત થાય છે. હવે આપણે વિસ્તારથી જોઈએ.

શ્રીકૃષ્ણ ગીતામાં બતાવેલી દેહ, મન અને વાણી દ્વારા થતી ત્રિવિધ તપસ્યાનો અભ્યાસ :

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।

ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

દેવતાઓ, બ્રાહ્મણો, આચાર્યો, તથા જ્ઞાનીઓની પૂજા, સ્વચ્છતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા – આને શારીરિક તપ કહે છે.

## 10.8 આજની તાતી આવશ્યકતા-ચારિત્ર્ય ઘડતર

સમાજમાં રહેતા ચાર પ્રકારના મનુષ્યોનું વર્ણન કરતાં ભર્તૃહરિ કહે છે : ‘એ સત્પુરુષ છે કે જેઓ સ્વાર્થ ત્યજી દઈ પારકાનું કાર્ય કરે છે, સામાન્ય મનુષ્યો સ્વાર્થમાં વાંધો ન આવે તેવી રીતે પારકા માટે ઉદ્યમ કરે છે, જેઓ સ્વાર્થ માટે પારકાનું હિત બગાડે છે, તેઓ મનુષ્યોમાં રાક્ષસતુલ્ય છે, પરંતુ જેઓ પ્રયોજન વિન જ પારકાનું હિત બગાડે છે, તેઓ કોણ છે તે અમે જાણતા નથી.’

સમાજમાં અત્યારે પ્રથમ અને બીજા પ્રકારના મનુષ્યો ઓછા જોવા મળે છે. ત્રીજા અને ચોથા પ્રકારના જ વધુ છે.

એક એક્ઝીક્યુટીવ એન્જીનીયર કોન્ટ્રાક્ટર પાસેથી રૂા. 10 લાખની લાંચ લે છે અને તેને સિમેન્ટમાં છૂટથી રેતી ભેળવવાની પરવાનગી આપે છે. આવી રીતે બંધાયેલ ડેમ વરસાદમાં ભૂમિ વંદના કરે છે અને હજારો બેઘર થાય છે, કેટકેટલી જાનહાનિ થાય છે, દેશને કરોડોનું નુકસાન થાય છે. પણ એ એન્જીનિયર આનંદ કરતાં કહે છે, ‘ભલેને મરતાં લોકો, મારું તો આ દશ લાખમાં મકાન બની ગયું ને !’ એક ડૉક્ટર દર્દીને તપાસતાં પહેલાં તેનું ખિસ્સું તપાસી લે છે. જરૂર ન હોય તો ય ઓપરેશન કરે છે, જરૂર ન હોય તો ય બધા પ્રકારના ટેસ્ટ કરાવે છે. (અલબત્ત પોતે કહે તે લેબોરેટરીમાં કરાવવું આવશ્યક છે !) દર્દીઓને ખર્ચાના ખાડામાં ઉતારે છે, મોટી ફીસ પડાવે છે, પછી બેદિલ બનીને કહે છે, ‘આટલા મોડા કેમ આવ્યા ?’ અને અન્ય વિશેષજ્ઞ (અલબત્ત તેના જાણીતા જ !) પાસે તેને વધુ નિચોવવા માટે મોકલી આપે છે. એક મીઠાઈવાળો એક વર્ષમાં સાત સાત માળની હવેલી બાંધે છે – રહસ્ય ? મીઠાઈમાં બ્લોટિંગ પેપર ભેળવવું. એક વેપારી ડાલડામાં ગાયની ચરબી ભેળવી રાતોરાત કરોડપતિ બની જાય છે. એક નેતા કેટલાક કરોડ રૂપિયા મેળવવા દેશને નુકસાન પહોંચાડવામાં સંકોચ અનુભવતો નથી. એક શિક્ષક બારણા ધોરણના ટ્યુશન માટે હજારો રૂપિયાની ફીસની એવી રીતે માગણી કરે છે કે એક ગરીબ વિદ્યાર્થી લાચાર થઈ આત્મહત્યા કરે છે. પણ શિક્ષકના પેટનું પાણી હલતું નથી. આવા તો કેટલાય માનવરાક્ષસ આજે ચારે તરફ જોવા મળે છે.

ચોથા પ્રકારના મનુષ્યોનો પણ આ સમાજમાં તોટો નથી. બીજા ઘરમાં આગ લાગે ત્યારે તાળી પાડી તમાશો જુએ અને આનંદ પામે, એવા મનુષ્યો પોતાનો કોઈ લાભ ન થતો હોય તો ય પારકાનું નુકસાન કરવાની એકેય તક છોડતા નથી. એક કોલોનીમાં દસ ફ્લેટ હોય અને નવ ફ્લેટમાં સાસુ-વહુના ઝઘડા ચાલતા હોય, અને એક ફ્લેટમાં સાચા અર્થમાં શિક્ષિત એવી વહુ આવીને સાસુની સેવા કરતી હોય અને બંને વચ્ચે પરસ્પર પ્રેમ હોય તો સાસુ-વહુને અલગ-અલગ બોલાવી એકબીજા વિરુદ્ધની વાતો મીઠુંમરચું ભભરાવીને કહીને બંને વચ્ચે ઝઘડો કરાવવો એ આવા લોકો પોતાનું પરમ કર્તવ્ય માને છે. તેઓ માનવરાક્ષસ કરતાં પણ ચડિયાતા છે, એટલે ભર્તૃહરિ તેઓનું નામ આપી શકતા નથી. કહે છે ‘તે કે ન જાનિમહે.’

આજકાલ પાંચમાં પ્રકારના મનુષ્યો પણ જોવા મળે છે, કદાચ ભર્તૃહરિના સમયમાં નહિ હોય ! આ લોકોને વિશે પણ કહેવું પડે કે, ‘તે કે ન જાનિમહે !’ આ લોકોને બીજાંના નુકસાનમાં એટલો આનંદ આવે કે પોતાનું નુકસાન કરીને પણ બીજાનું નુકસાન કરે !

આજની શિક્ષણ પદ્ધતિની વિશેષ દેન – શિક્ષિત બેરોજગારો – વિશે એક વાર્તા છે. એક શિક્ષિત બેરોજગાર વ્યક્તિની પત્ની દરરોજ મેણાં મારતી, 'તમે કાંઈ કામધંધો કરતા નથી.' એક દિવસ કંટાળીને તે ઘરેથી ભાગી ગયો. જંગલમાં એક મહાત્માનો ભેટો થઈ ગયો. મહાત્મા તેની સેવાથી પ્રસન્ન થઈ ગયા અને પૂછ્યું: 'બોલ બેટા, પરમપદની પ્રાપ્તિ માટે જ્ઞાનનો રસ્તો બતાવું કે ભક્તિનો ?' આજકાલના મનોવલણ પ્રમાણે તે માણસ બોલ્યો: 'બાપુ, મને જ્ઞાન-ભક્તિ કાંઈ જોઈતું નથી, સિદ્ધિ-ચમત્કાર જોઈએ.' મહાત્માએ ઘણું સમજાવ્યું કે આધ્યાત્મિક કલ્યાણ જ સાચું કલ્યાણ છે, પણ પેલો માણસ બોલ્યો : 'બાપુ, મને જ્ઞાન-ભક્તિ કાંઈ જોઈતું નથી, સિદ્ધિ-ચમત્કાર જોઈએ.' મહાત્માએ ઘણું સમજાવ્યું કે આધ્યાત્મિક કલ્યાણ જ સાચું કલ્યાણ છે, પણ પેલો માણસ માન્યો નહિ. મહાત્માએ દયાવશ થઈને તેને એક મંત્ર આપીને કહ્યું : 'આ મંત્રનો જપ કરજે, સમુદ્રદેવતા પ્રસન્ન થઈ તારી ઇચ્છા પૂર્ણ કરશે.' પેલા માણસે સાધના પ્રારંભ કરી. એક દિવસ સમુદ્ર દેવતા પ્રકટ થઈ ગયા અને તેમણે પૂછ્યું : 'માગ, માગ, તારે શું જોઈએ ?' તેણે કહ્યું : 'હે સમુદ્રદેવતા, પત્નીનાં મેણાં હવે સહેવાતાં નથી, મારું દળદર ફીટી જાય એવું કંઈ કરી આપો.' આમ કહી, પેલો માણસ સમુદ્રદેવતાને ચરણે પડ્યો. 'તથાસ્તુ' કહી સમુદ્રદેવતાએ તેના હાથમાં એક શંખ આપ્યો અને બોલ્યા : 'આ શંખની પૂજા કરી તું જે માગીશ એ તને મળશે.' પેલો માણસ રાજીના રેડ થઈ શંખ લઈ જતો હતો ત્યારે સમુદ્રદેવતાએ કહ્યું : 'પણ યાદ રાખજે, આ જાદુઈ શંખ છે, તું જે માગીશ એ તને તરત મળશે, અને તારા પાડોશીને વગર માગ્યે એનાથી બમણું મળશે.' આટલું કહી સમુદ્રદેવતા અંતર્ધાન થઈ ગયા. પેલો માણસ આ છેલ્લી વાત સાંભળીને હતાશ થઈ ગયો અને વિચારવા લાગ્યો : 'અરર... જે પાડોશી સાથે દરરોજ ઝઘડો થાય છે, એને વગર માગ્યે બમણું મળશે ! પરિશ્ર મેં કર્યો અને ફળ એને !' ઘેર પાછો ફર્યો અને શંખને એક ખૂણામાં ફેંકી દીધો. પત્નીની તો ઇચ્છા હતી કે આ જાદુઈ શંખનો ઉપયોગ કરવાની, પણ પતિદેવની સામે કંઈ બોલી ન શકી. તેઓ એવાં ને એવાં ગરીબ રહ્યાં.

એક દિવસે પતિદેવતા નોકરીની શોધમાં બહાર ગયા હતા ત્યારે પત્નીથી રહેવાયું નહિ. ઘરનો એક ખૂણો સાફ કરી ત્યાં શંખદેવતાને પધરાવ્યા અને પૂજા પ્રારંભ કરી. શંખદેવતા પ્રકટ થઈ ગયા. પત્નીએ કહ્યું : 'અમારો ઉદ્ધાર કરો, ઘરમાં કંઈ ખાવાનું નથી. પહેરવાનાં વસ્ત્રો ફાટી ગયાં છે. મકાન પડું પડું થઈ રહ્યું છે.' શંખદેવતા 'તથાસ્તુ' કહીને અદૃશ્ય થઈ ગયા. સાંજે પતિદેવતા પાછા ફર્યા ત્યારે આભા બની ગયા. તેનાં અને પાડોશીનાં બે તૂટેલા મકાનોની જગ્યામાં ત્રણ સુંદર ભવનો જોયાં. 'આ વળી હું ક્યાં આવી ચડ્યો !' એમ વિચારતો હતો ત્યાં તો સુંદર વસ્ત્રોમાં સજ્જ એક સ્ત્રીને તેને બોલાવ્યો. પહેલાં તો તે ઓળખી ન શક્યો. પાસે જઈને જોયું તો પોતાની પત્ની ! પત્નીએ આનંદના અતિરેકમાં કહ્યું : 'જુઓ પેલા સાધુએ આપેલ શંખના પ્રતાપે આપણું મકાન કેટલું સુંદર થઈ ગયું ! કેટલાં સુંદર વસ્ત્રો આવી ગયાં ! કેટલું સારું ખાવાનું આવી ગયું છે ! લો, થોડું ખાઈ લો.' પતિદેવતાના ચહેરા પર વિષાદની છાયા જોઈ પત્નીએ કહ્યું : 'કેમ, તમને આ બધાથી આનંદ થતો નથી !' પતિએ કહ્યું : 'અરે ગાંડી, સામે તો જો પેલા પાડોશીનાં કંઈ પરિશ્રમ કર્યા વગર બે સુંદર ભવનો નિર્માણ થઈ ગયાં. આમાં મને ખાવાનું ક્યાંથી ભાવે ?' ખરેખર તેણે કંઈ ખાધું નહિ. આખી રાત અફસોસ કરતો રહ્યો, 'પરિશ્રમ મેં કર્યો અને ફળ મારા પાડોશીને મળ્યું અરે, આવું તે કંઈ હોય ?' છેવટે એનાથી ન રહેવાયું, બીજે દિવસે સવારના પહોરમાં શંખદેવતાની પૂજા પ્રારંભ કરી. શંખદેવતા પ્રકટ થયા ત્યારે તેણે કહ્યું : 'હે શંખદેવતા, મારા મકાનની સાથે એક કૂવો બનાવી દો અને મારી અને મારી પત્નીની એક એક આંખ ફોડી નાખો.' 'તથાસ્તુ' કહી શંખદેવતા અંતર્ધાન થઈ ગયા. આ બંને પતિપત્નીની એક એક આંખ જતી રહી, પાડોશીના પરિવારનાં જનોએ પણ પોતાનાં નેત્રો ગુમાવ્યાં, દૃષ્ટિ ગઈ અને તેઓનાં મકાનોની સામે બનેલા કૂવામાં પડીને બધાં મરી ગયાં. હવે આ માણસ આમ કહી આનંદમાં નાચવા લાગ્યો, 'હાશ ! ભલે ને મારી એક આંખ ગઈ પણ પાડોશી તો બધાં મરી ગયાં !'

આજે સમાજમાં ત્રીજા, ચોથા અને પાંચમા પ્રકારના માનવોનું પ્રમાણ વધી રહ્યું છે. કહેવાતા શિક્ષિતોમાં આવા માનવરાક્ષસોનું પ્રમાણ વધુ છે. અને જેટલા વધુ શિક્ષિત તેટલું રાક્ષસીપણું વધારે !

આથી પુરવાર થાય છે કે આપણે આજે જે શિક્ષણ આપી રહ્યા છીએ તે 'રાક્ષસનિર્માણકારી' શિક્ષણ છે. સ્વામી વિવેકાનંદે એક સો વર્ષ પહેલાં Man Making Education – માનવનિર્માણકારી શિક્ષણની વાત કરી હતી એક ભાવિ માનવના નિર્માણના શિક્ષણનો પથ કોરી આપ્યો હતો પણ એ રસ્તે આપણે ન ચાલ્યા, તેનું આ પરિણામ છે.

સ્વામી વિવેકાનંદ જ્યારે વિદેશથી પાછા ફર્યા ત્યારે દક્ષિણ ભારતમાં કેટલાક યુવકોએ તેમને પ્રશ્ન પૂછ્યો : 'સ્વામીછજી તમે કેમ સ્વાધીનતા આંદોલનમાં જોડાતા નથી ?' સ્વામીજીએ કહ્યું : 'હું ધરું તો આજે જ તમને સ્વાધીનતા અપાવી શકું, પણ તમે તેને પચાવી શકશો ?'

સ્વામીજી ભારતની સ્વાધીનતા અવશ્ય ચાહતા હતા; મોટાભાગના સ્વાતંત્ર્ય આંદોલનના નેતાઓના પ્રેરણાસ્રોત તેઓ હતા. પણ તેઓ એમ માનતા હતા કે જ્યાં સુધી માનવ નિર્માણકારી શિક્ષણ દ્વારા દેશના મોટાભાગના લોકો સાચા અર્થમાં શિક્ષિત નહિ બને ત્યાં સુધી તેઓ મત આપવાના અધિકારનો પૂરતો ઉપયોગ નહિ કરી શકે. જ્યાં સુધી ચારિત્ર્યવાન નેતાઓ દેશને નહિ સાંપડે ત્યાં સુધી આપણને સ્વાધીનતાનાં મીઠાં ફળ નહિ સાંપડે. આજે જ્યારે ચારિત્ર્યવાન લોકોના અભાવને લીધે આપણા દેશની દુર્દશા થઈ છે ત્યારે સ્વામીજીના ઉપર્યુક્ત વિચારોની મહત્તા આપણે વધુ સારી રીતે સમજી શકીએ છીએ.

સ્વામી વિવેકાનંદે આજથી સો વર્ષ પહેલાં કહ્યું હતું, 'કોઈ પણ દેશ એટલા માટે મહાન અથવા સારો નથી બની જતો કારણ કે તેની સંસદ એક અથવા બીજો નિયમ ઘડે છે, પણ એ તો આધાર રાખે છે દેશવાસીઓ કેટલા મહાન અને સારા છે. સમસ્ત વિશ્વની સંપત્તિ કરતાં પણ મનુષ્યો વધારે મૂલ્યવાન છે, માટે પ્રથમ મનુષ્યોનું નિર્માણ કરો.' આજે જ્યારે આપણો દેશ કૌભાંડોની ઘટમાળમાં અટવાઈ ગયો છે, ચારિત્ર્યવાન નેતાઓના અભાવમાં લોકો કોને મત આપવો તેની વિમાસણમાં પડ્યા છે ત્યારે સ્વામીજીના ઉપર્યુક્ત કથનનું તાત્પર્ય બરાબર સમજાય છે. પ્રથમ પંચવર્ષીય યોજનામાં આપવું બજેટ રૂ. બે જાર કરોડનું હતું તે વધીને આઠમી યોજનામાં બે લાખ એંસી હજાર કરોડ થયું છે, તેમ છતાં 30% લોકો નિરક્ષર છે. (બાકીના સાક્ષર તો છે પણ સાચા અર્થમાં શિક્ષિત કેટલા છે એ એક પ્રશ્ન છે), 24% લોકો ગરીબીની રેખા નીચે છે.

વળી કહેવાતા શિક્ષિતો શું પોતે સુખી છે ? સ્વામી વિવેકાનંદ કહેતા, 'આપણે તો એવી કેળવણીની જરૂર છે કે જેના વડે ચારિત્રનું નિર્માણ-ઘડતર થાય, મનની શક્તિમાં વૃદ્ધિ થાય, આપણી બુદ્ધિનો વિકાસ થાય, આપણે સ્વાવલંબી બનીએ.' પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવનારા વિદ્યાર્થી ભાઈ-બહેનો મનથી એટલા નિર્બષળ હોય છે કે નાની સમસ્યાઓથી ગભરાઈ જાય છે, ક્યારેક આત્મહત્યા કરવા પ્રેરાય છે. જીવન જીવવાની કળા તેઓને શિખવવામાં આવતી નથી તેનું આ પરિણામ છે.

ખેર, જાગ્યા ત્યારથી સવાર ! હવે માનવ-નિર્માણકારી શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી પડશે. રાષ્ટ્રનું ઘડતર યુવાપેઢીના ચારિત્ર્યઘડતર પર નિર્ભર કરે છે અને આ ચારિત્ર્યઘડતરમાં શિક્ષિત ભાઈ-બહેનોનો ફાળો સૌથી વધુ રહેશે. વ્યક્તિના ચારિત્ર્ય-ઘડતર માટે કેટલાંક પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે : (1) તેના પોતાના અચેતન મનના પૂર્વજન્મના સંસ્કારો, (2) તેના માતાપિતાથી પ્રાપ્ત થયેલ સંસ્કારો, (3) આસપાસનું વાતાવરણ (4) શિક્ષકો. આધુનિક મનોવૈજ્ઞાનિકો પ્રમાણે 8થી 12 વર્ષની ઉંમરના બાળકો પર માતાપિતા કરતાં પણ શિક્ષકોનો પ્રભાવ વધુ હોય છે. દરેક શિક્ષક ઓછામાં ઓછા એક હજાર બાળકોના સંપર્કમાં આવે છે. સંસ્કાર સિંચન દ્વારા શિક્ષક ભાઈ-બહેનો રાષ્ટ્ર-ઘડતરમાં આ રીતે અત્યંત મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે છે અને માટે જ તેઓને ઉચ્ચતમ સન્માન આપવું ઘટે.

## 10.9 ચારિત્ર્ય અંગેનો ભારતીય સંદર્ભ

આ કઈ રીતે શક્ય બને ? ડૉ. રાધાકૃષ્ણને યોગ્ય જ કહ્યું છે કે 'ફક્ત ઈંટ, ચૂનાની ઈમારતો રચવાથી રાષ્ટ્રનું નિર્માણ શક્ય નથી. આ માટે યુવાનોના મનનું ઘડતર કરવું જોઈએ, તો જ રાષ્ટ્રનિર્માણ

શક્ય બને છે.' સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે નાગરિકોના ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રનું પુનરુત્થાન થવું જોઈએ. લોકસભામાં કાયદાઓ ઘડીને આપણે રાષ્ટ્રનું ચિત્ર બદલી શકતાં નથી. ભલે આપણી પાસે નવા કાયદાઓ આવે, પણ માત્ર એનાથી કંઈ રાષ્ટ્રનો વિકાસ થઈ શકતો નથી. જે દિવસે નવો કાયદો ઘડાય છે, એ જ દિવસે કાયદેસર કે ગેરકાયદેસર રીતે તેની છટકબારી પણ શોધી કાઢવામાં આવે છે. જ્યાં સુધી નાગરિકોનું ચારિત્ર્યઘડતર ન થાય અને ભ્રષ્ટાચાર ન જાય ત્યાં સુધી રાષ્ટ્રનું પુનઃનિર્માણ શક્ય નથી.

એક તોફાની છોકરાને પ્રવૃત્ત રાખવા માટે કામમાં રોકાયેલા એના પિતાએ ભારતના નકશાના ટુકડાઓ આપી કહ્યું 'આમાંથી તું ભારતનો આખો નકશો પાછો બનાવી દે' પિતાને વિચાર્યું કે છોકરાને ભૂગોળનું કંઈ જ્ઞાન નથી, એટલે આ જુદા જુદા રાજ્યોના ટુકડાઓને વ્યવસ્થિત જોડવામાં તે આખો દિવસ રોકાયેલો રહેશે તેથી એના કામમાં હવે દખલ નહીં કરે. પણ પિતાના આશ્ચર્યની વચ્ચે છોકરો થોડી જ મિનિટોમાં પાછો આવ્યો અને બોલ્યો, 'લો આ આખો ભારતનો નકશો !'આટલો જલ્દી કેવી રીતે બની ગયો ?' પિતાને આશ્ચર્યથી પૂછ્યું. ત્યારે તેના જવાબમાં તેણે કહ્યં; 'હું નકશાના જુદા જુદા ભાગોને જોડવા મહેનત કરી રહ્યો હતો, પણ કંઈ ગોઠવાણું નહોતું, એવામાં અચાનક મારી નજર નકશાના પાછળના ભાગ પર પડી. આછળ તો મનુષ્યનું ચિત્ર હતું. પછી મેં માણસના શરીરના બધા ભાગોને બરાબર જોડી દીધાને સંપૂર્ણ માનવ બની ગયો તો પાછળની બાજુએ ભારતનો સાચો નકશો પણ બની ગયો !' સ્વામી વિવેકાનંદે પણ આ જ કહ્યું હતું કે પહેલાં મનુષ્યને પૂર્ણ બનાવો તો રાષ્ટ્ર એની મેળાએ જ પૂર્ણ બની જશે. 'રાષ્ટ્રનિર્માણ ત્યારે જ થઈ શકે જ્યારે તેના નાગરિકોનું ચારિત્ર્ય ઘડતર થયું હોય, નહીંતર રાષ્ટ્ર ક્યારેય એક બની શકે નહીં. એટલે જ સ્વામી વિવેકાનંદે વારંવાર કહ્યું હતું કે આપણે મનુષ્ય નિર્માણકારી અને ચારિત્ર્ય ઘડતર કરનારું શિક્ષણ જોઈએ છે. સ્વતંત્રતા પછી ડૉ. કોઠારી કમિશન, ડૉ. રાધાકૃષ્ણન્ કમિશન પ્રકાશ કમિટી વગેરે અનેકના અહેવાલોમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું હોવા છતાં પણ એની અવગણના કરવામાં આવી.

ઘણીવાર હું રમૂજમાં કહું છું કે એવું લાગે છે કે જાણે આપણું આ શિક્ષણ મનુષ્ય નિર્માણકારી નથી પણ રાક્ષસ નિર્માણકારી છે ! ભર્તૃહરિ 'નીતિશતક' ના શ્લોક 75માં કહે છે :

एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान्परित्यज्य ये सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ।

तेडमी मानुषराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥

સમાજમાં ચાર પ્રકારના મનુષ્યો છે. તેમાં પ્રથમ છે, સત્પુરુષ. જેઓ નિઃસ્વાર્થ ભાવે બીજાની સેવા કરે છે. બીજા છે, સામાન્ય મનુષ્યો, જેઓ પહેલાં પોતાનું સારું કરે અને પછી બીજાનું. ત્રીજા પ્રકારના છે માનુષરાક્ષસાઃ રાક્ષસ જેવા લોકો. જેઓ દેખાય છે તો મનુષ્ય જેવા પણ તેમની વૃત્તિ રાક્ષસ જેવી છે. તેઓ પોતાના સ્વાર્થ માટે બીજાઓનું નુકસાન કરવા તત્પર હોય છે. આજે આપણા સમાજમાં આવા પ્રકારના લોકો વધારે પ્રમાણમાં જોવા મળે છે. દા.ત. એક એન્જિનિયર લાંચ રૂશ્વત લઈને કોઈ ડેમ, પુલ કે મકાનના બાંધકામમાં કોન્ટ્રાક્ટરને સિમેન્ટમાં વધારે રેતી ભેળવવાની છૂટ આપી દે છે. આમ કરવાથી તે એન્જિનિયરનો સ્વાર્થ સધાય છે, તેને ઘણાં પૈસા મળે છે. પણ જ્યારે વરસાદ આવે છે, ત્યારે ડેમ તૂટી પડે છે, પુલ ભાંગી જાય છે હજારો લોકો ઘરવિહોણા બની જાય છે, પણ એન્જિનિયર ખુશ થાય છે, કેમકે એનો બંગલો બની ગયો હોય છે ! તેના સ્વાર્થીપણાએ ઘણાંની જિંદગી બરબાદ કરી અને રાષ્ટ્રની કિંમતી સંપત્તિનો વિનાશ કર્યો. એવી જ રીતે કેટલાક ડૉક્ટરોને પણ દર્દીને સાજા કરવામાં રસ હોતો નથી, પણ તેમને ફક્ત પૈસા કમાવવામાં જ રસ હોય છે !

હવે પછી ચોથા પ્રકારના લોકો એવા છે, ભર્તૃહરિ કહે છે કે તેમના માટે મારીપાસે કોઈ નામ નથી કેમકે તેઓ રાક્ષસથી પણ અધમ છે. તેઓ એવા છે કે પોતાને કંઈ પણ લાભ થતો ન હોય તો પણ બીજાનું નુકસાન કરતા હોય છે. ભર્તૃહરિએ માત્ર ચાર પ્રકારના મનુષ્યોની જ વાત કરી છે. હવે

આપણે આમાં એક વધારે પ્રકારનો ઉમેરો કરી શકીએ, તેઓ એવા પ્રકારના લોકો છે, કે જેઓ બીજાને નુકસાન કરવામાં એટલો બધો આનંદ મેળવે છે કે પોતાનું નુકસાન કરીને પણ બીજાનું અહિત કરે છે. દા.ત. અત્યારના આતંકવાદીઓ. અત્યારના સમયમાં ત્રીજા, ચોથા અને પાંચમા પ્રકારના લોકો જોવા મળે છે. બીજા પ્રકારના લોકો ઘણા ઓછા છે. પ્રથમ પ્રકારના તો ભાગ્યે જ જોવા મળે છે. તેથી જ સ્વામી વિવેકાનંદની મનુષ્યનિર્માણકારી શિક્ષણ અંગેની વિભાવનાના અમલીકરણની અત્યારે ખૂબ જ જરૂર છે.

આજે રાષ્ટ્રમાં પ્રવર્તતી કટોકટી એ વાસ્તવમાં તો ચારિત્ર્યની જ કટોકટી છે. 16મી એપ્રિલ 2004ના રોજ હું રાષ્ટ્રપતિ ભવનમાં આપણા માનવીય રાષ્ટ્રપતિને મળવા ગયો હતો. ત્યારે મેં તેમને કહ્યું કે, 'આપ વિશ્વબેંકમાંથી ગમે તેટલી આર્થિક સહાય લઈ આવશો તો પણ વ્યાપક ભ્રષ્ટાચારને લઈને ભારતની ગરીબી દૂર નહીં થાય.' મારી આ વાત સાથે તેઓ પણ સંમત હતા અને તેમણે મને પૂછ્યું : એનો ઉપાય શો છે ? મેં તેમને જણાવ્યું કે સ્વામી વિવેકાનંદના મનુષ્ય નિર્માણકારી અને ચારિત્ર્ય ઘડતર કરનારાં શિક્ષણનો અમલ કરવો એ જ એક માત્ર ઉપાય છે. પછી મેં એમને વિદ્યાર્થીઓના વિકાસમાં તીવ્ર રસ દાખવવા બદલ તેઓ શ્રીને અભિનંદન પાઠવ્યા અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગેના રામકૃષ્ણ મિશનના પ્રૉજેક્ટ વિષે જણાવ્યું. એ વિષે જાણીને તેઓ ખૂબ પ્રસન્ન થયા અને કહ્યું : 'સ્વામીજી, આપણે સાથે મળીને આ કાર્ય કરીએ.'

ભારતીય સંસ્કૃતિની ભવ્ય પરંપરા અને સંસ્કૃતિના સંસ્કારોના કારણે ચારિત્ર્યની ભાવના દરેક ભારતીયના લોહીમાં – વનરસામાં હોય છે, પરંતુ આ વારસાનું જતન કરવું પડે તેની ઊણપ દેખાય છે ત્યારે પ્રશ્નો સર્જાય છે. ભાઈ-બહેન, માતા-પિતા, પતિ-પત્ની, દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી જેવા સંબંધો આપણી કુટુંબવ્યવસ્થામાં છે. જ્યારે પશ્ચિમી દેશોમાં મુક્ત વ્યવહાર (વ્યભિચાર)ને કારણે કુટુંબવ્યવસ્થા પડી ભાંગી છે. લગ્ન વ્યવસ્થાનો પણ છેદ ઊડી ગયો છે, આપણા દેશમાં પણ હવા તો પશ્ચિમમાંથી આવે જ છે. પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિને દોષ દેવાથી જ નહીં ચાલે. આપણી યુવાપેઢીને યોગ્ય રોલમોડલ, યોગ્ય પ્રવૃત્તિ, યોગ્ય પડકારો અને યોગ્ય તકો આપણી પણ આવશ્યક છે જેથી યોગ્ય દિશા પકડાય.

**ચારિત્ર્ય સંદર્ભે** એક-બે ઉદાહરણો તો તાત્કાલિક ધ્યાનમાં આવે છે : **છત્રપતિ શિવાજી મહારાજ.** શિવાજી મહારાજના સૈનિકો એક સુબો (વિસ્તાર) જીતીને તે સુબેદારની પત્નીને પકડીને શિવાજી મહારાજના દરબારમાં ઉપસ્થિત થયા. મુસ્લિમ સુબેદારની સ્ત્રી. મોઢા પર બુરખો હતો તેથી સ્ત્રી દેખાવમાં કેવી છે તે દેખાતું નહતું. સૈનિકોએ કહ્યું, ''મહારાજ, આપના માટે આ મુસ્લિમ સુબેદારની પત્નીને ભેટ તરીકે લાવ્યા છીએ.'' શિવાજી મહારાજ મનમાં ને મનમાં સમસમી ગયા, કારણ કે આ આપણા સંસ્કારોની વિરુદ્ધ હતું. છતાં તાત્કાલિક મોઢા ઉપરના ભાવમાં ફેરફાર લાવ્યા સિવાય કહ્યું, ''મોઢા ઉપરથી બુરખો ઉતારો તો ખબર પડે ને કે ભેટ કેટલી સુંદર છે !'' સૈનિકો રાજી ગયા. મોઢા ઉપરથી બુરખો હટાવતાં અત્યંત સ્વરૂપવાન સ્ત્રી દેખાઈ. શિવાજી મહારાજ સિંહાસન ઉપરથી ઊભા થયા અને બોલ્યા, ''મારી માતા આટલી સુંદરહોત તો હું પણ કેટલો સુંદર હોત...'' શિવાજી મહારાજે પેલા સૈનિકોને કહ્યું, ''ખબરદાર, જો આવા પ્રકારની ભૂલ ફરીથી કરી છે તો. દુશ્મનની સ્ત્રી પણ આપણી માતા સમાન છે, હવે પછી ક્યારેય આવી ભૂલ થશે તો હું તમારા હાથ કાપી નાખીશ !'' કેટલો તીવ્ર આક્રોશ. વળી પેલી સ્ત્રીને કહ્યું, ''બહેન, મને માફ કરી દેજે, ફરીથી આવી ભૂલ નહીં થાય.'' અને સૈનિકોને કહ્યું, ''આ બહેનને સંપૂર્ણ આદર સાથે પોતાના ઘરે પરત મુકી આવો.''

**બીજો પ્રસંગ – સ્વામી વિવેકાનંદનો.** સ્વામી વિવેકાનંદના શિકાગો ભાષણ પછી તેઓ સમગ્ર અમેરિકામાં છવાઈ ગયા હતા. અનેક સંસ્થાઓ તરફથી વ્યાખ્યા-ભાષણ માટે આમંત્રણો મળતાં. બધે જતા. સંન્યાસીની રીતે જુદા જુદા લોકોના ઘરે ભોજન-નિવાસ પણ થતો. શિકાગો ભાષણની વ્યવસ્થામાં રોકાયેલા અને પછી પણ બધા ભાષણો સાંભળ્યા હોય તેવાં એક અમેરિકન મેડલમ સ્વામીજીથી ખુબ પ્રભાવિત હતાં. ત્યાંના સન્માનનીય સનદી અધિકારી (IAS કક્ષા જેવા) હતા. તેમને સ્વામીજી પણ ખૂબ સારી રીતે ઓળખતા હતા. એક દિવસ આ મેડમે વિવેકાનંદજીને સાંજે

પોતાના ઘરે ભોજન લેવા માટે આમંત્રણ આપ્યું. સ્વામીજીએ સહર્ષ સ્વીકાર કર્યો. કારણ કે આ મૅડમ સાથે તેઓ સતત સંપર્કમાં હતા. તેમની વહીવટી કુશળતાથી સ્વામીજી પ્રભાવિત હતા.

રાત્રે જમ્યા 5છી સ્વાભાવિક ક્રમમાં વાતચીત થતી હતી. પેલા મૅડમે એકદમ ધડાકો જ કર્યો. વાતમાં ને વાતમાં કહ્યું કે, "સ્વામીજી, આપણે બન્ને લગ્ન કરી લઈએ તો ?!" સ્વામી વિવેકાનંદની જગ્યાએ અન્ય કોઈ સંન્યાસી હોત તો ઘડીક તો આવો પ્રશ્ન સાંભળીને થડકી જાત પણ આ તો અસામાન્ય સંન્યાસી હતા. ચહેરાના હાવભાવમાં સહેજ પણ રફાર ન થયો. સ્વામીજીને ખબર હતી કે આ મૅડમ અત્યંત સંસ્કારી છે. તેણે આવું પૂછ્યું છે તો તેની પાછળનું કોઈ કારણ હોવું જોઈએ. સ્વામીજીએ કહ્યું, સારું, પણ તમે મને એ જણાવો કે તમારે મારી સાથે લગ્ન શા માટે કરવાં છે ?!" પેલાં મૅડમે કહ્યું, "સ્વામીજી, છેલ્લા થોડા દિવસોથી તમે શિકાગો અને અન્ય જગ્યાએ જે પ્રવચનો આપ્યાં છે તે પરથી હું એવા તારણ પર આવી છું કે દુનિયાના જે શ્રેષ્ઠ બૌદ્ધિક પરુષો છે તેમાં તમે અગ્રક્રમે છો અને આ વિસ્તારમાં મારી ગણના પણ શ્રેષ્ઠ-બૌદ્ધિક મહિલામાં થાય છે. મને લાગે છે આપણે બન્ને લગ્ન કરી લઈએ તો આપણા સંતાનો એવાં કુશાગ્ર બુદ્ધિવાળા થશે કે જેને આપણે એવા સંસ્કારો આપીશું કે તમે જે વિશ્વબંધુત્વની વાત કરો છો તે તેઓ દુનિયાના વિવિધ દેશોમાં પહોંચાડશે !" સ્વામીજીને થયું કે આ બહેનના વિચારો નબળા નથી પણ તેઓને શું તથા કેમ કહેવું તે આવડ્યું નથી. સ્વામીજીએ વાતચીતમાં જાણી લીધું હતું કે આ મૅડમ તેમનાથી બે વર્ષ મોટાં છે. સ્વામીજીએ કહ્યું, "જુઓ બહેન, તમે જે કહો છો તે ઠીક છે પણ મેં આ જે વસ્ત્રો પહેર્યાં છે તે ભગવા રંગનાં છે અને અમારા હિન્દુસ્તાનમાં આ ભગવાં વસ્ત્રો જે પહેરે તેના માટે દુનિયાની કોઈ પણ સ્ત્રી બે જ સ્વરૂપે હોય કાં તો તે માતા સ્વરૂપે હોય અથવા બહેન સ્વરૂપે હોય. આ સિવાય અન્ય કોઈ સંબંધ હોતો નથી !" પેલાં બહેને કહ્યું, "સૉરી, સ્વામીજી મારી ભૂલ થઈ ગઈ." સ્વામીજીએ કહ્યું, "ઇટ્સ ઓ.કે., તમે તમારી રીતે સાચાં હશો, હું મારી રીતે સાચો છું !"

મિત્રો... ચારિત્ર્યનું મૂલ્ય શીખવવા માટે આનાથી મોટા કયા ઉદાહરણની જરૂર પડે ? અને... શિવાજી મહારાજ કે સ્વામી વિવેકાનંદ રોલ મૉડેલ હોય તો ક્યારેય આપણા મનમાં નબળા-હલકા વિચારો આવે ખરા ?!

પશ્ચિમનું સાંસ્કૃતિક આક્રમણ છે પણ આપણા સંસ્કારોના મૂળ્ દઢ છે છતાં દઢ સંકલ્પની આવશ્યકતા છે.

પશ્ચિમી દેશોમાં આપણે જેને ચારિત્ર્ય કહીએ છીએ તે બાબત શિથિલ છે પરંતુ ત્યાંથી ઘણી બાબતો એવી છે જેમાંથી ભારતના પ્રત્યેક નાગરિક કાંઈક શીખવ જેવું છે. ત્યાંની શિસ્ત, અનુશાસન, સમયપાલન અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઉત્તમ પ્રકારનું છે.

આ અમેરિકાનો જ એક પ્રસંગ લઈએ. 11 સપ્ટેમ્બર, 2001 જેને દુનિયા 'નાઈન ઇલેવન' તરીકે ઓળખે છે. ન્યુયોર્ક વર્લ્ડ ટ્રેડ સૅન્ટર (WTC) પર ઇસ્લામિક ત્રાસવાદીઓનો ઓસામા બિન લાદેન પ્રેરિત હુમલો થયો. અનેક લોકો મૃત્યુ પામ્યા. આ ઘટના સાથે જોડાયેલી વાત સમજવા જેવી છે. અમેરિકામાં આ હુમલો થયા પછી એલર્ટ થવાથી પછીથી આવી ઘટના બની નથી. પણ આ ઘટના બન્યા પછી સંસદમાં વિરોધ પક્ષ હોવા છતાં કોઈએ એવું કહ્યું નહીં કે રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ બુશની સુરક્ષા વ્યવસ્થાતંત્રમાં ખામી છે કે તેમણે રાજીનામું આપી દેવું જોઈએ કે સરકાર નિષ્ફળ ગઈ છે વગેરે... વગેરે... પરંતુ સૌએ એક જ વાત કરી કે આ સમગ્ર અમેરિકાનો પ્રશ્ન છે, દેશ પરનો હુમલો છે, સૌએ સાથે મળીને આનો ઉકેલ લાવવો પડશે.....આ છે ત્યાંનું રાષ્ટ્રીય ચારિત્ર્ય...

ભારતમાં આવું બને તો વિરોધ5ક્ષો, એન.જી.ઓ., માનવ અધિકાર સંઘવાળા વગેરે કાગારોળ કરી મૂકે.... આપણે આઝાદી પછીના યુદ્ધોમાં દેશભક્ત સૈનિકો દ્વારા જીત જ મેળવી છે પણ ટેબલ પર હંમેશાં હાર મેળવી છે કારણ કે રાષ્ટ્રહિત કરતાં પક્ષહિત-વ્યકતિગતહિતને વધુ મહત્ત્વ આપીએ છીએ. લાખો અને કરોડો રૂપિયાનાં જ નહીં અબજો રૂપિયાનાં કૌભાંડો અને ભ્રષ્ટાચાર એ હવે સામાન્ય ઘટના બની ગઈ છે ! આ દેશનો પ્રત્યેક નાગરિકે પહેલાં દેશ, પછી સમાજ, પછી કુટુંબ અને છેલલે

હું". આ ભાવના અપનાવશે ત્યારે જ રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થયેલું ગણાશે. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ દેશ માટે સુંદર લખાણ લખ્યું છે કે, "હમારા દેશ કોઈ ભૂમિ કા ટુકડા નહીં હૈ, વો તો જીતા જાગતા રાષ્ટ્રપુરુષ હૈ.." ખૂબ સુંદર અને લાંબું લખાણ છે તેની છેલ્લે બે લીટીમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રીય ચારિત્ર્યનું હાર્દ આપી જાય છે : "હમારે મૃત્યુ કે બાદ ગંગાજલ મેં બહતી હુઈ હમારી હડ્ડીઓ સે કોઈ કાન લગાકર સુનેગા તો આવાઝ આયેગી – ભારત માતા કી જાય...."

સંપર્ક : આચાર્ય –

શ્રી બી. એમ. કૉમર્સ હાઈસ્કૂલ,

– ભાવનગર

## 10.10 ચારિત્ર્ય નિર્માણ અંગેનું સાહિત્ય

સુરુચિ એટલે સારી રુચિ, શિષ્ટ રસજ્ઞતા. એ સમગ્ર માનવજીવનને સ્પર્શે છે. જે વર્તન સંસ્કારસંપન્ન, પ્રસન્નકર નીવડે તેને સુરુચિપૂર્ણ વર્તન કહે છે. કળા સ્વયં સુરુચિની કેળવણી છે. સાહિત્યનું એક કાર્ય શિક્ષણ અને સંસ્કાર આપવાનું છે અને તે દ્વારા જીવનઘડતર કરવાનું છે. સાહિત્યિક રુચિ ધરાવનાર માણસની જીવનવિષયક રુચિઓ ઉત્કૃષ્ટ અને સૌંદર્યસભર હોય છે. સુરુચિ સૌંદર્યની દૃષ્ટિ કેળવી આપે છે.

કાકાસાહેબ કાલેલકર કહે છે કે સંગીતમાં જેમ સંવાદિતા અને લય, સાહિત્યમાં જેમ નીતિ અને સદાચાર તેમ સાહિત્યમાં સુરુચિ આવશ્યક છે. સહૃદયોને કઠે અને ખૂંચે એવું હોય એને ટાળવું એનું નામ સુરુચિ છે. ઊંચી કલાકૃતિઓ સૂક્ષ્મ કલાસૂઝ ધરાવે છે અને સૂક્ષ્મ રીતે આનંદનો અનુભવ કરાવે છે. કલાના ઉચ્ચ આનંદને પ્રગટ કરનારું સાહિત્ય વાચકની સુરુચિ કેળવવામાં ઘણું ઉપકારક નીવડે છે. સાહિત્યકૃતિમાં ઔચિત્ય જળવાય તેનું સર્જકે ધ્યાન રાખવાનું છે તે માટે તેણે અમુક કક્ષા જાળવવાની છે અને ભાવકે પણ ઉચ્ચ પ્રકારના કાવ્યાનંદની જ સતત શોધમાં રહેવાનું છે. સાહિત્યની સૃષ્ટિ આહ્લાદજનક અને નવરસરુચિક ગણાઈ હોય તો એમાંથી પ્રાપ્ત થતો આહ્લાદ રુચિકર નીવડવો જોઈએ. હંમેશાં એ યાદ રાખવું જોઈએ કે ઊંચી કલાકૃતિઓ શિષ્ટતા, સુરુચિનું ઊંચું ધોરણ જાળવે છે તેથી ભાવકની રુચિનો વિકાસ થાય છે.

સુરુચિ એવું સૂક્ષ્મ તત્ત્વ છે જેના કોઈ પ્રગટ-અપ્રગટ નિયમો નથી. વળી સાહિત્યકાર જ્યારે સાહિતયની રચના કરતો હોય છે ત્યારે સુરુચિનાં ધોરણો પળાય છે કે નહિ તે અલગથી-સભાનપણે વિચારતો હોતો નથી, વિચારી શકે પણ નહીં. કારણ કે સાહિત્યકૃતિના સર્જન સમયે તેની બધી શક્તિઓ પોતાની અનુભૂતિને કલાકૃતિનું રૂપ આપવામાં કેન્દ્રિત થઈ હોય છે. કલા-સાહિત્ય પાસે આપણી અપેક્ષા હોય છે કે તે રસાસ્વાદના આનંદનો અનુભવ કરાવે. એ ત્યારે જ શક્ય બને જ્યારે ભાવકનું મનોમુકુર સ્વચ્છ અને ઉજ્જવળ હોય. કલાકૃતિમાં પવિત્ર, ઉચ્ચ, સાત્ત્વિક આનંદ હોય એવી કાવ્યમીમાંસકોની અપેક્ષા હોય છે. એ સ્વાભાવિક પણ છે. જે સાહિત્ય જીવનનો દ્રોહ કરતું હોય તે અનૈતિક સાહિત્ય છે, જે સાહિત્ય જીવનનો સમાદર કરે છે તે નૈતિક સાહિત્ય છે અને નૈતિકતાને સુરુચિ સાથે ગાઢ સંબંધ છે. નીતિનું રહસ્ય પ્રેમ છે; સાહિત્ય દ્વારા દેશની સીમાઓ ઓળંગીને પણ પ્રેમની ભાવના વિકસી શકે છે તેમાં કલ્પનાનું તત્ત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે. સાહિત્ય આપણને કશું સીધેસીધું કહ્યા વગર આપણા ઉપર અસર-પ્રભાવ પાડે છે. માટે જ શૅલી કહે છે – 'Love is an idntification of ourselves with the beautiful which exists in thought, action or person not our own.' – 'પ્રેમ એ આ5ણા સિવાયની અન્ય વ્યક્તિના વિચાર કે કાર્યમાં વસતાં સૌન્દર્ય સાથેનો આપણો આવિષ્કાર છે.' કવિતા એના કારણરૂપ કલ્પનાને સતેજ કરી ફલરૂપે શીલને પોષે છે. કલાનું મૂલ્ય કેવળ આનંદ ખાતર નથી, કલાનું મૂલ્ય એના સત્ત્વ પરથી થવું જોઈએ. અલબત્ત, આનંદ અને સત્ત્વ બંને હોય તો સાચી કલા નીપજે.

કલાવાદીઓ કે જે 'કલા ખાતર કલા'ના વિચારને પુરસ્કારે છે તેઓ અભિવ્યક્તિની સુંદરતા અને વસ્તુના આગ્રહી હોય છે. જીવનવાદીઓ કે જે 'જીવન ખાતર કલા'ની જિકર કરે છે તેઓ

વસ્તુની ઉપયોગિતા અને તેના શિવત્વના આગ્રહી છે. ભાવકની સુરુચિને હાનિ પહોંચાડવામાં વાસ્તવવાદી, અતિવાસ્તવવાદી તેમજ મનોવૈજ્ઞાનિક લેખકો અને ચિંતકોનો મોટો ફાળો છે. તેઓ કાં તો કલાને સ્વયંસ્ફુરણાની નીપજ ગણતા હોય છે અને યથાર્થ આલેખન નિમિત્તે રુચિ-કુરુચિના પોષણ પરત્વે બેફિકર રહ્યા હોય છે. ચિત્તવૃત્તિની શુદ્ધિ વધે તેવું સાહિત્ય જ સુરુચિપૂર્ણ હોય છે. કલાના ઉચ્ચ નમૂનાઓ જ ભાવકોની, સર્જકોની અને વિવેચકોની પણ સુરુચિને ઘડવાનું કામ કરે છે. સાહિત્ય તેનામં રહેલી જીવનશક્તિથી ભાવકના જીવનને કેળવે છે, સંસ્કારની તાલીમ આપે છે અને પરોક્ષ રીતે સુરુચિનું ઘડતર કરે છે.

માણસે પશુજીવનના સ્તરથી ઊંચે જવાની જે ઉત્ક્રાંતિ દાખવી છે તે તેની વિવેકશક્તિને કારણે. જગતમાં સત્-અસત્, સુંદર-અસુંદર, શુભ-અશુભ, સારું-નરસું, ઉત્તમ-હીણું બધું હોય છે પરંતુ વિવેકશક્તિ દાખવીને, પોતાની સુરુચિને કેળવીને જીવનવ્યવહાર કરતો હોય છે. કલા માણસમાં રહેલા પશુતત્ત્વને દૂર કરીને બાકી બચેલા માણસાઈના તત્ત્વને બહાર લાવે છે અને તેનો ચેતોવિસ્તાર કરે છે. છેક પ્રાચીન સમયમાં પ્લેટોએ કવિતા સામે તહોમત મૂકતાં કહ્યું હતું કે તે સ્વચ્છંદતા, હીનતા, અભદ્રતાને પોષે છે અને એવી ભયાનક શક્તિને સમાજમાંથી દૂર કરવા માટે કવિઓને દેશનિકાલ કરવાની વાત કરી હતી. સંસ્કૃત નાટકોમાં શિષ્ટતાનું, સુરુચિનું ઊંચું ધોરણ જેટલું જળવાય છે તેના પ્રમાણમાં ગુજરાતી નાટ્યપ્રકાર ભવાઈમાં સુરુચિનું ધોરણ ઘણી વાર જળવાતું જોવા મળતું નથી. આધુનિક સમયમાં હિંદી ચલચિત્રોમાં લજ્જાસ્પદ, કામુક્તા પ્રગટાવે તેવાં, નગ્નતા અને ઘાતક હિંસાનાં દશ્યો પણ સુરુચિનો ભંગ કરે છે જે સમાજ માટે વિનાશક ભૂમિકા ભજવે છે. સ્થૂળ હાસ્યની અતિશયતા પણ અપરુચિની જ ઘોતક છે. આનો પ્રતિકાર એવા સાહિત્ય કે કલા પ્રત્યે પ્રતિબંધ ફરમાવીને નહિ કરી શકે; પરંતુ જો કલાના ઉચ્ચ આનંદને પીરસનારું સાહિત્ય ઉપલબ્ધ કરાવાય તો સુરુચિનું ઘડતર કરી શકાય.

## 10.11 ચારિત્ર્ય નિર્માણનાં સામાજિક સંદર્ભો

મનુષ્ય એ સામાજિક પ્રાણી છે, સાહિત્યકાર પણ સમાજ વચ્ચે શ્વાસોચ્છ્વાસ લે છે. સાહિત્ય એ સમાજના અંગભૂત એવા પ્રતિભાસંપન્ન સર્જકની અનુભૂતિની અભિવ્યક્તિ છે. વ્યક્તિ સમાજનું અંગ છે. તે સમાજમાં જન્મે છે અને સમાજમાં જ વિકાસ કરે છે – સમાજના માળખામાં ઓતપ્રોત થવા પ્રયત્ન કરતો હોય છે. સાહિત્યનો સર્જક પણ સમાજમાં જન્મેલો અને ઊછરેલો માનવી છે એનું સંવેદનશીલ ચિત્ત સમાજનાં વિવિધ વિચારો-ભાવનાઓ-નીતિનિયમોથી પ્રભાવિત થાય છે અને તેને શબ્દ દ્વારા સાહિત્યરૂપે સમાજ સમક્ષ મૂકવા પ્રયત્ન કરે છે. આમ સમાજજીવન એના સાહિત્યની વિષય-સામગ્રી બને છે. કોઈ પણ સાહિત્યકૃતિમાં છેવટે વાત તો જીવનની જ હોય છે. સર્જકની આસપાસ જે સૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે તેને તે નિરૂપે છે, તેથી સાહિત્યને 'જીવનનું દર્પણ' પણ કહેવામાં આવે છે. અલબત્ત, સાહિત્યકાર કૃતિમાં જ સમાજ નિરૂપે છે તે મૂળ સમાજની નકલ નથી હોતી, તે સમાજને વિશેનું પોતાનું 'દર્શન' રજૂ કરે છે. પોતાની રીતે એ સમાજપ્રવાહોનું અવલોકન કરે છે અને અર્થઘટન કરિ કૃતિને નવો ઘાટ આપે છે. આમ સાહિત્ય અને જીવનનો નાળ-સંબંધ છે.

સાહિત્યકાર પોતાના સાહિત્ય દ્વારા સમાજને પ્રેરણા આપે છે, આદર્શ પુરો પાડે છે, સમાજની સુરુચિ ઘડવાનું કામ કરે છે. ઘણી વાર સામાજિક ક્રાંતિનું તે નિમિત્ત પણ બની જાય છે. 'અંકલ ટૉમ્સ કેબિન' તેનું સચોટ ઉદાહરણ છે. સાહિત્યનો સમાજસુધારાના માધ્યમ તરીકે થયેલો ઉપયોગ અર્વાચીન ઉદાહરણ છે. સાહિત્યનો 'સંસારસુધારાકાળ' તરીકે ઓળખાયેલા સમયમાં ભરપટ્ટે થયેલો જોઈ શકાય છે. 'જનાવરની જાન' જેવું કાવ્ય, 'સાસુવહુની લડાઈ' નવલકથા, 'લલિતાદુઃખદર્શક' 'નાટક', 'હુન્નરખાનની ચડાઈ' જેવું પદ્ય-વ્યાખ્યાન કે 'મંડળી મળવાથી થતા લાભ' જેવા નિબંધો એ સમાજ-સુધારાલક્ષી સાહિત્યની જ નીપજ છે. સાહિત્યકારને સમજનો વહીવંચો કહી શકાય, જેનું કામ સમાજની-પ્રજાજીવનની નોંધ-સર્જનાત્મક નોંધ લેવાનું છે. સર્જકના ચિત્તમાં સમાજની એક છબી અંકિત થઈ જતી હોય છે. સાહિત્યનો સમાજ પર જેવો તેવો પ્રભાવ નથી હોતો.રમણલાલ વસંતલાલ દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથામાં સમકાલીન સમાજનું ચિત્ર આલેખાયું છે. સાહિત્યના એક પ્રકાર

તરીકે નાટક તો ભિન્ન ભિન્ન રુચિવાળા માણસો-સમાજ માટે સમારાધન-મનોરંજન કરનાર સાધન છે એમ કવિ કાલિદાસે કહ્યું જ છે. ટૉલ્સ્ટૉયે કલાને કેવળ મનોરંજનના સાધન તરીકે ન જોતાં મનુષ્યના જીવન અને સમાજના કલ્યાણ તેમજ પ્રગતિ માટે લાગણીની સાંકળ ગણવા કહ્યું છે. કલાનું કાર્ય માનવી-માનવી વચ્ચેની વિસંવાદિતા હઠાવી સંવાદિતા — harmony સ્થાપવાનું છે.

સાહિત્ય માનવસમાજને સદીઓથી, જમાનાઓથી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતું રહ્યું છે. 'રામાયણ', 'મહાભારત' જેવાં મહાકાવ્યોએ સંસ્કારવૈવિધ્ય ધરાવતા ભારતીય પ્રજાજીવનને ટકવા માટે બળ પૂરું પાડ્યું છે અને તેના સાંસ્કૃતિક વિકાસમાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. નાટ્યકાર ઇબ્સનના The Doll's House નાટકની નાયિકા નૉરાના પાત્ર દ્વારા એ નાટકે યુરોપમાં નારીજાગૃતિના આંદોલન તરીકે હલચલ મચાવી દીધી હતી. વર્તમાન સમયમાં દલિતઅનુકંપાની ભાવનાઓનો પડઘો પાડતું ગુજરાતી સાહિત્ય પૂરતા પ્રમાણમાં સમાજનું ધ્યાન દોરવામાં સફળ નીવડ્યું છે. 'કાળો સૂરજ', 'વ્યથાનાં વીતર', 'આંગળિયાત', 'ડાયા પશાની વાડી' વગેરે દલિત સ્વરને ઉજાગર કરવામાં સફળ નીવડ્યાં છે.

સાહિત્યકારોનો એક એવો વર્ગ છે જે સમાજનું યથાતથ ચિત્ર6 કરે છે. જેમાં સમાજની સર્વ મર્યાદાઓનું આલેખન આવી જાય છે. બીજો એક વર્ગ એવો છે જે સમાજમાં સુધારાવિષયક અભિયાન સાહિત્યના માધ્યમ દ્વારા ચલાવે છે. સુધારકયુગ અને પંડિતયુગ આવતાં સુધી આ પ્રકારનું ગુજરાતી સાહિત્ય આપણને મળે છે. ત્રીજા વર્ગના સાહિત્યકારો સમાજના દોષો અને મર્યાદાઓને તપાસી તેના પ્રત્યે વિદ્રોહ જગવે છે અને લોકો સુધી પોતાના વિચારો અસરકારક રીતે પહોંચાડવા સાહિતયનો એક માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. આ ત્રણે વર્ગના સાહિત્યકારોનું મુખ્ય લણ સમાજસુધારણાનું છે.

સાહિત્યની અભિવ્યક્તિ ભાષા દ્વારા થાય છે અને ભાષા સમાજની નીપજ છે. સર્જક પણ કેમેરાની આંખની નજરે સમાજનાં સુખદુઃખ, વેરઝેર, રાગદ્વેષ, પ્રેમ-વિરહ વગેરેને જુએ છે અને અભિવ્યક્ત કરે છે. મેથ્યુ આર્નોલ્ડના શબ્દોમાં આ જ 'જીવનની સમીક્ષા' છે. એ માનવમનનાં ઊંડાણોને તપાસે છે અને શબ્દબદ્ધ કરે છે તેથી 'પ્રતિબિંબ'થી વિશેષ છે. પ્રાદેશિક જનજીવનનું ચિત્ર કરતું સાહિત્ય ખરા અર્થમાં સમાજ સાથે સંલગ્ન હોય છે. એમાં વ્યક્તિ નહિ, સમાજનું જ પ્રાધાન્ય હોય છે. મૂળ વાત એ છે કે એ સાહિત્ય કળાનો ઘાટ પામે એ જરૂરી છે કારણ કે છેવટે તો કોઈપણ સાહિત્યનો પ્રધાન ઉદ્દેશ સૌંદર્યનિર્માણ દ્વારા આનંદ આપવાનો જ હોય છે. સાહિત્ય જીવનાભિમુખ બનવું જોઈએ એનો અર્થ એ નથી કે તેમાં કલાકૃતિને હાનિકર્તા નીવડે તે રીતે પ્રગટ બોધ આવે. બોધ પણ 'કાન્તાસંમિત' હોવો જોઈએ. કલા જીવનનું ઉપકારક અંગ બનવું જોઈએ.

**પ્રશ્ન : સાહિત્ય અને સમાજ**

એક અંગ્રેજી સાહિત્યકારે કહ્યું છે કે "ઇંગ્લેન્ડના માનવજીવન અને સમાજજીવને ઓળખવા તમારે ઇંગ્લેન્ડમાં ફરવાની જરૂર નથી, પરંતુ તેનું સાહત્ય વાંચો એટલે ઇંગ્લેન્ડ ઓળખાશે." પ્રેમાનંદના આખ્યાનો વિશે રા. વી. પાઠકે કહ્યું છે કે, "પ્રેમાનંદના આખ્યાનોમાં ગુજરાત, ગુજરાતીઓ અને ગુજરાતણો ડોકાય છે." આ વાત પૂરવાર કરે છે કે પ્રત્યેક સર્જક તેના જમાનાનું ને એના દેશનું સંતાન છે. એ જે સમયમાં જીવે છે એના પડઘા અને પડછાયા સાહિત્યમાં પડે છે. પ્રજાજીવનના આનંદ, ઉત્સવો, વ્રતો, તહેવારો, રાગ-ત્યાગ, ગમા-અણગમા, હર્ષ-શોક, સારા-નરસા બનાવોની અસર અનુભવી સર્જક સાહિત્યમાં તેને નિરૂપે છે. અર્થાત્ સાહિત્યકારનું સમાજદર્શન તેના સર્જનમાં પડઘાય છે. સાહિત્ય સમાજનું પ્રતિબિંધ છે. અંગ્રેજીમાં કહેવાયું છે કે, "Literature is a Miror of Society." અર્થાત્ સાહિત્ય સમાજનું દર્પણ છે. જેવો સમાજ તેવું તેનું સાહિત્ય. સાહિત્યને સમાજનો X–ray પણ કહ્યો છે. સમાજમાં બનતાં બનાવો કે ઘટનાઓ સર્જકના મન પર તીવ્ર અસર પાડે છે. જે કોઈને કોઈ રૂપે, સ્વરૂપે સાહિત્યમાં અવતરે છે.

સમાજના પ્રવાહો, પરિસ્થિતિઓ, ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક ઘટનાઓ, ધાર્મિક માન્યતાઓ, આર્થિક સ્થિતિઓ બધાંની અસર જીવાતાં જીવન પર પડતી હોય છે. તો જીવાતાં

જીવનની અસર સમાજજીવન પર થાય છે. સાહિત્યકાર જીવાતા જીવનનો આલેખ રચે છે. પ્રજાના ઉત્સવો, લોકમેળા, રીત-રિવાજો, માન્યતાઓ, જ્ઞાતિના બંધનો, સામાજીક રૂઢિ, વગેરે સર્જક સાહિત્યમાં આલેખે છે. 'સરસ્વતીચંદ્ર', 'ગ્રામલક્ષ્મી', મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'જનમટીપ' વગેરે નવલકથામાં જીવાતાં જીવનની અસર પ્રબળપણે ઝીલાઈ છે. મેઘાણી એ સોરઠી સમાજની, પન્નાલાલે ઉત્તર ગુજરાતીની તો પેટલીકરે ચરોતર પ્રદેશની લાક્ષણિકતા અને એ સમાજ જીવનને પોતાના સાહિત્યમાં વાચા આપી છે.

સાહિત્યમાં ઝીલાતાં સમાજનું પ્રતિબિંબ યથાતિથ એટલે કે એના મૂળરૂપે નથી આલેખાતું પણ સમાજમાંથી ઘટનાઓ, પાત્રો, પ્રસંગો, ભાષા, બોલી વગેરે લઈ સાહિત્યમાં કલાત્મક ગૂંથણી થાય છે. જેવો સમાજ તેવી છબી જો સાહિત્યમાં ઉપસતી હોય તો પછી સાહિત્ય્ પાસે જવાની જરૂર રહેતી નથી. સાહિત્યકાર સમાજની ઘટનાઓનો સ્વીકાર કરે છે. પણ તેને પોતાની રીતે મૂકે છે. તેમાં કલ્પનાઓનો ઉમેરો કરે છે. નવા રૂપ રંગ આપી સર્જન કરે છે. જેટલો તફાવત ફોટોગ્રાફ અને જાતે દોરેલા ચિત્રમાં છે. એટલો તફાવત સમાજદર્શન અને તેના આલેખનમાં છે. સમાજ કેવો છે ? એના આલેખનની સાથે સાથે સમાજ કેવો હોવો જોઈએ ? એની પણ કલ્પના સર્જક કરતો હોય છે.

સાહિત્ય અને સમાજનું બીજુ પાસું તપાસીએ તો જેમ સમાજની સાહિત્ય પર અસર થાય છે તેમ સાહિતયની પણ સમાજ પર અસર થતી હોય છે. સમાજનું સંતાન એવો સર્જક પોતાના સમાજને સાહિત્યમાં ઉપસાવે છે. તેમ પોતાના સાહિતયથી સમાજનું ઘડતર પણ કરે છે. સમાજ અને જીવન કેવું છે એ આલેખનો સર્જક એ કેવું હોવું જોઈએ. એનો સૂર પણ પોતાના સાહિત્યમાં વણી લે છે. સમાજને તે ઘડે છે. સાચી દિશા બતાવે છે. સંસ્કૃતિનું જતન પણ કરે છે. ફ્રાન્સની ક્રાંતિના ઘડતરમાં વૉલ્ટર અને રૂસોના સાહિત્યનો પણ ફાળો છે. ગાંધીજીનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય પર પડ્યો અને ગુજરાતીઓની રાષ્ટ્રભાવના પ્રબળ બની. નર્મદના સાહિત્ય પણ રાષ્ટ્રભાવનાને વેગવાન બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ર. વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથાએ શિક્ષિતોને ગ્રામાભિમુખ કર્યા તો એમની જ 'ભારેલો અગ્નિ' મહાભારત જેવા ગ્રંથો યુગોથી લોકોમાં સંસ્કારોનું સિંચન કરતાં આવ્યાં છે. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે સાહિત્ય્ સમાજનું ઘડતર કરે છે. આથી જ કટાર કરતા કલમને વધુ તાકાતવાન ગણી છે. સર્જક ધારે તો પોતાના સર્જન પ્રતિ સત્તા પરિવર્તન પણ કરાવી શકે. સર્જક માત્ર સમાજને નથી આલેખતો પણ સ્વૈચ્છિક સમાજ પણ ઘડી શકે છે. આમ, સાહિત્ય માત્ર સમાજનું પ્રતિબિંબ નથી પણ નવસર્જન પણ છે.

આનો અર્થ એ નથી થતો કે — સાહિત્યકારે સમાજને સુધારવાનો ઠેકો લેવો જોઈએ. સાહિત્યકાર માત્ર સમાજ સુધારક ન હોય શકે. સમાજ સુધારણા એ તેનું કર્તવ્ય પણ નથી. એનું કર્તવ્ય છે સાહિત્યના માધ્યમથી કલાનું સર્જન કરવું. કવિ આથી જ કહે છે.

"હું ક્યાં અહીં કશું કરવાં આવ્યો છું,

હું તો બસ ફક્ત કરવા આવ્યો છું."

સાહિત્યના માધ્યમ દ્વારા કલ્પનાનું સર્જન કરવું અને સૌંદર્ય પ્રગટાવવું એ એનો મુખ્ય ધર્મ-કર્મ હોય શકે. સમાજ સુધારણા એ સાહિતયની આડપેદાશ છે.

## 10.12 સાત્વિક આનંદ માટેનું સાહિત્ય

साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः ।

तृणं न खादन्नपि जीवमानस्तद्भागधेयं परमं पशूनाम् ॥

કલારસિક સંત રાજવી ભર્તૃહરિએ કહ્યું છે કે સાહિત્ય, સંગીત અને કલા વિનાનો મનુષ્ય પૂંછડા અને શિંગડાં વગરનો સાક્ષાત્ પશુ જ છે. ઘાસ ખાધા વિનાએ જીવે છે તે પશુઓનું પરમ ભાગ્ય છે નહિ તો એમને માટે ઘાસ પણ બાકી ન રહેવા દેત ! મનુષ્યત્વની વિશેષતા એટલી જ છે કે એ જીવનનાં તથા સૃષ્ટિનાં સૌન્દર્યતત્ત્વનું ગ્રહણ કરી એનો ઉપયોગ કરી તથા કરાવી શકે છે એટલે જ

પ્રત્યેક મનુષ્યમાં જીવનના વિકાસ અર્થે સાહિત્ય, સંગીત તથા કલાનાં તત્ત્વો હોવાં આવશ્યક છે. સાહિત્યકારો, સંગીતકારો તથા કલાકારોમાં એ તત્ત્વો કર્તરિભાવો (Active) રહેલાં હોય છે. અને વાચકો, શ્રોતાઓ તથા પ્રેક્ષકોમાં એ તત્ત્વો કર્મણિભાવે (Passive) રહેલાં હોય છે; પરંતુ બન્ને પક્ષે એ સરખાં જાગ્રત હોય છે અને એટલે જ સાહિત્ય ઇત્યાદિનો વ્યવહાર શક્ય બને છે. જેઓમાં એ સૌન્દર્ય તત્ત્વો જાગ્રત થતાં નથી તેઓ પશુ જેવું જીવન વિતાવે છે.

ભર્તૃહરિએ સાહિત્ય4 સંગીત અને કલા એક સાથે જ મૂક્યાં છે અને એ ત્રણેની ઊંડી સમજ હોવી આવશ્યક છે. ત્રણેમાંથી એકમાં પણ ન્યૂનતા હોય તે મનુષ્યત્વની અપૂર્ણતા જ ગણાય કારણ કે વાસ્તવમાં આ ત્રણ ત્રણ નથી પણ એક જ છે. સંગીત એટલે સ્વર અને તાલનું સાહિત્ય. સાહિત્ય એટલે શબ્દ અને છંદનું સંગીત અને કલા એટલે દૃશ્યમાત્રનું સાહિત્ય અને સંગીત. પ્રાપ્ત ક્ષણે, પ્રાપ્ત પ્રસંગમાં પ્રાપ્ત વસ્તુની નિત્ય નૂતનતા જે ઓળખી લે તે જ સર્જનનાં સૌન્દર્યતત્ત્વનો અધિકારી કલાકાર છે. એનો સંવેદનશીલ સ્વાનુભવ વાણી દ્વારા પ્રગટ કરે તે કવિ છે, નાદ દ્વારા પ્રગટ કરે તે સંગીતકાર છે, રૂપ દ્વારા પ્રગટ કરે તે ચિત્રકાર-શિલ્પકાર છે અને ગતિ દ્વારા પ્રગટ કરે તે નૃત્યકાર છે.

રશિયાના વિખ્યાત નાટ્યાચાર્ય સ્તાનિસ્લાવસ્કીએ કહ્યું છે કે, ‘Letters, syllables, words – these are the musical notes of speech out of which to fashion measures, arias and whole symphonioes.’ વર્ણો, અક્ષરો અને શબ્દો — એ સર્વ વાણીના સંગીતસ્વરો છે જેમાંથી છંદો, ગીતો અને પ્રબંધોની રચના થાય છે. સંગીતના સ્વર એ નાદની અસ્ખલિતતા છે અને અસ્ખલિતતા એ જ આદિ રસ છે. સાહિત્યદર્પણકાર વિશ્વનાથ કવિરાજ वाक्यं रसात्मकं काव्यम् એ રીતે કાવ્યની વ્યાખ્યા કરે છે; વાક્યમાં પોતાની મેળે રસ સર્જાય તે જ કાવ્ય છે એનું એક સરસ દષ્ટાંત છે. કોઈ એક સભાશાસ્ત્રી અને કવિ ભેગા થઈ ગયા હતા. તેમને કાવ્ય કરવા વિષે વિવાદ થતાં કવિએ ભાષાશાસ્ત્રીને એક સુકાઈ ગયેલું ઝાડ બતાવીને કહ્યું કે આનું કાવ્ય કરો. ભાષાશાસ્ત્રીએ કહ્યું **‘शुष्को वृक्षस्तिष्ठत्यग्रे’** અર્થાત્ આપણી આગળ શુષ્ક વૃક્ષ રહેલું છે. ત્યારે કવિએ ઉત્તર આપ્યો કે આને કાવ્ય ન કહેવાય, જુઓ એ જ છંદમાં કાવ્ય આવી રીતે થાય છે : **‘नीरसतरुरिह विलसति पुरतः’** અર્થાત્ આપણી આગળ અહીં નીરસ તરુ વિલસે છે. અર્થ એક જ છે, ભેદ ધ્વનિમાત્રનો છે અને કાવ્યમાં ગર્ભિત રહેલું સંગીત તે પણ આ જ છે. જોકે કેવળ નાદ વડે જ કાવ્ય બનતું નથી પણ કાવ્યનું એ અતિ આવશ્યક અંગ છે. એના વડે જ વાક્ય શ્રવણ કરવા માટેની અભિરુચિ જાગે છે. અને શ્રવણની એકાગ્રતા થાય તો જ કાવ્યની વ્યંજનાઓનું ઊંડાણ સમજી શકાય છે. સાહિત્ય અને સંગીતનો સમન્વય આટલા માટે જરૂરી છે કારણ કે વાક્યમાં જે તે રસનો વિકાસ કરવા માટે એનો એવો ધ્વનિ હોય તો વધુ લોકભાગ્ય બને છે. શ્રી દંડાચાર્યે કાવ્યાદર્શમાં કહ્યું છે કે,

मधुरं रसवत् वाचि वस्तुन्यपि रसस्थितिः ।

येन माद्यन्ति धीमन्तो मधुमेव मधुव्रताः ॥

રસવાળા વાક્યમાં માધુર્ય છે. વાણીમાં અને વસ્તુમાં રસસ્થિતિ રહેલી છે. ભમરાઓ જેમ મધુપાન કરીને મત્ત બને છે તેમ પંતો કાવ્યના રસનું પાન કરીને ઉન્મત્ત બની રહે છે.

સંગીતનું પોતાનું પણ એક અનોખું સાહિત્ય છે. પ્રત્યેક રાગરાગિણીના નિશ્ચિત ભાવ, સ્વરોની, ફિરત, તાલોના લય — આ સર્વ સંગીતની ભાષા છે. કવિ લોંગફેલો કહે છે કે Music is the universal language of mankind. — સંગીત માનવની વિશ્વવ્યાપી ભાષા છે. અમેરિકાના જીવશાસ્ત્રી ડૉ. લઈસ ટોમસે એમનાં ‘The Lives of a Cell’ નામના પુસ્તકમાં લખ્યું છે કે, “The need to make music and to listen to it is universally expressed by human beings. IU cannot imagine, even in our most primitive times. the emergence of talented painters to make cave paintings without there having been, near at hand, equally creative people making a song. It is, like speech, a dominan : aspect of human biology.” સંગીતની રચના અને એનું શ્રવણ એ માનવભાવની વ્યાપક અભિવ્યક્તિ છે. માનવકુળની આદિ અવસ્થામાં પણ જ્યારે ગુફાઓમાં ચિત્રો આલેખનારા પ્રતિભાશાલી ચિત્રકારોનો ઉદ્ભવ થયો ત્યારે

એમની સાથે સાથે ગીતોના રચયિતાઓ પણ નહિ થયા હોય એવી કલ્પના કરી શકાતી નથી. વાણીની જેમ સંગીત પણ માનવજીવનનું એક પ્રધાન અંગ છે જ. પશુપંખી અને જંતુઓનું તો એ મુખ્ય અંગ છે. નાદના વિવિધ પ્રકારો વડે જ એમનો જીવનવ્યવહાર ચાલે છે, સરસ ચાલે છે. એમને વર્ણાત્મક ભાષા વિના કોઈ વાંધો આવતો હોય એમ દેખાતું નથી. કારણ કે એમને માત્ર ભય, સત્તા, સંવનન પોષણ ઇત્યાદિ દેહના આવેગો જ વ્યક્ત કરવાના હોય છે, પરંતુ મનુષ્યનું માનસ આંતરિક અનુભૂતિવાળું હોવાને કારણે, એનામાં દેશકાલની સ્થિતિ સ્પષ્ટ હોવાને કારણે, આ સર્વ નાદના અનુભવનો સંગ્રહ કરીને એણે સાહિત્ય, સંગીત અને કલાનું સર્જન કર્યું છે અને એવી રીતે નિસર્ગનું અનુકરણ કરીને જીવનમાં સૌન્દર્યતત્ત્વનો આવિષ્કાર કર્યો છે. વીણાવાદના આલાપોમાં કે બીથોવન, મોઝાર્ટ અને ચાઈ કૉસ્કીના વાદ્યપ્રબંધોનાં (સિમ્ફનીઓનાં) નાદચિત્રોમાં યોગ્ય શ્રોતા સંગીત, સાહિત્ય અને શિલ્પનો સ્પષ્ટ અનુભવ એકસાથે કરી શકે છે.

સ્વ. સાક્ષરરત્ન મણિલાલ નભુભાઈએ એમના ‘સુદર્શન’ માસિકમાં આશરે સન 1896માં છપાયેલા એક સંગીત વિષેના લેખમાં કહ્યું છે કે, ‘ગીતનો ધ્વનિ જે નાદ તેની જ એ આખી સૃષ્ટિ છે એમ પ્રતિપાદિત થયા પછી કાવ્યનો અને ગીતનો જે સંબંધ છે તે ઉપર પણ સહજ દૃષ્ટિ કરવાની આવશ્યકતા છે. અમુક જાતના નાદથી મનુષ્ય હૃદયને અમુક અસર થાય છે. એના વડે અમુક રસની પુષ્ટિ કે ક્ષતિ થાય છે એવી એવી સૂક્ષ્મ વાતો વિશે બહુ વિચાર થયો છે અને સાહિત્યમાં રીતિ, ગુણ ઇત્યાદિ વ્યવસ્થા એ કલ્પનાને આધારે જ યોજાઈ છે. નાદના અમુક અમુક આવિષ્કારથી અમુક જ અસર ની5જે એ નિયમ પર લક્ષ રાખી છંદો અને રાગોનાં સ્વરૂપ રચાયાં છે અને એથી જ અમુક છંદ અમુક વિષયને અનુકૂલ આવે છે, અન્યને નહિ, એવી ભાવના બંધાય છે. એટલું જ નહિ પણ પ્રત્યેક કાવ્યના ભાષામાં નિયમાનુસાર કાવ્યોચિત શબ્દો ગોઠવવાનું એક માપ હોય છે અને બીજું માપ કવિના હૃદયમાં જે સંગીતમય ધ્વનિ નાદરૂપે રમતો હોય તેમાંથી ગૂઢ પ્રકારે નીકળે છે તે છે. કોઈ પણ કાવ્ય છંદશાસ્ત્રાનુસાર હોય, તેમાંના ભાવની અભિવ્યક્તિ સાહિતયના નિયમાનુસાર હોય તોપણ તેમાં ‘ગાન’ ન હોય તો તે કાવ્ય ફીકું, ક્લિષ્ટ, કર્ણકટુ ઇત્યાદિ દોષને પાત્ર થાય છે. સંગીતની જેમ સામાન્ય વ્યવહારની પાર અને અતિ વિશાલ વિસ્તાર અનુભવનારા શબ્દોની રચના અને તેવી વાક્યયોજના એને કાવ્યમાં ‘ગાન’ એ નામથી ઓળખાય છે. યમક, પ્રાસ, અનુપ્રાસ આદિ કૃત્રિમ નિયમો નૈસર્ગિક સંગીતની ખોટ પૂરી પાડવા માટે જ થયેલા છે. કાવ્યમાં પ્રદર્શિત કરવાનો ધ્વનિ અને સંગીતમાં પ્રદર્શિત કરવાનો નાદ એ બેનું એવું સભ્ય છે કે તેમનાં બહિર્ભાવનાં સાધનો પણ મોટે ભાગે એક જેવાં છે. કાવ્ય અને સંગીતનો પ્રદેશ બહુ નિકટ છે. સંગીતના રસથી ભરપૂર એવા હૃદય વિના અન્યત્રથી ખરા કાવ્યની વાણી નીકળી શકતી જ નથી. કવિમાત્રનો આત્મા એમનું આખું જીવન એક મૃદુ સંગીતમય હોય છે. કાવ્યનો સંગીત ઘણો ઉપયોગ કર્યો છે. કાવ્યમાં જેને ધ્વનિ, લક્ષણા, રસ, નાયિકા ઇત્યાદિ માનવામાં આવે છે તે ગીતની પ્રત્યેક ચીજમાં હોઈ શકે છે એવું યથાર્થ સંગીતશાસ્ત્રીઓ માને છે. ગીત અને કાવ્ય આમ પરસ્પર ઉપકારક છે અને કવિઓ જ્યારે સંગીત સમજશે તથા સંગીતકારો જ્યારે કાવ્ય સમજશે ત્યારે મનુષ્ય હૃદયને વિનીત અને આર્દ્ર કરી ઐહિકની પારનો આનંદ અનુભવનાર આ કલાયુગ્મનો પૂર્ણ ઉદાર થશે.’’

સંગીત અને કાવ્યનો સંપૂર્ણ સમન્વય સાધનાર કવિ આપણા યુગમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર થઈ ગયા છે. બંગાળી ભાષાનમાં સમજ ન પડે તોપણ એમના કાવ્યનો ધ્વનિ એટલો સરસ લાગે છે કે શ્રવણમાત્રથી હૈયું ડોલી ઊઠે છે, અને સમજ પડે તો કાવ્યતત્ત્વ પણ કેટલું સંપૂર્ણ હોય છે ! એક નાના ઋતુગીતમાં એમણે કહ્યું છે :

‘‘મૌમાછી ફિરે જાચી ફૂલેરો દોખિના
પાખાય બાજાય તાર ભિખારીરો બીના.’’

મધુમક્ષિકા ફરતી ફરતી ફૂલો પાસે દક્ષિણા યાચે છે. એની પાંખોએ જાણે ભિખારીની વીણા (એકતારો) વાગે છે. ગુજરાતીમાં એ જાતની પ્રતિભા કંઈક અંશે ધરાવનારા કવિઓમાં કવિ કાન્ત અને કવિ નાનાલાલ થઈ ગયા છે.

આજે ઝમે ને ઝરે ચંદ્રીની ચંદ્રિકા

ભીંજે રસિક કોઈ બાલા રે

ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી

ભીંજે મારા હૈયાની માળા

કવિ નાનાલાલની આ પંક્તિઓમાં કાવ્ય અને સંગીતનો સરળ સુમેળ છે પરંતુ તેના પછીની પંક્તિઓમાં સંગીતનું તત્ત્વ વિશેષ છે :

આનંદકંદ ડોલે સુંદરીનાં વૃન્દને

મીઠા મૃદંગ પડછંદા રે

મંદ મંદ હેરે મીટડી મયંકની, હેરો મારા મધુરસ ચંદા

હો ભીંજે મારી ચૂંદલડી.

ગીતને માટે સ્વરો અને વ્યંજનોની યોજના વિષે ખાસ ધ્યાન રાખવું પડે છે. સંગતને સહુથી ઉપકારક સ્વર 'આ'+ છે, એ સ્વર પર ઘણી જસરલતાથી આલાપ તથા તાન લઈ શકાય છે ત્યાર પછી અ, ઈ, એ અને ઓનું સ્થાન આવે છે. ઉ, ઐ અને ઔનું લંબાણ કઢંગું લાગે. પદાન્તે અઘોષ કે 'મ' સિવાયનો ઓષ્ઠ્ય વ્યંજન હોય તો ગીતનું સંગીત ત્યાં બંધ પડી જાય છે. જોડાક્ષરવાળા અઘોષ વ્યંજનો ગીતના કોઈ પણ ભાગમાં વિક્ષેપ ઊભો કરે છે. અર્ધસ્વરો ય, ર, લ, વ અને અનુનાસિકમાં 'ન' અને 'મ' એ અક્ષરો સંગીતમય છે. જેને સંગીતની સમજ હોય તે સાધારણ રીતે અગેય અક્ષરો યોજાશે નહિ. કવિ જયદેવના ''ગીતગોવિન્દ''માં પહેલેથી જ છેવટ સુધી એટલી સુન્દર શબ્દરચના છે કે પ્રબંધ જોતાંવેંત ગાવાનું મઈ થઈ જાય. દૃષ્ટાં તરીકે,

ललितलवंगलतापरिशीलनकोमलमलयसमीरे ।

मधुकरनिकरकराम्बितकाकिलकूजितकुजकुटिरे ।

આ ગીત મેં વિખ્યાત મુસ્લિમ ગવૈયા ઉસ્તાદ ફૈયાઝમાં અને ઉસ્તાદ વિલાયત હુસેનખાં પાસે વસંત રાગમાં ગવાતું સાંભળ્યું છે. બનારસની જાણીતી ગાયિકા સિદ્ધેશ્વરીદેવી પણ આ ગીત ગાય છે. કવિ જગન્નાથની 'ગંગાલહરી' માં પણ શબ્દો જાણે ગંગાજીમાં નાહી, પવિત્ર થઈ અને નદીના તરંગો સાથે હિલોળા લે છે.

શ્રી વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવસંપ્રદાયમાં નવધા ભક્તિમાંના કીર્તન ભક્તિપ્રકારને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે અને તેથી કેવળ કીર્તનભક્તિ દ્વારા ઇષ્ટદેવની સેવા કરનારા ભક્તોનો એક સ્વતંત્ર વર્ગ ત્યાર પછી અસ્તિત્વમાં આવ્યો હતો. સંગીતકલાનિપુણ અને કાવ્યપ્રતિભાસમ્પન્ન એવા શ્રી વલ્લભાચાર્યના શિષ્યો અષ્ટછાપ કવિઓ કહેવાય છે. તેમાંના ભક્ત સૂરદાસનાં અમર પદોમાનાં કેટલાંક તો સહુએ સાંભળ્યાં જ હશે. આ કવિઓમાં શબ્દલાલિત્ય અને કાવ્યમાધુર્ય એટલું બધું છે કે આજપર્યંત એમનાં કીર્તનોની પરંપરા અખંડ જળવાઈ રહી છે.

ઐસો પત્ર પઠાયો નૃપ બસંત

તુમ તજહુ માન માનિની તુરંત

કાગદ નવદલ અંબપાત

દાત કમલ મસિ ભંવર ગાત

લેખિની કામકે બાણ ચાપ

લિખિ અનંગ દઈ સસીછાપ

મલયાનિલ પઠયો કર બિચાર

બાંચત સુકપિક તુમ સુનહુ નાર

'સૂરદાસ' યોં બદત બાન

તૂ હરિ ભજ ગોપીસ તજ સયાન.

આ અદ્‌ભુત પદ મેં વૈષ્ણવમંદિરોમાં આદિબસંત રાગમાં ગવાતું સાંભળ્યું છે. એનો છંદ ચૌદ માત્રાના ધમાર તાલમાં બેસે એવો છે. એના સ્વર અને વ્યંજનોની યોજનાની સ્વાભાવિકતા માત્ર પઠન કરવાથી જ ધ્યાનમાં આવી શકે છે. એ કાવ્યનો અર્થ છે : "હે માનિની ! તું તારા માનનો તરત ત્યાગ કરી દે" એવો પત્ર રાજા વસંતે મોકલ્યો. એ પત્રનો કાગળ આમ્રવૃક્ષનાં નવાં પાન છે, કમળનો ખડિયો અને ભ્રમરનું ગાત્ર એની શાહી છે. કામદેવના બાણનું ચાપ એની લેખિની છે. એને ચંદ્રમાની છાપ મારી છે અને અનંગદેવ પોતે જએના લહિયા છે. મલય સમીરે એને વિચારી કરીને મોકલ્યો છે અને પોપટ તથા કોયલ અને વાંચી સંભળાવી ને કહે છે કે હે નારીઓ ! તમે સાંભળો ! હવે બધું ડહાપણ છોડીને હરિ પાસે જાઓ."

પરમાનંદદાસ, ગોવિંદદાસ, નંદદાસ ઇત્યાદિ બીજા વૈષ્ણવકવિઓ; મીરાંબાઈ, ગૌરાંગ મહાપ્રભુ, નરસિંહ મહેતા, સંત તુકારામ, જ્ઞાનેશ્વર ઇત્યાદિસંત કવિઓના સાહિત્યમાં સંગીતનો રસ સરખી રીતે ઊભરાય છે. કોઈ એક કવિએ કહ્યું છે કે,

संगीतमपि साहित्यं सरस्वत्या: स्तनद्वयम् ।

અર્થાત્ સંગીત અને સાહિત્ય જાણે સરસ્વતીના બે સ્તન છે.

ગદ્યસાહિત્યમાં પણ સંગીત તો રહેલું જ છે. નાટકની વસ્તુના ભાવ પ્રમાણે અવાજના આરોહણ અવરોહણ વિના તે તે વાક્યો સમજવાં કઠણ પડે અને નાટક માર્યું જાય. સાધારણ વાર્તાલાપમાં પણ સંગીતની સમજ વડે નીરસ વિષયોમાં થોડોઘણો રસ પેદા કરી શકાય છે. સર લૉરેન્સ ઑલિવિયરના પઠનની રેકર્ડ સાંભળીએ અને ચાલુ સમારંભોમાં થતાં ભાષણો સાંભળીએ તો આ ફરક સ્પષ્ટ જણાશે. બાણ ભટ્ટ, દંડી, કવિવર રવીન્દ્રનાથ ઠાકુર, જયશંકર પ્રસાદ ઇત્યાદિ એ તો ગદ્યકાવ્યો લખ્યાં જ છે. કવિ નાનાલાલની પણ અપદ્યાગદ્ય શૈલી જાણીતી છે અને આ સર્વનો ધ્વનિ સંગીતમય છે. પાશ્ચાત્ય દેશોમાં ઑપેરા (સંગીતનાટ્ય)માં ગદ્યવાક્યો પણ ગવાય છે તે પ્રમાણે આપણા દેશમાં પણ હોત તો આપણી પાસે પૂરતું સાહિત્ય છે.

મોટા ભાગના અદ્યતન સંગીતકારો સાહિત્યનાં તત્ત્વ પરત્વે નિષ્કાળજી સેવે છે. આપણે શાસ્ત્રીયસંગીતમાં ખ્યાલની કેટલીયે રચનાઓ સાંભળીએ છીએ કે જેના શબ્દો અર્થહીન અને કાવ્યની કોઈપણ ઝમક વિનાના હોય છે. એક મીઠા કહેવાતા ઘરાણાના ગાયકને સાંભળવાને અવસર સાંપડ્યો હતો. દરબારી રાગ છોડાયો હતો અને એ રાગની ઊપજ કરી કરીને ગાયક સમ પર આવતો હતો ત્યારે "ડરિયે બે" એવા શબ્દો ગાતો હતો. લગભગ અર્ધો કલાક ગાયું ત્યાં સુધી સ્થાયી કહો કે અંતરો કહો માત્ર "ડરિયે બે" એ સિવાય એણે કશું ગાયું નહિ. રાગ માલકૌંસની દ્રુત લયની શૃંગારભાવની એક સરસ ચીજ છે. "મુખ મોડ મોડ મુસકાત જાત, અતિછબીલી નાર કર પગસોં ઘાત." અર્થાત્ એક અતિસુંદર નારી પોતાનું મુખ ફેરવીને છાનું મરકતી પગની ઠેસ વડે ઈશારો કરતી જાય છે એવો ગીતનો ભાવ છે. કોઈ વખત સાંભળવાનો અવસર આવે તો સાંભળજો, ઘણાખરા ગાયકો એ ચીજ આવી રીતે ગાય છે : "મુખ મોર મોર મોસે કહત જાત, વો તો છભીલી નાર કર પગ સિંગાર."

સુગમ સંગીતમાં પણ ગીતની રચના કરનાર ઘણી વાર ગુરુ, લઘુ, છંદ, યતિ, વ્યંજના ઇત્યાદિ વિષે કશું જાણતા હોતા નથી અને મારીમચડીને માત્ર અર્થહીન પ્રાસાનુપ્રાસની ચમત્કૃતિ કવિષ્ટ સાહિત્ય સર્જે છે. એવી રચનાઓથી નાટકો, ચિત્રપટો તથા અન્ય જાહેર મનોરંજનનાં ક્ષેત્રો ભરપૂર છે. યોગ્ય યતિસ્થાન ન જાણનાર સારી રચનાની પણ કેવી રીતે હત્યા કરી શકે છે તેનું એક દૃષ્ટાંત છે. કવિ બચ્ચનનું એક વિખ્યાત કાવ્ય છે :

"ઇસ પાર પ્રિયે ! તુમ હો મધુ હૈ,
ઉસ પાર ન જાને ક્યા હોગા !"

આ ગીતને એક વાર લખનૌમાં સાંભળેલું. તેમાં સંગીતકારે સંગીતની સર્વ કુશલતા વાપરીને ઢાળ બેસાડેલો પરંતુ તેમાં યતિભંગ નીચે પ્રમાણે આવતો હતો.

"ઇસ પાર પ્રિયે ! તુમ હો,
મધુ હૈ ઉસ પાર,
ન જાને ક્યા હોગા !"

આખા કાવ્યનો અર્થ બદલાઈ ગયો હતો તેનું પેલા સંગીતકાર મહાશયને ભાન પણ ન હતું.

તે જ પ્રમાણે સંગીતનાં તત્ત્વથી વિમુખ એવા સાહિત્યકારોની કર્ણકટુરચનાઓથી આપણું સાહિત્ય ભરપૂર છે. શબ્દના ધ્વનિ પર કેટલું ધ્યાન આપવું જોઈએ તે તો જેણે આપણાં વ્યાકરણનો અભ્યાસ કર્યો હોય તે જાણે છે. પાણિનિ જેવા ધ્વનિશાસ્ત્ર ...ના રચયિતા વિશ્વમાં બીજા થયા નથી. એમના ગ્રંથના આરંભનાં ... ઈત્યાદિ ચૌદ માહેશ્વર સૂત્રોમાં ભાષાના મૂલાક્ષરો ભગવાન શંકરના ડમરુ નાદમાંથી થયેલા ગણાય છે. સ્વરવ્યંજનું વિભાગીકરણ; સંધિના નિયમો; સ્વરોના હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અનુનાસિક અને અનનુનાસિક એ પ્રકારો; વ્યંજનોનાં પણ કંઠ્ય ઈત્યાદિ ઉચ્ચારસ્થાનો; વિવાર પ્રયત્ન, સંવાર પ્રયત્ન, ઘોષ અઘોષ ઈત્યાદિ પ્રકારો ભાષાના નાદને લક્ષ્યમાં રાખીને જ કરવામાં આવ્યા છે. માત્ર છાપેલું વાંચવાથી સાહિત્યનું સર્જન થતું નથી. પ્રાચીન મિસરની ચિત્રલિપિ ઉકેલીને ઐતિહાસિક માહિતી અને ધાર્મિક માન્યતાઓ વિષે આપણે જાણી શક્યા છીએ પરંતુ એમનું વાઙ્.મય કેવું હશે તેનો ખ્યાલ માત્ર વાંચવાથી ન આવી શકે, કારણ કે કાવ્યનું ગૂઢ તત્ત્વ એના ધ્વનિમાં જ છે.

સંગીત, સાહિત્ય અને કલા એ માનવસંસ્કૃતિનાં મુખ્ય અંગો છે. પશુઓમાંથી આપણને જુદા પાડીને માનવજીવનનાં ઉચ્ચ ધ્યેય પર લઈ જનારાં છે કારણ કે એમાં નિસર્ગની સર્જનશક્તિનું સૌંદર્ય રહેલું છે. એનો વિકાસ તે સમાજની પ્રતિષ્ઠા છે. સંગીત, સાહિત્ય્ અને કલાની એકતા એ વાણી, વિચાર અને વર્તનની એક્તા છે. એ એક્તા વડે જ સત્યનો આવિષ્કાર થાય છે. એમાંથી જ પરમ અનુભૂતિસ્વરૂપે વેદવાણી, વેદાન્ત, વિચાર અને યોગક્રિયાનું પ્રાગટન થાય છે. એના વડે જ સર્વધ્યાપક ચૈતન્યનું અખંડ અવિનાશીપણું અનુભવાય છે.

**થિયેટર અને સાહિત્ય :**

નાટકને આપણે સાહિત્યના સ્વરૂપ તરીકે ગણનામાં લઈએ છીએ. કવિતા, નવલકથા, ટૂંકી વાર્તા જેવાં સાહિત્ય-સ્વરૂપોની તુલનામાં નાટકની વિશેષતા એ કે શબ્દ ઉપરાંત થિયેટર નાટકનું માધ્યમ છે. જો થિયેટર નાટકનું માધ્યમ હોય તો થિયેટરમાં રજૂ થતું નાટક જ આસ્વાદનો વિષય બની શકે, એ સિવાયનું પુસ્તકરૂપે છપાયેલું કે હસ્તપ્રતરૂપે લખાયેલું નાટક આસ્વાદનો વિષય ન બની શકે. કેટલાક આમ માને પણ છે. J. L. Styan કહે છે કે, સંગીતકાર વાદ્ય વગાડતી વખતે સંગીતનાં ચિહ્નો notations જેમ પોતાની નજર સમક્ષ રાખે તેમ અભિનેતાઓએ નાટકની પ્રતને નજરમાં રાખવાની હોય છે. સંગીતનાં ચિહ્નો જોવાથી જેમ સંગીતની રજૂઆત સાંભળતાં મળતો આનંદ ન મળી શકે તેમ નાટકની પ્રત વાંચવાથી નાટકની રજૂઆત જોતાં મળતો આનંદ ન મળી શકે. એટલે કે થિયેટર વિના નાટકને કદી પૂરેપૂરું પામી જ ન શકાય.

આની સામે એક બીજો મત 5ણ પ્રચલિત છે અને તે એરિસ્ટોટલ જેટલો પ્રાચીન છે. એરિસ્ટોટલ કહે છે : 'ટ્રૅજેડી મહાકાવ્યની જેમ અભિનય વિના પણ પોતાની અસર જન્માવે છે. માત્ર વાચનથી તે પોતાની શક્તિ પ્રગટ કરે છે. એરિસ્ટોટલે આ વિધાન એક ચોક્કસ સંદર્ભમાં કરેલું છે. એનું એમ કહેવું છે કે નાટક એક સાહિત્યકૃતિ તરીકે સારું હોય પણ જો અભિનેતાઓ વધારે પડતી ચેષ્ટાઓ કરીને એને રજૂ કરે તો એની સારી અને ધારી અસર પ્રેક્ષકો પર પડે નહીં. પણ આમાં વાંક નાટ્યકૃતિનો નથી, અભિનેતાઓની વધારે પડતી ચેષ્ટાઓનો છે. આનો અર્થ એ થયો કે જેની રજૂઆત સારી ન હોય તે નાટ્યકૃતિ પોતે તો સારી હોઈ શકે. એનું મૂલ્યાંકન રજૂઆતના આધારે નહીં પણ એક સાહિત્યકૃતિ તરીકે કરવું જોઈએ. અને તે વાચનથી થઈ શકે. સાહિત્યકૃતિ તરીકે નાટકના મૂલ્યાંકનમાં રજૂઆત મહત્ત્વની ન ગણાવી જોઈએ, કારણ કે રજૂઆત તો સારી પણ હોઈ શકે અને નરસી પણ હોઈ શકે. રજૂઆતનો આધાર અભિનેતાઓ, દિગ્દર્શક વગેરે પર રહે છે. એટલે રજૂઆત એ નાટ્યકૃતિનું કોઈ

અતર્ગત તત્ત્વ નથી. વિલિયમ આર્ચર પણ પોતાનો આવો મત પ્રદર્શિત કરતાં નાટ્યલેખકને સલાહ આપે છે કે, નાટ્યકૃતિની અભિનેતાઓ દ્વારા થતી રજૂઆતને અનિવાર્ય ગણીને ન ચાલવું, એ તો 'added illumination' છે, વધારાનો ભપકો છે.

તો, હવે પ્રશ્ન એ કહે છે કે નાટક – એક સાહિત્યકૃતિ અને થિયેટર એ બંને વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો છે ? થિયેટર વિના નાટકનું અસ્તિત્વ હોઈ શકે ? થિયેટરને ધ્યાનમાં લીધા વિના જ નાટક રચી શકાય ? એ બંને તદ્દન ભિન્ન કલાઓ છે ? આ પ્રશ્નો ઘણા મહત્ત્વના છે. એમના ઉત્તરોમાં નાટકની એક સાહિત્ય-સ્વરૂપ તરીકેની વિલક્ષણતાઓ જોવા મળે એમ છે. જે ભજવી ન શકાય તે નાટક નહીં એમ માનનારો નાટ્યવિદોનો એક મોટો વર્ગ છે. જે ભજવી ન શકાય પણ વાંચી શકાય એવી કૃતિઓ તો નાટ્યાભાસી કૃતિઓ જ ગણાય એમ તેઓ માને છે. સ્વ. બળવંતરાય ઠાકોરે એક જગાએ નોંધ્યું છે કે નાટક લખતી વખતે નાટ્યકારની નજર સમક્ષ તખ્તા પરનો નટ રમી રહેવો જોઈએ. વાત સાચી છે. જે શબ્દો નાટ્યકાર લખે છે તે કોઈક અભિનેતાએ ઉચ્ચારવાના છે એ એણે ભૂલવાનું ન જ હોય. 'રાઈનો પર્વત' માંના કેટલાક સંવાદો ઉચ્ચારતાં અભિનેતાને હાંફ ચડે એવું છે એવી ટકોર સ્વ. જયંતી દલાલે ક્યાંક કરી છે. એટલે નાટ્યકારની નજરમાં તખ્તા પરનો નટ હોય તે તો ખરું જ, પણ એ ઉપરાંત આખી રંગભૂમિ પણ એની નજરમાં રહેવી જોઈએ. ગ્રીક નાટકો વાંચતાં એક વાત હંમેશાં યાદ રહે છે કે આ નાટકો ભજવવા માટે રચાયાં હતાં અને એમના સર્જકોને તત્કાલીન ગ્રીક રંગભૂમિનો પૂરેપૂરો પરિચય હતો. અમુક નાટક વાંચતાં જ ખ્યાલ આવે કે એ અમુક રંગભૂમિ માટે રચાયેલું છે.

થિયેટરની કલાને સંભાળનારા એમ કહેતા હોય છે કે અમારે તો થિયેટરમાં જે સફળ નીવડે તે નાટક. સાહિત્યિક દૃષ્ટિએ ઉત્તમ હોય પણ ભજવવામાં જામે નહિ તે નાટકનું અમારે શું કામ ? આમ કહેવા પાછળ થિયેટરની ટિકિટબારી જ હમેશાં નજરમાં રહેતી હશે એવું પણ નથી. એમનો એવો -- હોય છે કે નાટક થિયેટરમાં જામવું જોઈએ, એ સાહિત્યિક દૃષ્ટિએ ઉત્તમ હોય તો અમે રાજી; અને સાહિત્યિક દૃષ્ટિએ ઉત્તમ ન હોય છતાં થિયેટરમાં નાટક જામે તો અમને વાંધો શો હોઈ શકે ? માત્ર સાર્ત્યિકતાનો જ આગ્રહ રાખતા થઈ એ તો તો અમારે ધંધો બંધ કરવો પડે ! એમને મન તો થિયેટર એ થિયેટર છે, સાહિત્ય નથી.

આવો મત ધરાવનારાઓની સંખ્યા પણ નાની નથી. પણ જો આ જ દૃષ્ટિ સ્વીકારીએ તો પહેલી રજૂઆતમાં જ નિષ્ફળ જનાર નાટક પછીથી તો કદી હાથ પર ન જ લેવાનું હોય તે ? પણ થિયેટરના ઈતિહાસે કેટલાક એવા પ્રસંગો નોંધ્યા છે, જેમાં પહેલી રજૂઆતમાં નિષ્ફળ જનાર નાટકને જો ત્યજી દેવાયાં હોત તો કેટલાંક અમર નાટકોને મોટો અન્યાય થયો હોત. એન્તન ચેખોવનું The Sea–gull' પહેલી રજૂઆતમાં નિષ્ફળ ગયું હતું. એનામ 'The Three Sisters' ની પણ એ જ હાલત હતી. પણ સ્તેનિસ્લાબ્સ્કીએ જોયું હતું કે આમાં નાટકની ખામી નહોતી, નાટક જુદા પ્રકારની રજૂઆત માગતાં હતાં. એટલે નાટ્યકૃતિના હાર્દમાં જવાનો એણે પ્રયત્ન કરી જોયો. જેને ટ્રેજેડીરૂપે ભજવવાની શરૂઆત કરી હતી તે 'The Three Sisters' ને એણે કૉમેડીરૂપે ભજવવા માંડયું અને સૌના આશ્ચર્ય વચ્ચે નાટક જામ્યું. જેને ટ્રેજેડી કે કૉમેડીના ખાનામાં ન નાખી શકાય એવી નાટ્યકૃતિ જન્મી હતી ! ચેખોવને સ્તેનિસ્લાબ્સ્કી અને સ્તેનિસ્લાબ્સ્કીને ચેખોવ મળ્યા એ માત્ર રશિયાના જ નહીં, વિશ્વના નાટ્યસાહિત્યની એક મહાન ઘટના હતી. સ્તેનિસ્લ્રાબ્સ્કીએ ખંત અને ધીરજપૂર્વક નાટકનું જો અર્થઘટન જ કર્યું ન હોત તો એક મહાન નાટ્યકૃતિને મોટો અન્યાય થાત. ચેખોવે નાટ્યકાર જ કર્યું ન હોત તો એક મહાન નાટ્યકૃતિને મોટો અન્યાય થાત. ચેખોવે નાટ્યકાર માટે કહ્યું છે કે એ ક્યાંક પહોંચી જાય છે ને પછી અભિનેતા વગેરેને ત્યાં બોલાવે છે આ 'ક્યાંક 5હોંચી જવું' એટલે શું ? મને લાગે છે કે એમાં જ નાટકની અને તખ્તાની પ્રયોગશીલતા માટેની શક્યતાઓ રહેલી છે.

થિયેટરમાં નાટક જ્યારે રજૂ થાય છે ત્યારે લિખિત શબ્દો સચેતન થાય છે અને બે શબ્દોની વચ્ચે કે બે લીટીની વચ્ચે જે વાંચવાનું હોય છે તેને ઉઠાવ મળે છે. નાટ્યકૃતિનો શબ્દ એ જોવાનો નહીં પણ સાંભળવાનો શબ્દ છે.

નાટક હાર્દને બહાર લાવવું એ થિયેટરકલાની ફરજ છે અને થિયેટરકલાની શક્યતાઓને પૂરેપૂરી કામે લગાડવી એ નાટ્યકૃતિનો ધર્મ છે. બંનેએ પરસ્પર નજીક આવવાનું છે, એકબીજાથી દૂર જવાનું નથી. તત્કાલીન લોકમાગને ધ્યાનમાં રાખીને નાટકો લખી આપનાર લેખકોમાંથી નાટ્યસાહિત્યમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કરે એવા તો કેટલા હોય ? થિયેટરમાં એક જમાનામાં રાતોની રાતો જેઉ પ્રજાને પકડી રાખી હોય એવી નાટ્યકૃતિઓ પણ ઘણી વાર ભુલાઈ જતી હોય છે. એટલે થિયેટરમાં નાટ્યકૃતિ તરીકે રજૂ થતી કૃતિએ જો પોતાનું સ્થાન મેળવી લેવું હોય તો સાહિત્યિક કૃતિ તરીકે પણ એણે ઉત્તમ હોવું જોઈએ. એટલે કે એણે કલાકૃતિ બની રહેવું જોઈએ. થિયેટરમાં એની રજૂઆત પિરાન્દેલોના શબ્દોમાં કહીએ તો, ‘scenic translation’, દૃશ્યાત્મક અનુવાદ છે. અનેક અભિનેતાઓ અને દિગ્દર્શકો દ્વારા કૃતિના અનેક અનુવાદો થઈ શકે, પણ અનુવાદની એક મર્યાદા એ છે ક મૂળથી એ હમેશાં ઊતરતો હોય. જૉન ગિલગૂડે ‘હૅમ્લેટ’ ભજવ્યું હોય એ પછી એનાથી વધુ સારી રીતે કોઈ નહીં જ ભજવી શકે, એમ તો કેમ કહેવાય ?

એટલે, થિયેટરની મર્યાદાઓ નાટ્યકારને નડવી જોઈએ નહીં, એણે તો થિયેટરકલાની શક્યતાઓ બહાર લાવવાની હોય છે. બેલે રજૂ કરતાં થિયેટરોમાં નાટ્યકારની જરૂર નહીં હોય, પણ નાટક રજૂ કરતાં થિયેટરે તો કૃતિના અર્થઘટનની બાબતમાં નાટ્યકારનું ચિત્ર કૃતિની કઈ કઈ ગલીઓમાં કેવી રીતે ફરી વળ્યું હશે એની શોધયાત્રા આરંભવાની હોય છે. થિયેટરકલા તરફથી થતો એવો પ્રયત્ન જ સાચી નાટ્યકૃતિને ન્યાય કરી શકે.

## 10.13 સારાંશ

આ એકમમાં ચારિત્ર્યનો અર્થ, સંકલ્પના, મહત્ત્વ, ચારિત્ર્ય ઘડતર, કાર્યયોજના, શિક્ષક એક સંયોજકરૂપે, ચારિત્ર્ય-નિર્માણના ઉપયોગી સાધન, આજની તાતી જરૂરિયાત ચારિત્ર્ય ઘડતર, ચારિત્ર્ય અંગેના ભારતીય સંદર્ભ, ચારિત્ર્ય નિર્માણ અંગેનું સંદર્ભ સાહિત્ય, ચારિત્ર્ય નિર્માણમાં સામાજિક સંદર્ભ, સાત્વિક આનંદ માટેનું સાહિત્ય વગેરે બાબતોની સમજ આપવામાં આવે છે.

સાહિત્ય દ્વારા ચારિત્ર્ય નિર્માણ કેવી રીતે થાય છે તેની માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## 10.14 એકમ સ્વાધ્યાય

(1) ચારિત્ર્યનો અર્થ જણાવો.

(2) ચારિત્ર્યની સંકલ્પના જણાવો.

(3) ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ જણાવો.

(4) ચારિત્ર્ય ઘડતર કાર્યયોજના જણાવો.

(5) શિક્ષક એક સંયોજકરૂપે જણાવો.

(6) ચારિત્ર્ય-નિર્માણના ઉપયોગી સાધન જણાવો.

(7) આજની તાતી જરૂરિયાત ચારિત્ર્ય ઘડતર જણાવો.

(8) ચારિત્ર્ય અંગેનો ભારતીય સંદર્ભ જણાવો.

(9) ચારિત્ર્ય નિર્માણ અંગેનું સાહિત્ય જણાવો.

(10) ચારિત્ર્ય નિર્માણમાં સામાજિક સંદર્ભ જણાવો.

(11) સાત્વિક આનંદ માટેનું સાહિત્ય જણાવો.

## 10.15 તમારી પ્રગતિ ચકાસો

તમારી જવાબો નીચે આપેલી જગ્યામાં લખો :

(1) ચારિત્ર્યનો અર્થ ટૂંકમાં જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ દર્શાવતી બે બાબતો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) ચારિત્ર્ય ઘડતર કાર્યયોજના બે જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 10.16 સૂચિત વાચન સામગ્રી


1. સ્વામી વિવેકાનંદ : મૂલ્યલક્ષી કેળવણીમાં માતા-પિતા અને શિક્ષકની ભૂમિકા, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ
2. બ્રહ્મવર્ચસ્ : સફળ જીવનની દિશાધારા, યુગ નિર્માણ યોજના, મથુરા.
3. ત્રિવેદી રમેશ એમ. : સાહિત્યના સિદ્ધાંતો, શબ્દ લોક પ્રકાશન, અમદાવાદ.
4. સ્વામી નિખિલેશ્વરાનંદ : શિક્ષકનો છે જ્યોતિર્ધર, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ.
5. સ્વામી વિવેકાનંદ : કેળવણી, શ્રીરામ કૃષ્ણ આશ્રમ, રાજકોટ.
6. બ્રહ્મભટ્ટ પ્રસાદ : શિક્ષણ વિશે વિવેકાનંદ, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.

એકમ 11

# સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ

## : રૂપરેખા :


11.1 પ્રસ્તાવના

11.2 મૂલ્ય એટલે શું ?

11.3 મૂલ્ય શિક્ષણ એટલે શું ?

11.4 મૂલ્યની સંકલ્પના

11.5 મૂલ્યોનાં પ્રકારો

11.6 મૂલ્યલક્ષી સાહિત્યનાં લક્ષણો

11.7 મૂલ્યલક્ષી સાહિત્યનું ચયન-સમીક્ષાત્મક અભિગમ

11.8 શિક્ષકની ભૂમિકા

11.9 મૂલ્ય શિક્ષણના હેતુઓ

11.10 મૂલ્ય શિક્ષણની જરૂરિયાત

11.11 મૂલ્ય શિક્ષણ માટેની પ્રવૃત્તિઓ

11.12 મૂલ્ય શિક્ષણનું સ્વરૂપ

11.13 મૂલ્ય શિક્ષણનું કાર્યક્ષેત્ર

11.14 મૂલ્ય શિક્ષણના ઉદ્દેશ્યો

11.15 મૂલ્ય શિક્ષણની રીતો

11.16 મૂલ્ય શિક્ષણનાં સાધનો

11.17 મૂલ્યો પ્રત્યેની સભાનતા સંબંધી પ્રવૃત્તિઓ

11.18 મૂલ્ય અંગે દ્વિધાભરી પરિસ્થિતિના નિવારણ

11.19 વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્ય શિક્ષણ

11.20 સારાંશ

11.21 એકમ સ્વાધ્યાય

11.22 તમારી પ્રગતિ ચકાસો

11.23 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

11.24 સૂચિત વાચન સામગ્રી


ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) મૂલ્ય એટલે શું ? તે સમજી શકશો.

(2) મૂલ્ય શિક્ષણ એટલે શું ? તે સમજી શકશો.

(3) મૂલ્ય શિક્ષણની સંકલ્પના સમજી શકશો.

(4) મૂલ્યનાં પ્રકારો સમજી શકશો.

(5) મૂલ્યલક્ષી સાહિત્યના લક્ષણો સમજી શકશો.

(6) મૂલ્યલક્ષી સાહિત્યનું ચયન-સમીક્ષાત્મક અભિગમ સમજી શકશો.

(7) મૂલ્ય શિક્ષણ માટે શિક્ષકની ભૂમિકા સમજી શકશો.

(8) મૂલ્યલક્ષી શિક્ષણના હેતુઓ સમજી શકશો.

(9) મૂલ્યલક્ષી શિક્ષણની જરૂરિયાત પર ચર્ચા કરી શકશો.

(10) મૂલ્યલક્ષી શિક્ષણની પ્રવૃત્તિઓ પર ચર્ચા કરી શકશો.

(11) મૂલ્યલક્ષી શિક્ષણનું સ્વરૂપ સમજી શકશે.

(12) મૂલ્યલક્ષી શિક્ષણનું કાર્યક્ષેત્ર સમજી શકશે.

(13) મૂલ્યલક્ષી શિક્ષણના ધ્યેયો સમજી શકશો.

(14) મૂલ્ય શિક્ષણની રીતો સમજી શકશો.

(15) મૂલ્ય શિક્ષણનાં સાધનો સમજી શકશો.

## 11.1 પ્રસ્તાવના

વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસને કારણે ભૌતિક સુખ મેળવવા માનવી પ્રયત્ન કરી રહ્યો છે. ભૌતિક સુખ મેળવવા માટે માનવી સ્વાર્થી બની ગયો છે, તેથી પોતાને લાભ થાય તે રીતે વિચારવા લાગ્યો છે, તેથી ભ્રષ્ટાચારનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે.

માનવીને સમાજમાં જીવવા માટે ઉત્તમ પ્રકારે રહેવા માટે, અનેક પ્રકારના સદ્ગુણો કેળવવા પડે છે. આ સદ્ગુણો તેને જીવનદૃષ્ટિ આપે છે, જેમ શબ્દમાંથી કાવ્યનું સર્જન થાય છે. સ્વરમાંથી સંગીત જન્મે છે. લાકડામાંથી સુંદર ફર્નિચર તૈયાર થાય છે તેમ સદ્ગુણોમાંથી ધર્મનું સર્જન થાય છે.

વિશાળ અર્થમાં ધર્મએ બહારથી લાદી દેવાની વસ્તુ નથી, પરંતુ માનવીના મનમાં અનેક વર્ષના સંચય પછી જન્મતા મૂલ્ય બોધ છે. તે માનવીને ગતિશીલ બનાવે છે. સત્યના માર્ગે લઈ જાય છે. શીલવાન બનાવે છે.

આજની ભૌતિક દુનિયામાં અનેક લાભો પ્રાપ્ત કરવા માનવીએ કેટલાક તત્ત્વોને નેવે મૂકી દીધા છે. પરિણામે માનવીય મૂલ્યોનો નાશ થતો જાય છે. ચોરી, ભ્રષ્ટાચાર, હિંસા, અસત્ય બોલવું, અન્યાય, ઝગડાઓ અને આનંકવાદી કૃત્યોએ આજે રોજિંદી ઘટનાઓ બની ગઈ છે. મનુષ્ય જેમ જેમ ભૌતિકવાદી બનતો ગયા, તેથી આજે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે મૂલ્યની કટોકટીનો સામનો કરવો પડે છે.

દા.ત. 'વસુદૈવ કુટુમ્બકમ્' ભારતીય સંસ્કૃતિનું ઉચ્ચતમ મૂલ્ય કહેવાય, પરંતુ આજે લોકો કુટુંબમાં સાથે રહેવાનું, સુખઃદુખમાં સાથીદાર બનવાનું ઓછું પસંદ કરે છે.

આ માટે માનવીના જીવન વ્યવહારમાં નૈતિક અને આધ્યાત્મિક બાબતોનું ઘણું મહત્ત્વ છે. નૈતિકતાના સંવર્ધન વિના માનવજાતનો ઉધ્ધાર નથી. નૈતિકતા એટલે વિચાર, વાણી અને કાર્યમાં વ્યક્તિની વર્તન તરેહ. ટૂંકમાં સમગ્ર રીતે સમાજમાં અનેક પ્રકારના મૂલ્યોનો હ્રાસ અટકાવવા અને વ્યક્તિને દોષરહિત વર્તન કરવાની પ્રેરણા આપવા મૂલ્ય શિક્ષણ મહત્ત્વનું સાધન છે.

શાળા પાસેથી એક બહુ મોટી અપેક્ષા રાખવામાં આવે છે. એવું શિક્ષણ પામેલી વ્યક્તિ કેટલાંક મૂલ્યોને વરેલી હોય, એનામાં કેટલાક ગુણો વિકસ્યા હોય એવી આશા રાખવામાં આવે છે.

આઝાદી પછી આપણા દેશના વિકાસ માટે સરકાર અને સમાજ દ્વારા અનેકવિધ પ્રયાસો કરવામાં આવ્યા. પરિણામે દેશને વિકાસની દિશામાં આગળ વધવાનું બળ તો મળ્યું પરંતુ જનસમૂહની કેળવણી એટલે કે લોકોના સર્વાંગીણ વિકાસ અને ચારિત્ર્યઘડતર માટેના શિક્ષણમાં જે આમૂલ પરિવર્તન થવું જોઈએ તે થઈ શક્યું નહીં. પરિણામે સમાજનો જે દિશામાં વિકાસ થવો જોઈએ તે દિશામાં

વિકાસ થઈ શક્યો નહીં. તેનું પરિણામ એ આવ્યું કે આજે આપણું નૈતિક અધઃપતન થઈ ચૂક્યું છે. દરેક ક્ષેત્રે માનવમૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજમાં અસામાજિક તત્ત્વોનો પ્રભાવ વધી ગયો છે. સમાજમાં અશાંતિ, ગુન્હાખોરી, ભ્રષ્ટાચાર, હિંસા, કોમવાદ જેવી અનેક વિકટ સમસ્યાઓ આપણી સામે ઊભી થઈ છે. આ વિકટ સમસ્યાઓનું સમાધાન મૂલ્યશિક્ષણ દ્વારા જ થઈ શકે તેમ છે. મૂલ્યશિક્ષણ જ તેનો રામબાણ ઈલાજ છે.

કેળવણીનું કામ ઉત્તમ નાગરિકો તૈયાર કરવાનું છે. નાગરિકોમાં શ્રેષ્ઠતાનું સિંચન કરવાનું છે. એટલે કે કેળવણી દ્વારા સદ્‌ગુણોનું સિંચન કરી, વ્યક્તિમાં સદાચારને પ્રસ્થાપિત કરી ઉત્ત નાગરિકોનું નિર્માણ કરી શકાય. દેશના સુસંવાદી વિકાસ માટે ઉત્તમ નાગરિકોનું હોવું અત્યંત આવશ્યક છે. ઉત્તમ નાગરિકો તૈયાર કરવાની કેળવણી એટલે હૃદય પરિવર્તનની કેળવણી. આથી આપણું શિક્ષણ વ્યક્તિનું હૃદય પરિવર્તન કરે તેવું હોવું જોઈએ.

વિદ્યાર્થીઓની ખરી કસોટી તો ત્યારે જ થાય છે જ્યારે તેઓ વાસ્તવિક જીવનમાં કેટલા સફળ થયા અને કેટલા નિષ્ફળ રહ્યાનો અનુભવ કરે છે. જીવનની સફળતા અને નિષ્ફળતાનો આધાર તેમણે કેટલું શિક્ષણ મેળવ્યું છે તેના પર નહીં પરંતુ તેમણે કેવું શિક્ષણ મેળવ્યું તેના પર રહેલો છે. કેળવણીનો અર્થ સમજાવતાં ગાંધીજીએ કહ્યું છે કે 'સાચી કેળવણી મગજમાં પુષ્કળ માહિતી અને આંકડાઓ ઠાંસવામાં નથી, સંખ્યાબંધ પુસ્તકો વાંચી પરીક્ષા પસાર કરવામાં નથી પણ ચારિત્ર્યનો વિકાસ કરવામાં છે. ખરી કેળવણી તો એ છે કે જે માણસના આંતરિક ગુણોનો વિકાસ કરે છે.' તમે જ્યારે વ્યક્તિમાં સદ્‌ગુણોનો વિકાસ કરશો ત્યારે તે ઉત્તમ કેળવણી થઈ પડશે. ગાંધીજીએ તો પોતાના જીવનવ્યવહારમાં સદ્‌ગુણોનું આચરણ કરીને સદ્‌ગુણોને જીવનવ્યવહારમાં પાળવાનો દુનિયાને મહામૂલો માર્ગ બતાવ્યો છે. સાચા અર્થમાં સદ્‌ગુણોના આચરણનું શિક્ષણ જ મૂલ્યશિક્ષણ છે.

## 11.2 મૂલ્ય એટલે શું ?

(1) ઑક્સફર્ડ જોડણી કોષ મુજબ મૂલ્ય એટલે સાચું અને ખોટું તારવવાની શક્તિ.

(2) જે અપેષિત છે તે મૂલ્ય.

(3) વર્તન આપવા વસ્તુનાં સમાજ માન્ય ધારણો વ્યક્તિના ગુણ લક્ષણ અથવા ઉચિત અનુચિતતાની પસંદગી.

(4) જીવન રીતિમાં વણાયેલો વિવેક.

(5) સારી અને સાચી બાબતોથી જીવનને સતત ઊજાળતા રહેવું તે.

(6) મૂલ્ય એટલે પસંદગીનો નિયમ.

(7) માનવને જેના વડે અને જેના માટે જીવવાનુ મન થાય તેવી માન્યતા કે ખ્યાલોને મૂલ્યો કહેવામાં આવે છે.

"Values are the beliefs and nations that the men hold that they live by and live for." – ***Bhatia***

(8) શારીરિક અને માનસિક સંતોષવા માટે મથવું એટલે મૂલ્ય.

"A value is well defined as an endeavour which satisfies need system, psychological as well as Physiological."

(9) આપણે શું કરવું અને કેવી રીતે કરવું જોઈએ તે મૂલ્યો નક્કી કરે છે. મૂલ્યો આપણા વર્તનની આધારશિલા છે.

"Values determine what we should do and now we should do."

(10) મનોવૈજ્ઞાનિક, સામાજિક, નૈતિક કે સૌંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારું-નરસું તારવવાની શક્તિ. ***–કાર્ટર વી. ગુડ***

(11) કોઈ પણ જરૂરિયાતનું કોઈ પણ લક્ષ્ય મૂલ્ય છે. *—હાર્વટ બ્રેકર*

(12) "લોકો જેની માલિકી જાળવી રાખવા એ વધારવા પ્રયત્ન કરતાં હોય ત્યારે તે વસ્તુને મૂલ્ય છે એમ કહી શકાય." *—હાર્વટ બ્રેકર*

(13) મૂલ્ય એટલે 'કિંમત' એવો અર્થ થાય છે.

(14) મૂલ્ય એટલે worth યોગ્ય-યોગ્યતાવીહીન, ગુણવત્તાવિહીન એટલે મૂલ્યવિહીન એવો અર્થ થાય.

(15) મૂલ્ય એટલે કિંમત, દામ, મૂલ, ભાવ, નિરખ-વસ્તુનો ઉપયોગ અને તેને પેદા કરવામાં પડતી મહેનત પરથી બીજી વસ્તુઓની અદલાબદલી થઈ શકે તે તેનું મૂલ્ય કહેવાય. ટૂંકમાં મૂલ્ય એટલે અમુક વસ્તુનું બીજી વસ્તુ સાથેનું અદલાબદલીનું પ્રમાણ.

(16) મૂલ્ય-કિંમત-ન્યોછાવર, દર, ભાવ, દામ, પ્રાઈસ, વેલ્યુ, પરખ એવો અર્થ થાય છે.

(17) મૂલ્ય એટલે વિવેક જીવનરીતમાં વણાયેલો વિવેક. *—કાકા સાહેબ કાલેલકર*

(18) મૂલ્યો એ વ્યક્તિની પસંદગી માટેનું ધોરણ છે.

(19) 'આમ કરવું જોઈએ' અને 'આમ ના કરવું જોઈએ' એવી પ્રતીતિ જે કરાવે તે મૂલ્ય છે.

(20) મૂલ્ય એટલે જીવનમાં 'ઉપયોગી', 'મહત્ત્વનું મેળવવાને યોગ્ય, એવો અર્થ કરવામાં આવે છે.

અર્થશાસ્ત્રમાં મૂલ્ય એટલે કિંમત. કિંમત માટે વસ્તુની વસ્તુલક્ષી, બાહ્ય ગુણવત્તા અને તૈયાર કરવા માટે ખર્ચાયેલ પૈસાને ધ્યાનમાં લેવાય છે. આમ વસ્તુની વ્યક્તિલક્ષી અંતરંગ ગુણવત્તા એટલે મૂલ્ય.

આમ, મૂલ્ય શિક્ષણ એ મૂલ્યો પ્રત્યે સંવાદિતા વિકસાવવાની પ્રક્રિયા છે. વ્યક્તિ પોતે જીવન વ્યવહાર દરમિયાન સાચાં મૂલ્યો પસંદ કરી તે મુજબનું જીવન જીવે તે મૂલ્ય શિક્ષણનો હેતુ છે.

મૂલ્યના વિવિધ અર્થો અનેક વિદ્વાનોએ આપ્યાં છે, છતાં સારું મહત્ત્વનું અને ઉચિત પસંદગી પાછળનું કારણ એ વ્યક્તિને મન શું મૂલ્યવાન છે તેના પર છે, તેથી શિક્ષણ દ્વારા વ્યક્તિને આપણે શું શીખવવા ઇચ્છીએ છીએ, તેથી આપણું શિક્ષણ જ Value Oriented બનવું જોઈએ.

મૂલ્ય એટલે કશુંક ઉપયોગી, ગુણવત્તાવાળું, મહત્ત્વનું મેળવવાને યોગ્ય મૂલવી શકાય તેવું. — સાર્થ ગુજરાતી જોડણીકોશ.

મૂલ્ય એટલે અન્ય સાથે તુલનાત્મક રીતે કિંમત આંકવી, પાત્રતા મુલવવી.

પસંદગીની નિર્ણાયક ભૂમિકા ભજવવા મૂલ્યોએ જ્ઞાનાત્મક અને ભાવાત્મક હોવાની પ્રતીતિ કરાવે છે. ધોરણો તરીકે મૂલ્યોના વિશે વિચારીએ તો કોઈ વસ્તુ ગમે કે નહી તદ્અનુસાર નિર્ણય કરવામાં સીધા અર્થમાં મદદ કરે છે.

મૂલ્યો આપણને માર્ગદર્શન આપે છે. માણસ પોતાની શારીરિક સંપત્તિ, સાંસ્કૃતિક વારસો, પર્યાવરણીય અસરને લીધે જે રીતે વ્યવહાર કરે છે તેમાં તેની જીવન જીવવાની શૈલી (Style) વ્યક્ત થાય છે. આ રીતમાં જે મહત્ત્વનું છે તેને મન તે મૂલ્યવાન છે.

મૂલ્યોની સંકલ્પના કાળક્રમે અને પરિસ્થિતિવશ બદલતી રહી છે. પોલ કહે છે આપણી જ પસંદગી વડે આપણે પોતાને અને મૂલ્યોને સર્જીએ છીએ.

આઈન્સ્ટાઈન પણ કહે છે કે મૂલ્યો જરૂરિયાત પર નિર્ભર છે. Need base છે. સમય જતાં તે Culture base માં પરિણામે છે.

દા.ત. ગાંધીજી એ સાદગીને મૂલ્યવાન ગણેલ, વિનોબાએ ભૂદાન અને મધર ટેરેસાએ માનવીને ઉચ્ચતમ મૂલ્યો તરીકે અપનાવ્યા.

સૌ પ્રથમ આપણે મૂલ્યની સંકલ્પના સમજીએ. ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યને વસ્તુ તરીકે વિચારીએ તો "જે સારી છે તે" એવો અર્થ થાય જ્યારે સંકલ્પનાની દૃષ્ટિએ વિચારીએ તો માનવ વર્તણૂંક સાથે સંકળાયેલી બાબતો ગણાય.

"કોઈપણ વસ્તુ પસંદગી પામવાને પાત્ર થાય ત્યારે તેનું મૂલ્ય નક્કી થયું છે એમ કહી શકાય તેથી મૂલ્યએ આપણી સંદગીની અર્થ સૃષ્ટિ છે."

માનવીનું વર્તન, તેની રહેણી કરણી, તેની માન્યતાઓ, રીત રિવાજો, આદર્શોનો સરવાળો, એટલે મૂલ્ય.

મૂલ્ય આપણે "શું કરવું અને કેવી રીતે કરવું" તે નિશ્ચિત કરે છે.

values determines what should we do and how should we do.

મૂલ્ય એક વિચાર છે. સંકલ્પના છે. આનો અર્થ એ કે જીવનમાં મહત્ત્વપૂર્ણ હોવા વિશેનો વિચાર કે સંકલ્પના એટલે મૂલ્ય.

મૂલ્યો લોકોમાં સંગીત રીતે કાયમી ધોરણો ધરાવતા હોવા છતાં તેને બદલી શકાય છે. વ્યક્તિનાં વલણો અને રસનાં ક્ષેત્રો તેમાં રહેલાં મૂલ્યોની ઓળખાણ કરાવનારાં તત્ત્વો છે. સામાજિક જૂથમાં મૂલ્યો ચાલકબળ તરીકે કામ કરતાં હોય છે, તેથી મૂલ્યો જીવનમાં ચાલકબળ, કાર્યશીલરૂપે ભાગ ભજવે છે, તેથી વ્યક્તિ સભાનપણે મૂલ્યોનો વધુ પડતો આગ્રહી બની જાય છે.

## 11.3 મૂલ્ય શિક્ષણ એટલે શું ?

આપણી પસંદગીઓનાં યોગ્ય જ્ઞાન, ભાવ અને ક્રિયાનો વિકાસ અધ્યયન અનુભવો દ્વારા થાય ત્યારે તે મૂલ્ય શિક્ષણ કહેવાય છે.

શિક્ષણનું ધ્યેય માનવીના વર્તનમાં પરિવર્તન લાવવાનું છે. માનવીના ચેતાતંત્રમાં ફેરફાર લાવવાનું છે, વિધાયક વિચારો કરવાનું, હકારાત્મક દષ્ટિકોણ કેળવવાનું, સમજણનો વિસ્તાર કરવાનું અને ગર્તથી શુંગ તરફ લઈ જવાનું છે.

આમ, શિક્ષણ એ મૂલ્યોને આકારિત કરનાર રસ્તો છે.

શિક્ષણ મૂલ્ય માટે ત્રિવિધ કામગીરી કરે છે.

(1) મૂલ્ય સંસ્કરણ

(2) મૂલ્ય સંવર્ધન

(3) મૂલ્ય સંરક્ષણ

સ્વ. મશરૂવાલા એ લખ્યું હતું કે....'એ જ ખરી કેળવણી છે, જેના ઉપર મનુષ્યના વિકાસનો આધાર છે, તે કેળવણી પથરા પર કાપા પાડવાની કળા જેવી છે.'

એક દિવસ તમે લોઢાનો સળિયો લઈને ઘસ્યા કરો તો પણ એના ઉપર અસર નહિ થાય, છતાં કાચી દોરડીના રોજના ઘસારાથી સુંદર લીસો ખાંચો પડી જશે.

અબુદ્ધિના સંસ્કારોનો નાશ ગુણોના ઉત્કર્ષ દ્વારા જ થઈ શકે. આવું જ કઈ મૂલ્ય શિક્ષણનું પણ છે.

ડૉ. ભોગાયતા મૂલ્ય શિક્ષણની સંકલ્પના આવશ્યક વાક્ય શૈલીમાં નીચે મુજબ સમજાવે છે.

મનોવૈજ્ઞાનિક દષ્ટિએ સંકલ્પના જે તે બાબતમાં અનિવાર્ય કે અગત્યનાં લક્ષણોનો સમૂહ છે.

મૂલ્યશિક્ષણનો સર્વ સામાન્ય અર્થ થાય છે. શિક્ષણની પ્રક્રિયા દ્વારા બાળકમાં સદ્‌વૃત્તિ અને સુટેવોનું સિંચન કરીને માનવીય ચારિત્ર્યનું નિર્માણ કરવું. શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા બાળકના વ્યક્તિત્વનાં બધાં જ પાસાંઓનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. એટલે કે બાળકનો સર્વાંગી વિકાસ સાધનારું શિક્ષણ જ મૂલ્યશિક્ષણ છે.

જે શિક્ષણ દ્વારા બાળકોનો સુયોગ્ય, સ્વસ્થ વિકાસ થાય અને જેમાંથી સદાચારી નાગરિકનું નિર્માણ થાય સાચા અર્થમાં તે જ મૂલ્યશિક્ષણ છે. મૂલ્યશિક્ષણ દ્વારા બાળકોનું વાંચ્છિત દિશામાં વર્તન-પરિવર્તન થાય છે. મૂલ્યશિક્ષણનો વ્યાપક અર્થ સમજવા માટે કેટલાક શિક્ષણ ચિંતકોની સંકલ્પનાઓ સમજીએ.

- નીતિ-નિયમોનું સ્વરૂપ 'માનવહૃદયને તેમજ જીવનને શુદ્ધ કરનારા સત્ય અને અહિંસાના સદ્‌ગુણોની તાલીમ એવું હતું.
- નૈતિક શિક્ષણને રાષ્ટ્રીય કેળવણી અંતર્ગત એક મહત્ત્વનું અંગ લેખ્યું છે. નૈતિક શિક્ષણ દ્વારા બાળક નૈતિક મૂલ્યો સ્વીકારે, ઘરની અને સમાજની શિસ્ત સ્વપ્રેરણાથી સ્વીકારે અને તેના નીતિ-નિયમો તેમજ આચાર-વિચારોને સ્વેચ્છાએ અધીન થાય. બાળકને નૈતિક શિક્ષણ આપવું એટલે બાળકોમાં યોગ્ય સંવેગોની ટેવ પાડવી, ઉમદા સંસ્કારોનું સિંચન કરવું, ઉન્નત માનસિક સંવેગાત્મક અને શારીરિક આદતો વિકસાવવી અને બાળ પ્રકૃતિની મૂળભૂત વૃત્તિઓને સદાચાર દ્વારા અભિવ્યક્ત કરવી. એક દૃષ્ટિએ જોતાં હૃદયની કેળવણી એ જ સાચી નૈતિક કેળવણી છે.

  ***– મહર્ષિ અરવિંદ***
- નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની ખીલવણીની જવાબદારી શાળા શૈક્ષણિક અને અભ્યાસેતર કાર્યક્રમને સોંપે છે. તેના દ્વારા બાળકોમાં વફાદારી, હિંમત, શિસ્ત, ભોગ, સત્યપાલન જેવા સદ્‌ગુણો ખીલવવા જોઈએ. ***– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્***
- ખરી કેળવણી એ હૃદયની કેળવણી છે. માનવતા, માનસિક વિશાળતા, સેવાભાવના, સ્વીકૃતિ, નિર્ભયતા વગેરે નૈતિક ગુણોની ખીલવણી જ સાચી કેળવણી છે. ***– સ્વામી વિવેકાનંદ***
- કોઠારી શિક્ષણ પંચે (1964-66) સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના સુગઠિન અને સભાન શિક્ષણ પર ભાર મૂક્યો છે. બાળકોમાં સહકાર, એકબીજા માટે સન્માન, પ્રમાણિકતા, નિષ્ઠા, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના ખીલે તે માટે સન્માન, પ્રમાણિકતા, નિષ્ઠા, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના ખીલે તે માટે મૂલ્યોનું સીધું શિક્ષણ આપવાની હિમાયત કરી છે.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986)માં બિનસાંપ્રદાયિકતા, આંતરરાષ્ટ્રીય સહકાર, શાંતિમય સહઅસ્તિત્વ, સમાનતા, અખંડિતતા, લોકશાહી, પર્યાવરણનું રક્ષણ, નાનું કુટુંબ, વૈજ્ઞાનિક મિજાજ અને આપણો સાંસ્કૃતિક વારસો જેવાં મૂલ્યોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- મૂલ્યશિક્ષણ એટલે સભ્યતા અને સંસ્કારનું શિક્ષણ, સંયમ, સાદાઈ, સમભાવ અને સેવાનું શિક્ષણ. સ્વાશ્રય, શ્રમ અને સ્વાયત્તાતાનું શિક્ષણ. નમ્રતા, નિખાલસતા અને નિર્ભયતાનું શિક્ષણ. પ્રેમ, અહિંસા, ન્યાય અને શાંતિનું શિક્ષણ. એક શબ્દમાં કહીએ તો ચારિત્ર્ય શિક્ષણ દ્વારા જીવનને બહેતર બનાવવાની સાથે સાથે ઉત્તરોત્તર ઉન્નત બનતા રહેવાનું શિક્ષણ.

  ***– રવીન્દ્રભાઈ દવે***

શિક્ષણચિંતકોની ઉપરોક્ત સંકલ્પનાઓથી સ્પષ્ટ થાય છે કે મૂલ્યશિક્ષણ એટલે...

- નૈતિકતા, સમભાવ અને આધ્યાત્મિક વિકાસ માટેનું શિક્ષણ.
- સાદાઈ, સ્વતંત્રતા, શ્રમભાવના, સૌંદર્યદૃષ્ટિ જેવા ગુણોના વિકાસનું શિક્ષણ.
- સત્ય અને અહિંસા જેવાં શાશ્વત મૂલ્યોના વિકાસ માટેનું શિક્ષણ.
- વફાદારી, હિંમત, શિસ્ત, ભોગ, સત્યપાલન જેવા ગુણોની ખીલવણી માટેનું શિક્ષણ.
- ઉમદા સંસ્કારોનું સિંચન, મૂળભૂત વૃત્તિઓને સદાચાર દ્વારા અભિવ્યક્ત કરવી અને હૃદય પરિવર્તન માટેનું શિક્ષણ.
- માનવતા, માનસિક વિશાળતા, સેવાભાવના, નિર્ભયતા, પ્રમાણિકતા, નિષ્ઠા, સન્માન, સહકાર અને જવાબદારીની ભાવના વિકસાવવા માટેનું શિક્ષણ.
- બિનસાંપ્રદાયિકતા, આંતરરાષ્ટ્રીય સહકાર, શાંતિમય સહઅસ્તિત્વ, સમાનતા, અખંડિતતા અને જવાબદારીની ભાવના વિકસાવવા માટેનું શિક્ષણ.

આમ જોઈએ તો વ્યક્તિમાં સામાજિક, આધ્યાત્મિક, વ્યક્તિગત, રાષ્ટ્રીય, નૈતિક, બૌદ્ધિક

અને આરોગ્યવિષયક અનેક મૂલ્યોનું સિંચન કરવાના હેતુથી આપવામાં આવતું શિક્ષણ કે જેને આપણે મૂલ્યશિક્ષણ તરીકે ઓળખીએ છીએ.

## 11.4 મૂલ્યની સંકલ્પના

(1) મૂલ્ય એટલે અન્ય સાથે તુલનાત્મક રીતે કિંમત આંકવી, પાત્રતા મૂલવવી, લક્ષ્યની માહિતી, વસ્તુની લાક્ષણિકતાઓ, તુલના, પસંદગી, નિર્ણય આ પાંચ સોપાનોમાંથી મૂલ્ય જન્મે છે.

***– જ્હૉન ડ્યૂઈ***

(2) 'કદર થવાને પાત્ર કે ઇચ્છા યોગ્ય કોઈપણ બાબત મૂલ્ય છે.' ***– રોબર્ટ અને બર્ગસ***

(3) "આપણી ઇચ્છા કે આકાંક્ષાઓ, જરૂરિયાતો અને આવેગોને તૃપ્ત કરે તે મૂલ્યો છે – તે આપણી કામનાઓને તૃપ્ત કરે છે." ***– બ્રુબચર***

(4) મૂલ્ય એટલે એવું ક્યાંક છે જેને આપણે શુદ્ધ કે સારું ગણીએ છીએ.

(5) સંપૂર્ણપણે મૂલ્ય શબ્દ આંતર વિશ્વ અને મનોવૈજ્ઞાનિકના ક્ષેત્રમાં આવે છે. મૂલ્ય હંમેશા અનુભવ કે અનુભૂતિ છે. વસ્તુ કે બાબત નહીં.

## 11.5 મૂલ્યોનાં પ્રકારો (Type of Values) :

– મૂલ્યના પ્રકારો અંગે તજ્જ્ઞોમાં મત મતાંતરો પ્રવર્તે છે. આને લીધે મૂલ્યોના અનેક પ્રકારો છે, તેમાં મૂલ્યો અતિ મહત્વના છે. કયા મૂલ્યોને ગૌણ મૂલ્યો ગણાવી શકાય. આ બધા પ્રશ્નો અનંતકાળથી ચાલે છે.

– વિવિધ ક્ષેત્રનાં તજ્જ્ઞોએ સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ત્રણ મહત્ત્વના મૂલ્યો તરીકે ગણાવ્યા છે.

– ધર્મ તત્વ ચિંતકો મૂલ્યોનો બે પ્રકારનાં ગણાવે છે.

(1) સાધન મૂલ્યો

(2) સાધ્ય મૂલ્યો

– NCERTના રિપોર્ટ મુજબ 83 જેટલા મૂલ્યો મહત્ત્વના જણાવ્યાં છે.

– પૂર્વ અને પાશ્ચાત્ય વિદ્વાનોએ મૂલ્ય મીમાંસાને બે ધારામાં વહેંચી છે.

(1) પ્રાથમિક મૂલ્યો (2) હકારાત્મક મૂલ્યો

(3) સાધનિક મૂલ્યો (4) નકારાત્મક મૂલ્યો

– શ્રી એમ. એમ. ભટ્ટાચાર્ય મૂલ્યોના બે વિભાગ પડે છે.

(1) ભૌતિક મૂલ્યો

(2) મનોભૌતિક મૂલ્યો

આ ઉપરાંત જૈવિક મૂલ્ય, આર્થિક મૂલ્ય, રાષ્ટ્રીય મૂલ્ય, શૈક્ષણિક મૂલ્ય

– વિવિધ મૂલ્યો વિશે આજના સંદર્ભમાં વિચારી શકાય, પરંતુ આપણે નહીં નીચેના મૂલ્યોના સંદર્ભમાં વિચાર કરીશું.

**(1) નૈતિક મૂલ્યો :**

– નૈતિક મૂલ્યો વ્યક્તિના જીવન સાથે સંકળાયેલ છે. તે માટે નૈતિક મૂલ્યોનું શિક્ષણ થાય તે આવશ્યક છે.

– નૈતિક મૂલ્ય વ્યક્તિના વર્તન સાથે જોડાયેલ છે. તેથી વ્યક્તિના માનવ વર્તન, માનવ ચરિત્ર, માનવ પ્રવૃત્તિઓ અને સંબંધોને તપાસવાનું હવે કંઈક અંશે જરૂરી બન્યું છે.

– સારા નરસા અને ખોટી ઇચ્છનીય અને અનિચ્છનીય બાબતોને નૈતિકના સ્પર્શે છે. માનવીના

વ્યવહાર, વર્તન, પ્રવૃત્તિઓમાંથી નૈતિક મૂલ્યોને તારવી શકાય છે. દા.ત. ફરજ, પ્રામાણિકતા, ચારિત્ર્ય, સંયમ, સદાચાર, સત્ય, ન્યાય, શિસ્ત, ભલાઈ વગેરે.

તેથી નીતિમતાવાન કહીએ છીએ. નીતિમતા સારી નૈતિક ટેવો તરીકે ઓળખાય છે તે વ્યક્તિ પ્રમાણિક છે તેવું આપણે કહીએ છીએ.

– આજે વ્યક્તિમાં નીતિમત્તા ઘટતી જાય છે. સ્વાર્થવૃત્તિને કારણે વ્યક્તિમાં નૈતિકતાનું અધઃપતન થઈ રહ્યું છે. તે માટે નૈતિક મૂલ્યોનું શિક્ષણ થાય તે ખૂબ જરૂરી છે.

**(2) લોકશાહી નાગરિકત્વ :**

– લોકશાહી નાગરિકત્વ વ્યક્તિના જીવન સાથે સંબંધ ધરાવે છે. દરેક વ્યક્તિને પોતાની રીતે નિર્ણય લેવાની સત્તા છે. વ્યક્તિનો પોતાનો હક્ક અને ફરજ બંને બાબતો જોતાની હોય છે. વાણી સ્વાતંત્ર્યનો હક્ક દરેક વ્યક્તિ પાસે છે.

– લોકશાહી મૂલ્યોમાં વ્યક્તિ સન્માન, સમાનતક, સ્વાતંત્ર્ય, શિસ્તની ભાવના, વાણી સ્વાતંત્ર્ય, સમાનતા, સમાજવાદની રચના વગેરે બાબતો સાથે સંબંધ ધરાવે છે.

– લોકશાહીમાં વ્યક્તિ એ ઉપરોક્ત મૂલ્યો પામવાં જોઈએ. શિક્ષણ દ્વારા આ મૂલ્યોનું જતન થવું જોઈએ.

– લોકશાહીમાં વ્યક્તિ હક્કો ભોગવે છે તેટલી જ ફરજો પણ બજાવવાની હોય છે. ફરજોની ગેરહાજરીમાં હક્કોનો વિચાર શક્ય નથી. આમ, હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુઓ છે.

– દા.ત. દરેક વ્યક્તિને ભારતીય બંધારણને વફાદાર રહેવાની અને આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજને આદર કરવો તે ફરજ છે.

– લોકશાહી માટેનું શિક્ષણ એવું હોઈ જોઈએ કે દરેક વ્યક્તિ એક આદર્શ નાગરિક બને, મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરે, તેનામાં સ્વતંત્રતા, સહકાર, શિસ્ત, સામાજિક અન્યાય સામે વડી લેવાની તૈયારી, સ્વતંત્ર વિચાર શક્તિ, નિર્ણય શક્તિ વગેરે.

– લોકશાહી શિક્ષણમાં વ્યક્તિ સારો નાગરિક બને, કટુંબ ઉપયોગી બને, દેશપ્રેમી બને વગેરે.

**(3) વિજ્ઞાન બુદ્ધિ :**

– વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના વિકાસને કારણે માનવી અને જગતમાં ઘણું પરિવર્તન આવ્યું છે. વિજ્ઞાન અને ચોક્સાઈનું શાસ્ત્ર છે, તેમાં ગણિતની મદદથી વધુ સ્પષ્ટતા આવે છે. તર્કને આધારે પ્રયોગ કરી તારણો મેળવવામાં આવે છે. આ મૂલ્યો સમાજ માન્ય હોય છે.

દા.ત. ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત

આઈસ્ન્ટાઈનનો સાપેક્ષતાનો સિદ્ધાંત

– આ સિદ્ધાંતોનો હેતુ માનવ જાતના કલ્યાણ માટેનો છે. આમ, વિજ્ઞાને નીચેના જેવાં વૈજ્ઞાનિક મૂલ્યો વિકસાવવા શિક્ષણ દ્વારા પ્રયત્ન કરવો જોઈએ.

**વૈજ્ઞાનિક મૂલ્યો :**

| | |
|---|---|
| (1) નિર્ણય શક્તિ | (2) તારણો |
| (3) પ્રયોગશીલતા | (4) સમસ્યાઓનું સંશોધન |
| (5) સ્વચ્છતા | (6) વૈજ્ઞાનિક વલણ |
| (7) સ્વાસ્થ્ય | (8) ચોક્કસતા |

– 21મી સદીના પ્રારંભમાં સમાજમાં પ્રવર્તમાન સામાજિક અને નૈતિક મૂલ્યોના પ્રભાવમાં વૈજ્ઞાનિક મૂલ્યો વ્યક્તિમાં ઓછા જોવા મળે છે. પરિણામે આજનો માનવી પણ વહેમ અને અંધશ્રદ્ધામાં

વિશ્વાસ ધરાવે છે. આવા કોઈ અભિપ્રાયને જડ રીતે વળગી રહેવામાં વૈજ્ઞાનિક મૂલ્ય નથી. જરૂર જણાય ત્યાં નવા આધારો અને વૈજ્ઞાનિક પુરાવોને અમલમાં મૂકી સમાજને પુનઃ સંવર્ધિત કરવો તે જ વૈજ્ઞાનિક મૂલ્ય છે, તેમાં જ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અને પરિવર્તનશીલતાની સમજ છે.

– વિજ્ઞાન વિષયના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં મનોવલણોને યોગ્ય આકાર આપી શકાય છે. આજે માનવી જ્યારે અવકાશયુગમાં પ્રયાસ કરી ચૂક્યો છે, ત્યારે જૂના ભ્રામક ખ્યાલોને દૂર કરવો એજ વૈજ્ઞાનિક મૂલ્ય છે.

– શિક્ષણમાં માનવમૂલ્યોના સંક્રમણ માટે વિવિધ વિજ્ઞાનોની સામેલગીરી અનિવાર્ય છે. જીવનમૂલ્યોને જો વિજ્ઞાનમાં સ્થાન ન હોય તો વ્યક્તિ જીવનમાં તેને ક્યાંથી લાવી શકાશે.

**(4) બિનસાંપ્રદાયિકતા :**

– ભારતમાં લોકશાહી મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે બિન સાંપ્રદાયિક્તાનો સ્વીકારમાં આવ્યો છે.

– ભારતએ બહુધર્મી દેશ છે. વળી ભારત જેવા વિશાળ રાષ્ટ્રનાં અનેક કોમોના લોકો વસે છે, જેમ કે હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઈ, પારસી, જૈન, બૌદ્ધ અને અન્ય.

– આ લોકો હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન, બૌદ્ધ જેવાં ધર્મોનું પાલન કરતા હોય છે. વિવિધ ધર્મોનું પાલન કરનારી પ્રજા પોતપોતાના ધર્મોને શ્રેષ્ઠ માનવી હોય છે તેથી પ્રજામાં ધાર્મિક ઝનૂન વધતું જોવા મળે છે.

– ધાર્મિક ઝનૂનથી પ્રેરાયેલા લોકો અન્ય ધર્મના લોકોને વિધર્મીઓને હિંસાની આગમાં હોમી દેતા હોય છે, તેમાંથી રક્તપાત સર્જાય છે. કોમી હિંસા ફાટી નીકળે છે, તેથી રાષ્ટ્રીય એકતા જોખમાય છે.

– બિનસાંપ્રદાયિકતા એટલે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિ સમૂહના ધાર્મિક સ્વાતંત્ર્યનો સ્વીકાર અને સન્માન.

– પ્રજા-પ્રજા વચ્ચેના ધાર્મિક ભેદભાવો અને પૂર્વગ્રહો દૂર કરવા માટે પણ બાળકોને બિનસાંપ્રદાયિક્તાનું શિક્ષણ આપવું જરૂરી છે.

– કોમી હુલ્લડો, કોમવાદ, હિંસાચારથી ભારતના બાળકોના કુમળા માનસને બચાવવા અને ધાર્મિક સહિષ્ણુતા વધારવા બિન સાંપ્રદાયિક્તાનું શિક્ષણ આપવું જરૂરી છે.

– સાચા રાષ્ટ્રવાદના વિકાસ માટે તથા દેશભક્તિ, સ્વેદશાભિમાન, રાષ્ટ્રીયતાના ગુણોના વિકાસ માટે ભારતમાં બિનસાંપ્રદાયિક્તાનું શિક્ષણ આપવું અનિવાર્ય છે.

**(5) સામાજિક મૂલ્યો :**

– વ્યક્તિ સામાજિક પ્રાણી છે. સમાજમાં રહીને તેનો વિકાસ થાય છે. સમાજ સાથે આદાન-પ્રદાન કરે છે.

– વ્યક્તિએ સમાજમાં રહીને સહકાર, પરસ્પર ભાગીદારી હક્ક અને જવાબદારી સભાનતાથી અનુભવનાં વિશિષ્ટો મૂલ્યોને સાચા અર્થમાં સામાજિક મૂલ્યો કહી શકાય.

– સામાજિક મૂલ્યો :

| | | |
|---|---|---|
| – પ્રેમ | – સભાનતા | – આત્મસંયમ |
| – વફાદારી | – નેતૃત્વ | – પ્રમાણિકતા |
| – મૈત્રી | – સદ્‌વિચાર | – સહાનુભૂતિ |
| – સહનશીલતા | – વિવેક | – નમ્રતા |
| – ઉદારતા | – લોક કલ્યાણ | – માનવીય ગુણો |

– ઉપરોક્ત ગુણોનો વિકાસ કરવા માટે શિક્ષણ આવશ્યક છે.

– દરેક વિદ્યાર્થીને નાગરિક્તાના હક્કો અને ફરજોનું ભાન કરાવવું.

– કુદરતી આફતો વખતે સહાય કરવી.

– શાળાએ પોતાના કાર્યક્રમો દ્વારા સામાજિક મૂલ્યોના શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.

**(6) સહ-અસ્તિત્વ :**

– સહઅસ્તિત્વ એટલે વિશ્વ બંધુત્વ, વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના.

– સહઅસ્તિત્વ એટલે એવી ભાવના કે વ્યક્તિ, સ્થળ, ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના ભેદભાવ ભૂલીને વિશ્વનો એક સાંસ્કૃતિક વ્યક્તિ બને.

– સહઅસ્તિત્વમાં સમાવેશ પામતાં મૂલ્યો

  – એકતા – શાંતિ – સામૂહિક જવાબદારી

  – સમાનતા – સમભાવ – શિસ્ત

  – સહયોગ

– શાળા કક્ષાએ ઉપરોક્ત ગુણો વિકસાવવા કાર્યક્રમો અમલમાં મૂકવા જોઈએ. જુદા જુદા વિષયોના શિક્ષણમાં શિક્ષકનો અભિગમ સહ-અસ્તિત્વનો રહેવો જોઈએ.

– દરેક વિદ્યાર્થીને નાગરિક્તાના હક્કો અને ફરજોનું ભાન કરાવવું.

– સમૂહ જીવન અને શાંતિમય જીવનનું મહત્વ સમજાવવું.

– કુદરતી આફતો વખતે સહાય કરવી.

– સહઅસ્તિત્વ માટે શિક્ષણ આપનાર શિક્ષક પણ મૈત્રી ભાવના અને વિશ્વશાંતિનાં હિમાયતી હોવો જોઈએ. પૂર્વગ્રહરહિત અને તટસ્થ દૃષ્ટિબિંદુવાળો શિક્ષકના આચાર વિચારમાં સ્નેહ અને સમર્પણ, નિષ્ઠા જેવા ગુણો પ્રતિબિંબિત થતા હોવા જોઈએ.

## 11.6 મૂલ્યલક્ષી સાહિત્યનાં લક્ષણો

મૂલ્યોની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :

(1) મૂલ્ય શિક્ષણ ચોક્કસ પ્રકારનો વિકાસ છે.

(2) મૂલ્ય એટલે પસંદગીનો નિયમ છે.

(3) મૂલ્ય એટલે જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં પસંદગીઓ છે.

(4) વિવિધ વિષયોના અધ્યયન અનુભવો દ્વારા મૂલ્ય શિક્ષણ અપાય છે.

(5) શિક્ષણની વિવિધ કક્ષાઓએ મૂલ્ય શિક્ષણ અપાય છે.

(6) મૂલ્ય શિક્ષણ માટે ધર્મ અને નીતિશાસ્ત્રનો આધાર લેવો પડે છે.

(7) મૂલ્ય શિક્ષણમાં વિવિધ પસંદગીનો અવકાશ હોય છે.

(8) મૂલ્ય એ તુલનાત્મક પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવે છે.

(9) મૂલ્ય એ પરિવર્તનશીલ હોય છે.

(10) મૂલ્ય એ સમાજ માન્ય હોય છે.

(11) મૂલ્ય એ જરૂરિયાતનું એક લક્ષ્ય હોય છે.

(12) મૂલ્ય માટે ઝંખના હોય છે.

(13) કેટલાંક મૂલ્યો સનાતન હોય છે.

## 11.7 મૂલ્યલક્ષી સાહિત્યનું ચયન-સમીક્ષાત્મક અભિગમ

મૂલ્યશિક્ષણ આપવા માટેના અલગ અલગ અભિગમો જોવા મળે છે. જેમ કે પ્રત્યક્ષ અભિગમ અને પરોક્ષ અભિગમ. પરોક્ષ અભિગમમાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને વ્યવહારિક પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પણ તેમના સ્વભાવ પ્રમાણે શાળા સમય દરમિયાન શાળામાં પ્રાર્થના સભા, વિવિધ પ્રકારની રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ અને રમત-ગમત જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ થતી હોય છે તે દરમિયાન સ્વાભાવિક રીતે જ સદ્-વૃત્તિ કે સદ્-વ્યવહારોનું અનુકરણ કરી પોતાના જીવનમાં તેનું આચરણ કરે છે. આ રીતે શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન કરવાનો એક પ્રયાસ કે જે પરોક્ષ અભિગમ તરીકે ઓળખાવી શકાય. જ્યારે સાક્ષરી વિષયોના જ્ઞાન સાથે વ્યાખ્યાનો દ્વારા બાળકોમાં મૂલ્યોનું સિંચન કરવાનો પ્રયાસ એ મૂલ્યશિક્ષણનો પ્રત્યક્ષ અભિગમ છે. આ અભિગમ પ્રમાણે શિક્ષક નિશ્ચિત સમયગાળાનું આયોજન કરીને નીતિશિક્ષણના પાઠ શીખવે છે. આ ઉપરાંત મૂલ્યશિક્ષણ સંબંધી અલગ અભ્યાસક્રમ દ્વારા મૂલ્યશિક્ષણ આપી શકાય. જુદા જુદા વિષયોમાં નિહિત મૂલ્યોનો ખ્યાલ આપીને કે તે સંબંધી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરાવીને પણ મૂલ્યશિક્ષણ આપી શકાય. અહીં તેનો સંક્ષિપ્તમાં પરિચય મેળવીશું.

**અલગ અભ્યાસક્રમોનો અભિગમ :**

આ અભિગમમાં મૂલ્યશિક્ષણ સંબંધી અન્ય વિષયોની જેમ અલગ અભ્યાસક્રમ બનાવવામાં આવે છે. તેના દ્વારા મૂલ્યશિક્ષણની સમજ અને પાયાના ખ્યાલો શીખવવામાં આવે છે. જેમ કે મૂલ્ય એટલે શું ? મૂલ્યના વિવિધ પ્રકારો, માનવજીવનનાં આવશ્યક મૂલ્યો, મૂલ્યવિકાસની વિવિધ પદ્ધતિઓ, મૂલ્યનો દાર્શનિક પરિપ્રેક્ષ્ય અને મૂલ્યનો સામાજિક પરિપ્રેક્ષ્ય જેવી સૈદ્ધાંતિક બાબતોનો ખ્યાલ આપવામાં આવે છે. આ અભિગમમાં શાળા સમય દરમ્યાન શાળાના સમયપત્રકમાં ફાળવેલ તાસ દરમિયાન મૂલ્યો સંબંધી સૈદ્ધાંતિક બાબતોનું પદ્ધતિસર શિક્ષણ આપવામાં આવે છે. આ અમિગમ દ્વારા વિવિધ પ્રકારનાં મૂલ્યોની સમજ આપવાની સાથે સાથે મૂલ્યો વિકાસ સંબંધી વિવિધ ઉદાહરણો, જીવન-પ્રસંગો અને મહાપુરુષોનાં ચરિત્રો વગેરે દ્વારા મૂલ્યો અંગેની ઊંડી સમજ આપવામાં આવે છે. પરિણામે બાળક પોતાના જીવનમાં તેનું અનુસકરણ કરવા માટે પ્રેરાય છે.

**અભ્યાસક્રમમાં સમાવેશ મૂલ્યોનો અભિગમ :**

શાળા કક્ષાએ બાળકોને જુદા જુદા વિષયો શીખવવામાં આવે છે. જેમ કે, ભાષા, સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, વિજ્ઞાન, પર્યાવરણ, ગણિત વગેરે. આ વિષયોનો અભ્યાસક્રમ મૂલ્યોને ધ્યાનમાં રાખીને જ તૈયાર કરવામાં આવે છે. પરિણામે બાળકો અભ્યાસક્રમની સૈદ્ધાંતિક બાબતો સાથે પાઠ્યપુસ્તકમાં નિહિત વિભિન્ન મૂલ્યોનું શિક્ષણ પણ મેળવે છે.

શાળામાં શીખવવામાં આવતા ભાષાના વિષયો દ્વારા બાળકોને પાઠ્યક્રમ સંબંધી પાઠ્ય સહગામી પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. જેવી કે નાટ્ય-મંચન, નૃત્ય, ગાન, કવિ-સંમેલન, લોક-કલા, વાદ-વિવાદ પ્રતિયોગિતા, એકાંકી-મંચન અને સાહિત્ય-સર્જન જેવી અનેકવિધ અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવી શકાય. તેનાથી બાળકોમાં આપણી મહામૂલી ભારતીય સંસ્કૃતિની સાંસ્કૃતિક વિરાસત સંબંધી અનેક મૂલ્યોનો વિકાસ થાય છે. ભાષાના વિષયોમાં ગદ્યાંશો અને પદ્યાંશોમાં સમાવિષ્ટ મૂલ્યો જેવાં કે પ્રેમ, વીરતા, કરુણા, સાહસ, સચ્ચાઈ, ઇમાનદારી, અહિંસા, વિનમ્રતા, સાદગી, આત્મવિશ્વાસ, સહિષ્ણુતા, દયા, દેશભક્તિ, સહાનુભૂતિ, સત્ય, પ્રકૃતિપ્રેમ, માનવતા જેવાં અનેક મૂલ્યોનો વિકાસ કરી શકાય છે.

સમાજવિદ્યા, ઇતિહાસ, નાગરિકશાસ્ત્ર, ભૂગોળ જેવા વિષયોના શિક્ષણ દ્વારા અભ્યાસક્રમમાં નિહિત એવાં વિશ્વબંધુત્વ અને વિશ્વનાગરિક્તાની ભાવના જેવાં વૈશ્વિક મૂલ્યોનો વિકાસ કરી શકાય છે. જુદા જુદા દેશ, પ્રદેશ તથા વિભિન્ન જાતિના લોકોની રહેણી-કરણી, આદર્શો અને પરંપરાનું જ્ઞાન આપીને આદરભાવ, સમ્માન અને વિભિન્ન સાંસ્કૃતિક વિરાસતોનું રક્ષણ જેવાં અભ્યાસક્રમમાં નિહિત મૂલ્યોનો વિકાસ કરી શકાય છે.

વિજ્ઞાન અને પર્યાવરણ જેવા વિષયના શિક્ષણ દ્વારા પ્રકૃતિમાં વ્યાપ્ત વિવિધતા, જીવ-જંતુ તેમજ વનસ્પતિ, પરિસ્થિતિની અનુકૂળતા, સહજીવન, પરોપકારી જીવન, જૈવિક વિકાસના સિદ્ધાંતો, સૌંદર્યબોધક મૂલ્યો, જિજ્ઞાસાવૃત્તિ, પરોપકાર, સૈદ્ધાંતિક દ્દષ્ટિકોણનો વિકાસ, શોધ, તત્પરતા અને નવું નવું જાણવું જેવાં અનેક મૂલ્યો અભ્યાસક્રમમાં સમાયેલાં હોય છે તેનો બાળકોમાં વિકાસ કરી શકાય છે.

ભૂગોળ શિક્ષણ દ્વારા સૂર્ય, તારા, ચંદ્ર, બ્રહ્માંડ, આકાશગંગા, ગ્રહણની સ્થિતિ, નદીઓ અને સમુદ્ર વગેરેનું શિક્ષણ આપવાથી બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ અને પૃચ્છાભાવ જેવાં મૂલ્યોનો વિકાસ કરી શકાય છે. પદાર્થ, ઉર્જાના સ્રોત, ગોબરગેસ અને ખનીજતેલ જેવા એકમો શીખવતાં તેમાં સમાયેલાં મૂલ્યો જેવાં કે ઊર્જા સંકટનો ખ્યાલ, ખનીજોનો વિવેકપૂર્ણ ઉપયોગ, ઊર્જાની ઉપયોગિતા, ઊર્જા સંરક્ષણ અને સંવેદનશીલતા વગેરે મૂલ્યો વિકસાવી શકાય છે.

અભ્યાસક્રમમાં નિહિત મૂલ્યોનો વિકાસ કરવા માટે શાળામાં અનેકવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજી શકાય અને તેના દ્વારા બાળકોમાં મૂલ્યોનું સિંચન કરી શકાય. શાળામાં યોજવામાં આવતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ મૂલ્યોને આત્મસાત કરવા માટેનું એક ઉત્તમ માધ્યમ છે. અભ્યાસક્રમમાં નિહિત મૂલ્યોના આધારે શાળામાં પ્રાર્થનાસભા, વિવિધ સ્પર્ધાઓ, રમતગમત, વિજ્ઞાનમેળા, વૃક્ષારોપણ, વસ્તુભંડારની પ્રવૃત્તિ, સામાજિક તહેવારોની ઊજવણી, રાષ્ટ્રીય તહેવારોની ઊજવણી, વાલી-દિવસ અને વિદ્યાર્થીસંઘની પ્રવૃત્તિઓ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ યોજીને વિદ્યાર્થીઓમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં મૂલ્યોનો વિકાસ કરી શકાય છે.

## 11.8 શિક્ષકની ભૂમિકા

મૃત્યુ શિક્ષણ માટે શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. મૂલ્ય શિક્ષણના કેન્દ્રમાં શિક્ષક જ છે. મૂલ્ય શિક્ષણની વ્યાવસાયિક પ્રવૃત્તિનો અંતર્ગત ભાગ છે, તેમાં પણ જે શિક્ષક પોતે મૂલ્યોનો આગ્રહી હોય છે તે પોતાના વ્યક્તિત્વની છાપ ઊભી કરી શકે છે.

(1) વિદ્યાર્થી સાથે શિક્ષકે શાંતિપૂર્વક વ્યવહાર કરી બોલવું.

(2) શિક્ષક જ્યારે વિદ્યાર્થી સાથે વ્યવહાર કરે ત્યારે વાણી પર સંયમ રાખવો જોઈએ.

(3) શિક્ષકનો વ્યવહાર આદર્શ નમૂનો પૂરો પાડે તેવો હોવો જોઈએ.

(4) શિક્ષક યોગ્ય અને સ્વચ્છ પોષાક પહેરવો.

(5) શિક્ષકે વિદ્યાર્થીઓને જે કંઈ બોલે તેને સાંભળવા જોઈએ.

(6) શિક્ષકે શાળાની જે શિસ્ત નક્કી કરેલ હોય તે શિસ્તનું પાલન થાય તેની કાળજી રાખવી.

(7) શિક્ષકે પોતાના કાર્યમાં નિતિમત્તા અને ચોક્સાઈ રાખવી.

(8) શિક્ષકે પરિશ્રમથી કાર્ય કરવું.

(9) શિક્ષકે સામાજિક અને નૈતિક મૂલ્યનું આચરણ કરવું.

(10) શિક્ષકે વિદ્યાર્થીઓને દૈનિક કાર્યની નોંધ કરે તે શીખવવું જોઈએ.

(11) વડીલ વ્યક્તિઓનું સન્માન જળવાઈ તે પ્રમાણે શિક્ષકે કાર્ય કરવું જોઈએ.

(12) શિક્ષકે વિદ્યાર્થીઓ માનથી બોલાવવા અને તેનો સ્વીકાર કરવો.

(13) શિક્ષણ કાર્ય માટેની સાધન સામગ્રી યોગ્ય રીતે ચોક્કસાઈપૂર્વક ગોઠવવી જોઈએ.

(14) શિક્ષકે વ્યવહાર દરમિયાન ઓછું બોલવું. વિદ્યાર્થીઓ વધુ બોલે તે માટે તક પૂરી પાડવી.

(15) શિક્ષકે વિદ્યાર્થીઓને જરૂરી પ્રેરણા પાડવી જોઈએ.

શિક્ષકે વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણનું સિંચન કરવા માટે પ્રથમ તો મૂલ્ય સાથે રંગાયેલો હોવો જોઈએ. તેમજ તે શિસ્તનો આગ્રહી અને પ્રમાણીક હોય તે જરૂરી છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વ ઘડતરમાં શિક્ષક પાયાની ઇંટ બની રહે છે.

મૂલ્યોના ધોવાણ અને નષ્ટ થઈ રહ્યું હોય ત્યારે શિક્ષકની જવાબદારી વધી જાય છે.

## 11.9 મૂલ્ય શિક્ષણના હેતુઓ

મૂલ્ય શિક્ષણના હેતુઓ નીચે મુજબ છે :

(1) વિદ્યાર્થીઓ જુદા જુદા મૂલ્યોનું શિક્ષણ મેળવે.

(2) વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિઓમાં મૂલ્યો સંબંધી જ્ઞાન અને સમાજ વિકસાવે.

(3) વિદ્યાર્થીઓ તર્કબદ્ધ વિચારણા કરતાં શીખે.

(4) વિદ્યાર્થીઓ મૂલ્ય વિશે સંવેદનશીલ બને.

(5) વિદ્યાર્થીઓ જીવનમાં સારી ટેવો અને વલણો વિકસાવે.

(6) વિદ્યાર્થીઓ વ્યક્તિગત વીકાસ માટે સતત પ્રયત્નશીલ રહે.

(7) વિદ્યાર્થીઓ પોતાના વિચાર અને આચારમાં ઉદાર બની ધર્મ, જાતિ, પ્રાંત, લિંગ વગેરેના ખોટા ખ્યાલ કે ગેર સમજ દુર છે.

(8) વિદ્યાર્થીઓ નીચેની બાબતોમાં યોગ્ય દૃષ્ટિકોણ વિકસાવે.

– પોતાની જાતિ અને સાથી મિત્રો પ્રત્યે.

– સ્વદેશ પ્રત્યે.

– રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સમજ અંગે.

– જીવન અને પર્યાવરણ પર્યાવરણ પ્રત્યે

– બધાં જ ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે

(9) મૂલ્યોને ઓળખને કારણે વિદ્યાર્થી ચોક્કસ બનાવ પ્રત્યે જોતાં શીખે.

મુખ્યલક્ષી શિક્ષણના હેતુઓમાં શિક્ષણમાં બધા જ ઉદ્દેશોનો સમાવેશ કરી શકાય. શાળા કક્ષાએ મૂલ્યલક્ષી શિક્ષણનો આગ્રહ ઉપરોક્ત હેતુઓની સિદ્ધિ અર્થે રાખવો.

## 11.10 મૂલ્ય શિક્ષણની જરૂરિયાત (Need of Value Education)

વર્તમાન વિશ્વ તરફ નજર કરીએ તો ચારે બાજુ હિંસા4 ભ્રષ્ટાચાર, આતંકવાદ, છેતરપિંડી, સ્વાર્થ જેવી ઘટનાઓ બનતી જોવા મળે છે. આવી ઘટનાઓ પાછળનું મુખ્ય કારણ વ્યક્તિમાં રહેલી પ્રામાણીક્તા, નિષ્ઠા, ચારિત્ર્ય અને આદરભાવના વગેરે બાબતો વ્યક્તિગત જીવનમાં સારા ગુણોને નાશ થતો જોવા મળે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં મૂલ્ય શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવેલ છે.

વ્યક્તિગત વિકાસને પરિણામે ભૌતિક વિકાસ તરફ દોડ વધી છે, પરિણામે સમાજમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધ્યું છે.

મૂલ્ય શિક્ષણની જરૂરિયાત નીચે પ્રમાણે છે.

**(1) યોગ્ય નિર્ણય લેતા શીખવવા માટે :**

શાળા સિવાય અન્ય સંસ્થાઓ સારા-નરસાનો ભેદ શીખવી શકે તેમ નથી. વિદ્યાર્થીઓને સારી બાબત કઈ ? ખરાબ બાબત કઈ ? આ બાબતનો ખ્યાલ શાળામાંથી જ શીખવી શકાય. વિદ્યાર્થી પોતાના જીવનમાં યોગ્ય નિર્ણય લેતા શીખે તે માટે જરૂરી છે.

**(2) વિદ્યાર્થીને પોતાની જરૂરિયાતનો ખ્યાલ મેળવવા :**

વિદ્યાર્થીની વર્તમાન સમયમાં, ભવિષ્યમાં કઈ જરૂરિયાત ઊભી થશે તેનો ખ્યાલ શાળા કક્ષાએ આપી શકાય. ભૂતકાળમાં તેની પરિસ્થિતિ કેવી હતી ? હવે કેવી આવશે ? ત્રણેય પરિસ્થિતનો ખ્યાલ આપવા માટે મૂલ્ય શિક્ષણની જરૂરિયાત છે.

**(3) વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવા :**

જ્ઞાનાત્મક અને ભાવાત્મક ક્ષેત્રના હેતુ સિદ્ધિની દિશામાં વિદ્યાર્થીનાં વર્તનમાં પરિવર્તન કેળવી શકાય છે.

દા.ત. લોકશાહી એટલે શું ? તે બાબત વિદ્યાર્થી જાણે તે જ્ઞાનાત્મક ક્ષેત્રનો વિકાસ થયો, પરંતુ આ જાણ તેના આચરણમાં પણ જોવા મળે તે ભાવાત્મક ક્ષેત્રનો વિકાસ થયો ગણાય. આ રીતે વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવા માટે મૂલ્ય શિક્ષણ જરૂરી છે.

**(4) ચોક્કસ મૂલ્યનો વિકાસ કરવા :**

વિદ્યાર્થીમાં ચોક્કસ મૂલ્યનો વિકાસ કરવા માટે જરૂરી છે. સારું જીવન જીવવું, સાદીગભર્યું જીવવું વગેરે. વિદ્યાર્થીના મનમાં ચોક્કસ મૂલ્યનો વિકાસ કરવા માટે જરૂરી છે.

**(5) વિદ્યાર્થીને પરિવારની ભાવના સમજાવવા :**

મૂલ્ય શિક્ષણથી વિદ્યાર્થીમાં પરિવારની ભાવના જાગે તે માટે જરૂરી છે. મૂલ્ય શિક્ષણથી વિદ્યાર્થી-શિક્ષક, વિદ્યાર્થી પરિવાર, વિદ્યાર્થી-સહાધ્યાયી, વિદ્યાર્થી-સંસ્થા, એકબીજાને સમજતાં શીખે તે માટે જરૂરી છે.

**(6) વ્યક્તિ ઉન્નતિ માટે :**

દરેક વ્યક્તિની ઉન્નત જરૂરી છે. દરેક વ્યક્તિએ ઉન્નતિ કરવી હોય તો જીવનમાં મૂલ્યની જરૂર પડે છે. જીવનમાં પ્રમાણિક્તાથી કાર્ય કરવું. બીજાને મદદરૂપ થવું વગેરે.

**(7) માનવજાતને ઉગારવું :**

વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના વિકાસને કારણે માનવી ભૌતિક સુખ તરફ વળ્યો છે. વ્યક્તિના જીવનમાં હતાશા-નિરાશાનું પ્રમાણ વધી રહ્યું છે. માનવી અશાંતિ ભરી પરિસ્થિતિમાં રહ્યો છે. અશાંતિ ભરી પરિસ્થિતિમાં માનવીને ઉગારવા માટે મૂલ્ય શિક્ષણની જરૂર છે.

**(8) પૂર્વગ્રહો દૂર કરવા :**

જ્યારે વિશ્વમાં માનવ-માનવ વચ્ચે ધર્મ, કોમ, ભાષા વગેરેની દિવાલો ઊભી થઈ હોય, માનવ જ્યારે પૂર્વગ્રહો અને દુરાગ્રહોથી પીડિત હોય ત્યારે આવા પૂર્વગ્રહો દૂર કરવા વિદ્યાર્થીઓને નાનપણથી જ મૂલ્ય શિક્ષણ આપવું જરૂરી છે.

**(9) જીવન જીવવા માટે યોગ્ય વલણો વિકસાવવા :**

વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવન જીવવા માટેના યોગ્ય વલણોનો વિકાસ કરવા મૂલ્ય શિક્ષણ જરૂરી છે. આવા વલણો પોતાની જાત પ્રત્યે, સમાજ પ્રત્યે, ગામ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે, પર્યાવરણ પ્રત્યે, સમગ્ર માનવજાત પ્રત્યે વિકસાવવા જરૂરી છે. વિદ્યાર્થીમાં હકારાત્મક વલણનો વિકાસ થાય તે જરૂરી છે.

**(10) દેશમાં લોકશાહીનું રક્ષણ કરવા :**

દેશમાં લોકશાહીનું રક્ષણ કરવું જરૂરી છે. તે માટે સત્ય, અહિંસા, સહકાર, સામાજિક ન્યાય, વૈજ્ઞાનિક દષ્ટિકોણ, પર્યાવરણનું જતન, નાના કુટુંબની ભાવના વગેરે જેવા મૂલ્યોનું શિક્ષણ આપવા માટે મૂલ્ય શિક્ષણ જરૂરી છે.

**(11) મૂલ્યોનું ધોવાણ થતું અટકાવવા :**

દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ પ્રાચીન શાશ્વત અને સનાતન મૂલ્યોનું ધોવાણ થયું છે. સત્ય, અહિંસા, ભાતૃભાવ જેવાં મૂલ્યોનું ધોવાણ થયું છે. આવાં મૂલ્યોની પુનઃ સ્થાપના માટે મૂલ્ય શિક્ષણ અનિવાર્ય બન્યું છે.

## 11.11 મૂલ્ય શિક્ષણ માટેની પ્રવૃત્તિઓ (Activities for Value Education) :

વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણ આપવા માટે ઘણી પ્રવૃત્તિઓ આપી શકાય :

**(1) પાઠ્યપુસ્તકો દ્વારા :**

વર્તમાન પાઠ્યપુસ્તકોમાં વિદ્યાર્થીઓમાં મૂલ્યનો વિકાસ થાય તે માટે ક્યાં એકમો એવા છે કે જેનાથી મૂલ્યનો વધારો થઈ શકે.

દા.ત. માનવપ્રેમ, દયા, રાષ્ટ્રીય એકતા, આંતરરાષ્ટ્રીય સમજ વગેરે જેવાં મૂલ્યો ક્યાં એકમમાં તેની માહિતી આવે છે. તે એકમનું શિક્ષણ કાર્ય દરમિયાન વિ.ઓને માહિતી આપી શકાય અને તે અંગેની પ્રવૃત્તિઓ પણ આપી શકાય.

**(2) શાળામાં જુદા જુદા ધર્મના તહેવારોની ઉજવણી :**

શાળામાં જુદા જુદા ધર્મના તહેવારોની ઉજવણી દ્વારા મૂલ્ય શિક્ષણ આપી શકાય. દા.ત. જન્માષ્ટમીની ઉજવણી, રક્ષાબંધન, રમજાન, નાતાલ, નવરાત્રિ, દિવાળી, વગેરે જેવા તહેવારોની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે, જેથી વિવિધ ધર્મ પ્રત્યે પ્રેમભાવ જાગે.

**(3) વિવિધ સ્થળોના પ્રવાસ દ્વારા :**

વિવિધ સ્થળોના પ્રવાસ દ્વારા મુખ્ય શિક્ષણમાં વધારો કરી શકાય.

દા.ત. પોરબંદર, દ્વારકા, સોમનાથ, પાલિતાણા, જૂનાગઢ, આબુ-અંબાજી, અજંતા-ઈલોરા, આગ્રા, હરદ્વાર, અમૃતસર, દિલ્હી, જૈનમંદિરો વગેરે સ્થળોએ પ્રવાસ થઈ જવાય.

વિવિધ સ્થળોના પ્રવાસથી વિદ્યાર્થીના જીવનમાં ખૂબ જ ઊંડી અસર પડે છે. સારી ટેવનું ઘડતર થાય છે. જીવનમાં મૂલ્યોને સાકાર કરવા પ્રયત્નશીલ બને છે. સમાજને સારા નાગરિકો મળે છે.

વિદ્યાર્થીઓને પ્રવાસના સ્થળની નોંધ કરવાનું બુલેટિન બોર્ડ પર પ્રવાસની માહિતી મૂકવી, પ્રાર્થનામાં માહિતી આપવી, વર્તમાન પેપરમાં સમાચાર આપવા, નિબંધ તૈયાર કરવા આપવો વગેરે પ્રવૃત્તિઓ કરાવી શકાય.

**(4) પ્રાર્થના પ્રચવન :**

પ્રાર્થના શરૂ થાય ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગીત, ભજન, શ્લોક, રાષ્ટ્રગીત, દેશભ્કતિગીત વગેરે રજૂઆત દ્વારા મૂલ્ય શિક્ષણ આપી શકાય.

શિક્ષક દ્વારા મૂલ્યને વિગતની માહિતી પણ આપી શકાય.

**(5) શૈક્ષણિક પ્રવચનોની ગોઠવણી :**

શાળામાં મૂલ્યને લગતા બહારની વ્યક્તિઓ દ્વારા પ્રવચનો ગોઠવવામાં આવે.

દા.ત. પુર સમયે સહાય, દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા, આંતરરાષ્ટ્રીય સમજ, કોમી એકતા, સર્વધર્મ પ્રત્યે ભાવના વગેરે.

**(6) હસ્તલિખિત અંક :**

પોરબંદર મહાત્મા ગાંધીના જન્મ સ્થળની મુલાકાત વિદ્યાર્થીઓ ગાંધીજીના જીવન વિષેનો અભ્યાસ કરે તેની જરૂરી નોંધ કરે, તેના ફોટાઓ, લખાણો વગેરે ભેગા કરે. જે હસ્તલિખિત અંકમાં મૂકી શકાય.

**(7) આર્થિક સહાય :**

ગરીબ વિદ્યાર્થીઓને સહાય, દુષ્કાળ રાહત ફંડ, પૂર રાહત ફંડ વગેરે ભેગુ કરી વિતરણ કરવામાં આવે. અપંગ વિદ્યાર્થીઓ, અંધ વિદ્યાર્થીઓ વગેરે.

**(8) સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન :**

શાળામાં વર્ષની શરૂઆતથી અંત સુધી સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

કોમી એકતા, સર્વધર્મ સમભાવ, નાતાલની ઉજવણી, દિવાળી, નવરાત્રી વગેરેની ઉજવણી.

(9) સમૂહ માધ્યમોનો ઉપયોગ :

શાળામાં સમૂહ માધ્યમોનો ઉપયોગ કરી મૂલ્ય શિક્ષણ આપી શકાય.

દા.ત. આકાશવાણી પરના કાર્યક્રમો, દૂરદર્શન સ્લાઈડ્ઝ, સામયિકો, વર્તમાનપત્રો વગેરેના ઉપયોગ દ્વારા મૂલ્ય શિક્ષણ આપી શકાય.

કોઈપણ જગ્યાએ પૂર કે ધરતીકંપ, થયેલ હોય તો તેની માહિતી ટી.વી. પર દેખાડી શકાય.

દેશપ્રેમને લગતી ફિલ્મ બનાવી શકાય.

**(10) આચાર્ય અને શિક્ષકોનો યોગ્ય વર્તન વ્યવહાર :**

શાળામાં આચાર્ય અને શિક્ષકોનો યોગ્યવર્તન વ્યવહાર હોવો જોઈએ. શિક્ષકનો વ્યવહાર ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે તેવો હોવો જોઈએ.

દા.ત. સત્ય બોલવું, અન્યને મદદરૂપ થવુ, માબાપને નમસ્કાર કરવા, ધર્મનું આચરણ, હકારાત્મક વલણ, કુટુંબ પ્રેમ, શાળા પ્રેમ, દેશપ્રેમ વગેરે.

## 11.12 મૂલ્ય શિક્ષણનું સ્વરૂપ

શિક્ષણ એક મૂલ્યઅભિમુખ કાર્ય છે. શિક્ષણ દ્વારા વ્યક્તિમાં વિભિન્ન મૂલ્યોનું સિંચન કરી શકાય છે. શિક્ષણ આપનાર શિક્ષકો તેમજ વિવિધ ઘટનાઓ અને વ્યક્તિગત વ્યવહારો મૂલ્યશિક્ષણ માટે ઘણા મહત્ત્વના છે. શિક્ષક બધા જ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં મૂલ્યોનો વિકાસ કરવાનો પ્રયાસ કરે છે. શાળા સમયની ભિન્ન ભિન્ન સ્થિતિઓ પ્રમાણે મૂલ્યશિક્ષણનું સ્વરૂપ બદલાતું રહે છે. અહીં મૂલ્યશિક્ષણ સંબંધી કેટલીક બાબતો દ્વારા મૂલ્યશિક્ષણનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કરીશું.

– માનવમૂલ્યોને કોઈ અલગ વિષય દ્વારા કે કોઈ વિશેષણ દ્વારા અપ્રત્યક્ષ સ્વરૂપે પણ શીખવવામાં આવે છે.
– મૂલ્યશિક્ષણને નિશ્ચિત સમયમાં જ શીખવી ન શકાય.
– મૂલ્યશિક્ષણ ઉત્તમ વ્યાખ્યાનો કરતાં વ્યવહારિક કાર્યો દ્વારા ઉત્તમ રીતે શીખવી શકાય છે.
– શાળાના જીવંત પર્યાવરણમાં વાસ્તવિક અનુભવો દ્વારા સંસ્કારોનું શિક્ષણ આપવાની એક જીવંત પ્રક્રિયા છે.
– મૂલ્યશિક્ષણ માનવનિર્માણ અને સજીવ વિજ્ઞાનનું રૂપ ધારણ કરે છે. જેમાં આધ્યાત્મિક વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી, સામાજિક કાર્ય, આંતરરાષ્ટ્રીય અને વૈજ્ઞાનિક માનવતાવાદ સંબંધી પ્રત્યક્ષ અનુભવોનું શિક્ષણ આપવામાં આવે છે.
– નાગરિકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, સમાજસેવકો, શિક્ષકો, વિશેષજ્ઞો વગેરેના પરસ્પરના સહચિંતન દ્વારા બાળકોનું ઇચ્છિત દિશામાં વર્તન-પરિવર્તન કરવાની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે.
– વ્યક્તિને થયેલા અનુભવો, આસપાસના લોકો, સમુદાય અને વિવિધ પરિસ્થિતિમાંથી મૂલ્યશિક્ષણ નિર્માણ પામે છે.
– મૂલ્યશિક્ષણમાં જીવનની ઉત્તમ બાબતોનો માપદંડ, આંતરિક સત્ય અને જીવનનાં શાશ્વત મૂલ્યો સ્વાભાવિક્તાથી જ વિકસે છે.

આમ, ઉપરોક્ત બાબતોનો વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે મૂલ્યશિક્ષણ પરિસ્થિતિ પ્રમાણે ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. મૂલ્યશિક્ષણનું સૈદ્ધાંતિક સ્વરૂપ કરતાં વ્યવહારિક સ્વરૂપ વધારે પ્રભાવક છે. સ્વાભાવિક છે કે વ્યક્તિની સાચી કેળવણી આચરણ દ્વારા જ થાય છે. આચરણ એ વ્યવહારિક જીવનનો મૂળ પાયો છે. તેનાથી બાળકોમાં પાયાનાં મૂલ્યોનો વિકાસ થાય છે. એક દૃષ્ટિએ જોતાં મૂલ્યશિક્ષણનું સૈદ્ધાંતિક સ્વરૂપ અને વ્યવહારિક સ્વરૂપ એમ બે પ્રકારનાં સ્વરૂપો દૃષ્ટિગોચર થાય છે. સૈદ્ધાંતિક સ્વરૂપ એટલે મૂલ્યશિક્ષણ આપવાનો પ્રત્યક્ષ અભિગમ જ્યારે મૂલ્યશિક્ષણ આપવાનો પરોક્ષ અભિગમ મૂલ્યશિક્ષણનું વ્યવહારિક સ્વરૂપ છે. તેની વિગતે ચર્ચા મૂલ્યશિક્ષણના અભિગમો અંતર્ગત કરવામાં આવેલ છે.

## 11.13 મૂલ્ય શિક્ષણનું કાર્યક્ષેત્ર

મૂલ્યશિક્ષણનો મૂળ ઉદ્દેશ્ય બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવાનો રહેલો છે. શિક્ષણ દ્વારા બાળકોમાં સદ્‌ગુણોનો વિકાસ કરવો તેને આપણે મૂલ્યશિક્ષણ તરીકે ઓળખીએ છીએ. સંસ્કારોનું શિક્ષણ એટલે જ મૂલ્યશિક્ષણ આ દૃષ્ટિએ જોતાં મૂલ્યશિક્ષણનું પ્રમુખ કાર્ય સંસ્કારો, સદ્‌ગુણો, સદ્‌વૃત્તિઓ અને સુટેવો નિર્માણ કરવાનું છે. માનવજીવનનાં વિવિધ ક્ષેત્રોના સંબંધમાં મૂલ્યોના વિવિધ પ્રકાર નક્કી કરવામાં આવ્યા છે તેના આધારે મૂલ્યશિક્ષણના કાર્યક્ષેત્રનું નીચે મુજબ વિભાજન કરી શકાય.

**(1) સામાજિક કાર્યક્ષેત્ર :**

સામાજિક કાર્યક્ષેત્રમાં મૂલ્યશિક્ષણ દ્વારા બાળકમાં સામાજિક મૂલ્યો જેવાં કે, મૈત્રી, પ્રેમ, ભ્રાતૃત્વ, સહકાર, જનસેવા, સામાજિક ન્યાય, સહિષ્ણુતા, સમભાવ, સમાનતા, સામાજિક જવાબદારી અને પરસ્પર સહયોગ જેવાં મૂલ્યોનો વિકાસ કરવામાં આવે છે.

**(2) સાંસ્કૃતિક કાર્યક્ષેત્ર :**

મૂલ્યશિક્ષણ દ્વારા આ કાર્યક્ષેત્ર સંબંધી સંસ્કૃતિનું રક્ષણ, સાંસ્કૃતિક વારસાનું ગૌરવ, સાદું જીવન, સાદગી, સત્ય, અહિંસા, ત્યાગની ભાવના, સંગ્રહખોરી ન કરવી, બ્રહ્મચર્યનું પાલન, વડીલોને માન આપવું અને સંયુક્ત પરિવારની ભાવના જેવાં મૂલ્યોનો વિકાસ કરવામાં આવે છે.

**(3) વ્યક્તિગત વિકાસનું કાર્યક્ષેત્ર :**

મૂલ્યશિક્ષણ દ્વારા વ્યક્તિગત મૂલ્યો જેવાં કે શ્રમનું ગૌરવ, ઉદ્યમશીલતા, વ્યક્તિ સમ્માન, વૈજ્ઞાનિક સમજ, જુસ્સો, પરિશ્રમનું મહત્ત્વ, ઇન્દ્રિય નિગ્રહ, સહનશીલતા, કર્તવ્યપરાયણતા, અર્થ ઉપાર્જન, સાહસ, વિનમ્રતા, દૃઢનિશ્ચિય, શિષ્ટાચાર, નિષ્કપટતા અને સ્વાનુશાસન જેવાં, વ્યક્તિગત વિકાસ સંબંધી, અનેક મૂલ્યોનો વિકાસ કરવામાં આવે છે.

**(4) રાષ્ટ્રીય અને વૈશ્વિક કાર્યક્ષેત્ર :**

મૂલ્યશિક્ષણ દ્વારા વ્યક્તિનો વિકાસ અને આખરે રાષ્ટ્ર અને વિશ્વના વિકાસમાં વ્યક્તિની સહભાગિતાની અપેક્ષા કરવામાં આવે છે. આથી રાષ્ટ્રીય અને વૈશ્વિક મૂલ્યો જેવાં કે રાષ્ટ્રનું ગૌરવ, રાષ્ટ્રીયતા, લોકશાહીની ભાવના, પર્યાવરણ સંરક્ષણ, દેશદાઝ, રાષ્ટ્રીય પ્રતિકોનું સમ્માન, વિશ્વબંધુતા, ધર્મનિરપેક્ષતા, સાર્વભૌતિક્તાનો ખ્યાલ, પ્રજાતાંત્રિક નિર્ણય, રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના, રાષ્ટ્રીય સચેતના અને માનવજાતિની એકાત્મકતા જેવાં, રાષ્ટ્રીય અને વૈશ્વિક સદ્‌ભાવને પોષકમ એવાં, અનેક મૂલ્યોનો વિકાસ આ કાર્યક્ષેત્ર હેઠળ કરવામાં આવે છે.

## 11.14 મૂલ્ય શિક્ષણના ઉદ્દેશ્યો

- વિદ્યાર્થી સારા-નરસાંનો ભેદ તારવી શકે.
- વિદ્યાર્થી સાચી દિશામાં પ્રગતિ કરી શકે.
- વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન કરવું.
- વ્યવહારિક જીવનમાં સદ્‌ગુણોનું અનુસરણ કરવું.
- વ્યક્તિમાં સામાજિક્તાનો વિકાસ કરી સામાજિક આદર્શોનું સ્થાપન કરવું.
- નૈતિકતા અને આધ્યાત્મિકતાનો વિકાસ કરવો.
- વિદ્યાર્થી આદર્શો, વ્યવહારો, ગતિ અને પ્રગતિનો ખ્યાલ મેળવી પોતાના જીવનનું ઘડતર કરે.
- બાળકોમાં અભિરુચિનો વિકાસ કરવો.
- સદ્‌વૃત્તિઓનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓની સભ્યતા અને માનવતામાં આસ્થા પ્રગટ કરવી.
- નવી પરિસ્થિતિમાં નવું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ કરવો.

- વૈજ્ઞાનિક અભિવૃત્તિ, અભિરૂચિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ કરવો.
- પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન માટેના પ્રયત્નો કરે.
- રાષ્ટ્રીય આવશ્યકતાઓ અનુસાર સહયોગ કરવો.
- રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ કરે.
- રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક મૂલ્યો ઉજાગર કરે.
- રાષ્ટ્રીય સમસ્યાઓ દૂર કરવામાં પોતાનું યોગદાન આપે.
- રાષ્ટ્ર અને રાષ્ટ્રની સંસ્કૃતિનું સંવર્ધન કરવું તેમજ એક પેઢીનાં મૂલ્યો બીજી પેઢીમાં લોકશાહી સ્વરૂપે હસ્તાંતરિત કરવાં.
- મૂલ્યલક્ષી સમાજના નિર્માણમાં પોતાનું યોગદાન આપે.
- વિદ્યાર્થીઓમાં સારી આદતો અને વલણો વિકસાવવાં.
- પોતાના આચાર-વિચારમાં ઉદાર બની ધર્મ, જાતિ, પ્રાન્ત, લિંગ વગેરેના ખોટા ખ્યાલોની ગેરસમજ દૂર કરવી..

## 11.15 મૂલ્ય શિક્ષણની રીતો

**પ્રસ્તાવના :**

આજે દરેક ક્ષેત્રોમાં માનવજાતિને જો કોઈ વિષય સતાવી રહ્યો હોય તો તે મૂલ્યશિક્ષણનો વિષય છે. આજના આધુનીક યુગમાં ભૌતિક સુખની લાલસા પાછળની આંધળી દોટના કારણે લોકોમાંથી અને ખાસ કરીને યુવા પેઢીમાંથી આપણાં જીવનમૂલ્યો, શાશ્વત મૂલ્યો કે માનવતાનાં મૂલ્યોનો હ્રાસ થઈ ગયો છે. લોકોમાં અનૈતિકતા વધી ગઈ છે. જીવનના દરેક ક્ષેત્રોમાં ભ્રષ્ટાચારે પગપેસારો કર્યો છે. લોકોના જીવનમાં ડગલે ને પગલે અનુશાસનહિનતા વ્યાપી ગઈ છે. લોકોમાં મૂલ્યો અંગેની અસ્પષ્ટ સમજ, મૂલ્યોમાં અવિશ્વાસ, મૂલ્યવિહીન રાજનીતિ, મૂલ્યવિહીન સામાજિક પરિવેશ અને શાંતિ વિનાનું માનવજીવન વગેરેથી બાળકોનું મનોબળ તૂટી રહ્યું છે. બાળકો પણ મૂલ્યશિક્ષણની દિશા ભૂલી ગયાં છે ત્યારે યુવા પેઢીને મૂલ્યશિક્ષણનો નવો માર્ગ ચિંધવા માટે અને ભૂલાઈ ગયેલી દિશા તરફ અભિમુખ કરવા માટે મૂલ્યશિક્ષણ આપવાની આજે તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

આપણે જ્યારે મૂલ્યશિક્ષણની વાતો કરીએ છીએ ત્યારે શિક્ષણના ક્ષેત્રમાં ઉચિત મૂલ્યો અંગેનો ઉચિત દૃષ્ટિકોણ, સમુચિત માનવવ્યવહાર અને માનવીય ભાવનાઓનો યોગ્ય ઢંગથી વિકાસ કરવો પડશે. આપણી શિક્ષણ પ્રણાલીઓને મૂલ્ય અભિમુખ કરવી પડશે. શિક્ષણના દરેક સ્તરે વિદ્યાર્થઓમાં આવશ્યક જીવન મૂલ્યોનું સિંચન કરવા પર વધારે ભાર આપવો પડશે અને તો જ દેશના ભાવિ માટે આપણે આદર્શ નાગરિકોનું નિર્માણ કરી શકીશું. મૂલ્યશિક્ષણના સંદર્ભમાં કોઠારી શિક્ષણપંચે કહ્યું છે કે, ‘શાળાની પાઠ્યચર્યામાં એક ગંભીર ભૂલ એ છે કે આપણે ત્યાં સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની શિક્ષણ વ્યવસ્થા કરવામાં આવી નથી.’ આ સંદર્ભમાં ધર્મ કે નીતિ સંબંધી ઉપદેશોની સહાયતાથી સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ આપવા માટે સંગઠિન અને જાગૃતપણે પ્રયાસ કરવો જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીને પણ શાળા સ્તરે આપણે મૂલ્યશિક્ષણને અસરકારક બનાવવું પડશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પણ શિક્ષણ દ્વારા બાળકોમાં માનવમૂલ્યોનો વિકાસ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે જેથી રાષ્ટ્ર વિકાસ માટે ઉપયોગી નાગરિકો તૈયાર થઈ શકે. રાષ્ટ્રીય શિક્ષણપંચે સાચું જ કહ્યું છે કે ‘ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.’ આજનાં બાળકો જ કાલના નાગરિકો છે. આપણે કેવા પ્રકારના નાગરિકોનું નિર્માણ કરવાનું છે તેની શરૂઆત શાળાથી જ કરવાની છે. શાળા એક લઘુસમાજ છે. અહીં સમાજનાં તમામ કાર્યોનું સંયોજન કરીને બાળકોનો સર્વાંગીણ વિકાસ કરવાની પ્રક્રિયા ચાલે છે. બાળકોમાં જીવનમૂલ્યો વિકાસ કરવાની જવાબદારી શાળાની બને છે. આથી સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, બૌદ્ધિક મૂલયો અને આર્થિક મૂલ્યોનો વિકાસ બાળકોમાં કઈ રીતે કરી શકાય તેના પર અહીં વિચાર કરીશું.

**મૂલ્યશિક્ષણ આપવાની રીતો :**

શાળાશિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગીણ વિકાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલો છે. આ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે શાળામાં વિભિન્ન પ્રવૃત્તિઓ દ્વારા અનુભવો પૂરા પાડવામાં આવે છે. બાળકોનો બૌદ્ધિક વિકાસ કરવા માટે અલગ અલગ સાક્ષરી વિષયો શીખવવામાં આવે છે. તેની સાથે સાક્ષરી વિષયોનાં પાઠ્યપુસ્તકોમાં નિહીત મૂલ્યોનું શિક્ષણ પણ આપવામાં આવે છે. કેટલીક શાળા-મહાશાળાઓમાં મૂલ્યશિક્ષણ, કલા શિક્ષણ, જીવનકલા, નીતિશિક્ષણ કે નૈતિકશિક્ષણ અંગેનો અલગ વિષય શીખવવામાં આવે છે. આવી રીતે શાળા સમય દરમિયાન નિશ્ચિત તાસમાં પદ્ધતિસરના શિક્ષણ દ્વારા બાળકોમાં મૂલ્યોનો વિકાસ કરવાનો જ પ્રયાસ થાય છે તેને મૂલ્યશિક્ષણ આપવાની પ્રત્યક્ષ રીત તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે શાળામાં વિવિધ પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં મૂલ્યોનું સિંચન કરવાનો જે પ્રયાસ કરવામાં આવે છે તેને મૂલ્યશિક્ષણ આપવાની પરોક્ષ રીત તરીકે ઓળખવામાં આવે છે. આ બંને રીતોનો અહીં પરિચય મેળવીશું.

**(1) મૂલ્યશિક્ષણ આપવાની પ્રત્યક્ષ રીત :**

શાળામાં શીખવવામાં આવતા જુદા જુદા વિષયો જેવા કે ભાષાના વિષયો, વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે વિષયોને શાળા-સમયપત્રકમાં સ્થાન આપીને નિશ્ચિત તાસમાં જે તે વિષયનું શિક્ષણ આપવામાં આવે છે. આ સાથે પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યો અંગેની સમજ આપી ચર્ચા કરવામાં આવશે અને વાર્તા કે જીવનપ્રસંગોનાં ઉદાહરણો દ્વારા મૂલ્યોનું સ્પષ્ટીકરણ કરી બાળકોમાં મૂલ્યો વિકસાવવાનો જે પ્રયાસ કરવામાં આવે છે તેને મૂલ્યશિક્ષણ આપવાની પ્રત્યક્ષ રીત તરીકે ઓળખવામાં આવે છે.

**ભાષાશિક્ષણ દ્વારા મૂલ્યોનો વિકાસ :**

ભાષાશિક્ષણમાં અનેક સંતો તથા મહાપુરુષોની જીવની, આત્મકથા, તેનાં જીવનચરિત્રો, મહાપુરુષો કે લેખકો દ્વારા લખાયેલ વાર્તાઓ, લઘુવાર્તાઓ, નિબંધો અને કવિઓની કવિતાઓનું વિષયવસ્તુ શીખવીને બાળકોમાં અનેક પ્રકારનાં મૂલ્યોનું સિંચન કરી શકાય. દા.ત. બાળકોને વાર્તા ખૂબ જ પ્રિય હોય છે. બામાનસ પર તેનો વધારે પ્રભાવ પડે છે. આપણી સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસા સંબંધિત વાર્તાઓ, વાર્તાઓનાં પાત્રો, પાત્રોનો વ્યવહાર, વિશિષ્ટતા, કર્તવ્યનિષ્ઠા, પરોપકાર, રાષ્ટ્રપ્રેમ, ભ્રાતૃત્વ, વિશ્વબંધુત્વ, સદાચાર, બલિદાન, આતિથ્ય-સત્કાર અને ત્યાગ જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થાય છે. તેમ આધ્યાત્મિક વાર્તા કે પાઠ, કવિતાઓ, નિબંધ, લેખો, ઉપન્યાસ, જીવની, રેખાચિત્ર વગેરેના કક્ષાઅધ્યાપન દ્વારા તેમાં નિહિત જીવનમૂલ્યોનો વિકાસ થાય છે.

**સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, પર્યાવરણ, નાગરિકશાસ્ત્ર, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર જેવા વિષયશિક્ષણ દ્વારા મૂલ્યોનો વિકાસ :**

સામાજિક વિજ્ઞાન અને ઇતિહાસ જેવા વિષયોના શિક્ષણથી બાળકોમાં સમાજ સુધારકો, દેશભક્તોની જીવની, જીવનકથાઓ, રાષ્ટ્રસેવાના તેમનાં કાર્યો વગેરેથી નીડરતા, ધૈર્ય, સત્ય, નિર્ભયતા, ઉદારતા, સાહસ, સામાજિકતા, સામાજિક જવાબદારીઓ, સમૂહભાવનાં જેવાં મૂલ્યો વિકસાવી શકાય છે.

ભૂગોળ જેવા વિષયના શિક્ષણથી વિશ્વ એક માનવ સમાજ, વિશ્વબંધુતા, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના, વિશ્વશાંતિ, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ, વિશ્વમાનવતાનો વિકાસ, પ્રકૃતિ-પ્રેમ, પર્યાવરણ-સંરક્ષણ અને પર્યાવરણ-સંવર્ધન જેવાં અનેક મૂલ્યો વિકસાવી શકાય છે.

નાગરિકશાસ્ત્રના શિક્ષણ દ્વારા લોકશાહીની ભાવના, નાગરિક કર્તવ્યો, સમયપાલન, પરસ્પર સહયોગ, સામુદાયિક ભાવના અને સમાજસેવા જેવાં અનેક મૂલ્યો બાળકોમાં વિકસાવી શકાય. વિજ્ઞાનના શિક્ષણ દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, શોધ, જિજ્ઞાસાવૃત્તિ, તત્પરતા, નવું નવું જાળવું અને સત્યતા જેવાં મૂલ્યોનું સિંચન કરી શકાય છે. જ્યારે અર્થશાસ્ત્ર જેવા વિષયના શિક્ષણથી બાળકોમાં અર્થ ઉપાર્જન, ધન પ્રાપ્તિની નૈતિકતા, પ્રમાણિકતા, પરિશ્રમ, સાહસ, ચોક્કસાઈ જેવાં અનેક પ્રકારનાં આર્થિક મૂલ્યો વિકસાવી શકાય છે.

**મૂલ્યશિક્ષણ આપવાની પરોક્ષ રીત :**

શાળામાં સાક્ષરી વિષયોના શિક્ષણ સાથે અનેકવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ જેવી કે સમૂહપ્રાર્થના, સમૂહસફાઈ, રમતગમત સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો તેમજ વિશિષ્ટ દિવસોની ઉજવણી, સ્પર્ધાઓ, સમાજસેવાની પ્રવૃત્તિઓ અને સામુદાયિક જીવન જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જુદા જુદા પ્રકારનાં મૂલ્યો વિકસાવવાનો જે પ્રયાસ કરવામાં આવે છે તેને મૂલ્યશિક્ષણ આપવાની પરોક્ષ રીત તરીકે ઓળખવામાં આવે છે.

બાળકોમાં મૂલ્યોનું સિંચન કરવા માટેની કોઈ અસરકારક રીત હોય તો તે પરોક્ષ રીત છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને પોતાની અભિરુચિ પ્રમાણે વિકસવાની તક મળે છે. બાળકોને વાસ્તવિક અનુભવો પૂરા પાડીને તેમનામાં મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. પરિણામે બાળકો સ્વાભાવિક રીતે જ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા શીખેલાં મૂલ્યોનું પોતાના જીવનમાં આચરણ કરે છે.

**(1) સમૂહપ્રાર્થના :**

સમૂહપ્રાર્થના એ શાળાનો નિત્યક્રમ છે. સમૂહપ્રાર્થના દ્વારા શાળામાં આધ્યાત્મિક્તાનું વાસ્તવિક વાતાવરણ સર્જવામાં આવે છે. પરિણામે બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યો જેવાં કે ઈશ્વર પ્રત્યેનો પ્રેમ, શ્રદ્ધા, પવિત્રતા, સત્ય, અહિંસા, જીવદયા, સાત્ત્વિક્તા, શુદ્ધતા અને નિયમિતતા જેવાં અનેક મૂલ્યો વિકસાવી શકાય છે.

**(2) સમૂહસફાઈ :**

શાળામાં યોજવામાં આવતી સમૂહસફાઈની પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અને આરોગ્ય સંબંધી મૂલ્યો વિકસાવી શકાય છે. બાળકો પોતાના જીવનમાં સફાઈનું મહત્ત્વ સમજે છે અને શારીરિક સ્વચ્છતાની સભાનતા કેળવે છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતાની ભાવના વિકસાવીને પોતાના જીવનમાં તેનું આચરણ કરે છે જેનાથી તેઓ સ્વચ્છ સમાજનું નિર્માણ કરવામાં પોતાનું યોગદાન આપી શકશે. આવા સ્વચ્છ સમાજના નિર્માણ માટે સમૂહસફાઈ એક ઉપયોગી મૂલ્ય છે.

**(3) રમતગમત :**

રમતગમત એ બાળકોની પ્રિય સહઅભ્યાસ પ્રવૃત્તિ છે. રમતગમતમાં બાળકો ઉત્સાહથી ભાગ લેતાં હોય છે. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં ખેલદિલી, પરસ્પર સહયોગ, સત્યનિષ્ઠા, શારીરિક સ્વાસ્થ્યની સભાનતા, નૈતિક્તા, ત્યાગની ભાવના, આજ્ઞાપાલન, હિંમત, સાહસ, ધૈર્ય અને નીડરતા જેવાં મૂલ્યોનું સિંચન થાય છે.

**(4) સાંસ્કૃતિક કાર્યક્રમો :**

બાળકોમાં આપણાં શાશ્વત મૂલ્યોને ઉજાગર કરવાના હેતુથી શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેનાથી બાળકોમાં સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન સંસ્કૃતિના આદર્શો અને આપણાં શાશ્વત મૂલ્યો જેવાં કે સત્ય, અહિંસા, પ્રેમ, સદાચાર, આદર-સત્કાર અને માન-સન્માન જેવાં મૂલ્યોનો વિકાસ થાય છે.

**(5) સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો તેમજ વિશિષ્ટ દિવસોની ઉજવણી :**

બાળકોમાં સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ કરવાના હેતુથી શાળામાં આપણા સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો જેવાં કે રક્ષાબંધન, ભાઈબીજ, ધૂળેટી, સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસ જેવા તહેવારો ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ ઉપરાંત આપણા સંત-પુરુષોની જન્મજયંતીઓ, પુણ્યતિથિઓ અને પર્યાવરણ દિન, વસતિ દિન, બાલ દિન, શિક્ષક દિવસ જેવા વિશિષ્ટ દિવસોની ઉજવણી પણ શાળા સ્તરે કરવામં આવે છે. જેનાથી બાળકોમાં સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, ધાર્મિક મૂલ્યો, નૈતિક મૂલ્યો અને પર્યાવરણ સંબંધી અનેક મૂલ્યોનું શિક્ષણ થાય છે.

**(6) વક્તૃત્વસ્પર્ધા અને લેખનસ્પર્ધા :**

શાળામાં જુદા જુદા વિષય સંબંધી વક્તૃત્વસ્પર્ધા અને લેખનસ્પર્ધાઓનું આયોજન કરવામાં

આવે છે. તેનાથી બાળકોમાં સત્ય હકીકતો રજૂ કરવાની નૈતિક હિંમત, જિજ્ઞાસાવૃત્તિ, વાક્છટા અને અભિનય કલા જેવાં મૂલ્યોનો વિકાસ થાય છે.

**(7) સમાજસેવાની પ્રવૃત્તિઓ :**

બાળકોમાં સામાજિકતા તેમજ સમાજસેવાની ભાવનાનો વિકાસ કરવાના હેતુથી ગ્રામસેવા, ગ્રામસફાઈ, આપત્તિગ્રસ્તોની સેવા, દીન-દુઃખીઓની સેવા અને જરૂરિયાતમંદોની સેવા જેવી સમાજસેવાની પ્રવૃત્તિઓનું શાળા દ્વારા આયોજન કરવામાં આવે છે. તેનાથી બાળકોમાં સેવાભાવના, કરૂણા, સહાનુભૂતિ, પૃચ્છાભાવ, સહકાર, પરોપકાર, દયાભાવ અને સામાજિક ઋણ અદા કરવાની નિષ્ઠા જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થાય છે.

**(8) સામુદાયિક જીવનની પ્રવૃત્તિઓ :**

શાળા દ્વારા સમૂહભોજન, પ્રયાસ-પર્યટન, ગ્રામ શિબિરો, વનભોજન જેવી સામુદાયિક જીવનની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સામુદાયિક જીવન માટેનાં આવશ્યક મૂલ્યો જેવાં કે સમૂહભાવના, સહકાર, પરસ્પર સહાય, એકબીજાના દુઃખમાં સહભાગી બનવું, લોકશાહી, ત્યાગની ભાવના અને નિઃસ્વાર્થતા જેવાં અનેક મૂલ્યોનું શિક્ષણ થાય છે.

## 11.16 મૂલ્ય શિક્ષણનાં સાધનો

મૂલ્યશિક્ષણ માનવનિર્માણનું એક ઉત્તમ અને કલ્યાણકારી સાધન છે. વ્યવહારિક દૃષ્ટિએ પણ તે મહત્ત્વપૂર્ણ સાધન છે. મૂલ્યશિક્ષણનું મુખ્ય ધ્યેય સમસ્ત માનવજાતિનો ઉદ્ધાર કરવાનું છે. આ દૃષ્ટિએ વ્યક્તિમાં મૂલ્યોનું સિંચન કઈ રીતે થઈ શકે ? મૂલ્યશિક્ષણનાં સાધનો કયાં કયાં હોઈ શકે ? અહીં તેનો વિચાર કરીશું.

મૂલ્યશિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. વ્યક્તિ હંમેશા વિકસતો રહ્યો છે. વિકસાવાની પ્રક્રિયામાં મૂલ્યશિક્ષણનું અનન્ય યોગદાન રહેલું છે. માણસ સામાજિક પ્રાણી છે તેમ તે ક્રિયાશીલ પ્રાણી પણ છે. પરિણામે તે સંસારનાં અનેક માધ્યમોના સંપર્કમાં આવવાના કારણે વ્યક્તિમાં નવાં નવાં મૂલ્યોનો વિકાસ થાય છે. મૂલ્યશિક્ષણના સાધનોનાં સ્વરૂપમાં કુટુંબ, સમાજ, શાળા, સ્વૈચ્છિક સંસ્થાઓ, ગ્રંથાલયો અને જન-સંચાર માધ્યમો દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણ આપી શકાય છે. અહીં સંક્ષિપ્તમાં તેનો પરિચય મેળવીશું.

**કુટુંબ :**

વ્યક્તિના જીવનવિકાસનો પ્રારંભ કુટુંબથી થાય છે. કુટુંબનું પારિવારિક પર્યાવરણ તેને સ્વાભાવિક રીતે જ સંસ્કારસિંચનના અવસરો પૂરા પાડે છે. સંસ્કાર શિક્ષણનાં બીજ કુટુંબમાં જ વવાય છે. બાળકના જીવનમામં સૌ પ્રથમ ભાષાના સંસ્કારો કુટુંબમાંથી મળે છે. કુટુંબના સભ્યો સાથે, પોતાનાથી મોટા વડીલો સાથે અને સાજના પ્રતિષ્ઠિત વ્યક્તિ કે આડોશ-પાડોશના લોકો સાથે શિષ્ટ ભાષાથી વ્યવહાર કરવાના સંસ્કાર બાળકને કુટુંબમાંથી મળે છે. કુટુંબમાં બાળક જે કંઈ સાંભળે છે તે તેની ભાષા બની જાય છે અને જે કંઈ જુએ છે તે તેનો વ્યવહાર બની જાય છે. આમ વાણી અને કર્મના સંસ્કારો પણ બાળકને કુટુંબમાંથી પ્રાપ્ત થાય છે.

બાળક જેમ કુટુંબમાં ભાષાના સંસ્કાર પ્રાપ્ત કરે છે, વાણી અને કર્મના સંસ્કાર પ્રાપ્ત કરે છે તેમ સમાજ સાથેના વ્યવહારોના સંસ્કાર પણ તેને કુટુંબમાંથી જ પ્રાપ્ત થાય છે. આખરે તો કુટુંબ એ સાજની એક નાની આવૃત્તિ છે. સામાજિક રીત-રસમો, સામાજિક-વ્યવહારો અને સામજ સાથેના સંબંધો કુટુંબ પાસેથી જ શીખવા મળે છે. કારણ કે સામાજિક વ્યવહારો કે સામાજિક સંબંધોનું આદાન-પ્રદાન કુટંબ સાથે થાય છે. કુટુંબ એ સમાજના નીતિ-નિયમોની બુનિયાદ પર ઊભું છે. આથી બાળક જે કુટુંબમાં ઉછરે છે તે કુટુંબની બુનિયાદ એટલે કે સાજના આદર્શોનો સ્વીકાર કર્યા વગર છૂટકો જ નથી. સમાજના આદર્શો પણ બાળકને કુટુંબમાંથી જ શીખવા મળે છે.

કુટુંબાંથી બાળકને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ પણ મળે છે. ધર્મના સંસ્કારો બાળક માટે સામાજિક અને સાંસ્કૃતિક વારસાની ભેટ છે. સામાજિક અને સાંસ્કૃતિક વારસો એ વ્યક્તિ અને કુટુંબની આગવી ઓળખ છે. ધર્મ દ્વારા બાળકમાં નૈતિક મૂલ્યોનું સિંચન થાય છે. તેના દ્વારા ભાવિ સમાજ માટે એક આદર્શ નાગરિકનું નિર્માણ થાય છે. આમ એક દૃષ્ટિએ જોઈએ તો કુટુંબ દ્વારા બાળકને આદર્શ નાગરિકતા બનાવવા માટેની તાલીમ મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાને આગવું સ્થાન આપવામાં આવ્યું છે. માતૃદેવો ભવઃ અને પિતૃદેવો ભવઃની ભાવનાનું સિંચન કુટુંબના માતા-પિતા દ્વારા થાય છે. માતા-પિતા બાળકના શારીરિક, માનસિક અને નૈતિક મૂલ્યો વિકાસના પણ વાલી છે. તેમના દ્વારા બાળકોને સુરક્ષા બક્ષવામાં આવે છે. આથી જ મૂલ્યના શિક્ષણના પહેલા શિક્ષક તો માતા-પિતા જ છે તેમ મૂલ્યશિક્ષણની પહેલી શાળા પણ કુટુંબ જ છે. મમતામયી માતા બાળકો હંમેશા ઉપર વાત્સલ્ય વરસાવતી હોય છે. માતા પાસેથી બાળકને હંમેશાં પવિત્રતા, નિઃસ્વાર્થ પ્રેમ, મમતા અને વાત્સલ્ય જેવાં અમૂલ્ય મૂલ્યોનું શિક્ષણ મળે છે.

કુટુંબમાં માતા-પિતા સિવાય દાદા-દાદીની ભૂમિકા પણ અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. દાદા-દાદી દ્વારા પણ બાળકોમાં અમૂલ્ય સંસ્કારોનું સિંચન થાય છે. બાળકોને જે પ્યાર અને મમતા માતા-પિતા દ્વારા મળે છે તેનાથી પણ વિશેષ પ્યાર અને મમતા દાદા-દાદી પાસેથી મળે છે. દાદા-દાદી હંમેશા બાળકોને આનંદ આપવામાં જ મશગુલ હોય છે. બાળકોને ધર્મપરાયણતાનું શિક્ષણ દાદા-દાદી પાસેથી મળે છે અને બાળકો પણ સમાજ સાંજ ભગવાનની સેવા-પૂજા, સ્તુતિ-અર્ચના વગેરે દાદા-દાદી સાથે કરતાં હોય છે. બપોરના સમયે અને રાત્રે સૂવાના સમયે દાદા-દાદી બાળકોને મૂલ્યસભર વાર્તાઓ સંભળાવે છે. ધાર્મિક કથાઓ, પૌરાણિક કથાઓ, દેશભક્તિની વાર્તાઓ અને સામાજિક દંતકથાઓ વગેરે સંભળાવીને આધ્યાત્મિકતા, દાન, ત્યાગ, ચતુરાઈ, આજ્ઞાપાલન, પિતૃભક્તિ, કર્તવ્યપરાયણતા, માત-પિતાની સેવા કરવી જેવાં અનેક મૂલ્યોનું શિક્ષણ બાળકોને દાદા-દાદી આપે છે.

કુટુંબ એ મૂલ્યશિક્ષણની પ્રથમ શાળા છે. કુટુંબ દ્વારા બાળકોને પોતાના જીવન વિકાસ માટેનાં આવશ્યક એવાં તમામ પ્રકારનાં મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવે છે તેમ કહીએ તો કંઈ જ ખોટું નથી. એટલા માટે કે આખરે તો બાળકના વિકાસની દિશા માતા-પિતા એટલે કે કુટુંબ દ્વારા ન નક્કી કરવામાં આવે છે અને તે પ્રમાણે બાળકોમાં સમાજની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને સમાજ સ્વીકૃત ઇચ્છનીય મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. આ દૃષ્ટિએ જોઈએ તો કુટુંબ એ મૂલ્યશિક્ષણ માટેનું એક અસરકારક સાધન છે.

**સમાજ :**

માનવ એક સામાજિક અને બુદ્ધિજીવી પ્રાણી છે. માણસમાં સારું-નરસું સમજવાની શક્તિ છે અને આ જ કારણે માણસ એક નૈતિક પ્રાણી કહેવાય છે. સમાજ વ્યક્તિઓનો એવો સમૂહ છે જ્યાં ઘનિષ્ઠતા અને સદ્‌વર્તન આવશ્યક હોય છે. આ ગુણના આધારે મનુષ્ય માટે પોતાની બધી પરિસ્થિતિઓની સાથે સાહચર્ય અને સમાયોજન સાધવાનું સંભવ બને છે. આવા આચરણના લીધે જ મનુષ્યને સામજિક માન્યતા અને સામાજિક સ્થાન-પદ મળે છે. આથી તેમનો વ્યવહાર પણ સારો એટલે કે સમાજના વાતાવરણને અનુકૂળ હોય છે. સમાજની સારી વ્યક્તિઓના સારાં કાર્યોથી તેમનામાં ચારિત્ર્યનું નિર્માણ થાય છે. વ્યક્તિમાં જોવા મળતી સામાજિકતા સમાજ સાથેનો સહયોગ, સહાનુભૂતિ અને સામંજસ્યના કારણે હોય છે. વ્યક્તિની નૈતિકતા સમાજના હિત માટે સમાજની અપેક્ષાને અનુરૂપ આચરણશીલતા અને વ્યવહારશીલતામાં હોય છે. આવી રીતે સામાજિકતા અને નૈતિકતા વ્યક્તિની સમૂહહિતની ભાવનાના કારણે જોવા મળે છે. પરિણામે વ્યક્તિમાં શુદ્ધ ચારિત્ર્નું નિર્માણ થાય છે જે સમાજને આભારી છે.

માણસ એટલો રહી શકતો નથી તેને સમાજની સાથે અવશ્ય સંબંધો કેળવવા પડે છે. આ

સંબંધોનું ક્ષેત્ર એવું છે કે જેમાંથી વ્યક્તિને સામાજિક મૂલ્યો પ્રાપ્ત થાય છે. આપણામાંથી દરેક વ્યક્તિને ત્યાં સુધી કે સન્યાસીનો પણ સમાજ સાથે કોઈને કોઈ પ્રકારનો સૂક્ષ્મ સંબંધ રહેલો છે. આપણે સમાજમાં જન્મ લઈએ છીએ અને સમાજના કારણે જ આપણે રોજી કમાઈએ છીએ. વ્યક્તિને આર્થિક મૂલ્યો પ્રાપ્ત કરવાની દિશા સમાજ પાસેથી જ મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં માનવજીવનની સફળતા માટે સમાજ જીવન વ્યવસ્થાના ભાગરૂપે ચાર પુરુષાર્થની વાત કરવામાં આવી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થનાં મૂલ્યો સમાજ પાસેથી જ શીખવા મળે છે. ધર્મ સમાજમાં વ્યાપેલું એક સર્વ સામાન્ય મૂલ્ય છે જે માનવસંબંધોથી જ શીખવા મળે છે. માનવસંબંધોનો સમૂહ એટલે જ સમાન. આમ વ્યક્તિમાં ચાર પુરુષાર્થનાં મૂલ્યોનું સિંચન સમાજ દ્વારા જ થાય છે.

મનુષ્યના વ્યક્તિત્વ અને સામાજિક્તાનો વિકાસ સમાજ જીવનથી જ થાય છે. વ્યક્તિ કોઈપણ સમાજનો હોય પરંતુ જે સમાજમાં તે રહે છે તે સમાજનો વ્યક્તિ પર પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. વ્યક્તિ સમાજનો એક સદસ્ય છે તેથી સમાજ સાથેનો ઘનિષ્ઠ સંબંધ હોય છે. સાથે સાથે તેને અન્ય સમાજ સાથે પણ સંબંધ હોય છે. આવા સંબંધોથી જ વ્યક્તિમાં સામાજિક્તાનો વિકાસ થાય છે. આજે વ્યક્તિનું અસ્તિત્વ સમાજના કારણે જ છે. સમાજે વ્યક્તિને સામાજિક દરજ્જો આપ્યો છે. પરિણામે વ્યક્તિ સમાજમાં રહીને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે છે. વ્યક્તિત્વનો વિકાસ એટલે કે વ્યક્તિમાં જોવા મળતા સદ્‌ગુણો, સમાજની અપેક્ષા મુજબનું વર્તન-પરિવર્તન, સામાજિક પ્રવૃત્તિઓમાં વિશેષ યોગદાન વગેરે બાબતોથી વ્યક્તિનું વ્યક્તિત્વ નક્કી થાય છે. આમ વ્યક્તિમાં સામાજિક મૂલ્યોનું સિંચન સમાજ દ્વારા જ થાય છે.

સામાજિક તહેવારો, સમાજના આદર્શો, સમાજના નીતિ-નિયમો, સમાજની રીત-રસમો વગેરેથી નિર્મિત સમાજનો ભવ્ય સાંસ્કૃતિક વારસો અને શાશ્વત મૂલ્યો જેવાં કે સત્ય, અહિંસા, ચોરી ન કરવી, જાત મહેનત, સર્વધર્મ સમભાવ, અપરિગ્રહ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી વગેરે મૂલ્યો વ્યક્તિ સમાજ પાસેથી જ શીખે છે. આ સિવાય સહકાર બંધુત્વ, લોકસેવા, સામાજિક ન્યાય, જાહેર મિલકતની જાળવણી, સામાજિક જવાબદારી, પરોપકાર, સમાનતા, પરસ્પર મદદ અને કર્તવ્યપરાયણતા જેવાં મૂલ્યોનું શિક્ષણ પણ સમાજ દ્વારા જ થાય છે.

**શાળા :**

શાળા સમાજનું જ એક નાનું સ્વરૂપ છે. શાળામાં જુદા જુદા સમાજના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા માટે આવે છે. આથી શાળા વિભિન્ન સમુદાયોના વિદ્યાર્થીઓના જનસમૂહનું સ્વરૂપ ધારણ કરે છે. શાળામાં વિદ્યાર્થીઓને સાક્ષરી વિષયોના શિક્ષણ સાથે વ્યવહારિક જીવનની તાલીમ પણ આપવામાં આવે છે. શાળા શિક્ષણનો મૂળ ઉદ્દેશ્ય પણ આદર્શ નાગરિકોનું નિર્માણ કરવાનો રહ્યો છે. અહીં બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ દ્વારા સર્વાંગીણ વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. સર્વાંગીણ વિકાસ મૂલ્યશિક્ષણ વિના શક્ય નથી. આમ શાળામાં બાળકને વિવિધ પ્રકારનાં મૂલ્યોનું શિક્ષણ આપીને તેમનો સર્વાંગીણ વિકાસ કરવામાં આવે છે.

શાળામાં ભાષા, પર્યાવરણ, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ-ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શારીરિક શિક્ષણ, યોગ શિક્ષણ, અર્થવ્યવસ્થાના વિષયો અને વ્યાવસાયિક શિક્ષણ સંબંધી અનેક વિષયો શીખવામાં આવે છે. આ દરેક વિષયો અલગ અલગ પાઠ્યપુસ્તકો દ્વારા શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં ચોક્કસ પ્રકારનાં મૂલ્યોનો વિકાસ કરી શકાય તે હેતુથી મૂલ્યોસભર પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે. બાળકના સર્વાંગીણ વિકાસને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, બૌદ્ધિક મૂલ્યો, સૌંદર્યબોધક મૂલ્યો, મનોરંજક મૂલ્યો અને આરોગ્યવિષયક મૂલ્યોનું સિંચન પાઠ્યપુસ્તકોના આધારે શાળા શિક્ષણ દ્વારા થાય છે.

શાળામાં બાળકોને પાઠ્યપુસ્તકો દ્વારા સાક્ષરી વિષયો તો શીખવવામાં આવે જ છે પરંતુ સાથે

સાથે અનેક પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા બાળકના વ્યવહારિક જીવનનો વિકાસ થાય છે. શાળાના શિક્ષણકાર્યનો પ્રારંભ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવે છે. સમૂહ પ્રાર્થનાથી શાળામાં એક પ્રકારનું આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ થાય છે. સમૂહ પ્રાર્થનામાં પ્રભુ પ્રાર્થના, સ્તુતિ-વંદના, ભજન-ધૂન અને ધાર્મિક ગીતો વગેરેથી બાળકોમાં અધ્યાત્મિક મૂલ્યોનું સિંચન થાય છે.

શાળામાં સામાજિક તહેવારો, રાષ્ટ્રીય તહેવારો, મહાપુરુષોની જન્મજયંતી, પુણ્યતિથિ તેમજ વિશિષ્ટ દિવસો ઉજવવામાં આવે છે. જેનો મૂળ ઉદ્દેશ્ય બાળકોને મૂલ્યશિક્ષણ આપવાનો રહેલો છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં બાળકો ઉત્સાહભેર ભાગ લેતાં હોય છે. રક્ષાબંધનનો તહેવાર શાળામાં ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. તેનાથી બાળકોમાં ભાઈ-બહેનનો નિર્મળ અને પવિત્ર પ્રેમ, ભારતીય સંસ્કૃતિનો વારસો, નિઃસ્વાર્થતા, ત્યાગ, બલિદાન અને વીરતા જેવાં ઉમદા મૂલ્યોનું સિંચન થાય છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીથી બાળકોમાં રાષ્ટ્રીય મૂલ્યોનું સિંચન થાય છે. તેમ આપણા મહાપુરુષોની જન્મજયંતી અને પુણ્યતિથિની ઉજવણી પ્રસંગે મહાપુરુષોના પ્રેરણાદાયી પ્રસંગો અને જીવનચરિત્રો, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં તેમનું યોગદાન અને તેમના આદર્શો વગેરેને યાદ કરીને તેમના ઉત્તમ મૂલ્યોનું પોતાના જીવનમાં આચરણ કરવાની બાળકોને પ્રેરણા આપવામાં આવે છે.

શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતગમત સ્પર્ધાઓ, પ્રવાસ-પર્યટન, વાલી-દિવસ, સમાજ સેવાના કાર્યક્રમો, ગ્રામસફાઈ અને શાળાસફાઈ જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. તેના દ્વારા પણ બાળકોમાં અનેક પ્રકારનાં મૂલ્યોનો વિકાસ થાય છે. શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરાવીને બાળકોને પ્રત્યક્ષ અનુભવો દ્વારા મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવે છે. પરિણામે બાળકો અનુભવના અંતે પોતાના જીવનમાં તેનું આચરણ કરે છે.

શાળામાં નિષ્ણાત તજ્જ્ઞોનાં વ્યાખ્યાનો ગોઠવીને બાળકોમાં ચોક્કસ પ્રકારનાં મૂલ્યોનો વિકાસ કરવામાં આવે છે. દા.ત. પર્યાવરણ વિષયનું વ્યાખ્યાન ગોઠવીને બાળકો પર્યાવરણની સભાનતા, પ્રકૃતિ પ્રેમ, પર્યાવરણનું મહત્ત્વ, પર્યાવરણનું રક્ષણ અને પર્યાવરણનું સંવર્ધન જેવાં નિશ્ચિત મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ કે શિક્ષણ ક્ષેત્રના તજ્જ્ઞો આવતા-જતા હોય છે તેવી વ્યક્તિ વિશેષનો બાળકો સાથે વાર્તાલાપ ગોઠવીને પણ બાળકોમાં મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે.

**સ્વૈચ્છિક સંસ્થાઓ :**

આજે સમાજમાં ઘણી બધી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજ ઉત્થાનનું કાર્ય કરે છે. સાથે સાથે નાગરિકોમાં અને બાળકોમાં મૂલ્યોનો વિકાસ કરવાનું કામ પણ કરે છે. ધ બોય સ્કાઉટ એસોસિએશન સંસ્થા દ્વારા સ્કાઉટિંગનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની બાબતને કેન્દ્રમાં રાખીને કિશોર-કિશોરીઓમાં નીચે મુજબનાં મૂલ્યોનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

- સમાજસેવા અને પરોપકારની ભાવનાને પ્રોત્સાહિત કરવી.
- ઈશ્વર અને રાષ્ટ્ર પ્રત્યે કર્તવ્યપાલન કરવું.
- બીજાને મદદ કરવી, બીજાને ઉપયોગી બનવું.
- સ્કાઉટની સચ્ચાઈમાં વિશ્વાસ પેદા કરવો.
- સ્કાઉટ-રાષ્ટ્ર, માતા-પિતા અને માલિક-સેવકો પ્રત્યેની ઈમાનદારી નિભાવવી.
- સ્કાઉટ દરેકનો મિત્ર છે, પ્રાણીમાત્રનો પણ મિત્ર છે એવી ભાવના જગાડવી.
- માતા-પિતા અને સ્કાઉટ-માસ્ટરની આજ્ઞાનું વિનમ્રતાથી પાલન કરવું.
- વિચાર-વાણી અને આચરણમાં શુદ્ધતા લાવવી.

આ સંસ્થા દ્વારા પહેલાં છોકરાઓ માટે પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી. પરંતુ આજે છોકરીઓ માટે પણ આ સંસ્થા મૂલ્યોસભર પ્રવૃત્તિઓ ચલાવે છે.

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા પણ શાળાનાં બાળકોમાં મૂલ્યોનો વિકાસ કરવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા શાળાનો સંપર્ક કરીને કે મુલાકાત લઈને બાળકોમાં પોતાના સ્વાસ્થ્યની જાગૃતિ, બીજાની સેવા ચાકરી, શાંતિનો આદર્શ, નાગરિકત્વની સભાનતા અને નાગરિકનું ઉત્તરદાયિત્વ જેવાં મૂલ્યોનું સિંચન કરવાના પ્રયાસો કરે છે. આ સંસ્થાની જ અન્ય એક શાખા જુનિયર રેડક્રોસ સેક્શન દ્વારા બાળકોમાં સ્વાસ્થ્ય સુરક્ષા સંબંધી નીચે મુજબનાં મૂલ્યોનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

– મહામારીના સમયે તેનો સામનો કરવો અને રક્ષણના ઉપાયો કરવા.
– દુર્ઘટના સમયે પ્રાથમિક સારવારમાં મદદ કરવી.
– ગ્રામ્ય સ્વચ્છતા અને આરોગ્યમાં સહયોગ આપવો.
– કુદરતી આપત્તિ અને આકસ્મિક સંકટોના સમયે રાહતકાર્ય અને સમાજસેવા જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યનું નિર્માણ કરવું.
– યુદ્ધ જેવી વિકટ પરિસ્થિતિમાં ઘાયલ સિપાહીઓની સેવા-ચાકરી કરવી.
– દીન-દુઃખીઓની સેવા-ચાકરી કરવી.
– નિરાશ્રિતોને મદદ કરવી.
– દીન-દુઃખી અને સંકટગ્રસ્ત લોકો માટે લોકફાળો ભેગો કરવો.
– નિરાશ્રિતોને મદદ કરવી.
– દીન-દુઃખી અને સંકટગ્રસ્ત લોકો માટે લોકફાળો ભેગો કરવો.

એન.સી.સી. જેવી સંસ્થા દ્વારા યુવાનોમાં સાહસ, શૌર્ય, અનુશાનસ, સહયોગ, સહિષ્ણુતા, પરિશ્રમી જીવન, સાદગી, સેવા, રાષ્ટ્રભક્તિ, નેતૃત્વશક્તિ, સંગઠન, સમૂહજીવન, સમાજસેવા, શ્રમનો મહિમા, ઇમાનદારી અને કર્તવ્યપાલન જેવાં ઉમદા મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે.

રામકૃષ્ણ મિશન સંસ્થા દ્વારા પણ મૂલ્યશિક્ષણના વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આ સંસ્થા દ્વારા વિવેકાનંદના વિચારો પર આધારિત સમાજસેવા, સાર્વભૌમિક ભાઈચારો, નૈતિકતા તથા માનવવ્યક્તિત્વ જેવાં મૂલ્યોનું શિક્ષણ આપે છે. ચિન્મયાનંદ મિશન નામની સંસ્થા સત્ય, સદાચાર, શાંતિ અને પ્રેમ જેવાં સાર્વભૌમિક મૂલ્યોનું શિક્ષણ આપે છે. આ ઉપરાંત સમાજમાં નહેરૂ યુવાકેન્દ્રો, વિવેકાનંદ યુવાકેન્દ્રો, લાયન્સ ક્લબ, સત્યસાંઈ બાલવિકાસ સંસ્થા, સંસ્કાર ગુર્જરી, રોટરી ક્લબ, અક્ષરપીઠ, પૂ. પાંડુરંગશાસ્ત્રી પ્રેરિત બાલસંસ્કાર કેન્દ્રો, સ્વાધ્યાય કેન્દ્રો, યુવાકેન્દ્રો અને બાલ અપરાધ-સુધારા-સંસ્થા જેવી અનેક સંસ્થાઓ સમાજના નાગરિકો અને બાળકોમાં સુસંસ્કારોનું સિંચન કરવાના હેતુથી મૂલ્યશિક્ષણ આપવાનું કાર્ય કરે છે.

**ગ્રંથાલયો :**

ગ્રંથાલયો પણ મૂલ્યશિક્ષણ આપવા માટેનું એક ઉત્તમ સાધન છે. ગ્રંથાલયોમાં વિભિન્ન વિષયોનાં પુસ્તકો, સાક્ષરી વિષયોનાં પુસ્તકો, આધ્યાત્મિક પુસ્તકો અને મહાપુરુષોનાં જીવનચરિત્ર અંગેનાં અનેક પુસ્તકો ગ્રંથાલયોમાં હોય છે. સંસારના તમામ ક્ષેત્રો સંબંધી વિવિધ પુસ્તકો ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હોય છે. પુસ્તકો ઉપરાંત સામયિકો, વર્તમાનપત્રો વગેરે પણ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હોય છે. વર્તનાનપત્રો અને સામયિકોમાં પ્રગટ થતું સાહિત્ય મૂલ્યશિક્ષણ માટે ખૂબ જ ઉપયોગી બની શકે છે.

ગ્રંથાલયોમાં ઉપલબ્ધ દુનિયાભરનું વિશાળ સાહિત્યનું વાચન કરીને મૂલ્યશિક્ષણ અંગેની સભાનતા કેળવી શકાય છે. પુસ્તકાલય એક એવું સ્થાન છે કે જ્યાં વિદ્યાર્થીઓ સ્વતંત્ર વાતાવરણમાં મુક્ત મને સંસ્કાર સાહિત્યનું વાંચન કરી શકે છે. એવો માનવ સમૂહ કે જે પુસ્તકો ખરીદીને પોતાના ઘરે વસાવી શકતા નથી એવા લોકો ગ્રંથાલયોમાં આધ્યાત્મિક પુસ્તકો, સામાજિક પુસ્તકો, સંસ્કાર શિક્ષણનાં પુસ્તકો, પૌરાણિક કથાઓ, ધાર્મિક કથાઓ, સંતો-મહંતો તેમજ આપણા મહાપુરુષોનાં

જીવનચરિત્રો સંબંધી પુસ્તકો અને પ્રેરક પ્રસંગોનાં પુસ્તકો વગેરનું વાંચન કરીને વ્યક્તિ સ્વપ્રયત્નથી પોતાનામાં મૂલ્યોનો વિકાસ કરી શકે છે.

ગ્રંથાલયોમાં દૈનિક વર્તમાનપત્રો, માસિકો, સામયિકો, માસિક પત્ર-પત્રિકાઓ ઉપલબ્ધ હોય છે. તેમાં વર્તમાન સમયને આનુષંગિક અને મૂલ્યશિક્ષણ સંબંધી સાહિત્ય પ્રગટ કરવામાં આવે છે. માસિક સામયિકોમાં મૂલ્યશિક્ષણ સંબંધી લેખો પ્રગટ થાય છે. ક્યારેક તો મૂલ્યશિક્ષણના વિશેષાંકો પણ પ્રગટ થાય છે. માસીક પત્ર-પત્રિકાઓમાં પણ આપણા જીવનનાં મૂળભૂત મૂલ્યોને ઉજાગર કરે તેવી કવિતાઓ, વાર્તાઓ કે ગદ્યાંશો પ્રગટ થાય છે. આવા સાહિતયનું વાંચન કરવાથી વ્યક્તિ મૂલ્યશિક્ષણ અંગેની સભાનતા કેળવે છે અને ધીર ધીરે જીવન વિકાસ માટેનાં આવશ્યક મૂલ્યોનું પોતાના જીવનમાં આચરણ કરે છે. આ રીતે ગ્રંથાલયો મૂલ્યશિક્ષણનું એક અસરકારક સાધન છે.

**જનસંચાર માધ્યમો :**

જનસંખ્યા વૃદ્ધિના પરિણામે આજે ઓપન સ્કુલ, ઓપન વિશ્વવિદ્યાલય અને અનૌપચારિક શિક્ષણનાં કેન્દ્રો વિકાસ પામ્યાં છે. અહીં શિક્ષણ આપવા માટે રેડિયો, ટેપ-રેકોર્ડર, વીડિયો કેસેટ તેમજ અન્ય સાહિત્ય સામગ્રીનો ઉપયોગ થાય છે. વિદ્યાર્થીઓ પર તેનો સારો પ્રભાવ પડે છે. આવાં સાધનો મૂલ્યશિક્ષણ માટે પણ એટલાં જ ઉપયોગી હોય છે. અહીં જનસંચારનાં  સાધનો જેવાં કે રેડિયો, દૂરદર્શન (ટેલિવિઝન)ના કાર્યક્રમો અને ચલચિત્રો દ્વારા મૂલ્યશિક્ષણ કઈ રીતે થઈ શકે તે અંગેનો વિચાર કરીશું.

**રેડિયો :**

રેડિયો એ જનસંચારનું એવું સાધન છે. જે ગ્રામીણ વિસ્તારનાં અંતરિયાળ ગામોમાં પણ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે. આજે રેડિયો પ્રસારણ દ્વારા વિદ્યાર્થીઓની ભાષા યોગ્યતા, ભાવોનું પ્રકટીકરણ તેમજ ભાષાશૈલી અને સર્જનાત્મકતા વિકસાવવા માટેના પ્રયાસો થાય છે. આ ઉપરાંત, રેડિયો પર સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાષ્ટ્રીય એવા અનેક પ્રકારના વિવિધસભર  કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. આવા કાર્યક્રમો ચોક્કસ ઉદ્દેશ્યોને સિદ્ધ કરવાના હેતુથી પ્રસારિત કરવામાં આવે છે. તેમાં માનવજીવનને ઉપયોગી અનેક પ્રકારનાં મૂલ્યો નિહિત હોય છે.

રેડિયોપ્રસારણમાં ખાસ કરીને ચૂંટણી પ્રચાર, દેશનાં આંતરિક અને બાહ્ય સંકટો, અન્ન સંકટ, સાંપ્રદાયિક્તાનો ખતરો, અંધશ્રદ્ધાનું નિરાકરણ, સમાજ સુરક્ષા, મહિલા સુરક્ષા, પ્રાથમિક સુવિધાવંચિત લોકો પ્રત્યેની સદ્ભાવના સંબંધી નાટકો અને બાલનાટકોને સંવાદોના સ્વરૂપમાં પ્રસારિત કરવામાં આવે છે. રેડિયોના વિવિધ કાર્યક્રમો જેવા કે આપણું પર્યાવરણ, ગૃહલક્ષ્મી, યુવાવાણી, વિદ્યાર્થીઓ માટે પ્રકાશ સ્તંભ, પંચાયતઘર, ગાંધી ચર્ચા, પ્રત્યક્ષ મુલાકાત ચર્ચા, ભ્રમણ આધારિત કાર્યક્રમ અને જ્ઞાન-વિજ્ઞાન જેવા અનેક કાર્યક્રમો પ્રસારિત કરવામાંઆવે છે. જેનાથી શ્રોતાઓમાં રાષ્ટ્રીયતા, આનંદ, દઢનિશ્ચય, નૈનિક્તા, ઇમાનદારી, વૈજ્ઞાનિક દષ્ટિકોણ, વિનમ્રતા, શ્રમ, નિષ્ઠા, અહિંસા, ત્યાગ, સાદગી, સ્વાવલંબન, કર્તવ્યપરાયણતા, ક્ષમા, બીજા પ્રત્યે આદર, અનુશાસન, પર્યાવરણ સંરક્ષણ, સંકટનો સામનો અને આધ્યાત્મિક્તા જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થઈ શકે છે.

**દૂરદર્શન (ટેલિવિઝન)ના કાર્યક્રમો :**

દૂરદર્શન એક જીવંત અને પ્રભાવી જનસંચાર માધ્યમ છે. તેના વિવિધ કાર્યક્રમો દ્વારા અસરકારક રીતે મૂલ્યશિક્ષણ આપી શકાય છે. દૂરદર્શન ઉપર કૃષિ, સ્વાસ્થ્ય, પરિવાર-કલ્યાણ, ગૃહવ્યવસ્થા, ગૃહવિજ્ઞાન, બાળઉછેર, સુરક્ષા, સાંસ્કૃતિક વારસો, શૈક્ષણિક કાર્યક્રમો, સામાજિક ધારાવાહિકો, ધાર્મિક કથાઓ, સાહિત્ય દર્પણ, રામાયણ-મહાભારત પર આધારિત સિરિયલો, ભારત એક શોધ, સામાજિક અને ધાર્મિક ફિલ્મો જેવા અનેક કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. તેનાથી દર્શકોમાં સામાજિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, આધ્યાત્મિક અને બૌદ્ધિક મૂલ્યો પ્રસ્થાપિત કરી શકાય છે.

દૂરદર્શન પર સામાજિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય અને ધાર્મિક, કાર્યક્રમો ઉપરાંત રોજે રોજની બનતી ઘટનાઓ સંબંધી સમાચારો પણ પ્રસારિત કરવામાં આવે છે. જેમાં કેટલીક ઘટનાઓનું જીવંત

પ્રસારણ પણ કરવામાં આવે છે. જેમ કે કુદરતી સંકટો, મોટી હોનારતો અને આકસ્મિક દુર્ઘટનાઓ વગેરેનું જીવંત પ્રસારણ જોઈને દર્શકોમાં કરુણા, માનવતા, સેવાની ભાવના, સહાનુભૂતિ, દયા અને સહયોગ જેવાં મૂલ્યોનો સ્વાભાવિક રીતે જે વિકાસ થાય છે. ચૂંટણી પ્રચાર, ચૂંટણીનાં પરિણામો, લોકોનાં વલણો, કોમી-એક્તાનાં દશ્યો, રામજન્મભૂમિ કે બાબરી મસ્જિદ નિર્માણ વગેરે સંબંધી પ્રસારણોથી દર્શકોમાં લોકશાહી, સામાજિક ન્યાય, ધર્મનિરપેક્ષતા, દેશપ્રેમ અને કોમી-એખલાસ જેવાં મૂલ્યોનો વિકાસ થાય છે.

**ચલચિત્રો :**

વિદ્યાર્થીઓ ચલચિત્રો જોઈને પોતાનામાં અનેક મૂલ્યોનો વિકાસ કરી શકે છે. ફક્ત ચલચિત્રો જોવાની તેમનામાં એક વિશાળ દૃષ્ટિ હોવી જોઈએ. ચલચિત્રોનાં પાત્રો, પાત્રોનો અભિનય, વેશભૂષા, વિચારો, સંવાદો અને તેમાં નિહિત મૂલ્યોથી લોકો ખૂબ જ પ્રભાવિત થાય છે. પહેલાં સામાજિક્તાના આધાર પર ચલચિત્રોનું નિર્માણ કરવામાં આવતું હતું. આવા ચલચિત્રો દર્શકોમાં મૂલ્યો સ્થાપિત કરવામાં અસરકારક નિવડ્યાં છે. ધાર્મિક કે આધ્યાત્મિક ચલચિત્રોએ પણ મૂલ્યશિક્ષણ માટે એક અસરકારક ભૂમિકા નિભાવી છે. તેમ રાષ્ટ્રીય મૂલ્યોને ઉજાગર કરે તેવાં ચલચિત્રો દ્વારા દર્શકોમાં રાષ્ટ્રપ્રેમ, શૌર્ય, કુરબાની અને રાષ્ટ્રનાં રક્ષણ માટેની તત્પરતા જેવાં મૂલ્યોનું સિંચન થાય છે.

સમાજના ઉત્થાન હેતુ પરિવાર કલ્યાણના કાર્યક્રમો આધારિત સ્વાસ્થ્ય અને આરોગ્ય સંબંધી, પર્યાવરણ સંબંધી, રાષ્ટ્રીય એક્તા સંબંધીઅને આંતરરાષ્ટ્રીય સદ્ભાવ સંબંધી ચલચિત્રોનું વધારે પ્રમાણમાં નિર્માણ કરવું જોઈએ. જેનાથી સ્વચ્છતા, સ્વાસ્થ્યની જાગૃતિ, સામાજિકતા, પર્યાવરણ સુરક્ષા, પર્યાવરણ સંવર્ધન, એકતા, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના જેવાં આવશ્યક મૂલ્યોનું સિંચન કરી શકાય છે. આ ઉપરાંત મહાપુરુષોનાં જીવનચરિત્રો પર આધારિત ચલચિત્રો દ્વારા પણ દર્શકોમાં અનેક પ્રકારનાં મૂલ્યો પ્રસ્થાપિત કરી શકાય છે.

## 11.17 મૂલ્યો પ્રત્યેની સભાનતા સંબંધી પ્રવૃત્તિઓ

મૂલ્ય સાથે નિસ્બત ધરાવતા નિબંધો, આત્મકથાઓ, લેખો, જીવનચરિત્રો અને નૈતિક-આધ્યાત્મિક કથાઓનું વાંચન કરાવીને વિદ્યાર્થીઓમાં મૂલ્યો અંગેની સભાનતા લાવી શકાય છે. મૂલ્યો પ્રત્યેની સભાનતા (જાગૃતિ) લાવવા માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય. શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્યો પ્રત્યેની સભાનતા વિકસાવી શકાય છે. શાળામાં ભાષાશિક્ષણ સંબંધી ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી જેવા વિષયો સર્વસામાન્ય રીતે શીખવવામાં આવે છે. આ વિષયો દ્વારા નિબંધો, ગદ્યલેખ અને આત્મકથા, મહાપુરુષોનાં જીવનચરિત્રો, પ્રેરક પ્રસંગો, નૈતિક અને આધ્યાત્મિક કથાઓ વગેરે બાળકોને શીખવવામાં આવે છે. આવા પ્રકારના મૂલ્ય સાથે નિસબત ધરાવતા સાહિત્યનું વાંચન કરાવવાથી વિદ્યાર્થીઓની મૂલ્ય પ્રત્યેની સભાનતા વધે છે.

નિબંધ અને પ્રસંગલેખ એક મર્યાદિત રચના છે. તેમાં નિબંધકાર વાસ્તવિક સ્થિતિની જીવંતતા રજૂ કરે છે, આવશ્યક મૂલ્યો પ્રતિપાદિત કરવા રોચક ઉદાહરણોનું વર્ણન કરવામાં આવે છે, વૈચારિક અને ભાવાત્મક્તા સભર વર્ણનો હોય છે. પરિણામે નિબંધો અને લેખોના વાંચનથી બાળકોમાં અનેક પ્રકારનાં મૂલ્યો અંગેની સભાનતા વિકસે છે. પરોપકાર જેવો કોઈ ધર્મ નહીં, ભારતીય ગ્રામ્યજીવન, મારા સ્વપ્નનું ભારત, સ્વાવલંબનની ઝલક પર ન્યોછાવર, કુબેરનો કોષ, દહેજ સમાજ માટે અભિશાપ અને જડમૂળી ક્રાંતિ જેવા નિબંધોના વાંચનથી ધર્મમયજીવન, કર્મવાદ, જીવનનો આનંદ, સ્વાવલંબન, શ્રમની પ્રતિષ્ઠા, શ્રમનું ગૌરવ અને પરોપકારની ભાવના જેવાં મૂલ્યો અંગેની સભાનતા કેળવાય છે.

આત્મકથાની જેમ આપણાં સંતો અને મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવાથી સ્વાભાવિક રીતે જ મૂલ્યો અંગેની જાગૃતિ આવી શકે છે. મહાપુરુષોનાં જીવનચરિત્રોમાં પ્રેરણાદાયક પ્રસંગોનું વર્ણન હોય છે. આપણા મહાપુરુષો અને સંતોએ કરેલાં સતકાર્યો, સદ્પ્રવૃત્તિઓ, સમાજ વિકાસનાં કાર્યો, પરમાર્થનાં કાર્યો અને સમાજસેવા જેવી બાબતોના પ્રેરક પ્રસંગોના આધારે જીવનચરિત્રો લખવામાં

આવે છે. આપણા સંતો ભગવાન બુદ્ધ, સંત જ્ઞાનેશ્વર, સંત તુલસીદાસ, મહાવીર સ્વામી, મહર્ષિ વાલ્મિકી, ગુરુનાનક, સંત રોહીદાસ, સંત તુકારામ, સ્વામી સહજાનંદ, રામાનુજાચાર્ય, મોહંમદ સાહેબ, શ્રી અરવિંદ, વીર ભામાશા, હેલનકેલર, બબલભાઈ મહેતા, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોષી અને વિનોબા ભાવે જેવાનાં જીવનચરિત્રો વાંચવાથી અનેક પ્રકારનાં મૂલ્યોનો વિકાસ કરી શકાય.

સત્ય સાંઈબાબાના જીવનચરિત્રમાંથી સત્ય, અહિંસા, પ્રેમ, શાંતિ અને સાચું આચરણ જેવાં મૂલ્યો પ્રતિપાદિત થાય છે. મોહંમદ પયગંબર સાહેબના જીવનચરિત્રમાંથી માનવજાતિ માટે આવશ્યક દયા, સ્નેહ, ક્ષમા, ત્યાગ, વિનય, વિનમ્રતા, ન્યાય, દઢતા, વીરતા, શાંતિ અને સાદગી જેવાં મૂલ્યોનું શિક્ષણ મળે છે. મહાત્મા ગાંધીના જીવનચરિત્રમાંથી આપણાં શાશ્વતમૂલ્યો સત્ય, અહિંસા, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, જાતમહેનત, અભયતા, સ્વદેશી ભાવના, સર્વધર્મસમભાવ, શરીરશ્રમ અને અપરિગ્રહ જેવાં મૂલ્યોનો વિકાસ કરવા માટેની પ્રેરણા મળે છે. સંત તુલસીદાસજી જેવા મહાન સંત મહાત્માનું જીવનચરિત્ર વાંચવાથી આપણું ચૈતન્ય સતેજ થાય છે. સર્વતોમુખી પ્રતિભાવાળા, સૌંદર્યદર્શી, તત્ત્વદર્શી, ક્રાન્તદર્શી તુલસીદાસજીનું જીવન જ મૂલ્યોની ખાણ છે. 'રામચરિત માનસ' તેમની રચના સામાજિક મૂલ્યોને ઉજાગર કરે છે. સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર આપણાં આધ્યાત્મિક મૂલ્યોને જીવંત કરે છે. તેમણે હિંસાનો ત્યાગ, ચોરી ન કરવી, અસત્યનો ત્યાગ, મદ્યનો ત્યાગ અને બ્રહ્મચર્યનું પાલન કરવું જેવાં પાંચ મૂળભૂત મૂલ્યો આત્મસાત કરવાની વાત કરી છે. આમ સંતો અને મહાપુરુષોનાં જીવનચરિત્રોના વાંચનથી આપણામાં અનેક પ્રકારનાં મૂલ્યોનું સિંચન થાય છે.

નૈતિક અને આધ્યાત્મિક કથાઓનું વાંચન કરવાથી નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો અંગેની સભાનતા વધે છે. મનુષ્યને જીવન જીવવાની કલા ધર્મ શીખવે છે. ધાર્મિક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિકતાનાં મૂલ્યોનો વિકાસ કરી શકાય છે. ધાર્મિક-આધ્યાત્મિક સાહિત્યનું નિયમિત વાંચન કરવાથી વિદ્યાર્થીઓમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો અંગેની સભાનતા લાવી શકાય છે.

બાળકોમાં મૂલ્યશિક્ષણ અંગેની સભાનતા (જાગૃતિ) લાવવા માટે વાંચન એક અસરકારક માધ્યમ છે. આ માટે મૂલ્ય સાથે નિસબત ધરાવતા નિબંધો, લેખો, આત્મકથાઓ, મહાપુરુષોનાં જીવનચરિત્રો, પ્રેરક પ્રસંગો તેમજ નૈતિક અને આધ્યાત્મિક કથાઓ વગેરેનું નિયમિતપણે વાંચન કરવું જોઈએ.

**કાવ્યો, ગીતો અને વાર્તાલાપોનું શ્રવણ, ચર્ચાઓ અને વાદ-વિવાદ સ્પર્ધાઓ :**

મૂલ્યસભર સાહિત્યનું વાંચન કરવાથી જેમ મૂલ્ય અંગેની સભાનતા વધે છે તેમ મૂલ્યસભર કાવ્યો, ગીતો અને વાર્તાલાપોનું શ્રવણ કરવાથી પણ મૂલ્ય અંગેની સભાનતા કેળવી શકાય છે. આપણા સાહિત્યમાં અને ભાષા શિક્ષણનાં પાઠ્યપુસ્તકોમાં એવાં કાવ્યો, ગીતો અને વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જેનું શ્રવણ કરવાથી બાળકોમાં મૂલ્ય અંગેની સભાનતા વિકસાવી શકાય. દા.ત.,

ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ
મોંઘામૂલો છે મ્હારો વીર જો !
ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ
આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો !
ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ

**— ન્હાનાલાલ**

કલ્યાણ નામે અહીંનો સિપાઈ
જે યુદ્ધમાં એક ગયો હણાઈ

કેવી હતી અંતર દેશદાઝ,
એનો કહું હું ઈતિહાસ આજ

**— ચંદ્રવદન મહેતા**

દિનભર રોજ રહત હૈ, રાતિ હનન હૈ ગાય,
યહ ખૂન તો વહ બન્દગી, કૈસે ખુશી ખુદાય

**— કબીર**

દેશ-પ્રેમ વહ પુણ્ય ક્ષેત્ર હૈ, અમલ અસીમ ત્યાગ સે વિલસિત
આત્મા કે વિકાસ સે જિસસે મનુષ્યતા હોતી હૈ વિકસિત

**— રામનરેશ ત્રિપાઠી**

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તો ય મન અભિમાન ન આણે રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે

**— નરસિંહ મહેતા**

કોડિયું નાનું ભલે ને હું, સદાય રહેતું ઝગમગતું
સૂરજ પાસેથી શીખ સૌને મળે છે, પથદર્શક બનનારને બળવું પડે છે.
સાક્ષાત સંદેશો સૂરજનો છું, કોડિયું નાનું ભલે ને હું.

**— રવીન્દ્રનાથ ટાગોર**

જાતે કરવું, જાતે રળવું, જાત વિના સૌ જૂઠુંજી,
જાતે ઝૂઝવું, જાતે વધવું, જાત વડે ઉદ્ધરવું જી.

**— સુભાષિત**

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું
બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વધર્મ સરખા ગણવા,
આ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવાં.

**— ગાંધીજી**

આવા પ્રકારનાં કાવ્યો, ગીતો વગેરેનું વારંવાર શ્રવણ કરવાથી કાવ્યો અને ગીતોમાં નિહિત મૂલ્યોનો વિકાસ થાય છે. જેમ કે ગાંધીજીએ આપેલ એકાદશ વ્રતનું ગાન વારંવાર સાંભળવાથી આપણાં શાશ્વત મૂલ્યો સત્ય, અહિંસા, ચોરી ન કરવી, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, જાત મહેનત, અભડછેટ ન રાખવી, અભયતા, સ્વદેશીભાવના, સ્વાદત્યાગ અને સર્વધર્મસમભાવ જેવાં મૂલ્યોનું સિંચન સ્વાભાવિકરીતે જ થાય છે.

મૂલ્યો અંગેની સભાનતા કેળવવા માટે મુક્ત ચર્ચાઓ પણ એક અસરકારક માધ્યમ છે. શિક્ષણકાર્ય બાદ વિષયવસ્તુ સંબંધી મુક્ત ચર્ચા કરાવી શકાય. વિષયવસ્તુમાં નિહિત મૂલ્યો, મૂલ્યોના પ્રકાર તેમજ મૂલ્યોને આત્મસાત્ કરવાની પ્રવૃત્તિઓ સંબંધી મુક્ત ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્ય અંગેની સભાનતા કેળવી શકાય.

શાળામાં વાદ-વિવાદ સ્પર્ધાનું આયોજન કરીને વિદ્યાર્થીઓને મૂલ્ય પ્રત્યે જાગૃત કરી શકાય છે. વાદ-વિવાદ સ્પર્ધામાં પક્ષ અને વિપક્ષમાં પોતાના પ્રભાવક વિચારો રજૂ કરવામાં આવે છે તેથી

શ્રોતાઓ તેમના વિચારોથી પ્રભાવિત થાય છે. આ સમયે શ્રોતાઓ પણ સકારાત્મક વિચારોને પોતાનું સમર્થન આપતા હોય છે. જેમ કે, ધર્મનિરપેક્ષતા રાષ્ટ્ર વિકાસ માટે આવશ્યક છે, આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિની પ્રાસંગિતતા અને સાંપ્રત સમયમાં ગાંધી વિચાર જેવા મૂલ્ય સંબંધિત વિષયો પર વાદ-વિવાદ સ્પર્ધાનું આયોજન કરીને વિદ્યાર્થીઓને પોતાનામાં મૂલ્યો પ્રસ્થાપિત કરવા માટે જાગૃત કરી શકાય.

શાળામાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓમાં મૂલ્ય અંગેની સભાનતા વિકસાવી શકાય છે. દા.ત. પર્યાવરણની ઉપયોગિતા, રાષ્ટ્રીય એક્તાની આવશ્યકતા, શાંતિ માટે વિશ્વબંધુત્વની ભાવનાનો વિકાસ, વિશ્વશાંતિ માટે ગાંધીનો અહિંસાનો ઉત્તમ માર્ગ, આદર્શ નાગરિકના નિર્માણની પ્રવૃત્તિઓ જેવા અનેક વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાઓ યોજવી જોઈએ. સ્પર્ધાનો લાભ વિશાળ શ્રોતાગણને મળે છે. જુદા જુદા વિષયોના સંબંધમાં સ્પર્ધકોએ રજૂ કરેલ મૂલ્યસભર વિચારોથી શ્રોતાગણ પ્રભાવિત થાય છે પરિણામે તેમનામાં મૂલ્ય અંગેની સમજ પાકી થાય છે.

બાળકોને મૂલ્ય અંગે જાગૃત કરવાના હેતુથી શાળામાં મૂલ્યશિક્ષણ વિશેષજ્ઞોનાં વ્યાખ્યાનો પણ યોજી શકાય. આવા મૂલ્યસભર વ્યાખ્યાનોનું વારંવાર આયોજન થવું જોઈએ જેથી બાળકોને વારંવાર મૂલ્યસભર વ્યાખ્યાનોનું શ્રવણ કરવાનો મોકો મળશે. પરિણામે બાળકો પોતાનામાં મૂલ્યોનું સિંચન કરવા માટેની સભાનતા કેળવશે.

## 11.18 મૂલ્ય અંગે દ્વિધાભરી પરિસ્થિતિના નિવારણ

શાળાશિક્ષણ દ્વારા બાળકોમાં વિવિધ પ્રકારનાં મૂલ્યોનું સિંચન કરવાના પ્રયાસો થાય છે. આપણાં પાઠ્યપુસ્તકોમાં પણ અનેક પ્રકારનાં મૂલ્યો સમાયેલાં છે. તેમાંથી સમજી શકાય તેવાં મૂલ્યોને બાળકો પોતાના જીવનમાં આચરવા પ્રયત્નો કરે છે. પરંતુ કેટલાંક મૂલ્યોને સમજવામાં બાળકો દ્વિધા(મુશ્કેલી) અનુભવતાં હોય છે. આવી સ્થિતિમાં ભજવણી, સંવાદ, સમાન પરિસ્થિતિનું નિર્માણ કરવું, ન્યાયિક પ્રક્રિયાનો નમૂનો રજૂ કરવો તેમજ શેરી નાટકો ભજવીને મૂલ્ય અંગેની દ્વિધાભરી પરિસ્થિતિનું નિવારણ કરી શકાય છે.

વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારનાં મૂલ્યોનો ખ્યાલ આપવામાટે આપણા મહાપુરુષોના જીવન પ્રસંગો પસંદ કરીને વિદ્યાર્થીઓ પાસે તેની ભજવણી કરાવવી જોઈએ. ભજવણીના અંતમાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ મૂલ્યોનું સ્પષ્ટીકરણ કરીને મૂલ્ય અંગેની દ્વિધાભરી પરિસ્થિતિનું નિવારણ કરી શકાય. દેશપ્રેમ અને પ્રમાણિક્તાનું મૂલ્ય સમજવાની દ્વિધા નિવારણનો અહીં એક નમૂનો જોઈએ.

**દ્વિધાભરી પરિસ્થિતિ :**

દેશપ્રેમ અને પ્રમાણિક્તાના મૂલ્યની સમજ વીર ભામાશાનો દેશપ્રેમ અને પ્રમાણિક્તા (વિદ્યાર્થી દ્વારા ભજવણી)

વીર ભામાશા મેવાડના વેપારી હતા. તેમની રગેરગમાં દેશપ્રેમ વહેતો હતો. મેવાડના રાજા મહારાણા પ્રતાપ મોગલ બાદશાહ અકબર સામે એકલા હાથે ઝઝૂમ્યા પણ વિધાતાએ તેમને યારી ન આપણાં છેવટે તેમણે વનમાં ચાલ્યા જવાનો નિર્ધાર કર્યો અને તેઓ મેવાડ છોડી વનમાં ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યા. વીર ભામાશાને આ બાબતની જાણ થતાં તેઓ મહારાણા પ્રતાપ પાસે પહોંચી ગયા અને તેમણે પોતાનું સઘળું ધન સેવા માટે મહારાણા પ્રતાપને ચરણે ધરી દેતાં કહ્યું કે, 'પચ્ચીસ હજાર યોદ્ધાઓને બાર વર્ષ સુધી ચાલે તેટલું ધન મારી પાસે છે આ ધન મારું નહીં પણ મારા દેશનું છે.'

વીર ભામાશાને જગડૂશા નામના એક વેપારીએ ચોરીછૂપીથી શસ્ત્રોનો વેપાર કરીને પૈસા કમાઈ લેવાનું કહ્યું ત્યારે વીર ભામાશાએ એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર જગડૂશાને જવાબ આપ્યો હતો કે 'ધન કમાવા માટેનાં સાધનો પણ પવિત્ર હોવાં જોઈએ.' વીર ભામાશાએ બધા વેપારીઓને ચેતવણી પણ આપી હતી કે જે વેપારી મેવાડના દુશ્મનને મદદ કરતો હશે તે ભામાશાના હાથે ધૂળ ચાટતો થઈ જશે. ભજવણીના અંતે શિક્ષકે મુજબના પ્રશ્નો પૂછીને વર્ગ સમક્ષ ચર્ચા કરવી.

– વીર ભામાશા ક્યાંના વેપારી હતા ?

વિદ્યાર્થીઓ પાસેથી જવાબ મળશે. (મેવાડના) અહીં શિક્ષક મેવાડનો સંક્ષિપ્તમાં પરિચય આપશે.

– મેવાડના રાજા કોણ હતા ?

વિદ્યાર્થી જવાબ આપશે (મહારાણા પ્રતાપ) અહીં શિક્ષક મહારાણા પ્રતાપ અને બાદશાહ અકબર વચ્ચેના યુદ્ધનો પરિચય આપશે.

– વીર ભામાશા મહારાણા પ્રતાપના ચરણે ધન અર્પણ કરતાં શું કહે છે ?

વિદ્યાર્થી જવાબ આપશે (આ ધન મારું નહીં પણ મારા દેશનું છે.) અહીં શિક્ષક વીર ભામાશામાં જોવા મળતા દેશપ્રેમની સ્પષ્ટતા કરશે.

– જગડૂશા નામના વેપારીએ શસ્ત્રોનો વેપાર કરીને પૈસા કમાઈ લેવાની સલાહ આપી ત્યારે વીર ભામાશાએ શો ઉત્તર આપ્યો ?

વિદ્યાર્થી જવાબ આપશે (ધન કમાવા માટેનાં સાધનો પણ પવિત્ર હોવાં જોઈએ)

અહીં શિક્ષક વીર ભામાશાની પ્રમાણિક્તાની સ્પષ્ટતા કરશે.

આ પ્રમાણે દેશપ્રેમ અને પ્રમાણિક્તાનાં ઉદાહરણો પૂરાં પાડે તેવા બીજા વીરપુરુષો કે મહાપુરુષોના પ્રસંગોની ચર્ચા કરીને વિદ્યાર્થીઓની મદદથી ભજવણી કરી મૂલ્ય અંગેની દ્વિધાભરી પરિસ્થિતિનું નિવારણ કરી શકાય.

ન્યાયિક પ્રક્રિયા દ્વારા પણ મૂલ્ય અંગેની દ્વિધાભરી પરિસ્થિતિનું નિવારણ કરી શકાય છે. ન્યાયિક પ્રક્રિયામાં મૂલ્ય અંગે લોકોના અલગ અલગ મત(અભિપ્રાય) જોવા મળે ત્યારે શોધ પ્રક્રિયા દ્વારા ચોક્કસ તથ્યને તારવીને જે તે મૂલ્ય અંગે કોઈ એક નિશ્ચિત મત(અભિપ્રાય) નક્કી કરવામાં આવે છે. આવી દ્વિધાભરી સમસ્યાઓનું નિવારણ કરવાના હેતુથી ઓલિવર અને સેવરે ન્યાયિક શિક્ષણ મૉડેલની રચના કરી છે. આ મૉડેલમાં સમસ્યાનું અનુસ્થાપન, વિવાદાસ્પદ પ્રશ્નોની ઓળખ, નિર્ણય લેવો, નિર્ણયની તપાસ, નિર્ણયનું સંશોધન અને નવા નિર્ણયનું ઔચિત્ય નક્કી કરવું તેમજ નવા નિર્ણયની આધારભૂત માન્યતાઓનું પરીક્ષણ કરવું જેવી છ અવસ્થાઓ નક્કી કરવામાં આવી છે.

સમસ્યા અનુસ્થાપનની પ્રથમ અવસ્થામાં સમસ્યાનું સંપૂર્ણપણે વિવરણ કરવામાં આવે છે અને મૂલ્ય વિવાદનું સંપૂર્ણ ચિત્રણ કરવામાં આવે છે. બીજી અવસ્થામાં સમસ્યા સંબંધી સાચા અર્થમાં મૂલ્યો નિર્ધારિત થાય છે કે દ્વિધા ઉત્પન્ન કરે છે તેનો ખ્યાલ મેળવવામાં આવે છે. ત્રીજ અવસ્થામાં સમસ્યા અંગે આધારભૂત કારણો સાથે નિર્ણય કરવામાં આવે છે અને મૂલ્ય સંબંધી ઉત્પન્ન થતી દ્વિધાનાં ચોક્કસ પરિણામો બતાવવામાં આવે છે. ચોથી અવસ્થામાં દ્વિધાભરી સ્થિતિ અંગે લેવામાં આવેલ નિર્ણયની તપાસ કરવામાં આવે છે. આ અવસ્થામાં દ્વિધાનું સ્પષ્ટિકરણ કરવામાં આવે છે. પાંચમી અવસ્થામાં શિક્ષક વિદ્યાર્થીઓનો નિર્ણય જાણે છે અને અંતિમ અવસ્થામાં શિક્ષક વિદ્યાર્થીઓનો નિર્ણય જાણે છે અને અંતિમ અવસ્થામાં નવા સંશોધિત નિર્ણયની પ્રાસંગિકતા તપાસવામાં આવે છે કે સંશોધિત નવો નિર્ણય વિષમ પરિસ્થિતિમાં ઉચિત રહેશે કે કેમ. આ રીતે શિક્ષક નવા નિર્ણયના સંભવિત પરિણામો અને હકીકતોની અસરકારકતા તપાસે છે. ન્યાયિક શિક્ષણ મૉડેલનો પ્રયોગ કરતી વખતે શિક્ષકે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

– ન્યાયિક શિક્ષણ મૉડેલનો પ્રયોગ કરતી વખતે શિક્ષકે જ પહેલ કરીને પૂછતાછ શરૂ કરવી જોઈએ.

– ન્યાયિક પૂછતાછ દરમિયાન સામાજિક વાતાવરણ સંઘર્ષ વગરનું, ઉત્સાહમય અને પારસ્પરિક સદ્‌ભાવવાળું રાખવું.

– સમસ્યામાં સમાવિષ્ટ મૂલ્યો જો વિદ્યાર્થી ન બતાવી શકે તો શિક્ષકે બતાવી દેવું જોઈએ.

– વિદ્યાર્થીઓને તથ્યાત્મક અને પરિભાષાત્મક પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

– ત્રીજી અવસ્થા દરમિયાન વિરોધી નિર્ણય લેવા માટે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

– ચોથી અને પાંચમી અવસ્થામાં શિક્ષકે વિદ્યાર્થીઓના વિચારનો સ્વીકાર કે અસ્વીકાર કરવાની જગ્યાએ સમીક્ષાની પ્રાસંગિકતા, એકરૂપતા અને પારિભાષિક સ્પષ્ટતાની તપાસ કરવી જોઈએ.

– પૂછતાછ સમયે વિદ્યાર્થીઓ ભયભીત ન થાય તે સંકોચ ન કરે તેનું ધ્યાન રાખવું.

– પાંચમી અવસ્થા પહેલાં શિક્ષકે કોઈ એક જ સમાધાનનો પક્ષ ન લેવો જોઈએ.

મૂલ્ય અંગેની દ્વિધાભરી પરિસ્થિતિનું નિવારણ શેરી નાટકો દ્વારા પણ કરી શકાય છે. ખાસ કરીને વ્યાપક સમાજને સ્પર્શતાં મૂલ્ય જેવાં કે સ્વતંત્રતા, સમાનતા, ધર્મનિરપેક્ષતા, રાષ્ટ્રહિત, પર્યાવરણ સંરક્ષણ, વિશ્વશાંતિ, રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ અને નાગરિકનાં કર્તવ્યો જેવાં મૂલ્યો અંગેની દ્વિધા સંબંધી દ્વારા નક્કી કરવામાં આવેલ મૂલ્યો સંબંધી તથ્યો કે હકીકતો પર આધારિત શેરી નાટકો ભજવીને દ્વિધાભરી પરિસ્થિતિનું ન્યાયિક પ્રક્રિયા દ્વારા નિવારણ કરી શકાય છે. દા.ત. નાગરિકનાં કર્તવ્યો જેવાં કે રાષ્ટ્ર સમ્માન, રાષ્ટ્ર સુરક્ષા, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનું સમ્માન વગેરે બાબતોના આધારે શેરી નાટકો રચી, લોકો સમક્ષ ભજવીને નાગરિક કર્તવ્યોનાં મૂલ્ય અંગે દ્વિધા અનુભવતા લોકોની દ્વિધાનું નિવારણ કરી શકાય.

## 11.19 વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્ય શિક્ષણ

મૂલ્યશિક્ષણ એક નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જીવનની જુદી જુદી સ્થિતિમાં જુદાં જુદાં મૂલ્યો વિકસતાં હોય છે. શાળા શિક્ષણના સાક્ષરી વિષયોમાં ઘણાં મૂલ્યો સમાયેલાં છે પરંતુ તે બધાં જ મૂલ્યો બાળકો પોતાના જીવનમાં આત્મસાત કરી શકતાં નથી. એટલા માટે કે સાક્ષરી વિષયોમાં નિહિત મૂલ્યો નિશ્ચિત સમયમાં શીખવવામાં આવે છે અને મોટે ભાગે વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શીખવવામાં આવે છે. આથી આવી રીતે શીખવેલાં મૂલ્યો થોડા સમય પછી બાળકો ભૂલી જતાં હોય છે. જેમ કહેવાય છે કે, મેં સાંભળ્યું હું ભૂલી ગયો, મેં જોયું મને યાદ રહી ગયું અને મેં કર્યું મને આવડી ગયું. અહીં પ્રત્યક્ષ રીતે કરેલાં કાર્યોનું કેટલું મહત્ત્વ છે તે સ્પષ્ટ થાય છે. આમ કોઈ પણ કાર્યને પ્રત્યક્ષ અનુભવ દ્વારા શીખવવામાં આવે તો તે કાર્ય વ્યક્તિમાં આત્મસાત્ થઈ જાય છે. બાળકોને આપણે પ્રવૃત્તિકાર્ય દ્વારા મૂલ્ય શીખવીશું તો તે પોતાના જીવનમાં એ મૂલ્યોને આત્મસાત્ કરી લેશે. પ્રવૃત્તિ કાર્ય દ્વારા શીખેલી બાબતો બાળકો લાંબા સમય સુધી ભૂલી શકતાં નથી. મૂલ્યશિક્ષણ આપવાના હેતુથી શાળામાં નીચે મુજબની પ્રવૃત્તિઓ યોજી શકાય.

– વિદ્યાર્થીઓનું સ્વશાસન

– વિવિધ ધર્મો અને સમુદાયોના ઉત્સવોની ઉજવણી

– વૃક્ષારોપણ પ્રવૃત્તિ

– સ્વચ્છતા ઝુંબેશ

– પોષણ અંગેની ઝુંબેશ

– સામુદાયિક વિકાસની પ્રવૃત્તિઓમાં સહભાગિતા

– જરૂરિયાતમંદોની સેવા

– આપત્તિગ્રસ્તોને સહાય

ઉપરોક્ત પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં મૂલ્યનું શિક્ષણ કેવી રીતે થાય છે તેનો અહીં અભ્યાસ કરીશું.

**વિદ્યાર્થીઓનું સ્વશાસન :**

વિદ્યાર્થીઓનું સ્વશાસન એ અનુશાસન સાથે સંકળાયેલી બાબત છે. શાળા, સમાજ, પ્રાન્ત કે રાષ્ટ્ર માટે અનુશાસન અમૂલ્ય મૂડી છે તેમ વ્યક્તિના જીવન માટે પણ અનુશાન અત્યંત મહત્વપૂર્ણ

બાબત છે. અનુશાસનનો પર્યાય શિસ્ત છે જે આજ્ઞાપાલન, આદર્શોનું અનુસકરણ અને પરંપરાઓનું જતન જેવી બાબતો સાથે સંબંધિત છે. શિક્ષણ ક્ષેત્રમાં અમેરિકાના શિક્ષણશાસ્ત્રી રૂસોએ સ્વતંત્ર વાતાવરણમાં બાળકોની શક્તિઓનો વિકાસ કરવા પર ભાર મૂકીને સ્વાનુશાસનની નવી વિચારધારા આપી છે. તેમણે પાઠ્યક્રમના સ્થાને બાળકોને જ શિક્ષણનું કેન્દ્ર માન્યું છે. અનુશાસનમાં પ્રેમ અને સહાનુભૂતિને સ્થાન આપી બાળકોને તેમનો અપરાધ દૂર કરવા માટે પર્યાપ્ત સમય આપવા પર ભાર આપ્યો છે. જહૉન ડ્યૂઈએ પણ આ વિચારધારાને સમર્થન આપ્યું છે અને તેમણે કહ્યું છે કે શાળાનું કાર્ય ફક્ત બૌદ્ધિક વિકાસનું જ નહીં પણ શાળાકીય પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનો નૈતિક તેમજ સામાજિક વિકાસ કરવાનું છે. આથી શાળાની વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં બાળકોને સ્વશાસનની તક આપવી જોઈએ.

દરેક શાળામાં શાળાપંચાયત હોય છે. શાળાપંચાયતમાં શાળાનાં કાર્યોને ધ્યાનમાં રાખીને મંત્રીમંડળ નીમવામાં આવે છે. જેમ કે મહામંત્રી, ઉપમંત્રી, રમતગમતમંત્રી, સફાઈમંત્રી, સાંસ્કૃતિકમંત્રી, પ્રવાસમંત્રી, આરોગ્યમંત્રી, સાહિત્યમંત્રી વગેરે મંત્રીઓનું એક મંત્રીમંડળ નીમવામાં આવે છે. દરેક મંત્રીઓના સહાયક મંત્રીઓ પણ નિમવામાં આવે છે. તેમના હાથ નીચે શાળાનાં કાર્યો કરવા માટે વિદ્યાર્થીઓની ટુકડીઓ નક્કી કરવામાં આવે છે. ટુકડીઓ અમુક દિવસો પછી બદલાતી રહે છે. આ રીતે શાળામાં એક લોકશાહી પ્રણાલી પ્રમાણેનું શાળાપંચાયત રચાયેલું હોય છે. શાળાપંચાયત દ્વારા વિદ્યાર્થીઓને શાળાનાં અનેક કાર્યોની જવાબદારી સોંપીને સ્વશાસનની તક પૂરી પાડવામાં આવે છે.

શાળાનાં વિવિધ કાર્યો અને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે શાળામાં પ્રાર્થનાસભાનું આયોજન, રમતગમત સ્પર્ધાનું આયોજન, વિશિષ્ટ દિવસોની ઉજવણી, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, સામાજિક તહેવારોની ઉજવણી, પ્રવાસ-પર્યટન, સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન, સહકારી વસ્તુભંડારની જવાબદારી, શાળાની સફાઈ, પાણીની વ્યવસ્થા, બુલેટિન બોર્ડ સજાવવા જેવી અનેક પ્રવૃત્તિઓની સમગ્ર જવાબદારી વિદ્યાર્થીઓને સોંપીને તેમનામાં અનેક પ્રકારનાં મૂલ્યોનો વિકાસ કરવામાં આવે છે. સાચા અર્થમાં આવા પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા જ મૂલ્યશિક્ષણ થાય છે.

શાળામાં પ્રાર્થનાસંમેલનનો કાર્યક્રમ તૈયાર કરવો, કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા, પ્રાર્થના-ભજન-ધૂનનું ગાન કરાવવું, સમાચાર વાંચન, પ્રેરક પ્રસંગોનું વાંચન, આધ્યાત્મિકતા સંબંધી વક્તવ્ય આપવું જેવી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ પ્રાર્થના સંમેલનમાં કરવામાં આવતી હોય છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાર્થનામંત્રી અને તેના સહાયકમંત્રી દ્વારા કરવામાં આવે છે અને અન્ય વિદ્યાર્થીઓ તેમાં સહયોગ આપે છે. આ પ્રમાણે શાળામાં વિદ્યાર્થીઓનું સ્વશાસન જોવા મળે છે. તેનાથી વિદ્યાર્થીઓમાં આંતરસૂઝ, આધ્યાત્મિક મૂલ્યો, તત્પરતા, નિયમિતતા, મૌન, ધ્યાન, શાંતિ, ફરજપાલન જેવાં અનેક ઉચ્ચ મૂલ્યોનો વિકાસ થાય છે.

શાળામાં સફાઈ સંબંધી કાર્યોમાં પણ સંપૂર્ણપણે વિદ્યાર્થીઓનું સ્વશાસન જોવા મળે છે. વર્ગખંડોની સફાઈ, વિશિષ્ટ ખંડોની સફાઈ, લોબીની સફાઈ અને પ્રાંગણની સફાઈ વગેરે સફાઈનાં કાર્યોની જવાબદારી, સફાઈની વહેંચણી, સફાઈ સાધનોની વહેંચણી, સફાઈનું આયોજન જેવાં તમામ કાર્યો સફાઈમંત્રી અને વિદ્યાર્થીઓનાં સ્વશાસનથી થતાં હોય છે. સફાઈની પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાનાં મૂલ્યોનો વિકાસ થાય છે.

આજે મોટાભાગની શાળાઓમાં વસ્તુભંડારની સહકારી પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. તેમાં પણ વિદ્યાર્થીઓનું સ્વશાસન જોવા મળે છે. વસ્તુભંડારમાં વિદ્યાર્થીઓને ઉપયોગી એવી ચીજ વસ્તુઓ જેવી કે પૅન્સિલ, પેન, રબ્બર, કંપાસ, નોટબુક, રિફિલ અને આરોગ્યપ્રદ ખાદ્યચીજો રાખવામાં આવે છે. કેટલીક જગ્યાએ શાળાના કોઈ એક વિદ્યાર્થીને ભંડાર-સચિવ તરીકેની જવાબદારી સોંપીને વસ્તુભંડાર ચલાવવામાં આવે છે. તો કેટલીક જગ્યાએ વિદ્યાર્થીઓના વિશ્વાસ પર જ ચલાવવામાં આવે છે, તેનાથી વિદ્યાર્થીઓમાં સચ્ચાઈ, ઈમાનદારી, પ્રમાણિકતા અને નિઃસ્વાર્થતા જેવાં મૂલ્યોનું સિંચન થાય છે. આમ શાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સ્વશાસનથી ચલાવવામાં આવે છે

જેનાથી વિદ્યાર્થીઓને આધ્યાત્મિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો અને રાષ્ટ્રીય મૂલ્યો સંબંધી શિક્ષણ આપી શકાય છે.

શાળામાં શાળાપંચાયતની રચના કરીને વિદ્યાર્થીઓને સ્વશાસનની તક આપી શકાય. સ્વચ્છતા સમિતિ, પ્રાર્થના સભા સમિતિ, સ્કાઉટીંગ સમિતિ, પ્રચાર સમિતિ વગેરે સમિતિઓને શાળાનાં દરેક કાર્યોની જવાબદારી સોપીને વિદ્યાર્થીઓમાં લોકશાહીનાં મૂલ્યો, જવાબદારીનું ભાન, અનુશાસન, ઉત્તરદાયિત્વ, ફરજપાલન, આત્મવિશ્વાસ, સહયોગ, પરસ્પર સહકાર, સહનશીલતા, અન્યોન્ય પ્રેમ જેવાં મૂલ્યોનું સિંચન કરી શકાય છે.

**વિવિધ કાર્યો અને સમુદાયોના ઉત્સવોની ઉજવણી :**

શાળાશિક્ષણના ઉદ્દેશ્યો પૈકી એક સામાજિક શિક્ષણનો ઉદ્દેશ્ય પણ રહેલો છે. તેના દ્વારા વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસની સાથે તેનો સામાજિક વિકાસ કરવાનો છે. આ માટે શાળામાં અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ યોજીને વિદ્યાર્થીઓની સામાજિક્તા વિકસાવીને સમાજ માટે આવશ્યક આદર્શ નાગરિકો તૈયાર કરી શકાય. ભારત દેશ એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે. આપણાં દેશમાં વસતા વીભિન્ન સમુદાયના લોકો વિભિન્ન ધર્મો પાળે છે. શાળામાં પણ વિભિન્ન સમુદાય અને ધર્મના વિદ્યાર્થીઓ શિક્ષણ લેવા માટે આવે છે ત્યારે એકબીજાના સમુદાય અને ધર્મનો પરિચય મળી રહે તે હેતુથી શાળામાં વિવિધ ધર્મો અને સમુદાયોના ઉત્સવો જેવા કે દિવાળી, ભાઈ-બીજ, ગીતાજયંતી, મકરસંક્રાંતિ, વસંતપંચમી, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, નવરાત્રી, શરદ-પૂર્ણિમા, નાતાલ (ક્રિસમસ ડે), ગુડ ફ્રાઈડે, ચેટીચાંદ, નવરોઝ, પતેતી, પર્યુષણપર્વ, સંવત્સરી, પાર્શ્વનાથ જયંતી, મોહર્રમ, રમઝાનઈદ, જમાદિલ આખર, સવ્વાલ, જિલ્હજ, ઉર્સ, ઈદે-મિલાદ જેવા ઉત્સવો ઉજવવા જોઈએ. આ ઉપરાંત મહાવીર જયંતી, બુદ્ધ જયંતી, સહજાનંદસ્વામી જયંતી, સંતબકીર જયંતી, ગુરુગોવિંદ જયંતી, ગુરુનાનક જયંતી, મોહંમદ પયગંબર જયંતીની ઉજવણી પણ કરવી જોઈએ.

વિવિધ ધર્મો અને સમુદાયોના ઉત્સવો ઉજવવાથી શાળામાં આવતા જુદા જુદા ધર્મો અને સમુદાયનાં બાળકો એકબીજા ધર્મો અને ઉત્સવોથી પરસ્પર પરિચિત થાય છે અને એકબીજાના નજીક આવે છે તેમજ વિદ્યાર્થીઓમાં સર્વધર્મસમભાવનો વિકાસ થાય છે. તેમનામાં બિનસાંપ્રદાયિક્તાની ભાવના વધુ દૃઢ બને છે. સમુદાયો વચ્ચેના ભેદભાવોની સંકુચિતતામાંથી મુક્ત થાય છે. વિદ્યાર્થીઓમાં વિશાળતાનો વિકાસ થાય છે. શાંતિ, ધર્મપરાયણતા, દયા, પ્રેમ, માનવતા, સજ્જનતા, સમાનતા, જિજ્ઞાસાવૃત્તિ, માનવજાતિની એકાત્મકતા, પવિત્રતા અને સામાજિકતા જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થાય છે.

**વૃક્ષારોપણની પ્રવૃત્તિ :**

આજે પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા સમગ્ર વિશ્વને સતાવી રહી છે. પર્યાવરણ પ્રદૂષણના કારણે બીજી અનેક સમસ્યાઓ પણ ઊભી થઈ છે. આ સમસ્યાને હલ કરવા માટે વૃક્ષારોપણની પ્રવૃત્તિ ખૂબ જ ઉપયોગી બની રહે છે. બાળકોને શાળાશિક્ષણ દરમિયાન વૃક્ષારોપણની પ્રવૃત્તિ સોંપીને તેમનામાં પર્યાવરણ સંબંધી અનેક મૂલ્યો વિકસાવી શકાય.

શાળા દ્વારા વૃક્ષારોપણ પ્રવૃત્તિની ઝુંબેશ ચલાવવી જોઈએ. શાળા મકાનની આજુબાજુ ચોક્કસ પ્રકારનું આયોજન કરીને વૃક્ષારોપણ કરવું જોઈએ જેથી ભવિષ્યમાં બીજી કોઈ મુશ્કેલી ઊભી ન થાય. શાળાના પ્રાંગણમાં કે શાળાના રસ્તાઓ પર કઈ જાતનાં વૃક્ષો હોવાં જોઈએ તેનો પણ વિચાર કરી લેવો જોઈએ. શાળાના બગીચાને ફરતે છાયો આપે તેવાં વૃક્ષો વાવવાં જોઈએ. બગીચાની અંદર વિવિધ પ્રકારના ફૂલછોડ ઉપરાંત યોગ્ય અંતરે છાંયો આપતા મોટાં વૃક્ષો પણ વાવી શકાય. વૃક્ષારોપણ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અંગેની જાગૃતિ લાવી શકાય. વિદ્યાર્થી શાળામાં દાખલ થાય તે વર્ષથી જ તેમને વૃક્ષારોપણની પ્રવૃત્તિથી જાગૃત કરવાં જોઈએ. આ માટે દરેક વિદ્યાર્થીને શાળા મકાનના આજુબાજુ, પ્રાંગણના ફરતે, શાળા કેમ્પસના રસ્તાઓ પર વૃક્ષો લાવવાની અને તેના ઉછેરની જવાબદારી સોંપીને તેમનામાં પર્યાવરણ સંબંધી જાગૃતિ લાવી શકાય.

શાળા દ્વારા વૃક્ષારોપણ પ્રવૃત્તિની ઝુંબેશ ચલાવવી જોઈએ. શાળા મકાનની આજુબાજુ ચોક્કસ પ્રકારનું આયોજન કરીને વૃક્ષારોપણ કરવું જોઈએ જેથી ભવિષ્યમાં બીજી કોઈ મુશ્કેલી ઊભી ન થાય. શાળાના પ્રાંગણમાં કે શાળાના રસ્તાઓ પર કઈ જાતનાં વૃક્ષો હોવાં જોઈએ તેનો પણ વિચાર કરી લેવો જોઈએ. શાળાના બગીચાને ફરતે છાયો આપે તેવાં વૃક્ષો વાવવાં જોઈએ. બગીચાની અંદર વિવિધ પ્રકારના ફૂલછોડ ઉપરાંત યોગ્ય અંતરે છાંયો આપતા મોટાં વૃક્ષો પણ વાવી શકાય. વૃક્ષારોપણ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અંગેની જાગૃતિ લાવી શકાય. વિદ્યાર્થી શાળામાં દાખલ થાય તે વર્ષથી જ તેમને વૃક્ષારોપણની પ્રવૃત્તિથી જાગૃત કરવાં જોઈએ. આ માટે દરેક વિદ્યાર્થીને શાળા મકાનના આજુબાજુ, પ્રાંગણના ફરતે, શાળા કેમ્પસના રસ્તાઓ પર વૃક્ષો વાવવાની અને તેના ઉછેરની જવાબદારી સોંપીને તેમનામાં પર્યાવરણ સંબંધી જાગૃતિ લાવી શકાય.

શાળા ઉપરાંત ગામમાં પણ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. ગામની શેરીઓ, ખુલ્લી જગ્યામાં, ગામના રસ્તાઓ પર, ગોચરની જગ્યામાં, પંચાયત ઘર કે તેની આજુ બાજુ અને ગામના ચોરાની જગ્યાએ વૃક્ષો વાવવાનું અભિયાન ચલાવવું જોઈએ. શાળાના વિદ્યાર્થીઓમાંથી જ વૃક્ષારોપણ સમિતિની રચના કરીને વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. શાળા દ્વારા સામાજિક વનીકરણનું અભિયાન પણ ચલાવવું જોઈએ. આ અભિયાન હેઠળ પંચાયતની પડતર જમીનમાં, જંગલની ખુલ્લી જમીનોમાં, ખેડૂતોની ખુલ્લી જમીનો, ઘાસચારાના મેદાનો અને ખેતરોના શેઢા-પાળા ઉપર વૃક્ષારોપણ કરીને સામાજિકવનો ઊભાં કરી શકાય. વૃક્ષારોપણ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને પર્યાવરણ સંબંધી નીચે મુજબનું મૂલ્યલક્ષી શિક્ષણ મળે છે.

- પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા પ્રત્યે સંવેદનશીલ બને છે.
- પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા દૂર કરવા માટે તત્પર બને છે.
- વૃક્ષારોપણનું મહત્ત્વ સમજી તેમાં પોતાનું યોગદાન આપે છે.
- લોકોમાં પર્યાવરણ જાગૃતિ લાવવાનો પ્રયાસ કરે છે.
- પર્યાવરણનું જતન કરે છે અને સંવર્ધન કરે છે.
- વૃક્ષારોપણ કાર્યક્રમમાં સક્રિયતાથી સહભાગી બને છે અને સમાજના લોકોને પણ સહભાગી બનાવે છે.
- પર્યાવરણ સંરક્ષણ માટે પોતે પ્રતિબદ્ધ બને છે અને સમાજના લોકોને પણ આ બાબતે પ્રતિબદ્ધ બનવા પ્રેરણા આપે છે.
- વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યેનું આકર્ષણ વધે છે તેથી પ્રકૃતિપ્રેમ અને સૌંદર્યબોધક મૂલ્યોનો વિકાસ થાય છે.
- પોતાના જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ સમજે છે.
- પર્યાવરણના વિભિન્ન જૈવિક કારકોની સમજ પ્રાપ્ત થાય છે અને તેનું જતન કરે છે.
- વૃક્ષારોપણ કાર્યક્રમથી ફળ-ઝાડ, ઔષધી માટે ઉપયોગી વૃક્ષો અને શોભાનાં વૃક્ષોની ઉપયોગિતા સંબંધી મૂલ્યો વિકસે છે.

**સ્વચ્છતા ઝૂંબેશ :**

આપણા જીવનમાં સ્વચ્છતાનું ઘણું મહત્ત્વ રહેલું છે. ગુજરાતીમાં કહેવત છે કે, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' અર્થાત્ જ્યાં સ્વચ્છતા હોય છે ત્યાં પ્રભુનો વાસ હોય છે. આપણાં આરોગ્ય માટે પણ સ્વચ્છતાનું ઘણું મહત્ત્વ રહેલું છે. આથી શાળામાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ. સ્વચ્છતા ઝુંબેશ દ્વારા બાળકોમાં સ્વચ્છતા સંબંધી મૂલ્યોનો વિકાસ કરી બાળકોનું આરોગ્ય સુધારી શકાય.

શાળામાં રોજે-રોજ વર્ગખંડોની સફાઈ, લોબીની સફાઈ, પ્રાંગણની સફાઈ, જાજરૂ-પેશાબઘરની સફાઈ નિયમિત રીતે થતી હોય છે. પરંતુ વર્ગખંડોના પાછળના ભાગની સફાઈ, પાણીની ટાંકીની સફાઈ, જાજરૂ-પેશાબઘરના આજુબાજુની સફાઈ અને પ્રાંગણના ફરતે પણ બિનજરૂરી કચરો કે

નકામું ઘાસ વધી ગયું હોય છે ત્યાં સુધી કે કમ્પોસ્ટ ખાડાના બહાર અડધા રસ્તા સુધી કચરો પડ્યો હોય છે. વર્ગખંડો કે વર્ગખંડોની બહાર મૂકવામાં આવેલી કચરાપેટીઓ ભરાયેલી હાલતમાં ઘણા દિવસો સુધી પડી રહેતી હોય છે. પરિણામે વાતાવરણમાં દુર્ગંધ ફેલાય છે જેની બાળકોનાં આરોગ્ય પર માઠી અસર પડે છે. આથી શાળામાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ.

શાળા દ્વારા મહિનામાં એક-બે વખત મહાસફાઈનું આયોજન કરીને. જે ભાગોની નિયમિત સફાઈ ન થતી હોય તેવા ભાગોની સફાઈ કરવી જોઈએ. શાળા મકાનના પાછળના ભાગમાં પડેલો કચરો, બિનજરૂરી નકામું ઘાસ લઈ લેવું, અસ્તવ્યસ્ત પડેલા પથરા-ઢેખારા વગેરે લઈ લેવા, પ્રાંગણના ફરતે વધી ગયેલું ઘાસ સાફ કરવું, જાજરૂ-પેશાબઘરની આજુબાજુ પાણી ભરાતું હોય તો પાણીનો નિકાલ કરવો, કચરાપેટીઓ નિયમિત રીતે ખાલી કરવી, પાણીની ટાંકી ખાલી કરીને તેની વ્યવસ્થિત સફાઈ કરવા માટે શાળામાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ.

શાળામાં ભણવા આવતાં બાળકોના શરીરની સફાઈ, કપડાંની સ્વચ્છતા, બાળકોના હાથ-પગના નખ કાપવા, માથાના વાળની સ્વચ્છતા અને દફતરની સ્વચ્છતા બાબતે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. આવા પ્રકારની વ્યક્તિગત શારીરિક સ્વચ્છતાની ઝુંબેશ ચલાવીને બાળકોને સતત માર્ગદર્શન આપી બાળકોને પોતાની અંગત સ્વચ્છતા બાબતે જાગૃત બનાવી શકાય.

શાળા દ્વારા મહિનામાં એકાદ વખત ગ્રામસફાઈનું આયોજન કરીને ગામની સ્વચ્છતા માટે પણ સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ. ગામના રસ્તાઓની સફાઈ, શેરીઓની સફાઈ, રસ્તાઓ તૂટી ગયા હોય, રસ્તાઓમાં મોટા ખાડા પડી ગયા હોય, રસ્તાઓની આજુબાજુના ખાડા-ખાબોચિયામાં પાણી ભરાઈ રહેતું હોય તો તેવા ખાડા-ખાબોચિયાં માટીથી પૂરી દઈ રસ્તાને સ્વચ્છ કરવાનું કાર્ય શાળા દ્વારા હાથ ધરી શકાય. ગામનો ચોરો, પંચાયત ઘરની આજુબાજુની સફાઈ, ગામનાં જાહેર સ્થાનોની સફાઈ, ગામના છેવાડે આવેલ ઉકરડાની સફાઈ માટે શાળા દ્વારા સ્વચ્છતા ઝુંબેશ ચલાવીને ગામને સ્વચ્છ બનાવી શકાય. તેનાથી સમાજના લોકોનું આરોગ્ય સુધારી શકાય.

સ્વચ્છતા ઝુંબેશ દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત કે શારીરિક સ્વચ્છતા અંગેનાં મલ્યો, આરોગ્ય સંબંધી મૂલ્યો, જાહેર સ્થાનોની સ્વચ્છતા અંગેનાં મૂલ્યો, સમાજની સુખાકારીનું હિત, સ્વચ્છતામાં સહભાગિતા, પરસ્પર સહયોગ અને સ્વચ્છતા અંગેની સભાનતા જેવાં મૂલ્યોનું સિંચન કરી શકાય છે.

**પોષણ અંગેની ઝુંબેશ :**

સ્વસ્થ સમાજના નિર્માણ માટે પોષણ અંગની ઝુબેશ ચલાવવી જરૂરી છે. આજે શહેરી વિસ્તારોમાં અને ખાસ કરીને શિક્ષિત પરિવારોમાં બાળકોના પોષણ પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં લોકો નિરક્ષર છે ત્યાં બાળકોનાં પોષણ અંગે જેટલું ધ્યાન અપાવું જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવતું નથી. તેથી એવાં બાળકો કુપોષણનો ભોગ બને છે. પૂરતું પોષણ ન મળવાના કારણે બાળકનો શારીરિક વિકાસ રુંધાય છે. અપૂરતા પોષણની માનસિક વિકાસ પર પણ વિપરીત અસર થાય છે.

આજે દેશના ઘણાં બાળકો કુપોષણથી પીડાઈ રહ્યાં છે. બાળવિકાસ અંગેની સરકાર દ્વારા ચલાવવામાં આવતી આઈ.સી.ડી.એસ. યોજનાના અથાગ પ્રયત્નો પછી પણ તેમાં સફળતા મળી નથી. આથી સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે શાળાઓ દ્વારા પોષણ અંગેની ઝુંબેશ ચલાવવાનો સમય પાકી ગયો છે.

આપણા શરીરની તંદુરસ્તી જાળવવા માટે આપણે સૌએ પોષણયુક્ત આહાર લેવો જોઈએ. શરીરને કાર્ય કરવામાટે જરૂરી ઊર્જા વિવિધ પ્રકારના કેલરીયુક્ત ખોરાકમાંથી મળે છે. આથી શરીરના સમતોલ વિકાસ માટે કૅલરીયુક્ત પૂરતો ખોરાક લેવો અત્યંત આવશ્યક છે. આપણા શરીરને જરૂરી શક્તિ મળી રહે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે માટે કાર્બોદિત પદાર્થ, પ્રોટિન, ચરબીયુક્ત પદાર્થ, વિટામીન અને ખનીજક્ષાર જેવાં પોષકતત્ત્વો યોગ્ય માત્રામાં મળે તેવો ખોરાક લેવો જોઈએ. આવી બાબતોનો ખ્યાલ વિદ્યાર્થીઓને પોષણ અંગેની ઝુંબેશ દ્વારા આપી શકાય.

આપણા શરીરને જરૂરી પ્રોટીન કઠોળમાંથી મળે છે. આથી આપણા રોજિંદા આહારમાં કઠોળને અવશ્યપણે સ્થાન આપવું જોઈએ. કઠોળમાં મગ, મઠ, ચણા, વટાણા, વાલ વગેરેને ફળગાવીને ખોરાક તરીકે લેવાથી વધારે પ્રમાણમાં પ્રોટીન મેળવી શકાય છે. ઘઉં, ચોખા, બાજરી, જુવાર અને મકાઈ વગેરે અનાજમાંથી આપણે કાર્બોદિત પદાર્થ મળે છે. આથી આવા અનાજને પણ આપણા ખોરાકમાં અવશ્યપણે સ્થાન આપવું જોઈએ. શરીર માટે જરૂરી વિટામીનો અને ખનીજક્ષાર લીલાં શાકભાજી અને ફળોમાંથી પ્રાપ્ત થાય છે. આથી આપણા રોજિંદા ભોજનમાં લીલાં શાકભાજી અને ફળો આવશ્યકતા અનુસાર લેવાં જોઈએ. આ ઉપરાંત ઋતુઓ પ્રમાણે જુદાં જુદાં શાકભાજી, ફળો વગેરેને પણ આપણા આહારમાં સ્થાન આપવું જોઈએ. સાથે સાથે બાળકોને વિરુદ્ધ આહારનો ખ્યાલ પણ આપવો જોઈએ. આહાર સંબંધી આવી બાબતો ગંભીરતાથી સમજાવીને બાળકોમાં પોષણ અંગેની સભાનતા કેળવી શકાય.

શાળામાં 'આહાર-પોષણ દિવસ' અને 'આહાર-પોષણ સપ્તાહ' જેવા વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. શાળામાં આહાર-પોષણના નિષ્ણાત તજ્જ્ઞોનાં ભાષણો અને માર્ગદર્શન અંગેના કાર્યક્રમો ગોઠવવા જોઈએ. બપોરના સમયે બાળકોને પોષણયુક્ત નાસ્તો મળી રહે તે હેતુથી વાલીઓ અને સમાજના સહયોગથી પોષણયુક્ત નાસ્તાની વ્યવસ્થા શાળામાં જ ગોઠવવી જોઈએ. શાળાની પ્રાર્થના-સભામાં બાળપોષણના વિષયો પર દરરોજ વ્યાખ્યાનો આપીને બાળકોમાં પોષણ અંગેની જાગૃતિ લાવી શકાય. આવા પ્રકારના કાર્યક્રમો ફક્ત શાળા પૂરતા જ મર્યાદિત ન રાખતાં સમાજ સુધી લઈ જવા જોઈએ. સમાજના લોકોને પણ પોષણ અંગે સચેત કરવા જોઈએ. આ રીતે પોષણ અંગેની ઝુંબેશ ચલાવીને બાળકોમાં આરોગ્ય અને પોષણ સંબંધી મૂલ્યોનો વિકાસ કરી શકાય જેની વર્તમાન સમયમાં તાતી જરૂરિયાત છે.

**સામુદાયિક વિકાસની પ્રવૃત્તિઓમાં સહભાગિતા :**

માણસ એક સામાજિક પ્રાણી છે. વ્યક્તિનો વિકાસ સમાજ દ્વારા જ થાય છે. સમાજના વિકાસમાં શાળાનું યોગદાન રહેલું છે. આથી શાળાને સમાજનું લઘુરૂપ ગણવામાં આવે છે. આ રીતે જોતાં શાળા અને સમાજ બંને એકબીજાના અભિન્ન અંગ છે. બંને પરસ્પર એકબીજાને મદદરૂપ થાય છે. શાળાની સમસ્યાઓ દૂર કરવામાં સમાજ મદદરૂપ થાય છે અને સમાજની સમસ્યાઓ દૂર કરવા માટે શાળા સમાજને મદદરૂપ મળે છે. શાળામાં અભ્યાસ કરવા માટે આવતાં બાળકોમાં સામાજિક્તાનો વિકાસ કરવાના હેતુથી શાળા દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આથી પ્રવૃત્તિઓ શાળા સ્તરે તો થાય જ છે, પરંતુ શાળા બહાર સમાજમાં જઈને પણ સામાજિક વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તેનાથી બાળકોમાં સામાજિક મૂલ્યોનો વિકાસ થાય છે. સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો, જ્ઞાતિઓના ખોટા નીતિ-નિયમો અને સંપ્રદાયની સંકુચિતતા જેવાં અનિષ્ટો દૂર કરવાના હેતુથી સમાજમાં જઈને, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજીને અનિષ્ટોના કારણે સમાજનો વિકાસ રુંધાય છે તે અંગેની સમજ આપી સમાજને અનિષ્ટોના બંધનમાંથી મુક્ત કરી શકાય.

શાળા દ્વારા બાળકોનો સામુદાયિક વિકાસ કરવાના હેતુથી ગ્રામસફાઈની પ્રવૃત્તિ હાથ ધરી શકાય. આવી પ્રવૃત્તિ વર્ષમાં એકાદ વખત જ નહીં પણ વારંવાર હાથ ધરવી જોઈએ. આવી પ્રવૃત્તિથી સમાજના લોકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાશે અને તેમનામાં સ્વચ્છતા અંગેનાં મૂલ્યોનો વિકાસ થશે. સમાજના લોકોને વ્યક્તિગત સ્વચ્છતા અંગેનું માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિ હાથ ધરી સ્વસ્થ અને સ્વચ્છ સમાજનું નિર્માણ કરી શકાય.

આજે અલ્પવિકસિત જાતિના ઉત્થાન માટે સરકારની યોજનાઓ અમલમાં છે. જેવી કે નાના ગૃહઉદ્યોગો સ્થાપવાની સહાય યોજના, પશુપાલન માટેની સહાય, ખેતીવાડીના વિકાસ માટેની સહાય વગેરે યોજનાઓ અમલમાં છે, પરંતુ ગ્રામીણ વિસ્તારના નિરક્ષર લોકોને આવી યોજનાઓની ખબર જ હોતી નથી. શાળા દ્વારા વિદ્યાર્થીઓના સહયોગથી સમાજમાં જઈને આવી સમાજ ઉત્થાનની યોજના સંબંધી જાણકારી આપવી જોઈએ. યોજનાનો લાભ લઈ કઈ રીતે મેળવી શકાય તેનું યોગ્ય

માર્ગદર્શન આપીને સમાજનો વિકાસ કરી શકાય. આવા પ્રકારની સામુદાયિક વિકાસની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સામેલગીરીથી સમાજસેવા, સહયોગ, પરસ્પર પ્રેમભાવના, નિસ્વાર્થતા જેવાં સમાજિક મૂલ્યોનું સિંચન કરી શકાય.

**જરૂરિયાતમંદોની સેવા અને આપત્તિગ્રસ્તોને સહાય :**

વિદ્યાર્થીઓના સહયોગથી શાળા દ્વારા સામાજિક વિકાસની ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી બાળકોનો સામાજિક વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેવી જ રીતે શાળા દ્વારા જરૂરિયાતમંદોની સેવા અને આપત્તિગ્રસ્તોની સહાય જેવી સમાજસેવાની પ્રવૃત્તિઓનું આયોજન કરીને બાળકોમાં સમાજસેવાનાં મૂલ્યોનો વિકાસ કરી શકાય.

કુદરતી સંકટોના કારણે નિરાધાર બનેલ પરિવારોને મદદ કરવાની તક શાળાના વિદ્યાર્થીઓને આપવી જોઈએ. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ દ્વારા લોકફાળો ભેગો કરીને નિરાધાર બનેલ જરૂરિયાતમંદોને અનાજ, કપડાં, દવા, આવાસ જેવી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં મદદરૂપ બનીને વિદ્યાર્થીઓમાં સેવા સંબંધી મૂલ્યનું સિંચન કરી શકાય.

અસાધ્ય રોગોથી પીડાતા હોય એવા લોકોના દવા-દારૂનો કાયમનો ઘણો મોટો ખર્ચો થતો હોય છે. તેમને આર્થિક મદદ કરવાના હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા લોકો પાસેથી લોકફાળો ભેગો કરીને જરૂરિયાતમંદોની સેવા કરી શકાય. ક્યારેક ગંભીર અકસ્માત કે શારીરિક હાનિ થવાના કારણે શરીરમાંથી વધારે પ્રમાણમાં રક્ત વહી જતું હોય છે. આવા સમયે શાળામાં રક્તદાન કેમ્પનું આયોજન કરીને વિદ્યાર્થીઓને સમાજની નિઃસ્વાર્થ સેવા કરવાના અવસર પ્રદાન કરવા જોઈએુ.

કુદરતી આપત્તિઓ જેવી કે ભૂકંપ, જળસંકટ કે રોગચાળો ફેલાય ત્યારે શાળાના વિદ્યાર્થીઓની જુદી જુદી ટુકડીઓ પાડીને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આપત્તિગ્રસ્તોને સહાય કરવાની પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. ભૂકંપ જેવી કુદરતી આપત્તિમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા, ભોજન પૂરું પાડવું, કપડાં પૂરાં પાડવાં, શારીરિક ઈજાઓ થઈ હોય તેવા લોકોનો ઈલાજ કરવો, પુનર્વસનનાં કાર્યોમાં સહયોગ આપવો વગેરે પ્રકારની સેવાની પ્રવૃત્તિઓ દ્વારા આપત્તિગ્રસ્તોને સહાય કરી શકાય. જળસંકટથી અસર પામેલા લોકોના રાહત કેમ્પમાં જઈને સેવા આપવી, રાહત કેમ્પ માટે આવશ્યક ચીજવસ્તુઓ ભેગી કરવામાં સહયોગ આપવો, નાદુરસ્ત લોકોની સેવા કરવી, ડૉક્ટરની સલાહ પ્રમાણે બિમાર લોકોને નિયમિત રીતે દવા આપવી અને સંકટગ્રસ્થ લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં મદદ કરવી વગેરે પ્રકારની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની મદદ લઈને આપત્તિગ્રસ્તોને સહાય કરી શકાય.

અસાધ્ય રોગોથી પીડાતા હોય એવા લોકોના દવા-દારૂનો કાયમનો ઘણો મોટો ખર્ચો થતો હોય છે. તેમને આર્થિક મદદ કરવાના હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા લોકો પાસેથી લોકફાળો ભેગો કરીને જરૂરિયાતમંદોની સેવા કરી શકાય. ક્યારેક ગંભીર અકસ્માત કે શારીરિક હાનિ થવાના કારણે શરીરમાંથી વધારે પ્રમાણમાં રક્ત વહી જતું હોય છે. આવા સમયે શાળામાં રક્તદાન કેમ્પનું આયોજન કરીને વિદ્યાર્થીઓને સમાજની નિઃસ્વાર્થ સેવા કરવાના અવસર પ્રદાન કરવા જોઈએ.

કુદરતી આપત્તિઓ જેવી કે ભૂકંપ, જળસંકટ કે રોગચાળો ફેલાય ત્યારે શાળાના વિદ્યાર્થીઓની જુદી જુદી ટુકડીઓ પાડીને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આપત્તિગ્રસ્તોને સહાય કરવાની પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. ભૂકંપ જેવી કુદરતી આપત્તિમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા, ભોજન પૂરું પાડવું, કપડાં પૂરાં પાડવાં, શારીરિક ઈજાઓ થઈ હોય તેવા લોકોનો ઈલાજ કરવો, પુનર્વસનનાં કાર્યોમાં સહયોગ આપવો વગેરે પ્રકારની સેવાની પ્રવૃત્તિઓ દ્વારા આપત્તિગ્રસ્તોને સહાય કરી શકાય. જળસંકટથી અસર પામેલા લોકોના રાહત કેમ્પમાં જઈને સેવા આપવી, રાહત કેમ્પ માટે આવશ્યક ચીજવસ્તુઓ ભેગી કરવામાં સહયોગ આપવો, નાદુરસ્ત લોકોની સેવા કરવી, ડૉક્ટરની સલાહ પ્રમાણે બિમાર લોકોને નિયમિત રીતે દવા આપવી અને સંકટગ્રસ્ત લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં મદદ કરવી વગેરે પ્રકારની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની મદદ લઈને આપત્તિગ્રસ્તોને સહાય કરી શકાય.

આમ, જરૂરિયાતમંદોની સેવા અને આપત્તિગ્રસ્તોને સહાય કરવાના હેતુથી શિક્ષકોના માર્ગદર્શન

હેઠળ સમાજના લોકો પાસેથી આર્થિક દાન, કપડાં, તેમજ અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓનું દાન એકઠું કરીને જરૂરિયાતમંદોની સેવા અને આપત્તિગ્રસ્તોને સહાય કરવાની પ્રવૃત્તિઓ હાથ ધરીને વિદ્યાર્થીઓમાં નિઃસ્વાર્થ પ્રેમ, કરુણા, પૃચ્છાભાવ, માનવતા, સહનશીલતા, દયાભાવ, પરોપકાર, દાન, ત્યાગની ભાવના, સહાનુભૂતિ અને સામાજિક ઉત્તરદાયિત્વ જેવાં અનેક મૂલ્યોનું સિંચન કરી શકાય.

## 11.20 સારાંશ

મૂલ્યનો અર્થ, સંકલ્પના, પ્રકારો, શિક્ષકની ભૂમિકા, હેતુઓ, મુખ્ય શિક્ષણ વિકસાવવાની પ્રવૃત્તિઓ, જરૂરિયાત, કાર્યક્ષેત્ર, ધ્યેયો, મૂલ્ય શિક્ષણની રીતો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

– મૂલ્ય એટલે સાચું અને ખોટું તારવવાની શક્તિ.
– શારીરિક અને માનસિક સંતોષવા માટે મથવું એટલે મૂલ્ય.
– આપણી પસંદગીઓનાં યોગ્ય જ્ઞાન, ભાવ અને ક્રિયાનો વિકાસ અધ્યયન અનુભવો દ્વારા થાય ત્યારે તે મૂલ્ય શિક્ષણ કહેવાય છે.
– મૂલ્ય શિક્ષણ ચોક્કસ પ્રકારનો વિકાસ છે.
– મૂલ્ય એ પરિવર્તનશીલ હોય છે.
– મૂલ્ય એ સમાજ માન્ય હોય છે.

## 11.21 એકમ સ્વાધ્યાય

(1) મૂલ્ય એટલે શું ? તેની સંકલ્પના જણાવી મૂલ્ય શિક્ષણની આવશ્યકતા જણાવો.
(2) મૂલ્ય શિક્ષણના હેતુઓ જણાવો.
(3) મૂલ્ય શિક્ષણના વિવિધ પ્રકારોની ચર્ચા કરો.
(4) મૂલ્ય શિક્ષણ આપવા માટેની શાળાકીય પ્રવૃત્તિઓ જણાવો.
(5) મૂલ્ય શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા જણાવો.

## 11.22 તમારી પ્રગતિ ચકાસો

**બહુવિકલ્પ પ્રશ્નો :**

1. મૂલ્ય એટલે શું ?
   **(1) કિંમત** (2) માંગ
   (3) પુરવઠા (4) વસ્તુ
2. મૂલ્ય શિક્ષણમાં શું હોય છે ?
   **(1) વિવિધ પસંદગીનો અવકાશ** (2) કોઈપણ પસંદગી નથી
   (3) બીજાની પસંદગીનો અવકાશ (4) કોઈ પસંદગી નથી
3. મૂલ્ય એ કેવું છે ?
   **(1) 5રિવર્તનશીલ** (2) સ્થિર
   (3) જરૂરિયાત નથી (4) કોઈપણ નહીં.
4. સત્યમ્, શિવમ્, સુંદરમ્ એ કેવા મૂલ્યો છે ?
   (1) આધુનિક **(2) શાશ્વત**
   (3) પરંપરાગત (4) બદલાતા

5. મૂલ્યો કઈ રીતે પ્રાપ્ત કરી શકાય ?

(1) ઉપદેશથી (2) સલાહથી

**(3) આચરણથી** (4) શિક્ષણ જદ્વારા

6. મૂલ્યોમાં પસંદગી કેવી હોય છે ?

(1) ઈષ્ટ (2) અનિષ્ટ

(3) ગમતી બાબત (4) ન ગમતી બાબત

7. કયું શાશ્વત નથી ?

(1) સત્ય (2) કલ્યાણકારી

(3) સુંદર **(4) રાજકીય**

8. નીચેનામાંથી કઈ મૂલ્યની લાક્ષણિકતા નથી ?

(1) ઈચ્છાઓને તૃપ્ત કરે છે. (2) આવેગોને તૃપ્ત કરે છે.

(3) આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલું **(4) મૂલ્યો પસંદગીયુક્ત હોતા નથી.**

9. વિદ્યાર્થીઓને મૂલ્ય શિક્ષણ આપવું કેમ જોઈએ ?

(1) વિદ્યાર્થીઓમાં ઝગડા ઓછા થાય છે.

(2) વર્ગમાં તોફાફન કરતા નથી.

(3) મૂલ્ય શિક્ષણથી શિક્ષકોમાં પ્રેમ વધે છે.

**(4) વિદ્યાર્થીઓએ સમાજને નૈતિક અને આધ્યાત્મિક અધઃપતનમાંથી બચાવવા.**

10. નૈતિક મૂલ્યોમાં કયા મૂલ્યોનો સમાવેશ થતો નથી ?

(1) ઈમાનદારી (2) ત્યાગ

(3) કટુતા **(4) આદર્શ નાગરિકતા**

11. "મૂલ્ય પ્રાપ્ત કરી શકાય છે. શીખવી શકતા નથી." આ વિધાન સાથે તમે કેટલે અંશે સંમત છો ?

(1) મહદ્ અંશે (2) કંઈક અંશે

(3) તદ્દન અસંમત **(4) પૂર્ણ અંશે**

12. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કયું મૂલ્ય સમાવિષ્ટ નથી ?

(1) સહકાર અને મદદરૂપ નીભાવના

(2) દેશ ભક્તિ અને રાષ્ટ્રીય એકતા

(3) કર્તવ્યપાલન

**(4) સામાજિક અનિષ્ટો અને અન્યાયનો પ્રતિકાર**

13. મૂલ્ય શિક્ષણ પાઠ્યપુસ્તકો દ્વારા કેવી રીતે શીખવવામાં આવે છે ?

(1) મૂલ્યો માટે અલગ તાસ ફાળવીને

(2) મૂલ્યની ચર્ચા કરીને

(3) પાઠ્યપુસ્તક એકમની ચર્ચા કરતાં પહેલા મૂલ્યની આવશ્યક ચર્ચા કરીને

**(4) પાઠ્યપુસ્તકોમાં મૂલ્યોનાં સંધાનબિંદુ-જોડાણ બિંદુઓ નક્કી કરીને જે તે સમયે મૂલ્યની આવશ્યક માહિતી આપવી.**

14. મૂલ્ય શિક્ષણનો હેતુ કયો છે ?

**(1) જીવનમાં સારી ટેવો વિકસાવવા** (2) અભ્યાસમાં ધ્યાન આપે

(3) બીજાનો વિચાર કરતો થાય (4) સ્વાર્થી બનાવવો

15. મૂલ્ય શિક્ષણની જરૂરિયાત કઈ છે ?

**(1) વર્તનમાં પરિવર્તન લાવવા** (2) જરૂરિયાતનો ક્રમ બનાવવો

(3) પોતાનું વિચારતો થાય (4) સ્વનિર્ભર બને

16. નૈતિક મૂલ્યોમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

**(1) પ્રમાણિક્તા** (2) સ્વાર્થીપણું

(3) અસત્ય (4) અપ્રમાણિક્તા

17. લોકશાહી નાગરિકત્વમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

**(1) વ્યક્તિ સન્માન** (2) બીજાનું સન્માન

(3) કુટુંબનું સન્માન (4) સમાજનું સન્માન

18. વિજ્ઞાન બુદ્ધિમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

**(1) તારણો** (2) પૃથ્થકર

(3) સમસ્યાઓનો ઉકેલ (4) અચોક્કસતા

19. બિન સાંપ્રદાયિક્તામાં કઈ બાબતો સમાવેશ થાય છે ?

**(1) ધર્મભાવના** (2) કોમવાદ

(3) સંઘર્ષ (4) એકેય નહિ.

20. સામાજિક મૂલ્યોમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

**(1) પ્રેમ** (2) હિંસા

(3) કોમવાદ (4) સંઘર્ષ

21. સહઅસ્તિત્વમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

**(1) શાંતિ** (2) અશાંતિ

(3) ભય (4) ત્યાગ

22. મૂલ્ય શિક્ષણ માટેની કઈ પ્રવૃત્તિ થઈ શકે ?

**(1) જુદા જુદા ધર્મના તહેવારોની ઉજવણી**

(2) ચોક્કસ ધર્મની ઉજવણી

(3) સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ

(4) સામાયિકોનો ઉપયોગ

23. મૂલ્ય શિક્ષણ માટે શિક્ષકની ભૂમિકા કઈ છે ?

**(1) શાંતિપૂર્વક વ્યવહાર** (2) શિક્ષક કેન્દ્ર સ્થાને

(3) પરિશ્રમ ન કરવો (4) સમાજને ભાગીદાર બનાવવા

24. મૂલ્ય શિક્ષક માટે શિક્ષકની ભૂમિકાની વિસંગત બાબત કઈ છે ?

(1) વાણી પર સંયમ (2) પરિશ્રમથી કાર્ય

(3) વિદ્યાર્થીને માનથી બોલાવવા **(4) વિદ્યાર્થીનું અપમાન કરવું**

## 11.23 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**બહુવિકલ્પ પ્રશ્નો :**

1. કિંમત
2. વિવિધ પસંદગીનો અવકાશ
3. પરિવર્તનશીલ
4. શાશ્વત
5. આચરણથી
6. ઈષ્ટ
7. રાજકીય
8. મૂલ્યો પસંદગી યુક્ત હોતા નથી
9. વિદ્યાર્થીઓએ સમાજને નૈતિક અને આધ્યાત્મિક અધઃપતનમાંથી બચાવવા.
10. આદર્શ નાગરિકતા
11. પૂર્ણ અંશે
12. સામાજિક અનિષ્ટો અને અન્યાયનો પ્રતિકાર
13. પાઠ્ય પુસ્તકોમાં મૂલ્યોનાં સાધન બિંદુ-જોડાણ
14. બિંદુઓ નક્કી કરીને જેને સમયે મૂલ્યની આવશ્યક માહિતી આપવી.
15. વર્તનમાં પરિવર્તન લાવવા.
16. પ્રમાણિક્તા
17. વ્યક્તિ સન્માન
18. તારણો
19. ધર્મભાવના
20. પ્રેમ
21. શાંતિ
22. જુદા જુદા ધર્મના તહેવારોની ઉજવણી
23. શાંતિપૂર્વક વ્યવહાર
24. વિદ્યાર્થીનું અપમાન કરવું.

## 11.24 સૂચિત વાચન સામગ્રી


1. બારૈયા બી. વી. : વિકસતા ભારતમાં શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ
2. દેશમુખ સીતારામ : મૂલ્ય શિક્ષણ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. પરમાર પુરૂષોત્તમ એમ. : મૂલ્ય શિલ્પ, શિક્ષણ સંવર્ધન અભિયાન, ગુજરાત રાજ્ય એકમ, ગાંધીનગર
4. સ્વામી વિવેકાનંદ : મૂલ્યલક્ષી કેળવણીમાં માતાપિતા અને શિક્ષકની ભૂમિકા, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ.
5. સ્વામી જિનાત્માનંદ : મૂલ્યલક્ષી કેળવણી, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ.

એકમ 12

# સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ – માનવ નિર્માણ

## : રૂપરેખા :

12.1 પ્રસ્તાવના

12.2 ભાષા વિકાસ એટલે શું ?

12.3 ભાષા વિકાસનું સ્વરૂપ

12.4 ભાષા વિકાસની જરૂરિયાત

12.5 ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો

12.6 બાળકના ભાષા વિકાસમાં શાળાની ભૂમિકા

12.7 માનવ મૂલ્યો અને સાહિત્ય

12.8 માનવીય મૂલ્યો – માનવ નિર્માણ

12.8.1 પ્રસ્તાવના

12.8.2 માનવીય મૂલ્યો

(1) સામાજિક મૂલ્યો

(2) સૌંદર્ય બોધક મૂલ્યો

(3) બૌદ્ધિક મૂલ્યો

(4) નૈતિક મૂલ્યો

(5) ધાર્મિક મૂલ્યો

(6) આરોગ્ય વિષયક મૂલ્યો

(7) મનોરંજક મૂલ્યો

(8) આર્થિક મૂલ્યો

12.9 એન.સી.ઈ.આર.ટી. દ્વારા નિશ્ચિત કરેલ મૂલ્યો

12.9.1 શ્રમનું ગૌરવ

12.9.2 રાષ્ટ્ર પ્રેમ

12.9.3 લૈંગિક સમાનતા

12.9.4 બિન સાંપ્રદાયિક્તા

12.9.5 રાષ્ટ્રીય એકતા

12.9.6 વિનમ્રતા

12.9.7 સમય પાલન

12.9.8 સુઘડતા

12.9.9 સંવેદનશીલતા

12.9.10 વૈજ્ઞાનિક મિજાજ

12.10 સાહિત્ય : સંસ્કાર સિંચનનું સાધન

12.11 સાહિત્ય દ્વારા નાગરિક ધર્મની સમજ

**12.12 સાહિત્ય દ્વારા સૂટેવોનું નિર્માણ**

**12.13 જીવનલક્ષી સમજની કેળવણીનું સાહિત્ય**

**12.14 સારાંશ**

**12.15 એકમ સ્વાધ્યાય**

**12.16 તમારી પ્રગતિ ચકાસો**

**12.17 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**12.18 સૂચિત વાચન સામગ્રી**

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યાપછી તમે..

(1) ભાષા વિકાસનો અર્થ સમજી શકશો.

(2) ભાષા વિકાસનું સ્વરૂપ સમજી શકશો.

(3) ભાષા વિકાસની જરૂરિયાત સમજી શકશો.

(4) ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો સમજી શકશો.

(5) બાળકના ભાષા વિકાસમાં શાળાની ભૂમિકા સમજી શકશો.

(6) માનવ મૂલ્યો અને સાહિત્ય સમજી શકશો.

(7) માનવીય મૂલ્યો સમજી શકશો.

(8) એન.સી.ઈ.આર.ટી. દ્વારા નિશ્ચિત કરેલ મૂલ્યો સમજી શકશો.

(9) સાહિત્ય – સંસ્કાર સિંચનનું સાધન સમજી શકશો.

(10) સાહિત્ય દ્વારા નાગરિક ધર્મની સમજ સમજી શકશો.

(11) સાહિત્ય દ્વારા સુટેવોનું નિર્માણ સમજી શકશો.

(12) જીવનલક્ષી સમજની કેળવણીનું સાહિત્ય સમજી શકશો.

## 12.1 પ્રસ્તાવના

– વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો વિકાસ થઈ રહેલો છે. આ ટૅક્નોલૉજીના વિકાસે શિક્ષણ માટે નવી ટૅક્નિકો આપી છે. વિજ્ઞાન અને ટૅક્નોલૉજીની પ્રગતિએ ભાષાના અધ્યયન માટે પણ આધુનિક પ્રયુક્તિઓ આપી છે.

– ભાષા પ્રયોગ એ ભાષા શિક્ષણ માટેની આધુનિક યાંત્રિક નવ વિચાર છે.

– ભાષા શિક્ષણની ચીલાચાલુ શિક્ષણ પદ્ધતિઓમાં શિક્ષક જ કેન્દ્રસ્થાને જોવા મળે છે. શિક્ષક જ બધું જ શીખવે છે. વિદ્યાર્થીઓની ભાગીદારી ઓછી જોવા મળે છે. શિક્ષક કેન્દ્રી પદ્ધતિમાં વિદ્યાર્થીને બોલવાની કે સાંભળવાની તક ખૂબ જ ઓછી મળે છે.

– ભાષાનું અધ્યયન અનુકરણ અને પુનરાવર્તન દ્વારા થાય છે. ભાષાના શિક્ષણમાં શિક્ષકના જ ઉચ્ચારો દોષયુક્ત હોય તો વિદ્યાર્થી ખોટું અનુકરણ જ કરશે.

– કોઈપણ ભાષા જે તે ભાષાવાળા શિક્ષક દ્વારા જ બોલાયેલ હોય અને વિદ્યાર્થીઓ સાંભળીને અનુકરણ કે પુનરાવર્તન કરે તો આવાં ઉચ્ચારણો સાથે અધ્યયન કરી શકે છે.

– માણસને અન્ય પ્રાણીઓથી જુદો પાડનારું તેનું એક લક્ષણ તેનો ભાષા વિકાસ છે. બાળક જ્યારથી વિચારવાનું શરૂ કરે છે ત્યારથી પોતાના વિચારો, લાગણીઓ, અપેક્ષાઓ, આકાંક્ષાઓ વગેરેને વ્યક્ત કરવા માટે તે માધ્યમ તરીકે ભાષાનો ઉપયોગ કરે છે. આથી બાળકનો ભાષા વિકાસ યોગ્ય રીતે થાય તે જરૂરી છે.

- ભાષા વિકાસ અન્ય વિષયોની સિદ્ધિમાં પણ મદદરૂપ બને છે. આથી ભાષા શિક્ષણ માટે જુદાં જુદાં અભિગમોની અજમાયશ કરવામાં આવી છે. કેવા બાળકોને કયો પ્રયોગ અનુકૂળ આવશે તે બાબત ધ્યાનમાં રાખી ભાષા શિક્ષણના પ્રયોગો હાથ ધરવામાં આવે છે.
- કઈ રીતે શીખવવામાં આવે તો બાળક ભાષા સરળતાથી શીખી શકે તે અંગે અનેક સંશોધનોં થયાં છે. સંશોધનનાં મળેલ પરિણામને ધ્યાનમાં રાખી ભાષા વિકાસ માટેના પ્રયોગ હાથ ધરવામાં આવે છે.
- ભાષા વિકાસના પ્રયોગ હાથ ધરવા માટે ભાષા પ્રયોગશાળા અસ્તિત્વમાં આવેલ છે, જેમાં ભાષા વિકાસ અને ભાષા અંગેના પ્રયોગો કરવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા હોય છે.

સામાન્ય રીતે બાળક જન્મે છે ત્યારે એની તમામ અભીવ્યક્તિઓ ઊંઘ, ભૂખ, અસુવિધાને વ્યક્ત કરવાનું એકમાત્ર સાધન રુધન હોય છે. આ ઉપરાંત શરૂઆતમાં તેનાં પ્રત્યક્ષીકરણોનો આધાર સંવેદન ઇન્દ્રિયો દ્વારા જોવા, સાંભળવા, સ્પર્શ, સ્વાદ અને સુગંધ પર જ હોય છે. તે ગમો વ્યક્ત કરવા માટે પણ શરીરને આગળ તરફ અને અણગમો વ્યક્ત કરવા અવ્યવસ્થિત કે પાછળ તરફ ફેરવવાનો પ્રયત્ન કરે છે. ત્યારબાદ એકાક્ષરી, શબ્દો અને વાક્યો એમ ક્રમશઃ ભાષાનો વિકાસ થાય છે. પૃથ્વી પરના તમામ સજીવો કરતાં માનવ તેની માનસિક શક્તિઓ અને ભાષા વિકાસને કારણે વિશિષ્ટતાને કારણે અલગ પડે છે, વધુ વિકસિત ગણાય છે. ભાષા વિકાસને કારણે જ વ્યવહાર, જ્ઞાન કે માહિતીનું આદાન-પ્રદાન, સાહિત્યનું સર્જન અને આસ્વાદ શક્ય બન્યો છે.

## 12.2 ભાષા વિકાસ એટલે શું ? (Meaning of Language Development)

- "ભાષા વિકાસના શિ1ણ માટે અપનાવવામાં આવતી આધુનિક ટૅક્નિકનો ઉપયોગ."
- શિક્ષક દ્વારા ભાષા શિક્ષણ માટે અપનાવવામાં આવેલ કોઈ દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ.
- માણસને અન્ય પ્રાણીઓથી જુદો પાડનારું તેનું એક લક્ષણ તેનો ભાષા વિકાસ છે. બાળક જયારથી વિચારવાનું શરૂ કરે છે ત્યારથી પોતાના વિચારો, લાગણીઓ, અપેક્ષાઓ, આકાંક્ષાઓ, વગેરેને વ્યક્ત કરવા માટે તે માધ્યમ તરીકે ભાષાનો ઉપયોગ કરે છે. આથી બાળકનો ભાષા-વિકાસ યોગ્ય રીતે થાય તે જરૂરી છે.
- ભાષા વિકાસ અન્ય વિષયોની સિદ્ધિમાં પણ મદદરૂપ બને છે. આથી ભાષા શિક્ષણ માટે જુદાં જુદાં અભિગમોની અજમાયશ કરવામાં આવી છે.
- કઈ રીતે શીખવવામાં આવે તો બાળક ભાષા સરળતાથી શીખી શકે તે અંગે અનેક સંશોધનો થયાં છે.
- ભાષા વિકાસ માટે ભાષા – પ્રયોગશાળા અસ્તિત્વમાં આવેલ છે.

સામાન્ય રીતે ભાષા અને ભાષાવિકાસનો અભ્યાસ કરવા માટે ભાષાશાસ્ત્રનો અને ભાષા વિજ્ઞાનનો અભ્યાસ કરવો પડે. પરંતુ આપણે બાળકના ભાષા વિકાસની ચર્ચા કરવાની હોવાથી તે સંદર્ભમાં ભાષાવિકાસનો અભ્યાસ કરવાનો છે. બાળકમાં ભાષાવિકાસ કેવી રીતે થાય છે, ભાષાવિકાસને કયા પરિબળો અસર કરે છે, શાળાએ બાળકના વિકાસમાં ભજવવાની ભૂમિકાનો અભ્યાસ કરવાનો છે.

ભાષા જન્મજાત નથી, પરંતુ ભાષા શીખવાની ક્ષમતા જન્મજાત હોય છે. સામાજિકીકરણની પ્રક્રિયા દરમિયાન વિવિધ સંકલ્પનાઓ દ્વારા ભાષા વિકાસની શરૂઆત થાય છે. સંકલ્પનાઓ, કર્મ, કર્તા સહિત યોગ્ય રીતે ગોઠવાઈને ભાષા બને છે. બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેની સંકલ્પનાઓ અને શબ્દભંડોળમાં વધારો થાય છે. સાહચર્ય, આદર્શ, ઉદાહરણ દ્વારા બાળકો સંકલ્પનાઓ અને ભાષા શીખે છે. ભાષામાં પ્રયત્ન અને ભૂલ, સાહચર્ય અને સાદશ્યતા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રસિદ્ધ ગુજરાતી ભાષા શાસ્ત્રી યોગેન્દ્ર વ્યાસના મતે, "ભાષા ભૌતિક પદાર્થરૂપે, વાયુરૂપે (ધ્વનિરંગ) અસ્તિત્વ ધરાવતી હોવાને કારણે અનુકરણથી માનસિક પ્રક્રિયારૂપે આકાર લેતી હોવાથી બાળક સાદશ્ય અને સાહચર્યની ભાષા શીખે છે."

ભાષા શક્તિ અને પ્રગતિનો વિકાસ સતત હોય છે. તેનો એક તબક્કો ક્યારે પૂરો થાય અને ક્યારે શરૂ થાય એ અંગેની ચોક્કસ ભેદરેખા દોરવી અશક્ય છે. વળી, આ તબક્કાઓમાં ચઢાવ-ઉતાર પણ આવે છે. ભાષા શીખવા માટે શારીરિક અને સ્નાયવિક વિકાસ અને સંકલન પણ જરૂરી છે.

ભાષા વિકાસના પ્રથમ તબક્કામાં એક માસની ઉંમર સુધીનું બાળક માત્ર રુદન દ્વારા જ ભૂખ, ઊંઘ, પીડા વગેરે અભિવ્યક્ત કરે છે. બે માસ પછી તે ઘુઘરાટ કરે છે. બાળક માટે માત્ર તે એક રમત છે, પરંતુ તેનાથી બોલવા માટેના સ્નાયુઓના સંકલનની શરૂઆત થાય છે. આઠ પાસ સુધીમાં બાળક દા-દા, બા-બા, પા-પા વગેરે જેવો એકાક્ષરી અવાજો કરે છે, તેનું પુનરાવર્તન કરે છે. આ ભાષા નથી, પરંતુમા-બાપ તેને દાદા, મામા, પાપા કે મમ્મી જેવા અર્થ આપી ખુશ થાય છે. આ તબક્કામાં બાળક અણગમતી કે ન જોઈતી વસ્તુઓને હાથથી ધકેલે છે. જરૂરી વસ્તુ મેળવવા માટે હાથ લાંબો કરે છે. બે-ત્રણ વર્ષની ઉંમરે નાનાં વાક્યો ''રોટલી આપો'', ''દાદા જાય છે'', ઉપરાંત ''હું'', ''તમે'', મને જેવાં સર્વનામોનો ઉપયોગ કરે છે. ત્રણથી પાંચ વર્ષનીઉંમરમાં બાળક વધારે વાતોડિયું બને છે. અનેક પ્રશ્નો પૂછે છે. છથી આઠ વર્ષ સુધીમાં તેનું શબ્દભંડોળ પણ વધે છે. હવે, તે નાની વાર્તાઓ પણ યાદ રાખીને કહી શકે છે.

જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ સામાજિક કૌશલ્યો અને સ્વીકૃતિ માટેનું મહત્ત્વનું માધ્યમ ભાષા જ બને છે.

બાલ્યાવસ્થા અંતમાં ઘર અને સમાજે મૂકેલ વાણી મર્યાદાને સમજે છે અને તેનું પાલન કરે છે. શાળામાં શિક્ષણના માધ્યમ તરીકે ભાષાના ઉપયોગ દ્વારા અને શિક્ષણ પ્રક્રિયા દરમિયાન નવી સંકલ્પનાઓ અને શબ્દો શીખે છે. શાળાના અને સામાજિક અનુભવો વાણી અને ભાષાવિકાસને પ્રભાવિત કરે છે. શાળામાં બાળક વ્યાકરણબદ્ધ ભાષા અભ્યાસ શરૂ કરે છે. આ ઉંમરે બાળકનું ભાષા બંધારણ સંતોષકારક બને છે. બાળક સ્વીકૃત સાચા ઉચ્ચારો કરવા માટે સંવેદનશીલ બને છે તેમ જ સ્પષ્ટતા અને ચોક્સાઈ મેળવવા માટે પ્રયત્નો કરે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ સામાજિક દરજ્જાનો મુખ્ય આધાર ભાષા અને તેના દ્વારા યોગ્ય અભિવ્યક્તિ પર રહે છે.

**ભાષાનો અર્થ અને વ્યાખ્યા :**

સંસ્કૃત ... ધાતુ પરથી ભાષા શબ્દ બન્યો છે. ''ભાષા'' નો અર્થ બોલવું એવો થાય છે. તેથી શબ્દાર્થની દૃષ્ટિએ ''જે બોલાય છે તે ભાષા'' એમ કહી શકાય. બાળમાનવના મુખમાંથી નીકળતા અવાજો કે ધ્વનિઓને ભાષા ગણવામાં આવતી નથી. મોં અને ગળાના અવયવોથી નીકળી અર્થપૂર્ણ શબ્દોના સંયોજનથી નીકળતા વાક્યોના સંયોજનને ભાષા કહે છે. જે બોલાય ત્યારે વ્યક્તિ પોતે અને અન્ય વ્યક્તિઓ તેને અર્થપૂર્ણ રીતે સમજી શકે ત્યારે જ ભાષા ગણવામાં આવે છે.''

જુદા જુદા અભ્યાસીઓએ ભાષાની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે, જે નીચે મુજબ છે.

''ભાષા, વાણી અને શ્રવણ વડે માનવ થકી અને એમના પ્રત્યે થતી અભિવ્યક્તિ અને સંક્રમણની પ્રક્રિયા છે. જેમાં બોલતાં કે સાંભળતા ધ્વનિઓનું માનવજાતિના ઇતિહાસમાં કોઈ પણ સમયે ચોક્કસ સમુદાય કે સમાજમાં સર્વ સામાન્ય વપરાશથી નિપજાવેલ, રૂઢ થયેલ અને સ્વીકૃતિ પામેલ વ્યવસ્થાઓરૂપે એવું સંયોજન છે કે એ ધ્વનિઓ એ સમુદાય કે સમાજના લગભગ સરેરાશ સભ્યો છે. પરસ્પર અવરોધનક્ષમ બને છે.'' ***– ગ્રે***

''ભાષા એ યાદચ્છિક ધ્વનિ સંકેતોની એક વ્યવસ્થા છે, જેના દ્વારા કોઈ એક સમાજના સભ્યો તરીકે અને તે સંસ્કૃતિના ભાગીદાર તરીકે વ્યક્તિને પરસ્પર આંતરક્રિયા કરે છે અને સંપર્ક રાખે છે.''

***– બ્રિટિશ સર્વવિદ્યા સંગ્રહ***

''ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે જેના દ્વારા કોઈ પણ એક સામાજિક જૂથના સભ્યો પરસ્પર સહકાર આપે છે અને સંપર્કમાં રહે છે.'' ***–એડગર સ્ટર્ટિવન્ટ***

"ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે જેના દ્વારા કોઈ પણ એક સામાજિક જૂથના સભ્યો પરસ્પર સહકાર આપે છે અને સંપર્કમાં રહે છે."                *–એડગર સ્ટર્ટિવન્ટ*

"ભાષા યાદચ્છિક વાચિક ધ્વનિનો અને ધ્વનિ શ્રેણીઓની એક સંઘટનાયુક્ત વ્યવસ્થા છે, જે માનવ વ્યક્તિઓના કોઈ જૂથ દ્વારા પરસ્પરના સંદેશાવ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે કે લઈ શકાય છે, અને સામાજિક માનવ પરિસ્થિતિમાં જોવા મળતા પદાર્થો, અને સામાજિક માનવ પરિસ્થિતિમાં જોવા મળતા પદાર્થો, પરિસ્થિતિ, ઘટનાઓ, પ્રક્રિયાઓની સંપૂર્ણ રીતે નોંધી આપે છે.

*–જ્હૉન બી. કેરોલ*

સ્વીટના મત મુજબ...

"ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ."

સંસ્કૃતમાં ... શબ્દનો અર્થ 'બોલવું' એવો થાય છે.

આમ જે બોલાય તે ભાષા એવું કહી શકાય.

ભાષાની વ્યાખ્યાને આધારે નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

– યાદચ્છિક અર્થ દર્શાવતી સંકુલ વ્યવસ્થા છે.

– સામાજિક પરિસ્થિતિમાં થતી ઘટના છે.

– જન્મજાત નથી, શીખેલી છે, તેમાં સર્જનાત્મક્તાને પણ અવકાશ છે.

– પ્રત્યાયનનું મહત્ત્વનું સાધન છે.

## 12.3 ભાષા વિકાસનું સ્વરૂપ (Nature of Language Development)

– ભાષા-પ્રયોગશાળા શબ્દનો પ્રયોગ પ્રથમવાર 1930માં રાલ્ફ એચ. વોલ્ઝે કર્યો હતો, પરંતુ ભાષા શીખવવા માટેના શ્રાવ્ય મશીનનો ઉપયોગ તેનાથી પણ આગળ છવ્વીસ વર્ષ પહેલાં થયો હતો. ભાષા પ્રયોગશાળાનું પ્રારંભિક સ્વરૂપ નીચે પ્રમાણે જોવા મળે છે.

– દરેક વિદ્યાર્થીને સાંભળવા માટેની પરિસ્થિતિઓનો સમૂહ પૂરો પાડવામાં આવે છે.

– ટેપ કરેલ અવાજને સંભળાવવામાં આવે છે.

– દરેક વિદ્યાર્થીને સાંભળવા માટે સ્વતંત્ર રીતે હેડ ફોન આપવામાં આવે છે.

– ભાષા પ્રયોગશાળામાં દરેક વિદ્યાર્થી માટે અલગ બૂથ હોવાં જોઈએ, દરેક બૂથમાં ઇયરફોન, માઇક્રોફોન, ટેઈપ-રેકોર્ડિંગ અને પ્લેઈંગ ઇક્વીપ મેન્ટ્સ હોય છે.

– શિક્ષકનું કાર્ય કન્ટ્રોલ કેન્દ્રમાંથી સમગ્ર પ્રયોગશાળાની કાર્ય રીતિ પર કાબૂ રાખવાનું હોય છે.

– ભાષા પ્રયોગશાળાની રચનામાં દરેક વિદ્યાર્થી પોત-પોતાના બૂથમાં પોતાનું અધ્યયન કાર્ય કરી શકે છે.

– શિક્ષક દરેક વિદ્યાર્થી પોતાના બૂથમાં શું કરે છે, શું સાંભળે છે તે કન્ટ્રોલ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની ખલેલ પહોંચાડ્યા સિવાય સાંભળી શકે છે.

– પ્રયોગશાળા વિભાગનું સ્વરૂપ નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) અનુકરણ દ્વારા શિક્ષણ :**

ભાષાનું શિક્ષણ અનુકરણ અને પુનરાવર્તન દ્વારા વિશેષ થઈ શકે છે. ભાષાપ્રયોગ શાળામાં વિદ્યાર્થી ટેપ સાંભળે, તે પ્રમાણે બોલે – અનુકરણ કરે અને તે પ્રમાણે શીખે છે. આ પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન કરવાથી જે બાબત શીખવવાની હોય તે સરળતાથી શીખી શકે છે. વિદ્યાર્થી પોતાની ઇચ્છા પ્રમાણે શિક્ષણ કાર્ય કરી શકે છે.

**(2) ગતિ પ્રમાણે શિક્ષણ કાર્ય :**

ભાષા પ્રયોગશાળામાં દરેક વિદ્યાર્થી પોતાની શક્તિ, ગતિ અનુસાર અધ્યયન કાર્ય કરી શકે

છે. દરેક વિદ્યાર્થીઓએ પોતાના બુથમાં પોતાની ઝડપે કાર્ય કરવાનું હોય છે. વ્યક્તિગત ભિન્નતા પ્રમાણે કાર્ય થાય છે.

**(3) વસ્તુ પસંદગીનો અવકાશ – કાર્યક્રમની પસંદગી :**

બીજી ભાષા પ્રયોગશાળામાં વિષયવસ્તુ પસંદગીનો અવકાશ વિદ્યાર્થીને રહેતો નથી. આ પ્રયોગશાળામાં વસ્તુ પસંદગી શિક્ષક જ કરે છે. જ્યારે બીજી પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ જાતે ટેપ પસંદ કરી સાંભળી શકે છે.

**(4) નિયમન કેન્દ્ર :**

પ્રયોગશાળામાં આ અગત્યનું કેન્દ્ર છે. આ નિયમન કેન્દ્રમાં ભાષા શિક્ષકનું સ્થાન મહત્ત્વ હોય છે અને તેના વિવિધ પ્રકારનાં નિયમન સાધનો હોય છે જે નીચે મુજબ છે.

**ડિસ્ટ્રિબ્યુશન સ્વિચો :**

– નક્કી કરેલ વિદ્યાર્થીના બૂથ તરફ રેકોર્ડ કરેલ કાર્યક્રમ પ્રસારિત કરવા.

**મોનીટોરિપલ સ્વિચો :**

– દરેક વિદ્યાર્થી પોતાના બૂથમાં ટેપ દ્વારા જે કંઈ કાર્ય કરે તે શિક્ષકને સાંભળવા.
– વિદ્યાર્થીની પદ્ધતિમાં ખામી હોય તો સુધારવા.
– ઉચ્ચારદોષ સુધારવા.
– લીગ્વિસ્ટિક ભૂલ સુધારવા.
– વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા.

**ઈન્ટરકોમ સ્વિચો :**

– દરેક વિદ્યાર્થી સાથે વ્યક્તિગત આદાન-પ્રદાન (વાતચીત) કરવા. દરેક સાથે વ્યવહાર કરવા.

**ગ્રુપકોલ સ્વિચો :**

– નિયમન કેન્દ્રમાંથી ચોક્કસ ટેપ સાંભળી રહેલ વિદ્યાર્થીઓને જરૂરી સૂચના જાહેરાત કરવા.

**ઓલ-કોલ સ્વિચો :**

દરેક વિદ્યાર્થીને સૂચના આપવા.

– ભાષા પ્રયોગશાળાઓમાં દરેક પાત્રને હેડફોન, માઈક્રોફોન અને ડબલ ટ્રેકવાળું ટેપ રેકોર્ડર આપવાનું શરૂ કરવામાં આવ્યું. આ સ્વરૂપ તુલનાત્મક શ્રાવ્ય-સક્રિય તરીકે ઓળખાયું. તેમાં ઉપલા ટ્રેકમાં મૂળ કાર્યક્રમ ટેપ થઈ શકે અને નીચલા ટ્રેકમાં વ્યક્તિ પોતે બોલે તે ટેપ થઈ શકે, જેનાથી વ્યક્તિ પોતે જે બોલે તે ફરીથી સાંભળી શકે અને મૂળ કાર્યક્રમ સાથે સરખાવી શકે.
– આ તમામ સ્વરૂપની પ્રયોગશાળામાં દરેક વિદ્યાર્થી માટે એક સ્થિર બૂથ પર આ પ્રકારની સુવિધાઓ હોય, જેનો દરેક વિદ્યાર્થી સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકે અને એક નિયંત્રક બૂથ હોય જેની સાથે દરેક બૂથના ટેપ રેકોર્ડર, હેડફોન અને માઈક્રોફોન જોડાયેલ હોય.
– આ બૂથ પર એવાં સાધનો ગોઠવાયેલાં હોય, જેનાથી શિક્ષક દરેક વિદ્યાર્થીના બૂથ પરનાં સાધનોનું નિયંત્રણ કરી શકે. વ્યક્તિગત ધ્યાન આપી શકે અને વ્યક્તિગત રીતે દ્વિમાર્ગી વાતચીત કરી શકે.
– સમય જતાં આધુનિક પ્રયોગશાળાઓ અસ્તિત્વમાં આવી છે, જેમાં બધા જ પ્રકારની વ્યવસ્થા હોય છે.

## 12.4 ભાષા વિકાસની જરૂરિયાત (Need of Language Development)

ભાષા પ્રયોગશાળાએ ભાષા શિક્ષણમાં સૌથી આધુનિક અને મહત્ત્વનો વિચાર છે. તેની જરૂરિયાત નીચે મુજબ છે :

(1) વ્યક્તિગત તફાવત પ્રમાણે શિક્ષણ કાર્ય કરવા.

(2) અસરકારક પ્રત્યાપન કાર્ય કરવા.

(3) મૂળ વ્યક્તિની ભાષા સાંભળવા.

(4) વિદ્યાર્થીઓના ભાષાના મૂળભૂત કૌશલ્યો જાણવા, કથન, વાચન અને લેખન કેળવવા.

(5) શુદ્ધ ઉચ્ચાર સાથે ભાષા બોલી શકે.

(6) વિદ્યાર્થીને ભાષાના મૂળ સ્વરૂપનો ખ્યાલ મેળવવા.

(7) વિદ્યાર્થીઓને ભાષાનો સક્રિય ઉપયોગ કરવા.

(8) વિદ્યાર્થી પોતાની ભૂલો પોતે સાંભળી શકે તે માટે.

(9) વ્યક્તિગત માર્ગદર્શન આપવા.

(10) શિક્ષક કોઈ પણ વિદ્યાર્થીને વ્યક્તિગત સૂચના આપવા.

## 12.5 ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો (Factors Infuencing Language Development) :

ભાષા વિકાસ પર નીચેના પરિબળો અસર કરે છે :

**(1) અનુકરણ :**

ઉચ્ચારો, લહેકો બદલાતાં જાય છે. સ્વરભારની સૂઝ વધે છે. મા-બાપની જેમ અનુકરણથી બોલવાની ટેવ પડતી જાય છે જેના મા-બાપા વાચાળ ને બોલકાં હશે એમનાં બાળકો રમતિયાળ, ઝડપથી બોલી નાખનારાં અને સ્વભાવે ઉતાવળિયાં હોવાનાં.

**(2) ઘરનું વાતાવરણ :**

ભાષાના વિકાસનો મુખ્ય ઘરના આસપાસના વાતાવરણ ઉપર છે. ઘરમાં વાતાવરણ પ્રેમાળ અને હુફાળુ હોય તો બાળકોની કલ્પના શક્તિની બહુ વધે છે. સારા વાતાવરણમાં જીભ છૂટી રહે છે.

**(3) સંઘર્ષનું પ્રમાણ :**

ઘરનું વાતાવરણ સંઘર્ષમય હોય તો તેની અસર બાળક પર પડે છે. ભય, ઝગડા, માબાપની ઉદાસીનતા, આળસ નિષ્ક્રિયતા હોય ત્યાં બાળક પોતે થોથવાય છે, જીભ તોતડાય છે. એ મોકળાશથી વિચાર વ્યક્ત કરી શકતું નથી. એની ભાષા ગળામાં જ અટવાઈ જાય છે.

**(4) શારીરિક પરિપક્વતા :**

શારીરિક પરિપક્વતા ભાષા વિકાસ પર અસર કરે છે. શરીરનો વિકાસ યોગ્ય રીતે ન થયો હોય તો બોલવામાં તકલીફ પડે છે. યોગ્ય વિકાસ થયો હોય તો સારી રીતે બોલી શકે.

**(5) માતા-પિતાનું પ્રોત્સાહન :**

ઘરમાંથી માતા પિતાનું કેટલું પ્રોત્સાહન મળે છે. તેની અસર ભાષા વિકાસ પર થાય છે. માતાપિતાનું ઘરમાંથી પ્રોત્સાહન મળતું ન હોય તો બાળક લઘુતાગ્રંથિથી પીડાય છે. વધુ પ્રોત્સાહન મળતું હોય તો બાળક પ્રેમાળ બને છે.

**(6) બૌદ્ધિક વિકાસ :**

બૌદ્ધિક વિકાસ સારો થયો હોય તો સારી રીતે ઉચ્ચાર કરી શકે, બૌદ્ધિક વિકાસમાં ખામી હોય તો બોલવામાં તકલીફ પડે છે.

**(7) જરૂરી માર્ગદર્શન :**

બાળકને ઘર અને શાળામાં ભાષાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન મળતું હોય તો ભાષાનો વિકાસ થાય છે. શુદ્ધ ઉચ્ચાર, બોલવાની રીત, ભૂલો પ્રત્યે ધ્યાન વગેરે બાબત અંગે માર્ગદર્શન મળતું હોય તો ભાષાનો વિકાસ થાય.

**(8) સમાજનો સહયોગ :**

બાળક વધુ સમાજમાં રહે તો ભાષાનો વિકાસ થાય છે. અન્ય મિત્રમંડળ સાથે ન ભળતાં તેની અસર થાય છે.

**ભાષાવિકાસ પર અસર કરતાં પરિબળો :**

બાળકના તમામ પ્રકારના વિકાસને વારસો અને વાતાવરણ સંબંધિત અનેક પરિબળો અસર કરે છે. ભાષાવિકાસ પણ દરેક બાળકનો એકસરખો હોતો નથી. બાળકના ભાષાવિકાસને અનેક પરિબળો અસર કરે છે. બાળકની ઉંમર અને શારીરિક વિકાસની સાથે જ તે મુજબનો જ ભાષા વિકાસ થાય છે. બાળકની વૃદ્ધિ, બુદ્ધિ, જન્મનો ક્રમ, જાતિ, સામાજિક-આર્થિક દરજ્જો, દ્વિભાષીપણું જેવા ઘટકો બાળકના ભાષા વિકાસને અસર કરે છે.

**(1) વૃદ્ધિ :**

સામાન્ય રીતે ઝડપી વૃદ્ધિ ધરાવતા બાળકોને ભાષા વિકાસ ઝડપી હોય છે. કેટલાંક બાળકોનો ભાષાવિકાસ મોડો શરૂ થાય છે. બાળક મોડું બોલતાં શીખે તો મા-બાપ ચિંતા કરે છે. બાળકને જો દબાણ કરવામાં ન આવે તો યોગ્ય સમયે સમવયસ્કો જેટલો જ ભાષાવિકાસ થાય છે. પરંતુ જો ભાષાવિકાસની ખામી, માનસિક વિકાસ નબળો હોવાને કારણે હોય તો બાળકને ભાષાવિકાસમાં મુશ્કેલી સતત રહે છે. આ ઉપરાંત મોં અને ગળાના સ્નાયુઓ, શ્વસનતંત્ર, જડબું, હોઠ પર નિયંત્રણ અને તેમનું સંકલન પણ ભાષાવિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

**(2) બુદ્ધિ :**

બૌદ્ધિક ક્ષમતાને વારસો અને વાતાવરણ બંને અસર કરે છે. બુદ્ધિ ભાષાવિકાસ સાથે ઉચ્ચ સહસંબંધ ધરાવે છે. બુદ્ધિશાળી બાળકો સ્વીકૃત વાણી વિકાસ અને સારી અભિવ્યક્તિ માટે જરૂરી ભાષાવિકાસ ઝડપથી પ્રાપ્ત કરે છે.

એ જ રીતે બૌદ્ધિક ક્ષમતા મર્યાદિત હોય એવા બાળકો સ્વીકૃત ભાષા અને અભિવ્યક્તિમાં નબળા હોય છે. ભાષાવિકાસ માટે જરૂરી વિચારણા અને સંકલ્પના ઘડતરમાં બાળક નબળું હોય તેમ છતાં જો વડીલો સામાન્ય ભાષાવિકાસનો આગ્રહ રાખે તો બાળક ભાષામાં વધુ ગૂંચવાડા કરે છે. કેટલાંક બાળકો શરૂઆતમાં ઝડપી ભાષાવિકાસ સાધે છે. પરંતુ શાળાપ્રવેશ પછી તેમનો ભાષાવિકાસ સામાન્ય બાળકો જેટલો સમાન જ હોય છે. કેટલાંક બાળકોનો ભાષાવિકાસ શરૂઆતમાં ધીમો હોય છે, પરંતુ પ્રાથમિક શાળામાં પ્રવેશ પછી સામાન્ય ભાષાવિકાસ થાય છે.

**(3) જાતિ :**

જાતિ અને ભાષાવિકાસ અંગે થયેલા સંશોધનોમાં તારણો દર્શાવે છે કે છોકરાઓ કરતાં છોકરીઓનો ભાષાવિકાસ વહેલો અને ઝડપી હોય છે. છોકરીઓ વહેલું બોલતાં શીખે છે. વાક્યોની લંબાઈ, વ્યાકરણશુદ્ધિ, શબ્દનો ઉપયોગ, સમજ અને વાચાળપણું પણ છોકરાઓ કરતાં વધુ સારું હોય છે. છોકરાઓ કરતાં છોકરીઓ સરેરાશ વધુ શબ્દભંડોળ ધરાવે છે. જો કે કેટલાક કિસ્સાઓમાં આ તફાવત નહિવત હોય છે. આમ છતાં, આ તફાવત પુખ્તાવસ્થા સુધી રહે જ છે

**(4) સામાજિક-આર્થિક દરજ્જો :**

અનુકૂળ સામાજિક-આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબનાં બાળકો પ્રતિકૂળ સામાજિક-આર્થિક દરજ્જો ધરાવતા બાળકો કરતાં ભાષાશક્તિ વધુ પ્રમાણમાં વિકસે છે. ઉચ્ચ અને સારા સામાજિક-આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબનાં બાળકો ભાષાની સારી ભાત, સમૃદ્ધ શબ્દ-ભંડોળ અને વધુ વાચાળ હોય છે. જોકે તેનું એક કારણ એ પણ હોઈ શકે કે સારો સામાજિક, આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબના લોકો વધુ બુદ્ધિશાળી અને ઉચ્ચ કેળવણી પામેલ હોવાથી તેમના બાળકોને સારું વાતાવરણ, સારી ભાષા અભિવ્યક્તિનો નમૂનો કે આદર્શ મળી રહે છે.

સારું શબ્દભંડોળ અને અનુકરણીય ભાષાની ભાત પણ પ્રાપ્ત થાય છે. આમ, વારસો અને વાતાવરણની સંયુક્ત અસરો સારા ભાષાવિકાસમાં પરિણમે છે.

**(5) પ્રત્યક્ષીકરણ :**

પ્રત્યક્ષીકરણ કરવાની વ્યક્તિગત શક્તિ બાળકના ભાષાવિકાસમાં અગત્યનું પરિબળ છે. બાળક ત્રણ માસનું થાય ત્યારથી અવાજની દિશામાં જુએ છે. પાંચ માસથી સાત માસ દરમિયાન વસ્તુઓ પકડવાનો પ્રયત્ન કરે છે. આમ દૃષ્ટિ, શ્રવ્ય અને સ્પર્શ દ્વારા વાતાવરણના સંપર્કમાં આવે છે. એકથી બે વર્ષનું બાળક આકાર સમજે છે અને સમાન આકારોને ઓળખે છે. આમ છતાં, બાળક એક વર્ષનું થાય ત્યાં સુધી તે વસ્તુનું નામ હોય છે, તેનો ખ્યાલ હોતો નથી. બાળક સૌપ્રથમ અંતરનું પ્રત્યક્ષીકરણ શીખે છે. જો કે ચોક્કસ માપનું અંતર શીખતાં વાર લાગે છે. બાળકમ અંતરની પરિસ્થિતિને પણ સમયના સંદર્ભમાં જુએ છે. બે વર્ષની વય પછી સંકલ્પનાઓ વિકસે ત્યારે ભાષા દ્વારા વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. ત્રણ વર્ષથી પાંચ વર્ષ દરમિયાન ધીમે ધીમે આવેગોને અભિવ્યક્ત કરતાં શીખે છે. પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા તેના ભાષાવિકાસને વધુ ચોક્સાઈ તરફ દોરી જાય છે.

**(6) ભાષાવિકાસમાં શાળા અને શિક્ષકો :**

બાળકના ભાષાવિકાસ માટે શાળા અને શિક્ષકે આયોજનપૂર્વક વ્યવસ્થિત પ્રયત્નો કરવાના હોય છે. શ્રવણ, વાંચન અને પછી લેખનના ક્રમને અનુસરવાથી ભાષાવિકાસ સારો થાય છે. આ માટે વિશિષ્ટ શિક્ષણ-સામગ્રીનો ઉપયોગ કરવાથી ભાષા શિક્ષણ અસરકારક બને છે. વિવિધ પ્રવૃત્તિઓ, સમાચાર વાંચન, વાર્તાકથન, સુલેખન, જ્ઞાનગોષ્ઠિ, વક્તૃત્વ, ભીંતપત્ર વગેરે ભાષાવિકાસ માટે ઉપકારક નીવડે છે. આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં બાળકોને શાળા અને શિક્ષકો પ્રોત્સાહન આપે તે પણ જરૂરી છે, જેથી બાળકનો ભાષાવિકાસ સારો થાય. આ ઉપરાંત દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો તેમજ શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણો બતાવવાથી શુદ્ધ ઉચ્ચાર સાથે શિક્ષણ મળે છે, જેથી બાળકના ભાષાવિકાસ પર વિધાયક અસર થાય છે.

## 12.6 બાળકના ભાષા વિકાસમાં શાળાની ભૂમિકા (Role of School Child's Language Development) :

બાળકના ભાષા વિકાસ માટે શાળામાં નીચેની વ્યવસ્થા કરવી જોઈએ.

**(1) ઉપચાર કાર્ય હાથ ધરવું :**

નિદાન કાર્યના આધારે થયેલ ભૂલો પ્રમાણે તે ભૂલો સુધારવા માટે ઉપચારકાર્ય હાથ ધરવું જોઈએ.

**(2) વ્યક્તિગત તફાવત પ્રમાણે કાર્ય :**

શાળામાં વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી કાર્ય ગોઠવવું જોઈએ.

**(3) જૂથ વિભાજન :**

વિદ્યાર્થીની જોવા મળેલ ભૂલો સુધારવા માટે ભૂલો પ્રમાણે, જૂથ વિભાજન કરવું જોઈએ. ભૂલો પ્રમાણે જૂથ પાડવા, તે પ્રમાણે ઉપચાર કાર્ય કરો.

**(4) શુદ્ધ ઉચ્ચાર સંભળાવો :**

બાળકોને શુદ્ધ ઉચ્ચાર કેવી રીતે બોલી શકાય તે માટે કેસેટનો ઉપયોગ કરીને, શુદ્ધ ઉચ્ચાર કેવી રીતે બોલાય, તે કેસેટનો ઉપયોગ કરી સંભળાવો, જેથી બાળકો શુદ્ધ ઉચ્ચાર કરતાં થાય.

**(5) વિદ્યાર્થીને પોતાની ભૂલો સંભળાવો :**

વિદ્યાર્થીએ કરેલ ભૂલો સંભળાવો, વિદ્યાર્થીને પોતાની ભૂલનો ખ્યાલ આવે ધીમે ધીમે ભૂલોમાં સુધારો થાય.

**(6) વ્યક્તિગત માર્ગદર્શન :**

વિદ્યાર્થી થયેલ ભૂલો પ્રત્યે વ્યક્તિગત માર્ગદર્શન આપો. કેવી ભૂલો થાય છે ? તે ભૂલો સુધારવા શું કરી શકાય, તે માટે જરૂરી માર્ગદર્શન આપો.

**(7) ભાષાના વિવિધ કૌશલ્યનો ઉપયોગ કરો ?**

વિદ્યાર્થી ભૂલો ન કરે તે માટે ભાષાના વિવિધ કૌશલ્યનો ઉપયોગ કરો. દા.ત. વાચન, શ્રવણ, લેખન, વગેરે.

**(8) સ્વાધ્યાય કાર્ય :**

વિદ્યાર્થીઓને ભૂલોને ધ્યાનમાં રાખી સ્વાધ્યાય કાર્ય આપો. આપેલ કાર્યની ચકાસણી કરો તેમાં થયેલ ભૂલો પ્રત્યે વિદ્યાર્થીનું ધ્યાન દોરો.

**(9) પ્રાયોગિક કાર્ય :**

વિદ્યાર્થી વિવિધ કૌશલ્યને ધ્યાનમાં રાખી પ્રાયોગિક કાર્ય શિક્ષક દ્વારા કરવામાં આવે, તેમજ કેસેટનો પણ ઉપયોગ કરી શકાય.

શિક્ષક દ્વારા કાર્ય હાથ ધરવામાં આવે પછી તેવું કાર્ય વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે.

**(10) કા.પા. કાર્ય :**

વિદ્યાર્થીઓમાં ઉચ્ચાર દોષ, ભાષાદોષ, વ્યાકરણદોષ ન થાય તે માટે કા.પા. કાર્ય શિક્ષકે કરવું તેમજ વિદ્યાર્થીઓ પાસે કરાવવું જોઈએ.

**(11) પુનરાવર્તન કાર્ય :**

ભાષા શીખવવામાં અનુકરણ અને મહાવરાની જરૂર પડે છે. આથી વિદ્યાર્થીને સઘન મહાવરા માટે ટેપની વ્યવસ્થા કરવી. અવાજને સંભળાવો, મૂળ અવાજનું અનુકરણ કરીને વારંવાર બોલી શકે તેવી વ્યવસ્થા ગોઠવો. આ તમામ ક્રિયાઓ ત્યારે જ શક્ય બને જ્યારે પોતે બોલેલ અવાજને ફરીથી સાંભળી શકે અને પુનરાવર્તન કરી શકે.

**(12) ભાષા શિક્ષણનું પ્રવચન :**

શાળામાં બહારથી ભાષા શિક્ષણનું પ્રવચન ગોઠવવામાં આવે. શિષક ભાષા અંગે જરૂરી માહિતી આપે. ઉચ્ચાર, ભૂલો કેવી થાય, વ્યાકરણ દોષ વગેરેની માહિતી આપે.

**(13) ભાષા પ્રયોગ શાળાની વ્યવસ્થા :**

શાળામાં ભાષા પ્રયોગ શાળાની વ્યવસ્થા કરવામાં આવે જેમાં આધુનિક વ્યવસ્થા હોય.

**ભાષાવિકાસમાં શાળાની ભૂમિકા :**

શાળામાં પ્રવેશ મેળવતું બાળક ઘરમાં વપરાતી સામાન્ય બોલચાલની ભાષાથી પરિચિત હોય છે. શાળામાં બાળકને માન્ય ભાષા શીખવવાની હોય છે. કથન, વાંચન, લેખન એમ ત્રણેય કૌશલ્યો બાળકને શીખવવાના હોય છે. આ માટે શાળાએ નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**(1)** શિક્ષકો દ્વારા શુદ્ધ ભાષા અને શુદ્ધ ઉચ્ચારણો વર્ગખંડમાં શિક્ષકની ભાષા શુદ્ધ હોય, ઉચ્ચારણો શુદ્ધ હોય તો બાળક શિક્ષકનું અનુકરણ કરી શુદ્ધ ઉચ્ચારો કરતાં શીખે છે.

**(2) ઉપયોગ :**

મહાવરો વ્યક્તિને વધુ ચોક્કસ બનાવે છે, તેથી બાળક ભાષાનો વધુ ને વધુ ઉપયોગ કરે તે હેતુથી ગીતસ્પર્ધા, સમાચાર વાંચન, નિબંધલેખન, સુખલેન, સૂત્રલેખન, વક્તૃત્વ, ભીંતપત્ર જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

**(3) વાચનની તકો :**

બાળકના સારા ભાષાવિકાસ માટે વાચન મહત્ત્વનું છે. ધોરણ-1 થી 5માં તેને બાલવાર્તાઓ, ચિત્ર વાર્તાઓ વાંચવાની તકો મળવી જોઈએ.

**(4) ઇન્દ્રિયો દ્વારા શિક્ષણ :**

સ્પર્શ, દૃશ્ય, શ્રાવ્ય દ્વારા શિક્ષણ આપવું જોઈએ. વિડીયો, ચાર્ટ્સ, નકશા, પ્રયોગો-નિદર્શન, શૈક્ષણિક પ્રવાસ દ્વારા ઇન્દ્રિય અનુભવ દ્વારા શિક્ષણ આપવાથી ભાષા વધુ દૃઢ બને છે, શબ્દભંડોળ વધે છે.

**(5) સ્વાભાવિક વર્તનની તક :**

બાળકને સ્વાભાવિક સ્વરૂપના અનુકરણો કરવાની તક આપવી જોઈએ. ગીત, નૃત્ય, સંવાદ, મિમિક્રી, અભિનય, એકપાત્ર અભિયાન દ્વારા બાળક સહજતાથી જ ભાષા વિકસાવે છે. બાળકને આવી સાહજિક વર્તનની તક પૂરી પાડવી જોઈએ.

**(6) અર્થપૂર્ણતા :**

વિગતોને અર્થપૂર્ણ રીતે રજૂ કરવાથી બાળક સરળતાથી ભાષા શીખે છે. જેમ કે, વર્ષાઋતુ નિબંધ, વરસાદના કાવ્યો વગેરે ચોમાસામાં શીખવવા, રાષ્ટ્રીય તહેવારો વખતે દેશપ્રેમના ગીતો અને શહીદોના પાઠ શીખવવા. આ ઉપરાંત વાસ્તવિક્તા સાથે સંબંધ જોડીને અભ્યાસ કરાવવાથી ભાષા વિકાસ સારો થાય છે.

## 12.7 માનવ મૂલ્યો અને સાહિત્ય

***– ભોગીલાલ ગાંધી***

આજના અણુયુગમાં મુખ્યતઃ પશ્ચિમના સમાજોમાં વ્યક્તિગત અને સામાજિક જીવનનું એકે એવું અંગ બચવા પામ્યું નથી, જ્યાં જીવનમૂલ્યોની ન્યૂનતા વ્યાપક બન્યા વિના રહી હોય. માનવીનાં સમગ્ર ચિંતન, અનુભૂતિ અને વ્યવહારમાં આ શૂન્યતા જુદા જુદા આકાર-પ્રકારે પ્રગટ થઈ રહી છે.

ત્યાંના વ્યવહારજીવન તરફ દૃષ્ટિક્ષેપ કરતાં જ, સૌથી આઘાતજનક હકીકત એ નજરે પડે છે કે આજના અતિકેન્દ્રિત આર્થિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે વ્યક્તિમાનવ લગભગ અદૃશ્ય થયો છે; રહી ગયો છે. જૂથમાનવ (Organization man). એના દૈનંદિન જીવનનાં કાર્યો અને કર્તવ્યોનો સમસ્ત વ્યવહાર સામૂહિક વ્યવહારનો કેવળ અંશ છે; એટલું જ નહિ, પરંતુ સામૂહિક વ્યવહાર જ મોટે ભાગે એની દિશા અને ગતિ નક્કી કરી આપે છે; અને વ્યક્તિનું સ્થાન પોતે જ જેનું સર્જન કર્યું છે તે ઉપાદાનોના ચેતનામય સંચાલક તરીકેનું રહેવાને બદલે એ ઉપાદાનોથી સંચાલિત જડ પદાર્થ (object) તરીકેનું બની ગયું છે ! દા.ત., આર્થિક ઉત્પાદનના બજારમાં વ્યક્તિમાનવ બજારુ "ક્રયવસ્તુ" (commodity) બન્યો છે, ને રાજકારણી-વહીવટી તંત્રમાં તેનું સ્થાન કેવળ ઔપચારિક કર્તૃત્વ પૂરતું જ સીમિત બની ગયું છે. બલ્કે, આજનો વ્યક્તિમાનવ જંગી યંત્ર-તંત્રના ઉપયોગ માટેનું સાધનમાત્ર બની રહ્યો છે. જડવસ્તુઓ, ઢાંચાઓ, સંગઠનો એટલે કે આકારો (Forms)નું જીવન ઉપર, ચેતન ઉપર એવું તો વર્ચસ જામી રહ્યું છે કે માનવી ચેતનાનો શ્રેષ્ઠતમ આવિષ્કાર હોવાની હકીકત જ જાણે વીસરાઈ ગઈ છે. જાણે કે કર્તાનું objectification (એટલે કે પદાર્થીકરણ) થયું છે. ટૂંકમાં, જ્ઞાતા જ્ઞેયની સ્થિતિમાં હડસેલાઈ ગયો છે. પરિણામે, પોતના જીવનને સીધી યા આડકતરી રીતે, છતાં નિર્ણાયક રીતે અસર કરનારી ઘટનાઓની બાનબતમાંય માનવીને પોતાને હસ્તક ભાગ્યે જ કશી નિર્ણાયકતા રહેવા પામી છે. મોટે ભાગે તો પોતાથી અળગાં, પોતાના કાબૂ બહારનાં પરિબળોએ નિર્ધારિત કરેલા નિયમો, સારાસારવિવેકો અને શુભાશુભ મૂલ્યોનો બોજ ઉઠાવી, પોતે કઈ મંજિલ કાપી રહ્યો છે, શાને માટે આટલો ચંચલ અને ઉદ્ધત બન્યો છે – કશાની સ્પષ્ટ જાણકારી કે સમજણ વિના તે સંજોગાનુસારી કૃત્રિમ પ્રતિકારપ્રેરિત (conditioned reflex) પ્રાણીની જેમ બાહ્ય સંચાલિત બન્યો છે. વળી સમૂહગત જીવન જીવવા છતાં તે એકલવાયો છે. સમૂહ સાથેનો એનો સંબંધ પરાયાપણાનો જ રહ્યો છે; એટલું જ નહીં, સ્વયમ્ આવેગ અને સૂઝથી મોટેભાગે કશું જ કરી શકતો ન હોઈ કોઈ પ્રવૃત્તિ કે વ્યક્તિ સાથેય તે પોતાપણું, જીવંતપણું, આત્મીયતા અનુભવી શકતો નથી. આથી પણ આગળ વધી અવલોકન કરીએ તો જણાય છે કે જે કુદરતના એક અંશ તરીકે તે જન્મ્યો છે ને ઊછર્યો છે તે કુદરત અને જે વિશ્વ (unicerse)માં તે આવડો ઉત્પાત મચાવી રહ્યો છે તે વિશ્વ સાથેય આજનો અણુયુગી માનવી અનાત્મીય બની ચૂક્યો છે.

માનવીના આ સર્વાંગી અનાત્મીકરણ (alienation)ની પ્રક્રિયાએ એટલી હદે તેનું અમાનવીકરણ (dehumnization) કર્યું છે કે એક બાજુ અણુયુદ્ધની સર્વસંહારક શક્યતાનો ભય કે વાસ્તવમાં થઈ રહેલી લાખોની કતલ, કરોડોનું શોષણ, અબજોની યાતનાઓ, આજસ્ત્ર અન્યાય-અત્યાચારોનો ધોધ-કશાથી ભાગ્યે જ તે હાલી ઊઠે છે (અને હાલી ઊઠે તોય મહદ્દંશે તે નિઃસહાય જેવો હોય છે!) તો બીજી બાજુ કુટુંબ, પડોશી અને ઇતર નૈસર્ગિક સંબંધોની ઉષ્મા પણ તે શુદ્ધ સ્વરૂપે અનુભવી શકતો નથી. આમ તમામ ક્ષેત્રે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના તંતુનો લોપ થઈ રહ્યો છે, ને વ્યાવસાયિક (ocuupational) સંબંધ જ સર્વોપરી બન્યો છે. દા.ત.; માણસનો પરિચય આ દાક્તર છે, આ વકીલ છે, આ અધ્યાપક, કારકુન, કામદાર કે મેનેજર છે — એટલામાં જ સમાઈ જાય છે. આ વ્યાવસાયિક સંબંધની વિશેષતા જ એ છે કે તે માનવીની અખંડિતતાને, સમગ્રતાને સ્પર્શવાને બદલે તેને આંશિક રીતે અને ઉપરની સપાટીએ જ સ્પર્શે છે અને એના વ્યક્તિત્વના ટૂકડા પી દઈ એના એવા જ અંશને અપનાવે છે કે જે ઉપયોગિતા (utility)ની દૃષ્ટિએ જ આવશ્યક હોય. પરિણામે આપણે જોઈએ છે કે વ્યક્તિનું મૂલ્ય એનાં માનવીય લક્ષણોમાં નહિ, પરંતુ એનાં ઉપયોગિતાવાદી (દાક્તરપણું, અધ્યાપકપણું, વ્યવસ્થાપકપણું) ગુણમાં એટલે કે વ્યવહારુ કૌશલ્યમાં લેખાતું થયું છે. સામેથી વ્યક્તિ પણ બીજાઓના એ અભિપ્રાયો તથા તેમની જરૂરિયાતોને વધુમાં વધુ અનુકૂળ થઈ પોતાની સફળતા સિદ્ધ કરવા પ્રેરાય છે. બલ્કે અંધસંમતિવાદ (conformism) સલામતીનું શ્રેષ્ઠ કવચ બની ગયું છે.

આમ, માણસ માટે પોતાની બાહ્ય કાર્યદક્ષતા જ જ્યારે એકમાત્ર કસોટી બની જાય ત્યારે સ્વયંસંચાલિત યંત્ર (automotion)ની લાગણીવિહીનતા પણ અનુકરણીય ગુણ બની જાય તો તેમાં નવાઈ નથી.

વ્યક્તિની નવી સર્વાંશી વ્યક્તિરહિતતા (depersonification) અને નગણ્યતા (invalidation) સમગ્ર જીવનને શૂન્યતાથી ભરી દે છે. આવા શૂન્ય અને વ્યર્થ જીવનમાં માનવીય મૂલ્યો માટે અવકાશ જ ક્યાંથી રહે ? આવી શૂન્યતાજનિત નિર્મૂલ્યતા ધીમા મારક વિષથીય ભયંકર છે.

(2) જીવનની આવી કટોકટીને સમયે અણુયુગી માનવીને પ્રતિકારનું સાધન અને બળ ભાગ્યે જ ક્યાંય દેખાય છે.

મધ્યયુગી ધાર્મિક અને શાસ્ત્રોક્ત શ્રદ્ધા આજના અણુયુગી માનવીને કશી જ પ્રેરણાકે અશ્વાસન આપી શકતી નથી; એટલું જ નહિ, પણ અઢારમી-ઓગણીસમી સદીમાં પ્રાકૃતિક, અને ભૌતિક વિજ્ઞાનના સંશોધનને પરિણમે ભૌતિક પરિવર્તનોના કાનૂનોની બાબતમાં તેને જે અટલ શ્રદ્ધા જાગી હતી અને ઔદ્યોગિક ક્રાંતિની તથા ફ્રેંચ ક્રાંતિની સિદ્ધિઓએ માનવીમાં બ્રહ્માંડ આખાને બાથમાં લેવાની જે મહેચ્છા પ્રગટાવી હતી તે હવે નામશેષ બની છે. વળી, એ યુગમાં માનવીએ ઇશ્વરના સિંહાસન પર બુદ્ધિવાદ અને તર્કવાદની પ્રતિષ્ઠા કરીને સુગઠિત ન્યાયી સમાજ રચનાની જે આસ્થા સેવી હતી તેય ખંડિત થઈ છે.

માનવીની મહાનતા – માનવી જ બ્રહ્માંડનું કેન્દ્ર, માનવી જ પ્રગતિની પારાશીશી અને માનવીય બુદ્ધિની સર્વોચ્ચતા – ધાર્મિક શ્રદ્ધા ડૂલ થયા પછીનો આ બીજો આધારસ્તંભ પણ ખખડી ઊઠ્યો છે; બલ્કે, આજે તો ભૌતિક વિજ્ઞાનીઓ પોતે જ ગઈ કાલ સુધી સાચા અને અટલ માનેલા સિદ્ધાંતો અને કાનૂનો અંગે શંકાશીલ અથવા નાસ્તિક બન્યા છે.

આ ઉપરાંત પણ ભૌતિક વિજ્ઞાનની એક બીજી પાયાની કમજોરી પ્રગટ થઈ છે. કેવળ ભૌતિક પદાર્થના બાહ્ય અને આંશિક અસ્તિત્વને સ્પર્શનારી પ્રયોગાનત્મક પૃથક્કરણી (વૈજ્ઞાનિક) પદ્ધતિ માનવીના સમગ્ર આંતરિક ક્લેવર અને સ્વભાવનું દર્શન કરવામાં જ નિષ્ફળ પુરવાર થઈ છે. પરિણામે માનવીના શક્ય વિકાસની બાબતમાં કોઈ નિશ્ચયાત્મક્તા અને ભવિષ્યવાક્યતા (predictability) રજૂ થઈ શકે કે કેમ એ વિશે જ શંકા પેદા થઈ છે.

તો વળી, સામાજિક પરિવર્તનની બાબતમાં સ્થિતિ જરાય વધુ આશાસ્પદ નથી. માર્ક્સની ક્રાંતિના અટલ ગણાતા ઐતિહાસિક સિદ્ધાંતો અને કાનૂનોનાં પરિણામો જોયા પછી એ ઐતિહાસિક

નિયતિવાદ પણ નિષ્ફળ પુરવાર થયો છે, અને ફ્રોઈડના અંતર્યામી મનોવિજ્ઞાન તથા મનોવિશ્લેષણની મર્યાદાઓ જાણ્યા પછી એની સર્વજ્ઞતાનો દાવો પણ ટકી શક્યો નથી.

છેક વીસમી સદીના આરંભ સુધી સેવેલી માન્યતા કે આ બધાં ઊગતાં અનિષ્ટોનો ઉપાય હજી સુધી વિજ્ઞાન, વધુ ટૅક્નોલૉજી, વધુ યંત્રતંત્રમાં રહેલો છે — આ શ્રદ્ધા પણ હવે હાલી ગઈ છે.

આમ ધર્મ, બુદ્ધિવાદ, ભૌતિકવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને ક્રાન્તિવિજ્ઞાન સૌએ માનવીની રહી સહી શ્રદ્ધાને હચમચાવી દીધી છે.

આજનો વર્તમાનયુગી આ નાસ્તિવાદ (nihilism) અગાઉના તમામ નાસ્તિવાદ કરતાં વધુ ભયંકર, વધુ જીવલેણ છે.

'ઓગણીસમી સદીમાં ઈશ્વર મૃત્યુ પામ્યો હતો, અને વીસમી સદીમાં માનવી મૃત્યુ પામ્યો છે' — કટોકટીનું માપ કાઢવું ય શક્ય નથી.

(3)

1. આજના આવા યુગમાં જો કોઈ સૌથી વધુ વિક્ષુબ્ધ હોય તો તે, પોતાના વિશિષ્ટ વ્યવસાયને કારણે કલાકાર, સર્જક છે. એનું ચિત્તતંત્ર માનવીની અનાત્મીકરણની વધતી જતી પરાકાષ્ઠાનો પડઘો પોતાના સર્જનમાં પાડ્યા વિના રહી શકતું નથી. માનવી જે પરિસ્થિતિમાં ફેંકાયો છે તેમાં આ સર્જક પોતાને સૌથી વધુ નિર્વાસિત, સૌથી વધુ પરાયો અનુભવે છે. પરંતુ તેને એમ પણ લાગે છે કે તેની આ દશાનો કોઈ જ ઇલાજ નથી. માનવી અને એના જીવન વચ્ચેનો આ અનુલ્લંઘ્ય વિચ્છેદ છે. અને એથી માનવી સદાકાળ માટે અસંગતિ (absurdity)નો અનુભવ કરે છે. તેમાંય માનવીની જેટલી ચેતના-સંવિત્તિ વિશેષ તેટલી આ અસંગતિની અનુભૂતિ ક્ષુરધાર, અને અનિવાર્યતયા તેટલી જ ઉગ્રતાની વિરતિ (ennui) (કિર્કે ગાર્ડ).

આવા કલાસર્જકોની સમસ્યાનું મૂળ તેમની સંવિત્તિમાં છે. તેઓ જાણે છે કે આ સંવિત્તિ માનવીના અસ્તિત્વ સાથે સંકળાયેલી છે. અને આ ચેતના છે તો માનવીને પસંદગી (choice) કરવી એ જ ભીષણ ઉપાધિ છે. નિર્ણય કરવામાં જ દોષનું અનુસંધાન રહેલું છે. આથી સ્વાતંત્ર્ય શાપ બનીને પોતાને માથે ઠોકાયાનો તે અનુભવ કરે છે અને એનાથી બચવા તે ઝંખેય છે. પરંતુ એની ચેતનાની માત્રા એને ધાર્મિક શ્રદ્ધામાંથી આશ્વાસન લેવા દેતી નથી; ન તો ઠાલાં બૌદ્ધિક આશ્વાસનોથી તેને કશો સધિયારો મળે છે, કેમ કે અસંગતિ અપરિહાર્ય છે — એ વિશે એને શંકા નથી. આથી ધર્મ અને તર્કનાં આશ્વાસનોમાં તેને ભાગેડુ વૃત્તિ દેખાય છે. અને સહજ રીતે જ આત્મહત્યા અને મૃત્યુની સમસ્યા તેની સામે જ ખડી થઈ જાય છે.

પરંતુ માનવી આટલા યુગ થયાં, તમામ અસંગતિ છતાં જીવતો આવ્યો છે, એ જ તો જીવનનું રહસ્ય અને કારણ નથી શું ? બલ્કે એ જ સૂચવે છે કે માનવીએ એના અસ્તિત્વને માટે ઘણીભારે કિંમત ચૂકવવી જ રહી ! માણસે અસંગતિનો સ્વીકાર કરીને, સ્વાતંત્ર્યની મર્યાદા સમજી સ્વીકારીને, 'નિર્વાસિત' અજાણ્યાની જેમ જીવવું રહ્યું.

બલ્કે, જેટલી સંવિત્તિની માત્રા વિશેષ એટલી એની યાતના વિશેષ, એટલી એની વિરતિ વિશેષ, એટલી એની વિરતિ વિશેષ, એટલી એની સાધના વિશેષ. આમ, અતિજ્ઞાની — શાપિત સહદેવની સ્થિતિમાં આજનો કલાકાર સર્જક પોતાને અનુભવે છે.

2. આવા જ સર્જકને માટે જીવનમાં મૂલ્યનું સ્થાન નથી રહ્યું; દર્દનું જ સ્થાન રહ્યું છે. તે સહજ કરવામાં જ જીવનની અથાઈતિ માને છે એ જ તેનો અનિવાર્ય જાગૃત પુરુષાર્થ છે. એને મન દુઃખસહન જ જીવનનો પારસમણિ છે.

પરંતુ આવી શક્તિ પામવી ક્યાંથી ? એ માટે તો જે દુઃખનો અનુભવ કરે છે, તે સ્થૂળ દેહના પ્રદેશથી દૂર, પર જવું રહ્યું ! એક બીજી જ ચેતનાના શિખર ઉપર પહોંચી જવું રહ્યું. — જ્યાંથી તટસ્થ રીતે દેહને અનિવાર્ય અનુભૂતિના એક સાધન તરીકે જોવાનું શક્ય બને. જર્મન મનોવિજ્ઞાની જાુંગર આને ghostly second and coldest consiciosness તરીકે વર્ણવે છે.

યોગીઓ અને અધ્યાત્મવાદીઓએ સ્થિતપ્રજ્ઞતાની આ સ્થિતિને જાણી છે, ને વર્ણવીય છે. તેમના અનુભવ મુજબ, તેવી સ્થિતિમાં દેહથી પર બનેલો જીવાત્મા દેહનાં દુઃખ દેહને સોંપી દઈ તેની લીલા જોતો આનંદ માણે છે. પરંતુ અધ્યાત્મવાદીઓ માટે આ એટલા માટે શક્ય મનાયું છે કે તેમનો જીવાત્મા દેહમાંથી બહાર નીકળ્યા છતાં શૂન્યતામાં લટકતો નથી હોતો; પરંતુ પરમાત્મામાં સ્થિત, દઢ બન્યો હોય છે. આ આત્મસ્થતા અને આધ્યાત્મિક શ્રદ્ધાના આ કવચને કારણે એમનું દુઃખ નવું વિધાયક મૂલ્ય બને છે જે અંતિમ મુક્તિનો માર્ગ ખોલી આપે છે.

પરંતુ આપણા યુગના આ યોગીઓ પાસે તો આધ્યાત્મિક શ્રદ્ધાનું મૂલ્ય નથી. તેમની સ્થિતપ્રજ્ઞતા અને અનાસક્તિનો આધાર શૂન્યવાદ – નાસ્તિવાદ જ છે. એમનો સર્જનનો યોગ કેવળ શૂન્યમાં લીલારૂપે જ પ્રગટે છે. એમની સાધના structureની એકતા પૂરતી જ છે. અને એમનું નિરીક્ષણકેન્દ્ર દૈવી આનંદમય ચેતસ નથી પરંતુ 'પિશાચી ઠંડીગાર ચેતના' છે.

3. જગતના અનેક સમર્થ સર્જકોએ આ પ્રકારની સમસ્યાનું નિરૂપણ કર્યું છે.

આ કલાકારોએ માનવીના રોજિંદા જીવનની બાહ્ય ઘટનાઓ – તેય સાવ સાધારણ અથવા ક્ષુલ્લક–નું બિલકુલ આભૂષણરહિત ઠુંઠું આલેખન કરીને માનવીના ભીતરની પ્રચ્છન્ન શૂન્યતા પ્રગટ કરી છે. કાફકા, સાર્ત્ર અને કામુએ અત્યંત વેધક રીતે, અસાધારણ કૌશલ્યથી, માનવીનું અ-માનવીકરણ અને શૂન્યતાનું આલેખન કર્યું છે. કાફકાનાં Catle, Trial, સાર્ત્રનું Nausea અને કામુનાં The Outsider, The Plague, The Fall વગેરે આનાં સમર્થ ઉદાહરણો છે.)

આ સાહિત્યકારોનાં સર્જનોમાં રજૂ થયેલી ઘટનાઓમાં ઘણીબધી વાર સમય અને સ્થળની મર્યાદાનો સ્વીકાર નથી; તેમાં કોઈ ભૂતકાળ અને ભવિષ્યના ભેદ નથી. પાત્રો પણ કેવળ વર્તમાનની ક્ષણોમાં શારીરિક અસ્તિત્વ ધરાવનારાં હોય છે. એમના અનુભવોમાં પણ સુસંગતતા (coherence) હોતી નથી. કાર્યકારણ સાથે તેઓ કશો સંબંધ ધરાવતાં નથી. સામાજિક લાક્ષણિક્તાઓનું પ્રતિનિધિત્વ ત્યાં નજરે ચડતું નથી; કેમ કે, સાંસારિક ભૂમિકા, સમાજવિજ્ઞાનના અનુભવો વા તેની પ્રમાણભૂતતાઓનો ત્યાં સ્વીકાર નથી. પાત્રોની માનસિક ભૂમિકા પૂરતા મનોવૈજ્ઞાનિક અનુભવોનું અહીં કશું બંધન નથી. ઊલટું, કશું જ પરિચિત રહેવા ન પામે, કશું જ ઓળખાય એવું ન રહે તે માટે તેઓ સંચિત રહે છે. માણસ જંતુઓની જેમ વર્તે ને ઘોડાઓ આકારરહિત બની ઊડવા માંડે, કયું પાત્ર ક્યાંનું ક્યાં એકસાથે અનેક રૂપે ને અનેક સ્થળે આડાઅવળા સંદર્ભમાં જોવા સાંભળવા મળે ? એટલું જ નહિ, એટલી હદે પાત્રોની વ્યક્તિરહિતતા સિદ્ધ કરવામાં આવે કે તેનું નામ સુધ્ધાં લોપ પામે, અને K જેવી એકાક્ષરી સંજ્ઞા જ પૂરતી થાય. વળી દરેક પાત્રને અનેક ચહેરા હોય અને તે બદલાતા રહે; એકબીજામાં ભેળસેળ થઈ જાય – સાચી ઓળખાણનો પ્રયાસ જ મિથ્યા ગણાય. આથી પણ આગળ વધીને વ્યાકરણ અને શબ્દોના નિશ્ચિત અર્થો પણ સર્જનમાં વિઘ્નરૂપ બને અને એમાંથી છૂટવાના અખતરા થાય. આવા સંદર્ભમાં સ્પષ્ટ અર્થ પણ અશક્ય બને ત્યાં મૂલ્યને શોધવું ક્યાં ?

બલ્કે અસામાજિક્તા, અરાજકતા, સહેતુકતા, નરી સ્વપ્નશીલતા, માંદગી, રોગ અને ગાંડપણની દશા તથા મેસ્કેલિન – સોમાયિલ્સ્ જેવી મગજને ઉત્તેજનામાં ઉછાળ્યા રે તેવી ઔષધિઓ આવા સર્જનમાં વધુ ઉપકારક લેખાતી હોય ત્યાં સામાજિક વ્યક્તિના જીવનમૂલ્યની ગણના શી ?

આમ, સર્વ પ્રકારનાં બંધનોમાંથી ફેંકાઈ ગયેલો, સંપૂર્ણ રીતે વિશૃંખલ બનેલો સર્જક એના સર્જન દ્વારા જીવનની અસંગતિને એક બાજુ પ્રગટ કરે છે, ને બીજી બાજુ તેની અંદર રહેલી સૌંદર્યલક્ષી સંવાદિતા પ્રાપ્ત કરવા મથે છે. કલાકારોની આ સાધના કેવળ કલાત્મક ઇમારત માટેની છે. એટલે કે એના કૌશલ્યનું કેન્દ્ર વ્યાવસાયિક (occupational) છે. એની સિદ્ધિ જ એને મન અથઇતિ છે, ત્યાં જીવનમૂલ્યોની તો અપેક્ષા શી ?

અલબત્ત, આ પ્રયોગ દ્વારા કેટલાક કલાકારોએ માનવચેતનાના અગાધ નવાં ઊંડાણો ખેડ્યા છે ને નવાં પરિમાણો રજૂ કરી આંતરસૃષ્ટિનું નવું દર્શન કરાવ્યું છે, એ નિઃશંક છે. આ રીતે કલાક્ષેત્રે એમની દેણગી ગમે તેટલી અમોલી હોવા છતાં, એ વાત પણ એટલી સ્પષ્ટ છે કે એમની શૂન્યવાદી,

નાસ્તિવાદી, મૂલ્યરહિત સૃષ્ટિ માનવજાતની અભૂતપૂર્વ કટોકટીના આ સમયે કોઈપણ પ્રકારની વિધાયક શક્તિ કે સમજ અર્પવા અસમર્થ નીવડી છે, એ જેવી તેવી ચિંતાની વાત નથી.

કેવળ structure અંગેનો આવો અતિરેક (આગળ જોઈ ગયા તેમ) અન્ય ક્ષેત્રોના કેવળ વ્યાવસાયિક (occupational) વર્ચસનું વધારે સૂક્ષ્મરૂપ નથી શું ? માનવીય જવાબદારીને બદલે વ્યાવસાયિક વફાદારીનાં પરિણામો અન્ય ક્ષેત્રોની કટોકટીની જેમ મૂલ્યધ્વંસ કરવા ઉપરાંત ભવિષ્યમાં ખુદ સર્જનની, structural સિદ્ધિની જ કટોકટી ઊભી કરે તો તેમાં નજાઈ નહિ. સમસ્ત જીવનને બદલે, સમસ્ત અસ્તિત્વને બદલે, સમસ્ત માનવને બદલે, તેના છિન્નભિન્ન અંશોને (તેય સંપૂર્ણ વિશૃંખલતામાં) પ્રાધાન્ય આપીને સમગ્રતા ઉપર ખંડ અંશનું વર્ચસ સ્થાપીને, કોઈ સર્જન ચિરંજીવ બની શકે ખરું ?

આમ છતાં, આ સર્જકોની જીવનનિષ્ઠા, લાંબાં વર્ષો થયાં એકધારા કર્તવ્ય-પરાયણ જીવનવ્યવહારમાં જે રીતે પ્રગટ થતી આવી છે, તેમાં એમની સામાજિક જવાબદારીની ભાવના, ચેતના અને જીવનમૂલ્યોનું દર્શન થયાં કર્યું છે, તે ઓછા આશ્વાસનરૂપ નથી.

## 12.8 માનવીય મૂલ્યો – માનવ નિર્માણ

### 12.8.1 પ્રસ્તાવના

આજના વિજ્ઞાનના યુગમાં માનવે ભૌતિક સુખ-સુવિધા અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ જ પ્રગતિ કરી છે પરંતુ બીજી બાજુ સમસ્ત માનવ સમાજ સાંસ્કૃતિક ધરોહર પ્રત્યેની નફરત, સામાજિક કુરિવાજો, ભાષાવાદ, જાતિવાદ, પ્રાન્તવાદ, સાંપ્રદાયિક્તા જેવી અનેક સમસ્યાઓમાં જકડાઈ ગયો છે. આજે માનવ સમાજને એ બાબતે ચિંતીત છે કે આજની નજી પેઢીમાં જીવન મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે અને જીવનનાં મૂળભૂત મૂલ્યોથી નવી પેઢી વિમુખ થઈ રહી છે. આજે વર્તમાન સમાજમાં આતંકવાદી કૃત્યો, અન્યાય, અનુશાસનહીનતા, ભ્રષ્ટાચાર, અનૈતિકતા, અસત્ય બોલવું અને હિંસા જેવાં અનેક અનિષ્ટોએ પગપેસારો કર્યો છે. લોકોમાં પરસ્પર પ્રેમ, સ્નેહ, સહાનુભૂતિ, સહયોગ, ઇમાનદારી, સહિષ્ણુતા, વિનમ્રતા, કર્તવ્યનિષ્ઠા તેમજ આત્માનુશાસનની કમી જોવા મળે છે. આજે માનવસંસ્કૃતિના સ્થાને દાનવસંસ્કૃતિનો વિકાસ થઈ રહ્યો છે. ભાવિ સમાજ માટેનો આ એક મોટામાં મોટો ખતરો છે. આ ખતરાથી બચવા માટે માનવ સમાજમાં માનવીય મૂલ્યોને પુનઃસ્થાપિત કરવાં પડશે.

સમાજ અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ ત્યારે જ સંભવ બનશે જ્યારે લોકોમાં માનવતા પ્રગટશે અને માણસ જીવનનાં મૂળભૂત મૂલ્યોના આધારે માનવીય વ્યવહારનું આચરણ કરશે. આવા માનવીય વ્યવહારો ત્યારે જ નિર્માણ પામશે જ્યારે દરેક વ્યક્તિ માનવ મૂલ્યોને આત્મસાત્ કરશે. એટલે કે મૂલ્યો સાથે તત્મ્ય સાધીને જીવન જીવશે. સત્ય, પ્રેમ, અહિંસા, ધર્મ અને શાંતિ જેવાં પાયાનાં મૂલ્યોનો પોતાના જીવનવ્યવહારમાં અમલ કરશે, પોતાના જીવનમાં આચરણ કરશે ત્યારે જ રાષ્ટ્ર અને સમાજનો વિકાસ સંભવ બનશે. ગાંધીજીએ તો પોતાના વાસ્તવિક જીવનમાં સદ્ગુણોનું આચરણ કરીને સમસ્ત માનવસમાજને પોતાના જીવનવ્યવહારમાં સદ્ગુણોનું આચરણ કરવા માટેનો મૂલ્યસૂચક માર્ગ બતાવ્યો છે.

માનવીય વ્યવહાર સંપૂર્ણપણે મૂલ્યો પર જ નિર્ભર છે. જેમ કે માણસમાં કાર્ય કરવાની ક્ષમતાનો વિકાસ ત્યારે જ થાય છે જ્યારે તે માણસ મન, કર્મ અને વચનથી કાર્ય કરવા માટે પ્રતિબદ્ધ બને છે. તેવી જ રીતે માનવીય વ્યવહાર કે માનવમૂલ્યોનો વિકાસ સદ્ભાવના પ્રેરિત પ્રયાસથી જ થાય છે. મૂલ્યોનાન અનુસરણથી માણસનો વ્યવહાર માનવીય બને છે અને માનવીય વ્યવહારથી માણસનું જીવન બહેતર અને ઉન્નત બને છે. પરિણામે માણસ જીવનના અંતિમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ ના કરી શકે છે. માનવતાનો મોટામાં મોટો માપદંડ સત્ય છે. સત્ય સાથે જોડાયેલો બીજો માપદંડ લોક કલ્યાણની ભાવના અને ત્રીજો માપદંડ સુંદરતાની સાધના છે. તેને એકસૂત્રમાં કહેવું હોય તો સત્યમ્ શિવમ્ સુંદરમ્ માનવતાનાં મહામૂલ્યો છે. જ્યાં સત્ય હશે ત્યાં અસત્ય, મિથ્યાચાર અને કપટને કોઈ સ્થાન નથી. જ્યાં લોકકલ્યાણની ભાવના હશે ત્યાં લોભ, સ્વાર્થ, પરિગ્રહ અને હિંસાને કોઈ સ્થાન નથી.

સુંદરતા દિવ્યતાનું દ્યોતક છે. આ દૃષ્ટિએ સત્યમ્ શિવમ સુંદરમ્ માનવીય મૂલ્યોના મૂળ સ્રોત છે.

મૂલ્યોના વર્ગીકરણ બાબતે ચિંતકોના ભિન્ન ભિન્ન મત જોવા મળે છે. આ સંદર્ભમાં પ્રો. એચ. આર ઠક્કરે મૂલ્યોનું વર્ગીકરણ નીચે મુજબ કર્યું છે.

મૂલ્યો

- સાધન મૂલ્યો
  - ભૌતિક મૂલ્યો
  - આર્થિક મૂલ્યો
- સાધ્ય મૂલ્યો
  - નિમ્ન કક્ષાનાં મૂલ્યો
    - શારીરિક મૂલ્યો
    - મનોરંજન ક્રિયાઓનાં મૂલ્યો
    - આરોગ્યવિષયક મૂલ્યો
    - શ્રમ અને કામધંધાનાં મૂલ્યો
  - ઉચ્ચ કક્ષાનાં મૂલ્યો
    - સામાજિક મૂલ્યો
    - સૌંદર્યાત્મક મૂલ્યો
    - નૈતિક મૂલ્યો
    - બૌદ્ધિ મૂલ્યો
    - ધાર્મિક મૂલ્યો

આ પ્રમાણે મૂલ્યવર્ગીકરણના આધારે માનવીય મૂલ્યોના વિવિધ પ્રકારોના સંદર્ભમાં માનવીય મૂલ્યોની આઠ શ્રેણીઓ નીચે મુજબ તારવી શકાય.

- સામાજિક મૂલ્યો
- સૌંદર્યબોધક મૂલ્યો
- બૌદ્ધિક મૂલ્યો
- નૈતિક મૂલ્યો
- ધાર્મિક મૂલ્યો
- આરોગ્યવિષયક મૂલ્યો
- મનોરંજક મૂલ્યો
- આર્થિક મૂલ્યો

આ મુજબનાં માનવીય મૂલ્યોની આઠ શ્રેણીનો અહીં સંક્ષિપ્તમાં પરિચય મેળવીશું.

**12.8.2 માનવીય મૂલ્યો**

**(1) સામાજિક મૂલ્યો :**

માણસ એક સામાજિક પ્રાણી છે. સમાજ એટલે માનવોનો એવો સમૂહ કે જ્યાં લોકો એક સાથે રહીને પરસ્પર સેવાની જવાબદારીઓ નિભાવે છે અને સામાજિક કર્તવ્યોનું પાલન કરે છે. સામાજિક કર્તવ્યોમાં માણસ પોતાના વ્યક્તિગત કામો સાથે સમાજ ઉત્થાનનાં કાર્યો કરે છે. તેથી વ્યક્તિ સમાજનું એક અવિભાજ્ય અંગ છે. વ્યક્તિ અને સમાજ બંને એકબીજાને પરસ્પર કલ્યાણકારી બનાવે છે. માણસ કુટુંબ અને સમાજ સાથે રહે છે તેથી વ્યક્તિમાં અમુક પ્રકારનાં સામાજિક મૂલ્યો સ્વાભાવિક રીતે જ વિકસે છે. વ્યક્તિની જવાબદારીઓ અને કર્તવ્યપાલનથી વ્યક્તિને સામાજિક માન્યતા અને સમાજમાં યોગ્ય પદ કે સ્થાન મળે છે. વ્યક્તિ સમાજમાં અનેક પ્રકારનાં સામાજિક સંગઠનો ઊભાં કરે છે. સામાજિક સંઘો, મંડળો અને સંસ્થાઓ સ્થાપીને પોતે વિશિષ્ટ જવાબદારીનું વહન કરે છે. જેમ કે એકબીજાની પરસ્પર ભાગીદારી અને સમૂહ માટેની જવાબદારી નિભાવતાં વ્યક્તિને વિશિષ્ટ પ્રકારના અનુભવો થાય છે જેનાથી વ્યક્તિનો સામાજિક વિકાસ થાય છે. આવા વિશિષ્ટ પ્રકારના સામાજિક અનુભવો જ સાચાઅર્થમાં સામાજિક મૂલ્યો છે.

સામાજિક મૂલ્યો વ્યક્તિાન સંઘજીવનમાંથી પ્રગટ થાય છે. જ્યારે લોકોનો સમૂહ એકત્રિત થઈને સમષ્ટિના કલ્યાણનું કાર્ય કરે છે અને સમુદાયનો વિકાસ થાય એવું સામુદાયિક હિતનું કાર્ય કરે ત્યારે હિતકારી કે કલ્યાણકારી પ્રવૃત્તિથી વ્યક્તિને સામાજિક મૂલ્યોનો અનુભવ થાય છે એટલે કે વ્યક્તિમાં સામાજિક મૂલ્યોનું સિંચન થાય છે. મૈત્રી, પ્રેમ, ભ્રાતૃત્વ, લોકકલ્યાણ, સામાજિક શિસ્ત, કર્તવ્યપરાયણતા, જનસેવા, સામાજિક ન્યાય, સમભાવ, સહકાર, સામાજિક સંવાદિતા, સમર્પણ ભાવ વગેરે સામાજિક મૂલ્યો છે.

सर्वेभवन्तु सुखिनः सर्वेसस्तु निरामया।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद दुःख भाग भवेत ॥

આ શ્લોકમાં માનવમાત્રના કલ્યાણની વાત કરવામાં આવી છે. સંસારના બધા જ લોકો સુખી રહો, બધા જ તંદુરસ્ત રહો, સર્વેનું કલ્યાણ થાઓ અને બધાનાં દુઃખો દૂર થાઓ એવી માનવકલ્યાણની કામના કરવામાં આવી છે. વ્યક્તિમાં જ્યારે મૈત્રીભાવનો વિકાસ થાય છે ત્યારે તેને મન માણસ માત્ર પોતાનો મિત્ર સમાન લાગે છે પછી તે પરિચિત હોય કે અપરિચિત હોય, પોતાનાથી નજીકનો હોય કે દૂરનો હોય. આમ કોઈ પણ પ્રકારનો સ્વાર્થ સાધ્યા વિના નિઃસ્વાર્થ ભાવે જ્યછારે માણસ-માણસ વચ્ચે મૈત્રી બંધાય છે ત્યારે નિઃસ્વાર્થ પ્રેમનો જન્મ થાય છે અને તેમાંથી ભાઈચારો કે ભ્રાતૃભાવ જન્મે છે. પરિવારમાં જે ભાઈચારો કે ભ્રાતૃભાવ હોય છે એવો જ ભાઈચારો કે ભ્રાતૃભાવ જ્યારે વિશાળ માનવ સમુદાય માટે જન્મે છે ત્યારે આ ભાઈચારા કે ભ્રાતૃભાવ એક સામાજિક મૂલ્ય બને છે. એટલા માટે જ વિનોબા ભાવે એ કહ્યું છે કે દરેક માણસે જ્ઞાત, જાત, ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના ભેદભાવને ભૂલી જઈને વિશ્વમાં એક પરિવાર 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના વિકસાવવી જોઈએ જેનાથી માણસમાં મૈત્રી, પ્રેમ અને ભ્રાતૃત્વ જેવાં સામાજિક મૂલ્યો સહજ રીતે વિકાસ પામશે.

સામાજિક મૂલ્યના કોઈ વિશિષ્ટ સિદ્ધાંતની જાણકારી ન હોય તેમ છતાં એમ કહી શકાય કે સમાજ સાથે સંકળાયેલી વ્યક્તિ માનવજીવનના સામાન્ય સંદર્ભની અંદર જ હોય છે. મનુષ્ય જીવનનું કેન્દ્રબિંદુ તો સમાજ જ છે. જો મનુષ્યને સમાજથી છૂટકારો મેળવવાની દૃઢ ઈચ્છા થતી હોય તો પણ તે મૃત્યુ સિવાય સમાજથી અળગો થઈ શકતો નથી. માણસે જીવનમાં આગળ વધવું હોય અને ઉત્તમ કાર્યો કરવાં હોય તો આપણે અન્ય વ્યક્તિઓના મિત્ર અથવા પાડોશી હોવાના નાતે બધા જ અવસરે દાયિત્વનો નિર્વાહ કરવાનો હોયછે. માણસે એ કર્તવ્યનો પણ સ્વીકાર કરવાનો છે કે સામાન્ય સામુદાયિક જીવનની જવાબદારી પ્રતિભાગીના રૂપમાં આપણે નિભાવવાની છે. આ સામુદાયિક જીવનનું ક્ષેત્ર સ્થાનીય સ્તરથી લઈને સાર્વભૌમિક સુધીનું હોઈ શકે છે. પુરસ્કાર પ્રાપ્ત કરવાનો આ એકજ માર્ગ છે કે જેમાં કેટલાંક વૈયક્તિક મૂલ્યો હોય છે અને બીજાં બધાં સામાન્ય મૂલ્યો હોય છે જે સાચા અર્થમાં સામાજિક મૂલ્યો છે.

**(2) સૌંદર્ય બોધક મૂલ્યો :**

સૌંદર્યબોધક મૂલ્યોનો સંબંધ સામાન્ય રીતે જોઈએ તો સુંદરતા સાથે છે. સુંદરતા એટલે કે કલા, સંગીત, પ્રકૃતિ, પ્રદર્શન વગેરે બાબતોમાં વ્યક્તિનું વિશિષ્ટ પ્રદાન. સમાજાન લોકોનું નયનગમ્ય પ્રકૃતિ તરફનું આકર્ષણ સૌંદર્યબોધક મૂલ્યોનું દર્શન કરાવે છે. સૌંદર્યતામાં કલાની દૃષ્ટિએ ભવ્યતા પણ જોવા મળે છે. એવી કૃતિ કે જે બેનમૂન હોય જેમાં વ્યક્તિ અદ્ભુત કલાનું દર્શન કરે છે. પ્રકૃતિમાં કે માનવ સર્જમાં સૌંદર્ય એક વિશિષ્ટ અનુભવ છે. વ્યક્તિમાં સર્જ કે કલાકૃતિ માટેના લાગણીસભર ભાવોનું પ્રગટીકરણ વ્યક્તિને સૌંદર્યતાનો બોધ કરાવે છે. કૃત્રિમ આવેગો નહીં પણ વ્યક્તિના હૃદયમાંથી પ્રગટ થતા ઉચ્ચતમ ભાવો અને લાગણીઓના સામંજસ્યમાં જ સૌંદર્યબોધક મૂલ્યો સમાયેલાં હોય છે. માણસ કોઈ પણ કાર્ય કરતાં પહેલાં તે કાર્ય કરવા પાછળનો ચોક્કસ ઉદ્દેશ્ય નક્કી કરે છે, ચોક્કસ ધ્યેય નક્કી કરે છે અને તે ધ્યેયની પ્રાપ્તિ અર્થે તન, મન અને શુદ્ધ ભાવનાથી કાર્ય કરે છે અને જ્યાં સુધી ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી સુંદર અભિવ્યક્તિ દ્વારા કાર્યમાં સફળતા મેળવવા પ્રયત્નો કરે છે. આમ અહીં વ્યક્તિની સુંદર અભિવ્યક્તિ જ સૌંદર્યાત્મક મૂલ્ય છે.

રવીન્દ્રનાથ ટાગોરના મતે જીવન અને મૃત્યુ એ જીવન-સિદ્ધાંતના બે ભાગ છે. તેવી જ રીતે સુંદરતા અને કુરૂપતા એ સૌંદર્ય-સિદ્ધાંતના બે ભાગ છે તેમના મતે સૌંદર્યમૂલક કલા વ્યક્તિત્વની અભિવ્યક્તિ છે. તેથી જ તેમણે ભાષાના સ્થાને સંગીત અને ચિત્રકલાનો ઉપયોગ કર્યો છે. તેમાં તેમણે પૂર્ણ અભિવ્યક્તિના ભાવો પ્રગટ કર્યા છે તેને સૌંદર્યાબોધક મૂલ્ય કહી શકાય. માણસ જ્યારે સૌંદર્ય અભિમુખ બને છે ત્યારે ઈશ અને માનવના અંતઃકરણનો સીધો સંબંધ બંધાય છે. સૌંદર્યબોધક દૃષ્ટિથી વ્યક્તિને પ્રકૃતિના આનંદને માણવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. રવીન્દ્રનાથ ટાગોર સાચા

અર્થમાં પ્રકૃતિ અને સૌંદર્યના ઉપાસક હતા. તેમણે શિક્ષણની વિભાવનામાં સર્જનાત્મક અનુકૂલનને સ્થાન આપીને સૌંદર્યબોધક શિક્ષણનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે. સૌંદર્યબોધક શિક્ષણના સંબંધમાં તેમણે કહ્યું છે કે આપણે માણસોની સૌંદર્યપિપાસાની સરેઆમ અવગણના કરીએ છીએ એટલા માટે કે આપણે પશ્ચિમી શિક્ષણની બુદ્ધિ પ્રધાન બાબતો પર જ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ અને આનંદી અભિવ્યક્તિને ભૂલી જઈએ છીએ. ખરેખર તો માણસના સ્વાસ્થ્યના પોષણ માટે આનંદની અભિવ્યક્તિ અતિ આવશ્યક છે. આનંદની અભિવ્યક્તિ માણસને સાચાઅર્થમાં જીવંત અને સર્જનશીલ રાખે છે. સંગીત, કલા, નૃત્ય, નાટ્ય વગેરે સૌંદર્યબોધક પ્રવૃત્તિઓથી માણસની આગવી પ્રતીભા પ્રગટ થાય છે. આવા પ્રકારની આનંદ આપનારી, સર્જનશીલ તેમજ આગવી કલા પ્રગટ કરનારી પ્રવૃત્તિઓમાં સૌંદર્બોધક મૂલ્યો સમાયેલાં છે.

સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ની વિભાવનામાં પણ આપણને સૌંદર્યબોધક મૂલ્યોનાં દર્શન થાય છે. સત્યમ્ એટલે કે જે વાસ્તવિક છે, જે શાશ્વત છે, જે સનાતન છે. આમ જ્યાં સનાતન સત્ય છે ત્યાં શિવનો વાસ અવશ્ય હોય છે. પ્રભુનો વાસ હંમેશા કલ્યાણકારી હોય છે. આમ જ્યાં સત્યતા અને કલ્યાણની ભાવના હોય છે ત્યાં હંમેશાં સુંદરતા જ જોવા મળે છે. સુંદરમ્ એટલે કે જે સુંદર છે, શ્રેષ્ઠ છે, જેનાથી વ્યક્તિ સચ્ચિદાનંદની પ્રાપ્તિ કરે છે. આમ અદ્‌ભુત આનંદની પ્રાપ્તિ જ સૌંદર્યબોધક મૂલ્ય છે. પ્રાકૃતિક પ્રેમ, પ્રકૃતિ તરફનું આકર્ષણ, સંગીત, કલા, નૃત્ય, નાટ્ય, શ્રેષ્ઠતા, સુંદરતા વગેરે સૌંદર્યબોધક મૂલ્યો છે.

**(3) બૌદ્ધિક મૂલ્યો :**

જ્ઞાન, જ્ઞાનપ્રાપ્તિ, સત્ય, સત્યનો પ્રેમ, સત્યનો આદર, સત્ય શોધવાનો આગ્રહ, સત્ય આચરણ, જ્ઞાનઅર્જન, જ્ઞાનપ્રાપ્તિનો આગ્રહ જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા, વ્યક્તિનો વૈજ્ઞાનિક સ્વભાવ, માનવતા માટે જ્ઞાન પ્રાપ્ત કરવું વગેરે પ્રકારના વ્યવહારોનો બૌદ્ધિક મૂલ્યોમાં સમાવેશ થાય છે. વ્યક્તિના વ્યવહારોમાં સત્યની આધારશિલાઓ જોવા મળે છે. આવા પ્રકારના વ્યવહારો કે અનુભવો બૌદ્ધિક મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.

શિક્ષણચિંતક શ્રી અરવિંદના મતે બુદ્ધિ એ વ્યક્તિની વિચારશક્તિનું સૌથી મહત્ત્વું સાધન છે. તેમના મતે બુદ્ધિના અર્થગ્રહણાત્મક, સર્જનાત્મક, સંશ્લેષણાત્મક, સમીક્ષાત્મક અને વિશ્લેષણાત્મક વિભાગો દ્વારા વ્યક્તિની કલ્પનાશક્તિ, યાદશક્તિ, નિરીક્ષણ કરવું, ચાલાકી-ચતુરાઈ, સારા-નરસાંનો ભેદ પારખવો, તુલના કરવી, વર્ગીકરણ કરવું, અનુમાન કરવું અને નિષ્કર્ષો તારવવાં જેવી શક્તિઓ કાર્ય કરે છે. અર્થાત્ એકાગ્રતા, ઉચ્ચ આદર્શોનો સ્વીકાર, અનિચ્છાના વિચારોનો ત્યાગ કરવો, આજ્ઞાપાલન, શિષ્ટાચાર, સમયનો સદ્‌ઉપયોગ, આત્મવિશ્વાસ, આત્મનિયંત્રણ, સંપૂર્ણ સ્વસ્થતા જેવાં મૂલ્યો બુદ્ધિ શક્તિના આધારે નિર્માણ પામે છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, વ્યક્તિના પુખ્ત જીવન માટે આવશ્યક વિચારશક્તિ અને કલ્પનાશક્તિના વિકાસથી વ્યક્તિમાં બીજાની ચિંતા, પરસ્પર પ્રેમ, ઉદારતા, જ્ઞાનની શોધ અને કૃતજ્ઞતા જેવાં મૂલ્યોનો વિકાસ થાય છે. વિચારશક્તિથી વ્યક્તિમાં નવું નવું જાણવાની જિજ્ઞાસા પેદા થાય છે પરિણામે વ્યક્તિ નવું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોમાં સત્યનો સમાવેશ થાય છે. આપણા શિક્ષણ ચિંતકોએ શિક્ષણ દ્વારા ચારિત્ર્ય નિર્માણને ચરિતાર્થ કરવાના મૂળ ધ્યેયનો સ્વીકાર કર્યો છે. ચારિત્ર્યના નિર્માણ માટે સત્યનું આચરણ આવશ્યક છે. વ્યક્તિના આચરણમાં જો સત્ય નહીં હોય તો સાચા અર્થમાં ચારિત્ર્યનું નિર્માણ થતું નથી. આમ, શુદ્ધ ચારિત્ર્યના નિર્માણ માટે સાચું બોલવું, સાચાનો સ્વીકાર કરવો અને સત્યનું સમર્થન કરવું વગેરે વ્યવહારિક બાબતોનું અનુસરણ કરવું આવશ્યક બને છે, જેનાથી વ્યક્તિમાં પરિશુદ્ધતા, વિવેક, પવિત્રતા, સત્યનિષ્ઠા, ઈમાનદારી, ન્યાયસંગતતા, નિષ્કપટતા અને સત્યવાદીતા જેવાં બૌદ્ધિક મૂલ્યોનો વિકાસ થાય છે.

**(4) નૈતિક મૂલ્યો :**

સંસ્કૃતમાં નીતિ શબ્દનો અર્થ સાચી દિશામાં લઈ જવું એવો કરવામાં આવ્યો છે. નૈતિક શબ્દ

નીતિ સાથે સંબંધિત છે. જેમ આપણા મહાપુરુષો આપણને સાચી દિશામાં લઈ જાય છે. તેમ વ્યક્તિ પોતે પણ પોતાની જાતને યોગ્ય માર્ગે કે સાચી દિશામાં લઈ જઈ શકે છે. નૈતિકતામાં નીતિયુક્ત ગુણ, ભાવ કે ક્રિયાઓનો સમાવેશ થાય છે. એટલે કે માણસમાં એક માનવની યોગ્યતા માટેના સદ્‌ગુણો હોવા જોઈએ. આવા સદ્‌ગુણો દ્વારા માણસની માણસાઈને શોભાવે એવા માનવીય ભાવોનું પ્રકટીકરણ થાય છે. પોતાને અને અન્ય વ્યક્તિને સાચી દિશામાં દોરી જાય એવાં સત્કાર્યો નૈતિક મૂલ્યોના સૂચક છે.

નૈતિક મૂલ્યોમાં સત્યવાદિતા, ન્યાય, પરોપકાર, આત્મસંયમ, સદ્‌વર્તન, પ્રમાણિક્તા, સત્ય, ભલાઈ, સદાચાર, ચારિત્ર્ય, વાદારી, ઇમાનદારી, પવિત્રતા, નિષ્ઠા, કર્તવ્યપરાયણતા જેવાં મૂલ્યોનો સમાવેશ થાય છે.

માણસના જીવનમાં નૈતિકતા ન હોય તો તેનું જીવન નિરર્થક છે. કારણ કે નૈતિકતા વિનાનું માણસનું જીવન પશુવત બની જાય છે. માણસના જીવનમાં કલ્યાણનો ભાવ ન હોય, જીવનમાં પવિત્રતા ન હોય, સદાચાર ન હોય કે સામાજિક નીતિ-નિયમોનું પાલન થતું ન હોય તો તેને નીતિ-ભ્રષ્ટ જીવન તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે વ્યક્તિ સત્યનું આચરણ કરતો હોય, એકબીજા સાથે પ્રેમભાવ રાખતો હોય, બીજા પ્રત્યેની સહાનુભૂતિ હોય, એકબીજા સાથે આત્મીયતાની ભાવના હોય, અને સમાજના નીતિ-નિયમોનું સંયમતા પૂર્વક પાલન કરતો હોય ત્યારે વ્યક્તિના આવા પ્રકારના વ્યવહારો જ નૈતિક મૂલ્યો છે.

સ્વામી રામકૃષ્ણ પરમહંસે નૈતિક જીવનના સંદર્ભમાં કહ્યું છે કે સત્ય અને અસત્યનો ભેદ જાણીને સત્યનું આચરણ કરવું જોઈએ. વ્યક્તિએ મનને ઉજળું રાખવું જોઈએ. આમ મનને ક્યારેય મલિન કરવું અને સદાને માટે ઊર્ધ્વમુખી બનવું તે નૈતિકતા છે. અહીં સ્પષ્ટ થાય છે કે જો વ્યક્તિનું મન સ્વચ્છ હશે તો તે ક્યારેય બીજાનું અહિત કરવાનો વિચાર નહીં કરે. ઊર્ધ્વમુખી વ્યક્તિ હંમેશા ઉચ્ચ આદર્શોનું પાલન કરે છે. ઉચ્ચ આદર્શોનું પાલન જ નૈતિક મૂલ્યો છે.

**(5) ધાર્મિક મૂલ્યો :**

ધાર્મિક મૂલ્યોને આધ્યાત્મિક મૂલ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. માણસ જ્યારે દુન્યવી ઘટનાઓથી, દુન્યવી શક્તિથી અને પોતાની માયાથી પર એટલે કે જેના પર પોતાનું જીવન અવલંબિત છે એવી અલૌકિક દિવ્યશક્તિનો આશ્રય લે છે ત્યારે માણસ એક વિશિષ્ટ પ્રકારની શક્તિનો અનુભવ કરે છે. મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિનું છે. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે માણસે આધ્યાત્મિક માર્ગે ચાલવું પડે છે. ધર્મનો આશ્રય લઈને માણસ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. આધ્યાત્મિક માર્ગે ચાલતાં-ચાલતાં માણસને દિવ્યશક્તિ કે જેને આપણે ઈશ્વર, પ્રભુ, ભગવાન, અલ્લાહ, ખુદા જેવા અનેક નામથી ઓળખીએ છીએ. તેનાં પ્રત્યે આત્મીયતાની ભાવના અને ઉપાસનાની ઊંડી લાગણીઓની એક વિશિષ્ટ પ્રકારની અનુભૂતિ થાય છે. આ વિશિષ્ટ અનુભૂતિ જ ધાર્મિક મૂલ્યો છે.

આચાર્ય વિનોબાજીએ ધાર્મિક શિક્ષણની વ્યાખ્યામાં સાંપ્રદાયિક શિક્ષણની સંકુચિતતામાંથી બહાર નીકળી વ્યાપક અર્થ આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમના મતે ધાર્મિક શિક્ષણ એટલે 'માણસનો આધ્યાત્મિક વિકાસ, ધર્મનું સત્ય એટલે જ ચારિત્ર્યનું ઘડતર, ઈશ્વરીય સત્તામાં શ્રદ્ધા તથા આત્મા શરીરથી ભિન્ન હોવાની દૃઢ સમજથી જ ધાર્મિક મૂલ્યોનો વિકાસ થાય છે અને વ્યક્તિની ઈશ્વરીય સત્તામાં શ્રદ્ધા બંધાય છે. જ્યારે શ્રદ્ધાના પરિણામે વ્યક્તિ કૃતિશીલ બને છે ત્યારે વ્યક્તિમાં સમર્પણની ભાવનાનો વિકાસ થાય છે. કૃતિશીલ વ્યક્તિ પ્રાર્થા, ઉપાસના, સ્તુતિ, ભજન, જનસેવા, માનવસેવા અને સત્કાર્યો દ્વારા પ્રભુને ગમવાનો પ્રયાસ કરે છે. પ્રભુને પ્યારા થવાનો કે પોતાનું જીવન પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરવાનો પ્રયાસ કરે છે જેનાથી વ્યક્તિમાં સમર્પણની ભાવનાનો વિકાસ થાય છે. આમ, પરમપવિત્ર પરમાત્મા સાથે માનવ આત્માનું અવલંબન, દિવ્યશક્તિની વિશિષ્ટ લાગણીની અનુભૂતિ, પૂજ્યભાવ, અહોભાવ, સમર્પણની ભાવના, પૂજા-ઉપાસના, પ્રાર્થના વગેરે આપણાં ધાર્મિક મૂલ્યો છે.

ધાર્મિક મૂલ્યોમાં શ્રદ્ધા, કૃતજ્ઞતા અને પ્રતિબદ્ધતાને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. વ્યક્તિમાં કૃતજ્ઞતાનો વિકાસ ત્યારે જ થાય છે જ્યારે તેને કૃતિભક્તિમાં શ્રદ્ધા હોય. તેનાથી વ્યક્તિ કૃતનિશ્ચયી બને છે એટલે કે વ્યક્તિમાં સંકલ્પબદ્ધતાનું સિંચન થાય છે. પરિણામે વ્યક્તિ સત્કાર્યો કરવા, સદ્ગુણોનું આચરણ કરવું, સત્યનું આચરણ કરવું, નૈતિક્તાના માર્ગે ચાલવું, જનસેવા કરવી, પરમાર્થના કાર્યો કરવાં અને બીજાનું કલ્યાણ કરવા માટે પ્રતિબદ્ધ બને છે. પ્રતિબદ્ધતાનો અર્થ થાય છે સત્કાર્યોને પૂર્ણ કરવાની આંતરિક પ્રતિજ્ઞા. આંતરિક પ્રતિજ્ઞા હંમેશાં આત્મામાંથી પ્રગટ થાય છે. આત્મામાંથી જે પ્રગટ થાય છે. આત્મમાંથી જે પ્રગટ થાય છે તે હંમેશા સત્ય જ હોય છે. આ સત્ય વ્યક્તિને નીતિના માર્ગે લઈ જારું આત્મબળ છે.

ધાર્મિક મૂલ્યોમાં આધ્યાત્મિકતા, ઈશ્વરમાં શ્રદ્ધા, ભક્તિભાવના, મોક્ષ પ્રાપ્તિની શ્રદ્ધા, આત્મસાક્ષાત્કારની ભાવના, નૈતિકતા, કૃતિભક્તિ, કૃતજ્ઞતા, પરમાર્થ, સદ્ગુણોનું આચરણ, પ્રાર્થાન-ઉપાસના, સ્તુતિ-વંદના, ભજન-કીર્તન, નેકી, દયા અને હૃદયશુદ્ધિનો આગ્રહ ધાર્મિક મૂલ્યો છે.

**(6) આરોગ્ય વિષયક મૂલ્યો :**

માનવજીવનમાં આરોગ્યવિષયક મૂલ્યોનું ઘણું મહત્ત્વ રહેલું છે. જો વ્યક્તિનું આરોગ્ય સારું નહીં હોય તો તેવી વ્યક્તિ અન્ય વિકાસાત્મક પ્રવૃત્તિઓ ન કરી શકે. આમ જોઈએ તો માનવજીવનમાં બધાં જ મૂલ્યોનો મૂળ્ આધાર વ્યક્તિના આરોગ્ય પર રહેલો છે. આથી માનવજીવનમાં આરોગ્યવીષયક મૂલ્યોનું મહત્ત્વ જેટલું આંકીએ એટલું ઓછું ગણાય. સુદૃઢ માનસિક સ્વાસ્થ્ય, શારીરિક સ્વાસ્થ્ય, વ્યક્તિની કાર્યક્ષમતા, શારીરિક કાર્યક્ષમતા, માનસિક કાર્યક્ષમતા અને ઉત્પાદકશક્તિ વગેરે આરોગ્યવિષયક મૂલ્યો છે.

આરોગ્યના સંબંધમાં સમાજમાં એક પ્રચલિત કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા' અર્થાત્ પોતાની જાતનું(શરીરનું) સ્વસ્થ હોવું, નિરોગી હોવું એ જ પહેલું સુખ છે. માણસનું આરોગ્ય સારું હોય તે જ તેનું પહેલું સુખ છે. માણસના શરીરમાં જોવા મળતું રોગ વગરનું વાતાવરણ જે-તે વ્યક્તિનું તંદુરસ્ત આરોગ્ય છે. આરોગ્ય સારું રહે તે માટે માણસે વ્યક્તિગત રીતે નિયમનું પાલન કરવું આવશ્યક છે. આરોગ્ય સંબંધી સામાન્ય અને વિશેષ પ્રકારના તેમજ શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક નિયમો જે પ્રતિપાદિત થયેલ છે તેવા નિયમોનું પાલન કરી વ્યવહારિક જીવનમાં તેનું આચરણ કરવાથી વ્યક્તિનું આરોગ્ય જળવાઈ રહે છે. જો નિયમોના પાલનમાં વ્યક્તિ જાણ્યે-અજાણ્યે પણ બાંધછોડ કરે છે ત્યારે વ્યક્તિનું આરોગ્ય જોખમાય છે. પરિણામે આવા માણસના શરીરમાં રોગને પ્રવેશવાની તક મળે છે. આ પ્રમાણે જોઈએ તો આરોગ્યવિષયક નીતિ-નિયમોનું પાલન કરવું તે જ સાચા અર્થમાં આરોગ્યવિષયક મૂલ્યો છે.

સુદૃઢ માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિનું માનસિક સંતુલન, સંતુલિત વ્યવહારો તેમજ આવેગો પર નિયંત્રણ રાખવું એવો અર્થ થાય છે. માનસિક સ્વાસ્થ્યમાં બૌદ્ધિક ક્ષમતાનો પણ સમાવેશ કરવામાં આવે છે. સુદૃઢ માનસિક સ્વાસ્થ્યવાળા વ્યક્તિમાં આપણે આત્મનિયંત્રણ શક્તિ જોવા મળે છે. તેનામાં વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવાની શક્તિ હોય છે. તે વ્યક્તિ ભાવનાઓના સ્થાને બુદ્ધિમત્તાનો ઉપયોગ રીને સમસ્યાઓનો સામનો કરે છે. જ્યારે સુદૃઢ શારીરિક સ્વાસ્થ્યનો શારીરિક દશા, શારીરિક ક્રિયાઓ અને શારીરિક વૃદ્ધિ વિકાસ સાથે સંબંધ છે. સ્વસ્થ વ્યક્તિમાં સામાન્ય વિકાસ, સામાન્ય શ્વાસોચ્છ્વાસ, સામાન્ય આહાર, સામાન્ય પાચન, સામાન્ય રક્તભ્રમણ જેવી બાબતોમાં સંતુલન જોવા મળે છે. આવી વ્યક્તિનું શારીરિક સ્વાસ્થ્ય સારું હોય છે. શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય પરસ્પર અવલંબિત છે. જે વ્યક્તિનું શારીરિક સ્વાસ્થ્ય સારું તે વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય પણ સારું જ હોય છે. જ્યારે જે વ્યક્તિનું શારીરિક સ્વાસ્થ્ય સારું નથી હોતું તેનો પ્રભાવ વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર પડ્યા વગર રહેતો નથી. એટલે કે આવી વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય પણ સારું નથી હોતું. આથી જ તો કહેવાયું છે કે તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનો વાસ હોય છે.

સુદૃઢ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યનો કાર્યક્ષમતા અને ઉત્પાદકતા સાથે પણ સંબંધ છે. માનસિક સ્વાસ્થ્યનો સંબંધ બુદ્ધિ સાથે છે જ્યારે શારીરિક સ્વાસ્થ્યનો તંદુરસ્તી સાથે સંબંધ છે. હૃષ્ટ-પુષ્ટ શરીર કઠિન કાર્યો કરવા માટે સક્ષમ હોય છે જે વ્યક્તિની શારીરિક કાર્યક્ષમતાનું મૂલ્ય પ્રતિપાદિત કરે છે, જ્યારે બુદ્ધિથી ઉત્પાદક્તાનું મૂલ્ય પ્રતિપાદિત થાય છે. જેમ કે કુશાગ્ર બુદ્ધિશાળી વ્યક્તિની કાર્યક્ષમતા અને ઉત્પાદક્તા સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિ કરતાં વધારે હોય તે સ્વાભાવિક છે.

માણસે તન અને મનનું આરોગ્ય જાળવવું ખૂબ જ જરૂરી છે. તેનાથી માણસનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. આ માટે માણસે આરોગ્યના નિયમોનું અખંડ પાલન કરવું જોઈએ. જેમ કે આહાર-વિહાર બાબતે આરોગ્યના ષ્ણિાત ડૉક્ટર કે વૈદ્યની સલાહ પ્રમાણે આહાર લેવો, તેમની સલાહ મુજબ નિત્ય ક્રિયાઓ કરવી, હરવું-ફરવું, કસરતો કરવી, યોગાસનો કરવા, જીવનમાં નિયમિતતા લાવવી, જીવનમાં સંયમ રાખવો, નિઃસ્વાદીપણાનો પ્રત્યક્ષ જીવનમાં અમલ કરવો, ઋતુઓ પ્રમાણેનાં શાકભાજી-ફળો આરોગવાં, નશીલા પદાર્થોનું સેવન ત્યજવું, શરીરને આવશ્યક નિંદ્રા લેવી, ત્વચાનું રક્ષણ કરે તેવાં વસ્ત્રોના પરિધાન કર, નિયમિત સ્નાન કરવું, હાથ-પગના નખ નિયમિત કાપવા વગેરે આરોગ્યવિષયક મૂલ્યો છે.

**(7) મનોરંજક મૂલ્યો :**

માણસે પોતાનું ગુજરાન ચલાવવા માટે કોઈને કોઈ પ્રકારનું કાર્ય કરવું પડે છે પછી તે શારીરિક કાર્ય હોય તે માનસિક કાર્ય હોય. કર્મ દ્વારા, પરિશ્રમ દ્વારા કે શ્રમ-મહેનત કરીને માણસ ચીજ-વસ્તુનું ઉત્પાદન કરી પોતાનું ગુજરાન ચલાવે છે. જેમ બાઈબલમાં કહેવાયું છે કે 'તારો રોટલો તું કમાવ' બાઈબલની આ આજ્ઞામાં શ્રમને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરંતુ શારીરિક કાર્યક્ષમતા કે ઉત્પાદક્તા વધારવા માટે શરીરને આરામની પણ એટલી જ જરૂર છે. આરામ એટલે બસ કોઈ પણ જાતનું કામ ન કરવું કે મહેનત ન કરવી એ અર્થમાં આરામ શબ્દો પ્રયોગ થયો નથી. પરંતુ સતત કામ કરવાથી શરીરને એક પ્રકારના થાકનો અનુભવ થાય છે. પરિણામે માણસ થોડા સમય માટે કામ કરવાનું બંધ કરે છે એટલે કે થોડા સમય માટે આરામ કરવાનું પસંદ કરે છે. થોડા સમય પછી ફરીથી તે અધુરું કામ પૂરું કરે છે. પરંતુ આવા આરામના સમયમાં માણસ ક્યારેક સંપૂર્ણ આરામ કરે છે. તો ક્યારેક વિનોદવૃત્તિ કે હસી-મજાક કરે છે તો ક્યારેક રમત-ગમત જેવી પ્રવૃત્તિથી પોતાના કામનો થાક દૂર કરવાનો પ્રયાસ કરે છે. તંદુરસ્ત માનવજીવનના આવાં મૂલ્યોને મનોરંજક મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.

જેમ શારીરિક કાર્યોથી માણસ શારીરિક થાકનો અનુભવ કરે છે તેમ માનસિક કાર્યોથી માણસને માનસિક થાક લાગે છે. આવા સમયે માણસ માનસિક કાર્યો સાથે સંગીતનો આશરો લે છે. જેમ કે રેડિયો સાંભળવો, ટેપ-રેકોર્ડર દ્વારા ગીતો સાંભળવાં, ટી.વી. થકી મનોરંજન મેળવવું, ક્યારેક ચલચિત્રો જોવાં, નાટકો-એકાંકી જોવાં વગેરે મનોરંજનની પ્રવૃત્તિઓ છે. ખાસ કરીને ગામડાંઓમાં આજે પણ ભવાઈ ભજવવામાં આવે છે. માણસ આખો દિવસ કામ કરીને થાક્યો-પાક્યો હોય છે ત્યારે તે આવા પ્રકારની ભવાઈ જોઈને મનોરંજન મેળવે છે. જેનાથી દિવસ દરમ્યાનનાં કાર્યોનો થાક દૂર થાય છે. ભજન, ધૂન, ગીતો વગેરે પ્રકારની પ્રવૃત્તિઓથી માણસનું મન પ્રફુલ્લિત બને છે અને મન પ્રસન્ન થા એવા પ્રકારની ઉદ્દેશ્યપૂર્ણ પ્રવૃત્તિઓ આપણાં મનોરંજક મૂલ્યો છે.

ફુરસદના સમયની પ્રવૃત્તિઓ વ્યક્તિના જીવનને સમૃદ્ધ બનાવે છે. પણ આ ત્યારે જ શક્ય બની શકે જ્યારે ફુરસદના સમયનો સદુપયોગ કરવામાં આવે. આપણે આ વાતથી એ પરિચિત છીએ કે બોલેલા શબ્દો અને બાણમાંથી નીકળેલાં તીર પાછાં આવતાં નથી તેમ વીતી ગયેલો સમય પણ ક્યારેય પાછો આવતો નથી. આથી આપણે ફુરસદના સમયનો સદુપયોગ કરવો જોઈએ. જેમ કહેવાય છે કે 'યોગ્ય સમયે કરેલું થોડું કાર્ય પણ બહું ઉપયોગી થાય છે.' જે માણસ સમયની ઉપેક્ષા કરે છે સમય પણ તેની ઉપેક્ષા જ કરે છે. આમ માણસના જીવનની દરેક ક્ષણ અતિ મૂલ્યવાન છે. આથી જ તો ભજનમાં લખ્યું છે કે 'તારી એક એક પળ જાય લાખની, તું તો માળા રે જપી લે ઘનશ્યામની' આ પંક્તિમાં પણ ફુરસદના સમયનું જ મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. માણસ જો આવી રીતે ફુરસદના

સમયનો સદુપયોગ કરે તો જીવનમાં સફળતા હાંસલ કરી પોતાનું જીવન સમૃદ્ધ બનાવી શકે છે. સદુપયોગ કરે તો જીવનમાં સફળતા હાંસલ કરી પોતાનું જીવન સમૃદ્ધ બનાવી શકે છે. ફુરસદના સમયમાં વ્યક્તિએ પોતાના જીવનમાં શોખની રમત-ગમતોને સ્થાન આપવું જોઈએ. તેનાથી મનોરંજન તો મળશે જ પરંતુ સાથે સાથે તેનામાં ખેલદિલી, સમય-સૂચકતા, એકાગ્રતા, શિસ્તબદ્ધતા, હાર-જીતમાં સમતોલપણાની ભાવના, સંઘભાવના જેવાં આવશ્યક મૂલ્યોનું સિંચન થશે અને શરીર હૃષ્ટ-પુષ્ટ બનશે. પરિણામે વ્યક્તિની કાર્યક્ષમતામાં પણ વધારો થશે.

ગુજરાતીમાં કહેવત છે કે 'નવરો બેઠો નખોદ વાળે' આ કહેવતમાં મનોવૈજ્ઞાનિક સત્ય સમાયેલું છે. માણસની નિષ્ક્રિયતા અને બેઠાડું જીવન પોતાના જીવનના આનંદ-ઉત્સાહને ખતમ કરી નાંખે છે. આથી દરેક માણસે પોતાના ફુરસદના સમયમાં કોઈને કોઈ પ્રકારની આનંદ આપનારી પ્રવૃત્તિઓ કે પોતાનું મન પ્રફુલ્લીત થાય એવી મનોરંજક પ્રવૃત્તિઓ કરતાં રહેવું જોઈએ. આમ, સહેતુક, ઉદ્દેશ્યપૂર્ણ અને નિશ્ચિત લક્ષ્ય પ્રાપ્તિ માટેની આનંદદાયી મનોરંજક પ્રવૃત્તિઓ જેવી કે ભજન-કીર્તન કરવાં, ગીત-સંગીતમાં રુચિ રાખવી, ગાવું-ગવડાવવું, રમત ગમતની પ્રવૃત્તિઓમાં રસ લેવો, નાટ્યકલાની પ્રવૃત્તિઓમાં રસ લેવો વગેરે આપણાં મનોરંજક મૂલ્યો છે.

**(8) આર્થિક મૂલ્યો :**

હિંદુ ધર્મમાં પરિપૂર્ણ માનવજીવન માટેના ચાર પુરુષાર્થમાં અર્થને સ્થાન આપવામાં આવ્યું છે. 'અર્થ' એટલે કે અર્થોપાર્જન(આર્થિક ઉપાર્જન) જેનાથી માણસ પોતાની જરૂરિયાતો પ્રાપ્ત કરી શકે છે. માણસની ભૌતિક જરૂરિયાતો અર્થ દ્વારા જ પૂર્ણ થાય છે. ચતુર્થ પુરુષાર્થ વ્યવસ્થામાં અર્થને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'અર્થ' સિવાયના અન્ય પુરુષાર્થ ધર્મ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે 'અર્થ' એક આવશ્યક સાધન છે. 'અર્થ' વિના ધર્મ, કામ અને મોક્ષની પ્રાપ્તિ અસંભવ છે. આમ ધાર્મિક મૂલ્યો કે આધ્યાત્મિક મૂલ્યોની પ્રાપ્તિ માટે આર્થિક મૂલ્ય એ સાધનાત્મક મૂલ્ય છે.

'અર્થ' એટલે પૈસો, ધન, દ્રવ્ય આજે ભૌતિકવાદી સમાજમાં સર્વસ્વ હોય તેવું જોવા મળે છે. આજના ભૌતિકવાદી આધુનિક જમાનામાં બુદ્ધિવાન, ગુણવાન, ધર્મપરાયણ અને સેવાભાવી લોકો માટે જે આદર-સત્કાર જોવા મળે છે તેના કરતાં પૈસો, ધન-દોલત કે અઢળક સંપત્તિવાળા લોકોને વિશેષ પ્રમાણમાં આદર-સત્કાર આપવામાં આવે છે. ગુજરાતીમાં કહેવત છે કે, 'નાણાં વગરનો નાથિયો નાણે નાથાલાલ કહેવાય.' આ આર્થિક મૂલ્યનું જ પરિણામ છે. પરંતુ આવું અઢળક ધન અનીતિના માર્ગે મેળવેલું હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી. અનીતિના માર્ગે મેળવેલું ધન સાચું ધન નથી, પરંતુ અનીતિથી મેળવેલું ધન તો ધૂળ સમાન છે. જેને આસુરી સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે. સ્વાભાવિક છે કે જીવન-ગુજરાન ચલાવવા માટે અને ભૌતિક સુખાકારી માટે પૈસો(ધન) જરૂરી છે પણ ધન હંમેશા નીતિથી જ મેળવવું જોઈએ. નીતિથી મેળવેલ ધનને જ સાચું ધન માનવામાં આવે છે જેને દૈવી સંપત્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ, નીતિથી ધર્મને ભૂલ્યા વગર સદાચાર કે સત્પ્રવૃત્તિઓ દ્વારા અને પ્રમાણિક્તાથી ધન પ્રાપ્ત કરવું એ જ આપણાં સાચાં આર્થિક મૂલ્યો છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં ધનિકો ધનના માલિક ન હતા પણ તેઓ સાચા અર્થમાં સમાજના રક્ષકો હતા, સમાજના સેવકો હતા. તેઓ આધ્યાત્મિક મૂલ્યોના વિકાસ અર્થે, સમાજના ઉત્થાન હેતુ અને પ્રજા કલ્યાણનાં કાર્યોમાં પોતાના ધનનો ઉપયોગ કરતા હતા. આમ પ્રાચીન સમયમાં આધ્યાત્મિક મૂલ્યો અને સામાજિક મૂલ્યો જેવાં અન્ય મૂલ્યોના વિકાસ માટે આર્થિક મૂલ્યોનો એક સાધનાત્મક મૂલ્ય(સાધન) તરીકે ઉપયોગ રવામાં આવતો હતો. આપણાં શાસ્ત્રોમાં પણ કહેવામાં આવ્યું છે કે, મોજ-શોખ કે ભોગ-વિલાસ માટે કદી પણ ધનનો સંચય કે દુરુપયોગ ન કરવો જોઈએ.

મહાભારતમાં પણ કહેવામાં આવ્યું છે કે દરેક ગૃહસ્થીઓ ધર્મથી, ન્યાયનીતિથી શિસ્તમાં રહીને પ્રમાણિક્તાથી અર્થ(ધન)નું ઉપાર્જન કરવું જોઈએ. આવી રીતે પ્રાપ્ત કરેલ ધનનો ઉપયોગ પણ ધર્મ, ન્યાય-નીતિ અને પ્રમાણિક્તાથી કરવો જોઈએ. સ્વાર્થ અને પરમાર્થનો સુભગ સમન્વય સાધીને

ભ્રાતૃભાવ અને વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાથી ધનનો ઉપયોગ કરવો જોઈએ. ભૌતિક સુખ સગવડો અને ભોગવિલાસનો ત્યાગ કરીને પ્રજાની સુખાકારી માટે જ ધનનો ઉપયોગ કરવો જોઈએ. નહીં પણ આધ્યાત્મિક મૂલ્યો, સામાજિક મૂલ્યો અને નૈતિક મૂલ્યોના વિકાસ માટે એક સાધનાત્મક મૂલ્ય તરીકે આર્થિક મૂલ્યોનો ઉપયોગ કરવાનો ઉપયોગ આપવામાં આવ્યો છે.

**12.9 રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા નિશ્ચિત દસ મૂલ્યો**

સ્ટેટ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા રાજ્યભરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમભવનો ચલાવવામાં આવે છે અને આ સંસ્થાઓ દ્વારા રાજ્યના તમામ શિક્ષકોને સેવાકાલીન તાલીમ આપવાનું એક ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આ સંસ્થાએ બાળકોના સર્વાંગીણ વિકાસ માટે આવશ્યક એવાં નીચે મુજબનાં દસ મૂલ્યો નિશ્ચિત કર્યાં છે તેનો અહીં અભ્યાસ કરીશું.

| | |
|---|---|
| – શ્રમનું ગૌરવ | – વિનમ્રતા |
| – રાષ્ટ્રપ્રેમ | – સમયપાલન |
| – લૈંગિક સમાનતા | – સુઘડતા |
| – બિનસાંપ્રદાયિક્તા | – સંવેદનશીલતા |
| – રાષ્ટ્રીય એકતા | – વૈજ્ઞાનિક મિજાજ |

**(1) શ્રમનું ગૌરવ :**

શ્રમનું ગૌરવ એ ખૂબ જ મહત્ત્વનું મૂલ્ય છે. શ્રમ એટલે કે પુરુષાર્થ, મહેનત, પરિશ્રમ. ગુજરાતીમાં કહેવત છે કે 'પુરુષાર્થ વગરનું પ્રારબ્ધ પાંગળું છે.', 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય.' આ કહેવતોમાં પણ શ્રમનું જ મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. જેમ કહેવાય છે કે, 'માંગ્યા વિના મા પણ પીરસતી નથી' તેમ પરિશ્રમ કર્યા વિના કશું ન પ્રાપ્ત કરી શકાતું નથી. કોઈ પણ જાતનો પરિશ્રમ કર્યા વિના નસીબના આધારે ફળપ્રાપ્તિની અપેક્ષા રાખીને બેસી રહેવાથી ક્યારેય ફળ પ્રાપ્ત થતું નથી. એટલા માટે જ કહેવાય છે કે 'પરિશ્રમ એ પારસમણિ સમાન છે'. જેમ પારસમણિના સ્પર્શ માત્રથી લોખંડ પણ કંચન બની જાય છે તેમ શ્રમ દ્વારા માણસ કઠિનમાં કઠિન કાર્યોને પાર પાડીને સફળતા મેળવી શકે છે. આમ દરેક માણસને શ્રમ પ્રત્યેનું ગૌરવ હોવું જોઈએ.

આજે શિક્ષણમાં શરીરશ્રમને આપણે ભૂલી રહ્યા છીએ. પરિણામે બાળકોમાં જીવન-વ્યવહાર માટેનાં જરૂરી કૌશલ્યોનો અભાવ જોવા મળે છે. આજનું શિક્ષણ પરીક્ષાલક્ષી બની ગયું છે. આથી પુસ્તકોમાં જોયા વગર વિજ્ઞાનનો કોઈ સિદ્ધાંત કે ગુજરાતીની કોઈ કવિતા કડકડાટ બોલી જતાં બાળકો પોતાના પગના બૂટ કે ચંપલની ખીલી નીળી જાય ત્યારે મૂંઝવણમાં મુકાઈ જાય છે. દરેકને પોતાનું કામ પોતાની જાતે કરતાં આવડવું જ જોઈએ. આજનાં બાળકો એવું સમજતાં હોય છે કે ઘરમાં સફાઈ કરવી, વાસણ સાફ કરવાં કે કપડાં ધોવાં વગેરે તો કાવાળી બાઈએ કરવાનાં કામો છે. બાળકોન મનના આવા ખોટા ખ્યાલો દૂર કરીને તેમને શ્રમનું ગૌરવ સમજાવીશું તો જ બાળકોમાં શ્રમના ગૌરવનું મૂલ્ય પ્રસ્થાપિત કરી શકીશું.

ગાંધીજીએ પોતાના શિક્ષણચિંતનમાં શ્રમને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે. તેમણે શિક્ષણની પ્રક્રિયામાં શારીરિક કાર્યો(શરીરશ્રમ)ને આવશ્યક અંગ માન્યું છે. દરેક માણસે શારીરિક શ્રમ દ્વારા પોતાનો રોટલો કમાવાનો છે. ગાંધીજીએ તો ત્યાં સુધી કહ્યું છે કે કોઈ પણ વ્યક્તિ પછી તે નાનો હોય કે મોટો હોય, શિક્ષિત હોય કે અભણ હોય, તવંગર હોય કે ગરીબ હોય તે દરેક માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્તિ મેળવી શકે નહીં. ટોલ્સ્ટોયે પણ શ્રમનું ગૌરવ કરતાં કહ્યું છે કે જે માણસો શારીરિક શ્રમ કરતા નથી તે માણસો સમાજના ગુનેગાર છે. શ્રમનું ગૌરવ સ્પષ્ટ કરતાં વિનોબાજીએ કહ્યું છે કે આત્મિક તાલીમ તો શ્રમ દ્વારા જ સિદ્ધ થઈ શકે, શ્રમ દ્વારા જ કાર્ય સમ્માનની ભાવના વિકસી શકે અને શ્રમ દ્વારા જ શરીર અને મન કેળવાય છે. આ દૃષ્ટિએ જોતાં 'શ્રમનું ગૌરવ' વ્યક્તિના જીવન ઘડતર માટેનું એક અગત્યનું મૂલ્ય છે. તેનાથી વ્યક્તિમાં ઉદ્યમશીલતા, વ્યક્તિ સમ્માન, જુસ્સો, પરિશ્રમ, કર્તવ્યપરાયણતા, પ્રમાણિકતા અને સમયપાલન જેવાં મૂલ્યોનું સિંચન થાય છે.

**(2) રાષ્ટ્રપ્રેમ :**

'રાષ્ટ્રપ્રેમ' એક રાષ્ટ્રીય મૂલ્ય છે. સામાન્ય રીતે રાષ્ટ્રપ્રેમનો અર્થ થાય છે દેશભક્તિ. અર્થાત્ બાળકોને જેમ પોતાના માતા-પિતા પ્રત્યે જેટલો પ્રેમ હોય છે એટલો જ પ્રેમ પોતાના દેશ પ્રત્યેનો હોય છે. પોતાના દેશ પ્રત્યેનો વિશેષ લગાવ હોવો, દેશને પોતાની માતા સમાન માનવો, દેશન એકતા-અખંડિતતાને કાયમ રાખવા માટે અને દેશનું રક્ષણ કરવા માટે હંમેશા તૈયાર રહેવું, દેશનું અપમાન પોતાનું અપમાન છે એવું સમજવું, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગાન તેમજ અન્ય રાષ્ટ્રીય પ્રતીકો અને સ્મારકોનું રક્ષણ કરવું, તેનું માન-સન્માન જાળવવું અને આદર કરવો, દેશની પ્રગતિ પર અત્યંત આનંદ થવો જોઈએ આવો ભાવ વ્યક્તિમાં રહેલાં રાષ્ટ્રપ્રેમનાં મૂલ્યોનું દર્શન કરાવે છે.

આપણા બંધારણે આપણને કોઈ એક પ્રદેશ કે રાજ્યનું નહીં પરંતુ ભારતનું નાગરિકત્વ આપ્યું છે. એટલું જ નહી પરંતુ એક નાગરિક તરીકેના અધિકારો આપ્યા છે પરિણામે આપણે સ્વતંત્રતાથી આપણું જીવન જીવી શકીએ છીએ. આથી દેશની દરેક વ્યક્તિને રાષ્ટ્ર પ્રત્યેનો 'રાષ્ટ્રપ્રેમ' હોવો જ જોઈએ. આપણા દેશના સાંસ્કૃતિક વારસાનું ગૌરવ કરવું, રાષ્ટ્રગીતનું માન-સન્માન સાચવવું, રાષ્ટ્રધ્વજની ગરિમા જાળવવી, આપણા રાષ્ટ્રીય મુદ્રાલેખો-સ્મારકો તેમજ રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ કરવું, આપણા રાષ્ટ્રીય પ્રાણી વાઘ, રાષ્ટ્રીય ફૂલ કમળ, રાષ્ટ્રીય પક્ષી મોરનું રક્ષણ કરવું અને સંવર્ધન કરવાનો પ્રયાસ કરવો. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આદર્શોનું સંવર્ધન અને સંરક્ષણ રવું તેમજ રાષ્ટ્રીય તહેવારો સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસને ઉત્સાહભેર ઉજવવા જોઈએ. આવા પ્રકારનાં રાષ્ટ્રીય મૂલ્યોને ઉજાગર કરતી રાષ્ટ્રપોષક પ્રવૃત્તિઓ આનંદ-ઉત્સાહથી ઉજવવામાં જ વ્યક્તિનો રાષ્ટ્રપ્રેમ સમાયેલો છે.

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ સંસ્થા (એન.સી.ઈ.આર.ટી.) એ પોતાની 83 મૂલ્યોની સૂચિમાં 'રાષ્ટ્રપ્રેમ' ને એક આગવા મૂલ્ય તરીકે સ્થાન આપ્યું છે. દેશભરની પ્રાથમિક અને માધ્યમિક સ્તરની શાળાઓમાં બાળકોને શિક્ષણકાર્ય શરૂ કરતાં પહેલાં પ્રતિજ્ઞાપત્રનું વાંચન રાવીને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે તેનો મૂળ ઉદ્દેશ્ય પણ બાળકોમાં રાષ્ટ્રપ્રેમનો વિકાસ કરવાનો રહેલો છે. રાષ્ટ્રપ્રેમથી વ્યક્તિમાં રાષ્ટ્રગૌરવ, રાષ્ટ્રીયતાની ભાવના, રાષ્ટ્રીય પ્રતીકોનો આદર, રાષ્ટ્ર સંરક્ષણની ભાવના, રાષ્ટ્ર પ્રત્યે વફાદારી, રાષ્ટ્રનિષ્ઠા અને રાષ્ટ્ર કલ્યાણની ભાવના જેવાં રાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ થાય છે.

**(3) લૈંગિક સમાનતા :**

વર્તમાન સમયમાં લૈંગિક સમાનતાનું મૂલ્ય ખૂબ જ આવશ્યક છે. સામાજિક દષ્ટિએ લૈંગિક અસમાનતાનાં બીજ જન્મ પહેલાં જ વવાતાં હોય છે. વિજ્ઞાનના યુગમાં તબીબી વિજ્ઞાનની પ્રગતિના કારણે આજે ગર્ભ-પરીક્ષણનું એક મોટામાં મોટું દૂષણ સ્ત્રી-પુરુષની અસમાનતાનું મૂળ કારણ છે. પરિવારમાં પણ આજે દીકરી કરતાં દીકરાના જન્મની અપેક્ષાઓ રાખવામાં આવે છે. પરિણામે આજના કહેવાતા સુસંસ્કારી સભ્ય-પરિવારોમાં ગર્ભ-પરીક્ષણ કરાવીને ગર્ભપાત દ્વારા સ્ત્રી ભ્રૂણહત્યા કરવામાં આવે છે ત્યાં જ લૈંગિક અસમાનતાનો જન્મ થાય છે. ભારતીય સમાજના સામાજિક વ્યવસ્થાના સંતુલન માટે આ એક ભયાનક સ્થિતિ છે. આજે પુરુષોની કુલ સંખ્યાની સરખામણીએ સ્ત્રીઓની કુલ સંખ્યા ચિંતા જન્માવે તેટલી છે. 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા લગભગ 933 જેટલી છે. આ લૈંગિક અસમાનતાનું જ માઠું પરિણામ છે. જો સ્ત્રી-પુરુષોની સંખ્યાનું સંતુલન નહીં થાય તો સમાજને તેનાં માઠાં પરિણામો ભોગવવાં પડશે, માટે જ આજે દરેક વ્યક્તિમાં લૈંગિક સમાનતાનું મૂલ્ય પ્રસ્થાપિત કરવું ખૂબ જ આવશ્યક છે.

ભારતમાં સામાજિક વ્યવસ્થાનો મૂળ આધાર ધર્મ રહ્યો છે. વૈદિક યુગમાં સ્ત્રીઓને વૈદિક યજ્ઞ માટે લાયક ગણવામાં આવતી હતી, પરંતુ ત્યાર બાદ ધર્મનું અધઃપતન થયું તેથી આ કાળમાં સ્ત્રી શિક્ષણને મોટો ધક્કો પહોંચ્યો હતો અને ખ્રિસ્તી સંવતના આરંભકાળે સ્ત્રીઓનાં ઉપનયનસંસ્કાર પણ બંધ પડવાના આરે હતા. આ સમયમાં સ્ત્રીઓનું ગૌરવયુક્ત સ્થાન જોખમાયું હતું. પરંતુ ગાંધી

યુગમાં લૈંગિક સમાનતાના આશયથી સ્ત્રીઓના ઉદ્ધાર માટેનાં આંદોલનો થયાં હતાં. ગાંધીજીએ કહ્યું છે કે સ્ત્રીઓને થયેલા સામાજિક ઉદ્ધાર માટેનાં આંદોલનો થયાં હતાં. ગાંધીજીએ કહ્યું છે કે સ્ત્રીઓને થયેલા સામાજિક અન્યાયો ત્યારે જ દૂર થશે જ્યારે તેમને શિક્ષણ અને સમાન હક્કો આપવામાં આવશે. સ્ત્રી અને પુરુષનો દરજ્જો એક જ છે તે એક અપૂર્વ જોડી છે, એકબીજાના પૂરક છે ત્યાં સુધી કે એકના અભાવે બીજાનો સંભવ નથી. આમ અહીં ગાંધીજીએ લૈંગિક સમાનતાના મૂલ્યને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ કહ્યું છે કે સ્ત્રીઓમાં પણ માનવીય ચૈતન્ય હોય છે. સંપૂર્ણ વિકાસનો જેટલો અધિકાર પુરુષોને છે એટલો જ અધિકાર સ્ત્રીઓને પણ છે. તેથી બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક વિકાસ માટે સ્ત્રીઓને સમાન તકો મળવી જ જોઈએ. કોઠારી શિક્ષણ પંચે પણ સમાન શૈક્ષણિક અવસરોના સંબંધમાં કહ્યું છે કે ધર્મ, કોમ, રંગ, લિંગ અને આર્થિક અંતરાયો વગર પ્રત્યેક વ્યક્તિ માટે શૈક્ષણિક તકનું નિર્માણ કરવું એ લોકશાહીની પ્રાથમિક જરૂરિયાત છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે સમાજના વાંચ્છિત દિશાના વિકાસ માટે દરેક વ્યક્તિમાં લૈંગિક સમાનતાના મૂલ્યને પ્રસ્થાપિત કરવું અત્યંત આવશ્યક છે.

**(4) બિનસાંપ્રદાયિક્તા :**

દેશની એકતા અને અખંડિતતાને સાચવવા માટે, તેનાં રક્ષણ માટે અને તેને કાયમ ટકાવી રાખવા માટે બિનસાંપ્રદાયિક્તા એક મહત્ત્વનું મૂલ્ય ગણાવી શકાય. બિનસાંપ્રદાયિક્તાનો સામાન્ય અર્થ થાય છે. સાંપ્રદાયિક્તાના સંકુચિત દાયરામાંથી બહાર નીકળી માનવધર્મમાં શ્રદ્ધા રાખવી. આજે આપણા દેશમાં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન અને બૌદ્ધ જેવા મુખ્ય ધર્મો પાળવામાં આવે છે. આ દરેક ધર્મને પોતાના અલગ અલગ સંપ્રદાયો હોય છે. જુદા જુદા ધર્મો પાળનારા લોકો પોતાના ધર્મને જ ઉચ્ચ ધર્મ માનતા હોય છે. જ્યારે બીજા ધર્મોને તેના ધર્મ કરતાં નીચો ગણતા હોય છે. ક્યારેક અનુયાયીઓ દ્વારા બીજા ધર્મોની અવગણના પણ કરવામાં આવે છે. આવી સંકુચિત સાંપ્રદાયિક ભાવનાથી મુક્ત થઈ એક માત્ર માનવધર્મનો સ્વીકાર કરવો તે આપણી બિનસાંપ્રદાયિક્તા છે.

દેશના સૌથી મોટા બે ધર્મો હિંદુ અને મુસ્લિમ ધર્મના આધાર પર કોમવાદનો જન્મ થયો. પરિણામે દેશની આઝાદી સમયે જ ભારતવર્ષના ભારત અને પાકિસ્તાન એવા બે ભાગલા થયા. ધર્મના નામે થયેલ દેશના વિભાજનની ખાઈને આપણે આજે પણ પૂરી શક્યા નથી. આવી ધાર્મિક કટ્ટરતાના કારણે આજે આપણે ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સીમાપારનો ત્રાસવાદ, ધાર્મિક સ્થાનો પરના હુમલાઓ, કોમી હુલ્લડો જેવી વર્તમાન સમસ્યાઓ સાંપ્રદાયિક્તાનું જ માઠું પરિણામ છે. આ સમસ્યાઓનું સમાધાન બિનસાંપ્રદાયિક્તાના મૂલ્યથી જ થઈ શકે તેમ છે. જ્યારે આપણે ધાર્મિક સહિષ્ણુતા કેળવીશું અને સર્વધર્મસમભાવને ચરિતાર્થ કરીશું ત્યારે જ બિનસાંપ્રદાયિક્તાનું મૂલ્ય પ્રસ્થાપિત થશે.

બિનસાંપ્રદાયિક્તાનું સમર્થન કરતા જે કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે ધર્મને કોઈ માન્યતા, સંપ્રદાય કે ઈશ્વરના મર્યાદિત ખ્યાલ સાથે જ જોડવાના હોય તો કૃષ્ણમૂર્તિને એવો કોઈ ધર્મ સ્વીકાર્ય નથી. આચાર્ય વિનોબાજીએ પણ ધાર્મિક શિક્ષણની વ્યાખ્યામાં કહ્યું છે કે સાંપ્રદાયિક શિક્ષણની સંકુચિતતામાંથી બહાર નીકળી ધર્મનું સત્ય એટલે કે ચારિત્ર્યનું ઘડતર થવું જોઈએ. જ્યારે મહાત્મા ગાંધીજી અહિંસાને પરમોધર્મ માને છે, જનસેવાને સાચી પ્રભુસેવા માને છે અને સત્યને જ ઈશ્વર માને છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે આપણે સાંપ્રદાયિક્તાની સંકુચિતતામાંથી બહાર નીકળીને બિનસાંપ્રદાયિક્તાનાં મહામૂલ્યને ઉજાગર કરવું જોઈએ. ધાર્મિકસહિષ્ણુતા, સર્વધર્મસમભાવ, કોઈ ધર્મ ઊંચો નથી તેમ કોઈ ધર્મ નીચો નથી, જનસેવા એજ પ્રભુસેવા, માનવતાનો ધર્મ, પરોપકાર અને પ્રેમ વગેરે બિનસાંપ્રદાયિક્તાને ઉજાગર કરનારાં મૂલ્યો છે.

**(5) રાષ્ટ્રીય એકતા :**

દેશની અખંડિતતા સાચવવા માટે રાષ્ટ્રીય એકતાનું મૂલ્ય ખૂબ જ આવશ્યક છે. આપણા દેશમાં અનેક જાતિના લોકો વસે છે, અનેક ધર્મના લોકો વસે છે તેઓની ભાષાઓ પણ અનેક છે અને

વિવિધતાસભર અનેક પ્રાંત(પ્રદેશ)માં વસે છે. આ બધા જ લોકો જ્યારે ધર્મ, પ્રદેશ, ભાષા અને લિંગ તેમજ સંસ્કૃતિનો ભેદભાવ ભૂલીને અમે સૌ એક જ છીએ એવો ભાવ કે લાગણી પ્રગટ કરે છે ત્યારે આપણી રાષ્ટ્રીય એકતા પ્રદર્શિત થાય છે. ભિન્ન ભિન્ન જ્ઞાતિ, જાતિ અને ધર્મના તમામ લોકોનો ભાવાત્મક સેતુ બાંધીને, સુમેળ કરી સંપીને રહેવું એ રાષ્ટ્રીય એક્તાનું આગવું લક્ષણ છે. રાષ્ટ્રીય એક્તામાં રાષ્ટ્રીય શબ્દ રાષ્ટ્ર કે દેશનો સૂચક છે જ્યારે એકતા શબ્દ સંપ, સુમેળ કે ઐક્ય સાથે સંબંધિત છે.

આજે આપણા દેશમાં અનેક સમસ્યાઓ ઘર કરી રહી છે. આપણી લોકશાહી સામે અનેક પડકારો ઊભા છે. કોમવાદ, સાંપ્રદાયિક્તા, પ્રાન્તવાદ અને ભાષાવાદના કારણે દેશની અખંડિતતા જોખમમાં મૂકાઈ છે. આજે રાજકીય સ્થિતિ પર એટલી જ તનાવભરી થઈ ગઈ છે. આજના નીતિ વગરના રાજકારણે નાગરિકોને અજંપાભરી સ્થિતિમાં મૂકીને દયનીય બનાવી દીધા છે. દેશમાં જોવા મળતી આર્થિક અસમાનતાએ પણ ઘણી સમસ્યાઓ ઊભી કરી છે. આવી વિકટ સમસ્યાઓમાંથી બહાર નીકળવા માટે લોકોમાં રાષ્ટ્રીય એક્તાનું મૂલ્ય પ્રસ્થાપિત કરવું અત્યંત જરૂરી છે.

રાષ્ટ્રીય એકતા લોકોના હૃદયમાંથી પ્રગટ થતી એક આંતરિક ભાવના છે. આથી જ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે કે, 'રાષ્ટ્રીય એક્તાની ઈમારત ચૂના અને પથ્થરની મદદથી ઊભી કરી શકાય નહીં, છીણી કે હથોડાની સહાયથી તેને ઘાટ આપી શકધાય નહીં તે તો મનુષ્યોના માનસમાં અને હૃદયમાં શાંત રીતે પાંગરી શકે.' આમ લોકોમાં પ્રાંતવાદને ભૂલીને એક રાષ્ટ્રના પ્રજાજન હોવાથી ભાવના વિકસાવવી, જાતિ-કોમને ભૂલીને એક માનવ હોવાની વિશાળ ભાવનાનો વિકાસ કરવો, ધાર્મિક સંકુચિતતા કે સાંપ્રદાયિક્તાના વાડા ન બંધાતાં માનવધર્મ કે સર્વધર્મસમભાવની ભાવનાનું સિંચન કરવું, લોકો લોકો વચ્ચે આત્મીયતાનો વિકાસ કરવો, લોકોમાં સંપ, સહકાર, વિકસાવવા માટેનાં સહાયક મૂલ્યો છે. આજની આપણી વર્તમાન સમસ્યાઓમાંથી મુક્ત થવા માટે પ્રત્યેક નાગરિકે રાષ્ટ્રીય એકતા માટોનં સહાયક મૂલ્યો વિકસાવવાં જ પડશે, તેને આત્મસાત્ કરવાં જ પડશે અને તો જ આપણે લોકોમાં રાષ્ટ્રીય એક્તાનું મૂલ્ય પ્રસ્થાપિત કરી દેશની અખંડિતતાને કાયમ રાખી શકીશું.

**(6) વિનમ્રતા :**

વિનમ્રતા એક વિનયસૂચક શબ્દ છે. વિનય શબ્દનો અર્થ થાય છે નમ્રતા અને વિનમ્ર શબ્દનો ભાવ વિનમ્રતા એવો થાય છે. દરેક માણસમાં વિનમ્રતાનો ભાવ હોવો જ જોઈએ. વિજમ્રતા માનવજીવનનું મૂલ્યવાન ઘરેણું છે. માણસની સાચી ઓળખ તેનામાં રહેલી વિનમ્રતાથી જ થાય છે. જેમ ગુજરાતીમાં કહેવત છે કે, 'નમે તે સૌને ગમે', 'નમતાનું બહુમાન, નદીઓ પણ સાગરને ભજે છોડી ઊંચાં સ્થાન.' અહીં સ્પષ્ટ થાય છે કે જેનામાં નમ્રતા છે, જે હંમેશા વિનમ્રતાપૂર્વક વ્યવહાર કરે છે તે વ્યક્તિ સૌને પ્રિય લાગે છે. એટલું જ નહીં પણ આવી વ્યક્તિનું હંમેશા બહુમાન થતું હોય છે. આવી વ્યક્તિના માન-સન્માન અને આદર-સત્કાર સ્વાભાવિક્તાથી જ થતાં હોય છે. નદીઓ પર્વત જેવા ઊંચાં સ્થાનોમાંથી પ્રગટ થાય છે તેમ છતાં માનવ કલ્યાણાર્થે પોતાની જાતનું સમર્પણ કરે છે. નદીની આ મહાનતાને કારણે સંસારના બધા જ લોકો નદીને 'નદીમાતા' તરીકે પૂજે છે. આમ દરેકની મહાનતા તેનામાં રહેલા વિનમ્રતાના મૂલ્યથી જ અંકાતી હોય છે.

આપણા મહાપુરુષો રામ-કૃષ્ણ, બુદ્ધ-મહાવીર કે સંતો-મહંતોના જીવનમાં ડગલે ને પગલે વિનમ્રતા જોવા મળે છે. તેમણે પોતાના જીવનમાંથી અહમ્ (અભિમાન)નો ત્યાગ કરીને વિનમ્રતાનું આચરણ કર્યું છે. ઝાડની મહાનતા પણ તેની નમનતામાં જોવા મળે છે. જ્યારે ઝાડને ફળ આવે છે ત્યારે ફળોના વજનથી ઝાડની ડાળીઓલ નીચે ઝૂકીને ફળોનું વજન ઝીલે છે આવી રીતે નમ્રતાથી કષ્ટ વેઠીને ઝાડ બીજાને ઉપયોગી બને છે. આમ આપણા જીવનમાં પણ વિનમ્રતાનું સિંચન કરવું જોઈએ. જીવનની સફળતા માટે અને જીવનનાં રહસ્યને પામવા માટે વિનમ્રતાનું મૂલ્ય ઘણું જ આવશ્યક છે. સંતકવિ તુલસીદાસે લખ્યું છે કે 'દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન, તુલસી દયા ન છાંડીયે, જબ તક ઘટ મેં પ્રાણ.' આ દયાનું પ્રગટીકરણ જ વિનમ્રતા છે. તે અભિમાનનું મારણ છે. આમ વિનમ્રતા વગર આપણે સાચા ધર્મનું પાલન કરી શકતા નથી અને તેથી જીવનનું અંતિમ લક્ષ્ય

મોક્ષપ્રાપ્તિને પણ પામી શકતા નથી. આ દૃષ્ટિએ વિનમ્રતા મનુષ્ય જીવનનું એક મહત્ત્વપૂર્ણ મૂલ્ય છે તેથી આપણે આપણા જીવનમાં વિનમ્રતાનું ડગલે ને પગલે આચરણ કરીને જીવન જીવવું જોઈએ.

**(7) સમયપાલન :**

મનુષ્યના સર્વાંગીણ વિકાસમાં સમયપાલનનું ઘણું જ મહત્ત્વ રહેલું છે. સમયપાલનનું મૂલ્ય નિયમિતતાનું સૂચક છે. ગુજરાતીમાં કહેવત છે કે વીતી ગયેલો સમય ક્યારેક પાછો આવતો નથી. કોઈ કવિએ કાવ્ય પંક્તિમાં સાચું જ કહ્યું છે કે 'ગત સંપત્તિ ફરી સાંપડે, ગયાં વળે છે વહાણ, ગત અવસર કદી ન મળે, ગયાં ન આવે પ્રાણ' અહીં સમયનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. સમયની પ્રાણ (આત્મા) સાથે સરખામણી કરવામાં આવી છે. આથી જ કહેવાય છે કે સમય સોના કરતાં પણ કિંમતી છે. આથી દરેક માણસે જીવનના દરેક તબક્કે સમયનું પાલન કરવું જોઈએ. પોતાની ફરજમાં આવતું દરેક કાર્ય વિના વિલંબે યથાસમયે પૂર્ણ કરવું તેમાં જ વ્યક્તિની સમયપાલનનાં દર્શન થાય છે.

જીવનની સફળતા માટે સમયપાલન ખૂબ જ જરૂરી છે. આપણા જીવનમાં નિયમિતતા ન હોય તો આપણે જીવનમાં ક્યારેય સફળતા મેળવી શકતા નથી. કહેવાય છે કે યોગ્ય સમયે કરેલું થોડું કાર્ય પણ બહુ ઉપયોગી થાય છે અને સમય વીતી ગયા પછીથી કરેલું વધારે કાર્ય પણ નિરર્થક બની જાય છે. આમ સમયસર કરેલો થોડો પ્રયત્ન પણ ભવિષ્યની અનેક મુશ્કેલીઓ દૂર કરી શકે છે. 'પાણી પહલાં પાળ બાંધવી જોઈએ.' આ કહેવત પણ સમયપાલનનું સમર્થન કરે છે. આમ કરવવાથી ભવિષ્યની ઘણી બધી મુશ્કેલીઓમાંથી આપણે ઉગરી જઈએ છીએ.

જીવનમાં સફળ અને સુખી થવાના તમામ ઉપાયો પૈકી સૌથી મહત્ત્વની અને સૌથી શ્રેષ્ઠ કોઈ ગુરુચાવી હોય તો તે સમયની પાબંધી, નિયમિતતા અને સમયપાલન છે. યોગ્ય સમયે કરેલું યોગ્ય કાર્ય વ્યક્તિને પરમ આનંદ આપે છે. જ્યારે કોઈ પણ કાર્યને નિયત સમયે ન કરવામાં આવે તો માણસને આખરે પસ્તાવું જ પડે છે. ગુજરાતીમાં કોઈ કવિએ સુદંર લખ્યું છે કે 'રાત્રે વહેલાં જે સૂઈ, વહેલા ઉઠે વીર, બળ, બુદ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર.' અહીં પણ કવિએ સમયપાલનનું જ મહત્ત્વ બતાવ્યું છે. વહેલા ઉઠવાથી શારીરિક તંદુરસ્તી અને આર્થિક સમૃદ્ધિ તેમજ બૌદ્ધિક વિકાસ પણ થાય છે જે મનુષ્ય જીવનને સાર્થક કરવા માટે અત્યંત જરૂરી છે. આમ, સમયપાલનના કારણે વ્યક્તિમાં નિયમિતતા, શિસ્ત, વિવેક, કર્તવ્યપાલન, નિષ્ઠા, સમયનો સદુપયોગ જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થાય છે.

**(8) સુઘડતા :**

સુઘડતાનું મૂલ્ય માનવજીવનને સુંદરતા બક્ષવા માટે ઘણું ઉપયોગી છે. સુઘડતાનો સંબંધ સુંદરતા સાથે છે. આપણા આદર્શ શિક્ષકો વિદ્યાર્થીઓને હંમેશાં સ્વચ્છ અને સુઘડ અક્ષરોથી લેખન કરવાનું માર્ગદર્શન આપતા હોય છે. તેમનો મૂળ ઉદ્દેશ્ય બાળકોમાં સુઘડતાનું સિંચન કરવાનો રહેલો છે. આમ જોતાં સુઘડતા સાથે સ્વચ્છતા પણ જોડાયેલી છે. જ્યાં સ્વચ્છતા હોય ત્યાં સુઘડતાનું મૂલ્ય સ્વાભાવિક રીતે જ જોવા મળે છે. આ સંબંધમાં 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નું સૂત્ર પણ ઘણું પ્રચલિત છે. અર્થાત્ ત્યાં ઈશ્વરીય શક્તિનાં દર્શન થાય છે. આપણી ભારતીય સંસ્કૃતિનું વ્યાપક માન્યતા પ્રાપ્ત મૂલ્ય સત્યમ્ શિવમ્ સુંદરમ્માં પણ સુંદરતાને એક વ્યાપક મૂલ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે. સુંદરતા એ સુઘડતાનો જ એક પર્યાય છે જે માનવજીવનને શ્રેષ્ઠતાની દિશામાં આગળ લઈ જાય છે. આમ, માનવજીવનને બહેતર અને ઉન્નત બનાવવા માટે સુઘડતાનું મૂલ્ય અત્યંત આવશ્યક છે.

આપણા જીવનમાં સુઘડતાનું ઘણું મહત્ત્વ રહેલું છે. ગાંધીજીને પણ સ્વચ્છતા અને સુઘડતા ઘણી પ્રિય હતી. પોતાના કાર્યોમાં ચોક્સાઈ રાખવી, બીજાને આપણું કામ ગમી જાય તે રીતે કાર્યને પૂર્ણ કરવું, આપણાં કાર્યમાં સુંદરતાનાં દર્શન થાય તે પ્રમાણે કાળજીપૂર્વક કાર્યને પાર પાડવું વગેરે બાબતોથી સુઘડતાનું નિર્માણ થાય છે. સુઘડતાને કારણે વ્યક્તિમાં સ્વચ્છતા, સુંદરતા, સુડોળપણું, નિયમિતતા, ચોક્સાઈ, પ્રમાણિક્તા, ધ્યેયનિષ્ઠા, ખંત, ધૈર્ય અને શ્રમનિષ્ઠા જેવાં મૂલ્યોનો વિકાસ થાય છે.

**(9) સંવેદનશીલતા :**

સંવેદનશીલતાનો મૂળ ભાવ સંવેદનશીલ-લાગણીશીલ એવો થાય છે. સંવેદનશીલતાનો સંબંધ અનુભૂતિ સાથે છે. બીજાની અનુભૂતિથી જયારે માણસ પ્રભાવિત થાય છે તેમાં વ્યક્તિની સંવેદનશીલતાનું પ્રગટીકરણ થાય છે. વ્યક્તિમાં જોવા મળતો એક પ્રકારનો મર્મસ્પર્શી ભાવ તે વ્યક્તિની સંવેદનશીલતા છે. કોઈ ઘટના જોઈને થતો માનસિક બોધ, અનુભવ કે અનુભૂતિ સંવેદનશીલતાનું સૂચક છે.

સંવેદનશીલતા એક આગવું મૂલ્ય છે. માણસ એક સામાજિક પ્રાણી છે તે સમાજમાં રહે છે અને તેના વિકાસમાં પરિવાર સિવાય સમાજનું પણ સંચુલિત યોગદાન રહેલું છે. કવિ સુન્દરમે સાચું જ કહ્યું છે કે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' આ પંક્તિમાં માનવતાની ભાવના પ્રગટાવવાની વાત કરવામાં આવી છે. માણસાઈના દીવા પ્રગટાવવાની વાત કરી છે. આમ માનવતા અને માણસાઈનું સિંચન કે તેનું પ્રગટીકરણ માણસની સંવેદનશીલતાથી જ થાય છે. માણસ સ્વાર્થનો ત્યાગ કરીને નિઃસ્વાર્થનો વિકાસ કરવો જોઈએ. કોઈ દુઃખી માણસને જોઈને દરેક માણસના મનમાં દુઃખનો અહેસાસ થવો જ જોઈએ. દરેક માણસે નિરાધાર માણસોને શક્ય એટલી મદદ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. પરિસ્થિતિ અનુસાર જરૂરિયાતમંદ વ્યક્તિઓને યથાશક્તિ સહાય કરી ઉપયોગી થવું જ જોઈએ. કુદરતી આફતોમાં ફસાયેલાઓનું દુઃખ જોઈને આપણાં હૈયા દ્રવી ઊઠ્યાં જોઈએ. આવી સંવેદનશીલતાથી માણસમાં માણસાઈ, પરોપકાર, સેવાભાવ, સમાજસેવા, સહકાર, પરસ્પર મદદ, દયા, પ્રેમ, સહાનુભૂતિ, પૃચ્છાભાવ અને કરુણા જેવાં અનેક ઉત્તમ મૂલ્યોનો વિકાસ થાય છે.

**(10) વૈજ્ઞાનિક મિજાજ :**

વૈજ્ઞાનિક મિજાજનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે સંબંધ છે. આજનો આધુનિક યુગ વિજ્ઞાનનો યુગ છે. આથી માનવજીવન પણ વિજ્ઞાનથી પ્રભાવિત થયું છે. સમાજની પરંપરાગત રૂઢિઓ અને અંધશ્રદ્ધા જેવાં અનિષ્ટોથી વિજ્ઞાને આપણને મુક્તિ અપાવી છે. વિજ્ઞાનતાના પરિણામે વ્યક્તિ જિજ્ઞાસુ, ક્રિયાશીલ, કર્તવ્યનિષ્ઠ અને ઈમાનદાર બને છે. વિજ્ઞાનથી વ્યક્તિમાં વૈજ્ઞાનિક સ્વભાવનો વિકાસ થાય છે. વૈજ્ઞાનિક મિજાજના કારણે માણસ ધાર્મિક સંપ્રદાયોના બંધનમાંથી મુક્ત થઈ બિનસાંપ્રદાયિક્તામાં શ્રદ્ધા રાખતો થયો છે. આમ વિશ્વબંધુત્વનો વિકાસ કરવામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનું અનન્ય યોગદાન રહેલું છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના કારણે વ્યક્તિમાં ચિંતન અને તર્કશક્તિનો વિકાસ થાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળી વ્યક્તિ હંમેશા સત્યનો આગ્રહ રાખે છે તેથી તેનામાં સત્યનિષ્ઠાનો વિકાસ થાય છે. એની સાથે નવી શોધ, નવું જાણવું, નવું પ્રાપ્ત કરવું, પૃચ્છાભાવ, ન્યાયિક પૃચ્છા, જ્ઞાન અર્જન જેવાં મૂલ્યોનો વિકાસ થાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના કારણે વ્યક્તિમાં સ્વચ્છતા, સંવેદનશીલતા અને સ્વાસ્થ્ય સંબંધી ઉપચાર કરવા જેવી બાબતો વધારે દૃઢ બને છે. વ્યક્તિમાં પરિશ્રમ, ધૈર્ય, આત્માનુશાસન, ક્ષમાશીલતા, સચ્ચાઈ, સ્વતંત્રતા, સહયોગ અને જવાબદારી અદા કરવી જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થાય છે. આમ, આજના આધુનિક યુગમાં દરેક વ્યક્તિમાં વૈજ્ઞાનિક મિજાજનો વિકાસ કરવો જોઈએ, તેનાથી વ્યક્તિમાં જીવનવિકાસ માટે આવશ્યક એવાં અનેક મૂલ્યો વિકસાવી શકાય.

## 12.10 સાહિત્ય : સંસ્કાર સિંચનનું સાધન

જો આપણે આપણી જીવનવિકાસની પ્રક્રિયાનું નિરીક્ષણ કરીશું તો જણાઈ આવશે કે સાહિત્યરસિક્તાનાં બીજ જન્માવસ્થા પછી થોડાક સમયમાં જ રોપાવાની શરૂઆત થાય છે. રડતા બાળકને છાનું રાખવા માટે માતા તાલીઓ લયબદ્ધ રીતે પાડતી જોવામાં આવશે. લયબદ્ધ તાળી તરફ બાળકનું ચિત્ત આકર્ષાય ત્યારે તેમાંથી તેને કુદરતી આનંદ મળે છે એ માતા સમજે છે. એટલે બાળકને હસાવવા પણ માતા તાળી અને જોડકણાનો ઉપયોગ કરે છે. ખરું જોતાં આ આનંદપ્રવાહ ઉભયવાહી હોય છે કારણ કે માતા પણ બાળકના સ્મિત સાથે સ્મિત દ્વારા પ્રતિભાવ વ્યક્ત કરતી હોય છે.

સંગીતના પ્રાથમિક અંકુરો સાથે જોડકણાં દ્વારા ભાવસૃષ્ટિ નિર્માણ થતી હોય છે. સાહિત્યસૃષ્ટિ તરફ જવાની દિશા બાળક માટે ખુલ્લી થાય છે. બાહ્ય જગતથી દૂર કોઈ સુંદર રસમય ભાવસૃષ્ટિ છે એવી થોડીક ઝાંખી બાળકને થાય છે અને તેની ચેતના ગતિશીલ બને તે માટેનું વાતાવરણ તૈયાર થાય છે.

બાળકના સ્થૂળ ઉછેરની સાથે સંસ્કારપ્રેરક ભાવઉછેર પણ થતો હોય છે. તેનો દૃષ્ટ-અદૃષ્ટ ખ્યાલ માતાપિતા કે બાળઉછેર કરનાર વ્યક્તિને હોય છે. આપણે જેને જોડકણાં કહીએ તેને માટેનો અંગ્રેજી શબ્દો Nursery Rhymes (ઉછેર પદ્યપંક્તિઓ) નામ વધુ અર્થસૂચક છે. બાળકના શારીરિક અને સાંસ્કારિક ઉછેર માટેની પદ્યરીતિનું એમાં મહત્ત્વ સૂચવાયું છે :

રાધે ગોવિંદ રાધે4 શીરા-પૂરી ખાધે,

શીરાને તો વાર છે, પૂરી તૈયાર છે.

આ જોડકણામાં લયબદ્ધતાને તાળીઓના સૂર સિવાય બીજું શું છે ? પણ આ જોડકણા દ્વારા લયબદ્ધ નિયમિતતાના તાલની કેળવણી આપોઆપ મળે છે. શ્રુતિની વ્યવસ્થિત રચનાથી કાન ટેવાય છે ને સંગીતની અભિરુચિ માટેની પૂર્વતૈયારી થાય છે. ચારે કોલાહલના કંટાળાભર્યા અવાજોથી ભિન્ન એવું શ્રુતિમાધુર્ય સૌંદર્યસૃષ્ટિ તરફ આપણું લક્ષ ખેંચે છે. હળવે હળવે સ્થૂળ શ્રુતિ તરફથી અર્થશ્રુતિની દિશામાં થોડીક ગતિ થતી રહે તેવી રીતે માતા જોડકણું રચે છે :

ભાઈ લો મારો ડાહ્યો,

પાટલે બેસી નાહ્યો.

આ જોડકણામાં પ્રાસશ્રુતિ સાથે અર્થશ્રુતિ જોડાય છે ને બાળક તેમાં રાચે છે. પછી બાળક મોટું થાય છે ત્યારે તે ગરબા, રાસ, પદ, ભજન વગેરેની આનંદસૃષ્ટિમાં ડોકિયું કરી શકે છે. સંગીતથી ભિન્ન ભાવાનંદની સૃષ્ટિમાં જવાનું તેને મન થાય છે. બાળવાર્તા, કથા, નાટકમાં જ્યારે તે વિહરે છે ત્યારે કલ્પનાની પાંખ ઉપર ઊડી રસાત્મક સત્યની સૃષ્ટિની સુંદરતા નિહાળે છે. આમ, નિશાળ કે એવી કોઈ વિધિસરની શિક્ષણસંસ્થામાં પ્રવેશ કર્યા વિના સાહિત્યકલાનાં બીજ બાળક કે કુમારની ચિત્તસૃષ્ટિમાં વવાય છે.

પછી જ્યારે બાળક શાળામાં દાખલ થાય છે ત્યારે યાંત્રિક પદ્ધતિએ શિક્ષણ આપતી સંસ્થામાં તેની રસાત્મક ચેતનાને પોષણ મળે તેવું વાતાવરણ રચાતું નથી. સ્મૃતિ ઉપર આધાર રાખતી પરીક્ષાને કેન્દ્રમાં રાખતી શિક્ષણપદ્ધતિ આને માટે કારણભૂત બને છે. વાવાયેલાં કલારસનાં બીજ સિંચનને અભાવે કરમાતાં હોય તેવી સ્થિતિ બને છે. નિશાળમાં ગણિત, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન આદિ વિષયોની માફક સાહિત્ય પણ એક વિષય બની જાય છે. વાંચીને યાદ રાખીને પરીક્ષા વખતે લખીને ગુણો મેળવવા માટે જ શિક્ષણ હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. કેળવણી દ્વારા ચેતના ખીલે અને તેમાં બુદ્ધિપ્રકાશ તેનો વિકાસ કરે તેવી આજની શિક્ષણસંસ્થાઓ રહી નથી — અનેક કારણોને લીધે એટલે કાવ્ય પણ ચેતના જગાડતી રસપોષક કલા છે એનું સ્મરણ શિક્ષક કે વિદ્યાર્થીમાં બહુ જ ઓછું રહે છે. પરિણામે, કવિતાની અર્થ-સમજૂતી આપી શકાય તેવી તૈયારી અભ્યાસ દ્વારા થાય તેમાં જ શિક્ષણનું સર્વસ્વ સમાઈ જાય છે તેવી સમજ બહુધા વિદ્યાર્થીઓમાં વ્યાપક બની છે. પરીક્ષાલક્ષી 'ગાઈડો' આ મનોવૃત્તિનાં જ પ્રકટ ચિહ્નો છે. વાર્તામાં રસ પડે છે. તેને પણ પરીક્ષામાં કેવા પ્રશ્નો પુછાય તેને લક્ષમાં રાખી વંચાય છે. સાહિત્યની વિશિષ્ટ શક્તિ દ્વારા વિદ્યાર્થીના ઘડતરમાં ચેતનાવિકાસ થઈ શકે છે તેવું હોવા છતાં આપણી શિક્ષણપદ્ધતિ તેમાં મદદરૂપ થવાને બદલે બાધારૂપ બને છે તે કેવી કરુણતા છે ? સાહિત્ય સિવાયના વિદ્યાવિષયો બુદ્ધિશક્તિ ખીલવવા ને કેળવવા માટે છે અને સાહિત્યનું શિક્ષણ માનવી-ચિત્તને ઉદાત્ત બનાવતું, ઊર્મિ તંત્રને સક્રિય, સજીવ રાખતું ચેતના પોષક છે એનો ખ્યાલ શિક્ષણ જગતમાં કામ કરતાં બહુ ઓછા માણસોમાં છે એ હકીકત સ્વીકાર્યા વિના છૂટકો નથી.

ખરું જોતાં, આજના અભ્યાસક્રમમાં સાહિત્ય જ એવો વિષય છે કે જેના દ્વારા વ્યક્તિગત, કુટુંબવત, સમાજગત, રાષ્ટ્રગત કે માનવગત સંબંધો જોડે અનુસંધાન કરાવી શકાય અને તે વિદ્યાને ફલવતી કે સાર્થક બનાવી શકાય. શિક્ષણચિંતકોએ આ દૃષ્ટિકોણની યોગ્ય મીમાંસા બહુ ઓછા પ્રમાણમાં

કરી છે. શિક્ષણમાં સાહિત્ય આત્મતત્ત્વરૂપ બની શકે તે વિશે વધુ વિચારણા થવી ઘટે છે. આજના અભ્યાસક્રમમાં સાહિત્યનો અભ્યાસ થાય છે. વિવેચન થાય છે પણ તેના આત્મતત્ત્વનો સંસ્પર્શ ભાગ્યે જ થતો હોય છે. આપણા રાષ્ટ્રગીતને પ્રસંગે આપણે સહુ ગાઈએ છીએ, પણ તે વખતે તેમાં રહેલા ભાવનો સંસ્પર્શ થતો હોય તેવું આપણું ઊર્મિતંત્ર કેળવાયું છે ખરું ? નિશાળમાં જળ-કમળ છાંડી જા ને બાળા' કાવ્ય બધા વિદ્યાર્થીઓ શીખે છે. તેમાં શબ્દાથર્થી કે ચમત્કારતત્ત્વથી દૂર જળ-કમળ છાંડી જા ને બાળા' કાવ્ય બધા વિદ્યાર્થીઓ શીખે છે. તેમાં શબ્દાર્થથી કે ચમત્કાર તત્ત્વથી દૂર જઈ તેના આત્મતત્ત્વનો સંસ્પર્શ કરતાં કોઈ શિક્ષક શીખવે છે ખરા કે કૃષ્ણ જેવા નિર્દોષ ને નીડર બાળકને જોઈને નાગણી જેવી ઝેરી સ્ત્રીમાં પણ વાત્સલ્ય જાગી ઊઠે છે ને પોતાનો પતિ ઝેરી નાગ જાગશે તો મોત થશે એમ કહી પ્રેમથી તેને ચાલ્યા જવાને વીનવે છે ? તેવી જ રીતે મીરાંબાઈના 'મેવાડ-ત્યાગ' કાવ્યમાં રાણો મીરાંબાઈને પોતાની રાજા તરીકેનો પ્રતિષ્ઠા નીચી ન પડે તેથી 'સાધુની સંગત છોડી દઈ તમે વસો અમારે સાથ સંદેશો મોકલે છે. આવાં સંસારી પ્રલોભનો મીરાંબાઈ જેવી સાધ્વીને ઝેરનો પ્યાલો લાગે છે તે પી જઈને ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય' એમ દ્વારકા વસે છે એવું હાર્દ કેટલા શિક્ષકો સમજે છે કે સમજાવે છે ? માત્ર શબ્દાર્થ જ જાણે કાવ્ય-સૌંદર્યની ઇતિશ્રી આવી જતી હોય તેવી પરિસ્થિતિ શાળા-કૉલેજોમાં પ્રવર્તે છે ને પરિણામે કાવ્યરસનો સાચો આસ્વાદ ન પામવાને લીધે માત્ર 'ગાઈડો ઉપર આધાર રાખતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ થઈ જતાં હોય છે તે હકીકત નથી ? તેથી જ નિશાળ-કૉલેજમાં થતી સાહિત્યની શિક્ષણ-સાધના વિશે વિચાર કરતાં મારા હૃદયમાં નરસિંહ મહેતાના પરભાતિયાના સર ગાજી ઊઠે છે કે 'જ્યાં કાવ્યના લગી આતમાતત્વ ચીત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી, અહીં માત્ર ધ્વનિની વાત. હું નથી કરતો કાવ્યકૃતિનું સાચું, સૌંદર્ય તેની અભિવ્યક્તિમાં રહ્યું છે તે મારા વક્તવ્યમાં અંતર્હિત રહ્યું છે તે કહેવાની આવશ્યકતા ન હોય. સાહિત્યસૌંદર્ય જ આપણી ચેતનાને સંસ્પર્શ કરી જાગૃત કરે છે અને પછી જ જીવનતત્ત્વનું દર્શન થાય છે.

કવિતા વિશે જ આવી સ્થિતિ નથી. નવલકથા કે વાર્તા કે અન્ય કોઈ પણ સાહિત્યસ્વરૂપ વિશેનું શિક્ષણ પણ ઉપર્યુક્ત પદ્ધતિએ થાય છે. નવલકથામાં પાત્રો, વસ્તુસંકલના, પ્રસંગચિત્રણ કે તેમાંની નાટ્યસ્થિતિ અને ભાષાશૈલી વગેરેને લક્ષમાં રાખી પ્રશ્નો પરીક્ષામાં પુછાય છે એટલે શિક્ષણમાં તે વિશેની યાંત્રિક વિવેચના થતી જોવામાં આવે છે. નવલકથા, નાટક, એકાંકી, ટૂંકી વાર્તામાં સૌંદર્યાભિવ્યક્તિ કઈ રીતે થઈ હોય છે કે જેથી જીવનમર્મ પર પ્રકાશ પડે જે તેના તરફ લક્ષ સાહિત્યશિક્ષણમાં ભાગ્યે જ અપાય છે. વધુમાં વધુ અન્ય પ્રસિદ્ધ વિવેચકોના અભિપ્રાયોનાં અવતરણો ટાંકવાનું 'પરીક્ષાર્થી' ઓને સૂચવાય છે. પરંતુ સાહિત્યકૃતિના સ્વરૂપસર્જનમાં કલાસૌંદર્ય કઈ રીતે વ્યક્ત થયું છે તેની રસમીમાંસાની કેળવણી શાળા-કૉલેજના વર્ગોમાં મળતી હોત તો 'ગાઈડો'ની અત્યારે જે બોલબાલા જોવામાં આવે છે તે ક્યાંથી હોત !

આ વસ્તુસ્થિતિના સંદર્ભમાં એક અર્થસૂચક પ્રસંગ સ્મરણમાં આવે છે. ગયે વર્ષે રામનારાયણ પાઠકની 'ખેમી' વાર્તા એક પાઠ્યપુસ્તકમાં ગુજરાત રાજ્યની પાઠ્યપુસ્તક સમિતિએ લીધી. એમાં હેઢવછરણની સામે સવર્ણ હિંદુઓએ કાઢેલા ઉદ્‌ગારો સામે વિરોધ થયો ને રાજ્ય સરકારે એ વાર્તા કાઢી નાખવાનું સૂચન કર્યું. આ પ્રસંગે શિક્ષકોએ ગમે તેવી નીચી ગણાતી વર્ણમાં ઉદાત્ત પ્રેમનું આલેખ કરી તે કુદરતી ઝરણું વિદ્યાર્થીઓની તેમજ અન્ય વાચકની ચેતના જાગ્રત કરે છે અને વર્ણભેદ ભુલાવી માનવહૃદયના ભાવોનું ઐક્ય કલાત્મક રીતે તેમાં નિરૂપાયું છે. એવા મતલબનું નિવેદન કેમ ન કર્યું ? ઉદાત્ત ધૂમ્પત્ય પ્રેમ એ તો દિવ્ય બક્ષિસ છે, સવર્ણોનો જ કે સવર્ણ શિક્ષિતોનો ઇજારો નથી એવું કલાત્મક સત્ય જે વાર્તામાં નિરૂપાયું હોય તે વાર્તા કાઢી નાખવાની હોય તેનું સંવેદન શિક્ષણજગતમાં કેમ ન જાગ્યું ? સાહિત્યના મર્મનું સૌંદર્ય એ ન સમજ્યા હોય તેમ કેમ કહેવાય ? થોડા સાહિત્યરસિકોએ વાર્તાવિરોધ સામે પોતાનો સબળ વિરોધ સકારણ પ્રગટ કર્યો, પણ એમાં શિક્ષકસંઘ કેમ નહિ એ પ્રશ્ન મનમાં ઊઠ્યા વિના રહેતો નથી. સાહિત્યશિક્ષણ એ માત્ર પરીક્ષાર્થી વિષય છે એમ માનવાને બદલે જીવનની ઉચ્ચ સાંસ્કારિક ચેતના જાગૃત કરનાર વિદ્યાવિષય છે અને અન્ય વિદ્યાવિષયોથી જુદા પાડી

જીવન સાથે અનુસંધાન કરવાનું સામર્થ્ય ધરાવે છે એ હકીકત બરાબર સમજાણી નથી એમ અનુમાન થઈ શકે.

જો સાહિત્યસૌંદર્યની સાચી કેળવણી આપવામાં આવે તો તેની તાલીમ દ્વારા ઉચ્ચ શિષ્ટ કૃતિઓમાં સ્વાભાવિક રસ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં જાગૃત થયા વિના કેમ રહે ? 'ઑથેલો', 'હેલ્મેટ', 'મૅકબેથ' જેવાં શેક્સપિયરનાં નાટકો અભ્યાસક્રમમાં નિયત થયાં હોય ત્યારે અમે પાઠ્યનાટક વાંચ્યા વિના માત્ર ગાઈડો વાંચી પાસ થયા છીએ એવા ઉદ્‌ગારોનું અનેક વિદ્યાર્થીઓને મોઢે સાંભળું છું ત્યારે શિક્ષક તરીકે કરુણાભરી વ્યથા અનુભવું છું. આવી કૃતિઓમાં રહેલું ઉચ્ચ કોટિનું સૌંદર્ય જે જીવનને સમજાવે છે ને અજવાળે છે તે ગુમાવ્યાનો શોક વિદ્યાર્થીઓને ભલે ન થતો હોય હું તો તેની ઊંડી વેદના અનુભવું છું. આવી સ્થિતિ હોય ત્યાં સાર્ત્ર કે કામુની સાહિત્યકૃતિઓ કે ઇલિયટએઝરા પાઉન્ડનાં કાવ્યોની કા વાર્તા ? ગુજરાતી સરળ નવલકથાઓ સિવાય ઉત્તમ નવલકથાઓ પણ વાંચવામાં રસ ન જાગતો હોય ત્યાં પરદેશી સાહિત્યની (ગુજરાતીમાં અનુવાદ દ્વારા લભ્ય હોય તોપણ) વાત શી કરવી ? વિદ્યાશિક્ષણ અને સાહિત્યના સંબંધ પરત્વે સાહિત્યનું સામર્થ્ય બીજા વિદ્યાવિષયોમાં તેનો ઉચિત વિનિયોગ કરીને સજીવ રસ જગાડી શકે છે એ હકીકત શિક્ષણક્ષેત્રમાં કામ કરતી વ્યક્તિઓએ લક્ષમાં રાખવી પડે છે. ગિબનનું ઇતિહાસપુસ્તકેરોમનું અધઃપતન ને તેનો વિનાશ' આ કારણે જગપ્રસિદ્ધ બન્યું છે. કોઈ પણ વિદ્યાવિષયમાં સાહિત્યની અભિવ્યક્તીનાં શક્તિ-સામર્થ્યનો ઉપયોગ થઈ શકે ત્યાં કર્યો હોય, તો તેવા વિષયો રસભર્યા બને છે ને એ વિષયોમાં ઊંડો રસ જગાડી વિદ્યાર્થીની બૌદ્ધિ પ્રતિભા તેજસ્વી બનાવી શકે છે. સાહિત્ય વિશે કોઈ વાર ગેરસમજ પ્રવર્તતી હોય છે કે એના કમલ્પનાવિલાસને વાસ્તવિક્તા સાથે સંબંધ નથી તેથી તે માત્ર મનોરંજન છે. વિનોબા ભાવેનું ઉદાહરણ પ્રખ્યાત છે : કાકાસાહેબે રવીન્દ્રનાથ ટાગોરની 'ગોરા' નવલકથા વાંચવાનું વિનોબાને કહ્યું, ત્યારે તેમણે માત્ર કલ્પનાકથા કરતાં નક્કર ઇતિહાસમાં મને વિશેષ રસ છે એમ કહી એ વાર્તા વાંચવાની નાખુશી વ્યક્ત કરી. કાકાસાહેબે પ્રેમથી એક વાર એ વાંચવાનો પ્રયોગ કરી જવાનું કહ્યું. વિનોબાએ એ નવલકથા વાંચી ને પછી મુક્ત મને નિખાલસતાથી કબૂલ કરતાં કહ્યું, 'આવી વાર્તામાં સજીવ ઇતિહાસ વાંચ્યા પછી શુષ્ક ઇતિહાસ વાંચવાથી અર્થ બહુ સરતો નથી.' સાહિત્ય જ્યાં સાધન તરીકે વપરાય ત્યાં પોતાનું શક્તિસામર્થ્ય કેવું દર્શાવી શકે છે તેનું આ અર્થસૂચક ઉદાહરણ છે.

શિક્ષણક્ષેત્રમાં સાહિત્ય પણ અન્ય વિદ્યાવિષયો જેવો વિષય બની ગયો હોવાથી શિક્ષકો પણ સાહિત્યના નવપ્રવાહોના સૌંદર્યથી વંચિત રહે છે એટલું જ નહિ પણ એમાં અજ્ઞાન રહ્યું હોય છે તેનો ખ્યાલ પણ તેમને હોતો નથી. નવી કવિતા કે નવી વાર્તામાં સ્વરૂપ એટલે કે શબ્દશિલ્પ બદલાયું હોય છે તેથી તેની સાથે મેળ જામતો નથી એટલે એવા શિક્ષકો નવસાહિત્યની નિંદાવ્યર્થતા વ્યક્ત કરતા હોય છે ! જમાને જમાને અભિવ્યક્તિનાં સ્વરૂપો બદલાતાં રહે છે ને સાચી કૃતિઓમાં પ્રગતિ થતી રહે છે. એ સાહિત્યશિક્ષકોએ લક્ષમાં રાખવું પડે છે. સાહિત્ય-રસનો આસ્વાદ કરાવવાનો હોય છે. તે વિશેના અભિપ્રાયો તેમાંથી કુદરતી રીતે ફલિત થતા હોય તો તે કીક છે; પણ સાહિત્યશિક્ષણ માત્ર અભિપ્રાયો વ્યક્ત ફરવા માટે નથી હોતું એ મૂળભૂત સિદ્ધાંત શિક્ષકોએ હંમેશાં લક્ષમાં રાખવો પડે છે.

વિજ્ઞાનનું શિક્ષણ વધ્યું તેથી જગતમાં સગવડો અનેક ગણી વધી છે. એના દ્વારા માનવીનો વેઠ જેવો શ્રમ બચી ગયો છે. વિજ્ઞાન દ્વારા માનવજાતને ગુપ્ત રહેલી કુદરતી શક્તિ અને બળ મળ્યાં છે ને માનવજગત માટે સમૃદ્ધિ વધારવાનાં સાધનો લભ્ય થયાં છે. માનવજગત વધારે નજીક આવ્યું છે, ભૂગોળ આદિનાં બંધનો દૂર થયાં છે. માનવજાતને જો આ એક્તા સમજાય અને આપણે સહુ સહકારથી પરસ્પરનું સુખ વધારી શકીએ એવી મજણ પાંગરે તો સંઘર્ષો, વિસંવાદો ઉત્પન્ન કરતું આ જગત વધુ સંવાદી બની શકે. કરુણતા એ વાતની છે કે સ્થૂળ દૃષ્ટિએ માનવજગત નજીક આવ્યું છે, પણ હૃદયદૃષ્ટિએ માનવી એકબીજાની નજીક આવવાને બદલે વિશેષ ને વિશેષ દૂરજતા જાય છે ! તેથી જ યંત્રપ્રગતિની સાથે માનવી યંત્ર જેવો બનતો જાય છે ને તેની ચેતના ક્ષીણ બને છે. આ હકીકત હિતચિંતક વિજ્ઞાનશાસ્ત્રીઓએ સમજાણી છે તેથી જ હુન્નર-વિદ્યાના શિક્ષણમાં માનવવિદ્યાના વિષયોને ફરજિયાત રીતે સાંકળવામાં આવે છે. સર્જક સાહિત્યકારો તો આ સંવેદન અનુભવ્યા વિના કેમ રહે ? તેથી

અદ્યતન સાહિત્યમાં નિરાશા, નિષ્ફળતા, નિરર્થકતાનો સર પ્રલંબ રીતે સંભળાય છે. વ્યક્તિત્વનો લોપ (loss of Identity) અને અવ-માનવીકરણ (dehumanization) અદ્યતન સાહિત્યસર્જકોમાં ડોકિયાં કરી જાય છે. એટલે સાહિત્યશિક્ષણ બીજા વિદ્યાવિષયો સાથે સંકળાય તો માનવીજીવન વિભિન્નતાઓરૂપે ટુકડા ટુકડા બને છે તે પ્રક્રિયા અટકે.

સાહિત્ય અને શિક્ષણનો સંવાદ સધાય તો દરેક વિદ્યાવિષય જીવનની સાથે અનુસંધાન સાધી શકે. એટલે સાહિત્યનું શિક્ષણ માત્ર પરીક્ષાર્થી માટેના એક વિદ્યાવિષય તરીકે નહિ, પણ સાચી વિદ્યાના અર્થી કે સાધક તરીકે તેની ચેતનાને જાગૃત કરે4 સંસ્કારે અને કેળવે તો શિક્ષણ સાર્થક બને. વિનોબા ભાવેએ કરેલું એક અર્થસૂચક વિધાન આ સંદર્ભમાં યાદ રાખવા જેવું છે : 'વિજ્ઞાને માણસ માટે ગતિ અને બળ અપૂર્વ રીતે વધાર્યા છે પણ એનો ઉપયોગકરવાની દિશા તે બતાવી શક્યું નથી. (Science has given force and spread but no direction.) કઈ જીવનની દિશામાં ગતિ અને બળનો વિનિયોગ થાય તો જીવન સંઘર્ષમુક્ત બની પ્રસન્નમધુર બની શકે તે વસ્તુ સાહિત્યનું સાચું શિક્ષણ બતાવી શકે એમ હું માનું છું.

ક્યારેક સાહિત્યના શિ1ણ માટે પદ્યનો ઉપયોગ પણ થયો છે. વ્યાકરણના નિયમો શીખવવા, અનુશ્વાર કે છંદ-ગણયોજના કે માત્રામેળ શીખવવા પણ કેટલીક વાર કવિના લંબાઈ છે. દરેક અક્ષરમેળ અને ભાષામેળ છંદોનાં દૃષ્ટાંતરૂપ પદ્યપંક્તિઓ વિષે તો આપણે જાણીએ જ છીએ એટલે તેને કાવ્યના રસાસ્વાદ માટે નહિ, પણ શિક્ષણના સાધન તરીકે શીખવતા હોઈએ છીએ. એ આપણે સ્વીકારવાનું રહે છે. ઘણી વાર કયા મહિનાના કેટલા દિવસ – તો એ પણ પદ્યમાં સૂત્રાત્મક રીતે આપણને યાદ રહી જાય તે રીતે સ્મૃતિસહાય (memory aid) લેખે આપવામાં આવે છે :

'ચાર છ નવ અગિયારના તેના તો દિન ત્રીસ,

અવરે એકત્રીસ છે, બીજે અઠ્યાવીસ.'

બરાબર અંગ્રેજીમાં પણ આ રીતે જ છંદ અને પ્રાસમાં સૂત્રાત્મક રીતે કહ્યું છે :

'Thirty days hadi September,

April, June and November,'

વળી, એવી જ રીતે

લાલ પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય,

બાકીના બીજા બધા, મેળવણીથી થાય.

આમ કવિતાની નિરતિશય આનંદ લેખે નહિ, પણ માહિતી-જ્ઞાનના હેતુઓ માટે પદ્ય પ્રયોજના થઈ છે. શ્રી સુંદરમનું ખૂબ રસિક કાવ્ય 'અનુસ્વાર અષ્ટક' ભાષામાં અનુસ્વારનો ઉપયોગ શિખવાડવા માટેની જાણીતી કૃતિ છે.

શ્રી ઉમાશંકર જોશીએ શિક્ષણ અને સાહિત્યના અદ્વૈતને માર્મિક રીતે પ્રગટ કર્યું છે. તેમણે કહ્યું હતું કે અમારે શિક્ષકોને મન વર્ગ એ જ સ્વર્ગ. વર્ગમાં રસાત્મક આત્મીયતાનો અમને શિક્ષકોને જે અનુભવ થાય છે તે અવર્ણનીય હોય છે. તેની રસજ્ઞ અનુભૂતિનું હું એક દૃષ્ટાંત ટાંકું છું. શ્રી સુંદરજી બેટાઈનું એક ખૂબ જાણીતું કાવ્ય છે : 'એ નિશાળ એ સવાર…' એમાં સોટીધર ફોજદાર જેવા લંગડા શિક્ષકની મશ્કરી કરતા એક ટીખળી વિદ્યાર્થી લીલાધરને જે રીતે શિક્ષક મીઠાશથી અને કારુણ્યથી સમજાવે છે એ શિક્ષણ અને સાહિત્યની એકરૂપતાના ઉત્તમ દૃષ્ટાન્તરૂપ છે.

'એમની અનન્ય ચાલે પૂંઠે પૂંઠે ચાલતા, એ,

લીલિયાને ભાળી ગઈ ?

મૂંગી વર્ગ-હસાહસ પામી ગઈ ?

અમે બધા થ….ર્….થ….ર્

લીલિયાનું આવી બન્યું ખરેખર !

ઊપડ્યો ફેકેલ ચાક, ચોખ્ખું થયું પાટિયું,

ને ચાલ્યો ચાક....

પોતે અણબોલ :

કાળું પાટિયું જ બોલી રહ્યું.

શ્વેત સ્વચ્છ ચાક લખ્યું :

'લીલાધર, ઈશ્વરની લીલાને હસાય, ભાઈ લીલાધર ?'

વર્ણભીતિ જેવો થયો વર્ગ આખ્યો.

ચાલ્યા ગયા સોટીદાર વર્ગ બહાર

એ નિશાળ...એ સવાર....

શ્રી બેંટાઈનું આ કાવ્ય શિક્ષણ અને સાહિત્ય – બંનેના મર્મપૂર્ણ આલોકનું સારું દૃષ્ટાંત પૂરું પાડે છે. આપણા શિક્ષણ-સાહિત્યના સર્વ ઉપાસકોને આ અદ્વૈતની ઝાંખી થાય તેવી અભીપ્સા સાથે વિષમું છું.

## 12.11 સાહિત્ય દ્વારા નાગરિક ધર્મની સમજ

મનુષ્યજીવનના ચતુર્વિધ પુરુષાર્થ – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જાણીતા છે. મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓમાં ધર્મને અગ્રસ્થાન મળેલું છે, તે એટલે સુધી કે .... એમ સમીકરણ બની ગયું છે. સાહિત્ય આદિ કલાઓનો સંસ્પર્શ ન પામેલા મનુષ્યને પૂંછડા વગરના મનુષ્ય જેવો કહ્યો છે. એટલે કે ધર્મ વગરનો મનુષ્ય જેમ પશુ છે તેમ સાહિત્ય-સંગીત વગેરેમાં કલારુચિ ન ધરાવના માણસ અને પશુમાં કોઈ તયાવત નથી. આને સનાતન સત્ય ગણી શકાય. આચાર્ય આનંદશંકર ધ્રુવ ધર્મની, શક્તિને મનુષ્યના અખિલ સ્વરૂપને વ્યાપી દેનારી મહાન શક્તિ તરીકે ઓળખાવે છે; તો ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું ધર્મને જીવનના માર્ગ તરીકે ઓળખાવે છે અને કહે છે કે એવો પ્રકાર છે જે ....ની ઉક્તિને સાર્થક કરે છે. મનુષ્યના અંધકારમય જીવનમાં અજવાળું પાથરે છે. ધર્મ સત્યસ્વરૂપ છે, જીવનની નોળવેલ છે; તેના સેવનથી .... ધર્મનું આચરણ કરનાર માનવી કદી દુર્ગતિને પામતો નથી. આદિકાળથી ધર્મવિષયકમ ભાવના-વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો વગેરેમાં છલોછલ છે; રામાયણ, મહાભારત, ભગવદ્ગીતા, ભાગવત વગેરે ધર્મવિષયક શ્રદ્ધેય ગ્રંથો છે. એ બધા ગૌરવગ્રંથો છે કારણ કે એમાં ધર્મ એના સર્વોત્કૃષ્ટ સ્વરૂપે માનવીને જીવન જીવવાનું બળ-પોષણ આપે છે. પૂર્વમાં કે પશ્ચિમમાં ધર્મપ્રધાન સાહિત્યની શરૂઆતમાં બોલબાલા હતી. માનવજીવનને ઉન્નત અને ગરિમાપૂર્ણ બનાવવામાં આ સાહિત્યે મૂલ્યવાન ફાળો આપ્યો છે. અહીં 'ધર્મ' શબ્દ 'સંપ્રદાય' કે કોઈક 'કર્મકાંડ'ની સંકીર્ણતારૂપે નહીં પરંતુ આધ્યાત્મિક્તા, જીવનમૂલ્યો સાથે જોડાયેલો છે, તે નોંધવું જોઈએ.

જ્યારે કોઈ ગ્રંથ 'સત્યં વદ, ધર્મં ચર' એમ કહે અથવા 'વસુધૈવકુટુંબકમ્' નો મંત્ર આપે અથવા 'પર-ઉપકાર એ પુણ્ય છે અને પર-પીડન એ પાપ છે' એમ બોધ આપે ત્યારે ધર્મ ખરા ખર્થમાં સાહિત્યનો જ પ્રભાવ ધરાવે છે એમ કહી શકાય. કલા અને સાહિત્ય ધર્મને-સાચા જીવનધર્મને જીવંત રાખે છે. આ દૃષ્ટિએ એમાં વ્યક્ત થયેલી સર્જકચેતના માનવકલ્યાણની સરવસ્તી બની જાય છે. વાલ્મીકિ અને કોંગ પંખીવાળી કથામાં જે કરુણા અને અનુકંપા સ્નેહભાવે સાથે સંકળાયેલાં હતાં તેમાંથી 'રામાયણ'ની રચના શક્ય બની. એમાં નિર્દેશેલ ધર્મના આદર્શ લોકમાનસમાં અને લોકહૃદયમાં અદ્યાપિવત્ સુપ્રતિષ્ઠિત છે. અહીં સાચો ધર્મ અને સાચી કલા (સાહિત્ય) બંને અ-મૃત કલા, કાલજથી કલા બનીને મનુષ્યમાત્રને સંસ્કારે છે. એ જોતાં ધર્મનો માનવજીવન પર કેટલો મોટો પ્રભાવ ગણાય ! સાહિત્યનું સમગ્ર સૌંદર્ય સાચા 'ધર્મ' પર નિર્ભર છે. ધર્મના પ્રવર્તન માટે, પ્રસાર-પ્રચાર માટે એક કાળે સાધન તરીકે સાહિત્ય પ્રયોજાતું હતું. બાઈબલ, કુરાન, શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત

વગેરે ગ્રંથોમાં પ્રાધાન્યતા ધર્મની છે  છતાં એને સામાજિક માન્યતા, આદર પ્રાપ્ત થયાં છે. લિયો ટૉલ્સ્ટૉપ ધર્મ અને કળાના પ્રખર હિમાયતી હતા. તે કહેતા કે જે કલા ધર્મની અંતઃપ્રતીતિમાંથી પ્રગટ ન થઈ હોય તેને ફગાવી દેવી જોઈએ. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય – નરસિંહ-મીરાં-દયારામઆદિ કવિ-ભક્તોનું સાહિત્ય ધર્મપ્રધાન અવશ્ય હતું પરંતુ એમાં સાહિત્યિક્તાનો, કલાત્મક્તાનો જે ઉચ્ચતમ અંશ પડેલો હતો તેથી તેને લોકમાન્યતા પ્રાપ્ત થઈ હતી. આધુનિક યુગમાં સુન્દરમ્, મકરન્દ દવે આદિ કવિઓનાં અધ્યાત્મભાવનાં કાવ્યો આસ્વાદ્ય બન્યાં છે કારણ કે તેમાં સાહિત્યિક્તાનું સ્તર જળવાયું છે. તેમાંથી સત્ય, શિવ અને સુન્દર એવાં ભારતીય સંસ્કૃતિનાં પાયાનાં ચિરંજીવ તત્ત્વોનું આપણને સુપેરે દર્શન થતું અનુભવાય છે. એટલે ધાર્મિક સાહિત્ય હમેશાં અકલાત્મક, ઊતરતી કોટિનું જ હોય એમ માનવાની જરૂર નથી.

ધર્મ માનવજીવનનું ધારક બળ બન્યો છે અને કલાસર્જન માટે (એટલે કે સાહિત્યના સર્જનમાં પણ) પ્રેરણારૂપ બન્યો છે તે સર્વ દેશકાળ માટે સાચી હકીકત છે. એ પણ જોવા મળે છે કે ધર્મમાંથી પ્રેરણાપીયૂષ પ્રાપ્ત કરીને, ધર્મની આંગળી પકડીને સાહિત્યે વિકાસ કર્યો હોય. સાહિત્યમાં રહેલા માનવજીવનનાં પાયાનાં મૂલ્યો – પ્રેમ, બંધુત્વ, સત્-અસત્ વિષયક માન્યતા, વિશ્વમાંગલ્ય, નીતિમત્તા વગેરેનાં મૂળ માનવીની ધર્મવૃત્તિમાં પડેલાં છે. ધર્મના અક્ષયપાત્રમાંથી જ ભલે કાલફેરે નામફેરે પણ સાહિત્ય રચાય છે એ હકીકત છે. ‘કલા ધર્મની માતા જ નથી, તેને જીવંત રાખતી અમર સંજીવીની છે’ એમ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે તે યોગ્ય છે. આમ છતાં એ પણ નોંધવું જોઈએ કે એક કાળે સાહિત્ય ધર્મપ્રવર્તન માટેનું સાધન હતું, તે બાબત હવે આજના યુગમાં નિરર્થક સાબિત થયું છે. આજે સાહિત્ય સાથેનો તેનો (ધર્મનો) સંદર્ભ સૌથી ઓછો પ્રસ્તુત રહ્યો છે, બદલાઈ ગયો છે. અન્ય વિષયોની જેમ એક વિષય તરીકે એનું સ્થાન આજે પણ જળવાયું છે. પરંતુ સાહિત્યમાં ધર્મનું પ્રાધાન્ય રહ્યું નથી. અર્વાચીન યુગમાં વિજ્ઞાને માનવજીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે તેથી કેવળ ધર્મના કોચલામાં પુરાઈ રહેવાને બદલે કલાનું ક્ષેત્ર મુક્ત બન્યું છે અને તેથી જ વૈવિધ્યનો સુખદ અનુભવ થાય છે. કલા ઉપર જ્યાં ધર્મ નિરંકુશ પ્રભાવ પાડે ત્યાં કલા કુંઠિત બની જવાની. કલા કોઈનું એવું આધિપત્ય સ્વીકારતી નથી કારણ કે કલાનું કર્તવ્ય સૌન્દર્યનિર્માણ અને એ દ્વારા નિરતિશય સ્વીકારતી નથી કારણ કે કલાનું કર્તવ્ય સૌન્દર્યનિર્માણ અને એ દ્વારા નિરતિશય, સાત્ત્વિક, દિવ્ય આનંદનો અનુભવ કરાવવાનું છે. આ કલાકારનો પોતાનો ધર્મ છે. અહીં ધર્મ શબ્દનો સંદર્ભ બદલાઈ જાય છે. નીતિ અને ધર્મનું આલેખન સાહિત્યિક ધોરણે – કલાત્મક રીતે કૃતિમાં થાય એ સર્વથા અપેક્ષિત છે. સાહિત્યે આનંદધર્મ બજાવવાનો છે જેનું અંતિમ લક્ષ્ય સત્યદર્શન છે.

સાહિત્યકારની ધાર્મિક ચેતના અન્-આયાસ સાહિત્યરચનામાં પ્રતિબિંબિત (ઉ.ત. : નરસિંહ મહેતાની ‘અખિલ બ્રહ્માંડમાં...’ કે ‘નીરખને ગગનમાં’...’, સુન્દરમ્‌ની ‘મેરે પિયા’ રે મકરન્દ દવેની ‘અમે રે સૂકું...’ વગેરે રચનાઓ) થાય ત્યારે જે સાહિત્ય સર્જાય છે તે અવશ્ય કલાના માપદંડથી પણ ઉન્નત ગણાવાનું. સાહિત્યિક અનુભવ અને ધર્મમય પ્રબુદ્ધ ચેતના સ્વયંસ્ફુરિત રહી સાહિત્યમાં નિર્માણ પામે ત્યારે તે કલાનાં લક્ષણો ધારણ કરે છે. સાહિત્યનું સૌંદર્ય જેમ ધર્મ પર નિર્ભર છે તેમ સાહિત્યનો ધર્મ સૌંદર્યનિર્માણ અને આનંદાનુભવનો છે. કલામાં ધર્મનું તત્ત્વ પ્રકૃતિનાં તત્ત્વો પરત્વે શ્રદ્ધા દ્વારા કે તેમાં દેવત્વની કલ્પના દ્વારા આલેખાતું આવ્યું છે. વૈદિક ઋષિઓએ રચેલી ઋચાઓમાં પ્રકૃતિનાં ભવ્ય અને ઉદાત્તરૂપો તેમજ દેવોનાં કાલ્પનિક શબ્દચિત્રો શ્રદ્ધારૂપે દૃઢપ્રતિષ્ઠ છે. રાધા-કૃષ્ણ, રામ-સીતા કે પાર્વતી-પરમેશ્વરનું આલેખન માનવપ્રણયના આદર્શરૂપ, પ્રતીકાત્મક અને આકર્ષક રીતે થયું છે તે સાહિત્ય સર્વ સ્થળકાળનાં માનવીને એક સરખી રસાનુભૂતિ અને આનંદાનુભૂતિ કરાવે છે. આમ ધર્મને સાહિત્ય જીવંત રાખે છે. ધર્મ એ માનવજાતિનું મસ્તિષ્ક છે તો સાહિત્ય હૃદયસ્થાને છે. એ બંનેનો – વિચાર અને સંવેદનનો – સમન્વય થવો જરૂરી છે. કોઈ કૃતિ સાહિત્ય છે કે નહિ તે અંગેનો નિર્ણય સાહિત્યિક ધોરણે થવો જોઈએ. સાહિત્યના પ્રભાવને સર્જક કે ભાવક રોકી શકતો નથી. માટે સાહિત્યકલા જે શબ્દની કલા છે તેમાં ઉભયપક્ષે વિવેક જરૂરી છે. વડ્ઝ઼વર્થ કહે છે તેમ poetry is the breath and finer spirit of all knowledge – કવિતા (અહીં સાહિત્યપાત્ર

એમ સમજવું) સર્વ પ્રકારના જ્ઞાનની પ્રાણશક્તિ અને સૂક્ષ્મતર-સુંદરતર શક્તિ છે. જીવન અંગેના વિચારોનું ઉદાત્ત અને વ્યાપક નિરૂપણ સાહિત્યકારનો ધર્મ બની રહે છે, રહેવો જોઈએ. સાહિત્ય અને ધર્મને તેની ઉત્કૃષ્ટતમ સ્થિતિમાં કોઈ ટકરાવ નથી; એ બંનેનો સમન્વય જ માનવજીવનનું ધારક અને પોષક બળ બની રહે છે.

## 12.12 સાહિત્ય દ્વારા સૂટેવોનું નિર્માણ

સાહિત્ય દ્વારા સારી ટેવોનું નિર્માણ થાય છે. સાહિત્યના અભ્યાસથી માનવ મૂલ્યનો વિકાસ થાય છે. શાળમાં માનવ મૂલ્યના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિદ્યાર્થી એક સારો નાગરિક બને તે પ્રકારના મૂલ્યો શાળામાંથી શીખવવામાં આવે છે. વિદ્યાર્થી પ્રમાણિક બને તે પ્રકારના મૂલ્યો પણ શાળામાંથી શીખવવામાં આવે છે.

કુટુંબના ભરણપોષણની જવાબદારી ઉપાડવી, માતા-પિતાને માન આપવું, વડીલોનું સન્માન કરવું, ચોરી ન કરવી, બીજાને મદદરૂપ થવું વગેરે બાબતો શાળામાંથી સાહિત્ય દ્વારા સુટેવોનું નિર્માણ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે.

વિદ્યાર્થીમાં રાષ્ટ્ર પ્રેમ વધે, દેશ માટે વફાદાર રહે તેવી ભાવના શીખવવામાં આવે છે. સાહિત્ય શિક્ષણ એ મુખ્યત્વે સંસ્કારલક્ષી શિક્ષણ છે. બાળક પોતાના પર્યાવરણનું વર્ણન પોતાની આગવી ભાષા અને શૈલીમાં કરે છે. બાળકની એ ભાષાને શિક્ષકે માન્ય સ્વરૂપની ભાષાની વધારે નજીક મૂકી આપવાની છે. એ માટે શિક્ષકે બાળક સાથે સાહજિક વાતચીતની કળા વિકસાવવી પડશે. બાળકનું અપમાન ન થાય તે રીતે તેના ઉચ્ચારદોષોને નિવારી ભાષાનું સંપાર્જન કરવું પડશે.

વિવિધ પ્રકારનાં સામાજિક વાતાવરણમાંથી આવતાં બાળકોને ઉચ્ચ સંસ્કાર-ઘડતર માટે શરૂઆતથી જ સભાનપણે તૈયાર કરવાં પડશે. સંસ્કાર અને ચારિત્ર્ય-ઘડતર માટે માતૃભાષાનો ઉત્તમ રીતે ઉપયોગ થઈ શકે.

પાઠ્યપુસ્તકમાં આવતાં આદર્શ ચરિત્રો, મહાપુરુષોના જીવનપ્રસંગો, ત્યાગ અને બલિદાનનાં ગીતો-પ્રસંગો વગેરેમાં શિક્ષકે જાતે અન્ય આનુષાંગિક પ્રસંગો-ગીતો વગેરેનું ઉમેરણ કરવું પડશે. એ પ્રસંગો રે ગીતોમાંથી બાળકો પરોક્ષ રીતે દયા, પ્રેમ, કરુણા, મૈત્રિભાવ, સહાનુભૂતિ, દેશપ્રેમ, માતૃપ્રેમ વગેરે જેવાં મૂલ્યો વિકસાવી શકે તે પ્રકારે સામગ્રી પીરસવી પડશે.

બાળકનું મનગ્રહણ શીલ હોય છે, તેથી તેને સીધી રીતે ઉપદેશ ન આપતાં પરોક્ષ રીતે તેના કૂમળા મનને સમજી સમગ્ર રીતે વિકસિત, ચારિત્ર્યવાન, સંસ્કારી અને સંનિષ્ઠ માનવ તરીકે એના ઘડતર માટે સતત પ્રેરણાના પીયૂષ પાતાં રહેવું જોઈએ.

દા.ત. ''ગંગામાંનું વસિયતનામું'' પાઠમાં ગંગામાં પોતાની તમામ મિલકત લોકોની ભલાઈ માટે દાનમાં આપી દે છે. તે પરથી વિદ્યાર્થીદાનનો મહિમા સમજે છે. પરોપકારનું પણ જીવનમાં મહત્ત્વ છે. એવા સંસ્કારો બાળકના મનમાં આપોઆપ દઢ થાય છે.

## 12.13 જીવનલક્ષી સમજની કેળવણીનું સાહિત્ય

સાહિત્ય એ શબ્દની કલા છે અને શબ્દ ભાષા સાથે સંકળાયેલું મહત્ત્વનું અંગ છે. આ ભાષા સમાજની નીપજ છે. આ સમાજ એટલે માનવીઓનું ચેતનમય સામૂહિક અસ્તિત્વ છે. માનવજીવનની પાયાની જરૂરિયાત અન્ન, વસ્ત્ર અને રહેઠાણ છે, જે જરૂરિયાત પ્રાણી કે પશુવર્ગની પણ છે, પરંતુ માનવી કેવળ રોજી-રોટીને જીવનનું અંતિમ લક્ષ્ય ગણી ન શકે. રોજીરોટી પ્રાપ્ત થયા પછી કોઈ ઉચ્ચ આનંદની માનવીમાં અભીપ્સા રહેલી છે. સાહિત્ય (કલામાત્ર) એવી કોઈક આંતરિક જરૂરિયાતમાંથી સર્જાય છે, કારણ કે કલામાત્રથી (પછી એ હથિયારો પરની કોતરણી હોય કે ગુફામાંના ભિત્તિચિત્રો હોય, શ્રમજીવીઓના દેહ પરનાં આભૂષણો કે ગ્રામનારીના કંઠમાં ઘૂંટાતું ગાણું હોય, માતાના મુખે ગવાના કલ્પનાખચિત ભાવપ્રતીકોવાળા હાલરડામાં અને નગરચોકમાં ઊભા કરેલાં શિલ્પ કે ભવ્ય ઈમારતો) માનવીને માનસિક શાંતિ અને આનંદનો અનુભવ કરાવે છે. આમ સાહિત્યનો ઉદ્‌ગમ માનવ-જીવનમાંથી છે, સાહિત્યનો વિષય પણ માનવજીવન છે. સાહિત્યસર્જક પોતાની રચનામાં

જીવનનું જેમ છે તેમ પ્રતિબિંબ (કાર્બન કોપીના રૂપમાં) પાડતો નથી પરંતુ તે રચના દ્વારા નૂતન અર્થઘટન, દર્શન રજૂ કરે છે, એટલે સાહિત્યકારની કલ્પના છતાં સવાઈ સત્યવાળી કૃતિ જીવનને સૌન્દર્યમૂલક ભાવનાથી ભરી દે છે. આ રીતે જોતાં સાહિત્યને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગણી શકાય. સાહિત્ય સંસ્કૃતિનું જ એક અંગ છે જેમાં ધર્મ, સમાજ, નીતિ, દર્શન વગેરેનો સમાવેશ થાય છે. કલામાત્રનો જીવન સાથે આવો વ્યાપક અને ગાઢ સંબંધ ન હોત તો ક્ષુધાતૃપ્તિ અને દુન્યવી સુખો સુધી પોતાની જાતને સીમિત કરી દેતો માણસ અને પશુમાં કશો ફરક ન હોત.

સાહિત્ય અને જીવન એક સિક્કાની બે બાજુરૂપ રહેલાં છે, તેમને કૃત્રિમ રીતે છૂટાં પાડી ન શકાય. જીવનના છોડ પર સાહિત્યનું પુષ્પ પ્રગટે છે. જીવનનું સાહિત્ય જેમાં સચવાયું છે તે સાહિત્ય, જીવનરહિત સાહિત્ય હોઈ જ ન શકે. સાહિત્ય એ જીવનનું એક એવું મૂલ્ય બની રહ્યું છે જેમાં સત્ય પણ હોય, સૈન્દર્ય પણ હોય અને આનંદ પણ હોય. કલામાત્રમાં મહિમા તો સૌંદર્ય અને આનંદનો જ છે. કવિ સુન્દરમ્ કહે છે :

‘હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની
ને જે જે રહ્યું અસુન્દર તેહ સર્વને
કરી મૂકું સુંદર ચાહી ચાહી.’

અહીં કવિ ઉમાશંકરનું ‘નિશીથ’માંનું એક કાવ્ય ‘એક વખતની વસુધા’નું સ્મરણ કરીએ :

‘...નો તો જરી ઓ ઈશ ! તાહરી એક વખતની વસુધાને.
જો એને મનુજે કેવી
શણગારી અનુપમ દેવી !
તેં તો એને ગગનબોડમાં ફેંકી’તી કો દગડ સમી,
મેં એમાંથી દેખ આજ શી ઘડિયલ રત્નતણી કીમતી.’

જીવનના કલાધર રાષ્ટ્રપિતા ગાંધીજીના મતે તો જીવન સૌ કલાથી અદકું છે, જેણે ઉત્તમ જીવી જાણ્યું તે જ ખરો કલાકાર છે. કાકાસાહેબ કાલેલકર જીવનનો મહિમા કરતાં કહે છે કે જીવન જ કલા છે... કલા જીવન પ્રત્યે જાગ્રત હોવી જોઈએ. પ્રજાજીવનના ઉદય અને અસ્ત સાથે સાહિત્યનાં ઉદય-અસ્ત સંકળાયેલાં છે. પશ્ચિમમાં ગ્રીસ કે મધ્યકાળમાં ગુજરાત ઉન્નતિ અને અવનતિનાં ગાન રજૂ કરતું સાહિત્ય આપે છે, તે તેનાં ઉદાહરણ છે. ક્યારેક વિપરીત પરિસ્થિતિમાં-પ્રજાજીવનની અવદશામાં પણ પ્રતિભાશાળી સર્જકોને હાથે ઉત્કૃષ્ટ સર્જન થયાં છે ખરાં. આમ, જીવન અને સાહિત્યનો સંબંધ ગાઢ અને અવિભાજ્ય રહેલો છે. પશ્ચિમના ચિંતક એ.સી. બ્રેડલી એને સરસ રીતે સમજાવે છે કે સાહિત્ય અને જીવનનો સંબંધ અંતઃસ્પર્શી છે. લુપ્ત સરસ્વતીના પ્રવાહની જેમ એ સંબંધ અવિરત, પ્રચ્છન્નપણે તંતુરૂપે જળવાયેલો છે. સાહિત્ય માનવજીવન સાથે વસ્તુના પ્રત્યક્ષ અનુભવથી પણ વધુ નજીકનો, સૂક્ષ્મ સંબંધ સ્થાપે છે માટે તો એવું સાહિત્ય કલાના પ્રવાહમાં તેની આંતરિક શક્તિ અનુસાર ટકી રહે છે.

અહીં એક નાનકડો પ્રશ્ન જન્મે છે કે શું સાહિત્ય (એટલે કે કલામાત્ર)નો ઉદ્દેશ કેવળ આનંદ પૂરતો જ છે ? કલા ખાતર કલા કે સાહિત્યનું સર્જન જીવન માટે પણ છે ? કલા-સાહિત્યકલા શુદ્ધ આનંદ તો આપે જ છે, સૌંદર્યનો મહિમા પણ ગાય છે છતાં એનું અર્થઘટન એમ ન થઈ શકે કે સાહિત્યને જીવન સાથે સંબંધ નથી. સાચું સાહિત્ય માનવજીવનને ઉન્ન કરે છે, સંસ્કારવાનું કામ કરે છે. આ કોઈ રીતે ઊતરતી કે અવગણવા જેવી પ્રવૃત્તિ નથી. જીવનવાદીઓ કલાને જીવનની દાસીના આસને-ગૌણપદે બેસાડે છે કે કલાનું પુષ્પ પણ જીવનના છોડ પર પાંગરે છે. ટૉલ્સ્ટૉય કલા-વિષયક નુક્તેચીની કરતાં કહે છે : ‘‘પ્લેટોથી માંડીને આજના આપણા જમાનામાં સ્વીકારાયેલા કલાવાદો સુધી નજર કરો તો, લોકોએ કલાને પરમ સૂક્ષ્મ કલ્પનાઓ અને ઇન્દ્રિયાતીત ગૂઢતાઓનું વિચિત્ર મિશ્રણ કરી મૂકી છે.’’ કલા અંગેની વિભાવનામાં આમ કોઈક ગૂંચ જોવા મળે છે, એ યાદ રાખવું જોઈએ કે

જીવનની પ્રાથમિક જરૂરિયાતોની સાથે સાથે જ કલાનો વિકાસ થતો ગયો છે. કલા પણ કોઈ રહસ્યાત્મક, ગૂઢ, ઇન્દ્રિયાતીત તત્ત્વ નહીં પણ એક જૈવિક પ્રવૃત્તિ છે. કલાકાર વસ્તુજગતમાંથી સામગ્રી મેળવી રચના કરે છે પરંતુ એમાં જે સંવેદનો, ભાવનાઓ, વિચારોનું અનુભવાતું જગત છે તે મહત્ત્વનું છે. કલાકારનો એક સ્વાયત્ત 'માયાલોક' હોય છે. વર્સફોલ્ડ કહે છે કે એ 'યથાર્થનું મનોગત આલેખન – presentation of the real in its mental aspect છે. આ માયાલોકને કારણે જ આ સમાજમાં જીવતો, શ્વાસ લેતો કલાકાર સર્જનની પળોમાં સમાજથી ભિન્ન અસ્તિત્વ ધરાવે છે. અને એટલે જ કલામાત્રનો (સાહિત્યનો પણ) ઉદ્દેશ પ્રચારનું સાધન બનવાનો હરગિજ નથી. જીવનાભિમુખ કરવામાં કલાનો જરૂર ફાળો છે અને તે મૂલ્યવાન પણ છે, પરંતુ તે ગૌણ – secondary ઉદ્દેશ છે. નૈતિકતા-અનૈતિકતા, જીવનસુધારણા વગેરે કલાની અનિવાર્યતા નથી. કલા કલાકારની સહજ ઉપલબ્ધિ છે, અલૌકિકતાનો એમાં સંસ્પર્શ રહેલો છે એ મહત્ત્વનું છે.

## 12.14 સારાંશ

સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ-માનવ નિર્માણ અંગે માહિતી મૂકવામાં આવી છે.

ભાષા વિકાસ એટલે શું, સ્વરૂપ, જરૂરિયાત, ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો, બાળકના ભાષા વિકાસ માટે શાળાકીય પ્રવૃત્તિઓ (ભૂમિકા) માનવ મૂલ્યો અને સાહિત્ય, માનવ મૂલ્યો, એન.સી.ઈ.આર.ટી. દ્વારા નિશ્ચિત કરેલ માનવ મૂલ્યો, સાહિત્ય-ભાષા સમજ વિકાસ, સંસ્કાર ચિંતનનું સાધન, સાહિત્ય દ્વારા સુટેવોનું નિર્માણ, જીવનલક્ષી સમજની કેળવણીનું સાહિત્ય વગેરે માહિતી મૂકવામાં આવી છે.

સાહિત્ય દ્વારા માનવ નિર્માણ કઈ રીતે થાય છે, સારી ટેવો કેવી રીતે વિકસે છે, સંસ્કાર સિંચન કેવી રીતે થાય વગેરે બાબતો મૂકેલ છે.

## 12.15 એકમ સ્વાધ્યાય

(1) ભાષા વિકાસ એટલે શું ?

(2) ભાષા વિકાસનું સ્વરૂપ જણાવો.

(3) ભાષા વિકાસની જરૂરિયાતો જણાવો.

(4) ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો જણાવો.

(5) બાળકના ભાષા વિકાસમાં શાળાની ભૂમિકા જણાવો.

## 12.16 તમારી પ્રગતિ ચકાસો

**બહુવિકલ્પ પ્રશ્નો :**

1. ભાષા પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ કેવી રીતે શીખે છે ?

   **(અ) અનુકરણ દ્વારા શિક્ષણ** (બ) આચાર્ય દ્વારા શિક્ષણ

   (ક) સ્વપ્રયત્ન દ્વારા શિક્ષણ (ડ) પ્રવચન દ્વારા શિક્ષણ

2. ભાષા પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓને શીખવાની કેવી તક મળે છે ?

   **(અ) ગતિપ્રમાણે કાર્યો** (બ) ઝડપી કાર્યો

   (ક) ટીમવર્કમાં કાર્ય (ડ) સ્વ પ્રયત્ને કાર્ય

3. ભાષા પ્રયોગશાળામાં નીચેનામાંથી કઈ બાબત જરૂરી હોય છે ?

   **(અ) નિયમન કેન્દ્ર** (બ) સારો કલાસ

   (ક) લાઈટની સમસ્યા (ડ) પાણીની વ્યવસ્થા

4. ભાષા પ્રયોગશાળાની શા માટે જરૂર છે ?

**(અ) વ્યક્તિગત તફાવત પ્રમાણે કાર્ય કરવા** (બ) સમૂહમાં કાર્ય કરવા

(ક) વ્યક્તિગત કાર્ય કરવા (ડ) વિદ્યાર્થીઓ સક્રિય રાખવા

5. ભાષા પ્રયોગશાળાની શા માટે જરૂર છે ?

**(અ) વ્યક્તિગત માર્ગદર્શન** (બ) સમૂહમાં માર્ગદર્શન

(ક) વિદ્યાર્થીઓને નિષ્ક્રિય બનાવવા (ડ) સમૂહમાં સૂચના આપવા

6. ભાષાનો વિકાસ કરવા માટે શાળામાં નીચેની કઈ વ્યવસ્થા હોય છે ?

**(અ) ઉપચાર કાર્ય કરવું** (બ) વાલીને માર્ગદર્શન આપવું.

(ક) આચાર્યનું માર્ગદર્શન (ડ) જવાબદારી સોંપણી

7. ભાષાનો વિકાસ કરવા માટે શાળામાં નીચેનામાંથી કઈ બાબત જરૂરી નથી ?

(અ) વ્યક્તિગત તફાવત પ્રમાણે (બ) જૂથવિભાજન

(ક) વિદ્યાર્થીઓને નિષ્ક્રિય બનાવવા (ડ) **વિદ્યાર્થી પોતાની ભૂલ જાતે સુધારી**

8. ભાષાના વિકાસ પર કઈ બાબત અસર કરે છે ?

**(અ) અનુકરણ** (બ) સમૂહ માર્ગદર્શન

(ક) પાડોશીનું વાતાવરણ (ડ) મિત્ર સાથે ન ભળવું

9. ભાષા વિકાસ પર કઈ બાબત અસર કરતી નથી ?

(અ) અનુકરણ (બ) વ્યક્તિગત માર્ગદર્શન

(ક) ઘરનું વાતાવરણ (ડ) અબૌદ્ધિક વિકાસ

## 12.17 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) અનુકરણ દ્વારા શિક્ષણ (2) ગતિ પ્રમાણે કાર્યો

(3) નિયમન કેન્દ્ર (4) વ્યક્તિગત તફાવત પ્રમાણે કાર્ય કરવા

(5) વ્યક્તિગત માર્ગદર્શન (6) ઉપચાર કાર્યહાથ ધરવું

(7) વિદ્યાર્થી પોતાની ભૂલ જાતે સુધારી (8) અનુકરણ

(9) અબૌદ્ધિક વિકાસ

## 12.18 સંદર્ભસૂચિ


1. બારૈયા વી. વી. તથા અન્ય : અભ્યાસકર્મ અંતર્ગત ભાષા પ્રતીક પ્રકાશન, આણંદ
2. બારૈયા વી. વી. તથા અન્ય : અભ્યાસક્રમમાં ભાષા, પ્રતીક પ્રકાશન, આણંદ.
3. ત્રિવેદી રમેશ એમ. : સાહિત્યના સિદ્ધાંતો, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ.
4. વ્યાસ કાંતિલાલ બી. : ગુજરાતી ભાષા – ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. ત્રિવેદી યશવંત : અને સાહિત્ય, સાહિત્ય ભારતી પ્રકાશન, અમદાવાદ.
6. શાહ નીરવ પી. : ભાષા વિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય, પરીખ-ઝાલા પ્રકાશન, અમદાવાદ.
7. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : ગુજરાતીનું અધ્યાપનનું પરીશીલન, બી.એસ.શાહ, અમદાવાદ.
8. પટેલ નટવારભાઈ : ગુજરાતી ભાષા શિક્ષણ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

BAOU
Education
for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-233
# સાહિત્ય દ્વારા શિક્ષણ

વિભાગ

# 4

## સાહિત્યકાર અને શિક્ષણકાર


એકમ-13 સાહિત્યકાર અને શિક્ષણકાર

એકમ-14 શિક્ષક સજ્જતા

એકમ-15 સાહિત્ય દ્વારા શિક્ષણ-શાળાની ભૂમિકા

એકમ-16 માતૃભાષા શિક્ષણ

# ES-233, સાહિત્ય દ્વારા શિક્ષણ (વિભાગ-4)



| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |




**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-240-7**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-233 સાહિત્ય દ્વારા શિક્ષણ

**વિભાગ -1 સાહિત્ય અને શિક્ષણ**

એકમ 1. સાહિત્ય અને શિક્ષણ

એકમ 2. સાહિત્ય સ્વરૂપો

એકમ 3. શિક્ષણ : સંકલ્પના

એકમ 4. સાહિત્યની ઉપાધ્યેતા

**વિભાગ-2 સાહિત્ય અને શિક્ષણનો સંબંધ**

એકમ 5 શિક્ષણક્ષમ સાહિત્ય

એકમ 6 ભાષા કૌશલ્ય અને સાહિત્ય

એકમ 7 સાહિત્ય દ્વારા ભાષા કૌશલ્યનો વિકાસ

એકમ 8 જીવન કૌશલ્ય વિકાસ અને સાહિત્ય

**વિભાગ-3 સાહિત્ય અને જીવન અનુબંધ**

એકમ 9 સાહિત્ય દ્વારા ચૈતન્ય વિકાસ

એકમ 10 સાહિત્ય ચારિત્ર્ય નિર્માણનો પાયો

એકમ 11 સાહિત્ય દ્વારા મૂલ્ય શિક્ષણ

એકમ 12 સાહિત્ય દ્વારા વ્યક્તિત્વ નિર્માણ-માનવનિર્માણ

**વિભાગ-4 સાહિત્યકાર અને શિક્ષણકાર**

એકમ 13 સાહિત્યકાર અને શિક્ષણકાર

એકમ 14 શિક્ષક સજ્જતા

એકમ 15 સાહિત્ય દ્વારા શિક્ષણ-શાળાની ભૂમિકા

એકમ 16 માતૃભાષા શિક્ષણ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 13

# સાહિત્યકાર અને શિક્ષણકાર

## : રૂપરેખા :


13.1 પ્રસ્તાવના

13.2 સાહિત્યકારનું દાયિત્વ - ફરજ

13.3 સાહિત્યકારનું ભાષા વૈશિષ્ટ્ય

13.4 સાહિત્યકારોની સામાજિક જવાબદારી

13.5 સાહિત્ય અંગેની વૈશ્વિક સમજ

13.6 સાહિત્ય રચના અને પ્રામાણિકતા

13.7 સારાંશ

13.8 એકમ સ્વાધ્યાય

13.9 તમારી પ્રગતિ ચકાસો

13.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

13.11 સૂચિત વાચન સામગ્રી


**ઉદ્દેશો (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) સાહિત્યકારનું દાયિત્વ સમજી શકશો.

(2) સાહિત્યકારનું ભાષા વૈશિષ્ટ્ય સમજી શકશો.

(3) સાહિત્યકારોની સામાજિક જવાબદારી સમજી શકશો.

(4) સાહિત્ય અંગેની વૈશ્વિક સમજ સમજી શકશો.

(5) સાહિત્ય રચના અને પ્રામાણિક્તા સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના

સાહિત્યકાર અને શિક્ષણકાર બંને એક સિક્કાની બે બાજુ છે. સાહિત્યકારે ભાષાની રચના અંગેનો વિચાર કહેવાય છે, જ્યારે શિક્ષણકારે વર્ગમાં જાણવવા અંગેનો વિચાર કરવાનો હોય છે.

બંને વ્યક્તિએ ભાષા કૌશલ્ય અંગેું જ્ઞાન તો મેળવવું જ પડે છે. ગદ્ય અને પદ્ય અંગેનું જ્ઞાન બંનેએ મેળવવું પડે છે.

બંને એ ભાષા અંગેનું જ્ઞાન તો મેળવવું પડે છે, પરંતુ જ્ઞાનનો ઉપયોગ કરવાની રીત અલગ અલગ છે.

શિક્ષણકારે ભાષા કૌશલ્યનો વિકાસ બાળકોમાં થાય તે માટે પ્રયત્નો કરવા પડે છે. બાળકોમાં જ્ઞાન વધે તેવા પ્રયત્ન કરે છે. શિક્ષણકાર એટલે શિક્ષક કહીએ તો ખોટું નથી.

સાહિત્યકાર રચના કરવા અંગેનો જ વિચાર કરે છે. દા.ત. નિબંધ લખવો, કાવ્ય લખવું, નવલકથા, નવલિકા, ગઝલ, ગીત, ભજન વગેરે.

## 13.2 સાહિત્યકારનું દાયિત્વ - ફરજ

સાહિત્યકાર એ આદર્શ શિક્ષક છે, તેને શિક્ષક તરીકે ભૂમિકા ભજવવાની હોય છે. સારો સાહિત્યકાર ભાષા કૌશલ્ય સારું હોવું જોઈએ. સારી રીતે ચિંતન, મનન કરી શકે તે પણ જરૂરી છે. ભાષા કૌશલ્ય તેમની પાસે સારા હોવા જોઈએ.




– માતૃ ભાષાના મુખ્ય ચાર કૌશલ્ય શ્રવણ, કથન, વાચન અને લેખનનું બે રીતે વર્ગીકરણ કરીશું.

– ભાષા કૌશલ્યનું વર્ગીકરણ ઉપરોક્ત રીતે કરવા પાછળનું કારણ એ છે કે શ્રવણ અને કથન કૌશલ્ય બાળક જન્મે પછી સાહજિક રીતે વિકસે છે, તેમાટે ચોક્કસ ઔપચારિક લાંબાગાળાના પ્રયત્નો કરવા પડતા નથી, જ્યારે વાચન અને લેખન કૌશલ્ય વિકસાવવા માટે બાળકના વિકાસને ધ્યાનમાં રાખી ઔપચારિક પ્રયત્નો કરવા પડે છે.

આમ, બાળકમાં વૃદ્ધિ અને વિકાસને ધ્યાનમાં રાખી પ્રથમ વિકસતાં અને પછી વિકસતાં કૌશલ્યોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યનું બાળક દ્વારા થતી પ્રક્રિયાને આધારે પણ વર્ગીકરણ કરી શકાય છે.




ઉપરોક્ત રીતે ભાષા કૌશલ્યનું વર્ગીકરણ કરવા પાછળનો હેતુ એ છે કે બાળકો કોઈપણ માહિતી શ્રવણ અને વાચન દ્વારા મેળવે છે, એટલે કે બાળકો શ્રવણ અને વાચન દ્વારા ગ્રહણ કરે છે, સમજે છે અને ભાષા શીખે છે, વિકસાવે છે. અહીં બાળકના ક્ષે ગ્રહણ કરવાની વાત છે.

વ્યક્તિ પોતાની લાગણી, ઇચ્છા, ઇરાદો, અપેક્ષા કે કોઈપણ વિચાર કથન કે લેખન દ્વારા અભિવ્યક્ત કરે છે જેથી કથન અને લેખનને અભિવ્યક્તિના કૌશલ્ય તરીકે ઓળખવામાં આવે છે.

આમતો બાળકનો ભાષા વિકાસ આ ચારેય કૌશલ્યનો સુમેળભર્યો સહયોગ હોય તો જ સારી રીતે થઈ શકે. આ ચારેય કૌશલ્યો એકબીજાના પૂરક જણાવ્યાં છે. આ ચારેય કૌશલ્યો તેના ભાષા શીખવાના પ્રયત્નોના સતત મહાવરાથી કેળવાય છે, જેમાં તેની વૃદ્ધિ, વિકાસ, ભાષાક્ષમતા, સભાનતા, અભિવ્યક્તિ, વાતાવરણ વગેરે ભાગ ભજવે છે.

સાહિત્યકારને કંઈક પણ રચના કરવી હોય તો ભાષાના ચારેય કોશલ્યની ખબરહોવી જોઈએ, તેમજ તે અંગેનું જ્ઞાન પણ હોવું જોઈએ.

સાહિત્યકારે રચના કરવા માટે જ્ઞાન મેળવવું પડે છે, જ્યારે શિક્ષકે ભણાવવા માટે જ્ઞાન મેળવવું પડે છે. બંનેએ તો ભાષા કૌશલ્યનું જ્ઞાનનો મેળવવું પડે છે, ફક્ત જ્ઞાનના ઉપયોગનો ફક્ત તફાવત છે.

**સાહિત્યકારનું દાયિત્વ :**

**સાહિત્યકારમાં શિક્ષક તરીકે વિચારી શકાય :**

માતૃભાષા ગુજરાતીનું શિક્ષણકાર્ય કરતા ભાષાશિક્ષક પાસે શિક્ષણકાર્ય કરવાની પાત્રતાની દૃષ્ટિએ કેટલીક અપેક્ષાઓ સહજ રીતે રાખવામાં આવે. શિક્ષણની ક્રિયામાં શિક્ષકનું સ્થાન ચાવીરૂપ

છે. શિક્ષક પોતાનાં જ્ઞાન અને અનુભવને આધારે વિદ્યાર્થીઓને માટે જ્ઞાનગ્રહણની ક્રિયા સરળ કરી આપે છે. શિક્ષક વિદ્યાર્થીને અમૂલ્ય પ્રેરણા આપે છે. શિક્ષક વિદ્યાર્થીને યોગ્ય બદલો અને સુદઢીકરણો પૂરાં પાડનાર પ્રવક્તા બની રહે છે. વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ ઉપર અન્ય પરિબળો ઉપરાંત શિક્ષકની પણ પરિણામકારી અસર હોય છે

સવાલ એ છે કે ભાષાશિક્ષક શી રીતે અસરકારક, કાર્યક્ષમ કે સફળ બની શકે ? એનો ઉત્તર એ છે કે ભાષાના વિષયમાં સુસજ્જતા પ્રાપ્ત કરીને અને કેટલાક વ્યક્તિત્વગુણો કેળવીને ભાષાશિક્ષક પોતાના કાર્યમાં અસરકારક, કાર્યક્ષમ કે સફળ બની શકે. ‘શિક્ષક જન્મે છે, બનતા નથી’ એવી એક જાણીતી ઉક્તિ છે... પણ આ ઉક્તિ અંતિ સત્ય કે પૂર્ણ સત્ય નથી. ઉત્તમ શિક્ષકોની દુર્લભતા તરફની તીવ્રતમ અભિવ્યક્તિ રૂપે આ ઉક્તિ અસ્તિત્વમાં આવી હોય તે બનવા જોગ છે. તેથી વારસાએ કે અનુવંશે આંકેલી મહત્તમ મર્યાદાઓમાં રહીને શિક્ષક થયેલ પ્રત્યેક વ્યક્તિ જો પૂરો પુરુષાર્થ કરે તો જરૂર સારો શિક્ષક બની શકે છે.

ભાષાશિક્ષકે વિષયસજ્જતા અને વ્યક્તિત્વગુણો પોતાનામાં કેળવાય તે માટે નીચે મુજબ પ્રયત્નો કરવા જોઈએ :

(1) શિક્ષકે માતૃભાષાના સાહિત્ય અને વ્યાકરણના અદ્યતન જ્ઞાનથી વાકેફ રહેવું જોઈએ. સાહિત્ય અને વ્યાકરણમાં પારંગત બનવું જોઈએ. જે કાંઈ શીખવવાનું છે તેના ઉપર તેણે કાબૂ મેળવવા માટે પૂર્વતૈયારી કરવી જોઈએ. ‘ઘરલેશન’ કર્યા વગર તેણે કદી વર્ગમાં શિક્ષણકાર્ય કરવા જવું જોઈએ નહિ. જ્ઞાનની કોઈ સીમા નથી, છતાં શિક્ષકે ભાષા અને સાહિત્ય વિશે બને તેટલું જ્ઞાન સંપાદન કરવું જોઈએ. સાહિત્યના વર્તમાન પ્રવાહોથી પરિચિત બનવા તેણે કેટલાંક સાહિત્યિક સામયિકો નિયમિત વાંચવાં જોઈએ, વસાવવાં જોઈએ.

(2) શિક્ષકે જીવનભર વિદ્યાર્થી રહેવું જોઈએ. જ્ઞાનની ઉપાસના અવિરત થવી જોઈએ. ભાષાશિક્ષક અધ્યયનદરિદ્ર રહે તે ન ચાલે. તેણે ભાષાસાહિત્યના ગ્રંથો અને સામયિકોના વાચનના વ્યસની બનવાનું છે. પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમની સાંકડી સીમાઓથી પર રહીને પણ સતત અભ્યાસ કરવો જોઈએ. શિક્ષક જ્યાં સુધી વિદ્યાર્થી બની રહે છે, ત્યાં સુધી નિષ્ફળ જતો નથી. ભાષાશિક્ષકે જ્ઞાનની બાબતમાં સતત તાજા રહેવાનું છે.

(3) ભાષાશિક્ષકે જ્ઞાનસમૃદ્ધ બનવા ઉપરાંત એ જ્ઞાન વિદ્યાર્થીઓમાં સફળતાથી સંક્રાન્ત કરવાની કુશળતા પણ હસ્તગત કરવી જોઈએ. હરતાફરતા, જંગમ સર્વજ્ઞાનસંગ્રહ જેવા શિક્ષકો ક્યારેક સફળ થઈ શકતા નથી. એ જ્ઞાન વિદ્યાર્થીઓમાં વિતરિત કરવા માટે શિક્ષક અનેક પદ્ધતિઓ, પ્રયુક્તિઓ અને કૌશલો ધરાવે એ બહુ જરૂરી છે. આ માટે તેણે શિક્ષકની જે વ્યાવસાયિક તાલીમ મેળવી છે એને લેખે લગાડવી જોઈએ.

(4) ભાષાશિક્ષકનો માતૃભાષાના અને અન્ય ભાષાઓના સાહિત્યમાં ગાઢ રસ હોવો જોઈએ. સાહિત્યનો આનંદ તેને મન સર્વોત્તમ આનંદ હોવો જોઈએ. તેના જીવનમાં એક ઉચ્ચ મૂલ્યરૂપે સાહિત્યનો અનુપ્રવેશ હોવો જોઈએ. સાહિત્યના પરિશીલનથી તેનામાં સાહિત્યનો વિવેક કેળવાયો હોવો જોઈએ, અને તેથી ભાષાશિક્ષક ઉત્તમ ભાવક હોવા જોઈએ. સાહિત્યપ્રેમી શિક્ષક જ ભાષાશિક્ષણ માટે અધિકારી ગણાય.

(5) ભાષાશિક્ષકે ભાષાશિક્ષણમાં ક્રિયાત્મક સંશોધનો, પ્રયોગો, પ્રૉજેક્ટો કરવા માટે સુસજ્જ બનવું જોઈએ. નવવિચારોને ખુલ્લા અને આવકારી પોતાના શિક્ષણકાર્યમાં તેમને અજમાવી જોવા જોઈએ. શિક્ષણકાર્યમાં તેણે સતત પ્રયોગશીલ અને સાનુકૂળ (flexible) રહેવાનું છે. તો જ તેનું કાર્ય ઘરેડિયું મટીને જીવંત બની શકશે.

(6) ભાષાશિક્ષકના કાવ્યના મુખપાઠનાં ગદ્યખંડો મુખવાચનમાં, સુલેખન અને શુદ્ધલેખનમાં તથા સર્જાનત્મક લેખનમાં નિષ્ણાત હોવા જોઈએ અને આ બધી પ્રયુક્તિઓમાં તે પોતાના વિદ્યાર્થીઓ માટે ઉદાહરણરૂપ હોવા જોઈએ. ભાષાશિક્ષકે કાવ્યગાનનો મહાવરો પણ કરવો જોઈએ.

ભાષાશિક્ષણ માટેની આ બધી પ્રયુક્તિઓમાં ભાષાશિક્ષકની કચાશ ચાલે નહિ. આ બધી બાબતો પ્રયત્નસાધ્ય છે.

(7) ભાષાશિક્ષક પાસે ભાષાશિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનની અને સંચાલનની આવડત હોવી જોઈએ. આ પ્રવૃત્તિઓ શાળામાં યોજવા માટે તેનામાં ઉત્સાહ અને ધગશ પણ હોવાં જોઈએ.

(8) એક વ્યક્તિ તરીકે ભાષાશિક્ષકની વાણી વિશુદ્ધ, મધુર, વિનયી અને પ્રભાવશાળી હોવી જોઈએ. તેને વિદ્યાર્થીઓ પ્રત્યે નિર્વ્યાજ સ્નેહ હોવો જોઈએ. વિદ્યાર્થીઓમાં રહેલા વ્યક્તિગત તફાવતોને તેણે સહજ રીતે જ લેવા જોઈએ. વિદ્યાર્થીઓ સાથે તેનું વર્તન તાદાત્મ્યપૂર્વકના તાટસ્થ્યવાળું હોવું જોઈએ. વિદ્યાર્થીઓને અભ્યાસ અને સર્જનાત્મક કાર્યો માટે તેણે પ્રેરણા અને માર્ગદર્શન આપવાં જોઈએ. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ભાષાકીય પ્રતિભાની કાળજીપૂર્વક માવજત કરવી જોઈએ. નબળા વિદ્યાર્થીએ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેમને અભ્યાસમાં વધુ મદદ કરવી જોઈએ. આમ, ભાષાશિક્ષકનું વ્યક્તિત્વ પ્રસન્ન, વિનયી, પ્રેમાળ અને પ્રેરક હોવું જોઈએ.

આ પુસ્તક પહેલા પ્રકરણમાં આપણે નોંધ્યું હતું કે શિક્ષકના માર્ગે અગાઉ સોક્રેટીસ ચાલ્યો હતો. શિક્ષકનો માર્ગ સાહસિક માર્ગ છે. તે જ રીતે ભાષાશિક્ષક માટે શિક્ષણકાર્ય એ વ્યવસાયથી વિશેષ તો સ્વભાષાની સેવાનું કાર્ય છે તેથી તેણે પોતાના વિષયમાં બરાબર સજ્જ થવું પડે અને ઉમદા વ્યક્તિત્વ ગુણો કેળવવા જોઈએ.

આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુની ભવ્ય પરંપરા રહી છે. ગોવિંદ કરતાં પણ ગુરુનું માહાત્મ્ય અધિક છે. શિક્ષક કે ગુરુની પ્રતિષ્ઠા આપણે ત્યાં હંમેશાં ઊંચી રહી છે. ગુરુ જ્ઞાનાંજનશલાકા વડે અજ્ઞાનતિમિરનો નાશ કરે છે. પરંતુ ભાષાશિક્ષક અને દરેક શિક્ષકે એ ખ્યાલમાં રાખવું જોઈએ કે તેનાં સન્માન અને કદરનો આધાર ખુદ તેના કાર્યની ગુણવત્તા જ છે. દુનિયામાં માગ્યાં માન કદી મળતાં નથી, પણ ભાષાશિક્ષણ અને દરેક શિક્ષકને સન્માન મળે તે તેના કાર્યનું જ સીધું પરિણામ હોય છે. ભાષાશિક્ષકને પોતાના કાર્યમાં આનંદ અને ગૌરવ બંનેની અનુભૂતિ થવી જોઈએ. કદરની કે 'પાઘડી બંધાવી દેવાની' ઉઘરાણી કરવાને બદલે શિક્ષકે પોતાનું શિક્ષણકાર્ય નિજાનંદ માટે કરી છૂટવું જોઈએ.

જ્ઞાન અને પ્રેમ એ બંને પલ્લાંમાં પગ મૂકીને સમતુલા જાળવીને શિક્ષણકાર્ય રૂપી મત્સ્યવેધ કરવાનો મોટો પડકાર દરેક શિક્ષક સમક્ષ પડેલો છે, શું આપણે તે ઝીલીશું ?

## 13.3 સાહિત્યકારનું ભાષા વૈશિષ્ટય

સાહિત્યકાર પાસે વિશિષ્ટ પ્રકારના ગુણ આવશ્યક છે, તેમનામાં કેટલીક ખાસિયત પણ હોવી જોઈએ. સાહિત્યકાર પાસે કેટલાક ગુણ અપેષિત છે. સાહિત્યની રચના કરવા માટે સાહિત્યકાર પાસે ભાષા અંગેના કેટલાક ગુણ હોય તો જ ભાષાવજિકાસ તેમજ સાહિત્યની રચના સારી રીતે કરી શકે.

સાહિત્યકાર પાસે કેટલાક લક્ષણોની પણ અપેક્ષા રાખવામાં આવે છે, સાહિત્યની રચના માટે ગુણની સાથે સાથે કેટલાક લક્ષણો પણ અપેક્ષિત છે.

શિક્ષક પાસે જે ગુણ અને લક્ષણો અપેક્ષિત છે તે જ ગુણ અને લક્ષણો હોવા જોઈએ.

ભાષા શિક્ષકની શૈક્ષણિક સજ્જતા, તેમજ કેટલાક ગુણની અપેક્ષા રાખવામાં આવે છે. જે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થશે.

પ્રસ્તાવના :

તમે નીચેના શ્લોકનું વારંવાર ગાન કરેલ છે.

(1) ગુરુબ્રહ્મા, ગુરુવિષ્ણુ, ગુરુદેવો મેહશ્વરઃ
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

(2) ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,

બલિહારી ગુરુ આપકી ગોવિન્દ દિયો બતાય.

ઉપરોક્ત બંને શ્લોક દ્વારા ગુરુનું સ્થાન કેટલું ઊંચું છે તેનો ખ્યાલ તમને છે જ. એલેક્ઝાંડર પણ કહેતા હતા કે, "મારા જન્મ માટે હું મારા પિતાનો આભારી છે, પરંતુ મારા જીવન માટે હું મારા શિક્ષકનો આભારી છું." એચ. જી. વેલ્સે શિક્ષકને ... કહેલ છે. શિક્ષકનું મહત્ત્વ દુનિયાની બધી જ ભાષા બધાં જ ચિંતકોએ જણાવ્યું જ છે. પરંતુ આટલું ઊંચું, મહત્ત્વનું અને સુંદર સ્થાન ગ્રહણ કરતાં પૂર્વે શિક્ષકે પણ સુંદર બનવું જરૂરી છે. સુંદરતા પ્રાપ્ત કર્યા પહેલાં સુંદર બનવું પડે." આ સુંદર બનવામાં જ શિક્ષકનું શિક્ષત્વ રહેલું છે. શિક્ષકનું શિક્ષકતા, શિક્ષકની સજ્જનતા શેમાં છે ? તેના વિશે આપણે આ પ્રકરણમાં ચર્ચા કરીશું, પરંતુ તે ચર્ચા માતૃભાષાના શિક્ષકને કેન્દ્રમાં રાખી કરીશું.

**ભાષાશિક્ષકની શૈક્ષણિક સજ્જતા :**

માતૃભાષાના શિક્ષક પાસે માતૃભાષા અંગેનું પૂરતું સૈદ્ધાંતિક અને વ્યાવહારિક જ્ઞાન હોવું જોઈએ. આ માટે તે ગુજરાતી વિષય સાથે સ્નાતક થયેલો હોવો જોઈએ. જો ભાષશિક્ષકે ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવવાની તક મળે અને જરૂર જણાય ત્યાં અને ત્યારે, વિવિધ રીતે બાળકોને વ્યાકરણનું જ્ઞાન આપવું જોઈએ. આ માટે વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું અને વ્યાકરણનું જ્ઞાન શિક્ષક માટે આવશ્યક છે.

**ઉચ્ચારશુદ્ધિ અને આકર્ષક અભિવ્યક્તિ :**

ભાષાશિક્ષક માટે ઉચ્ચાર અને અભિવ્યક્તિ બંને ઘરેણાં સમાન છે. આ બે બાબતોથી ભાષાશિક્ષક શોભે છે. ભાષાશિક્ષણમાં બાળકો પાસે ઉચ્ચારની શુદ્ધતા અને આકર્ષક અભિષ્યનો આગ્રહ રાખવામાં આવે છે. જો શિક્ષક પાસે જ આ આવડત નહીં હોય તો તે બાળકો પાસે કેવી રીતે અપેક્ષા રાખી શકે ? બાળકોને કેવી રીતે આદર્શનમૂનો આપીને શીખવી શકે ? કોઈ પણ શિક્ષક માટે ઉચ્ચારમાં સ્પષ્ટતા અને શુદ્ધતા જરૂરી છે. પરંતુ ભાષા શિક્ષક માટે તો ખાસ ભાષાશિક્ષણ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર માટે જરૂરી ઉચ્ચાર સ્થાનોનો આધાર લઈ બાળકોને ઉચ્ચાર શુદ્ધિનું જ્ઞાન અને મહાવરો આપવાના છે. તેવી જ રીતે તેની વાક્છટા, ભાષા અભિવ્યક્તિ પણ એટલી જ આકર્ષક હોવી જોઈએ કે જેમાંથી બાળકો પ્રેરણા લઈને શીખે. માટે જ જ્યોર્જ સેમ્પસને કહ્યું હતું, "દરેક શિક્ષક પ્રથમ માતૃભાષાનો શિક્ષક છે, અને પછી જ તે પોતાના વિષયનો."

**કાવ્યશિક્ષણ પ્રત્યે સભાન :**

કાવ્ય શિક્ષણ માટે ભાષા શિક્ષક પાસે વિશેષ અપેક્ષા રાખવામાં આવે છે. માટે કહેવાય છે કે, "બધા ભાષાના શિક્ષકો કાવ્યના શિક્ષકો હોતા નથી." કાવ્યશિક્ષણ એ વિશેષ આવડત માંગી લે છે. કાવ્યશિક્ષણ માટે શિક્ષક પાસે રસાસ્વાદ કરાવવાની શક્તિ અને તમન્ના હોવાં જોઈએ. તે સંવેદનશીલ, લાગણી પર પ્રભુત્વ ધરાવતો, શબ્દો સાથે દોસ્તી ધરાવતો હોવો જોઈએ. સાથે કાવ્યનું યોગ્ય રીતે ગાન કે પઠન કરવાની શક્તિ ધરાવતો હોવો જોઈએ. કાવ્યશિક્ષણ માટે જરૂરી કલ્પનાશક્તિ પણ હોવી જરૂરી છે. તે જે તે સંસ્કૃતથી પરિચિત પણ હોવો જરૂરી છે. કારણ કે કાવ્ય પર સંસ્કૃતિની અસર વર્તાતી જોવા મળે છે. તે કાવ્યના વિવિધ પ્રકારોમાં રસ અને જ્ઞાન પણ ધરાવતો હોવો જોઈએ.

ઉપરોક્ત ગુણો ઉપરાંત નીચેના ગુણો પણ ભાષાશિક્ષક માટે અત્યંત આવશ્યક છે.

- પોતાના વિષય માટે ગૌરવ હોવું જોઈએ.
- પોતાના વ્યવસાય માટે અભિરુચિ અને ગૌરવ હોવાં જોઈએ.
- વિદ્યાર્થીકેન્દ્રી માનસ ધરાવતો હોવો જોઈએ.
- પ્રભાવશાળી અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ હોવાં જોઈએ.
- વિશેષ સંદર્ભોનો ખજાનો હોવો જોઈએ.
- વાતચીત કરવાની રીત આકર્ષક હોવી જોઈએ.

- પ્રેમ અને સહાનુભૂતિથી ભરપૂર હોવો જોઈએ.
- તેનું વર્તન મૈત્રીપૂર્ણ હોવું જોઈએ.
- નવીન સંશોધનમાં રસ દાખવનાર અને સંશોધન કરનાર હોવો જોઈએ.
- સહઅભ્યાસ પ્રવૃત્તિનું આયોજન કરવાની ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.
- શિક્ષણ અને ભાષા ક્ષેત્ર થતાં નવા સંશોધનોથી પરિચિત હોવો જોઈએ.
- શૈક્ષણિક ટૅક્નોલૉજીનો જરૂર પડે ઉપયોગ કરનાર હોવો જોઈએ.
- વાંચનમાં વિશાળ રસ ધરાવતો હોવો જોઈએ.
- લેખક અને કવિઓનો ચાહક હોવો જોઈએ.

**કાવ્યશિક્ષકની સજ્જતા :**

'બધાં ભાષાના શિક્ષકો એ કાવ્યના શિક્ષકો નથી હોતા.' આ વિધાન પરથી જ ખ્યાલ આવે છે કે કાવ્યશિક્ષણ એ કંઈક વિશેષ પ્રકારની બાબત છે. માટે તો ઘણી વાર કાવ્યશિક્ષણ કરનાર શિક્ષકને હાથે કાવ્યનું ખૂબ થાય છે. માટે જ સ્વ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું હતું કે, "કાવ્ય શીખવતા શિક્ષકોએ કાવ્યને જેટલું નુકસાન કર્યું છે એટલું કદાચ બીજા કોઈએ નહીં કર્યું હોય. જ્યારથી શિક્ષકોએ કાવ્યનું શિક્ષણ આરંભ્યું છે, ત્યારથી કાવ્યનો આનંદ, ઉલ્લાસ વગેરે અદશ્ય થઈ ગયાં છે." આમ પણ ઘણાં શિક્ષકો કાવ્યને ગદ્યમાં ફેરવીને શિક્ષણ આપે છે ! કવિના અનુભવ, સંવેદન, વિચારતત્ત્વને પામી શકતા નથી. કાવ્યની સૌંદર્યતાને ઝીલી શકતા નથી. ખરેખર તો જે શિક્ષકને કાવ્યશિક્ષણ માટે આત્મવિશ્વાસ ન હોય તેમણે કાવ્યનું શિક્ષણ કરાવવું જ જોઈએ. અન્ય શિક્ષકો કે જેઓ કાવ્યશિક્ષણમાં રસ ધરાવે છે તેમને સોંપી દેવું જોઈએ. જો તેણે કાવ્યશિક્ષણમાં નિપુણતા પ્રાપ્ત કરવી હોય તો તે માટે વિશેષ પ્રયત્ન કરીને રસ કેળવવા જોઈએ. આ માટે તેનામાં નીચેના ગુણો હોવા જરૂરી છે.

**શિક્ષક....**

- કાવ્યપ્રેમી હોવો જોઈએ. કવિતા માટે માન અને લગાવ હોવાં જોઈએ.
- કવિતામાં અભિરુચિ ધરાવતો હોવો જોઈએ.
- કાવ્યનો શિક્ષક સંવેદનશીલ હોવો જોઈએ. કાવ્યમાં કવિએ પોતાના સંવેદનો રજૂ કર્યા હોય છે. આ સંવેદનો પામી શકે તે જ કાવ્યનું શિક્ષણ સારી રીતે કરી શકે. કવિએ અનુભવેલા સંવેદનો શિક્ષકે પણ અનુભવવા પડશે. તેમાં પોતાની જાતને સામેલ કરી શકે તે જ કાવ્યશિક્ષક બની શકે.
- કાવ્યને પામનાર જ બીજાને કાવ્યનો આસ્વાદ ચખાડી શકે. જેથી કાવ્યશિક્ષકમાં કાવ્યાસ્વાદ કરવાની અને કરાવવાની ક્ષમતા હોવી જોઈએ. તે સરળતાથી રસાનુભૂતિ કહી શકવા સમર્થ હોવો જોઈએ.
- કાવ્યમાં કવિએ ઘણાં કલ્પનો રજૂ કર્યાં હોય છે. કવિના આ કલ્પનો સુધી પહોંચવા માટે ભાષાશિક્ષકમાં કલ્પનાશક્તિ હોવી જોઈએ. કવિએ આલેખેલાં સૌંદર્યચિત્રો અને શબ્દચિત્રોને ઓળખી વિદ્યાર્થી સમક્ષ કૂનેહપૂર્વક રજૂ કરવાના છે.
- કવિતાનું ઊંડું પરિશીલન કરતો હોવો જોઈએ.
- જુદા જુદા સ્વરૂપની કવિતાને માણનાર હોવો જોઈએ. આ માટે કાવ્યનો વાચક અને અભ્યાસી હોવો જોઈએ.
- કાવ્યશિક્ષણની વિવિધ પ્રયુક્તિથી વાકેફ હોવો જોઈએ તેમ જ તે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાની ક્ષમતા અને આવડત હોવાં જોઈએ.
- કાવ્યનું યોગ્ય લય સાથે ગાન અથવા તો પઠન કરી શકવાની ક્ષમતા હોવી જોઈએ.

- વિદ્યાર્થીમાં કવિતાપ્રેમ જાગૃત કરવાની ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.
- કાવ્યવિવેચન અને કવિતાસર્જન માટે ઉત્સુક હોવો જોઈએ.
- કાવ્યવિવેચન કે રસાસ્વાદ માટે સમૃદ્ધતા હોવી જોઈએ.
- ગુજરાતી સાહિત્યનો પરિચિત હોવો જોઈએ.
- અલંકાર અને છંદનું જ્ઞાન હોવું જોઈએ.
- કાવ્યનો સંગ્રહ અને કંઠસ્થ કરવાનો શોખીન હોવો જોઈએ.
- યોગ્ય અભિનયશક્તિ હોય તો તે અસરકારકતા ઊભી કરી શકે છે.
- શબ્દોની લક્ષણા, અભિધા અને વ્યંજના પારખવાની શક્તિ ધરાવતો હોવો જોઈએ.

## 13.4 સાહિત્યકારોની સામાજિક જવાબદારી

**સાહિત્ય અને સમજ :**

કોઈપણ સાહિત્યકાર સમાજમાં રહે છે. એનો શબ્દ સમાજની ચેતનાથી પર નથી હોતો. સર્જક પોતની કૃતિમાં માનવની વાત કરે છે. કોઈપણ સાહિત્યકૃતિમાં આખરે તો જીવનની જ વાત હોય છે, માનવીની જ વેદના-સંવેદનાઓ હોય છે. ને માનવી સમાજનો રહેવાસી છે. આમ, સાહિત્યકાર અને સમાજનો સંબંધ કવિતા જેટલો જૂનો ગણાય.

'કળાને ખાતર કળા' અને 'જીવનને ખાતર કળા' ની સમીક્ષા કરતાં આપણે આગળ જોયું તેમ સવાલ કોઈ એકના પ્રાધાન્યનો છે. કળામાં જીવન હોય છે, પણ એ પ્રત્યક્ષપણે નથી હોતું. કળા એ કાંઈ બોધ ઉપદેશ માટેનું માધ્યમ માત્ર નથી. કળા જો કળા રહીને સિદ્ધ થવા માગે તો એની ના નહીં પડાય. અલબત્ત એવી સંસિદ્ધ કળામાં પણ જીવન તો ભરપુર હોવાનું. પણ આપણે ગાંધીજી કહે છે તેવું માત્ર પ્રબોધક-જીવનમાં સીધું ઉપયોગી સાહિત્ય તો નહીં જ માગી શકીએ. હા, એવું જ્ઞાનલક્ષી સાહિત્ય પણ હોય છે. પણ આપણે તો ઉત્તમ, કલાત્મક સાહિત્યની અને એના સમાજ સાથેના સંબંધની વાત કરીએ છીએ.

દૃષ્ટાંત લઈને વાત કરીએ તો તરત સમજાશે કે 'સરસ્વતીચન્દ્ર' ના સર્જક 'વાર્તારસ ભેળો ઉપદેશ રસ પાઈ દેવા' તાકેલું. 'સરસ્વતીચન્દ્ર જેમ જેમ માનવજીવનની સમસ્યાઓને તથા સમાજજીવનને પ્રત્યક્ષપણે વધુ ને વધુ ઊંડાળમાં લેવા જાય છે એમ એમાંની કળા ઓસરતી જાય છે. 'સરસ્વતીચંદ્ર' વિચારો તથા સામગ્રીની રીતે કાચા સોનાનો ગઠ્ઠો છે પણ એ કળાકૃતિની દૃષ્ટિએ ઊણી ઊતરે છે — એમ કહેવાયું છે તે બરોબર છે. જો લેખક માત્ર સમાજની ચિંતા કરે ને એનું આલેખન એ સાહિત્યકળાને ભોગે કરતો જાય તો આપણને 'ગ્રામલક્ષી' 'ઝેરતો પીધાં છે' — જેવી કૃતિઓ જ વધુ ને વધુ મળતી જાય પણ આપણને જો સાહિત્યકળા સાથે જીવનને આસ્વાદવા માગતા હોઈએ તો આપણને 'શાકુન્તલમમ્ની, 'ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ' ની, 'માનવીની ભવાઈ' ની જરૂર છે. સાહિત્યનો સમાજ સાથે કેવો નાતો હોવો જોઈએ ? એનાં ઉત્તમ ઉદાહરણો 'મળેલા જીવ' 'માનવીની ભવાઈ' 'અશ્રુધર' 'વ્યથાનાં વીતક' 'આકાર' 'ન હન્યતે' 'ઘરે બાહિરે' 'ગૃહદાહ' 'યયાતિ' 'શેખર એક જીવની' 'ડૉ જિવાગો' જેવી કૃતિઓ છે. કળાની સાથે સમાજને વધારે રુચિસંપન્ન અને સમૃદ્ધ તથા સંસ્કારી બનાવવા માટે પણ કળાપૂર્ણ કૃતિઓની જ જરૂર છે. કળા સમાજનો કે માનજીનો વિરોધ કરતી નથી. તો સમાજે પણ કળાપૂર્ણતાનો વિરોધ કરવાનો ના જ હોય.

સાહિત્ય શબ્દમાં લખાય છે. એ શબ્દો જે ભાષામાંથી આવે છે એ ભાષા જે તે સમાજની નીપજ છે. એટલે આમ પ્રારંભથી જ સાહિત્યકારના માધ્યમ સાથે સમાજ સંકળાયેલો રહે છે. બીજું એનો વિષય જ સમાજ કે તેમાં રહેલો માનવી છે. સમાજમાં ચાલતી રોજબરોજની ઘટનાઓ સર્જકના સંવેદનશીલ ચિત્તને અસર કરે છે. આવા અનુભવો ધીમે ધીમે મૂળ નાખીને અનુભૂતિરૂપ પામે છે ને છેવટે સાહિત્યકૃતિ રૂપે જન્મે છે. સર્જક પણ છેવટે તો સામાજિક પ્રાણી છે. એને સમાજ નિરપેક્ષ કહી/

જોઈ જ ન શકાય. એક સાહિત્યકારે કહ્યું છે કે 'ઈંગ્લેન્ડના માનવજીવનને — સમાજ — જીવનને ઓળખવા તમારે ઈંગ્લેન્ડમાં ફરવાની જરૂર નથી, ઈંગ્લેન્ડનું સાહિત્ય તપાસી જશો તો ઈંગ્લેન્ડ ઓળખાઈ જશે. ફ્રાન્સની ક્રાંતિ તથા તત્કાલીન જીવનને સમજવા 'લા મિજરેબ્લ' વિક્ટરહયૂગોની કૃતિ વાંચી જોઈએ તે અનિવાર્ય છે. રા. વિ. પાઠકે પ્રેમાનંદના આખ્યાનોમાંની તાત્કાલીનતાને ચીધતાં, ઉચિત રીતે જ, એમાં પ્રતિબિંબાતું ગુજરાતી જીવન, ગુજરાતી લોકો, ગુજરાતી સમાજનું માનસ, એનાં રીતરિવાજરસમોની વાત તારવી હતી, 'માનવીની ભવાઈ' છપ્પનિયા દુકાળની સાથે પ્રજાજીવનનાં સુખદુઃખને, પ્રેમ અને વિરહને, વેરઝેરને અને ભૂખ-ભીખની દારૂણતાને પણ સમજાવે છે !

આમ તો દરેક સર્જક એના જમાનાનું સંતાન છે. પોતે જે સમાજમાં જીવે એ સમાજનાં પડઘા, પડછાયા, ગંધ-સુગંધ, નીતિ-અનીતિ, આનંદ-ઉત્સવો, રાગ, દ્વેષો, ત્યાગ-તપશ્ચર્યાઓ, ગમાઅણગમા, હર્ષશોક, પ્રેમવિરહને વેરઝેર સાથે રીતરિવાજો, માન્યતાઓને શ્રદ્ધા-દર્શન પણ એના સર્જનમાં અચૂક ઝિલાવાનાં જ. સર્જકની આંખ કેમેરા જેવી છે. પણ એમાં વળી ચૈતન્ય હોવાથી એ દર્શન ઉમેરે છે. જેવું છે તેવું નહીં, તેનાથી સવાયું, સારું એ ચીંધે છે. આર્નલ્ડે સાહિત્યની સમાજની-જીવનની સમીક્ષા તરીકે આ જ અર્થમાં ઓળખાવેલું, કોઈક એને પ્રજાજીવનનું દર્પણ (લીટરેચર ઈઝ ધ મીરર ઓવ્ લાઈફ) કહ્યું છે. પણ એ માત્ર પ્રતિબિંબ ઝિલીને અટકતું નથી, એ નવેસરથી, નવું રચી આપે છે. દર્શન ઉમરે છે, પ્રેમ અને ઘણું ઘણું ઉમેરે છે. જીવનના અંધારિયા મુલકો બતાવે છે — માનવમનનાં ઊંડાણો તાગે છે ને એમ આપણી ભીતરના હજારો બંધ ઓરડાઓમાં દીવા કરીને અજવાળો પાથરે છે. ઘણા લોકો સાહિત્યના વાચનથી સદ્‌માર્ગે વળે છે, ઘણા ધીરગંભીર બનીને જીવનને સહેતાં શીખે છે. આ અર્થમાં સાહિત્ય સમાજને શિવ-માર્ગે કલ્યાણનો માર્ગે વાળવામાં ઉપકારક છે એમ જ કહેવું પડશે.

**સાહિત્યકારોની સામાજિક જવાબદારી :**

સાહિત્યકારની સામાજિક જવાબદારી ખૂબ જ મહત્ત્વ હોય છે. સાહિત્યકાર સમાજમાં રહે છે. તે સમાજ જીવન સાથે સંકળાયેલ છે. સમાજમાં જે દૂષણો રહેલા છે તે દૂષણો દૂર કરવા માટે સાહિત્યકારની જવાબદારી છે. સમાજમાં પરિવર્તન લાવવાની પણ તેની જવાબદારી છે. સાહિત્યકારની સામાજિક જવાબદારી નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) સંસ્કૃતિનાં સારાં અને નરસાંનો પરિચય કરાવવો :**

સંસ્કૃતિ એ સમાજનો વારસો છે. સંસ્કૃતિનાં સારાં અને નરસાંનો પરિચય કરાવવો જરૂરી છે. સંસ્કૃતિના વિકાસ માટે સારી બાબતો કઈ છે તેનો પરિચય કરાવવો જરૂરી છે.

**(2) સમાજના કુરિવાજો દૂર કરવાં :**

સમાજમાં કુરિવાજો ઘર કરી ગયેલ છે, તેને દૂર કરવા જરૂરી છે. સમાજોન વિકાસ કરવો હોય તો કુરિવાજો દૂર કરવા જોઈએ. સાહિત્યકારની જવાબદારી છે કે કુરિવાજો તરફ સમાજનું ધ્યાન દોરવું, તેને દૂર કરવા સમજ આપવી, તેના ગેરફાયદાઓ જણાવવા વગેરે.

**(3) સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવી :**

સમાજમાં અંધશ્રદ્ધા પ્રવેશી ગઈ છે. કોઈ વ્યક્તિ બીમાર પડે તો માતાની માનતા માને છે, ભૂવા પાસે જાય છે. ડૉક્ટર પાસે જવાનું ટાળે છે. આવી બાબત દૂર કરવાનું કાર્ય સાહિત્યકાર કરી શકે.

**(4) સમાજમાં પરિવર્તન લાવવા :**

સમાજનો વિકાસ કરવો હોય તો સમાજમાં પરિવર્તન થવું જોઈએ. સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો, સ્ત્રી ભ્રૂણહત્યા, છોકરીને શાળાએ મોકલવાનું ટાળે છે. ઓછું શિક્ષણ મેળવવું વગેરે બાબતો હોય તો સમાજનો વિકાસ અટકી જાય છે. પરિવર્તન લાવવા માટે આ બધી બાબતો દૂર થવી જોઈએ. સારા સમાજની રચના માટે જરૂરી છે.

**(5) વ્યક્તિનું સામાજિકીકરણ કરવા :**

સામાજિકીકરણ એટલે, "જે-તે સમાજનાં સામાજિક મૂલ્યો, માન્યતાઓ, આદર્શો, રુઢિરિવાજો, કાનૂનો વગેરેનો આત્મસાત્ કરી સમાજના સ્વીકાર્ય સભ્ય બનાવતી પ્રક્રિયા".

સુસંસ્કૃત સભ્ય બનવા માટેના કેટલાક ખાસ ગુણો જેવાં કે સહકાર, એકતા, સહાનુભૂતિ, ધીરજ, વાત્સલ્ય, ત્યાગ જેવા માનવીય ગુણોનો વિકાસ કરતાં જવું તેનું નામ જ સામાજિકીકરણ.

જ્યારે જ્યારે સમાજને જરૂર પડે ત્યારે ત્યારે તન, મન, ધનથી મદદ કરવા માટે આગળ આપવાની ભાવના વિકસાવવી, સમાજ સાથે જોડાવું. સમાજ માન્ય વર્તન કરતાં કરતાં સમાજને ઉપયોગી કાર્યોમાં યથોચિત ફાળો આપવાનો ગુણ વિકસાવવો.

સમાજને ઈષ્ટ વર્તન કરવું, અપેક્ષિત પરિવર્તન લાવવું, નૈતિક મૂલ્યો કેળવવાં.

ટૂંકમાં, કોઈપણ પરિસ્થિતિમાં મૂકાઈએ છતાં, સમાજના સભ્યો સાથે સહકાર, સમભાવ, સંપ, સમતાપૂર્ણ વ્યવહાર કરી પોતાની જાતને ઉપયોગી બનાવી આગળ વિકાસ કરતા રહેવું અને સમાજનું ઉત્થાન થાય તેવાં કાર્યોમાં સાથ આપવો.

**(6) વૈશ્વિક પડકારોનો ખ્યાલ આપવો :**

પર્યાવરણ, વસ્તી વિસ્ફોટ, આધુનિકીકરણ વગેરે વૈશ્વિક પડકારોનો ખ્યાલ આપવો જરૂરી છે. રાષ્ટ્રના વિકાસ માટે આ પડકારોનો સામનો કરવો જરૂરી છે. પડકારોની સમજ આપવી જરૂરી છે.

**(7) સંપૂર્ણ જીવનની તૈયારી કરાવવા :**

સમાજમાં રહેલ વ્યક્તિઓ સંપૂર્ણ રીતે સારું જીવન જીવી શકે તે માટે તૈયાર કરવા માહિતી આપવી જરૂરી છે. આરોગ્યને લગતી સમજ, સારી ટેવોનો વિકાસ, સંપ, સહકાર, પ્રેમ વગેરે બાબતો સારા જીવન માટે જરૂરી છે.

**(8) સમાજનું કલ્યાણ કરવું :**

સમાજનું કલ્યાણ કરવું જરૂરી છે. વ્યક્તિ સાચી દિશા તરફ ગતિ કરે, સારું જીવન જીવે વગેરે બાબતો સમાજના કલ્યાણ માટે જરૂરી છે. શિક્ષણનો વિકાસ થાય, વધુ લોકો શિક્ષણ લેતા થાય, નોકરી મેળવતા થાય વગેરે બાબતો સમાજના કલ્યાણ માટે જરૂરી છે.

**(9) સામાજિક મૂલ્યોનો વિકાસ કરવા :**

સમાજમાં મૂલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે. સમાજમાં મૂલ્યોનો વિકાસ થાય તો સારા નાગરિકો સમાજને પ્રાપ્ત થાય. ઉપયોગી નાગરિક બને, પોતાની જવાબદારી લેતા શીખે, વડીલોને માન આપે, મૂલ્યનો વિકાસ કરવા સાહિત્યકારની જરૂર પડે છે.

**(10) નાગરિકોના હક્કો અને ફરજોનું ભાન કરાવવા :**

સમાજના નાગરિકના હક્કો કયાં કયાં છે, તેની સામે કઈ ફરજોનું પાલન કરવું વગેરેની સમજ આપવા સાહિત્યકારની સામાજિક જવાબદારી છે.

**(11) રાષ્ટ્રીય ભાવ વિકસાવવો :**

રાષ્ટ્રમાં એકતા જરૂરી છે, એક રાજ્યે બીજા રાજ્યને મદદરૂપ થવું પડે છે. કુદરતી આફતો વખતે મદદરૂપ થવું — આ અંગેની સમજ આપવી જરૂરી છે.

**(12) વિવિધ ધર્મો પ્રત્યે સન્માનની લાગણી ફેલાવા :**

ભારતમાં વિવિધ ધર્મના લોકો રહે છે, તેમની વચ્ચે એકતા જરૂરી છે. એકબીજા ધર્મના લોકો, એકબીજા ધર્મને માન-સન્માન આપે તે જરૂરી છે. ધર્મ અંગેની સમજ સાહિત્યકાર આપી શકે.

**(13) પ્રમાણિતાના ગુણો વિકસાવવા :**

સમાજમાં પ્રમાણિતાના ગુણોનો વિકાસ થાય તે જરૂરી છે. સમાજને સારી ગુણવત્તા વસ્તુ

મેળવવા માટે વ્યક્તિએ પ્રમાણિક થવું જરૂરી છે. વસ્તુનું ઉત્પાદન સારી ગુણવત્તાવાળું કરે, વસ્તુના ભાવ વાજબી રાખે, ગ્રાહકોને છેતરે નહીં વગેરે પ્રમાણીક્તા ગુણોના વિકાસ થયો હોય તો અન્યને મદદરૂપ બની શકે. સમાજમાં આ અંગેની સમજ આપવી જરૂરી છે. વેપારીઓ વસ્તુમાં ભેળસેળ ન કરે.

**(14) ભાઈચારાની લાગણી ફેલાવવી :**

સમાજમાં શાંતિ જરૂરી છે. એકબીજા પ્રત્યે પ્રેમભાવ જળવાઈ રહે તે માટેની સમજ આપવા સાહિત્યકાર મદદરૂપ થઈ શકે. સમાજનાં પ્રેમ, મમતા, લાગણી, ભાઈચારો વગેરે ફેલાવવો જરૂરી છે.

**ભાવિ સમાજના ઘડતરના સંદર્ભમાં ભાષાશિક્ષકનું યોગદાન :**

તમે જાણો જ છો કે શિક્ષણના હેતુઓના મુખ્ય બે પ્રકાર પાડી શકાય. (1) વૈયક્તિક હેતુઓ અને (2) સામાજિક હેતુઓ. અહીં સામાજિક હેતુમાં સમાજને કેન્દ્રસ્થાને રાખીને શિક્ષણના હેતુઓ નક્કી કરવામાં આવે છે. શિક્ષણ દ્વારા સુસંસ્કારી સમાજ ઊભો કરવાનો છે તેમ જ સમાજની આવશ્યકતા પૂર્ણ કરવાની છે. શિક્ષકનું ઉત્તરદાયિત્વ એ છે કે તેના વિચારો અને પ્રયત્નો વડે તે પ્રગતિશીલ અને સંસ્કારી સમાજનું ઘડતર કરે. આ ક્રિયા બધાં જ શિક્ષકોના સહિયારા પ્રયત્નોથી શક્ય બને. તેમાં ભાષાશિક્ષક નીચેની રીતે પોતાનું યોગદાન આપી શકે.

ભાવિ સમાજ આજના સમાજ કરતાં પ્રગતિશીલ અને સંવર્ધિત હોવો જોઈએ. લોકશાહીમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવા જોઈએ. આ માટે ભવિષ્યના નાગરિક એવાં બાળકોમાં નૈતિક મૂલ્યોનું શિક્ષણ અપાવું જરૂરી છે જે કામ ભાષાનો શિક્ષક સારી રીતે કરી શકશે. પોતાની અભિવ્યક્તિ અને ભાષા પ્રભુત્વને આધારે ભાષાના શિક્ષકે બાળકોમાં વિવિધ મૂલ્યોનું સિંચન કરવાનું છે.

ભાષાશિક્ષકે ભાષાશિક્ષણ દરમિયાન બાળકોમાં વિવિધ ભાષાકીય કૌશલ્યોનો વિકાસ કરવાનો હોય છે. આ કૌશલ્યોનો જેવો એ જેટલો વિકાસ થયો હશે તે પ્રમાણે તે વ્યક્તિ સમાજમાં પોતાનું સ્થાન – પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે. એટલે કે સમાજમાં વ્યક્તિને પોતાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં ભાષા કૌશલ્યો સહાયક બને છે. ભાષાશિક્ષકે બાળકોમાં ભાષાકીય કૌશલ્યનો યોગ્ય વિકાસ કરવાનો છે. જેથી ભાવિ સમાજમાં તંદુરસ્ત અને પ્રતિષ્ઠાભર્યા નાગરિકોનો મોટો સમૂહ જોવા મળે. જેના આધારે સમાજ પોતાનો વિકાસ સાધી શકશે.

આજનો અને આવતીકાલનો યુગ ટૅક્નોલૉજીનો યુગ ગણાય છે. ટૅક્નોલૉજીના કારણે બે વ્યક્તિ એકબીજાની નજીક આવ્યાં છે, પરંતુ તેમના દિલ્ વચ્ચે અંતર વધ્યું હોય તેવું લાગે છે. ભાષાશિક્ષકે પોતાની લાગણીઓ અને સંવેદનાઓ બાળકોમાં ઉતારવાની છે જેથી બે વ્યક્તિઓના દિલ વચ્ચેનું અંતર ઘટે.

ટૅક્નોલૉજી – કમ્પ્યૂટર કે રોબોર્ટના કારણે બાળકો વિજ્ઞાન તરફ આકર્ષાય તે હકીકત છે. આમ છતાં ભાષાનું મહત્ત્વ એનું એ જ રહેવાનું છે. ત્યારે ભાષાશિક્ષકે ભાષા પ્રત્યે ગૌરવની લાગણી રાખીને, ટૅક્નોલૉજી યુગમાં પણ ભાષાને ટકાવી રાખવા માટે પોતાનું યોગદાન આપવું પડશે. ભાવિ સમાજને સંસ્કૃતિના દર્શન કરાવવા પડશે.

સમાજ ઘડતરનું કાર્ય શિક્ષક દ્વારા થાય છે ત્યારે પોતાની કલ્પના મુજબનો સમાજ ઘડાય તે માટે શિક્ષકે બાળકોમાં પ્રાણ પૂરવા પડશે. પોતાની આદર્શ કલ્પનાને સાકાર કરવા માટે શિક્ષકે જરૂર પડે નેતૃત્વ પણ લેવું પડે. બાળકોમાં પોતાના માટે આદર ઉત્પન્ન થયા તેવા પ્રયત્નો કરીને, ભાવિ પણ આદર્શ સમાજ રચનામાં ફાળો આપવો જોઈએ.

ભાષા શિક્ષકે બાળકોને લાગણી અનુભવતા, સંવેદના પારખતાં અને અનુભવાતાં કરવાના છે. ભાષાશિક્ષકના વિદ્યાર્થીઓ હમેશાં ભાવુક હોવાં જ જોઈએ કે જે બીજાની લાગણી અને શક્તિઓને ઓળખી શકે, માન આપી શકે. આવા નિષ્ઠાવંત બાળકો જ ભાવિ સમાજનું હૃદય છે જે સમાજને એક રાખશે.

દરેક રાષ્ટ્રની સમસ્યાઓ અલગ અલગ હોય છે. ભાષાશિક્ષકે બાળકોને રાષ્ટ્રની સમસ્યાઓથી પરિચિત કરવા પડશે. આ કામ પ્રસાર માધ્યમો પણ કરે છે. પરંતુ શિક્ષકે બાળકોની લાગણીઓના ઘોડા પર સમસ્યાઓને બેસાડવાની છે જેથી બાળકો તે સમસ્યાઓને દર સુધી મૂકી આવે.

ભાષાશિક્ષકે સમાજના પ્રશ્નોમાં રસ લઈને પ્રશ્નોને સમજવા પડશે. આ અંગે પોતાના તટસ્થ નિર્ણયો જરૂર પડે યોગ્ય સમયે બાળકો સમક્ષ મૂકીને સમાજના એક તટસ્થ નાગરીકનું ઘડતર કરવાનું છે. જેથી ભાવિ સમાજના નાગરિકો એકબીજા સાથે હળીમળીને રહે. સમાજમાં સંપ, સહકાર અને એકતાનું વાતાવરણ બની રહે.

ભાષાશિક્ષકે બાળકોને પોતાના સમાજના વારસાથી પરિચિત કરવા પડશે. આ માટે ચોક્કસ કૃતિઓ, લેખકો કે કવિના ઉદાહરણ મૂકીને બાળકોમાં પોતાના સમાજ માટે ગૌરવની લાગણી ઊભી થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેથી બાળકોને પોતાના સમાજ માટે ગૌરવની લાગણી ઉત્પન્ન થાય, પોતાના સમાજ માટે કશુંક કરી છૂટવાની તમન્ના જાગે, તેઓ એક આદર્શ સમાજ સેવાક બની શકે.

સામાજિક ઉત્સવો એ સમાજનું અંગ ગણી શકાય. સામાજિક ઉત્સવો યોગ્ય રીતે ઉજવાય, તેનું મહત્ત્વ ટકી રહે તે માટે શિક્ષકે ભાષાશિક્ષણમાં તેના સંદર્ભનો ઉપયોગ કરીને તંદુરસ્ત સમાજ ઊભો કરવામાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

અંગ્રેજી ભાષાના વધતા પ્રવાહ અને પ્રભાવને કારણે બાળકો પોતાની માતૃભાષાથી અળગા ન બની જાય તે માટે શિક્ષકે જરૂરી પ્રયત્નો કરવા જોઈએ. માતૃભાષાનું મહત્ત્વ સમજાવી તેની જરૂરિયાત ઊભી કરીને માતૃભાષા માટે માન અને ગૌરવ પેદા કરવા પડશે. જેથી ભાવિ સમાજમાં પણ માતૃભાષાનું સ્થાન ગૌરવભેર ટકી શકે.

## 13.5 સાહિત્ય અંગેની વૈશ્વિક સમજ

વર્સફોલ્ડે વસ્તુની મનોગ્રાહ્ય રજૂઆતને કલા રહી છે. કલાના મૂળમાં મનુષ્યમાત્રની સૌન્દર્યની ભૂખ રહેલી છે. સર્જન અન પ્રભાવની દૃષ્ટિએ કલાના લલિતકળા અને લલિતેતર કલા એવા બે ભાગ પડવામાં આવે છે. શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત અને સાહિત્યને લલિતકળાઓ કહેવામાં આવે છે.

સાહિત્યનું ઉપાદાન શબ્દ છે. સાહિત્ય શબ્દોની અને ભાષાની કલા છે, સાહિત્યની યાદી વ્યાખ્યા આમ આપી શકાય : 'સાહિત્ય એટલે વાણીમાં રસનું સર્જન.' વાણી સાહિત્યનો બાહ્ય દેહ છે અને રસ આંતર્ દેહ અર્થાત્ અંતરાત્મા. વર્સેફોલ્ડના મતે વિશાળતમ અર્થમાં સાહિત્ય દરેક પ્રકારની બાહ્ય વસ્તુઓએ મહાન પુરુષો ઉપર પાડેલ છાપની અને તેને વિશે એ મહાન પુરુષોએ કરેલા વિચારોની નોંધ છે. સાહિત્યનું વિષયવસ્તુ મનુષ્યજીવન અને પ્રવૃત્તિનાં બધાં જ્ઞાત આવિષ્કરણોને સમાવી લે છે. વળી તે અમુક વ્યક્તિગત માણસોને અમુક દેશમાં અમુક અમુક જમાનામાં જે રસ પડે એવું લાગ્યું તેને જ માત્ર આપણી આગળ પ્રસ્તુત નથી કરતું પણ કુદરતી પ્રક્રિયાઓના દીર્ઘ નિરીક્ષણથી ક્રમે ક્રમે બાંધવામાં આવેલા સામન્ય નિયમો પણ રજૂ કરે છે. આથી સાહિત્ય માનવજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વાસ્તવમાં સાહિત્ય મનુષ્યજાતિનું મગજ છે. માનવજાત પાસે સાહિત્યના રૂપમાં પોતાના અતીતની નોંધ છે. એ નોંધને આધારે તેની સાંપ્રત સ્થિતિ અને સંજોગો સમજી શકાય છે. ઇન્દ્રિયોના સંદેશા મગજના સહકાર વગર વ્યક્તિને અસ્પષ્ટ અને મૂલ્ય વગરના રહે છે. સાહિત્ય પૂર્વઅનુભવના જે સંચિત ભંડારો માનવજાતિને સુપ્રત કરે છે તેના વિના તેનું જીવન પશુજીવનની કોટિએ પહોંચી જાત.

સાહિત્યમાં જ્યારે લેખકના વિચારો અને અનુભવો પ્રધાન હોય છે ત્યારે તે આત્મલક્ષી કહેવાય છે. જ્યારે સાહિત્યમાં વસ્તુ જ પ્રધાન હોય છે ત્યારે તે પરલક્ષી કહેવાય છે. સર્જક સાહિત્ય દ્વારા પોતાના વિચારો, ભાવો વગેરેનું ભાવકના ચિત્તમાં પ્રત્યાયન કરે છે. એબરક્રોમ્બી પ્રત્યાયન (Communication) ને સાહિત્યનો વિશિષ્ટ ધર્મ માને છે. સાહિત્યને એક છેડે લેખક છે, બીજે છેડે

ભાવક છે. એ બંનેને સાંકળનારી કડી ભાષા છે. વ્યવહારના આ ઉપાદાનનો સર્જક કલાકૃતિનિર્માણ અર્થે વિનિયોગ કરે છે. શબ્દ દ્વારા અર્થની અનેકવિધ શક્યતાઓને કસીને સર્જક એમાં ચિત્ર, નાદ, લય વગેરે પ્રયોજી નવાં નવાં રૂપો સર્જે છે. પણ તેનું ઉપાદાન સામાજિક હોઈ અન્ય કલાઓની સામાજિક અધ્યાસોની છાયા એના ઉપર પડ્યા વિના રહેતી નથી. આને કારણે ઘણીવાર સાહિત્યપદાર્થનું મૂલ્યાંકન કરવામાં પણ એની સામાજિક દૃષ્ટિ પ્રવેશે છે.

સાહિત્ય અને સમાજ બંને પ્રકારનાં પૂરક છે. જ્યાં જ્યાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં ત્યાં સમકાલીન જીવનરહસ્યોનું સાહિત્ય પણ રચાતું જોવા મળે છે. સમાજ સામાન્ય રીતે મનુષ્યોની આંતરક્રિયાઓના સાતત્યનું વ્યવસ્થાતંત્ર છે. તેના આદર્શો, પ્રવૃત્તિઓ, આકાંક્ષાઓ, આયોજનો વગેરેને વ્યક્ત કે પ્રતિબિંબિત કરનારી પ્રક્રિયાની અનુભૂતિના માધ્યમ તરીકે સાહિત્ય સર્જાવા પામે છે. બીજા શબ્દોમાં કહીએ તો સાહિત્ય સામાજિક પ્રક્રિયાના એક પરિબળ તરીકે કામ રે છે. તેથી ડૉ. માણેકલાલ પટેલ કહે છે તેમ "સમાજ એ સાહિત્યનાં તત્ત્વોથી પોષાનું વ્યવસ્થાતંત્ર રહે છે અને સાહિત્ય એ સમાજની ચેતનાથી ઘડાતું કલાક્ષેત્ર બને છે." ('ગુજરાતી નવલકથામાં લગ્ન અને કુટુંબક્ષેત્રનાં આલેખનો', પ્રસ્તાવના)

સાહિત્યનું માધ્યમ શબ્દ અને ભાષા સામાજિક છે. યુગબળોનું પ્રતિબિમ્બ ઝીલતા ર.વ. દેસાઈ જેવા સાહિત્યકારને 'યુગમૂર્તિ' જેવું બિરુદ પણ આપવામાં આવેલું. સાહિત્ય દ્વારા નર્મદે કરેલા પરિવર્તનના પ્રયાસોને લક્ષમાં લઈ તેને 'યુગન્ધર' અને 'યુગપ્રવર્તક' કહેવામાં આવેલો. પશ્ચિમના દેશોમાં દાન્તે, વૉલ્ટેર, રુસો જેવા સમર્થ સાહિત્યસર્જકોએ પ્રજાચેતનાને ઢંઢોળીને ક્રાન્તિની ભૂમિકા રચી આપી હતી. ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ દરમ્યાન ગાંધીજીના પ્રભાવ નીચે આવેલા અનેક સાહિત્યકારોએ સમાજાભિમુખ સાહિત્ય સર્જ્યું હતું.

આવાં ઉદાહરણોને માપદંડ તરીકે સ્વીકારી કેટલાક લોકો એવી અપેક્ષા રાખે છે કે સાહિત્યકારે સમાજ માટે સાહિત્યપ્રવૃત્તિ કરવી જોઈએ. સાહિત્યકાર હંમેશાં સમાજાભિમુખ હોવો જોઈએ. આ અપેક્ષા વધુ પડતી છે. 'કલા ખાતર કલા'માં માનનારા સાહિત્યકારો, વિવેચકો માને છે કે, સાહિત્યસર્જક સમાજ માટે સાહિત્યપ્રવૃત્તિ કરતો નથી. એને થતો અનુભવ કલાત્મક રીતે અભિવ્યક્ત થાય અને એમાંથી રૂપનિર્માણ થાય એ જ એનું કર્તવ્ય છે. સાહિત્ય સમાજને બદલવાનું સાધન માત્ર નથી.

અલબત્ત સાહિત્યકૃતિમાંથી સમાજને કોઈ બોધ મળી જાય તો તેનો છોછ પણ ન રાખવો જોઈએ. પણ માત્ર એવો બોધ આપવા લખાયેલી કૃતિ ઘણીવાર છીછરી બની જતી હોય છે. દૂરદર્શન, રેડિયો પર રજૂ થતી કુટુંબનિયોજન જેવા સરકારી કાર્યક્રમના પ્રચાર માટે લખાયેલી રચનાઓ કેટલી બધી પાંગળી હોય છે ?

આમ છતાં કોઈ પણ સાહિત્યકાર સમાજથી અને યુગબળોથી પ્રભાવિત થયા વિના રહી શકતો નથી. સાહિત્યકારને તેની કૃતિઓનું વસ્તુ સમાજમાંથી જ મળતું હોયછે. કોઈવાર સર્જકની ચેતના સાંપ્રત સમાજની આગળ પણ નીકળી જતી હોય છે. આલ્ડસ હક્સલીની નવલકથા 'બ્રેવ ન્યૂ વર્લ્ડ' તથા મધુ રાયની નવલકથા 'કલ્પતરુ' નમૂના લેખે ઉલ્લેખી શકાય. સામાજિક બંધનોની જડતા સામે કેટલાક સાહિત્યકારો આક્રોશ પણ પ્રગટ કરે છે. નરસિંહ, અખો, નર્મદ, મુનશી, સ્વામી આનંદ આદિમાં આવો વિદ્રોહ જોવા મળે છે. આવા સાહિત્યકારો પણ પોતાનું વસ્તુ સમાજમાંથી જ મેળવે છે.

માર્ક્સવાદી કલાસમીક્ષકો તો સાહિત્યને સમાજનો અનુવાદ જ કહે છે. પ્લેખેનોવ નામનો માર્ક્સવાદી સમીક્ષક તો એટલે સુધી કહે છે કે, *"The writer translates social facts into literary ones, and the critic's task is to decode them back into reality."*

(લેખક સામાજિક તથ્યોનો સાહિત્યિક તથ્યોમાં અનુવાદ કરે છે. વિવેચકનું કામ તેમને પુનઃ વાસ્તવમાં મૂકી આપવાનું છે.)

માર્ક્સવાદીઓના મતે સાહિત્યસર્જક સામાજિક પ્રતિબદ્ધતા ધરાવતો હોવો જોઈએ. એ સિવાયનું સાહિત્ય મૂડીવાદી વ્યવસ્થાને પોષે છે એવું તેઓ માને છે.

આપણા દેશમાં ગાંધીજીએ જરા જુદા અને વ્યાપક અર્થમાં કોશિયો પણ સમજી શકે એવા સાહિત્યની સાહિત્યકાર પાસે અપેક્ષા રાખી. આનંદશંકર ધ્રુવ, કાકાસાહેબ કાલેલકર, રા. વિ. પાઠક વગેરે પણ સાહિત્યના સમાજ સાથેના, જીવન સાથેના ગાઢ સંબંધનો સ્વીકાર કરે છે. રા. વિ. પાઠક 'સાહિત્ય અને જીવન' નામક લેખમાં સાહિત્યનો અને વ્યાપક સંદર્ભમાં લલિત કલાઓનો જીવન સાથેનો સંબંધ સ્પષ્ટ કરે છે. એ. સી. બ્રેડલીએ 'કાવ્ય ખાતર કાવ્ય' લેખમાં લખ્યું હતું, "કાવ્ય અને જીવનનો સંબંધ જાણે કે ગૂઢ, અંદરખાનાનો, આંતર્ભૌમ છે." એ સંદર્ભે પાઠક સાહેબ લખે છે, "હું ઉમેરીશ કે માત્ર આંતર્ભૌમ નથી, પણ માથા ઉપરનો છે, મારી દૃષ્ટિએ દશે દિશાનો છે, સર્વતોભદ્ર છે." ('સાહિત્યવિમર્શ')

કેટલીકવાર સામાજિક પરિબળો સાહિત્ય પર પ્રભાવ પાડતાં જોવા મળે છે. નિર્બળ, છિન્નવિચ્છિન્ન સમાજ સાહિત્યને સ્થિર થવાની પૃષ્ઠભૂ સર્જી શકતો નથી. બીજી બાજુ સ્થિર, સમૃદ્ધ અને આબાદ સમાજમાં સાહિત્યને વિસાવવાની તક વિશેષ રહે છે. આપણે ત્યાં મધ્યકાળમાં જ્યારે સમાજ છિન્ન-વિચ્છિન્ન હતો અને પ્રજા સ્થળાંતરો કરતી હતી ત્યારે પ્રગટેલું સાહિત્ય કલાદૃષ્ટિએ ઊતરતી કક્ષાનું છે જ્યારે મોગલકાળમાં સમાજ સ્થિર, સમૃદ્ધ થતાં પ્રેમાનંદ, શામળ અને અખા જેવા સાહિત્યસર્જકોએ પ્રમાણમાં ઊંચી કક્ષાનું સમૃદ્ધ સાહિત્ય સર્જ્યું. અંગ્રેજશાસન દરમ્યાન અંગ્રેજી શિક્ષણે પ્રબોધેલી નવજાગૃતિ તથા પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવને લીધે નર્મદ, દુર્ગારામ જેવા સાહિત્યકારોના નવા વિચારોને પોષણ પ્રાપ્ત થાય છે. ગોવર્ધનરામ જેવા સમર્થ સર્જક પર પણ તેનો પ્રભાવ પડે છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ પછી પાશ્ચાત્ય વિશ્વમાં ઘણું મોટું સામાજિક રાજકીય તથા સાંસ્કૃતિક પરિવર્તન આવે છે. યંત્રસંસ્કૃતિ અને શહેરીકરણ મનુષ્ય-મનુષ્ય વચ્ચેનું અંતર વધારી દે છે. એને લીધે સાહિત્યમાં સમાજચેતના કરતાં વૈયક્તિક ચેતનાનું નિરૂપણ વિશેષ થવા લાગ્યું.

સાહિત્યકારની સર્જક પ્રતિભા પોતાના સમાજની અંધાધૂંધીને, યુગબળોને અતિક્રમતી પણ ક્યારેક જોવા મળે છે. કવચિત્ પોતાના સમાજ તરફથી સ્વીકૃતિ ન સાંપડે તો સમર્થ સર્જક નિરાશ થતો નથી. એને પોતાના સ્વત્વમાં, પોતાની સર્જક્તામાં આસ્થા હોય છે. એવો સર્જક ભવભૂતિની જેમ, ભવિષ્યમાં ક્યારેક તો પોતાનો સમાનધર્મા જન્મશે એવી શ્રદ્ધા રાખતો હોય છે.

સાહિત્યકારનું એક પ્રયોજન આત્માભિવ્યક્ત છે, તેમ છતાં સમાજાભિમુખતા હોય એની સામે કોઈને વાંધો ન હોવો જોઈએ. એમાં કલાત્મકતા છે કે નહીં એ જ મહત્ત્વનું છે. રવીન્દ્રનાથ ઠાકુર, શરદબાબુ, ટોમસ હાર્ડી, પન્નાલાલ પટેલ, સુન્દરમ્, જયંત ખત્રી વગેરેની સાહિત્યકૃતિઓમાં સમાજાભિમુખતાની સાથે સાથે કલાત્મકતા સિદ્ધ થઈ છે. કલાકૃતિનું મૂલ્યાંકન કલાનાં ધોરણોથી થવું જોઈએ. ટ્રોટ્સ્કી જેવા સમાજલક્ષી વિચારક પણ સ્વીકારે છે કે, *"A work of art should be judged in the first place by its own law."* (કલાકૃતનું મૂલ્યાંકન સૌ પ્રથમ તો તેના પોતાના નિયમો અનુસાર થવું જોઈએ.)

સુપ્રસિદ્ધ સમીક્ષકો રેને વેલેક અને ઑસ્ટિન વોરને 'થિયરી ઑફ લિટરેચર' નામના પુસ્તકના નવમા પ્રકરણ 'લિટરેચર ઍન્ડ સોસાયટી'માં સાહિત્ય અને સમાજ વચ્ચેના સંબંધોને ત્રણ વર્ગમાં વહેંચ્યા છે. (1) સાહિત્યકારનો, લેખનવ્યવસાયનો અને સાહિત્યિકસંસ્થાઓનો સમાજતંત્રની સાથેનો સંબંધ, જેમાં સાહિત્યના ઉત્પાદનનો, આર્થિક પાયાનો તથા સાહિત્યકારનો સામાજિક વર્ગ અને મોભો તેના વૈચારિક સંપ્રદાય તથા સાહિત્યેતર આચારવિચારનો સમાવેશ થાય. (2) સાહિત્યકૃતિમાં રહેલી સામાજિક સામગ્રી અને તેના ઈંગિતાર્થો તથા સાહિત્યકૃતિનું સામાજિક પ્રયોજન — આ સૌને લગતા પ્રશ્નો. (3) સાહિત્યના ભાવકવર્ગ અને સાહિત્યના સમાજ પરના પ્રભાવને લગતા પ્રશ્નો.

સાહિત્યકાર સમાજનો સભ્ય છે અને તે તેની સામગ્રી સમાજમાંથી મેળવે છે. વળી તેનું ઉપાદાન ભાષા પણ સામાજિક માધ્યમ છે. તેથી સાહિત્યનો સમાજ સાથેનો સંબંધ અવિચ્છેદ્ય છે. પરંતુ

સાહિત્યસર્જક જીવનમાં જે કંઈ અનુભવે છે, સમાજમાં જે થતું જુએ છે તેને જેવું ને તેવું સાહિત્યમાં ગોઠવી દેતો નથી. સાહિત્યસર્જક વહીવંચો કે ભાટચારણ નથી. તે પોતે લીધેલી સાગ્રીનું, અનુભુતિનું સાહિત્યમાં રૂપાંતર કરે છે. જીવનનું તે એક નવું અર્થઘટન આપે છે. રૂપાંતર વિના કલાકૃતિનું સર્જન શક્ય નથી. કલાકૃતિના સર્જન માટે સાહિત્યકાર ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં વિવિધ પ્રયુક્તિઓનો આશ્રય લે છે. કૃતિમાં રમણીયતા લાવવા, નૂતનતા સિદ્ધ કરવા સર્જક પ્રયોગશીલતા પણ દાખવે છે. પરિણામે તેની કૃતિ સરળતાથી પામી શકાતી નથી. આમ થાય ત્યારે સાહિત્ય સમાજથી વિમુખ થયું છે એવી બૂમરાણ મચાવવામાં આવે છે.

કોઈ પણ દેશકાળનું સાહિત્ય સમાજથી વિમુખ થઈ ટકી શકે નહીં. પ્રત્યેક સાહિત્યકાર પોતાના સાહિત્યમાં મુખ્યત્વે પોતાના સમયના સમાજના અને વ્યક્તિના પ્રશ્નોને પોતાની આગવી રીતે વાચા આપવાનો પ્રયાસ કરે છે. સાહિત્યનું મનોવૈજ્ઞાનિક અધ્યયન થાય છે તેમ સમાજશાસ્ત્રીય અધ્યયન પણ થાય છે.

સાહિત્યના સમાજશાસ્ત્રીય અધ્યયન માટે 'સાહિત્યનું સમાજશાસ્ત્ર' (Sociology of Literature) નામની એક સ્વતંત્ર શાખા વિકસી રહી છે. સાહિત્ય દ્વારા સમાજના આંતર સંબંધોનું સંશોધનકાર્ય થઈ રહ્યું છે. તે માટે ભિન્ન ભિન્ન અધ્યયન પદ્ધતિઓ યોજાઈ રહી છે. સામગ્રી વિશ્લેષણ (Content Analysis)ની પદ્ધતિ વિશેષ અનુકૂળ હોવાથી તેનો ઉપયોગ વધુ પ્રમાણમાં થઈ રહ્યો છે. સમાજજીવનને આલેખતાં કે વ્યક્ત કરતાં સાહિત્યસ્વરૂપો મુખ્યત્વે તેનું અભ્યાસક્ષેત્ર ગણાય છે.

સાહિત્યવિષયક સમાજશાસ્ત્રીય અભ્યાસનો દૃષ્ટિકોણ પહેલવહેલો આપનાર બોનાલ્ડ (1896) હતો એમ કહી શકાય. તેનું માનવું હતું કે સામાજિક રચનાતંત્ર, કૌટુંબિક સંબંધો, લગ્નવિચ્છેદ અંગે યોગ્ય વલણ વર્ગસંઘર્ષ વગેરે બાબતોનું સીધું પ્રતિબિંબ સાહિત્યમાં ઝિલાતું હોય છે. પ્રત્યેક દેશના સાહિત્યનાં આલેખનો ઉપરથી તે દેશના લોકો વિશે જાણી શકાય છે. સાહિત્ય અને સમાજના સંબંધોનું સૈદ્ધાંતિક અર્થઘટન આપનાર અને તે દ્વારા પદ્ધતિ અપનાવનાર ટેઈન (1871) હતો. તે માનતો હતો કે મનુષ્યના મનની સામાન્ય સ્થિતિ અને તેની આસપાસના સંજોગોના સરવાળા વડે કલાકૃતિ સર્જાય છે. તે માટે સામાજિક ઘટનાઓના માધ્યમનું વિશેષ મહત્ત્વ છે. તેણે પોતાના મનની પ્રસ્થાપના માટે એક વિશ્લેષણાત્મક કાર્ય કર્યું હતું તેમાં સાહિત્યકારના સમાજ સાથેના સંબંધો અને અન્ય કલાકારો સાથેના સંબંધો પારસ્પરિક રીતે કેવા પ્રેરકબળો હોય છે તેનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ થયો હતો.

ઓગણીસમી સદીના અંતભાગમાં સાહિત્ય અને સમાજના સંબંધોને તપાસનારાઓમાં ગુયેયુ (1887) અને પ્લીખોનોવ (1899) સવિશેષ ઉલ્લેખનીય છે. ગુયેયુએ કલામાં સામાજિક સંગઠનનું આલેખન કઈ રીતે થતું હો છે તે સમજાવવા પ્રયત્ન કરેલો. તે કહેતો કે મહાન કલા હંમેશાં સામાજિક જ હોઈ શકે. પ્લીખોનોવે સાહિત્ય અને સમાજના સંબંધો વચ્ચે વૈજ્ઞાનિક અભિગમો કઈ રીતે કામ કરતા રહે છે તે સમજાવવા પ્રયત્ન કરેલો. તે કહેતો કે મહાન કલા હંમેશાં સામાજિક જ હોઈ શકે. પ્લીખોનોવે સાહિત્ય અને સમાજના સંબંધો વચ્ચે વૈજ્ઞાનિક અભિગમો કઈ રીતે કામ કરતા રહે છે તે સમજાવવા મથામણ કરેલી. તેનું માનવું હતું કે સાહિત્યના અભ્યાસની મુખ્ય દિશા સમાજશાસ્ત્રીય હોઈ શકે.

વીસમી સદીના આરંભે સાહિત્યના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રનો પ્રથમ આભાસી શુકિંગ (1931) મનાય છે. તેણે સાહિત્યનાં સામાજિક તથ્યોનો અભ્યાસ ઐતિહાસિક દૃષ્ટિકોણથી કરવાનો ખ્યાલ પૂરો પાડેલ છે. તેના પ્રયત્નોથી સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસની દિશા પ્રાપ્ત થયેલી એમ કહી શકાય.

પુરોગામી પ્રયાસોના આધારે એડમંડે (1952) સાહિત્યના સમાજશાસ્ત્રની શાસ્ત્રીય ભૂમિકા બાંધવાના પ્રયાસો કર્યા છે. તેણે સાહિત્યમાં થયેલા સમીક્ષાત્મક કાર્યો પરથી ઐતિહાસિક અર્થઘટનોની અભ્યાસપદ્ધતિ ગોઠવવાની મથામણ કરી છે. વિશ્લેષણની પદ્ધતિના ઉપયોગમાં લોવેન્થલ (1957)નો અભ્યાસ મહત્ત્વો છે. તેણે સન્ 1600 થી 1900 સુધીના સમયગાળાની કૃતિઓ પસંદ કરી તેનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ આપ્યું છે. તેમાં તેણે વિવિધ ભાષાલેખકો તરીકે સ્પેનિશ, ફ્રેન્ચ, અંગ્રેજ,

જર્મન વગેરે પસંદ કયા હતા. પોતાના અભ્યાસના અંતે તેણે તારવ્યું કે સાહિત્યસર્જકો કથાવસ્તુ, પાત્રાલેખન, મૂલ્યો વગેરેમાં સમયાનુસારી આલેખનો કરે છે અને તે દ્વારા સમાજ અને સમય સાથેના માણસના સંબંધોને અભિવ્યક્તિ આપે છે. સર્જનાત્મક સાહિત્ય સામાજિક માળખાં અને સામાજિક કાર્યોના અભ્યાસ માટે આવશ્યક માહિતી પૂરી પાડે છે. સાહિત્યકારો મનુષ્યના સમાજ સાથેના સંબંધોમાં પ્રગટ થતાં પરિવર્તનો પરત્વે વિશેષ સંવેદનશીલ રહે છે અને તેને રચનાઓનાં આલેખનોમાં સ્થાન આપે છે. અત્યાર સુધી થયેલા અભ્યાસો પરથી એવું ફલિત થાય છે કે સાહિત્ય એ પ્રતિબિંબિત થયા કરતાં સામાજિક તથ્યોનો કોઈ ઇતિહાસ નથી પણ સમ-સામયિક તથ્યોનાં અર્થઘટનોનું સંયોજન છે.

સાહિત્યના બધાં સ્વરૂપોમાં સમાજાભિમુખતા જોવા મળે છે પણ નવલકથામાં તે વિશેષ માત્રામાં દૃષ્ટિગોચર થાય છે. નવલકથાને સામાજિક પ્રતિબિંબો ઝીલનાર સાહિત્યપ્રકાર કહી કેટલાક વિદ્વાનોએ Novel is a realistic picture of life એમ કહેલું. વિશ્વની સમૃદ્ધ ભાષાઓની કેટલીક નવલકથાઓ સાર્વત્રિક બની ચિરંજીવી બની છે. વિવેચકોએ તેને Chronicle Novels (કાળવહી નવલકથાઓ) તરીકે ઓળખાવી છે. તેમાં વ્યક્તિ અને સમાજના વિચારવ્યવહારો સાર્વત્રિક ધોરણોને લાગુ પડે એવી રીતે આલેખાયેલા જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો વિશ્વવિખ્યાત નવલકથાઓ સ્થળકાળથી પર રહે તોયે તેનો પ્રભાવ કોઈ ને કોઈ સ્વરૂપે સામાજિક વ્યવહારની દિશામાં ગતિશીલ રહે છે. સાર્વત્રિક માનવભાવ આંકતી કૃતિઓનો કથાપટ દેશના સંદર્ભોમાં મર્યાદિત બને તો પણ તેની મૂલ્યાત્મક ક્ષિતિજો સામાજિક પ્રક્રિયા બનીને વિસ્તરી રહે છે.

ફ્રેન્ચ નવલકથાકાર વિક્ટર હ્યુગોની La miserable નવલકથાએ મનુષ્યની પ્રતિત અવસ્થા માટે સમાજના વ્યવસ્થાતંત્રને જવાબદાર ઠેરવ્યું હતું. તેને આધારે અનેક અભ્યાસીઓએ ગરીબાઈ અને ગુના વચ્ચેનાં કારણોની તપાસ કરી હતી. અન્ય ફ્રેન્ચ નવલકથાકાર એમિલ ઝોલાની Ani Gamrinal નવલકથાએ કોલસાની ખાણોના મજૂરોની પરિસ્થિતિ પ્રત્યે માનવીય કરુણા જાગ્રત કરી હતી. તેનાં આલેખનોએ શ્રમજીવીઓના કલ્યાણ અંગેના ખ્યાલને ઢંઢોળ્યો હતો. અંગ્રેજ નવલકથાકાર ગાલ્સવર્ધીની Forsyte Saga નવલકથાએ શ્રીમંત વર્ગના વિવર્તશીલ સમાજજીવનને પ્રસ્તુત કર્યું હતું તો જર્મન નવલકથાકાર રેમાર્કની All Quiet on the Western Front કૃતિએ યુદ્ધકાળની સમાજવ્યવસ્થા આલેખી હતી. મહાન રશિયન નવલકથાકાર ટૉલ્સટૉયની War and Peace નવલકથાએ આક્રમણોના પરિણામની સામાજિક વિષમતા ઉપસાવી હતી તો બીજા સમર્થ રશિયન નવલકથાકાર ફયોદોર દોસ્તોએવ્સ્કીની Crime and Punishment નવલકથાએ સમાજની જટિલ વ્યવસ્થાને કારણે વ્યક્તિમાં વિકૃતિની અસરકારક અભિવ્યક્તિ કરી હતી. અમેરિકન નવલકથાકાર સ્ટોવની Uncle Tom’s Cabin નવલકથાએ હબસી ગુલામોની સામાજિક પરિસ્થિતિ અને પ્રશ્નોને એવી ધારદાર વાચા આપી હતી જેને લીધે ગુલામી નાબૂદીની ચળવળને વ્યાપક સમર્થન પ્રાપ્ત થયું. આવાં ત અસંખ્યા દૃષ્ટાંતો વિશ્વસાહિત્યમાં મળે તેમ છે. આવી નવલકથાઓને આધારે આપણે કહી શકીએ કે સર્જકની સમાજાભિમુખતાને પરિણામે પ્રાપ્ત થતાં વાસ્તવિક આલેખનો વ્યાપક પ્રભાવ પેદા કરે છે, જેને કારણે સામાજિક સુધારણા કે પ્રગતિ જેવાં પરિણામનિષ્ઠ પરિવર્તનો જન્મતાં રહે છે.

ભારતીય નવલકથા પર દૃષ્ટિપાત કરીએ તો ડૉ. માણેકલાલ પટેલે તારવ્યું છે તેમ, શરદબાબુની ‘વિપ્રદાસ’ અને ઝવેરચંદ મેઘાણીની ‘તુલસીક્યારો’ બંનેમાં સંયુક્ત કુટુંબજીવનનાં આલેખનોની સમાન ભૂમિકાઓ જોવા મળે છે. રવીન્દ્રનાથ ઠાકુરની ‘ચોખેરવાલી’ અને ગોવર્ધનરામ ત્રિપાઠીની ‘સરસ્વતીચંદ્ર’ બંનેમાં લગ્નેતર પ્રેમ અને સંયુક્ત કુટુંબના સંસ્કારોનો નવોન્મેષ અનુભવવા મળે છે. બંકિમચંદ્રની ‘કૃષ્ણકાંતારવીલ’ અને ચૂનીલાલ મડિયાની ‘વ્યાજનો વારસ’ બંનેમાં વારસાપ્રાપ્તિની રીતરસમોની લૌકિકતા એકસાથે બનતી લાગે છે. તારાશંકર બંદ્યોપાધ્યાયની ‘મન્વંતર’ એન પન્નાલાલ પટેલની ‘માનવીની ભવાઈ’ બંનેમાં દુષ્કાળની પરિસ્થિતિનાં સમાન ચિત્રો રજૂ થયાં છે. પ્રેમચંદજીની ‘ગોદાન’ અને રમણલાલ વી. દેસાઈની ‘ગ્રામલક્ષ્મી’ બંને ખેડૂતજીવન અને ગ્રામસમાજનાં આબેહૂબ ચિત્રો આલેખે છે. હરિનારાયણ આપ્ટેની ‘પણ લક્ષાંત કોણ ગેંતો’ અને કનૈયાલાલ મુનશીની ‘કોનો વાંક ?’ બંનેમાં વિધવા સ્ત્રીઓની પરિસ્થિતિનું સચોટ વર્ણન મળે છે. વામન મલ્હાર જોશીની

'સુશીલાચા દેવ' અને દર્શકની 'ઝેર તો પીધાં છે જાણી જાણી' બંનેમાં સ્ત્રીના માનસદર્શનની રજૂઆત કરાઈ છે. જૈનેન્દ્રકુમારની 'ત્યાગપત્ર' અને ર. વ. દેસાઈની 'દિવ્યચક્ષુ' બંનેમાં સ્વાતંત્ર્યચળવળના પ્રસંગોનું આલેખન પ્રાપ્ત થાય છે. આ બધાં આલેખનો સમકાલીન સમાજજીવનનાં પાસાંઓની અખિલ ભારતીય માહિતી બને છે.

સાહિત્યની સમાજાભિમુખતાના સંદર્ભમાં જ વાસ્તવવાદ (Realism)ની ચર્ચા ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં યુરોપીય દેશમાં અને વીસમી સદીના પૂર્વાર્ધમાં અમેરિકામાં ઉદ્ભવે છે. વાસ્તવવાદી સાહિત્ય એટલે લોકજીવનને સ્પર્શતા નક્કર, કઠોર પ્રશ્નો રજૂ કરતું સાહિત્ય. એવા સાહિત્યમાં ઉત્કટ સામાજિક અભિજ્ઞતા પ્રગટ થાય. સામાજિક વાસ્તવના ભાગરૂપે જ તેમાં સમાજના નિમ્નસ્તરના લોકોનાં સુખદુઃખની કથા હોય; સામાજિક અને આર્થિક વિષમતાઓનું ઘેરું સંક્ષોભક ચિત્રણ હોય. ગરીબી, શોષણ, અન્યાય કે વર્ગ-સંઘર્ષની ભૂમિકા હોય. વાસ્તવવાદ વિશેની આ પ્રાથમિક સમજ છે.

વાસ્તવવાદ મુખ્યત્વે નવલકથા આદિ કથામૂલક સાહિત્યમાં જન્મ્યો અને વિકસ્યો છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ફ્રાન્સના કથાસાહિત્યમાં વાસ્તવવાદનું બળવાન સ્વરૂપ પ્રગટ થયું હતું. સ્ટેન્ઢાલ અને બાલ્ઝાકની વાસ્તવવાદી નવલકથાઓ દૃષ્ટાંત તરીકે જોઈ શકાય. બાલ્ઝાકની સુપ્રસિદ્ધ નવલકથા ... તત્કાલીન ફ્રેન્ચ સમાજના વિવિધ સ્તરના લોકજીવનનું જે સચ્ચાઈભર્યું આલેખન થયું છે તેમાં વાસ્તવવાદી વલણોનો શક્તિશાળી ઉન્મેષ જોઈ શકાય. વાસ્તવવાદનું બળવાન મોજું ઈ. 1856 આસપાસ ઉદ્ભવે છે. એ વર્ષમાં ફ્લૉબેરની વિખ્યાત નવલકથા 'માદામ બોવરી' પ્રગટ થાય છે, જે વાસ્તવવાદના ઇતિહાસનું પ્રથમ સીમાચિહ્ન છે.

વાસ્તવવાદનું આવું જ શક્તિશાળી પણ અંતઃતત્ત્વની દૃષ્ટિએ ઠીક ઠીક ભિન્નતા ધરાવતું રૂપ રશિયન વાસ્તવવાદમાં દૃષ્ટિગોચર થાય છે. પુશ્કિન, ગોગોલ, તુર્ગનેવ, દોસ્તોએવ્સ્કી અને ટોલ્સટૉય જેવા ભિન્ન ભિન્ન પ્રકૃતિના મહાન રશિયન સાહિત્યકારોએ સમાજાભિમુખ વાસ્તવવાદી સાહિત્યનું નિર્માણ કર્યું છે. ઇંગ્લેન્ડમાં ચાર્લ્સ ડિકન્સ, થોમસ હાર્ડી અને જ્યોર્જ ઇલિયટ જેવા નવલકથાકારોમાં સમાજાભિમુખકતા જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો મધ્યકાલીન સાહિત્યમાં ઠીક ઠીક પ્રમાણમાં સમાજાભિમુખતા જોવા મળે છે. અસાઈત, ભીમ, મધુસૂદન વ્યાસ અને શામળ જેવા વાર્તાકારોની કૃતિઓમાં અને ભાલણ, નાકર, પ્રેમાનંદ જેવા આખ્યાનકારોનાં આખ્યાનોમાં સમાજાભિમુખતા દૃષ્ટિગોચર થાય છે. અલબત્ત આ સાહિત્યમાં પ્રાપ્ત થતા સમાજના ચિત્રને તત્કાલીન વાસ્તવ તરીકે ન સ્વીકારી શકાય. સાહિત્યમાં પ્રતિબિંબિત થતા સમાજે આધારે તે કાળના સમાજનું ચિત્ર કેવું છે એ જાણવા માટે સૂક્ષ્મ દૃષ્ટિવિવેક આવશ્યક છે. અલબત્ત 'કુંવરબાઈનું મામેરું કે 'નળાખ્યાન', 'ચંદ્રહાસ આખ્યાન' જેવાં પ્રેમાનંદનાં આખ્યાનોને આધારે તે કાળના વિવાહ, લગ્ન, સીમંત ઈ. પ્રકારના પ્રસંગો ગુજરાતી સમાજમાં કઈ રીતે ઊજવાતા હતા તેનો ખ્યાલ મળી રહે છે. ડૉ. હસુ યાજ્ઞિક કહે છે તે પ્રમાણે ''નર્મદ-દલપત યુગનો સાહિત્યકાર કે એના અનુગામી પંડિતયુગ અને ગાંધીયુગના ગુજરાતી સાહિત્યનો સર્જક જે અર્થમાં, જે રીત અને પદ્ધતિએ, સમાજાભિમુખ રહ્યો, એ અર્થ, રીત અને પદ્ધતિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો કવિ કે કથાકાર સમાજાભિમુખ નથી.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નર્મદ-દલપતથી જ સમાજાભિમુખતા દૃષ્ટિગોચર થાય છે. પંડિતયુગના સર્જકો-ગોવર્ધનરામ ત્રિપાઠી, રમણભાઈ નીલકંઠ વગેરે પણ સમાજાભિમુખ છે જ. પણ ગાંધીયુગમાં, ખાસ તો ત્રીજા-ચોથા દાયકામાં સમાજાભિમુખ વાસ્તવવાદી વલણો પ્રગટ થાય છે. ઉમાશંકર જોશીની ટૂંકી વાર્તા 'ગુજરીની ગોદડી' તથા 'માને ખોળે', 'માજા વેલાનું મૃત્યુ', પન્નાલાલ પટેલની લઘુનવલ 'વળામણાં', જયંતિ દલાલની કૃતિ 'ઊભી શેરીએ', ચૂનીલાલ મડિયાની 'કમાઉ દીકરો' તથા જયંત ખત્રીની નવલિકા 'ખીંચડી'માં વાસ્તવવાદી વલણો સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઝવેરચંદ મેઘાણીની નવલકથા 'સોરઠ, તારાં વહેતા પાણી', પન્નાલાલની 'માનવીની ભવાઈ' તથા

મડિયાની 'લીલુડી ધરતી'માં પણ નક્કર લોકવાસ્તવનું અનુસંધાન છે. રઘુવીર ચૌધરીની નવલત્રયી 'ઉપરવાસ' 'સહવાસ' તથા 'અંતરવાસ' માં સમાજાભિમુખ વાસ્તવવાદનું નવું રૂપ જોઈ શકાય છે.

સાંપ્રત ગુજરાતી સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં સામાજાભિમુખતા વત્તાઓછા પ્રમાણમાં જોવા મળશે. સાંપ્રત સાહિત્યમાં સાંપ્રતકાળના સામાજિક પ્રશ્નો વસ્તુ તરીકે આપણે જોઈએ છીએ. હા, જ્યાં સીધેસીધું હેતુલક્ષી નિરૂપણ થાય છે ત્યાં સાહિત્યની કલાત્મક્તા જોખમાય છે. સાહિત્ય અને સાહિત્યકાર તો સમાજાભિમુખ છે જ, આવશ્યકતા છે સમાજે સાહિત્યાભિમુખ બનવાની.

## 13.6 સાહિત્ય રચના અને પ્રામાણિકતા

આપણી આસપાસના વિશ્વને જીવનની પ્રત્યેક ક્ષણે આપણે જોતા હોઈએ છીએ. સજીવ-નિર્જીવ ભૌતિક પદાર્થો કે દૈહિક – ઐહિક સર્વ કોઈ આપણી ઇન્દ્રિયો દ્વારા ચિત્તમાં ઝીલાતું રહે છે. માનવચિત્તની એ વિશેષતા છે કે એ ઇન્દ્રિયોના અવ્યવહિત વ્યાપાર દ્વારા જગતના સર્વ સંસ્પર્શો અનુભવી શકે છે અને સ્મૃતિમાં સંઘરી પણ શકે છે. તેથી જ તો માત્ર પ્રત્યક્ષ પદાર્થો વિશે જ નહિ પણ અપ્રત્યક્ષ પદાર્થો વિશે પણ એ વિચારી શકે છે કે કલ્પના કરી શકે છે. આ રીતે ભૂત, ભાવિ ને વર્તમાનનાં વેદનો – સંવેદનોનો સંસ્પર્શ એ ઇચ્છે ત્યારે કરી શકે છે. ચિત્તનાં અંતઃતલોમાં એ બધાં માનસચિત્રો છપાતાં – ઘૂંટાતાં રહે છે ને નવસર્જ પણ પામતાં રહે છે. એમાં પછી અવનવાં સંયોજનો દ્વારા કલ્પવનાનું તત્ત્વ ઉમેરાતું રહે છે. આ પ્રકારે આપણું ચેતાતંત્ર સમૃદ્ધ થતું રહે છે જેને પછી આપણે અનુભવ એવું નામ આપીએ છીએ.

સર્જકનું ચિત્ત તો સૌથી વધુ સંવેદનશીલ હોય છે. સર્જકના મનોગ્રાહ્ય સ્વરૂપમાં જે સંસ્પર્શો ઝિલાયા હોય છે તેને અનુભૂતિથી ઓળખવામાં આવે છે. સર્જક દ્વારા ઝિલાયેલા જગતના વસ્તુલક્ષી કે આત્મલક્ષી સંસ્પર્શો જ્યારે કૃતિમાં નિરૂપિત થાય છે એટલે કે એનું કૃતિમાં પ્રતિનિધાન થાય છે ત્યારે સાહિત્ય રચાય છે. આ રીતે સર્જકની અનુભૂતિ કૃતિમાં રૂપાંતરિત થાય છે એમ કહી શકાય.

સાહિત્ય એ ભાષામાં અભિવ્યક્તિ સાધવાની કલા છે – એમ કહીએ છીએ ત્યારે પ્રશ્ન થાય કે શાની અભિવ્યક્તિ ? સ્થૂળ રીતે કહીએ તો એ સર્જકના મનની અભિવ્યક્તિ હોય છે. સર્જકના અનુભવની – અનુભૂતિની એ અભિવ્યક્તિ હોય છે. આ રીતે અનુભૂતિ એ કલાની મૂળભૂત 'સામગ્રી' છે એમ કહી શકાય. પરંતુ અહીં સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અનુભવને અનુભવ લેખે જ ભાષામાં ઊતારી દેવાથી સાહિત્ય સર્જાઈ જતું નથી. જો એમ જ ગણીએ તો તો પછી ભાષા દ્વારા વર્ણવાતા બધા જ વ્યવહારોને સાહિત્ય કહેવાનો વારો આવે. અને આપણે જાણીએ જ છીએ કે સામાન્ય વ્યવહારમાં થતી વાતચીત સાહિત્ય તો નથી જ નથી. એટલે અનુભૂતિની અભિવ્યક્તિ એમ કહેવું પર્યાપ્ત નથી.

સાહિત્યકલામાં વસ્તુની તેના મનોગ્રાહ્ય સ્વરૂપમાં રજૂઆત હોય છે એ સાચું પણ એ રજૂઆત સ્થૂળ રીતની નથી હોતી – જેમની તેમ નથી હોતી. એમાંથી સ્થૂળતાને ગાળી નાખી સર્જક ચોક્કસ દૃષ્ટિકોણથી અમૂક સંસ્કારો પાડે છે ને પોતાને એ અનુભવની સાથે રસનિષ્પત્તિ થાય એવાં તત્ત્વોને એ ઉમેરી ચોક્કસ ઘાટ બાંધી આપે છે. જેમ કોઈ શિલ્પી પથ્થરમાંથી સ્થૂળ ભાગો કાઢી નાખી એક નમૂનેદાર મૂર્તિ પ્રગટાવે છે એ જ રીતે સાહિત્યનો સર્જક પણ પોતાના મનોગ્રાહ્ય રૂપમાં રહેલી સામગ્રીના સ્થૂળ ભાગોને કાઢી નાખી એનું કલાકૃતિમાં રૂપાંતર કરે છે. સાહિત્યકૃતિના નિર્માણની આ પ્રક્રિયાને અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર એ રીતે ઓળખવામાં આવે છે. અનુભૂતિનું કલાકૃતિમાં રૂપાંતર કરવાની બાબત સાહિત્ય અને અસાહિત્યના ભેદ માટેની મૂળભૂત બાબત છે. સાચો સર્જક ઇન્દ્રિય સ્વરૂપે પ્રત્યક્ષ થતાં રૂપોનું સાદૃશ્ય માત્ર જ યોજતો નથી. એની રચનામાં જીવનમાં હોય તેવાં સારાં કે નરસાં ચિત્રોનું આલેખન જ નથી હોતું પરંતુ જીવનની કે કુદરતી સંભાવનાઓનું પુનર્વિધાન પણ એમાં હોય છે. એમાં સર્જકનું પોતાનું સંવેદન પણ ભળેલું હોય છે. એટલે જ એમ કહેવાય છે કે – કવિ અથવા નવલકથાકાર જીવનનાં આદર્શમય ચિત્રો સજીને એક આદર્શ ધોરણ ઊભું કરે છે જે વાચકના ભાવો, લાગણીને તેમ જ બુદ્ધિને અપીલ કરે છે.

વળી અનુભવ કે અનુભૂતિ અમૂર્ત ઘટના છે એટલે એને મૂર્તરૂપ આપવા સર્જકે ભાષાનો સહારો લેવો પડે છે. કુશળ કસબી કલાકાર તો એ માધ્યમને એનાં અવનવાં રૂપોમાં શણગારે પણ છે. પોતાની અનુભૂતિને કલાત્મક રૂપ આપવા શબ્દપ્રતીકોનો ઉત્તમ વિનિયોગ એ કરે છે. અનુભવને પ્રતીકોથી રજૂ કરવાની ભાષાની શક્તિનો આધાર કલ્પનાને ઉત્તેજિત કરવાની સર્જકની શક્તિ ઉપર છે. એટલે સર્જકે આ અનુભવમાં જરૂરી કલ્પનાતત્ત્વ કરવાની સર્જકની શક્તિ ઉપર છે. એટલે સર્જકે આ અનુભવમાં જરૂરી કલ્પનાતત્ત્વ જગાવવાની શક્તિ દાખવવાની રહે છે. પ્રકૃતિનાં દશ્યો, કલ્પો કે કલ્પનાના સંયોગો દ્વારા, શબ્દપ્રતીકો દ્વારા પોતાના મનોગ્રાહ્ય રૂપમાં પડેલી સામગ્રીને એણે રૂપાંતરિત કરવાની હોય છે. સર્જકની આ ક્ષમતા જેટલી વધારે કલાકૃતિ તેટલી વધુ સમૃદ્ધ ને ઉત્તમ પ્રકારની બને.

એ તો દેખીતું છે કે આપણે જ્યારે કોઈ સાહિત્યકૃતિ તપાસીએ છીએ ત્યારે આપણી તપાસો મૂળ આધાર પણ એ જ હોય છે કે સર્જક પોતાના મનોભાવોને – પોતાની અનુભૂતિને કલાત્મક ભાષિકરૂપ આપવામાં કેટલા સમર્થ – અસમર્થ રહ્યા છે ? એ પણ જાણીતી બાબત છે કે કોઈ કૃતિમાં અનુભૂતિ તીવ્રતમ હોય પણ જો રૂપની એમાં કમી હોય તો એ કલાકૃતિ ઊણી ઊતરે છે. એ જ રીતે જો અનુભૂતિની કમી હોય પણ રૂપની એમાં વિશેષતા હોય ત્યારે પણ એ કૃતિ ધારી સફળતા પ્રાપ્ત કરી શકશે નહિ જ્યારે અનુભૂતિ અને રૂપની એમ બંનેની ન્યૂનતા હોય તો એને તો કલાકૃતિ જ ન કહેવાય. એટલે ઉત્તમ કૃતિ તો એ જ ગણાય જેમાં અનુભૂતિ અને રૂપનો સુભગ સમન્વય થયો હોય. આમ અનુભૂતિનું કલામાં કેન્દ્રસ્થ મૂલ્ય છે અને એનું કલામાં રૂપાંતર થાય એ એથીયે વિશેષ મહત્ત્વની બાબત છે. બીજા વિશ્વયુદ્ધની ભીષણતાએ માનવજીવનમાં જે ખળભળાટ મચાવી દીધેલો ને એના એ અનુભવે કલાના ક્ષેત્રમાં જે ક્રાન્તિ સર્જાયેલી એ આપણી અજાણી બાબત નથી. 'માનવીની ભવાઈ' નવલકથામાં દોરાયેલું ભીષણ દુષ્કાળચિત્ર એ પન્નાલાલ પટેલના અનુભવનું ને એ અનુભવનું કલામાં થયેલું રૂપાંતરનું એક ઉજ્જવળ ઉદાહરણ છે. ભૂખનો અનુભવ કલ્પનાતત્ત્વ છતાં વાસ્તવચિત્રની રીતે નિરૂપાઈને ત્યાં કેવી સફળતાને પામ્યો છે !

ઉપરાંત, કલાકૃતિ સર્જકની અનુભૂતિ છે એમ કહીએ છીએ ત્યારે પ્રશ્ન એ પણ થાય કે આ અનુભૂતિ કોની ? સર્જકની પોતાની કે બીજા પાસેથી મેળવેલી ! કૃતિમાં સ્વાનુભવ હોય તે જ સાચો કે પરાનુભવ હોય તે જ સાચો ? આત્મલક્ષી સાહિત્ય અને પરલક્ષીસાહિત્યના ભેદનું ઉદ્‌ભવસ્થાન પણ આ જ છે ને ! એક તરફ સર્જક અને સર્જકની આત્માભિવ્યક્તિ છે. જીવનના જે ભાવોદ્રેકો સર્જકે ઝીલ્યા છે – જેનો પોતે સાક્ષી રહ્યો હોય છે એનું નિરૂપણ તો એ કરે જ છે, એટલે કે સ્વાનુભૂતિ તો એમાં હોય જ છે પણ સાથે સાથે પરાનુભવને પણ સર્જક પોતાના માનસ પર ઝીલે છે ને પછી એને પણ પોતાના અનુભવરૂપે અભિવ્યક્ત કરે છે. અનુભવ સ્વાનુભવ હોય કે પરાનુભવ એ બહુ મહત્ત્વની બાબત નથી. મહત્ત્વની બાબત તો એ છે કે એ અનુભવ બિનંગત બની વસ્તુનિષ્ઠ બનવો જોઈએ. એ અભિવ્યક્તિ સર્વાનુભવી બનવી જોઈએ.

## 13.7 સારાંશ

આ એકમમાં સાહિત્યકારનું દાયિત્વ, સાહિત્યકારનું ભાષા વૈશિષ્ટ્ય, સાહિત્યકારોની સામાજિક જવાબદારી, સાહિત્ય અંગેની વૈશ્વિક સમજ, સાહિત્ય રચના અને પ્રમાણિક્તા વગેરે બાબતો સમાવેશ કરવામાં આવેલ છે.

સાહિત્યકારની ફરજ શું છે તેની સંપૂર્ણ માહિતી મૂકવામાં આવેલ છે.

સાહિત્યકારની સામાજિક જવાબદારી શું છે તેની સમજ આપવામાં આવી છે. સાહિત્ય અંગેની વૈશ્વિક સમજ શું છે તે પણ આપવામાં આવેલ છે.

સાહિત્ય રચનાની માહિતી પણ મૂકેલ છે.

## 13.8 એકમ સ્વાધ્યાય

(1) સાહિત્યકારનું દાયિત્વ જણાવો.

(2) સાહિત્યકારનું ભાષા વૈશિષ્ટ્ય જણાવો.

(3) સાહિત્યકારોની સામાજિક જવાબદારી જણાવો.

(4) સાહિત્ય અંગેની વૈશ્વિક સમજ જણાવો.

(5) સાહિત્ય રચના જણાવો.

## 13.9 તમારી પ્રગતિ ચકાસો

(1) સાહિત્યકારનું દાયિત્વની બે બાબતો જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(2) સાહિત્યકારોની સામાજિક જવાબદારીની ત્રણ બાબતો જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 13.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) સાહિત્યકારનું દાયિત્વ

– સાહિત્યના ઉત્તમ જ્ઞાનથી વાકેફ રહેવું.

– સાહિત્યમાં વધુ રસ દાખવવો.

(2) સાહિત્યકારોની સામાજિક જવાબદારી

– સમાજના કુરિવાજો રદ કરવા.

– સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવી.

– સમાજમાં પરિવર્તન લાવવું.

## 13.11 સૂચિત વાચન સામગ્રી


(1) પટેલ અશોકભાઈ તથા અન્ય : ગુજરાતીનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ.

(2) પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.

(3) ત્રિવેદી રમેશ એમ. : સાહિત્યના સિદ્ધાંતો, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ.

(4) બ્રહ્મભટ્ટ પ્રસાદ : સાહિત્ય સૃષ્ટિ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(5) પટેલ મણિલાલ હ. તથા અન્ય : સાહિત્ય-વિવેચનના સિદ્ધાંતો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

એકમ 214

# શિક્ષક સજ્જતા

: રૂપરેખા :

14.1 પ્રસ્તાવના

14.2 શિક્ષકનો અર્થ

14.3 શિક્ષકની શૈક્ષણિક લાયકાત – ક્ષમતા

14.4 શિક્ષકના લક્ષણો – દક્ષતા

14.5 શિક્ષકના ગુણ

14.6 શિક્ષકની તાલીમ

14.7 શિક્ષક પાસે અપેક્ષિત કૌશલ્યો

14.8 શિક્ષકનું દૃષ્ટિબિંદુ

14.9 માતૃભાષાનો શિક્ષક

14.9.1 પ્રસ્તાવના

14.9.2 ભાષા શિક્ષકની શૈક્ષણિક સજ્જતા

14.9.3 ભાષા શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા

14.9.4 કાવ્ય શિક્ષકની સજ્જતા

14.9.5 ભાવિ સમાજના ઘડતરના સંદર્ભમાં શિક્ષકનું યોગદાન

14.10 શિક્ષકને નડતી સમસ્યાઓ

14.11 શિક્ષક એક સાહિત્ય તજ્જ્ઞ

14.12 સારાંશ

14.13 એકમ સ્વાધ્યાય

14.14 તમારી પ્રગતિ ચકાસો

14.15 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

14.16 સૂચિત વાચન સામગ્રી

---

ઉદ્દેશો

(1) શિક્ષકનો અર્થ સમજી શકશો.

(2) શિક્ષકની શૈક્ષણિક લાયકાત સમજી શકશો.

(3) શિક્ષકના લક્ષણો સમજી શકશો.

(4) શિક્ષકના ગુણ સમજી શકશો.

(5) શિક્ષકને તાલીમ શા માટે જરૂરી છે તે સમજી શકશો.

(6) શિક્ષક પાસે અપેક્ષિત કૌશલ્યો સમજી શકશો.

(7) શિક્ષકનું દૃષ્ટિબિંદુ સમજી શકશો.

(8) ભાષા શિક્ષકની શૈક્ષણિક સજ્જતા સમજી શકશો.

(9) ભાષા શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા સમજી શકશો.

(10) કાવ્ય શિક્ષકની સજ્જતા સમજી શકશો.

(11) ભાવિ સમાજના ઘડતરના સંદર્ભમાં શિક્ષકનું યોગદાન સમજી શકશો.

(12) શિક્ષકને નડતી સમસ્યાઓ સમજી શકશો.

(13) શિક્ષક એક સાહિત્યતજ્જ્ઞ સમજી શકશો.

## 14.1 પ્રસ્તાવના

- શિક્ષકનો જન્મ આદિકાળથી થયેલ છે. શિક્ષકને ભારતના ઋષિ મુનિઓનો વારસો મળેલો છે. ગમે તે સમયે રાષ્ટ્રના નવનિર્માણના મહત્ત્વના કાર્યમાં તે રોકાયેલો છે.
- રાષ્ટ્રની ભાવિ આશા સમા યુવાનોને ઘડવાનું કાર્ય તેનું છે.
- તેથી જ તેના વિષે Sir John Adams એ કહ્યું છે કે, 'The teacher is a maker of man'.
- વળી બીજા શબ્દોમાં કહીએ તો સમાજ પાસે રહેલા સંસ્કાર વારસાને ભવિષ્યની પેઢીઓ પાસે લઈ જવાનું કાર્ય તેનું છે.
- એટલે જ સંસ્કૃતિ અને સભ્યતાનો વણજારો છે.
- 'હું એક શિક્ષક સંસ્કૃતિ અને અભ્યાસનો શ્રેષ્ઠ નાયક અને આદર્શોનો સારો નાયક.'

**(1) શ્રી હુાયુન કબીન :**

- શિક્ષણના નવનિર્માણના કાર્યમાં સૌથી મહત્ત્વનું સ્થાન શિક્ષકનું છે. એટલે શિક્ષકની યોગ્યતા વધારવા માટે જેટલા કાર્યક્રમો કરીએ તે બધા જ શિક્ષણ નવનિર્માણના કાર્યક્રમો બની જાય છે.
- શિક્ષણના મહત્ત્વા અંગે તરીકે શિક્ષકનું સ્થાન છે.
- શિક્ષકનો વ્યવસાય પવિત્ર અને ઊંચી ગુણવત્તાવાળો માનવામાં આવે છે. સારા અર્થમાં, રાષ્ટ્ર વિધાતા છે. ભારતના ભાવિ નાગરિક તૈયાર કરવાનું કાર્ય કરે છે.
- 'Teacher is a lighting lamp of the society.' શિક્ષક એ સમાજનો ઝળહળતો દિપક છે, જેવો શિક્ષક તેવો વર્ગ.

**(2) મહાન સિકંદર :**

- પિતા કરતાં પણ શિક્ષકને વધુ ચઢિયાતા માન્યા.
- 'મારા પિતા મને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર લઈ આવ્યા, જ્યારે મારા ગુરુ મને પૃથ્વી પરથી સ્વર્ગમાં લઈ જાય છે.'
- શિક્ષકના વિવિધ સ્વરૂપો જોવા મળે છે – સમાજ સુધારક, સમાજ સેવક, પરિવર્તન દૂત, રાષ્ટ્રનો વિધાતા

**(3) મહાન શિક્ષણકાર એનેન :**

- મને માનવી આપો.
- મને કેળવાયેલો માનવી આપો.
- મને કૌશલ્યવાળો માનવી આપો.
- મને સર્જનશીલ માનવ આપો અને હું તમને એક ઘણી જસારી આવતીકાલ આપીશ.
- તે વર્તમાન અને ભાવિ પેઢી પર પોતાનો પ્રભાવ રાખી શકે છે. શિક્ષણમાં અનેક નવી પ્રવૃત્તિઓ અને પ્રવિધિઓ શોધાતી જશે પરંતુ શિક્ષકનું સ્થાન ઓછું થતું નથી.

- 'Teacher is a lighting lamp of the society.' શિક્ષક એ સમાજનો ઝળહળતો દિપક છે, જેવો શિક્ષક તેવો વર્ગ, જેવું શિક્ષકનું અધ્યાપન તેવું વર્ગું પ્રયાણ. વર્ગા અધ્યાપન કાર્યની અસરકારકતા અને સફળતા શિક્ષક પર અવલંબે છે. એ વર્ગને તારે કાં ડુબાડે.

– શાળા સમાજમાં શિક્ષક જ એક મહત્ત્વનું અંગ છે. શિક્ષક એ એવી વ્યક્તિ છે જે વર્તમાન તેમજ ભાવિ બંને પેઢી ઉપર પોતાનો પ્રભાવ રાખી શકે છે. શિક્ષણમાં અનેક નવાં પરિવર્તનો આવતાં જશે પણ શિક્ષકનું મહત્ત્વ ઓછું થવાનું નથી. શિક્ષણની પ્રક્રિયાના ત્રણ મુખ્ય બિંદુઓ : (1) શિક્ષક, (2) વિદ્યાર્થી અને (3) વિષયવસ્તુ. શિક્ષકની આ ત્રિધ્રુવી. પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન મહત્ત્વું છે, તે ક્રિયાશીલ છે, શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનો આધાર શિક્ષક પર જ છે. શાળામાં ઉત્તમ સુવિધાઓ હોય, સારું મકાન હોય, સારો અભ્યાસક્રમ હોય પરંતુ આ બધાનું સંકલન કરનાર ઉત્તમ શિક્ષક ન હોય તો આ બધી સુવિધાઓ ગમે તેટલી સારી હોય છતાં નકામી છે, તેનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકતો નથી.

– નેલસ્ન એલ બોસિંગ શિક્ષકનું મહત્ત્વ દર્શાવતાં જણાવે છે કે, 'શિક્ષણની કોઈ પણ યોજામાં હું શિક્ષકને મહત્ત્વનું સ્થાન આપું છું', બાઈનિંગ અને બાઈનિંગે શિક્ષકને વિદ્યાલયનો આત્મા કહ્યો છે. આ રીતે શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે.

– વળી પ્રાચીન સમય તરફ દૃષ્ટિપાત કરીશું તો પણ જણાશે કે તે સમયે રાષ્ટ્રના ઘડતરમાં શિક્ષકનો ફાળો મહત્ત્વો રહ્યો છે. જોન એડમસે શિક્ષકને મનુષ્યનો નિર્માતા કહ્યો છે. આ રીતે શિક્ષકનું મહત્ત્વ જોઈએ છીએ ત્યારે શિક્ષક પાસે આપણી અપેક્ષા ખૂબ જ વધી જાય છે.

**14.2 શિક્ષકનો અર્થ**

શિક્ષકને અંગ્રેજીમાં Teacher કહેવામાં આવે છે. અંગ્રેજીના શબ્દો પ્રમાણે શિક્ષક એટલે :

**(1) વ્યવહાર કુશળ (Tactful) :**

– વિદ્યાર્થીઓની ઉત્તમ શક્તિઓને બહાર કાઢી લાવવાની છે. શિક્ષણ કાર્ય ઉત્તમ પ્રકારનું વાતાવરણ ઊભું કરવાનું છે. વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્ય માટે પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરવાનું છે. શિક્ષક વ્યવહાર કુશળ હોવો જોઈએ. ચિડીયો ન હોય, શિક્ષા ન કરે, જરૂર જણાય તો વિદ્યાર્થીઓના હિતમાં આંખો કાઢે.

**(2) કાર્ય કુશળ (Efficient) :**

– શિક્ષક સતત પ્રવૃત્તિશીલ હોય, ઓછામાં ઓછા સમયમાં આયોજનપૂર્વક કાર્ય કરે, તેની પાસે નિશ્ચિત વિચાર અને સચોટ કાર્યક્રમ કરનાર હોય તેવો કાર્ય કુશળ શિક્ષક હોવો જોઈએ.

**(3) પૂજનીય (Adorable) :**

– પૂજ્ય ભાવ પેદા થાય તેવા ગુણોને જીવનમાં ઉતારવાનો શિક્ષકનો પ્રયત્ન હોય, વ્યસનમાંથી મુક્ત હોય, ઉદારતા, નિખાલસતા, નિરાભિમાનીપણું વગેરે દ્વારા ગુણ વિકાસ દ્વારા તે ઉચ્ચ આસને સ્થાન પામેલ હોય. દરેક લોકશાહી વ્યવહાર દ્વારા માન મેળવે, આદર મેળવે, વિદ્યાર્થીઓમાં પ્રિય હોય, અનુકરણને યોગ્ય હોય.

**(4) વિનય/વિનમ્ર (Courteous) :**

– વિચારોનું આદાન-પ્રદાન કરનાર શિક્ષક કદી પણ અવિનયી ન હોઈ શકે. તે વધુમાં વધુ નમ્ર બને.

– માટે જ કહેવાય છે કે, આંબાને મોર આવતાં તે જે નમ્ર બનીને ઢળીયો છે તેમ જ્ઞાની માણસ નમ્રતાથી વધુ ને વધુ ઝુકતો રહે છે.

– જેમ જ્ઞાન વધે તેમ નમ્રતા વધવી જોઈએ.

– ગીતામાં પણ કહ્યું છે કે – 'નમીને પ્રશ્ન પૂછીને સેવીને જ્ઞાન પામતું' અર્થાત્ – નમન કરો, પ્રશ્નોનું નિરાકરણ કરો, સેવા કરો અને જ્ઞાન પામો.

– શિક્ષક વાણી, વિચાર અને વર્તન વગેરેમાં વિનયી હોય તો શોભી ઊઠે.

– શિક્ષકનો વ્યવહાર ગમે તેવો હોવો જોઈએ.

**(5) પ્રમાણિકતા (Honest) :**

- શિક્ષકમાં પ્રમાણીકતા એ મોટામાં મોટો ગુણ છે. તે વિચારમાં અને આચારમાં પ્રમાણિક હોય તો જ વિદ્યાર્થીઓને પ્રમાણિક જીવન પૂરું પાડી શકે.
- આચારમાં પ્રમાણિક હોય તો જ વિદ્યાર્થીઓને પ્રમાણિક જીવન પૂરું પાડી શકે.
- સમાજનું વાતાવરણ એટલું બધું ખરાબ થતું જાય છે કે જો શિક્ષકને પ્રમાણિક રહેવું હોય તો મુશ્કેલરૂપ છે.
- આપણા દેશની કમનસીબી હોય તો તે આજે સામજ સારા શિક્ષકો પાસે સૌ પ્રથમ પ્રમાણિક્તાનો ભોગ માગે છે.
- મારે સારા શિક્ષકો પીડાય છે. સારો શિક્ષક હૃદયમાંથી પ્રમાણિક્તાના તત્વને દૂર કરી શકતો નથી, કરવા જાય છે તો આત્મા ડંખે છે. પ્રમાણિક્તા છોડી દે તો શું થાય ?

**(6) અનુકરણીય (Exemplary) :**

- શિક્ષકનું જીવન એવું હોવું જોઈએ કે જેથી અનુકરણ કરવાનું મન થાય. વિદ્યાર્થીઓ સાથે મિત્ર બની કાર્ય કરે.
- શિક્ષકનું વ્યક્તિત્વ યોગ્ય હોવું જોઈએ. શિક્ષકમાં ન્યાય પ્રિયતા, પ્રેમ, નિયમિતતા વગેરે હોવા જોઈએ. તે હંમેશા આશાવાદી હોવો જોઈએ. શિક્ષકનું કાર્ય એવું હોવું જોઈએ કે વિદ્યાર્થીઓ તેનું અનુકરણ કરી શીખી શકે.

**(7) સૂઝવાળો (Resourceful) :**

- તે હંમેશા આશાવાદી હોવો જોઈએ. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો નિરાશ ન બને. માર્ગ ભૂલેલાને સાચો રસ્તો બતાવે. તે હંમેશા અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય. તે ગમે તે તોફાની, ગુનેગારમાં પણ વિશ્વાસ, શ્રદ્ધા જોઈ શકતો હોય – તે માટે સૂઝ ધરાવતો હોય.

- Teacher એટલે :

T = Tactful

E = Efficient

A = Adorable

C = Courteous

H = Honest

E = Exemplary

R = Resourceful

શિક્ષક એટલે પ્રેમ, પ્રસન્નતા અને પ્રકૃતિ સ્નેહની મૂર્તિ – શિક્ષકમાં આ ત્રણ ગુણ તો હોવા જોઈએ, તો જ સાચા અર્થમાં વર્ગે સ્વર્ગ બનાવી શકે.

**(1) પ્રેમ :**

- પ્રેમ એટલે બાળકો પ્રત્યે અનહદ અસીમ પ્રેમ.
- માતાનો પુત્ર પ્રત્યે હોય તેવો જ નિર્મળ અને હૂંફાળો પ્રેમ.
- દા.ત. એક યુવાન એક છોકરીના પ્રેમમાં હતો. છોકરીને લગ્ન માટે શરત મૂકી કે તારી માતાનું કાળજું લાવ તો જ લગ્ન કરું. પ્રેમાંધ યુવાન માતાનું કાળજું કાઢી હાથમાં લઈ દોડતો છોકરીને પ્રાપ્ત કરવા જાય છે ત્યારે ઠેસ વાગતાં કાળજું પડી જાય છે. યુવાન નીચે નમીને લેવા જાય છે...ત્યારે કાળજું બોલે છે...'દિકરા ઠેસ લાગી...તને વાગ્યું તો નથી ને !' કેટલો સાગરથી ગહેરો અને હિમાલયથી ઊંચેરો માતાનો એ પ્રેમ !

- શિક્ષકે પણ આવો જ પ્રેમ બાળકો પ્રત્યે રાખવો જોઈએ.
- બાળકોને પોતાના કાળજા કરતાંય વુધુ ચાહવા જોઈએ, પછી જુઓ શિક્ષણ કાર્ય કેવું બને છે....!

**(2) પ્રસન્નતા :**

- શિક્ષક શાળામાં આવે ત્યારે વીલે મોંઢે કે દિવેલીયા જેવો નહીં, વર્ગનું વાતાવરણ ભારે કરે.
- પ્રસન્નતા સાથે પ્રવેશ મેળવનાર શિક્ષક વર્ગનું વાતાવરણ ફેરવી નાંખે છે. કેટલાય શિક્ષકો વર્ગમાં આવે ત્યારે આખી દુનિયાનો ભાર લઈ આવે છે.
- ઘરની સમસ્યાનો ભાર... વર્ગમાં ક્યાંથી પ્રસન્નતા લાવી શકે ? કેટલાય શિક્ષકો મન મૂકીને હસતાં પણ નથી, હસે તો તે બે નંબરી.
- **વિનોબાજી :** એક ગણું ખાવું, બે ગણું પાણી પીવું, ત્રણ ગણું વાયુ સેવન કરવું અને ચાર ગણું હસવું જોઈએ.
- હસવાના મૂડમાં જે દિવસે ન હોય તો તે દિવસે રજા ઉપર રહેવું જોઈએ.

**(3) પ્રકૃતિ સ્નેહ / પ્રકૃતિ પ્રેમી :**

- રૂસો ટાગોર જેવા પ્રકૃતિવાદીઓએ શિક્ષણને પ્રકૃતિની નિકટ લઈ જવાની જેહાદ આપી છે.
- આપણું શિક્ષણ પ્રકૃતિથી વિમુખ થયા પછી જ બગડ્યું છે. પ્રકૃતિ જોઈને શિક્ષકનું હૃદય નાચી ઊઠવું જોઈએ.
- જે શિક્ષક : વૃક્ષ જોઈને ડોલવા લાગે<br>નદી જોઈને નાચવા લાગે<br>પર્વત જોઈને ખુંદવા લાગે<br>સમુદ્ર જોઈને તરવા લાગે – તે સાચો પ્રકૃતિ પ્રેમી શિક્ષક છે.
- નદીનું સંગીત, પર્વતનો પોકાર, વૃક્ષની વાતો, સમુદ્રનું જ્ઞાન... સાંભળવાની શ્રવણ શક્તિ શિક્ષકમાં હોવી જોઈએ.

## 14.3 શિક્ષકની શૈક્ષણિક લાયકાત – ક્ષમતા

(1) શિક્ષક સ્નાતક હોવો જોઈએ, એટલે કે BA, B.com, B.Sc., B.Ed. હોવો જોઈએ.

(2) અનુસ્નાતક હોય તો વધુ યોગ્ય ગણાય.

(3) વિષય સાથે વિશિષ્ટ લાયકાતો ધરાવતો હોવો જોઈએ.

(4) વિવિધ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ નંબર પ્રાપ્ત કરેલ હોય તો વધારે સારું.

(5) શિક્ષક પ્રયોગશાળાનો જાણકાર હોય તો વધુ સારું.

ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં યોગ્ય અભિયોગ્યતા ધરાવતા શિક્ષકોની ભરતી થાય તે માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અનુક્રમે TET (Teacher Eligibility Test) અને TAT (Teacher Appitude Test ની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

શિક્ષક બનવા માટે TET, TAT ની પરીક્ષા ફરજિયાત આપવાનું અમલમાં મૂકવામાં આવ્યું છે.

ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષક બનવા TET (ઉચ્ચ પ્રાથમિક માટે), માધ્યમિક શાળામાં શિક્ષક માટે TAT (માધ્યમિક માટે) અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક બનવા TAT (ઉચ્ચત્તર માધ્યમિક

માટે) આપવી ફરજિયાત છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વ્યક્તિ જ ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક બની શકે છે.

આમ, શિક્ષણવિદ્યા શાખામાં સ્નાતક અને અનુસ્નાતક ઉપરાંત TET, TATમાં ઉત્તીર્ણ થયેલ વ્યક્તિ જ શિક્ષક બની શકે છે.

B.Ed.ની તાલીમ પણ મેળવેલ હોવી જોઈએ.

સરકારી ગ્રાન્ટેડ શાળામાં મેરીટના ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

શાળા સમાજમાં શિક્ષકનું સ્થાન મહત્ત્વનું છે. શિક્ષણની દ્વિધ્રુવી પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન મહત્ત્વનું છે. શાળામાં ઉત્તમ સગવડતાઓ હોય. સારો અભ્યાસક્રમ હોય, પરંતુ સંકલન કરનાર ન હોય તો બધી જ વસ્તુઓ નકામી છે.

## 14.4 શિક્ષકના લક્ષણો – દક્ષતા

– જોન એડમ્સે શિક્ષકને મનુષ્યનો નિર્માતા કહ્યો છે.

– પ્રો. બાઈનીંગ અને બાઈનીંગે શિક્ષકને વિદ્યાલયનો આત્મા કહ્યો છે. આથી આપણી શિક્ષક પાસેથી અપેક્ષાઓ વધી જાય છે. આદર્શ શિક્ષકના નીચે મુજબના લક્ષણો હોવા જોઈએ.

**(1) સ્વીકારેલા વ્યવસાય પ્રત્યે નિષ્ઠા :**

– શિક્ષકને જીવતા જાગતા માનવ પુષ્પો સાથે કાર્ય કરવાનું છે. દેશના નાગરિકો તૈયાર કરવાનું કાર્ય તેમના હાથમાં છે. શિક્ષકની અસર વિદ્યાર્થીઓ પર પડે છે. શિક્ષકે સ્વીકારેલા વ્યવસાય પ્રત્યે નિષ્ઠા હોવી જોઈએ. શિક્ષકને પોતાના વ્યવસાય પ્રત્યે નિષ્ઠા ન હોય તો વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવામાં નિષ્ફળ નિવડે છે, તેમજ શિક્ષક આત્મ વિશ્વાસ સંપાદન કરી શકે નહીં. શિક્ષકને પોતાના વ્યવસાય પ્રત્યે નિષ્ઠાના અભાવે શિક્ષણકાર્યમાં આશા અને ઉત્સાહ ક્યાંથી હોય ?

**(2) વિષય વસ્તુનું જ્ઞાન :**

– શિક્ષકે આજીવન વિદ્યાર્થી બનવું પડે, શિક્ષક પાસે છેલ્લામાં છેલ્લી માહિતી હોવી જોઈએ. શિક્ષક પાસે વિષય વસ્તુનું જ્ઞાન ન હોય તો વિદ્યાર્થીઓને માનસિક વિકાસ કરી શકતો નથી.

**(3) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ :**

– વર્તમાન યુગ કોઈ પણ બાબતની ચકાસણી વગર સ્વીકારતો નથી. જ્ઞાનની ચકાસણી કર્યા પછી રજૂઆત કરવી પડે. કોઈ પણ બાબત ભેદભાવ વગર રજૂઆત કરવી પડે. શિક્ષક પાસે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોવો જોઈએ.

**(4) મનોવિજ્ઞાનનું જ્ઞાન :**

– વિદ્યાર્થી જગતમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે. સમસ્યાનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવો આવશ્યક છે. શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જોઈએ, જેથી સમસ્યાનો ઉકેલ લાવવા માટે શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જોઈએ.

**(5) શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ કરવાનું કૌશલ્ય :**

– વર્તમાન યુગ ટૅક્નોલૉજીનો યુગ છે, જેથી કરીને શિક્ષણ કાર્યમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. શૈક્ષણિક સાધનોનો ઉપયોગને કારણે શિક્ષણ કાર્ય રસપૂર્વક અને અસરકારક બનાવી શકાય.

**(6) શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન :**

– શિક્ષણ કાર્ય અસરકારક બનાવવા માટે, શિક્ષક પાસે વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન હોવું જોઈએ. એકમને ધ્યાનમાં રાખી કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો, કઈ પદ્ધતિ વિદ્યાર્થીઓને અનુકૂળ આવશે.

**(7) પ્રભાવશાળી વ્યક્તિત્વ :**

– શિક્ષકનું વ્યક્તિત્વ સફળ અધ્યયનની આધારશીલા છે. પ્રભાવશાળી વ્યક્તિત્વમાં નીચેની બાબતો આવશ્યક છે.

| | | |
|---|---|---|
| – સારો અવાજ | – જરૂરી કૌશલ્ય | – વિશાળ હૃદય |
| – ઉત્સાહી | – સહનશીલતા | – કાર્ય માટે તત્પરતા |
| – પ્રેમ | – મૌલિકતા | – સારી તંદુરસ્તી |
| – આશાવાદી | – સપ્રમાણ શરીરનો બાંધો | – નેતાગીરીના ગુણ |

– શિક્ષક શિક્ષણ કાર્ય સારી રીતે કરી શકે તે માટે શિક્ષકનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હોવું જોઈએ.

**(8) શિસ્ત પ્રિય :**

– વિદ્યાર્થીઓ અનુકરણ દ્વારા શીખે છે, જેથી શિક્ષક સ્વયં શિસ્ત પ્રિય હોવો જોઈએ. ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા માટે શિક્ષક શિસ્ત પ્રિય હોવો જોઈએ. શિક્ષક શિસ્ત પ્રિય હશે તો સમસ્યાઓ ઊભી થશે નહીં.

**(9) જરૂરી નોંધ કરવાનું કૌશલ્ય :**

– વિષય વસ્તુમાં ઝડપી પરિવર્તન આવે છે, જે કંઈ પરિવર્તન થાય તે અંગેની માહિતી શિક્ષકે નોંધવી પડે. સારા શિક્ષણ કાર્ય માટે પાઠ્ય પુસ્તક કરતાં વધારાની માહિતી જોઈએ. વધારાની માહિતી અન્ય જગ્યાએથી નોંધ કરવાની આવડત હોવી જોઈએ.

**(10) સમકાલીન ઘટનાઓની પરિચિત :**

– શિક્ષક પાસે છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ હોવા જોઈએ. વર્તમાન આર્થિક બાબત સમજવા માટે જરૂરી છે. સમકાલીન ઘટનાઓ માટે શિક્ષક પાસે પ્રત્યક્ષ જ્ઞાન જરૂરી છે. જરૂરી પ્રૉજેક્ટ, ક્ષેત્ર કાર્ય વગેરે માટે સમકાલીન ઘટનાઓથી પરિચિત રહેવું પડે.

**(11) વ્યવહારિક જ્ઞાન :**

– શિક્ષક પાસે વ્યવહારિક જ્ઞાન હોવું જરૂરી છે. કોઈ પણ સિદ્ધાંત સમજાવતાં પહેલાં વ્યવહારિક જ્ઞાન હોય તો વ્યવહારિક સ્વરૂપ આપી સમજાવી શકાય. સિદ્ધાંતોને સ્વયં વ્યવહારમાં લાવી રજૂ કરી શકે.

**(12) નેતાગીરીના ગુણ :**

– શિક્ષણ કાર્યમાં નેતાગીરી લેવી પડે, જવાબદારી લેવી પડે, મનોવિજ્ઞાનની પદ્ધતિમાં નેતાગીરી લેવી પડે. શિક્ષક પાસે જરૂરી નેતાગીરીનો ગુણ હોવો જોઈએ.

**(13) પ્રારંભ કરવાની સૂઝ :**

– મનોવિજ્ઞાનના શિક્ષકમાં આ ગુણ હોવો આવશ્યક છે. વિષયના શિક્ષણ કાર્યમાં પ્રારંભ કરવાની સૂઝ – આવડત શિક્ષકમાં હોવી જરૂરી છે. શિક્ષકમાં આ ગુણ ન હોય તો વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકે નહીં.

**(14) આત્મ વિશ્વાસ :**

– શિક્ષકમાં આત્મવિશ્વાસનો ગુણ શિક્ષણ કાર્યને સફળ બનાવે છે. વિદ્યાર્થીઓને પણ તે સાચો રસ્તો બતાવી શકે છે. શિક્ષકમાં આત્મવિશ્વાસ હોય તો જ વિદ્યાર્થીઓમાં આત્મ વિશ્વાસનો વિકાસ કરી શકે. આત્મ વિશ્વાસના અભાવે વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ અટકી જાય છે. વિવિધ સ્થળોની મુલાકાત લેવા માટે શિક્ષકમાં આત્મ વિશ્વાસની ખૂબ જરૂર પડે છે.

આ ઉપરાંત અન્ય લક્ષણો :

(1) નવું નવું શોધવાની ધગશ (2) ભાવનાશીલ

(3) કાર્યશીલ (4) વિવિધ કૌશલ્ય વાળો

(5) રસવાન ધરાવતો (6) જ્ઞાનનો ભંડાર

(7) વિશાળ દૃષ્ટિકોણ (8) જ્ઞાની

## 14.5 શિક્ષકના ગુણ

શિક્ષકમાં ઉપર જણાવ્યા પ્રમાણેના લક્ષણો ઉપરાંત કેટલાંક ગુણો હોય તે આવશ્યક છે. શિક્ષક એ રાષ્ટ્રના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. વિદ્યાર્થીઓમાં ઉત્તમ પ્રકારના ગુણનો વિકાસ કરવા માટે તેમજ આદર્શ પૂરો પાડવા માટે કેટલાક ગુણો શિક્ષણમાં હોવાં જોઈએ.

- શરૂઆત કરવાની સૂઝ
- સંશોધન કાર્યની સૂઝ
- આત્મવિશ્વાસનો ગુણ
- નેતૃત્વનો ગુણ
- પ્રમાણિકતાનો ગુણ
- અખૂટ પ્રેમ
- ન્યાય પ્રિયતા
- નિયમિતતા
- આશાવાદીપણું
- ચારિત્ર્ય
- ગુણવાન
- ભાવનાશીલ
- જ્ઞાની
- રસવાન

શિક્ષકમાં ગુણવત્તા ઊંચી લાવવાનાં પ્રયત્ન હેઠળ સારા કાર્યક્રમોનું આયોજન થાય છે. જ્ઞાનનો વિસ્ફોટ થઈ શકે છે ત્યારે શિક્ષક પાસે સારા ગુણો હોવા આવશ્યક છે. સારા ગુણો હોવાને કારણે શિક્ષણકાર્ય સારું બનાવી શકે, અસરકારક બનાવી શકે, વિદ્યાર્થીઓમાં પ્રિય બની શકે, સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવી શકે.

## 14.6 શિક્ષકની તાલીમ

ઔપચારિક શિક્ષણના આ યુગમાં તાલીમ અનિવાર્ય છે. દરેક માનવીના જીવનમાં તાલીમનું મહત્ત્વ છે તેમ શિક્ષકના જીવનમાં પણ તાલીમનું મહત્ત્વ છે. અંગ્રેજીમાં કહેવત છે કે, *'Nobody is perfect but by practice one can be perfect'* અર્થાત્ આ સંસારમાં પૂર્ણ કોઈ જ નથી, પરંતુ મહાવરાથી તાલીમથી પૂર્ણતાની નજીક પહોંચી શકાય છે, તેથી જીવનમાં તાલીમનું ખાસ મહત્ત્વ છે.

કેટલાંક કૌશલ્યો જન્મદત્ત હોય તો કેટલાક કૌશલ્યો મહાવરા દ્વારા પ્રાપ્ત થાય છે. તાલીમ દ્વારા શિક્ષકના વ્યક્તિત્વને ચોક્કસ દિશામાં ઢાળી શકાય છે. હીરો મૂળભૂત રીતે તો પથ્થર જ હોય છે, પરંતુ જ્યારે તેને એરણ પર ચઢાવવામાં આવે છે ત્યારે હીરો બની શકે છે, તેમ તાલીમ દ્વારા વ્યક્તિની અપ્રગટ શક્તિઓ બહાર લાવી શકાય છે. વ્યક્તિ પાસે જ્ઞાન હોય પરંતુ વ્યક્ત કરતાં ન આવડે તો નકામું છે. મનોવિજ્ઞાનના શિક્ષકને માટે તાલીમ આવશ્યક છે. તાલીમથી તે નવા પ્રવાહોથી માહિતગાર થાય છે, એટલે તાલીમ લેવી ફરજિયાત છે. તાલીમથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે :

**(1) વિષયવસ્તુને ઓછા શ્રમે અસરકારક રજૂઆત કરી શકે :**

- શિક્ષકે તાલીમ મેળવેલ હોય તો મનોવિજ્ઞાન વિષયવસ્તુની રજૂઆત ઓછા સમયમાં સારી રીતે રજૂઆત કરી શકે તે માટે જરૂરી છે. તાલીમથી શિક્ષક આયોજનપૂર્વક કાર્ય કરી શકે છે, તેથી ઓછા શ્રમે કાર્ય કરી શકે.

**(2) વ્યાવસાયિક કુશળતા મેળવવા :**

- તાલીમ લેવાને કારણે શિક્ષક આયોજનપૂર્વક કાર્ય કરી શકે છે. હાવભાવ સાથે કાર્ય કરી શકે છે. વિષયવસ્તુની રજૂઆત પણ સારી રીતે કરી શકે છે. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી શકે છે. તાલીમને કારણે શિક્ષકમાં વ્યાવસાયિક કુશળતા પ્રાપ્ત થાય છે.

**(3) વિવિધ પદ્ધતિઓની જાણકારી મેળવવા :**

- એકમ પ્રમાણે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો, મનોવિજ્ઞાનના શિક્ષણકાર્ય માટે વિદ્યાર્થીઓને કઈ પદ્ધતિનો ઉપયોગ કરીશું તો અનુકૂળ આવશે. મનોવિજ્ઞાનનો શિક્ષક મનોવિજ્ઞાનની વિવિધ પદ્ધતિ વિશે જાણી શકે તે માટે તાલીમ જરૂરી છે.

**(4) નવી અધ્યાપન પ્રયુક્તિઓની જાણકારી મેળવવા :**

– શિક્ષણકાર્ય કરવા માટે કઈ કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય, કયા એકમ માટે કઈ પ્રયુક્તિ અનુકૂળ આવશે. શિક્ષક નવી અધ્યાપન પ્રયુક્તિ અનુકૂળ આવશે. શિક્ષક નવી અધ્યાપન પ્રયુક્તિઓની જાણકારી મેળવી શકે તે માટે તાલીમ જરૂરી છે.

**(5) શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવવા :**

શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવવું હોય તો શિક્ષકને તાલીમ દ્વારા તૈયાર કરવામાં આવે છે. તાલીમ લેવાને કારણે શિક્ષણકાર્ય સારી રીતે આયોજનપૂર્વક કરી શકે છે. જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી શકે છે.

**(6) સમસ્યાનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ શોધી શકે :**

શિક્ષકને તેના દૈનિક કાર્યમાં વિધિ સમસ્યાનો સામનો કરવો પડે છે. સમસ્યાના ઉકેલ કોઈ તજ્જ્ઞ પાસે જવાનું શક્ય નથી, શિક્ષકે પોતાની રીતે સમસ્યાનો ઉકેલ લાવવા પડે છે. મનોવિજ્ઞાનના અભ્યાસ દ્વારા સમસ્યાનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવી શકે છે.

**(7) વ્યક્તિગત તફાવત અનુસાર કામ કરવાની સૂત્ર મેળવવા :**

વર્ગમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે. તફાવત પ્રમાણે કાર્ય કરવું પડે. વર્ગમાં તફાવત પ્રમાણે કાર્ય કરવા માટે તામલીમ મેળવવી જરૂરી છે. તાલીમ દ્વારા યોગ્ય રીતે કામ કરવાની સૂઝ પ્રાપ્ત થાય છે.

**(8) વિદ્યાર્થીઓના કાર્યોનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે :**

તાલીમ દ્વારા શિક્ષકને મૂલ્યાંકન કરવા માટે વિવિધ મૂલ્યાંકનની રીતો જણાવવામાં આવે છે. મૂલ્યાંકનની રીતોની જાણકારી મેળવવાને કારણે વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરીશકે તે માટે જરૂરી છે. ભેદભાવ વગર મૂલ્યાંકન કરી શકે.

**(9) વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે સ્વાધ્યાયનું કામ આપી શકે :**

તાલીમને કારણે શિક્ષકમાં વ્યાવસાયિક કૌશલ્યો પ્રાપ્ત થાય છે, તેથી વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે સ્વાધ્યાય પ્રશ્નો તૈયાર કરીને આપી શકે તે માટે તાલીમ જરૂરી છે. પ્રશ્નો વિદ્યાર્થીની કક્ષા પ્રમાણે તૈયાર કરવા પડે છે.

**(10) શિક્ષણ કાર્યોમાં આયોજન પ્રમાણે કામ કરતો થાય :**

તાલીમ લેવાને કારણે આયોજન કરવાની આવડત શિક્ષકમાં આવી જાય છે. શાળામાં કોઈ કાર્ય કરવું હોય તો તેનું આયોજન કરવું પડે છે. શિક્ષકકાર્ય પ્રમાણે સારું આયોજન કરી શકે તે માટે તાલીમ જરૂરી છે.

**(11) વ્યાપક દૃષ્ટિકોણ લાવવા :**

તાલીમ દ્વારા શિક્ષકનો દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવી શકાય છે. શિક્ષકની જોવાની દૃષ્ટિકોણ બદલાય જાય છે. શિક્ષક હકારાત્મક વિચારતો થાય છે. સારું – ખરાબ પારખી શકે છે. વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે.

**(12) મનોવિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે :**

શિક્ષકને દૈનિક કાર્ય કરવા માટે વિવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે, તેનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવવા પડે છે. વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવવા માટે શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જરૂરી છે. તાલીમ દ્વારા મનોવિજ્ઞાનનું જ્ઞાન આપવામાં આવે છે. સમસ્યા અંગે ક્રિયાત્મક સંશોધન શીખવવામાં આવે છે.

**(13) પાઠ્ય પુસ્તકનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે :**

અમુક સમયના અંતરે 5ાઠ્ય પુસ્તકમાં ફેરફાર કરવામાં આવે છે. નવા તૈયાર થતા પાઠ્ય

પુસ્તકોમાં અસંખ્ય ભૂલો જોવા મળે છે. શિક્ષક પાઠ્ય પુસ્તકમાં થતી ભૂલો અંગે પાઠ્ય પુસ્તક મંડળને સૂચન કરી શકે તે માટે તાલીમ જરૂરી છે. તાલીમ લેવાને કારણે શિક્ષક પાઠ્ય પુસ્તકનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે.

**(14) અભ્યાસક્રમની યોગ્યતા ચકાસી શકે :**

અભ્યાસક્રમમાં અમુક સમયને અંતરે ફેરફાર થાય છે. નવો અમલમાં આવેલ અભ્યાસક્રમ કેવો છે ? તે અંગે દિશા સૂચન કરી શકે તે માટે તાલીમ લેવી જરૂરી છે. તાલીમને કારણે શિક્ષક અભ્યાસક્રમની યોગ્યતા ચકાસી શકે છે. નવા અભ્યાસક્રમ માટે મર્યાદાઓ જણાવી શકે છે. મર્યાદા દૂર કરવા માટે સૂચનો કરી શકે છે.

**(15) આત્મ વિશ્વાસનો વધારો કરવા :**

શિક્ષણકાર્ય કરવા માટે શિક્ષક પાસે આત્મવિશ્વાસ જરૂરી છે. આત્મ વિશ્વાસ સાથે જ દરેક કાર્ય કરવું પડે છે. તાલીમ દ્વારા શિક્ષકમાં આત્મ વિશ્વાસમાં વધારો થાય તે માટે જરૂરી છે. તાલીમ લેવાને કારણે શિક્ષક આત્મવિશ્વાસ સાથે કામ કરી શકે તે માટે જરૂરી છે. તાલીમ લેવાને કારણે શિક્ષક પોતાના કાર્યનું આયોજનપૂર્વક કાર્ય કરી શકે છે. અગાઉથી તૈયારી સાથે કાર્ય કરી શકે છે. આથી શિક્ષકમાં આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

શિક્ષક એમ માને છે કે તેણે એક વખત તાલીમ લીધી છે, એટલે તેણે પછી તાલીમ લેવાની જરૂરી નથી. તાલમી દરમિયાન શિક્ષકે જે જે બાબતોની તાલીમ મેળવી છે તેનો અમલ કરવાનું કામ તો તેણે શાળામાં ગયા પછી જ કરવાનું છે. જો શિક્ષક પોતે મેળવેલી તાલીમનો ઉપયોગ પોતાના વ્યવસાયમાં નહીં કરે તો તેણે લીધેલી તાલીમ નકામી બને છે.

શિક્ષકે અવાર નવાર સેમિનાર, વર્કશોપ વગેરેમાં જઈ પોતાના જ્ઞાનને ઓપ આપવાનું કાર્ય કરવું જોઈએ. સેમિનાર કે વર્કશોપથી શિક્ષણ કાર્યમાં છેલ્લામાં છેલ્લી માહિતીથી માહિતગાર રહી શકે છે. કેટલાક શિક્ષકોની એવી માન્યતા હોય કે આવા સેમિનાર દ્વારા કંઈ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, જેથી આ વર્ગોમાં જોડાવાનું પસંદ કરતાં નથી. જોડાય તો ખાસ ગંભીરતાપૂર્વક કાર્ય કરતાં નથી. શિક્ષકની આવી માન્યતા ભૂલ ભરેલી છે.

શિક્ષકે જ્યારે જ્યારે સેમિનારમાં જવાની તક મળે ત્યારે તકનો લાભ લઈ, પોતાનું જ્ઞાન વિશાળ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

## 14.7 શિક્ષક પાસે અપેક્ષિત કૌશલ્યો

આપણે જ્યારે શાળામાં અભ્યાસ કરતાં હતાં ત્યારે કેટલાક શિક્ષકો વધારે પ્રિય અને વધુ ગમતા હતા, જ્યારે કેટલાક શિક્ષકો ગમતા ન હતા. જે શિક્ષકો વધારે ગમતા હતા તેઓ પાસે એવી કઈ કળા અને કૌશલ્ય હતું કે તેઓ શિક્ષણ કાર્ય કરતા હતા ત્યારે વધુ કેમ ગમતા હતા, તેમના શિક્ષણ કાર્યમાં વધુ મજા અને આનંદ આવતો હતો. તે સમયે શિક્ષક શાથી વધુ ગમે છે ? તે શિક્ષકની ભણાવવાની પદ્ધતિ સારી હતી, એટલે કે તેમનામાં શિક્ષણ કાર્ય કરવાના કૌશલ્યો સારા હતા.

આ પરથી ખ્યાલ આવે છે કે જે શિક્ષકો પાસે જ્ઞાનનો ખજાનો ભરેલો હોય પણ તે તેના ખજાનામાંથી જે કંઈ આપે તે એવી રીતે આપે કે જેનો સ્વીકાર વિદ્યાર્થી કરી શકતો નથી. કારણ કે તેની પાસે રજૂઆત કરવાનું જ્ઞાન કે કૌશલ્ય નથી. આ બાબત મનોવિજ્ઞાનના શિક્ષકને પણ લાગુ પડે છે. મનોવિજ્ઞાનનો શિક્ષક કૌશલ્યવાન હોવો જોઈએ. રજૂઆત કરવાની આવડત હોવી જોઈએ, તેમની પાસે કયાં કયાં કૌશલ્યો હોવા જોઈએ તે અંગે હવે આપણે વિચારીશું.

**(1) શૈક્ષણિક સાધનોનું નિર્માણ કૌશલ્ય :**

શિક્ષણ કાર્ય કરવા માટે બધા જ શૈક્ષણિક સાધનો શાળામાં ઉપલબ્ધ હોતા નથી. કેટલાક બહારથી લાવવા પડે છે, તો કેટલાક શિક્ષકે જાતે તૈયાર કરવા પડે છે. જાતે તૈયાર કરેલ સાધનો સસ્તા પડે છે. બજારમાં મળતા સાધનો બિનઉપયોગી, ખર્ચાળ અને યોગ્ય ઉપયોગમાં

ન આવે તેવા હોય ત્યારે શિક્ષક પાસે સ્વ નિર્મિત સાધનો બનાવવાનું કૌશલ્ય હોવું આવશ્યક છે

**(2) શૈક્ષણિક સાધનોના ઉપયોગનું કૌશલ્ય :**

શિક્ષક પાસે સાધનોના નિર્માણનું કૌશલ્ય હોય પરંતુ તેના ઉપયોગનું કૌશલ્ય ન હોય તો સાધનો બીનઉપયોગી અને શોભાના ગાંઠિયા બની રહે છે. શિક્ષકે વર્ગને ધ્યાનમાં રાખી સાધનોનો ઉપયોગ કરવો પડે છે. શિક્ષક પાસે સાધનોની સમજ હોય તો જ તેનો ઉપયોગ કરી શકે છે.

**(3) અર્થઘટન કરવાનું કૌશલ્ય :**

શિક્ષક પાસે શૈક્ષણિક સાધનોનું અર્થઘટન કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. શિક્ષણ કાર્ય કરવા માટે શૈક્ષણિક સાધનો એકમ પ્રમાણે વાપરવા પડે છે. કયા એકમ માટે કયું સાધન ઉપયોગી થશે તેનું અર્થઘટન કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

**(4) પ્રાયોગિક કાર્ય કરવાનું કૌશલ્ય :**

પ્રાયોગિક કાર્ય કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ. જેને વિષયમાં પ્રાયોગિક કાર્યની જરૂર હોય તેમાં પ્રાયોગિક કાર્ય કરી શકે.

**(5) આયોજન કરવાનું કૌશલ્ય :**

શિક્ષક પાસે સફળ આયોજન કરવાની શક્તિ હોવી જોઈએ. શિક્ષણ કાર્યની સફળતાનો આધાર આયોજન છે. આયોજન કોઈ પણ કાર્યમાં સફળતા મળતી નથી. શિક્ષકે અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી આખા વર્ષનું આયોજન કરવું પડે છે. કેટલીક વાર માસિક, પખવાડિક, દૈનિક તાસ વગેરે આયોજનો કરવા પડે છે. શિક્ષણ કાર્ય સારું કરવા માટે પણ આયોજન જરૂરી છે. સારા આયોજન વગર શિક્ષણની નાવ ને બરાબર રીતે ચલવી શકે નહીં.

**(6) મંડળની પ્રવૃત્તિઓનું આયોજન કૌશલ્ય :**

વિવિધ વિષયોના મંડળમાં વિવિધ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવવાની હોય છે. પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક આયોજન કરવાનું હોય છે. વિદ્યાર્થીઓને પણ સક્રિય રાખવાના છે. વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓ પણ આપવાની હોય છે. આથી શિક્ષક પાસે મંડળની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું કોશલ્ય હોવું જોઈએ.

**(7) પ્રત્યાયન કરવાનું કૌશલ્ય :**

પોતાના વિચારોને યોગ્ય રીતે રજૂ કરવાના કૌશલ્યને પ્રત્યાયન કૌશલ્ય કહે છે. શિક્ષણ કાર્ય શિક્ષક કરે ત્યારે યોગ્ય રજૂઆત કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. સારું પ્રત્યાયન હોય તો જ વિદ્યાર્થીઓ સારી રીતે સમજી શકે.

**(8) વર્ગ વ્યવહાર કરવાનું કૌશલ્ય :**

શિક્ષક શિક્ષણ કાર્ય કરે ત્યારે તેનો વર્ગ વ્યવહાર સારો હોવો જોઈએ. વિદ્યાર્થીઓને ગમે તેવો હોવો જોઈએ. હાવ-ભાવ સાથે વર્ગ વ્યવહાર થવો જોઈએ. આરોહ-અવરોહ સાથે વર્ગ વ્યવહાર થવો જોઈએ. શિક્ષક પાસે વર્ગ વ્યવહાર કરવાનું કૌશલ્ય સારું હોવું આવશ્યક છે.

**(9) આંતરક્રિયા કરવાનું કૌશલ્ય :**

શિક્ષણ કાર્ય કરવા માટે શિક્ષકે વિવિધ પદ્ધતિઓ, સાધન અન સંદર્ભનો ઉપયોગ કરવો પડે છે. આ સંસાધનોનો ઉપયોગ કરતી વખતે તેઓ વચ્ચે આંતર સંબંધ જળવાઈ રહે, તે માટે આંતરક્રિયા કૌશલ્ય અપેક્ષિત છે. શિક્ષણ કાર્ય કરતી વખતે અન્ય સાથે સંબંધો બાંધવા પડે છે. કોઈપણ પદ્ધતિ અન્ય પદ્ધતિ સાથે, કોઈપણ સાધનને અન્ય સાધન સાથે આંતરિક અનુબંધથી જોડાય તો જ શિક્ષણની સફળતા મળે. આ માટે આંતર સંબંધ જોડવા માટે, તેઓ વચ્ચે આંતરક્રિયા કરવી પડે.

**(10) પ્રશ્નોત્તરી કૌશલ્ય :**

શિક્ષણ કાર્ય સફળતાનો આધાર વિદ્યાર્થીની ભાગીદારી છે. વિદ્યાર્થીને કેવા પ્રશ્નો પૂછવામાં આવે તો વધુ પ્રમાણમાં ભાગીદાર બને. પ્રશ્નો સ્પષ્ટ અને ટૂંકા, વિદ્યાર્થીઓ સમજી શકે તેવા પૂછવા પડે છે. પ્રશ્નો સરળ હોવા જોઈએ. કક્ષા પ્રમાણે પ્રશ્નો પૂછવા. આ રીતે પ્રશ્નોત્તરી કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

**(11) સંગ્રહ કૌશલ્ય :**

શિક્ષકને સંગ્રહનો શોખ હોવો જોઈએ. તે શોખની સાથે તેનું કૌશલ્ય જરૂરી છે. સંગ્રહ યોગ્ય રીતે કરવો પડે છે, જે સંગ્રહ કરવામાં આવે તે કેટલો ઉપયોગી છે તે બાબત જરૂરી છે.

**(12) સર્વગ્રાહી મૂલ્યાંકન કૌશલ્ય :**

મૂલ્યાંકન યોગ્ય રીતે થાય તે પણ જરૂરી છે. વિદ્યાર્થીની કક્ષા પ્રમાણે મૂલ્યાંકન થાય તે પણ જરૂરી છે. કેવા પ્રશ્નો પૂછવા, નિબંધ પ્રકાર, ટૂંકા વસ્તુલક્ષી વગેરે ના કેટલા પ્રશ્નો પૂછવા, અન્ય રીતે મૂલ્યાંકન કઈ રીતે કરવું, વિદ્યાર્થીઓ પ્રાયોગિક કાર્ય કરે ત્યારે તેનું મૂલ્યાંકન કઈ રીતે કરવું, શિક્ષક પાસે સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાનું કૌશલ્ય હોવું જોઈએ.

**(13) સમસ્યા ઉકેલ કૌશલ્ય :**

શાળામાં અવારનવાર વિદ્યાર્થીઓ પક્ષે સમસ્યા ઊભી થતી હોય છે, તેના યોગ્ય ઉકેલ લાવવો જરૂરી છે. વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવો જરૂરી છે. દરેક તાસે સમસ્યા હોય છે. શિક્ષકે સ્વયં ઉકેલ લાવવો પડે છે. આથી શિક્ષક પાસે સમસ્યા ઉકેલ માટેનું કૌશલ્ય હોવું જોઈએ. શિક્ષકે સમસ્યાનું નિદાન કરી ઉપચાર કાર્ય કરવું પડે છે.

**(14) નેતાગીરી લેવાનું કૌશલ્ય :**

શિક્ષક પાસે નેતાગીરી લેવાનું કૌશલ્ય હોવું જોઈએ. શિક્ષક એક નેતા છે. નેતાએ વિવિધ કાર્યો કરવાના હોય છે. નેતાની તાલીમ વિદ્યાર્થીઓને મળે તે પણ જરૂરી છે. નેતા તરીકે વ્યવહાર, કામ લેવાની આવડત વગેરે જરૂરી છે.

**(15) પ્રવાસ આયોજન કૌશલ્ય :**

વિદ્યાર્થીઓને બહારનું શિક્ષણ મળી રહે તે માટે શાળામાંથી પ્રવાસ લઈ જવા પડે છે. પ્રવાસનું આયોજન કરવાનું શિક્ષક પાસે કૌશલ્ય હોવું જોઈએ. પ્રવાસ પહેલા, પ્રવાસ દરમિયાન, પ્રવાસ પછી શું કરવાનું હોય છે તે અંગે આયોજન કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

આ ઉપરાંત નીચે જેવાં કૌશલ્યો પણ શિક્ષક પાસે હોવાં જોઈએ :

(1) નકશા દોરવાનું કૌશલ્ય

(2) ફોટોગ્રાફી કરવાનું કૌશલ્ય

(3) ક્રિયાશીલ પ્રવૃત્તિ કરવાનું કૌશલ્ય

(4) સામાજિક સંપર્ક કરવાનું કૌશલ્ય

(5) નવીન ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવાનું કૌશલ્ય

(6) વાર્તાકથન કૌશલ્ય

(7) સ્ક્રિપ્ટ લેખન કૌશલ્ય

## 14.8 શિક્ષકનું દૃષ્ટિબિંદુ

દર્શન વગરનો શિક્ષક દર્શક કેવી રીતે બની શકે ? શિક્ષકે તો વિદ્યાર્થીના દર્શક બનવાનું છે. વિદ્યાર્થઓમાં ચારિત્ર્ય, જીવન મૂલ્યો અને વિધાયક વલણોનું ઘડતર કરી જીવનદર્શનનું સંચારણ કરવાનું છે. શિક્ષકને શિરે આ એક અતિભારે જવાબદારી છે. આ જવાબદારીના વહન માટે શિક્ષક પાસે જીવનના ઉદાર અને ઉદાત તથા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અપેક્ષા રાખવામાં આવે છે.

વિશ્વના વિવિધ દેશોની પ્રજાના રૂપ, રંગ, આકાર, કદ, સ્વભાવ, ખોરાક, પોશાક, રહેઠાણ, તેની આર્થિક પ્રવૃત્તિઓ વગેરે જેવી અનેક બાબતો તેમના પર્યાવરણના સંદર્ભમાં ઘડાય છે. દુનિયાના દેશોની પ્રજામાં ઉપરોક્ત બાબતોમાં ભિન્નતા શાથી ? આ બધું સમજવા મનોવિજ્ઞાનના શિક્ષકમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોવો ખૂબ જ જરૂરી છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને લીધે જ શિક્ષક ભૌગોલિક ઘટનાઓ સમજી શકે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ જ શિક્ષકને તેમના વિદ્યાર્થીઓને અકળ કુદરતને સમજવામાં ખૂબ ઉપયોગી થાય છે.

વિદ્યાર્થીઓ મોટે ભાગે શિક્ષકોનું અનુકરણ કરે છે. એક સારો શિક્ષક વિદ્યાર્થીને પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે ઘણું આપી શકે છે. વાસ્તવમાં તો શિક્ષક જ્યાં જાય કે ચાલે ત્યાં વિષયનું અધ્યાપન થતું રહે છે.

આ દૃષ્ટિએ શિક્ષક પાસે પ્રભાવપૂર્ણ વ્યક્તિત્વ, ઉમદાશીલ અને સદાચાર, સ્નેહ અને ઉત્કૃષ્ટ જીવન મૂલ્યોની અપેક્ષા રહે છે. આવા શિક્ષક આદર્શ વિશ્વના નાગરિક બની શકે. આવા જીવન દર્શન અને જીવન વ્યવહારવાળો શિક્ષક વિશ્વ માનવજાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં અનન્ય ફાળો આપી શકે અને વિશાળ વિદ્યાર્થી સમુદાયનો સાચો રાહબર બની શકે.

શિક્ષકના દૃષ્ટિબિંદુ અંગેની નીચેની બાબતો અનિવાર્ય છે :

**(1) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ :**

શિક્ષક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વાળો હોવો જોઈએ. મનોવિજ્ઞાનના અભ્યાસમાં બનાવો, આધારોને ચકાસવાના હોય છે, તેની ચકાસણી કરી સમજ મેળવવાની હોય છે. આ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતો હોવો જોઈએ. વિશ્વની વિવિધ પ્રજાનાં રંગ, કદ, દેખાવ, ખોરાક, પોશાક, રહેણી કરણી અને સ્વભાવ વગેરેમાં જે ભિન્નતા જોવા મળે છે, તે તેમને મળેલા ભૌગોલિક પ્રદેશની રચના અને પરિસ્થિતિઓને આભારી છે, તેની સ્પષ્ટ સમજ મનોવિજ્ઞાનના શિક્ષકમાં હોવી જોઈએ. આ બાબતની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરે તે જરૂરી છે.

**(2) શાંતિમય દૃષ્ટિકોણ :**

શિક્ષક શાંતિમય સહ અસ્તિત્વની ભાવનાને વરેલો હોય તેમાં માનવીય દૃષ્ટિકોણ એવો હોય કે તે અન્ય રાષ્ટ્રના માનવને સદ્ભાવનાથી જુએ. જીવો અને જીવવા દો. ચાલો આપણે સાથે હળીમળીને એકબીજાના પૂરક બની જીવનને મંગલમય સદ્ભાવના અને શાંતીમય સહ અસ્તિત્વવાળુ બનાવી એ જય જગતની ભાવના કેળવીએ.

**(3) હકારાત્મક દૃષ્ટિકોણ :**

શિક્ષકનું હકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતો હોવો જોઈએ, તો જ વિદ્યાર્થીઓમાં હકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવી શકે. આ માટે સત્ય બાબતો રજૂ કરવી જરૂરી છે. સમાજમાં વિવિધ સમસ્યાઓ ઊભી થયેલી જોવા મળે છે. દા.ત. – રાષ્ટ્રવાદ, પ્રાંતવાદ, કોમવાદ વગેરે.

સમસ્યાઓની રજૂઆત વખતે સત્ય બાબતો આપવી જોઈએ. સાચી માહિતી રજૂ કરી, હકારાત્મક વિચારો રજૂ કરવા જોઈએ. કોઈ એક કોમ, પ્રદેશ, ભાષા કે રાષ્ટ્રનો પક્ષ લઈને નકારાત્મક વિચારો રજૂ ન થાય તેની સતત કાળજી રાખવી જોઈએ. વિદ્યાર્થી આતંકવાદી ન બને, તેનામાં નકારાત્મક વિચારો ન આવે તે બાબતની કાળજી રાખવી પડે છે.

વ્યક્તિ તરીકે આપવી ફરજ શું છે, તે વિશે સમજ આપવી જોઈએ. હકારાત્મક દૃષ્ટિકોણ જ સમસ્યાઓના નિરાકરણમાં મદદરૂપ બને છે.

શિક્ષક કોઈ પક્ષે નહીં પણ તટસ્થ રહીને ધર્મ, જાતિ, સામાજિક રીત રિવાજો, રહેણી કરણી, રાજકીય પરિસ્થિતિ વગેરે બાબતોમાં હકારાત્મકતા રાખી વિદ્યાર્થીઓને સમજ આપી સાચી દિશા બતાવવી જોઈએ. વિદ્યાર્થી રાષ્ટ્રના રંગે રંગાઈ તે બાબતમાં ધ્યાનમાં રાખી સમજ આપવી.

**(4) ઉચ્ચ ચારિત્ર્ય વિકસાવવાનો દૃષ્ટિકોણ :**

શિક્ષક પાસે ઉચ્ચ ચારિત્ર્ય વિકસાવવાનો દૃષ્ટિકોણ હોવો જોઈએ, તો જ વિદ્યાર્થીઓમાં ઉચ્ચ ચારિત્ર્ય વિકસાવી શકે. વિદ્યાર્થી એક સારો નાગરિક બને. સમાજ અને કુટુંબની સારી સેવા કરી શકે પ્રમાણિક બને.

**(5) રાષ્ટ્રીય એકતાનો દૃષ્ટિકોણ :**

વિશ્વની વિવિધ પ્રજાનાં રંગ, કદ, દેખાવ, ખોરાક, પોશાક, રહેણીકરણી અને સ્વભાવ વગેરેમાં જે ભિન્નતા જોવા મળે છે, તે તેમને મળેલા ભૌગોલિક પ્રદેશની રચના અને પરિસ્થિતિઓને આભારી છે, તેની સમજ શિક્ષકમાં હોવી જોઈએ. આ સમજ વિદ્યાર્થીઓને આપી શકે. ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર જોવા મળે છે. રાષ્ટ્રીય એકતા માટેના પ્રયત્નો કરવા પડે, જરૂરી ઉદાહરણો રજૂ કરી માહિતી આપવી જોઈએ.

દા.ત. ચા નો પાક દરેક જગ્યાએ કેમ થતો નથી ?

**(6) રાષ્ટ્રીય દૃષ્ટિકોણ :**

શિક્ષકે રાષ્ટ્ર પ્રત્યે હકારાત્મક રીતે વર્ણવાનું છે. આ બાબત વિદ્યાર્થીઓમાં આવે તેવા પ્રયત્નો કરવાના છે. રાષ્ટ્ર ભાવના હોય તો જ વિદ્યાર્થીઓમાં લાવી શકે. રાષ્ટ્રનું ગૌરવ વધે તેવા પ્રયત્નો કરવાના છે. નાગરિક તરીકે ફરજ બજાવવાની, રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ હોવો જ જોઈએ. દેશ મુશ્કેલીમાં હોય ત્યારે, પોતાના દેશના રક્ષણ માટે મરી ફીટવાની તૈયારી કેળવવાની છે.

રાષ્ટ્રમાં એકતા, સંપ, વિકાસ માટે પરિશ્રમ, ભેદભાવથી દૂર રહી રાષ્ટ્રના રક્ષણ માટે એક થઈ કાર્ય કરવાનું છે. એક કુટુંબની ભાવના રાખી રાષ્ટ્રો સાથે પ્રેમ, સહાનુભૂતિ રાખીને વિશ્વના દેશોની સંસ્કૃતિ અને પ્રજા પ્રત્યે આદર રાખીને રાષ્ટ્ર પ્રેમ વિકસાવવો જોઈએ, તેમજ તેમનું રક્ષણ પણ કરવું જોઈએ.

પૂર્વગ્રહોથી પર રહી, રાષ્ટ્રનો વિકાસ થાય, ગૌરવ વધે તેવા પ્રયત્નો શિક્ષકે કરવાના છે.

**(7) માનવીય દૃષ્ટિકોણ :**

શિક્ષકનો ઉદાત, વિશાળ વૈજ્ઞાનિક અને માનવીય દૃષ્ટિકોણ આવતીકાલની સમગ્ર વિશ્વની પેઢી માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ, આનંદ અને પ્રસન્નતા લાવનારો હશે. શિક્ષકનો માનવીય દૃષ્ટિકોણ જેવું એનું કલ્યાણમય જીવનદર્શન એવું આવતીકાલનું વિશ્વ હશે તેમાં શંકાને સ્થાન નથી. વિશ્વ એક કુટુંબ છે તેની ભાવના વિદ્યાર્થીઓમાં જગાડવાની છે.

**(8) વિશાળ દૃષ્ટિકોણ :**

શિક્ષકનું દૃષ્ટિકોણ વિશાળ હોય તે જરૂરી છે. શિક્ષકે વિશ્વના માનવો વિશે અભ્યાસ કરવાનો હોય છે. વિશ્વસ્તરે બનતી ઘટનાઓ વિશે અભ્યાસ કરવાનો છે. ન્યાય રીતે ભેદભાવ વગર વિશ્વ સ્તરે અભ્યાસ કરવો પડે છે.

વિજ્ઞાન અને ટેક્નોલૉજીની શોધને કારણે આજે વિશ્વ નાનું બનતું જાય છે. વિશ્વના ગમે તે ખૂણે સર્જાતી ઘટનાની જાણ ક્ષણભરમાં સર્વત્ર ફેલાય જાય છે ત્યારે વિશાળ દૃષ્ટિકોણથી જ તેને સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છે.

**(9) તટસ્થ દૃષ્ટિકોણ :**

શિક્ષક ન્યાયી અને તટસ્થ હોય તે જરૂરી છે. વિદ્યાર્થીઓમાં ન્યાયી રીતે તંદુરસ્ત બાબતો વિકસાવવાની છે. વર્તમાનકાળે વિશ્વમાં અનેક વાદ-વિવાદો વિકસતા રહે છે, ત્યારે તેમાં તટસ્થતા જરૂરી છે. સારું શું ? નરસું શું ? સાચી કે ખોટી બાબત અંગેનો નિર્ણય લેવાનો હોય ત્યારે વિદ્યાર્થીઓ તટસ્થ રીતે યોગ્ય નિર્ણય લઈ શકે. શિક્ષકમાં બિનહાનિકારક દૃષ્ટિકોણ હોવો જરૂરી છે. સ્પષ્ટ ભાવે યોગ્ય નિર્ણય લઈ શકે તેવી ભાવના વિદ્યાર્થીઓમાં જવાડવાની છે.

ટૂંકમાં, માનવ જાત માટે સંવેદનશીલતા, મીઠાશ, સ્નેહઅ, કરુણા, હૂંફાળો અને પ્રેમાળ માનવીય અભિગમ વિકસાવવાનો દષ્ટિકોણ જરૂરી છે. સમગ્ર માનવજાત માટે સ્વતંત્રતા – સમાનતા – બંધુતાનો ભાવ જન્માવવાનો દષ્ટિકોણ.

## 14.9 માતૃભાષાનો શિક્ષક

### 14.9.1 પ્રસ્તાવના

તમે નીચેના શ્લોકનું વારંવાર ગાન કરેલ છે.

(1) ગુરુબ્રહ્મા, ગુરુવિષ્ણુ, ગુરુદેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

(2) ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી ગોવિન્દ દિયો બતાય.

ઉપરોક્ત બંને શ્લોક દ્વારા ગુરુનું સ્થાન કેટલું ઊંચું છે તેનો ખ્યાલ તમને છે જ. એલેક્ઝાંડર પણ કહેતા હતા કે, ''મારા જન્મ માટે હું મારા પિતાનો આભારી છું, પરંતુ મારા જીવન માટે હું મારા શિક્ષકનો આભારી છું.'' એચ.જી.વેલ્સે શિક્ષકને … કહેલ છે. શિક્ષકનું મહત્ત્વ દુનિયાની બધી જ ભાષાના બધાં જ ચિંતકોએ જણાવ્યું જ છે. પરંતુ આટલું ઊંચું, મહત્ત્વનું અને સુંદર સ્થાન ગ્રહણ કરતાં પૂર્વે શિક્ષકે પણ સુંદર બનવું જરૂરી છે. સુંદરતા પ્રાપ્ત કર્યા પહેલાં સુંદર બનવું પડે.' આ સુંદર બનવામાં જ શિક્ષકનું શિક્ષત્વ રહેલું છે. શિક્ષકનું શિક્ષકતા, શિક્ષકની સજ્જનતા શેમાં છે ? તેના વિશે આપણે આ પ્રકરણમાં ચર્ચા કરીશું, પરંતુ તે ચર્ચા માતૃભાષાના શિક્ષકને કેન્દ્રમાં રાખી કરીશું.

### 14.9.2 ભાષા શિક્ષકની શૈક્ષણિક સજ્જતા

માતૃભાષાના શિક પાસે માતૃભાષા અંગેનું પૂરતું સૈદ્ધાંતિક અને વ્યાવહારિક જ્ઞાન હોવું જોઈએ. આ માટે તે ગુજરાતી વિષય સાથે સ્નાતક થયેલો હોવો જોઈએ. જો ભાષાશિક્ષકે ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ફરજ બજાવવાની હોય તો તે ગુજરાતી વિષય સાથે અનુસ્નાતક હોવો જોઈએ. એટલું જ નહીં બી.એડ્. કક્ષાએ તેની એક પદ્ધતિ ગુજરાતી વિષયની હોવી જ જોઈએ. આટલી ક્ષમતાને ભાષાશિક્ષકની શૈક્ષણિક સજ્જતા ગણી શકાય. ઉપરાંત તેણે ભાષાક્ષેત્રે સંશોધન કરેલ હોય, માતૃભાષામાં કોઈ રચના કરતાં હોય, જુદા જુદા વિષયો પર માતૃભાષા દ્વારા પોતાના વિષયો લખીને પ્રકાશિત કરતા હોય વગેરે જેવી ક્ષમતા વિશેષ સજ્જતા કહેવાશે.

આમ છતાં આજે પણ આપણે ઘણી શાળા તરફ નજર દોડાવીએ તો જોવા મળે છે કે ગુજરાતી વિષયમાં સ્નાતક ન હોય તો પણ તે ગુજરાતી વિષયનું શિક્ષણકાર્ય કરે છે. શાળામાં ગમે તે શિક્ષકને ગુજરાતીના અધ્યાપનની જવાબદારી સોંપી દેવામાં આવે છે. એક લઘુશોધ નિબંધ પ્રમાણે અમદાવાદ શહેરની 77 જેટલી માધ્યમિક શાળાઓમાં કુલ 358 જેટલાં ભાષાશિક્ષકો હતાં. પરંતુ તેમાંથી 69 જેટલાં શિક્ષકો પાસે ગુજરાતી વિષય શીખવાની લાયકાત જ નહોતી. મોટા ભાગે વ્યાયામ શિક્ષકો જ ગુજરાતી વિષયનું અધ્યાપન કરતાં હતાં ! જે બતાવે છે કે આપણા સમાજ અને સરકાર ભાષાશિક્ષણ માટે જાગૃત નથી. માતૃભાષાનું અધ્યાપન ગમે તે શિક્ષકને સોંપી ન દેવાય. એ તો હાડકાંના દાક્તર પાસે આંખનું ઑપરેશન કરાવ્યા બરાબર છે. આમ કરતાં બાળકોમાં માતૃભાષાની સિદ્ધિ જોખમાય છે. આજે પણ માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ લેવાતી જાહેર પરીક્ષાના પરિણામમાં ગુજરાતી વિષય કે જે બાળકની માતૃભાષા જ છે છતાં તેમાં વિદ્યાર્થીને અન્ય વિષય કરતાં ઘણાં જ ઓછા ગુણ મળે છે ! આ બાબત જ બાળક અને શિક્ષકની ભાષાશિક્ષણ પ્રત્યેની જાગૃતતા સૂચવે છે.

ટૂંકમાં માતૃભાષાના શિક્ષકની શૈક્ષણિક સજ્જતા ગુજરાતી વિષય સાથે સ્નાતક કે અનુસ્નાતક અને બી.એડ્. કક્ષાએ ગુજરાતી વિષય પદ્ધતિ હોવાં જ જોઈએ. તેની સાથે કશી જ બાંધછોડ કરવી જોઈએ નહીં.''

### 14.9.3 ભાષા શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા

ભાષાના શિક્ષક તરીકેનો વ્યવસાય કરતાં શિક્ષક પાસે કેટલાક વ્યાવસાયિક ગુણોની અપેક્ષા રાખવામાં આવે છે.

**(1) જ્ઞાતા અને દાતા :**

ભાષાના શિક્ષક પાસે પોતાના વિષયવસ્તુનું પૂરેપૂરું જ્ઞાન હોવું જોઈએ. ભાષાશિક્ષક પાસે પાઠ્યપુસ્તક જેટલું જ જ્ઞાન હશે તો નહીં ચાલે. તેની પાસે વિવિધ વિષયોનું પણ કેટલુંક જ્ઞાન જરૂરી છે. જેથી તે શિક્ષણકાર્ય દરમિયાન અનુબંધ સ્થાપી શકે. આજનો વિદ્યાર્થી વર્ગમાં આવે ત્યારે પ્રસાર માધ્યમો દ્વારા દરરોજ કશુંક નવું નવું જ્ઞાન લઈને આવે છે. જેથી શિક્ષક પાસે વિદ્યાર્થી કરતાં વધુ જ્ઞાન હોવું આવશ્યક છે જ.

પાંડુરંગ આઠવલે કહે છે કે, 'શિક્ષક એટલે જંગમ વિશ્વકોશ.' આ વિધાન દ્વારા જ ખ્યાલ આવશે કે શિક્ષક પાસે કેટલું જ્ઞાન હોવું જોઈએ.

શિક્ષક પાસે જ્ઞાન હોય પરંતુ તે આળસુ બનીને બેસી રહે તો ? માટે જ તે જ્ઞાતાની સાથે દાતા પણ હોવો જોઈએ. વિદ્યાર્થીને જે ગમે છે – જેમાં રસ છે તેવું પિરસવું પડે. વિદ્યાર્થીને ગુલાબજાંબુ ભાવે અને આપણે તેને જલેબી ખવડાવવાનો આગ્રહ કરીએ તો ? શિક્ષક પાસે માતૃભાષાના સાહિત્યનું અને વ્યાકરણનું જરૂરી જ્ઞાન હોવું જ જોઈએ.

**(2) ભાષાશિક્ષણની પદ્ધતિઓનો જાણકાર :**

ભાષાશિક્ષક પાસે ભાષાશિક્ષણની વિવિધ પદ્ધતિઓની જાણકારી હોવી જોઈએ. અધ્યાપનકાર્યને રસિક અને હેતુલક્ષી બનાવવા ıમટે વિવિધ પદ્ધતિઓનો યથાસમયે ઉપયોગ કરવાની આવડત શિક્ષકમાં હોવી જોઈએ. શિક્ષકે અદ્યતન પ્રવાહો અને પદ્ધતિઓથી પરિચિત બનીને તેનો વર્ગશિક્ષણમાં અવારનવાર ઉપયોગ કરવો જોઈએ. જેવો એકમ અને જેવી બાળકોની ક્ષમતા તે પ્રમાણે પદ્ધતિ પસંદ કરીને ભાષાશિક્ષણને રસિક બનાવવું જોઈએ.

**(3) અન્ય ભાષાઓનું જ્ઞાન :**

ભાષાનું મુખ્ય કાર્ય પ્રત્યાયન છે. પ્રત્યાયન સરળ અને ગૌરવવંતુ બને તે માટે બાળકોને અધ્યાપન કરાવતાં કરાવતાં અન્ય ભાષા સાથે અનુબંધ બાંધવો જોઈએ. અન્ય ભાષાની પ્રખ્યાત કૃતિઓ તેમ જ તેના રચનાકારને યાદ કરીને બાળકોને પણ પોતાની માતૃભાષા માટે કશુંક કરી છૂટવાની, સર્જન કરવાની તનમ્ના જાગે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**(4) મનોવિજ્ઞાનનો જાણકાર :**

આમ તો કોઈ પણ શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું આવશ્યક છે. તેમાં પણ ભાષાશિક્ષક પાસે તો ખાસ. કારણ કે ભાષાશિક્ષકે બાળકોમાં શ્રવણ-કથન-વાચન અને લેખન કૌશલ્યો વિકસાવવાના છે. આ માટે બાળકની ઉંમર, વાતાવરણ, રસ-રુચિ, શારીરિક અને માનસિક શક્તિ વગેરે અગત્યનો ભાગ ભજવે છે. આ બધાં પાસાને ધ્યાનમાં રાખી સમજીને શિક્ષક ભાષાજ્ઞાન આપશે તો જ સફળ થશે. જે માટે મનોવિજ્ઞાનનું જ્ઞાન શિક્ષક માટે અત્યંત આવશ્યક છે. મનોવિજ્ઞાનના જ્ઞાન વિનાનો શિક્ષક અધૂરો છે.

**(5) સાહિત્યના વિવિધ પ્રકારોમાં રસ સાથે જ્ઞાન હોવું જરૂરી :**

ભાષાશિક્ષણનો એક હેતુ બાળકોને સાહિત્યના વિવિધ પ્રકારોથી પરિચિત કરીને તેમાં રસ લેતાં કરવાનો છે. આ માટે શિક્ષક પાસે સાહિત્યના વિવિધ પ્રકારોનું જ્ઞાન હોવું જરૂરી છે. માત્ર જ્ઞાન હશે તો પણ નહીં ચાલે. તેને સાહિત્યના વિવિધ પ્રકારોમાં રસ પણ હોવો જોઈએ. તો જ તે રસિકતાથી બાળકોને અધ્યાપન કરી શકશે. સાહિત્યના જુદાં જુદાં પ્રકારો જેવાં કે ટૂંકી વાર્તા, નવલિકા, નવલકથા, ગઝલ, ઊર્મિકાવ્ય, સૉનેટ વગેરે છે. તેમાં શિક્ષકને કોઈ પણ પ્રકાર માટે અણગમો ન હોવો જોઈએ, નહીં તો તેની અસર વિદ્યાર્થીઓ પર પડ્યા વિના નહીં રહે.

**(6) વ્યાકરણનું પર્યાપ્ત જ્ઞાન :**

ભાષાના ઘડતર માટેનો પાયો વ્યાકરણ છે. શિક્ષકે બાળકની કક્ષા અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વ્યાકરણ શિક્ષણઊ પણ આપવાનું છે. આ માટે શિક્ષક પાસે ભાષાના વ્યાકરણનું પર્યાપ્ત જરૂરી જ્ઞાન હોવું આવશ્યક છે. ભાષાની શુદ્ધતાનો આધાર વ્યાકરણ છે. ભાષાકીય વ્યવહાર માટે વ્યાકરણનું મહત્ત્વ અત્યંત છે. તેને ધ્યાનમાં રાખી શિક્ષકે વ્યાકરણ પર સહેજ પણ અણગમો લાવ્યાં સિવાય, જ્યાં જ્યાં તક મળે અને જરૂર જણાય ત્યાં અને ત્યારે, વિવિધ રીતે બાળકોને વ્યાકરણનું જ્ઞાન આપવું જોઈએ. આ માટે વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું અને વ્યાકરણનું જ્ઞાન શિક્ષક માટે આવશ્યક છે.

**(7) ઉચ્ચારશુદ્ધિ અને આકર્ષક અભિવ્યક્તિ :**

ભાષાશિક્ષક માટે ઉચ્ચાર અને અભિવ્યક્તિ બંને ઘરેણાં સમાન છે. આ બે બાબતોથી ભાષાશિક્ષક શોભે છે. ભાષાશિક્ષણમાં બાળકો પાસે ઉચ્ચારની શુદ્ધતા એન આકર્ષક અભિષ્યનો આગ્રહ રાખવામાં આવે છે. જો શિક્ષક પાસે જ આ આવડત નહીં હોય તો તે બાળકો પાસે કેવી રીતે અપેક્ષા રાખી શકે ? બાળકોને કેવી રીતે આદર્શનમૂનો આપીને શીખવી શકે ? કોઈ પણ શિક્ષક માટે ઉચ્ચારમાં સ્પષ્ટતા અને શુદ્ધતા જરૂરી છે. પરંતુ ભાષા શિક્ષક માટે તો ખાસ ભાષાશિક્ષણ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર માટે જરૂરી ઉચ્ચાર સ્થાનોનો આધાર લઈ બાળકોને ઉચ્ચાર શુદ્ધિનું જ્ઞાન અને મહાવરો આપવાના છે. તેવી જ રીતે વાક્છટા, ભાષા અભિવ્યક્તિ  પણ એટલી જ આકર્ષક હોવી જોઈએ કે જેમાંથી બાળકો પ્રેરણા લઈને શીખે. માટે જ જ્યોર્જ સેમ્પસને કહ્યું હતું , "દરેક શિક્ષક પ્રથમ માતૃભાષાનો શિક્ષક છે, અને પછી જ તે પોતાના વિષયનો."

**(8) કાવ્યશિક્ષણ પ્રત્યે સભાન :**

કાવ્ય શિક્ષણ માટે ભાષા શિક્ષક પાસે વિશેષ અપેક્ષા રાખવામાં આવે છે. માટે કહેવાય છે કે, "બધા ભાષાના શિક્ષકો કાવ્યના શિક્ષકો હોતા નથી." કાવ્યશિક્ષણ એ વિશેષ આવડત માંગી લે છે. કાવ્યશિક્ષણ માટે શિક્ષક પાસે રસાસ્વાદ કરાવવાની શક્તિ અને તમન્ના હોવાં જોઈએ. તે સંવેદનશીલ, લાગણી પર પ્રભુત્વ ધરાવતો, શબ્દો સાથે દોસ્તી ધરાવતો હોવો જોઈએ. સાથે કાવ્યનું યોગ્ય રીતે ગાન કે પઠન કરવાની શક્તિ ધરાવતો હોવો જોઈએ. કાવ્યશિક્ષણ માટે જરૂરી કલ્પનાશક્તિ પણ હોવી જરૂરી છે. તે જે તે સંસ્કૃતથી પરિચિત પણ હોવો જરૂરી છે. કારણ કે કાવ્ય પર સંસ્કૃતિની અસર વર્તાતી જોવા મળે છે. તે કાવ્યના વિવિધ પ્રકારોમાં રસ અને જ્ઞાન પણ ધરાવતો હોવો જોઈએ.

ઉપરોક્ત ગુણો ઉપરાંત નીચેના ગુણો પણ ભાષાશિક્ષક માટે અત્યંત આવશ્યક છે.

– પોતાના વિષય માટે ગૌરવ હોવું જોઈએ.
– પોતાના વ્યવસાય માટે અભિરુચિ અને ગૌરવ હોવાં જોઈએ.
– વિદ્યાર્થીકેન્દ્રી માનસ ધરાવતો હોવો જોઈએ.
– પ્રભાવશાળી અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ હોવાં જોઈએ.
– વિશેષ સંદર્ભોનો ખજાનો હોવો જોઈએ.
– વાતચીત કરવાની રીત આકર્ષક હોવી જોઈએ.
– પ્રેમ અને સહાનુભૂતિથી ભરપૂર હોવો જોઈએ.
– તેનું વર્તન મૈત્રીપૂર્ણ હોવું જોઈએ.
– નવીન-સંશોધનમાં રસ દાખવનાર અને સંશોધન કરનાર હોવો જોઈએ.
– સહઅભ્યાસ પ્રવૃત્તિનું આયોજન કરવાની ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.
– શિક્ષણ અને ભાષા ક્ષેત્રે થતાં નવા સંશોધનોથી પરિચિત હોવો જોઈએ.
– શૈક્ષણિક ટૅક્નોલૉજીનો જરૂર પડે ઉપયોગ કરનાર હોવો જોઈએ.

– વાંચનમાં વિશાળ રસ ધરાવતો હોવો જોઈએ.

– લેખક અને કવિઓનો ચાહક હોવો જોઈએ.

**14.9.4 કાવ્ય શિક્ષકની સજ્જતા**

'બધાં ભાષાના શિક્ષકો એ કાવ્યના શિક્ષકો નથી હોતા.' આ વિધાન પરથી જ ખ્યાલ આવે છે કે કાવ્યશિક્ષણ એ કંઈક વિશેષ પ્રકારની બાબત છે. માટે તો ઘણી વાર કાવ્યશિક્ષણ કરનાર શિક્ષકને હાથે કાવ્યનું ખૂન થાય છે. માટે જ સ્વ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું હતું કે, "કાવ્ય શીખવતા શિક્ષકોએ કાવ્યને જેટલું નુકસાન કર્યું છે એટલું કદાચ બીજા કોઈએ નહીં કર્યું હોય. જ્યારથી શિક્ષકોએ કાવ્યનું શિક્ષણ આરંભ્યું છે, ત્યારથી કાવ્યનો આનંદ, ઉલ્લાસ વગેરે અદશ્ય થઈ ગયાં છે." આમ પણ ઘણાં શિક્ષકો કાવ્યને ગદ્યમાં ફેરવીને શિક્ષણ આપે છે ! કવિના અનુભવ, સંવેદન, વિચારતત્ત્વને પામી શકતા નથી. કાવ્યની સૌંદર્યતાને ઝીલી શકતા નથી. ખરેખર તો જે શિક્ષકને કાવ્યશિક્ષણ માટે આત્મવિશ્વાસ ન હોય તેમણે કાવ્યનું શિક્ષણ કરાવવું જ જ જોઈએ. અન્ય શિક્ષકો કે જેઓ કાવ્યશિક્ષણમાં રસ ધરાવે છે તમને સોંપી દેવું જોઈએ. જો તેણે કાવ્યશિક્ષણમાં નિપુણતા પ્રાપ્ત કરવી હોય તો તે માટે વિશેષ પ્રયત્ન કરીને રસ કેળવવા જોઈએ. આ માટે તેનામાં નીચેના ગુણો હોવા જરૂરી છે.

શિક્ષક....

– કાવ્યપ્રેમી હોવો જોઈએ. કવિતા માટે માન અને લગાવ હોવાં જોઈએ.

– કવિતામાં અભિરુચિ ધરાવતો હોવો જોઈએ.

– કાવ્યનો શિક્ષક સંવેદનશીલ હોવો જોઈએ. કાવ્યમાં કવિએ પોતાના સંવેદનો રજૂ કર્યા હોય છે. આ સંવેદનો પામી શકે તે જ કાવ્યનું શિક્ષણ સારી રીતે કરી શકે. કવિએ અનુભવેલા સંવેદનો શિક્ષકે પણ અનુભવવા પડશે. તેમાં પોતાની જાતને સામેલ કરી શકે તે જ કાવ્યશિક્ષક બની શકે.

– કાવ્યને પામનાર જ બીજાને કાવ્યનો આસ્વાદ ચખાડી શકે. જેથી કાવ્યશિક્ષણમાં કાવ્યાસ્વાદ કરવાની અને કરાવવાની ક્ષમતા હોવી જોઈએ. તે સરળતાથી રસાનુભૂતિ કહી શકવા સમર્થ હોવો જોઈએ.

– કાવ્યમાં કવિએ ઘણાં કલ્પનો રજૂ કર્યાં હોય છે. કવિના આ કલ્પનો સુધી પહોંચવા માટે ભાષાશિક્ષકમાં કલ્પનાશક્તિ હોવી જોઈએ. કવિએ આલેખેલાં સૌંદર્યચિત્રો અને શબ્દચિત્રોને ઓળખી વિદ્યાર્થી સમક્ષ કુનેહપૂર્વક રજૂ કરવાના છે.

– કવિતાનું ઊંડું પરિશીલન કરતો હોવો જોઈએ.

– જુદા જુદા સ્વરૂપની કવિતાને માણનાર હોવો જોઈએ. આ માટે કાવ્યનો વાચક અને અભ્યાસી હોવો જોઈએ.

– કાવ્યશિક્ષણની વિવિધ પ્રયુક્તિથી વાકેફ હોવો જોઈએ તેમ જ તે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાની ક્ષમતા અને આવડત હોવાં જોઈએ.

– કાવ્યનું યોગ્ય લય સાથે ગાન અથવા તો પઠન કરી શકવાની ક્ષમતા હોવી જોઈએ.

– વિદ્યાર્થીમાં કવિતાપ્રેમ જાગૃત કરવાની ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.

– કવિતાવાચન અને કવિતાસર્જન માટે ઉત્સુક હોવો જોઈએ.

– કાવ્યવિવેચન કે રસાસ્વાદ માટે સમૃદ્ધતા હોવી જોઈએ.

– ગુજરાતી સાહિત્યનો પરિચિત હોવો જોઈએ.

– અલંકાર અને છંદનું જ્ઞાન હોવું જોઈએ.

– કાવ્યનો સંગ્રહ અને કંઠસ્થ કરવાનો શોખીન હોવો જોઈએ.

– યોગ્ય અભિનયશક્તિ હોય તો તે અસરકારકતા ઊભી કરી શકે છે.

– શબ્દોની લક્ષણા, અભિધા અને વ્યંજના શક્તિને પારખવાની શક્તિ ધરાવતો હોવો જોઈએ.

**14.9.5 ભાવિ સમાજના ઘડતરના સંદર્ભમાં શિક્ષકનું યોગદાન**

તમે જાણો જ છો કે શિક્ષણના હેતુઓના મુખ્ય બે પ્રકાર પાડી શકાય. (1) વૈયક્તિક હેતુઓ અને (2) સામાજિક હેતુઓ. અહીં સામાજિક હેતુમાં સમાજને કેન્દ્રસ્થાને રાખીને શિક્ષણના હેતુઓ નક્કી કરવામાં આવે છે. શિક્ષણ દ્વારા સુસંસ્કારી સમાજ ઊભો કરવાનો છે તેમ જ સમાજની આવશ્યકતાપૂર્ણ કરવાની છે. શિક્ષકનું ઉત્તરદાયિત્વ એ છે કે તેના વિચારો અને પ્રયત્નો વડે તે પ્રગતિશીલ અને સંસ્કારી સમાજનું ઘડતર કરે. આ ક્રિયા બધાં જ શિક્ષકોના સહિયારા પ્રયત્નોથી શક્ય બને. તેમાં ભાષાશિક્ષક નીચેની રીતે પોતાનું યોગદાન આપી શકે.

ભાવિ સમાજ આજના સમાજ કરતાં પ્રગતિશીલ અને સંવર્ધિત હોવો જોઈએ. લોકશાહીમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવા જોઈએ. આ માટે ભવિષ્યના નાગરિક એવાં બાળકોમાં નૈતિક મૂલ્યોનું શિક્ષણ અપાવું જરૂરી છે જે કામ ભાષાનો શિક્ષક સારી રીતે કરી શકશે. પોતાની અભિવ્યક્તિ અને ભાષા પ્રભુત્વને આધારે ભાષાના શિક્ષકે બાળકોમાં વિવિધ મૂલ્યોનું સિંચન કરવાનું છે.

ભાષાશિક્ષકે ભાષાશિક્ષણ દરમિયાન બાળકોમાં વિવિધ ભાષાકીય કૌશલ્યોનો વિકાસ કરવાનો હોય છે. આ કૌશલ્યોનો જેવો એ જેટલો વિકાસ થયો હશે તે પ્રમાણે તે વ્યક્તિ સમાજમાં પોતાનું સ્થાન – પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે. એટલે કે સમાજમાં વ્યક્તિને પોતાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં ભાષા કૌશલ્યો સહાયક બને છે. ભાષાશિક્ષકે બાળકોમાં ભાષાકીય કૌશલ્યનો યોગ્ય વિકાસ કરવાનો છે. જેથી ભાવિ સમાજમાં તંદુરસ્ત અને પ્રતિષ્ઠાભર્યા નાગરિકોનો મોટો સમૂહ જોવા મળે. જેના આધારે સમાજ પોતાનો વિકાસ સાધી શકશે.

આજનો અને આવતી કાલનો યુગ ટૅક્નોલૉજીનો યુગ ગણાય છે. ટૅક્નોલૉજીના કારણે બે વ્યક્તિ એકબીજાની નજીક આવ્યાં છે, પરંતુ તેમના દિલ વચ્ચે અંતર વધ્યું હોય તેવું લાગે છે. ભાષાશિક્ષકે પોતાની લાગણીઓ અને સંવેદનાઓ બાળકોમાં ઉતારવાની છે જેથી બે વ્યક્તિઓના દિલ વચ્ચેનું અંતર ઘટે.

ટૅક્નોલૉજી – કમ્પ્યૂટર કે રોબોર્ટના કારણે બાળકો વિજ્ઞાન તરફ આકર્ષાય તે હકીકત છે. આમ છતાં ભાષાનું મહત્ત્વ એનું એ જ રહેવાનું છે. ત્યારે ભાષાશિક્ષકે ભાષા પ્રત્યે ગૌરવની લાગણી રાખીને, ટૅક્નોલૉજી યુગમાં પણ ભાષાને ટકાવી રાખવા માટે પોતાનું યોગદાન આપવું પડશે. ભાવિ સમાજને સંસ્કૃતિના દર્શન કરાવવા પડશે.

સમાજ ઘડતરનું કાર્ય શિક્ષક દ્વારા થાય છે ત્યારે પોતાની કલ્પના મુજબનો સમાજ ઘડાય તે માટેશિક્ષકે બાળકોમાં પ્રાણ પૂરવા પડશે. પોતાની આદર્શ કલ્પનાને સાકાર કરવા માટે શિક્ષકે જરૂર પડે નેતૃત્વ પણ લેવું પડે. બાળકોમાં પોતાના માટે આદર ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો કરીને, ભાવિ પણ આદર્શ સમાજ રચનામાં ફાળો આપવો જોઈએ.

ભાષાશિક્ષકે બાળકોને લાગણી અનુભવતા, સંવેદના પારખતાં અને અનુભવાતાં કરવાના છે. ભાષાશિક્ષકના વિદ્યાર્થીઓ હમેશાં ભાવુક હોવાં જ જોઈએ કે જે બીજાની લાગણી અને શક્તિઓને ઓળખી શકે, માન આપી શકે. આવા નિષ્ઠાવંત બાળકો જ ભાવિ સમાજનું હૃદય છે જે સમાજને એક રાખશે.

દરેક રાષ્ટ્રની સમસ્યાઓ અલગ અલગ હોય છે. ભાષાશિક્ષકે બાળકોને રાષ્ટ્રની સમસ્યાઓથી પરિચિત કરવા પડશે. આ કામ પ્રસાર માધ્યમો પણ કરે છે. પરંતુ શિક્ષકે બાળકોની લાગણીઓના ઘોડા પર સમસ્યાઓને બેસાડવાની છે જેથી બાળકો તે સમસ્યાઓને દૂર સુધી મૂકી આવે.

ભાષાશિક્ષકે સમાજના પ્રશ્નોમાં રસ લઈને પ્રશ્નોને સમજવા પડશે. આ અંગે પોતાના તટસ્થ નિર્ણયો જરૂર પે યોગ્ય સમયે બાળકો સમક્ષ મૂકીને સમાજના એક તટસ્થ નાગરિકનું ઘડતર કરવાનું છે. જેથી ભાવિ સમાજના નાગરિકો એકબીજા સાથે હળીમળીને રહે. સમાજમાં સંપ, સહકાર અને એકતાનું વાતાવરણ બની રહે.

ભાષાશિક્ષકે બાળકોને પોતાના સમાજના વારસાથી પરિચિત કરવા પડશે. આ માટે ચોક્કસી કૃતિઓ, લેખકો કે કવિના ઉદાહરણ મૂકીને બાળકોમાં પોતાના સમાજ માટે ગૌરવની લાગણી ઊભી થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેથી બાળકોને પોતાના સમાજ માટે ગૌરવની લાગણી ઉત્પન્ન થાય, પોતાના સમાજ માટે કશુંક કરી છૂટવાની તમન્ના જાગે, તેઓ એક આદર્શ સમાજસેવક બની શકે.

સામાજિક ઉત્સવો એ સમાજનું અંગ ગણી શકાય. સામાજિક ઉત્સવો યોગ્ય રીતે ઉજવાય, તેનું મહત્ત્વ ટકી રહે તે માટે શિક્ષકે ભાષાશિક્ષણમાં તેના સંદર્ભનો ઉપયોગ કરીને તંદુરસ્ત સમાજ ઊભો કરવામાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

અંગ્રેજી ભાષાના વધતા પ્રવાહ અને પ્રભાવને કારણે બાળકો પોતાની માતૃભાષાથી અળગા ન બની જાય તે માટે શિક્ષકે જરૂરી પ્રયત્નો કરવા જોઈએ. માતૃભાષાનું મહત્ત્વ સમજાવી તેની જરૂરિયાત ઊભી કરીને માતૃભાષા માટે માન અને ગૌરવ પેદા કરવા પડશે જેથી ભાવિ સમાજમાં પણ માતૃભાષાનું સ્થાન ગૌરવભેર ટકી શકે.

## 14.10 શિક્ષકને નડતી સમસ્યાઓ

શિક્ષકને વિવિધ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડે છે, જે નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) વ્યક્તિ તફાવતની સમસ્યા :**

શાળામાં આવતા બાળકો જુદા જુદા વિસ્તારમાંથી આવે છે, એટલે વ્યક્તિ તફાવત વર્ગમાં જોવા મળે છે. બધા વિદ્યાર્થીઓનું એક સરખું શિક્ષણ આપવું પડે છે. નબળા વિદ્યાર્થી પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી.

**(2) ભૌતિક સગવડતાની સમસ્યા :**

શાળામાં ભૌતિક સગવડતાનો અભાવ જોવા મળે છે. બેઠક વ્યવસ્થા, જરૂરી શૈક્ષણિક સાધનો પૂરતા પ્રમાણમાં હોતા નથી. ભાષા માટે અલગ ખંડની વ્યવસ્થા પણ નથી. શિક્ષણકાર્ય કરવું મુશ્કેલરૂપ બને છે.

**(3) કાર્યબોજની સમસ્યા :**

શિક્ષક પાસે વધુ કાર્યબોજ હોવાથી વર્ગના પ્રત્યેક બાળકો પ્રત્યે ધ્યાન આપી શકતો નથી. કોઈ તાસ ફ્રી મળતો નથી. એકાદ તાસ ફ્રી હોય તો પ્રોક્સી તાસમાં જેવું પડે છે.

**(4) વિષય શિક્ષણ કાર્યની સમસ્યા :**

ભાષાના શિક્ષકને ખાસ કરીને વિષય શિક્ષણ કાર્યની સમસ્યા વધુ નડે છે. ઘણીવાર ભાષાનો શિક્ષક ન હોવાને કારણે પણ ભાષાનો વિષય શીખવવો પડે છે. પૂરતો ન્યાય આપી શકતો નથી.

**(5) નબળા વિદ્યાર્થીઓની સમસ્યા :**

વર્ગમાં નબળા વિદ્યાર્થીઓ વધુ આવે છે. ખાસ કરીને ગુજરાતી શાળામાંથી આવતા વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા હોય છે. ભાષાનું વાચન પણ કરી શકતાં નથી. નબળા વિદ્યાર્થીઓ સાથે શિક્ષકે કાર્ય કરવું પડે છે. વાચતા, લખતા, બોલતા ન આવડે તો શું કરી શકે ? કાર્યબોજ વધુ હોવાથી મુશ્કેલી નડે છે.

**(6) સમાજના ઘડતરની સમસ્યા :**

શિક્ષકે સમાજના ઘડતરનું કાર્ય કરવાનું હોય છે. એક આદર્શ સમાજ બનાવવાનો છે. એક પરિવર્તનશીલ સમાજ બનાવવાનો છે, વિદ્યાર્થીઓ એક આદર્શ નાગરિક બને તો સમાજને મદદરૂપ થઈ શકે. શિક્ષક પાસે વધુ કાર્યબોજ હોવાથી ખાસ ધ્યાન આપી શકતો નથી. બાળકો પણ નબળા છે તેને તૈયાર કરવાની મુશ્કેલી નડે છે.

**(7) વિદ્યાર્થીના ઉચ્ચારદોષની ખામી :**

વિદ્યાર્થીઓ નબળા શાળામાં આવતા હોવાથી ઉચ્ચાર દોષ વધુ જોવા મળે છે. ભાષાનું વાચન પણ બરાબર કરી શકતા નથી. સ્પષ્ટ ઉચ્ચાર પણ કરી શકતા નથી.

**(8) ભાષા પ્રયોગશાળાની સમસ્યા :**

શાળામાં અલગ પ્રયોગશાળાનો અભાવ જોવા મળે છે. વિદ્યાર્થીઓને ઉચ્ચારણની પ્રેક્ટીસ આપવી હોય તો બરાબર અલગ વર્ગ ન હોવાથી આપી શકતો નથી. ભાષાનું શિક્ષણ પણ સારી રીતે આપી શકતો નથી.

**(9) વર્ગમાં વધુ સંખ્યાની સમસ્યા :**

વર્ગમાં વધુ સંખ્યા હોવાથી વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી. વર્ગમાં વધુ વિદ્યાર્થીઓ નબળા છે. વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી, તેમજ માર્ગદર્શન પણ આપી શકાતું નથી. વર્ગમાં વધુ સંખ્યા હોવાથી પરિણામ પર અસર થાય છે.

## 14.11 શિક્ષક એક સાહિત્ય તજ્જ્ઞ

શિક્ષકે એક સાહિત્ય તજ્જ્ઞ તરીકે કાર્ય કરવું પડે છે. વિદ્યાર્થીઓમાં ભાષાનો વિકાસ કરવા તજ્જ્ઞ તરીકે કાર્ય કરવું પડે છે.

(1) ભાષાના શિક્ષક પાસે વિષયવસ્તુનું પૂરેપૂરું જ્ઞાન હોવું જોઈએ, પાઠ્યપુસ્તક સિવાય વધારાનું જ્ઞાન તેમની પાસે હોવું જોઈએ. બીજા વિષયનું જ્ઞાન પણ હોવું જોઈએ. બીજા વિષય સાથે અનુબંધ બાંધવા જરૂરી છે.

(2) વિષયવસ્તુની રજૂઆતનું જ્ઞાન :

વિષયવસ્તુની અસરકારક રજૂઆત કરી શકે તે માટે જ્ઞાન હોય તે જરૂરી છે. રસ પડે તેવી રજૂઆત કરવી પડે.

(3) ભાષા શિક્ષણની પદ્ધતિઓનો જાણકાર હોજો જોઈએ.

(4) મનોવિજ્ઞાનનો જાણકાર હોવો જોઈએ. વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્ય વિકસાવવા મનોવિજ્ઞાનનું જ્ઞાન જરૂરી છે.

(5) સાહિત્યના વિવિધ પ્રકારોમાં રસ સાથે જ્ઞાન હોય તે જરૂરી છે.

(6) શિક્ષક પાસે વ્યાકરણનું જ્ઞાન પણ હોવું જોઈએ.

(7) ઉચ્ચાર શુદ્ધિ અભિવ્યક્તિ કરી શકે તે બાબત શિક્ષકને શોભે છે.

(8) કાવ્ય શિક્ષણ પ્રત્યે સભાન હોય, સારું કાવ્ય જ્ઞાન કરી શકે તો વિદ્યાર્થીઓને વધુ રસ પડે.

(9) પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતો શિક્ષક હોવો જોઈએ.

(10) નેતાગીરી લઈ શકે તેવું વ્યક્તિત્વ હોવું જોઈએ.

(11) લોકશાહી વ્યવહાર, મૈત્રીપૂર્ણ વર્તન હોય તે આવશ્યક છે.

(12) ભાષા પર પ્રભુત્વ ધરાવતો હોવો જોઈએ.

ભાષાના શિક્ષક પાસે ઉપરોક્ત બાબતો હોય તે જરૂરી છે તો જ સાહિત્યના તજ્જ્ઞ તરીકે સારી રીતે કાર્ય કરી શકે.

તજ્જ્ઞ તરીકે કાર્ય કરવા માટે કેટલાક અપેક્ષિત કૌશલ્યો, ગુણો, આવડત, જ્ઞાન વગેરે હોય તે જરૂરી છે, તો જ અસરકારક રીતે તજ્જ્ઞ તરીકે કાર્ય કરી શકે.

## 14.12 સારાંશ

આ એકમમાં શિક્ષકનો અર્થ, લાયકાત, લક્ષણો, ગુણ, તાલીમ, અપેક્ષિત કૌશલ્યો, દૃષ્ટિબિંદુ, માતૃભાષાનો શિક્ષક, શિક્ષકને નડતી સમસ્યાઓ, શિક્ષક એક સાહિત્ય તજ્જ્ઞ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ એકમમાં શિક્ષક વિશેની વાત કરવામાં આવી છે. શિક્ષકની સજ્જતા વિશેની વાત કરવામાં આવી છે.

સાહિત્યનો ભાષા શિક્ષક કેવો હોવો જોઈએ. તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

શાળા કક્ષાએ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેની પણ વિગત ચર્ચા કરી છે.

## 14.13 એકમ સ્વાધ્યાય

**મુદ્દાસર ઉત્તર આપો :**

(1) ભાષા શિક્ષક કેવો હોવો જોઈએ ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) ભાષા શિક્ષક માટે તાલીમ શા માટે જરૂરી છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) ભાષા શિક્ષકમાં કેવા પ્રકારના ગુણ આવશ્યક છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) 'શિક્ષકનું કાર્ય મનુષ્યનું ઘડતર કરવાનું છે.' આ કથનની શિક્ષકનાં સંદર્ભમાં વિસ્તારપૂર્વક સમીક્ષા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..........................................................................

..........................................................................

(5) ભાષા શિક્ષકમાં વ્યવસાયિક સજ્જતા શામાટે જરૂરી છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(6) ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભાષા શિક્ષકની જરૂરિયાત પૂર્ણ કરવા માટે તમે તેમની પાસે કઈ અપેક્ષિત લાયકાત, તાલીમ અને કૌશલ્યની અપેક્ષા રાખશો ? તે અંગે ટૂંકમાં જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(7) ભાષા વિષયમાં શિક્ષણને વધુ અસરકારક અને રસપ્રદ બનાવવા શિક્ષકની ભૂમિકા અગત્યની છે. — ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(8) તમે તમારી સંસ્થાના માલિક છો, તમારી સંસ્થામાં મનોવિજ્ઞાનના શિક્ષકની જરૂર છે તે માટે તમે કેવી કાળજી લેશો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**ટૂંકમાં ઉત્તર આપો :**

(1) શિક્ષક કેવો હોવો જોઈએ બે મુદ્દા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

(2) શિક્ષકના બે લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(3) શિક્ષકના બે ગુણ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(4) ભાષા શિક્ષકના બે કૌશલ્યો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(5) ભાષા શિક્ષકનું દૃષ્ટિબિંદુ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(6) ભાષા શિક્ષક માટે વ્યવસાયિક સજ્જતા શા માટે જરૂરી છે ?

..................................................................

..................................................................

..................................................................

(7) ભાષા શિક્ષકની શૈક્ષણિક લાયકાત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

## 14.14 તમારી પ્રગતિ ચકાસો

**બહુવિકલ્પ પ્રશ્નો :**

1. શાળામાં ભૌતિક સગવડ સારી હોવા છતાં કોનું મહત્ત્વ રહેલું છે ?

   **(1) શિક્ષકનું** (2) આચાર્યનું

   (3) વિદ્યાર્થીનું (4) સમાજનું

2. શિક્ષણ કાર્ય સારું કરવા માટે શિક્ષક પાસે શું હોવું જોઈએ ?

   **(1) રજૂઆત** (2) લાયકાત

   (3) ભૌતિક સગવડ (4) પાઠ્યપુસ્તક

3. શિક્ષકને તાલીમ આપવાથી શું થાય છે ?

   **(1) દૃષ્ટિ વિશાળ બને** (2) સામાજિક સંબંધ વધે

   (3) માનવ સંબંધ વધે (4) આત્મવિશ્વાસ ઘટ

4. આદર્શ શિક્ષકના લક્ષણો નીચેનામાંથી કઈ બાબતમાં જોવા મળે છે ?

**(1) વિષયવસ્તુનું જ્ઞાન** (2) લાયકાત

(3) સમાજ સાથેનો સંપર્ક (4) વાલી સાથેનો સંપર્ક

5. શિક્ષકમાં કયો ગુણ જરૂરી છે ?

**(1) શરૂઆત કરવાની સૂઝ** (2) નિરાશાવાદીપણું

(3) અનિયમિતતા (4) વાલી સંપર્ક

6. શિક્ષકને તાલીમ આપવાથી શું થાય છે ?

**(1) વ્યાવસાયિક કુશળતા** (2) વાલી સંપર્ક કરી શકે

(3) સ્ટાફ સંપર્ક કરી શકે (4) સમાજ સંપર્ક કરી શકે

7. શિક્ષકને તાલીમ આપવાથી નીચેનામાંથી કઈ બાબત જોવા મળતી નથી ?

(1) શિક્ષણકાર્ય રસપ્રદ બને (2) આત્મવિશ્વાસ વધે

(3) વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન મેળવવું **(4) વાલી સંપર્ક કરી**

8. શિક્ષકના ગુણમાં નીચેનામાંથી કયો ગુણ જરૂરી નથી ?

(1) સંશોધનકાર્યની સૂઝ (2) અખૂટ પ્રેમ

(3) ન્યાયપ્રિય **(4) અનિયમિતતા**

## 14.15 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**બહુવિકલ્પ પ્રશ્નોના ઉત્તરો :**

(1) શિક્ષકનું (2) રજૂઆત

(3) દષ્ટિ વિશાળ બને (4) વિષયવસ્તુનું જ્ઞાન

(5) શરૂઆત કરવાનું સૂઝ (6) વ્યાવસાયિક કુશળતા

(7) વાલી સંપર્ક કરી (8) અનિયમિતતા

## 14.16 સૂચિત વાચન સામગ્રી

(1) બારૈયા વી. વી. તથા અન્ય : મનોવિજ્ઞાન શિક્ષણ પદ્ધતિ, પ્રતિક પ્રકાશન, આણંદ.

(2) બારૈયા વી. વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ.

(3) પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : ગુજરાતી અધ્યાપનનું પરીશીલન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.

**એકમ 15**

# સાહિત્ય દ્વારા શિક્ષણ : શાળાની ભૂમિકા

## : રૂપરેખા :

**15.1 પ્રસ્તાવના**

**15.2 શાળાની સંકલ્પના**

**15.3 શાળાની ભૂમિકા**

**15.4 શાળાની ભૂમીકાને અસરકારક બનાવવાના ઉપાયો**

**15.4.1 શાળા અને પરિવારનો સહકાર**

**15.4.2 પ્રગતિપત્ર**

**15.4.3 વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત**

**15.4.4 શાળાનો સમાજ સાથેનો સહકાર**

**15.4.5 મુક્ત શિક્ષણ પ્રથા**

**15.4.6 સાંસ્કૃતિક જૂથો**

**15.5 સાહિત્ય : શાળા વાતાવરણનું સાધન**

**15.6 શાળાકીય પ્રવૃત્તિઓમાં સાહિત્ય**

**15.7 સાહિત્યવૃત્તિ વિકાસની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ**

**15.8 સાહિત્ય પ્રેરિત – શાળા સંકુલ**

**15.9 શાળાની આવશ્યકતાઓ**

**15.10 શાળાના પ્રશ્નો**

**15.11 સારાંશ**

**15.12 એકમ સ્વાધ્યાય**

**15.13 તમારી પ્રગતિ ચકાસો**

**15.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**15.15 સૂચિત વાચન સામગ્રી**

**ઉદ્દેશો (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે..

(1) શાળાની સંકલ્પના સમજી શકશો.

(2) શાળાની ભૂમિકા સમજી શકશો.

(3) શાળાની ભૂમિકાને અસરકારક બનાવવાના ઉપાયો સમજી શકશો.

(4) સાહિત્ય : શાળા વાતાવરણનું સાધન છે તે સમજી શકશો.

(5) શાળાકીય પ્રવૃત્તિઓમાં સાહિત્ય સમજી શકશો.

(6) સાહિત્યવૃત્તિ વિકાસની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સમજી શકશો.

(7) સાહિત્ય પ્રેરિત – શાળા સંકુલ સમજી શકશો.

(8) શાળાની આવશ્યકતાઓ સમજી શકશો.

(9) શાળાના પ્રશ્નો સમજી શકશો.

## 15.1 પ્રસ્તાવના

જો આપણે આપણી જીવનવિકાસની પ્રક્રિયાનું નિરીક્ષણ કરીશું તો જણાઈ આવશે કે સાહિત્યરસિક્તાનાં બીજ જન્માવસ્થા પછી થોડાક સમયમાં જ રોપાવાની શરૂઆત થાય છે. રડતા બાળકને છાનું રાખવા ાટે માતા તાલીઓ લયબદ્ધ રીતે પાડતી જોવામાં આવશે. લયબદ્ધ તાળી તરફ બાળકનું ચિત્ત આકર્ષાય ત્યારે તેમાંથી તેને કુદરતી આનંદ મળે છે એ માતા સમજે છે. એટલે બાળકને હસાવવા પણ માતા તાળી અને જોડકણાનો ઉપયોગ કરે છે. ખરું જોતાં આ આનંદપ્રવાહ ઉભયવાહી હોય છે કારણ કે માતા પણ બાળકના સ્મિત સાથે સ્મિત દ્વારા પ્રતિભાવ વ્યક્ત કરતી હોય છે. સંગીતના પ્રાથમિક અંકુરો સાથે જોડકણાં દ્વારા ભાવસૃષ્ટિ નિર્માણ થતી હોય છે. સાહિત્યસૃષ્ટિ તરફ જવાની દિશા બાળક માટે ખુલ્લી થાય છે. બાહ્ય જગતથી દૂર કોઈ સુંદર રસમય ભાવસૃષ્ટિ છે એવી થોડીક ઝાંખી બાળકને થાય છે અને તેની ચેતના ગતિશીલ બને તે માટેનું વાતાવરણ તૈયાર થાય છે.

બાળકના સ્થૂળ ઉછેરની સાથે સંસ્કારપ્રેરક ભાવઉછેર પણ થતો હોય છે તેનો દૃષ્ટ-અદૃષ્ટ ખ્યાલ માતાપિતા કે બાળઉછેર કરનાર વ્યક્તિને હોય છે. આપણે જેને જોડકણાં કહીએ તેને માટેનો અંગ્રેજી શબ્દ Nursery Rhymes (ઉછેર પદ્યપંક્તિઓ) નામ વધુ અર્થસૂચક છે. બાળકના શારીરિક અને સાંસ્કારિક ઉછેર માટેની પદ્યરીતિનું એમાં મહત્ત્વ સૂચવાયું છે :

રાધે ગોવિંદ રાધે, શીરા-પૂરી ખાધે,

શીરાને તો વાર છે, પૂરી તૈયાર છે.

આ જોડકણામાં લયબદ્ધતા ને તાળીઓના સૂર સિવાય બીજું શું છે ? પણ આ જોડકણા દ્વારા લયબદ્ધ નિયમિતતાન તાલની કેળવણી આપોઆપ મળે છે. શ્રુતિની વ્યવસ્થિત રચનાથી કાન ટેવાય છે ને સંગીતની અભિરુચિ માટેની પૂર્વતૈયારી થાય છે. ચારે બાજુના કોલાહલના કંટાળાભર્યા અવાજોથી ભિન્ન એવું શ્રુતિમાધુર્ય સૌંદર્યસૃષ્ટિ તરફ આપણું લક્ષ ખેંચે છે. હળવે હળવે સ્થૂળ શ્રુતિ તરફથી અર્થશ્રુતિની દિશામાં થોડીક ગતિ થતી રહે તેવી રીતે માતા જોડકણું રચે છે :

ભાઈલો મારો ડાહ્યો,

પાટલે બેસી નાહ્યો.

આ જોડકણામાં પ્રાસશ્રુતિ સાથે અર્થશ્રુતિ જોડાય છે ને બાળક તેમાં રાચે છે. પછી બાળક મોટું થાય છે ત્યારે તે ગરબા, રાસ, પદ, ભજન વગેરેની આનંદસૃષ્ટિમાં ડોકિયું કરી શકે છે. સંગીતથી ભિન્ન ભાવાનંદની સૃષ્ટિમાં જવાનું તેને મન થાય છે. બાળવાર્તા, કથા, નાટકમાં જ્યારે તે વિહરે છે ત્યારે કલ્પનાની પાંખ ઉપર ઊડી રસાત્મક સત્યની સૃષ્ટિની સુંદરતા નિહાળે છે. આમ, નિશાળ કે એવી કોઈ વિધિસરની શિક્ષણસંસ્થામાં પ્રવેશ કર્યા વિના સાહિત્યકલાનાં બીજ બાળક કે કુમારની ચિત્તસૃષ્ટિમાં વવાય છે.

પછી જ્યારે બાળક શાળામાં દાખલ થાય છે ત્યારે યાંત્રિક પદ્ધતિએ શિક્ષણ આપતી સંસ્થામાં તેની રસાત્મક ચેતનાને પોષણ મળે તેવું વાતાવરણ રચાતું નથી. સ્મૃતિ ઉપર આધાર રાખતી પરીક્ષાને કેન્દ્રમાં રાખતી શિક્ષણપદ્ધતિ આને માટે કારણભૂત બને છે. વવાયેલાં કલારસનાં બીજ સિંચનને અભાવે કરમાતાં હોય તેવી સ્થિતિ બને છે. નિશાળમાં ગણિત, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન આદિ પરીક્ષા વખતે લખીને ગુણો મેળવવા માટે જ શિક્ષણ હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. કેળવણી દ્વારા ચેતના ખીલે અને તેમાં બુદ્ધિપ્રકાર તેનો વિકાસ કરે તેવી આજની શિક્ષણસંસ્થાઓ રહી નથી —— અનેક કારણોને લીધે, એટલે કાવ્ય પણ ચેતના જગાડતી રસપોષક કલા છે એનું સ્મરણ શિક્ષક કે વિદ્યાર્થીમાં બહુ જ ઓછું રહે છે. પરિણામે, કવિતાની અર્થ-સમજૂતી આપી શકાય તેવી તૈયારી અભ્યાસ દ્વારા થાય તેમાં જ શિક્ષણનું સર્વસ્વ સમાઈ જાય છે તેવી સમજ બહુધા વિદ્યાર્થીઓમાં વ્યાપક બની છે. પરીક્ષાલક્ષી 'ગાઈડો' આ મનોવૃત્તિનાં જ પ્રકટ ચિહ્નો છે. વાર્તામાં રસ પડે છે, તેને પણ પરીક્ષામાં કેવા પ્રશ્નો પુછાય તેને લક્ષમાં રાખી વંચાય છે. સાહિત્યની વિશિષ્ટ શક્તિ દ્વારા વિદ્યાર્થીના ઘડતરમાં ચેતનાવિકાસ થઈ શકે છે તેવું હોવા છતાં આપણી શિક્ષણપદ્ધતિ તેમાં મદદરૂપ થવાને બદલે બાધારૂપ

બને છે તે કેવી કરુણતા છે ? સાહિત્ય સિવાયના વિદ્યાવિષયો બુદ્ધિશક્તિ ખીલવવા ને કેળવવા માટે છે અને સાહિત્યનું શિક્ષણ માનવી-ચિત્તને ઉદાત્ત બનાવતું, ઊર્મિતંત્રને સક્રિય, સજીવ રાખતું ચેતના-પોષક છે એનો ખ્યાલ શિક્ષણજગતમાં કામ કરતાં બહુ ઓછાં માણસોમાં છે એ હકીકત સ્વીકાર્યા વિના છૂટકો નથી.

ખરું જોતાં, આજના અભ્યાસક્રમમાં સાહિત્ય જ એવો વિષય છે કે જેના દ્વારા વ્યક્તિગત, કુટુંબગત, સમાજગત, રાષ્ટ્રગત કે માનવગત સંબંધો જોડે અનુસંધાન કરાવી શકાય અને તે વિદ્યાને ફૂલવતી કે સાર્થક બનાવી શકાય. શિક્ષણચિંતકોએ આ દૃષ્ટિકોણની યોગ્ય મીમાંસા બહુ ઓછા પ્રમાણમાં કરી છે. શિક્ષણમાં સાહિત્ય આત્મતત્ત્વરૂપ બની શકે તે વિશે વધુ વિચારણા થવી ઘટે છે. આજના અભ્યાસક્રમમાં સાહિત્યનો અભ્યાય છે, વિવેચન થાય છે પણ તેના આત્મતત્ત્વનો સંસ્પર્શ ભાગ્યે જ થતો હોય છે. આપણા રાષ્ટ્રગીતને પ્રસંગે આપણે સહુ ગાઈએ છીએ, પણ તે વખતે તેમાં રહેલા ભાવનો સંસ્પર્શ થતો હોય તેવું આપણું ઊર્મિતંત્ર કેળવાયું છે ખરું ? નિશાળમાં 'જળ-કમળ છાંડી જા ને બાળા' કાવ્ય બધા વિદ્યાર્થીઓ શીખે છે, તેમાં શબ્દાર્થથી કે ચમત્કાર તત્ત્વથી દૂર જઈ તેના આત્મતત્ત્વનો સંસ્પર્શ કરતાં કોઈ શિક્ષક શીખવે છે ખરા કે કૃષ્ણ જેવા નિર્દોષ ને નીડર બાળકને જોઈને નાગણી જેવી ઝેરી સ્ત્રીમાં પણ વાત્સલ્ય જાગી ઊઠે છે ને પોતાનો પતિ ઝેરી નાગ જાગશે તો મોત થશે એમ કહી પ્રેમથી તેને ચાલ્યા જવાને વીનવે છે ? તેવી જ રીતે મીરાંબાઈના 'મેવાડ ત્યાગ' કાવ્યમાં રાણો મીરાંબાઈને પોતાની રાજા તરીકેની પ્રતિષ્ઠા નીચી ન પડે તેથી 'સાધુની સંગત છોડી દઈ તમે વસો અમારે સાથ' સંદેશો મોકલે છે. આવાં સંસારી પ્રલોભનો મીરાંબાઈ જેવી સાધ્વીને ઝેરનો પ્યાલો લાગે છે તે પી જઈને 'ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાય' એમ દ્વારકા વસે છે એવું હાર્દ કેટલા શિક્ષકો સમજે છે કે સમજાવે છે ? માત્ર શબ્દાર્થમાં જ જાણે કાવ્ય-સૌંદર્યની ઇતિશ્રી આવી જતી હોય તેવી પરિસ્થિતિ શાળાકૉલેજોમાં પ્રવર્તે છે ને પરિણામે કાવ્યરસનો સાચો આસ્વાદ ન પામવાને લીધે માત્ર 'ગાઈડો ઉપર આધાર રાખતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ થઈ જતાં હોય છે તે હકીકત નથી ? તેથી જ નિશાળ-કૉલેજમાં થતી સાહિતયની શિક્ષણ-સાધના વિશે વિચાર કરતાં મારા હૃદયમાં, નરસિંહ મહેતાના પરભાતિયાના સૂર ગાજી ઊઠે છે કે 'જ્યાં કાવ્યના લગી આતમાતત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' અહીં માત્ર ધ્વનિની વાત હું નથી કરતો, કાવ્યકૃતિનું સાચું સૌંદર્ય તેની અભિવ્યક્તિમાં રહ્યું છે તે મારા વક્તવ્યમાં અંતર્હિત રહ્યું છે તે કહેવીન આવશ્યકતા ન હોય. સાહિત્યસૌંદર્ય જ આપણી ચેતનાને સંસ્પર્શ કરી જાગૃત કરે છે અને પછી જ જીવનતત્ત્વનું દર્શન થાય છે.

કવિતા વિશે જ આવી સ્થિતિ નથી. નવલકથા કે વાર્તા કે અન્ય કોઈ પણ સાહિત્યસ્વરૂપ વિશેનું શિક્ષણ પણ ઉપર્યુક્ત પદ્ધતિએ થાય છે. નવલકથામાં પાત્રો, વસ્તુસંકલના, પ્રસંગચિત્રણ કે તેમાંની નાટ્યસ્થિતિ અને ભાષાશૈલી વગેરેને લક્ષમાં રાખી પ્રશ્નો પરીક્ષામાં પુછાય છે એટલે શિક્ષણમાં તે વિશેની યાંત્રિક વિવેચના થતી જોવામાં આવે છે. નવલકથા, નાટક, એકાંકી, ટૂંકી વાર્તામાં સૌંદર્યાભિવ્યક્તિ કઈ રીતે થઈ હોય છે કે જેથી જીવનમર્મ પર પ્રકાશ પડે જે તેના તરફ લક્ષ સાહિત્યશિક્ષણમાં ભાગ્યે જ અપાય છે. વધુમાં વધુ અન્ય પ્રસિદ્ધ વિવેચકોના અભિપ્રાયોનાં અવતરણો ટાંકવાનું 'પરીક્ષાર્થી' ઓને સૂચવાય છે. પરંતુ સાહિત્યકૃતિના સ્વરૂપસર્જનમાં કલાસૌંદર્ય કઈ રીતે વ્યક્ત થયું છે તેની રસમીમાંસાની કેળવણી શાળા-કૉલેજના વર્ગોમાં મળતી હોત તો 'ગાઈડો'ની અત્યારે જે બોલબાલા જોવામાં આવે છે તે ક્યાંથી હોત ?

આ વસ્તુસ્થિતિના સંદર્ભમાં એક અર્થસૂચક પ્રસંગ સ્મરણમાં આવે છે. ગયે વર્ષે રામનારાયણ પાઠકની 'ખેમી' વાર્તા એક પાઠ્યપુસ્તકમાં ગુજરાત રાજ્યની પાઠ્યપુસ્તક સમિતિએ લીધી. એમાં ઢેઢવરણની સામે સવર્ણ હિંદુઓએ કાઢેલા ઉદ્‌ગારો સામે વિરોધ થયો ને રાજ્ય સરકારે એ વાર્તા કાઢી નાખવાનું સૂચન કર્યું. આ પ્રસંગે શિક્ષકોએ 'ગમે તેવી નીચી ગણાતી વર્ણમાં ઉદાત્ત પ્રેમનું આલેખન કરી તે કુદરતી ઝરણું વિદ્યાર્થીઓની તેમ જ અન્ય વાચકની ચેતના જાગ્રત કરે છે અને વર્ણભેદ ભુલાવી માનવહૃદયના ભાવોનું ઐક્ય કલાત્મક રીતે તેમાં નિરૂપાયું છે' એવા મતલબનું નિવેદન કેમ ન કર્યું ?

ઉદાત્ત દામ્પત્યપ્રેમ એ તો દિવ્ય બક્ષિસ છે, સવર્ણોનો જ કે સવર્ણ શિક્ષિકોનો ઇજારો નથી એવું કલાત્મક સત્ય જે વાર્તામાં નિરૂપાયું હોય તે વાર્તા કાઢી નાખવાની હોય તેનું સંવેદન શિક્ષણજગતમાં કેમ ન જાગ્યું ? સાહિત્યના મર્મનું સૌંદર્ય એ ન સમજ્યા હોય તેમ કેમ કહેવાય ? થોડા સાહિત્યરસિકોએ વાર્તાવિરોધ સામે પોતાનો સબળ વિરોધ સકારણ પ્રગટ કર્યો, પણ એમાં શિક્ષકસંઘ કેમ નહિ એ પ્રશ્ન મનમાં ઊઠ્યા વિના રહેતો નથી. સાહિત્યશિક્ષણ એ માત્ર પરીક્ષાર્થી વિષય છે એમ માનવાને બદલે જીવનની ઉચ્ચ સાંસ્કારિક ચેતના જાગૃત કરનાર વિદ્યાવિષય છે અને અન્ય વિદ્યાવિષયોથી જુદા પાડી જીવન સાથે અનુસંધાન કરવાનું સામર્થ્ય ધરાવે છે એ હકીકત બરાબર સમજાણી નથી એમ અનુમાન થઈ શકે.

જો સાહિત્યસૌંદર્યની સાચી કેળવણી આપવામાં આવે તો તેની તાલીમ દ્વારા ઉચ્ચ શિષ્ટ કૃતિઓમાં સ્વાભાવિક રસ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં જાગૃત થયા વિના કેમ રહે ? ‘ઑથેલો’, ‘હેમલેટ’, ‘મેકબેથ’ જેવાં શેક્‌સપિયરનાં નાટકો અભ્યાસક્રમમાં નિયત થયાં હોય ત્યારે અમે પાઠ્યનાટક વાંચ્યા વિના માત્ર ગાઈડો વાંચી પાસ થયા છીએ એવા ઉદ્‌ગારો હું અનેક વિદ્યાર્થીઓને મોઢે સાંભળું છું ત્યારે શિક્ષક તરીકે કરુણાભરી વ્યથા અનુભવું છું. આવી કૃતિઓમાં રહેલું ઉચ્ચ કોટિનું સૌંદર્ય જે જીવનને સમજાવે છે ને અજવાળે છે તે ગુમાવ્યાનો શોક વિદ્યાર્થીઓને ભલે ન થતો હોય હું તો તેની ઊંડી વેદના અનુભવું છું. આવી સ્થિતિ હોય ત્યાં સાર્ત્ર કે કામુની સાહિત્યકૃતિઓ કે ઈલિયટ-એઝરા પાઉન્ડાનં કાવ્યોની કા વાર્તા ? ગુજરાતી સરળ નવલકથાઓ સિવાય ઉત્તમ નવલકથાઓ પણ વાંચવામાં રસ ન જાગતો હોય ત્યાં પરદેશી સાહિતયની (ગુજરાતીમાં અનુવાદ દ્વારા લભ્ય હોય તો પણ) વાત શી કરવી ? વિદ્યાશિક્ષણ અને સાહિત્યના સંબંધ પરત્વે સાહિત્યનું સામર્થ્ય બીજા વિદ્યાવિષયોમાં તેનો ઉચિત વિનિયોગ રીને સજીવ રસ જગાડી શકે છે એ હકીકત શિક્ષણક્ષેત્રમાં કામ કરતી વ્યક્તિઓએ લક્ષમાં રાખવી ઘટે છે. ગિબનનું ઇતિહાસપુસ્તક ‘રોમનું અધઃપતન ને તેનો વિનાશ’ આ કારણે જગપ્રસિદ્ધ બન્યું છે. કોઈ પણ વિદ્યાવિષયમાં સાહિત્યની અભિવ્યક્તિનાં શક્તિ-સામર્થ્યનો ઉપયોગ થઈ શકે ત્યાં કર્યો હોય, તો તેવા વિષયો રસભર્યા બને છે ને એ વિષયોમાં ઊંડો રસ જગાડી વિદ્યાર્થીની બૌદ્ધિક પ્રતિભા તેજસ્વી બનાવી શકે છે. સાહિત્ય વિશે કોઈ વાર ગેરસમજ પ્રવર્તતી હોય છે કે એના કલ્પનાવિલાસને વાસ્તવિકતા સાથે સંબંધ નથી તેથી તે માત્ર મનોરંજન છે. વિનોબા ભાવેનું ઉદાહરણ પ્રખ્યાત છે : કાકાસાહેબે રવીન્દ્રનાથ ટાગોરની ‘ગોરા’ નવલકથા વાંચવાનું વિનોબાને કહ્યું, ત્યારે તેમણે માત્ર કલ્પનાકથા કરતાં નક્કર ઇતિહાસમાં મને વિશેષ રસ છે. એમ કહી એ વાર્તા વાંચવાની નાખુશી વ્યક્ત કરી. કાકાસાહેબે પ્રેમથી એક વાર એ વાંચવાનો પ્રયોગ કરી જવાનું કહ્યું. વિનોબાએ એ નવલકથા વાંચી ને પછી મુક્ત મને નિખાલસતાથી કબૂલ કરતાં કહ્યું, ‘આવી વાર્તામાં સજીવ ઇતિહાસ વાંચ્યા પછી શુષ્ક ઇતિહાસ વાંચવાથી અર્થ બહુ સરતો નથી સાહિત્ય જ્યાં સાધન તરીકે વપરાય ત્યાં પોતાનું શક્તિસામર્થ્ય કેવું દર્શાવી શકે છે તેનું આ અર્થસૂચક ઉદાહરણ છે.

શિક્ષણક્ષેત્રમાં સાહિત્ય પણ અન્ય વિદ્યાવિષયો જેવો વિષય બની ગયો હોવાથી શિક્ષકો પણ સાહિત્યના નવપ્રવાહોના સૌંદર્યથી વંચિત રહે છે એટલું જ નહિ પણ એમાં અજ્ઞાન રહ્યું હોય છે તેનો ખ્યાલ પણ તેમને હોતો નથી. નવી કવિતા કે નવી વાર્તામાં સ્વરૂપ એટલે કે શબ્દશિલ્પ બદલાયું હોય છે તેથી તેની સાથે મેળ જામતો નથી એટલે એવા શિક્ષકો નવસાહિત્યની નિંદાવ્યર્થતા વ્યક્ત કરતા હોય છે ! જમાને જમાને અભિવ્યક્તિનાં સ્વરૂપો બદલાતાં રહે છે ને સાચી કૃતિ-ઓમાં પ્રગતિ થતી રહે છે એ સાહિત્યશિક્ષકોએ લક્ષમાં રાખવું ઘટે છે. સાહિત્યરસનો આસ્વાદ કરાવવાનો હોય છે, તે વિશેના અભિપ્રાયો તેમાંથી કુદરતી રીતે ફલિત થતા હોય તો તે ઠીક છે; પણ સાહિત્યશિક્ષણ માત્ર અભિપ્રાયો વ્યક્ત કરવા માટે નથી હોતું એ મૂળભૂત સિદ્ધાંત શિક્ષકોએ હમેશાં લક્ષમાં રાખવો ઘટે છે.

વિજ્ઞાનનું શિક્ષણ વધ્યું તેથી જગતમાં સગવડો અનેકગણી વધી છે. એના દ્વારા માનવીનો વેઠ જેવો શ્રમ બચી ગયો છે. વિજ્ઞાન દ્વારા માનવજાતને ગુપ્ત રહેલી કુદરતી શક્તિ અને બળ મળ્યાં છે ને માનવજગત માટે સમૃદ્ધિ વધારવાનાં સાધનો લભ્ય થયાં છે. માનવજગત વધારે નજીક આવ્યું છે, ભૂગોળ આદિનાં બંધનો દૂર થયાં છે. માનવજાતને જો આ એકતા સમજાય અને આપણે સહુ સહકારથી

પરસ્પરનું સુખ વધારી શકીએ એવી સમજણ પાંગરે તો સંઘર્ષો, વિસંવાદો ઉત્પન્ન કરતું આ જગત વધુ સંવાદી બની શકે. કરુણતા એ વાતની છે કે સ્થૂળ દૃષ્ટિએ માનવજગત નજીક આવ્યું છે, પણ હૃદયદૃષ્ટિએ માનવી એક-બીજાની નજીક આવવાને બદલે વિશેષ ને વિશેષ દૂર જતા જાય છે ! તેથી જ યંત્રપ્રગતિની સાથે માનવી યંત્ર જેવો બનતો જાય છે ને તેની ચેતના ક્ષીણ બને છે. આ હકીકત હિતચિંતક વિજ્ઞાનશાસ્ત્રીઓને સમજાણી છે તેથી જ હુન્નરવિદ્યાના શિક્ષણમાં માનવવિદ્યાના વિષયોને ફરજિયાત રીતે સાંકળવામાં આવે છે. સર્જક સાહિત્યકારો તો આ સંવેદન અનુભવ્યા વિના કેમ રહે ? તેથી અદ્યતન સાહિત્યમાં નિરાશા, નિષ્ફળતા, નિરર્થકતાનો સૂર પ્રલંબ રીતે સંભળા યછે. વ્યક્તિત્વનો લોપ (loss of identify) અને અવ-માનવીકરણ (dehumanization) અદ્યતન સાહિત્યસર્જકોમાં ડોકિયાં કરી જાય છે. એટલે સાહિત્યશિક્ષણ બીજા વિદ્યાવિષયો સાથે સંકળાય તો માનવીજીવન વિભિન્નતાઓરૂપે ટુકડા ટુકડા બને છે તે પ્રક્રિયા અટકે.

સાહિત્ય અને શિક્ષણનો સંવાદ સધાય તો દરેક વિદ્યાવિષય જીવનની સાથે અનુસંધાન સાધી શકે. એટલે સાહિત્યનું શિક્ષણ માત્ર પરીક્ષાર્થી માટેના એક વિદ્યાવિષય તરીકે નહિ, પણ સાચી વિદ્યાના અર્થી કે સાધક તરીકે તેની ચેતનાને જાગૃત કરે, સંસ્કારે અને કેળવે તો શિક્ષણ સાર્થક બને. વિનોબા ભાવેએ કરેલું એક અર્થસૂચક વજિધાન આ સંદર્ભમાં યાદ રાખવા જેવું છે : 'વિજ્ઞાને માણસ માટે ગતિ અને બળ અપૂર્વ રીતે વધાર્યા છે પણ એનો ઉપયોગ કરવાની દિશા તે બતાવી શક્યું નથી.' (Science has given force and spead but no–direction.) કઈ જીવનની દિશામાં ગતિ અને બળનો વિનિયોગ થાય તો જીવન સંઘર્ષમુક્ત બની પ્રસન્નમધુર બની શકે તે વસ્તુ સાહિત્યનું સાચું શિક્ષણ બતાવી શકે એમ હું માનું છું.

ક્યારેક સાહિત્યના શિક્ષણ માટે પદ્યનો ઉપયોગ પણ થયો છે. વ્યાકરણના નિયમો શીખવવા, અનુસ્વાર કે છંદ-ગણયોજના કે માત્રામેળ શીખવવા પણ કેટલીકવાર કવિતા લખાઈ છે. દરેક અક્ષરમેળ અને માત્રામેળ છંદોનાં દૃષ્ટાંતરૂપ પદ્યપંક્તિઓ વિષે તો આપણે જાણીએ જ છીએ એટલે તેને કાવ્યના રસાસ્વાદ માટે નહિ, પણ શિક્ષણના સાધન તરીકે શીખવતા હોઈએ છીએ. એ આપણે સ્વીકારવાનું રહે છે. ઘણી વાર કયા મહિનાના કેટલા દિવસ-તો એ પણ પદ્યમાં સૂત્રાત્મક રીતે આપણને યાદ રહી જાય તે રીતે સ્મૃતિસહાય (memory–aid) લેખે આપવામાં આવે છે :

'ચાર છ નવ અગિયારના તેના તો દિન ત્રીસ,

અવરે એકત્રીસ છે, બીજે અઠ્યાવીસ.'

બરાબર અંગ્રેજીમાં પણ આ રીતે જ છંદ અને પ્રાસમાં સૂત્રાત્મક રીતે કહ્યું છે :

'Thirty days hath September,

April, June and November.'

વળી એવી જ રીતે,

લાલ પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય,

બાકીના બીજા બધા, મેળવણીથી થાય.

આમ કવિતાની, નિરતિશય આનંદ લેખે નહિ, પણ માહિતી-જ્ઞાનના હેતુઓ માટે પદ્ય-પ્રયોજના થઈ છે. શ્રી સુંદરમ્‌નું ખૂબ રસિક કાવ્ય 'અનુસ્વાર અષ્ટક' ભાષામાં અનુસ્વારનો ઉપયોગ શિખવાડવા માટેની જાણીતી કૃતિ છે.

શ્રી ઉમાશંકર જોશીએ શિક્ષણ અને સાહિત્યના અદ્વૈતને માર્મિક રીતે પ્રગટ કર્યું છે. તેમણે કહ્યું હતું કે અમારે શિક્ષકોને મન વર્ગ એ જ સ્વર્ગ. વર્ગમાં રસાત્મક આત્મીયતાનો અમને શિક્ષકોને જે અનુભવ થાય છે તે અવર્ણનીય હોય છે. તેની રસજ્ઞ અનુભૂતિનું હું એક દૃષ્ટાંત ટાંકું છું. શ્રી સુંદરજી બેટાઈનું એક ખૂબ જાણીતું કાવ્ય છે : 'એ વિશાળ એ સવાર…' એમાં સોટીધર ફોજદાર જેવા લંગડા શિક્ષકની મશ્કરી કરતા એક ટીખળી વિદ્યાર્થી લીલાધરને જે રીતે શિક્ષક મીઠાશથી અને કારણ્યથી સમજાવે છે એ શિક્ષણ અને સાહિત્યની એકરૂપતાના ઉત્તમ દૃષ્ટાન્તરૂપ છે.

'એમની અનન્ય ચાલે પૂંઠે પૂંઠે ચાલતા, એ,
લીલિયાને ભાળી ગઈ ?
મૂંગી વર્ગ-હસાહસ પામી ગઈ ?
અમે બધા થ.....ર્.....થ.....ર્
લીલિયાનું આવી બન્યું ખરેખર !

ઊપડ્યો ફેંકેલ ચાક, ચોખ્ખું થયું પાટિયું,
ને ચાલ્યો ચાક.....

પોતે અણબોલ :
કાળું પાટિયું જ બોલી રહ્યું.
શ્વેત સ્વચ્છ ચાક લખ્યું :
'લીલાધર, ઈશ્વરની લીલાને હસાય, ભાઈ લીલાધર ?'

વર્ગભીંત જેવો થયો વર્ગ આખો.
ચાલ્યા ગયા સોટીદાર વર્ગ બ્હાર
એ નિશાળ.... એ સવાર....

શ્રી બેટાઈનું આ કાવ્ય શિક્ષણ અને સાહિત્ય – બંનેના મર્મપૂર્ણ આલોકનું સારું દૃષ્ટાંત પુરું પાડે છે. આપણા શિક્ષણ-સાહિત્યના સર્વ ઉપાસકોને આ અદ્વૈતની ઝાંખી થાય તેવી અભીપ્સા સાથે વિરમું છું.

## 15.2 શાળાની સંકલ્પના

શાળાએ ઔપચારિક શિક્ષણ સંસ્થા છે. જ્યાં વિદ્યાર્થીઓની જ્ઞાનની ક્ષિતિજો વિસ્તૃત કરી તેમનામાં વિશિષ્ટ કૌશલ્યો, વલણો, શોખો અને સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરવામાં આવે છે. બાળકના શિક્ષણની શરૂઆત ઘરમાંથી થાય છે, પરંતુ શાળા બાળકોના સંસ્કારવર્ધનની ખૂટતી કડી પૂરી પાડાનરી પૂરક સંસ્થા બને છે. ઘર કે કુટુંબને બાળકના વિકાસ માટે શિક્ષણ ઉપરાંત કેટલીક સામાજિક જવાબદારીઓ પણ અદા કરવાની હોય છે. આથી પૂરતા પ્રમાણમાં બાળકના ઔપચારિક શિક્ષણમાં પરિવાર ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી. આ ઉપરાંત પરિવારની કેટલીક મર્યાદાઓ હોય છે. આ મર્યાદાઓ અને પરિવારની કેટલીક પ્રત્યક્ષ કે પરોક્ષ વિઘાતક અસરોમાંથી મુક્ત કરવા માટે શાળા જેવી ઔપચારિક શિક્ષણસંસ્થાની જરૂરિયાત ઊભી થાય છે. આ ઉપરાંત પરિવારના સભ્યો ક્યારેક પૂરતા પ્રમાણમાં શિક્ષિત ન હોવાથી બાળકો જ્ઞાન-વિજ્ઞાનથી શાખા-પ્રશાખાઓનું શિક્ષણ આપવા માટે શાળા જેવી સંસ્થાઓ સમાજમાં અનિવાર્ય બની જાય છે. શાળા એ સમાજની શોધ છે તેમ જણાવતાં એક કેળવણીકારે નંધ્યું છે.

"The school may be regarded as a social invention for the specialised teaching young one's." – ***Ottway***

વિક્ટર હ્યુગો એ લખ્યું છે કે, "જે શાળા ખોલે છે તે જેલની કોટડી બંધ કરે છે." સમાજમાં શિક્ષણનાં પ્રચાર અને પ્રસારથી સમાજનું નૈતિક અધઃપતન અટકી છે."

અન્ય કેળવણીકારાન મંતવ્ય મુજબ, "શાળા એ માત્ર જ્ઞાન વિતરણની સંસ્થા નથી, પરંતુ બાળકોને એ પ્રકારની પ્રવૃત્તિઓ વડે નિશ્ચિત રૂપથી તાલીમ આપવામાં આવે છે કે જેથી તે વિશાળ વિશ્વ માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે."

"The schools must be though primarily not as a place of learning where certain knowledge is learnt but as a place where young are disciplined in certain forms of activities, namely that areof the greatest and most permanent significance in the wider world." ***– T. P. Nunn***

શાળા બાળકોને બૃહદ્ વિશ્વ સમાજ માટે તૈયાર કરે છે. સાથેસાથે સમાજના સુસંસ્કૃત સભ્ય તરીકે વ્યક્તિને વિકસાવવાની જવાબદારી પણ શાળાની છે. કેળવણીકાર રોસાન મંતવ્ય મુજબ શાળામાં સમાજના સુવ્યવસ્થિત અને સભ્ય નાગરિકોનું નિર્માણ થાય છે.

"Schools are institutions devised by civilised man for the purpose of aiding in the preparation of the young for well adjusted and efficient membership of the society." ***– Ross***

શાળાની સંકલ્પના સમજાવતા જહૉન ડ્યૂઈ નામના વિદ્વાન શિક્ષણકાર કહે છે કે, "શાળા એક વિશિષ્ટ વાતાવરણ છે જ્યાં બાળકોનો વિકાસ અપેક્ષિત અને ઇચ્છનીય દિશામાં થાય તે માટે તેમને કેટલીક પ્રવૃત્તિઓ અને વ્યવસાયોનું શિક્ષણ આપવામાં આવે છે."

"School is a special environment, where a certain quality of life and certain types of activities and occupation are provided with object of securing the child's development along desirable lines."

***– John Dewey***

આમ, શાળા એટલે,

- સમાજની લઘુ આવૃત્તિ.
- સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું અક્ષયપાત્ર.
- જ્ઞાનવિજ્ઞાનની શાખા-પ્રશાખાઓનું ઔપચારિક શિક્ષણ આપતી સંસ્થા.
- શાળા એ મકાન નથી, શાળા એ વાતાવરણ છે કે જેમાં વ્યક્તિને વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યવસાયો દ્વારા સમાજનો સભ્ય નાગરિક બનાવવામાં આવે છે.

આમ, શાળા એ સમાજનું સાંસ્કૃતિક એકમ (Cultural Unit) છે. જ્યાં વિદ્યાર્થીને સમાજની આવતીકાલ માટે તૈયાર કરવામાં આવે છે. શાળા એ સમાજની સંવેદના અને સમાજનો જીવંત ઉરધબકાર છે, જ્યાં સમગ્ર વિશ્વ માટેની માનવજાતિનું ઘડતર કરવામં આવે છે. કોઈકે સાચે જ કહ્યું છે કે, "As the schools will be, & shall be the world.". જેવી શાળા તેવો સમાજ, તેવું વિશ્વ – તેથી જ કોઠારી કમિશને કહ્યું છે કે ભારતનું ભાવિ તેના વર્ગખંડો ઘડાઈ રહ્યું છે." શાળાની સાચી સંકલ્પના રજૂ કરતાં કેળવીણકાર ટી. પી. નને યોગ્ય રીતે જ કહ્યું છે.

"The school must be an idealised epitome of the whole world, not merely the world of ordinary affairs, but the whole of the humanity." ***– T. P. Nunn***

આમ, શાળા એ સમગ્ર વિશ્વનું આદર્શ પ્રતિક છે.

## 15.3 શાળાની ભૂમિકા

શાળા એ બાળકની સંસ્કારભૂતિ છે, જ્યાં બાળકોને તેમના ભાવિજીવન માટે તૈયાર કરવામાં આવે છે. તે સમાજના નાગરીકો બનીને સમાજનું નેતૃત્વ લઈ શકે તેટલા માટે તેમના સર્વાંગીણ વિકાસની યોજના તૈયાર કરવામાં આવે છે. શાળા એ જ્ઞાન અને સંસ્કૃતિનું એવું અક્ષયપાત્ર છે કે જ્યાંથી વિદ્યાર્થીઓ તેમના શારીરિક, માનસિક, સાંવેગિક અને નૈતિક વિકાસની ભૂમિકા પૂરી પાડવામાં

આવે છે. અભ્યાસક્રમો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને વિવિધ અનુભવોનું આયોજન કરીને તેમના ભાવિ જીવનનો નકશો તૈયાર કરવામાં શાળા મદદરૂપ બને છે. શાળાની બાળકના અને રાષ્ટ્રના વિકાસમાં મહત્ત્વની ભૂમીકા સમજાવતા કેળવણીકાર એસ. બાળકૃષ્ણ જોષી નોંધે છે.

"The progress of a nation is not decided in legistures, not on courts, not in factories but in schools." – S. Balkrishan Joshi

રાષ્ટ્રની પ્રગતિમાં શાળાનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. તે સંદર્ભમાં હવે આપણે શાળાનાં મહત્ત્વનાં કાર્યો જોઈશું :

(1) શાળા વિદ્યાર્થીઓની જ્ઞાનની ક્ષિતિજો વધારે છે. જ્ઞાન-વિજ્ઞાનની જુદી જુદી શાખા-પ્રશાખાઓનું શિક્ષણ શાળામાં બાળકોને આપવામાં આવે છે. આથી બાળકોને માનસિક યા બૌદ્ધિક વિકાસ થાય છે.

(2) શાળા વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યો અને અભિયોગ્યતાઓ અનુસાર કેટલીક વિશિષ્ટ શક્તિઓનો વિકાસ કરી વિદ્યાર્થીઓની વ્યાવસાયિક ક્ષમતા કેળવવાનો પ્રયાસ કરે છે. આથી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સરળતાથી આજીવિકા મેળવવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકે.

(3) પ્રજાના ભૂતકાલીન સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની જવાબદારી શાળાંની છે. શાળા પ્રજાના સાંસ્કૃતિક વારસાના કેટલાંક મૂલ્યોનું જતન અથવા સંરક્ષણ કરે છે. બ્રુબેકરના મત અનુસાર શાળાનું આ સંચયાત્મક (Conservative) કાર્ય છે. શાળાએ માત્ર સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ કરવાનું નથી, પરંતુ કેટલાંક નૂતન મૂલ્યોનું સર્જન કરી, મૂલ્યોને સંવર્ધિત કરી નવી કેડીઓ કંડારવાની છે. આ શાળાનું પ્રગતિશીલ કાર્ય (Progressive) છે. એટલું જ નહિ પણ જૂનાં શાશ્વત મૂલ્યોનું સંરક્ષણ કરી, નૂતન મૂલ્યોને સંવર્ધિત કરી આવતી કાલની પેઢીને તે હસ્તાંતરિત કરવાની જવાબદારી પણ શાળાની છે. આમ, શાળા એ સમાજનું સંસ્કૃતિકેન્દ્ર કે સંસ્કૃતિનું અક્ષયપાત્ર બની જાય છે.

(4) શાળા અભ્યાસક્રમ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક, સાંવેગિક અને નૈતિક અંતર્ગત શક્તિઓનો વિકાસ કરી વિદ્યાર્થીની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ કરે છે. તેના વ્યક્તિત્વ વિકાસ દ્વારા તે સમાજનો સંનિષ્ઠ નાગરિક બને છે.

(5) શાળા વિદ્યાર્થીઓને નાગરિક્તા અને નેતૃત્વની તાલીમ આપે છે. નાગરિક્તા અને નેતૃત્વના યોગ્ય ગુણો વિકસાવી સમાજને યોગ્ય નાગરિકો અને નેતાઓ પૂરા પાડે છે.

(6) શાળા કેળવણીના નિજી કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓનું સામાજિકીકરણ (Socialisation) કરે છે.

- તેમનામાં યોગ્ય ટેવોનું નિર્માણ કરે છે.
- તેમનામાં સમાજને માટે ઇચ્છનીય એવી વર્તનતરાહોનો વિકાસ કરે છે.
- વિદ્યાર્થીઓને સમૂહજીવનની તાલીમ આપી સમાજ સાથે એટલે કે વ્યક્તિઓ અને જૂથો સાથે અનુકૂલીકરણની પ્રેરણા પૂરી પાડે છે.
- વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંઘભાવના, ખેલદિલી, સહાનુભૂતિ, સહકાર, નિખાલસતા વગેરે ગુણોનો વિકાસ કરી તેમનામાં સામાજિક સભાનતા લાવવાનો પ્રયાસ કરે છે.
- સમાજના શ્રેય માટે વ્યક્તિગત હિતોનું સમાજની વેદી પર બલિદાન આપતાં શીખે છે. ત્યાગ, સમર્પણ, નિષ્ઠા વગેરે ગુણોનો આવિર્ભાવ શાળાની પ્રવૃત્તિઓ દ્વારા થાય છે.

(7) આ ઉપરાંત શાળા વિદ્યાર્થીઓમાં ચિંતનશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ કે સારાસાર વિવેકશક્તિ યા નિર્ણયશક્તિનો વિકાસ કરે છે. આમ થવાથી વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સૂર્ય સહસ્ત્રકિરણોથી પ્રકાશી ઊઠે છે.

(8) શાળાનું મહત્ત્વનું કાર્ય વિદ્યાર્થીઓના નૈતિક ચારિત્ર્યનો વિકાસ કરવાનું છે. શાળા વિવિધ પ્રવૃત્તીઓ અને કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વિકસાવી વિદ્યાર્થીઓના ચારિત્ર્યનું નિર્માણ કરે છે.

(9) વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ માટે શારીરિક શિક્ષણની જોગવાઈ કરે છે.

(10) સામાજિક ઉત્સવોની અને પર્વોની ઉજવણી દ્વારા તેમ જ સમાજસેવાના કાર્યક્રમો દ્વારા બાળકોનું સામાજિકીકરણ કરે છે.

(11) શાળા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ અને આંતરરાષ્ટ્રીય સદ્‌ભાવના જાગે તેવું શિક્ષણ આપે છે. આમ, શાળા અને શાળાનું સમગ્ર વાતાવરણ એ સંવેદનશીલ સમાજનો ઉરધબકાર છે. તે સામાજિક સુધારાની પ્રયોગશાળા અને સામાજિક સુધારાની પ્રયોગશાળા અને સામાજિક પરિવર્તનની પ્રસ્થાનરેખા બની જાય છે. એક અર્થમાં શાળાએ સમાજની સંસ્કૃતિવાહિની છે. શાળાની ભૂમિમાંથી સમાજનાં સંસ્કારમૂલ્યો પાંગરે છે અને સંસ્કૃતિવૃક્ષનાં મૂળિયાં ઊંડાં જાય છે. તે બાળકોને સામાજિક અનુભવો પૂરા પાડી ઉત્તમ ઉત્પાદક નાગરિકોનું સર્જન કરે છે.

"A nation's schools are an organ of its life, whose special function is to consolidate its spiritual strength, to maintain its historic continuity, to secure its past achievements, to guarantee its future." T. P. Nunn

શાળા એ રાષ્ટ્રના જીવનની ધોરી નસ છે, જેના દ્વારા રાષ્ટ્રની આધ્યાત્મિક શક્તિનો સંચય થાય છે, રાષ્ટ્રના ઐતિહાસિક સાતત્યની માવજત થાય છે, ભૂતકાલની ભવ્ય સિદ્ધિઓની ગૌરવગાથાને પ્રતિબિંબિત કરે છે અને રાષ્ટ્રના ભવિષ્યની ખાતરી આપે છે.

## 15.4 શાળાની ભૂમીકાને અસરકારક બનાવવાના ઉપાયો

શાળાની સામાજિકીકરણની અને શિક્ષણની ભૂમિકાને અસરકારક બનાવવાના કેટલાક ઉપાયો આપણે વિચારીશું.

**(1) શાળા અને પરિવારનો સહકાર :**

શાળામાં આવતું બાળક કુટુંબના શીલ અને સંસ્કાર લઈને આવે છે. પોતાનો શાળાજીવન સિવાયનો મોટા ભાગનો તે કુટુંબ સાથે ગાળે છે. આથી મા-બાપો પોતાનાં બાળકોની ટેવો, વલણો, ગુણો – અવગુણોથી પરિચિત હોય છે. શિક્ષકો શાળામાં બાળકની વ્યક્તિગત વિશિષ્ટતાઓ કે મર્યાદાઓ જાણતા હોતા નથી. આથી શાળાનો પરિવાર સાથેનો સહકાર અનિવાર્ય બની જાય છે. આ માટે વાલીઓ અને શિક્ષકો વચ્ચેના નિકટના સંપર્કની અનિવાર્યતા ઊભી થાય છે. તેથી શાળાએ વાલીઓની નિકટ આવવાના પ્રયાસો કરવા જોઈએ. આ માટે –

**(અ) વાલીદિનની ઊજવણી :**

આ દિવસે બધા વાલીઓને શાળામાં નિયંત્રણ પાઠવી બોલાવવા જોઈએ. આથી વાલીઓને બાળકોના અભ્યાસની ત્રુટિઓ, તેની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓથી વાલીઓને વાકેફ કરી શકાય. વાલીઓને અને બાળકોને માર્ગદર્શન આપી શકાય, શાળાઓની સિદ્ધિઓ અને વિશેષતાઓ કે પરંપરાઓથી વાલીઓને પરિચિત કરી શકાય. આ રીતે વાલીદિનની ઊજવણીથી વાલીઓ અને શિક્ષકો કે આચાર્ય વચ્ચે ઘનિષ્ઠ સહકાર સ્થાપિત કરી શકાય છે.

**(બ) વાલી-શિક્ષક સંઘની સ્થાપના :**

વાલીઓ અને શિક્ષકો એકબીજાની શૈક્ષણિક અને બાળકોની વ્યક્તિગત સમસ્યાઓ કે સિદ્ધિઓ સમજી શકે તે માટે દરેક શાળામાં વાલી-શિક્ષક સંઘની સ્થાપના થાય તે ઇચ્છનીય છે. આ સંઘના ઉપક્રમે નીચેની પ્રવૃત્તિઓનું સુચારુ રૂપે આયોજન કરી શકાય :

– વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને સમસ્યાઓ અંગે વિચારવિમર્શ.

– શાળામાં ચાલતી પ્રવૃત્તિઓનું પ્રદર્શન કે નિદર્શન.

– તજ્જ્ઞોના વ્યાખ્યાનો કે પ્રવચનો.

– શિક્ષણની પ્રચલિત અને નૂતન પદ્ધતિઓ અંગે વિચારણા

– શિક્ષણ સુધારણા કે ગુણવત્તાલક્ષી કાર્યક્રમો અંગે વિચારવા.

– શાળાની વાંછનીય પ્રગતિ માટે રચનાત્મક સૂચનો અંગે વાલીઓ અને શિક્ષકો વચ્ચે વિચારવિમર્શ.

– સમાજનું શૈક્ષણિક સર્વેક્ષણ.

– શાળાની ભૌતિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક સમસ્યાઓ અંગે રચનાત્મક સૂચનો.

આમ, વાલી-શિક્ષક સંઘ દ્વારા ઉપરની પ્રવૃત્તિઓ કરી શકાય છે.

**(2) પ્રગતિપત્ર (Progress Reports) :**

બાળકોની શૈ1ણિક પ્રગતિ અંગે વાલીઓને પ્રગતિપત્રકો યોગ્ય સમયાંતરે ખાસ કરીને પ્રતિ માસ મોકલવાં જોઈએ. જેથી વાલીઓ બાળકોની પ્રગતિ કે પ્રતિગતિની સાચી અને યથાર્થ માહિતી મેળવી શકે.

**(3) વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત (Visit to Pupil's Home) :**

શિક્ષકોએ વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક-પાર્શ્વભૂમિકાની માહિતી મેળવવા, બાળકોની પારિવારિક સમસ્યાઓથી વાકેફ થવા, તેમની સિદ્ધિઓને બિરદાવવા માટે વિદ્યાર્થીઓના ઘરની સમયાંતરે અવારનવાર મુલાકાત લેતા રહેવું જોઈએ.

આ ઉપરાંત શાળાઓએ સમાજમાં પોતાની ભૂમિકા અસરકારક રીતે નિભાવવા માટે વાલીઓ ઉપરાંત સમાજનો પણ ઘનિષ્ઠ સંપર્ક સ્થાપિત કરવો જોઈએ.

**(4) શાળાનો સમાજ સાથેનો સહકાર :**

પ્રવર્તમાન પરિસ્થિતિમાં શાળાઓ સમાજથી અને સમાજ શાળાઓથી વિમુખ થઈ રહ્યો છે. શાળાઓ જોઈએ તેટલા પ્રમાણમાં સમાજકેન્દ્રી બની શકી નથી. સમાજથી સંપર્ક ગૂમાવી ચૂકેલી, એકલી અટૂલી વિધવા કે ત્યક્તા નારીની જેમ શાળાઓ ક્યાંક ગામને સીમાડે એકલતા અનુભવતી ઊભી છે. આથી શાળાના શિક્ષણને અસરકારક બનાવવા માટે શાળાએ સાચા અર્થમાં સમાજની કેન્દ્રભૂમિ બનવી જોઈએ. આ આવતા સમયની માંગ છે, અનિવાર્યતા છે. શાળા અને સમાજ વચ્ચેનો સહકાર નીચેના જેવા ઉપાયોથી સ્થાપિત કરી શકાય :

**(અ) સમાજસેવા :**

શિક્ષણની નૂતન સંકલ્પના બાળકના સામાજિક વિકાસ પર ભાર મૂકે છે. બાળક મોટું થતાં સમાજનો સક્રિય સભ્ય બને સમાજ સાથે ઘનિષ્ઠ સંપર્ક સ્થાપિત કરે તે માટે વિદ્યાર્થીઓને સમાજસેવા કરવા માટે પ્રેરિત કરવા જોઈએ. ગ્રામસફાઈ, શ્રમશિબિરો, આફતગ્રસ્તોને સહાય એવા કાર્યક્રમો યોજી બાળકોને સમાજસેવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ.

**(બ) સમાજના અગ્રણીઓ અને નિષ્ણાતોને નિમંત્રણ :**

શાળામાં વિવિધ વિષયોનો તજ્જ્ઞોને બોલાવીને તેમનાં જ્ઞાન અને કાર્યદક્ષતાનો લાભ લેવો જોઈએ. સમાજની વિવિધ સંસ્થાઓમાં ઉપયોગી કાર્ય કરતા નિષ્ણાતોને બોલાવીને તેમનાં કાર્ય અને સેવાઓ વિશે પ્રવચન અપાવવાં જોઈએ. આ ઉપરાંત વિવિધ નેતાઓ, સમાજસેવાનાં કાર્યોમાં રત એવા સેવાનિષ્ઠ અગ્રણીઓ, વિવિધ વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ, અગ્રણી ખેડૂતોનાં પ્રવચનો યોજવાં જોઈએ.

**(ક) સમાજવિદ્યાઓનું શિક્ષણ :**

શાળાના અભ્યાસક્રમમાં સમાજવિદ્યાના વિવિધ વિષયો જેવા કે ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર અને રાજ્યબંધારણ જેવા વિષયોને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવું જોઈએ.

**(ડ) પ્રૌઢશિક્ષણ :**

શાળાનું મહત્ત્વનું કાર્ય સમાજના નિરક્ષર પ્રૌઢોને શિક્ષણ આપી સાક્ષર અને સંસ્કારી બનાવવાનું છે. આમ થવાથી ભારતની એક વિકરાળ સમસ્યાનું સમાધાન શોધી શકાશે. શાળાએ શિક્ષકો અને વિદ્યાર્થીઓના સહકારથી સમાજની વચ્ચે જઈને પ્રૌઢોને શાળામાં આમંત્રી પ્રૌઢશિક્ષણની જવાબદારી નિભાવવી જોઈએ.

**(ઈ) સામાજિક સર્વેક્ષણ :**

શાળાએ સમાજની વિવિધ સમસ્યાઓ અને સળગતા પ્રશ્નો વિશે સમાજમાં સર્વેક્ષણો હાથ ધરવાં જોઈએ. સામાજિક નિરક્ષરતા, સ્ત્રીશિક્ષણ, સમાજની આર્થિક-સામાજિક સ્થિતિ, સામાજિક રિવાજો પર સામાજિક સર્વેક્ષણો હાથ ધરવાં જોઈએ. આ ઉપરાંત શહેરની સ્વચ્છતા, આરોગ્યપ્રદ સવલતો, ટ્રાફિકની સમસ્યા વગેરે પર પણ સર્વેક્ષણો હાથ ધરી શકાય.

**(ફ) સમાજસેવા સંઘોની સ્થાપના :**

પ્રો. કે. જી. સૈયદીને શાળામાં સમાજસેવા સંઘોની સ્થાપના પર સવિશેષ ભાર મૂક્યો છે. આવા સેવાસંઘો પૂરતી આપત્તિ સમયે, રોગચાળા વખતે આફતગ્રસ્તોને સહાય કરે છે. આવા કાર્યોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સહકાર સાધી સમાજસેવાનાં કાર્યો કરવાં જોઈએ.

આમ, શાળાની ભૂમિકા અસરકારક બનાવવા માટે ઉપરોક્ત ઉપાયો યોજવા જોઈએ.

**(ચ) સમાજના પ્રશનો પરત્વે સંવેદનશીલતા :**

પર્યાવરણ સુરક્ષા, વસ્તીશિક્ષણ, એઈડ્સ શિક્ષણ વગેરે અંગેના કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓમાં સમાજના પ્રશ્નો પરત્વે સંવેદનશીલતા વિકસાવવી જોઈએ.

**(5) મુક્ત શિક્ષણ પ્રથા (Open Education System) :**

ભારતમાં જ્યારે હજારો બાળકો શિક્ષણથી વંચિત રહે છે અને આર્થિક, સામાજિક કારણોસર તેઓ શિક્ષણ મેળવી શકતા નથી. અથવા તેઓ ક્યારેક પોતાનો અભ્યાસ અધૂરો છોડી દે છે ત્યારે મુક્ત શિક્ષણપ્રથા ભારત જેવા દેશ માટે વધુ લાભદાયી છે.

**મુક્ત શિક્ષણપ્રથા એટલે શું ?**

મુક્ત શિક્ષણપ્રથામાં બાળકોને શાળાળમાં ફરજિયાત હાજરી આપવી પડતી નથી. બાળકને આ પ્રથામાં પોતાના અનુકૂળ સમયે, ઘેર બેઠાં પોતાનો અભ્યાસ કરી શકે છે. આ પ્રથાના લાભ નીચે મુજબ છે. આથી વિદ્યાર્થીઓને ખૂબ લાભ થાય છે.

(1) બાળકોને ઔપચારિક શાળા કે સંસ્થામાં અભ્યાસ કરવા જવું પડતું નથી.

(2) તેમાં હાજરી ફરજિયાત હોવી આવશ્યક નથી.

(3) તેમને પ્રવેશ લીધા પછી શૈક્ષણિક સામગ્રી ઘેર બેઠાં મોકલવામાં આવે છે.

(4) નજીકમાં આવેલા મુક્ત શિક્ષણકેન્દ્રમાંથી તેઓ માર્ગદર્શન મેળવી શકે છે.

(5) તેમના અનુકૂળ સમયે સંરચના સમયે સંપર્ક વર્ગોમાં હાજરી આપી તેઓ જે તે વિષયના શિક્ષકો પાસેથી માર્ગદર્શન મેળવી શકે છે.

(6) જે બાળકો અધવચ્ચેથી ઊઠી ગયાં હોય તેવાં બાળકો અભ્યાસ પુનઃ ચાલુ કરી શકે છે. તેમને માટે વૈકલ્પિક શાળાવ્યવસ્થા પણ હોય છે.

(7) જે વિસ્તારમાં શિક્ષણની પૂરતી સુવિધાઓ નથી, શિક્ષણ સંસ્થાઓ રહેઠાણથી દૂર છે તેનાં બાળકો માટે મુક્ત શિક્ષણપ્રથા લાભદાયી છે.

(8) મુક્ત શિક્ષણપ્રથામાં વિદ્યાર્થીઓ ગમે તે ઉંમરે, ગમે તે કક્ષામાં અભ્યાસ માટે દાખલ થઈ શકે છે. આથી મોટી ઉંમરે અભ્યાસ માટે દાખલ થઈ શકે છે. આથી તેઓને મોટી ઉંમરે અભ્યાસ કરવામાં સંકોચ નડતો નથી.

(9) વિદ્યાર્થીઓની જ્ઞાનની ક્ષિતિજો વધે છે. તેઓ ગમે તે ઉંમરે સૈદ્ધાંતિક અને વ્યાવસાયિક શિક્ષણ મેળવી શકે છે.

(10) ભારત જેવા દેશમાં જ્યાં આર્થિક રીતે દરેક વિસ્તારમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને પહોંચી વળવું મુશ્કેલ છે. ત્યાં મુક્ત શિક્ષણપ્રથા લાભદાયી નીવડે છે.

(11) મુક્ત શિક્ષણપ્રથામાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીના વિષયોમાં અભ્યાસ કરી શકે છે.

(12) મુક્ત શિક્ષણપ્રથામાં વિદ્યાર્થીઓ ગમે તે ઉંમરે દાખલ થઈ શકે છે જેથી તેનો લાભ વ્યવસાય સાથે અભ્યાસ ચાલુ રાખીને વ્યવસાયિક લાયકાત અને ક્ષમતામાં વૃદ્ધિ કરી શકે છે.

**(6) સાંસ્કૃતિક જૂથો (Cultural Groups) :**

**(1) યુવક મંડળો :**

વિશ્વભરમાં કેળવણીકારોએ યુવાપ્રવૃત્તિની અગત્ય ગણનાપાત્ર રીતે સ્વીકારી છે. ભારત સરકારે પણ યુવકમંડળો અને યુવાપ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું છે. યુવકમંડળો બાળકના સામાજિક વિકાસમાં નીચે પ્રમાણે ભાગ ભજવે છે.

– યુવકમંડળો દ્વારા વિદ્યાર્થીઓની સુષુપ્ત અંતર્ગત શક્તિઓને વિકાસ થાય છે. તેમની સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે છે.
– યુવકમંડળો વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરે છે. તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમો, નાટકો, નૃત્ય મહોત્સવો વગેરેનું આયોજન કરીને વિદ્યાર્થીઓની અભિનય કલા, અભિવ્યક્તિને પ્રોત્સાહન આપે છે.
– આ મંડળો નૃત્યસ્પર્ધાઓ, સંગીત સ્પર્ધાઓનું પણ આયોજન કરે છે.
– યુવકમંડળો, યુવકમહોત્સવોમાં ભાગ લે છે. તેઓ કસરતના રસપ્રદ કાર્યક્રમો, સંગીત, નાટ્ય, હસ્તકલા ઉદ્યોગો, વ્યાવસાયિક વર્ગોનું સંચાલન કરે છે.
– આનાથી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા તરુણો – તરુણીઓની અંતર્ગત સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે.
– તેમની સાહજિક વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ થાય છે.
– તરુણ – તરુણીઓનું આ મિલન સ્થાન છે. તેથી તેમની સામાજિકતાનો વિકાસ થાય છે.
– સાહજિક વૃત્તિઓના ઊર્ધ્વીકરણની દિવ્ય દિશા ચીંધવાની અને તેમની રાહબર એવી આ પ્રવૃત્તિઓ યુવાધનને સાચી દિશા ચીંધી તેમના અમૂલ્ય બજાનાને બહાર લાવે છે.

**(2) નાટ્યગૃહો, નૃત્યમંડળીઓ વગેરેની ભૂમિકા :**

આ પ્રકારનાં સાંસ્કૃતિક જૂથો છે બે રીતે વિદ્યાર્થીઓના ઘડતરમાં ફાળો આપે છે. તેઓ પોતાના કલાકારો દ્વારા સારાં સારાં નાટકો કે નૃત્યો રજૂ કરીને પ્રદર્શિત કરે છે.

– આથી વિદ્યાર્થીઓ પાત્રોના અભિનયકલા, અભિવ્યક્તિ વગેરેથી પરિચિત થાય છે.
– તેમની સાહજિક વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ થાય છે.
– વિદ્યાર્થીઓ પાત્રો સાથે તાદાત્મ્ય અનુભવે છે. તેમનું અનુકરણ કરવા પ્રયાસ કરે છે. વિદ્યાર્થીઓના વેશ પરિધાન, રહેણીકરણી, ભાષા વગેરે પર પણ તેની અસરો પડે છે.
– વિદ્યાર્થીઓની સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ થાય છે.
– આવાં સાંસ્કૃતિક જૂથથોની કલાભિવ્યક્તિથી વિદ્યાર્થીઓ કલાભિમુખ બને છે.

આ ઉપરાંત ચલચિત્રો, દૂરદર્શન, રેડિયો વગેરે પણ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ, ભાષાકૌશલ્યો, સૌંદર્ય દૃષ્ટિ વગેરેનો વિકાસ સાધે છે.

## 15.5 સાહિત્ય : શાળા વાતાવરણનું સાધન

**પ્રસ્તાવના :**

કોઈ પણ વ્યક્તિ એક થી વધુ શાળાઓની મુલાકાત લે તો તે જાણી શકે છે કે, એક શાળા કરતાં બીજી શાળા તેના વાતાવરણમાં જુદી પડે છે, એવી શાળા પણ જોવા મળે કે જેમાં શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓ ઉત્સાહી હોય, પોતે જે કાંઈ કરતા હોય તેમાં વિશ્વાસ ધરાવતા હોય, એકબીજા સાથે કામ કરવામાં તેઓને આનંદ મળતો હોય છે અને આ આનંદ વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે, પરિણામે વિદ્ય)ર્થીઓને શાળા પણ સુખદ અનુભવ બની શકે છે. એવી શાળા પણ હોય છે કે જ્યાં શિક્ષકોનો અસંતોષ સહજ રીતે જોઈ શકાય છે. અહીં આચાર્ય તેની બિન કાર્યક્ષમતા અને દિશાશૂન્યતાને સત્તારૂપી બુરખા વડે ઢાંકવા પ્રયત્ન કરે છે. પરંતુ આ બુરખો એવી નબળી રીતે ધારણ કરે છે કે બીજાઓ પ્રત્યેનું વર્તન કાં તો બિન જરૂરી ડહાપણ ડહોળુંત હોય છે. આવી બિસ્માર સંસ્થાની અસર વિદ્યાર્થીઓ પર પડે છે અને તેઓ હતાશ થઈ જાય છે. ત્રીજી એવી શાળા પણ જોવા મળે છે, જ્યાં ઉત્સાહ પણ નથી કે નથી હતાશા, માત્ર દંભી રીતભાત. એ જોતા આપણને એવોભાસ થાય છે, જાણે કે આપણે કોઈ કઠપૂતળીનો ખેલ જોઈ રહ્યા છીએ. એ ખેલમાં આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ એમના પાત્રો ભજવતા હોય, આ અભિનય સરળ અને ત્વરીત હોય, પરંતુ તેમાં ભાગ લેનાર માટે લગભગ અર્થહીન હોય અને કોઈ વિચિત્ર કારણસર વાસ્તવિક જ ન લાગે. એવી પણ શાળા જોવા મળે, જ્યાં દરેક અલગ વ્યક્તિત્વ એજ આપણે જેને સંસ્થાકીય વાતાવરણ કહીએ છીએ. એક રીતે જોઈએ તો સંસ્થાકીય વાતાવરણ જે સંસ્થા માટે છે તે જ વ્યક્તિત્વ વ્યક્તિ માટે છે.

સંસ્થાકીય વાતાવરણ એક નવો વિચાર છે. શાળામાં ચાલતું કાર્ય, શાળામાં યોજાતા કાર્યક્રમો અને શાળાના તથા શિક્ષણના હેતુઓની સિદ્ધિ શાળામાં કઈ કક્ષાએ હશે ? કેટલી હદે હાંસલ થશે ? તેની ગુણવત્તા કેવી હશે ? વગેરે પ્રશ્નોના ઉત્તરનો આધાર શાળામાં આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ (ખાસ તો આચાર્ય અને શિક્ષકો) કેવી રીતે કામ કરે છે. કેવી રીતે હળેમળે છે, શાળા પ્રત્યે કેવો ભાવ અનુભવે છે એના પર રહેલ છે, આજ બાબતને સંસ્થાકીય વાતાવરણ કહી શકાય.

હેલ્પિન (Halpin) અને તેના મદદનીશોએ 1956માં કરેલા શાળાના આચાર્યના નેતૃત્વ અંગેના અભ્યાસમાં તેમણે શાળામાં અસરકારક નેતૃત્વ કરી શકે તેવા આચાર્યનાં સામાજિક લક્ષણો તારવાનો પ્રયાસ કર્યો છે, તેમાં તેમણે તારવ્યું છે કે જે આચાર્ય શિક્ષકો પાસેથી શાળાના ધ્યેયની પ્રાપ્તિ માટે અસરકારક કામ લેવાની આવડત ધરાવતો હોય અને સાથે સાથે શિક્ષકો સાથે વિશ્વાસ, માન, હૂંફ અને માનવતા ભર્યા સંબંધો પણ રાખી શકતો હોય તે આચાર્ય શાળામાં અસરકારક નેતૃત્વ કહી શકે છે.

**સંકલ્પના :**

જુદી જુદી વ્યક્તિઓએ સંસ્થાકીય વાતાવરણની સંકલ્પના સમજાવવા નીચે પ્રમાણે પ્રયાસ કર્યો છે.

**એલ્વિન હેલ્પિન :**

જેમ વ્યક્તિને વ્યક્તિત્વ હોય છે. તેમ દરેક સંસ્થાને સંસ્થાકીય વાતાવરણ હોય છે. વ્યક્તિના વ્યક્તિત્વને વર્ણવી શકાય છે તેમ સંસ્થાના વ્યક્તિત્વને પણ વર્ણવી શકાય.

**જેક ફાયમર :**

વિદ્યાર્થી અને શિક્ષકનું પ્રેરણ જે પરિબળને કારણે શાળા તરફ ઘડાય તે પરિબળ તે સંસ્થાકીય વાતાવરણ.

**કિસ આર્ગાઈરીસ :**

"વ્યક્તિને પોતાની ભૂમિકા (role) અનુસાર કાર્ય બજાવવા પ્રેરિત કરનારું સંસ્થાકીય તત્વને સંસ્થાકીય વાતાવરણા."

**ડેનિયલ :**

"શાળાને એક સંસ્થા તરીકે ધ્યેયલક્ષી વર્તન તરફ દોરી જનારું કેન્દ્રિય તત્ત્વ તે સંસ્થાકીય વાતાવરણ."

શાળા એક જૂથ છે, આ જૂથમાં અનેક જૂથો આવેલા છે. આ જૂથના સભ્યો અનેક અપેક્ષા સાથે જૂથમાં જોડાય છે. જૂથના સભ્યોની અપેક્ષા પ્રમાણે શાળામાં વર્તન વ્યવહારો જોવા મળે છે. દરેક શાળાને વર્તન અંગે પોતાના ધારાધોરણો હોય છે. જૂથના સભ્યો ધારાધોરણો પ્રમાણે જૂથમાં સભ્યોમાં વર્તન વ્યવહારો જોવા મળે છે. એમાંથી જ એનું વાતાવરણ સર્જાય છે. એ વાતાતરણ પરથી આશયો સર્જાય છે. આ આશયો ધ્યેય લક્ષી વર્તન તરફ દોરે છે, કારણ કે એટલા પ્રમાણમાં સંસ્થા તરફ વયભાવના વધે છે. એમાંથી જ વાતાવરણ ઊભું થાય છે.

સંસ્થાને વ્યક્તિ સાથે સરખાવીએ તો, વ્યક્તિને જેમ વ્યક્તિત્વ છે તેમ સંસ્થાને વાતાવરણ છે અને વાતાવરણમાંથી જેમ આશયો સર્જાય છે તેમ વ્યક્તિઓ પોતાની જરૂરિયાતો વ્યક્ત કરે છે. જરૂરિયાતો જેટલે અંશે સંતોષાય તેટલે અંશે સંસ્થા સાથે વયભાવના પેદા થશે એ ધ્યેય લક્ષી તરફ પ્રેરે છે, એમાંથી જ વાતાવરણ ઊભું થાય છે.

સંસ્થાના વ્યક્તિત્વને કારણે જ આકર્ષણ હોય છે. આ આકર્ષણ એક બીજાની અપેક્ષા ઉપર આધારિત હોય છે. જે તે સંસ્થામાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે વધુ આકર્ષણ હોય છે અને એવી સંસ્થામાં અમુક અપેક્ષા સંતોષાતી હોય છે. જેટલા અંશે શાળા તરફથી અપેક્ષા સંતોષાય તેટલા પ્રમાણમાં શાળા તરફની વયભાવના તરફનું આકર્ષણ વધે છે. આમાંથી જ સંસ્થાકીય વાતાવરણ ઊભું થાય છે.

**સંસ્થાકીય વાતાવરણ પર અસર કરતાં પરિબળો :**

સંસ્થાકીય વાતાવરણની ઓળખ અર્થે તેની જે વિશિષ્ટતાઓ વહેંચવામાં આવે છે, તેના પ્રતિ દૃષ્ટિપાત કરતાં, સંસ્થાકીય વાતાવરણને જન્માવનારાં તેમજ પોષનારાં પરિબળોનો સહજ રીતે ખ્યાલ આવી જાય છે. સંસ્થાકીય વાવરણ પર અસર કરવામાં માનવીય પરિબળો અગત્યનો ભાગ ભજવે છે. માનવીય પરિબળોમાં આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, અન્ય કર્મચારીઓ, નાગરિકો, કેળવણી મંડળના સભ્યો, સ્થાનિક રાજ્ય તથા રાષ્ટ્રકક્ષાના કેળવણી અધિકારીઓ અને સલાહકારોનો સમાવેશ થાય છે.

શાળાની ભૌતિક સંપત્તિ ગમે તેટલી સારી હોય પરંતુ માનવીય પરિબળોની ગેરહાજરી એ એકડા વિનાનાં મીડાં જેવું છે. સંસ્થાકીય વાતાવરણમાં માનવીય પરિબળો એ સંસ્થા માટ આત્મા છે, આ પરિબળો જેટલાં સક્રિય હશે તેટલું કાર્ય સંસ્થાનું ગતિશીલ બનશે. માનવીય પરિબળો સંસ્થાકીય વાતાવરણ પર કયાં પરિબળો શું અસર કરે છે તે અંગેની માહિતી નીચેની આકૃતિ પરથી ખ્યાલ આવશે :

**માનવીય પરિબળો**

- **(૧) આચાર્ય**
- **(૨) શિક્ષક**
- **(૩) વિદ્યાર્થીઓ**
- **(૪) અન્ય પરિબળો**
  - **– બિન શૈક્ષણિક સ્ટાફ**
  - **– સંચાલક મંડળ**
  - **– સંચાલક કર્મચારીઓ**
  - **– વાલીઓ અને સમાજના અન્ય સભ્યો**
  - **– સલાહકારો**
  - **– રાષ્ટ્ર કક્ષાના કેળવણી અધિકારોઅ**

**(1) આચાર્ય (Principal) :**

આચરણ કરીને જ શિક્ષકો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે તે જ આચાર્ય, પી. સી. રેનના શબ્દોમાં જોઈએ તો ઘડિયાળમાં મુખ્ય કમાનનું મહત્ત્વ, યંત્રમાં ફ્લાય વ્હીલનું મહત્ત્વ, જહાજમાં એન્જિનનું મહત્ત્વ છે તેવું જ શાળામાં આચાર્યનું મહત્ત્વ છે.

પ્રો. હુમાયુન કબીર આચાર્યનું મહત્ત્વ દર્શાવતાં જણાવે છે કે, ''જાગૃત, કાર્યદક્ષ અને હમદર્દ આચાર્યથી શાળાની નીતિમત્તા સુધરે છે. એક સારા આચાર્ય તરફથી મળતા સહકાર વગર શુભ નિષ્ઠાવાળો શક્તિશાળી અને કેળવાયેલો શિક્ષક પણ કશું જ કરી શકતો નથી.''

શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સમાજ, શાળા વિષેનો પોતાનો મત આચાર્યની પ્રતિભા પરથી બાંધે છે, આચાર્યનું વ્યક્તિત્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકો, એનું માન અને વિવેક જાળવે એ પ્રકારનું હોવું જોઈએ.

શાળારૂપી આરસમાંથી જીવંત શિલ્પનું ઘડતર કરનાર આચાર્ય શિલ્પી છે, વિધાતા છે. આચાર્ય એ શાળાના સમગ્રતંત્રનો દોરી સંચાર કરનાર જાદુગર છે. તે જેટલો તેજસ્વી કુશળ, વહીવટદાર, આદર્શ નેતા, આદર્શ સંયોજક, તેટલો શાળાનો વ્યવહાર આદર્શ. આચાર્ય શાળાનો વડો છે તેની પાસે ઉત્તમ ગુણોનો ભંડાર હોવો જોઈએ, તેથી તેની પાસે કેટલીક અપેક્ષાઓ રાખવામાં આવે છે, ઉચ્ચ પદવી, અનુભવી, શાળાાં પડેલ માનવીય મૂડીનો યોગ્ય ઉપયોગ કરનાર, શાળામાં સંસ્થાકીય વાતાવરણ સર્જવામાં જ મશગુલ હોય તો જ આચાર્ય કહેવાય. શાળાને ઉત્તમ પ્રકારનો આચાર્ય મળે તો શાળાકીય વાતાવરણ અચૂક સુધરે અને ઊંચું આવે જ. આચાર્યની અન્ય વ્યક્તિઓ સાથેનો વ્યવહાર દર્શાવતી આકૃતિ નીચે પ્રમાણે છે.

**આચાર્યનો અન્ય વ્યક્તિઓ સાથેનો વ્યવહાર :**




**(1) શિક્ષકો (Teachers) :**

શાળાનું વાતાવરણ આચાર્યનું માન અને પ્રતિષ્ઠા કેટલા પ્રમાણમાં છે તેના ઉપર આધાર રાખે છે. તેમાં શિક્ષકો સાથેનો સહકાર કેવો છે. તેમજ આચાર્યનો વ્યવહાર કેવો છે તેના ઉપર શાળાના

વાતાવરણનો આધાર રાખે છે, શાળામાં ઉભા થતા પ્રશ્નો અંગે એકબીજાને ખુલ્લે અને મુક્ત મને સમજવા પ્રયત્ન કરવો જોઈએ, તેમજ હાર-જીતનો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા સિવાય સમાધાન કરી લેવું જોઈએ. તેમજ નાનીનાની બાબતો અંગે સંચાલક મંડળ પારી ફરિયાદો કરવી જોઈએ નહીં.

શાળાના શિક્ષકો સાથે આચાર્યે ઉષ્માભર્યો માનવીય સંબંધ રાખવો જોઈએ. શાળાના દરેક શિક્ષક પ્રત્યે પ્રેમ, લાગણી, માન, પોતાપણું આચાર્યે રાખવું જોઈએ. દરેક શિક્ષકને તેની શક્તિ, અનુભવ અને ઉત્સાહ વગેરે બાબતો ધ્યાનમાં રાખી કાર્યની સોંપણી કરવી જોઈએ. આચાર્ય લશ્કરી અમલદારનો જેમ હુકમો કરનાર નથી, પરંતુ પ્રેમપૂર્વક કાર્ય ચીંધનાર વડીલ મિત્ર અને માર્ગદર્શક છે. આચાર્યે શાળાના સંચાલન તેમજ વાતચીત કે વ્યવહાર દરમ્યાન 'હું' ન વાપરતાં 'આપણા' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. શિક્ષકોના કાર્ય અંગે પ્રેરણા અને પ્રોત્સાહનો પૂરાં પાડવા જોઈએ.

ઉપરની પરિસ્થિતિ શાળામાં આચાર્ય કરતાં જોવા મળશે તો શાળાનું વાતાવરણ યોગ્ય જણાશે, નહીતર યોગ્ય જણાશે નહીં.

**(2) વિદ્યાર્થીઓ (Students) :**

શિ1ણની સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે, જેથી શાળામાં વિદ્યાર્થીઓનું કલ્યાણ થાય તે પ્રામણેનું આયોજન થવું જોઈએ. વિદ્યાર્થી સાથે આચાર્યનો સંબંધ જેમ પિતા અને પુત્રનો સંબંધ હોય છે તેમ હોવો જોઈએ. વિદ્યાર્થીને ડર લાગે તેના કરતાં મારા અમુક પ્રકારના વર્તનથી આચાર્યને દુઃખ થશે, તેથી મારાથી અમુક પ્રકારનું વર્તન થઈ શકે નહીં. શાળાના બધા જ વિદ્યાર્થીઓ સન્માનથી જુએ અને વડીલ તરીકેનું માન આપે તેવું વાતાવરણ આચાર્યે સર્જવું જોઈએ. દરેક વિદ્યાર્થી પોતાની સમસ્યા અને મુશ્કેલીઓ આચાર્યને મુક્ત મને કરી શકે તેમજ તેનો ઉકેલ લાવી શકશે, એવો વિશ્વાસ શાળાના આચાર્ય ઊભો કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. દરેક વિદ્યાર્થીને તેના નામથી ઓળખવો જોઈએ. વિદ્યાર્થીઓ એક પરિવારના સભ્યો છે એવું સુંદર વાતાવરણ શાળામાં દરેક કાર્યને દીપાવે છે. આચાર્ય અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ શાળામાં વાતાવરણ ઉપર અસર કરે છે. આચાર્ય અને વિદ્યાર્થીઓ વચ્ચે ઉપરની પરિસ્થિતિ શાળામાં જોવા મળે તો સારું વાતાવરણ જોવા મળશે. વિદ્યાર્થીઓમાં સંતોષની માત્રા વધશે. ઉપરની પરિસ્થિતિ નહીં જોવા મળે તો વિદ્યાર્થીઓમાં અસંતોષથી માત્રા વધુ જોવા મળશે. શાળાનું વાતાવરણ સારું જોવા મળશે નહીં.

**(3) નોન ટીચિંગ સ્ટાફ :**

ક્લાર્ક, સેવકગણ વગેરેનો નોન ટીચિંગ સ્ટાફમાં સમાવેશ થાય છે. શાળાને સુંદર રાખવા નોન ટીચિંગ સ્ટાફ અગત્યનો ભાગ ભજવે છે. તેથી તેમની સાથેનો વ્યવહાર માનવીય સંબંધનો હોવો જોઈએ. શાળામાં તેમનું માન જળવાવું જોઈએ, તેમને શાળામાં સંતોષ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. ધાક ધામકીથી તેમની પાસેથી કાર્ય ન લેતા પ્રેમપૂર્વક કાર્ય કરાવવું જોઈએ. શાળામાં નોન ટીચિંગ સ્ટાફ અને આચાર્ય વચ્ચેનો સંબંધ કેવો છે તેના ઉપર શાળાનું વાતાવરણ આધારિત છે.

**(4) સરકાર :**

આપણા દેશમાં શિક્ષણની જવાબદારી રાજ્યની છે. તેથી રાજ્ય સરકાર નીતિ વિષયક નિર્ણય લે છે અને ઘડે છે. તેમજ તેના અમલીકરણ માટે પ્રયત્ન કરે છે. શિક્ષણ અંગેનું બજેટ રાજ્ય સરકાર તૈયાર કરે છે. શિક્ષકોને લગતાં નિયમો, ધારા-ધોરણો સરકાર તૈયાર કરે છે. તેથી શાળાના આચાર્ય રોજબરોજ પ્રગટ થતાં નીતિ નિયમો અંગે જાણકારી રાખવી જરૂરી છે. જે કંઈ ફેરફાર થાય તેનો અમલ યોગ્ય રીતે કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**(5) સમાજ :**

શાળાના કાર્યોમાં સમાજની વ્યક્તિને રસ લેતી કરવી, તેમજ શાળાની સમસ્યા અંગે સમાજને વાકેફ કરવા તેમજ શાળાની કેટલીક જવાબદારીઓ આંશિકરૂપે સમાજને સોંપવી. યોગ્ય વ્યવહાર દ્વારા સમાજની વ્યક્તિઓનો પ્રેમભાવ સંપાદન કરવા માટે આચાર્યે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રકારના પ્રયત્નો શાળામાં કેટલા પ્રમાણમાં થાય છે, તે પ્રમાણે શાળામાં વતાવરણ જોવા મળે છે.

**(6) વાલીઓ :**

શાળાનું સારું વાતાવરણ સર્જવામાં વાલીઓ પણ અગત્યનો ભાગ ભજવે છે. આચાર્ય અને વાલીઓ વચ્ચે કેવા સંબંધ અને કેવા કાર્યક્રમો શાળામાં થાય છે, તે પ્રમાણે શાળામાં વાતાવરણ જોવા મળશે. શળામાં અવારનવાર વાલી સભા યોજીવ જોઈએ, તેમ જ શાળા અને વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે ચર્ચા થઈ શકે. સારું વાતાવરણ ઊભું કરવામાં શાળામાં વાલીઓનો સહકાર જરૂરી છે.

**(7) સંચાલક મંડળ :**

શાળામાં ઊભા થતાં નાનામોટાં પ્રશ્નો અંગે આચાર્યે પ્રયત્ન કરવા જોઈએ. નાનીમાં નાની બાબતો સંચાલક મંડળને રજૂ કરે તો આચાર્ય અને સ્ટાફ વચ્ચે સારા સંબંધ ઊભા થતા નથી. (સ્ટાફ વિરોધના પ્રશ્નો રજૂ કરે તો). સંચાલક મંડળ સાથે યોગ્ય વ્યવહાર રાખવો જોઈએ. જેથી શાળાનાં કાર્યો અને પ્રશ્નોમાં મદદરૂપ થાય.

**(8) જિલ્લા શિક્ષણાધિકારી :**

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રકાશિત અને પ્રસિદ્ધ થતા નિયમોનું પાલન આચાર્યે કરવાનું હોય છે. તેથી તેમની સાથેના સંબંધો સારા સ્થાપિત થાય તે માટેના પ્રયત્નો આચાર્યે કરવા જોઈએ. આ પ્રયત્નો કેટલા પ્રમાણમાં થાય છે તે પ્રમાણે શાળાનું વાતાવરણ જોવા મળશે.

**(2) શિક્ષક (Teacher) :**

શાળાનું ઉત્તમ પ્રકારનું સંસ્થાકીય વાતાવરણ ઊભું કરવામાં શિક્ષક અગત્યનો ભાગ ભજવે છે, તેટલાં માટે જ તેને અનેક વિશેષણોથી નવાજવામાં આવ્યો છે. આ પરિબળ અંગે નીચેની બાબતો અંગે વિચારણા થઈ શકે :

**વ્યક્તિત્વ :**

શિક્ષકનું વ્યક્તિત્વ યોગ્ય હશે તો જ સંસ્થાનું વાતાવરણ ઉત્તમ પ્રકારનું જોવા મળશે. શિક્ષકના વ્યક્તિત્વમાં નીચેનાં જેવી કેટલીક બાબતો વિચારી શકાય :

- સારો પ્રભાવશાળી અવાજ
- પ્રેમ
- સહનશીલતા
- તત્પરતા
- હૃદયની વિશાળતા
- ઉત્સાહ
- નિષ્ઠા અને ચાતુર્ય
- સત્ય આચરણ
- આશાવાદીપણું
- સહૃદયીપણું

જે સંસ્થામાં શિક્ષકનો સ્વભાવ પ્રેમાળ હશે તે સંસ્થામાં વાતાવરણ યોગ્ય જોવજા મળશે. જે શિક્ષક કાર્ય હંમેશાં તત્પર હશે તે સંસ્થામાં વિદ્યાર્થીઓને કાર્ય માટે તત્પરતા જોવા મળશે. શિક્ષક આશાવાદી હશે તો વિદ્યાર્થીઓને આશાવાદી બનાવી શકશે. શિક્ષકનો અવાજ, હૃદયની વિશાળતા ધરાવતા હશે, ત્યાં સંસ્થામાં સારું વાતાવરણ જોવા મળશે. સંસ્થામાં શિક્ષકનું વ્યક્તિત્વ કેવા પ્રકારનું છે તે પ્રમાણે સંસ્થામાં વાતાવરણ જોવા મળશે. તેથી શિક્ષકનું વ્યક્તિત્વ સંસ્થાનાં વાતાવરણમાં અગત્યનો ભાગ ભજવે છે.

**ફરજ ભાન :**

શિક્ષક શાળામાં પોતાની ફરજ પ્રત્યે કેટલો સભાન છે, તે પ્રમાણે શાળામાં વાતાવરણ જોવા મળશે. શિક્ષકની ફરજ અંગે નીચેનાં જેવી કેટલીક બાબતો વિચારી શકાય :

- નિયમિત અને સમયસર શાળામાં આવવું.
- શિક્ષણકાર્ય ઉત્સાહપૂર્વક કરવું.
- શૈક્ષણિક સાધન સામગ્રી સાથે શાળામાં આવવું અને તે પ્રમાણે શિક્ષણ કાર્ય કરવું.

– શિક્ષણકાર્ય માટેની નોંધપોથી નિયમિત ભરવી.
– શાળાના અચાર્ય જે કાર્ય સોંપે તે યોગ્ય રીતે કરવું.
– શાળાનાં આચાર્યના માર્ગદર્શન પ્રમાણે કાર્ય કરવું.
– વાલીઓ સાથે સંપર્ક સાધવો.
– શાળાનો અભ્યાસક્રમ નિશ્ચિત સમયમાં પૂરો કરવો.
– વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષા ન કરવી.
– વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ કરવો અને તેના ઉકેલ માટે પ્રયત્નશીલ રહેવું.
– શાળામાં આરોગ્ય માટે હંમેશા ચિંતિત રહેવું.
– શાળા સહઅભ્યાસ પ્રવૃત્તિમાં રસ લઈ તે માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવું.
– દફતરી કાર્ય ખૂબ સુંદર રીતે કરવું.

આ ઉપરાંત પ્રસંગોપાત અને આવશ્યકતા અનુસાર જે ફરજ સોંપવામાં આવે તેને હસતે મોંએ સ્વીકારી લેવી જોઈએ. ફરજમાંથી છટકવાની વૃત્તિ કદીયે રાખવી જોઈએ નહીં. શાળાના અને વિદ્યાર્થીઓના હિતમાં શિક્ષકે હંમેશાં પોતાનું શ્રેય માનવું જોઈએ. ફરજ અંગેનું ભાન જે શાળામાં શિક્ષકો નિયમિત રીતે સમજતા હોય ત્યાં શાળાનું વાતાવરણ ઉત્તમ પ્રકારનું જોવામળશે. બાળકોના ઘડતરનું કામ તેના ઉપર હોવાથી વિષય શિક્ષણ ઉપરાંત ગુણોના ઘડતર ઉપર તેણે ખૂબ લક્ષ આપવું જોઈએ. જ્યાં આ પ્રકારનું લક્ષ અપાતું હશે ત્યાંની શાળાનું વાતાવરણ સારું જોવા મળશે.

**શિક્ષકની નિષ્ઠા :**

શાળામાં વિદ્યાર્થી શિક્ષકના સંપર્કથી ઘણું બધું શીખે છે. જેવું શિક્ષકનું દર્શન હશે તેવું જ જીવન દર્શન બનાવવા માટે વિદ્યાર્થીઓ પ્રયત્ન કરશે, શિક્ષકે પણ પોતાના વ્યવસાયમાં નિષ્ઠા રાખવી જોઈએ. નિષ્ઠાને અભાવે તે વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ કરવામાં સફળ થઈ શકે નહીં. શિક્ષકનું ધ્યેય બાળકનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. આ માટે શિક્ષકને પોતાના વ્યવસાય પ્રત્યે વફાદારી અને નિષ્ઠા હોવા જરૂરી છે.

શિક્ષકને પોતાના વ્યવસાયમાં નિષ્ઠા નહીં હોય તો શિક્ષણ જેવી ચેતનશીલ પ્રક્રિયા નિર્જીવ બની શકે, પરિણામે વિદ્યાર્થીઓનો વિકાસ રુંધાશે, આ માટે શિક્ષકમાં વ્યાવસાયિક નિષ્ઠા હોવી જરૂરી છે, શિક્ષકમાં જ્યાં સુધી વિષય અને વ્યવસાયમાં નિષ્ઠા નહીં હોય ત્યાં સુધી તે સમાજની આર્થિક સમસ્યાઓનું નિદાન નહીં કરી શકે તથા વિદ્યાર્થીઓને પણ વિષય તરફ રુચિ ઉત્પન્ન નહીં કરી શકે.

આમ, શિક્ષકની વ્યવસાય પ્રત્યે નિષ્ઠા જે શાળામાં શિક્ષકો વધુ સભાન હશે તે શાળાનું વાતાવરણ સારું જોવા મળશે. તેથી સંસ્થાકીય વાતાવરણમાં શિક્ષકની નિષ્ઠા ખૂબ અસરકારક કામ કરે છે.

આમ, સંસ્થાકીય વાતાવરણમાં શિક્ષકનું વ્યક્તિત્વ, ફરજભાન અને વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા ખૂબ મહત્ત્વનું અને અસરકારક ભાગ ભજવે છે.

**(3) વિદ્યાર્થીઓ (Students) :**

સંસ્થાકીય વાતાવરણ ઊભું કરવામાં એક સ્વતંત્ર પરિબળ તરીકે વિદ્યાર્થીઓ પણ મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે, આ પરિબળ અંગે નીચેનાં જેવી કેટલીક બાબતો વિચારી શકાય :

**વિદ્યાર્થીઓની અપેક્ષાઓ :**

વિદ્યાર્થીઓના જીવનની તેમજ શિક્ષક અંગેની અપેક્ષાઓ કેવા પ્રકારની છે તે પ્રમાણે સંસ્થાકીય વાતાવરણ જોવા મળશે, વિદ્યાર્થીઓની સાથે વલણ સંકળાયેલ છે, વિદ્યાર્થીઓમાં રહેલ હકારાત્મક અને નકારાત્મક વલણ વિદ્યાર્થીના વર્તનો ઘડાય છે, વિદ્યાર્થીની શાળા પ્રત્યે, અભ્યાસ પ્રત્યે, અપેક્ષા કેવાં પ્રકારની છે તે પ્રમાણે વર્તન જોવા મળશે, વિદ્યાર્થીની અભ્યાસ અંગેની અપેક્ષા કેટલાં પ્રમાણમાં

સંતોષાય છે, તે પ્રમાણે સંસ્થાનું વાતાવરણ જોવા મળશે. દા.ત. શિક્ષક અમને તૈયારી સાથે શીખવે, માનથી બોલાવે. આ બાબતો કેટલાં પ્રમાણમાં સંતોષાય છે, તે પ્રમાણે સંસ્થામાં વિદ્યાર્થીનું વર્તન જોવા મળશે.

**ધ્યેય પ્રત્યે સભાન :**

વિદ્યાર્થી પોતાના ધ્યેય પ્રત્યે કેટલો સભાન છે તે પ્રમાણે વિદ્યાર્થીનું વર્તન જોવા મળશે. જો વિદ્યાર્થી પોતાના ધ્યેય પ્રત્યે વધુ સભાન અને ચોક્કસ હશે તો તે પોતાના કાર્યમાં વધુ સક્રિય અને ક્રિયાશીલ જોવા મળશે, સંસ્થાના વિદ્યાર્થીઓમાં સર્વ સામાન્ય ધ્યેય પ્રત્યે સભાન હોય તો આખી શાળા તે ધ્યેયની દિશામાં ગતિશીલ રહે છે, વિદ્યાર્થીઓ પોતાના ધ્યેય પ્રત્યે વધુ સભાન હશે તો વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે શિક્ષક – વિદ્યાર્થીઓ વચ્ચે આંતરક્રિયાને વધુ પોષક બનશે.

**સંસ્થાનાં ધારાધોરણો :**

વિદ્યાર્થીઓ જે સંસ્થામાં દાખલ થાય તે સંસ્થાનાં ધારાધોરણો પ્રમાણે વર્તન કરવું પડે છે. વિદ્યાર્થીઓ વર્ગમાં હોય કે પછી રમતના મેદાન પર હોય પરંતુ સંસ્થાના ધારાધોરણો કેવા પ્રકારનાં છે તે પ્રમાણે વર્તનો થતાં જોવા મળે છે. જે વિદ્યાર્થીઓ, ધારાધોરણોનું પાલન કરે તેની પ્રશંસા થાય છે અને ધારાધોરણો અનુસાર વર્તન ન કરે તો સંસ્થામાંથી દૂર કરવામાં કે તેને શિક્ષા થતી જોવા મળે છે. સંસ્થાના ધારાધોરણો ખૂબ કડક હોય તો વિદ્યાર્થીઓમાં અસંતોષ જોવા મળશે, તેથી તેની અસર સંસ્થાના વાતાવરણ પર પડશે. જે તે સંસ્થાના ધારાધોરણો કેવા પ્રકારનાં છે તે પ્રમાણે સંસ્થાનું વાતાવરણ જોવા મળશે.

**વિદ્યાર્થીઓમાં રહેલ સિદ્ધિ પ્રેરણા :**

સિદ્ધિ પ્રેરણાનું તત્ત્વ વિદ્યાર્થીઓમાં નક્કી કરેલા ધ્યેયની દિશામાં જવા પ્રેરે છે. વિદ્યાર્થીમાં સિદ્ધિ પ્રેરણાનું તત્ત્વ જેટલું વધારે હોય તેટલી વિદ્યાર્થીની ક્રિયાશીલતા પણ વધારે હોય.

**વિદ્યાર્થીની ક્રિયાશીલતા :**

શાળામાં વિદ્યાર્થીઓ જેટલે અંશે ક્રિયાશીલ હોય તેટલે અંશે શિક્ષકનો ઉત્સાહ વધે છે, શાળામાં પ્રવૃત્તિઓ ધમધમી રહે છે. વિદ્યાર્થીઓની ક્રિયાશીલતા, શિક્ષકને શાળામાં પ્રતિપોષણ આપે છે. વિદ્યાર્થીઓની ક્રિયાશીલતાનો આધાર કેટલીક બાબતો ઉપર આધાર રાખે છે. એ બાબતો જ્યાં સુધી જાણી ન શકાય ત્યાં સુધી વાતાવરણને ઓળખવામાં તેમજ મૂલવવામાં ક્રિયાશીલતા એક પરિબળ બની રહે છે.

**વિદ્યાર્થીઓનો અધ્યયન પ્રત્યે રસ :**

વિદ્યાર્થીઓ જ્ઞાન પિપાસુ હોવા જોઈએ. અર્જુન, એકલવ્ય, નચિકેતા જેવા વિદ્યાર્થી જ વિદ્યા પ્રાપ્ત કરી શકે. આદર્શ શિક્ષકો હોય, આદર્શ આચાર્ય હોય, પરંતુ તે વિદ્યા પ્રાપ્ત કરવાની પાત્રતા વિદ્યાર્થીમાં ન હોય તો ? વિદ્યાર્થીમાં તાલાવેલી, થનગનાટ, તલસાટ, મથામણ, જિજ્ઞાસા ન હોય તો ? આ બધું ધૂળ પર લીપણ જેવું જ ને ? વિદ્યાર્થીઓમાં અધ્યયન પ્રત્યે રસ કેવા પ્રકારનો છે તે પ્રમાણે સંસ્થાકીય વાતાવરણ જોવા મળશે. સાચા અર્થમાં વિદ્યાનો અર્થી બનાવવો છે, તે બનાવાય તો સંસ્થાકીય વાતાવરણ આપો આપ ઊંચું આવે.

**(4) અન્ય પરિબળો (Other Factors) :**

અન્ય 5રિબળોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ કરી શકાય :

**બિન શૈક્ષણિક સ્ટાફ :**

બિન શૈક્ષણિક સ્ટાફમાં કાર્યાલયમાં (ઓફિસમાં) કાર્ય કરતી વ્યક્તિઓનો સમાવેશ કરી શકાય.

દા.ત. કારકૂનો, સેવકગણ વગેરે.

કારકૂનનો કાર્ય પ્રત્યે નિષ્ઠા હોય, પોતાના કાર્યમાં નિષ્ણાત હોય તે પણ ખૂબ જરૂરી છે. તેનું વિદ્યાર્થી સાથેનું વર્તન હેમેશાં મદદરૂપ થવાનું છે.

પ્રેમાળ સ્વભાવ...કારકૂનનો સ્વભાવ પ્રેમાળ હોય તે ખૂબ જરૂરી છે. આમ, કારકૂનનો કાર્ય પ્રત્યે નિષ્ઠા, પ્રેમાળ સ્વભાવ, કાર્ય પ્રત્યે નિષ્ઠા, પ્રેમાળ સ્વભાવ, કાર્ય પ્રત્યે ચોક્સાઈ, મહેનતુ વગેરે બાબતો સંસ્થાના વાતાવરણ પણ અસર કરે છે. નાણાંકીય બાબતોમાં ચોક્કસ અને પ્રમાણિક હોય તે જરૂરી છે. તે શાળાના આચાર્યના હાથપગ સમાન છે. એટલે તેનું આચાર્ય પ્રત્યેનું વર્તન વફાદારી પૂર્વકનું અને સહકારી હોય તે જરૂરી છે. શાળા કારકૂન સંસ્થાને વફાદાર પ્રમાણિક ચીવટવાળો હોય તો શાળાના વાતાવરણની સુધારણામાં તે પોતાનો ફાળો અચૂક આપી શકે.

શાળાનો સેવક ગણ તો શાળાનાં હાથ, પગ, આંખો અને કાનની ગરજ સારે છે. તે હંમેશાં શાળાની સ્વચ્છતા, સફાઈ, શાળા સાધનોની સાચવણી, જાળવણી કરે છે. શાળાનું નાનું મોટું કામ તે દોડી દોડીને હરખથી, ઉત્સાહથી કરે તે જરૂરી છે. અલબત્ત, આ વર્ગનું આચાર્ય કે સંચાલકો તરફથી શોષણ થવું જોઈએ નહીં. તેમના તરફ હંમેશાં માનવીય વર્તન રહેવું જોઈએ, તેમના સુખ દુઃખમાં આચાર્યે સહભાગી બનવું જોઈએ. શાળાના આચાર્ય તરીકે તેમની સાર સંભાળ લેવાની જવાબદારી પણ આચાર્યની છે, આમ બિન શૈક્ષણિક કર્મચારીઓ વચ્ચે સહકાર અને સુમેળવાળું વાતાવરણ ઊભું થાય તો શાળાનું વાતાવરણ ખરેખર સ્વચ્છ બને જ.

**સંચાલક મંડળ :**

શાળાનું સંચાલન કરનાર સંચાલક મંડળ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાપ્રેમી હોવું જોઈએ. શિક્ષણ કાર્યમાં રસ, ઉત્સાહ, કાર્યમાં નિષ્ઠા, પ્રામાણિક વગેરે બાબતો ધરાવનાર સંચાલક મંડળ હોવું જોઈએ. શાળાની સમગ્ર નાવ આચાર્યને સુપ્રત કરવી જોઈએ. આચાર્યના કાર્યમાં અવરોધો ઊભા કરવા માટે સંચાલક મંડળ તરફથી કોઈ પ્રયત્ન થવા જોઈએ નહીં. આચાર્યના કોઈ પણ કાર્યમાં વગર કામનું માથું મારવું જોઈએ નહીં. સંસ્થાના કાર્યક્રમો માટે સરકારી ગ્રાન્ટ સિવાયની આર્થિક મદદની જરૂર પડે તો સંચાલક મંડળે તે તત્કાલ મેળવી આપવી જોઈએ, આર્થિક રીતે આચાર્યને સંપૂર્ણ ચિંતામુક્ત રાખવાં જોઈએ, જેથી આચાર્ય ચોવીસે કલાક શાળાનો શૈક્ષણિક વિકાસ કરવા માટે પ્રયત્નશીલ રહી શકે અને શિક્ષકો એનું માન અને વિવેક જાળવે એ પ્રકારનું હોવું જોઈએ.

**સહકારી કર્મચારીઓ :**

સરકારી કર્મચારીઓમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના કર્મચારીઓ પર વધુ ભાર મૂકવામાં આવે છે. તેમની સાથે અવારનવાર કાર્ય કરવાનું હોય છે. શાળાઓને સંપૂર્ણ ગ્રાન્ટો આપવી, જેથી શાળાઓ જરૂરી શૈક્ષણિક સંશોધનો તથા પ્રૉજેક્ટ હાથ ધરી શકે. જિલ્લા શિક્ષણાધિકારી અને તેમના મદદનીશોએ માર્ગદર્શક અને મિત્રની ઢબે શાળાઓ સાથે વ્યવહાર કરવો જોઈએ. તેઓ દ્વારા શાળામાં જરૂરી કાર્ય માટે હંમેશાં પ્રોત્સાહન મળતાં રહેવાં જોઈએ. સંસ્થાકીય વાતાવરણ ઊભું કરનાર સરકાર અને તેમનાં અધિકારીઓ મહત્ત્વનું પરિબળ ગણાવી શકાય. તે શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં ખૂબ મદદરૂપ બની શકે તેમ છે.

**વાલીઓ અને સમાજના અન્ય સભ્યો :**

શાળામાં વાલી મંડળ ઊભું કરી શાળાનું વાતાવરણ ઉત્તમ પ્રકારનું બનાવી શકાય તેમ છે. વાલીસભા દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નો અને સમસ્યાઓ, શાળાની આર્થિક બાબતો વગેરે રજૂ કરી શકાય. વાલીઓને પોતાના બાળકો કયાં છે, તેની તેમને ખબર પડે તેમ જ તેમના પ્રશ્નો અને સમસ્યાઓ કઈ છે, તેના ઉકેલમાં મદદરૂપ થઈ શકે, તેમ જ શાળામાં આર્થિક મદદરૂપ દ્વારા વિકાસ થઈ શકે. આમ, વાલીઓ અને નાગરિકો સંસ્થાનું વાતાવરણ ઊંચું લાવવા માટે મહત્ત્વનું કાર્ય કરી શકે તેમ છે.

**સંસ્થાકીય વાતાવરણના પ્રકારો (Type of Organizational School Climate) :**

હેલ્પીને સંશોધન માટે વાતાવરણ માપક સૂચક તૈયારી કરી અને એની અજમાયશ પછી 6 પ્રકારના વાતાવરણના નિર્ણય પર આવ્યા. 6 પ્રકાર નીચે મુજબ ગણાવી શકાય :

### (1) મુક્ત વાતાવરણ (Open Climate) :

સંસ્થાના તમામ સભ્યો ઉચ્ચ કક્ષાની સંઘ ભાવના અનુભવતા હોય, બધી જ વ્યક્તિઓ સંસ્થા સાથે તાદાત્મ્ય ભાવ અનુભવતી હોય અને આચાર્યની નીતિ રીતિ કાર્ય સિદ્ધિ માટે શિક્ષકોને અભિપ્રેરણા પૂરી પાડી અનુકૂળતા કરી આપનારી, વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ તાલીમ, વ્યક્તિત્વ સન્માનને ધ્યાનમાં રાખનારી હોય તેવું વાતાવરણ મુક્ત કે ખુલ્લું હવામાન કહેવાય.

મુક્ત વાતાવરણમાં આચાર્ય શિક્ષક પર કામનો બોજો ન નાખે, પરંતુ આચાર્ય અને શિક્ષક સાથે મળીને કામ આનંદથી કરે છે. શિક્ષકો પર કાર્યનો બોજ લદાતો નથી. વ્યક્તિના ભોગે કાર્ય સિદ્ધિ માટે આગ્રહ રખાતો નથી. નિયમોનું કઠોર પાલન નથી. રોજિંદા રિપોર્ટ કે ચુસ્ત સમય મર્યાદાની ગુંગળામણ નથી. આચાર્ય શિક્ષકોને નેતાગીરી તાલીમ આપવા કાર્ય સોંપે છે. આચાર્ય પોર ઉદાહરણરૂપે પરિશ્રમ કરે છે. જરૂર પડે તો કડક બને છે અથવા તો બધા ખ્યાલો નિયમો કે પ્રણાલિકાઓ બાજુએ મૂકીને શિક્ષકોને મદદ કરે છે. મુક્ત વાતાવરણમાં શિક્ષકોના વ્યક્તિત્વનો ખ્યાલ આવી શકે છે. દરેકને પોતાની શક્તિ પ્રમાણે આગળ વધવાની તક મળે છે, આચાર્ય જ્યારે કોઈ વિશિષ્ટ પ્રકારના કાર્યો કરવાના હોય ત્યારે શિક્ષકોની પાસેથી સલાહ લઈને કાર્ય કરે છે. મુક્ત વાતાવરણમાં નીચેની બાબતો જોવા મળે છે :

– શિક્ષકે નોકરીનો સંતોષ મળે છે.
– સામાજિક જરૂરિયાતોનો સંતોષ મળે છે.
– આચાર્ય એક લોકશાહી નેતા હોય.
– શિક્ષકો વિદ્યાર્થીઓ અને આચાર્ય વગેરેમાં એકરૂપતા જોવા મળે.
– શિક્ષક પર કાર્યનો બોજ લદાતો નથી.
– આચાર્ય અને શિક્ષકો એક બીજા ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકે છે. કાર્યનું ચણતર પરસ્પર વિશ્વાસના પાયા પર થાય છે.

### (2) સ્વયં સંચાલિત વાતાવરણ (Autonomous climate) :

શિક્ષકોને કાર્ય કરવાની બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા હોય, જ્યાં આચાર્ય અને શિક્ષકો પોતે જ પોતાની જવાબદારી સ્વીકારીને પોતાની ફરજ સમજીને પોતાનું કાર્ય પૂરું કરતા હોય, આચાર્ય શિક્ષકોને તેમનું કાર્ય કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્રતા આપતા હોય અને અધ્યાપન પ્રવૃત્તિ અંગે કે સામાન્ય શિષ્ટાચાર અંગે પણ આચાર્ય સૂચનો કે આદેશ આપવાની જરૂર ઊભી થતી ન હોય ત્યાં સ્વયં સંચાલિત વાતાવરણ પ્રવર્તે છે એમ કહી શકાય.

શિક્ષકો પોતાની જાતે પોતાનું કામ પૂરું, કરી સંતોષ મેળવતા હશે. એવા શિક્ષકોમાં નાનાં જૂથો હશે, પરંતુ જ્યારે સહુએ ભેગા મળી કાર્ય કરવાનું આવશે ત્યારે એ સારી રીતે કરશે, શિક્ષકો સંસ્થાએ આપેલી જવાબદારીઓ પૂર્ણ કરે છે એ મહત્ત્વની બાબત છે. અહીં શિક્ષકો વ્યવસ્થાતંત્રનાં કાગળીયાં વચ્ચે અટવાતા નથી. આચાર્ય જ શિક્ષકોનું કામ સરળ બને તે માટેની પ્રક્રિયાનું નિર્માણ કરે છે. જરૂરિયાત અંગે શિક્ષકને વારંવાર આચાર્ય પાસે દોડી જવું પડતું નથી. અહીં શિક્ષકોનો જુસ્સો ઊંચો હોય છે. આ વાતાવરણમાં નીચેની બાબતો જોવા મળે છે :

– આચાર્ય પોતે ઓછામાં ઓછું નિયંત્રણ મૂકે છે અને વધુમાં વધુ ઉદારતા દાખવે છે. પરિણામે વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ધ્યેયની દીશામાં ગતિ કરતા દેખાય છે.
– સંસ્થાકીય કાર્યમાં આચાર્ય મહદ્ અંગે પડદા પાછળ રહી પોતાની ભૂમિકા અદા કરે છે.
– શિક્ષકો જવાબદારી સ્વીકારે છે, પરંતુ જવાબદારી સ્વીકાર્યા પછી તે આદા કરવામાં તેઓ પાછા ન પડે તે માટે આચાર્ય ખૂબ જ કાળજી લેતા જણાય છે. પોતાની માર્ગદર્શક તરીકેની ભૂમિકા અસરકારક રીતે અદા કરે છે.
– આચાર્ય અને શિક્ષક બંનેને પરસ્પરનાં વિશ્વાસ અને શ્રદ્ધા જોવા મળે છે.

**(3) નિયંત્રિત વાતાવરણ (Controlled Climate) :**

શાળામાં જ્યારે આચાર્ય નેતૃત્વનો દોર ઠોતાની પાસે રાખી શિક્ષકો પાસે વધુ ને વધુ કાર્યની અપેક્ષા રાખતા જણાય. શિક્ષકો વધુ પરિશ્રમ કરે, તેવા આગ્રહ રાખતા જણાય, શિક્ષકો પર કડક નિયંત્રણ રાખી સૂચનાનું કડક રીતે પાલન કરાવતાં જણાય અને શિક્ષકો કામ કરતાં હોય ત્યારે એક પછી એક આદેશની ઝડી વરસાવતા જણાય ત્યારે શાળામાં નિયંત્રિત વાતાવરણ પ્રવર્તે છે એમ કહી શકાય.

આચાર્ય દ્વારા શાળાનાં તમામ ક્ષેત્રો અને શિક્ષકોની કામગીરી નિયંત્રિત, દિગ્દર્શિત હોય તે પ્રકારનું વાતાવરણ.

સામાજિક જરૂરિયાતોના ભોગે હેતુ અને કાર્યની સિદ્ધિ માટે શિક્ષકો પર દબાણ થાય છે, દરેક જણને સખત કામ કરવું પડે છે. મિલન મૈત્રીપૂર્ણ વ્યવહાર માટે ઓછો અવકાશ, શિક્ષકો કાર્યમાં સતત વ્યસ્ત રહે, રિપોર્ટ આપ્યા કરે, આચાર્ય શિક્ષકોથી અલિપ્ત રહી, સૂચનાઓ દ્વારા કામકાજ લે. શિક્ષકોને માટે ઓછાં સંવેદશીલ હશે અને બધુ બરાબર ચાલે છે એની તકેદારી રાખશે. આચાર્ય અહીં સહે જ પણ શિથિલતા ચલાવી લેતા નથી. આ વાતાવરણમાં નીચેનાં જેવી કેટલીક બાબતો જોવા મળે છે :

- આ વાતાવરણમાં કાર્ય જ પ્રમુખ સ્થાને હોય છે.
- શિક્ષકો આચાર્યના દબાણ હેઠળ દબાયેલા જોવા મળે છે.
- શિક્ષક, શિક્ષણકાર્યમાં ખૂબ જ ઉત્સાહ દાખવે છે અને સાથે સાથે વિદ્યાર્થીઓને પણ વધુ કામ કરવા ફરજ પાડે છે.
- આચાર્ય શિક્ષકો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર ન રાખતાં જો હુકમી વ્યવહાર દ્વારા કાર્ય કરાવવાનો આગ્રહ સેવે છે.
- શાળામાં જ્યાં અને જ્યારે જરૂર પડે ત્યારે નિર્ણયો આચાર્ય પોતે જ લે છે અને શિક્ષકોને તે પ્રમાણે અનુસરવા ફરજ પાડે છે.
- શીક્ષકો આચાર્યના આદેશો અને સૂચનાઓને મૂંગે મોઢે સહી લે છે. અને આચાર્ય સૂચવે તેટલું કાર્ય કરે છે. કેટલીક વખત અવગણના કરવા પ્રયત્ન કરે છે.
- આચાર્યના કાર્યમાં સહેજ પણ શિથિલતા જોવા મળતી નથી.
- આચાર્યનો જુસ્સો ઊંચો જોવા મળે છે. તે એમ જ માને છે કે સંસ્થા ફક્ત મારે લીધે જ સારી રીતે ચાલે છે. નહીંતર ક્યારની ઘણી નીચી ગુણવત્તાવાળી બની જાત.

**(4) પરિચિત વાતાવરણ (Familiar Climate) :**

જે વાતાવરણમાં આચાર્ય અને શિક્ષકો વચ્ચે ઊભી કક્ષાનો મૈત્રીભાવ સંતોષાતો હોય, હેતુ સિદ્ધિ માટે સૌથી ઓછી ચિંતા હોય, આચાર્ય સત્તાનો ઉપયોગ કરતા જ ન હોય, સૌ શાળાકીય સિદ્ધિ માટે ઘણું ઓછું કામ કરતા, તે પ્રકારનું વાતાવરણ પરિચિત વાતાવરણ, સમગ્ર શાળા કુટુંબ જેવી અનૌપચારિક સંસ્થા બની રહે, મિલનો, મેળાવડા, પર્યટનો, વધુ યોજાય, વ્યવસાયો સંતોષ ખૂબ ઓછા પ્રમાણમાં, કેમ કે કોઈને શાળાની કાર્ય સિદ્ધિની ચિંતા હોતી નથી. જે ચાલે છે તે જ ઠીક છે. જેમ ચાલે છે તેમ જ ચાલવા દો. પરિવર્તન કરવામાં આચાર્ય માનતા નથી.

કોઈ ખોટું કામ કરવા નહીં પ્રેરાય, તેમ કોઈ વધુ કાર્ય કરવા પણ નહીં પ્રેરાય, કોઈની ટીકા નહીં થાય. તમે સારા અને અમે સારાની નીતિ અમલમાં મૂકાતી હોય છે. આચાર્ય ક્યારેય સત્તાવાહી અવાજે વાત નહીં કરે. ઉત્પાદન કે વધુ કામ વિશે, કાર્યની સિદ્ધિ વિશે, નવા નવા કામ વિશે ક્યારેય કશું જ નહીં બોલે, એ પોતે પણ જાણે શિક્ષક જ હોય તેમ વર્તશે. અહીં આચાર્ય 'સુખી કુટુંબની' ભાવનામાં જીવે છે, કાર્ય કેવી રીતે કરવું જોઈએ તે માટે માર્ગદર્શન આપવા આચાર્ય રાજી હોતા નથી. આચાર્ય તેની વર્તણૂકમાં 'સાહેબ' હોય છે, તે સામા પ્રત્યે લાગણી ધરાવે છે અને તેથી શિક્ષકો તેનામાં

વિશ્વાસ મૂકે છે. અહીં કોઈ શક્તિ પ્રમાણે કામ કરતું નથી. આ વાતાવરણમાં નીચેની બાબતો જોવા મળે :

– આચાર્ય અને શિક્ષકની લઘુત્તમ શક્તિનો જ ઉપયોગ થાય છે.
– મહેતાજી મારે પણ નહીં અને ભણાવે પણ નહીં એ પ્રકારની નીતિને શિક્ષક અનુસરતા જણાય છે.
– આચાર્ય શિક્ષકોના વર્તન અંગે ખાસ કોઈ ટીકા કે સૂચના કરતા નથી.
– આચાર્ય, શિક્ષકો પાસેથી શિક્ષણ કાર્ય અંગેની ઓછી અપેક્ષા રાખતા જણાય છે.
– અધ્યયન અધ્યાપન માટે શિક્ષકનો આગ્રહ ઓછામાં ઓછો જણાય છે.
– આચાર્ય-શિક્ષકો વચ્ચેના સંબંધો ઘણા સારા જણાય છે.
– આચાર્ય-શિક્ષકો વચ્ચે આત્મીયતાનું તત્ત્વ વધુ હોય છે.

**(5) વડીલશાહી વાતાવરણ (Paternal Climate) :**

આચાર્યનો શિક્ષકો ઉપર કોઈ પ્રભાવ હોય, એક વડીલની જેમ તે શિક્ષકોને અંકુશમાં રાખવાના પ્રયાસ કરે, પણ બહુ સફળ ન થાય, આચાર્ય અને શિક્ષકો વચ્ચે અલગતા હોય, આચાર્ય આદેશો, ઉપદેશો, સલાહ સૂચનો, સૂત્રો આપ્યા કરશે, પરંતુ પોતે શું કરવું જોઈએ તે વિશે ઉદાસીન હોય તે પ્રકારનું વાતાવરણ તે વડીલશાહી વાતાવરણ.

શીક્ષકો સાથે મળીને કાર્ય કરતા નથી, શિક્ષકોમાં નાનાં નાનાં જૂથ પડી જશે, શાળા સાથે તાદાત્મ્ય નહીં હોય, આચાર્ય શિક્ષકોને પ્રેરી નહીં શકે, આચાર્યની પ્રતિભા શિક્ષકો ઉપર પ્રભાવહીન, શાળામાં ઠેરઠેર આચાર્યનું પ્રભુત્વ સ્વામીત્વ, ઉપદેશ, તકેદારી, સાવચેતી, નિયંત્રણો વગેરે નજરે પડ્યા કરશે, આ પ્રકારના વાતાવરણમાં નીચેનાં જેવી કેટલીક બાબતો જોવા મળે છે :

– આચાર્ય શિક્ષકો ઉપર ખૂબ જ નિયંત્રણો લાદે છે.
– આચાર્ય નાની નાની બાબતોમાં પણ અનેક સૂચનો અને આદેશોની ઝડી વરસાવતાં જણાય છે.
– શિક્ષકો આચાર્યનાં સૂચન અનુસાર કાર્ય કરતા હોય ત્યારે પણ આચાર્ય અનેક વખત, બિન જરૂરી સલાહ સૂચનો આપતા જણાય છે.
– આચાર્ય શીક્ષકોને માર્ગદર્શનની જરૂર ન હોય છતાં આપે છે, જ્યારે જરૂર હોય ત્યારે માર્ગદર્શન આપતા નથી.
– શિક્ષકોમાં નાનાં નાનાં જૂથો જોવા મળે છે.
– શિક્ષકોમાં પરસ્પર આત્મીયતા ઓછી જણાય છે.

**(6) બંધિયાર વાતાવરણ (Closed Climate) :**

જે વાતાવરણમાં આચાર્ય શિક્ષકોની સામાજિક જરૂરિયાતો પ્રત્યે ઉદાસીન હોય, શિક્ષકોને શાળાકીય કાર્યમાંથી કોઈ પણ પ્રકારનો સંતોષ પ્રાપ્ત ન થતો હોય અને ક્યારે આમાંથી છૂટાશે ? એવો ભાવ સતત અનુભવતા હોય તે બંધિયાર વાતાવરણ. આવી શાળામાં શિક્ષકો તદ્દન નિરુત્સાહી બનેલા કે હતાશ થયેલા જોવા મળશે. શાળામાંથી વારંવાર શિક્ષકો બદલાયા કરતા હશે. આચાર્ય એકાકી, અટુલા અને નિરપેક્ષ જોવા મળશે. નિયમ પ્રમાણે જ શાળા ચલાવવા એ પ્રયત્ન કરશે. વારંવાર સામજિક બળોને દોષ દીધા કરશે. શિક્ષકો સાથે મળીને કામ કરતા નથી. આચાર્ય કોઈ પણ પ્રકારનું માર્ગદર્શન આપવા ઉત્સાહી હોતા નથી કે સંસ્થાના સભ્યોની કલ્યાણની કોઈ પણ પ્રવૃત્તિમાં રસ લેતા નથી. સંસ્થા સ્થગિત બની જાય છે. જુસ્સો પણ નહીવત જોવા મળે છે. આ પ્રકારના વાતાવરણમાં નીચેનાં જેવી કેટલીક બાબતો જોવા મળે છે :

– શાળામાંથી શિક્ષકો બદલાયા કરતા હશે.
– આચાર્ય અને શિક્ષકો વચ્ચેનાં સંબંધો માત્ર ઔપચારિક ગણાય છે.
– શાળામાં શિક્ષકો આચાર્યની અવગણના કરે છે.
– સમય પૂરો થતાં હાશ ? છૂટ્યા એવી લાગણી વિદ્યાર્થી અને શિક્ષક બંને અનુભવતા જણાય છે.
– આચાર્ય સાવ એકાકી અટૂલા જોવા મળે.
– વિકાસની તકો નહીંવત હોય છે.

**સારું સંસ્થાકીય વાતાવરણ સર્જાર પરિબળો :**

સારું સંસ્થાકીય વાતાવરણ સર્જનાર પરિબળોમાં નીચેનાં જેવી કેટલીક બાબતો જોવા મળે છે :

**(1) ભૂમિકાની સ્પષ્ટતા (Role) :**

આચાર્ય અને શિક્ષક દરેક પોતાની ભૂમિકા વિશે સ્પષ્ટ હોય તો તેટલું શાળાનું વાતાવરણ સારું બનવાનું. દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા વિશે સ્પષ્ટ હોય તો પ્રયાસો સઘન બને છે. ઘણી વાર શિક્ષક-શિક્ષક વચ્ચેની ગેરસમજૂતી, આચાર્ય શિક્ષક વચ્ચેની ગેરસમજૂતીનાં કારણો ભૂમિકાના અસ્પષ્ટ વર્ણમાં હોય છે. સંસ્થા સાથે સંકળાયેલા દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા વિષે જેટલી વધુ સ્પષ્ટ તેટલું શાળાનું વાતાવરણ વધુ સારું જોવા મળશે.

**કાર્ય ગોઠવણ :**

શાળામાં દરેક વ્યક્તિએ કરવાનાં કાર્યની ગોઠવણ વધુ સ્પષ્ટ અને સરળ હોય તો શાળાનું વાતાવરણ વધુ સારું બને. કાર્ય ગોઠવણમાં દરેક વ્યક્તિને સંતોષ અહપનાર હોય તે વધુ આવકાર્ય છે.

**આચાર્યનો સંચાલકીય વ્યવહાર :**

આચાર્યનો સંચાલકીય વ્યવહાર એવા પ્રકારનો હોવો જોઈએ કે જેથી શિક્ષકનું વ્યક્તિત્વ શાળા વિકાસ માટે વધુ કાર્યશીલ બની ભાગ ભજવે. આચાર્યનો વ્યવહાર જ એવો હોય જેથી શાળા પરિવારનાં સભ્યોને સંતોષ વધુ મળે.

**પ્રતિપોષણ :**

શાળામાં થતા સારા કાર્ય માટે આચાર્યે ઉત્તેજકો પૂરા પાડી પ્રતિ પોષણ આપવું જોઈએ. જેથી વિ.ઓમાં તેમજ સ્ટાફ મિત્રોમાં સરકારનું સારું વાતાવરણ ઊભું થઈ શકે. શાળામાં વધુ સંતોષની માત્રા વધવાથી સારા વાતાવરણનું સર્જન થઈ શકે.

**જવાબદારી સોંપણી :**

શાળામાં દરેક વ્યક્તિમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે, જેથી દરેકને શક્તિ પ્રમાણે જવાબદારીની સોંપણી કરવી જોઈએ. શિક્ષકમાં ઉપયોગી અને શક્તિ પ્રમાણે જવાબદારીની સોંપણી થવાથી વ્યવસાયી સંતોષ વધશે.

**પડકાર :**

શાળામાં શિક્ષકોના અહમને સંતોષે એવા પ્રકારના કાર્યક્રમો યોજવા જોઈએ. રાબેતા મુજબના કાર્યક્રમોથી શિક્ષકો કંટાળી ગયા હોય છે તેમ જ તેમનો વ્યવસાયી સંતોષ ઓછો થવા લાગે છે.

**ઔપચારિક મિલનો :**

શાળામાં ઔપચારિક મિલનો યોજવા જોઈએ. શાળામાં રોજબરોજનાં કાર્યક્રમમાં મદદરૂપ થઈ શકે તે માટે સ્ટાફ મિટીંગ યોજવી જોઈએ. તેમાં શિક્ષકોના પ્રશ્નો, વિદ્યાર્થીઓના પ્રશ્નો વગેરે અગત્યના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા થવી જોઈએ. સ્ટાફ મિટીંગ મુક્ત વાતાવરણમાં યોજવી જોઈએ, જેથી શિક્ષકો પોતાના પ્રશ્નો મુક્ત રીતે રજૂ કરી શકે.

**સંવેદનશીલ મિલનો :**

અનૌપચારિક જણાય તેમાં સંવેદનશીલ મિલનો યોજવાં જોઈએ, જેવાં કે શરદ પૂર્ણિમા, સંગીત સંધ્યા, સ્પર્ધાઓ વગેરે યોજવી જોઈએ. જેથી સ્ટાફ મિત્રો વચ્ચે આત્મીયતા અને સહકારની ભાવનામાં વધારો થાય. એક બીજા પ્રત્યે સહકારની વૃત્તિ વધે.

**ઉપસંહાર :**

દરેક શાળાને પોતાનું આગવું અને વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ હોય છે. કોઈ શાળાનું આપખુદ તો કોઈ લોકશાહી ભર્યું વાતાવરણ જોવા મળે છે. કોઈ શાળાનું તટસ્થ ભર્યું, તો કોઈનું ઉષ્મા ભર્યું હોય છે. એક વાત સ્પષ્ટ થાય છે કે દરેક શાળાને પોતાનું વિશિષ્ટ વાતાવરણ હોય છે. એ વાતાવરણના સર્જક આચાર્ય છે. સારા વાતાવરણને કારણે વિદ્યાર્થીઓનું શાળા તરફનું પ્રેરણ ઘડાય છે. વિદ્યાર્થીઓનું શાળા તરફ પ્રેરણ તેમને સારા નાગરિક બનાવે છે, દરેક શાળા એ મુક્ત અને સ્વતંત્ર સંસ્થા છે. મુક્ત સંસ્થાનાં લક્ષણો છાનાં રહી શકતા નથી.

**સાહિત્ય : શાળા વાતાવરણનું સાધન**

શાળા વાતાવરણ ઊભું કરવામાં સાહિત્યનો ફાળો વિશેષ રહેલો છે. સાહિત્યને લગતી વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં કરવામાં આવે, તે માટે શાળા સંકુલ પણ ઊભું કરી શકાય, શાળા સંકુલ દ્વારા સાહિત્યને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરી શકાય.

શાળા વાતાવરણ ઊભું કરવામાં સાહિત્યની વિવિધ પ્રવૃત્તિઓ કરીને સારું વાતાવરણ ઊભું કરી શકાય.

સારું વાતાવરણ ઊભું કરવા માટે ભાષાના વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે.

સારું વાતાવરણ ઊભું કરવા માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ :

(1) સાહિત્યને લગતું અધિવેશન ગોઠવવું.

(2) રચાયિતા દ્વારા કાવ્યનું પઠન કરવામાં આવે.

(3) ભાષા વિકાસને લગતી ચર્ચા.

(4) ભાષાના તજ્જ્ઞ દ્વારા વિચાર વિનિમય

(5) ભાષાના શિક્ષકોને વિચાર વિનિમય

(6) બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન

## 15.6 શાળાકીય પ્રવૃત્તિઓમાં સાહિત્ય

શાળાકીય પ્રવૃત્તિઓમાં સાહિત્યનો ઉપયોગ થાય તેમજ તેમનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ વિચારવી પડે. સાહિત્યમાં ખાસ કરીને ભાષાનો વિકાસ થાય તે બાબત ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓ વિચારવી પડે. નીચેની પ્રવૃત્તિઓ વિચારી શકાય.

**(1) કાવ્યજ્ઞાન સ્પર્ધા :**

શાળામાં શિક્ષક ફક્ત કાવ્યનું જ્ઞાન કરીને કવિતા સમજાવી દે છે. પછી કોઈ પ્રવૃત્તિ થતી નથી. વિદ્યાર્થીઓ તે અંગેની પ્રેક્ટીસ થતી ન હતી. વિદ્યાર્થીઓને ગાવાનો મહાવરો થાય તે માટે કાવ્યજ્ઞાન સ્પર્ધા રાખી શકાય.

**(2) લેખન કાર્ય સ્પર્ધા :**

વિદ્યાર્થીઓ અક્ષર સારા બને તે માટે લેખનકાર્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવે. લેખનમાં વિદ્યાર્થીએ કરેલ ભૂલ અંગે ધ્યાન દોરવામાં આવે. અવાર નવાર સ્પર્ધા ગોઠવવાથી વિદ્યાર્થીઓ સારા અક્ષર કાઢવાની પ્રેક્ટીસ થશે.

**(3) આદર્શ વાચન સ્પર્ધા :**

વિદ્યાર્થીઓ સારું વાચન કરતા થાય તે માટે આદર્શ વાચન સ્પર્ધાનું આયોજન થઈ શકે. વિદ્યાર્થીઓ સારા ઉચ્ચાર કાઢતા થશે. ઝડપથી વાચતા પણ થશે. સ્પર્ધા માટે કોઈ પાઠ પસંદ કરી શકાય.

**(4) શબ્દ ભંડોળ સ્પર્ધા :**

વિદ્યાર્થીઓ શબ્દભંડોળ વધે તે માટૅ આયોજન જઈ શકે. અંતકડીની જેમ શબ્દ સ્પર્ધા રાખી શકાય. વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ પણ વધશે. જોડણી ભૂલ થતી અટકી જશે.

**(5) ચિત્ર સ્પર્ધા :**

વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન થઈ શકે. અક્ષર લેખન વિવિધ રંગ પૂરીને તૈયાર કરે. દા.ત. ભારત, ભારત મારો દેશ, જયહિન્દ, જયભારત, જયકિસાન વગેરે શબ્દો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન થઈ શકે. વિદ્યાર્થીઓમાં સારા અક્ષર કરવાની ટેવ પડશે.

**(6) સારા અક્ષર સ્પર્ધા :**

સારા અક્ષર લખવાની સ્પર્ધા રાખી શકાય. બ્લેક બૉર્ડ પર લખવાની સ્પર્ધા પણ રાખી શકાય.

**(7) ઉચ્ચાર કાર્યક્રમ :**

શાળામાં ભાષા પ્રયોગશાળા હોય તો તે જગ્યાએ સાચા ઉચ્ચાર માટેનો કાર્યક્રમ રાખી શકાય. સાચું બોલતા પણ શીખે, ટેપ ઉપર કાર્યક્રમ સંભળાવી શકાય.

**(8) જોડણીભૂલ સ્પર્ધા :**

જોડણીભૂલ સ્પર્ધાનું આયોજન થઈ શકે. સાચી જોડણી શું થાય તેની સ્પર્ધા રાખી શકાય. શબ્દો બોલવામાં આવે, વિદ્યાર્થીઓ શબ્દો સાંભળીને લખે.

**(9) વ્યાકરણ સ્પર્ધા :**

વ્યાકરણની ફક્ત સ્પર્ધા રાખવામાં આવે. વારાફરતી કોઈ વ્યાકરણની સ્પર્ધા રાખી શકાય. દા.ત. અલંકાર, સમાસ, છંદ વગેરે. આથી વિદ્યાર્થીઓમાં વ્યાકરણ તરફનો રસ વધશે.

### 15.7 સાહિત્યવૃત્તિ વિકાસની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

સાહિત્ય વૃત્તિ વિકાસ માટે નીચે મુજબની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે, જેથી વિદ્યાર્થીઓમાં સાહિત્ય તરફનો રસ અને પ્રેમ વધે.

**(1) હસ્તાક્ષર સ્પર્ધા :**

વિદ્યાર્થીઓમાં હસ્તાક્ષર સ્પર્ધાનું આયોજન કરવામાં આવે. અક્ષરો પણ સુધારે તેમજ સાહિત્ય તરફનો રસ પણ વધે. હસ્તાક્ષરને લગતી વિવિધ સ્પર્ધાઓ ગોઠવી શકાય.

**(2) હસ્તલિખિત અંક તૈયાર કરવો :**

વિદ્યાર્થી સાહિત્ય તરફની વૃત્તિ વધે તે માટે ધોરણ પ્રમાણે ભાષાના વિષયોમાં હસ્તલિખિત અંક તૈયાર કરવામાં આવે, વર્ષની શરૂઆતમાં હસ્તલિખિત અંક વિશે માહિતી આપી દેવામાં આવે. વર્ષના અંતે તૈયાર કરવામાં આવે.

**(3) સમાચાર લેખન – સુવિચાર લેખન :**

સાહિત્યને લગતા સમાચારનું લેખન તેમજ સુવિચારનું લેખન કરવામાં આવે. આથી સાહિત્ય તરફની વૃત્તિમાં વધારો થશે.

**(4) વાર્તાલેખન સ્પર્ધા :**

પાઠ્યપુસ્તક આધારિત વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન થઈ શકે. ખાસ કરીને ગુજરાતીના પાઠ્યપુસ્તક આધારિત વાર્તાલેખન સ્પર્ધા ધોરણવાર રાખી શકાય.

**(5) પત્રલેખન :**

પત્રલેખન સ્પર્ધા પણ રાખી શકાય. જુદા જુદા વિષય પર આધારિત પત્રલેખન સ્પર્ધા રાખવામાં આવે.

દા.ત. મિત્રને પત્ર, માતા-પિતાને પત્ર, રજાના દિવસોમાં ફરજ જવા માટે મિત્રને પત્ર, સગાવહાલાને પત્ર વગેરે.

**(6) સ્વાગત પ્રવચન :**

શાળામાં કોઈપણ કાર્યક્રમ થતો હોય ત્યારે સ્વાગત પ્રવચન કઈ રીતે કરવું તેની તાલીમ આપી, વિદ્યાર્થીને તેને લગતી જવાબદારી આપી શકાય. કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે. આથી સાહિત્ય તરફનો રસ વધશે. ભાષા ઉપર પકડ પણ આવશે.

**(7) રોજનીશી :**

વિદ્યાર્થીઓ દ્વારા રોજનીશી તૈયાર કરાવવામાં આવે. દિવસ દરમ્યાન કરેલ પ્રવૃત્તિ અંગે નોંધ તૈયાર કરે, શાળા સમય દરમ્યાનની પ્રવૃત્તિની પણ નોંધ તૈયાર કરે. દર માસે રોજનીશીની ચકાસણી કરવામાં આવે. સારી રોજનીશી તૈયાર કરનારને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે.

**(8) જોડણીરમત :**

વિદ્યાર્થીઓ માટે ધોરણ પ્રમાણે જોડણી રમત ગોઠવવામાં આવે. જોડણી વિશેનો શબ્દભંડોળ પણ વધશે. સ્પર્ધા પણ રાખી શકાય. જોડણીમાં થતી ભૂલો વિશે જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકશે.

**(9) વિચાર વિસ્તાર :**

વિદ્યાર્થીઓ પાસે વિચાર વિસ્તાર પણ કરાવવામાં આવે. સ્પર્ધા પણ રાખી શકાય, જાહેરમાં ચર્ચા પણ ગોઠવી શકાય.

**(10) અહેવાલ લેખન :**

કોઈપણ કાર્યક્રમનો, પ્રવાસમાં ગયા હોય તો તેનો અહેવાલ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવામાં આવે. શાળામાં થયેલ પ્રવૃત્તિનો અહેવાલ તૈયાર કરીને વર્તમાન પેપરમાં સમાચાર માટે આપી શકાય.

**(11) પ્રવાસ વર્ણનો :**

વિદ્યાર્થીઓને પ્રવાસે ગયા હોય ત્યારે, આવ્યા પછી પ્રવાસનું વર્ણન કરતો લેખ કે અહેવાલ તૈયાર કરવાનું વિદ્યાર્થીઓને સોંપી શકાય.

**(12) સામયિકોમાં લેખ :**

વિદ્યાર્થીઓ પાસે સામયિકોમાં લેખ આપવા માટે તૈયાર કરાવી શકાય. હસ્તલિખિત અંત માટે પણ તૈયાર કરાવી શકાય.

**(13) બૂલેટિન બોર્ડ પર વિવિધ લખાણ :**

ગુજરાતી ભાષાને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓ અંગે લેબ બુલેટિન બોર્ડ પર તૈયાર કરીને મૂકવામાં આવે, કોઈપણ સાહિત્યકારની જન્મજયંતિ વિશેની માહિતી તૈયાર કરીને મૂકી શકાય. ભાષાના કોઈ લેખકની માહિતી પણ મૂકી શકાય.

**(14) વિવિધ કાર્યક્રમો :**

આ ઉપરાંત વિવિધ કાર્યક્રમો ગોઠવી શકાય. નિબંધ સ્પર્ધા, આત્મકથા, વાર્તાલેખન, રસદર્શન, અનુવાદ, સંવાદ લેખન, વગેરેને લગતા કાર્યક્રમો ગોઠવી શકાય.

આમ, વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા સાહિત્ય વૃત્તિ વિકાસ થઈ શકે.

## 15.8 સાહિત્ય પ્રેરિત – શાળા સંકુલ

**પ્રસ્તાવના :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 અને તેના અમલીકરણ કાર્યક્રમમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે શિક્ષણની વ્યવસ્થા અને આયોજનની પદ્ધતિમાં આમૂલ પરિવર્તનને ઊંચી અગ્રતા આપવી જરૂરી છે. 'સ્થાનિક કક્ષાએ' અસરકારક અમલીકરણ તંત્રની વિચારણા કરતી વખતે, અમલીકરણ કાર્યક્રમમાં શાળા સંકુલના વિકાસ પર ખાસ ભાર મૂકેલ છે.

આજે સમગ્ર દેશમાં 7,35,785 જેટલી શાળાઓ છે, જેમાં 5,29,392 પ્રાથમિક શાળાઓ, 1,38,687 ઉચ્ચ પ્રાથમિક શાળાઓ, 53,208 માધ્યમિક શાળાઓ અને 15,498 ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે. શાળાઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જાય છે, 1978 થી 1986 દરમ્યાન શાળાઓમાં 16.03 ટકા જેટલી વૃદ્ધિ થઈ છે. શાળાઓ વધવા સાથે શાળાઓનો એકબીજા સાથેનો જીવંત સંપર્ક ઓછો થતો હોય એવું માલૂમ પડે છે. શાળાઓ-શાળાઓ વચ્ચે આજે જાણે કે પાષાણની (પથ્થર) જડબેસલાહ દીવાલો ખડી થતી હોય તેવું ભાસે છે.

ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના જ કેમ્પસની માધ્યમિક શાળા સાથે, માધ્યમિક શાળા પોતાના જ વિસ્તારની ઉચ્ચ પ્રાથમિક શાળા સાથે અને ઉચ્ચ પ્રાથમિક શાળા પોતાના જ સંકુલની પ્રાથમિક શાળા સાથે કોઈ જ નાતો ન રાખે તે કેમ સહેવાય ? શાળા-શાળા વચ્ચેની આ દીવાલો એવી જડ બનતી જાય છે કે, માધ્યમિક શાળાના કાર્યકરો, પ્રાથમિક શાળાના શિક્ષકો કરતાં પોતાની જાતને ઊંચી ગણે. એ જ ક્રમ ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વચ્ચે ચાલતો હોય તેવું જોવા મળે છે. ખરેખર તો શિક્ષણના કોઈપણ વિભાગમાં કામ કરતા શિક્ષકો એક જ પંથના સહપાંથીઓ છે બધા જ શિક્ષકો એક જ ધ્યેયને વરેલા છે. સંજોગો અનુસાર શાળામાં જુદાં જુદાં વિભાગમાં શિક્ષણમાં કાર્ય કરે છે. (કોઈ પ્રાથમિકમાં, કોઈ માધ્યમિકમાં તો વળી કોઈ ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરે છે.) શિક્ષણ સંસ્થાઓ વચ્ચે વધતું જતું અંતર આખરે તો સમગ્ર શિક્ષણની ઇમારતને નુકશાન કરે છે. આમે શિક્ષણનો સાચો ખ્યાલ સમગ્રતાના શિક્ષણનો છે. પછી તેને ટૂકડા કરીને કઈ રીતે સિદ્ધ કરી શકાય ?

પ્રાથમિક શાળાની નજીક ખૂબ સુંદર માધ્યમિક શાળા હોય, તેની પાસે સમૃદ્ધ પુસ્તકાલય, રમતગમતનું મેદાન હોય, પ્રયોગશાળા, તાલીમી સ્નાતકો, અનુસ્નાતક આચાર્ય, વગેરે હોય છતાં પેલી પ્રાથમિક શાળાને તેનો કોઈ લાભ ન મળે, એટલું જ નહીં પણ માધ્યમિક શાળાના ગુરુતા-ગ્રંથિથી અને પ્રાથમિક શાળા લઘુતાગ્રંથિથી પીડાય, પરિણામે માનવશક્તિનો કેટલો બધો વ્યય ગણાય ! તેમજ શાળાઓની સંખ્યા દિવસે દિવસે વધવાને કારણે શિક્ષણની ગુણવત્તામાં ધોરણોનીચે જતાં ગયાં છે, તેના પરિણામે વહીવટ, સંચાલન, માર્ગદર્શન અને નિરીક્ષણકાર્યમાં પણ મુશ્કેલીઓ સર્જાતી ગઈ છે.

આ બંને પરિણામો શિક્ષણ જગત માટે નુકશાનકર્તા છે. આ પરિસ્થિતિ દૂર કરીને માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓનું એક શૈક્ષણિક સંકુલ બનાવવાનો વિચાર રાષ્ટ્રીય શિક્ષણ પંચે (1969-66) આપ્યો. પંચે શાળાઓ વચ્ચેના જીવંત અને તાજગીભર્યા સંબંધો સચવાઈ રહે તે માટે સમૃદ્ધ માધ્યમિક શાળાની સાધન સામગ્રી, વિશિષ્ટ માનવશક્તિ અને વિશિષ્ટ કૌશલ્યો ધરાવતી વ્યક્તિઓનો લાભ તે વિસ્તારની પ્રાથમિક શાળાઓને મળે. આમ પરસ્પર પ્રેમ અને સહકારના પાયા પર રચાયેલો આ સામૂહિક શાળાસંકુલ શિક્ષણ યાત્રામાં સહવિકાસનાં ઉદાત શિક્ષણ સોપાનો સર કરે એવી ઉદાત સંકલ્પના કોઠારી પંચે રજૂ કરી છે. દેશમાં કેટલીક જગ્યાએ માધ્યમિક શાળાઓ પોતાની આસપાસની પ્રાથમિક શાળાઓ સાથે જીવંત સંપર્ક રાખી સેવા વિસ્તરણનું સુંદર કાર્ય કરે છે. કોઠારી પંચે આ સંકલ્પના રજૂ કરી તે પહેલાં પણ આવાં અનૌપચારિક શાળા સંકુલો તો ઉત્સાહી દષ્ટિવાન આચાર્યોના નેતૃત્વ નીચે દેશમાં ક્યાંક ક્યાંક ચાલતાં જ હતાં.

શિક્ષણની વિવિધ કક્ષાના તબક્કાઓને સાંકળતી કડીઓને સાધવાનો પ્રયાસ શિક્ષણમાં ભાવાત્મક એકતા લાવે છે. આપણા દેશની આર્થિક સમસ્યાની દષ્ટિએ આપણે શૈક્ષણિક સંસ્થાઓને સાધન

સંપન્ન બનાવી શક્યા નથી. કેટલીક સંસ્થાઓ આર્થિક, ભૌતિક સુવિધામાં સદ્ધર હોય છે, આવી સંસ્થાઓ ઓછાં સાધનો વાળી સંસ્થાઓના વિકાસમાં પૂરક બની શકે. આપણા દેશની સરકારે પણ આ અંગે વિચાર્યું છે, તે યોગ્ય છે. શિક્ષણ નીતિ 1986ના અનુસંધાનમાં શાળા સંકુલ પર વધુ ભાર મૂકવામાં આવેલો છે, દેખરેખ રાખનાર અને નિરીક્ષણ કરનાર અધિકારીઓ અપૂરતી સંખ્યામાં હોવાને કારણે હાલની પરિસ્થિતિમાં તેઓ તેમના કાર્યમાં અસરકારક રીતે પહોંચી વળતા નથી. તેમની થોડીક ભૂમિકા અને કાર્યો શાળા સંકુલ સંભાળશે.

**સંકલ્પના :**

શાળા સંકુલ એ પ્રવર્તમાન શૈક્ષણિક માળખાની જરૂરી નવરચના છે. શૈક્ષણિક ધોરણોની સુધારણા માટે શાળા સંકુલમાં જોડાયેલી શૈક્ષણિક સંસ્થાઓ તેમના સંચાલક મંડળો (ગ્રાંટ મેળવતાં કે ન મેળવતાં સરકારી સ્થાનિક સંસ્થાઓ, પંચાયત હસ્તકની સંસ્થાઓ કે ખાનગી સંસ્થાઓનાં મંડળો) અને સ્થાનિક વિસ્તાર (ગ્રામ્ય કે શહેરી)ની અપેક્ષા સિવાય નિમ્ન કક્ષાની સંસ્થાઓ.

દા.ત. પ્રાથમિક શાળાઓ તેમના નજીકના વિસ્તારમાં આવેલી ઉચ્ચ શાળાઓ સાથે માનવ અને ભૌતિક (એટલે કે પુસ્તકાલય વિજ્ઞાન પ્રયોગ શાળાઓ, કાર્ય શિબિરનાં સાધનો શૈક્ષણિક સાધનો, રમતગમતનાં સાધનો) બંને સંપત્તિના સ્ત્રોતોમાં ભાગ લેવા અને માર્ગદર્શન મેળવવા માટે સંકળાય છે.

''શાળામાં અધ્યયન અધ્યાપન પ્રક્રિયાની સુધારણાના હેતુ માટે હકારાત્મક સંચાલકીય વર્તન પરિવર્તન લાવવાં માટેનો પ્રયત્ન એટલે જ શાળા સંકુલ.'' સામાન્ય સમજ પ્રમાણે શાળા સંકુલ બે શબ્દનો સમૂહ છે. શાળા અને સંકુલ, શાળાઓનો સંકુલ એ સામાજિક શબ્દ છે, શાળાનો અર્થ શૈક્ષણિક સંસ્થાઓ અને સંકુલનો અર્થ સમૂહ. ટૂંકમાં શાળા સંકુલ એટલે શૈક્ષણિક સંસ્થાઓનો સમૂહ. આસપાસની પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક વગેરેનો સમૂહ તે શાળા સંકુલ. બીજી રીતે કહીએ તો શિક્ષણની વિવિધ સંસ્થાના એક જૂથની રચના તે શાળા સંકુલ.

એકજ સ્થાન ઉપર પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક વગેરેને તાલીમી કૉલેજોના પારસ્પરિક સહયોગથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરે તો તે શાળા સંકુલ ગણાય. આવો સમૂહ પારસ્પરિક સહયોગથી શૈક્ષણિક નેતૃત્વ પૂરું પાડે, માર્ગદર્શન આપે, આમ સહયોગ, નેતૃત્વ અને નિદર્શન એ શાળા સંકુલના પ્રાણ છે :

**કોઠારી શિક્ષણ પંચ :**

શાળા સંકુલની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં કોઠારી શિક્ષણ પંચ નોંધે છે કે, ''એક માધ્યમિક શાળાની આસપાસ બનેલ શાળાઓનો સમૂહ, કે જે શૈક્ષણિક સુધારણા અને વિકાસના એક નાનામાં નાનાં પ્રાપ્ય એકમ છે જેને શાળા સંકુલ કહેવામાં આવે છે.

સામાન્ય રીતે ગ્રામ વિસ્તારમાં પાંચેક દશ માઈલના વિસ્તારમાં એક માધ્યમિક શાળા, ચાર કે પાંચ ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અને દસથી વીસ નિમ્ન પ્રાથમિક શાળાઓ મળી એક સંકુલ રચાય. આ શાળાસંકુલમાં માધ્યમિક શાળા એક કેનદ્ર શાળા (Lead Schools) બને. આ સંકુલના બધા મળીને 80 થી 100 જેટલા શિક્ષકોનું એક જૂથ બને. આ નાનકડું છતાં સંચાલન યોગ્ય જૂથ બને. આ નાનું નિયંત્રણ જૂથ સામિપ્યના સંબંધોથી કાર્ય કરે, આ તાલીમ પામેલું એક જ ધ્યેયને વરેલું શિક્ષણજૂથ શિક્ષણની કાયાપલટ કરવા માટે મચી પડશે.

"The group or schools, built around a secondary school as the minimum viable unit of education reform and development is termed as school Complex. The commission says, "It is possible to provide certain facilities and equipment which cannot be provided separately to each school Jointly for all schools in complex."

''હેતુઓની સિદ્ધિ અર્થે સહચિંતન માટે ભેગો થયેલો હેતુ લક્ષી સમૂહ તે શાળા સંકુલ.''

ટૂંકમાં, શિક્ષણનું કામ કરનારી વિવિધ સ્તરની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે આંતર સંસ્થા સહયોગની પરિસ્થિતિ ઊભી કરવી એટલે શાળાસંકુલની રચના કરવી એમ કહેવાય.

આ સંકુલ પરસ્પર પ્રેમ અને સહકારનાં પાયા પર એક પરિવારની ભાવનાથી રચાયેલું હોવું જોઈએ, તો જ તેની મૂળ ભાવના જળવાઈ રહે. આ શાળાસંકુલમાં જે માનવશક્તિ હોય તેનો મહત્તમ ઉપયોગ શિક્ષણના કાર્યમાં કરી શકાય તેવી નેતૃત્વ શક્તિ માધ્યમિક શાળાના આચાર્યમાં હોવી જોઈએ. આ કામ વિશાળ હૃદયવાળા અને ઊંડી સૂઝવાળા આચાર્ય જ કરી શકે.

**શાળા સંકુલનાં લક્ષણો :**

શાળા સંકુલનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

(1) માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાની આસપાસ શાળા-સંકુલ ઊભું કરવામાં આવે છે.

(2) શૈક્ષણિક સુધારણા અથવા વિકાસના એક એકમ તરીકે તેને ગણવામાં આવે છે.

(3) તેમાં બધા જ વિભાગોની શાળાઓનો સમાવેશ થતો હોય છે.

(4) શિક્ષણ અને મૂલ્યાંકનની વધુ સારી પદ્ધતિઓના અમલ માટે તેમ જ એક વર્ગમાંથી આગળના વર્ગમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે એક એકમ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(5) તે શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ ચોક્કસ કાર્યો કરશે તથા તેમાં સમાવિષ્ટ અલગ અલગ શાળાઓની સાથે કામ પાર પાડશે.

(6) શાળા સંકુલની વડી સંસ્થા માધ્યમિક શાળાના આચાર્ય જે તે વિસ્તારની બધી શાળાઓ માટે કામનું આયોજન કરશે અને માર્ગદર્શન આપશે.

(7) પ્રત્યેક શાળા સંકુલની મુખ્ય શાળાના આચાર્યશ્રીના નેતાગીરી હેઠળ એક સમિતિ બનશે અને અન્ય સંસ્થાઓના વડાઓ તેના સભ્યો રહેશે.

(8) શાળા સંકુલ દ્વારા શિક્ષણનું સ્તર ઊંચું લાવવાનો પ્રયત્ન કરશે.

**શાળા સંકુલના હેતુઓ :**

શાળા સંકુલના હેતુઓ નીચે પ્રમાણે છે :

(1) શાળા સંકુલ દ્વારા શિક્ષકોને એમના જ પ્રશ્નો ઉકેલવા માટે શક્તિમાન બનાવવાં.

(2) શાળા સંકુલ શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને તેઓને સામનો કરવા પડતા. શિક્ષણના પ્રશ્નો સમજવા શક્તિમાન બનાવવા અને તેવા પ્રશ્નોનો સામનો કરવામાં પણ મદદરૂપ બનવું.

(3) સંસ્થાના માળખામાં પરિવર્તનશીલતા લાવવા શિક્ષણની ગુણવત્તા અને સુસંગતતા વધારવા શિક્ષકો અગ્રભાગ ભજવે તે માટે અધિકારોનું કેન્દ્રીકરણ કરવું. પરિણામે નિરીક્ષણ, વ્યવસ્થા, સંચાલન સમસ્યાઓ વગેરે સરળતાથી હલ થઈ શકે.

(4) શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વિકસે તે માટે શિક્ષકના પરિસંવાદ અને ઓપ વર્ગો દ્વારા શિક્ષકોને સાંકળવા.

(5) એક શાળા અને બીજી શાળા વચ્ચે જે અંતર પડી ગયું હોય તે દૂર કરવા મદદરૂપ થવું.

(6) શિક્ષકોને સાથે મળીને કામ કરવા અને શિક્ષણ સુધારણાની તેઓની જવાબદારીઓ વહેંચી લેવા પ્રેરણા આપવી.

(7) શાળા સંકુલમાંથી પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને શોધી કાઢવા અને તેમને યોગ્ય માર્ગદર્શન તથા સહાય કરવાં.

(8) શાળા સંકુલમાં ભાગ લેતી શાળાઓમાં જોવા મળતી અપૂર્ણતાઓને દૂર કરી શિક્ષણનાં સ્તર સુધારણામાં મદદરૂપ બનવું.

(9) જુદા જુદા વિષયો માટે અભ્યાસજૂથ કે વિષય સમિતિઓ રચી તે દ્વારા તે વિષયના શૈક્ષણિક કાર્યક્રમને અસરકારક બનાવવા માર્ગો વિચારવા.

(10) શાળા સંકુલ દ્વારા પરિવારની ભાવના વિકસાવવી.

(11) શૈક્ષણિક સાધનો, પુસ્તકાલય સામગ્રી અને અધ્યાપનની સુવિધાઓનો વિનિમય દ્વારા મહત્તમ ઉપયોગ કરવો.

(12) શાળા સંકુલો દ્વારા અસરકારક રીતે સુધારી શકાય તેવા શાળા વહીવટના કાર્યક્ષેત્રને ઓળખવાં.

(13) શૈક્ષણિક સમસ્યાઓનાં ઉકેલ માટે નાનાં શૈક્ષણિક સંશોધન હાથ ધરવાં.

(14) શિક્ષકો અને વિદ્યાર્થીઓને સામૂહિક અને સરકારી જીવનની તાલીમ આપવી.

(15) સામૂહિક વિકાસ માટેની ભૂમિકા ઊભી કરવી.

(16) શિક્ષણના નવીન પ્રવાહો અને પ્રયોગોને વર્ગમાં પ્રયોગવાની તક ઊભી કરવી.

આ હેતુઓ માત્ર દિશા સૂચક છે, જે તે વિસ્તારની જરૂરિયાતો પ્રમાણે તેમાં પરિવર્તન લાવી શકાય. શાળા સંકુલ દ્વારા ઉપર મુજબના હેતુઓ ધ્યાનમાં રાખીને શાળાઓ વચ્ચે સરકાર યુક્ત વાતાવરણ ઊભું કરવામાં આવે તો શાળાઓ પાસેના મર્યાદિત સાધનોના કાર્યક્ષમ ઉપયોગથી ઘણું બધું સારું થઈ શકે. તેમજ શિક્ષણક્ષેત્રે ઊભા થતા પડકારોનો સતત સામનો કરવામાં શાળા સંકુલ ઉત્તમ માધ્યમ તરીકે કાર્ય કરી શકે તેમ છે.

આમ શાળા સંકુલ એ આજના શિક્ષણ વિસ્ફોટના યુગની માંગ છે, વિશેષ કરીને ગરીબ દેશનાં ઓછાં સાધનો અને સંપત્તિને અપવ્યયથી બચાવવા માટે શાળા સંકુલ એક ખૂબ ઉત્તમ માર્ગ બતાવે છે. એને અનુસરવાથી આપણી શાળાઓની ભૌતિક અને માનવીય સુવિધાઓ વધુ સઘનતાથી ખપમાં લાવી શકાશે, તેનો મહત્તમ ઉપયોગ થઈ શકશે.

**શાળા સંકુલની પ્રવૃત્તિઓ :**

શાળા સંકુલ દ્વારા મોટા પ્રમાણમાં પ્રવૃત્તિઓનું આયોજન થઈ શકે. અધ્યયન અને અધ્યાપનની ગુણવત્તા સુધારવા માટે જુદાં જુદાં સંકુલો જુદી જુદી પ્રવૃત્તિઓ કરી શકે. દરેક સંકુલ તેના પ્રશ્નો અને જરૂરિયાતો પ્રમાણે પ્રવૃત્તિઓને અગ્રતાક્રમ આપી શકે. શાળાસંકુલનાં હેતુઓ સિદ્ધ કરવા એક સુઆયોજીત પ્રવૃત્તિઓ આવશ્યક છે. આવી માર્ગદર્શન પ્રવૃત્તિઓ નીચે રજૂ કરી છે :

**(1) વાર્ષિક આયોજન :**

શાળા સંકુલ દ્વારા વર્ષ દરમ્યાન કઈ કઈ પ્રવૃત્તિઓ થઈ શકે તેમ છે. આગળના વર્ષ દરમ્યાન કઈ કઈ પ્રવૃત્તિઓ થઈ તેની સફળતા અને નિષ્ફળતા વિચારવી, તેમજ નવા વર્ષથી નવી કઈ કઈ પ્રવૃત્તિઓ ઉમેરવા જેવી છે તેનું વાર્ષિક આયોજન તૈયાર કરવું તેમજ ક્યારે કઈ પ્રવૃત્તિ કરવી તેનું આયોજન પણ વિચારવું જોઈએ.

**(2) શૈક્ષણિક આયોજન :**

સંકુલ દ્વારા વર્ષ દરમ્યાન શૈક્ષણિક આયોજન વિચારવું જોઈએ. તેમાં નીચેના જેવી બાબતો થઈ શકે : નિદર્શન પાઠ, વિષયવસ્તુની ચર્ચા, વિવિધ પદ્ધતિઓના ઉપયોગો, સ્વાધ્યાય રચના, પ્રયોગ વગેરે.

**(3) વિદ્યાર્થીનું કક્ષા પ્રમાણે વર્ગીકરણ :**

વિદ્યાર્થીનું કક્ષા પ્રમાણે વર્ગીકરણ કરવા સંકુલ મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે, સંકુલ દ્વારા વિવિધ પ્રકારની બુદ્ધિ કસોટીઓ, ગણિતની કસોટીઓ આપી વિદ્યાર્થીનું કક્ષા પ્રમાણે વર્ગીકરણ થઈ શકે. વર્ગીકરણ થતાં દરેક કક્ષાના વિદ્યાર્થીનું તેમની પ્રગતિ માટે ઘણી સરળતા થાય છે.

**(4) મંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓને આગળ વધવાની તકો ઊભી કરવી :**

શાળા સંકુલની વ્યવસ્થાને કારણે, ''લાંબા સાથે ટૂંકો જાય. મરે નહીં તો માંદો થાય.'' એ ન્યાયે તેજસ્વી વિદ્યાર્થી સાથે મંદ વિદ્યાર્થી ખેંચાતો અટકે છે. તેજ રીતે મંદ વિદ્યાર્થીને પણ વર્ગીકરણ થતાં એનીજ વૃદ્ધિ કક્ષાના વિદ્યાર્થીની સાથે ભણવાનું મળે છે, આમ મંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવાની તક ઊભી થાય છે.

**(5) વ્યાખ્યાન માળાઓનું આયોજન :**

વર્ષની શરૂઆતમાં જ સંકુલની શાળાઓના શિક્ષકોને સજજ કરનારી વ્યાખ્યાન માળાનું આયોજન શાળા સંકુલ કરે તે પ્રમાણે જે તે વિષયના અનુભવી શિક્ષકોનાં જૂથ વચ્ચે બેસી વાર્તાલાપો કરે.

દા.ત. અસરકારક શિક્ષણ પદ્ધતિઓ, વિષયવસ્તુ અંગેના વાર્તાલાપો, દશ્ય-શ્રાવ્ય સાધનો અને તેનો ઉપયોગનો સમજનો સમસ્યા ઉકેલ માટે જરૂરી વાર્તાલાપો તેમજ વિદ્યાર્થીઓ સમક્ષ અનુભવી વ્યક્તિઓનું પ્રવચન ગોઠવી શકાય.

**(6) શૈક્ષણિક સેમીનાર :**

શાળા સંકુલના પરિવારના સભ્યો ભેગા થઈ શૈક્ષણિક સેમીનારનું આયોજન કરી શકે. તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું અધ્યયન, મંદ વિદ્યાર્થીઓનું અધ્યયન, ગૃહકાર્યમાં નિયમિતતા લાવવા દશ્ય-શ્રાવ્ય સાધનો બનાવવાં, વાપરવા અને નિદર્શન અંગે વિદ્યાર્થીઓના વિવિધ સમસ્યાઓ વગેરે બાબતો ઉપર શૈક્ષણિક સેમીનારનું આયોજન હાથ ધરી શકાય.

**(7) કેન્દ્રીય પ્રયોગ શાળાની મુલાકાત :**

બધી પ્રાથમિક શાળાઓને વિજ્ઞાન શિક્ષણ માટે પ્રયોગશાળા નથી. ધોરણ 5, 6, 7 માટેના પ્રયોગો માટે આવી મધ્યસ્થ પ્રયોગશાળા શાળા સંકુલને કારણે મળી શકે. આ પ્રયોગશાળા પ્રયોગોનું આયોજન કરે. તાલીમ પામેલા વિજ્ઞાન શિક્ષકોનો પ્રાથમિક શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને લાભ મળે. પ્રયોગ ઉપરાંત અન્ય દશ્ય-શ્રાવ્ય સાધનોનો પરિચય મેળવવાનું પણ શક્ય બને છે.

**(8) શૈક્ષણિક સાધનોનો વિનિમય :**

શાળા સંકુલમાં વિવિધ શૈક્ષણિક સાધનો વસાવવામાં આવે. જે સભ્ય શાળા પાસે ઓછાં શૈક્ષણિક સાધનો હોય તે શાળાને સંકુલ દ્વારા સાધનો પૂરાં પાડવામાં આવે. જરૂરી શૈક્ષણિક સાધનો માટે એક બીજી સંસ્થાઓ વચ્ચે આપ-લે થવાને કારણે જે-તે સંસ્થામાં ખૂટતાં સાધનો મળી શકે છે.

**(9) ફિલ્મ શોનું આયોજન :**

માત્ર વ્યાખ્યાનનાં માધ્યમથી જ ન શીખવતાં કેટલીક બાબતમાં સંકુલ ફિલ્મ શોનું આયોજન પણ કરી શકે.

દા.ત. વિજ્ઞાનને લગતી ફિલ્મ, ભૂગોળને લગતી ફિલ્મ, આદર્શ નાગરિક્તાનાં લક્ષણો, રાષ્ટ્રીય સેવા યોજના વિષેની ફિલ્મો વગેરે બાબતો માટે ફિલ્મ શોનું આયોજન સંકુલ દ્વારા વિચારી શકાય.

**(10) વિવિધ મંડળોની રચના :**

દરેક શાળામાં વિવિધ મંડળોની રચના કરવા માટે રસ વધવા માંડ્યો છે. સંકુલની બધી જ શિક્ષણ સંસ્થાઓ વિવિધ મંડળમાં જોડાય, તેની પ્રવૃત્તિઓમાં સક્રિય બની લાભ લઈ શકે એવું આયોજન સંકુલ કરે તો જે તે વિષયમાં વધુ રસપ્રદ અને અસરકારક બની શકે છે.

દા.ત. વિજ્ઞાન મંડળ, સાહિત્ય મંડળ, સમાજ વિદ્યામંડળ, ગણિત મંડળ, તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળા સાથે હોય તો અર્થશાસ્ત્ર મંડળ એકાઉન્ટ મંડળ, વાણિજ્ય વ્યવસ્થા મંડળ વગેરે મંડળો રચી શકાય.

**(11) કેન્દ્રીય વ્યાયામ મંડળ :**

બધી શાળા પાસે રમતગમત માટેનું પૂરતું મેદાન હોતું નથી. સંકુલની એકાદ શાળા મોટું મેદાન

ધરાવતી હોય જેનો કેન્દ્રીય વ્યાયામ શાળા તરીકે ઉપયોગ કરવાનું ગોઠવી શકાય. સંકુલની બધીજ શાળાઓ કેન્દ્રીય વ્યાયામ શાળાનો ઉપયોગ કરી શકે તે પ્રમાણેનું આયોજન શાળા સંકુલ કરે. આ કેન્દ્રીય વ્યાયામ શાળામાં વિવિધ રમતગમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે, તેમજ વ્યાયામ શિક્ષકનો પ્રાથમિક શાળાને લાભ પણ મળી શકે.

**(12) સાંસ્કૃતિક કાર્યકરો :**

શાળા સંકુલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે. જેમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવે, ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો, પ્રમાણપત્રો, પ્રોત્સાહન વગેરે આપી શકાય.

રમતોત્સવ : સંકુલની શાળાઓના બધા જ વિદ્યાર્થીઓ માટે ડિસેમ્બર કે જાન્યુઆરી માસમાં અનુકૂળતાએ વાર્ષિકોત્સવ યોજી શકાય. વાર્ષિકોત્સવની ઉજવણી પ્રસંગે નીચે મુજબના કાર્યક્રમો ગોઠવી શકાય : વક્તૃત્વ સ્પર્ધા, અને આનંદ બજાર, સુલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, હસ્તલિખિત અંક સ્પર્ધા, ગીત સ્પર્ધા, દેશ ભક્તિ ગીત સ્પર્ધા, સમૂહ ગાન સ્પર્ધા, સમૂહ નૃત્ય સ્પર્ધા, એકાંકી સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, નાટક સ્પર્ધા વગેરે.

આવી સ્પર્ધાઓ તંદુરસ્ત રીતે યોજાય તો તે સંકુલની શાળાના વિદ્યાર્થીઓના સામાજિક વિકાસમાં ઘણો મોટો ફાળો આપી શકે. આ કાર્યક્રમમાં વાલીઓને પણ સામેલ કરી શકાય. આવા કાર્યક્રમો દ્વારા વિવિધ શાળાઓના વિશિષ્ટ શક્તિઓ ધરાવતા વિ.ઓથી અન્ય, વિ.ઓ શિક્ષકો અને વાલીઓ પરિચિત થઈ શકે અને તેમના વિકાસ માટે વિશેષ કાર્યક્રમો અંગ વિચારી શકે.

**(13) વાલી સંપર્ક કાર્યક્રમ :**

શાળા સંકુલની શાળાઓ વાલી સંપર્ક કાર્યક્રમનું આયોજન કરી શકે. વાલી સંપર્ક કાર્યક્રમમાં વિ.ઓની સમસ્યાઓ, શાળાના પ્રશ્નો વગેરે અંગે વિચારણા હાથ ધરી શકાય.

**(14) પ્રદર્શન ગોઠવવાં :**

શાળા સંકુલની શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારનાં પ્રદર્શનો ગોઠવવાં, વિશેષ કરીને વિજ્ઞાન, હસ્તકલા, ભૂગોળ, પ્રાદેશિક, સંસ્કૃતિક, વ્યાવસાયિક માર્ગદર્શન વગેરેનાં પ્રદર્શનો ગોઠવવાં ઉપયોગી છે.

**(15) શાળા સંકુલનું મેગેઝીન તૈયાર કરવું :**

શાળા સંકુલ દ્વારા વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમો અંગે મેગેઝીન તૈયાર કરવામાં આવે જેથી તે અંગેની માહિતી અન્ય શાળાઓને પહોંચે.

**(16) સન્માન કાર્યક્રમ :**

શાળા સંકુલની શાળાઓમાં વિવિધ ક્ષેત્રે વિદ્યાર્થીઓએ કરેલ પ્રગતિ જાહેરમાં વિદ્યાર્થીઓનું તેમજ શિક્ષકોએ કરેલ પ્રગતિ અંગે સન્માન અંગેનો કાર્યક્રમ ગોઠવવામાં આવે, જેથી અન્ય શાળાઓને તેમજ વિ.ઓને અને શિક્ષકોને જરૂરી પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે.

**(17) સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યનું આયોજન :**

શાળા સંકુલની શાળાઓ માટે સમૂહમાં સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યનું આયોજન કરવામાં આવે.

**(18) મૂલ્યાંકન પદ્ધતિનું આયોજન :**

શાળા સંકુલને એકમ ગણીને, તેમાં મૂલ્યાંકનની અદ્યતન પદ્ધતિઓ દાખલ કરી શકાય. આજે મૂલ્યાંકનમાં સતત અને સર્વાંગી મૂલ્યાંકનનો વિચાર શાળા સંકુલમાં અજમાવવા જેવો છે. વડોદરા જિલ્લામાં આવા પ્રયોગો થયા છે. આ માટેનાં જ્ઞાનસૂત્રો, કાર્યશિબિરો યોજી શકાય, જેમાં જે તે વિષયના તજ્જ્ઞોને બોલાવીને માર્ગદર્શન મેળવી શકાય. એકમ આયોજન મુજબ દરેક જૂથમાં વેકેશન

પડે તે પહેલાં વિષયવાર આયોજન વર્કશોપ યોજીને કરી શકાય, કેટલા સ્વાધ્યાયો તૈયાર કરી શકાય, જરૂર જણાય ત્યાં શિક્ષણની કૉલેજોની સહાય લઈ શકાય.

**(19) આધુનિક શૈક્ષણિક સાધનોનો ઉપયોગ :**

કેટલાંક શૈક્ષણિક સાધનો અને સુવિધાઓ શાળાસંકુલમાં પ્રાપ્ત કરવામાં આવે. જેનો ઉપયોગ શાળાસંકુલની તમામ શાળાઓ કરી શકે, દા.ત. ફિલ્મ પ્રૉજેક્ટર, એપિડાયોસ્કોપ, સ્લાઈડપ્રૉજેક્ટર, ઓવરહેડ પ્રૉજેક્ટર, ટી.વી., વી.સી.આર., વગેરે દરેક શાળા વસાવી ન શકે પણ શાળા સંકુલ વસાવી શકે.

**(20) સંસ્થાકીય આયોજન :**

સંકુલની શાળાના આચાર્યો ભેગા મળી સમગ્ર શાળા સંકુલના શૈક્ષણિક વિકાસની રૂપરેખા તૈયાર કરે. બને તો સંસ્થાકીય આયોજન પણ કરી શકે. દરેક શાળા-શાળાજૂથ પોતાનું આયોજન તૈયાર કરે. આમ, સમગ્ર શાળા સંકુલ લાંબા અને ટૂંકા ગાળાનું સંસ્થાકીય આયોજન પણ કરી શકે.

**(21) રેલી આયોજન :**

શાળા સંકુલ વર્ષમાં એકાદ બે વાર સમૂહમાં પોતાના વિદ્યાર્થીઓની સુંદર રેલી યોજી શકે.

**(22) અવેજી શિક્ષકની વ્યવસ્થા :**

રજા ઉપર ઉતરનાર શિક્ષકની અવેજી વ્યવસ્થા પણ સંકુલ દ્વારા થઈ શકે, અલબત્ત લાંબા ગાળાની રજાઓ ઉપર હોય તો શક્ય બને.

આ ઉપરાંત શાળા સંકુલમાં એક સારું સંગ્રહાલય ઊભું કરી શકાય. જેમાં જે તે પ્રદેશની વિશિષ્ટ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ હોય. એ જ રીતે સંકુલમાં એક સારો ભૂગોળખંડ, પ્રદર્શન ખંડ, વિજ્ઞાન ખંડ, વાણિજ્ય ખંડ પણ હોય.

શાળા સંકુલોને, જિલ્લા શિક્ષણાધિકારીની પૂર્વ સંપત્તિથી અભ્યાસક્રમમાં ઘટતા ફેરફાર કરવાની છૂટ આપી શકાય, લાંબા ગાળે શાળા સંકુલ સ્વ્યત્ત બને તેવા પ્રયાસ કરી શકાય.

**મર્યાદાઓ :**

શાળા સંકુલની પ્રવૃત્તિ શાળાના વિકાસને પોષક છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોના સંકુલ કાર્યક્રમોના અવલોકનથી પ્રતિત થયું છે. તે આધારે કેટલીક મર્યાદાઓનો ઉલ્લેખ જરૂરી બન્યો છે :

– માધ્યમિક શાળાના શિક્ષકો જેઓ આ કાર્યક્રમ માટે વધુ સક્રિય બની કાર્ય કરે છે, તેમના કાર્યભારનો વિચાર કરી, ભવિષ્યમાં આ કાર્યભાર તેમના શૈક્ષણિક કાર્યબોજમાં ગણાય તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ.

– શાળા સંકુલની મધ્યસ્થ શાળાએ આવા કાર્યક્રમો માટે વધુ આર્થિક બોજને વહન કરવા નિભાવ ગ્રાન્ટમાં અલગ વ્યવસ્થા નથી હોતી. આવી આર્થિક સુવિધા શાળા સંકુલ કાર્યક્ષેત્રને વધુ ચેતનવંતુ બનાવશે.

– પ્રાથમિક ક્ષેત્રના નિરીક્ષકો અને ઉચ્ચ અધિકારીઓમાં આ પ્રવૃત્તિ માટે રસની ઊણપ જોવા મળે છે. પરિણામે પ્રાથમિક શિક્ષકો તરફથી પણ તેમાં ઉદાસીનતા જોવા મળે છે. આમ, શાળા સંકુલની મધ્યસ્થ શાળાના પ્રયત્નોને સંપૂર્ણ સફળતા મળતી નથી.

– શાળા સંકુલના કાર્યક્ષેત્રમાં જે શાળાઓ સંકળાયેલી છે, તેના માટે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તરફથી પ્રેરણા કે પ્રોત્સાહન ઓછા પ્રમાણમાં મળી રહે છે. અધિકારીઓ માત્ર અધિકારીઓ તરીકે જ વર્તતા જોવા મળે છે.

– શાળા સંકુલના કાર્યક્રમો ગોઠવવા સમય અંગેની અગવડો ઊભી થાય છે. આ અંગે સમયપત્રકમાં ફેરફાર કરવાનું કાર્ય મુશ્કેલ બને છે.

– શાળા સંકુલના કાર્યક્રમનું સંચાલન કરી શકે તેવા ઉત્સાહી શિક્ષકોનો અભાવ જોવા મળે છે.

– સહકારી પ્રવૃત્તિઓમાં સૌનું કામ એ કોઈનું નહીં એમ બનવાનો સંભવ પણ નકારી શકાય એમ નથી.

– રૂઢીચુસ્ત આચાર્ય અને પ્રગતિશીલ શિક્ષક વચ્ચે શિક્ષણ આપવાની પદ્ધતિઓ વિષે મતભેદ ઊભા થાય ત્યારે જો રૂઢીચુસ્ત આચાર્ય જક્કી બની જાય તો પ્રગતિશીલ શિક્ષકોને સહન કરવું પડે.

– શાળા સંકુલની નેતાગીરી સંભાળનાર વડા અને સભ્યો પરંપરાગત શિક્ષણમાં માનતા હોય તો જૂથ શિક્ષણમાં ક્રાંતિ લાવી શકાતી નથી, તે એક બંધીયાર શિક્ષણ બની જાય છે.

– શાળા સંકુલ એક ખર્ચાળ એકમ છે.

**ઉપસંહાર :**

શાળા સંકુલ આજનો પડકાર છે, આવતી કાલની આવશ્યકતા છે, એના માર્ગમાં રહેલા અવરોધો કે મર્યાદાઓ સરકાર અને સમન્વયથી ઓગાળી સૌ નવી શૈક્ષણિક સાહસના સાથીદાર બને એ જરૂરી છે. વિવિધ દૃષ્ટિ, સૂઝ, શક્તિ અને આવડતવાળા ભાઈ બહેનોનું જૂથ સમૂમાં ભેગું થઈ કામ કરતું થાય, એ શાળા સંકુલની સિદ્ધિ ગણાય. આવી શાળા સંકુલની પ્રવૃત્તિથી શિક્ષણ તેજસ્વી બનશે અને શિક્ષણનું સ્તર ઊંચું આવશે. વળી પરંપરાગત શિક્ષણના દોષનો ટોપલો બીજાને માથે નાખવાની ખોટી પ્રવૃત્તિ પણ શાળા સંકુલની પ્રવૃત્તિના પરિણામે બંધ થશે. જે શાળા પાસે શૈક્ષણિક સાધનો મર્યાદિત હશે તે શાળા સંકુલને કારણે શૈક્ષણિક સાધનોની મર્યાદા પૂરી કરી શકશે.

**સાહિત્ય પ્રેરિત : શાળા સંકુલ**

સાહિત્ય પ્રેરિત શાળા સંકુલ ઊભું કરવું, જેમાં સાહિત્યના વિકાસ માટેની જ પ્રવૃત્તિઓ કરવામાં આવે. સાહિત્યને લગતી વિવિધ પ્રવૃત્તિઓ શાળા વચ્ચે ગોઠવવામાં આવે.

શાળા સંકલનું સંચાલન ભાષા શિક્ષક દ્વારા કરવામાં આવે.

ભાષાના શિક્ષકો અવાર નવાર મળે, ભાષાના વિકાસ માટે વિચાર વિનિમય થાય, વિકાસ માટે શું કરી શકાય તેની ચર્ચા થાય.

ભાષા વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓ શાળા સંકુલમાં સંકળાયેલ શાળાના વિદ્યાર્થીઓ વચ્ચે ગોઠવવામાં આવે.

## 15.9 શાળાની આવશ્યકતાઓ

શાળાની આવશ્યકતા ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીનો વિકાસ અને સમાજનો વિકાસ શાળા ઉપર આધારિત છે. શાળા ન હોય તો વિદ્યાર્થી અને સમાજ ના વિકાસની કલ્પના કરી શકાય તેમ નથી. શાળાની આવશ્યકતાની નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

**(1) બાળકનો સર્વાંગી વિકાસ કરવા :**

શાળા દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. શાળામાં બાળકનો વિકાસ શક્ય બનાવવા માટે જરૂરી છે. શાળા બાળક બોલતા, વાચતા, લખતા વગેરે બાબતો શીખે છે. શાળાની પ્રવૃત્તિઓ દ્વારા તેનો વિકાસ થાય છે.

**(2) સામાજિક વિકાસ કરવા :**

બાળકનો સામાજિક વિકાસ શાળામાં શક્ય બને છે. બાળકો એક બીજા સાથે મળે છે, વાતચીત કરે છે, સાથે રમે છે, સાથે નાસ્તો કરે છે, સાથે અભ્યાસ કરે છે, તેમજ બોલતા, લખતા, વાચન શીખે છે. અન્ય વિદ્યાર્થીઓના સંપર્કથી શીખે છે. અન્ય સાથે વ્યવહાર કરતાં શીખે છે. આથી સામાજિક વિકાસ શક્ય બને છે.

**(3) વ્યક્તિત્વનો વિકાસ કરવા :**

બાળકના વ્યક્તિત્વનો વિકાસ શાળામાંથી થાય છે. બોલતા, લખતા, વાચન વગેરે બાબતો

શીખે છે. બાળક અન્યના સંપર્કમાં આવવાથી ઘણીબધી બાબતો શીખે છે, જે વ્યક્તિત્વના વિકાસમાં મદદરૂપ થાય છે. શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા પણ વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

**(4) અનુકૂલનની ભાવના શીખવવા :**

અન્ય સાથે અનુકૂલન સાધના શાળા શીખવે છે. કુટુંબમાં, મિત્રો સાથે, સગા સાથે, શાળામાં વગેરે સાથે અનુકૂલન સાધતા શીખવે છે.

**(5) નાગરિક્તાના ગુણો વિકસાવવા :**

બાળક એક સારો નાગરિક બને તે માટે શાળા જરૂરી છે. શાળામાંથી નાગરિક્તાના ગુણો શીખવવામાં આવે છે. અન્યને મદદરૂપ થવું કુટુંબનું ભરણ પોષણ કરવું, પોતાની જવાબદારી ઉઠાવવી વગેરે ગુણોના વિકાસ માટે જરૂરી છે.

**(6) સમાજ ઉપયોગી કાર્ય કરવા :**

શાળા દ્વારા સમાજ ઉપયોગી કાર્ય કરવા જરૂરી સમાજમાં આરોગ્ય અંગેની જાગૃતિ લાવવા, અંધશ્રદ્ધા દૂર કરવા, સમાજમાં પરિવર્તન લાવવા, ગામ સફાઈ કાર્ય કરવા, વૃક્ષારોપણ કાર્ય કરવા વગેરે કાર્ય કરવા શાળા જરૂરી છે.

**(7) સમાજનો વિકાસ કરવા :**

શાળા દ્વારા સમાજનો વિકાસ શક્ય છે, સમાજમાં સારા સંસ્કારોનું સિંચન કરવા કુરિવાજો દૂર કરવા, આરોગ્યને લગતી માહિતી આપવા, બાળકોનો વિકાસ કરવા વગેરે માટે શાળા જરૂરી છે.

**(8) શૈક્ષણિક માર્ગદર્શન આપવા :**

વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રશ્નો વધુ હોય છે, કયાં વિષયો રાખવા, કયો અભ્યાસક્રમ પસંદ કરવો, શક્તિ પ્રમાણે કયો અભ્યાસ ક્રમ પસંદ કરવો વગેરે બાબતોમાં શાળા મદદરૂપ થાય છે. મનોવૈજ્ઞાનિક 3 કસોટી લઈ જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

**(9) વ્યાવસાયિક માર્ગદર્શન આપવા :**

વ્યાવસાયિક માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવું જરૂરી છે. કયો વ્યવસાય પસંદ કરવો, કયાં વ્યવસાય માટે કયો અભ્યાસક્રમ પસંદ કરવો, વગેરે બાબતો માટે શાળા મદદરૂપ થાય છે.

**(10) નેતાગીરીના ગુણનો વિકાસ કરવા :**

શાળામાં અભ્યાસ કરતા બાળકો એ ભવિષ્યના નેતા છે. શાળામાંથી નેતાગીરીના ગુણનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થી મંડળની રચના કરીને નેતાગીરીના ગુણો વિકસાવી શકાય.

**(11) વિદ્યાર્થીઓને ગૃહઉદ્યોગની માહિતી આપવા :**

વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી નાના પાયે ગૃહઉદ્યોગ શરૂ કરી શકે તે અંગેની તાલીમ દ્વારા આપવામાં આવે છે. દા.ત. મીણબત્તી બનાવવી, સાબુ બનાવટ, પાવડર બનાવટ, પાપડ, માચિસ બનાવવી, પલંગ બનાવવી, વગેરેની તાલીમ આપી શકાય છે.

**(12) વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવા :**

વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યા હોય છે તેનો ઉકેલ શાળા દ્વારા લાવવામાં આવે છે. શૈક્ષણિક માર્ગદર્શન, વ્યવાસાયિક માર્ગદર્શન, અન્ય સમસ્યાના ઉકેલ માટે શાળા મદદરૂપ થાય છે.

**(13) શાળા અને સમાજેન નજીક લાવવા :**

શાળા-સમાજ વચ્ચે વધુ અંતર વધતું જાય છે, તેમાં ઘટાડો કરવા શાળા મદદરૂપ થાય છે. શાળાના કાર્યો માટે સમાજમાંથી આમંત્રણ આપવામાં આવે છે, શાળા કાર્યો સમાજ સુધી પહોંચે છે. શાળા દ્વારા સમાજમાં જઈ કાર્યો કરવામાં આવે છે.

**(14) સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવા :**

સમાજમાં અંધશ્રદ્ધા ઘર કરી ગઈ હોય છે તેની માહિતી શાળા દ્વારા આપવામાં આવે છે. દૂર થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ફિલ્મ, પ્રવચન, ચર્ચા વગેરે ગોઠવવામાં આવે છે.

**(15) સ્ત્રી સશક્તિ કરવા :**

સ્ત્રી વિકાસ કરવો જરૂરી છે, ઘટનો વિકાસ, બાળકોનો વિકાસ વગેરેમાં સ્ત્રીઓ મદદરૂપ થાય છે. સ્ત્રીઓ પગભર થાય શિક્ષણ મેળવે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. ગૃહઉદ્યોગને લગતી તાલીમ આપવામાં આવે છે.

**(16) સમાજમાં પરિવર્તન લાવવા :**

શાળા દ્વારા સમાજમાં પરિવર્તન શક્ય બને છે. સમાજમાં સારા સંસ્કારો, મૂલ્યનું ઘડતર, રીતરિવાજો, અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો વગેરે માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

## 15.10 શાળાના પ્રશ્નો

શાળાના વિવિધ પ્રશ્નો હોય છે, તે માટે શાળા તેનો સામનો કરી રહ્યા છે. નીચે મુજબના પ્રશ્નો શળાને બનાવે છે.

**(1) આર્થિક પ્રશ્નો :**

શાળાને આર્થિક પ્રશ્નો નડે છે. શાળા ચલાવવા માટે સરકાર તરફથી પૂરતા પ્રમાણમાં બજેટ મળતું નથી. શાળાના ખર્ચને પહોંચી વળવું મુશ્કેલરૂપ છે. આર્થિક પ્રશ્નોને કારણે શાળાનો વહીવટ કરવો મુશ્કેલરૂપ બને છે.

**(2) વ્યક્તિગત તફાવતના પ્રશ્નો :**

શાળામાં વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓ આવે છે. વ્યક્તિગત તફાવત હોવાથી, વિદ્યાર્થીઓના ઘણાં બધા પ્રશ્નોનો સામનો શાળાએ કરવો પડે છે. શાળામાં હોંશિયાર, મધ્યમ અને નબળાં વિદ્યાર્થીઓ આવે છે. કેટલાક વિદ્યાર્થીઓ સમસ્યારૂપ હોય છે. કેટલાક અપવાદરૂપ બાળકો હોય છે. દરેકને ન્યાય આપવો મુશ્કેલ રૂપ છે.

**(3) ભૌતિક સગવડતાનો પ્રશ્ન :**

શાળાને આર્થિક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે, તેથી ભૌતિક સગવડતાઓની વ્યવસ્થા કરવી મુશ્કેલરૂપ બને છે. વાલીઓ હવે શાળામાં ભૌતિક સગવડતાઓ માગી રહ્યા છે.

**(4) નબળા બાળકોનો પ્રશ્ન :**

શાળામાં નબળા બાળકો આવે છે. ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓને વાચતા પણ નથી આવડતું. ગણિતમાં સરવાળા, બાદ બાકી, ગુણાકાર અને ભાગાકાર પણ નથી આવડતા. શાળા નબળા બાળકો માટે શું કરી શકે તે એક પ્રશ્ન મૂંજવે છે.

**(5) માર્ગદર્શનના પ્રશ્નો :**

વિદ્યાર્થીઓને વિવિધ સમસ્યા સતાવે છે. ક્યો વિષય પસંદ કરવો, કયા અભ્યાસક્રમમાં જવું. વિદ્યાર્થીઓ માટે મૂંજવણનો પ્રશ્ન છે. વાલીઓ મેડીકલ અને એન્જીનીયરીંગમાં જવા માટે દબાણ કરે છે. વિદ્યાર્થીને તેમાં રસ છે કે કેમ ? તેની શક્તિ છે કે કેમ ? વાલીઓ આ બાબત જોતા નથી. શાળા જરૂરી માર્ગદર્શન આપી પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરે છે.

**(6) વાલીના પ્રશ્નો :**

પોતાના બાળકો વાલીના કંટ્રોલમાં નથી. વાલીઓ પોતાના બાળકો માટે વિવિધ પ્રશ્નો લઈને શાળાએ આવે છે. વાલીને પોતાના બાળકને મેડીકલ, એન્જીનીયરીંગમાં મોકલવો છે. વિદ્યાર્થીએ તેમાં રસ ન હોય, શક્તિ ન હોય તો વિદ્યાર્થી માટે શું કરવું તે નક્કી કરી શકતા નથી. વાલી અને વિદ્યાર્થી વચ્ચે શાળાઓ મધ્યસ્થ તરીકે કાર્ય કરવું પડે છે.

**(7) મંડળના પ્રશ્નો :**

શાળાને ઘણીવાર મંડળના પ્રશ્નો સતાવે છે. વહીવટમાં મંડળના સભ્યોનો હસ્તક્ષેપ વધુ જોવા મળે છે. શાળાના આચાર્યને સારી રીતે વહીવટ કરવા દેતા નથી. વહીવટકાર્યમાં આચાર્યને મંડળના સભ્યો અવરોધરૂપ બને છે.

**(8) શિક્ષકના પ્રશ્નો :**

સમસ્યારૂપ બાળકો શાળામાં હોય છે. શિક્ષક માટે તેનો ઉકેલ લાવવો મુશ્કેલરૂપ બને છે. શાળામાં પૂરતા શીક્ષકો પણ હોતા નથી. નવા શિક્ષકની નિમણૂંક ઝડપી થતી નથી. શિક્ષણકાર્ય કઈ રીતે કરવું તે એક પ્રશ્ન છે.

**(9) શિક્ષણ વિભાગના પ્રશ્નો :**

શાળાને વહીવટ કરવા માટે શિક્ષણ વિભાગ અવરોધરૂપ બને છે. નવા નવા નિયમો અમલમાં આવે છે. દરરોજ માહિતી મંગાવવામાં આવે છે. નવો પ્રશ્ન શાળા માટે ઓનલાઈન હાજરી પૂરવી, ઓડીટના પ્રશ્નો, ગ્રાંટા પ્રશ્નો વગેરે.

**(10) સમગ્ર સ્ટાફના પ્રશ્નો :**

શાળાને સ્ટાફના પ્રશ્નો મૂજવે છે. પૂરતો સ્ટાફ ન હોય તો શિક્ષણકાર્ય કરવું, શાળાનો વહીવટ કરવો મુશ્કેલરૂપ બને છે. સરકાર નવા સ્ટાફની ઝડપી ભરતી કરતા નથી. સ્ટાફના અભાવ શાળા ચલાવવાનું કાર્ય મુશ્કેલરૂપ બને છે.

## 15.11 સારાંશ

સાહિત્ય દ્વારા શિક્ષણ – શાળાની ભૂમિકા, મહત્ત્વ છે. શાળાની ભૂમિકા માટે શાળાનો અર્થ, શાળાની ભૂમિકા, શાળાની ભૂમિકા અસરકારક બનાવવાના ઉપાયો, સાહિત્ય – શાળાના વાતાવરણનું સાધન, સાહિત્ય વૃત્તિના વિકાસમાટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, સાહિત્ય પ્રેરિત – શાળા સંકુલ, શાળાની આવશ્યક્તાઓ અને શાળાના પ્રશ્નો વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

સાહિત્ય દ્વારા શિક્ષણ માટે શાળાનું વાતાવરણ સારું બનાવવું, તેમજ શાળા સંકુલ દ્વારા સાહિત્યનું વાતાવરણ ઊભું કરવા શું કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે.

## 15.12 એકમ સ્વાધ્યાય

1. શાળાનું સંસ્થાકીય વાતાવરણ એટલે શું ? તેની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. શાળાના સંસ્થાકીય વાતાવરણ પર કયાં કયાં પરિબળો અસર કરે છે તે જણાવો.
3. સંસ્થાકીય વાતાવરણના પ્રકારો ટૂંકમાં જણાવો.
4. સારું સંસ્થાકીય વાતાવરણ સર્જનારાં પરિબળો કયાં કયાં છે તે ટૂંકમાં જણાવો.
5. સંસ્થાકીય હવામાનની ચર્ચા નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરો.

   – સંકલ્પના

   – અસર કરતાં પરિબળો

   – મુક્ત (Open), સ્વાયત (Antonomous) અને નિયંત્રિત હવામાન (સ.પ. 1989)
6. શાળાની શિક્ષક સભામાં તમારે વર્ગ-વ્યવહારની વર્ગ વાતાવરણ પર અસર અંગે માહિતી આપવાની છે, તો તે અંગેની નોંધ તૈયાર કરો. (સ. પ. 1989)
7. શાળા સંકુલ એટલે શું ? તેનાં લક્ષણો ટૂંકમાં જણાવો.
8. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986ના સંદર્ભમાં શાળા સંકુલની સંકલ્પના જણાવો.
9. શાળા સંકુલ કયા કયા હેતુઓ ધ્યાનમાં રાખી સ્થાપવામાં આવે છે ?

10. શાળા સંકુલ દ્વારા શાળામાં કેવા પ્રકારનાં કાર્યક્રમોનું આયોજન થઈ શકે ?

11. શાળા સંકુલનું આયોજન તમે કઈ રીતે કરશો ?

12. શાળા સંકુલની રચના તમે કઈ રીતે કરશો ?

13. શાળા સંકુલની મર્યાદાઓ ટૂંકમાં જણાવો.

14. શાળા સંકુલ શિક્ષકો માટે કઈ રીતે ઉપયોગી પૂરવાર થશે ?

15. તમારા વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શાળા સંકુલના માળખામાં રહીને પ્રાથમિક શાળા, મિડલ સ્કૂલ અને માધ્યમિક શાળાના શૈક્ષણિક સરકાર માટે કાર્ય યોજના તૈયાર કરો.

16. તમારી શાળા સંકુલમાંથી શાળાઓની ભૌતિક સુવિધાઓનો ઉપયોજનના માર્ગો સૂચવો.

## 15.13 તમારી પ્રગતિ ચકાસો

**તમારા ઉત્તર માટે નીચે જગ્યા આપવામાં આવેલ છે.**

(1) શાળાનો અર્થ સ્પષ્ટ કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(2) શાળાની ભૂમિકાને અસરકારક બનાવવાના બે ઉપાયો જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(3) સંસ્થાકીય વાતાવરણ એટલે શું ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(4) સંસ્થાકીય વાતાવરણને અસર કરતાં પરિબળોના નામ આપો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................

(5) સંસ્થાકીય વાતાવરણના પ્રકારના નામ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(6) શાળાકીય પ્રવૃત્તિઓમાં સાહિત્ય કઈ રીતે મદદરૂપ થાય છે તેના ત્રણ નામ આપો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(7) સાહિત્યવૃત્તિ વિકાસની સહઅભ્યાસ પ્રવૃત્તિઓના ત્રણ નામ આપો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(8) શાળા સંકુલ એટલે શું ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(9) શાળા સંકુલના ત્રણ લક્ષણો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(10) શાળાની આવશ્યકતાઓ ત્રણ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 15.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) શાળાનો અર્થ..

શાળા એ એક વિશિષ્ટ વાતાવરણ છે જ્યાં બાળકોનાં વિકાસ અપેક્ષિત અને ઇચ્છનીય દિશામાં થાય તે માટે તેમને કેટલીક પ્રવૃત્તિઓ અને વ્યવસાયોનું શિક્ષણ આપવામાં આવે છે.

શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે.

(2) શાળાની ભૂમિકાને અસરકારક બનાવવાના બે ઉપાયો.

(1) શાળા અને પરિવારનો સહકાર

(2) વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત

(3) સંસ્થાકીય વાતાવરણ એટલે....

વિદ્યાર્થી અને શિક્ષકનું પ્રેરણ જે પરિબળને કારણે શાળા તરફ ઘડાય તે પરિબળ તે સંસ્થાકીય વાતાવરણ.

(4) સંસ્થાકીય વાતાવરણને અસર કરતાં પરિબળોના નામ.

(1) આચાર્ય (2) શિક્ષક

(3) વિદ્યાર્થીઓ (4) અન્ય પરિબળો

(5) સંસ્થાકીય વાતાવરણના પ્રકાર

(1) મુક્ત વાતાવરણ (2) સ્વયં સંચાલિત વાતાવરણ

(3) નિયંત્રિત વાતાવરણ (4) પરિચિત વાતાવરણ

(5) વડીલ શાહી વાતાવરણ (6) બંધિયાર વાતાવરણ

(6) શાળાકીય પ્રવૃત્તિઓમાં સાહિત્ય કઈ રીતે મદદરૂપ થાય તે...

(1) કાવ્ય જ્ઞાન સ્પર્ધા (2) લેખન કાર્ય સ્પર્ધા

(3) આદર્શ વાચન સ્પર્ધા

(7) સાહિત્યવૃત્તિ વિકાસની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

(1) હસ્તાક્ષર સ્પર્ધા

(2) હસ્તલેખિત અંક તૈયાર કરવો

(3) સમાચાર લેખન

(8) શાળા સંકુલ એટલે

"હેતુઓની સિદ્ધિ અર્થે સહચિંતન માટે ભેગો થયેલો હેતુલક્ષી સમૂહ તે શાળા સંકુલ."

(9) શાળા સંકુલના ત્રણ લક્ષણો.

(1) માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાની આસપાસ શાળા સંકુલ ઊભું કરવામાં આવે છે.

(2) બધા જ વિભાગોની શાળાઓનો સમાવેશ થાય છે.

(3) શિક્ષણ સ્તર ઊંચું લાવવા પ્રયત્ન થાય છે.

(10) શાળાની આવશ્યકતા...

(1) બાળકોનો સર્વાંગી વિકાસ કરવા.

(2) સામાજિક વિકાસ કરવા.

(3) વ્યક્તિત્વનો વિકાસ કરવા.

## 15.15 સૂચિત વાચન સામગ્રી


(1) બારૈયા વી. પી. : શિક્ષણમાં વર્તમાન પ્રવાહો, પ્રતીક પ્રકાશન, આણંદ.

(2) શાહ નીરવ પી. : શૈક્ષણિક વ્યવસ્થાપન અને શાળા સંગઠન, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(3) બારૈયા વી.વી. : શૈક્ષણિક વ્યવસ્થાપન, પ્રતિક પ્રકાશન, આણંદ.

એકમ 16

# માતૃભાષા શિક્ષણ

## : રૂપરેખા :


16.1 પ્રસ્તાવના

16.2 માતૃભાષાની પરિભાષા

16.3 બાળકના શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્ત્વ

16.3.1 માતૃભાષા – શિક્ષણના માધ્યમ તરીકે

16.3.2 માતૃભાષા – સામાજિકીકરણના સાધન તરીકે

16.3.3 માતૃભાષા – સામાજિક – સાંસ્કૃતિક વારસાની ચાવી

16.3.4 માતૃભાષા – પ્રત્યાયનના વાહન તરીકે

16.3.5 માતૃભાષા – અન્ય વિષયોનો પાયો

16.3.6 માતૃભાષા – માનસિક વિકાસ અને વ્યક્તિત્વ ઘડતરનું માધ્યમ

16.4 માતૃભાષા શિક્ષણની વર્તમાન સ્થિતિ

16.5 માધ્યમિક શાળાઓમાં માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા

16.6 માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો

16.7 માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ

16.7.1 પ્રસ્તાવના

16.7.2 માતૃભાષા-પ્રત્યાયન માટે

16.7.3 શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા

16.7.4 માતૃભાષા – મુક્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિ માટે

16.7.5 સામાજિક અને સાંસ્કૃતિક વારસાની ચાવી તરીકે માતૃભાષા

16.8 શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષા અને દૂર કરવાના ઉપાયો

16.9 માતૃભાષાનો શિક્ષક :

16.9.1 આવશ્યક ગુણો અને વ્યાવસાયિક સજ્જતા

16.9.2 અપેક્ષાઓ

16.9.3 ભૂમિકા અને દૃષ્ટિકોણ

16.10 માતૃભાષાનું મહત્ત્વ

16.11 માતૃભાષાને સમૃદ્ધ કરવા માટેની શાળાની પ્રવૃત્તિઓ

16.12 માતૃભાષામાં શિક્ષણ – સંસ્કાર અને મુખ્ય શિક્ષણનો પર્યાય

16.13 સારાંશ

13.14 એકમ સ્વાધ્યાય

13.15 તમારી પ્રગતિ ચકાસો

13.16 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

13.17 સૂચિત વાચન સામગ્રી

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) માતૃભાષાની પરિભાષા સમજી શકશો.

(2) બાળકના શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્ત્વ સમજી શકશો.

(3) માતૃભાષા શિક્ષણની વર્તમાન સ્થિતિ સમજી શકશો.

(4) માધ્યમિક શાળાઓમાં માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા સમજી શકશો.

(5) માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો સમજી શકશો.

(6) માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.

(7) શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષા અને દૂર કરવાના ઉપાયો સમજી શકશો.

(8) માતૃભાષાનો શિક્ષક વિષે સમજી શકશો.

(9) માતૃભાષાનું મહત્ત્વ સમજી શકશો.

(10) માતૃભાષાને સમૃદ્ધ કરવા માટેની શાળાની પ્રવૃત્તિઓ સમજી શકશો.

(11) માતૃભાષામાં શિક્ષણ-સંસ્કાર અને મૂલ્ય શિક્ષણનો પર્યાય સમજી શકશો.

## 16.1 પ્રસ્તાવના

બિરબલની ચતુરાઈની વાર્તાઓમાં એક વાર્તા પ્રસિદ્ધ છે.

જેમાં એક વ્યક્તિ અનેકવિધ ભાષા સહજતાથી બોલી શકતો હોય છે અને તે વ્યક્તિ એવી શરત લગાવતો રહે છે કે મારી માતૃભાષા કઈ છે તે ઓળખી બતાવો. દરેક વ્યક્તિ તેની માતૃભાષા કઈ છે તે જાણી ન શકે એટલે તેની પાસે આ શરત હારી જાય. છેવટે બિરબલ પાસે આ કોયડો ઉકેલવા માટે આવે છે. બિરબલ તે વ્યક્તિને તેને નિવાસસ્થાને રોકે છે અને સવારે ન્હાવા માટે મોકલે છે ત્યારે એકદમ ગરમ પાણી શરીર પર રેડાતાં તેના મુખમાંથી નીકળી જાય છે કે, 'ઓ મા, મરી ગયો રે' અને બિરબલ તેની માતૃભાષા ગુજરાતી છે તે ઓળખી શરત જીતી જાય છે.

આ નાનકડાં વાર્તા માતૃભાષા વ્યક્તિના વ્યક્તિત્વ સાથે કેટલી ગાઢ રીતે જોડાઈ ગઈ છે તે બતાવે છે. જીવનના સહજ ભાવો અને પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ માતૃભાષા સાથે જ સઘન રીતે જોડાયેલાં છે.

આજે અંગ્રેજી ભાષાનું ચલણ વિશેષ મહત્ત્વનું બન્યું છે અને બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની ઘેલછાએ સમાજમાં અનેક પ્રશ્નોને જન્મ આપ્યો છે ત્યારે માતૃભાષાના મહત્ત્વને ઊંડાણપૂર્વક સમજવાનો સમય પણ પસાર થઈ ગયો છે તેવું લાગે છે. વાસ્તવમાં આપણી સમગ્ર વિચારધારા માતૃભાષાના રંગે રંગાયેલી હોય છે અને આપણો જગત સાથેનો અનુભવ માતૃભાષા દ્વારા જ પ્રથમ ગ્રહણ થાય છે. એ અર્થમાં વ્યક્તિના શ્વાસ અને ધબકાર સાથે માતૃભાષા જોડાયેલી છે. છતાં પ્રવર્તમાન સમયમાં માતૃભાષા પ્રત્યેના ગૌરવની અવહેલના થતી જોવા મળે છે. અંગ્રેજી ભાષાના શિક્ષકને જેટલી સામાજિક પ્રતિષ્ઠા મળે છે તેટલી ગુજરાતી ભાષાના શિક્ષકને નથી મળતી. અન સાથે સાથે ગુજરાતી ભાષાના શિક્ષકને પણ પોતે માતૃભાષાના શિક્ષક હોવાનું ગૌરવ પણ અનુભવાતું નથી. સામે પક્ષે વિદ્યાર્થીઓ પણ એમ લાગે છે કે ગુજરાતી ભાષામાં શું ભણવાનું છે ? આમ વિદ્યાર્થી, વાલીઓ, શિક્ષક અને સમગ્ર સમાજ ગુજરાતી ભાષાના ગૌરવની ઉપેક્ષા કરતો હોય તે શિક્ષણ જગત માટે ચિંતાનો વિષય છે. અને હવે આ ઉપેક્ષા સહેજ પણ પોસાય તેમ નથી. પ્રસ્તુત પ્રકરણમાં માતૃભાષાની પરિભાષા, તેનું મહત્ત્વ, માતૃભાષાની શિક્ષણની વર્તમાન સ્થિતિ, માધ્યમિક શાળાઓમાં માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા અને તે ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો વિશે વિશદ્ ચર્ચા કરવામાં આવી છે.

## 16.2 માતૃભાષાની પરિભાષા

માતૃભાષાનો શાબ્દિક અર્થ 'મા પાસેથી મેળવેલી ભાષા' એવો કરી શકાય. માતૃભાષા એટલે માતા સમાન ભાષા. 'जननी जन्मभूमिश्च स्वर्गादर्प गरीयसी' એ વ્યાપક અર્થમાં વિચારીએ તો જન્મભૂમિરૂપી માતાની છાયામાં એક જ સ્થળવિસ્તારમાં વસતા માનવીઓ જે ભાષા દ્વારા પોતાનો વ્યવહાર ચલાવે તે માતૃભાષા. આ ઉપરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે એક ભાષા સમાજના લોકોના નિત્ય વ્યવહારના સાધન તરીકે જે ભાષા બોલાય તે માતૃભાષા.

ભાટિયા અને ભાટિયાએ તેમના *'The principles and methods of teaching'* પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે,

*"Mothertongue is a means of introducing the child to the rich heritage of his people's ideas, emotions, aspirations and therefore can be made a valuable means of social educational whilst also instilling right ethical and moral values."*

આમ, માતૃભાષા એટલે પોતાના લોકોનાં મૂલ્યો, વિચારો, અભિપ્રાયો કે જે સામાજિક શિક્ષણથી ઘડાયેલા છે તેના વારસાને પરિચય આપતી ભાષા. વ્યક્તિના વ્યક્તિત્વ સાથે વણાઈ ગયેલી ભાષા એટલે માતૃભાષા. માનવના વ્યવહારિક જીવનને સ્પર્શતી ભાષા એટલે માતૃભાષા. માતૃભાષા વિના માનવહસ્તીની કલ્પના કરવી અશક્ય છે. વ્યક્તિ પોતાના સમગ્ર જીવન પર્યંત માતૃભાષાને સાથે રાખે છે અને પોતીકા લોકો સાથે તે જ ભાષામાં પોતાનો વ્યવહાર ચલાવે છે. આમ, માતૃભાષા એટલે જન્મથી મૃત્યુ પર્યંત માણસ સાથે અસ્તિત્વ ધરાવતી ભાષા અથવા માણસના અસ્તિત્વની ઓળખ આપતી ભાષા.

સંસ્કૃતમાં .. શબ્દનો અર્થ 'બોલવું' એવો થાય છે. આમ, જે બોલાય તે ભાષા એવું કહી શકાય.

સ્વીટના મત મુજબ, ભાષા એટલેધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ.

ધ્વનિનું સંજ્ઞારૂપ એટલે અક્ષર અને અમૂર્ત ભાવોને મૂર્ત સ્વરૂપમાં રજૂ કરવા એટલે ભાષા.

**જીવન વિકાસમાં માતૃભાષાનું સ્થાન :**

માતૃભાષાનું સ્થાન માતાના પયઃપાનથી શારીરિક પુષ્ટિ અને શરીર સૌષ્ઠવની પ્રાપ્તિની જેમ માનસિક વિકાસ અને આંતરતેજના પ્રગટીકરણ માટે છે. બાળકના જન્મથી મૃત્યુ પર્યંતની વિકાસયાત્રામાં માતૃભાષા મહત્ત્વનું પ્રદાન કરે છે. વિશ્વના ભાષાશાસ્ત્રીઓએ વિચાર અને માતૃભાષા વચ્ચેનો સંબંધ લોહી અને માંસ જેવો અવિભક્ત અને સક્રિય છે તે હકીકતનો સાર્વત્રિક રીતે સ્વીકાર કર્યો છે. માનવની વિરાટ વિચારયાત્રા અસ્ખલિત રીતે માતૃભાષામાં ચાલે છે. માતૃભાષા એ વ્યક્તિની આગવી અને નિજી સંપદા છે. તે મૌલિક અને તર્કબદ્ધ વિચારણા પોતાની માતૃભાષામાં જ કરી શકે છે. માતૃભાષા દ્વારા જ તે કલ્પનાનો કનકવો ગણાવી શકે છે, માતૃભાષામાં તે શેખચલ્લીની જેમ હવાઈ કિલ્લાઓ અને સ્વપ્નોનું સર્જન કરે છે. માતૃભાષા જ સ્વસ્થ અને સમતોલ વિચારણાને શક્ય બનાવે છે.

માતૃભાષા માનવના શ્વાસોશ્વાસ અને લોહીના ધબકાર સાથે જોડાયેલી છે. 'વાણીની કૃપાથી જીવન વ્યવહાર ચાલે છે' એ કવિ દંડીનું સંસ્કૃત વચન માતૃભાષા માટે એટલું જ સાચું છે. સમાજનો પારસ્પરિક વ્યવહાર માતૃભાષા દ્વારા જેટલો સરળતાથી ચાલે છે. તેટલો અન્ય ભાષા દ્વારા ચાલી શકે નહિ. દાન્તેએ કહ્યું છે કે,

*"A man's proper vernacular is neares unto him, in as much as it more closely united to him, for it is singly and alone in his mind before any other."*

પાશ્ચાત્ય વિદ્વાન કોલરીઝ માતૃભાષાને 'હૃદયની ભાષા' કહે છે. માતૃભાષા એ હૃદયની

અભિવ્યક્તિ છે. વ્યક્તિના વ્યક્તિત્વની ઓળખ તેની માતૃભાષાથી કરી શકાય છે. વ્યક્તિના આંતરિક વ્યક્તિત્વની અર્થસભર કે નિશ્ચયાત્મક દૃષ્ટિ તે તેની અભિવ્યક્તિ છે. અને તેની અભિવ્યક્તિનું માધ્યમ માતૃભાષા છે. આ રીતે વ્યક્તિના વ્યક્તિત્વને ઉપસાવવામાં માતૃભાષાની ભૂમિકા અગત્યની છે.

માતૃભાષા દ્વારા માનવી લાગણીનો અવિષ્કાર શક્ય બને છે. માનવનાં આંતરિક સંવેદનોને વ્યક્ત કરવા માટે માતૃભાષા જેવું જીવન માટેનું સાધન એક પણ નથી. માતૃભાષા દ્વારા જ માનવ પોતાની હૈયાવરાળ ઠાલવી શકે છે. પોતાની વેદનાઓ, વ્યથાઓ કે સુખદ અને દુઃખદ અનુભૂતિઓને માતૃભાષાના માધ્યમ દ્વારા તે સચોટ અને અસરકારક રીતે વ્યક્ત કરી શકે છે. આમ, ઊર્મિઓને શબ્દબદ્ધ કરવામાં માતૃભાષા એક અસરકારક માધ્યમ છે.

વ્યક્તિ પોતાના વિચારો અને મંતવ્યોને સચોટ અને અસરકારક રીતે માતૃભાષા દ્વારા વ્યક્ત કરી શકે છે, સમજાવી શકે છે અને અન્યના વિચારો કે મંતવ્યોને સહેલાઈથી સમજી શકે છે. માણસની ભાષાની મીઠાશ, નિખાલસતા, સચ્ચાઈ અને પારદર્શિતા માતૃભાષામાં પ્રતિબિંબિત થાય છે. માતૃભાષા માનવીય પર્યાવરણના નિભાવ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ટાગોર પણ આ હકીકતને સમર્થન આપે છે અને તેમની કાવ્ય પંક્તિઓનું તે સ્પષ્ટીકરણ કરતા કહે છે કે,

*"There is no Joy, no expression, no blossoming of the faculities without mothertongue."*

માતૃભાષા દ્વારા જ વ્યક્તિઓ અવાજ બુલંદ બને છે. માતૃભાષા દ્વારા જ સમાજની સંસ્કૃતિ વગેરે છે, પ્રાણવાન બને છે. વ્યક્તિ કે સમાજની પ્રગતિની પુરુષાર્થની, પ્રેરણાની આરસી માતૃભાષા છે.

વ્યક્તિ પોતાની માતૃભાષાના સંગીન પાયાથી અન્ય ભાષાઓ સહેલાઈથી શીખી શકે છે. તેના દ્વારા વ્યક્તિને સ્વશિક્ષણ કે સ્વઅધ્યયનની પ્રેરણા મળે છે. માતૃભાષાના સાહિત્યનું વાચન વ્યક્તિને સહજ રીતે પોતાનો વાચન રસ કેળવવામાં કે સાહિતયનું સંવર્ધન કરવામાં મદદરૂપ થાય છે. સાત્વિક સાહિત્યનો આનંદ મેળવવામાં માતૃભાષા સહાયભૂત બને છે.

વ્યક્તિની સર્જનશક્તિ માતૃભાષામાં પાંગરે છે. માતૃભાષા દ્વારા સહજ અને નૈસર્ગિક રીતે વ્યક્તિની સર્જનાત્મકતા આવિષ્કૃત થાય છે. ભાવના અને સંવેદના એ આંતરમનની નીપજ છે. આ નીપજનો આવિષ્કાર માતૃભાષા થકી પ્રગટે છે.

માતૃભાષામાં વ્યવહાર એક અનુભૂતિનો વિષય છે. એ તો સ્વાભાવિક આનંદ, સહજસ્ફૂર્તિ અને ચેતનાની આહ્‌લાદક અનુભૂતિની બાબત છે, ભપકા, ઠઠારા, મોભા કે પ્રભાવનો નહિ એટલા માટે જ તો માનવી ઘરમાં, પરિવારમાં, આત્મીયજનો સાથે માતૃભાષામાં જ વાત કરે છે, અને તેમ કરે ત્યારે જ પૂરી આત્મીયતા માણી શકે છે. વ્યક્તિ ગમે તેટલી ભાષાઓ જાણતી હોય, ગમે તેટલી ભાષાઓ દ્વારા તેની વિદ્વત્તા વહેતી હોય, પરંતુ આપ્તજનો સાથે માતૃભાષામાં – પોતાની વાત ન કરે ત્યાં સુધી બોલનાર અને સાંભળનાર બન્નેને કંઈક અડવું અડવું લાગે છે, પરાયાપણું લાગે છે. પોતીકાપણામાં કંઈક ખૂટતું કે ઊણું હોય એમ લાગે છે. આમ, માતૃભાષા હૃદયના ધબકાર સાથે વણાયેલી છે.

આમ, માતૃભાષા એ વ્યક્તિના જીવનનું એક અગત્યનું પ્રજીવક છે. માતૃભાષામાં વ્યક્તિ સ્વૈરવિહાર કરે છે, તેનાં સ્વપ્નોને પાંખો ફૂટે છે, તેની મહત્વાકાંક્ષાઓ મ્હોરી ઊઠે છે અને તેની ઊર્મિઓ સહજ રીતે આંદોલિત થઈને તેના જીવનને ધન્ય અને અર્થપૂર્ણ બનવે છે.

## 16.3 બાળકના શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્ત્વ

બાળકની બૌદ્ધિક, સામાજિક, સાંસકૃતિક, માનસિક અને વ્યક્તિત્વ ઘડતરની પ્રક્રિયામાં માતૃભાષાનું યોગદાન અનેરું છે. બાળકના જીવનને અર્થપૂર્ણ બનાવવા માટે માતૃભાષાનું શિક્ષણ

અને માતૃભાષા દ્વારા શિક્ષણ અનિવાર્ય બની ગયું છે. શાળામાં અપાતા વિવિધ વિષયોના શિક્ષણમાં માતૃભાષાના વિષયનું સ્થાન આગવું અને વિશિષ્ટ છે. વર્તમાન સમયે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી ઉપરાંત તાંત્રિક અને વ્યવસાયિક વિષયોનું મહત્ત્વ પ્રતિદિન વધતું જાય છે. ત્યારે શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્ત્વ સમજી લેવું અતિ આવશ્યક છે.

### 16.3.1 માતૃભાષા – શિક્ષણના માધ્યમ તરીકે

શિક્ષણનું સર્વમાન્ય ધ્યેય બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. ત્યારે સહજ અને સરળ રીતે પોતાની આકાંક્ષાઓ અને ઉન્મેષોને વાચા આપવામાં ઉપયોગી માતૃભાષા શિક્ષણનું માધ્યમ ન હોય તો ધ્યેય સિદ્ધ થઈ શકે જ નહિ ! કાકા સાહેબ કાલેલકરે માતૃભાષા શિક્ષણના માધ્યમ તરીકે કેટલી સક્ષમ છે તેનો ખ્યાલ આપતાં નોંધે છે કે,

'માતૃભાષા એ શિક્ષણક્ષેત્રમાં ચાળણી છે, જે માહિતી ભાષા દ્વારા ન આપી શકાય તે બીજા રૂપમાં સમાજ હજમ કરી ન શકે.''

આમ, માતૃભાષા વિના શિક્ષણ અધૂરું છે. બાળકના વિકાસની ધરોહર માતૃભાષા છે. માટે જ માતૃભાષા રાષ્ટ્રીય કેળવણીનું એક પ્રમુખ અંગ બની રહી છે. માતૃભાષાની ઉપાસના એ રાષ્ટ્રીયતાની ઉપાસના છે. તેથી માતૃભાષા વિહોણી રાષ્ટ્રીય કેળવણીની સંભાવના કે કલ્પના પણ ન થઈ શકે.

વાસ્તવમાં શિક્ષણની પ્રક્રિયા – દ્વિધ્રુવી છે, તેથી તેમાં શિક્ષણ, પ્રત્યાયન અને નીપજની પરંપરા સચવાય છે. આ પ્રક્રિયા દ્વારા જ્ઞાનના સરોવરને પ્રસ્થાપિત કરવા સંકલ્પનાત્મક માળખું મદદરૂપ થાય છે. આ મહત્ત્વની પ્રક્રિયામાં માબાપની અસરકારક્તાની અનિવાર્યતા સમજાવતા પી. ગેરી કહે છે.

શિક્ષણના માધ્યમ તરીકે, પૂર્વ પ્રાથમિકથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના શિક્ષણ માટે માતૃભાષા દ્વારા બધા જ વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે. પાઠ્યપુસ્તકો પણ હવે માતૃભાષામાં ઉપલબ્ધ બનાવાયાં છે અને પરીક્ષણની વ્યવસ્થા પણ માતૃભાષામાં જ થાય છે. જેથી હવે વિદ્યાર્થી પક્ષે શિક્ષણ મેળવવા માટે માતૃભાષા અસરકારક ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીના અનુભવો, કૌશલ્યો, જ્ઞાનની સમૃદ્ધિના વિકાસમાં માતૃભાષા અસરકારક પુરવાર થાય છે. વિદ્યાર્થી પોતાના વિચારો, પ્રત્યુત્તરો, માતૃભાષામાં સારી રીતે અભિવ્યક્ત કરી શકે છે.

વિદ્યાર્થીના સંદર્ભમાં શિક્ષણના માબાપ તરીકે માતૃભાષાની ભૂમીકાની મૂલ્વણી નીચે પ્રમાણે કરી શકાય.

- તે શિક્ષણ કાર્યને સારી રીતે સમજી શકે છે.
- તે તેની મુશ્કેલીઓ શિક્ષક સમક્ષ રજૂ કરે છે.
- તે અધ્યયન પ્રક્રિયામાં કાર્ય શક્તિ અને સમયને બચાવી શકે છે.
- તેની સર્જનાત્મક શક્તિઓ સારી રીતે વિકસે છે.
- તેના જીવન દરમ્યાન તે માતૃભાષાથી સઘળો વ્યવહાર કરી શકે છે.
- તેના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.
- શિક્ષણ મેળવવાની તકોમાં વધારો થાય છે.
- શાળામાં અપવ્યય અને સ્થગિતતા ઘટાડી શકાય છે.

### 16.3.2 માતૃભાષા – સામાજિકીકરણના સાધન તરીકે

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. ભાષા તેની સામાજિક જરૂરિયાત છે. ભાષા એ માનવીય પ્રક્રિયા છે. ભાષા એક સામાજિક સાધન છે. માતૃભાષાથી સામાજિક વ્યવહાર સરળ બને છે. વ્યક્તિ પોતાની પ્રેરકભાષા દ્વારા, ભાષાની મધુરતા દ્વારા બીજાઓને પોતાના પ્રતિ આકર્ષી જ નથી શકતો પણ તેની અભિવ્યક્તિ પણ કરી શકે છે. જેના દ્વારા સામાજિક વ્યવહારમાં સરળતા રહે છે. સમાજમાં

વ્યક્તિ વ્યક્તિ વચ્ચે મીઠા સંબંધો બાંધવા અને ટકાવી રાખવામાં માતૃભાષા ઉપયોગી છે. માતૃભાષાના શિક્ષણ દ્વારા વ્યક્તિમાં મીઠાશ, પ્રવાહિતા, પ્રાસાદિકતા અને સરળતા આવે છે.

સમાજના એક કાર્યક્ષમ અંગ બનવા માટે, સામાજિક વ્યવહારને કુશળ અને ફળદાયી બનાવવા માટે વ્યક્તિ માતૃભાષાનમાં કૌશલ કેળવે તે ખૂબ જરૂરી છે. માતૃભાષા દ્વારા જ કચડાયેલાં જીવનો આત્મા જાગે છે. માતૃભાષા દ્વારા જ રાષ્ટ્રની સામાજિક્તા પાંગરે છે. અને તે સખત અને પ્રાણવાન બને છે. વ્યક્તિની કે સમાજની ભાષા તો એની પ્રગતિની, એની અભિલાષાની, એના પુરુષાર્થની આરસી છે. એના પરથી વ્યક્તિ કે સમાજનાં રસ-વલણોને, પ્રગતિને અને એની આખી સંસ્કૃતિને એના સાચા સ્વરૂપમાં પિછાની શકાય છે.

ભાષાકીય કુશળતાથી વિચારોની આપ-લે અને સામાજિક સંબંધ સરળ અને પ્રિયકર બને છે. ભાષાની મીઠાશ, યોગ્ય શબ્દો વાપરવાની કુશળતા, ભાષામાં પ્રસન્ન ભાવ પ્રદર્શન, આત્મીયતાપ્રેરક ભાષા દ્વારા અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓને અમુક વાતમાં ખાતરી કરાવવાની દલીલ શક્તિ, ભાષા દ્વારા મનોરંજન-સામાજિક સંબંધો સ્થાપવામાં અને તેની મીઠાશ ટકાવી રાખવામાં ભાષાની કુશળતા ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બધી બાબતો માતૃભાષાના શિક્ષણ દ્વારા માતૃભાષામાં લાવી શકાય. માતૃભાષા ખરેખર સામાજિકીકરણ માટે ઉપયોગી ઉપકરણ છે.

### 16.3.3 માતૃભાષા – સામાજિક – સાંસ્કૃતિક વારસાની ચાવી

ભાષા એ માનવ સમાજની એક સાંસ્કૃતિક ઘટના છે. પોતાના પૂર્વજો તરફ મળેલા વારસાને સાચવવાની ચાવી છે. ભાષા એ કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિનું પ્રેરક, પોષક-સંવર્ધક પરિબળ છે. માતૃભાષા વિના કોઈપણ પ્રજાનું સાંસ્કૃતિક ઉત્થાન શક્ય નથી. પ્રજાની વ્યથાઓ કે વેદનાઓ, પ્રજાની વિટંબણાઓ, પ્રજાની આનંદાનુભૂતિઓનો સંચય માતૃભાષામાં થયેલો હોય છે. માતૃભાષામાં પ્રજાની એષણાઓ આકાર લે છે. તેમનાં સ્વપ્નો સાકાર થવા મથે છે. ઊર્મિઓ સહજ રીતે આંદોલિત થાય છે. પ્રજાની સ્મૃતિ ગાથાઓ કે અતીતના સંભારણાં, વર્તમાનની ધબકતી ક્ષણો અને ભાવિની ભવિતવ્યતાઓ માતૃભાષામાં સ્પંદિત થાય છે. પ્રજાની વિચારધારાઓ, માન્યતાઓ, રીતરિવાજો, ઉજ્જવળ પ્રણાલિકાઓ અને પરંપરાઓ વગેરે માતૃભાષામાં ધબકે છે. એટલે માતૃભાષાનું સર્જાતું અને સર્જાયેલું સાહિત્ય એ પ્રજાની સાંસ્કૃતિક વિકાસગાથાની પ્રતીતિ કરાવે છે.

ભાષા અને સંસ્કૃતિનો સંબંધ શરીર અને ચામડી જેવો છે. ભાષા દ્વારા ધર્મગુરુઓનાં મંથનો, એ મંથનોના પરિપાકરૂપે અભિવ્યક્ત થતું ચિંતન, યાત્રાધામોની ગૌરવગાથા, વીરપુરુષોની કીર્તિગાથા, પૌરાણિક કથાઓ, નગરોનાં વર્ણનો, શિલ્પ-સ્થાપત્યનાં વર્ણનો, પુરુષ શ્રેષ્ઠો અને શ્રેષ્ઠીઓના જીવનચરિત્રો, અને કળા સાહિત્ય માતૃભાષામાં જ શબ્દસ્થ થાય છે. આમ, માતૃભાષામાં સમગ્ર સાંસ્કૃતિક જીવન ધબકે છે. પ્રજાની વ્યક્તિ અને ધર્મ પરાયણતા, કુટુંબ જીવન, વહેમ અને અંધશ્રદ્ધા, શૌર્ય અને સજાવટની ભાવના, જાહોજલાલી અને ઉત્સવમેળાઓ સ્વાતંત્ર્યની તમન્નાનો પરિચય માતૃભાષા દ્વારા જ થાય છે.

માતૃભાષા આપણી ભૂમિના સાંસ્કૃતિક વારસાનો પરિચય કરાવે છે તે ઉપરાંત સમગ્રમાનવજાતના સાંસ્કૃતિક વારસાથી અને સાંસ્કૃતિક અસરોને પણ આપણા સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. શેક્સપિયર જેવા પાશ્ચાત્ય સાહિત્યકારની સાહિત્યકૃતિઓ, ઇસુનાં બોધ વચનો, માર્ટિન લ્યૂથરકિંગની શહાદત, ચંદ્રયાત્રા, વૈજ્ઞાનિક સિદ્ધિઓ, વિશ્વયુદ્ધો, વિવિધ રમતો જેવી મહત્ત્વની ઘટનાઓની ઝાંખી માતૃભાષા દ્વારા થાય છે.

માતૃભાષા દ્વારા સાંસ્કૃતિક વારસાની સાચવણી અને સંવર્ધન શક્ય બને છે. સાંસ્કૃતિક વારસાનું હસ્તાંતરણ પણ માતૃભાષા દ્વારા જ થાય છે. તેથી વિદ્યાર્થી માનવજાતના સાંસ્કૃતિક વારસાને આત્મસાત્ કરીને તેના વિકાસમાં યોગદાન કરી શકે એ માટે માતૃભાષાનું શિક્ષણ આપવું મહત્ત્વનું છે.

### 16.3.4 માતૃભાષા – પ્રત્યાયનના વાહન તરીકે

કોઈક માધ્યમ વડે વિચારો, માહિતીઓ, સંદેશાઓ કે લાગણીઓની આપ-લે કરવી એટલે પ્રત્યાયન, અવગમન, સંક્રમણ કે વિચારવહન એ બધા પ્રત્યાયન પર્યાયો છે. માનવસમાજ ભાષાના માધ્યમથી પ્રત્યાયન કરે છે. માતૃભાષાનું મુખ્ય કાર્ય પ્રત્યાયનનું છે. વ્યક્તિ પોતાના સર્વ વ્યવહારો માતૃભાષા દ્વારા સરળતાથી, સ્પષ્ટતાથી અને સચોટતાથી અન્ય વ્યક્તિ આગળ રજૂ કરી શકે છે. તેવી જ રીતે અન્ય વ્યક્તિના વિચારો, લાગણીઓ અને ઊર્મિઓનું અર્થગ્રહણ પણ પોતાની ભાષામાં જ તે વધુ સારી રીતે કરી શકે છે.

વિદ્યાર્થી પ્રત્યાયનના આ બન્ને છેડા સફળતાથી સાચવી શકે એ માટે માતૃભાષાનું શિક્ષણ આવશ્યક છે.

શાળા શિક્ષણ સમયે માતૃભાષાનું શિક્ષણ વિદ્યાર્થીને સંગીન રીતે આપવામાં આવ્યું હોય તો પ્રત્યાયનમાં વ્યાપકતા, ઊંડાણ અને સંસ્કારિતા આવે છે. વ્યક્તિ સફળ પ્રત્યાયક બની પોતાના જીવનમાં સારું અનુકૂલન સાધી શકે છે. માતૃભાષાના શિક્ષણથી વિદ્યાર્થીની લેખિત અને મૌખિક અભિવ્યક્તિ અસરકારક બને છે. આ લેખિત અને મૌખિક અભિવ્યક્તિથી વિદ્યાર્થી જીવનભર સારો પ્રત્યાયક બની શકે છે. કુશળવક્તા, અસરકારક નેતા, સફળ સંચાલક બનવામાં પ્રત્યાયન મહત્ત્વનું બને છે. માનવસમાજમાં વ્યક્તિ સભ્ય, સંસ્કારી હોવાથી છાપ પ્રત્યાયન દ્વારા ઊભી કરી શકે છે. ત્યારે જીવનભર વ્યાપક, ગહન અને સંસ્કારી પ્રત્યાયન સંજ્ઞા અને અર્થપૂર્ણ જીવનયાત્રા ચલાવવા માટે માતૃભાષાનું શિક્ષણ અનિવાર્ય છે.

### 16.3.5 માતૃભાષા – અન્ય વિષયોનો પાયો

ભાષા અધ્યયન સ્વયં શિક્ષણના ઊંચા મૂલ્યનું ઉત્પાદક છે. માતૃભાષા એ કેવળ વિષય નથી પણ એ તો દરેક વિષયના શિક્ષણનો પાયો છે. અને એટલે જ માતૃભાષાનું શિક્ષણ અતિ મહત્ત્વનું બનાવવું જરૂરી છે. માતૃભાષામાં જેનો પાયો નબળો તેને અન્ય વિષયોના અર્થગ્રહણમાં, તેનાં પાઠ્યપુસ્તકો અને સંદર્ભ સાહિત્યનો ગુરુતમ અને ફળદાયી ઉપયોગ કરવામાં મુશ્કેલી પડવાની જ. જુદા જુદા વિષયોમાં કેટલાક પાયાના ખ્યાલો કે પાયાની સંકલ્પનાઓ ભાષાના સ્તરે વિદ્યાર્થીને ન સમજાય તો તેને તે આવડતી નથી. આમ, બધા વિષયોનું જ્ઞાન ભાષા દ્વારા મેળવવાનું હોવાથી માતૃભાષાનું શિક્ષણ આપવું આવશ્યક જ નહિ અનિવાર્ય છે. આથી જ રિચાર્ડસ કહે છે કે,

"મનુષ્ય દ્વારા થતા અધ્યયનમાં ભાષાની અનન્ય ભૂમિકા છે અને વિભિન્ન વિષયો માટે કરવી પડતી ઉચ્ચ સ્તરની વિચારણામાં ભાષા અનિવાર્યપણે જરૂરી છે."

ભાષા એ કૌશલ્યોનો વિષય છે. કથન, શ્રવણ, વાચન અને લેખન તેનાં મુખ્ય કૌશલ્યો છે. આ ચારેય કૌશલ્યો વિદ્યાર્થી હસ્તગત કરે તો તેના શિક્ષણ માટે મહત્ત્વની ભૂમિકા સર્જાય છે. જે વિદ્યાર્થી સારું કથન કરી શકે તે પ્રશ્નોના ઉત્તરો મૌલિક રીતે સારા આપી શકશે. જે વિદ્યાર્થીનું શ્રવણ કૌશલ સારું બનશે તે શિક્ષકના વક્તવ્ય, વાર્તાલાપ, સ્પષ્ટીકરણોનું અર્થગ્રહણ સારું કરી શકશે. વાચનકૌશલ્ય પર અધિકારિતા ધરાવનાર વિદ્યાર્થી પુસ્તકોનું વાચન કરી અર્થગ્રહણ કરી શકશે અને જેનું લેખન કૌશલ્ય વિકસિત તે પરીક્ષામાં સારો દેખાવ કરી શકશે. આમ, ચારેય કૌશલો શિક્ષણ માટે અતિ મહત્ત્વનાં છે. શિક્ષણની સફળતા માટે ચારેય કૌશલ્યોમાં પ્રાવીણ્યત જરૂરી છે.

વ્યક્તિને શિક્ષણ આપવું એટલે માનવીય વ્યક્તિત્વની સંકુલ આંતરિક શક્તિઓનો વિકાસ કરવો. આંતરિક શક્તિઓમાં ચોક્સાઈ, રચનાત્મક્તા, અને મુક્ત વિચારવાની શક્તિ ખાસ મહત્ત્વની છે. ભાષા સાથે વિચારવાની શક્તિ સંકળાયેલી છે. લાભદાયી શિક્ષણના નિમિત્તમાં ભાષા અર્થપૂર્ણ અને મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બીજા શબ્દોમાં કહીએ તો શિક્ષણની સફળતા વ્યક્તિના અને ભાષા કૌશલો વાપરવાની શક્તિ પર આધારિત છે. આમ, માતૃભાષા વિના શિક્ષણ સંભવી શકે નહિ. માતૃભાષા એ શિક્ષણનો પાયો છે, સર્વ વિષયોના શિક્ષણનો પાયો છે.

### 16.3.6 માતૃભાષા – માનસિક વિકાસ અને વ્યક્તિત્વ ઘડતરનું માધ્યમ

બાળકની પુખ્તતાનો ખ્યાલ ત્યારે જ આવે જ્યારે તે સમજી વિચારીને કાર્ય કરતું હોય. સમજવું અને વિચારવું એ માનસિક પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ મહદંશે માતૃભાષા દ્વારા જ વિશેષ શક્ય બને છે.

કોઈપણ વસ્તુ, પદાર્થ, વ્યક્તિ કે ઘટનાને સમજવી એટલે તેની પ્રકૃતિનો તથા તે કઈ રીતે કાર્ય કરે છે તેનો પરિચય મેળવવો. દા.ત. તપેલીને સમજવી એટલે તપેલી શાની બનેલી છે, તેને કેવી રીતે બનાવવામાં આવે છે અને તે કયા કયા ઉપયોગમાં આવે છે તે સમજવું. કોઈ ઘટનાને સમજવી એટલે ઘટના શાથી ઘટી ? ઘટનામાં કયા બનાવો સર્જાયા ? ઘટનામાં કોણે મહત્ત્વની ભૂમિકા બજાવી ? અને ઘટનાનાં પરિણામ અને દૂરગામી અસરોશી થશે ? વગેરે સમજવું આ સમજવા માટે તેને અવલોકવાની, તેનાં ગુણલકાણોને ગ્રહણ કરવાની, એ ગુણ લક્ષણોને અન્યથી અલગ કરવાની કે પરસ્પર સાંકળવાની, ગુણ લક્ષણોનું સામાન્યીકરણ કરીને અનુમાનો અને તારણો પરથી નિર્ણય પર આવવાની અને એ આવી પ્રક્રિયાને સળંગ ભાષાબદ્ધ કરીને ચિત્રમાં સ્થિર કરવાની પ્રક્રિયા જરૂરી છે. આ પ્રક્રિયા એટલે વિચાર પ્રક્રિયા. વિચાર પ્રક્રિયા જેટલી શક્તિશાળી તેટલી જ શક્તિશાળી સમજણ. બાળક ભાષા જાણતું થાય એટલે આ પ્રક્રિયા વધુ સક્રિય બને. કારણ કે માનવ નિર્મિત આખું જગત ભાષાની સરજત છે.

ભાષાની મદથી અમૂર્ત વિચારણા શક્ય બને છે. ભાષા દ્વારા જ માનસિક શક્તિઓનો વિકાસ થાય છે. ભાષાની મદદથી ગ્રહણ, પૃથ્થકરણ, સંયોજન, અનુમાન, સામાન્યીકરણ, તારણ, નિર્ણય પ્રક્રિયા ઝડપથી અને ચોક્સાઈથી ચાલે છે. ભાષા જેટલી અસરકારક, ભાષા ઉપર જેટલું પ્રભુત્વ તેટલી શક્તિઓ ઝડપથી વિકસે. ભાષા વિકાસ અને માનસિક વિકાસ અરસપરસ ઉપકારક અને અન્યોન્યપૂરક છે.

માનસિક વિકાસ એ માણસના વ્યક્તિત્વ ઘડતર માટે જરૂરી હોવાથી ભાષાવિકાસ પણ વ્યક્તિત્વ ઘડતર માટે જરૂરી છે. સમય જતાં ભાષા માણસના વ્યક્તિત્વનો એક અનિવાર્ય અંશ બની જાય છે. એનાં અનેક ગુણ લક્ષણોનું એક ગુણ લક્ષણ બની જાય છે. આમ, માતૃભાષા માનવના માનસિક વિકાસ તેમજ વ્યક્તિત્વ વિકાસ માટે પ્રેરણાદાયી છે. આથી માતૃભાષાનું શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન હોવું જોઈએ.

## 16.4 માતૃભાષા શિક્ષણની વર્તમાન સ્થિતિ

માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ જોયા પછી એ આપોઆપ સમજાઈ જાય એવું છે કે તેનું જતન અને ગૌરવ કરવાની કેટલી બધી જરૂરિયાત છે. પણ આ બધી બાબતો જાણે પુસ્તકોના પાનામાં કેદ થઈ જતી હોય તેવું લાગે. વ્યવહારમાં માતૃભાષા શિક્ષણની સ્થિતિ જોતાં હૃદયની ધડકન થંભી જાય તેવી સ્થિતિ છે.

વહીવટી કક્ષાએ માતૃભાષા શિક્ષણનું ગૌરવ થાય અને તેને વિશિષ્ટ સ્થાન મળે તેવા પ્રયાસો તો થાય છે. ધોરણ 1 થી 12 સુધી માતૃભાષા ફરજિયાત વિષય તરીકે શીખવાય છે. કૉલેજ કક્ષાએ પણ મુખ્ય અને ગૌણ વિષય તરીકે ગુજરાતી ભાષા અને સાહિત્ય શીખવવાનું પ્રયોજન છે. વળી ઉચ્ચ શિક્ષણ પણ ગુજરાતી માધ્યમમાં અપાય તેવી વ્યવસ્થા છે અને માતૃભાષામાં જ જે તે વિષયના સંદર્ભ પુસ્તકો મળી રહે તેવા પ્રયત્નો પણ હાથ ધરાય છે, છતાં વહીવટી સ્તરના પ્રયત્નો વ્યવહારમાં આવતાં તેનું પોત નબળું પડતું જાય છે.

શાળા કક્ષાએ સંચાલકો, આચાર્યો, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અન્ય વિષયોની અપેક્ષાએ માતૃભાષા શિક્ષણને ઓછું પ્રાધાન્ય આપે છે. શિષ્ટ ભાષાના ઉપયોગનો પ્રશ્ન છે ત્યાં બહુ ઓછા શિક્ષકો આજે પણ તેમાં સજ્જ જોવા મળે છે. વ્યવહારના સામાન્ય આદાન-પ્રદાનમાં પણ ઉચિત ભાષાપ્રયોગ જોવા મળતા નથી.

વિદ્યાર્થીઓ પણ અધ્યયન કરતી વખતે ભાષાને સૌથી ઓછું મહત્ત્વ આપતાં જણાય છે, તેઓ એ પણ ભૂલી જાય છે કે અન્ય વિષયોના અધ્યયનમાં પણ માતૃભાષાની સજ્જતા જ પાયાની ઈંટ

તરીકેનું કામ કરી રહી છે. ભાષાના વાચન, કથન, શ્રવણ અને લેખનમાં અનેક ભૂલો કરવા છતાં એ તેઓની નબળાઈ છે તેવો અહેસાસ પણ સ્વીકારવા તેઓ તૈયાર થતા નથી. ઘણી વખત વિદ્યાર્થી સામાન્ય રજાચિઠ્ઠી પણ ઉચિત ભાષા પ્રયોગ કરીને લખી શકતો નથી.

ઘણી વખત તો વિદ્યાર્થીઓનું વલણ એવું જોવા મળે કે ગુજરાતી વિષયનો તાસ એટલે ફ્રી પિરિયડ. માતૃભાષા શિક્ષણ એટલે શ્રવણ, વાચન, કથન અને લેખનના પાયાના કૌશલ્યોમાં વિકાસ સાધવો એવો નથી શિક્ષકો પાસે કે નથી વિદ્યાર્થીઓ પાસે, તેમને મન ગુજરાતી એટલે કેટલાક પાઠ અને કવિતાના પ્રશ્નો તૈયાર કરવા. નિબંધ – પત્રલેખન અને થોડું વ્યાકરણ. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પણ આ કૂપમંડૂક્તામાંથી બહાર આવે તે માટે માધ્યમિક શાળાએ માતૃભાષા શિક્ષણની ઉપેક્ષાનો ખ્યાલ મેળવવો જરૂરી છે અને તે દ્વારા જ તેને દૂર કરવાના ઉપાયોની દિશામાં વિચારી યોગ્ય પગલાં ભરવા જરૂરી બન્યાં છે.

## 16.5 માધ્યમિક શાળાઓમાં માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા

પ્રાથમિક શિક્ષણથી માંડી ઉચ્ચશિક્ષણ સુધી માતૃભાષા તેમજ તેના શિક્ષણ પ્રત્યેનું વલણ તેના પ્રત્યેના કર્તવ્યને તેમજ તેમાંથી નીપજતી સજ્જતાને હાનિ પહોંચાડી રહ્યા છે. વાસ્તવિક્તા હોવા છતાં તે તરફ આપણી સભાનતા હજી પણ જાગૃત નથી બની તે તરફની ઉપેક્ષા બતાવે છે. માધ્યમિક કક્ષાએ માતૃભાષા શિક્ષણમાં જે ઉપેક્ષા સેવાઈ રહી છે તે નીચેની બાબતોનું અવલોકન કરતાં સહેજે જણાઈ આવે છે.

### (1) શિક્ષકની નિમણૂંક :

માધ્યમિક કક્ષાએ ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા, સંસ્કૃત કે અન્ય વિષયોમાં નિષ્ણાત અને વ્યાવસાયિક તાલીમ પામેલા શિક્ષકોની નિમણૂકને જ પ્રાધાન્ય અપાય છે. પણ 'ગુજરાતીમાં ભણવા – ભણાવવા જેવું છે શું ? એવી ખોટી માન્યતાને કારણે ચિત્ર કે વ્યાયામના શિક્ષકોને ગુજરાતી ભણાવવાની જવાબદારી સોંપી દેવામાં આવે છે. ગમે તે કારણોસર ગુજરાતી વિષયને સરળ માની લેવામાં આવ્યો છે. પરિણામે તેમાં તાલીમ અને સજ્જતા પ્રાપ્ય શિક્ષકોની નિમણૂક અનિવાર્ય નથી જણાતી. એટલું જ નહીં ઘણીવાર તો ગણિત વિષયના શિક્ષકને ગુજરાતી ભાષામાં કવિતા શીખવવાનું કહેવામાં આવે ત્યારે તેમને કવિતામાં સંવેદનશીલતાનો ઉત્કૃષ્ટ આવિર્ભાવ તો ન દેખાય પણ લાગણીઓનો બક્વાસ લાગે ત્યારે તે શિક્ષક કવિતા શિક્ષણને કયો ન્યાય આપી શકવાના ?

આર.એસ.ત્રિવેદી આ વ્યથાને વાચા આપતાં યથાર્થ જ લખે છે કે, "અકસ્માતે ગુજરાતી કુટુંબમાં જન્મેલ હરકોઈ વ્યક્તિ કંઈ નહિ તો ગુજરાતી તો જરૂર શીખવાડી શકે, એવી આત્મશ્રદ્ધા સાથે ગુજરાતી ભાષા શિક્ષણની જવાબદારી ગમે તે શિક્ષકને સોંપવામાં આવે છે અને આવા શિક્ષક પણ આ જવાબદારી સહર્ષ સ્વીકારે છે." આમ, યોગ્ય શિક્ષકની નિમણૂંક ન થતાં માતૃભાષા શિક્ષણનો એકડો જ ખોટો ઘૂંટાવાની શરૂઆત થઈ જાય છે.

### (2) માતૃભાષા શિક્ષણ પ્રત્યેનો ખોટો દૃષ્ટિકોણ :

સામાન્ય રીતે એવું માની લેવામાં આવે છે કે ભાષા શીખવવી એટલે પાઠ્યપુસ્તકોમાં આપેલા પાઠોનું શિક્ષણ કરી દેવું પણ આ દૃષ્ટિકોણ પાયામાંથી જ ખોટો છે. વાસ્તવમાં ભાષા એ કૌશલ્યોનું શિક્ષણ છે. પાઠ્યપુસ્તકનો સાધન તરીકે ઉપયોગ કરી વિદ્યાર્થી ભાષા ગ્રહણાત્મક (શ્રવણ અને વાચન) તેમજ અભિવ્યક્તિ (કથન અને લેખન)ના કૌશલ્યોમાં ક્ષમતા પ્રદાન કરે તે સાધ્ય કરવાનો છે, પણ ભાષાના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ ક્યાંય લુપ્ત થઈ જાય છે અને શિક્ષકો માત્ર થોડું વાચન અને થોડી ચર્ચાને અંતે પ્રશ્નોના જવાબ લખાવી અધ્યાપનની ઇતિશ્રી માની લે છે. અહીંથી જ ભાષાનું બોદું ચણતર શરૂ થઈ જાય છે. ઇમારત ભાંગીને ભૂક્કો થઈ ગયા પછી પણ પાયામાંથી ખોટી શરૂઆત થઈ હતી તેનો ખ્યાલ સુધ્ધાં આવતો નથી.

**(3) ઉચિત શિક્ષણ પદ્ધતિનો અભાવ :**

શિક્ષણમાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે એવું સમજાયા પછી શિક્ષણમાં નિતનવીન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ પ્રચલિત બની છે. શૈક્ષણિક પ્રૌદ્યોગિકીએ પણ શિક્ષણમાં ક્રાંતિકારી પરિવર્તનને આહ્વાન આપ્યું છે અને તેનાં ચમત્કારિક પરિણામો પણ જોવા મળ્યાં છે. પણ 'ગુજરાતીમાં શું શીખવવાનું ? આવો દૂષિત ખ્યાલ જ શિક્ષકોને પરંપરાગત શિક્ષણ તરફ દોરી જાય છે. ધોરણ-9માં ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં આત્મકથામાંથી લેવાયેલ એક પ્રકરણ 'પ્રિટોરિયા જતાં' સમાવિષ્ટ છે. પણ અમદાવાદ શહેરની જ માધ્યમિક શાળાઓના કેટલા વિદ્યાર્થીઓએ સાબરમતીના ગાંધી આશ્રમની મુલાકાત લીધી હશે તે વિચારવા જેવું છે. વળી પાઠ્યપુસ્તકનાં દરેક પ્રકરણને અંતે 'આટલું કરો' એવા શીર્ષક હેઠળ વિશેષ શિક્ષણ માટે કેટલાક કાર્યો કે ઇતર વાચન માટે ઉત્કૃષ્ટ સૂચનો થયાં છે, પણ ભાગ્યે જ તેનો અમલ થતો દેખાય છે.

ભાષામાં પરિસંવાદ, જૂથચર્ચા, નિદર્શિત સ્વાધ્યાય, ડૉલ્ટન પ્લાન, પ્રૉજેક્ટ મૅથડ વગેરેનો ઉપયોગ માત્ર બી.એડ્. કક્ષાએ પણ સૈદ્ધાંતિક સ્વરૂપમાં શીખવવા પૂરતો સીમિત રહ્યો છે. વ્યવહારમાં પણ શિક્ષકો એવી ફરિયાદ કરતા જોવા મળે છે કે 'બી.એડ્.ની પદ્ધતિએ શીખવવા જતાં તો અભ્યાસક્રમ પણ પૂરો ન થાય.'

**(4) શૈક્ષણિક સાધનોનો અનુપયોગ :**

શૈક્ષણિક સાધનોની મદદથી શૈક્ષણિક કાર્યને વધુ અસરકારક બનાવી શકાય છે એમાં કોઈ બેમત નથી. પણ શિક્ષક ભાષામાં તો કાળા પાટિયાનો પણ અલ્પ ઉપયોગ કરતા જોવા મળતો હોય ત્યાં અન્ય સાધનોની તો વાત જ શી કરવી ? અભ્યાસક્રમમાં સમાવિષ્ટ સાહિત્યકારોના પરિચય ચાર્ટ ઉપલબ્ધ છે પણ શિક્ષકો ભાગ્યે જ તેનો ઉપયોગ કરે છે. ધોરણ-8 અને 9ના પાઠ્યપુસ્તકના પાછળના કવરપેજ પર છ સાહિત્યકારોના ફોટા આપેલા છે તે પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકોથી અજાણ હોય છે.

ટેપરેકોર્ડર અને ટી.વી. જેવા માધ્યમોનો અસરકારક ઉપયોગ થઈ શકે તેમ છે. એમ.એડ્. અને પી.એચ.ડી. કક્ષાએ આ સંદર્ભમાં ઘણા સંશોધનો પણ થયા છે. પણ તેના પરિણામોનો વિનિયોગ વર્ગખંડ સુધી પહોંચ્યો નથી તે માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા જ છેને શાળામાં ઘણી વખત તો આવાં સાધનોની અછત પણ હોય છે અને ક્યાંક હોય તો શાળાની શોભામાં અભિવૃદ્ધિ કરે પણ તેનો ઉપયોગ ન થતો હોય તેવું જોવા મળે છે.

**(5) વાચનાલયની સુવિધાનો અભાવ :**

શાળાઓમાં વાચનાલયની સુવિધાનો તો અભાવ જોવા મળે જ છે પણ જ્યાં છે ત્યાં પણ વિદ્યાર્થી સુધી પુસ્તક પહોંચવાની વ્યવસ્થાનો અભાવ છે. પુસ્તકાલયની મુલાકાત વિશે કાલ્પનિક નિબંધ લખે પણ પુસ્તકાલયમાંથી પુસ્તક કેવી રીતે પસંદ થાય તે વિશે અનુસ્નાતક કક્ષા પછી પણ ઘણા વિદ્યાર્થીને તેનો ખ્યાલ નથી હોતો. જે સાહિત્યકારોની નવલકથા કે આત્મકથા અંશોનો પાઠ્યક્રમમાં સમાવેશ થયો હોય તે કૃતિઓ પણ ઘણી વખત શિક્ષકોએ પણ પૂરી વાંચી નથી હોતી. તેઓમાં પણ ઇતર વાચનનો અભાવ જોવા મળે છે અને તેઓ પણ વિદ્યાર્થીને વિશેષ વાચન માટે પ્રેરણા નથી આપી શક્તા.

આવું જ જોડણીકોશ અને શબ્દકોશના ઉપયોગના સંદર્ભમાં જોવા મળે છે. સાચી જોડણી કે ભાષા લેખનની એક શિસ્ત છે તેવો ખ્યાલ શિક્ષકોમાં પણ ઓછો હોય છે. તેઓ લેખનમાં ચીવટ રાખતા નથી અને વિદ્યાર્થીઓમાં પણ લેખનની ચીવટ વિકસાવવામા સફળ થવાનો પ્રયત્ન કરતા નથી.

**(6) સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન :**

ફિલ્મી ગીતોની સ્પર્ધાનું જેટલું જોરશોરથી આયોજન થાય અને તેમાં વિદ્યાર્થીઓ જેટલા ઉત્સાહથી ભાગ લે તેવો ઉત્સાહ કાવ્યપઠન, પાદપૂર્તિ, વક્તૃત્વ સ્પર્ધા કે નિબંધ લેખનમાં જોવા મળતો નથી. તેથી પાછળ પણ શિક્ષકોની આવી પ્રવૃત્તિઓ પાછળની ઉદાસીનતા જવાબદાર છે. કવિસંમેલન કે

મુશાયરા જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સર્જનશીલતાનો વિકાસ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે, પણ આવી પ્રવૃત્તીઓ હવે ટી.વી. અને રેડિયો જેવા સમૂહ માધ્યમો માટે જ જાણે થાય છે. એ પણ શાળાની વિવિધ પ્રવૃત્તિઓનો હિસ્સો છે એવું જવલ્લે જોવા મળે છે.

**(7) ગુજરાતી ભાષા શિક્ષકનો દરજ્જો :**

ગણિત, અંગ્રેજી જેવા વિષયોની અપેક્ષાએ માતૃભાષા શિક્ષકને શાળામાં અને સમાજમાં એટલો માન-મરતબો મળતો નથી. પરિણામે ગુજરાતી ભાષાનો શિક્ષક પણ માથું ઊંચું રાખીને ફરજ બજાવવામાં પાછો પડે છે. તેને પોતાના વ્યવસાયનું જેટલું ગૌરવ હોવું જોઈએ તેટલું ગૌરવ અનુભવી શકતો નથી. માટે તેની એક શિક્ષક તરીકેની હસ્તી લઘુતાનો ભાવ અનુભવે છે અને તે ભાવ તેના કાર્યને પણ ઠેસ પહોંચાડે છે.

**(8) વિદ્યાર્થીની સંખ્યા :**

ભાષા શિક્ષક વિદ્યાર્થીના વ્યક્તિત્વ પરિવર્તનની સીડી છે અને તે માટે દરેક વિદ્યાર્થી માટે પૂરતું ધ્યાન આપવું જરૂરી છે. પણ વર્ગમાં 70 થી 80 વિદ્યાર્થીઓની વચ્ચે વર્ગ વ્યવસ્થા જાળવવામાં જ ઘણો સમય વેડફાઈ જતો હોવાથી ભાષાના અધ્યયન-અધ્યાપનને પૂરતો સમય ફળવાતો નથી અને તે તેની ઉપેક્ષાનું કારણ બની જાય છે.

**(9) વ્યાકરણ શિક્ષણને અપૂરતું ઉત્તેજન :**

વ્યાકરણ શાસ્ત્ર એ ભાષાના પ્રાણ છે. પણ શાળામાં પ્રાણ વિના જ ભાષા શિક્ષણ થાય છે. શિક્ષકો રસપ્રદ રીતે વ્યાકરણ શીખવવા તરફ ઉદાસીન છે અને તેઓ એટલું નીરસ અધ્યાપન કરે છે કે વિદ્યાર્થીઓ માટે વ્યાકરણ એટલે ગોખણપટ્ટી એવું સમીકરણ બની જાય છે. અનુસ્નાતક કક્ષાએ 70% ગુણ પ્રાપ્ત કર્યા પછી પણ સ્વર અને વ્યંજન વચ્ચેનો ભેદ પારખતા વિદ્યાર્થીઓ મળવો હવે મુશ્કેલ બન્યા છે. ભાષા શિક્ષણમાં વ્યાકરણ પ્રત્યેની આ ઉદાસીનતા ઘણી જ મોંઘી પુરવાર થઈ છે.

માતૃભાષા શિક્ષણમાં અનુભવાતી આ ઉપેક્ષાએ શિક્ષકના અભિજાત્યને ઠેસ પહોંચાડી છે, વિદ્યાર્થીઓના ઊભરતા વ્યક્તિત્વમાં અવરોધો ઊભા કર્યા છે અને સમાજના સાંસ્કૃતિક સાહિત્યિક પોતને પાતળું પાડ્યું છે. ટી.વી. પર રજૂ થતા ગુજરાતી સમાચાર, ગુજરાતી ટી.વી. શ્રેણીઓ કે ગુજરાતી ચલચિત્રોનું સ્તર જોઈએ એટલે આ વાત સહેલાઈથી સમજાઈ જાય છે. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં વસે ગુજરાત.' આ ઉક્તિને સાર્થક કરવામાં પાંચ કરોડ ગુજરાતીઓએ એક સૂરથી માધ્યમિકશાળાના માતૃભાષા શિક્ષણના હવામાનને બદલવું પડશે અને આ ઉપેક્ષાને દૂર કરવાના પ્રયત્નોમાં અસરકારક આયોજન કરી સંગીન પ્રયત્નોમાં લાગી જવું પડશે.

## 16.6 માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો

માતૃભાષા શિક્ષણમાં અનુભવાતી ઉપેક્ષાઓની ચર્ચા જોયા પછી કોઈપણ સામાન્ય માનવી પણ ચિંતામાં પડી જાય તેવી સ્થિતિ છે. શિક્ષણની સાંપ્રત દુર્દશા તરફ જ્યારે સહુ કોઈ અંગૂલિનિર્દેશ કરી રહ્યું છે ત્યારે આ દિશામાં સવેળા જાગીને કંઈક નક્કર પગલાં ભરવાની માત્ર આવશ્યકતા નહીં પણ અનિવાર્યતા ઊભી થાય છે. નીચેના ઉપાયો અંગે ગંભીરતાથી અમલીકરણ થશે તો ભવિષ્યમાં તેનાં મીઠાં ફળ ચાખવા મળશે.

**(1) યોગ્ય શિક્ષકની પસંદગી :**

અન્ય વિષય શિક્ષકોની નિમણૂકમાં જેટલી ચોક્સાઈ રાખવામાં આવે છે તેવી જ ચોક્સાઈ ભાષાના શિક્ષકની પસંદગીમાં પણ રાખવામાં આવે. ભાષાના શિક્ષકની નિમણૂક સમયે તેનો ભાષા પ્રત્યે લગાવ, ગૌરવ, ભાષા અધ્યાપન પ્રત્યે રસ, સાહિત્યમાં રસ અને વલણને પણ ચકાસવામાં આવે તો તે શાળા માટે એક અસમ્યામત બની રહેશે તેમાં શંકાને સ્થાન નથી.

જો માતૃભાષા શિક્ષણને સર્જનશીલ બનાવવામાં ઉચિત ઓપ આપનાર યોગ્ય શિક્ષકની નિમણૂક પર ભાર અપાશે તો માતૃભાષા શિક્ષણનો એકડો ખોટો તો નહીં જ ઘૂંટાય.

**(2) માતૃભાષા શિક્ષણ પ્રત્યે વિધાયક દૃષ્ટિકોણ :**

પાઠ્યપુસ્તકના પાઠ અને કવિતાનું વિષયવસ્તુ અને થોડાક પ્રશ્નોના જવાબમાં જ અધ્યાપનને સમાવવાને બદલે વિદ્યાર્થી જીવનમાં માતા-પિતા, મિત્રો, સગાંવહાલાં કે પડોશીઓ સાથેના ભાષા વ્યવહારમાં ઉચિત ભાષા પ્રયોજતો થાય, પ્રસંગોચિત પત્રલેખનમાં કુશળતા પ્રાપ્ત કરે, ઘરે આવતા મહેમાનો સાથે ગોષ્ઠિ કે વાર્તાલાપ કરી શકે, વડીલોનાં સૂચનોને સાચા અર્થમાં સાંભળી શકે કે ઉચ્ચ અભ્યાસ અર્થે ભરાવવામાં આવતા ફોર્મ જાતે ભરી શકે એ રીતે શ્રવણ, વાચન, કથન અને લેખન કૌશલ્યોમાં વિકાસ સાધતો થાય તેવા પ્રયત્નોથી ભાષા શિક્ષણ કરી શકાય તેવો વિધાયક દૃષ્ટિકોણ જો શિક્ષકો ખિલવશે તો જીવનમાં થતા સંઘર્ષોને પણ ઘણે અંશે ટાળી શકાશે.

**(3) નૂતન અધ્યાપન પદ્ધતિઓ દ્વારા શિક્ષણ :**

પરંપરાગત પદ્ધતિની અપેક્ષાએ વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ ભાષા શિક્ષણને જીવંત બનાવે છે એટલું જ નહીં વિદ્યાર્થીઓમાં ભાષા પ્રત્યે રુચિ અને વલણ કેળવવામાં પ્રાણવાન ભૂમિકા ભજવે છે. પ્રૉજેક્ટ પદ્ધતિના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ સંધિ કે સમાસના ચાર્ટ્સ બનાવે, 'પથ્થર થર થર ધ્રુજે' ના કવિ નિરંજન ભગતની મુલાકાત દ્વારા તે કાવ્યને તેમની પાસેથી જ ભણે, કે નિરીક્ષિત સ્વાધ્યાય પદ્ધતિની મદદથી વિદ્યાર્થીઓ વિશેષ વાચન દ્વારા પ્રશ્નોના જાતે જ જવાબ શોધે ત્યારે ભાષા શિક્ષણ અને અધ્યાપનનો આનંદ વિશેષ હોય છે. એમાંય નાટ્યીકરણ પ્રયુક્તિનો ઉપયોગ કરીને 'ઝબકજ્યોત' જેવા નાટકને તાદશ્ય કરી શકાય છે. છંદોબદ્ધ કાવ્યોનું ગાન વિદ્યાર્થીઓમાં છંદના શિક્ષણને રોચક બનાવે છે. આમ, શિક્ષક નૂતન પદ્ધતિઓના ઉપયોગથી ભાષા શિક્ષણને અસરકારક બનાવે તો ભાષા શિક્ષણ પ્રત્યેની વિદ્યાર્થીની નિરસતા ઘટાડી શકાય અને તે ભાષા શિક્ષણની ઉપેક્ષા દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

**(4) શૈક્ષણિક સાધનોનો સદુપયોગ :**

નવીન પદ્ધતિઓના અસરકારક ઉપયોગની સાથે શબ્દકોશ, જોડણીકોષ, લેખકના અન્ય પુસ્તકો, વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા પ્રાસંગિક લેખો, લેખકોના ફોટા અને પરિચય દર્શાવતા ચાર્ટ્સ, ઉદાહરણોને સ્પષ્ટ કરતાં ફ્લેશ કાર્ડ્સ, વિષયવસ્તુને વધુ સ્પષ્ટ કરતા અન્ય સંદર્ભ સાહિતયની રોલ-અપ બોર્ડ્સ પર રજૂઆત, જે તે કાવ્યના કવિનું જ ટેપરેકોર્ડર પર રજૂ થતું કાવ્ય પઠન કે કાવ્યગાન ભાષા શિક્ષણને વધુ રસિક અને ધ્યાનને કેન્દ્રિત કરાવનારું બની રહે છે. અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કેટલીક સાહિતય કૃતિઓનું નાટ્ય રૂપાંતરણનું ફિલ્માંકન ટી.વી. પર બતાવીને તેનું અધ્યાપન વધુ રોચક બનાવી શકાય. રામાયણ અને મહાભારત જેવા મહાનગ્રંથો વંચાયા છે તેના કરતાં ટી.વી. પર વધુ જોવાયા છે અને તેનો આનંદ પણ વધુ લેવાયો છે તે ટી.વી.ની એક સમૂહ માધ્યમના સાધન તરીકે સફળતા જ છે. શિક્ષક તેનો ભાષા શિક્ષણમાં સદુપયોગ કરીને તેના પ્રત્યેની ઉપેક્ષાને ટાળી શકે.

**(5) વાચનાલયને કાર્યાન્વિત કરવું :**

એક ચિંતકે યથાર્થ જ કહ્યું છે કે, ''કોઈપણ દેશના લોકો કેવા છે તેનો જવાબ આપવો હોય તો તે દેશના લોકો શું વાંચે છે તે જાણી લેવું જોઈએ.'' જો ભાષા શિક્ષણને યથાર્થ બનાવવું હશે તો શાળામાં વાચનાલયની સુવિધા ફરજિયાત ઊભી કરવી પડશે. એટલું જ નહીં તેનો સદુપયોગ થાય ત્યારે વાચન સ્પર્ધા, આદર્શ પુસ્તક વાચન પછી તેનું મૂલ્યાંકન અને તે માટે પ્રોત્સાહક ઇનામો વગેરે જેવી વ્યવસ્થા ગોઠવવી પડશે.

હમણાં નવસારી ગામમાં 'ફરતું પુસ્તક' નામે એક પ્રેરણાદાયી વાચન કાર્યક્રમ વાચનનો વિસ્તાર કરવામાં ખૂબ સફળ પ્રયોગ રહ્યો. નવમા ધોરણના એક વિદ્યાર્થીએ 168 પુસ્તક વાંચીને સહુને વાંચવાની પણ પ્રેરણા આપી. 'ફરતું પુસ્તક'ના કાર્યક્રમ દ્વારા એક વર્ગની સંખ્યા પ્રમાણે આદર્શ પુસ્તકોની સંખ્યા નક્કી કરી અઠવાડિયે કે પંદર દિવસે તે પુસ્તક રોલ નંબર પ્રમાણે ફરતું રહે તેવી વ્યવસ્થા ગોઠવીને વિદ્યાર્થીઓને વાંચતા કરી શકાય. આમ, વાચન દ્વારા ભાષા સજ્જતા ઘડાશે તો તે તરફની ઉપેક્ષા પણ ઘટશે.

**(6) સર્જનાત્મક પ્રવૃત્તિઓનું સફળ આયોજન :**

વિદ્યાર્થીઓની મૌખિક અને લેખિત અભિવ્યક્તિ સર્જનાત્મક રીતે ખીલે તે માટે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું રચનાત્મક અને સફળ આયોજન હિતાવહ છે. એમાં તંદુરસ્ત હરીફાઈ કરાવવામાં આવે તો વિદ્યાર્થી રસપૂર્વક ભાગ લેવા પ્રેરાય છે. વાસ્તવમાં તો આવી પ્રવૃત્તિઓ જ વિદ્યાર્થીની સુષુપ્ત શક્તિઓનો પરિચય કરાવે છે અને તેના આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ કરી શકાય છે. આવી પ્રવૃત્તિઓથી અભ્યાસક્રમ પૂરો કરવામાં મુશ્કેલીઓ સર્જાય છે તેવો મનોવલણને ચોક્કસ બદલવાની જરૂરિયાત છે.

આ ઉપરાંત શાળામાં જોડણીદિન, ગુજરાતી દિવસ, લેખક-જન્મ દિવસ વગેરેની ઉજવણી કરી શકાય. ભાષા મંડળની સ્થાપના કરી કવિ સંમેલન, સાહિત્ય સર્જકોના વાર્તાલાપ જેવા કાર્યક્રમો હાથ ધરી શકાય. સ્વરચિત રચનાઓ દ્વારા હસ્તલિખિત અંક પણ પ્રકાશિત કરી શકાય. આ બધી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષક અને વિદ્યાર્થી ઉભયપક્ષે માતૃભાષા પ્રત્યે અહોભાવ જન્મે છે અને કદર કરવાનું વલણ જન્મે છે.

**(7) ગુજરાતી ભાષા શિક્ષકનું ગૌરવ :**

પ્રથમ તો માતૃભાષાનો શિક્ષક જ પોતાના વિષયનું ગૌરવ કરતો થાય તે જરૂરી છે. જે ભાષા અન્ય વિષયોની કેળવણીમાં પાયાનું કામ કરી રહી છે તે ભાષાના શિક્ષણમાં લઘુતાનો નહીં પણ ગૌરવનો ભાવ જન્મે તે જરૂરી છે. ગુજરાતી ભાષાના શિક્ષકો માટે ભાષા શિક્ષક પણ પોતાના મહત્ત્વને સમજી શકશે. અન્ય વિષય શિક્ષકો પાસે પણ ભાષા સજ્જતાની અપેક્ષા રાખવામાં આવશે તો તેઓ પણ ભાષાની શિસ્તને અને મૂલ્યને સમજશે. અન્યથા ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યાના શિક્ષક જોડણીમાં ભૂલો કરે તો વાંધો નહીં તેવો ખ્યાલ મજબૂત બનશે. તે ખ્યાલને તોડવો ખૂબ જરૂરી છે.

ભાષા શિક્ષક પોતે પણ પૂર્વતૈયારી સાથે વર્ગપ્રવેશ કરે અને વૈવિધ્યસભર અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓમાં ભાષાશિક્ષણના ગૌરવને આરોપિત કરશે તો બંને પક્ષે ભાષાનું ગૌરવ જળવાશે.

**(8) વિદ્યાર્થીની મર્યાદિત સંખ્યા :**

શિક્ષણના નિર્ધારિત હેતુઓની સિદ્ધિ આંબવામાં વર્ગમાં વિદ્યાર્થીની વધુ સંખ્યા એ સૌથી વધુ અવરોધક પરિબળ રહ્યું છે અને આ પરિબળને હળવો કરવાના પ્રયત્નો મુશ્કેલ જ જહીં હાલ તો અશક્ય લાગે તેવું જ લાગી રહ્યું છે. છતાં આ અવરોધક પરિબળને તેની અસરો હળવી કરવાની દિશામાં પ્રયત્નો થઈ શકે. કેટલીક નિદાન કસોટીઓ દ્વારા ભાષામાં સર્જનશીલતા ધરાવતા વિદ્યાર્થીઓ, ભાષામાં નબળા વિદ્યાર્થીઓ, જોડણીમાં ભૂલ કરતા વિદ્યાર્થીઓ, ઉચ્ચારણમાં ભૂલ કરતા વિદ્યાર્થીઓ વગેરે... આવા વિદ્યાર્થીઓ શોધી તેમના માટે કેટલાક સુધારાત્મક કાર્યક્રમો ઘડી ભાષા શિક્ષણને વધુ સજ્જ બનાવી શકાય.

**(9) વ્યાકરણનું રસમય શિક્ષણ :**

જો બાળક ફળ, ફૂલ કે પ્રાણીના જન્મ અને તેની રચના અને કાર્યમાં રસ લેતો કરી શકાય તો જે ભાષા માણસના અસ્તિત્વ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે તેના જન્મ અને વિકાસ તેમજ શાસ્ત્ર વિશે પણ રસ લેતો કરી શકાય અને અભ્યાસુ પણ બનાવી શકાય. જરૂર છે વ્યાકરણ શાસ્ત્રની રસમય રજૂઆત કરવાની. ભાષા પ્રયોગશાળામાં લિંગ્વાફોન કે ટેપરેકોર્ડર પર હેડફોનની મદદથી ઉચ્ચારણ શાસ્ત્રની સૂક્ષ્મતાઓ સુંદર રીતે સમજાવી શકાય. શબ્દ રમતો દ્વારા જોડણી શિક્ષણ સરળતાથી આપી શકાય. શબ્દ રમતો દ્વારા જોડણી શિક્ષણ સરળતાથી આપી શકાય. સુંદરમ્ ના 'અનુસ્વાર અષ્ટક' દ્વારા અનુસ્વાર શિક્ષણની સુપેરે સમજૂતી આપી શકાય. શ્વાસના ધબકાર સાથે જોડાયેલી ભાષાના વિવિધ ઘટકોની શાસ્ત્રીય સમજૂતી વિદ્યાર્થીને હોવી જોઈએ તેવી અપેક્ષા ભાષા શિક્ષણ પ્રત્યેની ઉપેક્ષાને જરૂર ઘટાડશે.

ઉપર્યુક્ત ઉપાયો એકલદોકલ રીતે નહીં દરેક શિક્ષક, દરેક શાળા સામૂહિક રીતે ક્રાંતિ સમજીને ઝીલી લે તો ગુજરાતી ભાષા વાસ્તવમાં પોતાની અસ્મિતાને જાળવી શકશે અને તેનું સાચું ગૌરવગાન કરી શકશે.

## 16.7 માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ

### 16.7.1 પ્રસ્તાવના

શાળામાં અનેક વિષયોનું શિક્ષણ અપાય છે. બાળકના જીવનમાં દરેક વિષયનું આગવું મહત્ત્વ હોય છે. જીવનમાં વિષયના મહત્ત્વને આધારે તે વિષયના શિક્ષણનું મહત્ત્વ નક્કી થાય છે. આધુનિક જીવનમાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનું મહત્ત્વ ખૂબ વધ્યું છે, તેથી શાળામાં ગણિત અને વિજ્ઞાનના વિષયોનું શિક્ષણનું મહત્ત્વ પણ વધ્યું છે. પાંચમા ધોરણથી અંગ્રેજીનું શિક્ષણ શરૂ કરવાના તાજેતરનાં નિર્ણય પાછળ 'વિશ્વસંપર્કના વાતાયન' તરીકે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ કારણભૂત છે. શિક્ષક જે વિષય ભણાવે તે વિષયના શિક્ષણનું મહત્ત્વ શું છે તે તેણે શરૂઆતમાં જ સમજી લેવું જોઈએ. જીવનના સંદર્ભમાં વિષયશિક્ષણના મહત્ત્વ અંગે સમજ મેળવી લેવાથી શિક્ષણ સંગીન બને છે. માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ સમજવું જોઈએ.

માનવજીવનમાં જે સ્થાન અને મહત્ત્વ ભાષાનું છે, તે જ સ્થાન અને મહત્ત્વ માતૃભાષાનું છે. માતૃભાષા આપણા જીવનનો અવિભાજ્ય અંશ છે. શ્વાસોચ્છ્વાસ અને લોહીના ધબકાર સાથે માતૃભાષા જડાયેલી છે. 'वाचामेव प्रसादेन लोकयात्रा प्रवर्तते (વાણીની કૃપાથી જીવનવ્યવહાર ચાલે છે.) એ કવિ કડીનું સંસ્કૃતવચન માતૃભાષા માટે પણ સાચું છે. વળી, જગતના બધા જડચેતન પદાર્થો વિશેનો આપણો ખ્યાલ અને જગત વિશેનો આપણો અનુભવ માતૃભાષા મારફત જ સાકાર બને છે. આપણું જગતચ આપણી માતૃભાષાના રંગે રંગાયેલું છે. આમ, આપણા આગવા જગતનું નિર્માણ માતૃભાષા જ કરે છે.

માતૃભાષા વિચારો અને લાગણીઓની આપ-લેનું, પ્રત્યાયનનું માધ્યમ છે, આપણે ત્યાં પ્રાથમિક શાળાથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષણનું માધ્યમ માતૃભાષા છે. આપણે માતૃભાષા દ્વારા અભિવ્યક્ત થઈએ છીએ. આપણા સામાજિક અને સાંસ્કૃતિક વારસાનાં સંરક્ષણ, સંવર્ધન અને હસ્તાન્તરણમાં માતૃભાષા મદદરૂપ બને છે. માતૃભાષાનું જીવનમાં આટલું બધું મહત્ત્વ છે તેથી આ બધા દૃષ્ટિકોણથી માતૃભાષાનું શિક્ષણ શી રીતે મહત્ત્વનું છે, તેની ચર્ચા આપણે આ પ્રકરણમાં કરીશું, શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષા અને તેને દૂર કરવાના ઉપાયો વિશે પણ વિચાર કરીશું.

### 16.7.2 માતૃભાષા-પ્રત્યાયન (Communication) માટે

પ્રત્યાયન (Communication) એટલે કોઈક માધ્યમ વડે માહિતી, સંદેશા, વિચાર કે લાગણીની આપ-લે કરવી. અવગમન, સંક્રમણ અને વિચારવહન એ બધા પ્રત્યાયનના પર્યાયો છે. માનવસમાજ ભાષાના માધ્યમથી પ્રત્યાયન કરે છે. ભાષાનું પહેલું અને મુખ્ય કામ પ્રત્યાયન દ્વારા પ્રત્યાયન કરીને ચલાવીએ છીએ. આપણો જીવનવ્યવહાર તો જ ચાલી શકે જો. આપણે આપણા વિચારો અને લાગણીઓ બીજાને જણાવીએ અને બીજાના વિચારો અને લાગણીઓ જાણીએ. જીવનયાત્રા ચલાવવા પ્રત્યાયન જરૂરી છે. માતૃભાષા પ્રત્યાયનનું સબળ માધ્યમ છે.

વિદ્યાર્થી ઘરમાં, શાળામાં અને અન્ય સ્થળે માતૃભાષા દ્વારા પ્રત્યાયન કરે છે. ભણી ઊતર્યા પછી, વ્યાવહારિક જીવનમાં ઝંપલાવ્યા પછી પણ તેણે જીવનભર માતૃભાષા દ્વારા જ પ્રત્યાયન કરવાનું છે. વિચારો અને લાગણીઓની આપ-લે કરવાનું કામ તો આજીવન ચાલવાનું છે. જીવનભર ચાલનારી આ પ્રક્રિયામાં માતૃભાષાનો ઉપયોગ થવાનો છે. શાળામાં વિદ્યાર્થીને માતૃભાષાનું શિક્ષણ એટલે અપાય છે કે માતૃભાષા પ્રત્યાયનનું માધ્યમ છે.

માતૃભાષાના શિક્ષણનું પ્રથમ મહત્ત્વ એટલા માટે છે કે તે પ્રત્યાયન માટે છે. વિદ્યાર્થીને શાળામાં અપાતું માતૃભાષાનું શિક્ષણ તેના સમગ્ર જીવનને અસર કરે છે. વિદ્યાર્થી કુશળ પ્રત્યાયક (Communicator) બને તે માટે માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ છે. કુશળ પ્રત્યાયક પોતાનાં વિચારો

અને લાગણીઓ સરળતાથી, સ્પષ્ટતાથી અને સચોટતાથી સામા માણસ આગળ રજૂ કરે છે અને સામા માણસનાં વિચારો અને લાગણીઓ યથાર્થ રીતે પૂરેપૂરાં ગ્રહણ કરે છે. વિદ્યાર્થી પ્રત્યાયનના આ બન્ને છેડા સફળતાથી સાચવી શકે એ માટે માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ છે. શાળામાં શિક્ષણ ન મેળવે તો પણ વ્યક્તિ માતૃભાષા દ્વારા પ્રત્યાયન કરી શકે. પરંતુ શાળામાં માતૃભાષાનું શિક્ષણ પામેલો વિદ્યાર્થી વ્યવહારમાં પોતાનાં વિચારો અને લાગણીઓ સ્પષ્ટતાથી રજૂ કરશે. સામા માણસનાં વિચારો અને લાગણીઓ વિનયવિવેકપૂર્વક ઝીલશે. શાળામાં વિદ્યાર્થી માતૃભાષાના શિષ્ટમાન્ય અને સમગ્ર ભાષાસમાજ દ્વારા સ્વીકૃત હોય તેવા સ્વરૂપના પરિચયમાં આવે છે. તેથી ભવિષ્યમાં તે ભાષાસમાજના વધુ સભ્યો સાથે સફળતાથી પ્રત્યાયન કરી શકે છે. પ્રત્યાયનમાં વ્યાપક્તા, ઊંડાણ અને સંસ્કાર લાવવા માટે માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ છે.

શાળામાં વિદ્યાર્થી માતૃભાષાના શ્રાવ્ય સ્વરૂપ ઉપરાંત દશ્ય સ્વરૂપનું પણ શિક્ષણ પામે છે. તેથી વાચન અને લેખન દ્વારા માતૃભાષામાં પ્રત્યાયન કરવા વિદ્યાર્થી સમર્થ બને છે. તેની સમક્ષ જેમાં વાચન અને લેખન દ્વારા પ્રત્યાયન થઈ શકે તેવી વિશાળ દુનિયા ઊઘડી આવે છે. પત્રવ્યવહાર માતૃભાષાના દશ્ય સ્વરૂપ દ્વારા થતું પ્રત્યાયન છે. વિદ્યાર્થી ભાવિ જીવનમાં પત્રવ્યવહાર દ્વારા પણ પ્રત્યાયન કરી શકે તે માટે પણ માતૃભાષાનું શિક્ષણ મહત્ત્વનું છે. માતૃભાષાનું શિક્ષણ મેળવીને તેના દશ્ય સ્વરૂપ દ્વારા પણ પ્રત્યાયન કરી શકવાને લીધે વ્યક્તિ પોતાના જીવનમાં વધુ સારું અનુકૂલન (adjustment) સાધી શકે છે. મસગ્ર જગતના માનવસમાજના સભ્ય હોવાથી તે પ્રતીતિ કરી શકે છે.

સંક્ષેપમાં, જીવનભર વ્યાપક, ગહન અને સંસ્કારી પ્રત્યાયન દ્વારા સફળ અને અર્થપૂર્ણ જીવનયાત્રા ચલાવવા માટે માતૃભાષાના શિક્ષણનું ખૂબ મહત્ત્વ છે.

### 16.7.3 શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા

આજે શિક્ષણના બધા સ્તરે શિક્ષણ મેળવવાનું માધ્યમ માતૃભાષા છે. વિદ્યાર્થી પ્રાથમિક શાળાથી માંડીને કૉલેજનુ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ ... પણ માતૃભાષા દ્વારા મેળવે છે. માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવવાના વિદ્યાર્થીના હકનો સ્વીકાર થયો છે.

માતૃભાષા શિક્ષણનું માધ્યમ હોવાથી વિદ્યાર્થી શાળાના વિવિધ વિષયોનું જ્ઞાન માતૃભાષા દ્વારા મેળવે છે. તે બીજી ભાષાઓ, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા વગેરે વિષયોનું જ્ઞાન માતૃભાષા દ્વારા મેળવે છે. વર્ગમાં આ બધા વિષયો શીક્ષકો માતૃભાષા મારફત ભણાવે છે. તેથી વિદ્યાર્થી માતૃભાષામાં શ્રવણ કરીને શીખે છે, શાળાના વિષયોનાં પાઠ્યપુસ્તકો પણ માતૃભાષામાં જ છે. તેથી વિદ્યાર્થી માતૃભાષામાં વાચન કરીને જ્ઞાન મેળવે છે.માતૃભાષા શિક્ષણનું માધ્યમ છે એનો અર્થ એ થયો કે માતૃભાષાનમાં શ્રવણ અને વાચન દ્વારા વિદ્યાર્થી જુદા જુદા વિષયોનું જ્ઞાન મેળવે છે.

શિક્ષણમાં વિદ્યાર્થીએ માત્ર જ્ઞાન મેળવીને બેસી રહેવાનું નથી, પણ પોતે જ્ઞાન ધરાવે છે એનો પરિચય પણ તેણે આપવાનો છે. જ્ઞાનને રજૂ કરવાનું છે. પરીક્ષાઓ અને કસોટીઓ આપવાની છે. તેને આધારે તેના જ્ઞાનનું માપ નીકળવાનું છે.હવે આ પરીક્ષાઓ અને કસોટીઓમાં તેણે ઉત્તરો પણ માતૃભાષામાં રજૂ કરવાના છે. માતૃભાષામાં, મુખ્યત્વે લેખન દ્વારા વિદ્યાર્થીએ પરીક્ષાઓ આપવાની છે. તેથી માતૃભાષા શિક્ષણનું માધ્યમ છે એનો અર્થ એ થયો કે વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવામાં અને જ્ઞાનની રજૂઆત કરવામાં વિદ્યાર્થીએ માતૃભાષાનો ઉપયોગ કરવાનો છે.

શિક્ષણનું માધ્યમ હોવાથી માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ છે. માતૃભાષાનું યોગ્ય શિક્ષણ પામેલો વિદ્યાર્થી બીજા વિષયોનું જ્ઞાન સારી રીતે મેળવી શકશે. વિષય ગમે તે હોય, પણ વિદ્યાર્થી માતૃભાષામાં જેટલો સમૃદ્ધ હશે તેટલો જ તે બીજા વિષયોમાં જ્ઞાન મેળવવામાં સફળ થશે. જુદા જુદા વિષયોમાં કેટલાક પાયાના ખ્યાલો કે પાયાની સંકલ્પનાઓ ... હોય છે. દરેક વિષયની પાયાની સંકલ્પનાઓ ભાષાના સ્તરે ન સમજાય ત્યાં સુધી તે વિષય વિદ્યાર્થીને આવડે નહિ. વિજ્ઞાનમાં 'બાષ્પીભવન', 'વક્રીભવન', 'ઉષ્ણતામાન' કે 'આસૃત્તિ' જેવા શબ્દોના અર્થગ્રહણ ઉપર આ બધી બાબતોના જ્ઞાનનો આધાર છે. એ જ રીતે ઇતિહાસમાં 'ગણરાજ્ય' અને 'પ્રાગૈતિહાસિક', ભૂગોળમાં 'અક્ષાંશ-રેખાંશ'

અને 'વર્ષાછાયા' અને ગણિતમાં 'ગુણોત્તર' અને 'એકરૂપતા' જેવી સંકલ્પનાઓ સમજવામાં ભાષાની ભૂમિકા બહુ સ્પષ્ટ છે. ગણિતના દાખલાની રકમ વાંચીને અર્થગ્રહણ કર્યા પછી જ વિદ્યાર્થી દાખલો સાચો ગણી શકે. આ બધા વિષયોનું જ્ઞાન ભાષા દ્વારા મેળવવાનું હોવાથી માતૃભાષાનું શિક્ષણ વિદ્યાર્થીને બરાબર, યોગ્ય રીતે અપાય તે જરૂરી છે. મનુષ્ય દ્વારા થતા અધ્યયનમાં ભાષાની અનન્ય ભૂમિકા છે અને વિભિન્ન વિષયો માટે કરવી પડતી ઉચ્ચ સ્તરની વિચારણામાં ભાષા અનિવાર્યપણે જરૂરી છે. માતૃભાષામાં વિદ્યાર્થી સાંભળીને અને વાંચીને જેટલું સમજી શકે તેના ઉપર બીજા વિષયોમાં તેની સિદ્ધિનો આધાર છે અને તેથી જ માતૃભાષાનું શિક્ષણ મહત્ત્વનું બની રહે છે.

શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવાથી પરીક્ષામાં જુદા જુદા વિષયોમાં વિદ્યાર્થી સુવાચ્ય અક્ષરોમાં અને સ્પષ્ટ તથા માન્ય ભાષામાં સચોટ ઉત્તરો લખી શકે તો જ તે સફળ થાય છે. પ્રાપ્ત જ્ઞાનને રજૂ કરવા માટે તેણે માતૃભાષાને ખપમાં લેવી પડે છે. વિદ્યાર્થી કોઈ પણ વિષયમાં ગમે તેટલું જાણતો સમજતો હોય, પણ માતૃભાષામાં અસરકારક રીતે રજૂ ન કરી શકે તો બધું વ્યર્થ બની જાય છે.

બધી ચર્ચાનો સાર એ છે કે માતૃભાષા તમામ સ્તરે શિક્ષણનું માધ્યમ છે અને તેથી વિદ્યાર્થી બીજા બધા વિષયોનું સંગીન શિક્ષણ પામીને તેનો અસરકારક પરિચય કરાવી શકે તે માટે માતૃભાષાનું શિક્ષણ મહત્ત્વનું છે. માતૃભાષામાં સિદ્ધિ મેળવ્યા વિના શિક્ષણમાં સિદ્ધિ મળે નહિ.

### 16.7.4 માતૃભાષા – મુક્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિ માટે

વિચારોની આપ-લે એટલે કે પ્રત્યાયન અને શિક્ષણ મેળવવાના માધ્યમ ઉપરાંત ભાષા અભિવ્યક્તિનું પણ સાધન છે. ભાષા દ્વારા આપણે અભિવ્યક્ત થઈએ છીએ. આપણી અનેક ઊર્મિઓ અનુભવીએ છીએ અને તેમને અભિવ્યક્ત કર્યા વગર આપણને ચેન પડતું નથી. કોઈને કશો સંદેશ આપવાનો ન હોય, કોઈ શિક્ષણ મેળવવાનું ન હોય એવા સંજોગોમાં પણ આપણી ભાષા દ્વારા આપણે અભિવ્યક્તિ કરીએ છીએ. ક્યારેક આપણી સંવેદનશીલતાને સ્પષ્ટ કરવા માટે ક્યારેક આપણને થતા આનંદમાં સૌને ભાગીદાર બનાવવા માટે, તો ક્યારેક આપણા અસ્તિત્વની ખાતરી મેળવવા માટે ભાષા દ્વારા અભિવ્યક્ત થઈને આપણે આપણી જાતને પામીએ છીએ.

સાહિત્યસર્જન અભિવ્યક્તિની જરૂરિયાતનું સુભગ પરિણામ છે. સાહિત્યસર્જનમાં ભાષાના વ્યાવહારિક ઉપયોગો ખરી જાય છે. તેથી જ ઘણી વાર આધુનતિક સાહિત્યકારો પોતાની કૃતિઓ દ્વારા પ્રત્યાયન અને શિક્ષણને સભાનપણે ટાળે છે. વિવિધ સર્જનાત્મક યુક્તિઓ દ્વારા રોજિંદી ભાષાની સરળ અને દ્રુત અર્થસંક્રાંતિને સાહિત્યકાર વિલમ્બિત કરી નાંખે છે. સંદિગ્ધ અર્થની સૃષ્ટિ તે રચે છે. વ્યાકરણ-સંમત ભાષાના જાડા થરને તે ઈરાદાપૂર્વક ભેદી નાખે છે. આ બધું કરીને સાહિત્યસર્જક ભાષા દ્વારા અભિવ્યક્તિ પામે છે. ભાષા સાથે બાળસુલભ લીલા કરીને તે આનંદ પામે છે અને પોતાના ભાવકને પણ આનંદમાં ભાગીદાર બનાવે છે.

તો બીજી બાજુ, માનવ ઘણીવાર પોતાના વિચારોની મુક્ત, સ્વતંત્ર અભિવ્યક્તિ ઝંખે છે અને તે માટે તે ભાષાનો ઉપયોગ કરે છે. આઝાદી પહેલાં અંગ્રેજ શાસકો સામેનાં આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં, 'આગઝરતાં' ભાષણો અને રશિયામાં સામ્યવાદના 'લોખંડી પડદા'માં ગૂંગળાયેલા સાહિત્યસ્વામી સોલ્ઝેનિત્સીન અને વિજ્ઞાની સખારાવની કૃતિઓ અને પ્રવચનો અત્યાચાર અને શોષણ સામેના માનવતા વિદ્રોહની સબળ અભિવ્યક્તિનાં ઉદાહરણો છે.

આમ, અભિવ્યક્તિની જરૂરિયાત આનંદાનુભૂતિ માટે હોય કે માનવજીવનના સર્વોચ્ચ મૂલ્ય સમી સ્વતંત્રતાના ઉપભોગ માટે હોય, પણ ભાષા એ અભિવ્યક્તિનું સાધન બને છે. ભાષા, અભિવ્યક્તિનું સાધન હોવાથી શાળામાં વિદ્યાર્થીને માતૃભાષાનું અસરકારક શિક્ષણ આપવું મહત્ત્વનું બની રહે છે. મૌખિક અને લેખિત અભિવ્યક્તિ માટે જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે વક્તૃત્વ સ્પર્ધાઓ, નિબંધસ્પર્ધાઓ, નાટ્યીકરણ, પાદપૂર્તિ, શાળામાં હસ્તલિખિત અંકનું પ્રકાશન વગેરે દ્વારા તેમ જ પ્રત્યક્ષ વર્ગશિક્ષણ દ્વારા વિદ્યાર્થીને પૂરતો મહાવરો આપી શકાય. અભિવ્યક્તિ માટે ભાષાનો સર્જનાત્મક ઉપયોગ કરવામાં શિક્ષક વિદાર્થીને પ્રેરણા આપી શકે. વિદ્યાર્થીને વર્ગમાં મુક્ત અભિવ્યક્તિ

માટે તક આપીને તથા વિદ્યાર્થીને પ્રેરણા આપી શકે. વિદ્યાર્થીને વર્ગમાં મુક્ત અભિવ્યક્તિ માટે તક આપીને તથા વિદ્યાર્થીના વિચારો પ્રત્યે આદર વ્યક્ત કરીને વિદ્યાર્થીની માતૃભાષાને અભિવ્યક્તિ માટે કેળવી શકાય. આપણે ત્યાં સુન્દરમ્ અને રાવજી પટેલ જેવા કવિઓની સર્જનાત્મક અભિવ્યક્તિની માવજત કરવામાં એમના ભાષાશિક્ષકોનાં મમતાભરી પ્રેરણા અને માર્ગદકર્શનનો અમૂલ્ય ફાળો રહ્યો છે. તેથી પ્રત્યાયન અને શિક્ષણ ઉપરાંત અભિવ્યક્તિ માટે પણ માતૃભાષાનું શિક્ષણ મહત્ત્વનું છે.

### 16.7.5 સામાજિક અને સાંસ્કૃતિક વારસાની ચાવી તરીકે માતૃભાષા

સંસ્કૃતિ અને ભાષા વચ્ચે ગાઢ સંબંધ છે. શરીર સાથે ત્વચાને જેવો સંબંધ શરીર સાથે છે, તેવો જ સંબંધ ભાષાને સંસ્કૃતિ સાથે છે. કોઈ પણ પ્રજા કે રાષ્ટ્રે જે કર્યું છે, માણ્યું છે, વેઠ્યું છે કે ખોયું છે તે બધું ભાષામાં પ્રગટે છે. ભાષા માનવની પ્રત્યેક ક્ષણની સાક્ષી છે. ભાષામાં સમગ્ર સાંસ્કૃતિક જીવન ધબકે છે. ભાષામાં 'અખંડ પુરુષ' મૂર્ત થાય છે. પ્રજાની ભૂતકાળની સ્મૃતિઓ, વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની આકાંક્ષાઓ ભાષામાં સંચિત થાય છે. ગુજરાતી સાહિત્યના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન યુગની સાહિત્યકૃતિઓનો અભ્યાસ કરીએ ત્યારે ગુજરાતનો લગભગ હજાર વર્ષનો સાંસ્કૃતિક સંદર્ભ એમાં ઊપસી આવે છે, ગુજરાતી પ્રજાનાં ભક્તિ અને ધર્મપરાયણતા, કુટુંબજીવન, વહેમ અને અંધશ્રદ્ધા, શૌર્ય અને રખાવટની ભાવના, જાહોજલાલી અને ઉત્સવમેળાઓ, સહિષ્ણુતા અને સાંસ્કૃતિક સમન્વયની મથામણો, અસ્મિતાની ખોજ અને સ્વાતંત્ર્યની તમન્નાનો પરિચય આપણને આપણી ભાષાના સાહિત્ય દ્વારા નથી થતો ? આપણા લોકસાહિત્યમાં આપણી સંસ્કૃતિની સ્વકીય મુદ્રા બરાબર પડી છે. એનો અર્થ એ થયો કે માતૃભાષામાં સામાજિક અને સાંસ્કૃતિક વારસો સચવાયો છે. કોઈ પણ પ્રજાની સંસ્કૃતિનાં સારાંનરસાં તત્ત્વોનો પરિચય કરવો હોય તો તે માતૃભાષા દ્વારા કરી શકીએ.

માતૃભાષા દ્વારા આપણે આપણી ભૂમિના સાંસ્કૃતિક વારસાને પામીએ છીએ એ ખરું, પણ આજના યુગમાં આપણી માતૃભાષા સમગ્ર માનવજાતના સાંસ્કૃતિક વારસાથી અને સાંસ્કૃતિક અસરોથી અલિપ્ત કરી શકે નહિ. વિજ્ઞાને દુનિયાને નાની અને જિંદગીને મોટી બનાવી દીધી છે. માનવજાતનાં મૂલ્યવાન વિચારરત્નો અને ભવ્ય સિદ્ધિઓ સહિયારો સાંસ્કૃતિક વારસો છે. એ વારસો સાંકડી ભૌગોલિક સીમાઓને અતિક્રમી જાય છે. આપણી માતૃભાષા દ્વારા આખું વિશ્વ આપણે બારણે ટોળે વળતું અનુભવીએ છીએ.

શંકરાચાર્ય અને સાર્ત્રનું તત્ત્વદર્શન; કાલિદાસ અને શેક્સપિયરની સાહિત્યકૃતિઓ; ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યની નમણી કલાકૃતિઓ, બુદ્ધ અને ઈસુના બોધવચનો; ગાંધીજી અને માર્ટિન લ્યૂથર કિંગની શહાદત; હિમાલયનાં ઉત્તુંગ શખિરો ઉપરની સાહસયાત્રા અને માનવજાતના ભાલ ઉપર 'ચંદ્રધૂલિના તિલક'નું વરદાન આપનારી ચન્દ્રયાત્રા; પૃથ્વી ઉપરથી શીતળાના રોગને ગ્રહવટો આપીને 'શીતળામાતા' ને નિવૃત્તિ આપનારી અને મોગલ શહેનશાહોએ પણ ન ભોગવી હોય તેવી સગવડો સામાન્ય માનવીને ચરણે ધરનારી વૈજ્ઞાનિક સિદ્ધિઓ; વિશ્વયુદ્ધોએ રેડેલા માનવરક્તથી ખરડાયેલાં અને સર્વનાશની રાખ તળે દટાયેલાં ઇતિહાસ-પૃષ્ઠો ઉપરનાં અરણ્યરુદનો — ટૂંકમાં, માનવનાં હાસ્ય અને આંસુઓ, તેનો વિષાદ અને પ્રસાદ એ સઘળું આખી માનવજાતનો સહિયારો વારસો છે અને આપણી માતૃભાષા દ્વારા આપણે એનો પ્રત્યક્ષ અને પરોક્ષ પરિચય પામીએ છીએ. માનવના સાંસ્કૃતિક વારસાને પામવાની ચાવી ભાષા છે.

યુગોથી સંચિત સાંસ્કૃતિક વારસાને માત્ર પામવા માટે જ નહિ, પણ એ વારસાને સમૃદ્ધ કરવા માટે પણ માતૃભાષાનો ફાળો નાનો સૂનો નથી. ભાષા વિના માનવ આટલો સાંસ્કૃતિક વિકાસ કરી શક્યો હોત ? ભાષાના અભાવમાં આ અમૂલ્ય વારસો સાચવી શક્યો ન હોત અને પરિણામે આપણા સુધી તે પહોંચ્યો ન હોત. માતૃભાષાની મદદથી આપણે પૂર્વજોના ખભા ઉપર બેસીને વધુ વિશાળ ક્ષિતિજો જોઈ શકીએ છીએ. માનવના સાંસ્કૃતિક વિકાસમાં ભાષાનું મહત્ત્વ અનન્ય છે. માનવ ભાષાને લીધે માનવ છે.

દરેક પેઢીએ સાંસ્કૃતિક વારસાને પામીને તેનું યથાશક્તિ સંવર્ધન કર્યા પછી એ વારસો ભાવિ પેઢીએ સોંપવાનો હોય છે. સાંસ્કૃતિક વારસાના હસ્તાન્તરણ માટે પણ આપણે ભાષાની જ મદદ લેવી પડે છે. તેથી એ અર્થમાં પણ માતૃભાષા સાંસ્કૃતિક વારસાની ચાવી છે.

આ રીતે, સામાજિક અને સાંસ્કૃતિક વારસાનો પરિચય મેળવવામાં, તેનું સંવર્ધન કરવામાં અને ભાવિ પેઢીને તેનું હસ્તાન્તરણ કરવામાં માતૃભાષા આવશ્યક માધ્યમ છે. તેથી વિદ્યાર્થી માત્ર જીવનવ્યવહાર ચલાવી શકે, શિક્ષણ મેળવી શકે. અનેક જાતની અભિવ્યક્તિ કરી શકે એટલા માટે જ નહિ, માનવજાતના સાંસ્કૃતિક વારસાને આત્મસાત્ કરીને તેના વિકાસમાં યોગદાન કરી શકે એ માટે તેને માતૃભાષાનું શિક્ષણ આપવું મહત્ત્વનું છે. માતૃભાષાનાં પાઠ્યપુસ્તકોમાં સાહિત્ય, કળા, વિજ્ઞાન, ધર્મ અને ઇતિહાસ વગેરે સાંસ્કૃતિક જીવનનાં પાસાંઓને લગતા પાઠો દ્વારા વિદ્યાર્થીને સાંસ્કૃતિક વારસાની ઝલક મળે છે. તેને માનવજાતના વારસાના વિકાસમાં મદદરૂપ બનવાની પ્રેરણા પણ મળે છે.

પ્રત્યાયન, શિક્ષણ, અભિવ્યક્તિ અને સાંસ્કૃતિક વિકાસના સાધન તરીકે માતૃભાષાનું આપણા જીવનમાં સ્થાન છે અને તેથી માતૃભાષાનું શિક્ષણ ખૂબ મહત્ત્વનું છે. માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ જીવશાસ્ત્રીય, શૈક્ષણિક સૌંદર્યાત્મક અને સાંસ્કૃતિક આધારશિલાઓ ઉપર પ્રતિષ્ઠિત થયેલું છે.

## 16.8 શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષા અને દૂર કરવાના ઉપાયો

માતૃભાષામના શિક્ષણનું ઘણું મહત્ત્વ છે. પરંતુ સવાલ એ છે કે આપણે ત્યાં શિક્ષણના વિવિધ સ્તરે માતૃભાષાને યોગ્ય સ્થાન અપાય છે ? આપણી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આપણી માતૃભાષા ગુજરાતીના અધ્યયન-અધ્યાપનની શી સ્થિતિ છે એ વિશે ખ્યાલ મેળવીએ તો વ્યવહારમાં માતૃભાષાના શિક્ષણને કેટલું મહત્ત્વ અપાય છે એનો ખ્યાલ આવી શકે.

એક એવો ખ્યાલ પ્રવર્તે છે કે આપણે ત્યાં શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે ઉપેક્ષા સેવવામાં આવે છે. જો ઉપેક્ષા સેવાતી હોય તો દૂર કરવા ઉપાયો યોજવા જોઈએ. પરંતુ 'ઉપેક્ષા સેવાય છે' એવું શી રીતે કહી શકાય ? 'ઉપેક્ષા સેવાય છે.' એ એક રીતે શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈ ઉપર મુકાયેલું આરોપનામું છે અને તેને એમ ને એમ સ્વીકારી લેવું ભારે જોખમી છે.

ખરેખર તો શાળાઓમાં પ્રવર્તતી પરિસ્થિતિ અંગે વ્યાપક સંશોધન કર્યા પછી જ કહી શકીએ કે શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે ઉપેક્ષા સેવાય છે કે નહિ. એ અંગે થયેલું કોઈ પ્રકાશિત સંશોધન ઉપલબ્ધ નથી. આપણે આ સંજોગોમાં, શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે ઉપેક્ષા સેવાય છે તેના સમર્થનમાં માત્ર માન્યતાની કક્ષાના સંકેતો દર્શાવી શકીએ.

**ઉપેક્ષાના સંકેતો :**

શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષાના કેટલાક સંકેતો આ પ્રમાણે છે :

1. ગુજરાતી માતૃભાષા છે. વિદ્યાર્થીએ શાળામાં ભણવાનું શરૂ કર્યું એ પહેલાં જ તે માતૃભાષા શીખ્યો છે. શાળાજીવનના આરંભ પહેલાં અનૌપચારિક રીતે જ માતૃભાષા શીખવામાં આવી છે અને શાળાજીવન દરમિયાન પણ શાળા સમય પછી વિદ્યાર્થીને સમાજમાં તે અનૌપચારિક રીતે શીખવાની તક મળે જ છે. એટલે 'ગુજરાતી તો શાળામાં શીખ્યા વિના આવડે' અથવા તો 'ગુજરાતીમાં શીખવા-શીખવવા જેવું કશું છે જ નહિ' એવી માન્યતા શિક્ષકો અને વિદ્યાર્થીઓના મનમાં ઘર કરી જાય છે. તેથી એક શાળેય વિષય તરીકે તેના શિક્ષણમાં જેટલી ગંભીરતા આવવી જોઈએ તે આવતી નથી. ... એ સંસ્કૃત ઉક્તિ અનુસાર શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે ઉપેક્ષા સેવાય છે.

2. શાળાઓમાં ગુજરાતીના શિક્ષણની જવાબદારી ગમે તે શિક્ષકને સોંપાય છે. માતૃભાષાના શિક્ષણ માટે શિક્ષકની કોઈ પાત્રતા અનિવાર્ય રીતે આવશ્યક ગણાતી નથી. માત્ર તાલીમી શિક્ષકની નિમણૂક જ કાયદેસર બનાવવામાં આવ્યા પછી પણ કેટલાક સંજોગોમાં આ પરિસ્થિતિ

ચાલુ રહી છે. વ્યાયામ શિક્ષકને ગુજરાતી ભણાવવાનું કામ સોંપાય છે. આ મનોદશાનો ચિતાર આર.એસ.ત્રિવેદી નીચેના શબ્દોમાં આપે છે :

"અકસ્માતે ગુજરાતી કુટુંબમાં જન્મેલ હરોઈ વ્યક્તિ કંઈ નહિ તો ગુજરાતી તો જરૂર શીખવાડી શકે, એવી, આત્મશ્રદ્ધા સાથે ગુજરાતીભાષી શિક્ષકને ગુજરાતી ભાષાની જવાબદારી સોંપવામાં આવે છે. આવો શિક્ષક પણ આ જવાબદારી સહર્ષ સ્વીકારે છે."

માતૃભાષા શિક્ષણ પ્રત્યે સેવાતી ઉપેક્ષાનો આ એક મહત્ત્વનો સંકેત છે.

3. શાળાઓમાં માતૃભાષા સામાન્ય5ણે જે દષ્ટિકોણથી અને જે રીતે ભણાવાય છે એના આધારે પણ તેના પ્રત્યેની ઉપેક્ષાનો ખ્યાલ આવે છે. માતૃભાષા પાઠ્ય-પુસ્તક કેન્દ્રી દષ્ટિકોણથી ભણાવાય છે. પાઠ્યપુસ્તક તો શિક્ષણનું એક સાધન છે એ વાત ધ્યાનમાં નથી આવી. સમગ્ર માતૃભાષાનું શિક્ષણ પાઠ્યપુસ્તક ભણાવવામં, 'નિબંધ' લખાવવામાં અને સંધિ, સમાસ, અલંકાર અને છંદ જેવા મુદ્દાઓના યાંત્રિક વ્યાકરણમાં સમાપ્ત થઈ જાય છે. ભાષાકૌશલ્યોનું ક્ષેત્ર છે. અને વિદ્યાર્થીને સફળ ભાષાવ્યવહાર માટે તૈયાર કરવાનો છે એવી સમજ શિક્ષકોના અધ્યાપન વ્યવહારમાં તો નથી.

4. બીજા વિષયોના શિક્ષણ ઉપર માતૃભાષાની જે પ્રચંડ અસર છે તે ધ્યાનમાં લઈને બ્રિટનમાં ... (1974) એ કરેલી બે અગત્યની ભલામણો ... દ્વારા નોંધવામાં આવી છે તેનો આપણે ત્યાં પણ અમલ કરવો જોઈએ. એક તો દરેક શાળામાં ભાષાની સુવ્યવસ્થિત નીતિ હોવી જોઈએ અને ભાષા તથા વાચનના વિકાસના કાર્યક્રમમાં બધા વિષયોના શિક્ષકોને સાંકળવા જોઈએ. બીજું, શિક્ષણમાં ભાષાની ભૂમિકા સમજાય તે બધા વિષયોના શિક્ષકોને તેમની તાલીમના સામાન્ય કાર્યક્રમ દરમિયાન વિશિષ્ટ તાલીમ આપવી જોઈએ.

5. યોગ્ય પાત્રતાવાળા શિક્ષકોને જ માતૃભાષાના શિક્ષણની જવાબદારી સોંપવી.

6. માતૃભાષાના શિક્ષણ માટે પુસ્તકાલય અને વાચનાલયની સુવિધા કરવી અને વર્ગશિક્ષણને પુસ્તકાલય સાથે સાંકળવું. બધા શિક્ષકોએ ઉચ્ચારણ અને લખાણમાં ભાષાના માન્ય સ્વરૂપનો ચુસ્ત આગ્રહ રાખવો અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા શાળામાં પ્રેરણાદાયી ભાષાત્મક વાતાવરણ સર્જવું જોઈએ.

7. વિદ્યાર્થી માન્ય ભાષાનો ઉપયોગ કરે એ માટે તેને જોડણી કોશ કે શબ્દકોશના ઉપયોગની કોઈ તાલીમની વ્યવસ્થા નથી. વિદ્યાર્થીના હાથમાં મુકાતાં પાઠ્યપુસ્તકોમાં 'મુદ્રારાક્ષણો'નાં તાંડવ હજુ ચાલુ રહ્યાં છે. વિદ્યાર્થીની ભાષાકીય ભૂલો સુધારવા પ્રત્યે ધ્યાન અપાતું નથી.

આ બધા સંકેતો ઉપરથી આપણુ અનુમાન કરી શકીએ કે આપણે ત્યાં શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે ઉપેક્ષા થાય છે. છતાં આ બધા સંકેતો માન્યતાની કક્ષાના છે અને માત્ર સંશોધન જ એનો વૈજ્ઞાનિક ઉત્તર આપી શકે.

શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષા થાય છે. છતાં આ બધા સંકેતો માન્યતાની કક્ષાના છે અને માત્ર સશંધોન જ એનો વૈજ્ઞાનિક ઉત્તર આપી શકે.

શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો ઉપેક્ષાના સંકેતોમાંથી જ સૂચવી શકાય.

## 16.9 માતૃભાષાનો શિક્ષક :

### માતૃષાના શિક્ષકના આવશ્યક ગુણો અને વ્યાવસાયિક સજ્જતા :

દરેક શિક્ષકને ભાષાશિક્ષકનો સાચો વિકલ્પ ન ગણી શકાય. એક સફળ અને સંનિષ્ઠ ભાષાશિક્ષક થવા માટે કઈ કઈ સજ્જતાની અપેક્ષા રાખવામાં આવે છે. માતૃભાષાના શિક્ષકમાં આવશ્યક ગુણો કયા હોઈ શકે એની સવિસ્તર ચર્ચા કરતાં પહેલાં સર્જક-વિવેચક સ્વ. અનંતરાય રાવળના શબ્દો અને સ્વ. ઉમાશંકર જોષીએ કહેલી વાત યાદ આવે છે :

"ઊછરતી પેઢીને ભાષાના વિપુલ અને સમૃદ્ધ સાહિત્યનો પ્રથમ પરિચય કરાવવો અને પછી તેમાં તેમનો રસ કેળવવો એ ભાષાશિક્ષણનો એક સાંસ્કૃતિક હેતુ છે, પરંતુ જ્યાં સુધી માતૃભાષાને શિક્ષણનું માધ્યમ ન બનાવાય અને જ્યાં સુધી માતૃભાષામાં બધા જ વિષયોનાં પાઠ્યપુસ્તકોની પ્રાપ્તિ શક્ય ન બનાવાય ત્યાં સુધી માતૃભાષા-સાહિતયની ધારાને મુક્ત રીતે વહેતી કરવાનું શ્રેય આપણને મળવું શક્ય નથી. બીજી બાજુ, સાહિત્યનાં પ્રીતિઝરણાં વિદ્યાર્થીઓમાં પ્રગટાવવા માટે ગુજરાતી શિક્ષણનું કામ સાહિત્યપ્રેમી, સાહિત્યના અભ્યાસી, પ્રસન્ન-આકર્ષક વ્યક્તિત્વવાળા, સાહિત્યરસિક અને ભાષાકીય કૌશલ્યો ધરાવતાં શિક્ષકના હાથમાં હોય એ નિતાંત જરૂરી છે."

***– અનંતરાય રાવળ***

"માતૃભાષાનું શિક્ષણ વ્યક્તિનું નિર્માણ કરે છે, ચારિત્ર્યનું ઘડતર કરે છે અને સંસ્કારોનું સિંચન કરે છે. તેથી માતૃભાષાના શિક્ષકનું કાર્ય વ્યવસાય મટીને ધર્મ બને છે." – ઉમાશંકર જોશી

"શિક્ષણનો રંગ હૃદયને બરાબર લાગ્યો હોય એવો શિક્ષકનો આશક જ સાચો શિક્ષક થઈ શકે." – એવી પૂ. રવિશંકર દાદાની વાત ભાષાશિક્ષકોને સવિશેષ લાગુ પડે છે, કારણ કે 'દરેક શિક્ષક પ્રથમ માતૃભાષાનો શિક્ષક છે અને પછી જ પોતાના વિષયો,' ત્યારે અન્ય વિષયો માતૃભાષાના માધ્યમથી શીખવતા શિક્ષકો કરતાં માતૃભાષાનો શિક્ષક કોઈ રીતે ઊણો, અધૂરો કે અધકચરો તો ન જ ચાલે.

સુપ્રસિદ્ધ હાસ્યલેખક – સાહિત્યસર્જક ડૉ. રતિલાલ બોરીસાગરે માતૃભાષાના શિક્ષકના ગુણો અને સજ્જતા વિશે કહ્યું છે કે – "માતૃભાષાના શિક્ષક પાસે પહેલી અપેક્ષા માતૃભાષાના પ્રેમની છે. નવી પેઢીમાં માતૃભાષા પ્રત્યે પ્રેમાદર ભાષાશિષક જ પ્રગટાવી શકે. માતૃભાષાના શિક્ષકે કવિ દલપતરામની જેમ 'ગુજરાતી વાણી રાણીના વકીલ' બનવાનું છે. વિદ્યાર્થીઓ માટેનો પ્રેમ, શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા, શિક્ષકના વ્યવસાયનું ગૌરવ, જવાબદારીનો ખ્યાલ – આ બધું તો તેનામાં હોવું જ જોઈએ, પરંતુ 'ગાંધીગિરા' ગુજરાતી માટે તેના હૃદયમાં ભક્તિનાં પૂર ઉમટે એ જરૂરી છે, તેનામાં શ્રવણ, કથન, વાચન અને લેખનનાં કોશલ્યો પર પ્રભુત્વ જરૂરી છે. શ્રવણ માત્રથી શબ્દનું નાદસૌંદર્ય અને અર્થગાંભીર્ય ઝીલી શકે અને બોલનારના શબ્દનો કાકુ પામી શકે એવી પારંગતતા તેનામાં હોવી જોઈએ. શુદ્ધ ઉચ્ચારણો સાથે, યોગ્ય આરોહ-અવરોહ ને યોગ્ય વિરામ સાથે વાચન કરી શકે, કવિ કે લેખકનાં ભાવસંવેદનો સીધાં વિદ્યાર્થીનાં હૃદયને અડે એવું કૃતિનું પઠન કે કૃતિનો આસ્વાદ કરાવી શકે એ તેનું પવિત્રમાં પવિત્ર કર્તવ્ય છે. માતૃભાષાના શિક્ષકને સાહિત્યપદાર્થ સાથે નિકટનો કે અંતરંગ સંબંધ હોવો જોઈએ. એણે ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓનું પરિશીલન કર્યું હશે, અનેક ઉત્તમ સાહિત્યકમૃતિઓના સેવનથી એનાં રસ-રુચિ ઘડાયાં હશે, સાહિત્યકૃતિના સૌંદર્યલોકને પામવા માટે એનમાં નિર્મળ સૌંદર્યદૃષ્ટિ વિકસી હશે તો આવી નિરામય સૌંદર્યદષ્ટિને સૌંદર્ય રુચિવાળી માતૃભાષાનો શિક્ષક વિદ્યાર્થીને સૌંદર્યની અનુભૂતિ કરાવી શકે છે. માતૃભાષાના શિક્ષકે સાહિત્યકૃતિનો બોધ તારવી આપવાની કે વિદ્યાર્થી એ બોધ પામ્યો છે કે નહિ તે જાણવાની ચેષ્ટા ન કરવી. સાહિત્યકૃતિ એનું કામ કરશે જે એવી શ્રદ્ધા રાખવી."

- માતૃભાષાના શિક્ષકમાં માતૃભાષા ઉપરાંત રાષ્ટ્રભાષા હિન્દી, આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજી અને આદ્યભાષા સંસ્કૃતનું તલસ્પર્શી જ્ઞાન...
- સ્વભાવમાં પ્રસન્નતા, હૃદયમાં કરુણાસભર પ્રેમ, વાણીમાં સ્પષ્ટતા છતાં વિનય, આંખોમાં મૈત્રી, વર્તનમાં સહાનુભૂતિ, વલણમાં નિષ્ઠા, દષ્ટિમાં વૈજ્ઞાનિક્તા સહ સૌંદર્ય અભિમુખતા....
- માતૃભાષાનું, એના વ્યાકરણનું, લલિત સાહિત્યનું અને વિવેચક સાહિત્યનું સારું એવું અધ્યયન... માતૃભાષા પ્રત્યે ભક્તિ, પ્રેમ અને ગૌરવ....
- ઉચ્ચ પ્રકારના સાહિત્યનો રસાસ્વાદ વિદ્યાર્થી કે શ્રોતાવર્ગને કરાવી શકવા જેટલી ઊંચી બુદ્ધિપ્રતિભા ઉપરાંત સંવેદનશીલ, ઊર્મિપ્રધાન અને કલ્પનાશીલ કવિહૃદય...
- મધુર, કર્ણપ્રિય, ભાવદર્શી, અર્થવાહી કે કેળવાયેલો અવાજ, જેનાથી એ ત્રણ મુખ્ય પ્રવૃત્તિઓ

– વાર્તાકથન, ગદ્યવાંચન અને પદ્યગાનને નમૂનેદાર બનાવી શકતો હોય.

– હરપ્રકારે શુદ્ધિનો આગ્રહી : ઉચ્ચારણ, લેખનમાં અને વ્યવહારમાં...

– ગુજરાતી સાહિત્યના કોઈ પણ મનગમતા સ્વરૂપમાં પોતાના સ્પંદનો, લાગણીઓ, કલ્પનાઓ, ભાવનાઓ વગેરેને ઢાળવા જેવલી સ

– શુદ્ધ અને સ્પષ્ટ શબ્દોચ્ચાર શક્તિ, પ્રવાહી વક્તૃત્વશક્તિ ઉપરાંત શબ્દચિત્રો ખડાં કરી શકવા જેટલી ભાષાશક્તિ...

– મુક્ત અને મૂક અભિનય શક્તિ જે એને માત્ર રંગભૂમિ ઉપર જ નહીં, પરંતુ કોઈ પણ પ્રકારનાં પ્રેક્ષકવૃંદને નિયમનમાં રાખવામાં – પછી એ એનો વર્ગ હોય, શાળાનું પ્રાર્થના સંમેલન હોય કે જાહેર પ્રવચન સ્થળ હોય ધારી સફળતા અપાવે...

– સુંદર, સુરેખ અને સુવાચ્ય હસ્તાક્ષર, માનસ-શાસ્ત્રથી, પરિચિત હોવા ઉપરાંત બાળમાનસનો સવિશેષ જ્ઞાતા...

– માતૃભાષાનાં પ્રવર્તમાન સાહિત્ય સ્વરૂપોનું, તેમાં થયેલાં લખાણોનું કે છેલ્લામાં છેલ્લાં પ્રકાશનોનું અભ્યાસલક્ષી વાચન કરી લેવાની તીવ્ર ઝંખના, જિજ્ઞાસા ને જાગૃતિ..

– વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ જ નહિ અટલ શ્રદ્ધા અને વિશ્વાસ...

– વાર્તા, કાવ્યો, નાટક, નિબંધ જેવાં સાહિત્ય સ્વરૂપોનાં પુસ્તકોમાંથી પોતાને શાળાકક્ષાએ સંદર્ભસાહિત્ય તરીકે ભણાવવામાં કે અભિવ્યક્તિમાં ઉપયોગી થઈ પડે એવા નાના નાના સંગ્રહો કરવાની ધગશ...

– નાટ્યપ્રયોગો, વક્તૃત્વ સ્પર્ધાઓ, કાવ્યપઠન કે ગાનસ્પર્ધાઓ, નિબંધલેખન, વાર્તાકથન કે વાર્તાલેખન, મુશાયરા, કવિસંમેલનો, પ્રૉજેક્ટ વર્ક, હસ્તલિખિત અને મુદ્રિત અંશો વગેરે સહ અભ્યાસ પ્રવૃત્તિઓના આયોજનની, કાર્યક્રમ કે સભા સંચાલનની અને મૂલ્યાંકનની અને કાર્યક્રમોના અહેવાલ લેખનની ક્ષમતા અને સૂઝ...

– ભાષાશિક્ષણની અસરકારક અને અદ્યતન પદ્ધતિઓની જાણકારી અને તેમાં પ્રયોગો કરીને, અદ્યતન ટૅક્નોલૉજીથી તેને વ્યવહારુ અને સફળ બનાવી નિદર્શન કરવા જેટલી તૈયારી, શ્રદ્ધા અને ભક્તિ..

– જૂથચર્ચા, સ્વાધ્યાય, પ્રૉજેક્ટ, ટીમ ટીચિંગ, પ્રદર્શન વગેરે નવી પદ્ધતિઓનો અસરકારક વર્ગશિક્ષણમાં વિનિયોગ કરવાની કળા તથા ચાર્ટ, ચિત્રો, નમૂનાઓ સાથે ટૅક્નોલૉજીનો ઉપયોગ કરી ટી.વી., ટેપ, ઓએચ.પી. કમ્પ્યૂટર કે લેપટોપનો શિક્ષણમાં ઉપયોગ કરવાની કળા ને કોઠાસૂઝ.

– માતૃભાષાના શિક્ષણ અંગે સંશોધનાત્મક પ્રયોગો અને પ્રતિભાશોધનના કાર્યક્રમો કરવાની ધગશ અને ઉત્સાહ...

– ભાષાકીય કૌશલ્યો – શ્રવણ, કથન, વચન અને લેખન – આ ચારેય પર તેનું પોતાનું આગવું અને અસરકારક પ્રભુત્વ...

– પોતાની જાતને આજીવન માતૃભાષાના વિદ્યાર્થી તરીકે ગણવાની અને એ રીતનું જ વર્તન-વ્યવહાર ને આચારવિચાર રાખવા જેટલી વિનમ્રતા....

ટૂંકમાં, જેમની વાણી અસ્ખલિતપણે વહેવાની ક્ષમતા ધરાવે છે, જેમને પોતાની માતૃભાષા પરત્વે પોતાની મા જેટલું મમત્વ અને ગૌરવ છે, જેમને સાહિત્યનો આસ્વાદ માણવામાં અને સર્જનનો આહ્લાદ પ્રાપ્ત કરવામાં વિશેષ પ્રકારનો રસ અને અભિરુચિ છે, જેમના શિક્ષક તરીકેના સમગ્ર વ્યક્તિત્વ પર એક કુશળ ભાષાપ્રભુત્વ ધરાવતા હોવાની છાપ ઊપસી આવી છે, જેમની ભાષાકીય અભિવ્યક્તિ વહેતાં ઝરણાં જેવી નિર્મળ, શુદ્ધ છતાં ચોક્કસ ધ્યેય પ્રતિ ગતિશીલ છે, જેમની વાચિક

અભિવ્યક્તિમાં ધાર્યા શબ્દચિત્રો ખડાં કરવાની તાકાત છે, જેમની પાસે અસરકારક અને રસતરબોળ કરી દેતી ભાષાશૈલી છે અને જેઓ 'આજન્મ સાહિત્યના જીવ' જેવા સતત અભ્યાસી છે તે જ સાચા ભાષાશિક્ષક છે.

આમ, માતૃભાષા પ્રત્યેનો આદર, સાહિત્યવારસાનું જ્ઞાન, વાચન-અભિરુચિ, વક્તૃત્વ કલા, કૃતિ આસ્વાદની ક્ષમતા, લેખનશુદ્ધિ, શિક્ષણપદ્ધતિઓ અને પ્રવિધિઓનું જ્ઞાન, શ્રુતિ-દૃષ્ટિગમ્ય સાધનોના વિનિયોગના કૌશલ્ય જેવી મહત્ત્વની યોગ્યતા અને સજ્જતા માતૃભાષાના શિક્ષક પાસે અપેક્ષિત છે. અસ્તુ.

**માતૃભાષાનો શિક્ષક : અપેક્ષાઓ, ભૂમિકા અને સજ્જતા**

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં અને તક્ષશિલા, નાલંદા જેવી વિખ્યાત પ્રાચીન વિદ્યાપીઠોથી ગુરુ કે અધ્યાપકનું સ્થાન ઊંચું, ઉત્તમ, ઉજ્જવળ અને ગૌરવપૂર્ણ ગણાયું છે. સર્જનહાર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સાથે 'ગુરુ'ને દેવ ગણ્યા છે. દર વર્ષે ગુરુપૂર્ણિમા અને શિક્ષકદિન જેવા પર્વો ઉજવાય છે. ક્યાંક ક્યાંક સમાજમાં ગુરુ પ્રત્યેની ભાવનાભક્તિ કે આદરનો લોપ થતો દેખાય તે છતાં 21મી સદીમાં સમાજમાં શિક્ષકનું સ્થાન, તેની ગરિમા, તેની વ્યાવસાયિક ફરજો કે કામગીરીનું મહત્ત્વ ઘટ્યું નથી. આજે પણ કોઈ પણ સમાજ શિક્ષક પાસે ઘણી બધી અપેક્ષાઓ રાખે જ છે. માત્ર પોતાના વિદ્યાર્થીઓને જ્ઞાન પ્રદાન કરી, પરીક્ષા-મૂલ્યાંકન થકી માપી કોઈ પણ શિક્ષક પોતાની ફરજમાંથી ક્યારેય મુક્ત થઈ ના શકે. એક ડૉક્ટર, ઍન્જિનિયર, વકીલ કે બૅન્ક મૅનેજરની સરખામણીમાં શિક્ષકનો વ્યવસાય પવિત્ર અને શ્રેષ્ઠ છે.

જ્યારે સમાજ પોતાનાં બાળકોનું ભાવિ શિક્ષકના હાથમાં સોંપે ત્યારે સદ્ચારિત્ર્ય, સદ્વર્તન અને ઉત્તમ રીતભાતની અપેક્ષા તેનો ઘડવૈયા શિક્ષક પાસે રાખે જ. શિક્ષક સુશિક્ષિત ને દીક્ષિત, વિદ્વાન ને ચારિત્ર્યવાન, સંયમી ને સેવાભાવી હશે તો તે સમાજમાં બાળકોનું ચારિત્ર્યઘડતર અને વ્યક્તિઘડતર સારી રીતે કરી શકશે.

'ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે.' એવું વર્ષો પહેલાં અને આજેય કહેવાય છે, જે બાળકો કે યુવાનોનો ઉત્તમ વ્યક્તિ વિકાસ થયો હશે તે જ રાજ્ય અને રાષ્ટ્રના આદર્શ નાગરિક અને ઘડવૈયા બની શકશે અને પ્રજાજીવનમાં વિવિધ ક્ષેત્રોનું નેતૃત્વ સારી રીતે સંભાળી શકશે.

કવિવર અને મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. ઉમાશંકરભાઈની જેમ 'વર્ગ એ જ મારું સ્વર્ગ છે' – માનીને ચાલનારા શિક્ષકો આજે કેટલા ? કવિ ઉમાશંકરભાઈને કહેવું પડ્યું કે – ''માતૃભાષાનું શિક્ષણ આદર્શ વ્યક્તિનું નિર્માણ કરે છે, ચારિત્ર્યનું ઘડતર કરે છે અને સંસ્કારોનું સિંચન કરે છે. તેથી માતૃભાષાના શિક્ષકનું કાર્ય વ્યવસાય મટીને 'ધર્મ' બને છે.''

પૂ. વિનાબાજીએ પણ શિક્ષકને 'શિક્ષણના સમગ્ર માળખાનો પ્રાણ અને શિક્ષણરૂપી ઇમારતનો સ્થપતિ.' કહીને ભારપૂર્વક જણાવ્યું કે – ''બીજું બધું ભલે સર્વાંગસુંદર હોય – શાળાનું મકાન આલિશાન હોય, વિશાળ પટાંગણ હોય, સાધનસંપન્ન પ્રયોગશાળાઓ, લાઈબ્રેરી, રાચરચીલું અને વિપુલ શૈક્ષણિક સાધનો સાથે અનેક ભૌતિક સુવિધાઓ હોય, દાનની ગંગા વહેતી હોય પરંતુ એ સંસ્થા કે કોઈ કૅમ્પસ્ના શાળાના શિક્ષકો જો સાજા નવરા નહિ હોય, કાબેલ અને કાર્યદક્ષ નહિ હોય, કેટલાક અન્યાય કે કેટલીક અસમાનતા સામે અસંતુષ્ટ હશે તો શિક્ષણની સમગ્ર ઇમારતને તૂટી પડતાં વાર નહિ લાગે…''

ઊગતી પેઢીના સુયોગ્ય વ્યક્તિવિકાસ અને ચારિત્ર્યનિર્માણમાં જ નહિ, પરંતુ 'રાષ્ટ્રીય નવનિર્માણના યજ્ઞકાર્ય' કે શાળા શિક્ષણક્ષેત્રે યોજાતી પ્રયોગશીલતાના 'અશ્વમેધ યજ્ઞ'માં શિક્ષક અને માતૃભાષાના અધ્યાપકનો ફાળો મૂલ્યાંકન છે.

'પ્રગતિશીલ શિક્ષણ'ના એપ્રિલ-2011ના તંત્રીલેખમાં માનનીય પુરુષોત્તમભાઈ પટેલ સાહેબે જણાવ્યું કે, ''..આગામી વર્ષોમાં બાળકોના સર્વાંગી વિકાસમાં અધ્યયનક્ષમતા … તરીકે કાર્ય કરતી માતૃભાષાનું શિક્ષણ ઉત્તમ રીતે થાય તેવું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. માતૃભાષા એ ઉત્તમ

જ્ઞાનભાષા બની રહે અને બાળકના ભાવાત્મક-મૂલ્યાત્મક વિકાસની કડી બની રહે તે માટે શુદ્ધ ગુજરાતી ભાષા માટે શિક્ષકોને સજ્જ કરવામાં આવનાર છે. ભાષાવિકાસનાં ચાર કૌશલ્યોને કેન્દ્રમાં રાખી તે માટેની સામગ્રી તૈયાર કરવામાં આવી રહી છે. ગુજરાતી ભાષાના પાયાના કૌશલ્યો માત્ર ગુજરાતી ભાષાના શિક્ષકો માટે નહીં પણ અન્ય વિષયો શીખવનાર શિક્ષકો પણ હાંસલ કરે તે ક્ષેત્રે વિચારવામાં આવ્યું છે…''

'દરેક શિક્ષક પ્રથમ માતૃભાષાનો શિક્ષક છે અને પછી જ પોતાના વિષયનો…' એટલે કે ગણિત, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયોની સરખામણીમાં માતૃભાષાનો અધ્યાપક કોઈ રીતે ઊણો, અધૂરો, અધકચરો કે નિમ્ન ગુણવત્તા ધરાવતો હોય તો તે બિલકુલ ન ચાલે.

''સાહિત્યનાં પ્રીતિઝરણાં વિદ્યાર્થીઓમાં પ્રગટાવવા માટે, વિદ્યાર્થીઓમાં ભાવજગતનું સુપેરે ઘડતર થાય અને બાળકોમાં રાષ્ટ્રપ્રેમ, બિન-સાંપ્રદાયિક્તા, સહિષ્ણુતા, સમર્પણ, સેવા, સાદગી, પ્રામાણિક્તા, માનવતા, વીરતા, ઉદારતા અને ઉદ્યમશીલતા જેવા ગુણો, મૂલ્યો, વૃત્તિઓ અને વલણો ખીલી શકે એ માટે માતૃભાષા શિક્ષણનું કામ સાહિતયના પ્રેમ, અભ્યાસી, પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતાં સાહિત્યરસિક અને ભાષાકીય કૌશલ્યો ધરાવતાં શિક્ષકના હાથમાં હોય એવું નિતાંત આવશ્યક છે….'' (અનંતરાય રાવળ)

''…નવી પેઢીમાં માતૃભાષા પ્રત્યે પ્રેમાદર ભાષાશિક્ષક જ પ્રગટાવી શકે. માતૃભાષાના શિક્ષકે કવિ દલપતરામની જેમ 'રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ' બનવાનું છે, તેનામાં શ્રવણ, કથન, વાચન અને લેખનનાં કોશલ્યો પર આગવું ને અસરકારક પ્રભુત્વ હોવું જોઈએ. શ્રવણમાત્રથી શબ્દનું નાદસૌંદર્ય અને અર્થગાંભીર્ય ઝીલી શકે અને બોલનારના શબ્દનો કાકુ પામી શકે એવી પારંગતતા તેનામાં હોવી જોઈએ. શુદ્ધ ઉચ્ચારણો સાથે યોગ્ય આરોહ-અવરોહ અને યોગ્ય વિરામ સાથે વાચન કરી શકે, કાવ્ય કે લેખકનાં ભાવસંવેદનો સીધાં વિદાર્થીના હૃદયને સ્પર્શે એવું ગદ્યપદ્ય કૃતિનું પઠન કે કૃતિના હાર્દને મૂલ્યબોધ સાથે આસ્વાદ અને સૌંદર્યની અનુભૂતિ કરાવી શકે એ માતૃભાષાના શિક્ષકનું પરમ પવિત્ર કર્તવ્ય છે…'' એવું સુપ્રસિદ્ધ હાસ્યલેખક અને સાહિત્યસર્જક ડૉ. રતિલાલ બોરીસાગર સાહેબે તેમના લેખમાં જણાવ્યું છે.

ભાષાશિક્ષકની સામાન્ય ભૂમિકાનું પણ સર્વત્ર વિશ્લેષણ થતું રહ્યું છે. શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી કે અધ્યેતા છે. માતૃભાષા શિક્ષણની પ્રક્રિયાને વેગવંતી ને અસરકારક બનાવવા માતૃભાષાનો શિક્ષક એના શિષ્ય-શિષ્યાઓ સાથે નિરર્થક લાગણીવેડામાં સર્યા વિના ઉષ્માભર્યા, આત્મીયતાસભર, સમતોલ અને પ્રસન્ન સંબંધો કેળવે એ જરૂરી છે. વળી, પોતાના વિષયને લગતું ઊંડુ જ્ઞાન, કૌશલ્યો, ટેવો ને વલણોને વિદ્યાર્થીઓની વયકક્ષાનો ખ્યાલ રાખીને વિદ્યાર્થીઓમાં તે સંક્રાંત કરવા માટે તે હંમેશ પ્રતિબદ્ધ હોય એ પણ જરૂરી છે. શિક્ષણશાસ્ત્ર, બાળમનોવિજ્ઞાન અને શિક્ષણકલાના જાણકાર માતૃભાષાના શિક્ષકમાં કેટલીક ચોક્કસ અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, પ્રવિધિઓ અને અભિગમોનો ઉપયોગ કરવાની આવડત ને કોઠાસૂઝ તો હોવી જ જોઈએ. ભિન્ન ભિન્ન વાતાવરણમાંથી આવતાં અને અનેકવિધ વૈયક્તિક તફાવત ધરાવતાં બાળવિદ્યાર્થીઓ સાથે કામ કરવાનું હોવાથી ભાષાશિક્ષકમાં સંશોધન ને શોધકવૃત્તિ, કુશળતા અને મૌલિકતા આવશ્યક ગણું છું.

આદિકવિ નરસિંહથી માંડીને આજ સુધીના અનેક સાહિત્યકારોએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરી છે. પ્રેમાનંદ, દલપતરામ, સ્વ. ઉમાશંકર જોશી જેવો માતૃભાષા પ્રત્યેનો પ્રેમાદર દરેક ભાષાશિક્ષકમાં હોવો જોઈએ. શિક્ષણના માધ્યમ બાબતે અંગ્રેજી ભાષા પ્રત્યેના સમાજના આંધળા મોહ કે આક્રમણને માતૃભાષાને મહોબ્બત કરનાર જ ખાળી શકે.

ગુજરાતી સાહિતયનો અણમોલ, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે. નર્મદ-દલપતથી માંડી સાંપ્રત સંર્જકો-વિવેચકો સુધીના સહુએ ગુજરાતી ભાષાની ઉત્તમ સેવા કરી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એમાં જે તે પ્રજાજીવનનો ઇતિહાસ છે, મંથનો ને સંઘર્ષો છે, અરમાનો, આકાંક્ષાઓ આ વારસાનું

પૂરેપૂરું જ્ઞાન હોવું જોઈએ અને પોતાના પાલ્યો તથા વર્ગના વિદ્યાર્થીઓને આ સમૃદ્ધ વારસો પીરસીને તે પચાવવાની ચાવી પૂરી પાડવી જોઈએ.

21મી સદી જ્ઞાનની સદી છે, એટલે જ્ઞાનિકો નૉલેજવર્કરની જરૂર પડવાની. માતૃભાષાનો શિક્ષક જ્ઞાનિક બને તે જરૂરી છે, કારણ કે વિશ્વમાં પ્રતિ વર્ષ છ લાખ લખાણોમાં દોઢ લાખ સામયિકો અને દોઢ લાખ ઈતર સાહિત્ય છપાય છે. દર મિનિટે 200 પાનાં અને પ્રતિદિન બે હરજાથી વધુ પુસ્તકો પ્રકાશિત થતાં રહે છે ત્યો માતૃભાષાના કે અન્ય વિષયના શિક્ષકે પોતાના વિષયના છેલ્લામાં છેલ્લાં પ્રકાશનો કે પુસ્તકોનું અભ્યાસલક્ષી વાચન કરી લેવાની તીવ્ર જિજ્ઞાસા, આતુરતા, ઝંખદના ને જાગૃતિ રાખવી પડશે. થોડાંક ઉત્તમ પુસ્તકો, જોડણીકોશ, સંદર્ભગ્રંથો, જૂનાં અને નવાં પાઠ્યપુસ્તકો, વ્યાકરણનાં પુસ્તકો, નિબંધમાળા, શિક્ષણ, ધર્મ, વિજ્ઞાન અને સાહિત્યનાં જાણીતાં સામયિકો અને પુસ્તકોથી સભર એક નાનકડું પુસ્તકાલય દરેક શિક્ષકના ઘરમાં હોય એ અત્યંત જરૂરી છે.

આ ઉપરાંત સ્વભાવમાં પ્રસન્નતા, હૃદયમાં કરુણાસભર પ્રેમ, વાણીમાં મધુરતા, સ્પષ્ટતા છતાં વિનય, આંખોમાં મૈત્રી, વર્તનમાં સહાનુભૂતિ, વલણમાં નિષ્ઠા, દૃષ્ટિમાં વૈજ્ઞાનિકતા ને સૌંદર્યભિમુખતા, મધુર-કર્ણપ્રિય કેળવાયેલો ભાવવાહી અવાજ, ઉચ્ચારણ, લેખન અને વ્યવહારમાં હર પ્રકારે શુદ્ધતાનો આગ્રહી, સુંદરને સુવાચ્ય હસ્તાક્ષર, બાળમાનસનો જ્ઞાતા, પ્રવાહી વક્તૃત્વકળા, વિપુલ શબ્દભંડોળ, ક્રમિક, ભાવવાહી ને અસરકારક અભિવ્યક્તિ મુક્ત ને મૂક અભિનયશક્તિ જેવા આવશ્યક ગુણો જ માતૃભાષાના શિક્ષકને સફળ, સંનિષ્ઠ, આદર્શ, અસરકારક અને વિદ્યાર્થીપ્રિય બનાવે છે. સજ્જતા કેળવવા પુરુષાર્થ સાથે ઈશ્વરકૃપા કે પ્રારબ્ધ પણ જરૂરી છે.

માતૃભાષાના શિક્ષકમાં કાવ્ય આસ્વાદની, કાવ્યનું ભાવવાહી પઠન અને ગાન કરવાની ક્ષમતા, ઊંચા પ્રકારની સંવેદનશીલતા, ઊંડી સૂઝ અને સમૃદ્ધ કલ્પનાશીલતા અપેક્ષિત છે કેમ કે, કવિતા બાળકના ભાવજગતને ઘડે છે ને તેની સૌંદર્યદૃષ્ટિ વિકસાવે એવી 'કાનની કલા' છે.

માતૃભાષાના શિક્ષકે ગદ્ય-પદ્ય, વ્યાકરણ અને લેખનના કેટલાક ચોક્કસ હેતુઓ મુજબ કામ કરવું જોઈએ. ભાષાના પાઠોમાં પ્રૉજેક્ટ, સ્વાધ્યાય, નાટ્યીકરણ, પ્રદર્શન, પ્રકલ્પ, અભિક્રમિત અધ્યયન, જૂથચર્ચા, ટીમટીચિંગ, આગમન, નિગમન જેવી જાણીતી પદ્ધતિઓનો વિનિયોગ કરવો જોઈએ. પ્રશ્નોત્તરી, સ્પષ્ટીકરણ, ઉદાહરણ જેવી પ્રયુક્તિઓનો વર્ગ-શિક્ષણકાર્યમાં સફળતાપૂર્વક ઉપયોગ કરવાની ક્ષમતા તેનામાં હોવી જોઈએ. બાળકોમાં ભાષાસાહિતયની સૂઝ કેળવે, ગદ્યપદ્ય કૃતિઓનું તે હાર્દ સમજે, કૃતિના શબ્દ, લય, અર્થ, ભાવ, સંવેદન, પ્રસંગો, વર્ણનો, પાત્રો, સંવાદો, આંતરસંબંધોની સમજ કેળવાય તથા વિદ્યાર્થીઓની સમજશક્તિ, અર્થગ્રહણ, વિશ્લેષણ, સંયોજન ને સંવેદનશક્તિ વિકસાવે તેવા અને સમજ, જ્ઞાન, ઉપયોજન અને કૌશલ્યને ચકાસે તેવા હેતુલક્ષી બહુવિકલ્પીય પ્રશ્નો કે ટૂંકા યા દીર્ઘ ઉત્તરવાળા પ્રશ્નો પૂછવાની કે ઉત્તમ પ્રશ્નો તૈયાર કરવાની ક્ષમતા તેનામાં હોવી જોઈએ.

વિદ્યાર્થીઓ સુંદર કે સુવાચ્ય મરોડદાર હસ્તાક્ષરોમાં યોગ્ય વિરામચિહ્નો અને અનુસ્વારનો ખ્યાલ રાખી, જોડણીશુદ્ધ રીતે યોગ્ય શબ્દોમાં નિબધ, પત્ર, અહેવાલ, વાર્તા વગેરેમાં પોતાના વિચારો તાર્કિક ક્રમમાં અસરકારક રીતે રજૂ કરે એવા શિક્ષણના અનુભવો માતૃભાષાનો શિક્ષક જ પૂરા પાડી શકે છે.

ભાષાશિક્ષણમાં ઊંડાણ, વૈવિધ્ય ને અસરકારકતા લાવવા ચિત્રો, ચાર્ટ્સ, સ્લાઈડ, ફ્લેશકાર્ડ, ફિલ્મ પ્રૉજેક્ટર, ટી.વી., ટેપરેકોર્ડર, સી.ડી. કમ્પ્યૂટર કે લેપટોપ વગેરે દશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સાધનોનો ઉચિત ને વિવેકભર્યો ઉપયોગ કરતાં પણ તેને આવડતું જોઈએ. ભાષાશિક્ષકમાં નાટ્યપ્રયોગો, વક્તૃત્વ સ્પર્ધાઓ, નિબંધલેખન, કાવ્યગાન, કાવ્યપઠન, વાર્તાલેખન, વાર્તાકથન જેવી હરીફાઈઓ, મુશાયરા કે કવિસંમેલનો, હસ્તલિખિત કે મુદ્રિત વિશેષાંકો વગેરેની તૈયારી કરાવવા સાથે અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓના વિશિષ્ટ આયોજનની, કાર્યક્રમના સફળ સંચાલનની અને કાર્યક્રમોના અહેવાલ લખવાની આવડત ને સંપાદકીય સૂઝ ભાષાશિક્ષકમાં હોવી જરૂરી છે. માતૃભાષાનું શિક્ષણ વિજ્ઞાન અને કલા ગણાય છે. જેઓ 'આજીવન સાહિત્યના જીવ' જેવા સતત અભ્યાસી છે તે જ ખરા ભાષાશિક્ષક છે.

## 16.13 સારાંશ

આ એકમમાં માતૃભાષાનો અર્થ, બાળકના વિકાસમાં માતૃભાષાનું સ્થાન અને મહત્ત્વ, માતૃભાષા શિક્ષણની વર્તમાન સ્થિતિ, માધ્યમિક શાળામાં માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા, તેને દૂર કરવાના ઉપાયો, માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ, માતૃભાષાનો શિક્ષક, માતૃભાષાને સમૃદ્ધ કરવા ામટે શાળાકીય પ્રવૃત્તિઓ, વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

બાળકના વિકાસાં માતૃભાષાનું સ્થાન કેટલું મહત્ત્વનું છે તે બાબત જણાવવામાં આવેલ છે.

માતૃભાષા એટલે માતા સમાન ભાષા

જન્મભૂમિરૂપી માતાની છાયામાં એકજ સ્થળ વિસ્તારમાં વસતા માનવીઓ જે ભાષા દ્વારા પોતાનો વ્યવહાર ચલાવે તે માતૃભાષા.

લોકો પોતાના સામાન્ય વ્યવહારમાં ઉપયોગ કરે તે માતૃભાષા,

## 13.14 એકમ સ્વાધ્યાય

1. માતૃભાષાની પરિભાષા સમજાવો. વ્યક્તિના જીવન વિકાસમાં માતૃભાષાનું સ્થાન દર્શાવો.
2. બાળકોના શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન દર્શાવી તેના મહત્ત્વની સવિસ્તાર ચર્ચા કરો.
3. પ્રવર્તમાન પરિસ્થિતિમાં શાળાઓમાં ચાલતા માતૃભાષા શિક્ષણની વર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરો.
4. માતૃભાષા શિક્ષણની ઉપેક્ષાનાં કારણો જણાવી માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરો.
5. ટૂંકનોંધ લખો :
   (1) વિવિધ વિષયોના માધ્યમ તરીકે માતૃભાષા
   (2) સામાજિક સાંસ્કૃતિક વારસાની ચાવી તરીકે માતૃભાષા
   (3) અસરકારક પ્રત્યાયનના વાહન તરીકે માતૃભાષા
   (4) વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં માતૃભાષાનો ફાળો.

## 13.15 તમારી પ્રગતિ ચકાસો

(1) માતૃભાષાનો અર્થ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) બાળકના શિક્ષણના વિકાસમાં માતૃભાષાનું મહત્ત્વ જણાવો. (બે બાબતો)

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) માધ્યમિક કક્ષાએ માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા દૂર કરવાના બે ઉપાયો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) માતૃભાષાનું શિક્ષણનું મહત્ત્વ દર્શાવતી બે બાબતો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 13.16 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) માતૃભાષા એટલે...

માતૃભાષા એટલે પોતાના લોકોનાં મૂલ્યો, વિચારો, અભિપ્રાયો કે સામાજિક શિક્ષણથી ઘડાયેલ છે તેના વારસાનો પરિચય આપતી ભાષા.

(2) બાળકના શિક્ષણના વિકાસમાં માતૃભાષાનું મહત્ત્વ

(1) શિક્ષણના કાર્યને સારી રીતે સમજી શકે છે.

(2) તેની મુશ્કેલીઓ શિક્ષક સમક્ષ રજૂ કરી શકે છે.

(3) માધ્યમિક કક્ષાએ માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા

(1) માતૃભાષા શિક્ષકને પ્રાધાન્ય આપવામાં આવતું નથી.

(2) માતૃભાષા શિક્ષણ પ્રત્યેનો ખોટો દૃષ્ટિકોણ

(4) માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો.

(1) માતૃભાષાના શિક્ષકની નિમણૂંક કરવી.

(2) માતૃભાષા શિક્ષણ પ્રત્યે યોગ્ય દૃષ્ટિકોણ.

(5) માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ.

(1) માતૃભાષા પ્રત્યાયનના સાધન તરીકે

(2) માતૃભાષા મુક્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિ માટે.

## 13.17 સૂચિત વાચન સામગ્રી


| | | | |
|---|---|---|---|
| (1) | પટેલ અશોકભાઈ તથા અન્ય | : | ગુજરાતીનું આદર્શન અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ. |
| (2) | રાવલ નટુભાઈ વી. તથા અન્ય | : | ગુજરાતીનું વિષયવસ્તુ, નીરવ પ્રકાશન, અમદાવાદ. |
| (3) | પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય | : | ગુજરાતી વિષયવસ્તુનું અધ્યાપન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ. |
| (4) | પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય | : | ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ. |
| (5) | વ્યાસ કાંતિલાલ બળદેવરાય | : | ગુજરાતી ભાષા-ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. |